Brahmaswarup Pramukh Swami Maharaj, Part 1
(Biography of Brahmaswarup Pramukh Swami Maharaj)

By Sadhu Adarshjivandas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
98th Birth Anniversary of HH Pramukh Swami Maharaj,
15 December 2018

Copies: 15,000

ISBN: 978-81-7526-868-5

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : પ્રમુખસ્વામી મહારાજ ૯૮મો જન્મજયંતી મહોત્સવ,
માગશર સુદ ૮, સં. ૨૦૭૫, તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૧૮.

પ્રત : ૧૫,૦૦૦

કિંમત : રૂ. ૨૦૦-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત રૂ. **૨૫૦-૦૦**માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪

અનુક્રમણિકા

- **સન ૧૯૬૯**



અવિનાશીનું અવતરણ

ભાગ્યવંતી ભૂમિ

પૃથ્વીના ગોળાર્ધની રીતે જુઓ તો ૨૨.૨૩૭૪ ઉત્તર અક્ષાંશ અને ૭૩.૦૯૦૬ પૂર્વ રેખાંશ પર વસેલું ચાણસદ ગામ એટલે વડોદરાની કાંધનો ક્યારો. વડોદરાથી નૈઋત્ય દિશામાં આશરે બાર કિલોમીટરની મજલ કાપો એટલે ચાણસદનું પાદર આવે. ગામડાંની ભાતીગળ વિશેષતાઓ એ પાદરમાં પગ મૂકતાં જ આગંતુકને અનુભવાય.

શાંત-સુરમ્ય વાતાવરણ. અપ્રદૂષિત હવાની લહેરખીઓ. નીલવર્ણાં જળ સંઘરીને હિલોળતું તળાવ. ગામડાંઓની ધૂળમાંથી ઊઠતી વિશિષ્ટ સોડમ. ભોળા ગ્રામીણ જનોની રઘવાટમુક્ત ચહલ-પહલ. નીચાં નળિયેલ ખોરડાં. તેની વચ્ચે વટ વેરતાં ધાબાબંધ પાકાં મકાનો. ઘણી વાર ઘરના ઉંબરે જ ધોવાતાં વસ્ત્ર-વાસણોને કારણે ગલીએ ગલીએ પાતાળ-ઝરણાંની જેમ ફૂટી નીકળેલાં પાણીના રેલાઓ. પાતળીયે નહીં ને પહોળીયે નહીં એવી શેરીઓ; ક્યાંક પાકી તો ક્યાંક કાચી. મધુર ઘંટારવથી ગામના ગગનને ભરતાં રહેતાં બે-ચાર દેવાલયો. બે હાથના ટેકે ગોઠણ બાંધીને કે ઊભડક પગે બેઠેલા ગ્રામજનોની અલકમલક વાતોથી ઊભરાતો પંચાયતનો ચોરો. હરોળબંધ ઓરડા કાઢીને બાંધેલી નિશાળ. ગ્રામજનોની તૃષા સંતોષતું વારિગૃહ.

આવા આ ગામની શેરી-શેરી પગ તળે કરી નાંખતાં માંડ કલાક - દોઢ કલાક થાય તો થાય. મહી અને નર્મદા જેવી ભરપટે વહેતી લોકમાતાઓની મધ્યમાં ચાણસદ વસેલું હોવાથી જળનાં તળ અહીં ઊંચાં. તેથી પાણીની અછતનો અનુભવ અહીંના રહીશોને ઓછો-આછો. ચાણસદના પાદરે ઝીણે પાંદડે ઝૂલતાં આંબલીઓનાં ઘટાદાર વૃક્ષો જોતાં જ ખબર પડે કે અહીં જળ-છાયાની જુક્તિ જામેલી છે.

આવી ગ્રામસંપદા ધરાવતું રઢિયાળું અને રળિયામણું ચાણસદ ગામ મોટે ભાગે ધરતીપુત્રોનું. જમીનને બળ-બળદ દ્વારા ઉપરતળે કરતા રહીને બાજરી, જુવાર, મગ, મઠ, કપાસ વગેરેનાં વાવેતરથી જીવતર ગુજારતા આ ગામના રહીશો. ધરતી ધમરોળતા આ ખડતલ ખેડૂતો સવારના પહોરથી ગાડાં-હલાકડાં લઈને સીમ ભણી પરિયાણ કરી જાય તે સમી સાંજે પાછા વળે. લૂગડે-લત્તે અને પગરખાં-પહેરણે બિલકુલ ગ્રામીણ જ દીસે.

તેઓના આ ચાણસદમાં આંખને આકર્ષે અને હૃદયને થંભાવી દે એવું કશું જોવા ન મળે. તેમ છતાં આ ભૂમિની ભીતરના સત્ત્વ-તત્ત્વને જાણે પિછાણતા હોય તેમ શ્રીજીના નંદ પરમહંસો અહીં પધારેલા.

ગુણાતીત ગુરુઓનું પણ આ ગોકુળિયું ગામ. ભગતજી મહારાજ અહીં બત્રીસ વાર આવેલા. સં. ૧૯૪૪ની સાલમાં તેઓના જ વરદ હસ્તે આ ગામમાં હનુમાનજીની પ્રતિષ્ઠા થયેલી.

સત્પુરુષના હેતની આ અખંડિત ધાર શાસ્ત્રીજી મહારાજના સમયમાં પણ અવિરત વહી રહી. સં. ૧૯૬૧ના વર્ષે શાસ્ત્રીજી મહારાજને મોઢામાં ગરમીને લીધે ચાંદાં પડી ગયાં હતાં. તે વખતે ચાણસદના મનસુખભાઈએ તેઓને કહેલું : 'આપને ત્રણેક માસ દૂધનો પ્રયોગ કરવો પડશે, તો જ આ ગરમી મટશે.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ 'ચૈત્રી સમૈયે વરતાલ ન જવું અને વૈદ્યના આગ્રહથી ચાણસદના મંદિરમાં રહી આ પ્રયોગ કરવો' એમ નક્કી કરીને ચાણસદ પધારેલા. મનસુખરામે શાસ્ત્રીજી મહારાજની સારવાર સારુ ખાસ એક નીરોગી ગાય રાખી હતી. તે ગાયનું જ દૂધ સવાર-સાંજ તેઓ શાસ્ત્રીજી મહારાજને આપતા. સાથે દવા અને શેરડી. આમ, ચિકિત્સા પ્રક્રિયા શરૂ થયેલી. તે વખતે એકધારું દોઢ મહિના સુધી શાસ્ત્રીજી મહારાજ ચાણસદ રોકાયેલા અને કથાવાર્તાનો અખાડો જમાવેલો. આ સમયે ગલભાઈ, કાળિદાસભાઈ, મોતીભાઈ[૧]

૧. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પૂર્વાશ્રમના પિતાશ્રી.

વગેરે શાસ્ત્રીજી મહારાજની સેવા કરી ધન્ય થયેલા.

સં. ૧૯૮૨માં પણ મૂળજીભાઈના આમંત્રણથી શાસ્ત્રીજી મહારાજ લગભગ એક મહિના (અષાઢ વદ ૧ થી શ્રાવણ સુદ ૧૩) સુધી પારાયણનો લાભ આપવા ચાણસદ પધારેલા. આવી હતી તેઓને આ ગામ વિશે લાગણી.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ પણ જૂનાગઢથી શાસ્ત્રીજી મહારાજ પાસે આવ્યા બાદ ચાણસદમાં એક વર્ષ સુધી રહેલા. તે સમયની પોતાની દિનચર્યાની સ્મૃતિ કરાવતાં તેઓએ ચાણસદમાં જ કહેલું કે ''અહીં એક વર્ષ લાગટ રહેલો. હું ગુરુ, હું શિષ્ય, હું રસોઈ કરું, હું વાળું, બધું હું કરતો. સોળથી સત્તર વર્ષની ઉંમર. બીજા બધા ઘરડાં. હું જુવાન. પાવર બહુ, જોશ બહુ. કીર્તન બોલું તો નળિયાં ગાજે. રણછોડ ભક્ત કહે – 'જો જો નળિયાં ન ઊડે.' વાતું કરું તો અડધા માઈલમાં સંભળાય. લાઉડ સ્પીકર તૂટી જાય. સવારે ઊઠી વણઝારિયે કૂવે નાહી આવતા. ચારથી સાડા પાંચ 'ધીર ધુરંધરા'નાં પદ બોલીએ. અખંડ કથાવાર્તા થતી. કોઈની ઉપાધિ નહીં. આખો દિવસ વાતું, વચનામૃત, ચોસઠપદી શીખીએ. કીર્તન ગાતાં થાકતાં નહીં.''

આમ, એક વર્ષ સુધી યોગીજી મહારાજે ચાણસદને બ્રહ્માનંદમાં તરબોળ કરેલું. ત્યારબાદ પણ તેઓ અહીં અવાર-નવાર પધારતા.

પુણ્યવંતો પરિવાર

ગુણાતીત ગુરુઓની પાવન પદરજથી ધન્ય થતા રહેલા આ ગામને જાણે ગુણાતીત સત્પુરુષનો નેડો લાગી ગયો હોય તેમ તેઓનું જ સાંનિધ્ય સેવવાની અદમ્ય ઝંખના હશે. ભગવાનને પણ ગામનો આ મનોરથ પૂરો કરવાનો ઈરાદો હોય તેવા જ પ્રકારની ઘટનાઓ ગામમાં આકાર લેવા લાગી. તેના પ્રથમ સોપાનરૂપે લેઉઆ પાટીદાર જ્ઞાતિમાં મોતીભાઈનો જન્મ થયો. પ્રભુદાસ પટેલના ત્રણ સુપુત્રોમાંથી એક તેઓ.

અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાના પ્રખર પ્રવર્તક શાસ્ત્રીજી મહારાજના યોગે મોતીભાઈને સત્સંગનો રંગ લાગ્યો. સવાર-સાંજ મંદિરમાં દર્શને જવું, કથા-કીર્તનમાં લયલીન થઈ જવું, શ્રીજીની આજ્ઞા અનુસાર જીવન જીવવું એ તેઓના અંગભૂત ગુણો હતા. જ્યારે ગામમાં શાસ્ત્રીજી મહારાજ કે સંતો પધારે ત્યારે તો કાયાની સાથે છાયાની જેમ મોતીભાઈ તેઓની સેવામાં જ પરોવાયેલા રહેતા. તેઓની નિર્દોષ સેવા-ભક્તિથી શાસ્ત્રીજી મહારાજ પણ તેઓ પર ઘણા

પ્રસન્ન થતા.

લોકોક્તિ છે કે 'દુર્લભા સદૃશી ભાર્યા।' – સમાન સ્વભાવવાળી અર્ધાંગિની મળવી દુર્લભ છે, પરંતુ ભગવદ્ભક્તિપરાયણ આ ભક્તરાજના જીવનમાં આ દુર્લભ વાત સાકાર બનેલી. વડોદરા જિલ્લાના મેનપુરા ગામમાં જન્મેલાં દિવાળીબા સાથે મોતીભાઈના ગૃહસ્થાશ્રમનાં મંડાણ થયેલાં.

દિવાળીબા એ લાછરસનાં શામળભાઈ દેસાઈ અને જીતાબાનું સંતાન. તેઓના ભાઈઓમાં ત્રિભુવનભાઈ, મથુરભાઈ, રણછોડભાઈ. બહેનોમાં કોઈ નહીં. આ કુટુંબને સત્સંગનો યોગ ભગતજી મહારાજના સમયથી. એ સત્સંગનો વારસો દિવાળીબાએ પૂરેપૂરો ઝીલેલો. તેઓનું જીવન એક સુશીલ સન્નારીના સઘળા ગુણોનું દર્શન કરાવતું.

મંદિરના ઘઉં ઘેર લાવીને દળવાના હોય કે અટલાદરા મંદિરેથી ગાડાં આવે ત્યારે પશુઓને ઘાસ નીરવાનું હોય – આ સઘળી સેવામાં દિવાળીબા ઉત્સાહથી પ્રવૃત્ત થતાં. ચાણસદમાં મંદિર બંધાયું ત્યારે તેઓએ પાયા પૂરવાની સેવા પણ કરી હતી.

અટલાદરામાં શાસ્ત્રીજી મહારાજ મંદિર બંધાવતા તે વખતે ચાણસદથી ઘણાં મહિલા-ભક્તો સેવા માટે ત્યાં જતાં. દિવાળીબા પણ આ શ્રમસભર સેવામાં હોંશે હોંશે જોડાતાં. એટલું જ નહીં, સેવામાં જનારા સૌ ભક્તો માટે ઘેરથી ઢેબરાં બનાવીને પણ લઈ જતાં.

પતિ-પત્નીના આ બે પડાળિયા સત્સંગને કારણે મોતીભાઈના ઘરમાં હરહંમેશ મંદિર જેવી જ શાંતિ લીંપાયેલી રહેતી. ગામના એક આદર્શ દંપતી તરીકે સૌ તેઓને નિહાળતાં. ગામવાસીઓની આ માન્યતા વધુ ને વધુ દૃઢમૂલ થતી જાય એવા પ્રસંગો પણ અવાર-નવાર બનતા રહેતા. તેમાંય મોતીભાઈની ભગવાન સ્વામિનારાયણ અને શાસ્ત્રીજી મહારાજ વિશેની અસીમ શ્રદ્ધા તો દંતકથાનો વિષય બની જાય તેવી હતી.

એક વાર પુત્રી કમળાનો દીકરો અકાળે અંતિમ ઘડીઓ ગણવા લાગેલો. જ્યારે સૌએ આ દીકરાના બચવાની શક્યતાઓ શૂન્ય સમજીને પોક મૂકી ત્યારે મોતીભાઈએ દોહિત્રને પોતાના ખોળામાં લઈ 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન આદરી. મોતીભાઈની આ શ્રદ્ધા સામે કાળને પારોઠનાં પગલાં ભરવાં પડ્યાં. થોડી વારમાં તો દોહિત્ર આંખો પટપટાવવા લાગ્યો. તેના શરીરમાં ચેતનશક્તિનો સંચાર થઈ ગયો. સૌ મોતીભાઈની શ્રદ્ધાને વંદી રહ્યા.

મોતીભાઈની સ્વરૂપનિષ્ઠાનું દર્શન કરાવતો અન્ય એક પ્રસંગ પણ ગ્રામજનોની જીભના ટેરવે રમતો થયેલો.

એક વાર દિવાળીબા છાણ-વાસીદું કરવાં ગયેલાં ત્યાં જ ઓચિંતો સાપ નીકળેલો અને તેઓને ડંખ મારી ગયેલો. તેથી દિવાળીબા બેભાન થઈને ઢળી પડેલાં. અચાનક તૂટી પડેલી આપત્તિથી સૌ બેબાકળા થઈ ગયા, પણ સ્થિર રહેલા એક મોતીભાઈ – શાસ્ત્રીજી મહારાજના ભરોસે ! આ પ્રસંગે દાક્તરને બોલાવવા કે ઝેર ઉતારવાના અન્ય કોઈ ઘરગથ્થુ ઉપચારોની પળોજણમાં પડ્યા સિવાય તેઓ દિવાળીબાને ગામમાં બાઈઓનું મંદિર હતું ત્યાં લઈ ગયેલા. ત્યારબાદ તેઓએ તે મંદિરની બાજુમાં આવેલા ભાઈઓના મંદિરમાં જઈ સંતોને બનેલી હકીકતથી માહિતગાર કર્યા. તે સાંભળી દિવાળીબાને સારું થઈ જાય તે માટે સૌએ ધૂન કરી. તેથી થોડા જ સમયમાં તો દિવાળીબાને ચાલતાં ઘેર અવાય તેવું સ્વાસ્થ્ય પ્રાપ્ત થઈ ગયેલું.

આમ, ભગવાન સ્વામિનારાયણ અને શાસ્ત્રીજી મહારાજના વિશ્વાસે જ આ દંપતી શ્વાસ ભરતું અને ગૃહસ્થાશ્રમની યાત્રા આગળ ધપાવતું.

એક પ્રસંગે સત્સંગલાભ લેવા મોતીભાઈ શાસ્ત્રીજી મહારાજની સાથે વિચરણમાં જોડાયેલા. તે દરમ્યાન ચાણસદમાં તેઓના ઘરની દીવાલ પડી ગયાના સમાચાર આવ્યા, છતાં તેઓએ ઘેર પરત ફરવાની કોઈ તજવીજ કરી નહીં. તેથી શાસ્ત્રીજી મહારાજે સામેથી પૂછ્યું : 'મોતીભાઈ ! તમારે ઘેર નથી જવું ?'

ત્યારે તેઓએ કહેલું : 'બધું ધ્યાન રાખનારા અને સાચવનારા આપ બેઠા છો; પછી મારે શી ચિંતા !'

આ પ્રસંગે સૌને મૂર્તિમાન જનકવિદેહીનાં દર્શન મોતીભાઈમાં થયેલાં.

આમ, સેવા, શ્રદ્ધા અને સમજણનો ત્રિવેણી સંગમ આ પરિવારમાં સધાયેલો. તેથી જ સૌને પ્રયાગની પવિત્રતાનો અનુભવ તે ઘરમાં થતો.

સન ૧૯૨૧

અવિનાશીનું અવતરણ

આવા પુણ્યવંતા પરિવારમાં સૃષ્ટિના ભાગ્યસૂર્યનો ઉદય થવાની મંગલ ઘડીઓ ગણાવા લાગી. વર્ષ હતું – સંવત ૧૯૭૮નું, સન ૧૯૨૧નું. 'मासानां मार्गशीर्षोऽहम्'[૨] – 'મહિનાઓમાં માગશર મહિનો હું છું' કહીને ભગવાને જેને

---

૨. श्रीमद्‌भगवद्‌गीता – १०/३५.

પોતાનો વિભૂતિસ્વરૂપ ગણ્યો છે, એ જ માગશર માસમાં ભગવાનની મનુષ્યાકાર વિભૂતિએ પણ અવતાર ધારણ કરવાનું પસંદ કર્યું.

સાત દિવસનું સપ્તાહ તેના ચક્રના મધ્ય ભાગ સમા બુધવાર સુધી પહોંચેલું. પંદર દિવસનું અજવાળિયું પખવાડિયું તેના ચક્રના મધ્ય ભાગ સમી સુદ આઠમ સુધી પહોંચેલું. શિયાળાની સવારના સુકુમાર તડકાની ભગવી આભાથી નભોમંડળ અને ભૂમંડળ રંગાયેલું ત્યારે આશરે આઠ-નવ વાગ્યાના સુમારે ચાણસદ ગામના આ પવિત્ર પરિવારમાં પનોતા પુત્રનો પ્રાદુર્ભાવ થયો.[3]

ઘરનાં અને ગામનાં મનુષ્યો માટે આ ઘડી હતી પુત્રજન્મની; પરંતુ સરકતો સમય પુરવાર કરવાનો હતો કે એ ઘડી હતી અવિનાશીના અવતરણની, સૃષ્ટિના સૌભાગ્યની, માનવમાત્રના માંગલ્યની.

સૂર્યોદય કદી સાધારણ નથી હોતો. સૂર્ય ક્ષિતિજે આવતાં જ અંધારાં આથમે છે, ઉજાશ ફેલાય છે, સુસ્તી વિરમે છે, સ્ફૂર્તિ પ્રગટે છે, પુષ્પો ખીલે છે, કલરવ ગુંજે છે, નીર ચમકી ઊઠે છે. સૂર્યોદયની જેમ આ પુત્રનું પ્રાગટ્ય પણ અસાધારણ બની રહેવાનું હતું, કારણ કે આ પ્રાગટ્ય અનેકનાં અંધારાં ઉલેચીને જીવન અજવાળનારું સાબિત થવાનું હતું. આ પ્રાગટ્ય અનેકની સુસ્તી વિદારીને સ્ફૂર્તિ પ્રગટાવનારું પુરવાર થવાનું હતું. આ પ્રાગટ્ય અનેકને ખીલવનારું-ચમકાવનારું બનવાનું હતું, પરંતુ ભવિષ્યની ભાષાને ઉકેલવાનું ગજું મર્ત્ય માનવીમાં ક્યાંથી હોય? નવજાત શિશુને પણ એ ભાષાભેદ ખોલવાની કોઈ જ ઉતાવળ નહોતી. તે શાંતિથી નેત્ર મીંચીને જનનીની સોડમાં સૂતું હતું.

નજીકમાં હતા તેટલાનાં મોં મીઠાં કરાવી મોતીભાઈએ પુત્રનો જન્મોત્સવ મનાવ્યો. એ સમયે ન તો વાજાં વાગ્યાં કે ન તો તોરણ ઝૂલ્યાં; ન તો ટોળાં વળ્યાં કે ન તો ગીતો ગવાયાં. ગૌમુખમાંથી નીકળતી ગંગાને જોઈને કોઈ અંદાજ પણ ન માંડી શકે કે આ જ પાતળી ધારા આગળ જતાં વિશાળ મહાનદમાં પરિણમવાની છે, લાખો હેક્ટરમાં હરિયાળી ફેલાવવાની છે, કાંપથી ફળદ્રુપ એવાં માઈલોનાં મેદાનો રચવાની છે અને કરોડોની તરસ છિપાવી 'લોકમાતા'નું બિરુદ પામવાની છે. તેમ આજે વામન જણાતા શિશુમાં વિરાટને જોવાની દૃષ્ટિ કોઈની પાસે નહોતી. સૌને બસ! એમ જ હતું કે 'ચાણસદમાં એક પુત્રનો જન્મ થઈ ગયો.' પણ એક સૂર્ય ઊગી ગયો છે અને એક સરિતા વહી નીકળી છે તે સમજાવનારી ઘડીઓ હવે એક પછી એક આવવાની હતી.

૩. તા. ૭/૧૨/૧૯૨૧.

સન ૧૯૨૧-૩૫
શૈશવનો વૈભવ

'સમાન સાથે સુખથી મળાય, મોટા થકી તો ડરી દૂર જાય;
કીડી મળે કુંજર સાથ કેમ, મળે ન ભૂપાળ ગરીબ તેમ.
મૈત્રી કરે બાળક સાથે બાળ, વિશાળ સાથે જન જે વિશાળ;
પશૂ પશૂ સાથે વિનોદ પામે, માટે મળે છે જઈ એક ઠામે.
સ્વજાતિ સાથે સુખ થાય તેવું, વિજાતિ સાથે નવ થાય એવું;
પાણી તણો છે જડ જે પ્રવાહ, સ્વજાતિ સાથે જ મળે અથાહ.
જો દેવ કોઈ દરશાય સામે, તો ભૂત જાણી જન ભીતિ પામે;
મનુષ્યની સાથે મનુષ્ય થાય, ત્યારે મનુષ્યે સુખ તો પમાય.'[૪]

આ પંક્તિઓમાં પરબ્રહ્મનું નરતનુ ધારણ કરવાનું કારણ દર્શાવાયું છે. મનુષ્યને દિવ્યતાનો ઓપ આપવા ભગવાન અને તેઓના અખંડ ધારક સંત દિવ્યભાવ છુપાવીને મનુષ્ય જેવા બની રહે છે. જો કે મનુષ્ય-સ્વરૂપમાં પણ તેઓનાં ઐશ્વર્ય, સામર્થ્ય, પ્રતાપ લેશેય ઝંખવાતાં નથી. આ અનુભવ તેઓના સાંનિધ્યમાં સતત થયા કરે છે. ચાણસદવાસીઓ પણ આ અનુભવથી અળગા ન રહી શક્યા.

'बालानां रोदनं बलम् ।' બાળકનું બળ રુદન. તે વાતવાતમાં ભેંકડો તાણે. આકળો-ઉતાવળો થઈ જાય. આ અવસ્થામાં સહનશીલતાના નામે શૂન્ય હોય. પરંતુ દિવાળીબાના આ દીકરા બાબતે સૌનો અનુભવ જુદો જ રહેતો. તેની સહનશીલતા વિશે સૌ કહેતા : 'એનામાં પહેલેથી સહનશક્તિ બહુ. નાની ઉંમરે એવા બળિયા નીકળેલા કે રસી સાથે કપડું ચોંટી જાય પણ ઉંકારોય ન કરે. પહેલેથી શાંત સ્વભાવ.'

કદાચ તેથી જ માતા-પિતાએ પોતાના આ લાડકવાયાનું નામ 'શાંતિ' રાખ્યું હશે! તેઓની દરેક ક્રિયામાં સૌને શાંતિ અનુભવાતી. તેઓની દરેક ક્રિયાથી સૌને શાંતિ અનુભવાતી. તેઓ બોલે ત્યારે શાંતિ પ્રસરતી અને તેઓના મૌનમાંથી પણ શાંતિના સ્ફુલ્લિંગો ફેલાતાં રહેતાં. 'आकृतिः गुणान् कथयति ।' આકૃતિ ગુણોને કહી દે છે – એ વાત તેઓને જોતાં સાચી અનુભવાતી.

એક વાર શાંતિલાલને દિવસમાં પંદર-વીસ વખત શૌચવિધિ કરવા જવું

---

૪. શ્રીહરિલીલામૃત : ૬/૧૦/૧૯-૨૨.

પડે એવા સખત ઝાડા થઈ ગયેલા. તેથી તેઓએ તળાવકિનારે ભાથીજીના ઓવારે જ ધામો નાંખેલો, કારણ કે શૌચ બાદ સ્નાન કરવાની પવિત્ર પ્રણાલી શાંતિલાલે નાનપણથી જ રાખેલી. વળી, ગંભીર માંદગી જેવા કોઈ પણ આપત્કાળમાંય શ્રીજીની નાની-શી આજ્ઞાનું પણ ઉલ્લંઘન ન થવું જોઈએ તેવી દૃઢતા પણ તેઓની રગરગમાં પહેલેથી જ ધરબાયેલી. તેથી શૌચ બાદ સ્નાનની સાનુકૂળતા સચવાય તે હેતુથી તળાવકિનારે એક ઝાડ નીચે જ રહેલા. ઝાડાને કારણે અશક્તિ એવી આવી ગયેલી કે બે જણે ઊંચકીને તેઓને ઘેર પહોંચાડેલા; પરંતુ શાંતિલાલે આ બીમારીની વાત સુધ્ધાં ઘરના સભ્યોને જણાવી નહોતી. જ્યારે તેઓને ઊંચકીને ઘેર લવાયા ત્યારે જ ઘરમાં સૌને ખબર પડી કે આવી માંદગી શાંતિલાલને આવી છે. અન્યથા તેઓ સૌ તો એમ જ સમજતા'તા કે 'શાંતિ ક્યાંક બહાર ગયો હશે.'

દુઃખનાં રોદણાં રડી-રડીને બીજા પાસેથી સહાનુભૂતિની ઉઘરાણી કરતા રહેવું એ શાંતિલાલના સ્વભાવમાં જ નહીં. જે પરિસ્થિતિ આવે તેને પ્રભુનો પ્રસાદ માનીને હસતાં મોંએ આરોગી જવાનું તેઓને પ્રથમથી જ ફાવી ગયેલું. આવા પ્રસંગે થોડાય વિચારશીલ વ્યક્તિના મગજમાં ચમકારો થઈ જતો કે 'આ બાળક કંઈક જુદો છે.'

મિતભાષી અને મિતાહારી

બાળપણથી જ શાંતિલાલ મિતાહારી પ્રકૃતિના હતા. ઘરના ભોજનમાં મોટે ભાગે ધોળી જુવારના રોટલા થતા. વારે-તહેવારે દિવાળીબા ઘઉં-બાજરીના રોટલા ઘડતા. પ્રસંગોપાત્ત ઢેબરાંનું ખાણું પણ રહેતું. કઠોળ, દાળ-ભાત, કઢી-ખીચડી વગેરે પણ ક્રમાનુસાર થતાં. શાકમાં બટાટા અને ઘિલોડાંનું શાક મુખ્યપણે રહેતું. ચોમાસામાં ઘરના વાડામાં વેલા ઉપર ઘિલોડાં થાય; તેથી ચાર મહિના એ જ શાક ચાલતું. આમ, શાંતિલાલ આવો સાદો અને સાત્ત્વિક આહાર સૂક્ષ્મ પ્રમાણમાં આરોગતા.

તેમાંય તેઓ કેટલીક વાર તો જમવાનું પણ ભૂલી જાય અને દિવાળીબા યાદ કરાવે કે 'જમવાનું બાકી છે' ત્યારે જમે !!

નિશાળે જતાં પૂરી કે ઢેબરાંનો ડબ્બો જો બાંધી આપ્યો હોય તો તે લઈ જાય, નહીં તો એમ ને એમ જાય. કંઈક ખાવા-પીવા બે પૈસા આપ્યા હોય તો તે પણ મોટેભાગે પાછા લઈ આવે. ક્યારેક તેની જલેબી લેતા અને મિત્રો

સાથે મિજબાની માણતા. ક્યારેક એ રકમમાંથી પાદરા જઈ પુસ્તકો પણ ખરીદી લાવતા.

આમ, ખાવા-પીવામાં બિલકુલ તાલમેલ નહીં. જમવામાં આ ભાવે કે તે ભાવે એવું પણ નહીં. કોઈ વખત દિવાળીબા પૂરણપોળી કરે તો તે જમવાની સહેજ રુચિ જણાવતા. બાકી *'રસ-નિરસ બરોબર સમું'* એવી એમની પ્રકૃતિ હતી. પણ હા, પહેલેથી એક વાત પાકી રાખેલી – ભગવાનને ધરાવીને જ જમવાનું. તેમાં કદી ફેર પડવા દેતા નહીં.

શરીરે એકવડા તેથી માતા ભેંસ દોહવા બેસે ત્યારે શાંતિલાલને બોલાવી તાજું દૂધ પરાણે પિવડાવે, પણ શાંતિલાલને પહેલેથી દૂધ પર રુચિ ઓછી. તેથી માનું મન સાચવવા પૂરતું થોડુંક લેતા, બાકીનું બીજાને આપી દેતા. આમ, ખાવા-પીવા બાબતે કોઈ કરાર કે તકરાર તેઓના જીવનમાં પહેલેથી જ નહીં. આહાર પ્રત્યેના આવા દુર્લક્ષને કારણે શાંતિલાલનો શારીરિક બાંધો પાતળો-નબળો હતો. તેથી તેઓના મિત્ર શંકરલાલ તો ગમ્મતમાં તેઓને 'મડિયું'[૫] કહીને જ બોલાવતા.

'महीयांसः प्रकृत्या मितभाषिणः।'[૬] મહાન વિભૂતિઓ સ્વભાવથી જ મિતભાષી હોય છે. આ લક્ષણ શાંતિલાલમાં સર્વથા વર્તાતું. તેઓ મિતાહારીની જેમ મિતભાષી પણ એવા જ હતા. તેઓ જેમ ચંચળ નહોતા તેમ વાચાળ પણ નહોતા.

અલબત્ત, તેઓ ઓછું બોલતા પણ મીઠું બોલતા. બોલે ત્યારે રૂપાની ઘંટડી રણકતી હોય તેવું લાગે. એ રણકાર વર્ષો સુધી કાનમાં ગુંજ્યા કરે. શાસ્ત્રીજી મહારાજના સમયના એક વયોવૃદ્ધ સંત બાલકૃષ્ણ સ્વામી કહેતા : 'એક વાર ચાણસદમાં જૂનું પ્રસાદીનું મંદિર છે ત્યાં મેડી બનાવવાની હતી. તેથી શાસ્ત્રીજી મહારાજની સાથે હું પણ ત્યાં રોકાયેલો. મોતીભાઈ સેવામાં આવે. તે વખતે શાંતિલાલ નાના. મેં તેમને જોયેલા. તેમણે એક વાર કહેલું કે 'મારા બાપુજીને બોલાવી લાવું ? – આ વાક્ય હજુ મને યાદ આવે છે.'

કેટલું ટૂંકું વાક્ય પણ કેવી દીર્ઘકાલીન અસર ! એ સંતના જીવનમાં છ-છ દાયકા સુધી આ મધમીઠા શબ્દોનાં કામણ લેશેય ઓસર્યાં નહોતાં. આવા વચનમધુર હતા શાંતિલાલ.

---

૫. મડદાલ, શારીરિક રીતે અશક્ત વ્યક્તિ.

૬. शिशुपालवधम् – ૨/૧૩.

ત્યાગે તપે પૂરા રે

શાંતિલાલની ઊડીને આંખે વળગે તેવી એક વિશેષતા એ રહેલી કે તેઓ મિતભાષી હતા, પણ મૂંગાં નહીં. સમય આવ્યે જે સાચું હોય તે મક્કમતાથી કહેતા અને તે પ્રમાણે જ કરતા.

શાંતિલાલનાં શરૂઆતનાં વર્ષોમાં પિતાશ્રી મોતીભાઈ સાવલી તાલુકાના રાજનગર નામના ગામમાં કામકાજ માટે ગયેલા.[૭] શાંતિલાલ પણ સાથે જ હતા. અહીં તેઓ નવેક વર્ષ સુધી રહેલા. તે વખતે બાળમિત્રો સાથે વિવિધ બાળક્રીડાઓ કરતા. ગામની સીમમાં મહોરેલાં આંબા-આંબલીનાં ગોરસ-આંબલી, મરવા વગેરેની ઉજાણી પણ કરતા અને સૌને આનંદ પમાડતા.

આ રાજનગરમાં ભાદરણ ગામના છોટાભાઈ નામે સદ્‌ગૃહસ્થ રહેતા હતા. શાંતિલાલના ઘરની[૮] ગલીમાં જ તેઓનું મોટું મકાન હતું. તેઓને નાનાં બાળકો પ્રત્યે અપાર પ્રેમ. જાતજાતની અને ભાતભાતની વસ્તુ-વાનગીઓ લાવીને બાળકોને રાજી કરતાં રહે. ફૂલદોલ વખતે સૌ માટે ખજૂર લાવે, ઉત્તરાયણ વખતે પતંગો અને દિવાળી વખતે ફટાકડા. પરંતુ આ સૌ બાળકોમાં શાંતિલાલ વિશે તેઓને અનહદ લાગણી. તેઓ માટે છોટાકાકા રમકડાં લઈ આવે. શાંતિલાલને એકડો ઘુંટાવવા તેઓએ ખાસ શિક્ષક પણ રોકેલો.

એક દિવસ આ છોટાકાકાએ સંકલ્પ કર્યો કે 'આજે છોકરાંઓને સારી રસોઈ બનાવીને જમાડવા.' આ હેતુસર તેઓએ સૌ બાળકોને એકત્રિત કર્યા. શાંતિલાલને પણ બોલાવ્યા. ત્યારે શાંતિલાલે નમ્રતાથી છતાં દૃઢતાથી કહ્યું : 'આજે મારે એકાદશી છે. માટે હું નહીં જમું.'

છોટાકાકાએ આવા ઉત્તરની અપેક્ષા રાખી નહોતી. તેથી તેઓએ

---

૭. તત્કાલીન વડોદરા સ્ટેટમાં મોભાદાર ગણાતા સાવલીના મગનભાઈની રાજનગરમાં આવેલી જમીન ખેડવા મોતીભાઈ ત્યાં ગયેલા. રાજનગર પાસે વસેલા તુલસીપરામાં તેઓએ મુકામ ઠરાવેલો.

૮. તે વખતે મકાનો કામઠાંનાં હતાં. જેમાં આગળ પતરાંના દરવાજા હોય અને પાયાની જેમ એને ઊંડા નાંખ્યા હોય. ઘરમાં વાંસનાં કામઠાં પર ગાર-માટીની દીવાલ ચણી લે. એ દીવાલ વરસાદ વગેરેમાં બહુ ટકે નહીં. એટલે દર વર્ષે નવી કરવી પડે. ગામમાં પ્રવેશતાં પાંચ-સાત ઘર મૂકીને મોતીભાઈનું ઘર આવતું. એ ઘડીએ કારવણિયા અને મંડાળિયા એવા હરિભક્તો ગામમાં રહેતા. વસ્તીના ૭૦ થી ૮૦% સ્વામિનારાયણના સત્સંગીઓ હતા.

આગ્રહપૂર્વક શાંતિલાલને કહ્યું : 'હવે છોકરાંને શું એકાદશી ? ચાલશે. એક વાર ખાઈ લઈએ તેમાં શું ? બધાની સાથે જમવા બેસી જા.'

પરંતુ શાંતિલાલે મચક ન આપી. અંતે જ્યારે ખૂબ આગ્રહ થયો ત્યારે શાંતિલાલની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. એ આંસુએ છોટાકાકાને પલાળી દીધા. તેઓએ વધુ આગ્રહ પડતો મૂક્યો અને ફરાળ મંગાવીને શાંતિલાલને જમાડ્યા. પણ તે વખતે સૌને થયું કે 'આ તે વળી કેવું કૌતુક ! સ્વાદિષ્ટ ભોજન જોઈને બાળક તો લલચાઈ જ જાય. અને જો તે ન મળે તો જમવા માટે રડે. જ્યારે આ શાંતિલાલ તો ઉપવાસની ટેક ન તૂટે તે માટે રડ્યા ! ખરેખર, આ જુદી માટીનો બાળક લાગે છે !'

ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે 'સારો હોય તે તો બાળપણામાંથી જ જિહ્‌વાનો સ્વાદિયો હોય નહીં અને શરીરને દમ્યા કરે.'[૯] આ સારપનું મૂઠી ઊંચેરું દર્શન શાંતિલાલમાં સૌને થયાં કરતું.

બાળસહજ ગોબરાંપણાથી પણ શાંતિલાલ જોજનો દૂર. એક પ્રસંગે બાલ્યાવસ્થાની પોતાની સ્વાભાવિક પ્રકૃતિ જણાવતાં તેઓએ કહેલું : 'પહેલેથી ઘરમાં બધું વ્યવસ્થિત મૂકવાનું ખરું. સાફસૂફી રહે એવું નાનપણથી કરતા'તા. સ્કૂલમાં પણ કોઈ દફતર (આડું-અવળું) પડ્યું હોય તો એનેય કહીએ કે 'સીધું મૂક.''

આમ, સુઘડતાનો 'સા' પહેલેથી જ તેઓના જીવનમાં ઘૂંટાયેલો. *'વળી સદા ગમે શુચિપણું રે...'*[૧૦] એ બાલ ઘનશ્યામની પ્રકૃતિનો પડઘો શાંતિલાલના જીવનમાંથી પણ ઊઠતો.

શાંત અને સુલેહકારી

'શેરીએ રમતાં અથડાતાં, છોરાં રાખે દાવા રે; સબળ થઈ કોઈ લીએ ચૂંટિયો...' આ છે બાલ્યાવસ્થાનું શબ્દચિત્ર. કજિયા-કંકાસ કે લડાઈ-ઝઘડા વિનાનું બાળપણ કોનું વીત્યું હશે ? પરંતુ અવસ્થાના આ આવેગોથી પણ શાંતિલાલ અભડાયા નહોતા.

'મને પહેલેથી કોઈની સાથે ઝઘડો થાય એ ગમે નહીં ને કોઈ ઝઘડો કરતું હોય તે જોવુંય ગમે નહીં. મનમાં દુઃખ થાય કે આ ઝઘડે છે શું કરવા ? ઝઘડાનો

---

૯. વચનામૃત કારિયાણી પ્રકરણ ૩.

૧૦. ભક્તચિંતામણિ, પ્રક. ૨૦

પ્રસંગ થયો હોય તોયે ઝઘડીએ નહીં. સહન કરી લેવાનું. કોઈની જોડે ઝઘડો ન થાય તે પહેલું જોવાનું. નાનપણથી જ કોઈ લડતા-ઝઘડતા હોય તો ત્યાંથી જતો જ રહું. તકરારનો પહેલેથી જ સ્વભાવ નહીં. બીજા કોઈ ઝઘડે તેમાં મને બીક લાગતી... બીજાને ઝઘડતા જોઈ રડી પડીએ તેવું હતું.'

તેઓના મુખેથી સરેલા આ શબ્દો પરથી શાંતિલાલનો શાંત-સુલેહકારી સ્વભાવ પરખાય છે.

પોતાની આવી જીવનશૈલીથી તેઓને સૌ સાથે સારાવાટ. મોતીકાકાના પરિવારમાં શાંતિલાલ સાથે પુત્રોમાં ડાહ્યાભાઈ, નંદુભાઈ, પુરુષોત્તમભાઈ અને પુત્રીઓમાં કાશીબહેન, કમળાબહેન, ચંચળબહેન, સવિતાબહેન, ગંગાબહેન અને ડાહીબહેન હતાં.[૧૧] આ સૌમાં સવિતાબહેનને શાંતિલાલ માટે અધિક પ્રેમ રહેતો. પ્રસંગોપાત્ત ઘરમાં વેવિશાળ નિમિત્તેની માટલીમાં મીઠાઈ આવે ત્યારે ભાઈ-બહેનના ભાગ પડે. તે વખતે સવિતાબહેન પોતાનો ભાગ શાંતિલાલને આપી દેતાં. પોતે ન જમતાં.

સંવેદનશીલ શાંતિલાલ

મોટે ભાગે બાલ્યાવસ્થા પરોપજીવી હોય છે. તેથી તે બીજાને માટે ભાર-રૂપ થઈ રહે, પરંતુ શાંતિલાલ અહીં પણ સૌ બાળકોથી અલગ તરી આવતા. કદીયે કોઈને બોજારૂપ ન થવાનો જ વિચાર અને તે અનુસાર જ વર્તણૂક રાખતા. અને હા, શાંતિલાલની સંવેદનાનું આ વર્તુળ કેવળ મનુષ્ય પૂરતું જ સીમિત નહોતું. મૂંગા-અબોલ પશુઓ પ્રત્યે પણ તેઓને આવી જ સહાનુભૂતિ રહેતી.

શાંતિલાલ રવિવાર કે રજાના દિવસોમાં પશુધન ચરાવવા વિશ્વામિત્રી નદીના કિનારે આવેલા ગોચરમાં જતા. પશુમાં ઘેર બે ભેંસો અને એક જોડ બળદ હતા. તેને ચરાવવા અગિયારેક વાગ્યે જમી-પરવારી સૌ મિત્રો સાથે તેઓ નીકળે. અડધો કલાકે ત્યાં પહોંચી જવાય. અહીં ગાયો-ભેંસો ચરે. તે વખતે કેટલાક બાળકો ગાય-ભેંસ પર બેસીને સવારીનો આનંદ લૂંટે. બપોરે આ પશુઓ નદીમાં પણ પડે. ત્યારે કેટલાક છોકરા તેની પર બેસીને સહેલ પણ કરે, પરંતુ શાંતિલાલ કોઈ દિવસ આ ચાળે ચડ્યા નહોતા. નદીમાં પાણી બહુ આવી ગયું હોય તોય મોટે ભાગે પૂછડું પકડીને જ સામે કિનારે જાય. પશુ પર બેસે તો

૧૧. પુરુષોત્તમભાઈ, કાશીબહેન, ચંચળબહેન અને ડાહીબહેન નાનપણમાં જ અક્ષરવાસી થઈ ગયેલાં.

ભાગ્યે જ. ગાય-ભેંસ પર બેસીને તેને ભારે મારવાના વિચારમાત્રથી તેઓ દ્રવી ઊઠતા. 'आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति...' અનુસાર જીવ-પ્રાણીમાત્રને તેઓ પોતાપણાની દૃષ્ટિથી જ જોતા. પશુઓને ચરાવવા જાય ત્યારે શાંતિલાલ વાંચવાની ચોપડીઓ સાથે લઈને નીકળતા. ઢોર ચરતાં હોય ત્યારે તેઓ ઝાડના છાંયે બેસી વાંચ્યા કરે.

પશુધન ચરાવવાની સાથે સાથે શાંતિલાલને ક્યારેક ખેતરમાં પણ જવાનું થતું. ઈટોલા બાજુ આશરે ૨૫-૩૦ વીઘાં જમીનનું મોતીકાકાનું ખેતર હતું. તેમાં કરબડી ફેરવવાની હોય ત્યારે શાંતિલાલ કરબડી પર બેસવા માટે જતા.

પ્રભુપ્રેમના પ્યાસી

ભગવાન સ્વામિનારાયણે પોતાના શૈશવની સ્મૃતિ કરતાં કહ્યું છે કે 'જ્યારે અમારે બાળ અવસ્થા હતી ત્યારે પણ દેવમંદિર હોય ત્યાં દર્શને જવું, કથાવાર્તા સાંભળવી, સાધુનો સમાગમ કરવો, તીર્થ કરવા જવું, એવી વાર્તા ગમતી.'[૧૨] શાંતિલાલમાં પણ સૌને આ જ પ્રકૃતિનું પ્રતિબિંબ ઝિલાયેલું જણાતું.

એક વાર તેઓને પૂછવામાં આવેલું : 'નાનપણમાં શોખ હોય, એમ આપને કંઈ અંગત શોખ હતો ?'

આ સાંભળતાંવેંત તેઓ બોલી ઊઠેલા : 'એવો કોઈ શોખ ન'તો. મંદિરે જતા અને ભજન-કીર્તનમાં જતા.'

'બાળપણમાં કયો વિષય ગમતો ?' એ પ્રશ્નના ઉત્તરમાં પણ તેઓ જણાવતાં કે 'ભગવાન ભજવા અને ભજાવવા.'

આમ, શાંતિલાલના શોખ ગણો કે શૈલી, પણ તે આ જ હતાં – દેવદર્શન અને પ્રભુભક્તિ.

શાંતિલાલનું ઘર ગામની પંચાયતના ચોરા સામે આવેલી ઢાળવાળી ગલીમાં ડાબા હાથે પહેલું જ હતું. તેથી ગામમાં રામલીલા કે ભવાઈ જેવા કાર્યક્રમોનાં ઢોલ-ભૂંગળ વાગે તે સીધા જ સંભળાય અને ઘેર બેઠાં પણ એ નાટારંગ જોઈ શકાય. પરંતુ શાંતિલાલ કદી એ તરફ નજર સુધ્ધાં કરતા નહીં. એ જમાનો રેડિયાનો નહીં પણ થાળીવાજાંનો હતો. દુકાનોવાળા ગ્રામોફોન વગાડ્યા કરે. શાંતિલાલને આવતાં-જતાં તેના શબ્દો કાને પડે પણ અંતરમાં ઘૂસવા ન દે. વિષયોનાં વાજાં વાગતાં હોય તેની વચ્ચે પણ નિર્લેપ રહેવાનું

---

૧૨. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૫.

ઐશ્વર્ય આ બાળયોગીને જાણે જન્મસિદ્ધ હતું.

તે વખતે દર દશેરાએ વડોદરામાં રાજસવારી નીકળતી. તેનો ભપકો આંજી નાંખે તેવો રહેતો. દૂર દૂરનાં ગામડાંઓમાંથી લોકો તે જોવા ઊમટતા. ચાણસદથીયે લોકો જતાં, પણ શાંતિલાલને તે જોવાનું મુદ્દલ મન થતું નહીં.

એક વાર તેઓ કંઈક પ્રસંગે શંકરલાલ વગેરે મિત્રો સાથે વડોદરા ગયેલા. ત્યાંથી પાછા ફરી રહેલા ત્યારે જ પ્રતાપસિંહ ગાયકવાડના રાજ્યાભિષેક નિમિત્તે સવારી નીકળેલી. હૈયે હૈયું દળાય એવી પ્રચંડ મેદની ઊભરાયેલી. આગળ-પાછળ ક્યાંય જવાય એવું રહ્યું નહીં. તેથી શાંતિલાલને મકરપુરા રોડ તરફથી આવતી આ સવારી પસાર થઈ રહી ત્યાં સુધી રોકાઈ જવું પડેલું. તે વખતે કાશીવિશ્વનાથ મંદિરે ઊભા રહીને તેઓએ આ સવારી નિહાળી હતી. આમ, ન છૂટકે આવા પ્રસંગો બને તો ઠીક; બાકી સામેથી જગત જોવાનો બિલકુલ અભરખો તેઓના જીવનમાં નહીં.

સગાં-સંબંધીઓને ઘેર હરવા-ફરવા જવાની પણ શાંતિલાલની પ્રકૃતિ નહોતી. મોસાળના ગામ લાછરસમાં માત્ર પાંચ-છ વાર જ ગયેલા. જ્યારે ત્યાં જવા નીકળે ત્યારે ચાણસદથી ચાણોદ સુધી ટ્રેનમાં જતા. ચાણોદથી હોડી દ્વારા નર્મદા પાર કરીને સામે કાંઠે પહોંચે. ત્યાંથી ડમણિયાં લેવા આવ્યાં હોય તેમાં બેસી લાછરસ પહોંચતા. જ્યારે જાય ત્યારે પંદર-પચીસ દા'ડા રહેતા.

શાંતિલાલ ક્યારેક ખડમોસાળ[૧૩] મેનપુરા પણ જતા. તે માટે ચાણસદથી ગાડાં વાટે કરાળી થઈને પોર આવતા. પોરથી ઢાઢર નદીનો ઢાળ ચઢીને મેનપુરા પહોંચતા. અહીં પણ ગામની ગિરદીથી દૂર તળાવની પાળે આવીને ઘણી વાર બેસતા અને ધ્યાન-ભજનમાં લીન થઈ જતા.

આમ, જગતથી નિઃસ્પૃહ શાંતિલાલની સવાર ઊઘડતી ભક્તિથી ! સવારે ઊઠીને સ્નાનાદિકથી પરવારી પૂજા-પાઠ કરવાનો એમનો નિત્યક્રમ. જ્યારે શરૂઆતનાં વર્ષોમાં રાજનગર રહેતા ત્યારે અવસ્થા નાની, એટલે પૂજા-પાઠ કરવાનાં થાય નહીં; પણ તોય ભક્તિનો વેગ એવો કે બા-બાપુજી પૂજા કરતાં હોય તો તેઓની બાજુમાં ગોઠવાઈ જાય અને મૂર્તિઓને ટગર ટગર નીરખ્યા કરે. પછી પુનઃ વતનમાં આવ્યા ત્યારે નાના અક્ષર સ્વામી દ્વારા પૂજા લઈ લીધેલી; તે નિત્ય કરતા.

આ વિગત સંભારતાં તેઓ અવાર-નવાર કહેતા : 'નાનપણથી જ પૂજા

---

૧૩. માતુશ્રી દિવાળીબાનું મોસાળ.

કરવાની ટેવ પાડેલી. પોતાની જુદી જ પૂજા.'

પૂજામાં શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને શાસ્ત્રીજી મહારાજની મૂર્તિઓ પૂજતા. તિલક-ચાંદલો પણ રોજ કરતા. તે માટે તારનું તિલકિયું વાપરતા અને કોરા કંકુનો ચાંદલો આંગળીથી જ કરતા.

નિત્યપૂજા બાદ જ મોંમાં જળ-કણ મૂકવાનો નિયમ શાંતિલાલે જડબેસલાખ રાખેલો. ગામમાં આવેલા સ્વામિનારાયણ મંદિરે પણ દર્શન કરવા જવાનો ક્રમ ગોઠવેલો. શાંતિલાલને શાસ્ત્રીજી મહારાજનાં પ્રથમ દર્શનની સ્મૃતિ પણ આ જ મંદિરની ! એ દર્શનથી જ શાસ્ત્રીજી મહારાજની રુચિમાં ભળીને તેઓને રાજી કરવાનો ભાવ અંતરમાં જાગી ગયેલો એવું તેઓ કહેતા.

એક વાર એક પત્રકારે તેઓને પૂછેલું કે 'આપને આધ્યાત્મિક અનુભૂતિ થઈ હોય એ બાબતે પ્રકાશ પાડશો ?'

ત્યારે તેઓએ જણાવેલું : 'અમારે તો અનુભૂતિનું મુખ્ય કારણ – ગુરુકૃપા ! શાસ્ત્રીજી મહારાજનો યોગ થયો એ જ અનુભૂતિ.'

આમ, શાસ્ત્રીજી મહારાજનાં પ્રથમ દર્શનની આવી અમીટ છાપ તેઓના અંતરમાં અંકિત થઈ ગયેલી.

નિશાળેથી આવીને સાંજે મંદિરમાં થતી સંધ્યા આરતીમાં શાંતિલાલ અવશ્ય પહોંચી જતા. રવિવારે સવારે દર્શને જતા. આ બાબતે દિવાળીબાનો ખટકો પણ ખૂબ રહેતો. જે દિવસે મંદિર-દર્શનમાં રજા પડે તે દિવસે માતુશ્રી ભોજનમાં પણ રજા રખાવે. 'ગઈકાલે શાંતિ દર્શને આવેલો કે નહીં ?' એમ મંદિરમાં રહેતા લલ્લુ ભગતનેય પૂછપરછ કરીને તાળો મેળવે. પણ શાંતિલાલનો જ ભક્તિનો ઇશક એવો હતો કે માતાને કોઈ દા'ડો નિસાસો નાંખવાનો વારો જ ન આવ્યો.

સંધ્યા આરતીમાં જાય ત્યારે શાંતિલાલ નગારું-ઝાલર વગાડતા. ઝાલર વગાડે ત્યારે ક્યારેક એક મોગરી(દાંડી)થી વગાડે તો ક્યારેક બે મોગરીથી. બાળકોમાં નગારું-ઝાલર વગાડવાં માટે પડાપડી થાય પણ તે વખતે શાંતિલાલની રીત અનોખી રહેતી. કોઈને નગારું વગાડવું હોય તો પોતે ઝાલર વગાડે અને કોઈને ઝાલર વગાડવી હોય તો પોતે નગારું વગાડે. તેઓના જીવનમાં ક્યારેય કોઈ વાતનો દુરાગ્રહ ન દેખાય. પોતાની વાત-વિગત સાચી હોય તોય હુંસાતુંસીમાં પડે નહીં. ફટ્... કરતી વાત પડતી મૂકી જાણે. તેથી હંમેશા સંઘર્ષ-મુક્ત રહેલા.

મંદિર જ ઘર

ગામમાં વારે-તહેવારે મોટા અક્ષર સ્વામી, ઘનશ્યામ સ્વામી, બાલમુકુંદ સ્વામી વગેરે આવે ત્યારે તો શાંતિલાલને મંદિર જ ઘર થઈ જતું. આ સંતો પાસેથી જ તેઓએ આરતી તથા *'જોઈ મૂરતિ મનોહર...', 'દયાળુ પ્રભુ ! અક્ષર-પુરુષોત્તમ...'* વગેરે કીર્તનો શીખી લીધેલાં. સાંજે સંતો પાસે જાય એટલે લાડુ, માલપૂઆ વગેરે જે પ્રસાદ રાખી મૂક્યો હોય તે શાંતિલાલને મળે. આ સંદર્ભમાં તેઓ રમૂજ કરતાં ઘણી વાર કહેતા : 'અમે બહુ પ્રસાદી ખાધી હતી. પરસાદી ખાઈને સાધુ થયા છીએ.'

સંતો ઉપરાંત ચાણસદના જૂના હરિભક્તો ગલભાઈ, કાળિદાસભાઈ, અમથાભાઈ, મૂળજીભાઈ વૈદ્ય વગેરેનાં દર્શન પણ તેઓ પામેલા. આ સૌને તેઓ અહોભાવથી નીરખી આદર અભિવ્યક્ત કરતા.

ગામમાં સ્વામિનારાયણ મંદિર ઉપરાંત રણછોડરાય મંદિર, સત્યનારાયણ મંદિર અને હનુમાનમઢી પણ શાંતિલાલની રમણભૂમિ. બે-ત્રણ દિવસે એક વાર તો હનુમાનમઢીએ જવાનું થાય જ. જ્યારે જાય ત્યારે શંખ અવશ્ય વગાડે. અહીં અયોધ્યાથી આવેલા હરિદાસ બાવાજી પોતાને આવડે એવી રામાયણની વાતો કરે. શાંતિલાલ પલાંઠી વાળીને, જમણા ગોઠણે જમણા હાથની કોણી ટેકવી, તે હાથની હથેળીથી હડપચીને ટેકો આપી એકચિત્તે વાતો સાંભળે. તે જોઈને અયોધ્યાની હનુમાનમઢીમાં બેસીને કથાશ્રવણ કરતા બાળ ઘનશ્યામની સ્મૃતિ સૌને થઈ આવતી. પરિવેશમાં મોટાભાગે સુતરાઉ ખમીસ અને ધોતી ધારણ કરીને ઘૂમતા આ ભક્તરાજ કો'ક ઋષિકુમારની યાદ અપાવતા રહેતા. કો'ક વાર ખમીસ પર કોટ(coat) પણ પરિધાન કરતા. શાળામાં જાય ત્યારે મોટેભાગે ચડ્ડી પહેરતા.

શાંતિલાલના ફળિયામાં જ તેઓના એક સખા હતા. તેનું નામ પણ શાંતિલાલ. બંનેનાં ઘર એકબીજાની સામસામે. આપણા શાંતિલાલ વાંચવાનું હોય ત્યારે એને ત્યાં જાય. ત્યાં જ જમી લે. સૂએ પણ ત્યાં જ અને સવારે ઘેર આવે. આવી બંને વચ્ચે દોસ્તી. આ શાંતિલાલ રામાનંદી સંપ્રદાયના. તે આપણા શાંતિલાલને ઘણી વાર સત્યનારાયણના મંદિરમાં લઈ જાય. શાંતિલાલ પણ હોંશે હોંશે તેની સાથે જતા. સર્વધર્મસમાદરના પાઠ એમને શીખવાના નહોતા. સત્ય-સિદ્ધાંતો તો સાકરમાં મીઠાશની જેમ જ તેઓના જીવનમાં વણાઈ ગયેલા,

જન્મથી જ.

સત્યનારાયણના મંદિરમાં સીતારામ બાવા પૂજા-આરતી કરતા. તેઓ આ કિશોરોને હરદ્વાર, હૃષીકેશની વાતો કરે. આ વાતોથી શાંતિલાલના હૈયામાં ઊછળતા ભક્તિરસમાં ભરતી ચડતી અને બંને મિત્રોએ મનમાં ગાંઠ વાળી લીધેલી કે 'અભ્યાસ પૂરો કર્યા પછી હરદ્વારમાં જવું અને ભગવાન ભજવા.'

ગામના આ મંદિરોમાં એકાદશી, પૂનમ કે ઉત્સવોના દિવસે ભજન-કીર્તન થતાં. આ ઉપરાંત કોઈક પ્રસંગોપાત્ત ભજન બેસાડે તો તે દિ' પણ ભજન-કીર્તનની રમઝટ બોલતી. તે માટે મંદિર દીઠ અલગ-અલગ ઊભી ભજનમંડળીઓ રહેતી. તદુપરાંત, કરતાલા, કાંસીજોડિયાં એવી રીતની પણ ભજનમંડળીઓ હતી. જ્યારે આવાં ઊભાં ભજન યોજાય ત્યારે શાંતિલાલને 'દોડવું હોય ને ઢાળ મળે'ની જેમ મજા પડી જતી. આવા કાર્યક્રમોમાં તે ઊલટભેર સામેલ થતા. રાતના બાર - બે વાગ્યા સુધી ભજનનો દોર ચાલતો. તેમાં કરતાલ અને કાંસીજોડાં વગાડતાં વગાડતાં શાંતિલાલ કીર્તનો લલકારતાં ભજનમંડળીમાં ફરતા. પ્રસંગોપાત્ત મૃદંગ, તબલાં પણ વગાડતા. તેઓના જ પ્રાસાદિક શબ્દોમાં 'ધબધબ' કરતા.

આ ભજનમંડળીની સ્મૃતિ કરતાં તેઓ કહેતા : '*તાંબાકુંડીઓ જળે ભરી, તમે નાવણ કરતા જાઓ...* એવાં ભજન કરતાલિયાંઓ ગાય.'

આમ, ત્યાગ, તપ, તિતિક્ષા, ભક્તિ જેવા કૈંક સદ્‌ગુણોના સરવાળા સમું શાંતિલાલનું શૈશવ જોઈ સૌને અનુભવાતું કે આ વિભૂતિએ કેવળ બાલ્યાવસ્થા જ ધારણ કરી છે, પરંતુ તે અવસ્થાના ભાવ-સ્વભાવથી તો તેઓ સદા અલિપ્ત જ છે. તેઓની જન્મોત્રી પણ આ જ વાતનો પડઘો પાડતી. દાડમાના નારણજી મહારાજે તૈયાર કરેલી એ જન્મોત્રી જોઈને એક વિદ્વાન જ્યોતિષીએ ભવિષ્ય ભાખેલું કે 'આ બાળક ખૂબ મહાન થશે. ભગવાન ભજશે ને કેટલાયને ભજાવશે. આનાં દર્શન માટે ઘણી ભીડ જામશે અને એક માઈલ દૂરથી દર્શન કરવાં પડશે.'

વિદ્યાવ્યાસંગી

સામાન્ય રીતે એવું જોવા મળે છે કે જે અધ્યાત્મ બાજુ ઝોક ધરાવતો-વધારતો જાય તે અભ્યાસમાં નબળો પડતો જણાય અને જે અભ્યાસમાં ઊંડો ઊતરે તેનું અધ્યાત્મ સુકાતું જાય, પરંતુ શાંતિલાલ અધ્યાત્મનાં આભૂષણોથી જેવા શોભતા તેવા જ વિદ્યાલંકારોથી પણ વિભૂષિત હતા. આમેય મહાન પુરુષો સમતોલ હોય છે, સર્વદેશી હોય છે અને સર્વતોમુખી હોય છે. તેઓ કદી એક

પલ્લે ઢળતા નથી, એક આંખે જોતા નથી અને એક મગજથી વિચારતા નથી. શાંતિલાલ પણ આમાં અપવાદરૂપ નહોતા.

તે વખતે ચાણસદમાં પટેલની વાડીમાં શાળા બેસતી. તેમાં ઉપર ચઢીને જવાનું. ઓસરીમાં બેસવાનું. ચઢતાં ડાબે હેડમાસ્તર વિપ્ર છગનભાઈ બેસતા અને જમણી બાજુ ત્રીજી-ચોથીના માસ્તરો બેસતા. બાકીના બહાર ઓસરીમાં બેસતા. ઓસરી બંધ હતી અને વચ્ચે ચોક હતો.

આ શાળામાં શાંતિલાલે વિદ્યારંભ કરેલો. અહીં તેઓ ચુનીલાલ, શાંતિલાલ, ભાઈલાલભાઈ, હરિભાઈ, આશાભાઈ, ડાહ્યાભાઈ, અંબુભાઈ, ચીમનભાઈ, અંબાલાલભાઈ, ઉમેદભાઈ વગેરે સહાધ્યાયીઓની સાથમાં ભણતા. મોલેસલામ ગરાસિયા હરિભાઈ નામના માસ્તર શાંતિલાલના એક શિક્ષક તરીકે રહેલા. રોજ સવારે અગિયારથી સાંજે પાંચ વાગ્યા સુધી શાળાનો સમય રહેતો. શનિવારે સાંજે ચાર વાગ્યે શાળા છૂટી જતી. પાટી-પેન, પુસ્તક-નોટબુક વગેરે શાંતિલાલના શિક્ષણનો સરંજામ રહેતો. પુસ્તક અને નોટબુક તેઓ પાદરા કે વડોદરાથી ખરીદતા.

અભ્યાસમાં એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે શાંતિલાલે નામના મેળવેલી. એક વાર પ્રસંગોપાત્ત તેઓએ જણાવેલું કે 'અમે પહેલો અથવા બીજો નંબર લેતા. મારી સાથે બામણગામના ચુનીભાઈ નરેર(નરહરિ) હતા. એ પહેલો હોય તો હું બીજો, હું પહેલો હોઉં તો એ બીજો. રોજની હાજરીમાં પણ છેલ્લે નંબર લઈ લેતા. પહેલા નિશાળમાં છેલ્લે હાજરી લેતા. તેમાં આખા દિવસમાં ગણિતમાં જેને સારા ગુણ મળે તેને પહેલો નંબર આપે ને બીજે દિવસે બેસવાનું પણ તેવી જ રીતે. એટલે કદાચ કોઈક દિવસ નિશાળે પહોંચવામાં વહેલું-મોડું થાય પણ છૂટતી વખતે તો પહેલો કે બીજો નંબર આવી જ જાય. આ રીતે પાંચ ધોરણ સુધી નંબર રાખેલો.'

આમ, જ્યાં સુધી ચાણસદમાં ભણ્યા ત્યાં સુધી અગ્રેસર થઈને જ.

અભ્યાસમાં કોઈ દિવસ ઉધાર પાસું રાખતા નહીં. દિવસ દરમ્યાન શાળામાં જે ભણ્યા હોય તેનું તે જ દિવસે પુનરાવર્તન ઘેર આવીને કરી લેવાની તેઓની પદ્ધતિ હતી. તેઓ અને ચુનીલાલ સાથે જ વાંચે-ભણે. પરીક્ષા સમયે તો રાત્રે એક-દોઢ વાગ્યા સુધી વાંચે. શાંતિલાલ ત્યારે ચુનીલાલના ઘેર જ સૂઈ જાય. સવારે નિજગૃહે આવે.

અભ્યાસમાં સજ્જતા એવી કે પરીક્ષાનો ભય માર્યો ફરે. એક વાર કો'કે

તેઓને પૂછેલું કે 'આપને પરીક્ષા આપતી વખતે બીક લાગતી ?'

'ના, ના. તૈયારી કરીને જ જવાનું હોય ! પછી બીક શાની ?' તેઓએ જણાવેલું.

પરીક્ષામાં પણ પ્રશ્નપત્રમાં જે ક્રમમાં પ્રશ્નો પૂછ્યા હોય તે ક્રમમાં જ ઉત્તરો લખતા જતા. પોતે કહેતા : 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરી પેપર લખીએ.'

અભ્યાસમાં તેજસ્વીની સાથે એવા અણિશુદ્ધ રહ્યા કે ભણ્યા ત્યાં સુધી એક પણ વાર શિક્ષકની સજા સાંખવાની આવી નહીં. શાળામાંથી વિદાય થયા ત્યારે એક શાંત, નિયમિત અને વ્યવસ્થિત વિદ્યાર્થી તરીકેની છાપ છોડતા ગયેલા. આમ, પ્રારંભિક વર્ષોના તેઓના જીવન-આકાશમાં અધ્યાત્મનું મહત્ત્વ અને અભ્યાસનું પ્રભુત્વ ચંદ્ર-સૂર્યની જેમ ચમકતાં દેખાય છે.

ચાણસદના આ અભ્યાસકાળ દરમ્યાન આશરે દસેક વર્ષની ઉંમરે શાંતિલાલ મકરપરા સ્ટેશને શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરવા ગયેલા. શાંતિલાલ ત્યાં પહોંચ્યા ત્યારે યોગીજી મહારાજે શાસ્ત્રીજી મહારાજને કહેલું : 'સ્વામી ! ચાણસદથી મુક્તરાજ આવ્યા છે.' તે વખતે શાસ્ત્રીજી મહારાજે તેઓને પોતાની પાસે બોલાવી આશીર્વાદ આપેલા.[૧૪]

આ સમયનું શાંતિલાલનું સ્વરૂપ યોગીજી મહારાજને ઈદમ્ યાદ રહી ગયેલું. દાયકાઓ પછી પણ તેને સંભારતાં તેઓ કહેતા : 'હું તેમને શાસ્ત્રીજી મહારાજ પાસે લઈ ગયેલો. કાળો કોટ પહેરેલો ને ધામધૂમ હતી...'

વિદ્યાભ્યાસમાં વિઘ્ન

શાંતિલાલ જ્યારે ચાણસદની શાળામાં દાખલ થયેલા ત્યારે છ ધોરણ સુધીના અભ્યાસની વ્યવસ્થા તેઓની શાળામાં હતી, પણ બન્યું એવું કે શાંતિલાલે પાંચમું ધોરણ પાસ કર્યું ત્યાં સુધીમાં શાળામાંથી છઠ્ઠું ધોરણ નીકળી ગયેલું અને પૂરતી સંખ્યાના અભાવે છઠ્ઠું ધોરણ શરૂ થઈ શકતું નહોતું. તેથી શાંતિલાલને અભ્યાસ ચાલુ રાખવો હોય તો અન્ય સ્થળે જવું પડે એવી પરિસ્થિતિ ઊભી થઈ. નજીકમાં આવેલું દરાપરા ગામ આ આગળના અભ્યાસ માટે અનુકૂળ આવે

૧૪. સંપ્રદાયના અમુક ગ્રંથોમાં વાસદ સ્ટેશન પર આ મુલાકાત થયેલી તેવો ઉલ્લેખ પણ મળી આવે છે. પરંતુ તા. ૨૦/૧૨/૨૦૦૬ના રોજ અમદાવાદમાં પરમ પૂજ્ય સ્વામીશ્રીએ જ ઉપર મુજબ વિગત જણાવેલી, તેથી તે વધુ પ્રમાણભૂત લાગે છે.

તેમ હતું. તેથી છઠ્ઠા ધોરણની તપાસ કરવા માટે શાંતિલાલ ત્યાં પહોંચ્યા.

પરંતુ ત્યાંના શિક્ષકે દસ વિદ્યાર્થીઓ થાય તો છઠ્ઠા ધોરણનો વર્ગ શરૂ કરવાની તૈયારી બતાવી. તેથી શાંતિલાલે આ સંખ્યા ભેગી કરવા માટે કમર કસી. અંતે ચાણસદ, પાટોદ વગેરે અન્ય આજુબાજુનાં ગામડાંના દસ-બાર વિદ્યાર્થીઓની જોગવાઈ તો થઈ ગઈ, પરંતુ અહીં પાછું એક વિઘ્ન આવ્યું. શાંતિલાલે તૈયાર કરેલી છઠ્ઠા ધોરણની આ વિદ્યાર્થી-મંડળીમાં દરાપરાનો કોઈ જ વિદ્યાર્થી ન હોવાથી શિક્ષકે નવો વર્ગ શરૂ કરવાનો ઉત્સાહ ન બતાવ્યો. તેથી તે વાત ત્યાં જ અટકી પડી અને શાંતિલાલનું એક વર્ષ એમ જ એળે ગયું. આ સંદર્ભમાં તેઓ ઘણી વાર રમૂજમાં કહેતા કે 'એક વરસ ઢોરાં ચારવામાં ગયું.'

છતાં શાંતિલાલ નિરાશ ન થયા. હાથમાં લીધેલું કાર્ય લાખ વિઘ્નો આવે તોય ન છોડવું એ તેઓની સ્વાભાવિક પ્રકૃતિ હતી. તેઓનો અભ્યાસ પ્રત્યેનો લગાવ જોઈને માતા-પિતાએ નક્કી કર્યું કે 'શાંતિલાલને આગળ ભણવા માટે બોચાસણ મોકલવા.' પણ તેમાંય અડચણ ઊભી થઈ. તે જમાનામાં બોચાસણ બ્રિટિશ હકૂમત નીચે આવતું અને ચાણસદ ગાયકવાડી રાજ્યનું ગામ ગણાતું. ગાયકવાડી રાજ્યમાંથી બ્રિટિશ હકૂમતની શાળામાં દાખલ થવા આવનાર વિદ્યાર્થીને એક ધોરણ પાછળથી દાખલ થવું પડે એવો એ સમયનો ધારો હતો. તેથી શાંતિલાલે ચાણસદમાં પાંચ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હોય તેમ છતાં ચોથા ધોરણમાં દાખલ થવું પડે તેવી પરિસ્થિતિ નિર્માણ પામી. આ માટે શાંતિલાલ જેવા હોશિયાર વિદ્યાર્થીનું મન કેવી રીતે તૈયાર થાય? તેથી ભણવા માટે બોચાસણ જવાની વાત પણ પડતી મુકાઈ.

સન ૧૯૩૬-૩૯

સંતોના સંગમાં વિચરણનો દોર

સમયને વેડફવાનું શાંતિલાલ શીખ્યા જ નહોતા. તેથી પાંચમા ધોરણના અભ્યાસ બાદ આગળના ધોરણનું ભણતર શરૂ થાય ત્યાં સુધીનો સમય તેઓએ ફાજલ જવા ન દીધો. આ સમયે તેઓ મોટા અક્ષર સ્વામી,[૧૫] ઘનશ્યામ સ્વામી અને જૂનાગઢથી આવેલા બાલમુકુંદ સ્વામી વગેરે સાથે ગામડે વિચરણમાં નીકળી પડ્યા.

આ વિચરણમાં મોટે ભાગે ઘનશ્યામ સ્વામી કથા કરે. બાલમુકુંદ સ્વામી

---

૧૫. તેઓનું મૂળ નામ સાધુ અક્ષરપુરુષદાસ હતું.

રસોઈ કરે. તેઓની સાથે શાંતિલાલે પણ વિવિધ સેવાઓ ઉઠાવી લીધેલી. તેઓ ઝોળી માંગે, વાસણ ઊટકે અને ચોકો પણ કરે.[૧૬] કોઈ પણ કામ તેઓને મન નાનું કે નવું નહોતું. અપરિચિત કામને પણ ચિરપરિચિત બનાવી દેવાની ગજબની ફાવટ તેઓ પાસે હતી. તેથી જે સેવા સોંપાય તે કરવા મંડી પડતા. સેવા અને સ્વાશ્રયના એકડા તો આ કિશોરને શીખવાના નહોતા, પણ તે એકડાને ઘૂંટાવ્યા આ સંતવિચરણે તેમ કહી શકાય.

એ વખતે પદ્ધતિ એવી કે દરેક મંદિરમાં મોટા દેશી પટારામાં વાસણો રાખી મૂકે. મંદિરમાં સંતો આવે ત્યારે તે વાસણો કાઢી તેમાં રસોઈ કરે. પણ ઘનશ્યામ સ્વામીની પ્રકૃતિ એવી કે જે મંદિરમાં જાય ત્યાં બે-ત્રણ તપેલાં કે કડાઈ જોઈતી હોય એટલું નહીં, પણ બધાં વાસણ ઉટકાવે. તે વાસણોનો ઢગ શાંતિલાલ ઊટકે. લગભગ બે કલાક તેમાં વીતી જાય. તે વખતે સાથે ફરતા રામજી ભગત મદદરૂપ બનતા. બાલમુકુંદ સ્વામી પણ શાંતિલાલનું વાત્સલ્યભાવે ખૂબ ધ્યાન રાખતા. તેઓ શાંતિલાલને કૂવામાંથી પાણી સિંચી નવડાવે, વાસણ માંજતાં શિખવાડે, કીર્તન પણ શિખવાડે.

જક્ત વિકાર નહીં રતિ

એક વાર શાંતિલાલ સંતમંડળ સાથે આણંદ પહોંચેલા. અહીં ઘનશ્યામ સ્વામીએ અથાણાં, પાપડ, છાશ, દહીં, ઢેબરાં વગેરે લેવા શાંતિલાલને મંદિર સામે આવેલી રેવનદાસની ખડકીમાં મોકલ્યા. ત્યાં મોટે ભાગે સત્સંગી કુટુંબો વસતાં. પણ તેમાં એક મહિલા જરા ટીખળી સ્વભાવનાં હતાં. તે શાંતિલાલને કહે : ‘તું શા માટે સાધુ થવા જાય છે ? તને ઘેર કોઈ વઢ્યું’તું કે આમ સાધુ થવા તૈયાર થઈ ગયો છે ? તારાથી સાધુમાં રહેવાશે ?’ વળી કહે : ‘તને જો કન્યા ન મળતી હોય તો હું લાવી દઉં; પણ સાધુ શું કામ થાય છે ?’ તેઓના જ ઘરમાં તેઓની એક દીકરી પણ યુવાન અને પુત્રવધૂ પણ યુવાન. તેઓ પણ શાંતિલાલને ખીજવે કે ‘નાની ઉંમરમાં ભગવાન ભજવા આવ્યા છો પણ નહીં રહેવાય...’ વગેરે.

આ ઘેર બે-ત્રણ વખત આવું થયું એટલે શાંતિલાલે ત્યાં જવાનું જ માંડી વાળ્યું. જગતની ગંધનો ત્રિકાળમાંય જેઓને અનુભવ ન હોય તેઓને આવી ક્ષુલ્લક વાતોમાં ક્યાંથી રસ પડે ? વિષયના માર્ગે વરાવવાની વાતો સાંભળી કોઈ અન્ય કિશોર હોય તે તો પોરસાઈ ઊઠે; *‘અતિ હોય જિયાં અવકાશ, તોય નીસરે*

---

૧૬. ભોજનશાળા સ્વચ્છ કરવાની પ્રક્રિયા.

નારીને પાસ...'[૧૭] એમ નિમિત્ત ઊભું કરીને તે ઠેકાણે જવાનું ગોઠવે, પણ શાંતિલાલ આવી વાતો સાંભળી ખિન્ન થઈ જતા.

પછી તો રેવનદાસની ખડકીમાં ભૂલાભાઈ નામના હરિભક્તને ઘેરથી જરૂરી સીધું-વાનગી વગેરે લાવવાની ગોઠવણ થઈ ગયેલી. અહીં તેઓના પુત્ર પુરુષોત્તમભાઈનાં ધર્મપત્નીને શાંતિલાલ વિશે અનહદ હેત. તેથી પ્રથમ તો તેઓ શાંતિલાલને ઘરમાં બેસાડે. મઠિયાં વગેરે જમાડે. બાદ જરૂરી સામગ્રી આપી વિદાય કરે.

રેવનદાસની ખડકીમાં જ જૂના હરિભક્ત મોતીભાઈના ઘરની નજીકમાં એક કુંભાર રહેતો. તેને હંમેશાં કુંભારણ જોડે કજિયા થયા જ કરે. એ કંકાસથી આખી ખડકી ગાજે પણ એ બેય લેશ ન લાજે. શૈશવની આ સ્મૃતિ સ્વામીશ્રી પ્રસંગોપાત્ત કરતા અને કહેતા : 'સંસારનું તંત્ર આવું છે ભ'ઈ. લડે-ઝઘડે પણ પાછા ભેગાં ને ભેગાં. પરસ્પર કોઈનો અભાવ ન આવે. સત્સંગમાં પણ આવી આત્મબુદ્ધિ કરી દેવી.'

બસ, આ જ વિશેષતા હતી શાંતિલાલની! કોઈ પણ વાત, વસ્તુ કે વ્યક્તિમાંથી જીવન-ઉપયોગી બોધ તેઓ સરસ અને તરત તારવી જાણતા.

આણંદના આ મુકામ દરમ્યાન શાંતિલાલ રોજ રોકડિયા હનુમાનજીના મંદિર પાસે આવેલા શ્રીજીમહારાજના પ્રસાદીના કૂવે સ્નાન માટે જતા. તે સમયે લૂગડાંની બાલદી પાણી સિંચવા માટે વાપરતા; પરંતુ મહાવરાના અભાવે શાંતિલાલને પાણી સિંચતાં ફાવે નહીં, ત્યારે બાલમુકુંદ સ્વામી તેઓને પાણી સિંચવાનું શિખવાડતા. તે જોઈ ઘનશ્યામ સ્વામી કહેતા : 'પાણી ખેંચતાંય આવડતું નથી તે આગળ શું કરશે!'

આમ, પોતાના સામર્થ્યને છુપાવીને વર્તતા શાંતિલાલ નાહીને સંતો સાથે અડધો-પોણો કલાક તે કૂવા-કાંઠે જ ગોષ્ઠી કરતા. બપોરે જમીને વિશ્રામ હનુમાનજીના મંદિરે કરતા, કારણ કે દેરાના ઘુમ્મટ નીચે ઠંડક રહેતી. તે સમયે આ મંદિરમાં રહેતા માનસંગ ભગત સ્વભાવના સહૃદયી હતા. તેથી સંતોની વ્યવસ્થા સારી રીતે જળવાય તેવી ગોઠવણ કરી દેતા.

ભીડાભક્તિના ભોગી

સંતો સાથેના વિચરણમાં શાંતિલાલને ભીડાભક્તિ પણ ઘણી રહેતી,

---

૧૭. ભક્તચિંતામણિ, પ્રક. ૧૦૬.

કારણ કે ઘનશ્યામ સ્વામી વ્યવસ્થિત કાર્યના આગ્રહી; તેથી સહેજ આડું-અવળું ન ચલાવી લે; જરા અમથી ગરબડ થાય તેમાં આકળા થઈને સોઈ-ઝાટકી નાંખે. તે વખતે વાસણોને રાખથી ઊટકવાનું ચલણ. તેમાં વાસણ ધોતી વખતે જો જરાકેય રાખ વાસણ સાથે ચોંટી રહી હોય તો તે રાખ વાસણ સુકાય એટલે ઊઘડે. ઘનશ્યામ સ્વામી આ જુએ એટલે તે વાસણ ઉપાડીને ફેંકે. છતાં શાંતિલાલ પ્રેમ અને મહિમાથી સેવામાં જોડાતા. મોટી વયે તેઓ કહેતા કે 'મારો સ્વભાવ પહેલાં શાંત. બહુ બોલવાનું નહીં. ઘનશ્યામ સ્વામી બે-ત્રણ વખત બોલાવે ત્યારે એક વાર ઉં... એમ (ઉંકારો) કરું. તે મને કહેતા કે મૂંગો થઈને ન જા...'

એક વાર આ ઘનશ્યામ સ્વામી ચાણસદમાં બીમાર પડેલા. તેઓને માંદગીમાં સુવાણ થાય એટલે દ્રાક્ષ જોઈતી હતી. તેથી તેઓએ શાંતિલાલને કહ્યું કે 'તું વડોદરાથી દ્રાક્ષ લઈ આવ.' પણ તે દા'ડે શાંતિલાલને પાદરા જવાનોય બહુ મેળ પડતો નહીં. પોતે જ ઘણી વાર કહેતા કે 'તે વખતે ઘરની બહાર જવાનું થાય જ નહીં. પાદરા જઈએ તોય એમ લાગે કે ઓહોહો! પાદરે જઈ આવ્યા. વડોદરા જવું તે વિલાયત જવા જેવું અને પાદરા જવું તે મુંબઈ જવા જેવું હતું.'

તેઓને ઘણી વાર વડીલો પાદરા લઈ જતા પણ તે વડીલો તો ત્યાં વડ આગળ ગાડું છોડીને ગામમાં કામકાજ માટે નીકળી જતા અને શાંતિલાલને ગાડાં, બળદ સાચવવા બેસવાનું થતું. ત્યાં શાંતિલાલ બળદને ચાર-પૂળા નીરવા, બકરાં ચાર ખાઈ ન જાય વગેરેનું ધ્યાન રાખતા. એટલે પાદરા ગયા હોય તોય ગાડું સાચવવા જ બેસવાનું થતું. તેથી ખરીદીકામ વગેરેનો કોઈ ખાસ અનુભવ તેઓ પાસે નહીં. છતાં કો'ક વડીલ વડોદરા જતા'તા તેની સાથે ઘનશ્યામ સ્વામીએ શાંતિલાલને દ્રાક્ષ લેવા મોકલી દીધા. શાંતિલાલ પણ સંતોની આજ્ઞાનું મહત્ત્વ સમજી નીકળ્યા અને વડોદરાથી લીલી દ્રાક્ષ લઈને પરત ફર્યા.

પરંતુ ઘનશ્યામ સ્વામી આગળ જેવી તે દ્રાક્ષ ધરી કે ત્યાં જ તેઓ છળી ઊઠ્યા અને 'મૂરખ છે... આવી દ્રાક્ષ ક્યાંથી લાવ્યો? આવી દ્રાક્ષ લાવવાની કહી'તી? ખબર ન'તી તો ગયો શું કામ? ખબર ન'તી તો ના પાડવી'તી ને! મેં તને દ્રાક્ષ માટે પૈસા અપાવ્યા ને આવી દ્રાક્ષ લઈ આવ્યો!' એમ ઘણો ઠપકો શાંતિલાલને દઈ દીધો.

મૂળ ઘનશ્યામ સ્વામીને જોઈતી હતી સૂકી કાળી દ્રાક્ષ; પણ શાંતિલાલ સમક્ષ તે સંબંધી કોઈ ફોડ તેઓએ પાડેલો નહીં, તેથી આવી ગરબડ થઈ ગયેલી! પરંતુ શાંતિલાલે સઘળું શાંતિથી ખમી ખાધું અને ઘનશ્યામ સ્વામીની

સેવામાં પુનઃ એ જ મહિમાથી પરોવાઈ ગયા.

વિસ્મૃતિની સ્મરણીય લીલા

એક વાર શાંતિલાલ મોટા અક્ષર સ્વામી સાથે ડભોઉ, ગોરિયાદ, સાંકરદા, સોખડા, અંજેસર, સારસા, નાવલી, આશી, પીપળાવ, ગાના, રઢુ વગેરે ગામો ફરતાં ફરતાં ડુંગરીટીંબા લાટમાં પ્રભુદાસ નામના હરિભક્તને ઘેર આવી પહોંચેલા.

અહીંથી સૌને નેનપુર જવાનું હતું. તે માટે પ્રભુદાસે હલાકડું છોડી બળદને ગાડે જોડી તૈયાર કર્યા; પણ અક્ષર સ્વામી કહે : 'નેનપુર ક્યાં દૂર છે? આ રહ્યું.' એમ કહી ગાડું ન લીધું અને સાંજે ચાર વાગ્યે માથે પોટલાં ઉપાડી-ઉપડાવી ચાલવાની તૈયારી કરી. તે વખતે પ્રભુદાસે શાંતિલાલ સામે આંગળી ચીંધતાં ફરી વાર કહ્યું : 'આ નાનો છે. માટે ગાડું લ્યો.'

ત્યારે અક્ષર સ્વામી 'ઊંહું...' કહેતાં આગળ ચાલ્યા અને સૌ પાછળ! પણ અક્ષર સ્વામી પોતાના ગામમાંય ભૂલા પડે એવા ભુલકણા હતા. તેથી સૌ અવળા રસ્તે ચડી ગયા. અંધારું થવા આવ્યું ત્યાં સુધી ચાલ્યા તોય ગામ આવ્યું નહીં. એટલામાં વાત્રક નદીનો પુલ દેખાયો. તે જોઈ અક્ષર સ્વામી કહે : 'અલ્યા, તારું બળે! આ શું આવ્યું? અલ્યા, આ તો મે'મદાવાદ!'

હવે શું કરવું? પછી તો નદીમાં નાહ્યા અને રેલવેના પાટે પાટે ચાલ્યા તે રાત્રે નવ વાગ્યે નેનપુર પહોંચ્યા. અહીં અગાઉથી આવેલા નિર્ગુણ સ્વામી અને બાલકૃષ્ણ સ્વામીએ ખીચડી બનાવી હતી તે સૌ જમ્યા.

આમ, અવનવા પ્રસંગોની પ્રયોગશાળા સમા આ પ્રવાસમાં શાંતિલાલ દરેક પરિસ્થિતિમાં આનંદ માણતા અને ઉલ્લાસભેર સેવારત રહેતા.

વરતાલનાં દર્શને

વિચરણ દરમ્યાન આ સંતમંડળને એક વાર સુણાવ મુકામે શાસ્ત્રીજી મહારાજનો મેળાપ થઈ ગયેલો. તે વખતે ભાદરણના દાદાભાઈ વરતાલનાં દર્શન કરવા જતા હતા. ત્યારે શાસ્ત્રીજી મહારાજે શાંતિલાલને પણ કહ્યું : 'તું પણ આમની સાથે જા, એટલે તને વરતાલનાં દર્શન થઈ જાય.'

તે વખતે ડમણિયામાં બેસીને શાંતિલાલ વરતાલ ગયેલા.[૧૮] આ

૧૮. આ પૂર્વે છ-એક વર્ષની ઉંમરે તેઓ વરતાલ ગયેલા. તે વખતે રાજનગરથી નીકળેલા સંઘમાં સૌ પ્રથમ ડાકોર ગયા હતા. બાદ પૂનમના સમૈયે વરતાલ પહોંચેલા.

તીર્થસ્થાનમાં હરિકૃષ્ણ મહારાજનાં દર્શન પામી તેઓ પુલકિત થઈ ઊઠ્યા. શ્રીજીમહારાજનાં પ્રાસાદિક સ્થાનો - વસ્તુઓનાં પણ તેઓએ ભાવપૂર્વક દર્શન કર્યાં; પાવન પદરજ શિરે ચડાવી.

તપની તાલીમ

આ વિચરણમાં એક વાર વસો મુકામે પણ શાંતિલાલને શાસ્ત્રીજી મહારાજનો ભેટો થઈ ગયેલો. ગામના જૂના સ્વામિનારાયણ મંદિરમાં સૌનો ઉતારો હતો. આ રોકાણ દરમ્યાન એકાદશી આવી. તે દિવસે શાસ્ત્રીજી મહારાજે શાંતિલાલને નિર્જળા ઉપવાસ કરવાનું કહ્યું. તેથી જીવનમાં સૌ પ્રથમ વાર નિર્જળા ઉપવાસ તેઓએ આ પ્રસંગે કર્યો, પરંતુ આવા વ્રત-તપનો મહાવરો ન હોવાથી શાંતિલાલને ઉપવાસમાં ખૂબ કષ્ટ પડ્યું. પણ કષ્ટથી કાયર થઈ જાય એવા તેઓ ક્યાં હતા? આખો ઉપવાસ તેઓએ નિર્જળા જ ખેંચી કાઢ્યો.

બારશના દિવસે સવારે સાડા છ વાગ્યે શાસ્ત્રીજી મહારાજે શાંતિલાલને જગાડ્યા. શાંતિલાલ સ્નાન-પૂજાથી પરવાર્યા એટલે શાસ્ત્રીજી મહારાજે તેઓને ખીચડી અને છાશ જમાડીને પારણાં કરાવ્યાં, પરંતુ તે ખાતાંવેંત શાંતિલાલને ઊલટી થઈ ગઈ. પછી ફૂદીનો નાંખીને ઉકાળો પિવડાવ્યો ત્યારે કંઈક ઠીક પડેલું.

આમ, શાસ્ત્રીજી મહારાજની કસણીમાં શાંતિલાલ પાર ઊતરી ગયા, તેથી શાસ્ત્રીજી મહારાજે તેઓ પર ખૂબ રાજીપો વરસાવેલો. આ પછી તો તેઓને નિર્જળા ઉપવાસ એવા કોઠે પડી ગયા કે જીવનના છઠ્ઠા દાયકા સુધી તેઓ આ જ રીતે એકાદશી આદિ વ્રતના ઉપવાસ કરતા રહેલા.

ઉપવાસની સાથે આ ગામની અન્ય એક સ્મૃતિ વાગોળતાં સ્વામીશ્રી કહેતા: 'હું નાનો હતો ત્યારે વસો ગયો હતો. શાસ્ત્રીજી મહારાજ સાથે હતા. ત્યાં સવારથી કથાવાર્તા શરૂ થાય તે ઠેઠ બપોર સુધી. સાંજે પાછા ચાર વાગે બધા આવી જાય તે સંધ્યા આરતી સુધી કથાવાર્તા થાય. વડીલો કેડિયું, ખેસ પહેરીને આવે અને પાઘડી ઉતારી માળા રાખીને ફેરવે. ત્યારે સમૃદ્ધિ આટલી નહીં પણ સત્સંગ સારો એવો હતો. હરિભક્તો પણ કથા કરતા.'

આમ, નાનપણથી જ શાંતિલાલનો સ્વભાવ ગુણગ્રાહક. જ્યાં જે પણ સારું દેખાય તેની તેઓ તરત નોંધ લે. વર્ષો સુધી તેને મનોમંજૂષામાં સાચવી રાખે.

આ અરસામાં શાસ્ત્રીજી મહારાજની સાથે નગાસર સુધીની ખેપ પણ શાંતિલાલે કરેલી. તે વખતે રાત્રે આઠ વાગે સૌ જખવાડા સ્ટેશને પહોંચેલા.

અહીં ગાડાંની કોઈ વ્યવસ્થા થઈ નહોતી. તેથી શાસ્ત્રીજી મહારાજ ગાતરિયું કેડે વીંટીને એક હાથમાં લાકડી અને બીજા હાથે હરિભક્તનો હાથ પકડી ચાલવા લાગ્યા. સૌએ ગાડાં માટે રોકાવા વિનંતી કરી, પણ તેઓ તો ચાલતા જ રહ્યા. શાસ્ત્રીજી મહારાજની સાથે શાંતિલાલ બે કલાકનો પંથ પગપાળા કાપીને રાત્રે દસ વાગ્યે નગાસર પહોંચેલા.

આમ, તેઓના વિચરણનો દોર સદા સધાયેલો જ રહેતો. આગળ જતાં જેઓનાં વિચરણનાં થોકબંધ પાનાંઓ લખાવાનાં હતાં, તેની જાણે આજે પ્રસ્તાવના લખાઈ રહેલી.

નગાસરથી શાંતિલાલ અમદાવાદ આવ્યા ત્યારે અહીંની રંગીલા પોળમાં જેઠીબાને થતી સમાધિનાં દર્શન પણ તેઓએ કરેલાં. તે વખતે ગુલઝારીલાલ નંદા પણ ત્યાં હતા, જે આગળ જતાં બે વાર ભારતના કાર્યકારી વડાપ્રધાન બનેલા અને 'ભારતરત્ન'ના ખિતાબથી પણ વિભૂષિત થયેલા.

સાધુ થઈને શોભાડશે

વિચરણ કરતાં શાંતિલાલ ગોરિયાદ, સરસવણી, સેજાકૂવા વગેરે ગામો ફરીને બોચાસણ પહોંચેલા. અહીં તેઓ બની આવે તેવી સેવા કરતા. સાથે સાથે દત્તરામ બારોટના ભાણા અમૃત અને ઘનશ્યામ સાથે રમતા પણ ખરા.

આ નિવાસ દરમ્યાન જ એક વાર શાંતિલાલનું મન પારખવા માટે અક્ષર સ્વામીએ તેઓને કહ્યું : 'તું અહીં રહી જા. તને ધોળે લૂગડે સાધુ બનાવી દઈએ.'

શાંતિલાલને આ બાબતે કોઈ અણગમો નહોતો, પરંતુ તેઓએ 'શાસ્ત્રીજી મહારાજને પૂછીને આગળ વધીએ' એમ જણાવ્યું.

શાસ્ત્રીજી મહારાજ થોડા સમયમાં જ ગુરુપૂનમના સમૈયે બોચાસણ આવવાના હતા. તેથી અક્ષર સ્વામીએ પણ આ વિશે કોઈ ઉતાવળ ન કરી. પરંતુ ગુરુપૂનમના સમૈયાના પંદર દિવસ પહેલાં તેઓએ એક દરજીને બોલાવ્યો. તેઓનો વિચાર હતો કે 'શાંતિલાલ માટે પાર્ષદો પહેરે તેવું એક કેડિયું સિવડાવી દેવું.'

શાંતિલાલને આ જાણ થઈ એટલે તેઓ તો સીધા વાડીએ જઈને કો'ક ખૂણામાં સંતાઈ ગયા. અક્ષર સ્વામીએ તેઓની ભાળ કાઢવા માણસ મોકલેલો, પરંતુ કલાક-દોઢ કલાકની મથામણ છતાં શાંતિલાલ હાથ લાગ્યા નહીં.

છેવટે જ્યારે શાંતિલાલને ખબર મળી કે 'દરજી જતો રહ્યો છે' ત્યારે જ તેઓ મંદિરે આવેલા. તેઓને જોયા કે તરત જ અક્ષર સ્વામી બોલવા લાગ્યા :

'ક્યાં ગયો'તો ગાંડા ! મારે તારું કેડિયું સીવડાવવું હતું.'

ત્યારે શાંતિલાલે સવિનય કહી દીધું કે 'કેડિયાની વાત તમે કરશો નહીં. મારે તે પહેરવું નથી.'

શાંતિલાલને દીક્ષા લેવા સામે કોઈ વાંધો નહોતો, પણ તેઓનો સાધુ-સ્વભાવ, એટલે સાધુને શોભે તેવાં વણસીવ્યાં ઉત્તરીય વસ્ત્રને બદલે સીવેલું કેડિયું પહેરવાનું તેમને રુચતું નહોતું. તેથી તેઓએ આમ ખુલાસો કર્યો.

આ ઘટનાના થોડા દિવસ બાદ જ્યારે શાસ્ત્રીજી મહારાજ બોચાસણ પધાર્યા ત્યારે અક્ષર સ્વામી શાંતિલાલને તેઓ પાસે લઈ ગયા અને કહ્યું : 'આ બહુ સારો છોકરો છે અને સાધુ થાય એવો છે.'

શાસ્ત્રીજી મહારાજના મનમાં તો આ વાત પહેલેથી જ રમતી હતી. શાંતિલાલને વર્તમાન[૧૯] ધારણ કરાવતી વખતે એમણે મોતીભાઈને કહેલું જ કે 'આ તો અમારા છે અને અમને અર્પણ કરી દેજો.' તેથી શાસ્ત્રીજી મહારાજને અક્ષર સ્વામીની વાત યોગ્ય જણાઈ. પણ તેઓએ કહ્યું : 'આપણે એને ભણાવીએ.'

એટલું જ નહીં, શાંતિલાલની અભ્યાસ-ક્ષમતા ચકાસવા માટે એ જ વખતે શાસ્ત્રીજી મહારાજે તેઓને 'શબ્દરૂપાવલિ'માંથી 'રામ' શબ્દનાં રૂપનો પાઠ આપ્યો. શાંતિલાલ તો માત્ર અડધા કલાકમાં જ તે પાઠ પાકો કરી શાસ્ત્રીજી મહારાજ સમક્ષ કડકડાટ બોલી ગયા. તે જોઈ શાસ્ત્રીજી મહારાજ ખૂબ રાજી થયા અને બોલ્યા : 'તું વિદ્વાન થાય એવો છે અને શાસ્ત્રી થાય એવો છે. ખરેખરો હોશિયાર છે. સાધુ થઈને શોભાડશે.'

'પહેલ પડ્યા પહેલાં જ જે હીરો પાણીદાર છે તે પહેલ પડ્યા પછી તો કેવો ચમકશે ?!' શાંતિલાલ વિશે શાસ્ત્રીજી મહારાજ આવું કંઈક વિચારી રહ્યા.

રૂડી રીતનું ઘડતર

બોચાસણના મુકામ દરમ્યાન એક વાર શાંતિલાલ શ્રીહરિદાસ નામના સાધુ પાસે સત્સંગ કરવા બેઠેલા. આ સંતે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને રોટલા જમાડેલા. તેથી 'જૂના અને પ્રસાદીના સાધુ છે' તેમ મહિમા સમજીને શાંતિલાલ ગયેલા. પણ તેઓએ તો શાંતિલાલને મોળી વાત કરતાં કહ્યું કે 'તું

---

૧૯. સંપ્રદાયના આશ્રિત તરીકે તુલસીકાષ્ઠમાંથી બનાવેલી બેવડી કંઠી મુમુક્ષુના ગળામાં ધારણ કરાવવાનો વિધિ સાંપ્રદાયિક પરિભાષામાં 'વર્તમાન ધારણ કરાવ્યાં' તેમ કહેવાય છે.

સાધુ થવા આવ્યો છે, પણ અહીં તો મહેનત કરવી પડશે. ગામડે ફરવું પડશે. એના કરતાં ઘેર સારું. અહીં માંદો થઈશ તો ખબર કોણ રાખશે ? માટે ઘેર રહીને ભજન કરજે.'

ફૂલદાનીમાંથી ફૂલની જગ્યાએ આમ શૂલ નીકળતાં શાંતિલાલ તો હેબત ખાઈ ગયા. તેથી તેઓએ તે સંતને જ પૂછ્યું : 'તો તમે શા સારુ સાધુ થયા હતા ? તમને કાંઈ વાંધો આવ્યો ?'

'અમે તો થઈ ગયા પણ તારા સારા માટે કહું છું.' તે સંતે કહ્યું.

અલબત્ત, શાંતિલાલને તો આવી મોળી વાતોનાં વિષ ચઢે એમ નહોતાં; પરંતુ જ્યારે શાસ્ત્રીજી મહારાજને આ વિગતની જાણ થઈ ત્યારે તેઓએ શાંતિલાલને સંગપરીક્ષા અંગે સાવચેત કરતાં કહ્યું: 'જે મોળી વાત કરે ત્યાં બેસવું નહીં.' ત્યારપછી શાંતિલાલ તે સંતને પગે લાગવા જતા પણ વાતો સાંભળવાનું ટાળેલું.

તે વખતે બોચાસણના મંદિરમાં પ્રભુદાસ બારોટ નામના એક ડોસા પણ રહેતા. તેઓને સૌને સમાધિ કરાવવાના અભરખા. જો કે તે બાબતે તેઓની સામર્થી શૂન્ય, પણ શૂરાતન સવા સો ટકા. તેથી એક વાર તેઓએ સભામંડપના કઠેરા પાસે શાંતિલાલને બોલાવ્યા અને કહ્યું : 'છોકરા ! મારી પાસે બેસ. સમાધિ કરાવું.' સમાધિની કુતૂહલતા કોને ન હોય ? તેથી શાંતિલાલ તો પલાંઠી વાળી, આંખો મીંચી બેસી ગયા !

આ મુદ્રામાં દસેક મિનિટ થઈ હશે ત્યાં જ નિર્ગુણ સ્વામી નીકળ્યા. તેઓએ શાંતિલાલને આમ ધ્યાનસ્થ અવસ્થામાં જોયા એટલે પૂછ્યું : 'શું કામ આંખો મીંચીને બેઠો છે ?'

'આ ભગતે સમાધિ કરાવવા બેસાડ્યો છે.' શાંતિલાલે ભોળા ભાવે કહ્યું.

આ સાંભળતાં જ નિર્ગુણ સ્વામી અકળાયા. પેલા ભગતને ઠપકો આપ્યો અને શાંતિલાલને ત્યાંથી ઉઠાડી મૂક્યા. એટલું જ નહીં, નિર્ગુણ સ્વામીએ આ વાત શાસ્ત્રીજી મહારાજને પણ કરી. તેથી તેઓએ શાંતિલાલને બોલાવ્યા અને પૂછ્યું : 'આ નિર્ગુણ સ્વામી શું કહે છે ?'

ત્યારે શાંતિલાલે નિર્દોષતાથી કહ્યું : 'બધાને સમાધિ કરાવે છે એવું સાંભળ્યું, એટલે મને પણ સમાધિ થાય એ માટે એ ભગતના કહેવાથી બેઠેલો.'

તે સાંભળી શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : 'તારે સમાધિ જ છે.'

'પણ એમ કેમ મનાય ? અને કેમ સમજાય ?'

'સમાધિવાળા શું કહે છે?' શાસ્ત્રીજી મહારાજે પૂછ્યું.

'તેમાં કહે છે કે પ્રથમ શાસ્ત્રીજી મહારાજ દેખાય. પછી મહારાજ દેખાય. અક્ષરધામનું સુખ આવે.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજે શાંતિલાલને કહ્યું : 'તે મૂર્તિ તો તારી સામે બેઠી છે. આ સમજાય તો સમાધિ કરવી ન પડે અને અખંડ સુખ આવે. આમાં હેત દૃઢ કરવું એટલે બીજું કાંઈ જોવાનું નથી. તેમાંથી બધું દેખાશે. આનંદ આવશે. માટે ફરી આવો સંકલ્પ કરવો નહીં.'

શાસ્ત્રીજી મહારાજે આમ કહ્યા પછી શાંતિલાલને ક્યારેય સમાધિ સંબંધી સંકલ્પ થયો નહોતો. આમ, શાસ્ત્રીજી મહારાજ પોતાના આ પ્રિય શિષ્યને સત્સંગની રૂડી રીતથી ઘડતા જતા.

અધ્યયનનું પુનઃ અનુસંધાન

'वीतस्पृहाणामपि मुक्तिभाजां भवन्ति भव्येषु हि पक्षपाताः।'[૨૦] – જે નિઃસ્પૃહી અને કેવળ મુક્તિવાંછુ છે તેને પણ ભવ્ય તરફ પક્ષપાત થઈ જાય છે. તે મુજબ શાંતિલાલના સદ્‌ગુણોને કારણે શાસ્ત્રીજી મહારાજને તેઓ વિશે વિશેષ લાગણી રહ્યા કરતી. તેથી શાંતિલાલ માટે આ સમયે જ અભ્યાસની યોજના શાસ્ત્રીજી મહારાજે વિચારી લીધેલી. તેઓ ધોળકાના હરિસ્વરૂપદાસને સંસ્કૃતના અભ્યાસ માટે પેટલાદના શાસ્ત્રી પાસે મૂકવાના જ હતા. શાંતિલાલને પણ તેઓની સાથે રાખવાનું શાસ્ત્રીજી મહારાજે નક્કી કરી નાંખ્યું અને ત્યાં રહેતા નારણભાઈને શાંતિલાલની સંભાવના કરવા ભલામણ કરી દીધી.

પરંતુ પેટલાદમાં મહિના જેટલો અભ્યાસ ચાલ્યો. પછી સંજોગોવશાત્ તે અધ્યયન બંધ રહ્યું અને શાંતિલાલ બોચાસણ આવ્યા. ત્યારે મોતીભાઈ પણ ચાણસદથી આવેલા. તેઓને શાસ્ત્રીજી મહારાજે શાંતિલાલના સંસ્કૃત અભ્યાસ વિશે વાત કરી. ત્યારે તેઓએ કહ્યું : 'શાંતિલાલને ભણવાનું તાન છે. તેથી તેને પાદરાની અંગ્રેજી શાળામાં દાખલ કરવાનું વિચાર્યું છે. પછી જેવી આપની આજ્ઞા.'

મોતીભાઈની આ વાત સાંભળી શાસ્ત્રીજી મહારાજે પાદરાના અભ્યાસની વાતમાં સંમતિ આપી દીધી, કારણ કે હાલ તો પેટલાદમાં અભ્યાસની કોઈ શક્યતા જણાતી નહોતી. આમ, શાંતિલાલને સાધુ કરવાની વાત પણ ત્યાં જ વિરમી. તેઓ પુનઃ ચાણસદ આવી ગયા.

---

૨૦. किरातार्जुनीयम् – ૩/૧૨.

શાંતિલાલ માટે હવે આગળના અભ્યાસ માટે પાદરાની શાળામાં ભણવા જવાનો જ એક માર્ગ બચેલો. તે વખતે શંકરલાલ અને મૂળજી નામના ચાણસદના બે તરુણો પાદરાની અંગ્રેજી શાળામાં અભ્યાસ કરવા જતા જ હતા. પરંતુ તકલીફ એ હતી કે ચાણસદથી પાદરા આશરે સાડા પાંચ - છ કિલોમીટર દૂર થાય. તેથી સાઈકલ પર જવું પડે. વળી, શાંતિલાલ પાસે સાઈકલ નહોતી. પણ તે વખતે પેલા બે મિત્રોએ પોતાની સાઈકલ પર શાંતિલાલને બેસાડીને લઈ જવા - લાવવાની તૈયારી બતાવી. શાંતિલાલનો સ્વભાવ જ એવો મીઠો અને મિલનસાર હતો કે કષ્ટ વેઠીને પણ સૌ તેઓનું સાંનિધ્ય ઝંખતા. કહો ને કે તેઓના સાંનિધ્યમાં કષ્ટ જણાતું જ નહીં.

આમ, મિત્રોએ બાંયધરી આપતાં શાંતિલાલે પાદરાની શાળામાં અંગ્રેજીના પહેલા ધોરણમાં[૨૧] પ્રવેશ મેળવ્યો.

ચાણસદમાં પાંચમું ધોરણ પાસ કર્યા બાદ શાંતિલાલે પાદરાની હાઈસ્કૂલમાં પ્રવેશ મેળવ્યો ત્યાં સુધીના ઉપર વર્ણવેલા ઘટનાચક્રમાં શાંતિલાલની અભ્યાસ અંગેની અસાધારણ તમન્નાનાં દર્શન થાય છે.

ઉચ્ચ અધ્યયન માટે દરાપરા, બોચાસણ વગેરે જ્યાં જ્યાં તેઓ ગયા ત્યાં ત્યાં બારણાં બંધ થતાં ગયાં. તેમ છતાં 'न निश्चितार्थाद् विरमन्ति धीराः...' – નક્કી કરેલા ધ્યેયને પાર પાડ્યા સિવાય ધીર પુરુષો અટકતા નથી, તે અનુસાર શાંતિલાલ હાંફ્યા-હાર્યા નહીં. આખરે તેઓની તપશ્ચર્યા રંગ લાવી અને અભ્યાસની મજલ પુનઃ શરૂ થઈ.

પાદરામાં અભ્યાસનો આદર

શંકરલાલ તથા મૂળજીભાઈ શાંતિલાલને પોતાની સાઈકલ પર બેસાડીને પાદરા લઈ જતા, પરંતુ હંમેશાં 'બીજાના સુખમાં જ પોતાનું સુખ' અનુભવતા શાંતિલાલને પોતાની અનુકૂળતા કરતાં બીજાની પ્રતિકૂળતાનો વિચાર વધુ રહેતો. તેથી રોજરોજ પોતાનો ભાર મિત્રો પાસે ખેંચાવવામાં તેઓને ક્ષોભ થતો. મિત્રો તો તેમ કરવામાં રાજી હતા છતાં શાંતિલાલ ઘણી વાર પાદરા સુધીનું અંતર ચાલીને કાપી નાંખતા અને એ જ રીતે ચાલીને ઘેર આવતા. આમ, રોજનું સરેરાશ ૧૦-૧૨ કિલોમીટરનું અંતર પગપાળા કાપીને પણ તેઓએ અભ્યાસમાં ઓટ આવવા ન દીધી. તેઓએ કરેલી સરસ્વતીની સાધના આદર્શ વિદ્યાર્થીનાં

---

૨૧. તત્કાલીન શૈક્ષણિક પરિપાટી અનુસાર અભ્યાસકીય કારકીર્દિના પાંચમા ધોરણમાં.

લક્ષણોની નૂતન બારાક્ષરીને જન્મ આપે એવી બળવત્તર છે.

અભ્યાસ પુનઃ શરૂ થયાના બે-ચાર મહિના બાદ હર્ક્યુલીસ કંપનીની સેકન્ડ-હેન્ડ સાઇકલ આશરે ૧૫-૧૭ રૂપિયામાં ખરીદવાનો મેળ પડી જતાં અને શંકરલાલે સાઇકલ ચલાવવાનું પણ શીખવી દેતાં શાંતિલાલ સાઇકલ પર બેસીને અભ્યાસ અર્થે જવા લાગ્યા. ટ્રીન...ટ્રીન... ઘંટડી વગાડતી સાઇકલ લઈને ભણવા જતા શાંતિલાલનું એ દર્શન ગામવાસીઓ માટે હૃદયંગમ બની રહેતું. મોટે ભાગે ચાણસદથી બિલ, ચાપડ ગામના રસ્તે થઈને તેઓ પાદરા જતા. ક્યારેક દરાપરાનો માર્ગ પણ લેતા.

એક વાર એક મુમુક્ષુની જિજ્ઞાસા સંતોષવા પુરાણી સ્મૃતિ કરાવતાં તેઓએ કહેલું : 'સાઇકલ શીખવામાં બધા પડે છે એકાદ-બે વખત. પણ આપણે પગ-બગ ભાંગે એ રીતે નથી પડ્યા. બે-ત્રણ વખત પડ્યો'તો ખરો પણ આસ્તે રહીને ચલાવવાનું ને! બેલેન્સ આવ્યા પછી છૂટા હાથે પણ સાઇકલ ચલાવેલી.'

પાદરાની શાળાના ભોંયતળિયે ડાબે હાથ જતાં છેલ્લા બે ઓરડામાં શાંતિલાલ ભણતા. ત્યાં હંમેશાં આગળની પાટલી પર બેસતા. અહીં સહાધ્યાયીઓમાં લતીપુરાના ડાહ્યાભાઈ, ગોરિયાદના ઉમેદભાઈ પણ શાંતિલાલ સાથે જોડાયેલા. લાલજીભાઈ કોટિયા નામના મહારાષ્ટ્રિયન શિક્ષક શાંતિલાલને ભણાવતા. તેઓનો દીકરો મોહન પણ શાંતિલાલ સાથે ભણતો.[૨૨]

ભણવા જતા શાંતિલાલને ભાથાંમાં માતુશ્રી જારનાં ઢેબરાં ને ગોળના પાણીથી બાંધેલા ઘઉંના ચોપડા બાંધી દેતા. ક્યારેક વડાં, અથાણું ને ગળી પૂરી પણ મૂકતાં. સાથે પાણીની બતક શાંતિલાલ ભરી લેતા. પાદરામાં શાળાની સામે જ વસોના રામભાઈ અમીનનું લાકડાનું પીઠું આવેલું. આ રામભાઈ ચાણસદમાં ઉઘરાણીના હેતુથી અવાર-નવાર આવતા; તેથી પરિચયવાળા. તેઓને ત્યાં જ સાઇકલ અને ભાથું શાંતિલાલ મૂકતા.[૨૩] રિસેસ પડે એટલે ત્યાં જઈને જમી આવે.

ગુજરાતી, ભૂગોળ, ઈતિહાસ, ગણિત એ શાંતિલાલના રસના વિષય. તેમાંય ગણિત અને ઈતિહાસમાં તેઓ વધુ ગુણાંક મેળવતા. પહેલેથી 'અંગ્રેજી ભણીએ જ' એવો નિર્ધાર તેઓને નહોતો પણ શંકરલાલ વગેરે મિત્રોએ અંગ્રેજી

---

૨૨. લાલજીભાઈ મૂળ ગુજરાતના હતા, પણ તેઓના વડવાઓ મહારાષ્ટ્રમાં વસેલા. તેઓના દીકરા મોહનભાઈ ઘણા સમય સુધી 'મારા બાપાએ તમને ભણાવ્યા છે, માટે દક્ષિણા આપો;' એમ કહીને સ્વામીશ્રી પાસે દક્ષિણા લેવા આવતા.

૨૩. આ પ્રાસાદિક સ્થળે આરસની કલાત્મક છત્રી કરવામાં આવી છે.

ભણવાનો પ્રસ્તાવ મૂક્યો એટલે તે વિષય ભણવાની તત્પરતા તેઓએ દાખવેલી.

આ અભ્યાસ દરમ્યાન શાળામાં શીખેલી *'ઓ ઈશ્વર ભજીએ તને...'* જેવી કવિતાઓ, *'મામાનું ઘર કેટલે ? દીવો બળે એટલે...'* જેવી કહેવતો અને *'મારે એને પરબડી ને મારે એને મહુડાનું સાલ...'* જેવી પ્રાદેશિક લોકોક્તિઓ મોટી ઉંમરે પણ તેઓ બોલી બતાવતા અને સૌને આનંદ પમાડતા. વળી, પલાખાંની સ્મૃતિ કરતાં કહેતા : '*એક સવાએ સવા, લાડવા ખાવા જવા; લાડવામાં પડી કઢી, ને બે સવાએ અઢી.* નિશાળમાં માસ્તરોએ આવું શિખવાડેલું. આવું કંઈક કરીને આપે એટલે જલદી યાદ રહી જાય.' સાથે ઉમેરતાં : 'જેટલા રૂપિયે મણ એટલા આને અઢી શેર... પાયા, અડધા, દોઢા, સવાયા, અઢિયા ને ઉઠાં... એમ ભણાવતા.'

કુશળ રમતવીર

અધ્યાત્મ અને અભ્યાસની ગંગા-યમુના જેવી ધારાઓ શાંતિલાલના જીવનમાં સમાંતર વહેતી હતી. સાથે સાથે આવડતની સરસ્વતી પણ તેઓમાં ભળેલી. વિવિધ રમતોમાં તેઓનું પ્રભુત્વ સૌને હેરત પમાડતું.

તરવામાં તેઓની કુશળતા અનેરી હતી. તરતાં તરતાં તળાવના એક છેડેથી બીજે છેડે પહોંચી જાય. વચ્ચે ક્યાંય થાકે-અટકે નહીં. તેઓને હંમેશાં વ્યાપની સાથે ઊંડાણ પણ ગમતું. તેથી મસમોટા તળાવને હાથ ફંગોળતાં ફંગોળતાં માપી લેનારા તેઓ ઊંડે પણ એટલા જ ગરક થઈ જતા. કૂવા-તળાવમાં ઠેઠ વીસ ફૂટ ઊંડે જઈ પાણીમાં જે ઘડા ડૂબી ગયા હોય તે પણ લઈ આવે. ડૂબતાંને ઉગારવાનું, તળિયે ગયેલાને ટોચે લઈ આવવાનું તેઓનું આ કૌશલ્ય સમય જતાં અનેક ક્ષેત્રે વિસ્તરેલું.

ગામમાં તળાવ ભરાય એટલે મુખી વધાવવા જાય. પૂજન કરે. શ્રીફળ પધરાવે. તે શ્રીફળ કોણ પહેલું લઈ આવે તે માટે છોકરાં તળાવમાં ખાબકે. આ સમયે ગામના અન્ય એક બાળક છોટુ સાથે તેઓને તરણસ્પર્ધામાં રસાકસી જામતી. તેમાં શાંતિલાલ ઘણી વાર વિજયી નીવડી શ્રીફળ લઈ આવતા. આ તળાવમાં સ્નાન કરતાં તેઓને પગમાં બે જગ્યાએ ઈજા પહોંચેલી. તેનાં ચિહ્‌ન તેઓના પગમાં જોવા મળતાં હતાં.

અચ્છા તરણબાજની સાથે સાથે શાંતિલાલ ક્રિકેટ રમવામાં પણ કુશળ હતા. ગામમાં પેસતાં હાલ જ્યાં દવાખાનું છે તે ભાગોળ એ તેઓનું મેદાન.

અહીં તેઓ ચોગ્ગા-છગ્ગાની રમઝટ બોલાવતા. તેઓ કહેતા : 'અમે ક્રિકેટ રમતા પણ રસબસ થઈ ગયેલા નહીં. સાધારણ... એકાદ-બે મહિના ખરું પણ વધુ નહીં. પછી અહીં આવી ગયા ભગવાન ભજવામાં...'

જો કે અહીં આવી ગયા પછી પણ તેઓનું રમઝટ બોલાવવાનું કાર્ય તો ચાલુ જ રહ્યું. ફરક એટલો પડ્યો કે મેદાનમાં ભાગોળની જગ્યાએ પૂરું વિશ્વ આવી ગયું અને ક્રિકેટનું સ્થાન વિવિધ કાર્યોએ લઈ લીધું.

એક વાર તેઓએ સ્મૃતિ કરાવતાં કહેલું કે 'અત્યારે છોકરાંઓ ફૂટબોલ રમે છે ને! તેમ અમે કપડાના દડાની રમત રમતા. તે દડો લઈને હું દોડતો તે કોઈ મને પોકી(પહોંચી) ન શકે.'

હનુમાનમઢી તરફ આવેલી ખોડી આંબલીનો વિશાળ ઘાટો છાંયડો પણ શાંતિલાલનું ક્રીડાંગણ હતું. અહીં તેઓ રવિવારના દિવસે મિત્રો સાથે આવતા અને ભમરડા, લખોટીઓ, હુતુતુતુ, ખો-ખો, આંબલી-પીપળી જેવી રમતો રમી ધૂળને ધન્ય કરતા. તેમાં ખો-ખોની રમત પ્રમાણમાં વધુ ગમતી. ભમરડા રમતી વખતે તો ભમરડો ફેરવીને સીધો જ હાથમાં લઈ લેતા. જમીન પર અડવા-પડવા પણ ન દે. આ વખતે તેઓની એક વિશેષતા નોંધનીય બની રહેતી કે તેઓ દરેક ક્રિયામાં જમણેરી હતા, પણ લખોટી રમતા ત્યારે ડાબા હાથે રમતા. તે વખતે ગીતાકારે વાપરેલું 'સવ્યસાચિન્' બિરુદ તેઓ માટે વાપરવાનું સૌને મન થઈ આવતું.

પતંગ ચગાવવામાં પણ શાંતિલાલ એવા જ પ્રવીણ હતા. ઘરના છાપરે ચઢીને કે ભાગોળે જઈને પતંગો ચગાવતા.

'પતંગ ચગે અને પેચ લડે ત્યારે પહેલાં થોડી ખેંચી અને પછી ઢીલ મૂકી દઈએ, એટલે આમ પતંગ કપાઈ જાય.' ડાબા હાથની હથેળી પર જમણા હાથની હથેળીનો ઘસરકો મારવાના અભિનય સાથે ક્યારેક તેઓ આમ વર્ણન કરીને પતંગલીલાની સ્મૃતિ કરાવતા.

બાવળની ગેડી ને લૂગડાના દડે ગેડી-દડો પણ રમતા. આ રમત રાત્રે વિશેષ રમાતી. તેમાંય હોળી ટાણે તેનું પ્રમાણ વધુ રહેતું. દિવાળીના દિવસોમાં લવિંગિયા ટેટા, ચકરી, હવાઈ, બપોરિયાં, ફૂલઝરી જેવા ફટાકડા ફોડતા. ક્યારેક ગામમાં 'મુંબઈ દેખો, દિલ્હી દેખો,' એમ કહીને બોક્સનાં ખાનાંઓમાં જે તે સ્થળની ઝાંખી બતાવનારા પણ આવતા. બે-ત્રણ પૈસા આપીને તે જોવા માટે છોકરાંઓ ભેગા થાય. આ નિર્દોષ આનંદ સખાઓના સંગમાં શાંતિલાલે

પણ લૂંટેલો. ગોપવાસીઓનાં ધન્યભાગ્ય વર્ણવતાં વેદવ્યાસે લખ્યું છે કે –

'अहो ! भाग्यमहो ! भाग्यं नन्दगोपव्रजौकसाम् ।
यन्मित्रं परमानन्दं पूर्णं ब्रह्म सनातनम् ॥'[૨૪]

– 'નંદ, ગોપ, વ્રજવાસીઓનાં કેવાં ભાગ્ય કે સનાતન પૂર્ણ બ્રહ્મ કે જે પરમાનંદનું સ્વરૂપ છે, તે આ સૌના મિત્ર બનીને રહ્યા છે !' ભાગવતકારને ફરી એક વાર આવા શબ્દો ઉચ્ચારવાનું મન થઈ જાય એ રીતે શાંતિલાલ ગામવાસીઓ સાથે હળી-મળી ગયેલા. જો કે વ્રજવાસીઓની જેમ આ ભોળા ગ્રામજનો પણ 'તેઓ અનાદિ અને અનંત અક્ષરબ્રહ્મ સાથે ખેલી રહ્યા છે !' એ બાબતે તો સાવ અજાણ જ હતા.

નોખા-નિરાળા

મોટે ભાગે તરુણાવસ્થામાં રમતવીરનો ભાવ પ્રબળ હોય છે. તેને કારણે જીવનમાં સ્પર્ધાના તત્ત્વનું ચડી વાગે છે. અન્યને મહાત કરી પોતાની સરસાઈ સ્થાપવાના વિચારો જ મનમાં ઘુમરાતા રહે છે. તેમાંય જ્યારે અભ્યાસનું દૈવત અને ખેલકૂદનું કૌવત સોળે કળાએ ખીલેલું હોય, ભાતભાતનાં કૌશલ્યોથી જીવન છલકાતું હોય, ત્યારે તો તેનાં કળ-બળ બીજાને બતાવવાનો અભરખો સહેજે જાગે; પરંતુ આ સર્વસામાન્ય માનવશૈલીથી શાંતિલાલ તદ્દન નોખા-નિરાળા હતા. સિદ્ધિ-સામર્થ્ય અને આવડત-ઐશ્વર્યને છુપાવી રાખવાની કળા તેઓને સહજસિદ્ધ હતી.

એક વાર તેઓને પૂછવામાં આવેલું : 'આપે કોઈ દિવસ ખાવાની હરીફાઈ કરેલી ?' ત્યારે તેઓએ જણાવેલું : 'કોઈ દિ' નહીં. આપણાથી થાય એટલું કરીએ. ન થાય તો મૂકી દઈએ. ક્યારેય કોઈ હરીફાઈ કરી નથી.'

તેઓની આવી નિરાળી તરુણાવસ્થાનું સરવૈયું કાઢતાં કહી શકાય એમ છે કે રમતિયાળ વૃત્તિ વિનાના રમતવીર, વેદિયાવેડા વિનાના અભ્યાસી, સીધા કે આડકતરા સ્વાર્થ વિનાના સહૃદયી, મલિનતા વિનાના મનુષ્ય અને ભોળપણ વિનાના ભક્ત શાંતિલાલ હતા.[૨૫]

---

૨૪. श्रीमद्‌भागवतपुराण — ૧૦/૧૪/૩૨.

૨૫. ચાણસદ, રાજનગર અને પાદરામાં આવેલાં શાંતિલાલનાં પ્રાસાદિક સ્થાનોની સ્મૃતિયાત્રા નિહાળવા જુઓ વીડિયો ટ્રેક નં. ૨. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

માત્ર એક પત્ર

જ્યારે શાંતિલાલના છઠ્ઠા ધોરણની સત્રાંત પરીક્ષા(છ માસિક પરીક્ષા)ના દિવસો ચાલતા હતા ત્યારે શાસ્ત્રીજી મહારાજ ચાણસદ પધારેલા. શાંતિલાલ તેઓનાં દર્શન કરવા મંદિરે ગયેલા, તે વખતે શાસ્ત્રીજી મહારાજે તેઓને કહ્યું : 'તારે સાધુ થવાનું છે.'

ત્યારે શાંતિલાલે જણાવ્યું : 'મારે અભ્યાસનું શું કરવું ?'

તે સાંભળી શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : 'અમદાવાદમાં વિનુભાઈ (વિનાયકરાવ ત્રિવેદી)ની હાઈસ્કૂલ છે. ત્યાં ખેંગારજીભાઈ માસ્તર છે, તે આ અક્ષરજીવન[૨૬] અને તને ભણાવશે.'

આ સાંભળી શાંતિલાલે ગુરુની 'હા'માં પોતાની 'હા' ભેળવી દીધી.[૨૭]

શાસ્ત્રીજી મહારાજે મોતીભાઈને પણ કહી રાખેલું : 'આપણે માથા સાટે માથું લેવું છે. પેલો પાછો આવી ગયો એટલે એને બદલે આને (શાંતિલાલને) આપો.'[૨૮]

આમ, પિતા-પુત્ર બંને તરફથી સાધુ થવા બાબતે સંપૂર્ણ સંમતિ હતી.

માતુશ્રીની મંજૂરી મેળવવા અંગે પણ કોઈ દ્વિધા નહોતી, કારણ કે

---

૨૬. તેઓનું મૂળ નામ ગોરધનભાઈ હતું અને ઓરમાન માતાથી દુઃખી થઈને સંન્યાસી થઈ ગયેલા. ત્યારબાદ ડભોઉના લખા ભગત દ્વારા શાસ્ત્રીજી મહારાજનો મહિમા સમજેલા અને દીક્ષા લઈ સાધુ બનેલા.

૨૭. વર્ષો પછી સ્વામીશ્રીને પૂછવામાં આવેલું કે 'બાળવયમાં કોઈ એવો પ્રસંગ બન્યો હોય જે આપને ઇદમ્ યાદ હોય...' ત્યારે તેઓએ આ પ્રસંગને સંભારતાં જણાવેલું : 'સ્વામીએ કહ્યું કે 'તારે આવવાનું છે,' એ ઇદમ્ સાંભરે.'

૨૮. શાંતિલાલથી દોઢ-બે વર્ષે મોટા ભાઈ નંદુલાલે શાસ્ત્રીજી મહારાજના વરદહસ્તે ત્યાગાશ્રમ સ્વીકારેલો. તેઓનું નામ 'હરિસેવાદાસ' રાખવામાં આવેલું. તેઓ ગોંડલમાં યોગીજી મહારાજની સેવામાં રહેતા. યોગીજી મહારાજને રાજકોટમાં સારણગાંઠનું ઑપરેશન કરાવ્યું ત્યારે તેઓ જ સેવામાં હતા. ત્યારબાદ યોગીજી મહારાજ સાથે તેઓ મુંબઈ ગયેલા. અહીં ગામના જ મણિલાલ વણિકના દીકરાઓ સાથે મુલાકાત થઈ. તેઓ કાળી ટોપીનો વેપાર કરતા. હરિસેવાદાસને કાંઈક મૂંઝવણ થવાથી તેઓને ત્યાં પહોંચી ગયા. ત્યાં બે-ચાર દિવસ રહીને વતનમાં પાછા ફરેલા અને ઘેર આવી ખેતીવાડી સંભાળતા. શાસ્ત્રીજી મહારાજે કહેલું : 'મારી દૃષ્ટિ તો આ નાના (શાંતિલાલ) પર હતી, પણ એમણે(મોતીભાઈએ) મોટો વળગાડ્યો, તે રહેતો હશે ? જતો જ રહે ને !'

શાસ્ત્રીજી મહારાજની મરજી બહાર દિવાળીબાને કોઈ દુનિયા જ નહોતી. તેથી પરીક્ષા પૂરી થાય એટલે શાસ્ત્રીજી મહારાજની સાથે જ શાંતિલાલે નીકળી જવું એમ નક્કી થયું.

પરંતુ ગાના ગામના નારણભાઈનો તાર આવતાં શાસ્ત્રીજી મહારાજને અચાનક નીકળવાનું થયું. છતાં જતાં જતાં તેઓ ઘનશ્યામ સ્વામીને સૂચના આપતાં ગયા કે 'શાંતિલાલની પરીક્ષા પૂરી થયે તેઓને બોચાસણ લઈ આવજો.' તેઓની વિદાયના થોડા સમયમાં જ ઘનશ્યામ સ્વામીને પણ ભાયલી જવાનું થયું. તેથી પરીક્ષા પૂરી થયા બાદ શાંતિલાલે 'ક્યાં જવું અને કોને મળવું ?'નો કોઈ નિર્ધાર થઈ શક્યો નહીં. શાંતિલાલ પુનઃ રોજિંદી પ્રવૃત્તિમાં પરોવાઈ ગયા.

શાંતિલાલના અભ્યાસકાળ દરમ્યાન ગામમાં રમણભાઈ નામના એક કલાલ સરકારી નોકરિયાત તરીકે આવેલા. એ ક્રિકેટના શોખીન હતા. તેમની પાસે રમતનાં સાધનો હતાં પણ રમનારા કોઈ ન હોય ! તેથી રોજ છોકરાંઓને ભેગાં કરે અને રમાડે. આવું લગભગ એકાદ વર્ષ જેવું ચાલેલું. પછી તે કલાલ તો બીજે જતા રહ્યા, પરંતુ અહીં છોકરાંઓને તો રમતનો રંગ બરાબર લાગી ગયેલો. તેથી સૌએ વિચાર કર્યો કે 'આપણે બેટ, દડો, સ્ટમ્પ વગેરે ભેગું કરીએ.'

આ મુદ્દા હેઠળ, શાંતિલાલની શાળા હતી ત્યાં સૌ એકત્રિત થયા. રમતનાં સાધનો અંગે ફાળો કરવાનો વિચાર થયો અને જરૂરી રકમ ભેગી થતાં સૌએ સાધનો ખરીદવા અંગે વડોદરા જવા માટે શાંતિલાલ પર પસંદગી ઉતારી. કારણ કે શાંતિલાલની કુનેહ સૌની જાણીતી. બધાને ખાતરી કે 'શાંતિલાલ સો(રૂપિયા)નો માલ સાઠમાં લાવશે.' તેથી જ્યારે પણ કંઈક જવાબદારીભર્યા આરંભ હોય ત્યારે સૌ શાંતિલાલ પર જ કળશ ઢોળતા.

આમ, જ્યારે વડોદરા જવા માટે સૌએ પોતાની પસંદગી કરી ત્યારે શાંતિલાલે મિત્ર શંકરલાલને પણ પોતાની સાથે આવવા જણાવ્યું. તેઓનો સાહજિક સ્વભાવ જ હતો – સૌને સાથે રાખીને કામ કરવું. આ મુજબ શાંતિલાલ અને શંકરલાલ વડોદરા જાય તેમ નક્કી થયું.

બરાબર તે જ વખતે ભાયલીના રાવજીભાઈ એક પત્ર લઈને ચાણસદમાં પ્રવેશ્યા. તે પત્ર શાસ્ત્રીજી મહારાજે શાંતિલાલને સાધુ બનવા આવી જવા બાબતે લખેલો. રાવજીભાઈ તે કાગળ લઈને શાંતિલાલના ઘેર પહોંચ્યા. તે વખતે શાંતિલાલ તો મિત્રો સાથે ભાગોળે હતા. તેથી પત્ર લઈને તેઓ ભાગોળે આવ્યા અને શાંતિલાલને શાસ્ત્રીજી મહારાજના પત્રની વાત કરી.

તે સાંભળી શાંતિલાલે કહ્યું : 'સારું. તૈયાર છું.'

પછી મિત્રોને વિગત જણાવી કે 'શાસ્ત્રીજી મહારાજનો પત્ર આવ્યો છે એટલે મારે તો જવું છે. અને હું જવાનો છું એટલે પાછો આવવાનો તો નથી જ. મારે સાધુ થવાનું છે. માટે તમે બધા તમારું કામ કરજો. સાધન લેવા જવાની વ્યવસ્થા ગોઠવજો.'

આમ, માત્ર એક પત્રના આધારે શાંતિલાલે જીવનની દિશા બદલવાની તૈયારી કરી દીધી. સંસારમાં રહેવા છતાં સંસારના રાગ-રંગ બિલકુલ સ્પર્શ્યા ન હોય તો જ આમ બની શકે.

સુખ તણા હતા દિન તે ગયા

બાળસખાઓ તો શાંતિલાલની આ તૈયારી જોઈને અસહ્ય આઘાત અનુભવી રહ્યા. તેઓને સાધન નહીં આવે તે કરતાંય શાંતિલાલ જશે અને ગયા પછી પાછા નહીં આવે તે વિચારે ધ્રાસકો પડી ગયો. સૌનાં મો વિલાઈ ગયાં. ઉત્સાહ મરી પરવાર્યો. ઘડીભર તો સૂનમૂન થઈ સૌ બેસી જ રહ્યા.

થોડી વારે કળ વળતાં સૌ સખાઓ શાંતિલાલને વીનવવા લાગ્યા કે 'કાગળ આવ્યો છે, પણ સાધનો લઈ આવીએ. થોડા દા'ડા અમારી સાથે રમીને તું જાય તો સારું.' ખાસ સખા શાંતિલાલે તો ડૂસકું મૂકતાં કાકલૂદી કરી કે 'આપણે કાંઈ સાધનો લાવવા નથી, પણ તું તો રોકાઈ જ જા.' કો'કે સૂચન ધર્યું કે 'તારા બાપુજીને વાત કરીએ અને તે શાસ્ત્રીજી મહારાજને લખી જણાવે કે શાંતિ પછી આવશે.'

આમ, સખાઓ દ્વારા એક પછી એક વિનંતીના સૂર આંસુનાં પૂરની સાથે વહેવાં લાગ્યાં. પણ શાંતિલાલે લાગણીઓના આ વહેણને ખાળતાં શાંતિથી કહ્યું: 'સ્વામીની આજ્ઞા આવી છે એટલે મારે તો જવું જ પડે. સ્વામીએ કહેલું કે 'તને સાધુ બનાવવો છે' અને મેં 'હા' પણ પાડેલી.' આટલું કહીને સાધનો લાવવા અંગેની જવાબદારી શંકરલાલને સોંપી દીધી.

સૌને થયું કે શાંતિલાલનો નિર્ણય અફર છે. તેથી સૌ સજળ નયને તેઓને તાકી રહ્યા. *'સુખ તણા હતા દિન તે ગયા...'*નો ભાવ ચોમેર છવાઈ રહ્યો. હાથને હલવાની, મોંને ખૂલવાની, આંખોને પલકવાની અને મનને વિચારવાની ગતાગમ ન પડે એવી સ્થિતિમાં સૌ મુકાઈ ગયા. ગામની ભાગોળ આજ સુધી કદી ન જોયું હોય એવા દૃશ્યની સાક્ષી બનીને સન્નાટાસભર થઈ ગઈ. ગામની

દીકરીઓને વળાવતી વખતનાં કેંક હૃદયદ્રાવક દૃશ્યો જોઈને પણ આ ભાગોળ જેટલી વિરહવિહ્વળ નહોતી થઈ તેટલી આજે એક દીકરાને વળાવતી વખતે બની ગઈ. જો તે આક્રંદ કરી શકતી હોત તો તેના રુદનની તીવ્રતાએ આજે અવની-આકાશને જરૂર ધ્રુજાવી નાંખ્યાં હોત ! સમગ્ર વાતાવરણ અકથ્ય પીડાની વેદનાથી થીજી ગયું. આ સ્થિતિમાં સૌને મૂકીને શાંતિલાલ ઘેર પહોંચ્યા.

માંગલિક મહાપ્રસ્થાન

ગામની ભાગોળ કરતાં ઘરના ઉંબરાનું દૃશ્ય વધુ વિષાદમય હોવું જોઈતું'તું, કારણ કે સખાઓ કરતાં સંબંધીઓને શાંતિલાલનો સંગ-સંબંધ વધુ ગાઢ હતો, પરંતુ અહીં પરિસ્થિતિ સાવ જ જુદી હતી. પુત્રને ઉઘલાવતી વખતે મા-બાપને હૈયે જે આનંદ હોય અને ઘરમાં જે મંગલમય વાતાવરણ હોય, તેવું જ શાંતિલાલના સદનમાં હતું.

ખોળાનો ખૂંદનારો નજરથી સદાને માટે ઓઝલ થઈ રહ્યો હોય, ઘરનું ઘરેણું હવે ફરી કદી ઘરમાં આવવાનું ન હોય, ગામનું નામ પણ જેના હોઠે હવે કદી ફૂટવાનું ન હોય, માતા-પિતા-ભાઈ-ભગિનીના સંબંધો પર કાયમ માટે પૂર્ણવિરામ મુકાવાની ઘડીઓ ગણાઈ રહી હોય, તે વખતે કોનું હૈયું હાથ રહે ? 'न चापत्यसमः स्नेहः' સંતાન સમાન સ્નેહ કશામાં નથી હોતો. આજે એ સ્નેહગાંઠ ફરી કદી ન બંધાય એ રીતે માતા-પિતાને છોડવાની હતી. આવા સમયે કોણ ધીરજ ધરી શકે ? પણ અહીં સૌ સ્વસ્થ હતા.

પિતાને ઉમંગ હતો ગુરુની આજ્ઞા પાળવાનો.

માતાને ઉમંગ હતો ગુરુની સેવા કરવાનો.

પુત્રને ઉમંગ હતો ગુરુને રાજી કરવાનો.

જ્યાં ગુરુ જ જીવનની ધરી બની રહ્યા હોય ત્યાં જ સ્વર્ગમાંય ન સંભવે એવું આ દૃશ્ય સર્જાય! શાંતિલાલના ઘરમાં આકાર લઈ રહેલી આ ઘટના સમગ્ર વિશ્વને સ્વામિનારાયણ સંપ્રદાયની વિશેષતા સમાન ત્યાગ, જ્ઞાન અને સમર્પણની તાકાતનું દર્શન કરાવી રહેલી. સં. ૧૯૯૫ની એ આસો વદ એકાદશી[૨૯] આજે પુલકિત થઈ ઊઠી; કારણ કે ચોવીસ એકાદશીઓમાં તેને આ દેવદુર્લભ દૃશ્ય જોવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલું. તેને પોતાની ઉત્પત્તિ સાર્થક થતી લાગી !

---

૨૯. તા. ૭/૧૧/૧૯૩૯, મંગળવાર.

જે માતા હરહંમેશ એમ કહેતી કે 'હું આ શાંતિને જોઈને જીવતી, શાંતિને માટે જીવતી...' તે માતાએ વિદાયવેળાએ ઉકાળો બનાવીને શાંતિલાલને પિવડાવ્યો અને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા કે 'તું જાય છે તો શાસ્ત્રીજી મહારાજને રાજી કરજે અને કહે એમ કરજે.'

પિતાએ પણ આશિષ પાઠવ્યા કે 'શાસ્ત્રીજી મહારાજને મૂકીશ નહીં અને દુઃખ થાય તો સહન કરીને પણ શાસ્ત્રીજી મહારાજને રાજી જ કરજે.'

માતા-પિતા તરફથી મળેલા આ પ્રેમપીયૂષનું પાથેય લઈને શાંતિલાલ ત્યાગના પંથે પ્રયાણ કરી ગયા. જાણે નિશાળે જવા નીકળ્યા હોય કે ખેતરમાં આંટો મારવા નીકળ્યા હોય કે મિત્રો સાથે રમવા નીકળ્યા હોય એટલી સ્વસ્થતા અને સાહજિકતાથી શાંતિલાલ રાવજીભાઈની સાઇકલ પર બેસીને ચાણસદની ક્ષિતિજ પરથી અદૃશ્ય થઈ ગયા! ધરતીમાતા તો શાંતિલાલનાં આખરી પદચિહ્નોને પોતાના ખોળામાં સમાવી લેવા પાલવ પાથરીને બેઠી હતી; પણ તે સૌભાગ્ય તેને ન મળ્યું. ચાણસદની ધરતીના હૈયેથી હાયકારો નીકળી ગયો. સવારના નવ - સાડા નવનો એ સરકતો સમય પણ ઘડીભર સ્થિર થઈ ગયો.

'नक्षत्रताराग्रहसङ्कुलापि ज्योतिष्मती चन्द्रमसैव रात्रिः।'[30] – 'નક્ષત્ર, તારા, ગ્રહોથી ખીચોખીચ ભરેલી હોવા છતાં રાત્રિ ચંદ્રના કારણે જ અજવાળી રહે છે.' તેમ ચાણસદમાં મનુષ્યો તો ઘણા હતા પણ ચાણસદની શોભારૂપ તો શાંતિલાલ જ હતા. આજે એ ચાણસદનો ચાંદ સદાને માટે ચાલી નીકળ્યો, તેથી ગામ પણ નિસ્તેજ ભાસી રહ્યું! શેરીઓ સૂની પડી, ભાગોળ ભેંકાર થઈ અને માનવીઓ મૂંગામંતર બની ગયા!

આજ્ઞામાં જ દિવાળી

દિવાળીના તહેવારને આડે માત્ર ચાર જ દિવસ બાકી હતા તે વખતે શાંતિલાલે કરેલું મહાભિનિષ્ક્રમણ સ્મરણીય-અવિસ્મરણીય બની રહેશે; કારણ કે સામાન્ય રીતે પ્રત્યેક સંસારીને ઇચ્છા હોય – 'દિવાળી ઘેર કરીએ.' વેપાર-વણજ, અભ્યાસ કે કોઈ પણ કારણસર બહારગામ ગયેલી વ્યક્તિ દિવાળી ટાણે ઘરના દીવા જોવાનો મનોરથ સેવે. જ્યારે સહુના પગ ઘર ભણી વળે ત્યારે શાંતિલાલ ઘરની બહાર જવા માટે કદમ ઉપાડે છે! કેવી લોકોત્તર વિભૂતિ!

એક પ્રસંગે સ્વામીશ્રીને પૂછવામાં આવેલું કે 'આપને એવું ન થયું કે

---

૩૦. रघुवंशम् — ૬/૨૨.

દિવાળી ઘેર કરીને પછી જઈએ ?'

તે વખતે તેઓ એકદમ હસી પડેલા અને હસતાં હસતાં જ કહેલું : 'આપણે બધા 'દિન દિન દિવાળી' કહીએ છીએ ને ! સ્વામીની આજ્ઞા થઈ એમાં દિવાળી આવી ગઈ ને !'

તેઓના આ ઉત્તર પરથી ગૃહત્યાગના સમયે તેઓની મનોભૂમિકા કેવી હતી તેનો ખ્યાલ આવે છે. વિશ્વમાં કેટલા મહાપુરુષોએ આટલા ઉમંગભેર ઘરનો ઉંબરો છોડ્યો હશે ? નહીં કોઈ મનોમંથન ! નહીં કોઈ આત્મચિંતન ! નહીં કોઈ લાગણીઓનો સંઘર્ષ ! ગજરાજ કાચા સૂતરના તાંતણાને તોડે તે કરતાંય વધુ સરળતા શાંતિલાલના આ પ્રયાણમાં હતી.

તેથી જ રાવજીભાઈની સાથે સાઈકલ પર બેસી શાંતિલાલ ગામની ભાગોળ વળોટી થોડા આગળ ગયા ત્યાં જ તેઓને સાંભર્યું કે 'મારી પૂજા રહી ગઈ છે.' તેથી નિત્યપૂજા લેવા માટે તેઓ પાછા આવેલા અને તે લઈને તરત જ નીકળી ગયેલા. એક ઘડી પણ રોકાયેલા નહીં !

વર્ષો પછી કો'કે તેઓને પૂછેલું : 'ઘર છોડતાં મનમાં કાંઈ થયું હતું ?'

'ના. તે ઘડીએ આપણે ક્યાં પરાણે કરવાનું હતું ?' તેઓએ જણાવેલું.

આમ જુઓ તો કેવી ધરખમ ઘટના ! પણ તે પ્રસંગે કેટલી હળવાશ !

લેખકોએ નોંધ્યું છે કે 'ભગવાન બુદ્ધ જેવાએ પણ વિદાય વખતનાં હૃદયવિદારક દૃશ્યો ટાળવાં જ કદાચ પત્ની અને પુત્રને ઊંઘતાં મૂકીને ગૃહત્યાગ કર્યો.' પરંતુ શાંતિલાલને સંસારત્યાગ વખતે આવી કોઈ ગણતરીની જરૂર પડી નહીં; કેમ કે તેઓના ત્યાગમાં પીડાનો પ્રાસ નહોતો.

ભર્તૃહરિ જેવા કોઈ સંસારની વિચિત્રતા જોઈને ત્યાગના પંથે નીકળી ગયેલા. મહાવીર સ્વામી જેવા કંઈક શાશ્વત પામવા માટે ગૃહત્યાગ કરી ગયેલા. પણ અનાદિ અક્ષરબ્રહ્મ શાંતિલાલ તો વિશ્વને શાશ્વત શાંતિ આપવા માટે નીકળી પડ્યા ! આવનારાં અનેક વર્ષો સુધી પ્રેરણાના પુંજ પાથરતી રહે એવી એક ઐતિહાસિક ઘટના બની ગઈ !

જેમ સરિતા જન-જનના હિત માટે પર્વતની ગોદ છોડે છે, તેમ લોક-કલ્યાણ માટે શાંતિલાલે ગામની ગોદ છોડી. તેઓ હવે એકના મટી અનેકના થયા.

❧ ❧ ❧



શાસ્ત્રીજી મહારાજના સંગમાં

ગુરુમિલનના માર્ગે

ઘર-ગામ છોડ્યાં બાદ હવે શાંતિલાલનું એક જ લક્ષ્ય હતું – ગુરુ શાસ્ત્રીજી મહારાજ. શાંતિલાલને બને એટલું વહેલું તેઓની પાસે પહોંચવું હતું.

ગુરુમિલન ભણીની એ મજલમાં પ્રથમ તો તેઓ ભાયલી પહોંચ્યા. અહીંથી હવે બોચાસણ જવાનું હતું. તે ખેપમાં બારસના દિવસે શાંતિલાલ ઘનશ્યામ સ્વામીની સાથે સાંકરદા ગયા. ત્યાં મંદિરમાં મુકામ કર્યો. ત્રણ જ દિવસ બાદ અન્નકૂટ આવી રહેલો. તેથી અહીંના ભક્તોએ આ સંતમંડળને સાંકરદામાં અન્નકૂટ કરવા પ્રેમભર્યો આગ્રહ કર્યો. ઘનશ્યામ સ્વામીએ ભક્તોની આ વિનંતી સ્વીકારી અને ત્યાં રોકાઈ ગયા, પરંતુ તે વખતે તેઓએ શાંતિલાલને કહ્યું : ‘આપણે દિવાળી પછી હરિભક્તોને અન્નકૂટનો પ્રસાદ વહેંચવા જવાનું થશે. માટે તું બોચાસણ જા અને અન્નકૂટની પ્રસાદી લઈ આવ.’ આમ કહી સાંકરદાના મંદિરમાં સેવા કરતા એકાક્ષી શંકર ભગતને તેઓની સાથે મોકલ્યા. તેઓ શાંતિલાલને રણોલી સ્ટેશન સુધી મૂકી ગયા.

અહીંથી શાંતિલાલ બોચાસણ પહોંચ્યા ત્યારે નિર્ગુણ સ્વામી પણ ત્યાં જ હતા. શાંતિલાલે તેઓને પોતે કયા હેતુથી બોચાસણ આવ્યા છે તે વિગત જણાવી. તે સાંભળી નિર્ગુણ સ્વામીએ કહ્યું : ‘હું ઘનશ્યામ સ્વામીને ચિઠ્ઠી લખી

દઉં છું અને પ્રસાદ ઈશ્વર ભગત લઈ જશે, પણ તું મારી સાથે રહે.'

શાંતિલાલની લગની જાણે નિર્ગુણદાસ સ્વામીને પણ લાગી ગઈ. તેઓએ કહ્યું : 'કાર્તિક એકાદશીનો સમૈયો અમદાવાદ થશે. ત્યાં શાસ્ત્રીજી મહારાજ સારંગપુરથી પ્રસાદ લઈને આવશે. ત્યાં તને દર્શન થશે. માટે તું મારી સાથે ચાલ.' એમ કહી નિર્ગુણ સ્વામીએ શાંતિલાલને પોતાની સાથે રાખી લીધા.

ગુરુદર્શનની વાત ઢૂંકડી થઈ જતાં શાંતિલાલ તો હરખાઈ ઊઠ્યા અને નિર્ગુણ સ્વામી સાથે વિચરણમાં જોડાઈ ગયા, પરંતુ સંસ્થાનાં વહીવટી કાર્યોમાં ગળાડૂબ રહેવાને કારણે નિર્ગુણદાસ સ્વામીને જુદાં જુદાં ગામોમાં મીટિંગ-મુલાકાતોના દોર સતત ચાલતા રહે. તેથી કાર્યક્રમ છેલ્લી ઘડીએ ઘડાય ને બદલાય. માટે ભલે પહોંચવાનું ઠેકાણું નજીકમાં જ હોય છતાં ત્યાં પહોંચતાં ક્યારેક દા'ડાના દા'ડા વીતી જાય.

આ વખતે પણ એમ જ બન્યું. બોચાસણથી નડિયાદ થઈ અમદાવાદ જ જવાનું હતું, પણ સરકારી-દરબારી કાર્યો આટોપવા નિર્ગુણ સ્વામી બોરસદ, ભાદરણ વગેરે ગામો ફર્યા અને કેટલાક દિવસ પછી ગાડીમાં બેસીને નડિયાદ પહોંચ્યા.

અહીં શાંતિલાલના શરીર પર વ્યાધિએ ભરડો લીધો. નિર્ગુણ સ્વામી તો સવારથી જ જોડિયા સાધુ હરિવલ્લભદાસને લઈને તેઓનાં કાર્યો સમેટવા નીકળી જાય, પરત ક્યારે ફરે તેનો કોઈ નિર્ધાર નહીં. ઉતારે આખો દિવસ શાંતિલાલ એમ ને એમ તાવમાં કણસ્યા કરે. શાસ્ત્રીજી મહારાજને સંભાર્યા કરે. સંતો-ભક્તો સારવાર તો કરતા, પણ માંદગી જ એવી હઠીલી આવેલી. ખાવા-પીવાની કોઈ રુચિ જ ન થાય. તે વખતે શાંતિલાલ મરી નાંખીને તૈયાર કરેલો ઉકાળો અલ્પ માત્રામાં લેતા.

બે-ત્રણ દિવસ આમ પસાર કર્યા બાદ નડિયાદથી નીકળવાનું થયું અને સં. ૧૯૯૬ની કાર્તિક સુદ દશમીની રાત્રે શાંતિલાલ અમદાવાદ આવી પહોંચ્યા. અહીં શાસ્ત્રીજી મહારાજ અગાઉથી પધારી ગયેલા. સૌનો ઉતારો આંબલીવાળી પોળમાં બબુભાઈના મેડે હતો. શાંતિલાલને તો માંદગીને કારણે બોલવા-ચાલવાની પણ સૂધ રહી નહોતી. તેથી તેઓને તો આવતાંવેંત સીધા સુવાડી જ દેવામાં આવ્યા અને નિર્ગુણ સ્વામી સંસ્થાકીય કાર્ય અંગે શાસ્ત્રીજી મહારાજને વાકેફ કરવા તેઓ સાથે બેઠા. તેમાં વચ્ચે શાંતિલાલ પણ સાથે આવ્યા છે તે વાત થઈ.

શાંતિલાલનું નામ સાંભળતાં જ અન્ય વાતો પર પૂર્ણવિરામ મૂકીને

શાસ્ત્રીજી મહારાજ પૂછવા લાગ્યા : 'એમ ? ક્યારે આવ્યો ? ક્યાં છે ?' વગેરે.

શાંતિલાલ વિશેની આવી મમતાભરી અને ઝીણવટભરી પૂછપરછ જોઈ નિર્ગુણ સ્વામીને પણ આશ્ચર્ય થયું, કારણ કે તેઓનો અનુભવ હતો કે ગમે તેવા ચમરબંધીને મળવાનું હોય તોય શાસ્ત્રીજી મહારાજમાં તે સંબંધી કોઈ ઉત્સુકતા કદીયે જણાતી નહીં, એ શાસ્ત્રીજી મહારાજ આ નવાગંતુક કિશોરની વાત સાંભળતાં જ કેમ આટલા સ્નેહ-વિહ્વળ થઈ ગયા હશે ?!

થોડીક ક્ષણો તો નિર્ગુણ સ્વામી વિચારી જ રહ્યા. પછી તેઓએ કહ્યું : 'તે બોચાસણ આવ્યો'તો ને મારી સાથે લાવ્યો છું. તેને તાવ આવ્યો છે તે સૂતો છે.'

શાંતિલાલના આ સમાચાર સાંભળી શાસ્ત્રીજી મહારાજ તરત જ ઊઠ્યા અને શાંતિલાલ સૂતા હતા ત્યાં જઈ પહોંચ્યા. તેઓની સ્વાભાવિક પ્રકૃતિ મુજબ ધૂન કરતાં કરતાં શાંતિલાલના શરીર પર હાથ ફેરવવા લાગ્યા અને બોલ્યા: 'તાવ આવ્યો છે પણ હવે મટી જશે.'

શાંતિલાલને તો શાસ્ત્રીજી મહારાજનાં આ દર્શન અને સ્પર્શમાત્રથી જ શાંતિ શાંતિ થઈ ગઈ. થોડી વારમાં તેઓ ઘસઘસાટ સૂઈ ગયા.

પાર્ષદી દીક્ષાનો પુનિત પ્રસંગ

બીજે દિવસે શાસ્ત્રીજી મહારાજે કહ્યું હતું તેમ જ થયું. સવારે શાંતિલાલના શરીરમાં તાવનું નામનિશાન ન મળે. સ્ફૂર્તિ પણ સારી અનુભવાઈ રહેલી. તેથી તેઓ સ્નાન-પૂજા કરીને શાસ્ત્રીજી મહારાજ પાસે ગયા. તેઓને દર્શન-દંડવત કર્યાં ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'તને પાર્ષદની દીક્ષા આપવી છે.'

'ક્યારે ?'

'હમણાં જ.'

'સારું.'

ઉપરોક્ત માત્ર નવ અક્ષરોમાં તો એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાઈ ગયો ! જ્યાં સંવાદિતાનું સામ્રાજ્ય હોય ત્યાં શબ્દોના સાથિયા સજાવીને વાત કરવાની જરૂર પડતી નથી.

સવારના નવ-દસ વાગ્યાનો એ સમય હતો. શાસ્ત્રીજી મહારાજે શાંતિલાલને શ્વેત ઉત્તરીય ઓઢાડ્યું. ધોતિયું તો શાંતિલાલ પહેલેથી જ પહેરતા હતા. આમ, વણસીવ્યાં વસ્ત્રો ધારણ કરાવીને શાસ્ત્રીજી મહારાજે 'શાંતિ ભગત'

એવું નામાભિધાન કરી આશીર્વાદ આપ્યા કે 'ખૂબ બળ મળશે ને હવે ત્યાગીની જેમ રહેવું; એટલે સ્ત્રીને અડવું નહીં, દ્રવ્ય રાખવું નહીં. તેથી રાજીપો થશે.'[૩૧]

સં. ૧૯૯૬ની કાર્તિક સુદ એકાદશીની[૩૨] એ સવારે કોઈ સમારંભ યોજાયો નહોતો, કોઈ માનવ-મહેરામણ ઊમટ્યો નહોતો, કોઈ મંત્રોચ્ચાર ગુંજ્યા નહોતા, કોઈ ઢોલ ઢબૂક્યા નહોતા; છતાં એક કાલજયી કીર્તિકથાનું મંગલાચરણ થઈ ગયું.

કોયલ ટહુકે તો જ ઋતુપરિવર્તન થાય એવું નથી હોતું. કૂકડો બોલે તો જ રાત સિધાવે એવું નથી બનતું. દીવડા પ્રગટે તો જ દિવાળી આવે એવું પણ નથી હોતું. ઋતુપરિવર્તન કોયલના ટહુકાનું મોહતાજ નથી. સૂર્યોદય કૂકડે કૂક...નો ઓશિયાળો નથી. દિવાળી કદી દીવાની રાહે રહેતી નથી.

તે જ રીતે મહાન ઘટનાઓ પણ નગારાં ગડગડે, ભીડ-ભભકા થાય, છડીઓ પોકારાય ત્યારે જ ઘટે એવું નથી હોતું. તે તો તેના સમયે આકાર પકડી જ લેતી હોય છે. તેની વધામણીનાં વાજાં પછી યુગો સુધી વાગતાં રહે છે. તે મુજબ સંપ્રદાયના ત્યાગી-વર્ગમાં શાંતિ ભગત શાંતિથી પ્રવેશી ગયા; સાગરમાં સરિતા ભળે તેમ.[૩૩]

જવાબદારીથી સભાન

શાંતિ ભગતની દીક્ષાના ત્રણ દિવસ બાદ શાસ્ત્રીજી મહારાજ કાર્તિકી પૂનમના સમૈયા માટે બોચાસણ પધાર્યા ત્યારે શાંતિ ભગતને પણ સાથે લેતા આવેલા. તે વખતે બોચાસણ મંદિરની વાડીમાં આવેલી ચૂનાની ભઠ્ઠીને સ્થાને મકાન માટેના પાયા ખોદાઈ ગયેલા. તે પાયા પૂરવાની સેવા શાસ્ત્રીજી મહારાજે સૌ ભક્તોને સોંપેલી. આશરે પચીસ ભક્તો આ સેવામાં જોડાયેલા. તેમાંના એક

૩૧. એ દિવસે એકાદશીનો ઉપવાસ હોવાથી અને બીજે દિવસે પારણાનો દિવસ હોવાથી શાંતિ ભગતે દીક્ષા ગ્રહણ કરતી વખતે શિખાવર્જિત મુંડન કરાવવું પડે તે કરાવ્યું નહોતું. તે મુંડન તેઓએ સુદ તેરસના દિવસે કરાવેલું, કારણ કે ઉપવાસ અને પારણાના દિવસે ક્ષૌરકર્મ વર્જિત ગણવામાં આવ્યું છે.

૩૨. તા. ૨૨/૧૧/૧૯૩૯, બુધવાર.

૩૩. શાંતિલાલના ગૃહત્યાગ અને પાર્ષદી દીક્ષા-ગ્રહણના ઐતિહાસિક દિવ્ય પ્રસંગોને તેઓના જ શ્રીમુખે સાંભળવા જુઓ વીડિયો ટ્રેક નં. ૩. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

હતા – શાંતિ ભગત. શાસ્ત્રીજી મહારાજ પણ સવારે કથા પછી સેવાસ્થળે આવીને બિરાજી ગયા, જેથી સૌને સેવાનો ઉત્સાહ રહે.

પરંતુ થોડી વાર પછી શાસ્ત્રીજી મહારાજ અન્ય કાર્યો માટે ત્યાંથી ઊભા થયા. તેઓની વિદાય સાથે જ પાયા પૂરવાની સેવામાં 'ગુરુ ગયા ગોકળ ને વાંસે થઈ મોકળ' જેવો ઘાટ થયો. સેવા કરનારા પણ એક પછી એક ગાયબ થઈ ગયા. શાંતિ ભગતની નજર સામે જ આમ થયું છતાં તેઓ તો સોંપાયેલી સેવા નિષ્ઠાપૂર્વક બજાવતા રહ્યા.

'Maturity is the ability to do a job whether or not you are supervised.'[૩૪] – આપણને કોઈ જોતું હોય કે ન જોતું હોય પણ સોંપાયેલી જવાબદારી નિભાવતા રહેવામાં પીઢતાની પારાશીશી છે. કોઈના વાદે-છંદે ન ચઢવાની આવી પીઢતા શાંતિ ભગતમાં પ્રથમથી જ હતી. તે આ પ્રસંગે જોઈને શાસ્ત્રીજી મહારાજ ખૂબ રાજી થયેલા અને તેઓને આશીર્વાદ આપેલા.[૩૫]

સંસ્કૃતશિક્ષાના શ્રીગણેશ

બોચાસણમાં કાર્તિકી પૂનમના સમૈયાનું સુખ આપીને શાસ્ત્રીજી મહારાજે શાંતિ ભગતને સંસ્કૃત ભણવાનો આદેશ આપ્યો. બોચાસણની નજીકમાં જ ભાદરણ મુકામે શાંતિ ભગતની સાથે અક્ષરજીવનદાસ, પુરુષોત્તમાનંદ બ્રહ્મચારી અને હરિસ્વરૂપદાસને પણ સંસ્કૃતના અધ્યયન માટે શાસ્ત્રીજી મહારાજે રાખ્યા. ભાદરણ જતાં પૂર્વે બોચાસણમાં જ શાસ્ત્રીજી મહારાજે શાંતિ ભગતને શબ્દરૂપાવલી અને માર્ગોપદેશિકાનો પાઠ કરવાનો આદેશ આપીને સંસ્કૃત-શિક્ષાના શ્રીગણેશ તો કરાવી જ દીધેલાં. હવે ગુરુની આજ્ઞા થતાં આ સંતમંડળ ભાદરણ પહોંચ્યું.

અહીં સૌએ મંદિરમાં નિવાસ ઠરાવ્યો. આ મંદિરમાં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે પણ ઘણી વાર નિવાસ કરેલો. ગેલભાઈ નામના હરિભક્ત મંદિરનો વહીવટ સંભાળતા. ગામમાં ચાલતી ભદ્રકાળી મંદિરની પાઠશાળાના પ્રાધ્યાપક વિઠ્ઠલરામ શાસ્ત્રી સંતોને ભણાવવા આવતા.

---

૩૪. Ann Landers (Journalist).

૩૫. આ પ્રસંગ બન્યાનાં વર્ષો બાદ તા. ૧૮/૭/૧૯૮૨ના રોજ વિદ્યાનગરમાં યુવકોએ તેઓને પૂછેલું : 'શાસ્ત્રીજી મહારાજ આપની ઉપર અતિશય રાજી થયા હોય તે પ્રસંગ કહેશો ?' ત્યારે ઉપરોક્ત પ્રસંગનો ઉલ્લેખ તેઓએ કરેલો.

સન ૧૯૪૦

સારંગપુરનાં સદ્ભાગ્ય

ભાદરણમાં લગભગ એકાદ મહિનાનું અધ્યયન થયું હશે ત્યાં માગશર માસમાં અમદાવાદ મુકામે પારાયણ યોજાયું હતું. તેથી આ ભણનારા સંતોને ત્યાં જવાનું થયું. અહીં પારાયણ બાદ શાસ્ત્રીજી મહારાજે શાંતિ ભગતને પૂછ્યું : 'તેં સારંગપુર મંદિરનાં દર્શન કર્યાં છે?'

શાંતિ ભગતે 'ના' કહી. ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે : 'તને સારંગપુરનાં દર્શન કરાવવાં છે. મારી સાથે આવજે.'

તે વખતે શાંતિ ભગતે શાસ્ત્રીજી મહારાજને કહ્યું : 'હું હરિસ્વરૂપદાસને પૂછી લઉં?'

'એને શું પૂછવું છે? તું તારે આવજે ને!' શાસ્ત્રીજી મહારાજે જણાવ્યું.

પણ શાંતિ ભગતને થયું કે 'તેની જોડે કાયમ રહેવાનું. તેથી પૂછીએ તો સારું.' એટલે તેઓએ હરિસ્વરૂપદાસને કહ્યું: 'હું શાસ્ત્રીજી મહારાજ સાથે સારંગપુર જાઉં છું.'

આ સાંભળતાં જ તે સાધુ છંછેડાઈ ગયા અને ડારો દેતાં કહ્યું : 'જો તું જઈશ તો તને પાછો ભાદરણ નહીં આવવા દઉં. માટે જવાનું નથી.'

શાંતિ ભગત તો આ વાત સાંભળી વિમાસણમાં પડી ગયા. તેઓએ આમાંથી રસ્તો કાઢવા શાસ્ત્રીજી મહારાજને જ પૂછ્યું. ત્યારે તેઓએ હરિસ્વરૂપદાસને કહ્યું કે 'આ નવા ભગત છે તે મૂંઝાય. માટે તેને સારંગપુરનાં દર્શન કરવાં છે તો જવા દે.' એમ જણાવી શાંતિ ભગતને લઈને શાસ્ત્રીજી મહારાજ સારંગપુર પધાર્યા. દિવસ હતો – તા. ૨/૧/૧૯૪૦, મંગળવાર.

તે વખતે સારંગપુરની પ્રાસાદિક ધરા પર પહેલી વાર શાંતિ ભગતનાં ચરણ પડ્યાં. આ ધન્ય ધરા પુલકિત થઈ ઊઠી. તેને આ ચરણારવિંદ સદાય પોતાના હૈયે જડી-ભીડી દેવાના કોડ જાગી ગયા.

સારંગપુરનું ગગનચુંબી મંદિર જોઈ શાંતિ ભગતને પણ ખૂબ જ આનંદ થયો. કાર્યને જોઈને તેના કારણરૂપ શાસ્ત્રીજી મહારાજનો પ્રતાપ વિશેષ સમજાયો. શાસ્ત્રીજી મહારાજે આ સ્થાન અને મૂર્તિઓનો મહિમા તેઓને કહ્યો. બસ, ત્યારથી આ સારંગપુર શાંતિ ભગતના મનમાં વસી ગયું. સારંગપુરનાં આ સદ્ભાગ્ય!

અક્ષર દેરીના આંગણે

સારંગપુરમાં ત્રણ-ચાર દિવસના રોકાણ બાદ શાસ્ત્રીજી મહારાજે શાંતિ ભગતને પૂછ્યું : 'તેં ગોંડલ મંદિરનાં દર્શન કર્યાં છે ?' શાંતિ ભગતે 'ના' કહી. તેથી શાસ્ત્રીજી મહારાજે તેઓને લઈને ગોંડલ જવાનો કાર્યક્રમ ગોઠવ્યો અને શાંતિ ભગત શાસ્ત્રીજી મહારાજની સાથે ગોંડલ પણ પહોંચી ગયા.

તેઓ પ્રથમ વાર જ અહીં પધારતા હતા. છતાં અહીંના ઘનશ્યામ મહારાજ અને અક્ષર દેરી તેઓને ચિરપરિચિત લાગ્યાં. આ સ્થાન પણ જાણે આ નવા પાર્ષદવર્યની પ્રતીક્ષા કરતું હોય તેમ શાંતિ ભગત પધારતાં હર્ષઘેલું બની ગયું.

તે વખતે યોગીજી મહારાજ પણ ત્યાં જ બિરાજતા હતા. શાંતિ ભગતે તેઓનાં દર્શન કરી શુભાશિષ મેળવ્યા. યોગીજી મહારાજે તેઓને શાસ્ત્રીજી મહારાજના મહિમાની ઘણી વાતો કરીને તેઓને રાજી કરી લેવાનું નિશાન દઢાવ્યું. અહીં શાંતિ ભગત હરિજીવનદાસ સ્વામીના યોગમાં પણ આવ્યા.

હરિજીવનદાસ કુશળ કોઠારી અને કાબેલ સંત હતા. શાસ્ત્રીજી મહારાજે તેઓ માટે કહેલું : 'આભમાં મોભ કંડારે એવા આ થશે.' તેઓ સાથે શાંતિ ભગતને ચારેક વર્ષથી, સં. ૧૯૯૨થી ઓળખાણ. જ્યારે રજાઓના દિવસોમાં શાંતિ ભગત સંતો સાથે વિચરણમાં જોડાયેલા ત્યારે તેઓ બોચાસણમાં હરિજીવન સ્વામીના પરિચયમાં આવેલા. આમ, સુપરિચિત એવા આ સંતનો મેળાપ ગોંડલમાં થતાં શાંતિ ભગત અને હરિજીવન સ્વામી બંનેને પરસ્પર આનંદ થયો.

મધરાતનો નિર્ણય

ગોંડલમાં એક વાર શાસ્ત્રીજી મહારાજે શાંતિ ભગત સમક્ષ ભાગવતી દીક્ષા ગ્રહણ કરીને સાધુ થઈ જવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. હરિજીવન સ્વામીએ પણ મધરાત સુધી શાંતિ ભગતને સાધુ બની શાસ્ત્રીજી મહારાજનો રાજીપો લૂંટી લેવા સંબંધી વાતો કરીને પુષ્ટિ આપી. તે વખતે ગુરુની મરજી સમજી શાંતિ ભગતે ભાગવતી દીક્ષા લેવાનું નક્કી કરી લીધું. તેઓના આ મધરાતના નિર્ણયથી માગશર વદ અમાસની એ રાત પણ ચમકી ઊઠી.

શાંતિ ભગતે સાધુ થવા માટે સંમતિ આપતાં હરિજીવન સ્વામી તેઓને લઈને મધરાતે જ શાસ્ત્રીજી મહારાજ પાસે જવા તૈયાર થયા. ત્યારે શાંતિ ભગત કહે : 'અત્યારે સ્વામી સૂતા હશે. માટે સવારે વાત કરીએ.'

'ના, અત્યારે જ કરી દઈએ. એ તો જાગશે.' એમ કહીને તેઓ શાંતિ ભગતને શાસ્ત્રીજી મહારાજ પાસે લઈ આવ્યા.

તે વખતે વિલાયતી નળિયાં ચઢાવેલાં, લીંપેલા તથા ખુલ્લી ઓસરી ધરાવતા ઓરડામાં શાસ્ત્રીજી મહારાજ પોઢેલા. આ ઓરડાનું બારણું ઊઘડતાં જ તેઓ જાગી ગયા અને પૂછ્યું : 'કોણ આવ્યું ?'

ત્યારે હરિજીવન સ્વામીએ શાસ્ત્રીજી મહારાજને શાંતિ ભગતનો નિર્ણય જણાવ્યો. તે સાંભળતાં જ શાસ્ત્રીજી મહારાજ ઢોલિયા પરથી બેઠા થઈ ગયા. ઊભા થઈને શાંતિ ભગતને આશ્લેષમાં લઈ લીધા. માથે-ગાલે-બરડે હાથ ફેરવીને ખૂબ રાજીપો વરસાવ્યો અને કહ્યું : 'બહુ બળિયા થશે ને સારા થશે.'[૩૬] સવારે વાળંદને વહેલા બોલાવીને મુંડન કરાવી લેવાની સૂચના પણ તેઓને ત્યારે જ આપી દીધી. હરિજીવન સ્વામીને પણ શાસ્ત્રીજી મહારાજ ભેટ્યા અને તેઓને જણાવ્યું : 'કાલે શાંતિ ભગતને દીક્ષા આપવાની છે. માટે જોગી મહારાજને કહેજો કે સવારે મહાપૂજા વહેલી ન કરે. હું સ્નાન કરીને આવું પછી કરે.'

ભાગવતી દીક્ષાની મંગલ ઘડી

સં. ૧૯૯૬ની પોષ સુદ પડવાની[૩૭] શુભ તિથિએ સવારનાં લાભ-અમૃતનાં ચોઘડિયાંમાં યોગીજી મહારાજના ઘેરા મધુર સ્વરે અક્ષર દેરીમાં મહાપૂજાનો મંગલ પ્રારંભ થયો. અહીં સભામંડપ તરફના દરવાજેથી પ્રવેશતાં જમણી બાજુના શરૂઆતના બે સ્તંભોની વચ્ચે આ મહાપૂજા ગોઠવવામાં આવી હતી. તેમાં પશ્ચિમ મુખે યોગીજી મહારાજ અને પૂર્વ મુખે શાસ્ત્રીજી મહારાજ બિરાજેલા. મધ્યમાં દક્ષિણ મુખે શાંતિ ભગત બેઠા હતા. શિખાવર્જિત મુંડન કરાવેલાં મસ્તક અને ઉજ્જ્વળ આભા ફેલાવતાં મુખારવિંદથી શોભતા આ પાર્ષદપ્રવરના ભાલ પર તિલક-ચાંદલો શોભી રહેલો. બે હાથ જોડીને બેઠેલી એ મૂર્તિના ચહેરા પર આજે અકલ્પ્ય આનંદ છવાયો હતો. એ આનંદમાં ગુરુની આજ્ઞા પાળવાની તમન્ના, સાધુજીવનને શોભાડવાની પ્રતિજ્ઞા અને સંપ્રદાયના વિકાસ માટે યાહોમ થઈ જવાના થનગનાટની ત્રિવેણી રચાઈ હતી.

---

૩૬. આ પ્રસંગ બન્યાનાં વર્ષો બાદ તા. ૧૮/૭/૧૯૮૨ના રોજ વિદ્યાનગરમાં યુવકોએ તેઓને પૂછેલું : 'શાસ્ત્રીજી મહારાજ આપની ઉપર અતિશય રાજી થયા હોય તે પ્રસંગ કહેશો ?' ત્યારે ઉપરોક્ત પ્રસંગનો ઉલ્લેખ તેઓએ કરેલો.

૩૭. તા. ૧૦/૧/૧૯૪૦, બુધવાર.

સાધુદીક્ષા અંગીકાર કરી રહેલા આ નવયુવાન પાર્ષદના અંતરમાં જે ઉલ્લાસ ઊછળી રહેલો તેનાથી બમણો ઉલ્લાસ શાસ્ત્રીજી મહારાજના અંતરમાં વ્યાપી વળેલો; કારણ કે જે સંસ્થાના ઉત્કર્ષ માટે, જે સિદ્ધાંતના પ્રવર્તન માટે અને જે સાધુતાના સંવર્ધન માટે પોતે પોતાનું સમગ્ર જીવન હોમી દીધેલું, તે સંસ્થા, તે સિદ્ધાંત અને તે સાધુતાને જે સૂત્રધાર વિશ્વભરમાં રેલાવવા-ફેલાવવાના હતા તેમને દીક્ષિત કરવાની આ મંગલ ઘડી હતી.

શાસ્ત્રીજી મહારાજે શાંતિ ભગતના ભાલમાં સ્વસ્તિતિલક કર્યું. બંને ભુજાઓ અને વક્ષઃસ્થળ પર પણ ચંદનના ચાંદલા કરીને આશિષ પાઠવ્યા. નૂતન યજ્ઞોપવીત ધારણ કરાવીને જ્યારે શાસ્ત્રીજી મહારાજે શાંતિ ભગતને ભગવું ઉત્તરીય ઓઢાડ્યું ત્યારે ભારતવર્ષની સનાતન સાધુતા ધન્ય થઈ ઊઠી. ભગવાંમાં આ નવદીક્ષિત સંત શોભવા લાગ્યા તે કરતાંય, એ ભગવું વસ્ત્ર આ નવદીક્ષિત સંતથી વધારે શોભી રહ્યું છે તેમ સૌને જણાયું. આ અવસરે ઉપસ્થિત સૌએ જયનાદો દ્વારા આ દીક્ષાપ્રસંગને વધાવી લીધો. શાંતિલાલના પ્રાગટ્યદિન અને શાંતિલાલના પાર્ષદી દીક્ષાદિનના સાક્ષી બનનાર બુધવારના લલાટે જ શાંતિ ભગતના આજના ભાગવતી દીક્ષાદિનને નીરખવાનું સૌભાગ્ય પણ લખાયું !

દીક્ષા બાદ શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજને કહ્યું: 'મહાપૂજામાં એવો સંકલ્પ કરો કે આનામાં તમારા જેવા ગુણ આવે, સાધુતા રાખી અભ્યાસ કરે, શાસ્ત્રી બને અને આખા સત્સંગની સેવા કરી સર્વેને રાજી કરે.'

યોગીજી મહારાજે આ શુભ સંકલ્પની પરિપૂર્તિ માટે ધૂન ગજાવી.

નવદીક્ષિત સંતને ગુરુમંત્ર આપ્યા બાદ તેઓનું નૂતન નામાભિધાન કરવાનું હતું. તે માટે શાસ્ત્રીજી મહારાજ અને હરિજીવનદાસ વચ્ચે ઠીક ઠીક વિમર્શ ચાલ્યો. હરિજીવનદાસનું મંતવ્ય હતું કે 'જૂનાગઢમાં સમર્થ સદ્‌ગુરુ નારાયણદાસ થઈ ગયા. આ સંત પણ એવા જ સમર્થ દીસે છે. તેથી એમનું નામ 'નારાયણદાસ સ્વામી' એમ રાખવું.'

જો કે શાસ્ત્રીજી મહારાજને તેમાં કંઈક ઉમેરવું હતું. તેથી તેઓએ જણાવ્યું : 'આને આપણે શાસ્ત્રી કરવો છે અને વરતાલમાં શાસ્ત્રી નારાયણ-સ્વરૂપદાસ થઈ ગયા. માટે તે નામ રાખીએ.'

આમ, શાસ્ત્રીજી મહારાજ અને હરિજીવનદાસ સ્વામી વચ્ચે ચર્ચા ચાલી. ત્યારે શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજને પૂછ્યું : 'આપ શું કહો છો ?'

'આપ કહો છો તે બરાબર છે,' યોગીજી મહારાજે જણાવ્યું. એટલે અંતે

'નારાયણસ્વરૂપદાસ' એવું નામાભિધાન થયું.[૩૮]

આ પ્રસંગે હાજર રહેલા તત્કાલીન સંત બાલકૃષ્ણ સ્વામી પોતાની સ્મૃતિમંજૂષા ઉલેચતાં ઘણી વાર કહેતા: ''ગોંડલમાં જ દીક્ષા પ્રસંગે શાસ્ત્રીજી મહારાજે યોગીબાપાને કહેલું કે 'તમે જેવાં કાર્યો કરો છો તેવાં જ એ કરશે. વિશેષ કરશે પણ ઓછું નહીં કરે.''

વળી, તેઓ કહેતા : ''જ્યારે નારાયણસ્વરૂપ સ્વામીને દીક્ષા આપી ત્યારે બોચાસણના મંદિરમાં રહેનારા કેટલાક એવું બોલતા કે 'શાસ્ત્રીજી મહારાજે નાની ઉંમરનાને સાધુ કરી નાંખ્યા એ ઠીક નહીં.' પણ શાસ્ત્રીજી મહારાજે તેઓને બોચાસણના સભામંડપમાં જ કહેલું કે 'નાનો છે તે મોટો નહીં થાય? એ મોટો થશે ને ધીરે ધીરે આગળ વધશે ને એ જ લાખો માણસોને સત્સંગ કરાવશે ને ગુરુ કરતાં ચેલા સવાયા થશે.''

શાસ્ત્રીજી મહારાજનાં આ આર્ષવચનોમાં 'નારાયણસ્વરૂપદાસજી'ની મહાનતાનો ઉઘાડ હતો. તેઓ જાણે કહી રહેલા : 'तेजसां हि न वयः समीक्ष्यते।'[૩૯] – તેજસ્વીઓની વય સામે જોવાનું નથી હોતું.[૪૦]

પ્રથમ પગલે જ સિદ્ધિના શિખરે

દીક્ષા બાદ શાસ્ત્રીજી મહારાજે નારાયણસ્વરૂપ સ્વામીને નૂતન નિત્યપૂજા આપી. તે વખતે હરિજીવન સ્વામી ભગતજી મહારાજની મૂર્તિ લઈ આવેલા. તેને

---

૩૮. આ દીક્ષા પ્રસંગ સ્વામીશ્રી માટે એટલો યાદગાર હતો કે તા. ૨/૧/૨૦૦૮ના રોજ મુંબઈમાં તેઓની ઍન્જિયોગ્રાફી થઈ ત્યારે તબીબોએ પૂછેલું કે 'સામાન્ય રીતે આ શસ્ત્રક્રિયા દરમ્યાન દર્દીના હૃદયના ધબકારા અચૂક વધી જ જાય. જ્યારે આપના હૃદયના ધબકારા તો શસ્ત્રક્રિયા પહેલાં હતા તેટલા જ – ૬૦ જ – રહ્યા. આપને કોઈ ટેન્શન નહોતું?' ત્યારે તેઓએ કહેલું : 'ટેન્શન શેનું રહે? હું તો સામે હરિકૃષ્ણ મહારાજ હતા તેમનાં દર્શન કરતો હતો અને શાસ્ત્રીજી મહારાજે મને સાધુ કર્યો એ આખો પ્રસંગ ઇદમ્ સાંભરી આવ્યો. આ બધું હું યાદ કરતો હતો અને 'સ્વામિનારાયણ.. સ્વામિનારાયણ' ભજન કરતો હતો.'

૩૯. रघुवंशम् – ૧૧/૧.

૪૦. શાંતિ ભગતના ભાગવતી દીક્ષા-ગ્રહણના મંગલકારી દિવ્ય પ્રસંગને તેઓના જ શ્રીમુખે સાંભળવા જુઓ વીડિયો ટ્રેક નં. ૪. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

પોતાની આંખે - છાતીએ અડાડીને શાસ્ત્રીજી મહારાજે પ્રસાદીભૂત કરી સ્વામીશ્રીને[૪૧] આપેલી.

દીક્ષાના બીજા જ દિવસથી શાસ્ત્રીજી મહારાજે નવદીક્ષિત સ્વામીશ્રીને સંસ્કૃતનો અભ્યાસ શરૂ કરાવી દીધો. કોઈનું પણ મન આંચકો ખાઈ જાય તેવી આ વાત હતી. શાસ્ત્રીજી મહારાજ તેઓને સાધુ કરવા લઈ આવ્યા હતા – અંગ્રેજી ભણાવવાનું વચન આપીને; અને અહીં આવ્યા બાદ ચિત્ર સાવ જ બદલી નાંખ્યું. અંગ્રેજી અભ્યાસની 'એબીસીડી' ન તો પાર્ષદ અવસ્થામાં ઘૂંટાવી કે ન તો સાધુ અવસ્થામાં! એટલું જ નહીં, અંગ્રેજીને સ્થાને સીધું સંસ્કૃત ગોઠવી દીધું! સ્વાભાવિક રીતે જ મનમાં શંકાનાં વાદળો ઘેરાય તેવી આબોહવામાં સ્વામીશ્રી મુકાઈ ગયા; પરંતુ આ જ આબોહવા તેઓની ગુરુભક્તિનો ઉજાશ પાથરનારી બની રહી.

એક વાર તેઓને પૂછવામાં આવેલું કે 'બહુ ટૂંકા સમયમાં અંગ્રેજીમાંથી સંસ્કૃત ભણવાનું થયું, તો મનમાં મૂંઝવણ ન થઈ કે આ ક્યાં આવ્યું?'

ત્યારે તેઓએ કહેલું : 'ના. ભાષાને વળગી રહીએ તો સ્વામીનો રાજીપો ન થાય. એમની ઇચ્છા ન હોય ને ભાષાને વળગી રહીએ તો આપણને શાંતિ ન થાય. આપણે સ્વામી કહે એમ કરવાનું. એટલે બીજી પંચાત જ ન થાય. 'અંગ્રેજી ભણાવવું છે' એ વાત એમણે જ કરી હતી ને અહીં આવીને સંસ્કૃતની વાત કરી. એમાં નિર્ણય છેવટે એક જ આવી ગયો કે આપણે સ્વામી કહે એમ કરવું છે; બીજું કરવું નથી. એક વાર સ્વામીએ કહ્યું એટલે વિચાર જ ન થયો. એમણે વિચાર માંડી વાળ્યો એટલે આપણેય વિચાર માંડી વાળ્યો.'

મહત્ત્વાકાંક્ષાના મિનારાઓને ઘડીના છઠ્ઠા ભાગમાં ભોંયભેગા કરીને સ્વામીશ્રીએ દર્શાવેલી આ ગુરુભક્તિ અણમોલ છે. ગુરુચરણે બે ફૂલ ધરીને – 'तवैवाहम्' – 'હું તમારો છું' એમ બોલવા કરતાં, ગુરુનાં વચનને જ જીવન બનાવીને જીવી જવું તે મહાન છે. 'Obedience is greater than reverence.' સ્વામીશ્રીએ ત્યાગાશ્રમના પ્રથમ પગલે જ ગુરુભક્તિનું આ શિખર સર કરી લીધું.

ઘનશ્યામ મહારાજની સેવામાં

ગોંડલમાં વસતા વિદ્યાવૃદ્ધ શાસ્ત્રી જીવરામ દ્વારા સ્વામીશ્રીના સંસ્કૃત વિદ્યાભ્યાસનો પ્રારંભ કરાવીને શાસ્ત્રીજી મહારાજ વિચરણ માટે આગળ

૪૧. હવેથી 'સ્વામી નારાયણસ્વરૂપદાસજી'ને આપણે 'સ્વામીશ્રી' તરીકે સંબોધીશું.

ચાલી નીકળ્યા.

અહીં સ્વામીશ્રીએ શબ્દરૂપાવલી અને 'રઘુવંશ' મહાકાવ્યનો અભ્યાસ શરૂ કર્યો. જીવરામ પંડિત સવારે દસેક વાગ્યે આવે. કલાક-દોઢ કલાક ભણાવીને વિદાય લે. ત્યારબાદ સ્વામીશ્રી રાજભોગ આરતીમાં જાય. સાંજે ચાર વાગ્યે ઠાકોરજીના ઉત્થાપન પૂર્વે અક્ષર દેરીમાં પ્રદક્ષિણા કરે. તે પછી અધ્યયનમાં ડૂબે તે ઠેઠ સંધ્યા આરતી સુધી.

તે વખતે ગોંડલમાં છ-સાતને આશરે સાધુઓ રહેતા. કોઠારી, ભંડારી, પૂજારી તરીકે જે ગણો તે અક્ષરસ્વરૂપ સ્વામી. હરિજીવન સ્વામી બાંધકામની દેખરેખ રાખે. વળી, પાણી અને મચ્છરની ઉપાધિ ખૂબ હતી. તેથી સાધુ માંદા પણ થઈ જતા. આમ, થોડા માણસો અને ઝાઝું કામ. તેથી સ્વામીશ્રી અભ્યાસની સાથે સાથે ભંડારમાં જઈને રસોઈ બનાવવા-પીરસવામાં પણ ટેકો દે. બાંધકામમાં પણ કેડ-કછોટો વાળે. પોતાનાં કાર્યોમાંથી સમય કાઢીને જરૂરિયાતમંદને ખભો દેવો એ તેઓનું સાહજિક અંગ હતું.

ઠાકોરજીની સેવા-પૂજા કરવાની તેઓની રીત-ભાત જોઈ કોઠારી અક્ષરસ્વરૂપદાસ તો એવા રાજી થઈ ગયા કે મંદિરના ઠાકોરજીની સેવા સ્વામીશ્રીને જ સોંપી દીધી. તેઓએ પણ ઠાકોરજીને જગાડવા-પોઢાડવા, વાઘા-શણગાર ધારણ કરાવવા, જળ-થાળ ધરાવવા વગેરે સેવા હોંશે હોંશે ઉઠાવી લીધી. પણ અહીં બનતું એવું કે ઘનશ્યામ મહારાજની મૂર્તિ ઊંચી અને સ્વામીશ્રી નાની વયના; તેથી મૂર્તિ આગળ નાનું ટેબલ મૂકીને તે પર ઊભા રહી તેઓ ઘનશ્યામ મહારાજની સેવા-પૂજા કરતા.

પ્રભુને પ્રગટ કરી દેતો પ્રેમ

અભ્યાસની સાથે સાથે સેવામાં પણ પવનની જેમ ચારે બાજુ ઘૂમી વળતા સ્વામીશ્રીને દરેક ક્રિયામાં શાસ્ત્રીજી મહારાજની રટણા રહેતી. તેઓના જ વિચારો મનમાં રમ્યા કરતા. તેઓની સાથે વિચરણ કરવાની ઇચ્છા પણ રહ્યા કરે. વળી, શાસ્ત્રીજી મહારાજનો પત્ર બે-ત્રણ દિવસે તેઓ પર આવે જ. સ્વામીશ્રી પણ સામો પત્ર લખે. પરંતુ તેથી તો વિરહાગ્નિ વધુ પ્રબળ થતો. તેને કારણે ગુરુનાં પ્રત્યક્ષ દર્શનનો તલસાટ વધુ ને વધુ ઉત્કટ થતો જતો હતો.

આમ ગુરુસ્મૃતિમાં ગુલતાન સ્વામીશ્રી એક દિવસ સવારે પૂજા કરવા બેઠેલા ત્યાં જ કો'ક બોલ્યું : 'શાસ્ત્રીજી મહારાજ આવ્યા.'

કાને આ શબ્દો પડતાંવેંત સ્વામીશ્રી તો પૂજા મૂકીને દોડ્યા મંદિરનાં પગથિયાં બાજુ. તે વખતે સવારે સાડા ચાર વાગ્યે જેતલસર તરફથી એક ટ્રેન ગોંડલ આવતી હતી. તેમાં શાસ્ત્રીજી મહારાજ આવ્યા હશે તેમ ધારીને તેઓ આમ દોડી ગયેલા. ત્યાં મંદિરના પ્રાંગણમાં એક વ્યક્તિ ઊભેલી. તેને તેઓએ પૂછ્યું : 'શાસ્ત્રીજી મહારાજ આવ્યા એ ક્યાં છે ?'

'શાસ્ત્રીજી મહારાજ તો ઉપર ગયા.' જવાબ મળ્યો.

એટલે સ્વામીશ્રી હાલમાં જ્યાં સભામંડપ છે તે તરફનાં મંદિરનાં પગથિયાં ચઢી ઉપર ગયા. પણ ત્યાં તો આશ્ચર્ય ! ઘનશ્યામ મહારાજ સિંહાસનમાં જમણા પડખે પોઢેલા દેખાયા. સ્વામીશ્રી તેઓને પગે લાગ્યા અને પૂછ્યું : 'શાસ્ત્રીજી મહારાજ આવ્યા છે ?'

ત્યારે ઘનશ્યામ મહારાજ બેઠા થયા અને કહ્યું : 'એ તો નીચે ગયા.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી નીચે દોડી ગયા, પણ અહીં અક્ષર દેરીમાં કે સંતનિવાસમાં ક્યાંય શાસ્ત્રીજી મહારાજ દેખાયા નહીં. ત્યાં કો'કે કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજ તો દર્શન કરવા સારુ ઉપર ગયા છે.' એટલે વળી સ્વામીશ્રી ઉપર પહોંચ્યા. પ્રદક્ષિણામાં પણ જઈ આવ્યા, પણ શાસ્ત્રીજી મહારાજ દેખાયા નહીં. તેથી મંદિરમાં આવ્યા.

અહીં જોયું તો ઘનશ્યામ મહારાજ સુખશય્યામાં ચરણ લટકાવીને બેઠેલા. બાજુમાં શાસ્ત્રીજી મહારાજ ઊભેલા. સ્વામીશ્રીના પ્રેમે આજે પ્રભુને પ્રગટ કર્યા હતા અને તે જ પ્રેમથી ગુરુ ખેંચાઈ આવેલા. ગુરુ-ગોવિંદનાં એકસાથે દર્શન થતાં સ્વામીશ્રી તો ભાવવિભોર બની ગયા. એટલામાં જ તેઓના મસ્તક પર શાસ્ત્રીજી મહારાજે હાથ મૂક્યો. ઘનશ્યામ મહારાજે પણ આશીર્વાદ આપ્યા. પછી પળવારમાં જ શાસ્ત્રીજી મહારાજ દિવ્ય દર્શન આપી રહેલી ઘનશ્યામ મહારાજની મૂર્તિમાં લીન થઈ ગયા. પાંચ-દસ મિનિટ સુધી તો સ્વામીશ્રી 'આ શું થઈ ગયું !' તેમ વિચારતાં ત્યાં જ સ્થિર થઈ ઊભા રહી ગયા. ઘનશ્યામ મહારાજની મૂર્તિમાંથી પ્રકાશના પુંજ રેલાતા રહ્યા. થોડી વારે તે પ્રકાશ પણ શમ્યો.

આ પ્રસંગના સંદર્ભમાં એક વાર તેઓને પૂછવામાં આવેલું કે 'સ્વયં શ્રીજીમહારાજે આપને દર્શન આપ્યાં છતાં આપ નીચે કેમ દોડી ગયા ?'

ત્યારે તેઓએ જણાવેલું : 'શાસ્ત્રીજી મહારાજ સાથે હેત, પ્રેમ, લગની એવાં હતાં ને ! ગુરુની અંદર ભગવાનનો સંપૂર્ણ ભાવ આવી ગયેલો. નાના હતા ને હેતથી એમની સાથે જોડાયેલા. તેથી શાસ્ત્રીજી મહારાજ આવ્યા છે તે વાત

સાંભળી દોડાદોડ કરવાનું મન થાય. બીજી વાત કરવાની રહે નહીં. એટલે ફક્ત સ્વામી વિશે પૂછીને નીચે દોડી ગયેલો.'

તેઓના આ ખુલાસામાં 'यस्य देवे पराभक्तिर्यथा देवे तथा गुरौ...'[૪૨] 'ભગવાનને વિશે જેવી પરાભક્તિ હોય તેવી જ ગુરુને વિશે કરવી' – એ શાસ્ત્રવચનનો પડઘો પડતો હતો.

એક વાર તેઓને પુછાયેલું : 'આપનો અને શાસ્ત્રીજી મહારાજનો સંબંધ પિતા-પુત્રનો, ગુરુ-શિષ્યનો, મિત્ર-મિત્રનો કે ભક્ત-ભગવાનનો હતો ?'

ત્યારે સ્વામીશ્રીએ જણાવેલું : 'શાસ્ત્રીજી મહારાજ તો સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ જ હતા. તેથી ભક્ત-ભગવાનનો સંબંધ બરાબર કહેવાય. તેઓને શ્રીજીમહારાજનું સ્વરૂપ માનીને તેઓના આશરે આવેલા.'

ગુરુ સાથેના તેઓના આ સંબંધનું એક ગરવું દર્શન આજની સવારને જોવા મળ્યું.[૪૩]

આમ, સ્વામીશ્રીનાં દિન-રાત સેવા, સ્મૃતિ અને સંસ્કૃત અધ્યયનમાં વીતતાં હતાં.

દીક્ષા બાદ લગભગ દોઢેક મહિનો આ રીતે વીત્યો હશે તે અરસામાં શાસ્ત્રીજી મહારાજ પુનઃ ગોંડલ પધાર્યા. તે વખતે સ્વામીશ્રીએ તેઓની સાથે વિચરણ કરવાનો પોતાનો મનોરથ શાસ્ત્રીજી મહારાજને જણાવ્યો. શાસ્ત્રીજી મહારાજને પણ સ્વામીશ્રી સાથે રહે તેવી ઇચ્છા તો રહેતી જ. તેથી મેળ પડી ગયો અને શાસ્ત્રીજી મહારાજની સાથે સ્વામીશ્રી વિચરણમાં જોડાયા.

થોડા દિવસે ફરતાં ફરતાં તેઓ સારંગપુર પહોંચ્યા.

ત્યારથી હાથ જોડેલા જ છે

આ અરસામાં લાઠીદડના વહીવટદાર હરગોવિંદભાઈ પોતાના મિત્ર અને ધોળકાના મેજિસ્ટ્રેટ શંકરપ્રસાદ ત્રિવેદી સાથે સારંગપુર આવેલા. અહીં તેઓને કચરિયા ઓરડામાં બિરાજેલા શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં. ગાર-માટીની

---

૪૨. श्वेताश्वतरोपनिषद् – ૬/૨૩.

૪૩. સ્વામીશ્રીને ઘનશ્યામ મહારાજે આપેલાં દિવ્ય દર્શનની સ્મૃતિ તેઓના જ શ્રીમુખે સાંભળવા જુઓ વીડિયો ટ્રેક નં. ૫. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

નાની ઓરડીમાં બેઠેલા શાસ્ત્રીજી મહારાજનું પ્રભાવક વ્યક્તિત્વ શંકરપ્રસાદને સ્પર્શી ગયું. ફોટોગ્રાફીના શોખીન તેઓએ ખાસ સ્મૃતિ માટે શાસ્ત્રીજી મહારાજ અને હરગોવિંદભાઈનો એક ફોટો પાડ્યો.

હજી ફોટોગ્રાફીની એક પ્લેટ બાકી હતી. તેથી તેઓએ શાસ્ત્રીજી મહારાજનો એક વધુ ફોટો પાડવાની ઇચ્છા દર્શાવી, જેમાં તેઓ એકલા જ બિરાજમાન હોય. પરંતુ શાસ્ત્રીજી મહારાજે તેમને રોકીને તરત જ પોતાના લાડીલા સંત સ્વામીશ્રીને બોલાવડાવ્યા. તે જોઈ શંકરપ્રસાદને ખૂબ આશ્ચર્ય થયું. તેઓની ધારણા હતી કે કોઈ પીઢ વડીલ સંત આવશે; પરંતુ તેની જગ્યાએ માત્ર ૧૮ વર્ષની ઉંમરના આ નવયુવાન સંતને શાસ્ત્રીજી મહારાજે પોતાની પાસે બેસાડ્યા! જેવા તેઓ શાસ્ત્રીજી મહારાજ પાસે બેઠા એ જ ક્ષણે શાસ્ત્રીજી મહારાજના મુખારવિંદ પર પ્રસન્નતાની લહેરખી ફરી વળી.

શંકરપ્રસાદ આ જોઈ ખૂબ વિસ્મય પામ્યા. અગાઉ પાડેલા ફોટામાં શાસ્ત્રીજી મહારાજ ધીર-ગંભીર જણાતા હતા, પરંતુ પોતાના પ્રિય શિષ્યની હાજરી માત્રથી તેઓ વસંતની જેમ મહોરી ઊઠેલા.

જ્યારે સ્વામીશ્રી ફોટો પડાવવા માટે બેઠા ત્યારે તેઓ શાસ્ત્રીજી મહારાજની જેમ જ ગોઠણ પર બે હાથ રાખીને બિરાજેલા. તે જોઈ શાસ્ત્રીજી મહારાજે તેઓને મીઠી ટકોર કરતાં કહ્યું કે ‘હાથ જોડીને બેસ. આમ, મહાત્માની જેમ ન બેસાય. ગુરુ આગળ હાથ જોડીને બેસવું.’

બસ, તે ઘડી અને તે દા’ડો ! સ્વામીશ્રી આ સંદર્ભમાં ઘણી વાર કહેતા કે ‘સ્વામીએ શિખવાડ્યું ત્યારથી હાથ જોડેલા જ રાખ્યા છે.’

ગુરુમુખેથી નીકળેલા સહજ શબ્દોને પણ સ્વામીશ્રી પોતાનો જીવનમંત્ર બનાવી દેતા.[૪૪]

શાસ્ત્રીજી મહારાજના લાડકવાયા

શાસ્ત્રીજી મહારાજ સાથે જ્યારે જ્યારે વિચરણનો લાભ મળતો ત્યારે

૪૪. સ્વામીશ્રીના આ દિવ્ય પ્રસંગને તેઓના જ શ્રીમુખે સાંભળવા અને શાસ્ત્રીજી મહારાજ સાથેની તેઓની આ ઐતિહાસિક છબીને નિહાળવા જુઓ વીડિયો ટ્રેક નં. ૬. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

સ્વામીશ્રી એક ક્ષણ પણ વૃથા જવા દેતા નહીં અને શાસ્ત્રીજી મહારાજની નાની-મોટી સેવામાં જ પરોવાયેલા રહેતા. શાસ્ત્રીજી મહારાજને સ્નાન કરાવવું, તેઓ માટે ગરમ પાણી તૈયાર કરવું, તેઓની નિત્ય પૂજા પાથરવી, તેઓને રસોઈ કરીને જમાડવા વગેરે સેવાઓ તેઓ ભક્તિભાવથી કરતા. સાથે સાથે હરિભક્તોનાં આસન-ભોજન વગેરેની વ્યવસ્થા કરવામાં પણ તેઓ ગૂંથાયેલા રહેતા.

શાસ્ત્રીજી મહારાજને બપોરે સૂતી વખતે અંધારું ગમતું. તેથી શક્ય હોય તે રીતે તેની પણ વ્યવસ્થા સ્વામીશ્રી કરતા. તે વખતે વીજળીની સુવિધા નહીં. તેથી બપોરે શાસ્ત્રીજી મહારાજ સૂએ ત્યારે સ્વામીશ્રી પોતાનો આરામ ઠેલીને આખી બપોર પંખો નાંખતા.

શાસ્ત્રીજી મહારાજ પણ પોતાના આ વહાલસોયા શિષ્ય પર એટલો જ પ્રેમ વરસાવતા. તેને સગી આંખે જોઈને ધન્ય થયેલા ભાદરણના કાશીભાઈ અવાર-નવાર કહેતા: 'સાત ભાઈઓ વચ્ચે એક ભાઈને જ દીકરો હોય અને તે દીકરો પરદેશથી બાર વર્ષે પાછો આવતો હોય, તે વખતે મા-બાપને જે આનંદ થાય તેવો આનંદ શાસ્ત્રીજી મહારાજ જ્યારે જ્યારે નારાયણ સ્વામીને મળતા ત્યારે થતો. રાજાને સાઠ વરસે દીકરો આવ્યો હોય ને તે દીકરા પર જેવું વહાલ હોય એવું વહાલ શાસ્ત્રીજી મહારાજ નારાયણ સ્વામી પર કરે, એવું નજરે જોયેલું.'

શાસ્ત્રીજી મહારાજ સવારે પોતાનો પ્રાસાદિક ઉકાળો સ્વામીશ્રીને પીવા આપે. બપોરે પણ સ્વામીશ્રીને પોતાની સાથે જમવા બેસાડે અને પ્રસાદી તેઓને આપતા જાય. કોઈક વખત પોતે થોડી રોટલી ખાઈને બાકીની સ્વામીશ્રીના મોંમાં પણ મૂકે. ક્યારેક સ્વામીશ્રીના મસ્તકે શાસ્ત્રીજી મહારાજ પાઘ પણ બાંધી આપતા. કામ પ્રસંગે પોતાની જોડના સંત તરીકે પણ તેઓ સ્વામીશ્રીને લઈ જતા.

આમ, શાસ્ત્રીજી મહારાજ અને સ્વામીશ્રીનું વિચરણ ગુરુ-શિષ્યની પરસ્પરની પ્રેમવર્ષાથી સદા ભીંજાતું રહેતું.

અધ્યયનનો અનોખો અધ્યાય

પોતાની સાથે થોડો સમય રાખીને શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીને ભાદરણમાં રહી સંસ્કૃતનો અભ્યાસ આગળ ધપાવવાની આજ્ઞા કરી. તે માટે પોતે જ સ્વામીશ્રીને ભાદરણ ગામે મૂકવા આવ્યા અને વિઠ્ઠલરામ શાસ્ત્રી પાસે 'રઘુવંશ'નો અભ્યાસ શરૂ કરાવી આપ્યો. વિઠ્ઠલરામ શાસ્ત્રી રોજ દોઢ - બે કલાક જેટલો પાઠ લેતા અને મહિને પાંચ-સાત રૂપિયા પગાર લેતા.

પોતાના આ વિદ્યાગુરુની વિશેષતા વર્ણવતાં સ્વામીશ્રી ઘણી વાર કહેતા કે 'વિઠ્ઠલરામ શાસ્ત્રી બહુ સારા. હસમુખા ને રમૂજી. શ્લોક બોલે ને સમજાવે. એમની જોડે રમૂજ થાય એટલે ભણવાની મજા આવે. જેટલી વખત પ્રશ્ન પૂછીએ તેનો જવાબ શાંતિથી આપે. એ બોલે ને આપણને મોઢે રહી જાય. હસતાં હસતાં આપણને શ્લોક શિખવાડી દે.'

અહીં સ્વામીશ્રી સાથે ભણવામાં પુરુષોત્તમાનંદ બ્રહ્મચારી, અક્ષરજીવનદાસ અને હરિસ્વરૂપદાસ હતા. હરિવલ્લભદાસ પુરાણી પણ થોડા સમય માટે આ મંડળ સાથે રહેલા. અંબારામ ભગત[૪૫] પાર્ષદ તરીકે મંદિરમાં સેવા-પૂજા કરતા.

તે વખતે અભ્યાસ ઝોળી પર ચાલતો. દર સુદ બારસ અને વદ બારસના રોજ ગામમાં ઝોળી માંગવા જવાનું થતું. સ્વામીશ્રી અને અક્ષરજીવનદાસ કાયમ ઝોળી માંગવા જાય; પણ હરિસ્વરૂપદાસ ઝોળી માંગવામાં ક્યારેય સાથે ન આવે. ઝોળીનું સીધું આવી જાય પછી રસોઈ કરવામાંય મદદમાં ન આવે. તેઓની પ્રકૃતિ પ્રથમથી જ રજોગુણી. ચાલતી વખતે ચાખડીઓ પહેરે. બે હાથમાં રૂમાલ રાખે અને માથે છત્રી ઝલાવે. પોતાને ગાદીપતિ જ માને. ત્યાં સુધીનો વટ કે 'આ સંસ્થામાં હું જ ગાદી પર આવીશ.' પોતાની પાસે સેવક જેવો એક છોકરો રાખે. તે તેઓને નવરાવે, પથારી કરી દે, બહાર જાય ત્યારે છત્રી ઝાલે. તે છોકરો ક્યારેક આઘોપાછો હોય ત્યારે સ્વામીશ્રી આ છત્રી પકડતા. મંદિરના ઉપલા મેડે આ હરિસ્વરૂપદાસ એકલા જ રહે. ઉપરના માળે કોઈને આવવા ન દે. શાસ્ત્રી ભણાવવા આવે તે પૂરતું જ સ્વામીશ્રી અને અન્ય સહાધ્યાયીઓને ઉપર આવવા દે. તેથી સ્વામીશ્રી સહિત બાકીના સૌએ નીચે સભામંડપમાં જ રહેવા-સૂવાનું અને વાંચવાનું થતું. અભ્યાસ માટે કોઈ અલાયદો ઓરડો રહેતો નહીં.

હરિસ્વરૂપદાસની આવી અલ્લડતા જોઈ સાથે ભણનારા બીજા સંતો અકળાય. તેઓને મનમાં ચચરી આવે: 'આપણને ઉપરના મેડે કેમ ન જવા દે?'

ત્યારે સ્વામીશ્રી સૌને શાંત પાડતા: 'એમને ના ફાવતું હોય તો તમારે જઈને શું કામ છે? નીચે આપણું ભણવાનું ચાલે છે! જવાથી એમને અશાંતિ

---

૪૫. અંબારામ ભગતનું મૂળ ગામ કડી. તેઓ નાયક જ્ઞાતિના હતા અને નગાસરમાં સેવા-પૂજા માટે રહેલા. ચાર-પાંચ વાર ખાનદેશમાં પણ વિચરણ કરી આવેલા. તેઓ કીર્તનો લલકારતાં આખો દિવસ સેવા કર્યા કરતા. કથાવાર્તા પણ સારી કરતા. ભક્તહૃદય, નિયમ-ધર્મની દૃઢતાવાળા અને નિરાવરણ સ્થિતિના આ પાર્ષદ નંદ પરમહંસો જેવું શુદ્ધ અને નિઃસ્પૃહી જીવન જીવનારા હતા. પોતાની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિનું જાણપણું કોઈને ન આવે તેમ દાસભાવે વર્તતા.

રહેતી હોય તો એમનેય અશાંતિ ને આપણનેય અશાંતિ રહે. જવાથી તો કજિયા જેવું જ કંઈક થવાનું ને!'

આમ, સ્વામીશ્રી ભણનારા ચારેયમાં સૌથી નાના પણ સૌને સમજાવીને વાતાવરણ કલુષિત ન થવા દે. નેતૃત્વના પાઠ જાણે ગળથૂથીમાંથી જ પીને આવ્યા હોય એવી તેઓની રહેણી-કરણી રહેતી.

એક વાર તેઓને પૂછવામાં આવેલું : 'ભણતા ત્યારે આપ ઉંમરમાં સૌથી નાના હતા. છતાં સૌને એકસાથે રાખતા'તા. આવી ભાવના આપની પહેલેથી?'

ત્યારે તેઓએ જણાવેલું : 'ભાવના શું? એનું કામ આપણે કરી લઈએ એટલે ઝઘડો મટી જાય. ભણતા ત્યારે બહાર પાણી ભરવા બે જણા જાય જ નહીં. એટલે અમે તે કામ કરી લઈએ. એવી રીતે વાસણ ઊટકવાનું કરી લેતા. એની ઇચ્છા જ ના હોય પછી લાંબો ઝઘડો કર્યા કરતાં કામ કરી લેવું.'

આમ, પ્રથમથી જ સ્વામીશ્રીનું વલણ સમાધાનકારી. પ્રશ્નનો ઉકેલ કેવી રીતે આવે તે તરફ જ દૃષ્ટિ અને તેવી સૂઝ પણ. તેથી વયમાં નાના હોવા છતાં મોટા-મોટાના દિલમાં વસી જતા. તેઓના બોલનું વજન પડતું.

ભાદરણ તો સુવાંગ અમારું

ભાદરણના અભ્યાસ દરમ્યાન ઝોળી માંગવામાં સ્વામીશ્રીની સાથે ક્યારેક અક્ષરજીવનદાસ જાય તો ક્યારેક બ્રહ્મચારી. સાથેના સાગરિત બદલાય પણ સ્વામીશ્રીને તો ઝોળી માંગવાનું કાયમનું રહેતું. જો કે બીજાના સુખ માટે દુઃખ વેઠવાનું તેઓને કોઠે પડી ગયેલું.

સ્વામીશ્રી ઝોળી માંગવા જાય ત્યારે ખભે ઝોળી ભરાવે. મોટે ભાગે ડાહ્યાભાઈ, સોમાભાઈ, ઠાકોરભાઈ વગેરે સત્સંગીઓનાં ઘેર જતા. ઠાકોરભાઈનાં ધર્મપત્ની કાશીબાને સ્વામીશ્રી વિશે ઘણો ભક્તિભાવ. તેઓના ફળિયામાં સ્વામીશ્રી ઝોળી માંગવા જાય ત્યારે સંતોને ઘરમાં બોલાવી ઢેબરાં, મઠિયાં વગેરે જમાડે. બાદ પંદર દા'ડા ચાલે એટલી ઝોળી આપી વિદાય કરે.

ગામમાં રહેતા વેદાંતી પુરુષોત્તમભાઈ પણ દર બારસે આ ભણનારા સંતો માટે સીધું મોકલાવતા. કોઈ આપવા જનાર ન મળે તો જાતે ઉપાડીને લાવતા અને કહેતા : 'કંઈ જોઈતું હોય તો મંગાવજો.'

જે ફળિયામાં હરિભક્તો રહેતા હોય ત્યાં જઈને સ્વામીશ્રી 'નારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો...'ની આહ્‌લેક જગાવે. તેથી સૌને ખ્યાલ આવે કે સંતો ઝોળી

માંગવા આવ્યા છે. એટલે સૌ યથાશક્તિ ઝોળીમાં પધરાવે. ઝોળી આપનારામાં તો મહિલાઓ પણ હોય! તેથી આહ્‌લેક જગાવી સ્વામીશ્રી ફળિયામાં ઊભા રહે. જે ઝોળી આપવા ઘરની બહાર આવે ત્યાં જઈને સાથે રહેલા યુવકો-સત્સંગીઓ ઝોળીમાં સીધું લઈ આવે. તે માટે ઈશ્વરભાઈ, ગુણવંતભાઈ, ઘનશ્યામભાઈ, મધુભાઈ વગેરે સ્વામીશ્રી સાથે ઝોળી માંગવામાં રહેતા.

જ્યારે સ્વામીશ્રી આમ ઝોળી માંગવા નીકળે ત્યારે ગામના બે-ત્રણ અળવીતરા હંમેશાં ટોણા મારતા કે 'મહેનત કરો, મહેનત... શું મફતનું ખાઓ છો?' જો કે આવાં અપમાન કે અવહેલનાથી લેશ પણ ઝાંખા પડ્યા સિવાય સ્વામીશ્રી તો ખુમારીથી ઝોળી માંગતાં ફરતા.

અલગ-અલગ પ્રકારનું સીધું આવે એટલે તેઓ ઝોળીઓ પણ અલગ-અલગ રાખતા. ભાદરણમાં સત્સંગીઓનો સમુદાય મોટો અને તેઓ સદ્ધર પણ ખરા; તેથી વધી પડે એટલું સૌ ઝોળીમાં દેતા. તેલ પણ બહુ આવે. ચોખ્ખું ઘી ઘેર-ઘેરથી આવે. કોઈક મસાલા પણ આપે. સત્સંગીનું ગામ એટલે રસોઈ પણ આપે. ઝોળીમાં ચાર-પાંચ મણ અનાજ આવી જતું. તેમાંથી જરૂર પૂરતું રાખી બાકીનું સીધું સ્વામીશ્રી બોચાસણ મોકલી દેતા. આમ, ભાદરણનાં ભક્તો મન મૂકીને સેવા કરતાં. વિદ્યાગુરુના પગારની ચુકવણી પણ આ હરિભક્તો કરી દેતા. તેથી સ્વામીશ્રી કહેતા : 'ભાદરણ તો સુવાંગ અમારું.'

અંબારામ ભગતની ચાંપતી દેખરેખ

ભણનારા સંતોને પ્રેરણા-પ્રોત્સાહન મળે તે હેતુથી શાસ્ત્રીજી મહારાજ પંદરેક દિવસે એક વાર ભાદરણ આવી જતા. સૌ સાથે એક દિવસ રોકાઈને પાછા વિચરણ માટે ચાલી નીકળતા.

મંદિરમાં રહેતા વયોવૃદ્ધ પાર્ષદ અંબારામ ભગત આ સંતોનું ખૂબ ધ્યાન રાખતા. ખાસ તો સંતોની નિષ્ઠામાં ફેર ન પડે તે માટે તેઓ સદા સતર્ક રહેતા. ભગતજી મહારાજના સમયમાં અણસમજણથી છકી જઈને પોતાને જ ભગવાન માની બેઠેલા પુરુષોત્તમની જગ્યા પણ ભાદરણમાં હતી. સંતો ત્યાં ન જાય તેની તકેદારી આ ભગત રાખતા.

એક વાર આ મંદિરમાં વરતાલથી આવેલા કુંજવિહારીદાસ અને ખોડા ભગત ઊતરેલા. તેઓ ઉપર મેડે રહે. સ્વામીશ્રી અને અક્ષરજીવનદાસને નાના સમજી ઉપર બોલાવે. મગસના લાડુ ખવડાવે, નાસ્તો કરાવે ને પછી ખોડા ભગત

ધીરે રહીને વાત મૂકે : 'સ્વામી(કુંજવિહારીદાસ) બહુ સારા છે... તમે વરતાલ આવો. ત્યાં આવું જમવાનું મળશે. અહીં તો કાંઈ મળશે નહીં.'

કુંજવિહારીદાસ પણ લલચાવે : 'અહીં શું પડ્યા રહ્યા છો? વરતાલમાં તો શાંતિ-સુખ છે. દરરોજ સવારે મગસ મળશે.'

આવી વાતો સાંભળીને આ બંને સંતો 'હા... હા...' કહે ને મગસનું એક ચકતું આપે તે ખાઈને નીચે જતા રહે.

આમ બે-ચાર દા'ડા ચાલ્યું એટલે અંબારામ ભગતને ફાળ પડી કે આ બંને સાધુના મેડે જાય છે તો તેઓ આ બેયને સમજાવીને વરતાલ ઉપાડી જશે! તેથી તેઓ સ્વામીશ્રી અને સાથેના સાધુને સમજાવે : 'તમારે ઉપર જવાનું નહીં. આપણે તેઓનું કાંઈ સાંભળવું નહીં. ચાલો, આપણે બોચાસણ જતા રહીએ.'

આ સાંભળી અક્ષરજીવનદાસે કહ્યું : 'મને તો વાંધો નથી, પણ આ નારણદા'[૪૬] તેઓ સાથે જવાનો વિચાર કરે છે.' એમ કહી અંબારામ ભગતને ગમ્મત કરવાના હેતુથી ચાવી ચડાવી દીધી.

બસ, અંબારામ ભગતને તો દૃઢ જ થઈ ગયું કે 'નારણદા હવે જરૂર જશે જ!' તેથી તેઓએ તો આ બંનેને બોચાસણ પહોંચાડી દેવાનો જ વિચાર કર્યો.

પછી તો સ્વામીશ્રીએ તેઓને સમજાવ્યા કે 'આ ગમ્મત કરે છે. એ બધી સંપત્તિ આપે તોય મારે જવું નથી. શાસ્ત્રીજી મહારાજ જેવા મળ્યા છે માટે મારે કોઈ બીજો સંકલ્પ જ નથી. માટે તમે મૂંઝાઓ નહીં.'

આ સાંભળી અંબારામ ભગતનો જીવ હેઠો બેઠેલો.

અંબારામ ભગત મૂળ સ્વભાવથી રમૂજી; તેથી સંતો પણ તેઓ સાથે રમૂજ કરી લેતા. આમ, વિદ્યાભ્યાસમાં વચ્ચે વચ્ચે આવા વિનોદના 'પિરિયડ' પણ આવતા રહેતા. તેથી વાતાવરણ હળવું અને હાસ્યસભર રહેતું.

તેમાં આશરે છ-સાત મહિના સુધી અભ્યાસ ચાલ્યો. તે દરમ્યાન 'માર્ગોપદેશિકા'નો એક ભાગ તથા 'રઘુવંશ'નો બીજો, ત્રીજો અને ચોથો સર્ગ સ્વામીશ્રી ભણ્યા. આ મહાકાવ્યમાંથી –

'एकातपत्रं जगतः प्रभुत्वं नवं वयः कान्तमिदं वपुश्च ।
अल्पस्य हेतोर्बहुहातुमिच्छन्विचारमूढः प्रतिभासि मे त्वम् ॥ (२/४७)

૪૬. શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રીને ઘણી વાર 'નારણદા' કહીને બોલાવતા. તેથી સંતો પણ તે નામથી બોલાવતા. સ્વામીશ્રીનું બોલવાનું પહેલેથી ઓછું. તેથી શાસ્ત્રીજી મહારાજ તેઓને ક્યારેક 'નારાયણમુનિ' કહીને પણ બોલાવતા.

प्रसादचिह्नानि पुरः फलानि...’ (२/२२)
વગેરે શ્લોકો તેઓ વર્ષો પછી પણ કડકડાટ બોલી બતાવતા.

અભ્યાસમાં ઓટ નહીં, લાભમાં ખોટ નહીં

ભાદરણના આ અભ્યાસકાળ દરમ્યાન એક કાયદાકીય કાર્યવાહી માટે શાસ્ત્રીજી મહારાજને બોરસદ ગામે રહેવાનું થયેલું. અહીં જીવણરામ પટેલના ડેલામાં તેઓ રોકાયેલા. જીવણરામ હતા બ્રાહ્મણ પણ નાતના આગેવાન તેથી પટેલ કહેવાતા. તેઓના ઘેર રોજ સો માણસોની રસોઈ બનતી, કારણ કે કાર્યવાહીમાં સામેલ સંતો-ભક્તોની આવન-જાવન ચાલુ જ રહેતી.

આ વખતે સ્વામીશ્રી પણ ભાદરણથી બોરસદ લાભ લેવા આવતા. તેઓની આંખો હંમેશાં ગુરુનાં દર્શન માટે તરસતી જ રહેતી. તેથી જ્યારે વિઠ્ઠલરામ શાસ્ત્રી પાઠ પૂરો કરે એટલે તેઓ અને અક્ષરજીવનદાસ ચાલતાં નીકળી પડે. આખો દિવસ શાસ્ત્રીજી મહારાજ સાથે રહે અને રાત્રે શાસ્ત્રીજી મહારાજ પોઢી જાય પછી પાછા ચાલતાં ચાલતાં ભાદરણ પહોંચી જાય.

આ રીતે રોજના ૧૨ કિલોમીટરની આવન-જાવન પગપાળા કરતા રહીને તેઓએ અનેક દિવસો સુધી ગુરુહરિનો લાભ લીધેલો. તેઓએ અભ્યાસમાં ઓટ ન આવવા દીધી અને લાભમાં ખોટ પણ ન જવા દીધી. બંને પલ્લે સંતુલન રાખવાનું તેઓને સહજ હતું – જીવનના કોઈ પણ ક્ષેત્રમાં.

સન ૧૯૪૧

વિનયસભર વિદ્વત્તાનો સક્કો

સ્વામીશ્રીના આ અભ્યાસકાળ દરમ્યાન, તા. ૨/૬ થી ૯/૬ દરમ્યાન ગાના મુકામે નારણભાઈ પટેલ તરફથી પારાયણનું આયોજન કરવામાં આવેલું. તે માટે શાસ્ત્રીજી મહારાજ સ્વયં ત્યાં પધારેલા. પોતાની રસપ્રચુર શૈલીમાં તેઓ પારાયણનું રસપાન કરાવતા. તે સમય કેરીઓની મોસમનો પણ હતો. તેથી નારણભાઈએ કેરીઓની વખાર નાંખેલી. જેટલા સંતો-ભક્તો પારાયણમાં આવે તે સૌને સવાર-બપોર-સાંજ છૂટથી કેરીઓ આપવામાં આવતી.

શાસ્ત્રીજી મહારાજ પણ કેરીઓ અંગીકાર કરે અને ચૂસીને સંતોને આપે. આમ, આમ્રરસ અને કથારસની અદ્‌ભુત જમાવટ ગાનામાં થયેલી.

આ લાભ લેનાર સ્વામીશ્રી લખે છે : ‘શુક જે પોપટે જે ફળમાં ચાંચ મારી

હોય તેની મીઠાશ જુદી. તેમ શાસ્ત્રીજી મહારાજે જે કેરી ચૂસી તેની મીઠાશ અનેરી આનંદદાયક હતી. તે ખાતાં શાંતિ થાય.'

આ પારાયણ દરમ્યાન શાસ્ત્રીજી મહારાજે એકાએક જ સ્વામીશ્રીને કથા વાંચવા કહ્યું. આ પ્રસંગનું વર્ણન કરતાં પણ સ્વામીશ્રી લખે છે : 'મારી તૈયારી નહીં, છતાં આગ્રહ કરી મને પોતે એક અધ્યાય આપી પાટ ઉપર બેસાડ્યો. જો કે તેઓની ઇચ્છા ને દૃષ્ટિથી, જે આશા નહોતી અને મનમાં બીક રહેતી તે કથા, એક અધ્યાયની કરી શક્યો. સ્વામીશ્રી ખૂબ રાજી થયા અને કથામાં એવો રસ મૂક્યો તે સર્વેને આનંદ થયો.'

તે વખતે પુરાણીએ ગ્રંથના શ્લોકો ગાતાં-ગાતાં તેનું ગુજરાતી ભાષાંતર તાત્કાલિક જ કરતા જઈને બોલવાનું રહેતું. પારાયણની આવી રીતમાં, કોઈ પ્રકારની આગોતરી જાણ વિના સીધી કથા કરવાની આવી, છતાં સૌનાં મન રંજન થાય તેવું પારાયણ સ્વામીશ્રીએ કર્યું ! તે બાબત તેઓએ કરેલો અભ્યાસ કેટલો તલસ્પર્શી હશે તે જણાવે છે, પરંતુ સ્વામીશ્રીની નમ્રતા અને ગુરુભક્તિ તો હૃદયસ્પર્શી જણાય છે, કારણ કે સર્વજનને આનંદ પમાડનારી પોતાની કથાનો યશ તેઓ ગુરુચરણે ધરી રહ્યા છે.

'विद्या विनयेन शोभते।' વિદ્યા વિનયથી શોભે છે – તે અનુસાર આ પારાયણમાં સ્વામીશ્રીએ વિનયસભર વિદ્વત્તાનો સક્કો બેસાડી દીધો.

ખંભાતમાં નોખી ભાત

ભાદરણ બાદ સ્વામીશ્રીના અભ્યાસનું સ્થળ ખંભાત રહેલું. ત્યાં કોલમપાડામાં આશરે બે મહિના અને ત્યારપછીથી હનુમાન પોળમાં લગભગ છ મહિના તેઓ રહેલા. અહીં અક્ષરજીવનદાસ, પુરુષોત્તમાનંદ બ્રહ્મચારી અને સંપ્રદાયની અન્ય એક શાખામાંથી આવેલા નિરન્નમુક્તદાસ સહાધ્યાયી તરીકે હતા. તે સમયે ખંભાતમાં રહેતા માસ્તર ખોડાભાઈ અને ધનેશ્વર મહારાજને શાસ્ત્રીજી મહારાજે સંતોને 'કૌમુદી' ભણાવવા આવનાર પંડિત ભાઈનારાયણ શાસ્ત્રીનો માસિક દસ રૂપિયા પગાર ચૂકવવાની સેવા સોંપેલી અને આ અભ્યાસુ મંડળને કહેલું : 'શાસ્ત્રીના પગારની ગોઠવણ કરી દીધી છે. જમવાનો ખર્ચો તમારી મેળે ઊભો કરવાનો. ઝોળી માંગી લાવજો.'

આમ, ભાદરણ જેવી જ વ્યવસ્થા શાસ્ત્રીજી મહારાજે અહીં ગોઠવી દીધી. પણ ભણાવનાર શાસ્ત્રી અને ભણનાર સહાધ્યાયીની દૃષ્ટિએ ભાદરણ કરતાં

ખંભાતમાં વાતાવરણ થોડું જુદું હતું.

નવા સહાધ્યાયી તરીકે જે નિરન્નમુક્તદાસ જોડાયેલા તે ભાદરણમાં ભણતા હરિસ્વરૂપદાસના ગોત્રના જ હતા. બલ્કે તેમનાથી ચાર વેંત ચઢે તેવા. તેમની પણ રજોગુણી ટાપટીપ ઘણી. તે જમાનામાં મોંઘીદાટ ફેશનેબલ ફ્રેમના ગોગલ્સ પહેરતા. ઝોળી માંગવા જાય જ નહીં. કહે : 'ભીખ માંગવામાં મારી શોભા નહીં.' જો પરાણે લઈ જાય તો ત્યાં જઈને 'નારાયણ હરે...' એમ આહ્‌લેક બોલે જ નહીં. ઠૂંઠાની જેમ ઊભા રહે. તેથી સ્વામીશ્રીને જ આહ્‌લેક બોલાવવાની થાય અને ઝીલવાની પણ ખરી. આમ, બેવડું બોલવું પડે.

ઝોળી માંગવામાં આવા આળસુના પીર એ સહાધ્યાયી પાછા જમવામાં મોટા મીર. ખાવા-પીવામાં બધી રીતે કકળાટ કર્યે રાખે. 'જમવામાં પ્રવાહી જેવું કંઈ હોવું જોઈએ (એટલે કે દાળ-ભાત, કઢી જેવું હોવું જોઈએ)...' એમ ફરમાઈશો મૂકતા ફરે. સૌ માટે રસોઈ કરનાર બ્રહ્મચારીને પણ ભણવાનું તો હોય. તેથી તે કહે : 'તમે મને સામગ્રી તૈયાર કરીને આપો તો હું રસોઈ કરું.'

ત્યારે નિરન્નમુક્તદાસ કહે : 'તમેય ભણવા આ'યા છો ને હુંય ભણવા આ'યો છું. માટે હું કાંઈ નહીં કરું.'

તે સાંભળી બ્રહ્મચારીએ પણ કહી દીધું : 'તો હું ભાખરી ને શાક એમ બે જ વાનગી કરીશ.'

આ સાંભળી નિરન્નમુક્તદાસ શિયાંવિયાં થઈ ગયા, પરંતુ તે વખતે સૌની સંભાળ લેવાની પ્રકૃતિ ધરાવતા સ્વામીશ્રીએ સૌ રાજી રહે તેવો માર્ગ કાઢી આપતાં કહ્યું : 'અમે બધું કરશું પણ રસોઈ તો બધી જ કરો, કારણ કે સૌને ભણવાનું છે તે સારી રીતે જમવા તો જોઈશે.'

પછી તો સ્વામીશ્રી અને અક્ષરજીવનદાસ બંને શાક સમારી આપે. તપેલી-તપેલાંને કંટેવાળો[૪૭] કરી દે. દાળ-ચોખા ધોઈ તૈયાર રાખે. લોટ પણ ચાળીને તૈયાર કરી દે. લાકડાં લઈ આવે. ચૂલો પેટાવી દે. પાણી ભરી દે. ત્યારબાદ બ્રહ્મચારી રસોઈ કરે. જો કે તેઓને માત્ર વઘાર કરવાનો જ રહેતો.

રસોઈ તૈયાર થઈ જાય પછી રોટલી બનાવવાની થતી. તે માટે બ્રહ્મચારી દૂધમાં લોટ બંધાવે. સ્વામીશ્રી રોટલી પણ કરે. ક્યારેક વણે તો ક્યારેક શેકે. પછી ઠાકોરજીના થાળ માટે થાળી-વાટકા તૈયાર કરે. થાળ ધરાવી જમવા બેસે.

૪૭. તપેલી-તપેલાંનાં તળિયાંને અગ્નિની આંચ ન આવે તે માટે ત્યાં ધૂળથી લીંપી, તેની ઉપર રાખ નાંખવાની પ્રક્રિયા.

સંતો જમવા બેસે ત્યારે જ પેલા નિરન્નમુક્તદાસ આવે અને રસોઈ થઈ હોય એમાં વાંધા-વચકાં કાઢે કે 'તમે આજે રસોઈ બરાબર કરી નથી. ભાખરીમાં આમ છે ને શાકમાં તેમ છે...' વગેરે કહીને તકરાર ઊભી કરે. સામે બ્રહ્મચારી પણ મોરચો માંડે. ત્યારે વળી પાછા સ્વામીશ્રી બંનેને સમજાવીને તે મડાગાંઠ ઉકેલે.

રસોઈ વગેરેનાં વાસણ ઊટકવા માટે પણ નિરન્નમુક્તદાસ કેડ વાળવામાં કાયર. તેઓ એમ કહે કે 'હું કંઈ ચાકર ઓછો છું?' ત્યારે સ્વામીશ્રી તેમને સમજાવે કે 'આપણે સેવાના ભાગ પાડી દઈએ. દાળ-ચોખાનું અમે કરીએ તો તમે વાસણ ઊટકો ને પાણી ભરી લાવો.' પણ એ સાધુ તેમાંય નનૈયો ભણે.

તે વખતે પીવા માટે વરસાદનું પાણી ટાંકામાં ભરી રાખતા. વાસણ વગેરે ધોવા માટે બહારથી પાણી ભરી લાવતા. તે પાણી રાત્રે ભરી લેવાનું રહેતું; કારણ કે દિવસે તો મહિલાઓ પણ પાણી ભરવા આવતાં-જતાં હોય, એટલે મર્યાદા રહે નહીં. સ્વામીશ્રી પાણીની આ વ્યવસ્થા પણ કરી લેતા.

ઝોળી માંગવા ખંભાત ઉપરાંત સ્વામીશ્રી નાર અને તારાપુર સુધી પણ જતા. પંદર દિવસે એક વાર એકાદશીએ ઝોળી માંગવા જાય. દ્વાદશીનું પુણ્ય મળે એવા આશયથી સૌ અનાજ, લોટ, તેલ, ઘી આપે. નાર અને તારાપુરમાં ઝોળી માંગે ત્યારે જે સીધું-સામગ્રી એકઠી થાય તે ત્યાં જ મંદિરમાં મૂકી રાખે. પછી હરિભક્તો સગવડ થાય તેમ તેને ખંભાત પહોંચતી કરે.

એ સમયે ખંભાતમાં રસિકભાઈ ઝવેરી નામના સદ્‌ગૃહસ્થ રહેતા. તેઓ સત્સંગી નહીં પણ ગુણભાવી; છતાં સ્વામીશ્રી વિશે એવો ભાવ કે રોજ સાંજે જરૂરિયાત વિશે પૂછવા આવે. જે જોઈએ તે લાવી આપે.

આમ, ઝોળી પર અભ્યાસના અધ્યાયો લખાતા હતા. સ્વામીશ્રીને અભ્યાસની સાથે સાથે ઉપર જણાવ્યાં તેવાં સો-સો વાનાં સાચવવાનાં થતાં, પણ શતાવધાનીની જેમ બધું થાળે પાડતા જાય. અસુવિધાઓની વચ્ચે ધાર્યાં નિશાન પાર પાડવાની આગવી કુનેહ તેઓને જન્મજાત વરેલી હતી. તેથી તેઓએ ખંભાતના અભ્યાસ દરમ્યાન સૌ પર નોખી ભાત પાડી.

અહીં ગામમાં આવેલા મંદિરમાં ભાલના ભગવાન તરીકે ઓળખાતા માયાતીતાનંદજી રહેતા. સ્વામીશ્રી તેઓનાં દર્શને પણ અવાર-નવાર જતા. માયાતીતાનંદજી પણ સ્વામીશ્રીને પ્રેમથી બોલાવતા.

ખંભાતમાં ખીલેલો અકીકના પથ્થરોનો ઉદ્યોગ પણ આ સમયે સ્વામીશ્રીએ જોયેલો. મોટા માટલામાં રેતી ભરીને તેમાં અકીકના ખરબચડા

પથ્થરો નાંખવામાં આવે. પછી માટલાં હલાવવામાં આવે. કકરી રેતી અને અંદરોઅંદર એકબીજા સાથે ઘસાવાથી પથ્થરો એકદમ લીસા બની જાય. તેના આધારે સત્સંગનો ભીડો વેઠી લેવાનો હિતોપદેશ તેઓ અવાર-નવાર આપતા.

મિજાજી ગુરુજી !

ખંભાતના અભ્યાસ દરમ્યાન ભણનારાઓ તરફથી આવતી મુશ્કેલીઓને સ્વામીશ્રી ઠારે તો ભણાવનારાના મિજાજને પણ કાબૂમાં રાખવાની જવાબદારી તેઓને જ નિભાવવી પડતી. સંતોને ભણાવનાર પંડિત ભાઈનારાયણ સ્વભાવે તેજ અને તીખા. તેઓ ભણાવે તેમાં નિરન્નમુક્તદાસને ઝાઝી ગતાગમ પડે નહીં, એટલે અધૂરો ઘડો વધુ અવાજ કરે એ ન્યાયે તે વારે-વારે પ્રશ્નો પૂછે. તેથી શાસ્ત્રી અકળાય અને કહે : 'પ્રશ્ન નહીં પૂછવાનો.'

પેલા કહે : 'સારું.' પણ કંઈક ભણાવે ને પેલા પાછો પ્રશ્ન ફેંકે.

છ-સાત દિવસ આમ ચાલ્યું એટલે શાસ્ત્રી ખિજાયા : 'તમે કોઈ ભણવાને પાત્ર જ નથી. હું દોઢ - બે કલાક તૈયારી કરીને ભણાવવા આવું છું, પણ તમે પ્રશ્ન પૂછો છો તેમાં બધું આડું-અવળું થઈ જાય છે.' એમ કહી તેઓ તો ભણાવવાનું પડતું મૂકીને ચાલવા જ લાગે.

એ વખતે સ્વામીશ્રી તેઓને પગે લાગે, માફી માંગે; ક્યારેક દંડવત પણ કરવા પડે, ત્યારે માંડ માંડ પંડિત પીગળે અને ભણાવવા તૈયાર થાય. આ રીતે બે મહિના બરાબર ચાલ્યું ને વળી એક વિઘ્ન ઊભું થયું.

બન્યું એવું કે તે અરસામાં શાસ્ત્રીજી મહારાજનો કાગળ આ ભણનારા સંતો પર આવેલો. તેમાં તેઓએ પંડિતજીને ઉદ્દેશીને અમુક-અમુક વિષયક ભણાવવાની વાત લખેલી. સંતોએ તે કાગળ 'ગુરુજી'ને બતાવ્યો. તે જોઈ તેઓ અકળાયા અને કહેવા લાગ્યા : 'શાસ્ત્રીજી મહારાજનું બરાબર છે પણ હું જે ભણાવું તે જ તમારે ભણવાનું.'

'...પણ અમારે શાસ્ત્રીજી મહારાજે જે કહ્યું છે તે જ ભણવું છે.' સંતોએ પોતાનો પક્ષ રજૂ કર્યો. તેમાં તો તે પંડિત બરાબરના છંછેડાઈ ગયા ને સીધા દાદરો જ ઊતરવા લાગ્યા. વળી પાછા સ્વામીશ્રી પગે લાગી મનાવી લાવ્યા.

આ રીતે રીસામણાં-મનામણાંના માંડવા નીચે આશરે આઠેક મહિના સુધી ખંભાતમાં અભ્યાસનું કાર્ય ચાલ્યું. મિજાજી ગુરુજી, અલ્લડ સહાધ્યાયી અને લોથ કરી મૂકે એવી હાડમારીના ત્રિભેટે સ્વામીશ્રીએ કરેલી ગિર્વાણગિરાની આ

ઉપાસના અઢારેય આલમને પ્રેરણા આપે તેવી છે.

એક વાર તેઓને આ સંદર્ભમાં જ પૂછવામાં આવેલું : 'સ્વામી ! તમારે જ બધું કરવાનું આવતું અને સાથેવાળા સહકાર ન આપે તો કંટાળો ન આવે ?'

ત્યારે તેઓએ જણાવેલું : 'સ્વામીની આજ્ઞાથી ભણતા'તા એટલે કંટાળો શું ? સામેવાળાના સ્વભાવ ઓળખી રાખીએ એટલે વાંધો ન આવે.'

હા, સ્વામીશ્રી જણ-જણની પ્રકૃતિના અચ્છા પરખંદા હતા. તે જાણીને જે-તેની સાથે એ રીતે જ વર્તતા. તેથી તેમના જીવનમાં કદીયે કંટાળો કે કજિયાને પ્રવેશ મળ્યો જ નહીં.

સંતો મગ જ ખાય

ખંભાતના અભ્યાસ દરમ્યાન શાસ્ત્રીજી મહારાજ સંતોને અવાર-નવાર લાભ આપવા માટે પધારતા અને ખોડાભાઈના ઘેર ઊતરતા.

આ રીતે એક વાર તેઓ આવેલા ત્યારે સંતોને ઉપવાસ હતો. તેથી રાત્રે ખોડાભાઈ માસ્તરે શાસ્ત્રીજી મહારાજને પૂછ્યું : 'આ સાધુઓને આજે ઉપવાસ છે, તો કાલે સવારે જમવામાં શું કરવું ?'

ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'ઉપવાસ પછી સંતો બીજું કાંઈ ખાતા નથી, મગ જ ખાય છે.'

આ સાંભળી બીજે દા'ડે પારણાં માટે ખોડાભાઈએ મગજ(મગસ) શેકીને તૈયાર કર્યો. તે જોઈ શાસ્ત્રીજી મહારાજ સહિત સૌ કોઈ ખડખડાટ હસી પડ્યા.

અનાયાસે ફૂટી નીકળતાં આવાં રમૂજનાં ઝરણાં ગુરુના સાંનિધ્યને વધુ સુમધુર બનાવતા.

શ્રીમુખે પ્રથમ પારાયણ

આ વર્ષના શ્રાવણ માસમાં ભાદરણના આગેવાન હરિભક્ત હીરાભાઈને થયું કે 'સંતો અહીં ભણીને તૈયાર થયા છે તો પારાયણ કરાવીએ.' તેથી તેઓના ફળિયામાં જ પંદર દિવસના પારાયણનું આયોજન ગોઠવાયેલું.[૪૮] તે નિમિત્તે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ વગેરે સંતો અને હરિભક્તો પણ આવેલા.

વક્તાપદે બિરાજીને સ્વામીશ્રીએ કરેલું આ પ્રથમ પારાયણ કહી શકાય. આ પારાયણમાં સ્વામીશ્રી બે અધ્યાય વાંચે. પછી શાસ્ત્રીજી મહારાજ સમજાવે.

૪૮. તા. ૯/૮/૧૯૪૧, શનિવારથી.

વળી, સ્વામીશ્રી કલાક વાંચે. આ રીતે તેઓએ 'સત્સંગિજીવન'ના બીજા પ્રકરણની કથા કરેલી. તે વખતે પારાયણની શૈલી એવી રહેતી કે સંસ્કૃતના શ્લોક વાંચીને એનો અર્થ ગુજરાતીમાં કરી જવાનો; ઝાઝું નિરૂપણ કરવાનું નહીં. તે મુજબ સ્વામીશ્રી લેશ પણ અચકાયા વગર સંસ્કૃત શ્લોકો બોલતા અને સરળતાપૂર્વક અર્થ પણ કરી લેતા.

તે સમયમાં ગામડાંઓમાં પારાયણ યોજાય ત્યારે મોટે ભાગે માઇકની સુવિધા રહેતી નહીં. છતાં બસો-ત્રણસો શ્રોતાઓને સંભળાય એવો અવાજ સ્વામીશ્રીનો હતો. તેથી સૌને કથાશ્રવણનું ખૂબ સુખ આવતું.

સૌ આ નવયુવાન સંતની મધુર વાણી, શુદ્ધ ભાષા, કોયલ જેવો મીઠો સ્વર અને આકર્ષક શૈલીથી મંત્રમુગ્ધ બની જતા. શાસ્ત્રીજી મહારાજ પણ ડોલતાં ડોલતાં તેઓની કથા સાંભળવામાં એકતાન થઈ જતા. પોતાના આ પ્રિય શિષ્યમાંથી નીખરતા સાધુતા અને વિદ્વત્તાના રંગો જોઈને તેઓને પૂર્ણ સંતોષ થતો.

ખબરદાર સેવક

ભાદરણના પારાયણ બાદ સ્વામીશ્રી કેટલાક સમય સુધી શાસ્ત્રીજી મહારાજની સાથે વિચરણમાં જોડાયેલા. તે દરમ્યાન સમય-સમયની સેવામાં તેઓ એકદમ જાગરૂક રહેતા. શાસ્ત્રીજી મહારાજને કહેવું પડે એવું કદી થવા જ ન દે. એક વાર તેઓને પૂછવામાં આવેલું કે 'શાસ્ત્રીજી મહારાજ કોઈ વાર આપના પર ખિજાયા હોય એવું બન્યું છે ?'

'ના. કોઈ વખત નહીં.' તેઓએ તરત જ ઉત્તર વાળેલો.

કેવા ખબરદાર સેવક !

તે વખતે મોટે ભાગે ગાડા કે ટ્રેનમાં વિચરણ રહેતું. ગાડાની મુસાફરીમાં શાસ્ત્રીજી મહારાજ ગાડામાં બિરાજ્યા હોય અને સ્વામીશ્રી વગેરે સંતો-ભક્તો પાછળ-પાછળ ચાલ્યા આવે. ટ્રેનમાં પ્રવાસ વખતે શાસ્ત્રીજી મહારાજ એક પાટિયા પર બેસે. તેઓની સામેના પાટિયા પર બે-ત્રણ સંતો બેસે.

તારે ભીડો ખમવો જ પડશે

ટ્રેનયાત્રામાં જ્યારે ગુજરાતમાંથી સૌરાષ્ટ્ર તરફ જવું-આવવું હોય ત્યારે કસ્ટમ (જકાત) લાગતી. ધંધુકા અને વીરમગામ સ્ટેશને આ જકાતની ચુકવણી કરવી પડતી. તેની પ્રક્રિયા ઘણી કંટાળાજનક રહેતી, કારણ કે કસ્ટમ માટે

પહેલાં તો બધાં પોટલાં ઉતારવાના થતાં. તેને કસ્ટમવાળા અને પોલીસકર્મીઓ તપાસે. સંતોને તો સ્ત્રી-સાધુ મર્યાદા સાચવવાની હોય એટલે બધા મુસાફરોની તપાસણી પૂરી થઈ ગયા બાદ છેલ્લે જવાનું રહેતું. પરંતુ તેમાં તકલીફ એ થતી કે સંતોના સામાનની તપાસ પૂરી થાય ત્યાં સુધીમાં તો અગાઉ તપાસ કરાવી ચૂકેલા મુસાફરો ઊપડનારી ટ્રેનમાં બેસી ગયા હોય અને એ ગાડી ચિક્કાર થઈ ગઈ હોય. તેમાં સામાન લઈને ચઢવાનું એ મહા-મુસીબતનું કામ રહેતું. આ વખતે શાસ્ત્રીજી મહારાજ અંબાલાલ બારોટને વીરમગામ બોલાવી લેતા. અમદાવાદથી નીકળવાનું હોય તો વીરમગામ સુધી તેઓને સાથે લેતા. તેઓ કસ્ટમની કાર્યવાહી સંભાળી લેતા.

એક વાર આ રીતે તેઓને બોલાવેલા પણ તે આવી નહોતા શક્યા. તેથી સામાનની તપાસ માટે સ્વામીશ્રી અને જોડના એક સાધુ સ્ટેશન પર રોકાયા. શાસ્ત્રીજી મહારાજ અને તેઓ સાથે એક સાધુને ઊપડનારી ટ્રેનમાં અગાઉથી જ બેસાડી દીધા, જેથી આરામદાયક જગ્યા મળી જાય.

આવી વ્યવસ્થાથી શાસ્ત્રીજી મહારાજ તો હેમખેમ બેસી ગયા પણ સ્વામીશ્રી કસ્ટમમાં સામાનની તપાસ પૂરી કરાવી ટ્રેનમાં બેસવા ગયા તો બારણામાં જ ન પેસાય એ રીતે ટ્રેન ખીચોખીચ ભરાઈ ગયેલી. પાટિયે-બારીએ બધે માણસો લટકે. ટ્રેનના બધા ડબ્બે સ્વામીશ્રી બે-ચાર વાર ફરી વળ્યા પણ જગ્યા મળે નહીં. શાસ્ત્રીજી મહારાજ બેસી ગયેલા એટલે ટ્રેનમાં ચઢ્યા સિવાય તો છૂટકો જ નહોતો. એટલામાં તો વ્હીસલ વાગી અને ટ્રેન ઊપડી. શાસ્ત્રીજી મહારાજે જોયું કે સ્વામીશ્રી ચઢ્યા નથી. તેથી તેઓએ સ્ટેશન માસ્તરને કહ્યું : 'ગાડી ઊભી રાખો. અમારા સાધુ રહી ગયા છે.' ત્યારે સ્ટેશન માસ્તરે લાલ ઝંડી ફરકાવતાં ટ્રેન ઊભી રહી અને સ્વામીશ્રી માંડ માંડ ચઢ્યા.[૪૯]

તેઓને જોઈને શાસ્ત્રીજી મહારાજે પૂછ્યું : 'ક્યાં હતો ?'

સ્વામીશ્રીએ જે બન્યું તે કહી સંભળાવ્યું અને ઉમેર્યું : 'ગાડીમાં બેસવું એ મહાઉપાધિવાળું છે, કંટાળાવાળું છે. માટે આવા ભીડામાં તમારે ફરવું જરૂરી નહીં.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : 'ફરવું જ પડશે. આવા ભીડામાં અમેય

---

૪૯. ઘણી વાર તો ઊપડતી ટ્રેને કોઈ ડબ્બામાં જગ્યા ન મળે તો ગાર્ડના ડબ્બામાં પણ સ્વામીશ્રીને ચઢી જવું પડતું. તે વખતે ગાર્ડ ઘણી કચ કચ કર્યા કરે તે સાંભળવી પડે. તેના તુંકારા-હુંકારા પણ ખમવા પડે ! આવી મુશ્કેલીભરી એ મુસાફરીઓ રહેતી.

ફર્યા છીએ ને તારેય ભીડો ખમવો જ પડશે.'

ગુરુની આ વાતને સ્વામીશ્રીએ જાણે પોતાની જીવનશૈલી બનાવી દીધેલી.

સન ૧૯૪૨

અટલાદરામાં અટલ આદર

આ અરસામાં શાસ્ત્રીજી મહારાજે અટલાદરામાં ભગવાન સ્વામિનારાયણની પ્રાસાદિક ભૂમિ પર વિ.સં. ૧૯૯૮, ફાગણ વદ ૧૦ના દિવસે ખાતમુહૂર્ત કરીને મોટાં મંદિરનાં મંડાણ કરી દીધેલાં.[૫૦] તેની સેવામાં તેઓ વિશેષતઃ સંતો-ભક્તોને પ્રેરતા. તેનું કારણ એ હતું કે વડોદરામાં કારખાનાં થતાં પુરુષ મજૂરો ત્યાં કામ કરવા જતાં થયેલા. તેથી મંદિરમાં મજૂરી કામ માટે મોટે ભાગે મહિલાઓ આવે. એક તો તે શાસ્ત્રીજી મહારાજની રુચિ બહારનું. વળી, તેય પાદરાથી વિશ્વામિત્રી જતી ગાડીમાં નવ વાગે આવે અને મોડા આવીનેય પાછા બીડીઓ ફૂંકે. પછી કામે ચઢે. વળી, સાડા અગિયાર વાગ્યાથી તો આઘાં-પાછાં થવાં લાગે. જે શાસ્ત્રીજી મહારાજને સવારે સાડા સાતથી કામ ચાલુ થઈ ગયેલું જોઈએ, તેઓને આવા લાહરિયાવેડા કેવી રીતે પોસાય ? એટલે શાસ્ત્રીજી મહારાજને એવું રહેતું : 'મજૂરને બોલાવવા જ નહીં.' તેથી મિસ્ત્રી અને સોમપુરા સિવાય બાકીનું કામ શાસ્ત્રીજી મહારાજ સંતો-ભક્તો પાસે કરાવતા. તેની પાછળ સંતો-ભક્તોને જ આ અક્ષર-પુરુષોત્તમની સેવા આપી તેઓનું કલ્યાણ કરવાનો પણ હેતુ ખરો. આવી સેવામાં શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીને પણ જોડેલા.

તે સેવા કરતાં એક વાર સ્વામીશ્રીના શરીરમાં મંદવાડ આવી ગયો. ઘણા ઉપચાર છતાં તાવ ઊતરે નહીં. તેમાં કો'કે ઉપાય સૂચવતાં કહ્યું : 'પાડાવેલનાં સૂકવેલાં કોચલાં પાણીમાં પલાળી સવારે તે પાણી પી જવું.' સ્વામીશ્રીએ તેમ કર્યું પણ એમાં તો ઊલમાંથી ચૂલમાં પડવા જેવું થયું. આ પ્રયોગ કરવાથી સખત ઝાડા થઈ ગયા. અડધો-અડધો કલાકે શૌચ માટે જવું પડે. અધૂરામાં પૂરું, મંદિરમાં ક્યાંય શૌચાલય નહીં. વળી, તે સમયે વરસાદ વરસતો હતો. તેથી વરસતા વરસાદમાં સ્વામીશ્રીને શૌચવિધિ માટે ઘણી વાર આવવું-જવું થયું; તેને કારણે શરીરમાં સખત અશક્તિ વ્યાપી ગઈ.

બરાબર તે જ અરસામાં શાસ્ત્રીજી મહારાજ અટલાદરા પધાર્યા. સ્વામીશ્રીના સમાચાર જાણી તેઓ પાસે ગયા. શરીર પર હાથ ફેરવતાં ફેરવતાં

૫૦. તા. ૧૨/૩/૧૯૪૨, ગુરુવાર.

બીમારી ટળી જાય તેવા આશીર્વાદ આપ્યા. તેના પ્રતાપે ગણતરીના સમયમાં જ ઝાડા બંધ થઈ ગયેલા અને તાવે પણ વિદાય લીધેલી.

આમ, સ્વામીશ્રીએ અટલાદરામાં ગુરુના વચને સેવાનો અટલ આદર કરી દીધેલો.

બાળસખાના સંગમાં

સ્વામીશ્રીના અટલાદરા ખાતેના રોકાણ દરમ્યાન એક વાર તેઓના બાળમિત્ર શાંતિલાલ મળવા આવી પહોંચેલા. પોતાના પ્રિયમિત્ર શાંતિલાલને સાધુના સ્વાંગમાં જોતાં જ તેઓ તો રોમાંચિત થઈ ગયા. તેઓના માનસપટ પર ચાણસદની શેરીમાં વિહરતા, દોડી દોડીને મંદિરે જતા, ઠાકોરજીને દંડવત-પ્રદક્ષિણા કરતા, પોતાની સાથે સત્યનારાયણ મંદિર અને હનુમાનમઢીએ દર્શને આવતા, મિતભાષી અને મધુરભાષી, નાનકડા અને નિર્દોષ શાંતિલાલની છબીઓ તરવરવા લાગી. કેટલાય દિવસે શાંતિલાલના શબ્દો કાને પડતાં તેઓ શાંતિ શાંતિ અનુભવી રહ્યા.

અહીં વાતચીતમાં તેમણે હરદ્વાર-હૃષીકેશ જવાની બાળપણમાં નક્કી કરેલી વાત પુનઃ દોહરાવી. ત્યારે સ્વામીશ્રીએ તેમને સમજાવ્યું કે 'મારે તો હવે બધું થઈ ગયું છે. શાસ્ત્રીજી મહારાજ મળ્યા અને સાધુ કર્યા એટલે હવે મારે તો બીજો વિચાર હોય જ નહીં. હવે તો સ્વામીની આજ્ઞા પ્રમાણે જ કરવાનું. માટે તારે એકલાને જવું હોય તો જવાય પણ મારે તો અહીંથી નીકળાય નહીં.'

'અડસઠ તીરથ મારા સંતને ચરણે, કોટિ ગંગા કોટિ કાશી રે....' એ સ્વામીશ્રીની સમજણ હતી. તેઓને ગુરુ શાસ્ત્રીજી મહારાજનાં ચરણ-શરણમાં જ સકલ તીર્થયાત્રાઓની ઇતિશ્રી મનાઈ ગયેલી.

જનેતાનું જતન

સ્વામીશ્રીએ અટલાદરામાં કરેલી અન્ય સેવાઓ કેવી હતી તેની એક સ્મૃતિ વાગોળતાં સારંગપુરના કોળી ભક્ત મોહનભાઈ કહેતા: 'અટલાદરામાં મંદિરનું કામ ચાલતું ત્યારે મેં આ નારણ સ્વામીને જોયેલા. પાવડાથી ખાંપે ને પંદર-પંદર ઈંટો માથે લઈને જાય.' સાથે સાથે સ્વામીશ્રી ઠાકોરજીના દાદરાના મોટા પથ્થર પણ ખસેડીને-ગબડાવીને લઈ જતા.

આમ, સ્વામીશ્રીની સેવાની વણઝાર વણથંભી ચાલુ જ રહેતી. તેઓની

ગુરુભક્તિનો પથ કદી ફૂલસુંવાળો રહ્યો નહોતો. તેઓ ઉચ્ચ કોટિના હતા તેમાં બેમત નહીં, છતાં તેઓ નીચી ટેલની સેવાઓ કરી ગુરુને રાજી કરતા. તેથી શાસ્ત્રીજી મહારાજ પણ તેઓની ખૂબ સંભાળ લેતા.

આ અરસામાં, સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ સાથે ફરતાં ફરતાં ધોળકા પધારેલા. અહીં રેવાશંકર ત્રિવેદીના ઘેર ઉતારો રાખેલો, પરંતુ ત્યાં મચ્છરોનો ત્રાસ ભારે હતો. વળી, ઉનાળાના દિવસો; તેથી ઘરમાં સૂઈએ તો ગરમી થાય અને અગાશીમાં સૂઈએ તો મચ્છરો ઊંઘને વેરણ કરી નાંખે. એટલે સ્વામીશ્રીને રાત્રે ઊંઘ ન આવી. આ ખબર શાસ્ત્રીજી મહારાજને મળતાં તેઓએ પોતાની મચ્છરદાનીમાં જગ્યા કરી આપીને સ્વામીશ્રીને સુવડાવેલા. આમ, સ્વામીશ્રીનું આવું સૂક્ષ્મ જતન એક જનેતાના ભાવથી શાસ્ત્રીજી મહારાજ કરતા.

જે કીધું તે કર્યા કર્યું છે

વિ.સં. ૧૯૯૮, દ્વિતીય જેઠ સુદ ૧૧ના[૫૧] દિવસે શાસ્ત્રીજી મહારાજ મુંબઈ પધારેલા. તે વખતે સ્વામીશ્રી પણ સાથે હતા. અહીં સૌ શિવનારાયણ નેમાણીની વાડીમાં રોકાયેલા. આ રોકાણ દરમ્યાન શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીને મુક્તાનંદ સ્વામી રચિત *‘સુખદાયક રે, સાચા સંતનો સંગ...’* ચોસર[૫૨] સ્વહસ્તે લખીને આપેલી અને તેનો મુખપાઠ કરવાની આજ્ઞા કરેલી. સ્વામીશ્રીએ તે જ દિવસે તેનો મુખપાઠ કરી દીધેલો.

આ ઉપરાંત *‘દરદ મિટાયા મેરે દિલ કા...’, ‘ક્યા તન માંજતા રે...’, ‘મારા વા’લાજી શું વા’લપ દીસે રે...’* વગેરે પદો પણ તેઓ પુસ્તક ખોલ્યા વગર લલકારતા. તે જોતાં તેઓએ કરેલા મુખપાઠનો ભંડાર સારો એવો વિશાળ હશે તેનો ખ્યાલ આવતો.

મુંબઈમાં પંદર દિવસનો લાભ આપીને વિચરણ કરતાં કરતાં શાસ્ત્રીજી મહારાજ સારંગપુર પધારેલા અને સ્વામીશ્રીને તેઓએ અટલાદરા મોકલી આપેલા. જો કે તેઓને શાસ્ત્રીજી મહારાજથી છૂટા પડવું ગમતું તો નહોતું, છતાં ‘પોતાના પ્રિયતમની મરજી લોપે નહીં એ પ્રેમનું લક્ષણ’[૫૩] એમ શ્રીજીમહારાજે જે કહ્યું છે તેવી પ્રેમલક્ષણા ભક્તિનો તેઓ આદર્શ હતા. તેથી જ ગુરુદર્શનની

---

૫૧. તા. ૨૪/૬/૧૯૪૨, બુધવાર.

૫૨. ચાર પદોનો સંગ્રહ.

૫૩. વચનામૃત કારિયાણી પ્રકરણ ૧૧.

તીવ્ર અભીપ્સા અંતરમાં વર્તતી હોવા છતાં તેઓ કદી ગુરુઆજ્ઞાનું ઉલ્લંઘન કરીને તેઓની સમીપમાં રોકાતા નહીં. સમીપમાં રહેવા માટે કોઈ યુક્તિ-પ્રયુક્તિ પણ પ્રયોજતા નહીં.

એક વાર તેઓએ જ વાત કરેલી કે 'મેં શાસ્ત્રીજી મહારાજ પાસે ક્યારેય આશીર્વાદની અપેક્ષા રાખી જ નથી. એમના નખ, કેશ કે લૂગડું માંગ્યા જ નથી. બસ, એમણે જે કીધું તે આજ સુધી કર્યા કર્યું છે, તો શાંતિ શાંતિ છે. શાસ્ત્રીજી મહારાજ દૂર છે એવું લાગે જ નહીં. મેં શાસ્ત્રીજી મહારાજને ક્યારેય ઓશિયાળા કર્યા નથી. એમની મરજી પ્રમાણે કર્યું છે, તો એમનો રાજીપો થઈ ગયો.'

હદ વાળી ગુરુભક્તિની

શાસ્ત્રીજી મહારાજ મુંબઈથી સારંગપુર પહોંચ્યા બાદ તેઓને પગમાં 'વા'ની બીમારી વળગેલી. તેથી લગભગ એક મહિના સુધી તેઓ સારંગપુરમાં રોકાયેલા. અહીં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન, કથા અને અવકાશ મળે તો સેવાનો પણ કંઈક લાભ લેવાની ઇચ્છાથી ગામોગામના હરિભક્તો ઊમટતા હતા.

આ સમુદાયમાં પુરુષોત્તમપુરાના તુલસીભાઈ પણ આવેલા. તેઓ શાસ્ત્રીજી મહારાજને મળ્યા ત્યારે શાસ્ત્રીજી મહારાજ સહેજે જ બોલેલા : 'જો નારાયણ સ્વામી સારંગપુર આવે અને ભક્તચિંતામણિની કથા સંભળાવે તો શરીર સારું થઈ જાય.'

આ સમાચાર તુલસીભાઈએ તેઓ જ્યારે અટલાદરા આવ્યા ત્યારે સંધ્યા સમયે સ્વામીશ્રીને જણાવ્યા. તે સાંભળી સ્વામીશ્રી ખભે પોટલું[૫૪] અને માથે રાતને લઈને જોડિયા સંત સાથે સારંગપુર જવા નીકળી પડ્યા. તે સમયે વર્ષાની હેલીએ માઝા મૂકી હતી. વરસાદનું જોર પુષ્કળ હતું, પરંતુ તે સ્વામીશ્રીના પ્રબળ વેગને ખાળી શકે તેમ નહોતું.

'સૌરાષ્ટ્ર મેલ' સવારે ત્રણ વાગ્યે વડોદરા આવતો હતો. તેમાં બેસીને અમદાવાદ પહોંચવાની નેમ રાખી સ્વામીશ્રી ઘોડાગાડી દ્વારા સ્ટેશન પર તો સમયસર પહોંચી ગયા. ટ્રેન પણ નિર્ધારિત સમયે આવી ગઈ, પરંતુ તેમાં પાર વિનાની ગિરદી. વળી, વરસાદને કારણે ડબ્બાઓના દરવાજા પણ બંધ.

૫૪. સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા અનુસાર પોતાનાં વસ્ત્ર, પૂજા વગેરે જરૂરી સામગ્રી મુસાફરી દરમ્યાન એક ઝોળીમાં રાખીને ફરતા હોય છે. તે ઝોળીને જ સાંપ્રદાયિક પરિભાષામાં 'પોટલું' કહેવાય છે.

સ્વામીશ્રી પહેલેથી ડબ્બા જોતાં જોતાં છેલ્લા ડબ્બા સુધી ગયા. વળી, પાછા છેલ્લા ડબ્બાથી છેક આગળ સુધી આવ્યા, પણ કોઈ બારણું ખોલે નહીં.

એટલામાં તો ટ્રેનને ઊપડવાની વ્હીસલ વાગી. તે સમયે સ્વામીશ્રીએ આગળ આવનારી અનેક હાડમારીઓને ગળે લગાડવાનો નિર્ણય કરી લીધો અને એન્જિન પછીના ત્રીજા ડબ્બાના ફૂટબોર્ડ પર લટકી ગયા. જેમ જેમ મુસાફરી આગળ વધતી ગઈ તેમ તેમ મુશ્કેલીઓ પણ વધતી ચાલી. જાણે મુસાફરી અને મુશ્કેલી ટ્રેનના બે પાટાની જેમ સમાંતર ચાલવા લાગી.

વરસાદની સખત ઝડીઓ સ્વામીશ્રીની એકવડી કાયાને ભીંજવવા લાગી. ટ્રેનની ગતિને પાછી પાડવા-પછાડવાના ઈરાદા સાથે ચડી આવ્યો હોય તેમ સુસવાટાબંધ ફૂંકાતો પવન સ્વામીશ્રીના કૃશ શરીરને ધ્રુજાવવા લાગ્યો. ઍન્જિનના ડબ્બામાંથી ઊડતી કોલસાની ઝીણી ભૂકી સ્વામીશ્રીની આંખોને ભરવા લાગી. આકાશમાંથી ઊતરતા ચંદ્ર-તારાનાં તેજને તો વાદળાંઓએ ક્યારનાય ઢાંકી દીધેલાં; તેથી ઉપર તો કાળું ડીબાંગ જ હતું. ધરતીમાતાય કાળી ચાદર ઓઢીને નિરાંતે સૂઈ ગયેલાં, તેથી આસપાસ પણ અંધકાર ફરી વળેલો. તેમાં ટ્રેનના પાટા નીચેથી પસાર થતી ભરવેગ ભરપૂર નદીઓ વાતાવરણની વિકરાળતાને વધુ વકરાવતી જતી હતી.

ચોમેર ફરી વળેલા આવા બિહામણા માહોલમાં એક સોહામણા સંત ટ્રેનના દરવાજાના સળિયાને પકડીને લટકતાં-પલળતાં આગળ ધસી રહેલા. તેઓની આ વિકટ પરિસ્થિતિ અને ઉત્કટ ગુરુભક્તિને લખવા-આલેખવા ત્યાં કોઈ હાજર નહોતું. કદાચ જો હોત તો પણ તે શું કરત? તેનાય કાળજા અને કલમને થંભાવી દે એવી ક્ષણોનો કાફલો પસાર થઈ રહેલો.

સ્વામીશ્રીને એકબાજુ ફૂટબોર્ડની પાતળી પટ્ટી પર પગને મજબૂત રાખવાનો હતો; તો બીજી બાજુ સળિયો પકડેલા હાથની પકડ ઢીલી ન પડે તે જોવાનું હતું; તો ત્રીજી બાજુ વરસાદમાં પલળીને વજનદાર થઈ ગયેલાં કપડાં અને ઝોળીનો ભાર ખમતાં શરીરને સંતુલિત રાખવાનું હતું. એ મધરાતે મુસીબતોના આવા તો કૈંક મોરચા એકસાથે ખૂલી ગયેલા. તેમાં એક અણનમ યોદ્ધાની જેમ સ્વામીશ્રી આગળ વધી રહેલા. મોં પર સતત વાગી રહેલા વરસાદ કે આંખોને સતત ભરી રહેલી કોલસાની ભૂકીમાં રાહત મેળવવા હાથને મોં પર ફેરવવા માટે કે આંખો ચોળવા માટે પણ હલાવી શકાય તેમ નહોતું. એકની એક સ્થિતિમાં ઝાઝી વાર રહેવાને કારણે જકડાઈ જતા પગને પણ હલવાની

પરવાનગી આપી શકાય તેમ નહોતું. બસ, જે બની રહ્યું હતું તેને એકધારું સહન જ કર્યે જવાનું હતું, સતત સો-સવાસો કિલોમીટર સુધી !

આ રીતે હાડમારીનો પહાડ ઓળંગીને સ્વામીશ્રી અમદાવાદ પહોંચ્યા ત્યારે ખબર પડી કે આ તો માત્ર પર્વતમાળાનું એક શિખર જ ઓળંગાયું છે. પડકાર ફેંકતી કૈંક આફતો હજીયે સામે મોં ફાડીને ઊભી હતી.

સ્વામીશ્રીને અમદાવાદથી ધોળકા-ધંધુકા તરફ જતી ગાડીમાં બેસવાનું હતું. ટિકિટ પણ એ રીતની હતી. તેથી સૌરાષ્ટ્ર મેલમાંથી ઊતરીને નાની ગાડીના પ્લેટફૉર્મ ઉપર ગયા, પણ વરસાદને કારણે જમીનોનું ધોવાણ થઈ જતાં તે ગાડી બંધ કરવામાં આવી હતી. તેથી પાછા સૌરાષ્ટ્ર મેલમાં જ બેસીને સુરેન્દ્રનગર જઈ, ત્યાંથી ભાવનગર જતી ટ્રેન દ્વારા બોટાદ ઊતરીને સારંગપુર પહોંચવાનું નક્કી કર્યું. વરસાદને કારણે ગાડીઓનાં સમયપત્રકો ખોરવાઈ ગયેલાં. તેથી સૌરાષ્ટ્ર મેલ હજી ઊભો જ હતો. તેમાં સ્વામીશ્રી બેસી ગયા અને મુસાફરી આગળ ધપી.

અમદાવાદથી સ્વામીશ્રીને બેસવાની જગ્યા તો મળી ગઈ પણ ટિકિટની ઉપાધિ ઊભી થઈ. સ્વામીશ્રી પાસે ટિકિટ તો હતી પણ તે બીજી ટ્રેન અને બીજા માર્ગની હતી. તેથી ઇન્સ્પેક્ટરે ટિકિટ અંગે રકઝક કરી અને રકમ ભરી દેવા અંગે વાત કરી, ત્યારે સ્વામીશ્રીએ તેઓને ઊભી થયેલી કટોકટી સમજાવતાં કહ્યું : 'વરસાદને લઈને સોમનાથ મેલ કેન્સલ થયો અને અમારા ગુરુ બહુ બીમાર છે. એટલે અમારે ઉતાવળ હોવાથી આ ગાડીમાં બેસી ગયા છીએ.'

સાથેના એક મુસાફરે પણ કહ્યું : 'આ સાધુ પૈસા ન રાખે.'

આ સાંભળી ટિકિટ ચેકરને થયું કે 'આ કોઈ ખુદાબક્ષ મુસાફરો નથી.' તેને સ્વામીશ્રીની વાત યોગ્ય જણાઈ. વાત કરતાંય સ્વામીશ્રીના બોલમાંથી નીતરતી નિર્દોષતાની ઇન્સ્પેક્ટરના મન પર ઘેરી અસર થઈ. તેણે આગળની મુસાફરી માન્ય રાખી. સ્વામીશ્રી માંડ માંડ બોટાદ સુધી પહોંચ્યા. બપોરના લગભગ સાડા ત્રણ વાગ્યા હતા, પરંતુ વાદળઘેરું વાતાવરણ સાંજના સાત વાગ્યાનો અનુભવ કરાવી રહેલું.

તેમાંય અભિમન્યુના સાતમા કોઠા જેવી પરિસ્થિતિ તો હવે આવી! બોટાદથી સારંગપુર જવા વાહનની વાત તો વીસરી જ જવી પડે, પણ ચાલતાંય રસ્તા સૂઝે નહીં એવી રીતે આભ ફાટીને વચ્ચોવચ પડેલું. ચારેકોર જળબંબાકાર દિશાઓ પગલું ભરનારને આખેઆખા ગળી જવા તૈયાર જ ઊભેલી.

આ સમયે સારંગપુરના હનુમાનજી મંદિરથી વશરામભાઈ એક સિગરામ

લઈને કોઈ સંતોને લેવા આવેલા, પણ તે સંતો આવ્યા નહોતા એટલે તેઓએ કહ્યું : 'આમાં પોટલાં મૂકી દો.' તેથી સ્વામીશ્રીએ તેમાં પોટલાં મૂકી દીધાં, પણ ગાડે બેસવામાં કંઈક ખટરાગ થાય તેમ હોવાથી સ્વામીશ્રીએ ચાલવાનું શરૂ કર્યું.

તે વખતે બોટાદથી સારંગપુર આવવા માટે હાલ જે પાકી સડક છે તે રસ્તો નહોતો, પણ મૃગલીવાવે થઈને બીડમાંથી રસ્તો આવતો હતો. ગાડાં-ડમણિયાં ત્યાંથી જ આવ-જા કરતાં. તે રસ્તે સ્વામીશ્રી પાણી ડહોળતાં ડહોળતાં ચાલવા લાગ્યા. વોકળાનાં પાણી છાતી અને ગળાને ડુબાડતાં પૂરપાટ વહી રહ્યાં હતાં. 'હવે પછીના પગલે નીચે શું આવશે ? જે આવશે તે આપણને તારશે કે મારશે ?' – જેવી કોઈ જ અટકળો કરવાનો અર્થ નહોતો, કારણ કે સઘળું અનિશ્ચિત જ હતું. તેમાં સ્વામીશ્રી કેવળ શાસ્ત્રીજી મહારાજના વિશ્વાસે પગલાં માંડી રહ્યા હતા.

તેઓની ભક્તિથી પ્રસન્ન થઈને જ જાણે ભગવાને એક ભરવાડને ત્યાં મોકલ્યો અથવા તો કહો ને કે ભગવાન જ ભરવાડ વેશે ત્યાં હાજર થઈ ગયા. તે ભરવાડે સ્વામીશ્રીને કહ્યું : 'ચાલો, હું તમને પાર ઉતારું.' આમ કહી તેણે સ્વામીશ્રીને પોતાની લાકડીનો છેડો પકડીને પોતાની પાછળ પાછળ આવવાનું કહ્યું. આ રીતે દોરતો દોરતો તે સ્વામીશ્રીને ઠેઠ સારંગપુર સુધી લઈ આવ્યો. ગામ આવતાં જ તેણે કહ્યું : 'હવે હું જાઉં.' એમ કહી તે ગામમાં પ્રવેશી ગયો.[૫૫]

ગામમાં પણ મંદિર નજીક વહેતી ફલ્ગુ પુરજોરમાં હતી. તેના વેગને કારણે મંદિરના દરવાજાની દીવાલ પડી ગયેલી. તેથી સ્વામીશ્રીએ બીજી અનુકૂળ જગ્યાએથી મંદિરમાં પ્રવેશ કર્યો અને સીધા જ શાસ્ત્રીજી મહારાજ પાસે પહોંચ્યા.

શાસ્ત્રીજી મહારાજ ખાટલા પર સૂતા હતા. તેઓનાં દર્શનથી જ સ્વામીશ્રીને તો 'क्लेशः फलेन हि पुनर्नवतां विधत्ते।'[૫૬] ફળની પ્રાપ્તિ થતાં જ વેદના વીસરાઈ જાય તેમ અહીં સુધી પહોંચવામાં પડેલો ભીડો કપૂરની જેમ ઓગળી ગયો. તેઓ ભીના લૂગડે જ દંડવત કરવા લાગ્યા.

પોતાના પ્રાણ સમાન સ્વામીશ્રીને જોતાં જ શાસ્ત્રીજી મહારાજ પણ ખાટલામાંથી બેઠા થઈ ગયા અને પૂછ્યું : 'આવા વરસાદમાં તું ક્યાંથી ?'

'આપની મરજી હતી એટલે અવાયું.' સ્વામીશ્રીએ એક જ વાક્યમાં

---

૫૫. સ્વામીશ્રીએ તે ભરવાડનાં નામ-ઠામ લઈ લીધેલાં, પણ બીજે દિવસે તપાસ કરતાં તેનો પત્તો લાગ્યો નહોતો. સાક્ષાત્ શ્રીજીમહારાજે ભરવાડ વેશે આવીને સ્વામીશ્રીને સારંગપુર સુધી પહોંચાડી દીધા જેવું થયું !

૫૬. कुमारसम्भवम् – ૫/૮૬.

ગુરુભક્તિ નિચોવી નાંખી. એ ઉત્તરમાં પોતે વેઠેલી પારાવાર તકલીફોનો એક હરફ સુધ્ધાં નહોતો. સ્વમહત્તાને સદા શૂન્ય રાખીને ગુરુની મહત્તાને જ આગળ ધરવાનું તેઓના કણકણમાં હતું.

શાસ્ત્રીજી મહારાજ પણ ‘આવો મહિમા હોય તો કામ થઈ જાય…’ કહેતાં ઊભા થઈ ગયા અને સ્વામીશ્રીનાં લૂગડાં ભીનાં હતાં છતાં તેઓને પ્રેમપૂર્વક એ રીતે ભેટ્યા કે જાણે હમણાં જ તેઓ સ્વામીશ્રીમાં સમાઈ જશે.[૫૭]

સારંગપુરમાં નારણદા’ આવી ગયા એટલે શાસ્ત્રીજી મહારાજને તો જાણે આનંદના ઓઘ વળ્યા ! સ્વામીશ્રી પણ શાસ્ત્રીજી મહારાજની સેવામાં એકાકાર થઈને પરોવાઈ ગયા. વખતોવખત કથાનાં પ્રકરણો પણ સ્વામીશ્રી પાસે શાસ્ત્રીજી મહારાજ વંચાવતા.

થોડા દિવસોમાં પારાયણની પૂર્ણાહુતિ થતાં સૌ હરિભક્તો વીખરાયા પણ શાસ્ત્રીજી મહારાજ ‘વા’ની બીમારીને કારણે સારંગપુરમાં જ રોકાયા.

દયાળુ સ્વામીજી

‘વા’ની વ્યાધિના આ વિષમ કાળમાં એક વાર સારંગપુરની નજીકમાં આવેલા બેલા ગામના એક બાવાજી શાસ્ત્રીજી મહારાજ પાસે આવી ચઢેલા. તેઓ બેલાના પાદરે થતાં બે નદીઓના સંગમે ઝૂંપડી બાંધીને રહેતા હતા અને થોરિયાનાં પાન ખાઈને જ દેહનિર્વાહ કરતા. તેમણે આવીને શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરી : ‘મારી ઝૂંપડી પાવન કરવા પધારો.’

શાસ્ત્રીજી મહારાજે તરત જ આ અરજી સ્વીકારી લીધી અને બેલા જવા તૈયાર થઈ ગયા. તે જોઈ સૌએ શાસ્ત્રીજી મહારાજને વિનંતી કરી કે ‘આપના પગે વા છે. તેથી ગાડે ચઢવા-ઊતરવામાં તકલીફ પડશે. માટે આ વખતે જવાનું માંડી વાળો. શરીરે સારું થાય પછી જજો.’ પરંતુ તે બાવાજીને જાણે તેમની તપશ્ચર્યાનું ફળ આપવું હોય તેમ શાસ્ત્રીજી મહારાજે તે જ વખતે જવાનું નક્કી રાખ્યું અને તેમની ઝૂંપડીએ જઈ પહોંચ્યા.

એ પર્ણકુટિ એટલી તો સાંકડી હતી કે ફક્ત એક જ વ્યક્તિ અંદર જઈ

---

૫૭. સ્વામીશ્રીના આ દિવ્ય પ્રસંગને તેઓના જ શ્રીમુખે સાંભળવા જુઓ વીડિયો ટ્રેક નં. ૭. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

શકે. આવી ઝૂંપડીમાં પણ શાસ્ત્રીજી મહારાજ પ્રવેશ્યા. પલાંઠી વાળીને બિરાજ્યા. પોતાનો મનોરથ પૂર્ણ થતાં તે બાવાજીની આંખોમાંથી તો દડ દડ આંસુ સરી પડ્યાં. *‘થાળ ભરીને મોતીડે વધાવ્યા...’* એ ભાવના આમ સાકાર થઈ રહી.

શાસ્ત્રીજી મહારાજના આ ચરિત્રનું વર્ણન કરતાં સ્વામીશ્રી રોજનીશીમાં લખે છે : ‘સ્વામી તેઓને તે રીતે અલૌકિક લાભ આપીને તેઓનું કાર્ય મોક્ષનું કરીને પાછા સારંગપુર પધાર્યા. પોતાને શરીરે ઠીક નહીં હોવા છતાં, આવી રીતે એક જીવના કલ્યાણ માટે પધાર્યા તેવા દયાળુ સ્વામીજી હતા !!’

આમ, શાસ્ત્રીજી મહારાજના સહવાસ દરમ્યાન સ્વામીશ્રી તેઓના પ્રત્યેક ચરિત્રને ઝીણવટથી નીરખતા અને ગુરુગુણની ગરબીઓ ગૂંથતા રહેતા. ‘પ્રકાશ’માં તેઓની કલમે લખાયેલા શાસ્ત્રીજી મહારાજના વિચરણના અહેવાલ-પત્રો પણ તેની સાક્ષી પૂરે છે.

ઝેરના જારણહાર

શાસ્ત્રીજી મહારાજને ‘વા’ની બીમારીમાં રાહત રહે તે હેતુથી નડિયાદના ભાઈલાલભાઈએ ધતૂરો, વચ્છનાગ વગેરેના અર્કનું તેલ બનાવી આપેલું. તે તેલ શાસ્ત્રીજી મહારાજના પગે ચોપડીને માલિશ કરવામાં આવતી. આ તેલની એક શીશી સાથે દિવેલની બીજી શીશી શાસ્ત્રીજી મહારાજના ઓરડાની બારીમાં રહેતી. તેમાંથી રોજ ઉકાળા સાથે એક ચમચી દિવેલ શાસ્ત્રીજી મહારાજ લેતા. રામજી ભગત નિત્ય આ ઉકાળો આપવાની સેવા બજાવતા.

પરંતુ એક વાર તેઓ સંજોગોવશાત્ આવ્યા નહોતા અને શાસ્ત્રીજી મહારાજે સવારે ઉકાળા સાથે દિવેલ પીવા માંગ્યું. ત્યારે સ્વામીશ્રી ત્યાં બેઠા હતા. તેઓએ ઊભા થઈ શીશી લીધી, પણ સરતચૂકથી દિવેલને બદલે દવાની શીશી હાથમાં આવી ગઈ અને તેને જ એરંડિયું સમજી શાસ્ત્રીજી મહારાજના ઉકાળામાં નાંખ્યું. શાસ્ત્રીજી મહારાજ તો તે પી ગયા.

ત્યારબાદ તે જ પ્રાસાદિક રકાબીમાં આશાભાઈએ ઉકાળો લીધો અને પીધો, પરંતુ ઝેરી અર્કની અસરવાળી એ રકાબી વાપરવા માત્રથી આશાભાઈનું ગળું બળવા લાગ્યું. સાદ સાવ બેસી ગયો. તરત જ તેમને શીરો, ઘી, દૂધ, દૂધપાક વગેરે જે ઉપલબ્ધ હતું તે ખવડાવવા-પિવડાવવામાં આવ્યું પણ તેઓને ભૂખ મટે જ નહીં. સૌએ તેનું કારણ તપાસતાં માલૂમ પડ્યું કે શાસ્ત્રીજી મહારાજને તો ઉકાળામાં દિવેલને બદલે ‘વા’ની દવાનું આકરું ઝેરી તેલ અપાઈ ગયું છે !

સૌના શ્વાસ અધ્ધર થઈ ગયા! 'આશાભાઈએ તો માત્ર તે તેલવાળી રકાબી વાપરી તેમાં તેઓની આ દુર્દશા થઈ જ્યારે શાસ્ત્રીજી મહારાજ તો લગભગ એક તોલા જેટલી આ દવા પી ગયા છે. હવે શું થશે?' એમ દહેશતની તલવાર સૌના મન પર તોળાઈ રહી.

સ્વામીશ્રીને તો આ ખબર પડતાં માથે વીજળી પડી હોય તેવો કારમો ઘા વાગ્યો! તેઓને થયું કે 'શાસ્ત્રીજી મહારાજને જો કાંઈક થશે તો આખો સત્સંગ દુઃખી થશે ને પાપ થશે.' આ વિચારે તેઓ તો શાસ્ત્રીજી મહારાજના ઓરડામાં એક ખૂણે જઈને બેસી ગયા. નેત્રોમાંથી દડ... દડ... આંસુ વહેવાં લાગ્યાં.

શાસ્ત્રીજી મહારાજે આ જાણ્યું ત્યારે તેઓ રંગમંડપમાં ચાલતી મહાપૂજામાં બિરાજેલા ત્યાંથી સીધા સ્વામીશ્રી પાસે આવ્યા અને સાંત્વન દેવા લાગ્યા કે 'મને કાંઈ થવાનું નથી. શું આપણે મીરાં, નરસિંહ ને પ્રહ્‌લાદ જેવાં ભક્ત નથી? મહારાજ આપણી રક્ષામાં છે. મહાદેવે ઝેર પચાવી દીધું તો મને પણ પચી જશે. માટે ચિંતા કરીશ નહીં.' એમ કહીને સ્વામીશ્રીને ભેટ્યા અને વળી કહ્યું : 'તારા માથે કલંક નહીં આવે. મને કાંઈ થવાનું નથી. આ દેહ રહેશે અને સર્વેને શાંતિ રહેશે.'

આમ, અડધા કલાક સુધી સ્વામીશ્રીને પોતાની પાસે બેસાડીને, હાથે-માથે હાથ ફેરવતાં ફેરવતાં ધીરજ આપી. સાથે કહ્યું કે 'તું કૌમુદી ભણી રહીશ એટલે શ્રીજીમહારાજની પ્રસાદીની મારી પૂજાની માળા તને આપશું.' અંતે ઊભા થતાં થતાં રમૂજ પણ કરી કે 'જે દવા ચોપડવાથી બીમારી મટે તે દવા પીએ તો જલદી મટે.'[૫૮]

અને ખરેખર, બન્યું પણ એમ જ. શાસ્ત્રીજી મહારાજને 'વા'ની બીમારીને કારણે ઊંચકવા પડતા હતા તે આ પ્રસંગ પછી ચાલતા થઈ ગયેલા.[૫૯]

---

૫૮. અલબત્ત, તેઓનું આ વિધાન અનુકરણીય નથી. ગુણાતીત સત્પુરુષ તો પોતાના સામર્થ્યના બળે આમ કરી શકે.

૫૯. શાસ્ત્રીજી મહારાજની સારવાર માટે લાઠીદડના થાણેદાર હરગોવિંદદાસ સાથે ડૉ. પ્રભાશંકર આવતા. તેઓએ શાસ્ત્રીજી મહારાજે પીધેલ તેલનો અર્ક જોયો અને કહેવા લાગ્યા : 'આ હળાહળ ઝેરનાં ફક્ત બે જ ટીપાં પેટમાં ગયાં હોય તોપણ નાડી બંધ થઈ જાય, ત્યારે શાસ્ત્રીજી મહારાજ તો કાળકૂટ ઝેર પીને સ્વસ્થતાથી વાતો કરે છે! અને તેઓની નાડી પણ નિયમિત છે! શિવજીએ તો ઝેર પીને કંઠમાં ભરી રાખેલું પણ શાસ્ત્રીજી મહારાજ તો ઝેરને પી-પચાવી ગયા. માટે તેઓ તો મહાદેવથીયે મોટા છે.' આમ કહી, પોતે શૈવી હતા પણ ➤

દીવમાં દીવા

સારંગપુરમાં રોકાઈને શાસ્ત્રીજી મહારાજે ઠીક-ઠીક સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી, એટલે તેઓએ વિચરણનો દોર પુનઃ સાંધેલો. સ્વામીશ્રીને પણ આ વિચરણમાં સાથે જ રાખેલા, કારણ કે તેઓની સેવા અને સ્વભાવ – બંને શાસ્ત્રીજી મહારાજને ગમતાં.

આ વિચરણના પ્રથમ ચરણમાં શાસ્ત્રીજી મહારાજ ગોંડલ પધાર્યા. અહીં બે દિવસ રોકાઈને દીવ જવા નીકળ્યા. તે માટે ગુપ્તપ્રયાગથી આગળ આવતાં રેલવે સ્ટેશને ઊતરીને ત્યાંથી હોડી દ્વારા દીવ પહોંચેલા. અહીં કલ્યાણજી હરખચંદ શેઠને ઘેર ઉતારો હતો. સંતમંડળની પધરામણી થતાં દીવમાં દીવા પ્રગટી ગયા. દીવમાં દિવ્ય લાભ આપીને શાસ્ત્રીજી મહારાજ ગોંડલમાં શરદ પૂર્ણિમાનો સમૈયો કરવા પધાર્યા હતા. સ્વામીશ્રીને પણ તે લાભ મળ્યો.

ઉત્સવ બાદ તેઓ સોરઠ પ્રદેશનાં પંચાળા, બાલાગામ, આમલિયારા વગેરે સ્થળોમાં ફરતાં ફરતાં માણાવદર પધારેલા. અહીં શાસ્ત્રીજી મહારાજ બીમાર હતા, છતાં તેઓએ ગાડામાં સૂતાં સૂતાં પાંત્રીસ પધરામણીઓ કરેલી. જ્યારે પધરામણીનું ઘર આવે ત્યારે તેઓને ઊંચકીને ઉતારવામાં આવતા. પધરામણી પૂરી થયા બાદ પુનઃ ઊંચકીને ગાડામાં બેસાડવામાં આવતા. બે પધરામણીઓ વચ્ચે શાસ્ત્રીજી મહારાજ ગાડામાં સૂઈ જતા.

ગુરુનું આ ચરિત્ર સ્વામીશ્રીના હૈયે એવું તો ચોંટી ગયેલું કે આગળ ઉપર તેઓની વધતી વય અને નાજુક તબિયતને કારણે શારીરિક શ્રમ ઓછો લેવાનું તેઓને સૌ કહેતા ત્યારે તેઓ ઘણી વાર આ પ્રસંગનો સંદર્ભ ટાંકીને સૌને મૂક કરી દેતા.

અમદાવાદમાં અધ્યયન

ભાદરણ અને ખંભાત બાદ શાસ્ત્રીજી મહારાજે હવે સ્વામીશ્રીના સંસ્કૃત અભ્યાસ માટે અમદાવાદ પર પસંદગી ઉતારી હતી. અહીં ગિરિજાશંકર શાસ્ત્રી

શાસ્ત્રીજી મહારાજના હસ્તે વર્તમાન ધરાવી સત્સંગી થઈ ગયેલા.

સ્વામીશ્રીના આ દિવ્ય પ્રસંગને તેઓના જ શ્રીમુખે સાંભળવા જુઓ વીડિયો ટ્રેક નં. ૮. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

પાસે માગશર સુદ પાંચમના[૬૦] દિવસથી અધ્યયનનો આરંભ થયો. અધ્યાપકે પ્રથમ પાઠ લીધો ત્યારે તો શાસ્ત્રીજી મહારાજ પણ ત્યાં બિરાજેલા. ગિરિજાશંકરની ભણાવવાની પદ્ધતિથી તેઓ ખૂબ રાજી થયેલા અને આશીર્વાદ આપતાં કહેલું કે 'રંગાચાર્યની[૬૧] રીત મુજબ છે.'

આમ, આવા પંડિતના સાંનિધ્યમાં સ્વામીશ્રીના અભ્યાસનો દોર પુનઃ આગળ ચાલ્યો. તે વખતે તેઓની સાથે સહાધ્યાયીઓમાં પુરુષોત્તમાનંદ બ્રહ્મચારી અને અક્ષરજીવનદાસ હતા. જો કે અક્ષરજીવનદાસને વિશેષ અનુકૂળતા ન આવવાથી તેઓ શાસ્ત્રીજી મહારાજ સાથે વિચરણમાં જોડાઈ ગયેલા અને સ્વામીશ્રી તથા બ્રહ્મચારી, એમ બે જ અભ્યાસ માટે રોકાયેલા. હરિવલ્લભદાસને ભણનારાની સરભરા માટે શાસ્ત્રીજી મહારાજ મૂકતા ગયેલા. સાથે બબુભાઈ અને અન્ય હરિભક્તો પણ ધ્યાન રાખતા. આંબલીવાળી પોળમાં રહેતાં જીવીબાઈ નામના મુમુક્ષુ પણ સ્વામીશ્રી માટે ઘણી વાર સીધું મોકલતાં.

ગિરિજાશંકર સંસ્કૃત વ્યાકરણના 'લઘુસિદ્ધાંત કૌમુદી' ગ્રંથનો અભ્યાસ સ્વામીશ્રીને કરાવતા. તેઓ ખૂબ ધીરજવાળા. વિદ્યાર્થી દસ વખત પૂછે તો દસ વખત જવાબ આપે. લેશ પણ આકળા-ઉતાવળા ન થાય. સ્વામીશ્રી સાથે ભણતા બ્રહ્મચારી થોડા આળસુ, પણ તેનેય કલાક ભણાવે. બ્રહ્મચારીને જરાય ખબર ન પડે એટલે તે સ્વામીશ્રીને પૂછે. પછી સ્વામીશ્રી તેઓને ફરી અડધો-એક કલાક મથામણ કરીને સઘળી સમજ પાડે, પરંતુ તે કશું તૈયાર ન કરે. ગોખે નહીં. છતાં તેની આ આળસના ચેપથી અભડાયા વિના સ્વામીશ્રી તો ખંતથી અભ્યાસ કરતા.

અભ્યાસની સાથે સાથે તેઓ ભક્તિ-ભજનમાં પણ રત રહેતા. દરેક એકાદશીએ કાળુપુરમાં આવેલા શ્રીજીસ્થાપિત સ્વામિનારાયણ મંદિરે ચાલીને દર્શન કરવા જતા. આ અભ્યાસકાળ દરમ્યાન અઠવાડિયે બે-ત્રણ વાર સ્વામીશ્રી સાબરમતીના કિનારે પણ જતા. અહીં નદીમાં સ્નાન કરીને રેતીમાં બેસતા. તે વખતે એક લક્કડિયો પુલ જ હતો. ગાંધી પુલ બંધાતો હતો.

સન ૧૯૪૩

ગઢડાની 'પ્રસાદી'

અભ્યાસની સાથે સ્વામીશ્રીના વિચરણનો દોર પણ ચાલતો રહેતો. તેમાં

૬૦. તા. ૧૨/૧૨/૧૯૪૨, શનિવાર.

૬૧. રંગાચાર્ય વિદ્વાન પંડિત હતા અને તેઓએ શાસ્ત્રીજી મહારાજને ભણાવેલા.

એક વાર તેઓ શાસ્ત્રીજી મહારાજની સાથે બાબરા ગામે પધારેલા. અહીં વનમાળીભાઈ દ્વારા સં. ૧૯૯૯ની પોષ વદ પાંચમથી[૬૨] પારાયણ શરૂ થતું હતું. તેમાં સ્વામીશ્રીએ પણ કથારસની અદ્‌ભુત જમાવટ કરેલી. ત્યારબાદ કરિયાણામાં દર્શન કરીને શાસ્ત્રીજી મહારાજ સાથે ગઢડા પધારેલા.

અહીં શાસ્ત્રીજી મહારાજે સંતોને ગોપીનાથજીના મંદિરે દર્શને જવાની આજ્ઞા કરી, પણ સૂચના આપી કે 'કાંઈ થાય તો બોલતા નહીં.' આ શીખ ગાંઠે બાંધી સ્વામીશ્રી, વિષ્ણુ સ્વામી, બાલકૃષ્ણદાસ, હરિવલ્લભદાસ વગેરે દર્શન માટે નીકળ્યા. પરંતુ સંધ્યા આરતીના સમયે જેવા તેઓ દરવાજામાં પ્રવેશ્યા કે ત્યાં જ યોગીજી મહારાજે જેને આર્થિક સહાય કરાવીને ભણાવેલા તે ગોવિંદવલ્લભ નામના સાધુએ પચીસેક છોકરાઓ અને યુવાન સાધુઓને સાથે રાખીને ખળભળાટ મચાવ્યો કે 'બંડિયાઓ ! અહીં શું દાટ્યું છે ?...'

વરસાદ પહેલાંની ગાજવીજ જેવો આ ઊહાપોહ હતો. પરંતુ સ્વામીશ્રી વગેરે સંતો તો મૌન જ સેવી, સીધા ઠાકોરજીનાં દર્શને પધાર્યા. અહીં પણ અપમાન-તિરસ્કારનાં વાદળો તો ગગડતાં જ રહ્યાં. દર્શનમાં લીન આ સંતોને કેટલાકે ધક્કે ચડાવ્યા. મંદિરની રૂપચોકીમાં પણ ભણનારા સાધુઓ એકત્રિત થઈ આ સંતમંડળ સામે હુંકારા-તુંકારા કરવા લાગ્યા; છતાંય આ સંતો ધીરજ ધારી રહ્યા.

પણ જ્યારે તેઓ મંદિરની પ્રદક્ષિણા ફરીને પરમહંસોના નિવાસસ્થળે કરેલી પ્રાસાદિક છત્રી બાજુનાં પગથિયેથી નીચે ઊતરવા જતા હતા ત્યાં જ ક્યારનોય મંડરાઈ રહેલો મુસીબતોનો મેઘ તૂટી પડ્યો. સંતોની ધીરજને લાચારી સમજીને એક સાધુએ સ્વામીશ્રીનો હાથ ઝાલ્યો અને તેઓને પ્રદક્ષિણાના થાંભલે બે-ત્રણ વાર અફળાવ્યા. તેઓએ પહેરેલી પાઘ પણ ફંગોળી દીધી. અન્ય સંતોને પણ મારપીટ કરવામાં આવી. છતાં સ્વામીશ્રી સહિત કોઈએ શબ્દ કે શરીર, કશાથી કોઈ જ પ્રતિકાર કર્યો નહીં. સૌ 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' ભજન કરતા રહ્યા. પ્રહાર કરનારનું પણ હિત ચિંતવતા રહ્યા. તે વખતે શ્રીજીના પરમહંસો જેવી જ સાધુતા સ્વામીશ્રીમાં જોઈને આ મંદિરનું હૈયું ફરી એક વાર ગદ્‌ગદિત થઈ ગયું !

પરંતુ સ્વામીશ્રી અને સંતોને થઈ રહેલી આ મારપીટનું દૃશ્ય દૂર પ્રાસાદિક છત્રીએ બેઠેલા તાજપુરના ધરમશીભાઈ જોઈ ગયા. એટલે તેઓ ત્યાંથી જ રાડ પાડતાં ઊઠ્યા કે 'તમે સાધુ છો કે કોણ છો ?... સાધુઓને મારો

---

૬૨. તા. ૨૬/૧/૧૯૪૩, મંગળવાર.

છો ?' એમ કહી ઉપર આવ્યા. તેઓ આવતાં જ દ્વેષીઓ આઘા-પાછા થઈ ગયા. સ્વામીશ્રી અને સૌ સંતોએ પોતપોતાની પાઘ શોધી કશાય ચણભણાટ વિના શાંતિપૂર્વક વિદાય લીધી.

સૌ જ્યારે ઉતારે પાછા આવ્યા ત્યારે શાસ્ત્રીજી મહારાજે મરક મરક હસતાં પૂછ્યું : 'સન્માન થઈ ગયું ?'

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'આપ આવું જાણતા હતા તો ત્યાં જવાની 'ના' પાડવી'તી ને ?'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : 'તમને અનુભવ થાય ને કે અમે આ રીતે માર ખાધેલા છે. આ તમારું છેલ્લું અપમાન ! હવે કોઈ આ રીતે અપમાન કરશે નહીં.'

ચોરનો પરચો

આ વર્ષે ફાગણ સુદ ૧૨ના રોજ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ સાથે નગાસર પધારેલા. શાસ્ત્રીજી મહારાજ અહીં ત્રણ દિવસ રોકાયા. તે દરમ્યાન હરિભક્તોએ ધર્માદો કર્યો. તેમાં આશરે હજારેક રૂપિયાની સેવા આવી.

આ વાતની જાણ પડખેના ગામ ચોર-વડોદરામાં રહેતા કેટલાક ઠગ લોકોને થઈ. આ ચોર માણસો નજીકનાં ગામોમાં જઈ એકલ-દોકલને લૂંટી આવે તેવા. ખેતરમાંથી કાલાં-કપાસ વીણી જાય. સાથી હળ હાંકતો હોય તો બળદ પણ છોડાવીને લઈ જાય. તેઓને ખબર મળી ગઈ કે 'આટલી રકમ એકત્રિત થઈ છે;' તેથી તે સૌએ આ રકમ પડાવી લેવાનો પેંતરો વિચારી લીધો.

ફાગણ સુદ ૧૫ના દિવસે[૬૩] સવારે વીરમગામથી પાંચ વાગ્યે ઊપડતી ટ્રેનમાં જવાનો વિચાર શાસ્ત્રીજી મહારાજને હતો. તેથી સૌ વહેલા પરવારીને રેલવે સ્ટેશને જવા નીકળ્યા. એક ગાડામાં શાસ્ત્રીજી મહારાજ, સ્વામીશ્રી અને અમદાવાદના વિનાયકરાવ ત્રિવેદી બેઠા. બીજા એકામાં બાલકૃષ્ણ સ્વામી, અન્ય સંતો અને વળાવવા આવેલા નગાસરના હરિભક્તો ગોઠવાયા. ચતુરભાઈ તથા રાવજીભાઈ ખભે બંદૂક નાંખીને આગળ ઘોડા પર જતા હતા.

આ રીતે પાંચ-છ માઈલ આગળ ગયા ત્યાં એક ઝાડ આવ્યું. તેની નીચે પેલા ચોર લોકો બેઠેલા. પાછલી રાતના ચંદ્રમાના અજવાળે બંદૂકધારી ચતુરભાઈએ તેઓને જોયા પણ કો'ક મજૂરિયા ધારી લીધા. તેથી તેઓ તો

૬૩. તા. ૨૧/૩/૧૯૪૩, રવિવાર.

આગળ વધી ગયા. ચોર લોકોએ નોંધી લીધું કે 'બંદૂકવાળો ચોકિયાત ચાલ્યો ગયો છે, એટલે પાછળ સંતોનાં ગાડાં જ્યાં આવ્યાં ત્યાં જ પેલા ચોર ઊભા થયા. તેઓ પાસે લાકડાના અણીદાર ધોકા હતા. તે બળદ કે માણસ, જેને વાગે તેને પાડી દે. તેમાંથી એક ધોકો એકો ચલાવનારને તાકીને ફેંક્યો, પણ તે ધોકો ચાલકની આગળથી સમ્.... કરતો નીકળી ગયો.

એકાવાળાને આ કારસ્તાનથી ખબર પડી ગઈ કે 'ચોર આવ્યા છે.' તેથી તેણે તો એકો ભગાવ્યો. તે જોઈ ચોર લોકોએ બીજા ધોકાનો ઘા કર્યો. તે શાસ્ત્રીજી મહારાજ બેઠા'તા તે તરફના પૈડામાં વાગીને પાછો પડ્યો. આ ઘા પણ નિષ્ફળ જતાં ચોર વધુ ભુરાયા થયા ને ત્રીજો ધોકો ફેંક્યો. તે સ્વામીશ્રી અને વિનાયકરાવની વચ્ચેથી પસાર થઈ ગયો. ઉપરાછાપરી આમ ધોકા આવતાં હરિભક્તોએ 'ચોર... ચોર...' બૂમાબૂમ કરી મૂકી. ગાડાંવાળાઓએ બળદનાં પૂંછડાં આમળ્યાં અને ગાડાં દોડાવ્યાં. ચોર લોકો સંતોનાં ગાડાં પાછળ દોડ્યા પણ લાગ્યું કે 'કોઈ હાથમાં નહીં આવે.' એટલે બંદૂકોના ભડાકા કર્યા. તેના લોખંડના છરા બાલકૃષ્ણ સ્વામીના ઢીંચણમાં વાગ્યા અને કેટલાક હરિભક્તોને પણ જુદે જુદે અંગે વાગ્યા; પરંતુ જીવલેણ કશું થયું નહીં.

આમ, દોઢેક માઈલ સુધી નાસભાગ મચી રહી. અંતે ચતુરભાઈએ પાછા વળીને બંદૂકમાંથી ભડાકા કરતાં અને બીજું ગામ આવતાં ચોર પલાયન થઈ ગયા. તેથી હાશ થતાં સૌએ શાસ્ત્રીજી મહારાજને કહ્યું : 'આવું જોખમ લઈને આપણે વહેલાં નીકળવું ન જોઈએ.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે : 'કાંઈ વાંધો નહીં. આપણે ભગવાનની સેવા થાય છે. અને કેટલાક કહે છે ને કે 'લૂંટાયા પણ ચોર તો દેખ્યા.' પણ આપણે તો લૂંટાયા નહીં ને ચોર દેખવાના મળ્યા.' એમ ગમ્મત કરી.

તે વખતે વિનાયકરાવ સાહેબે પણ રમૂજ કરી : 'શાસ્ત્રીજી મહારાજ પાસે સમાગમનુંય સુખ આવે અને ચોરનુંય સુખ આવે.'

આમ, મુશ્કેલીઓમાં પણ મજા માણતાં શાસ્ત્રીજી મહારાજ સાથે સ્વામીશ્રીનું વિચરણ ચાલતું. અહીં કોઈ દા'ડો ઓટ-ખોટની વાત જ નહોતી; જે થાય તે સઘળું જમા ખાતે જ નોંધાતું જતું.

ગોદાવરીના ઘાટે જ્ઞાનગંગા

આ વર્ષે શાસ્ત્રીજી મહારાજ નાસિક પધારેલા. અહીં રામજી કેશવજી શેઠે

પારાયણ યોજેલું. વૈશાખ વદ પાંચમથી[૬૪] શરૂ થયેલા આ પારાયણમાં સ્વામીશ્રી સવારે 'સત્સંગિજીવન'ની કથા વાંચતા. તેમાં પોતાના મંજુલ સ્વરથી એક-એક શ્લોકના મુદ્દાના શબ્દો પર વિવરણ કરતા જાય, શ્રીજીમહારાજનું રહસ્ય સમજાવતા જાય અને છતાં પુનરાવર્તનનો દોષ ન આવવા દે. તેમ જ લંબાણ પણ ન થાય. તેઓની આવી શૈલીથી જાણે શાસ્ત્રીજી મહારાજ જ કથા કરતા હોય તેવું સૌને લાગતું.

સ્વામીશ્રીની નાની ઉંમર છતાં આ ગ્રંથના જ્ઞાનભાગનું સરળ વિવરણ સાંભળી, અનુભવી યજમાન શેઠ અત્યંત રાજી થતા અને કહેતા : 'આવી રીતે સંતોને જો કેળવ્યા હોય તો સંપ્રદાયનું ઓજસ બહાર આવે.'

અહીં નવરાશના સમયે શાસ્ત્રીજી મહારાજ પાસે બેસી સ્વામીશ્રી કથા-ભાગના અધ્યાયનો પાઠ કરતા ત્યારે ગુરુ-શિષ્યના એ દિવ્ય યુગલ સ્વરૂપનું દર્શન કરીને સૌ કૃતાર્થ થઈ જતા. આ પારાયણ દરમ્યાન સ્વામીશ્રીએ શ્રોતાઓની સાથે ગોદાવરીને પણ પાવન કરેલી.

આ પારાયણની પૂર્ણાહુતિ કરીને વૈશાખ વદ ૧૪ના રોજ સૌ ટ્રેન દ્વારા મુંબઈ પરત ફરી રહેલા. તે વખતે દાડમાવાળા નારણજી મહારાજ, અમદાવાદના જગજીવન વગેરે સ્વામીશ્રી સાથે હતા. તે મુસાફરીમાં રસ્તે બોગદું આવ્યું. તેમાં વચ્ચોવચ ટ્રેન ઊભી રહી ગઈ. તેથી ચારે બાજુ અંધારું ઘોર થઈ ગયું. તે જોઈ ગભરાટ અનુભવતાં નારણજી મહારાજ બોલ્યા : 'આટલા મોટા ડુંગરાનો ભાર ઉપર. અને માળી ગાડી વચ્ચે ઊભી રહી ગઈ ! આ ડુંગરો પડે તો ?'

'મહારાજ ! એવું તો બને નહીં; પણ બનવાકાળ હોય તો કોઈક દા'ડો બને પણ ખરું !' જગજીવને આમ મમરો મૂક્યો.

ત્યારે નારણજી મહારાજ કહે : 'પણ એ કો'ક દા'ડો આજે જ હોય તો ?'

તેઓના આ ધાસ્તીભર્યા શબ્દો સાંભળી શાસ્ત્રીજી મહારાજ તથા સ્વામીશ્રી સહિત સૌ હસી પડ્યા. આમ, રમૂજ કરતાં સૌ મુંબઈ આવી પહોંચ્યા.

અદમ્ય અને અગમ્ય ઉત્સાહ

મુંબઈથી અમદાવાદ વગેરે શહેરોમાં પારાયણનો લાભ આપતાં આપતાં શાસ્ત્રીજી મહારાજ સં. ૧૯૯૯ના શ્રાવણ માસમાં સુરત મુકામે પારાયણ નિમિત્તે પધારેલા. અહીં વદ છઠના રોજ ભાટિયાની વાડીમાં કથાનો મંગલ

---

૬૪. તા. ૨૪/૫/૧૯૪૩, સોમવાર.

પ્રારંભ તેઓએ કર્યો,[૬૫] પણ 'સત્સંગિજીવન'ના માહાત્મ્યના અધ્યાયો વાંચ્યા બાદ સ્વામીશ્રીને કથા કરવાનો હવાલો સોંપી દીધો.

સ્વામીશ્રીએ પોતાના કર્ણપ્રિય કંઠથી 'સત્સંગિજીવન'ના બીજા પ્રકરણની કથાનો આરંભ કર્યો ત્યારે શાસ્ત્રીજી મહારાજે પોતાના કંઠમાં પહેરાવાયેલા તમામ હાર સ્વામીશ્રીના કંઠમાં આરોપી દીધા અને મસ્તકે હાથ મૂકી અપૂર્વ રાજીપો બતાવ્યો. સ્વામીશ્રીની સરળ-મધુર શૈલીમાં વહેતા કથારસનું પાન કરીને શાસ્ત્રીજી મહારાજ પરમ તૃપ્તિ અનુભવતા હોય તેમ મંદ મંદ હસતા હતા.

અહીં એક વાર જ્યારે પારાયણની વ્યાસપીઠ પર બેઠેલા શાસ્ત્રીજી મહારાજનો ફોટો પાડવાનો હતો ત્યારે પણ તેઓ સ્વામીશ્રીને પોતાની બાજુમાં બેસાડવા માટે બોલાવવા લાગેલા. તે વખતે સ્વામીશ્રીએ તેઓને કહેલું : 'પણ જગ્યા ક્યાં છે? માટે આપ એકલા બેસો.' છતાં શાસ્ત્રીજી મહારાજે કંઈ જ સાંભળ્યું નહીં અને નિર્ગુણદાસ સ્વામી, વિદ્વાન ગૃહસ્થ નારાયણજી મહારાજ, શ્રીજીસ્વરૂપદાસ વગેરે ઘણા ધુરંધર વક્તાઓ હાજર હતા તોય વ્યાસપીઠ પર પડતી સંકડાશને અવગણીને સ્વામીશ્રીને પાસે બેસાડીને ફોટો પડાવેલો.

આવી તો કૈંક પારાયણોની પરંપરા હતી કે જેમાં શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રીને સદૈવ આગળ કરતા. પક્ષપાતની કક્ષાના આ પ્રેમનો ખુલાસો કરતાં શાસ્ત્રીજી મહારાજે જ સ્વામીશ્રીને લખેલું : *"તમને ભેગા રહેવાનું (રાખવાનું) મને તાન, તો નવી નવી કેટલી જાણવા જેવી વાતો ને સત્સંગ(માં) તમારી પ્રસીધી(પ્રસિદ્ધિ) થાય, (કે) 'આ સ્વામી મુખ્યવટ શીખ્યા છે. ભવિષ્યમાં સ્વામીનું નામ અચળ રાખે તેવા છે.' તેવો સૌને આપનો ભાર પડે..."*

આમ, સ્વામીશ્રીનું નામ આગળ આવે તેનો એક અદમ્ય-અગમ્ય ઉત્સાહ શાસ્ત્રીજી મહારાજને રહેતો. આવી રીતે કથાકિલ્લોલ કરતાં પારાયણના સાત દિવસ તો પલકારામાં પૂરા થઈ ગયા. છેલ્લે દિવસે ભવ્ય નગરયાત્રા નીકળી. સૌએ તાપી-સ્નાન પણ કર્યું.

સમત્વનાં સીમાચિહ્નો

પારાયણોના આવા અવિરત દોરમાં એક વાર શાસ્ત્રીજી મહારાજ કઠલાલ પધારેલા. અહીં ઉતારામાં શાસ્ત્રીજી મહારાજ માટે પલંગ હતો. તેથી તેઓ તેની પર પોઢતા અને સ્વામીશ્રીને શણિયા(કોથળા) ઉપર સૂવાનું થતું.

૬૫. તા. ૨૧/૮/૧૯૪૩, શનિવાર.

છતાં વ્યાસપીઠ પર બેસીને પારાયણો ગજાવનારા સ્વામીશ્રીને કોથળા પર શયન કરવામાં લેશ નાનપ લાગી નહોતી. તે વખતે સૌને 'ગીતા'ના સમત્વ-યોગની સીમા તેઓમાં જણાતી.

આવું જ સમત્વનું સીમાચિહ્ન રોપાયેલું – વિરોજામાં. અહીં પણ શાસ્ત્રીજી મહારાજ માટે એક ઓરડો હતો. તેમાં તેઓ સૂઈ ગયેલા અને સ્વામીશ્રી સહિત બાકીના સંતો આખી રાત નજીકની શાળામાં પરાળ[૬૬] નાંખીને સૂતેલા.

શાસ્ત્રીજી મહારાજ સાથેના વિચરણમાં એક વાર સ્વામીશ્રી માતર, રઢુ વગેરે ગામો તરફ વિચરતા હતા. વિચરણમાં વચ્ચે સરવણી નદી આવી. તેમાં પાણીની આવક ઘણી થઈ ગયેલી. તેથી સીધેસીધું ચાલીને પાર ઊતરાય એમ નહોતું. આથી, તરણોપાય એ શોધવામાં આવેલો કે એક મજબૂત બાવળિયે દોરડું મુશ્કેટાટ બાંધી દેવું અને સામે છેડે બે-ચાર જણા તે દોરડું પકડી રાખે. આ કસાયેલું દોરડું પકડીને તેના આધારે ચાલતાં ચાલતાં સામે પાર ઊતરી જવાનું. આ પ્રમાણે સ્વામીશ્રી અને ઈશ્વરભાઈ દાજીએ નદી પાર કરેલી. શાસ્ત્રીજી મહારાજને છાબડામાં બેસાડીને સામે પાર ઉતારેલા.

આમ, આવા અવનવા પ્રસંગોના તટ-પટ પર શાસ્ત્રીજી મહારાજ સાથે સ્વામીશ્રીની વિચરણગંગા વહેતી રહેતી. તેમાં પણ તેઓએ અધ્યયનની ધારાને સુકાવા દીધી નહોતી.

આ અરસામાં, 'લઘુકૌમુદી' અને 'રઘુવંશ'ની કાશીથી લેવાતી પરીક્ષા આપવા માટે સ્વામીશ્રી અમદાવાદથી પેટલાદ ગયેલા. જો કે ગુરુની મરજી બહારનો સંકલ્પ પણ ન કરનાર સ્વામીશ્રીએ આ બાબતે શાસ્ત્રીજી મહારાજને અગાઉ પુછાવેલું કે 'પેટલાદમાં પરીક્ષા આપવા જઉં કે નહીં?' તેમાં શાસ્ત્રીજી મહારાજની 'હા' આવતાં જ સ્વામીશ્રી ત્યાં પહોંચેલા.

શાસ્ત્રીજી મહારાજે પેટલાદના અગ્રણી હરિભક્ત નારણદાસ શેઠને લખેલું કે 'સંતો આવે છે તો વ્યવસ્થા કરજો.' તેથી તેઓના જ ઘેર સ્વામીશ્રી રોકાયેલા. આ પરીક્ષામાં તેઓ ઉચ્ચ ગુણાંક સાથે ઉત્તીર્ણ થયેલા.

સ્વામીશ્રીને ઉત્સવ-સમૈયા, વિચરણ વગેરેને લીધે એકધારો અભ્યાસ થઈ શકતો નહોતો. વળી, મંદિરોમાં સંતો પણ ઓછા. તેથી જુદી જુદી અનેક સેવાઓનો પણ ભાર રહેતો. છતાં શાસ્ત્રીજી મહારાજની રુચિ જોઈને તેઓએ મુશ્કેલીઓ વચ્ચે પણ વિદ્યાભ્યાસ કરેલો અને પરીક્ષા આપેલી.

---

૬૬. ડાંગરનું ખરસલું; અનાજનું પોચું ઘાસ.

સન ૧૯૪૪

આટલું તારે પણ સમજવાનું

સન ૧૯૪૪ના પ્રારંભમાં સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની સાથે વડોદરા જિલ્લામાં વિચરી રહેલા. તે દરમ્યાન એક વાર અટલાદરામાં તેઓ ઠાકોરજી જમાડતા હતા. તે વખતે શાસ્ત્રીજી મહારાજ દરેક સંતને તેઓના કાર્યક્રમ વિશે પૂછવા લાગ્યા. તેમાં સ્વામીશ્રીને પણ પૂછ્યું કે 'તારે શું કાર્યક્રમ છે?'

'અમદાવાદ જવાનું છે.' સ્વામીશ્રી બોલ્યા.

'સારું.' એટલું કહી શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજને પૂછ્યું કે 'તમારો શું કાર્યક્રમ છે?'

'આપ કહો તે કાર્યક્રમ.' યોગીજી મહારાજે કહ્યું.

આ સાંભળતાં શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીને કહ્યું : 'આટલું તારે પણ સમજવાનું છે.'

અલબત્ત, સ્વામીશ્રીએ અમદાવાદનો કાર્યક્રમ શાસ્ત્રીજી મહારાજની અનુમતિ લઈને જ ગોઠવ્યો હતો, પરંતુ પ્રસંગોપાત્ત આવાં નિમિત્ત ઊભાં કરીને શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રીને સાધુતાના ધર્મ-મર્મની વાતો સમજાવતા રહેતા. સાથે સાથે સ્વામીશ્રી વિદ્વત્તામાં મોખરે રહે તે માટે શાસ્ત્રીજી મહારાજ તેઓને શાસ્ત્રોનાં રહસ્યો પણ હસ્તગત કરાવતા જતા.

અટલાદરાના નિવાસ દરમ્યાન જ એક વાર તેઓએ ભાગવતનો ગ્રંથ મંગાવીને તેના દશમ સ્કંધના પહેલા અધ્યાયના અમુક શ્લોકો સ્વામીશ્રીને સમજાવતાં કહેલું : 'મને ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામીએ દશમ સ્કંધના પહેલા અધ્યાયના આટલા શ્લોકો ભણાવ્યા હતા. હવે તારે પણ ભાગવતનો અભ્યાસ ગુરુમુખે કરવો.'

આમ, ગુરુમુખે ભાગવત ભણવાની આ જે વાત થયેલી તે મુજબ, ચૈત્ર માસમાં નાપાડમાં યોજાયેલા પારાયણમાં લાભ આપીને સ્વામીશ્રી જ્યારે શ્રાવણ માસમાં મુંબઈ પધારેલા ત્યારે સૂર્યનારાયણની વાડીમાં શાસ્ત્રીજી મહારાજે તેઓને ભાગવતના પ્રથમ સ્કંધના અધ્યાયો ભણાવ્યા હતા.

આ રીતે જેમ કોઈ કુશળ શિલ્પી શિલાને કંડારતો જાય તેમ શાસ્ત્રીજી મહારાજ સંપ્રદાયના સમર્થ સૂત્રધારને જાણે ઘાટ આપતા રહેતા!

તારે માથે આવશે

સાધુતા, વિદ્વત્તાની સાથે સાથે વ્યવહારકુશળતાનો પણ ત્રિવેણી સંગમ સ્વામીશ્રીમાં સર્જવો હોય તેમ, શાસ્ત્રીજી મહારાજ તેઓમાં વ્યવહારની કળાઓ પણ રેડતા રહેતા. જ્યારે વડતાલ સંસ્થા સાથે સમાધાન અંગે વાટાઘાટો ચાલતી ત્યારે તેઓ હંમેશા સ્વામીશ્રીને પોતાની સાથે રાખતા.

એક વાર સારંગપુરમાં સમાધાન અંગેની આવી એક બેઠક યોજાયેલી. તેમાં વડતાલ સંસ્થાના આચાર્યશ્રી સહિત ઘણા અગ્રણીઓ ઉપસ્થિત રહેવાના હતા. તે બેઠકમાં પણ શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીને સાથે લીધા ત્યારે તેઓએ શાસ્ત્રીજી મહારાજને પૂછેલું કે 'આવી વાતમાં મને શું ખ્યાલ આવે તે સાથે લીધો ? સમાધાન જેવી વાત કરવાની છે તો નિર્ગુણ સ્વામી કે બીજા કોઈ સારા સંતને બોલાવો.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજે 'તારે આગળ મોટાં કામ કરવાં પડશે તે અત્યારથી સાથે રાખ્યા છે. આગળ કરવું પડશે.' એમ કહી સ્વામીશ્રીને આશીર્વાદ આપેલા.

વળી, જ્યારે શાસ્ત્રીજી મહારાજની પાસે વ્યાવહારિક-વહીવટી પ્રશ્નો આવે ત્યારે પણ તેઓ સ્વામીશ્રીને પોતાની પાસે બેસાડે. આ સમયે સ્વામીશ્રી જુએ કે 'શાસ્ત્રીજી મહારાજ પર પ્રશ્નોની ઝડી વરસે છે, છતાં તેઓ લેશ પણ કંટાળ્યા સિવાય દરેકને સમાધાન આપે છે.' તેથી એક વાર તેઓએ સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજને તેઓના ઓરડામાં પૂછેલું : 'આપની આગળ આવાં અનેક પ્રશ્નો અને ફરિયાદો આવે છે. વળી, મંદિરોનો વ્યવહાર પણ સંભાળવાનો રહે છે. તેમાં કંટાળો આવતો નથી ?'

ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહેલું: 'મહારાજ-સ્વામીની સેવા કરવામાં કંટાળો ન હોય. તેમાં આનંદ થાય. અને તારા માથે આવશે ત્યારે ખબર પડશે.'[૬૭]

આમ, સાધુતા, વિદ્વત્તા અને વ્યવહારકુશળતાના પાઠ ભણાવીને શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રીને ઓપ આપતા રહેતા. સ્વામીશ્રી પણ જન્મજાત 'સબગુણપૂરણ' હોવા છતાં ગુરુશિક્ષાને આત્મસાત્ કરતા જતા.

---

૬૭. સ્વામીશ્રીનો આ દિવ્ય પ્રસંગ તેઓના જ શ્રીમુખે સાંભળવા જુઓ વીડિયો ટ્રેક નં. ૯. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

આ અરસામાં, શાસ્ત્રીજી મહારાજ હાથના 'વા'ની બિમારીમાં સારવાર માટે ભાવનગર મુકામે ૨૦-૨૫ દિવસ જેટલું રોકાયેલા. તે વખતે તેઓને કિરણોના ઉપચાર (ray's treatment) અર્થે હૉસ્પિટલે જવું પડતું. ત્યારે સ્વામીશ્રી જ તેઓની જોડના સાધુ તરીકે સાથે રહેતા અને ગુરુને અનુકૂળ આવે તેમ સેવા કરતા.

ગોંડલીના તીરે સૂરસમાધિ

વિ.સં. ૨૦૦૦માં શરદ પૂર્ણિમાના પ્રસંગે ગોંડલમાં આયોજિત શ્રીહરિ-યાગના અવસરે ચૌદશની સવારથી ચોવીસ કલાકની અખંડ ધૂન ગોઠવવામાં આવેલી. તેમાં રાત્રે લગભગ અગિયાર વાગ્યે ભાઈલાલભાઈ ધૂન ઝિલાવતાં દિલરુબા વગાડતા હતા અને સૌ ભક્તો ધૂન ઝીલી રહેલા. શાસ્ત્રીજી મહારાજ પણ સ્નાનાદિકથી પરવારીને આ ધૂનમાં પધાર્યા. તે વખતે તેઓ પોતાના હાથમાં દિલરુબા લઈને વગાડવા લાગ્યા. સૌ કોઈ દિલરુબામાંથી નીકળતા સૂર અને શાસ્ત્રીજી મહારાજના સ્વરૂપમાં ખેંચાઈ ગયા. ચોમેર દિવ્યતા ફેલાઈ રહી. લગભગ બે કલાક સુધી સૌ સમાધિનું સુખ અનુભવી રહ્યા.[૬૮]

માણ્યું તેનું સ્મરણ કરવું

શાસ્ત્રીજી મહારાજ મોટે ભાગે સારંગપુરમાં અન્નકૂટનો ઉત્સવ ઊજવતા. ત્યારબાદ ત્યાંથી પ્રસાદી લઈને કાર્તિક સુદ દશમના રોજ અમદાવાદ પધારતા. અહીં પ્રબોધિની એકાદશીનો સમૈયો કરતા અને સૌને પ્રસાદ વહેંચતા. આ ક્રમ

૬૮. આ પ્રસંગ બન્યાના છ દાયકા બાદ સન ૨૦૦૪માં સ્વામીશ્રીને પૂછવામાં આવેલું: 'આપને ગમતો શાસ્ત્રીજી મહારાજનો પ્રસંગ કહેશો?' ત્યારે તેઓએ ઉપરોક્ત પ્રસંગની વાત કહેલી. આ પરથી સમજી શકાય છે કે તે પ્રસંગની સ્વામીશ્રીના મન પર કેવી અમીટ છાપ પડી હતી. આ વખતે જ શાસ્ત્રીજી મહારાજ સાથેનો પોતાનો એક અન્ય સ્મરણીય પ્રસંગ કહેતાં તેઓએ જણાવેલું કે ''સારંગપુરમાં સમૈયા પર હરિભક્તો ખૂબ આવેલા. બધાએ શાસ્ત્રીજી મહારાજને કહ્યું કે 'શ્રીજીમહારાજ અહીં રાસ રમેલા છે. માટે તમે વચ્ચે બેસો ને અમે રાસ લઈએ.' ત્યારે તેઓએ 'હા' પાડેલી અને વચ્ચે બેઠેલા. પછી સૌ રાસ રમવા લાગ્યા. તે જોઈને સ્વામી પણ બહુ રાજી થયા. તેમાં પ્રભુદાસ લાલાજી બહુ ઉત્સાહી. તે *'આજ મારે ઘેર, થાય લીલા લહેર...'* એમ ગાય ને સ્વામી પાસે મુજરા કરે. આ પ્રમાણે બધાને સ્મૃતિ આપી ખુશ કરેલા. તેમાંથી આપણને સુખ આવે.''

મુજબ તેઓ અમદાવાદ આવેલા. તે વખતે આંબલીવાળી પોળમાં પેસતાં જ ડાબે હાથે પહેલા મકાનમાં નાનકડા મંદિર જેવી રચના કરેલી. શાસ્ત્રીજી મહારાજે ત્યાં જ નિવાસ કરેલો.

અહીં તેઓએ સારંગપુરથી લાવેલી અન્નકૂટની પ્રસાદીમાંથી હરિભક્તોને આપવા માટે પ્રસાદના પડિયા ભર્યા. પછી પોઢી ગયા. તે સમયે મકાનની નીચેના ભાગમાં આવેલી દુકાનમાં અચાનક આગ ફાટી નીકળી. ગણતરીની પળોમાં તો ધુમાડાના ગોટેગોટાથી આખું મકાન ભરાઈ ગયું. સામે કશું સૂઝે નહીં એ રીતે આગ હૂહૂકાર કરવા માંડી. આ જોઈ સૌ બેબાકળા બની ગયા અને શાસ્ત્રીજી મહારાજને બહાર આવી જવા બૂમો પાડવા લાગ્યા; પરંતુ શાસ્ત્રીજી મહારાજ તો આવી ભીષણ આગની પરવા વિના પ્રસાદીના પડિયા સહીસલામત બહાર લાવવાની પેરવીમાં પડ્યા. આગમાં ઘડીક અંદર જાય અને પડિયા બહાર લાવીને મૂકે. આ જોઈ સૌએ પ્રસાદની પળોજણ મૂકીને તેઓને બહાર આવી જવા કહ્યું, પરંતુ શાસ્ત્રીજી મહારાજ બધો પ્રસાદ બહાર લાવ્યે જ રહ્યા. પ્રસાદની સાથે સાથે સંતોના પોટલાં પણ બહાર લાવી દીધાં.

આગના લપકારામાં અને ધુમાડાના ગોટામાં આવવા-જવા છતાં શાસ્ત્રીજી મહારાજને કોઈ જ ઈજા પહોંચી નહોતી !

સૌને આ જોઈ ખૂબ આશ્ચર્ય થયું. સાથે હાશ પણ થઈ. તે વખતે સૌએ શાસ્ત્રીજી મહારાજને આવું જોખમ ફરી ન ખેડવા વિશે વિનંતી કરી. ત્યારે તેઓ બોલ્યા : ‘ઠાકોરજીનો પ્રસાદ જતો કરાય ?’ ત્યારબાદ સવારે સૌને પ્રસાદીના પડિયા આપીને શાસ્ત્રીજી મહારાજે રાજી કરેલા.

સ્વામીશ્રીએ પોતાની રોજનીશીમાં શાસ્ત્રીજી મહારાજનું આ ચરિત્ર-ચિત્રણ કંડાર્યું છે. *‘માણ્યું તેનું સ્મરણ કરવું, એય છે એક લ્હાણું...’* મુજબ તેઓ ગુરુનાં ચરિત્રોને નીરખતાં-નોંધતાં રહેતા.

ગુરુવચને ચૂરેચૂરા

શાસ્ત્રીજી મહારાજનો લાભ લઈને સ્વામીશ્રી પુનઃ અટલાદરા આવી ગયેલા. અહીંના સેવાયજ્ઞ દરમ્યાન સિમેન્ટના સ્થાને ચૂનાનું ચલણ હતું. સ્વામીશ્રી આ ચૂનો કાલવવાની સેવામાં જોડાયેલા. તેની કાર્યવાહીનું વર્ણન કરતાં તેઓ કહેતા : ‘પથરાનું જબરજસ્ત મોટું પૈડું હોય. બે બળદ એ પૈડું લઈને ગોળ-ગોળ ચાલે. ચૂનામાં રેતી અને પાણી ‘મિક્સ’ થતું જાય અને પિલાતું જાય.

પાછળ પાવડો ઝાલીને આપણે ચાલવાનું. આ રીતે ૧૦૮ આંટા પૂરા થાય એટલે ચૂનો પાકી જાય. પછી એનો ઢગલો કરવાનો ને કડિયાને આપવાનો.'

જ્યારે ચૂનાની ચક્કીની આવી સેવા સ્વામીશ્રી કરતા ત્યારે ધગધગતો તાપ ઉપરથી વરસતો અને નીચેથી આ ચૂનાની ગરમી છૂટતી. તે સમયે મંદિરના કોઠારનું કામ પણ ચાલતું હોવાને કારણે માલની માંગ પુષ્કળ પ્રમાણમાં રહેતી. એટલે ત્રણ વાર ચક્કી કાઢવાની થતી. એક, સવારે વહેલા કાઢવાની. પછી બપોરે બાર વાગ્યે અને સાંજે ચાર વાગ્યે. વળી, કારખાનાનું કામકાજ સંભાળતા દેવપ્રસાદદાસ સ્વામીની પ્રકૃતિ એવી કે અચાનક ચૂનો માંગે. પણ સામે સ્વામીશ્રીની ખબરદારી એવી કે તેઓએ ચૂનો માંગ્યો નથી કે સ્વામીશ્રીએ આપ્યો નથી, એમ તેઓ સદા તૈયાર રહેતા.

પરંતુ આવી સેવાને કારણે તેઓને ચૂનાની ગરમી લાગી ગઈ અને સમગ્ર શરીર પર લાલઘૂમ ચાઠાં ઊપસી આવ્યાં. મુખારવિંદ પણ તેની અસરથી બાકાત ન રહ્યું. છતાંય *'તન કરી નાંખે રે, ગુરુવચને ચૂરેચૂરા.....'*ની જેમ સ્વામીશ્રી તો સેવામાં મંડ્યા જ રહેલા.

દિવ્યભાવનો દસ્તાવેજ

સ્વામીશ્રીને જ્યારે ચૂનાની ગરમી લાગી ગઈ ત્યારે શાસ્ત્રીજી મહારાજ ઝાડેશ્વર ગામમાં હતા. તેઓને પણ ન્યુમોનિયાની બીમારી લાગુ પડેલી અને સ્વાસ્થ્યમાં શીઘ્ર સુધારો જણાતો નહોતો. તે વખતે તેઓએ અટલાદરા ખબર મોકલાવ્યા કે 'નારણદા' અહીં આવી જાય તો સારું.'

સ્વામીશ્રી અલ્પ સમયમાં જ શાસ્ત્રીજી મહારાજના મુખનું પાન બની ગયેલા. તેઓની જીભ નારણદા'નું રટણ કરતાં કદી સુકાતી જ નહીં. તેમાંય જ્યારે તેઓના શરીરમાં રોગાદિક આવે ત્યારે નારણદા' પાસેથી 'ભક્તચિંતામણિ' સાંભળે ત્યારે જ તેઓને શાતા વળતી. તેથી તેઓ માંદગીના પ્રસંગે હંમેશા સ્વામીશ્રીને બોલાવતા અને તેઓ પાસેથી કથા સાંભળતા. આ ક્રમ મુજબ તેઓએ ઝાડેશ્વરમાં પણ સ્વામીશ્રીને યાદ કરેલા.

સ્વામીશ્રીને તો આ સમાચાર મળતાં જ સરિતા સાગરને ભેટવા દોડે તેમ શાસ્ત્રીજી મહારાજ પાસે જઈ પહોંચ્યા. તે વખતે શાસ્ત્રીજી મહારાજ મંદિરમાં ઠાકોરજી આગળ ખાટલો ઢાળીને પોઢેલા. સ્વામીશ્રીને જોતાં જ તેઓ બોલ્યા : 'હવે મંદવાડ જશે.'

ત્યારબાદ તેઓએ સ્વામીશ્રીને અટલાદરાના સમાચાર પૂછ્યા. તે વખતે જ તેઓની દૃષ્ટિ સ્વામીશ્રીના મુખારવિંદ પર પડેલાં ચાઠાં પર ગઈ. તેથી પૂછ્યું : 'આ શું થઈ ગયું છે?' એમ કહેતાં સ્વામીશ્રીના ચહેરા અને શરીર પર શાસ્ત્રીજી મહારાજ હાથ ફેરવવા લાગ્યા અને બોલ્યા : 'હવે મટી જશે.' પછી પોતાની ઝોળીમાંથી એક ઔષધ કાઢી આપતાં સ્વામીશ્રીને કહ્યું : 'આ ખાજે.' આમ, સ્વામીશ્રીને આવતાંવેંત દવા-દુઆ બંને મળી ગયા.

અહીં આશરે એક અઠવાડિયા સુધી રોકાવાનું થયું. તે દરમ્યાન શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી પાસે રોજ 'ભક્તચિંતામણિ' વંચાવે અને તેઓના મુખ પર હાથ ફેરવે, તેઓનું મસ્તક પોતાની આંખે દબાવે. આમ, અઠવાડિયું પૂરું થતાં સુધીમાં તો સ્વામીશ્રીનાં શરીર પરનાં તમામ ચાઠાં દૂર થઈ ગયાં. ફક્ત તેઓની નાસિકા પર એક લાલ ડાઘ ઘણા લાંબા સમય સુધી રહેલો, જે સૌને સ્વામીશ્રીની ભીડાભક્તિ અને ગુરુભક્તિનું સ્મરણ કરાવતો હતો.[૬૯]

આ પ્રસંગનું વર્ણન કરતાં તેઓએ લખ્યું છે કે '...પોતે પોતાના મંદવાડનું નિમિત્ત ઊભું કરી, મને સેવામાં બોલાવી, મારો રોગ ને ડાઘ કાઢી નાંખ્યા. તેમ દયા કરી...'

ઉપરોક્ત લખાણ સ્વામીશ્રીના ગુરુ વિશેના અનહદ દિવ્યભાવનો દસ્તાવેજ છે. 'ગુરુ જે કંઈ પણ કહે-કરે છે તે કેવળ અને કેવળ મારા રૂડા માટે છે,' – આ વિચાર સ્વામીશ્રીનો ધબકાર હતો. જો તેમ ન હોય તો શાસ્ત્રીજી મહારાજની માંદગીનું ઉપર લખ્યું તેવું તારણ-કારણ નીકળી શકે?

આમ, ઝાડેશ્વરમાં સપ્તાહ સુધી લાભ લઈ વિદાય થતાં સ્વામીશ્રીને શાસ્ત્રીજી મહારાજે સ્નેહસભર સલાહ આપતાં કહ્યું : 'હવે ચૂનાનું કામ તું ના કરીશ.' એટલું જ નહીં, મંદિરના બાંધકામની સેવા સંભાળતા દેવપ્રસાદદાસ સ્વામીને પણ શાસ્ત્રીજી મહારાજે લખી મોકલ્યું કે 'આને હવે બીજું કામ હોય તો બતાવજો.' તેથી અટલાદરા પરત ફર્યા બાદ સ્વામીશ્રી અન્ય સેવાઓમાં પરોવાઈ ગયા.

---

૬૯. સ્વામીશ્રીના આ દિવ્ય પ્રસંગને તેઓના જ શ્રીમુખે સાંભળવા અને તેઓએ કરેલી ચક્કીની સેવાનું નિદર્શન નિહાળવા જુઓ વીડિયો ટ્રેક નં. ૧૦. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

સન ૧૯૪૫

દેખાવ નહીં પણ ભક્તિભાવ

શાસ્ત્રીજી મહારાજનો ૮૧મો જન્મજયંતી મહોત્સવ બોચાસણમાં અતિ ધામધૂમથી ઊજવાવાનો હતો.[૭૦] આ પ્રસંગે સ્વામીશ્રી પણ સેવામાં આવી ગયેલા. મંદિરસંકુલની સાફસૂફીનું કામ પુરજોશમાં ચાલતું હતું. તેના ભાગરૂપે ચૂનાની ચક્કીનું સ્થાન ફેરવાતાં ત્યાં પડેલા ઢેખાળા વગેરે સાફ કરવાનું હતું. વળી, ઉકરડા જેવી બીજી પણ ગંદકી ત્યાં હતી. તેનેય વાળી-ઝૂડીને દૂર કરવાની હતી. તે માટે શાસ્ત્રીજી મહારાજ સ્વયં ત્યાં બેઠા અને સૌને સેવામાં જોડ્યા.

થોડી વારમાં કંઈક કામ આવતાં શાસ્ત્રીજી મહારાજ ઊભા થયા. તેઓની વિદાય સાથે જ સેવામાં જોડાયેલા પણ ધીરે ધીરે કરતાં સેવામાંથી સરકી ગયા. ફક્ત સ્વામીશ્રી અને બીજા બે ભક્તો જ ઠેઠ કામ પૂરું થયું ત્યાં સુધી મંડ્યા રહેલા. બપોરે બાર - સાડા બાર વાગ્યે શાસ્ત્રીજી મહારાજ પુનઃ ત્યાં પધાર્યા ત્યારે સ્વામીશ્રીને સેવા કરતા જોઈ ઘણા જ રાજી થઈ ગયેલા અને તેઓને અંતરના આશીર્વાદ આપેલા; કારણ કે તેઓમાં ઉપરછલ્લો દેખાવ નહીં પણ ઊંડો ભક્તિભાવ જોવામાં આવેલો.

આ રીતે સેવામાં અહોરાત્ર મંડ્યા રહેલા સ્વામીશ્રીના ખાવા-પીવા કે સૂવામાં કોઈ સમય કે સુવિધા સચવાતાં નહીં. તેઓ સેવામાંથી પરવારીને રાત્રે મોડા સૂવા માટે આવે ત્યારે રજાઈનો મેળ પડે કે ન પણ પડે. તેથી શાસ્ત્રીજી મહારાજ જ સ્વામીશ્રી માટેની રજાઈ પોતાના ખાટલા પર ઓશીકા જેવું કરીને મૂકી રાખતા. તેઓના ખાટલા પરથી તો કોઈ લે નહીં! પછી રાત્રે સ્વામીશ્રી આવે ત્યારે તેઓને એ રજાઈ કાઢી આપતા. તે પર સ્વામીશ્રી સૂઈ જતા.

એક બાજુ પોતાનો જન્મજયંતી મહોત્સવ ઊજવાતો હોય ત્યારે પણ આવી નાની-નાની બાબતોમાં સ્વામીશ્રીની ખેવના કરવાનું શાસ્ત્રીજી મહારાજ ચૂકતા નહીં. પોતાનાં સન્માનો કરતાંય તેઓને મન સ્વામીશ્રી અધિક હતા.

નાવમાં માવની સાથે

બોચાસણની જન્મજયંતી બાદ શાસ્ત્રીજી મહારાજ એક વાર નહાર ગામે જવા નીકળેલા. તેના પ્રથમ સોપાનરૂપે તેઓ બદલપુર પધાર્યા. અહીંથી તેઓ

---

૭૦. તા. ૧૮/૧/૧૯૪૫, ગુરુવાર.

તથા નિર્ગુણ સ્વામી, સ્વામીશ્રી, રણછોડભાઈ, ગેમનભાઈ વગેરે સૌ હોડીમાં બેઠા. ભરતીનાં ભરેલાં જળમાં નાવિકે નાવ હંકારી દીધું, પણ નાવ જેવું પાણીમાં સરકવા લાગ્યું કે ઓટ આવવી શરૂ થઈ. તેથી હોડી રૂપેશ્વર મહાદેવના જે ધક્કે જવાની હતી ત્યાં જઈ ન શકી અને એક કોતર આગળ જ ફસાઈ ગઈ. તે ફસામણી જોતાં નાવિકે કહ્યું : 'હવે આગળ કે પાછળ નહીં જવાય.'

તેથી નિર્ગુણ સ્વામી આકળા થઈ ગયા, પણ શાસ્ત્રીજી મહારાજે તેઓને વારતાં કહ્યું : 'ગુસ્સે થવાથી શું બનશે?' એમ કહી તેઓ તો નીચે ઊતરીને કોતરો ચડવા લાગ્યા. સ્વામીશ્રી ગુરુનાં એ પગલાંને અનુસરતા ગયા. અંતે નિર્ગુણ સ્વામી પણ કચવાતાં કચવાતાં પાછળ ખેંચાયા.

આમ, સૌ હેમખેમ નહાર પહોંચ્યા. જો કે બે દિવસમાં જ અચાનક બોચાસણ જવાનું થયું. પાછા વળતાં નાવમાં જ મુસાફરી કરવાની હતી. આ વાપસીમાં બદલપુરના ધક્કે વહાણ ચક્કરે ચઢ્યું. તેથી નિર્ગુણ સ્વામી ફરી અકળાઈ ગયા. પરંતુ નાવિકો હોશિયાર હતા અને સાથે બદલપુરના ભક્તો હતા. એટલે તેઓએ વાંસડા વડે નાવને ધક્કા સુધી પહોંચાડી દીધું. પછી ત્યાંથી સૌ બોચાસણ આવી પહોંચ્યા. આમ, આ પ્રસંગે શાસ્ત્રીજી મહારાજની સાથે નૌકાયાત્રાની એક વિરલ સ્મૃતિ સ્વામીશ્રીને મળી ગઈ!

રાજી કરવા જ છે એ ધ્યેય

વિરોધનાં વાવાઝોડાંઓને પોતાના અમોઘ ઐશ્વર્યથી શમાવીને શાસ્ત્રીજી મહારાજ અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાના વિજયવાવટા ફરકાવતાં મંદિરો એક પછી એક તૈયાર કરી રહેલાં. એ ભવ્ય ઉપાસનાયાત્રાનો ચોથો દિગ્વિજય અટલાદરામાં થવાનો હતો. તે માટે પ્રતિષ્ઠા પૂર્વે આઠ-દસ મહિના સુધી તો સ્વામીશ્રી અટલાદરા જ રોકાયેલા અને અહીં નિર્માણાધીન મંદિરની વિવિધ સેવાઓમાં તેઓ પરોવાઈ ગયેલા. બાંધકામમાં સરળતા રહે તે હેતુથી, બાંધેલી પાલખો પર તેઓ અત્યંત સ્ફૂર્તિપૂર્વક અહીંથી તહીં પહોંચતા.

આ સેવાની સ્મૃતિ કરાવતાં તેઓ ઘણી વાર કહેતા : 'મંદિરની પાલખે હું ફર ફર કરતો. જરાય બીક ન લાગે. છેક ઉપરની પાલખો સુધી ફરતો. જરાય બૅલેન્સ ન ચૂકતો.'

ચેઈન કંપી દ્વારા પથ્થરો ચઢાવવામાં પણ સ્વામીશ્રી પરસેવો પાડતા. દેહની કોઈ જ તમા ન રાખતા. તેમાં જ એક દુર્ઘટના ઘટી ગઈ. તેનું વર્ણન

કરતાં તેઓ કહેતા :

''અટલાદરામાં મંદિરનું કામ ચાલુ થયેલું ત્યારે પોરબંદરથી પથ્થરો આવતા. તે દરિયા દ્વારા ભરૂચ આવે. ત્યાં કાલિદાસભાઈ ઠક્કર નૂર ભરીને તે પથ્થર ઉતારી લે. તેને પછી નાની ટ્રેનમાં નાંખે. તે સમયે ભોગીભાઈ ત્રિવેદી રેલવેમાં ડિવિઝનલ ટ્રાફિક સુપરિન્ટેન્ડન્ટ(ડી.ટી.એસ.)ની નોકરી કરતા. તેઓની ભલામણથી વૅગન ઉતારવા માટે અટલાદરામાં એક સાઈડ કરી આપવામાં આવેલી. અહીં પથ્થર વૅગનમાંથી નીચે પાડી, તેને ગાડીમાં ચઢાવીને મંદિરે લઈ જતા. તે ઘડીએ મજૂરો બહુ ઓછા; એટલે સંતો-હરિભક્તો પણ સાથે કામ કરતા. મોટી પાટ આવે એ પથ્થર દોઢ ફૂટ જાડો હોય.

એક વાર પથ્થર આવેલા. તેને વૅગનમાંથી કોશ વડે ઉતારવાના હતા. દેવપ્રસાદ(સ્વામી) પથ્થરના મુકાદમ. તે મને કહે : 'તમારે પથરા લેવા આવવું પડે.' મેં કહ્યું : 'ભ'ઈ! પથ્થરના કામમાં મને ખબર ના પડે.' તોય કહે કે 'ના, ચાલો.' એમ કહી મને લઈ ગયા. હું, હરજીવનદાસ, દેવપ્રસાદ ને બીજા બે હતા.

વૅગન એટલે બંધ નહીં પણ ઓપન (ખુલ્લું). તે વૅગનની ધાર આશરે પાંચ-છ ઇંચની હોય. તે બાજુ હું ઊભો હતો. કોશ દ્વારા પથ્થર નીચે ઉતારવાના. ગરેડી મૂકીને પથ્થરને ખસેડવામાં આવે. આ રીતે બે-ત્રણ પથ્થરો તો સારી રીતે ઉતાર્યા, પણ એક પથ્થર નવ ફૂટ લાંબો અને અઢી ફૂટ પહોળો હતો. તે ઉતારવા અમે ગયા. પેલી બાજુથી હરજીવનદાસ અને દેવપ્રસાદ કોશ ભરાવે ને પથ્થરને ઊંચો કરે ને મારે 'પૅકિંગ' મૂકવાનું, 'સપોર્ટ' આપવાનો, જેથી પથ્થર ખસે નહીં. તે એ લોકોને હું પૅકિંગ મૂકવા જાઉં છું એ ખબર નહીં ને બેઉએ 'હઈસો' કહીને પથ્થર ઊંચો કરી દીધો. તે વૅગનની ધાર અને પથ્થર વચ્ચે મારી (જમણા હાથની) પહેલી બે આંગળીઓ આવી ગઈ ને ચેપાઈ ગઈ. સેન્ડવિચ થાય એવું થઈ ગયું. પથ્થરનું વજન આયું તેમાં એકદમ મને તમ્મર આવી ગઈ ને બેભાન થઈને પડી ગયો. તે જોઈ પેલા બે સંતો દોડી આયા ને સારવાર કરવા મંડી પડ્યા.

પછી મંદિરે લઈ ગયા. દોઢેક કલાકે તો તમ્મર ઊતરી. ડૉક્ટરને બોલાવ્યા ને પાટાપિંડી કરી. શાસ્ત્રીજી મહારાજ પણ ત્યાં હતા. તેમની પાસે લઈ ગયા. તેમણે મોઢે, હાથે, આંખે ને જે આંગળીઓ ચેપાઈ ગયેલી ત્યાં બધે હાથ ફેરવ્યો ને કહ્યું : 'વાંધો નહીં આવે. આંગળાં સારાં રહેશે. મોટું દુઃખ હતું તે આ થવાથી પત્યું.' એમ આશીર્વાદ આપ્યા. તેથી દોઢેક મહિને મટ્યું. તેમાં બેય આંગળીના નખ જતા રહેલા. તેમાં બીજી આંગળી(મધ્યમા)નો નખ બરાબર આવી ગયો,

પણ પહેલી આંગળી(તર્જની)નો નખ બરાબર ના આવ્યો.''[૭૧]

સ્વામીશ્રીની જીવનગાથામાં રૂંવાડાં ખડાં કરી દે એવાં આવાં તો કંઈ કેટલાંય પ્રકરણો છે કે જેના અક્ષરે-અક્ષરમાં તેઓની સેવા-ભક્તિના મરોડ ઉપસેલા દેખાય છે. ઉપરોક્ત પ્રસંગની પરાકાષ્ઠા તો હજી ત્યાં આવે છે કે જ્યારે સ્વામીશ્રી આગળ જણાવે છે :

''ગુરુને આપણે રાજી કરવા જ છે એ ધ્યેય હતું. સ્વામીનું બળ બહુ હતું કે શાસ્ત્રીજી મહારાજ છે એટલે વાંધો નહીં આવે. બધું આપણું સારું થશે. પછી પાટો બાંધી એના એ જ પથ્થરો ઉતારવાના, લાવવાના ને મંદિર પર ચડાવવાના. બીજો વિચાર ન થયો કે 'ભ'ઈ, ચાલો મૂકી દઈએ...' મને તો આ સામાન્ય થયું, પણ મારા કરતાં બીજાને ઘણા (પ્રસંગો) થયા છે, પણ કામની અંદર કોઈ પાછા પડ્યા નથી અને સેવા, સેવા ને સેવા કરતા હતા.''

આમ, સ્વામીશ્રી સેવામાં કદી સલામતીનું છાપરું શોધતાં નહીં. પડ્યા-પછડાયા પછી પણ એ જ માર્ગે ધધકતા ઉત્સાહ સાથે ધસી જવાની ઝિંદાદિલી તેઓની રગરગમાં હતી. અને એથીયે વિશેષ, છાશ પર માખણ તરી આવે તેમ ટોળાંમાં ટોચે ચઢી આવે તેવી સેવા કર્યા પછી પણ જાતને છેક છેવાડે મૂકીને બીજાને બિરદાવી જાણવાની ખાસિયત પણ કેવી લાજવાબ !

સેવાયજ્ઞમાં આહુતિ

અટલાદરાના મંદિર-નિર્માણમાં શાસ્ત્રીજી મહારાજની સૂચના અનુસાર પાવ(ક્લેમ્પ) નાંખવાની સેવા પણ સ્વામીશ્રીએ કરેલી. બે પથ્થરના સાંધામાં શાસ્ત્રીજી મહારાજે આવા પાવ નંખાવેલા, જેથી ધરતીકંપ થાય તોય વાંધો ન આવે. પરંતુ આ સમયે પડકારરૂપ કાર્ય હતું – ઠાકોરજી તથા કોળીમંડપના ઉપરના ભાગને ઢાંકવાનું.

પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૦૧, આષાઢ સુદ ત્રીજના[૭૨] દિવસે મુકરર થઈ ગયેલી, પરંતુ આકાશમાં ઝળુંબી રહેલા આષાઢી મેઘે કામને ખોરંભે ચઢાવ્યું હતું.

---

૭૧. સ્વામીશ્રીનો આ દિવ્ય પ્રસંગ તેઓના જ શ્રીમુખે સાંભળવા જુઓ વીડિયો ટ્રેક નં. ૧૧. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

૭૨. તા. ૧૨/૭/૧૯૪૫, ગુરુવાર.

બારે મેઘ ખાંગાં થઈ વરસી રહેલા. હજી ઠાકોરજી તથા કોળીમંડપના ભાગ પર પથ્થર ઢાંકવાના બાકી હતા. સૌએ શાસ્ત્રીજી મહારાજને વિનંતી કરી કે 'આમાં શી રીતે કામ થશે ? માટે વરસાદ બંધ થાય તો સારું.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : 'આષાઢ મહિનો વરસાદની ભર-જુવાની કહેવાય. આજના જુવાનિયા છોકરાં મા-બાપનું માને નહીં. આ વરસાદનું પણ તેમ જ છે.'

શાસ્ત્રીજી મહારાજની આ વાત સાંભળી સૌ તેઓની રુચિ સમજી ગયા. સંતોએ કછોટા વાળ્યા. ઘડેલા પથ્થરોને કંપી નીચે લાવવાનું કામ, એ પથ્થરોને કંપી ખેંચી ઉપર ચઢાવવાનું કામ અમુક સંતોએ ઉપાડી લીધું. ઉપર આવેલા પથ્થરોને જે તે સ્થળે મૂકીને છત ઢાંકવાનું કામ વનરાવન મિસ્ત્રીની દોરવણી-ગોઠવણી મુજબ સ્વામીશ્રી તથા હરિજીવનદાસે ઉપાડી લીધું. વરસતા વરસાદમાં પલળતાં પલળતાં આ રીતે સંતોએ સેવા કરી અને જે કામ પંદર દિવસે થાય તે માત્ર બે જ દિવસમાં પૂરું કરી દીધું. સંતોની આ ધગશ જોઈને શાસ્ત્રીજી મહારાજે અતિ પ્રસન્ન થઈને સૌને આશીર્વાદ આપ્યા.

મંદિરની છત ઢંકાઈ ગયા બાદ મૂર્તિઓ લેવા જવાનું થયું. તે સમયે જયપુરનો રામલાલ સલાટ[૭૩] પથ્થર મંગાવી વડોદરામાં મૂર્તિઓ બનાવતો. આરસ પણ એનો, તે આરસ લાવવાનો પણ એણે અને મૂર્તિઓ ઘડીને તૈયાર કરીને આપે. તેને હરિકૃષ્ણ મહારાજ અને લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિઓ ઘડવા માટે આપેલી. મધ્યખંડની ધાતુની ત્રણ મૂર્તિઓ મહાદેવ કોલ્હાટકરને તૈયાર કરવા આપેલી. જ્યારે પ્રતિષ્ઠાનો સમૈયો નજીક આવ્યો ત્યારે જ સલાટની ક્ષતિથી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ ખંડિત થઈ ગઈ. તે વખતે શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'અત્યારે બીજી બે મૂર્તિઓ તો લઈ આવો.' એટલે સ્વામીશ્રી ગોપીનાથદાસ અને હરિજીવનદાસને સાથે લઈને તે મૂર્તિઓ લેવા ગયા.

સલાટ કહે : 'ત્રણેય મૂર્તિની રકમ ચૂકવો તો જ મૂર્તિઓ કાઢી આપું.'

હરિજીવનદાસ અને ગોપીનાથદાસ કહે : 'હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ તો તૂટી ગઈ છે. એની રકમ અમારે ક્યાંથી આપવાની ?'

પરંતુ તે સલાટ એકનો બે ન થયો. તે વખતે સંતો પાસે બે મૂર્તિની રકમ પણ નહોતી. તેથી તે પછીથી ચૂકવી દેવાની વાત કરી, પણ અગાઉ થયેલી રકઝકને કારણે તે સલાટ આ બાબતે પણ સંમત ન થયો.

---

૭૩. એક પ્રસંગે સ્વામીશ્રી આ નામ અટકળે બોલેલા.

તેથી વરસતા વરસાદમાં મહાદેવ કોલ્હાટકર પાસે જઈને સ્વામીશ્રીએ આ ગૂંચાયેલા મામલાની વાત કરી. ત્યારે તેણે સલાટ પર કાગળ લખી દીધો કે ‘તમે અત્યારે એમને મૂર્તિઓ આપી દો. પૈસાની જવાબદારી હું લઉં છું.’

સ્વામીશ્રી આ ચિઠ્ઠી લઈને પાણી ડહોળતાં ડહોળતાં પેલા સલાટ પાસે ગયા. તેને કોલ્હાટકરનો કાગળ આપ્યો. ત્યારે એ કહે : ‘હમકો તો રોકડા રૂપૈયા ચાહિએ.’ એટલે સ્વામીશ્રી વળી પાણી ખૂંદતાં ખૂંદતાં કોલ્હાટકર પાસે ગયા. તે શિલ્પી રોકડા રૂપિયા લઈને સ્વામીશ્રી સાથે જ સલાટ પાસે આવ્યો અને રકમ ચૂકવતાં સલાટે મૂર્તિઓ કાઢી આપી.

આ રીતે પથ્થરની મૂર્તિઓનું કામ તો પૂરું થયું. ધાતુની મૂર્તિઓ વજન મુજબ હતી. તેને જોખાવવા માટે સ્ટેશન પર જવાનું હતું. વરસાદને લીધે ચારેકોર પાણી ભરાઈ ગયેલા. તેથી આ મૂર્તિઓને ત્યાં સુધી લઈ જવાનો પ્રશ્ન પણ ઊભો થયો, પરંતુ સ્વામીશ્રીને ખબર કે ભાદરણના આપાભાઈ વડોદરામાં અડધિયા ગાડી ચલાવે છે. તેથી તેઓને વિગતવાર વાત કરી. તે આ કાર્ય માટે સંમત થયા. એટલે તેઓના અડધિયામાં મૂર્તિઓ મૂકીને સ્વામીશ્રી સ્ટેશને ગયા. ત્યાં વજન કરાવ્યું. ત્યારબાદ બધી મૂર્તિઓ લઈને અટલાદરા પહોંચ્યા અને તે મૂર્તિઓને યજ્ઞશાળામાં પધરાવી. આમ, પગલે પગલે ફૂટી નીકળતા પ્રશ્નોને શમાવતાં સ્વામીશ્રી પથ્થરથી લઈને પ્રતિમા સુધીની દરેક સેવામાં ઝઝૂમતા રહેલા.

અહીં જ એક વાર તેઓ કૂવાના થાળામાં ઈલેક્ટ્રિક મોટર રિપેર કરી રહેલા વિક્રમ ભગત પાસે ઊભા હતા. તે વખતે વિક્રમ ભગતને અચાનક કરંટ લાગ્યો. સ્વામીશ્રી તેઓથી એકાદ ફૂટ દૂર ઊભા હતા. છતાં નીચે ભીનું હોવાથી વીજળીના ઝાટકાની હળવી અસર સ્વામીશ્રીને પણ થયેલી અને તેઓ કૂવાના થાળામાં પટકાયેલા.

પહેલેથી સેવકભાવ જ

અટલાદરામાં સ્વામીશ્રીએ કરેલી ભીડા-ભરપૂર સેવાઓ જોઈને એક વાર સંતોએ તેઓને પૂછેલું કે ‘શાસ્ત્રીજી મહારાજની ૮૧મી જન્મજયંતી પહેલાં તો આપ સંસ્થાના ટ્રસ્ટી[૭૪] પણ હતા. તેમ છતાં અટલાદરામાં આવી શ્રમસભર

---

૭૪. આ સમયે સંસ્થાનું અધિકૃત બંધારણ દાખલ થયું નહોતું, પરંતુ વહીવટી સંચાલનની સરળતા માટે એક કાર્યવાહક સમિતિ રચવામાં આવેલી. તેના સભ્યપદે સ્વામીશ્રીને પણ નિયુક્ત કરાયેલા. તે સંદર્ભમાં અહીં ‘ટ્રસ્ટી’ શબ્દ સમજવો.

સેવાઓ આપે કરી ?!'

ત્યારે સ્વામીશ્રીએ જણાવેલું : 'એ જે હોય એ. ગુણાતીતનો વારસો છે ને કે જે કામ કરે એ ટ્રસ્ટી, ને કામ કરે એ મોટા, ને એ ભંડારી, ને એ વિદ્વાન, ને એ આચાર્ય કહેવાય. એમાં (પદમાં) કાંઈ મહત્તા નથી. સેવા જ કરવાની છે. શાસ્ત્રીજી મહારાજ પોતે કારખાનામાં આવે. એટલે એ બધી મહત્તા હતી નહીં. આપણે પહેલેથી સેવકભાવ જ હતો. મોટા કરો કે નાના – એવું નહીં; જે કામ બતાવે તે કરવાનું.'

'नहीं कोउ जनमा अस जगमाहीं, प्रभुता पाई जाहि मद नाहीं...'[૭૫] પદના મદથી મુક્ત રહેવું તે જેવું-તેવું પરાક્રમ નથી, પરંતુ સ્વામીશ્રીએ તે કરી બતાવેલું. તેઓ હંમેશા પદના મદનો છેદ ઉડાડતા રહીને નીચી ટેલની સેવામાં પ્રેમથી પરોવાઈ જતા.

તપ, સેવા અને કથાની ત્રિવેણી

અટલાદરાના મંદિરની પ્રતિષ્ઠા ધામધૂમથી સંપન્ન કર્યા બાદ શાસ્ત્રીજી મહારાજ પારાયણ અર્થે મુંબઈ પધારેલા. સાથે સ્વામીશ્રીને પણ લઈ ગયેલા. તેઓના મુખેથી વહેતી જ્ઞાનની અસ્ખલિત ધારામાં સ્નાન કરવાનું સૌને ગમતું. તેથી સમગ્ર સત્સંગને તેઓનો લાભ મળે તેવું જ આયોજન શાસ્ત્રીજી મહારાજ ગોઠવી દેતા. આમ, જ્ઞાન અને સેવાની સમાંતર ધારાઓ સ્વામીશ્રીના જીવનમાં અવિરત વહેતી રહેતી.

સામાન્યપણે એવું જોવા મળે કે કથા-પારાયણો ગજાવનારાને શારીરિક શ્રમ વેઠવામાં બહુ રુચિ ન હોય અને જે કઠોર સેવામાં ડૂબ્યા હોય તેને પુસ્તક-પાનું ઝાલીને કથા કરવાનું ન ફાવે-ભાવે; પરંતુ સ્વામીશ્રી આ સર્વસામાન્ય શૈલીથી નોખા તરી આવતા. તેઓ જે કુશળતા અને સહજતાથી વ્યાસપીઠ પર બેસીને કથારસ રેલાવી જાણતા, તે જ કુશળતા અને સહજતાથી ચૂનાની ચક્કી પણ કાલવી જાણતા.

કથા-સેવાની સાથે તપની ત્રિવેણી પણ તેઓમાં એવી જ જોવા મળતી. પ્રત્યેક એકાદશીના નિર્જળા ઉપવાસની સાથે તેઓ પ્રતિવર્ષ દોઢ મહિનાનાં ધારણાં-પારણાં[૭૬] કરતા. એક મહિનાનાં ધારણાં-પારણાં પોતાનાં અને પંદર

૭૫. रामचरितमानस, बालकाण्ड – ૫૯/૪.

૭૬. એક દિવસ જમવાનું અને એક દિવસ નિર્જળા ઉપવાસ કરવાનું વ્રત.

દિવસનું આવું વ્રત ગુરુ શાસ્ત્રીજી મહારાજ વતી. જો કે શાસ્ત્રીજી મહારાજ તેઓને પોતા વતી વ્રત કરવાનું કહેતા નહીં, પણ સ્વામીશ્રી ગુરુભક્તિના ભાગરૂપે સામેથી જ આવું વ્રત કરતા. પારાયણોની પરંપરા કે સેવાની ભરમાર વચ્ચે પણ તેઓનું આ વ્રત અખંડિત રહેતું.

ઉપવાસના આગલા દિવસની સાંજે જમવામાં બીજે દિવસે આવી રહેલા ઉપવાસમાં ટેકો રહે એવું પૌષ્ટિક કાંઈ ન મળે. પોતે જ એક વાર કહેલું કે 'અમારા વખતમાં ખુરમા આવતા. મંદિરોમાં સાંજે રસોઈ કરવાની હોય. તેમાં ચણાનો લોટ તો મળે જ નહીં. એટલે સવારના વધેલા બાજરાના ટાઢા રોટલાને ખાંડીને ભૂકો કર્યા પછી એમાંથી કઢી બનાવીને સૌને પીરસતા. ચણાનો સીધો લોટ તો હોય જ નહીં. ખીચડી હોય અને આ કઢી હોય એ જમવાની.'

ઉપવાસ પછીના પારણાંના દિવસે પણ ખાવા-પીવાની કોઈ ઉતાવળ તેઓના જીવનમાં જોવા મળતી નહીં. એક વાર બારસના દિવસે સવારે સાડા નવ વાગ્યે પારણાંનો મેળ પડેલો. તે જોઈ એક સંત બોલ્યા કે 'એકાદશીનાં પારણાં બહુ મોડા કરો છો.'

ત્યારે સ્વામીશ્રીએ કહેલું : 'પહેલેથી જ મોડા કરતા. ચાર વાગ્યે ઊઠીને ક્યારેય પારણાં કર્યાં જ નથી. ઉપવાસ પછી ઉતાવળ કરતો જ નહીં. એક વાટકી પી લઈએ એટલે પૂરું... તે વખતે લીંબુ કેવું ને બીજું કેવું ? ખીચડી થાય કે મગ થાય એ ખાઈ લેવાના, એટલે પારણાં થઈ ગયાં.'

વયમાં નાના હોવા છતાં પોતાની આવી ગુણસંપદાથી જ સ્વામીશ્રી મોટા મોટા ખેરખાંઓના પણ આદરપાત્ર બની ગયેલા.

મુંબઈમાં સત્સંગલાભ આપીને સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ સાથે જ વિચરણ કરતાં કરતાં સારંગપુર પધારેલા. અહીં તેઓએ 'હરિલીલામૃત' ગ્રંથનું ગાન કરીને સૌને આનંદ પમાડેલો. ધોળા, ફલ્ગુ અને ઉતાવળીના ત્રિવેણી સંગમે ઊભેલા સારંગપુર મંદિરમાં દલપતરામની કલમ, સ્વામીશ્રીનો કંઠ અને શાસ્ત્રીજી મહારાજની કથાની અદ્ભુત ત્રિવેણી રચાઈ રહી. સૌ તેમાં ઝબકોળાઈને શુદ્ધ અને સુખી બન્યા.

આ વર્ષના અંત ભાગમાં સ્વામીશ્રીને કમળાની બીમારી લાગુ પડેલી. તેથી શાસ્ત્રીજી મહારાજે તેઓને ભાદરણના હિંમતલાલ વૈદ્ય પાસે સારવાર માટે મોકલેલા. અહીં ચણાના ખાખરા અને ચોખા, એમ બે વાનગી તેઓ આરોગતા. આ સમયે નિર્ગુણ સ્વામી પણ સારવાર અને આરામ માટે ભાદરણ આવેલા.

તેઓની સાથે લગભગ મહિના સુધી રહેવાનું થયું. ત્યારબાદ રોગમાં રાહત થતાં સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ સાથે વિચરણમાં જોડાયેલા.

સન ૧૯૪૬

વસમી વાટ વહાલી કીધી

તા. ૬/૨ના રોજ શાસ્ત્રીજી મહારાજનો ૮૨મો જન્મજયંતી મહોત્સવ અટલાદરામાં ધામધૂમથી ઊજવાયો. સ્વામીશ્રી પણ આ પ્રસંગે હાજર રહેલા.

આ ઉત્સવ બાદ શાસ્ત્રીજી મહારાજ વાઘોડિયા પધારેલા. સ્વામીશ્રીને પણ તેઓએ સાથે લીધેલા. વાઘોડિયાથી મુંબઈ વગેરે સ્થાનોમાં વિચરણ કરતાં કરતાં સૌ વઢવાણ આવી પહોંચેલા.

તે વખતે એક દિવસ શાસ્ત્રીજી મહારાજ સુરેન્દ્રનગરમાં પધરામણીએ નીકળેલા. પાછા વળતાં તેઓ અને યોગીજી મહારાજ ઘોડાગાડીમાં બિરાજ્યા. સ્વામીશ્રી અને બે-ત્રણ સંતો-યુવકો ઘોડાગાડીની પાછળ ચાલતાં નીકળ્યા.

વચ્ચે ભોગાવો નદી આવી. સૌને થયું કે 'આપણે નદી સોંસરા નીકળી જઈએ તો વઢવાણમાં જ્યાં શાસ્ત્રીજી મહારાજ જવાના હતા તે ચંદુભાઈના ઘેર ઝટ પહોંચાય અને શાસ્ત્રીજી મહારાજનો લાભ મળે.' તેથી તે રસ્તે સૌ ચાલ્યા, પણ બપોરના બારેક વાગ્યાનો સમય થયો હોવાથી નદીની રેત સખત તપી ગયેલી. વળી, સ્વામીશ્રી અને સંતોના પગમાં જોડા નહીં. શાસ્ત્રીજી મહારાજ સાથે પધરામણીમાં ઉતાવળ રાખવી પડે. તેથી પગરખાં પહેરવા-કાઢવામાં મુશ્કેલી રહે. તદુપરાંત શાસ્ત્રીજી મહારાજને હાથનો ટેકો દેવો, ઠાકોરજીની સેવા કરવી વગેરેમાં શુદ્ધિ જળવાય તે હેતુથી કોઈએ જોડા પહેરેલા નહીં.

તેથી નદીની રેતીમાં જ્યાં પગ મૂક્યો ત્યાં જ જાણે ધગધગતા દેવતા પર પગ પડી ગયો હોય તેવું દઝાયું. છતાં સૌ તે પર દોડ્યા, પણ થોડું દોડીને રેતી પર ગાતરિયાં નાંખીને ઊભા રહ્યા. વળી પાછા દોડ્યા, પણ તોય એટલું દઝાયું કે પગમાં ફોલ્લા પડી ગયા. એવું વસમું લાગ્યું કે આંખમાંથી આંસુ પડવાં લાગ્યાં, પરંતુ શાસ્ત્રીજી મહારાજનાં દર્શનની લગની એવી કે ઘણો લાંબો પટ આ રીતે સ્વામીશ્રી ઓળંગી ગયા અને પહોંચ્યા શાસ્ત્રીજી મહારાજ પાસે.

સ્વામીશ્રી અને સંતોની આવી શ્રદ્ધા જોઈને શાસ્ત્રીજી મહારાજ પણ અતિશય રાજી થયા અને સૌને ભેટ્યા.

આગ ઓકતા રેતાળ તટને વળોટીને છલછલ વહી છૂટેલી સ્વામીશ્રીની

આ ભાવગંગામાં તેઓની ગુરુભક્તિ ચમકતી-દમકતી દેખાય છે! ગુરુ માટે આવી તો કેંક વસમી વાટોને તેઓ વહાલી કરતા રહેતા.

મારું મન તમારામાં રહ્યા કરે છે

શાસ્ત્રીજી મહારાજને સ્વામીશ્રી વિશે અગાધ સ્નેહ હતો. સ્વામીશ્રી ભલે દૂર હોય તેમ છતાં શાસ્ત્રીજી મહારાજ તેઓને સતત સંભાર્યા કરતા. તેઓ જીવનમાં કોઈ પ્રલોભનથી પ્રભાવિત નહોતા થયા, પણ સ્વામીશ્રીની ભક્તિથી તેઓને વશ થઈ ગયા હતા. તેથી એક પત્રમાં[૭૭] તેઓએ લખી જણાવેલું[૭૮] :

આપ મારી સાથે હતે તો મને (ભક્તચિંતામણિની) કથાનો ત. હેતને લઈને હંમેસાં દર્શન-પ્રરશનો તમારો જોગ રહે(ત)... તમ પર સ્નેહ ને હેત કુદરતી રહ્યા કરે છે. ભારે પુણ્યના જોરે આ જોગ થઈ ગયો છે. ને કુદરતી મારું મન તમારામાં રહ્યા કરે છે.

આપ બુદ્ધિશાળી છો, ને પુરણ સમઝો છો કે મારી ઉપર સ્વામીને હેત ને ભાવ છે, તેવો બીજામાં નથી. માત્ર તમારા પુરતો અતીસય દાન, પુન્ય ને શુભસંસ્કારથી મારે તમારાથી છેટે રહેવું તે ગમતું નથી. જીવમાં અસંતોષ રહ્યા કરે છે, તેથી ભેગું રહેવાય તેમ મનમાં રહ્યા કરે છે. પણ છેટું રહેવાથી હેત-પ્રેમ વધે છે. તેથી મહારાજ તેવી બુદ્ધિ પોતાના સમાસ સારુ આપે છે. તેમ હું સમજું છું.

આજે પ્રહ્લાદ ને અમ્રીસ (અંબરીષ) જેવા સરવે આ વખત આપડા મંડળમાં હરીભક્તો છે. અત્યારે તન, મન, ધનથી જેવી મહારાજ છતાં, સ્વામી છતાં સેવા કરતા, તેવી કરે છે. ને તેવો પ્રેમ ને ભક્તીભાવ છે. તેવા સત્સંગમડળમાં આપ(નું) મુખ્યસ્થાન છે. તેથી અતી આનંદમાં રે'વાનું છે.

સ્વામીએ કહ્યું છે કે પોતાને આત્મા માનીને, પુરણકામ માની બળવાન થઈ સત્સંગનો ભાર ઉપાડવો છે. બહુ જ સ્વામી ને મહારાજ રાજી છે. અત્યારે તો આખો સત્સંગ આપની સામું જોઈ રહ્યો છે. પણ આપ વીચારો કે અત્યારે આપના ઉપર પ્રેમ સૌનો - જોગી જેવાનો છે, તે અતી બહું ભાગ્ય માનવા જેવું છે.

સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજને કેવા પ્રસન્ન કર્યા હશે તેનો નમૂનો છે

---

૭૭. તા. ૩૧/૫/૧૯૪૬.

૭૮. પ્રાસાદિક પત્રોની જોડણી, ભાષાકીય ચિહ્નો વગેરે યથાવત્ રાખેલ છે.

આ પત્ર! 'आकृतिविशेषेषु आदरः पदं करोति।'[૭૯] જેનું સ્વરૂપ વિશેષતાઓથી સભર હોય છે તેઓ માટે આદર પ્રગટ થઈ જ જાય છે, એ હકીકત લેશ પણ છેકછાક વગર શાસ્ત્રીજી મહારાજની કલમે લખાયેલા આ પત્રના અક્ષરે-અક્ષરે જોવા મળે છે.

આજ એકાદશી સુફળ ફળી

સારંગપુર એ શાસ્ત્રીજી મહારાજનું પ્રિય સ્થાન. તેથી તેના વિકાસ માટે કંઈક નવા પ્રકલ્પો તેઓ હાથ ધરતા રહેતા. તે મુજબ તેઓએ એકાદશીના દિવસે જ સારંગપુર મંદિરના પાછળના ભાગમાં વંડી ચણાવવાનું કામ શરૂ કરેલું.

ઉનાળાની સખત ગરમી અને નિર્જળા ઉપવાસને લીધે સેવામાં જોડાયેલા સંતોને કંઠશોષ ઘણો પીડતો હતો. તેથી કેટલાક વડીલ હરિભક્તોએ શાસ્ત્રીજી મહારાજને વિનંતી કરી કે 'આ સેવાભાવી સંતોને કંઈક ખાવા-પીવાની છૂટ આપો.' પરંતુ શાસ્ત્રીજી મહારાજે આ વિનંતી ગણકારી નહીં અને કહ્યું કે 'તપ કરશે તો મહારાજ રાજી થશે.'

આમ, સેવા કરતાં કરતાં સંધ્યા આરતીનો સમય થયો, પરંતુ શાસ્ત્રીજી મહારાજ જ્યાં સેવા ચાલતી હતી ત્યાં ખુરશી નંખાવીને બેઠેલા. તેથી કોઈથી ચસકી શકાય તેમ પણ નહોતું.

આ સમયે સેવામાં જોડાયેલા સનાતન સ્વામી રમૂજમાં ગાવા લાગ્યા કે *'આજ એકાદશી સુફળ ફળી...'* આ જોઈ સૌ મરમમાં ખૂબ હસ્યા. રાત્રે નવ વાગ્યે વંડી ચણવાનું કામ પૂરું થયું ત્યાં સુધી શાસ્ત્રીજી મહારાજ બેસી જ રહ્યા.

તપ-સેવાની આ સરિતામાં સ્નાન કરવાનો લહાવો સ્વામીશ્રીએ પણ લૂંટેલો. તેની સાથે મંદિરના સભામંડપના નિર્માણમાં કૂબો ટીપવાની સેવા પણ તેઓએ કરી હતી.

તનની ઉપાધિ તજીને

સારંગપુરની સેવા દરમ્યાન એક વાર સ્વામીશ્રીના ડાબા હાથનો અંગૂઠો પાકેલો. ત્યાં કંઈક વાગ્યું હશે પણ સ્વામીશ્રીએ તેઓની સ્વાભાવિક પ્રકૃતિ અનુસાર તેની બહુ દરકાર નહીં કરી હોય! તેથી પરું ભરાયું. રસીને કારણે સણકા વાગે છતાં સ્વામીશ્રીએ ન તો તે કોઈને જણાવ્યું કે ન તો સેવામાંથી

---

૭૯. मालविकाग्निमित्रम् - १/२२.

વિરામ લીધો. આવી જ અવસ્થામાં અઠવાડિયું ખેંચી નાંખ્યું. કોણ જાણે કેમ પણ દેહનાં કષ્ટોને ગણતરીમાં લેવાનું તેઓ પ્રથમથી જ શીખેલા નહીં ! માંદગીને મૂંગે મોઢે સહન કરી લેવાની આદત એમને પહેલેથી જ ! જ્યાં સૌ બૂમાબૂમ કરી મૂકે ત્યાં તેઓ ઊંહકારો સરખો પણ ન કરે !

'ઊં...ઊં... કરવાથી દુઃખ મટવાનું નથી. બીજાને કે'...કે' (કહ્યા) કરે એમાં બમણું થાય. પોતાને તો દુઃખ હોય અને સાંભળનારને પણ દુઃખ થાય. માટે શાંતિથી સહન કરવું. બોલ બોલ કરવાથી દુઃખ ઓછું થાય નહીં, વધે. ભગવાનની ઇચ્છા સમજીને રાજી રહેવાનું.'

શારીરિક દુઃખ પ્રત્યે આ હતી તેઓની સમજણ !

પણ પ્રેમ અને પીડા ઢાંક્યાં ન રહે, તેમ અંતે સૌને સ્વામીશ્રીની પરિસ્થિતિની જાણ થઈ. તે વખતે તેઓને સારવાર માટે બોટાદ મોકલવામાં આવેલા. અહીં અઠવાડિયાના ઔષધ-ઉપચારના અંતે દર્દ મટેલું. તે દરમ્યાન તેઓ ભાવસિંહજી ધર્મશાળામાં રોકાયેલા.

પ્લેટફોર્મ પર પથારી

એક વાર સારંગપુરથી સૌરાષ્ટ્ર-ઝાલાવાડના વિચરણમાં સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની સાથે રેલવે દ્વારા મૂળી પધારેલા. તે વખતે સંધ્યા ઢળી ચૂકેલી. તેથી ચારેકોર અંધકારના ઓળા પથરાવા લાગેલા. વળી, વરસાદ પણ ખૂબ વરસતો હતો. અગાઉ કોઈને ખબર આપી નહોતી, તેથી ગાડું વગેરે વાહન લઈને હરિભક્તો પણ લેવા આવ્યા નહોતા.

તેમાં બહાર ઊભેલી એક ઘોડાગાડી પર સૌની નજર ગઈ, પરંતુ તેમાં ફક્ત ત્રણ જ જણ બેસી શકે તેમ હતું. એટલે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને નિર્ગુણ સ્વામી તેમાં બેસીને નીકળ્યા. શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રી અને સનાતન સ્વામીને કહ્યું : 'તમે અહીં રાત રોકાઓ. અમે સવારે ગાડું મોકલશું.' એટલે સ્વામીશ્રી તે રાત્રે સ્ટેશન પર રોકાયા.

પરંતુ વરસાદ પડી ગયેલો. તેથી અહીં મંકોડાનો પાર નહોતો. સૂઈ જવું કેમ ? એ પ્રશ્ન તો આઘો રહ્યો, પણ 'બેસવું કેમ ?' તેની પણ અનુકૂળતા થાય તેમ નહોતી; કારણ કે ચૂવાયેલાં નળિયાંમાંથી ટપકતા વરસાદના પાણીને કારણે ઠેર ઠેર રેલા જતા હતા. આવી પરિસ્થિતિમાં સ્વામીશ્રીએ રાત પસાર કરી હતી.

આવી કૈંક સ્મૃતિઓનો ભંડાર ભરતા સ્વામીશ્રી ઉત્સાહથી વિચરતા. તેમાં

પડતાં અનેક કષ્ટો સ્વામીશ્રીને તૃણવત્ જ લાગતાં; કારણ કે તેઓની આંખો સદા શાસ્ત્રીજી મહારાજ પર જ મંડાયેલી રહેતી.

ગુરુ-શિષ્યની ગોઠડી

શાસ્ત્રીજી મહારાજની સાથે વિચરણ કરતાં કરતાં સ્વામીશ્રી પુનઃ સારંગપુર પધારેલા. અહીં એક રાત્રે તેઓ 'હરિલીલામૃત' ગ્રંથના નવમા કળશના છઠ્ઠા વિશ્રામની કથા વાંચી રહેલા. તેમાં વાત આવી કે 'ધર્મકુળના ગોપાળજીના પુત્ર કૃષ્ણપ્રસાદને શ્રીજીમહારાજ પાસે વર્તમાન ધરાવવા લાવ્યા ત્યારે મહારાજે વર્તમાન ધારણ કરાવી આશીર્વાદ આપેલા કે આ તો શંકરાચાર્ય સમાન વિદ્વાન થશે.'

આ સંદર્ભમાં સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજને પૂછ્યું કે 'ભગવત્પ્રસાદજી કાંઈ એવા વિદ્વાન નહોતા અને કૃષ્ણપ્રસાદજી આટલા વિદ્વાન થયા છતાં આચાર્યની ગાદી તેઓને કેમ ન આપી ?'

ત્યારે શાસ્ત્રીજી મહારાજે ખુલાસો કરેલો કે ''કૃષ્ણપ્રસાદજી જરા અભિમાની હતા અને વળી ગોપાળ સ્વામી ધામમાં જતાં પહેલાં કહી ગયેલા કે 'ભગવત્પ્રસાદજીને ગાદીએ બેસાડજો.' એટલે કૃષ્ણપ્રસાદજીને ગાદી ન મળી. વળી, કૃષ્ણપ્રસાદજી કાશીમાં બહુ રહેલા, એટલે સત્સંગની પ્રથાના જાણકાર નહોતા. સત્સંગમાં મોટેરા કોણ તે પણ સમજતા નહીં. તેથી ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢથી ઊના તેડાવી ત્યાં સ્વામીને ઠપકો દેવાનું તેમણે માથે રાખ્યું હતું. પણ મહારાજની ઇચ્છાથી ધોલેરામાં જ માંદા પડ્યા અને ધામમાં ગયા.''

આમ, મોડી રાત સુધી સાંપ્રદાયિક ઇતિહાસની ઘણી જૂની વાતો શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીને કહી.

બીજે દિવસે સવારે પણ કથાપ્રસંગમાં શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી સામું જોઈને બોલ્યા કે – 'देशाटनं पण्डितमित्रता... દેશદેશમાં ફરવાથી બુદ્ધિ ખીલે છે અને પંડિતો સાથે મિત્રાચારી હોય તો જાણવાનું ઘણું મળે છે. તેમ સત્પુરુષના પ્રસંગથી નિત્ય નવીન જાણવાનું મળે અને તેમાં સુખ-શાંતિ તથા આનંદ રહે. માટે એથી છૂટા પડવાનો કે છેટે રહેવાનો વિચાર જ ન કરવો. સત્પુરુષની પાસે રહેવાથી સુખ થાય છે, આશીર્વાદ મળે છે અને મહારાજ રાજી થાય છે.'

આમ, સારંગપુરના નૈમિષારણ્ય સમા વાતાવરણમાં શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રીને મુદ્દાની વાતો સમજાવતા. વરતાલના ધુરંધર કોઠારી ગોરધનભાઈ

તથા ધર્માચાર્ય વિહારીલાલજી મહારાજની વહીવટી કુશળતા તેમ જ સંપ્રદાયની રીતિ-નીતિની પણ વાતો કરતા. તે વખતે જાણે તેઓ સંસ્થાના સૂત્રધારને ઘડી રહ્યા હોય તેમ જણાતું. જેમ ગાય વાછરા સારુ પારસો મૂકે તેમ શાસ્ત્રીજી મહારાજ પણ સ્વામીશ્રીને જોઈને પોરસાતા અને વરસી પડતા.

પાકશાસ્ત્રના પ્રવીણ પ્રાધ્યાપક

આ વર્ષનો અન્નકૂટ ઉત્સવ અટલાદરામાં ઊજવી શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામી, સ્વામીશ્રી વગેરે વિચરણ કરતાં કરતાં કરમસદ પધારેલા.

અહીં સૌ ઠાકોરજી જમાડવાના હતા. પરંતુ ત્યાં પહોંચ્યા ત્યારે હરિભક્તોએ શાસ્ત્રીજી મહારાજને કહ્યું : 'સ્વામી ! બ્રાહ્મણ નથી.'

આ સાંભળી નિર્ગુણ સ્વામી અકળાઈ ગયા અને પૂછવા લાગ્યા : 'કેમ બ્રાહ્મણ ન બોલાવ્યો ?'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે : 'ભલે ન બોલાવ્યો. રસોઈ આપણે કરી નાંખીશું.' એમ જણાવી શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રી અને નિર્ગુણ સ્વામીને કહ્યું : 'ચાલો, તમે બંને પૂરી બનાવી દો. હું દાળ, ભાત, શાક કરી નાંખું.'

આટલું કહીને શાસ્ત્રીજી મહારાજ તો ગાતરિયું કેડે બાંધીને રસોઈ કરવા લાગ્યા. ચોકમાં સ્વામીશ્રી અને નિર્ગુણ સ્વામી પૂરીઓ તળવા બેઠા. સ્વામીશ્રી વણે અને નિર્ગુણ સ્વામી તળે; પણ ધુમાડો ઘણો થાય તેથી નિર્ગુણ સ્વામી બગડતા બબડતા જાય. અંતે દોઢ કલાકે બધી રસોઈ તૈયાર થઈ ગઈ અને ઠાકોરજીને થાળ ધરાવીને સૌ જમ્યા.

આવા જ એક વિચરણમાં સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ સાથે લીંબાસી પધારેલા. અહીં પણ બ્રાહ્મણની ગેરહાજરી હતી. તેમાં વળી હરિભક્તોએ પ્રસ્તાવ ધર્યો : 'સ્વામી ! લાડુ કરવાના છે !'

બીજો કોઈ હોય તો આ સાંભળીને ધ્રૂજી જાય; પણ કર્મઠ અને કુશળને અકળામણ કેવી ? તેથી શાસ્ત્રીજી મહારાજે તરત જ કહ્યું : 'એમાં શું ? લાવો બનાવી દઈએ.'

પરંતુ સાથે રહેલા સ્વામીશ્રી અને ભક્તિજીવનદાસ સ્વામીને આવાં મોટાં રસોડાંનો અનુભવ નહીં. તેથી શાસ્ત્રીજી મહારાજ તેઓને શિખવાડતા ગયા. પ્રથમ તો લોટ મંગાવ્યો અને બંધાવ્યો. પછી ઘી મંગાવી મૂઠિયા તળાવ્યાં. તેને સમાંતર શાસ્ત્રીજી મહારાજે પોતે શાક-દાળ પણ બનાવી દીધાં અને અગિયાર

વાગ્યે તો થાળ તૈયાર થઈ ગયો !

આમ, શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રીને સંસ્કૃત શાસ્ત્રોની સાથે પાક-શાસ્ત્રમાં પણ કુશળ કરતા જતા.

ચાલ્યો અમૃતરસ રેલી રે

ચરોતરના વિચરણમાં એક વાર સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની સાથે આણંદ આવ્યા હતા. અહીં એક રાત્રે શાસ્ત્રીજી મહારાજે મોતીભાઈની ખળીમાં સ્વામીશ્રી પાસે 'ભક્તચિંતામણિ'ના ૬૫મા પ્રકરણની કથા શરૂ કરાવી. રાત્રિની નીરવ શાંતિ, શાસ્ત્રીજી મહારાજનું સાંનિધ્ય, શ્રીજીમહારાજનાં લીલાચરિત્ર અને સ્વામીશ્રીની સુમધુર વાણીના ચંદરવા નીચે કથાસરિતા ખળખળ વહેવા લાગી.

રાત્રિના બાર વાગ્યા ત્યારે શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીને કહ્યું : 'વાંચો આગળ. મહારાજના અતિ અપાર મહિમાના નિષ્કુળાનંદ સ્વામીના આ પરભાવના શબ્દો સાંભળી અંતર ઠરી જાય છે.' એમ કહીને શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રી પાસે કથા વંચાવવાનું ચાલુ જ રખાવ્યું. તેમાં રાતના દોઢ વાગી ગયા.

તે વખતે શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીને કહ્યું : 'હજુ એક (પ્રકરણ) વાંચો. એકાંતનું સુખ સૌને આપીને પછી કથા બંધ કરીશું.'

સ્વામીશ્રીએ વાણીવેણુ પુનઃ વહાવી :

'પછી પ્રભુજી બોલીયા, તમે સાંભળો સર્વે જન;
જ્યારે પ્રભુને પામીએ, ત્યારે સર્વે થયાં સાધન.
પછી જે જે કરવું, તેહની કહું વાત;
ગુરુ સંતને ભજવા, શ્રીહરિ જે સાક્ષાત્.'

આ પ્રમાણે મધરાતે અઢી વાગ્યા સુધી શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રી પાસે 'ભક્તચિંતામણિ' ગ્રંથ વંચાવ્યો. સ્વામીશ્રીએ પણ સતત ચારેક કલાક સુધી મીઠી હલકે ગાઈને સૌને અમૃતરસની લહાણી કરાવી હતી.

સન ૧૯૪૭

આપ સમજુ છો

સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ સહિત સૌના પ્રિય બની રહેલા તેનું એક કારણ હતું – તેઓનાં ઉદાર વ્યવહાર-વર્તણૂક. તેનું એક ઉદાહરણ આ અરસામાં જ સૌને જાણવા મળ્યું.

આ સમયે એક વ્યક્તિ તેની સામે પગલાં લેવાં પડે એ કક્ષાની ભૂલ કરી બેઠેલી; પરંતુ સ્વામીશ્રીએ તેને ક્ષમા આપેલી અને આ વિગતનો પત્ર શાસ્ત્રીજી મહારાજ પર લખી મોકલતાં 'વિનયપૂર્વક' જણાવેલું કે 'તેની ઉપર પગલાં લીધાં નથી અને દયા આણી લાગણી રાખી છે.'

શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રીની આ રીત જોઈ રાજી થયેલા અને તેઓને વળતો પત્ર લખતાં જણાવેલું[૮૦] :

વિ. આપે જે કાગળ મને વિનયપૂર્વક લખ્યો છે તે બરાબર છે..... દેશકાળે કોઈની મતિ સવળી થાય, તે માફી માંગે ત્યારે આપણે અંતઃકરણમાં દયાની લાગણી થઈ જાય તે સ્વાભાવિક છે. વ્યવહારદષ્ટિએ ને નીતિદષ્ટિએ પણ, જે શરણાગત થાય છે ત્યારે તેના ગુના નાના હોય કે મોટા હોય તેને ક્ષમા અપાય છે. એવા ઘણા દાખલા છે તે રૂબરૂ કહીશ... આપ વિદ્વાન છો અને ક્ષમાશાળી છો અને સમજુ છો.... દ : પોતાના.

આમ, સ્વામીશ્રીની કાર્યરીતિ નાના-મોટા કોઈ પણ એકમ(unit)નું સંચાલન કરનારા માટે દીવાદાંડીરૂપ બની જાય તેવી રહેતી. તેઓના નકશેકદમ પર ચાલનારો કોઈ અપયશનો અધિકારી બને એમ નથી.

સન ૧૯૪૭ના વર્ષે શાસ્ત્રીજી મહારાજની જયંતી અટલાદરા મુકામે ઊજવી સ્વામીશ્રી સલાડ ગામે પધારેલા. અહીં પારાયણ માટે મંદિરના ચોકમાં જ ભવ્ય મંડપ બંધાવી વ્યાસપીઠ બનાવવામાં આવી હતી. તે પર બિરાજીને મહા સુદ સાતમના દિવસે સ્વામીશ્રીએ સત્સંગિજીવનના બીજા પ્રકરણના પારાયણનો પ્રારંભ કર્યો. આ પારાયણની પૂર્ણાહુતિના પ્રસંગે જ ગામના હરિમંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા થયેલી અને ગજેન્દ્ર 'રાજશેખર' પર શાસ્ત્રીજી મહારાજની ભવ્ય નગરયાત્રા પણ કાઢવામાં આવેલી.

સલાડથી શાસ્ત્રીજી મહારાજ મહેળાવ પહોંચેલા. અહીંના નારણભાઈના અતિશય પ્રેમાગ્રહને વશ થઈને જ તેઓએ આ પધરામણી કરી હતી. આ પ્રસંગે સૌ હરિભક્તોની વિનંતીથી તેઓ પોતાના જન્મસ્થાનના મકાનના આંગણે પધારેલા. ત્યાં સૌએ ખુરશી ઉપર શાસ્ત્રીજી મહારાજને બિરાજમાન કરેલા. તે વખતે તેઓએ સ્વામીશ્રીને પોતાનાં બાળચરિત્રો – પોતે જ્યાં જ્યાં રમતા, મિત્રો સાથે જે ગમ્મત કરતા, તોફાન કરી છાપરા ઉપર કૂદી નાસી જતા વગેરે સંભળાવેલાં અને સુખદ સ્મૃતિ આપેલી.

---

૮૦. તા. ૮/૧/૧૯૪૭, બુધવાર.

મહેળાવથી શાસ્ત્રીજી મહારાજની સાથે જ સ્વામીશ્રી ગોંડલ પધારેલા અને મંદિરના પાટોત્સવનો લાભ લીધેલો. ત્યારબાદ તેઓ શાસ્ત્રીજી મહારાજની સાથે જ સોરઠની પંચતીર્થીમાં પણ જોડાયેલા.[૮૧]

કરાચીમાં પધરામણી

આ અરસામાં શાસ્ત્રીજી મહારાજનો કરાચીનો કાર્યક્રમ ગોઠવાયો હતો. તે પ્રવાસમાં સ્વામીશ્રી પણ શાસ્ત્રીજી મહારાજની સાથે પધારેલા.[૮૨]

કરાચીના છત્રી મંદિરમાં યોજાયેલા આ પારાયણ દરમ્યાન સ્વામીશ્રી કરાચીમાં આવેલા મોટા મંદિરે પણ રોજ દર્શને જતા અને સમુદ્રસ્નાન કરીને દરિયાને પણ પાવન કરેલો.

અહીં એક વાર સ્વામીશ્રીનો પાતળો હાથ પકડીને શાસ્ત્રીજી મહારાજ બોલેલા : 'આવું શરીર તે ગાદી શું શોભે ? ફૂલેલી ચોળાફળી જેવું શરીર કરવું છે.' વળી, ક્યારેક કહેતા : 'કાંડું તો ગોળમટોળ જોઈએ. સારા ગૃહસ્થ હોય, પૈસે ટકે સુખી હોય એ પોતાના છોકરાને સારો મસાલો ખવડાવે; વસાણું ખવડાવે. સામાન્ય હોય એ કોપરું લાવે કે ગોળ લાવે કે તલસાંકળી લાવે, ને પેલા લોકો બદામપાક ને એવું બધું કરીને જમાડે. એમ તારે પણ ખાવું.'

એટલું જ નહીં, પણ હરિભક્તો દ્વારા આવું વસાણું આવ્યું હોય તો શાસ્ત્રીજી મહારાજ તેને ડબામાં રાખી મૂકે અને રોજ સવારે સ્વામીશ્રીને જમાડે. આખું ચકતું સ્વામીશ્રીને ફાવે નહીં તો અડધું કરીને આપે.

આમ, સ્વામીશ્રી સંબંધી હર-એક ચિંતા શાસ્ત્રીજી મહારાજને રહેતી.

નિર્માની વર્તત નિરદાવે

કરાચીમાં છત્રી મંદિરના પારાયણ બાદ બીજું પારાયણ મોહનલાલ અઢિયાના ઘેર યોજાયેલું. અધિક શ્રાવણ સુદ પડવાથી તેનો પ્રારંભ થયેલો. આ પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે તા. ૨૫/૭ના રોજ કરાચીના રાજમાર્ગો ઉપર નીકળેલી શોભાયાત્રામાં સ્વામીશ્રી પણ શાસ્ત્રીજી મહારાજની સાથે ગ્રંથ લઈને બિરાજેલા.

આ પારાયણ પ્રસંગે મોહનલાલના બે ભાણા પણ ત્યાં હતા. એક વાર તે

---

૮૧. તા. ૯/૫/૧૯૪૭ થી તા. ૧૬/૫/૧૯૪૭.

૮૨. તા. ૯/૭/૧૯૪૭ થી તા. ૨૬/૭/૧૯૪૭.

બંને બાળકોને બોલાવીને સ્વામીશ્રીએ પોતાના ગળામાં ઝૂલતી કંઠી બતાવીને કહ્યું : 'આવી કંઠી તમારે પહેરવી છે?'

તેઓએ બાળમાનસને પારખીને સુંદર રીતે પ્રસ્તાવ મૂક્યો હતો. તેથી બંને બાળકોએ 'હા' પાડી. એટલે સ્વામીશ્રીએ તેઓને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી.

એટલામાં જ એ બંને બાળકોના મામા ત્યાં આવ્યા. તેઓએ બાળકોના ગળામાં કંઠી જોઈને પૂછ્યું : 'આ કોણે પહેરાવી?'

બાળકોએ સ્વામીશ્રી તરફ આંગળી ચીંધી નિર્દેશ કર્યો. તેથી એ બંને બાળકોને સ્વામીશ્રી સમક્ષ ઊભા રાખીને તેઓએ સ્વામીશ્રીને જ કહ્યું : 'આ બંને છોકરાઓના પિતાને એટલે કે મારા બનેવીને સત્સંગ નથી. તેથી આ બેય ભાણિયા આડા-અવળા ફંટાઈ ન જાય તે માટે શાસ્ત્રીજી મહારાજ પાસે તેઓને કંઠી પહેરાવવાની મારી ઇચ્છા હતી. તો આપે પહેરાવેલી આ કંઠી કાઢી નાંખો.'

કોઈ પણ વ્યક્તિ ક્ષોભ-સંકોચ કે માનહાનિ અનુભવે એવી આ વાત સ્વામીશ્રીને કહેવાઈ હતી, પણ તે સાંભળતાં જ લેશ પણ વિલંબ વિના કે જરાયે છોભીલા પડ્યા સિવાય સ્વામીશ્રીએ પોતે પહેરાવેલી કંઠીઓ કાઢી નાંખી અને તે બેય બાળકોને પોતાની સાથે લઈને શાસ્ત્રીજી મહારાજ પાસે આવ્યા. વિગતવાર વાત કરીને શાસ્ત્રીજી મહારાજ પાસે કંઠી ધારણ કરાવડાવી.

સ્વામીશ્રીની આ નમ્રતા સૌ માટે હૃદયસ્પર્શી બની રહી. સૌ તેઓમાં *'નિર્માની વર્તત નિરદાવે... જન સોઈ મતવાલા...'* એ સંતલક્ષણ અનુભવી રહ્યા.

બીજો હુકુમ?

કરાચીના આ પ્રવાસમાં સંઘ સાથે જોડાયેલા નારણજી મહારાજ મોહનભાઈના દીકરા ચંદ્રકાંત પાસે કંઈ વસ્તુ મંગાવે તો તે છોકરો તરત કહેતો : 'જી હજૂર. બીજો હુકુમ?'

તે સાંભળી નારણજી મહારાજ પણ કહેતા : 'પહેલાં એક કામ તો કર. પછી બીજો હુકમ કરું.' આમ ગમ્મત થતી.

આ રીતે ભવિષ્યમાં આવી રહેલા વિષમ દેશકાળમાં સૌને સમતા રહે તેવો લાભ આપીને શાસ્ત્રીજી મહારાજ, સ્વામીશ્રી તથા સૌ કરાચીથી બિલાડા જવા નીકળ્યા.

બિલાડામાં શાસ્ત્રીજી મહારાજ સાથે સાત દિવસ રોકાઈને[૮૩] સ્વામીશ્રી

૮૩. તા. ૨૭/૭/૧૯૪૭ થી તા. ૩/૮/૧૯૪૭.

જયપુર પધારેલા.[૮૪] અહીં પાંચ દિવસ સુધી 'સત્સંગિજીવન'નું પારાયણ યોજાયું. તેમાં શાસ્ત્રીજી મહારાજ રોજ ત્રણ અધ્યાય વાંચતા અને સ્વામીશ્રી રોજના દસ અધ્યાય વાંચતા.

મધરાતે મોહનથાળની મથામણ

જયપુરના રોકાણ દરમ્યાન એક દિવસ મોહનથાળની રસોઈ રાખવામાં આવેલી. તે માટે પુરુષોત્તમાનંદ બ્રહ્મચારી રાત્રે મોહનથાળ કરવા બેઠા; પણ બરાબર ફાવ્યું નહીં, તેથી લાંબું અને ચીકણું થવા માંડ્યું. તે વખતે રાજકોટના મોહનભાઈ સાથે હતા. તે કહે : 'મને આવડે છે.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે : 'ભલે, તમે કરો.' અને સાથે સ્વામીશ્રીને પણ તેઓએ કહ્યું કે 'તું પણ મદદમાં રહે.'

સ્વામીશ્રીને તે વખતે આવું મિષ્ટાન્ન બનાવવામાં ફાવટ નહીં, પણ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા થઈ એટલે તેઓ મદદમાં જોડાયા.

સામાન્યપણે માનવી પોતાને જે કાર્ય ગમે તે કરવાની ઇચ્છા રાખે છે; અથવા તો જે કાર્ય કરવામાં પોતાને સારી કુશળતા હોય તે કરવાનો મનોરથ સેવે છે; અથવા તો જે કાર્ય સહેલું હોય તે કરવા માટે લલચાય છે; પરંતુ સ્વામીશ્રી તો ગુરુ જે કાર્ય ચીંધે તે કાર્યને જ ગમાડતા અને તે કાર્યને જ સરળતા-કુશળતાપૂર્વક કરવાની ઇચ્છા રાખતા. તેઓને મન કામકાજની નહીં પણ ગુરુના વચનની જ મહત્તા હતી. તેથી આ મોહનથાળની મથામણમાં રાત્રે દોઢ વાગી ગયો, છતાં સ્વામીશ્રી સેવા પૂરી ન થઈ ત્યાં સુધી ત્યાંથી ખસ્યા નહોતા.

પહેલા નંબરની પ્રતિષ્ઠા

સ્વામીશ્રીની વય તો હજી માત્ર પચીસ વર્ષની જ થયેલી, પરંતુ તેઓમાં શાસ્ત્રીજી મહારાજને મોટા સદ્‌ગુરુનું દર્શન થતું. તેનો અણસાર આપતો એક પત્ર તેઓની જ કલમે આ સમયમાં લખાયેલો.[૮૫] તેમાં શાસ્ત્રીજી મહારાજ લખે છે :

> *વિ. સૂતાં સૂતાં સાકરનો કાંકરો મોઢામાં આવ્યો છે. તો હવે ગળે ઉતારી સુખ લેવાનું છે. મારા દેહનો હવે નિરધાર નથી. બે-ચાર વર્ષ વખતે રહે. વધુ તો રહે તેમ નથી. તો તેટલામાં ભેગા રહી જિંદગીનું કામ*

---

૮૪. તા. ૪/૮/૧૯૪૭ થી તા. ૮/૮/૧૯૪૭.

૮૫. તા. ૨/૯/૧૯૪૭.

કરી લેશો.

તા. ક. : અત્યારે પૂર્વના શુભ સંસ્કારથી નાની ઉંમરમાં આપની પ્રતિષ્ઠા આપણા મંડળમાં પહેલા નંબરની થઈ છે. તેમ મારી વૃત્તિ પણ સ્વાભાવિક તમારા પર ઠરે છે. તે આપ બુદ્ધિશાળી છો ને જાણો છો. કોઈને સામાન્ય સ્થિતિમાંથી ઉત્તમ સ્થિતિમાં આવવાનું હોય તો અર્ધી ઉંમર દેશ-પરદેશ ફરી લોકોનાં કામ કરી કરીને મરી જાય ત્યારે માંડ માંડ દુનિયાની નજરમાં સારી સ્થિતિમાં પામે અને કોઈક મોટાને ઘેર અવતાર ધરે તો તુરત સહ 'શેઠ શેઠ' કરીને બોલાવે ને વગર મહેનતે, વગર પ્રયત્ને એકદમ મોટો આગેવાન લોકોમાં થઈ જાય. તેમ આપને થોડી ઉંમરમાં મોટા સદ્‌ગુરુની સ્થિતિ પ્રાપ્ત થઈ છે. તો આપ પુણ્યશાળી ને ભાગ્યશાળી છો.

મારે તો અત્યારે સ્વાભાવિક તમારી ઉપર હેત છે જેથી હંમેશા ઊભરા આવે છે કે કેમ બધી વાતે સર્વોપરી થાય તો સારું. તેમાં આપને ફાયદો છે, આખા સત્સંગને ફાયદો છે ને મારે પણ શાંતિ થાય. અને હવે અનુકૂળતા થાય તેથી મને છેલ્લી વખતે તેવું જોઈને ધામમાં જવાય અને આનંદ થાય. માટે આપને પણ તેવું કરવાનું છે કે મને અને આખા સત્સંગને રાજી કરવો. બધું મળશે પણ સ્વામી-મહારાજ તથા તેમના લાડીલા ગુણાતીત જ્ઞાનના સંત હરિભક્તોને રાજી કરવાથી જે સર્વોપરી પ્રાપ્તિ થાય છે તેવું કોઈ સાધન રાજીપા જેવું નથી. તો આપને વગર પ્રયાસે તેવો જોગ રાજી કરવાનો મળ્યો છે તેવું માનશો ને અવસર સાચવી રાખશો. મોટા મોટા - સ્વામી ને નિષ્કુળાનંદ જેવા સદગુરુઓ નિસ્પ્રેહી અને ત્યાગી હતા પણ મહારાજની ઈચ્છા જોઈ મંદિરની (સેવા) કરવી તે સત્સંગ વધારવો, તેવી સેવા મહારાજ અને આખા સત્સંગને રાજી કરવા સારુ સ્વીકારીને રાજી કર્યા. તેવી સેવા આપને મળી છે તો આપ પણ આવો અમૂલ્ય સેવાનો વખત ભૂલશો નહીં ને બહુ આદરથી સપ્રેમ સ્વીકારશો.

આપ સુજ્ઞ છો. પૂર્વાપરનું જાણવાવાળા છો. આપ કૃતકૃત્ય થશો ને બીજાને કૃતાર્થ કરશો. સમૈયે વેળાસર આવશો. એ જ દ. પોતે.

જેઓની વિચક્ષણ-વિલક્ષણ બુદ્ધિએ કદી ઝોકું-ગોથું ખાધું નહોતું એ શાસ્ત્રીજી મહારાજે લખેલા આ પત્રમાં કેવી ઝળકે છે સ્વામીશ્રીની પ્રતિભા !

સારંગપુરમાં કોઠારીપદે

શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીની કાર્યકુશળતા અને પવિત્ર જીવન જોઈને માત્ર પચીસ જ વર્ષની ઉંમરે તેઓને પોતાના પ્રિય સ્થાન સમા સારંગપુર મંદિરના કોઠારીની સેવા સોંપવાનો નિર્ધાર કરેલો. જો કે સદા સેવક બનીને વર્તતા સ્વામીશ્રીને આવા કોઈ પદ-પદવીની મહેચ્છા પ્રથમથી જ નહોતી. તેથી તેઓએ તો શાસ્ત્રીજી મહારાજને કહેલું કે 'આ મારી શક્તિ બહારની વાત છે. હું નાનો છું અને વ્યવહાર તથા હિસાબી કામનું કોઈ જ્ઞાન નથી. માટે આ સેવા બીજા કોઈને સોંપો તો ઠીક.'

પરંતુ શાસ્ત્રીજી મહારાજ આ નાનકડા સંતમાં છુપાયેલી પ્રતિભાને પૂરેપૂરી પિછાણી ગયેલા. તેથી કહ્યું: 'મહારાજ બળ, પ્રેરણા આપશે. લ્યો આશીર્વાદ અને હા પાડો.' એમ કહીને સ્વામીશ્રીને ભેટેલા અને આશીર્વાદ આપેલા.

પછી શાસ્ત્રીજી મહારાજે જ સારંગપુરમાં રહેતા વાસુદેવ સ્વામી, હરિકૃષ્ણદાસ સ્વામી વગેરે સંતોને એક રાત્રે વાત કરેલી કે 'આ નારણદા'ને કોઠારી કરીએ છીએ તો સર્વ તેઓને સહકાર આપશો.'

જો કે સ્વામીશ્રીની નિમણૂક બાબતે કોઈને વાંધા-વિરોધ જેવું હતું જ નહીં.

આ પૂર્વે પણ જ્યારે હરિકૃષ્ણદાસ સ્વામી કોઠાર સંભાળતા ત્યારે તેઓએ સ્વામીશ્રીને અમુક સેવા સોંપેલી. સ્વામીશ્રીએ તે કુશળતાપૂર્વક કરી જાણેલી. તેથી રાજી થઈને હરિકૃષ્ણદાસ સ્વામીએ ત્યારે જ તેઓને કોઠારનું કામ સંભાળી લેવાની ભલામણ કરેલી. પણ એક વાર હિસાબ-કિતાબ કરવામાં એક-બે રૂપિયા જેટલી રકમનો મેળ મળતો નહોતો. તેનું સ્વામીશ્રીને અત્યંત દુઃખ થયેલું. તેઓને વિચાર આવેલો કે 'આ તો બહુ ખોટું કહેવાય. ભૂલ આવે તો કાલે સવારે આપણું શું થાય? માટે આપણે વહેવાર કરવો નથી.'

તેથી સ્વામીશ્રીએ જણાવેલું કે 'કોઠારમાં મારું કામ નહીં.' છતાં હરિકૃષ્ણદાસ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજને આ નિમણૂક કરવા અંગે કહેલું. પરંતુ તે વખતે સ્વામીશ્રીનો અભ્યાસ ચાલુ હતો. તેથી તેઓએ આ અરજી-મરજી સ્વીકારી નહોતી.

પણ હવે યોગ્ય સમય આવેલો જણાતાં શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીને કોઠારીપદે સ્થાપી દીધા. કોઠારમાં પધારીને તેની ચાવી સ્વામીશ્રીને આપતાં કહ્યું : 'આવડી જશે.' ત્યારબાદ નામું કેમ લખવું વગેરે સંબંધી માર્ગદર્શન પણ આપ્યું.

આમ, અક્ષરધામતુલ્ય સારંગપુર મંદિરના કોઠારી તરીકે યથાયોગ્ય નિયુક્તિ કરીને શાસ્ત્રીજી મહારાજે સંતોષ અનુભવ્યો. અત્યાર સુધી શાસ્ત્રીજી મહારાજ સાથે પારાયણો, વિચરણ અને વિવિધ સેવાઓમાં વ્યસ્ત રહેતા સ્વામીશ્રી હવે સારંગપુરમાં સ્થિર થયા. જો કે વારે-તહેવારે તેઓને સત્સંગનાં આયોજનો કે વહીવટી કાર્યો અંગે પ્રવાસો ખેડવાના થતા, પરંતુ મહદંશે સારંગપુરને તેઓના સાંનિધ્યનો વિશેષ લાભ મળવા લાગ્યો.

ભાગ્ય મોટાં એહ ભૂમિનાં

સારંગપુર મંદિરના સંકુલમાં હાલ જ્યાં માઈકરૂમ છે ત્યાં સ્વામીશ્રીનું કાર્યાલય હતું. તેમાં જ તેઓ દિવાળી ટાણે ચોપડા-પૂજન કરતા. હિસાબ-કિતાબનું તંત્ર કેવી રીતે ચાલતું તેની વાત કરતાં તેઓ કહેતા : ‘અમે નાની ચાવી જનોઈમાં રાખતા. મોટી પૈસાની ચાવી ભાઈચંદભાઈ રાખતા. આપણે તો હિસાબનું બહુ જાણીએ નહીં, એટલે એ બધું એમને સોંપેલું. સાંજ પડે ચાર-આઠ આના આવે, રૂપિયો - બે રૂપિયા આવે. એનાથી મોટો હિસાબ ક્યાં કંઈ હતો ? છતાં આપણી કંઈ ભૂલ થઈ જાય ને માથાકૂટ થાય એના કરતાં એમને જ આપી રાખ્યું’તું ! એ રોજ આવક-જાવકનો હિસાબ મેળવી લેતા.’

સારંગપુરમાં કોઠારીકાળ દરમ્યાન બે-ત્રણ વર્ષ કાળુશાએ[૮૬] પણ મહેતાજી તરીકે સ્વામીશ્રી સાથે સેવા કરેલી.

સારંગપુરના મંદિરમાં હાલ જે શાસ્ત્રીજી મહારાજનો પ્રાસાદિક ઓરડો છે તેની બહાર આવેલા સભામંડપના પ્રથમ બે થાંભલા પાસે સ્વામીશ્રી શિયાળામાં સૂવાનું રાખતા. રોજ પૂજા પણ ત્યાં જ કરતા. એ બે થાંભલાની સામે જ આવેલા દરવાજામાંથી સભામંડપની બહાર નીકળાય છે. ત્યાં અત્યારે જે પગથિયાં છે તેની પહેલાં જૂનાં પગથિયાંનું રમણું હતું. ઉનાળામાં સ્વામીશ્રી ત્યાં સૂતા. સભામંડપમાં હાલ યોગીજી મહારાજનો જે પ્રાસાદિક ઓરડો છે તેમાંથી બહાર નીકળવા માટે પશ્ચિમ દિશા ભણી એક દરવાજો છે. તે તરફ ઓરડાની

---

૮૬. કાળુશાનું મૂળ નામ કાલિદાસ વોરા. સારંગપુરમાં તેઓનું સાસરું. ત્યાં જ તેઓ રહેતા. તેથી કાળુશા તરીકે ઓળખાતા. શાસ્ત્રીજી મહારાજને સારંગપુરમાં મંદિર કરવું હતું પણ આ ગામમાં સત્સંગીઓ ઓછા. ત્યારે આ કાળુશા અને તેઓના સાળા મોહનભાઈ બોચાસણ ગયેલા અને શાસ્ત્રીજી મહારાજને કહેલું કે ‘સારંગપુરમાં મંદિર કરો. અમે સહકાર આપીશું.’ તે સાંભળી શાસ્ત્રીજી મહારાજ રાજી થયેલા.

બહાર નાનકડી ચાલી જેવું હતું. ત્યાં પણ સ્વામીશ્રી ક્યારેક આરામ કરતા.

એક વાર તેઓ અહીં સૂતા હશે ત્યારે બનેલા એક રસપ્રદ પ્રસંગની વાત કરતાં તેઓ કહેતા કે –

''જૂના મંદિરમાં કેશવદા' હતા. તેને આપણા મંદિર સાથેના સંબંધો સારા. અડધી રાતે કંઈ કામ હોય તો આપણી પાસે આવે. એક વખત આચાર્ય આનંદપ્રસાદજીને કંઈક જરૂર પડી હશે, એટલે કેશવ ભગત મને શોધતાં શોધતાં અહીં મંદિરે આવ્યા. હું યોગીજી મહારાજની રૂમની બહાર ચાલીમાં સૂતો હતો. કેશવ ભગતના હાથમાં બૅટરી હતી. એણે મને જગાડતાં પહેલાં મારા બે હાથ પકડી લીધા અને જગાડતાં કહે : 'નારાયણ સ્વામી..... નારાયણ સ્વામી...'

હું એકદમ જાગી ગયો. એણે મારા બેય હાથ પકડ્યા હતા. તે કહે : 'હું કેશવ ભગત.'

મેં પૂછ્યું : 'પણ એમાં આવી રીતે પકડીને ઢંઢોળવાની શી જરૂર ?'

ત્યારે હસતાં હસતાં તે કહે : 'એક વખત મને કડવો અનુભવ થઈ ગયો છે. મેં કો'કને ભરઊંઘમાંથી જગાડ્યા. એમાં એને એમ લાગ્યું કે કો'ક ચોર છે. એટલે એણે મને સીધો લાફો જ ઠોકી દીધેલો. ત્યારથી હું આવી રીતે જ બીજાને જગાડું છું.''

આ ખુલાસો સાંભળી સ્વામીશ્રી પણ હસી પડેલા અને તેઓને જે સામગ્રી જોઈતી હતી તે આપીને રાજી કરેલા.

સભામંડપમાં હાલ જ્યાં પટપ્રતિમાઓવાળું સિંહાસન છે ત્યાંથી દક્ષિણ દિશામાં સંતઆશ્રમ તરફ જતાં જે થાંભલાવાળો ખંડ છે ત્યાં બેસી સ્વામીશ્રી અને સંતવલ્લભ સ્વામી કાયમ મોડી રાત સુધી ગોષ્ઠી કરતા.

શૌચક્રિયા માટે તો મંદિરમાં કોઈ સુવિધા જ નહોતી. તેથી નદીનો ખારો છે ત્યાં જ જવાનું રહેતું. થોડા સમય બાદ મંદિરમાં મજરાનો[૮૭] મેળ પડેલો.

તત્કાલીન સારંગપુર મંદિરની ભૂગોળ સમજાવતાં સ્વામીશ્રી કહેતા :

''અત્યારે મંદિરની પાછળ જે આરસની છત્રી કરી છે ત્યાં ગાર-માટીના ઝૂંપડામાં શાસ્ત્રીજી મહારાજ રહેતા. ત્યાં નાની કૂઈ અને નાહવા માટે કુંડી હતી. હું આવ્યો ત્યારે પૂજારીનાં પગથિયાં આગળ ઓરડો હતો. તેમાં રસોડાનો સામાન રહેતો. રસોડું લીમડા આગળ હતું.

તે વખતે સારંગપુરમાં ધર્મશાળાનું કામ ચાલતું'તું. ત્યારે ચૂનાનો છો

---

૮૭. ઉપરથી ખુલ્લા, આગળ બારણા વિનાના પણ ભીંતની પડદીની આડશવાળા જાજરૂ.

કરતા. પહેલાં ચૂનો નાંખી, પછી પાણી છાંટી તેને ટીપે. ચૂનાનું કામ હોય તે જેટલું ટીપે એટલું મજબૂત થાય. પ્લાસ્ટર પણ ચૂનાનું કરે. મંદિરની દક્ષિણે સંતોને રહેવાનાં છાપરાં હતાં. નીચે ઢોરાં બાંધે. ઉપર સંતો રહે. પહેલાં માળ કરવાનો હોય તો અત્યારે જેમ સ્લેબ ભરે છે એમ જાડું લાકડું હોય એની ઉપર વાંસડા નાંખે અને છાણ-માટી ભેગા કરે, કુંવળ અંદર ભેગું કરે ને એનાથી થાપ મારે. અત્યારે જેમ બોક્સિંગ ભરીએ છીએ એ દા'ડે આ બોક્સિંગ હતું. આખો માળ હલે. ઝૂલતા પુલ જેવું લાગે પણ વર્ષો સુધી ટકે.

અત્યારે ઑફિસની આગળ કૂવો છે તે હવેડિયો કૂવો કહેવાતો. ગામના લોકો તેમાંથી પાણી ખેંચી ઢોર પાતા'તા. ગામ તરફથી હવાડાનો માણસ રાખવામાં આવે. એ હવાડો ભર્યે રાખે. ગામનાં ઢોર ત્યાં પાણી પીવા આવે. મંદિર થયું એટલે આપણને એ ફાવે નહીં. પછી ગામ સોંસરા બરવાળા જઈએ છીએ તે બાજુ આચાર્યના બાગની સામે એક તરફ કૂવો બાંધી દીધો. આ (હવેડિયા) કૂવાનું પાણી આપણે ના'વા-ધોવામાં, રસોડામાં વાપરતાં. એની સામે (હાલ જ્યાં થાળ-ભેટ ઓફિસ છે ત્યાં) કામઠાંનું બાંધેલું હતું. શાસ્ત્રીજી મહારાજને મેં ત્યાં રહેવાનું કહેલું. ધૂળની દીવાલોની રૂમ તેમના માટે કરેલી. એની બાજુમાં ઠાકોરજીની પૂરી બનાવવા માટે પૂજારીની રૂમ હતી.

એ વખતે લગભગ ૭૫ વીઘા જમીન હતી. સારામાં સારી જમીન ૨૫-૩૦ રૂપિયે વીઘુ મળે. વારની, ફૂટની વાત નહીં. તે વખતે એક જૂનો બળદ ને એક એકો[૮૮] હતા. જોગી મહારાજ ઝોળી માંગવા જતા ત્યારે ભાર વધી જાય તો એ એકા દ્વારા સારંગપુર સુધી લાવતા. મંદિરોનાં કામ ધમધોકાર ચાલતાં અને જમીનો પણ બહુ નહીં; તેથી ઢોર રાખવાનું બહુ નહોતું. પછી ગાય-ભેંસ થોડું થોડું વસાવ્યું.''

આમ, કોઠારી તરીકે આવું હતું સ્વામીશ્રીનું કાર્યક્ષેત્ર !

કુશળ કાર્યવાહક

આ કાર્યક્ષેત્રમાં સ્વામીશ્રીની જવાબદારીને કપરી બનાવે એવું જો કોઈ એક પરિબળ હોય તો તે હતું – પોતા કરતાં જૂના અને અનુભવી સાથે કામ કરવાનું, અને તેઓ પાસેથી કામ લેવાનું ! ગામમાં પણ કેટલાક માથાભારે અને વિરોધીઓ ખરા. તેઓની વચ્ચે રહીને સ્વામીશ્રીને કાર્યભાર સંભાળવાનો હતો.

---

૮૮. એકો એટલે એક બળદ કે એક ઘોડા દ્વારા ખેંચાતું ગાડું.

પરંતુ તેઓએ જે કુનેહ અને કુમાશથી આ જવાબદારી અદા કરી તે ખરેખર અભિનંદનની અધિકારી બની રહે તેમ છે.

તેઓની કાર્યપદ્ધતિ એવી રહી કે એક વાર તો ગામના બધાએ ભેગા થઈને સ્વામીશ્રીને બિનહરીફ સરપંચ બનાવવાનું નક્કી કરી દીધું !! સૌએ જાહેર કર્યું કે 'જો નારાયણ સ્વામી સરપંચ બને તો ગામમાં ચૂંટણી જ કરવી નથી.'

ગામના કેસરનો દીકરો અલી હતો તો મુસલમાન, પણ તે હરહંમેશ સ્વામીશ્રીની મદદમાં આવીને ઊભો રહેતો.

ગામનો વાળંદ હતો – દેવો બાબર. ગામ લોકોની ભાંજગડને વચ્ચે પડીને તે ઉકેલે. તેથી પટેલ જેવો કહેવાતો. ભણેલો નહીં પણ ગણેલો. એવા આ દેવા બાબરને જો બોટાદ જવાનું થાય તો જતાં પહેલાં સ્વામીશ્રીને અચૂક મળવા આવે અને પૂછે કે 'તમારે બોટાદનું કાંઈ કામ નથી ને ?!'

એક આલભાઈનો મે'રામ હતો. તે નોકરી કરે. પણ જો તેને બોટાદ ટપાલ લેવા જવાનું થાય તો આપણા મંદિરની ટપાલ પણ લઈ આવે અને ભાવનગર કે અમદાવાદ જવાનું થાય તો પણ સ્વામીશ્રીને પૂછવા આવે કે 'તમારે કાંઈ લાવવું નથી ને !?'

તે સમયે મંદિરમાં એક પ્રભુ સ્વામી હતા. તે ઘી-ગોળનો કોઠાર સંભાળતા. બીજા હતા મોહન સાંકળિયો. એ બંને સ્વામીશ્રીને રાત્રે મંદિરનાં ખેતરોમાં આંટો મારવા લઈ જાય. 'તમે કોઠારી થયા એટલે જમીન જોવા જવું પડે, સાચવવી પડે,' એમ કહીને સ્વામીશ્રીને ઉપાડે. રામજી ભગત પણ સાથે હોય. ચાલતાં ચાલતાં આંબલીવાડી, શંકરવાડી વગેરે બધી જગ્યાએ સ્વામીશ્રીને ફેરવે. રાતના બાર વાગ્યે સ્વામીશ્રી નીકળ્યા હોય તે સવારના ચાર વાગ્યે પરત ફરે.

આવું દશેક દિવસ ચાલ્યું હશે ત્યાં હનુમાનજી મંદિરના કોઠારી વીરસંગ ભગતને આ વાતની ખબર પડી. તેથી તેઓએ પ્રભુ સ્વામી અને મોહન બંનેને કહી દીધેલું : 'તમારે નારાયણ સ્વામીને નહીં લઈ જવાના. જરૂર હોય તો મને કહેજો. હું મારા પાર્ષદો મોકલીને ખેતરની ચોકી કરાવીશ.'

વીરસંગ ભગતના દિલમાં પણ આટલી હદ સુધી સ્વામીશ્રીએ કબજો જમાવી દીધેલો !

આમ, ગામના કે મંદિરના, નાના કે મોટા, નવા કે જૂના – સૌનો પ્રેમ અને આદર માત્ર પચીસ વર્ષની ઉંમરે પ્રાપ્ત કરીને સ્વામીશ્રીએ કોઠારીપદે જે કાર્ય કર્યું તે આજની બહુરાષ્ટ્રીય કંપનીઓના સંચાલકો માટે પણ પ્રેરણારૂપ છે.

આધુનિક મૅનેજમેન્ટનાં પુસ્તકો વાંચ્યા સિવાય કે તે સંબંધી કોઈ પણ પરિષદ-પરિસંવાદ ભર્યા સિવાય સ્વામીશ્રીએ જે કાર્યશૈલીથી કોઠારીનો કાર્યભાર સંભાળ્યો હતો, તેમાં આધુનિક મૅનેજમેન્ટના સિદ્ધાંતોની સીમાઓ સર થઈ ગયેલી જણાય છે.

નેતૃત્વનો નખશિખ નમૂનો

પોતાના કોઠારીકાળની કાર્યશૈલી જણાવતાં એક વાર સ્વામીશ્રીએ કહેલું :

'કોઠારી બનાવ્યો ત્યારે દરેકને પગે લાગવા જઈએ. નોકર-ચાકર હોય તો તેને પણ એક ટાઈમ મળી લઈએ. આપણે નવા ને મળીએ નહીં તો કામકાજમાં વાંધા-વચકા જેવું થાય. એટલે મળીને કામ ચાલતું. એ લોકોને એમ ન રહે કે નાનો છે ને શું સમજે? મળીએ એટલે આપણને સલાહ પણ મળે.'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગારોમાં કોઈ પણ એકમના સફળ સંચાલન માટેનો એક દૃષ્ટિકોણ ઝળકી રહેલો છે.

સાચા-સારા નેતાનું લક્ષણ જણાવતાં કહેવાયું છે કે 'True, good leaders are connected, but they are also intentionally connected to the people they lead... connect with people and give them an opportunity to make contact with you.'[૮૯] સાચા, સારા નેતાઓ પોતે જેઓને દોરી રહ્યા છે તેઓની સાથે ન કેવળ સંકળાયેલા હોય છે, પરંતુ તેઓ સામે ચાલીને કર્મચારીઓને મળતા રહે છે. સૌ સાથે હળતા-મળતા રહો અને લોકો પણ તમારી સાથે હળતા-મળતા રહી શકે તેવો મોકો સૌને આપતા રહો.

અર્વાચીન મૅનેજમેન્ટનો આ સિદ્ધાંત સ્વામીશ્રીમાં પહેલેથી જ દૃશ્યમાન થતો હતો. એક વાર તેઓને કો'કે પૂછેલું કે 'આપને કોઠારી બનાવ્યા એટલે સૌને આપની પાસે જ પૂછવા આવવું પડે...!'

આટલું બોલાયું ત્યાં જ તેઓ કહેવા લાગેલા : ''એ પૂછવા આવે કે આપણે પૂછવા જઈએ એમાં શું વાંધો આવવાનો છે? ખેતીવાડીનું હોય એ આપણને પૂછવા આવે તે પહેલાં આપણે જ એને પૂછીએ કે 'આનું કેમ કરીશું?' ભંડારી પાસે જઈએ તો કહીએ કે 'નવો છું. મને કંઈ ખબર ન પડે. તમે મને કહેજો.' એટલે એ બધાનો પ્રેમ રહે. બધા જોડે હેત-પ્રીત રહે.''

આમ, આવી નમ્રતાસભર હતી સ્વામીશ્રીની કોઠારી તરીકેની કાર્યશૈલી.

---

૮૯. *The 360° Leader,* John Maxwell, Nelson Business, 2002.

તેમાં અધિકાર જમાવવા-અજમાવવાની વાત જ નહોતી.

'...Humility is one of the most effective tools at a manager's disposal.'[૯૦] નમ્રતા એ પ્રબંધકની સફળતા માટેનું એક સૌથી અસરકારક સાધન છે. આધુનિક મૅનેજમેન્ટે કાર્યસિદ્ધિ માટે ચીંધેલી આ દિશાને સ્વામીશ્રી પોતાના કોઠારીકાળ દરમ્યાન ખૂંદી વળેલા.

સેવકાઈ એ જ વશેકાઈ[૯૧]

એક વાર કોઠારી તરીકેની પોતાની કાર્યવાહી સમજાવતાં સ્વામીશ્રી બોલેલા કે 'કોઠારી એટલે ગાદી પર બેસવાનું નહીં, પણ બધાં કામમાં જોડાવાનું..'

આ રીત અનુસાર તેઓ મંદિરના મોવડી હતા છતાં પાલખે પાલખે ચઢતાં-ઊતરતાં. સારંગપુરના કોળી ભક્ત મોહનભાઈ કહેતા : 'સારંગપુરમાં દરવાજાનું કામ ચાલતું ત્યારે નારાયણ સ્વામી ઢાંઢાં (બળદ) જાતે જ ફેરવતા.'

કેવળ મંદિરના જ નહીં, પરંતુ ભક્તોનાં વ્યાવહારિક કામમાં પણ સ્વામીશ્રી એક સ્વજનની જેમ જોડાઈ જતા.

સારંગપુરના રહેવાસી હકાભાઈના ખેતરમાં કૂવો કરવાનો હતો. તેનું મુહૂર્ત શાસ્ત્રીજી મહારાજે કાઢી આપેલું. પરંતુ હકાભાઈ તો શાસ્ત્રીજી મહારાજની સાથે વિચરણમાં નીકળી ગયેલા. અહીં તેઓના ઘેર પુરુષવર્ગમાં કોઈ નહીં. ત્યારે સ્વયં સ્વામીશ્રીએ દેવશીભાઈ નામના હરિભક્તને સાથે લીધેલા અને કૂવાનું માપ જાતે લઈ કૂવાની કાર્યવાહી પૂર્ણ કરેલી. એ જ રીતે હકાભાઈના ઘરની વંડી કરવાનું માપ પણ સ્વામીશ્રીએ જાતે લીધેલું અને વંડી માટે જરૂરી પથરા, કડિયા મોકલાવીને કામને અંતિમ ઓપ આપેલો.

આમ, તેઓ સત્તાધીશ હોવા છતાં સદા સેવક બનીને જ કાર્ય કરતા.

જ્યારે જળઝીલણી એકાદશીનો ઉત્સવ આવે ત્યારે ગામમાં ઠાકોરજીની પાલખીયાત્રા નીકળે. ઠાકોરજીની પધરામણી ઘેર-ઘેર થાય. કોઈ આઠ આના કે કોઈ રૂપિયો, એમ ભેટ મૂકે. એકાદશીના એ નિર્જળા ઉપવાસમાં, ભાદરવાના ભર તાપમાં સ્વામીશ્રી આવી ૭૦-૮૦ પધરામણી કરતા – કોઠારીપદે હોવા છતાં !!

આવી સેવકાઈ જ હતી એમની વશેકાઈ.

---

૯૦. *What They Still Don't Teach You At Harvard Business School,* Mark H. McCormarck, Bantam Books, 1989.

૯૧. વિશેષતા.

...આપણે ટેવાઈ જવાનું

એક વાર સારંગપુરમાં એક સંતના મહેમાન અમદાવાદથી આવવાના હતા. તે સંદર્ભમાં તેઓ સ્વામીશ્રીને કહી ગયેલા કે 'મહેમાન આવવાના છે તો એમને લેવા માટે ગાડું મોકલવાનું છે, માટે ગાડું તૈયાર કરજો. ગાડામાં પૂળા નાંખજો. સાથે સાથીને તૈયાર રાખજો અને ચાદર પથરાવજો.'

સ્વામીશ્રીએ તે મુજબ કરવાની બાંયધરી તે સંતને આપીને આ બાબતે નિશ્ચિંત રહેવા જણાવ્યું. તોય બે-ત્રણ કલાક પછી વળી પાછા તે સંત આવ્યા અને એની એ વાત સ્વામીશ્રીને કરી. સ્વામીશ્રીએ વળી તેઓને ખાતરી આપી.

ત્યાં બીજે દિવસે સવારે વહેલા ઊઠીને તરત તે સંત સ્વામીશ્રી પાસે પહોંચ્યા અને પેલી વાત યાદ કરાવી. સ્વામીશ્રીએ કહ્યું : 'મને ખ્યાલ છે.'

તોય વળી ફરીથી બે-ત્રણ વખત આવ્યા કે 'ગાડું તૈયાર છે કે નહીં એ તમે જોઈ આવો. ગાદલાં નાંખ્યાં છે કે નહીં તે જોઈ આવો.' ઠેઠ ગાડું તૈયાર થઈને નીકળ્યું નહીં ત્યાં સુધી તેઓ સ્વામીશ્રીને યાદ કરાવતા રહ્યા, પરંતુ સ્વામીશ્રી લેશ અણગમો લાવ્યા સિવાય તેઓને સંતોષતા રહ્યા.

કોઠારીપદે આરૂઢ હોવા છતાં આવી નાની-નાની વિગતોમાં સૌ તેઓને જોડતા, તોય સ્વામીશ્રી સૌને ન્યાય આપતા અને સૌનો ગુણ જ લેતા કે 'સૌ ટપલાં મારે તેમાં ઘડાઈ ગયા.'

ઉપરોક્ત પ્રસંગના સંદર્ભમાં જ એક વાર સ્વામીશ્રીને એક મુમુક્ષુએ કહેલું કે 'આપણે બધું કર્યું હોય તોય વળી પાછા ચકાસણી કરવા જાય. એટલે વધારે ખીજ ચડે.'

ત્યારે સ્વામીશ્રીએ જણાવેલું : 'ખિજાવાનું નહીં. એમની ચાલ જાણી લીધી કે આ મૂકવાના નથી, પછી આપણે ટેવાઈ જવાનું.'

મગજની નસોને લેશ પણ તંગ થવા દીધા સિવાય, સામેની વ્યક્તિને સમજીને તેની સાથે કામ કરવા-લેવાની આવડતના અધિપતિ હતા સ્વામીશ્રી.

સાધુ એટલે સાધુ

સારંગપુરના કોઠારીપદના સંદર્ભમાં એક વાર સંતોએ સ્વામીશ્રીને પૂછેલું : 'આપ કોઠારી હતા ત્યારે તમને બધા 'કોઠારી' કહીને બોલાવતા'તા ?'

'એવું કાંઈ યાદ નથી.' તેઓએ કહેલું.

ત્યારે સંતો બોલ્યા : 'એવું તો યાદ રાખવું જોઈએ ને !'

તે વખતે સ્વામીશ્રીએ કાયમ યાદ રહી જાય એવું કહેલું કે 'એમાં શું યાદ રાખવું ? સાધુ એટલે સાધુ.'

સ્વામીશ્રીને મન કોઠારીપદ ગૌણ હતું અને સાધુની પદવીની જ મહત્તા હતી.

આવા સ્વામીશ્રીના કોઠારીકાળની એક સ્મૃતિ ઉલેચતાં ઈશ્વરચરણદાસ સ્વામી લખે છે : *'તે વખતની એક વિશેષ સ્મૃતિ આજે પણ તાજી છે કે અમે નાનાં બાળકો એટલે બીજા સંતો બોલાવે, ગમ્મત કરે, મજાક ખાતર થોડા હેરાન પણ કરે. પ્રમુખસ્વામી ૮૦ કોઈ દિવસ અમને એવું કરતાં યાદ નથી. પહેલેથી જ ધીર-ગંભીરતા અને એક જાતની અદબ એમના જીવનમાં નિહાળવા મળતી.'*

માનવીય માવજતમાં માહેર

એક વાર સારંગપુરમાં દૂર રસ્તે ઊભેલા એક વૃદ્ધને સ્વામીશ્રીએ પોતાની નજીક બોલાવતાં પૂછેલું : 'વિઠ્ઠલ ! કેમ છે ? સારું છે ને ! મંદિરે આવે છે ને ?'

ઊલટભેર આટલી પૂછપરછ કરી લીધા બાદ સ્વામીશ્રીએ આસપાસ ઊભેલા સંતોને કહ્યું : 'આ વિઠ્ઠલ. ગામનો કુંભાર છે. એ, એનો ભાઈ અને ત્રીજો એક હરિ હતો. આ બધા હું જ્યારે અહીં ચાલીસ વર્ષ પહેલાં કોઠારી હતો ત્યારે મંદિરના અન્નકૂટની પ્રસાદી ઘેર-ઘેર આપવા દોડાદોડી કરતા... એવી ખૂબ સેવા કરી છે !'

આ જ સારંગપુરમાં સ્વામીશ્રીએ એક વૃદ્ધ વ્યક્તિને જોઈ અને તેને પોતાની સાથે મુલાકાતખંડમાં લીધી. વેશ-કેશથી તદ્દન સામાન્ય અને બળ-બુદ્ધિથી બિલકુલ બેકાર લાગે તેવી એ વ્યક્તિનો પરિચય આપતાં તેઓ સૌને કહેવા લાગ્યા : 'આ મોહન, બહુ જૂનો. એનો બાપ મોતી, ધોળકાના શેરમિયાંનો અહીંનો કારભારી... ઠેઠ શંકર ભગત કોઠારી હતા ત્યારથી મંદિરમાં છે. દરવાજાનું ને પાવર હાઉસનું કામ ચાલતું ત્યારે પણ મારી સાથે હતો.'

આ જ રીતે એક વાર એક પ્રૌઢને જોઈને સ્વામીશ્રીએ પૂછ્યું : 'કેમ દરબાર ! શું કરો છો ?'

'નાની દુકાન છે.'

પછી તેને આશીર્વાદ આપતાં તેઓ કહેવા લાગ્યા : 'આ ટપુભાના ભાઈ. અહીં હું (કોઠારી તરીકે) હતો ત્યારે ખૂબ સેવા કરી છે !'

એક વાર એક ભરવાડને જોતાં સ્વામીશ્રીએ તેને બોલાવ્યો અને પૂછ્યું : ‘કેમ રતના ! કેમ છે ?’

રતનામાં રત્નનો કોઈ ઝળહળાટ કોઈનેય જણાયો નહીં. તેથી સૌ વિચારી રહ્યા કે ‘આ રતનો છે કોણ ?’

ત્યાં તો સ્વામીશ્રીએ જ ફોડ પાડતાં કહ્યું : ‘આ રતનો, સારંગપુરમાં આપણો જૂનો પાડોશી ! હું અહીં કોઠારી હતો ત્યારે આપણા મંદિરના આમલીવાળા ખેતરની બાજુમાં એનું ખેતર હતું !’

આમ, કોઠારી તરીકે મંદિરના મોટેરા હોવા છતાં સ્વામીશ્રી નાનામાં નાની વ્યક્તિનો મહિમા સમજીને સેવા કરતા. આજના મૅનેજમેન્ટની એક ખૂટતી કડીનો નિર્દેશ કરતાં કહેવાયું છે :

‘The manager is to some extent using other people as a means to an end, just as he himself is being used by senior managers as a means to an end. But the first principle in any common sense morality is that we should treat people as people and all that it means.’[૯૨] જેમ ઉપરી અધિકારીઓ દ્વારા કામ પૂરું કરી આપનારા એક સાધન તરીકે જ પોતાનો ઉપયોગ થતો હોય છે, તેમ કેટલેક અંશે મેનેજરો પણ કર્મચારીઓનો ઉપયોગ કામ પૂરું કરી આપનારા એક સાધનની જેમ જ કરે છે. પરંતુ સામાન્ય સમજમાં આવે એવી નૈતિકતાનો પ્રથમ સિદ્ધાંત એ છે કે વ્યક્તિની ગરિમા સર્વ પ્રકારે જળવાય તે રીતે તેની સાથે વ્યવહાર કરવો જોઈએ.

આજનું મૅનેજમેન્ટ આ જે વિષયમાં ઊણું ઊતરે છે તેમાં સ્વામીશ્રી આરપાર ઊતરેલા હતા. તેઓએ માનવીઓને વસ્તુની જેમ વાપર્યા નહોતા, પરંતુ જીવની જેમ જાળવ્યા હતા. તેથી જ ચાર-ચાર, પાંચ-પાંચ દાયકાઓ વીતી જવા છતાંય તેઓના માનવીય સંબંધોને લૂણો લાગ્યો નહોતો. દુનિયાના આયોજકો કરતાં તેઓ એક નહીં અનેક કદમ આગળ હતા.[૯૩]

---

૯૨. *Effective Decision Making,* John Adair, Rupa & Co., 1999.

૯૩. સારંગપુરના કોઠારીપદે રહીને સ્વામીશ્રીએ કરેલી વિવિધ દિવ્ય સેવાઓને તેઓના જ શ્રીમુખે સાંભળવા જુઓ વીડિયો ટ્રેક નં. ૧૨. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

સન ૧૯૪૮

'શાસ્ત્રી'ની પદવીથી વિભૂષિત

સ્વામીશ્રીએ કોઠારીપદ સંભાળ્યું ત્યારપછી શાસ્ત્રીજી મહારાજ સાથે તેઓનો પત્ર-વ્યવહાર ઠીક પ્રમાણમાં વધી ગયેલો. આ પ્રક્રિયામાં જ્યારે શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રીને પત્ર લખે ત્યારે તેઓના નામ આગળ 'શાસ્ત્રી' વિશેષણ લખતા.

સ્વામીશ્રીને તે જરા અજુગતું લાગતું, કારણ કે તેઓએ સંસ્કૃતનો અભ્યાસ શરૂ તો કરેલો પણ સંસ્થાનાં વહીવટી કાર્યોમાં જોડાવાનું થતાં એ અભ્યાસને અધવચ્ચે જ મૂકી દેવો પડેલો. તેથી 'શાસ્ત્રી'ની પદવી મળેલી નહીં. છતાં શાસ્ત્રીજી મહારાજ તેઓના નામ આગળ 'શાસ્ત્રી'નું સંબોધન લખે, તે સ્વામીશ્રીને કઠતું.

હકનું પણ જતું કરવાની જેઓની પ્રકૃતિ હોય તેવા સ્વામીશ્રીને અણહકની આ વાત તો કેવી રીતે ગમે? તેથી તેઓએ એક વાર શાસ્ત્રીજી મહારાજને કહેલું કે 'હું શાસ્ત્રી થયો નથી ને તમે લખો છો.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોલેલા : 'કૌમુદી હાથમાં લીધી એટલે શાસ્ત્રી.'[૯૪]

આમ, શાસ્ત્રીજી મહારાજે જ સ્વામીશ્રીને 'શાસ્ત્રી'ની પદવીથી વિભૂષિત કરી દીધેલા. કાર્યકુશળ સ્વામીશ્રી પર વિદ્યાલંકારને પણ શાસ્ત્રીજી મહારાજે જાણે જડી દીધો!

હવેલીની સેવામાં

સ્વામીશ્રી સારંગપુરમાં કોઠારી હતા તે દરમ્યાન હવેલી, દરવાજો, દરવાજા આગળનો પુલ અને 'પાવર હાઉસ' એમ ઘણા પ્રકલ્પો એકસાથે ચાલતા હતા. મંદિરની દક્ષિણ દિશામાં બે માળની હવેલીનું બાંધકામ થઈ રહેલું. આ હવેલીનું બાંધકામ મોજીદડના મૂળજીભાઈ સુથાર સંભાળતા. તેઓની સાથે પીતાંબરભાઈ, ભીમજીભાઈ અને મૂળજીભાઈના પુત્રો હવેલીની સેવામાં આવતા.

તેઓએ આ હવેલી એવી મજબૂત બાંધેલી કે મંદિર-સંકુલના નવીનીકરણ

---

૯૪. સ્વામીશ્રીએ સંસ્કૃત વ્યાકરણના ગ્રંથ 'સિદ્ધાંતકૌમુદી'માં ષટ્લિંગ સુધીનો અભ્યાસ કરેલો તે સંદર્ભમાં શાસ્ત્રીજી મહારાજ આમ બોલેલા.

માટે જ્યારે તેને તોડવાની થઈ ત્યારે પરસ્પર ભીડાવેલા લાકડાં કેમેય કરીને ઊખડતા નહોતા. તેથી સ્વામીશ્રી કહેતા : ‘હવેલીના કામમાં મોજીદડના કારીગરો હતા. તેઓને અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન જેવું દૃઢ થયું હતું એવા સાંધા પણ મજબૂત માર્યા હતા.’

આ હવેલીના લાકડાંની ખરીદી અંગે સ્વામીશ્રીને ભાવનગર જવાનું થતું. એક વાર આ રીતે તેઓ ભાવનગરની બજારમાં ગયા હશે ત્યારે જ ત્યાં હુલ્લડ ફાટી નીકળેલું. ચારે બાજુ લોખંડ, લાકડાં, રંગ, સિમેન્ટ વગેરેની લૂંટફાટ મચી ગયેલી. તે વખતે સ્વામીશ્રી સાવધાનીપૂર્વક એક બાજુ ઊભા રહી ગયા. થોડી વારે સિફતપૂર્વક ત્યાંથી સરકીને હેમખેમ સારંગપુર આવી પહોંચેલા.

મોક્ષનું દ્વાર ખૂલે છે

શાસ્ત્રીજી મહારાજનો તીવ્ર સંકલ્પ હતો કે ‘સારંગપુર મંદિરનો દરવાજો ભવ્ય કરવો.’ તે માટે સ્વયં તો અંગત રસ લેતા જ, પરંતુ સ્વામીશ્રીને પણ તે કામ માટે સતત પ્રેરણા-માર્ગદર્શન આપતા રહેતા. સ્વામીશ્રી પણ શાસ્ત્રીજી મહારાજની મરજીના આ કામમાં પોતાના પ્રાણ રેડીને કાર્યરત થયેલા.

પરંતુ સખત નાણાંભીડનો એ જમાનો હતો. તે દા’ડે મંદિરમાં દર્શનાર્થીઓ આવે તે ચાર આના, આઠ આના, રૂપિયાની ભેટ મૂકે. બહુ સુખી હોય તો બે-પાંચ રૂપિયા ધરે. આખા મહિનામાં ૨૫-૩૦ રૂપિયા આવે. આવી પાંખી આવકમાં બાંધકામોના ગંજાવર ખર્ચને કેમ પહોંચવું? તેથી બોટાદના મુસ્લિમ બિરાદર બદરુદ્દીન શેઠ પાસેથી સ્વામીશ્રી લોખંડનો માલ ઉધાર લાવતા અને અમૃતલાલ વસાણી પાસેથી લાકડું તથા સિમેન્ટ ઉધાર લાવતા.

પરંતુ આવા સંજોગોમાં વેપારીઓને ચૂકવવાની બાકી રકમ આશરે પચીસથી ત્રીસ હજાર રૂપિયા જેટલી મોટી થઈ ગઈ. સ્વામીશ્રી વેપારીઓને વાયદા કરી ચૂક્યા હોય પણ રકમની સગવડ ન થતાં મનમાં ગડમથલ થાય. વેપારીઓ સારા હતા તેથી કોઈ પઠાણી ઉઘરાણી ન કરે, પણ વાયદા ખોટા પડતાં સ્વામીશ્રીને મનમાં રંજ રહ્યા કરે. એક બાજુ રકમ ચૂકવાય નહીં અને વળી નવો માલ તેની જ પાસેથી ઉધાર લેવા જવાનું.

આમ, અતિ સંકટ અને સંકોચભરી સ્થિતિમાં તેઓ મુકાઈ ગયા. એટલે *‘જ્યારે ભંડાર થાશે નરવા, ત્યારે જઈશું તીરથ કરવા…’* મુજબ તેઓએ ગોંડલ, દ્વારકા, ભાદરા વગેરે તીર્થસ્થળોમાં જઈને પ્રાર્થના કરી. યાત્રામાં વીસ-ત્રીસ

દિવસ પસાર થઈ ગયા. શાસ્ત્રીજી મહારાજને આ જાણ થઈ એટલે તેઓએ સ્વામીશ્રીને હિંમત આપેલી અને કામ પાટે ચડેલું.[૯૫]

આમ, તન-મન-ધનની સખત સંકડામણમાં સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના સંકલ્પ મુજબ સેવાકાર્યો આટોપતા રહેતા.

તેઓના આવા અથાક પરિશ્રમના ફળસ્વરૂપે વિ.સં. ૨૦૦૪માં સારંગપુર મંદિરનો ભવ્ય દરવાજો તૈયાર થઈ ગયો. તે જોઈને શાસ્ત્રીજી મહારાજ ખૂબ રાજી થયેલા અને બોલેલા : 'આ દરવાજાનાં જે દર્શન કરશે તેનો મોક્ષ થશે અને શ્રીજીમહારાજ તથા ગુણાતીતાનંદ સ્વામી તેને સાક્ષાત્ તેડવા આવશે.'

હૈયું હાથ ન રહ્યું !

શાસ્ત્રીજી મહારાજ ૮૪મી જન્મજયંતીના[૯૬] ઉત્સવ બાદ પારાયણ નિમિત્તે નેનપુર પધારેલા. સ્વામીશ્રી પણ તેઓની સાથે જ હતા. આ પારાયણ દરમ્યાન એક દિવસ માટે અમદાવાદ આવેલા શાસ્ત્રીજી મહારાજને હૃદયરોગનો હુમલો આવી ગયો.[૯૭] તેઓની માંદગીના આ સમાચાર સાંભળી સ્વામીશ્રી તો અત્યંત વ્યથિત થઈ ગયા. પરંતુ નેનપુરનું પારાયણ મૂકીને અમદાવાદ જવાય તેમ નહોતું. તેથી પૂર્ણાહુતિ સુધી તો તેઓ ત્યાં રોકાયા પણ પછી તીરના વેગથી અમદાવાદ આવી પહોંચ્યા.

અહીં ગંભીર રોગ ધારણ કરીને પોઢેલા શાસ્ત્રીજી મહારાજની મુખમુદ્રા જોઈને સ્વામીશ્રીનું હૈયું હાથ ન રહ્યું અને તેઓ ચોધાર આંસુએ રડી પડ્યા ! *'પિતુ તુલ્ય છાયા, જનિ તુલ્ય માયા'* જે ગુરુ પાસેથી મેળવેલી તેઓની આ સ્થિતિ જોઈને તેઓ જાણે નિષ્પ્રાણ થઈ ગયા ! પરંતુ થોડી જ વારમાં શાસ્ત્રીજી મહારાજ પ્રફુલ્લ મુખારવિંદે ખાટલામાં બેઠા થયા ત્યારે સ્વામીશ્રીના શરીરમાં ચેતન આવ્યું. પછી થોડા દિવસ શાસ્ત્રીજી મહારાજ સાથે રોકાઈને તેઓ સારંગપુર પરત ફરેલા.

---

૯૫. સ્વામીશ્રીએ કરેલી આ તીર્થયાત્રાની તવારીખ તેઓના જ શ્રીમુખે સાંભળવા જુઓ વીડિયો ટ્રેક નં. ૧૩. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

૯૬. તા. ૧૫/૨/૧૯૪૮, રવિવાર.

૯૭. તા. ૨૩/૨/૧૯૪૮, સોમવાર.

ગુરુભક્તિનો સેતુ

આ અરસામાં સારંગપુર મંદિરના દરવાજા આગળથી વહેતી ફલ્ગુ નદી પર પુલ બાંધવાનું કાર્ય સ્વામીશ્રીએ ઉપાડેલું. શાસ્ત્રીજી મહારાજની ઇચ્છા હતી કે 'આ પુલ ચોવીસ ફૂટ પહોળો કરવો.'

પરંતુ તે વખતે સારંગપુર ગામની વસ્તી હજારથી ઓછી. આવનારા યાત્રાળુઓનાં વાહનોની સંખ્યા પણ ઘણી જ મર્યાદિત. વળી, આછી આવક. ટાંચાં સાધનો. આવાં અનેક પરિમાણોને ધ્યાનમાં રાખીને સ્વામીશ્રી તથા બાંધકામની દેખરેખ રાખનાર હરિભક્ત અર્જુનભાઈએ મળીને નક્કી કર્યું કે 'પુલ સોળ ફૂટ પહોળો થશે તોય એકસાથે બે વાહન આવે ને જાય તેમાં કાંઈ મુશ્કેલી નહીં પડે. માટે મોટો પુલ બાંધીને ખર્ચો શા સારુ વધારવો ?'

આવા વિચાર સાથે સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજને મળવા માટે અટલાદરા પહોંચ્યા. સાંજે ચાર-પાંચ વાગ્યાના સુમારે તેઓ શાસ્ત્રીજી મહારાજને મળ્યા અને પુલની પહોળાઈ અંગે વાત કરી. શાસ્ત્રીજી મહારાજે વાત સાંભળી લીધી પણ કોઈ પ્રતિભાવ આપ્યો નહીં.

પછી તે જ દિવસની રાત્રે શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીને પોતાના ઓરડામાં બોલાવ્યા અને 'ભક્તચિંતામણિ'માંથી ૮૬મું પ્રકરણ વાંચવાની આજ્ઞા કરી. સ્વામીશ્રી પોતાના સુમધુર કંઠે તે પ્રકરણની કડીઓ ગાવા લાગ્યા :

'શશિ સૂરજ શેષ સિંધુ, સર્વે રહે અમારા વચનમાં;
વારિ વસુધા વહનિ, મરુત ડરે વળી મનમાં.
તેહ સર્વે એમ જાણે, જે વડા થાય વચનથી;
એવાં વચન આજનાં, તમે જાણ્યાં છે કે જાણ્યાં નથી ?
એવાં વચન જો જાણો અમારાં, તો પાળો સહુ સુજાણ;
એવું ન મનાય અંતરે, તો કેમ માન્યું છે કલ્યાણ ?
માટે સહુ સુજાણ છો, વળી સાંભળી છે બહુ વારતા;
છોટાં મોટાં વચન અમારાં, તેને રખે વિસારતાં...'

જ્યારે સ્વામીશ્રીનું ગાન પૂરું થયું ત્યારે શાસ્ત્રીજી મહારાજે તેઓને પૂછ્યું : 'આમાં જે વાત આવી તેમાં તું કાંઈ સમજ્યો ?'

'હા.' સ્વામીશ્રીએ જણાવ્યું.

'શું સમજ્યો ?'

'પુલ ચોવીસ ફૂટનો કરવાનો છે.'

સ્વામીશ્રીના આ ઉત્તરથી શાસ્ત્રીજી મહારાજ રાજી થઈ ગયા.

'ઉત્તમ તો શાસ્ત્રમાંથી સમજી લે...'[૯૮] તે મુજબ સ્વામીશ્રી ગુરુની મરજી શાસ્ત્રમાંથી જાણી ગયા. આવા ઉત્તમ શિષ્ય પર પ્રસન્નતા વરસાવતાં શાસ્ત્રીજી મહારાજ તેઓને ભેટ્યા અને ખૂબ આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રીની ગુરુભક્તિ સાથે સૌને જોડતો આ સેતુ આજેય અડીખમ ઊભો છે.[૯૯]

આપની મીઠી નજર છે એટલે શાંતિ છે

સારંગપુરમાં પોતાના કોઠારીકાળ દરમ્યાનની કટોકટીભરી પરિસ્થિતિનો ચિતાર આપતાં સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજને લખેલો એક પત્ર આંખને આંસુ અને અંતરને અહોભાવથી ભરી દે એવો છે. તેમાં સ્વામીશ્રી લખે છે :

> *વિ. ખાસ વિનંતી છે કે અમાસ(અમાસે) લગભગ રૂ. બે હજારની જરૂર પડશે તો તે માટે ગોઠવણ કરવા મેરબાની (મહેરબાની) કરશો. કારણ કે ગઈ વખતે કારીગરોના પગારના તથા એક હજાર વસાણીને ભર્યા. ત્યાર પછી હજારથી દોઢને આશરે હાલ ઊછીના લઈ કામ ચલાવેલ છે. માટે તે તાત્કાલી(ક) આપવા પડ્યા છે. કૂવાની મજૂરીના લગભગ પાંચસો અમાસ ઉપર આપવા પડશે. બીજા લોટ, સીધા સામાનમાં ઘી વગેરે લાવેલ તેના આપવા પડેલ છે માટે બે(હજાર)ની ખાસ ગોઠવણ કરી અમાસ ઉપર આવે તેમ કરશો.*
>
> *વિ. આપ દયાળુ આપના બાળકોની સંભાળ રાખતા રહેશો. આપ અમારૂં જીવન છો અને આપનો જ આધાર છે અને જે કાંઈ સુખ શાન્તિ છે તે પણ આપથી જ. બાકી અત્યારે મન ઉંચકાઈ જાય છે પરંતુ આપની મીઠી નજર છે એટલે શાન્તી છે.* *એ જ ના.સ્વ.*

પોતાના પર હજારગણું વીતે ત્યારે માંડ એક હરફ ઉચ્ચારે એવા સ્વામીશ્રીને *'મન ઉંચકાઈ જાય છે...'* એવું લખવું પડ્યું હશે ત્યારે તેઓ કેવી

---

૯૮. સ્વામીની વાતો : ૨/૧૦૩.

૯૯. સ્વામીશ્રીનો આ દિવ્ય પ્રસંગ તેઓના જ શ્રીમુખે સાંભળવા જુઓ વીડિયો ટ્રેક નં. ૧૪. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

આર્થિક ભીંસ અનુભવી રહ્યા હશે તે આજે આપણને કેવી રીતે સમજાશે !?

'બીજને કદીયે ન વાંછવું, ઝીલવાને સ્મિત સૂર્યરશ્મિનું,
ફૂલનું પ્રગટાવવા સ્મિત, બીજને અંધ ભૂગર્ભમાં જવું.'

ભૂગર્ભમાં દટાયેલું બીજ એકપણ સૂર્યકિરણ જોવા નથી પામતું. તે આખી જિંદગી અંધારામાં વીતાવે છે, પણ ફૂલડાંનાં સ્મિત પ્રગટાવી જાય છે. તેમ સ્વામીશ્રીએ આપણા ચહેરા પર સ્મિત ફરકાવવા કેવી હાડમારીઓ ઝીલી છે તેની એક ઝાંખી એટલે આ પત્ર !!

સર્વજ્ઞની અકળ લીલા

સારંગપુરના કોઠારીકાળની એક સ્મૃતિ વાગોળતાં સ્વામીશ્રી કહેતા કે –

'એક વખત હું રંગમંડપની બહાર સૂતો હતો. રંગમંડપ બધી જગ્યાએથી બંધ હતો. એમાં અંદર ખખડાટ થવા લાગ્યો. તે મારા મનમાં એમ થયું કે 'નક્કી કોઈક ચોર ઘૂસી ગયો લાગે છે.' એટલે મેં તો પરભુને અને બીજા-ત્રીજાને ઉઠાડ્યા. રંગમંડપના ત્રણેય દરવાજા આગળ બધા ઊભા રહ્યા ને ધીમે રહીને બારણું ખોલ્યું તો મંઈથી કૂતરું નીકળ્યું.'

સર્વજ્ઞની આ પણ કેવી અકળ લીલા !

સ્વામીશ્રીના કોઠારીકાળ દરમ્યાન જ સં. ૨૦૦૪નો અન્નકૂટોત્સવ શાસ્ત્રીજી મહારાજે સારંગપુરમાં કરેલો. આ વખતે પોતાના આ પ્રિય સ્થાન અને પ્રિય શિષ્યના સાંનિધ્યમાં શાસ્ત્રીજી મહારાજ ઘણા સમય સુધી રોકાયેલા. તેઓને જાણે આ સ્થાન અને નારણદા'માં જ અખંડ રહેવું હોય તેમ સૌને એ વખતે જણાયેલું.

સન ૧૯૪૯

સુવર્ણ સમી સાધુતાના ડંકા

વિ.સં. ૨૦૦૫ની વસંત પંચમી[૧૦૦] ઉજવવા માટે જ્યારે શાસ્ત્રીજી મહારાજ અટલાદરા આવ્યા ત્યારે આ પ્રાસાદિક સ્થાન સત્સંગના એક સુવર્ણયુગની ઝાંખી કરવા થનગની રહેલું. શાસ્ત્રીજી મહારાજના ૮૫મા જન્મ-જયંતી મહોત્સવે તેઓની ભવ્ય સુવર્ણતુલા કરવાનો ઉમંગ સૌનાં હૈયે ઊછળી રહેલો. તે માટે બલિ અને રંતિદેવ ઝાંખા પડી જાય એ રીતે હરિભક્તોએ

---

૧૦૦. તા. ૩/૨/૧૯૪૯, ગુરુવાર.

સમર્પણની ગંગા વહેવડાવવા માંડેલી.

પરંતુ આ અરસામાં સંપ્રદાયની એક અન્ય શાખાના સામયિકમાં વાત વહેતી થયેલી કે 'સંતને સુવર્ણતુલા શોભે નહીં.' આ લખાણ વિશે ચતુર્ભુજ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજને માહિતગાર કરેલા.

જીવનભર જે સદા સો ટચના જ રહેલા અને રતિભાર લોકાપવાદ પણ જેઓના શિરે આવ્યો નહોતો તેવા આજન્મશુદ્ધ શાસ્ત્રીજી મહારાજે આ વાત જાણીને સુવર્ણતુલામાં ન બેસવાનું મનોમન નક્કી કરી નાંખ્યું.

આ જ વખતે સારંગપુરથી આવેલા સ્વામીશ્રી તેઓને મળવા ઓરડામાં ગયેલા. આ મુલાકાત પછી રાત્રે અગિયાર વાગ્યે શાસ્ત્રીજી મહારાજે મોટેરા સંતો-ભક્તોને બોલાવ્યા અને પોતાનો નિર્ણય જાહેર કર્યો કે 'સુવર્ણતુલામાં હું બેસીશ નહીં.'

શાસ્ત્રીજી મહારાજની આ વાત સાંભળતાં જ સૌને પગ તળેથી ધરતી સરકી ગયાનો અનુભવ થયો, પરંતુ શાસ્ત્રીજી મહારાજની પ્રતિભા એવી હતી કે કોઈથી સામે બોલાય તો નહીં જ. છતાંય સૌએ સામૂહિક વિનંતી કરી કે 'આમંત્રણ પત્રિકાઓ વહેંચાઈ ગઈ છે, મંડપો ખોડાઈ ગયા છે, સીધાંના ગંજ ખડકાઈ ગયા છે, સુવર્ણસેવાઓ આવી ગઈ છે, તો આપ દયા કરો અને તુલામાં બિરાજો.'

પણ શાસ્ત્રીજી મહારાજે કહી દીધું : 'ગમે તે હોય પણ હું તુલામાં નહીં બેસું.' આ સાંભળી સૌ સૂનમૂન થઈ બહાર આવી ગયા.

તે વખતે મંદિરના ગામ તરફના દરવાજે નાના મંડપ જેવું બાંધેલું. ત્યાં આશાભાઈ, ઈશ્વરભાઈ, મથુરભાઈ, હીરાભાઈ વગેરે આગેવાન હરિભક્તો એકત્રિત થયા અને વિચારણામાં એ તારણ પર આવ્યા કે 'નારણદા'એ આવીને શાસ્ત્રીજી મહારાજને વાત કરી, તેથી આમ થયું છે.'

એટલે સૌએ સ્વામીશ્રીને એ મીટિંગમાં બોલાવ્યા અને રીતસર ઉધડો જ લેતાં હોય તેમ સૌ તેઓને ઠપકો દેવા લાગ્યા કે 'તું શું સમજે છે ? તારે અમારા બધાની ભવાઈ કરવી છે ? અમારી આબરૂનું શું ? હજારોને મનદુઃખ થશે અને હજારો નારાજ થશે. માટે હવે અમે જઈએ છીએ અને તું ઉત્સવ ઊજવી લેજે.' એમ ખૂબ જ આક્રોશમાં સૌએ સ્વામીશ્રી પર હૈયાવરાળ ઠાલવી.

સ્વામીશ્રીનો તો કોઈ વાંક જ નહોતો, છતાં તેઓએ શાંતિથી સાંભળી લીધું. ખુલાસા માટે પણ મોં ખોલ્યું નહીં. પરંતુ શાસ્ત્રીજી મહારાજને આ ઘટનાની જાણ થતાં તેઓએ સ્વામીશ્રીને પોતાની પાસે બોલાવ્યા અને પૂછપરછ

કરી. ત્યારે તેઓએ કહ્યું : ‘આપે તુલામાં બેસવાની ના પાડી તે મારા માથે આવ્યું. માટે દયા કરો તો સર્વે રાજી થાય.’

‘પણ આમાં તારો દોષ ક્યાં છે ?’ શાસ્ત્રીજી મહારાજે કહ્યું.

‘પણ દરેકને વહેમ છે કે હું આવ્યો ને આપના વિચાર ફેરવ્યા.’ સ્વામીશ્રીએ જણાવ્યું.

ત્યારે ‘કાંઈ વાંધો નહીં. સારું થશે..’ એમ કહી શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીને ધીરજ આપી. માથે-ગાલે હાથ ફેરવી સુખ આપ્યું. રાજી થઈને શાસ્ત્રીજી મહારાજ તેઓને ભેટ્યા. ગુરુનો આ રાજીપો સ્વામીશ્રીએ વિના વાંકના અપમાન વખતે દાખવેલી સ્વસ્થતા અને સહનશીલતાનો જાણે પુરસ્કાર હતો.

બીજે દિવસે સવારે શાસ્ત્રીજી મહારાજે સૌ વ્યવસ્થાપકોને બોલાવ્યા અને પરિસ્થિતિનો તોડ કાઢતાં કહ્યું : ‘આપણે સાધુની શોભા રહે તેમ કરો. માટે પહેલાં સુવર્ણ અને સાકરની તુલા કરવી. પછી હું સાકરથી તોલાઈશ. એ રીતે ઉત્સવ સારો થશે અને વાંધો નહીં આવે.’

શાસ્ત્રીજી મહારાજની આ વાતથી સૌનાં ધૂંધવાતાં હૈયાં ઠર્યાં અને ઉત્સવ ભવ્યતાથી ઊજવાયો. જયનાદોથી ગગન ગાજી ઊઠ્યું. સુવર્ણ ઉત્સવના આ જયનાદમાં સ્વામીશ્રીની સુવર્ણ સમી સાધુતાના ડંકા ગુંજતાં પણ સૌએ સાંભળ્યાં.[૧૦૧]

આ પ્રસંગના સંદર્ભમાં એક વાર સ્વામીશ્રીને પૂછવામાં આવેલું કે ‘આપનો કોઈ વાંક નહોતો. તો પણ આપ સામે કેમ કાંઈ બોલ્યા નહીં ?’

ત્યારે સ્વામીશ્રીએ જણાવેલું : ‘એ સૌ હરિભક્તો જૂના હતા. શાસ્ત્રીજી મહારાજ માટે સૌએ માથું આપેલું. એ સૌને મને ઠપકો આપવાનો અધિકાર હતો.’

પોતાને ઠપકારવાનો પરવાનો બીજાને હાથ સોંપે એવા સ્વામીશ્રી જેવા પદાધિકારી કેટલા હશે ?!

કર્યું ગમતું જેણે ગુરુતણું

સુવર્ણતુલા બાદ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની સાથે વિચરણ કરતાં

---

૧૦૧. શાસ્ત્રીજી મહારાજની સુવર્ણતુલા અને તે પ્રસંગે સ્વામીશ્રીએ કરેલી વિવિધ સેવાઓની સ્મૃતિ તેઓના જ શ્રીમુખે સાંભળવા જુઓ વીડિયો ટ્રેક નં. ૧૫. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

કરતાં તા. ૨૩/૪ના રોજ દરેડ પધારેલા.

અહીં અચાનક જ શાસ્ત્રીજી મહારાજે તેઓને કહ્યું : 'તમે વિદ્યાભ્યાસ કરો તો અમે ઘણા જ રાજી છીએ.'

ગુરુની આ આજ્ઞા શિષ્યને સકંજામાં લે તેવી હતી. કારણ કે શાસ્ત્રીજી મહારાજે જ તેઓને અધ્યયન મુકાવી કોઠારીની પ્રવૃત્તિમાં પરોવેલા. હવે તેઓ જ તે પ્રવૃત્તિમાંથી સ્વામીશ્રીને ફરી વાર અભ્યાસમાં જોડી રહેલા. પરંતુ સ્વામીશ્રી ન તો પ્રવૃત્તિમાં બંધાયેલા કે ન તો નિવૃત્તિમાં ! તેઓ બંધાયા હતા – શાસ્ત્રીજી મહારાજમાં ! તેથી કહ્યું : 'સ્વામી ! આપને રાજી કરવા તે જ જીવનનું સાચું ધ્યેય છે. તો હું જરૂરથી આપની આજ્ઞા અનુસાર વિદ્યાભ્યાસ કરીશ.'

સ્વામીશ્રીની આ સરળતાથી અને આજ્ઞાપાલનની તત્પરતાથી શાસ્ત્રીજી મહારાજ તેઓ પર ખૂબ પ્રસન્ન થયા.

દરેડથી સૌ નવાગામ, ગઢડા થઈને સારંગપુર આવ્યા.

અહીં તા. ૨૯/૪ની સવારે ૧૧:૦૦ વાગ્યે શાસ્ત્રીજી મહારાજે હરિભક્તો તથા કારીગરોને એકત્રિત કરી, વિદ્યાભ્યાસ માટે અમદાવાદ જઈ રહેલા સ્વામીશ્રીનું પૂજન કરાવ્યું. કેટલાકે ધોતિયાં પણ ઓઢાડ્યાં. શ્રીફળેય અર્પણ કર્યાં. આ દૃશ્ય સાચે જ લાગણીસભર હતું. સ્વામીશ્રી સારંગપુરથી જાય તે માટે કોઈ રાજી નહીં. સૌ *'મરજાદા મૂકી રથને રોકી, વળી વા'લાને વાળી લાવજો...'*ની જેમ સ્વામીશ્રીને રોકે એવો પ્રેમ તેઓએ સંપાદિત કરેલો; પરંતુ શાસ્ત્રીજી મહારાજની જ ઇચ્છા હોવાથી બીજું કાંઈ થઈ શકે તેમ નહોતું.

આખરે વિદાયની ઘડી આવી પહોંચી. નિતરતાં નયને છતાં બંદૂકોના બાર કરી સૌએ સ્વામીશ્રીને વિદાય આપી.

ટ્રેન દ્વારા તેઓ બોટાદથી અમદાવાદ મુકામે આંબલીવાળી પોળના મંદિરે પધાર્યા. અત્રે તા. ૧/૫, અખાત્રીજની સવારે ગિરિજાશંકર મહેતા સ્વામીશ્રીને ભણાવવા ઉપસ્થિત હતા. શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રી પાસે પંડિત - પુસ્તકની પૂજા કરાવી અને તેઓના શ્રીમદ્‌ભાગવતના અભ્યાસનો શુભારંભ થયો. તે સમયે ખાટલાના પાયે બેસી શાસ્ત્રીજી મહારાજ વિદ્યાને આત્મસાત્ કરતા સ્વામીશ્રીને નીરખી જ રહ્યા.

અધ્યયન અને આયોજનમાં અગ્રેસર

સ્વામીશ્રીના અમદાવાદના અધ્યયનકાળ દરમ્યાન જ હનુમાનજી

મંદિરનો શતવાર્ષિક પાટોત્સવ આવેલો.[૧૦૨] આ ઉત્સવની વ્યવસ્થા માટે શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીને સારંગપુર બોલાવેલા. તે વખતે ઉત્સવમાં આવેલા બે-ત્રણ હજાર માણસોને સતત ત્રણ દિવસ સુધી સ્વામીશ્રીએ જમાડેલા. તે મંદિરના સોથી સવા-સો સંતોને પણ ત્રણ દિવસ સુધી નાસ્તા-પાણી કરાવ્યા, જમાડ્યા. આ ઉપરાંત પણ જે જરૂરિયાત ઊભી થઈ તે સમયસર સંતોષી. સ્વામીશ્રીની એ સમયની વ્યવસ્થાપન શક્તિ જોઈને વીરસંગ ભગત, ગઢડાના નગરશેઠ મોહનભાઈ, વરતાલ સંસ્થાના સેક્રેટરી શ્રી જશભાઈ વગેરે સ્વામીશ્રી પર એટલા બધા ઓવારી ગયેલા કે પોતે જ શાસ્ત્રીજી મહારાજ પાસે આભાર માનવા આવેલા અને કહેલું : 'આ નારાયણ સ્વામીએ અમને બહુ રાજી કર્યા.'

આમ, અધ્યયન અને આયોજન બંનેમાં સ્વામીશ્રીની કુશળતા પ્રત્યેક પ્રસંગે ઊડીને આંખે વળગતી.

અમૂલ્ય ઉપહારની પ્રાપ્તિ

ગઢપુરના મંદિરનો શિલાન્યાસ તા. ૧૬/૧૧ના રોજ યોજાયેલો. આ પ્રસંગ શોભાવવા સ્વામીશ્રીએ અપૂર્વ શ્રમ ઊઠાવેલો. આ વિધિ કર્યા બાદ શાસ્ત્રીજી મહારાજ સારંગપુર થઈને અમદાવાદના આંગણે પધારેલા.

અહીં એક સવારે તેઓ પૂજા કરી રહેલા ત્યારે સ્વામીશ્રી દર્શન કરવા ત્યાં બેઠેલા. પૂજા પૂર્ણ થયા બાદ યોગીજી મહારાજે શાસ્ત્રીજી મહારાજને કહ્યું : 'શ્રીજીમહારાજની પ્રસાદીની માળા આપની પાસે છે. તે આમને(સ્વામીશ્રીને) આપવા (આપે) કહેલ. તે આપો.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'તે કૌમુદીનો અભ્યાસ પૂરો કરે ત્યારે આપવાનું કહેલ. તે અભ્યાસ હજી પૂરો થયો નથી.'

'એ તો ભણશે.' યોગીજી મહારાજે જણાવ્યું.

ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : 'માળા આપીશ પણ એની પાસે રહેશે નહીં.'

'એ તો રહેશે.' એમ કહી યોગીજી મહારાજે પ્રાસાદિક માળા શાસ્ત્રીજી મહારાજ પાસેથી સ્વામીશ્રીને અપાવી હતી.

તે સમયે શાસ્ત્રીજી મહારાજ બોલેલા : 'જોગી! તમો એને આશીર્વાદ આપો. તમારા જેવો ગુણવાળો થાય. સત્સંગની સેવા કરે.'

---

૧૦૨. તા. ૧૨/૧૦/૧૯૪૯, બુધવાર.

આમ, સ્વામીશ્રીને માળા અને આશીર્વાદ, એક સાથે મળ્યાં. એ બંનેનાં મૂલ્ય અમૂલ્ય હતાં.

સન ૧૯૫૦

અનાથ તણા તમે નાથજી

આ અરસામાં મોજીદડના મૂળજીભાઈ મિસ્ત્રીને અનાજ દળવાની ઘંટી માટે જરૂરી ૧૦ HPનું ઓઇલ એન્જિન લેવા માટે મુંબઈ જવાનું હતું, પણ ગામડામાં રહેતા આ હરિભક્તની આર્થિક સ્થિતિ તે સમયે સદ્ધર નહીં. વળી, મુંબઈ જેવા શહેરમાં ભાવ-તાલ અને ખરીદી માટે જવાનું. તેથી તેઓની ભોળપનો પણ કોઈ ગઠિયો ગેરલાભ ઉઠાવી જાય તેની પૂરેપૂરી શક્યતા. તેથી આ હરિભક્તને કોઈ તકલીફ ન પડે અને તેનું કાર્ય પૂરું થાય તે માટે સ્વામીશ્રીએ આ સમયે મુંબઈમાં બિરાજતા શાસ્ત્રીજી મહારાજને પત્ર લખી મોકલેલો.

એ પત્રમાં તેઓ લખે છે :

વિ. મિસ્ત્રી મુળજીભાઈને એજીંન લેઈ(લઈ) ઘંટી કરવા વિચાર છે અને તે લેવા માટે ત્યાં આવેલ છે તો આપ કોઈને ભલામણ કરશોજી. જેથી સારૂં એજીંન તેમણે(તેમને) વ્યાબી(વ્યાજબી) ભાવે મેળવી આપે.

સાથે સાથે હકાભાઈને પણ ભલામણ કરતાં સ્વામીશ્રીએ લખેલું :

વિ. મુળજીભાઈ ત્યાં આવેલ છે તો એજીંન તેમણે(તેમને) લેવાનું છે. તો તે માટે આપ હર્ષદભાઈ અગર ગમે તેણે(તેને) કહી સારૂં વ્યાજબી ભાવે આપે તેમ કરશો અને બીજી જોઈતી સગવડતા પણ આપશોજી. તેમણે(તેમને) રૂપિયાની કાંઈ જરૂર પડે તો ત્યાંથી પૂજ્ય સ્વામીજીને કહી અપાવવા કહેશોજી. મુંબઈ શહેર બતાવશોજી.

આપ તો મલબાર હીલની હવા સારી રીતે ખાતા હશો.

પત્રની આ પાંચ લીટીમાં સ્વામીશ્રીની બહુમુખી પ્રતિભાના કેટકેટલા રંગો ઊડી રહ્યા છે તે તો જુઓ...

પ્રથમ તો યોગ્ય વ્યક્તિ દ્વારા યોગ્ય વસ્તુ મળી જાય તેની ભલામણમાં ભારોભાર ભક્તવત્સલતા નીતરે છે.

બીજું, આર્થિક સહયોગની વાત. તે પણ ગુરુની આજ્ઞા મુજબ જ, બારોબાર નહીં. પ્રેમ નેમ(શિસ્ત)ને ઓળંગીને નહીં !

ત્રીજું, નવાગંતુકને શહેર જોવાની ઈંતેજારી હોય જ ! તે સમજી જઈને

તેની પણ વ્યવસ્થા કરી આપવાની વાતમાં, માનવીના મનને પૂરેપૂરું પારખીને વર્તવાનો માનવીય અભિગમ !

ચોથું, 'આપશોજી', 'કહેશોજી', 'બતાવશોજી' જેવા શબ્દપ્રયોગો દ્વારા વહેતો વિનંતીનો સૂર ! સખા સાથે પણ સવિનય વર્તાવ !

અને પાંચમું, મિત્રતાના દાવે મલબાર હીલની હવા ખાવાની મજાકમાં ડોકાતી હળવાશ !

એક-એક ભક્તના વ્યવહાર-વ્યવસાયની કેવી ચિંતા સ્વામીશ્રી કરતા તેનું દર્શન આ પત્રમાં થાય છે. *'અનાથ તણા તમે નાથજી, છો દીનબંધુ દયાળ...'*ની તેઓની પ્રકૃતિ પ્રથમથી જ.

પ્રમુખપદનાં પગરણ

આ વર્ષે સત્સંગના સ્તંભ સમા નિર્ગુણ સ્વામીની તબિયત લથડતી જતી હતી. તેઓની યોગ્ય સારવાર માટે શાસ્ત્રીજી મહારાજ સ્વયં મુંબઈ પધારેલા. અત્રે ગુલઝારીલાલ નંદાજીના બંગલે સૌનો ઉતારો હતો.

અહીંના લગભગ અઢી માસ જેટલા રોકાણ દરમ્યાન શાસ્ત્રીજી મહારાજની આર્ષદૃષ્ટિ એક મહત્ત્વપૂર્ણ કાર્ય તરફ મંડાયેલી હતી. અરબી સમુદ્રના કિનારે બેસીને તેઓ જાણે સત્સંગને સાત સમંદર પાર પહોંચાડવાનું આયોજન વિચારી રહેલા. તેથી તેઓએ હકાભાઈને કહ્યું કે 'તમે નારણદા'ને પત્ર લખો. આપણે તેઓને આ સંસ્થાના પ્રમુખ નીમવા છે.'

શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી હકાભાઈએ લખેલો આ મતલબનો પત્ર સ્વામીશ્રીને સારંગપુરમાં મળ્યો. તેઓએ તે વાંચીને વિચાર કર્યો કે 'આ કામ અઘરું છે. આટલી મોટી જવાબદારી કેમ ઉપાડી શકાય ?' તેથી પોતાની આ વાત સમજાવતો વળતો પત્ર તેઓએ શાસ્ત્રીજી મહારાજને લખી જણાવ્યો. તેમાં જવાબદારીમાંથી છટકવાની પલાયનવૃત્તિ નહોતી, પરંતુ અસમર્થપણાના પાલવ પાછળ જાતને છુપાવીને વિનમ્રભાવે રહેવાની મનોવૃત્તિ હતી.

સ્વામીશ્રીનો આ પત્ર મુંબઈ મુકામે શાસ્ત્રીજી મહારાજને મળ્યો. તે વાંચીને તેઓએ પુનઃ બીજો પત્ર મોકલાવ્યો. તેના પ્રત્યુત્તરમાં પણ સ્વામીશ્રીએ સવિનય લખ્યું કે 'અન્ય મોટા સંતો છે કે જેઓએ સત્સંગમાં મોટો ભોગ આપેલ છે. તેઓ માટે વિચાર થાય તો સારું.'

પરંતુ શાસ્ત્રીજી મહારાજને પોતાની પસંદગી પર ભરપૂર ભરોસો હતો.

'सागरमुज्झित्वा कुत्र वा महानद्यवतरति।'[१०३] સમુદ્રને મૂકીને મહાનદી બીજે ક્યાં સમાય? તેમ સદ્‌ગુણસાગર સ્વામીશ્રીમાં જ વિરાટ સંસ્થાને સમાવવાનું ગજું શાસ્ત્રીજી મહારાજ પારખી ગયેલા. તેથી તેઓએ અમદાવાદના ચંપકભાઈ શેઠને કહ્યું કે 'તમે સારંગપુર જાઓ અને નારણદા'ને રૂબરૂ મળીને આ વાત કરો.'

શાસ્ત્રીજી મહારાજનો આદેશ થતાં ચંપકભાઈ સ્વામીશ્રી પાસે આવ્યા અને તેઓએ સ્વામીશ્રીને સંસ્થાના પ્રમુખપદે નીમવાના શાસ્ત્રીજી મહારાજના આગ્રહ-અનુગ્રહની સવિસ્તર વાત કરી.

શેઠની સમજાવટથીયે વિશેષ તો ત્રણ-ત્રણ વારના શાસ્ત્રીજી મહારાજના કહેણને જોઈને સ્વામીશ્રી પ્રમુખપદ સ્વીકારવા તૈયાર થયા. તેઓએ જે ઘડીએ આ નિર્ણય લીધો તે ઘડીએ સંસ્થા અને સૃષ્ટિ જાણે મલકી ઊઠ્યાં! કારણ કે તે બંને હવે પોતાનાં ભાગ્ય અને ભવિષ્ય બાબતે નિશ્ચિંત બની ગયેલાં.

સ્વામીશ્રીની પ્રમુખપદ માટેની સંમતિના આ સમાચાર સાંભળીને શાસ્ત્રીજી મહારાજને પણ નિરાંત અને આનંદ થયાં. તેઓએ સ્વામીશ્રી પર રાજીપો બતાવતાં કહ્યું : 'તું ચિંતા કરીશ નહીં. આજ્ઞાથી કરવાનું છે એટલે મહારાજ-સ્વામી કાર્ય કરશે. માટે રાજીપો લેવો.'

આમ, મુંબઈમાં રોકાઈને શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીની પ્રમુખપદે વરણી સુનિશ્ચિત કરી દીધી. ત્યારબાદ તેઓ અટલાદરા થઈને અમદાવાદ પધાર્યા.

પ્રમુખવરણી દિન આયો

અમદાવાદ આવવાનું મુખ્ય કારણ હતું – સ્વામીશ્રીની પ્રમુખવરણી.

અનેક દૂરોગામી અસરોના ઉદ્‌ગમબિંદુ સમાન બની રહેનાર આ અલૌકિક પ્રસંગ માટે શાસ્ત્રીજી મહારાજે મુહૂર્ત પસંદ કરેલું – વિ.સં. ૨૦૦૬, જેઠ સુદ ચોથ, રવિવારનું.[૧૦૪]

સ્થળ હતું – અમદાવાદની આંબલીવાળી પોળ.[૧૦૫]

બરાબર દસ વર્ષ પહેલાં આ પોળમાં જ શાંતિલાલે પાર્ષદી દીક્ષા લઈને ત્યાગાશ્રમમાં પગરણ માંડેલાં. ત્યારપછીના માત્ર એક જ દાયકામાં પોતાની પ્રતિભાનો પરિચય સૌને કરાવી, સૌ સત્સંગીઓના પ્રીતિપાત્ર, સૌ સંતોના

---

૧૦૩. अभिज्ञानशाकुन्तलम्, तृतीयोऽङ्कः।

૧૦૪. તા. ૨૧/૫/૧૯૫૦.

૧૦૫. અહીં આ સમયે એક મકાનમાં જ મંદિરની સ્થાપના કરવામાં આવેલી.

આદરપાત્ર અને ગુરુ શાસ્ત્રીજી મહારાજના વિશ્વાસપાત્ર બનીને આજે સ્વામીશ્રી પ્રમુખપદ પર બિરાજવાના હતા. જાણે સૂર્ય ઊગતાંવેંત મધ્યાહ્નને પહોંચી ગયો હતો !!

પ્રમુખવરણી માટે નક્કી કરેલી તારીખના બે દિવસ પૂર્વે સ્વામીશ્રી સારંગપુરથી અમદાવાદ આવી ગયા.

તા. ૨૧/૫/’૫૦ના દિવસે સાંજે પાંચ વાગ્યે આંબલીવાળી પોળના મંદિરમાં સંસ્થાની વ્યવસ્થાપક સમિતિની સામાન્ય બેઠક બોલાવવામાં આવી હતી. પરંતુ તે પૂર્વે બપોરના ચારેક વાગ્યે શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીને પોતાના ઓરડામાં બોલાવ્યા. તે વખતે તેઓએ પોતાનો ખેસ(ચાદર)[૧૦૬] સ્વામીશ્રીને ઓઢાડ્યો અને કહ્યું : ‘આ સત્સંગ સોંપ્યો. અમે સેવા કરી તેમ કરજો. મહારાજ-સ્વામી બળ આપશે.’ એમ કહી શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીના મસ્તકે પોતાના અભયહસ્ત સ્થાપ્યા અને ભેટીને પ્રસન્નતા વરસાવી.

ત્યારબાદ તેઓએ યોગીબાપાને કહ્યું : ‘તમો એના માથે હાથ મૂકો. તમારા જેવા ગુણ આવે અને તમો (એની) ખબર રાખજો.’

સ્વામીશ્રીને પણ ભલામણ કરી કે ‘તેઓની (યોગીજી મહારાજની) આજ્ઞામાં રહેવું. તેઓની આજ્ઞામાં રહી સત્સંગ-સેવા કરવી.’

આમ, અત્યંત સાદગીથી એક શાનદાર પ્રસંગની પ્રસ્તાવના આલેખાઈ ગઈ. નહીં કોઈ નોંધ કે નહીં કોઈ નાદ; નહીં કોઈ ટોળું કે નહીં કોઈ તાળી ! જીવનનાં મહાનતમ કાર્યોને કશાં જ ઘોંઘાટ-ખળભળાટ, ધાંધલ-ધમાલ કે જાહેરાત-દેખાવ વગર પૂર્ણ કરવાની ગુણાતીત સંતોની રીતિ આ પ્રસંગે પણ અકબંધ જોવા મળી.

ઐતિહાસિક ઘોષણા

સાંજે પાંચ વાગ્યે સંસ્થાકીય મીટિંગ શરૂ થઈ. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને સ્વામીશ્રી સમક્ષ અક્ષરપુરુષોત્તમદાસ, હરિજીવનદાસ, ભક્તિ-વલ્લભદાસ, ધર્મવલ્લભદાસ, પુરુષોત્તમચરણદાસ, સોમા ભગત, રામજી ભગત વગેરે સંતો-પાર્ષદો બેઠેલા. હરિભક્તોમાં ચંપકલાલ બેંકર, આશાભાઈ પટેલ, વિનાયકરાવ ત્રિવેદી, હીરાભાઈ પટેલ, રામચંદ્ર ઠાકર વગેરે સદ્‌ગૃહસ્થો હતા.

મીટિંગના પ્રારંભમાં પૂર્વ મીટિંગના અહેવાલ તથા સૂચનાપત્રના વાંચન

૧૦૬. શરીર પર ઓઢવા માટે સંતો દ્વારા વપરાતું વસ્ત્ર, ગાતરિયું.

બાદ શાસ્ત્રીજી મહારાજે ઐતિહાસિક વક્તવ્ય આપતાં કહ્યું કે 'જેમ સદ્ગુરુ રામાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને નાની ઉંમરમાં ગાદી સોંપી હતી, તેમ હું પણ આજથી મારા પ્રમુખ તરીકેની જગ્યાએ, મારા સ્થાને સદ્ગુરુ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની નિમણૂક કરું છું.'

આમ કહી પોતાની પાસે ચાદર હતી તે સ્વામીશ્રીને ઓઢાડીને તેઓને કહ્યું કે 'આ યોગીજી મહારાજ વચનસિદ્ધ અને બહુ પ્રતાપી સંત છે. તેમની છત્રછાયામાં રહી તમારે સત્સંગને દીપાવવાનો છે.'

ત્યારબાદ યોગીજી મહારાજને કહ્યું કે 'તમો તેમને શુભ આશીર્વાદ આપો.' ત્યારે યોગીજી મહારાજે સ્વામીશ્રીના મસ્તકે પોતાના બે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા.

આ યાદગાર ક્ષણોને સૌએ અક્ષર-પુરુષોત્તમ મહારાજની જય બોલાવી સહર્ષ વધાવી લીધી.

શાસ્ત્રીજી મહારાજે આગળ જણાવ્યું : 'મારી જેમ આજ્ઞા પાળતા હતા તેમ હવેથી આ સદ્ગુરુ શાસ્ત્રીશ્રી નારાયણસ્વરૂપદાસજીની આજ્ઞામાં સૌ રહે.'

ત્યારે સૌએ રાજી થઈ 'હા' પાડતાં કહ્યું કે 'સૌ આજ્ઞામાં રહીશું.' પુનઃ બુલંદ સ્વરે જયનાદો થયા.

ત્યારબાદ સેક્રેટરી શ્રી રસિકભાઈએ નિમણૂકપત્ર વાંચી સંભળાવ્યો. તેમાં શાસ્ત્રીજી મહારાજે જણાવેલું કે –

'આ સંસ્થાનો હેતુ કાયમ માટે જળવાય અને વહીવટ ઘણી જ સારી રીતે ચાલ્યા કરે તેવા શુભ આશયથી પ્રેરાઈને આજ દિન અને આજ ક્ષણથી પ્રમુખ તરીકે સદ્ગુરુ સ્વામીશ્રી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી તેમને મારી જગ્યાએ પ્રમુખ તરીકે નીમું છું. શાસ્ત્રી નારાયણસ્વરૂપ-દાસજીનાં વર્તન અને વિદ્વત્તા માટે મને સારું માન હોવાથી, તેમ જ સદરહુ વ્યવસ્થાપક કમિટીના સભ્ય તરીકે તથા હાલ સારંગપુર અક્ષર-પુરુષોત્તમ મંદિરના કોઠારી તરીકેની તેમની કારકીર્દી અતિ ઉજ્જવળ અને અભ્યુદયશાળી જણાવાથી, તેમ જ તેમને માટે સમગ્ર સંસ્થામાં તથા સમગ્ર સત્સંગમાં ખૂબ જ ચાહના હોવાથી, સર્વ સંત-હરિભક્તોનો મત અને અભિપ્રાય મેળવીને તેમ જ મારી પોતાની પરીક્ષક શક્તિએ ચકાસી જોઈને તેમને મારી જગ્યાએ આ સંસ્થાની વ્યવસ્થાપક કમિટીના પ્રમુખ તરીકે તેમની હયાતી સુધી નિમણૂક ખૂબ જ રાજી-ખુશીથી અને મારી

અતિ સ્વસ્થ અવસ્થામાં કરી છે. આથી હું આજ્ઞા કરું છું કે મારી આજ્ઞા અને સત્તાનો તમો જેમ સ્વીકાર કરો છો તેમ જ આ ક્ષણથી આ સમયથી મારે બદલે તમારે સદ્‌ગુરુ સ્વામીશ્રી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની આજ્ઞા અને સત્તાનો સ્વીકાર કરવો- કરાવવો. કારણ કે તેઓની હવે આ નિમણૂકથી મેં મારા સ્થાને અને ઠેકાણે, મારા બદલે હવેથી ભવિષ્યના માટે સ્થાપ્યા છે.'

આમ, અતિ સ્પષ્ટ શબ્દોમાં શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીની વરણી પ્રમુખપદે કરી દીધી.

નિમણૂકપત્રનું[૧૦૭] વાંચન પૂરું થતાં જ સૌએ નવા પ્રમુખ તરીકે સ્વામીશ્રીને વધાવી લીધા. સંતો-ભક્તોએ શાસ્ત્રીજી મહારાજ તથા સ્વામીશ્રીને પુષ્પહારોથી વધાવ્યા. શુભેચ્છા વ્યક્ત કરતાં પ્રવચનો પણ કર્યાં.

સ્વામીશ્રીએ ઊભા થઈને શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા અને સર્વ સંતો-ભક્તોને હાથ જોડીને નમસ્કાર કર્યા.

પ્રમુખ-પ્રતિજ્ઞા

આ પ્રસંગે સ્વામીશ્રીએ –

'वर्णिवेशरमणीयदर्शनं मन्दहासरुचिराननाम्बुजम्।
पूजितं सुरनरोत्तमैर्मुदा धर्मनन्दनमहं विचिन्तये॥'[૧૦૮]

શ્લોક દ્વારા મંગલાચરણ કરીને પ્રવચન કરતાં જણાવ્યું હતું કે –

''મારા જીવનપ્રાણ ગુરુહરિ પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ સદ્‌ગુરુવર્ય સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજશ્રી તથા પરમ પૂજ્ય બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, સદ્‌ગુરુઓ, સંતવર્યો, પાર્ષદો તથા સમસ્ત સત્સંગીઓ.

પૂજ્ય ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજશ્રીએ મારા ઉપર મહાન કૃપા કરી મને ઉપકૃત કર્યો છે અને વ્યવસ્થાપક કમિટીના પ્રમુખ તરીકેની જવાબદારીભરી સેવા

---

૧૦૭. કાયદાકીય પરિભાષા મુજબ નિમણૂકપત્રનો મુસદો શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે અત્યંત સદ્‌ભાવ ધરાવનાર કણભાના કેશવલાલ નાગરદાસે તૈયાર કરેલો. તેઓ પણ આ અવસરે હાજર હતા.

૧૦૮. જેઓનું દર્શન રમણીય છે એવા વર્ણીવેશધારી, કમળ જેવા પોતાના સુંદર મુખ પર મંદ હાસ્ય રેલાવતા, ઉત્તમ એવા મનુષ્યો અને દેવો દ્વારા આનંદપૂર્વક પૂજાયેલા ધર્મનંદન શ્રીજીમહારાજનું હું ચિંતવન કરું છું.

મને સોંપી છે. તે તેઓશ્રીનો મારા ઉપરનો મહાન અનુગ્રહ જ છે. ગુરુશ્રીએ પિસ્તાલીસ વર્ષ દરમિયાન બોચાસણ, સારંગપુર, ગોંડળ, અટલાદરામાં લાખો રૂપિયાનાં મંદિરો કરી, અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ મધ્ય મંદિરે સ્થાપન કરી, આ ભરતખંડમાં ઉપાસનાની પ્રવૃત્તિ કરી, અનેક મુમુક્ષુઓને આત્યંતિક કલ્યાણના નિભાવ માટે ધૂધૂબાજ માર્ગ ખુલ્લો કરી આપેલો છે. અને તે મંદિરોની મિલકતો સંપાદન કરી, કાલાંતરની પુષ્ટિ માટે વ્યવસ્થા કરી છે; જેને માટે આપણે તમામ આશ્રિતો, તેઓશ્રીના અતિશય ઋણી છીએ. હવેથી તે સંસ્થાનાં મંદિરોના વહીવટ માટેની જવાબદારી મારી, તેમ જ કમિટીના સભ્યો, તમામ સંતો, તેમ જ બધા જ આશ્રિતોની છે. તો હવે આપણે બધાએ તન, મન, ધનથી સેવા કરી આ સંસ્થાને પૂર્ણ વિકાસવાન બનાવવાની છે અને ગુરુહરિના ઉપદેશનો પ્રચાર જગતભરમાં પ્રસરે તે માટે પણ સૌએ સેવા કરવાની છે.

આજના મંગલ દિને હું મારા અંતઃકરણથી ગુરુહરિને નમ્ર પ્રાર્થના કરું છું કે મારામાં જે શક્તિ, જ્ઞાન અને પ્રેરણા છે તે બધું જ આપે આપેલું છે. અત્યાર સુધીનું મારું ત્યાગાશ્રમી જીવન આપ દયાળુની સેવામાં જ વિતાવ્યું છે. હવે આ ભગીરથ સેવા કરવાની જે આજ્ઞા આપે મને કરી છે તે માટે સંપૂર્ણ શક્તિ અને બળ આપશો. તેમ જ સમગ્ર આશ્રિતો તન, મન, ધનથી સુખિયા રહે, આ લોકમાં તેમને કોઈ પ્રકારનું કષ્ટ કે દુઃખ ન આવે અને સુખેથી સ્વામીશ્રીજીનું ભજન કરી અંતે અક્ષરધામમાં નિવાસ કરે તેવો આશીર્વાદ માંગું છું. વળી, ભૂલે-ચૂકે પણ અક્ષર-પુરુષોત્તમ મહારાજનું નામ લે તેને પણ આપ આપના પ્રૌઢ પ્રતાપ વડે અક્ષરધામ બક્ષિસ આપશો.

હું આજે આપ ગુરુશ્રી તેમ જ આ સભા સમક્ષ પ્રતિજ્ઞા કરું છું કે મારું કર્તવ્ય બરાબર બજાવી, આપની સંસ્થાને મારા દેહની પરવા કર્યા સિવાય પૂર્ણ રીતે વફાદાર રહી આપનો કૃતકૃત્ય બનીશ. આપે આ અક્ષર-પુરુષોત્તમ જ્ઞાનરૂપી બગીચો ખીલવ્યો છે તેની પૂરતી રીતે અભિવૃદ્ધિ થાય તેના માટે હું દરરોજ સંપૂર્ણ કાળજી અને ખંત રાખી, સેવા કરી, સમગ્ર સત્સંગના આશીર્વાદ મેળવવા અભિલાષા રાખું છું તે પણ આપશ્રી પૂર્ણ કરશો.

મારા તમામ સત્સંગ-હિતના સેવાના કાર્યોમાં પૂજ્ય સદ્‌ગુરુ યોગીજી મહારાજ, પૂજ્ય સદ્‌ગુરુ અક્ષર સ્વામી, સદ્‌ગુરુઓ, વડીલ સંતો, પાર્ષદો તેમ જ તમામ આશ્રિતોને પણ હું ખાસ શુદ્ધ હૃદયથી વિનંતી કરું છું કે આપ સૌ મને સંપૂર્ણ સહકાર આપશો, જેથી આ મહાન સેવા કરવા હું શક્તિવાન બનું. તમામ

સંતોએ અને આશ્રિતોએ શિક્ષાપત્રી પ્રમાણે વર્તન કરી, ગુરુહરિના આદેશને તન, મનથી ઝીલવાનો છે.

એક વાતમાં આપ સૌનું ખાસ ધ્યાન દોરું છું. ગઢડા આપણા સંપ્રદાયનું મહાન પ્રસાદિનું સ્થાન છે. જ્યાં ઉન્મત્ત ગંગા કિનારે ગુરુહરિની ખાસ ઈચ્છાથી આજે મંદિરનું કાર્ય ચાલી રહ્યું છે. તે મંદિર આરસનું, ઘણું સુશોભિત અને વિશ્વવિખ્યાત બને અને અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ, ગુરુહરિના સ્વહસ્તે આપણે વહેલી તકે પધરાવીએ તેના માટે સૌએ તનતોડ સેવા તન, મન, ધનથી કરવાની છે. તે માટે પણ આપ સૌને સ્વામિશ્રીજી બળ આપે.


આજના પ્રસંગે મારા ઉપર જે શુભ લાગણી કમિટીના સભ્યો, સંતો તેમ જ તમામ સત્સંગીઓએ બતાવી છે, તે બદલ મારા અંતરના ઊંડાણથી આપ સૌનો ઉપકાર માનતાં આનંદ થાય છે. અને સત્સંગ-હિતનાં સેવાનાં કાર્યોમાં આપ સૌ મને સહકાર આપી સેવાનું બળ આપશો તેવી શુભેચ્છા રાખું છું. આજના પ્રસંગે દૂર દૂર વસતા આફ્રિકાના સમગ્ર સત્સંગીઓને પણ હું કેમ વિસરી શકું ? તેઓ અપાર સેવાભાવી સત્સંગના પૂર્ણ મમત્વવાળા છે. તેમને પણ ગુરુહરિ તન, મન, ધનથી સુખિયા રાખે. અને તેઓ સૌને પણ હું અંતઃકરણપૂર્વક યાદ કરી મારા આ સેવાના કાર્યમાં તેઓ સહકાર આપશે એવી અભિલાષા રાખું છું.''

આટલું કહીને સ્વામીશ્રીની વાણી વિરમી ત્યારે સૌ કોઈ ભાવપૂરમાં તણાઈ ગયા હતા.

તેઓના આ પ્રવચનમાં હોદ્દેદારોની નિમણૂક વખતે બોલાતા ઔપચારિક શબ્દોનો સંગ્રહ નહોતો. મહત્ત્વના પ્રસંગોએ પૂર્વતૈયારી સાથે જતા વક્તાઓનાં વક્તવ્યોમાં જોવા મળતો શિષ્ટાચાર નહોતો. હોદ્દો હાથમાં આવતાં હોઠ પરથી અનાયાસે ફૂટી નીકળતી શેખી નહોતી. સ્વામીશ્રીનું આ પ્રવચન એ પ્રવચન નહોતું પણ નમ્રતા, કૃતજ્ઞતા અને કટિબદ્ધતાના ત્રિવેણી સંગમે પ્રગટેલું પ્રવચન-તીર્થ હતું. સૌ તેમાં સ્નાન કરીને ધન્ય થયા !

આજે વિશ્વના ખૂણે ખૂણે જે નામ ગૂંજી રહ્યું છે, આજે કરોડો હૈયામાં જે નામ ધબકી રહ્યું છે, આજે જે નામથી પુસ્તકોનાં પાનાંઓ ઊભરાઈ રહ્યાં છે, આજે જે નામનાં અનેક માર્ગો અને મકાનો ઊભાં છે, આજે જે નામની સ્મૃતિમાત્ર અસીમ આનંદનો અનુભવ કરાવી રહી છે, આજે જે નામ અનેકની અમર આશા બનીને ચમકી રહ્યું છે, તે 'પ્રમુખસ્વામી' નામની ભેટ જે પ્રસંગે ધરી તે આજનો પ્રમુખવરણીનો પ્રસંગ કાળના કાળજે કોતરાઈ ગયો.

આ પ્રસંગની નોંધ ટપકાવતાં સ્વામીશ્રીએ તેઓની રોજનીશીમાં લખ્યું છે :



‘વ્યવસ્થાપક કમીટીની
જનરલ મીટીંગ સાંજના
પાંચ વાગે મળી. પૂ. સ્વામીશ્રી-
એ[૧૦૯] મને ચાદર ઓઢાડી ને
વીધીપૂર્વક આ સંસ્થાનું
તમામ કામકાજ અને મારી
હયાતી સુધીનો પ્રમુખ બના-
વ્યો અને સૌએ સ્વીકાર
કર્યો. બાદ અભિનંદનો
માટેના ભાષણો થયા.
મેં આભાર માટે પ્રવચન
કર્યું.’[૧૧૦]

આજેય દુનિયા જે પ્રસંગની વિશેષતાઓની નોંધ લેતાં થાકતી નથી તે પ્રસંગને માત્ર આમ ચાર લીટીમાં જ સમેટીને સ્વામીશ્રી આગળ વધી ગયા છે.

---

૧૦૯. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ.

૧૧૦. જ્યાં જ્યાં સ્વામીશ્રીની રોજનીશીમાંથી સંદર્ભો લીધા છે ત્યાં ત્યાં પ્રાસાદિક ભાષા અને જોડણી યથાવત્ રાખ્યાં છે. વાંચનમાં સુગમતા રહે તે હેતુસર જરૂર જણાય ત્યાં મુદ્રિત લખાણમાં અલ્પવિરામ, પૂર્ણવિરામ વગેરે ઉમેરવામાં આવ્યા છે.

જાણે કોઈ પદ-પદવી પ્રાપ્ત થયાં જ નથી – એટલી સાહજિકતાથી તેઓની કલમ વહી છૂટી છે.

'अनुत्सेकः खलु विक्रमालङ्कारः ।'[૧૧૧] – 'નમ્રતા જ વિક્રમનું આભૂષણ છે.' આ આભૂષણથી શોભતા એક-અદ્વિતીય નમ્ર નેતાને પ્રાપ્ત કરીને આજે સૃષ્ટિ ખરેખર ધન્ય થઈ ગઈ!

પચાસ વર્ષનું સુખ

આનંદ-ઉત્સાહથી પ્રમુખવરણીના વિરલ પ્રસંગનું સમાપન થયું. આ અવસરે સૌ માટે શીખંડ-પૂરીની રસોઈ હતી. સાથે શુકનમાં કંસાર પણ કરેલો. સૌ પ્રેમપૂર્વક તે જમ્યા. માંદગીને કારણે સતત ચાર દિવસથી કંઈ પણ ન જમનાર શાસ્ત્રીજી મહારાજે પણ આજે ભોજન અંગીકાર કર્યું.

આ અરસામાં સંસ્થા પ્રત્યેના મમત્વને કારણે કેટલાકનાં મનમાં એવો સંશય સળવળતો હતો કે 'નારાયણસ્વરૂપ સ્વામીની ઉંમર નાની છે. તેઓ આટલી મોટી સંસ્થાનો વ્યવહાર કેવી રીતે સંભાળી શકશે?'

પરંતુ શાસ્ત્રીજી મહારાજે તેઓને કહેલું કે 'અમે ઘણાં કામ કર્યાં છે. તેમાં હજુ સુધી હું પસ્તાયો નથી ને આ કાર્યમાં પણ મને ખાતરી છે કે બધું યોગ્ય જ છે! મારે પસ્તાવું નહીં પડે! તમે તેના (સ્વામીશ્રીના) દેહ સામું જુઓ છો, હું તેના જીવ સામું જોઉં છું! શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને આ સંસ્થાના પ્રમુખ બનાવીને તમને સૌને પચાસ વર્ષનું સુખ કરતો જાઉં છું!!'

એક વાર બબુભાઈએ પણ શાસ્ત્રીજી મહારાજને પૂછેલું કે 'આપે મંદિરો બાંધ્યાં, સંસ્થા સ્થાપી, સંપ્રદાય ચાલતો કરી દીધો. પણ આપના પછી?'

ત્યારે પણ શાસ્ત્રીજી મહારાજે કહેલું : 'આ યોગીજી મહારાજ અને તેમના પછી આ નારણદા'. તારી હયાતીમાં બે પરંપરાનું તને કહી દઉં છું. ભવિષ્યનું તેમના દ્વારા મહારાજ કરતા જશે. માટે તું એ ચિંતા છોડી દે.'

આમ, શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીને પ્રમુખ તરીકે નીમીને સૌને નિશ્ચિંત કરી દીધા હતા. એ જ સુખમાં મહાલતાં સૌ વીખરાયા.

સુકાની બન્યા સેવક

પ્રમુખવરણીના આ અવસરે સિત્તેરથી સોને આશરે હરિભક્તો એકત્રિત

---

૧૧૧. विक्रमोर्वशीयम्, प्रथमोऽङ्कः ।

થયેલા. તે સૌ જમી-જમીને નીકળી ગયા ત્યારે તેઓનાં વાસણોનો મોટો ખડકલો ત્યાં પડેલો. સ્વામીશ્રીએ તે જોયો અને તે એઠાં વાસણો ઊટકવા માટે તેઓએ કેડ-કછોટો વાળ્યા. જ્યારે તેઓએ એકલપંડે તમામ વાસણો ઊટકી નાખ્યા ત્યારે પ્રમુખ તરીકેની તેઓની ભવ્ય કારકિર્દીનું પ્રથમ પાનું લખાયું. તે પહેલા જ પાના પર ઊપસી આવેલી તેઓની 'The Servant Leader' (સેવક સુકાની) તરીકેની છબીનાં આકર્ષણ હજીયે ઓસરવાનું નામ લેતાં નથી. દુનિયાના કયા પ્રમુખની કારકિર્દી આવી સેવાથી શરૂ થઈ હશે !

આ પ્રસંગના અનુસંધાનમાં વર્ષો બાદ સ્વામીશ્રીને પૂછવામાં આવેલું કે 'આપે પ્રમુખ થયા તો પણ વાસણ ઊટક્યાં ! બીજાને ઊટકવાં કેમ બોલાવ્યા નહીં ?' ત્યારે તેઓ સહજ સ્વભાવે બોલેલા : 'પ્રમુખ થયા એટલે કાંઈ સેવક થોડા મટી ગયા !'

તેઓના પ્રમુખપદ પર તેઓનો સેવકભાવ હરહંમેશ સરસાઈ ભોગવતો રહેલો.[૧૧૨]

પાતાળે પાયા

પ્રમુખવરણીના સમૈયા બાદ સ્વામીશ્રી થોડા દિવસો સુધી અમદાવાદમાં જ રોકાયેલા. તે દરમ્યાન સંસ્થાનાં વહીવટી કાર્યોમાં સરળતા રહે તે હેતુથી તા. ૨૪/૫ના રોજ પાંચ હરિભક્તોની કુલમુખત્યાર તરીકે નિમણૂક કરવામાં આવી.

તા. ૨૬/૫ના રોજ સ્વામીશ્રી શ્રીજીમહારાજે નિર્માણ કરેલા નરનારાયણ દેવના મંદિરે દર્શન કરીને યોગીજી મહારાજની સાથે ચંપકભાઈ શેઠના બંગલે શાસ્ત્રીજી મહારાજના દર્શનાર્થે ગયેલા.[૧૧૩] અહીં પ્રાસંગિક વિમર્શ બાદ શાસ્ત્રીજી મહારાજે તેઓને નિર્ગુણ સ્વામીના આશીર્વાદ લેવા આણંદ મોકલ્યા.

અહીં રણછોડભાઈની વાડીમાં આવેલા એક બંગલામાં નિર્ગુણ સ્વામી આરામ કરી રહેલા. તા. ૨૬/૫ના રોજ સ્વામીશ્રી તેઓ પાસે પહોંચ્યા ત્યારે

---

૧૧૨. પ્રમુખવરણીના આ દિવ્ય પ્રસંગનું વર્ણન સ્વામીશ્રીના જ શ્રીમુખે સાંભળવા જુઓ વીડિયો ટ્રેક નં. ૧૬. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

૧૧૩. પ્રમુખવરણીના ઉત્સવ બાદ શાસ્ત્રીજી મહારાજ માંદગીમાં આરામ રહે તે માટે ચંપકભાઈ શેઠના બંગલે રોકાયેલા.

નિર્ગુણ સ્વામી સૂતા હતા અને તેઓને અશક્તિ ઘણી જ હતી. બોલવામાં પણ તકલીફ પડતી હતી. સ્વામીશ્રીએ તેઓને દંડવત કર્યા. નિર્ગુણ સ્વામીએ તેઓના મસ્તકે હાથ મૂક્યો અને પૂછ્યું : 'કામ (પ્રમુખવરણીનું) સારી રીતે થઈ ગયું ?'

'હા.' સ્વામીશ્રીએ કહ્યું.

તે સાંભળી નિર્ગુણ સ્વામી બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજને રાજી કરી લેજો. શાસ્ત્રીજી મહારાજ રાજી એટલે મહારાજ, સ્વામી, ભગતજી મહારાજ અને તમામ મુક્તો રાજી થશે.' આટલું કહી ફરી માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા.

તેઓને હજીયે બોલવું હતું પણ શ્વાસ ચઢવા લાગ્યો. તેથી સ્વામીશ્રીએ જ તેઓને ન બોલવા વિનંતી કરી. ત્યારે નિર્ગુણ સ્વામીએ કહ્યું : 'જાઓ ત્યારે મળીને જશો.'

સાંજે સ્વામીશ્રી અમદાવાદ આવવા નીકળ્યા ત્યારે નિર્ગુણ સ્વામીનાં દર્શન કરવા ગયા. તે વખતે નિર્ગુણ સ્વામીથી બેઠા નહોતું થવાતું છતાં તેઓ બેઠા થયા. સ્વામીશ્રીના મસ્તકે હાથ મૂક્યા અને બોલ્યા : 'હવે દેહનો નિર્ધાર નથી પણ તમો સેવા કરજો.'

પછી સૌને ઉદ્દેશીને નિર્ગુણ સ્વામીએ કહ્યું : 'નારાયણ સ્વામીને સંસ્થાના પ્રમુખ બનાવીને શાસ્ત્રીજી મહારાજે અક્ષર-પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના પાયા પાતાળે નાંખી દીધા છે.'

આમ, સ્વામીશ્રીના પ્રમુખપદે બિરાજતાં જ સૌને આ સંસ્થાનાં ઉજ્જ્વળ ભવિષ્યની ખાતરી થવા માંડેલી.

ગઢપુરની સેવામાં

પ્રમુખવરણીના દિવસે જ ગઢપુરના મંદિર-નિર્માણની દેખરેખ માટે સ્વામીશ્રીના વડપણ હેઠળ નવ સભ્યોની એક સમિતિ રચીને શાસ્ત્રીજી મહારાજે ગઢપુરના મંદિરની જવાબદારી પણ સ્વામીશ્રીના શિરે જ મૂકી દીધેલી. તેથી તેઓ તા. ૨૭/૫ની સાંજે ગઢપુર પહોંચેલા.

અહીં સ્વામીશ્રીએ જોયું કે કાર્ય ઘણું મોટું અને મુશ્કેલીભર્યું છે. છતાં બીજે દિવસે સવારે પ્રથમ તો ગઢપુરનું મંદિર વહેલી તકે અને નિર્વિઘ્ને પૂરું થાય તે માટે શ્રીજીમહારાજની પ્રસાદીભૂત ઘેલા નદીમાં ધૂન કરતાં કરતાં સ્નાન કર્યું. ત્યારબાદ દાદાખાચરના દરબારમાં નિર્મિત શ્રીજીમહારાજના પ્રાસાદિક ગોપીનાથ દેવના મંદિરે જઈ ઠાકોરજીનાં દર્શન કર્યાં. અહીંથી શ્રીજીમહારાજના

સ્મૃતિસ્થાન લક્ષ્મીવાડીએ પણ દર્શન-પ્રાર્થના કરવા ગયા.

સ્વામીશ્રીની કાર્યપદ્ધતિમાં આ વિશેષતા સૌને જોવા મળતી કે અનેકવિધ કુશળતાઓને હાથમાં રમાડતા હોવા છતાં, તેઓના પ્રત્યેક કાર્યનો પ્રારંભ પ્રાર્થનાથી જ થતો. કાર્ય કરતી વખતે પણ સતત પ્રાર્થનાનો સહારો રાખતા અને પરિણામ પણ ભગવાન અને ગુરુનાં જ ચરણે ધરી દેતા.

પ્રારંભ, પ્રક્રિયા અને પરિણામ – સઘળું ભગવાન અને ગુરુ પર છોડીને કઠિન પુરુષાર્થમાં તેઓ પરોવાઈ જતા. તેથી જ કાર્યમાં ગળાડૂબ હોવા છતાં તેઓ હંમેશા હળવાફૂલ જણાતા.

ગઢડામાં ચાર દિવસ રોકાઈને સ્વામીશ્રી કાર્યની રજેરજ વિગતોથી માહિતગાર થયા. તેઓ કર્મની સાથે કર્મચારીને પણ મહત્ત્વ આપતા. તેથી કાર્ય સાથે સંકળાયેલ સંત-સમુદાય, કારીગર-વર્ગ અને મજૂરોના મુકાદમ સુધીના સૌ સાથે ઘરોબો બાંધી દીધો.

મંદિર-નિર્માણમાં વપરાતા પથ્થરો સાથે જાણે ભવિષ્યમાં ઘણાં કામ પાર પાડવાના હોય એમ, તે પથ્થરોની જાત-ભાતને પણ સોમપુરાઓ સાથે ફરીને ઠીકઠીક જાણી લીધી. એક વાર કાર્ય હાથમાં લે એટલે ઠેઠ તેના તળિયે પહોંચવાની સ્વામીશ્રીની ટેવ અહીં પણ સૌને જોવા મળી.

આટલી ભરચક કામગીરીમાં પણ શ્રીજીસ્થાપિત મંદિરે દર્શન માટે જવાનો એમનો નિત્યક્રમ તૂટ્યો નહોતો. તેઓના જીવનમાં પ્રવૃત્તિ નહીં પણ પરમાત્મા જ પ્રધાન (મુખ્ય) રહેતા.

અહીં જ સ્વામીશ્રીને નિર્ગુણદાસ સ્વામીના અક્ષરવાસની જાણ થઈ. આ સમાચાર સાંભળીને તેઓએ ધૂન-પ્રાર્થના કર્યાં. તેઓ સાથેની પોતાની અંતિમ મુલાકાત સ્વામીશ્રીના સ્મરણપટ પર ઊપસી આવી અને તેઓએ રોજનીશીમાં લખ્યું : *'હું ત્યાંથી અમદાવાદ આવ્યો પણ તે નિર્ગુણ સ્વામીનાં છેલ્લાં દર્શન હતાં. તેઓની વાણી(માં) મને અમૃત લાગતું. પછી થોડા ટાઈમે તેઓ પોતાનો દેહત્યાગ કરી મહારાજ પાસે પહોંચી ગયા. તેઓના આશીર્વાદ મળવાથી મને પણ સંતોષ થયો.'*

સારંગપુરમાં વસંતનાં વધામણાં

ચાર દિવસ ગઢડામાં રોકાઈને તા. ૧/૬ની વહેલી સવારે ટ્રેન દ્વારા સ્વામીશ્રી સારંગપુર પધાર્યા.

અહીં તો તેઓની પધરામણીથી સૌ સંતો-ભક્તોને વસંતના આગમન જેટલો આનંદ થયો. પોતાના વહાલા 'નારણ સ્વામી' હવે 'પ્રમુખસ્વામી' બનીને પહેલી વાર સારંગપુર આવેલા. તેથી સૌની આંખોએ સાચા મોતી કરતાંય કીમતી એવાં હર્ષાશ્રુ વહાવી સ્વામીશ્રીને વધાવ્યા. ઉરની બગીઓમાં ખીલેલાં કદી ન કરમાય એવાં ભક્તિભાવનાં ફૂલોથી તેઓને સત્કાર્યા. સૌનાં રોમ રોમ ખડાં થઈ જાણે સ્વામીશ્રીની છડી પોકારી રહ્યાં. એ સજળ નયનો, એ પુલકિત હૃદયો અને એ ઊર્ધ્વમુખ રોમાવલિઓનો ભાવ સ્વીકારતાં સ્વીકારતાં સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન માટે પધાર્યા. ત્યારબાદ સૌ સંતો-સેવકોને પ્રેમથી મળ્યા, તેઓ સાથે જમ્યા અને ચેષ્ટાગાન બાદ સભામંડપના દરવાજે આવેલા રમણા પર જ ભોંયપથારી કરી શયનાધીન થયા.

સ્વામીશ્રી પધારતાં સારંગપુરમાં સઘળું બદલાઈ ગયું, એક સ્વામીશ્રી વિના. પ્રમુખપદે બિરાજ્યા પહેલાં તેઓ જેવા હતા તેવા જ રહીને આજે પણ સેવામાં ઓતપ્રોત થઈ ગયા. સન્માનોને નિર્લેપભાવે સ્વીકારવાની એમની શૈલીમાં કોઈને કશો ફરક જણાયો નહીં.

'પ્રમુખ'ની પ્રથમ સહી

આ અરસામાં નવાગામના પરંતુ નાજમાં રહેતા શંકરભાઈ ચલીન્દ્રા લોટની સંસ્થાકીય જમીન ખેડતા હતા. તેઓને આ જમીનો વેચાણ લેવાની હતી. તેથી ઈશ્વરભાઈ દાજીએ શાસ્ત્રીજી મહારાજને કહ્યું કે 'તમે આ વેચાણના સોદા પર સહી કરી નાંખો ને !'

ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'મેં હવે બધું નારણદા'ને સોંપી દીધું છે. માટે હું સહી નહીં કરું.'

સ્વામીશ્રીને પ્રમુખપદ સોંપાયાને હજી તો માંડ દશેક દિવસ જ થયેલા. તેથી ઈશ્વરભાઈએ શાસ્ત્રીજી મહારાજને ફરી આગ્રહ કર્યો, પણ તેઓ સહી કરવા બાબતે સંમત ન જ થયા. તેથી સ્વામીશ્રીને સારંગપુરથી અમદાવાદ બોલાવવામાં આવ્યા અને જમીનના દસ્તાવેજ પર તેઓએ સહી કરી.

સંસ્થાના પ્રમુખ તરીકે સ્વામીશ્રીની આ સૌ પ્રથમ સહી હતી. તે સહી થતાં એ જમીનની કિંમત તો નક્કી થઈ ગઈ પણ સ્વામીશ્રીની સહી ધરાવતી એ વહીનાં મૂલ્ય અમૂલ્ય બની ગયાં !

જમીન સંબંધી આ કાર્યવાહી પૂર્ણ કરીને સ્વામીશ્રી પાછા સારંગપુર

પધારેલા. અહીં આવશ્યક કાર્યો આટોપીને બોચાસણ, પેટલાદ થઈને તા. ૧૬/૬ના રોજ પુનઃ અમદાવાદ આવી પહોંચ્યા.

તારો રાગ સારો છે

અમદાવાદના શાહીબાગમાં સંસ્થાએ ખરીદેલા બંગલે[૧૧૪] શાસ્ત્રીજી મહારાજ રોકાયેલા. સૌની ધીરજ તૂટી-ખૂટી જાય એવો ઘેરો મંદવાડ તેઓએ ગ્રહણ કર્યો હતો. સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની આ સ્થિતિ જોઈને વ્યથિત થઈ ઊઠ્યા અને ગુરુહરિની સેવામાં જોડાઈ ગયા.

તા. ૧૯/૬ના રોજ શાસ્ત્રીજી મહારાજ સમક્ષ સનાતન સ્વામીએ 'ઉદ્ધવ-ગીતા'નો મીઠી હલકે પાઠ કર્યો. તે સાંભળી શાસ્ત્રીજી મહારાજ પ્રસન્ન થયા અને સ્વામીશ્રીને કહેવા લાગ્યા: 'તારો રાગ પણ સારો છે માટે 'નિષ્કુળાનંદ કાવ્ય' વાંચવું, કારણ કે તેમાંથી વૈરાગ્ય આવે અને ભગવાનમાં પ્રેમ થાય. મહારાજના વખતમાં સાધુ (વિચરણ માટે) જતા તેને મહારાજ કહેતા કે 'તમારું વર્તન વાતો કરશે.' મહાન પુરુષોનો નિરંતર સમાગમ કરવો. તે નિરંતર શાથી ? તો તેની દરેક ક્રિયા જાણવા જેવી હોય માટે.' આટલા સદુપદેશ બાદ પોતાના સ્વરૂપમાં શ્રીજીમહારાજનાં દર્શન માણસાના ભગવાનજીભાઈને ગોંડલમાં થયેલાં તે પ્રસંગ શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીને સંભળાવ્યો.

આ વખતે જ તેઓએ સ્વામીશ્રી પાસે 'સત્સંગિજીવન'નાં બીજા-ત્રીજા પ્રકરણના પારાયણનો પણ પ્રારંભ કરાવ્યો.

માંદગી વખતે શાસ્ત્રીજી મહારાજનું ઔષધ આ જ હતું – નારણદા'ના મુખે કથામૃતનું પાન કરવું. સ્વામીશ્રી કથા વાંચે ત્યારે શાસ્ત્રીજી મહારાજ ગમે તેવી ગંભીર માંદગીમાં પણ પ્રફુલ્લિત બની જતા. તેથી સ્વામીશ્રીના કંઠે પારાયણ શરૂ થવાથી સૌ ભક્તો પણ રાજી થયા, કારણ કે જેમ અરુણોદય એ સૂર્યોદયની આગાહી કરનારો હોય છે, તેમ સ્વામીશ્રીની કથા શાસ્ત્રીજી મહારાજના સુસ્વાસ્થ્યની આલબેલ પોકારનારી બની રહેતી.

---

૧૧૪. વિ.સં. ૨૦૦૫માં અમદાવાદમાં શાહીબાગ રોડ પર એક બંગલો સંસ્થાએ ખરીદેલો. બંગલાની રચના મંદિરની રચનાને અનુરૂપ હોઈ શાસ્ત્રીજી મહારાજે જાતે જોઈને જ આ બંગલો લેવા સંમતિ આપેલી. શાસ્ત્રીજી મહારાજનો ઉતારો પણ અહીં જ રાખવામાં આવતો. હાલ આ સ્થાન પર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનાં દર્શન થાય છે.

નારણદા' તમને સોંપ્યા

શાસ્ત્રીજી મહારાજની આ માંદગી દરમ્યાન તા. ૨૧/૭ના દિવસે યોગીજી મહારાજ દિલ્હીથી પરત ફર્યા ત્યારે શાસ્ત્રીજી મહારાજે તેઓને ભલામણ કરી કે 'હવે તો મહારાજ ધામમાં તેડી જશે. માટે આ નારણદા' તમને સોંપ્યા. તો ધ્યાન રાખજો.'

શાસ્ત્રીજી મહારાજના આ શબ્દો સાંભળી સ્વામીશ્રી દ્રવિત થઈ ઊઠ્યા. તેઓએ પ્રાર્થના કરી કે 'બાપા ! હજુ ગઢડાનું કામ બાકી છે. માટે આ રોગ દૂર કરો.'

'હવે તો 'લબડાય નમઃ' એવું થઈ ગયું છે. મહારાજની ઇચ્છા હશે તેમ થશે !' શાસ્ત્રીજી મહારાજે કહ્યું.

શાસ્ત્રીજી મહારાજના આવાં શિથિલ વચનો સાંભળીને સ્વામીશ્રીની વ્યગ્રતા વધી ગઈ. ભારે હૈયે તેઓએ તા. ૩૦/૭ના રોજ સારંગપુર જવા વિદાય લીધી. શાસ્ત્રીજી મહારાજની નાજુક તબિયત જોતાં તેઓને સારંગપુર જવાની ઇચ્છા તો થતી નહોતી, પરંતુ ગઢપુરના કાર્ય માટે જવું આવશ્યક હતું. તેથી તેઓ મૂર્તિ ધારીને ચાલી નીકળ્યા. લગભગ દોઢેક મહિના સુધી ગઢપુરના કાર્યમાં પ્રાણ ફૂંકતા રહી તેઓ શાસ્ત્રીજી મહારાજ પાસે અટલાદરા આવી પહોંચ્યા.

અહીં તા. ૧૧/૯ના રોજ તેઓને જોતાં જ શાસ્ત્રીજી મહારાજ અપાર રાજીપો દર્શાવતાં તેઓને ભેટ્યા. સ્વામીશ્રી આવતાં જ શાસ્ત્રીજી મહારાજે તેઓ પાસે 'હરિલીલામૃત' ગ્રંથના પારાયણનો પ્રારંભ કરાવ્યો. સ્વામીશ્રી મધુર કંઠે ગાતા જાય અને શાસ્ત્રીજી મહારાજ સૂતાં સૂતાં સાંભળતા જાય. આ કથા-શ્રવણથી તેઓનું સ્વાસ્થ્ય પણ સારું થવા લાગ્યું.

પારાયણની પૂર્ણાહુતિ બાદ યોગીજી મહારાજને ગોંડલ અને સ્વામીશ્રીને સારંગપુર ભણી જવાનું હતું, પણ યોગીજી મહારાજના અંતરમાં વરતાલનાં દર્શન કરીને ગોંડલ જવાની ઇચ્છા હતી. શાસ્ત્રીજી મહારાજે એ રીતે સંમતિ આપી અને સ્વામીશ્રીને પણ આજ્ઞા કરી કે 'તમે પણ જોગી મહારાજ સાથે વરતાલ દર્શન કરીને સારંગપુર જજો.' તેથી સ્વામીશ્રી એ રીતે જ સારંગપુર પધાર્યા.

સમર્થ સૂત્રધારનું સૂચક સ્વપ્ન

સ્વામીશ્રીને પ્રમુખપદ સોંપ્યા પછી શાસ્ત્રીજી મહારાજે ગંભીર માંદગી

ગ્રહણ કરેલી. તેથી સ્વામીશ્રીને હૈયે ઘણો ફડકો રહેતો. તેઓને થતું કે 'શાસ્ત્રીજી મહારાજે મને જવાબદારી તો મોટી આપી પણ તેઓની તબિયત નરમ રહે છે. તો આ સેવા મારાથી કેવી રીતે થશે?' આ જ વિચારમાં તેઓ રાત્રે સૂતા અને રાત્રિના પાછલા પહોરે તેઓને સ્વપ્ન આવ્યું.

તેમાં તેઓ જાણે સારંગપુરમાં ધર્મકુળની મૂર્તિઓ પધરાવી છે તેનાં દર્શન કરવા ગયા, પણ ત્યાં એકેય મૂર્તિ દેખાઈ જ નહીં. તેથી હરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા છે તે ખંડમાં આવ્યા, તો ત્યાં પણ કોઈ મૂર્તિ દેખાઈ નહીં. આ જોઈને સ્વામીશ્રીને ફાળ પડી કે 'મંદિરમાં એકેય મૂર્તિ રહી નહીં? સૌ શું કહેશે?'

આ વિચારમાં સેવા યથાર્થ ન થઈ શકી તેનો ડંખ અને દુઃખ હતા. પણ ત્યાં જ તેઓને રાધાકૃષ્ણની મૂર્તિઓનાં દર્શન થયાં. તે બંને મૂર્તિઓ પલંગ પરથી ઊઠીને બહાર આવતી હોય તેમ જણાયું. થોડી વારમાં તો હરિકૃષ્ણ મહારાજે પણ દર્શન દીધાં. તે જોઈ સ્વામીશ્રીને થયું : 'કૃષ્ણની સાથે સેવામાં રાધા છે ને મહારાજ એકલા?'

જ્યાં આ વિચાર સ્ફુર્યો કે ત્યાં જ શ્રીજીમહારાજની સાથે સેવામાં રહેલા મૂળજી બ્રહ્મચારીનાં દર્શન થયાં. તે વખતે સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજને પૂછ્યું : 'ધર્મકુળની મૂર્તિઓ દેખાતી નથી. તે ક્યાં છે?'

ત્યારે મહારાજ બોલ્યા : 'હવે દર્શન થશે.'

મહારાજની આ વાત સાંભળી સ્વામીશ્રી સીધા જ ધર્મકુળના ખંડમાં ગયા, તો અહીં બધી જ મૂર્તિઓ પલંગમાંથી જાગ્રત થઈને પોતપોતાના સ્થાને બિરાજી ગઈ હોય તેવાં દર્શન થયાં. દરેક મૂર્તિ જાણે સ્વામીશ્રી સામે જોતાં મંદ મંદ મર્માળું સ્મિત રેલાવી રહેલી. આ દર્શન થતાં જ સ્વામીશ્રી અત્યંત ગદ્‌ગદ થઈ ગયા.

એટલામાં જ શાસ્ત્રીજી મહારાજે પણ દર્શન આપ્યાં. ગુરુ-ગોવિંદને એક સાથે નીરખતાં તો સ્વામીશ્રીના આનંદની અવધિ ન રહી. તે વખતે શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીને આરતી કરવાનું કહ્યું. આજ્ઞા થતાં સ્વામીશ્રીએ આરતી ઉતારી. આ સમયે શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : 'જવાબદારીનો વિચાર કરવો નહીં. તે તો અમારું કામ અમે કરીશું. માટે મહારાજ-સ્વામીને યાદ કરીને કાર્ય કરવું.' એમ કહી માથે હાથ મૂકીને આશીર્વાદ પણ આપ્યા.

બરાબર એ જ વખતે સ્વામીશ્રીની આંખ ઊઘડી ગઈ, પરંતુ આ સ્વપ્ન-દર્શનથી તેઓને અપાર શાંતિ અને આનંદ થઈ ગયાં.

આમ તો સમર્થ વિભૂતિઓને કોઈ કાર્યનો બોજો લાગતો જ નથી, પરંતુ આવા પ્રસંગો ઊભા કરીને તેઓ જવાબદારી કઈ રીતે નિભાવવી તેનું દિગ્દર્શન આપણને આપતા હોય છે.

સર્વેના ધ્રુવતારક

પ્રમુખપદનો કાર્યભાર સંભાળવામાં સ્વામીશ્રી કેટલી હદે સફળ રહેલા તેના પુરાવા સમો એક પત્ર તેઓ પ્રમુખપદે બિરાજ્યાના માત્ર ચાર મહિનામાં જ એક સંત દ્વારા લખાયેલો.[૧૧૫] સ્વામીશ્રીની કુશળતાથી અત્યંત પ્રભાવિત થઈને તેઓએ ઊર્મિઓ વહાવતાં સ્વામીશ્રીને લખેલું કે –

વિ. ઘણા સમયથી આપને પત્ર લખવા મારી ઈંતેજારી હતી. પરંતુ આપનો કંઈક પરિચય સાધ્યા પછી લખવો ઠીક, એમ સમજી લખ્યો ન હતો. વળી કેટલીક વાર યોગ્ય પરીચય વિના પત્ર લખવો આપ કદાચ યથાયોગ્ય ન માનો એ બીકે પણ પત્ર લખ્યો ન હતો.

આપશ્રી અમારા મોટેરા છો. આપના પ્રત્યે મને અપ્રતીમ માન છે. આપ સંસ્થાના પ્રમુખ છો. વિદ્વાન શાસ્ત્રી છો. શાંત, ગંભીર અને વિચક્ષણ છો. સારી રીતે કેળવાયેલા હોઈ તેટલા જ સંસ્કારી પણ છો. એટલે આપને શું લખવું એ વિચાર આવે છે. આપનું પ્રમુખ તરીકેનું સ્થાન ઘણું જ ઊંચું અને અપ્રતીમ છે. અજોડ અને અદ્વિતીય સ્થાન આપ સત્સંગમાં ધરાવી રહ્યા છો. આપ તેને સંપૂર્ણ લાયક છો. એટલું જ નહિ પણ આપના કાર્ય દ્વારા ભવિષ્યમાં તે પુરવાર કરી આપવાનો પણ આપનામાં અખૂટ શક્તિભંડાર ભરેલો છે જ. જો કે રાતદિવસ આપ એ માટે જ ચિંતન અને કાર્ય કરી રહ્યા છો એ કોઈથી અજાણ્યું નથી.

આપ જે સ્થાને છો તે સ્થાનની જવાબદારીઓ, ફરજો પણ અનેકગણી છે. જોકે આપ તો એનાથી જાગ્રત જ છો અને આપ સર્વગુણ સંપન્ન છો એટલે તે અદા કરવામાં કંઈ જ અંતરાય નહિ પડે. તો પણ આખોય સત્સંગ સમાજ આપની આસપાસ કેન્દ્રિત બનશે. આપના વિચારો અને આપની શક્તિનાં પરીબળો ઉપર આખો સત્સંગ - હરિભક્તો તથા સાધુઓ પ્રગતિ કરશે, અને આગળ વધશે. અને એટલી જ આપની આબરૂ-પ્રતિષ્ઠા વધશે અને જળવાશે. એટલે આપ સર્વેના

૧૧૫. તા. ૨૭/૯/૧૯૫૦, બુધવાર.

ધ્રુવતારક છો. શ્રીજી-સ્વામી તથા ગુરુહરિને મારી પ્રાર્થના છે કે આપનામાં વધુ ને વધુ શક્તિ, બળ અને ઐશ્વર્ય અર્પે.

શાસ્ત્રીજી મહારાજે કરેલી પસંદગી સ્વામીશ્રીએ કેટલી સાર્થક ઠેરવેલી તેનું હૃદયંગમ દર્શન આ પત્રમાં છે.

આ અરસામાં સ્વામીશ્રીને નાકમાં કંઈક બીમારી વળગેલી. તેથી તેનાં નિદાન અને સારવાર માટે તેઓ વઢવાણ ગયેલા.

ભીડાની ભટ્ટીમાં

સ્વામીશ્રીની સૂઝ, શક્તિ અને સહવાસથી ગઢપુરનું કાર્ય ધમધોકાર ઊપડેલું. અહીં સોમપુરા પેન્સિલથી મંદિરના જે નકશા તૈયાર કરે તેનું ઇન્કિંગ (inking) પણ સ્વામીશ્રી કરી આપતા.

ગઢપુરના મંદિરમાં વપરાતા આરસ માટે તેઓને રાજસ્થાનના મકરાણા મુકામે આવેલી આરસની ખાણોમાં પણ જવું પડતું. આ સેવા એક આકરી તપશ્ચર્યા સમાન જ હતી. તેમાં અનેક કઠિનાઈઓનો સામનો સ્વામીશ્રીને કરવો પડતો. તેની એક ઝલક મકરાણામાં અતિશય હાડમારીને લીધે નાસીપાસ થયેલા પોતાના એક નાના સેવકને સ્વામીશ્રીએ જે કહેલું તેમાંથી મળે છે. તે વખતે તેઓએ જણાવેલું કે –

''શાસ્ત્રીજી મહારાજે મને એક દિવસ કહ્યું : 'અલ્યા નારાયણ સ્વામી ! મકરાણા જવાનું છે. ગઢડા માટે.'

મેં પૂછ્યું નથી કે 'કેમ જવાનું છે ? ત્યાં જઈને શું કરવાનું છે ? ક્યાં રહેવાનું છે ?' બીજે દિવસે અમદાવાદથી બેસી ફૂલેરા થઈ ત્રીજે દિવસે ખરા તાપમાં ત્યાં પહોંચ્યા.

આ દેશમાં પહેલી જ વાર આવ્યા. ભેંકાર લાગે. કોઈ જાણીતો નહીં, પણ બધી ચિંતા છોડી દીધી... ખાવાનું સીંગદાણા... પ્યાલો પાણી મળે... કારીગરો પહેલાં કામે ચઢવાનું અને એમના ઊતર્યા પછી ઊતરવાનું. તાપ-તડકાનો વિચાર નહીં.

રોજ ખાણોમાં જવાનું, પથરા ફેરવવાના, માલિકો અને મજૂરો સાથે જીભાજોડી કરવાની... તોય તે દગાબાજી કરે ! તેમાં જરાય છેતરાવાનું નહીં. ગાફલાઈ રહી તો ખોટનો ધંધો થાય. ખાવાનું જાડો ભાખરો ને દાળ. તેય જાતે બનાવવાનાં. મિસ્ત્રીને અને કારીગરોને જમાડવાના. સીધું-સામાન, સામગ્રી અને

પાણીની સંપૂર્ણ અછત. ૧૦૦ ફૂટથી માંડી ૨૦૦ ફૂટ ઊંડા કૂવામાંથી પાણી સીંચીને એક ડોલમાં નાહવા-ધોવા-વાપરવાનું આવી જાય તેમ કરવાનું. ૨૦૦ ફૂટ ઊંડેથી તો નાનાં બે શેરનાં ડબલાં જેટલું જ પાણી બહાર આવે.

મારી સાથે એક સંત હતા. તે કહે : 'લાવ, આમ શું જરી જરી કાઢે છે ! લાવ, મોટી ડોલ જ બાંધું.' જ્યાં બાંધી ને દશ જ વાંભ ખેંચી અને થાક્યા. ને કહે : 'અલ્યા, ઝાલો ઝાલો !' ત્યારથી તે ખો ભૂલી ગયા. આવી જબરી કસોટીમાં આ પથરા ને અમે ઘડાયા છીએ.

શાસ્ત્રીજી મહારાજની આંખ બહુ ચમત્કારી. કોઈનાથી બીવે નહીં. મેં જ એક વખત પૂછેલું : 'સ્વામી ! આટલું બધું કામ, આટલો બધો વ્યવહાર, મંદિરોની ઉપાધિ, સાધુઓની જવાબદારી, કોઈનો સાથ નહીં... તેમાંય તમને તરત ઊંઘ આવી જાય છે !'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોલેલા : 'આ બધી જ ઉપાધિ તારે માથે આવશે ત્યારે તને ખબર પડશે, તે વખતે તારેય આવી જ શાંતિ રહેશે.''

સ્વામીશ્રીના રોમ-રોમમાંથી જાણે ગુરુભક્તિની ગંગા ફૂટી નીકળી હોય તેમ તેઓની વાણી વહી રહી. તેઓની ગુરુમુખી સાધનામાં કોઈ કંદરા-કમરામાં પુરાઈને આંખો મીંચવાની વાત નહોતી કે નહોતી પાટ-ખાટ પર બેસીને પોથાં-થોથાં ઉથલાવવાની વાત. અહીં તો સીધું મેદાનમાં જ ઊતરવાનું હતું. પળે પળે તનને તોડવાનું હતું; મનને મરોડવાનું હતું. શાસ્ત્રીજી મહારાજના અંતિમ સંકલ્પ સમા દુર્ગપુર મંદિરને પૃથ્વીના પેટાળમાંથી બહાર લાવવા માટે સ્વામીશ્રીએ આમ કમર કસેલી.

સન ૧૯૫૧

ગુરુભક્તિ-પરાભક્તિની મીઠી હોડ

જ્યારે સ્વામીશ્રી ગઢપુરનાં શિખરોને ઊંચાં કરી રહેલા ત્યારે શાસ્ત્રીજી મહારાજ અટલાદરામાં આરામ કરતા હતા. પણ હવે તેઓએ સારંગપુર જવા માટે રઢ લીધી હતી. તેથી તેઓની મરજી અનુસાર યોગીજી મહારાજે બધી તૈયારી કરાવી દીધી અને ખાસ 'સલૂન' દ્વારા શાસ્ત્રીજી મહારાજ સારંગપુર પધારી ગયા. તેઓ સાથે આવેલા સેવકોમાં ચાણસદના મોતીભાઈ મુખ્ય હતા. તેઓએ અટલાદરાના કાર્યક્રમ અનુસાર જ સારંગપુરમાં પણ શાસ્ત્રીજી મહારાજની દિનચર્યા ગોઠવી દીધી.

તે મુજબ સારંગપુરમાં એક સવારે સ્નાનાદિક બાદ ખુરશીમાં બિરાજીને શાસ્ત્રીજી મહારાજ ઠાકોરજીનાં દર્શને પધાર્યા. અહીં ઘુમ્મટમાં જ ખુરશી રખાવી તેઓ બે સેવકોનો હાથ પકડીને ચાલતાં ચાલતાં કોળીમંડપમાં આવ્યા. આ જોઈ સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજને કહ્યું : 'આવી તકલીફ શા માટે લો છો?'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ હસતાં હસતાં બોલ્યા : 'ચાલીને દર્શને જઈએ તો મહારાજ વધુ રાજી થાય.'

આમ, સ્વામીશ્રીની ગુરુભક્તિ અને શાસ્ત્રીજી મહારાજની પરાભક્તિ એકસાથે ઝળહળી રહી. જાણે તે બંને એકબીજાની મીઠી હોડમાં ન ઊતર્યા હોય!

મારો વિધિ પૂરો થઈ ગયો

સારંગપુરમાં પધારેલા શાસ્ત્રીજી મહારાજને ગઢપુર જવાની તીવ્ર ઇચ્છા હતી. સૌનાં મનમાં પણ આ જ વાત રમતી હતી, પરંતુ સામે શાસ્ત્રીજી મહારાજની નાજુક તબિયત પણ ચિંતાનો વિષય હતો. જો કે આ બંને વચ્ચેનો માર્ગ સ્વામીશ્રીએ કાઢ્યો. દરેડના દરબારની મોટરમાં શાસ્ત્રીજી મહારાજને ગઢપુર લઈ જવાનું નક્કી થયું. સ્વામીશ્રીના આ આયોજનથી શાસ્ત્રીજી મહારાજ અત્યંત પ્રસન્ન થયા. પોતાની અંતિમ ઇચ્છા પૂર્ણ કરી હોય તેમ તેઓ પર ખૂબ રાજીપો વરસાવ્યો.

ગઢપુર જવાના દિવસે સવારથી જ તેઓ માથે પાઘ બાંધી તૈયાર થઈ ગયા. થોડી વારમાં દરબાર મહીપતસિંહ મોટર લઈને આવી પહોંચ્યા. તેમાં શાસ્ત્રીજી મહારાજ પાછલી બેઠક પર બિરાજ્યા અને ગઢપુર પધારી ગયા.[૧૧૬]

શાસ્ત્રીજી મહારાજ આવતાં અહીં સેવા કરી રહેલા સૌ સંતો-ભક્તોને પોતાની સેવા સાર્થક થતી અનુભવાઈ. સ્વામીશ્રીની આગેવાની હેઠળ ચાલતી તમામ તૈયારીઓ જોઈને શાસ્ત્રીજી મહારાજે સંતોષ વ્યક્ત કર્યો.

સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજને ઉપર લઈ જવા માટે ખુરશીની પણ વ્યવસ્થા કરી રાખેલી. તેમાં બિરાજી શાસ્ત્રીજી મહારાજ મંદિર પર પધાર્યા.

અહીં પણ ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરીને રાજી થયા બાદ નીચે ઊતરી પોતાના ઓરડે આવ્યા. અહીં તેઓના ઓરડાની બાજુમાં જ સ્વામીશ્રીએ મૂર્તિઓ રાખેલી. શાસ્ત્રીજી મહારાજ ત્યાં પધાર્યા. પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓના ઘાટ, આકાર, ભાવ વગેરે જોઈને પ્રસન્નતા બતાવી. બાદ ઉન્મત્તગંગાનું જળ મંગાવીને

---

૧૧૬. તા. ૧૧/૪/૧૯૫૧, બુધવાર.

પ્રત્યેક મૂર્તિને સ્નાન કરાવ્યું. યજ્ઞોપવીત ધારણ કરાવી. કંકુના ચાંદલા કર્યા. દરેક મૂર્તિ પર ભક્તિભાવથી હાથ ફેરવ્યા અને હાર પહેરાવ્યા. પોતાના વરદ હસ્તે આરતી પણ ઉતારી.

આમ, સમગ્ર પ્રતિષ્ઠાવિધિ જ જાણે સંપન્ન કર્યો. પોતે બોલ્યા પણ ખરા કે 'પ્રતિષ્ઠા થઈ ગઈ. મારો વિધિ પૂરો થઈ ગયો. જોગી મહારાજ આવશે અને આરતી ઉતારશે.'

આમ, પોતાનાં કરકમળો દ્વારા ઉપાસનાનો અંતિમ વિજયડંકો મારીને શાસ્ત્રીજી મહારાજ પુનઃ સારંગપુર પધારી ગયા.

અંતિમ આદેશ

સારંગપુરમાં એક વાર શાસ્ત્રીજી મહારાજ મંદિરના ચોકમાં બપોર પછી લીંબડા નીચે બિરાજેલા. યોગીજી મહારાજ, સ્વામીશ્રી અને સંતો-ભક્તો સામે બેઠા હતા. તે વખતે સ્વામીશ્રીને સંબોધીને શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'નારાયણ સ્વામી! અમદાવાદમાં સભા કરીને મેં તમને ચાદર ઓઢાડી મારી જગ્યાએ બેસાડ્યા છે પણ સત્સંગના અનાદિના મોટેરા તો આ યોગી મહારાજ છે, એમ માની સૌ એમની આજ્ઞામાં વર્તજો. તેઓ ઉદાસ થઈ જાય એવો પ્રસંગ આવવા દેશો નહીં. આ સાધુએ કોઈ દિવસ મારી મરજી વિરુદ્ધ કાર્ય કર્યું નથી. મારા ગમતામાં સદા વર્ત્યા છે. તે તમો સૌ મારી જગ્યાએ જ તેમને ગણશો અને તેમની મન, કર્મ, વચને સેવા કરશો. એમાં અમારો રાજીપો છે.'

આમ, જાણે અંતિમ આદેશ સંભળાવી શાસ્ત્રીજી મહારાજે સભા સમાપ્ત કરી. બીજા દિવસે યોગીજી મહારાજ મુંબઈ જવા નીકળ્યા અને સ્વામીશ્રી ગઢપુર પધાર્યા.

વિયોગની વસમી વેળા

સ્વામીશ્રીની વિદાય બાદ શાસ્ત્રીજી મહારાજે પોતાના સ્વાસ્થ્યની રૂખ અચાનક ફેરવી. શ્વાસની ગતિ વધારી દીધી અને ખાવા-પીવા-બોલવાનું ત્યજી દીધું. તેઓની આ સ્થિતિ જોઈ સંતપ્ત થયેલા ભક્તોને વૈશાખનો વાયરો વધુ પ્રજાળવા લાગ્યો. અંતેવાસીઓ સેવામાં હતા પણ મૂક વદને અને ફફડતાં હૈયે. ગમે ત્યારે ગમે તે બનવાની શક્યતાઓ વાતાવરણમાં ઘૂમરાઈ રહેલી. શાસ્ત્રીજી મહારાજના હોઠ તો 'સ્વામિનારાયણ'નો જાપ કરી રહેલા. પરંતુ વધતો જતો

શ્વાસ એ મધુર સ્વરને પૂરેપૂરો સ્ફુટ થવા દેતો નહોતો.

આ જ સ્થિતિમાં એકાએક જાગ્રત થઈને શાસ્ત્રીજી મહારાજે પૂછ્યું : 'ગઢપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા થઈ ગઈ ?'

'હા, સ્વામી ! પ્રતિષ્ઠા થઈ ગઈ.' પાસે ઊભેલા મોતીભાઈએ કહ્યું.

આ સાંભળતાં જ શાસ્ત્રીજી મહારાજના મુખ પર હળવું સ્મિત ફરકી ગયું. ચહેરો દિવ્ય તેજથી વિશેષ લીંપાઈ ગયો. એ સ્મિત અને તેજમાં શ્રીજી-મહારાજનો સંકલ્પ પૂર્ણ કર્યાનો સંતોષ હતો. વળી, શાસ્ત્રીજી મહારાજે આંખો ઢાળી દીધી અને અકળાવનારી શાંતિ રંગમંડપમાં પુનઃ પ્રસરી ગઈ.

તા. ૯/૫/'૫૧ની રાત્રિએ અગિયારેક વાગ્યે સ્વામીશ્રી ગઢપુરથી સારંગપુર આવ્યા. તેઓ સાથે હરિજીવનદાસ, ત્રિભોવનદાસ, રસિકભાઈ અને મણિભાઈ નારણભાઈ[૧૧૭] વગેરે હતા. સૌએ શાસ્ત્રીજી મહારાજને પ્રતિષ્ઠાની કંકોત્રીઓ છપાઈ ગઈ છે તે વાત કરી. તે સાંભળી શાસ્ત્રીજી મહારાજ રાજી થયા. પણ સૌ તેઓનું સ્વાસ્થ્ય જોઈ ચિંતિત થઈ ગયા.

તે વખતે શાસ્ત્રીજી મહારાજે 'મને કાંઈ થવાનું નથી...' એમ કહીને સ્વામીશ્રીને તે જ રાત્રે ગઢપુરની સેવામાં પાછા જવા કહ્યું.

શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા થઈ એટલે સ્વામીશ્રીને ગઢપુર ગયા સિવાય છૂટકો નહોતો; પરંતુ 'आगामि सुखं वा दुःखं वा हृदयं समर्थीकरोति।' આવી રહેલાં સુખ કે દુઃખને હૈયું પારખી જતું હોય છે તે ન્યાયે, આવનારી આપત્તિનો કંઈક અણસાર તેઓને આવી ગયેલો. તેથી તેઓ સ્થિર પણ રહી ન શકે અને આગળ પણ વધી ન શકે તેવી સ્થિતિમાં મુકાઈ ગયા. છતાં તેઓએ રાત્રે બે વાગ્યે ઊપડતાં હૈયૈ પોતાનાં ચરણ ગઢપુર ભણી જવા ઉપાડ્યાં.

તે વખતે સ્વામીશ્રીને મણિભાઈએ ભલામણ કરી કે 'અત્યારે શાસ્ત્રીજી મહારાજનો શ્વાસ જુદો ચાલે છે. માટે કાલે ત્યાંથી કો'ક સારા ડૉક્ટર હોય તો મોકલી આપજો.'

આ ભલામણથી આવનારા ભવિષ્ય અંગેની સ્વામીશ્રીની ચિંતા વધુ ઘેરી બની અને તેઓનાં ચરણ ક્ષણવાર થંભી ગયાં. તેઓને મન થઈ આવ્યું કે 'અહીં જ રોકાઈ જાઉં.' ધર્મ અને સ્નેહની વચ્ચે જાણે તેઓ સ્થિર થઈ ગયા ! પરંતુ ગુરુના અંતર્યામી બનીને રહેનાર જેઓએ, અત્યાર સુધી ગુરુની આજ્ઞા સ્વપ્નમાં પણ લોપી નહોતી, તે આવા સમયે આજ્ઞા ઓળંગીને ગુરુને કુરાજી કેવી રીતે

---

૧૧૭. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના પૂર્વાશ્રમના પિતાશ્રી.

કરી શકે ?! સ્વામીશ્રી ચાલી નીકળ્યા. મધરાતની એ મુસાફરીમાં પણ તેઓના પ્રત્યેક પગલે આજ્ઞાપાલકની આદર્શમૂર્તિ સ્પષ્ટપણે જોઈ શકાતી હતી.

નિઃસ્તબ્ધ સારંગપુર, નિઃશબ્દ સ્વામીશ્રી

સ્વામીશ્રીની ગઢપુર ભણી વિદાય બાદ બીજે દિવસે તા. ૧૦/૫/૧૯૫૧ની સવારે નવ વાગ્યે શાસ્ત્રીજી મહારાજે આંખો ખોલી. પછી કહ્યું : 'મને રંગ-મંડપમાં લઈ જાઓ, મહારાજની પાસે.'

સૌ શાસ્ત્રીજી મહારાજને રંગમંડપમાં લઈ આવ્યા અને ખાટલા પર સુવાર્યા. આ બાજુ ગઢપુર પહોંચેલા સ્વામીશ્રી ભાલચંદ્ર ડૉક્ટરને સારંગપુર જવા રવાના કરીને કંકોત્રીઓ મોકલવાની કાર્યવાહીમાં પરોવાયા. પરંતુ સં. ૨૦૦૭ની વૈશાખ સુદ ચોથના દિવસે સવારે ૧૦:૫૭ કલાકે શાસ્ત્રીજી મહારાજે પોતાની જીવનલીલા સંકેલી લીધી. સમગ્ર સારંગપુર સ્તબ્ધ બનીને ઊભું રહી ગયું ! જેમ જેમ આ સમાચાર પ્રસરતા ગયા તેમ તેમ સૌનાં હૈયાં ધબકાર ચૂકતાં ગયાં.

સ્વામીશ્રીએ પણ આ સમાચાર સાંભળી વજ્રાઘાત અનુભવ્યો. તેઓ તરત જ સારંગપુર જવા નીકળ્યા. તેમાં વચ્ચે એક અકસ્માતમાંથી ઊગરી ગયા. સ્વામીશ્રી તથા સૌ જે લૉરીમાં જતા હતા તે ગઢડા સ્ટેશનેથી ઊપડેલી ટ્રેન સાથે અથડાતાં અથડાતાં રહી ગઈ. વાહનચાલક રામસંગભાઈની સમયસૂચકતાથી સૌ હેમખેમ બચીને નિંગાળા પહોંચ્યા. અહીં રેલવે સ્ટેશનેથી સ્વામીશ્રીએ યોગીજી મહારાજ તથા અન્ય વડીલ હરિભક્તોને ફોન દ્વારા શાસ્ત્રીજી મહારાજ સંબંધી સમાચાર પહોંચાડ્યા અને પોતે આશરે બાર વાગ્યે સારંગપુર આવી પહોંચ્યા.

જ્યારે સ્વામીશ્રી સારંગપુર પધાર્યા ત્યારે જાણે સમગ્ર મંદિર રડી રહેલું. શાસ્ત્રીજી મહારાજના પાર્થિવ શરીરને જોતાં જ સ્વામીશ્રીની આંખોમાંથી પણ અશ્રુધારા વહી રહી. શાસ્ત્રીજી મહારાજે પોતાને વર્તમાન ધારણ કરાવેલાં ત્યારથી માંડીને પ્રમુખપદની ચાદર ઓઢાડી ત્યાં સુધી તેઓએ પોતાને જે સુખ આપ્યું તેની દૃશ્યાવલિઓ એક પછી એક તેઓની નજર આગળથી પસાર થવા લાગી.

પોતાનું એકવડું શરીર પુષ્ટ થાય તે માટે મોંમાં કોળિયા આપીને જમાડનાર, માંદગીઓના પ્રસંગે શરીરે હાથ ફેરવીને પોતાને સ્વસ્થ કરનાર, સમૈયાઓની તડામાર તૈયારીઓ વચ્ચે પણ પોતાની પથારીની ચિંતા કરી સુખે સુવડાવનાર, માની મમતાથી પોતાને ભણાવી-ગણાવીને તૈયાર કરનાર, પોતાના મુખે કથામૃતનું પાન કરી રાજીપો વરસાવનાર, પોતાની સાથે હાથ પકડીને

ફેરવી વ્યાવહારિક સૂઝ-બૂઝથી સજ્જ કરનાર... શાસ્ત્રીજી મહારાજનાં આવાં તો કૈંક સ્વરૂપો તેઓની આંખો સમક્ષ તરવરવા લાગ્યાં. આ લાભ હવે ફરી નહીં મળે એ વિચારમાત્રથી સ્વામીશ્રી વિરહ-વિહ્વળ બની ગયા. પરંતુ ગુરુએ જ આપેલી જ્ઞાનદૃષ્ટિથી વિરહ-વેદનાને વિદારીને તેઓ યોગીજી મહારાજની સાથે શાસ્ત્રીજી મહારાજની અંતિમવિધિમાં જોડાયા.

શાસ્ત્રીજી મહારાજે જ અગાઉ તૈયાર કરાવી રાખેલી પાલખીમાં તેઓના શ્રીવિગ્રહને પધરાવીને રંગમંડપની બહાર લીમડા નીચે સૌના દર્શનાર્થે મૂકવામાં આવ્યો. ત્યારબાદ યોગીજી મહારાજ અને સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજના શ્રીવિગ્રહને સ્નાન કરાવ્યું. ચાંદલા કર્યા. પુષ્પહાર પહેરાવ્યા. આરતી ઉતારી. શાસ્ત્રીજી મહારાજ ખોળિયું ખાલી કરી ગયા પછી પણ તે શ્રીવિગ્રહ હજી એવો ને એવો જ દિવ્ય અને દેદીપ્યમાન લાગતો હતો.

તે શ્રીવિગ્રહને મંદિરની પાંચ પ્રદક્ષિણાઓ કરાવવા માટે સ્વામીશ્રીએ પોતાના ખભે પાલખી ઊંચકી. જે ગુરુએ અત્યાર સુધી પળે-પળે પોતાને ખભો આપેલો, તે ગુરુને આજે આમ ખભો આપતાં સ્વામીશ્રીએ શું શું નહીં અનુભવ્યું હોય ?! રડતી આંખે અને ભગ્ન હૃદયે સૌ આ દૃશ્ય જોઈ રહેલા.

શાસ્ત્રીજી મહારાજને ફલ્ગુ અને ઉતાવળી નદીના બેટમાં સૌ લઈ આવ્યા. જ્યાં શ્રીજીમહારાજે અનેક મોક્ષપ્રદ લીલાઓ કરેલી તે પ્રાસાદિક ભૂમિ પર શાસ્ત્રીજી મહારાજને સદાને માટે પોઢવું હતું. યોગીજી મહારાજ અને સ્વામીશ્રીએ એ ભૂમિને જળ છાંટી સ્વચ્છ કરી. તે પર કાષ્ઠ ગોઠવાયાં. તે પર શાસ્ત્રીજી મહારાજનું સુકોમળ શરીર પધરાવાયું. સૌ સ્તબ્ધ થઈને આ વિધિ નિહાળી રહેલા. અંતે યોગીજી મહારાજ અને સ્વામીશ્રીએ જ્યારે શાસ્ત્રીજી મહારાજના શરીરને અગ્નિસ્પર્શ કરાવ્યો ત્યારે તો સમગ્ર વાતાવરણ કરુણ આક્રંદથી ચિરાઈ ગયું. નિરાધાર ભક્તો ચોધાર આંસુએ રડી રહ્યા.[૧૧૮]

શાસ્ત્રીજી મહારાજ ગયા જ નથી

સ્વામીશ્રી પણ અગ્નિદેવના ખોળે ઓગળતાં ગુરુહરિના શ્રીવિગ્રહને

---

૧૧૮. શાસ્ત્રીજી મહારાજના ધામગમનની આ લીલા સ્વામીશ્રીના શ્રીમુખે સાંભળવા જુઓ વીડિયો ટ્રેક નં. ૧૭. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

સજળ નયને જોઈ રહ્યા. જો કે એ ગુરુહરિનું સ્વરૂપ યોગીજી મહારાજમાં જોવાની જ્ઞાનદૃષ્ટિ શાસ્ત્રીજી મહારાજ પાસેથી જ તેઓએ પ્રાપ્ત કરી લીધી હતી. તેથી 'શાસ્ત્રીજી મહારાજ ગયા જ નથી, તે યોગીજી મહારાજ દ્વારા પ્રગટ છે,' – એ સમજણથી તેઓ શાસ્ત્રીજી મહારાજના આદેશ અનુસાર યોગીજી મહારાજની છત્રછાયામાં સેવારત થઈ ગયા – એ જ શક્તિથી, એ જ ભક્તિથી.

અહીં સ્વામીશ્રીની જીવનકથાના એક મહત્ત્વપૂર્ણ સમયખંડનું સમાપન થતું હતું. શાસ્ત્રીજી મહારાજના વરદ હસ્તે દીક્ષિત થયા બાદ, સાડા બાર વર્ષ સુધી તેઓએ શાસ્ત્રીજી મહારાજનું સાંનિધ્ય સેવ્યું.

આ સમયખંડનું સરવૈયું સમજાવે છે કે વીતેલા સવા દાયકા દરમ્યાન સ્વામીશ્રી એક શાંત છતાં સક્રિય, સમર્થ છતાં સરળ, વિદ્વાન છતાં વિનમ્ર, સિદ્ધ છતાં સાધક અને મહારથી છતાં મિલનસાર સંત તરીકે સૌનાં હૈયે જડાઈ ગયેલા.

એક વિચક્ષણ વિદ્વાન, કુશળ વહીવટકર્તા અને શીલવંત સાધુ તરીકે સમગ્ર સંપ્રદાયમાં છવાઈ ગયેલા.


એક તેજસ્વી, ઓજસ્વી અને યશસ્વી શિષ્ય બનીને ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાઈ ગયેલા.

જ્યારે શાસ્ત્રીજી મહારાજ સંસ્થાને સુસ્થિર કરી રહેલા ત્યારે તેઓ આવ્યા હતા પાયાનો પથ્થર બનીને યોગદાન આપવા; પરંતુ શાસ્ત્રીજી મહારાજે તેઓને જ સમગ્ર સત્સંગના સ્તંભ તરીકે સ્થાપી દીધા.

તેઓ આવ્યા હતા એક ફૂલ-છોડ બનીને મહેકી જવા; પરંતુ શાસ્ત્રીજી મહારાજે તેઓને વિશાળ વટવૃક્ષ બનાવીને મહોરાવી દીધા.

તેઓ આવ્યા હતા એક અનુયાયી બનીને અનુસરવા; પરંતુ શાસ્ત્રીજી મહારાજે તેઓને જ સૂત્રધાર તરીકે નીમી દીધા.

એ સૂત્રધારની સૂઝ-શક્તિ, એ વટવૃક્ષની છાયા-માયા અને એ સ્તંભની સ્થિરતા-દૃઢતા સરકતા સમયે જે રંગ લાવી તે જાણવા-માણવા ચાલો અવગાહન કરીએ આગળ આવતી અમૃતધારામાં.



યોગીજી મહારાજના યોગમાં

સમૈયાના સૂત્રધારની આગવી આભા

સમગ્ર સત્સંગ સમાજ માટે એક અકલ્પ્ય ઘટના બની ગયેલી. સૌ કોઈ એના સાક્ષી બન્યા હોવા છતાં હજુ પણ કોઈનુંય મન એ વાત સ્વીકારવા તૈયાર થતું નહોતું. જે મંદિરનાં નિર્માણ માટે ૩૩-૩૩ વર્ષ સુધી જેઓએ આકરી તપશ્ચર્યા કરી હોય, જે મંદિરની ભૂમિના સંપાદન માટે જેઓના સંકલ્પે રાજસત્તાઓના પણ પલટા થઈ ગયા હોય, મંદિર બન્યાનાં અઢાર વર્ષ પહેલાંથી એ મંદિરમાં પધરાવનાર મૂર્તિઓની વ્યવસ્થા જેઓ કરવા માંડ્યા હોય, તે શાસ્ત્રીજી મહારાજ એ ગઢડા મંદિરની પ્રતિષ્ઠાના માત્ર છ દિવસ પહેલાં જ ચિરવિદાય લઈ લે એ વાત જ સૌ માટે કલ્પના બહારની હતી.

'ગઢપુરના ટેકરે મહારાજ-સ્વામી જોટે(સાથે) બિરાજશે... શ્રીજીના સંકલ્પની પૂર્ણાહુતિના આપણે સાક્ષી બનીશું... શાસ્ત્રીજી મહારાજનો જયજયકાર થઈ જશે...' – આવા કૈંક મનોરથો સાથે સમગ્ર સત્સંગ-સાગર હિલોળા લઈ રહેલો, પણ તેમાં શાસ્ત્રીજી મહારાજના ધામગમનથી જબ્બર ઓટ આવી ગઈ હોય એવું વાતાવરણ થઈ ગયેલું.

પરંતુ તે જ વખતે કાળા ડિબાંગ વાદળો વચ્ચેથી ઝળહળતો સૂર્ય બહાર નીકળે તેમ યોગીજી મહારાજનો બ્રહ્મનાદ સંભળાયો : 'શાસ્ત્રીજી મહારાજ ક્યાં

ગયા છે?! એ આપણી વચ્ચેથી ગયા છે એમ મનાય જ નહીં! શાસ્ત્રીજી મહારાજ સદાય પ્રગટ છે!'

આ યોગીવાણીથી સૌનાં મન નિઃસંશય થઈ ગયાં. સૌમાં વિશ્વાસનો વિદ્યુતસંચાર થઈ ગયો. સૌનાં હૈયે જોશ-જોમ જાગી ગયાં અને સ્વામીશ્રીની દોરવણી હેઠળ પ્રતિષ્ઠા-ઉત્સવના સૌ સેવા-વિભાગો કાર્યરત થઈ ગયા.

શાસ્ત્રીજી મહારાજના સાંનિધ્યમાં નેપથ્યમાં રહેલા સ્વામીશ્રી હવે શાસ્ત્રીજી મહારાજે જ જે તખ્તો તૈયાર કરી આપેલો તે પર આવીને પોતાની ભૂમિકા બરાબર નિભાવવા માંડ્યા. જાણે ગુપ્તગંગા હવે મેદાનમાં આવીને વહેવા લાગી. આગળ જતાં ઉત્સવ-સમૈયાના આયોજન સંદર્ભે અનેક અવનવી ક્ષિતિજો ઉઘાડી આપનાર તરીકે સૌ જેઓને બિરદાવવાના હતા, તે સ્વામીશ્રીના વડપણ હેઠળ પ્રથમ સમૈયો ગઢપુર મંદિરની પ્રતિષ્ઠાનો હતો, પરંતુ તેમાંય તેઓની આગવી આભા ચોતરફ પ્રસરી રહેલી. તેમાં અઢાર વર્ષનો એક કિશોર અનાયાસે અંજાઈ ગયો!

વાહ! આ સાધુ સાચા!

આ કિશોર મંદિરોની મુલાકાત અને સંતોના સંસર્ગમાં ખાસ આવેલો નહીં. અંગ્રેજી શાળા, ખ્રિસ્તી શિક્ષકો અને બિન-સત્સંગી આબોહવાના સંગે તે ઊછરેલો. કદાચ તેથી જ, કુટુંબ આખું સત્સંગના રંગે રંગાયેલું પરંતુ તેને સત્સંગ પ્રત્યે અધિક અભિરુચિ જાગેલી નહીં. અલબત્ત, શાસ્ત્રીજી મહારાજના ખોળે રમવાનું સદ્ભાગ્ય શૈશવ અવસ્થામાં જ તેને પ્રાપ્ત થયેલું. તેઓના જ વરદહસ્તે આ કિશોરે વર્તમાન ધરાવેલાં.

જ્યારે શાસ્ત્રીજી મહારાજ ધામમાં પધાર્યા ત્યારે તે કુટુંબીજનો સાથે સારંગપુર આવેલો; પરંતુ તે અહીં પહોંચે તે પહેલાં તો શાસ્ત્રીજી મહારાજના અગ્નિસંસ્કાર થઈ ગયેલા! જો કે આ સમયે તેને સ્વામીશ્રીનાં પ્રથમ દર્શનનો લહાવો મળી ચૂકેલો. મંદિરના દક્ષિણ દિશા તરફ આવેલાં પગથિયાંની જમણી બાજુએ ઊભેલા સ્વામીશ્રીની એ પ્રથમ ઝાંખી પામીને તે કિશોર સૌની સાથે ગઢપુરની પ્રતિષ્ઠાના સમૈયામાં આવી પહોંચેલો.

અહીં પ્રતિષ્ઠાના પૂર્વદિને મહાયાગ અને નગરયાત્રાની તડામાર તૈયારીઓનો માહોલ સર્વત્ર પ્રવર્તતો હતો. ચારેકોર ચહલપહલ મચી રહેલી. શાંતિ અને શિસ્તનાં વાતાવરણની પોતાના મન પર ઘેરી છાપ ધરાવનાર આ

કિશોર માટે પ્રતિષ્ઠાપર્વના ભીડ અને ઘોંઘાટ અકળાવનારાં હતાં. આમ, પ્રતિકૂળતાથી પરેશાન તેને આણંદના આગેવાન ભક્તરાજ મોતીકાકા સ્વામીશ્રી પાસે લઈ આવ્યા.

એ કિશોરની સ્વામીશ્રી સાથે આ પ્રથમ જ મુલાકાત! પરંતુ The first impression is the last impression. પ્રથમ છાપ તે શિલાલેખ સમાનની જેમ, સ્વામીશ્રીના સાંનિધ્યમાં આ કિશોર દિવ્ય અને અદ્ભુત અનુભવોની હારમાળામાંથી પસાર થઈ રહ્યો!

તેઓના જ શબ્દોમાં આવી રહેલી એ અનુભૂતિ :

''સ્વામીશ્રીની એ વખતની મૂર્તિ હજી યાદ આવે છે. (તેઓની) ચંચળ આંખો, ઝડપથી થતા આંખોના પલકારા, સૌમ્ય, ગોળ મુખારવિંદ, પાતળી કેડ... (તેઓ) પાતળા હતા, તેથી ઊંચા લાગતા હતા. શરીર થોડું શ્યામ હતું. નાસિકાના અગ્ર ભાગે લાલ આછાં ચાઠાં દેખાતાં હતાં. હું બસ એમને જોયા કરતો હતો. સંકલ્પો જાણે બંધ થઈ ગયા હતા. તેઓ મને ઓળખતા હોય તેમ લાગ્યું. સ્વામીશ્રીને હું પણ ઓળખતો હોઉં તેવું લાગ્યું! સ્વામીશ્રીની નિકટમાં આવતાં થોડી ક્ષણોમાં જ અદ્ભુત અને દિવ્ય અનુભવ થયો. વૈશાખની લૂમાંથી ઊંચકાઈને હિમાલયની ગુલાબી ઠંડકમાં મુકાયો હોઉં એવી ટાઢક થવા લાગી. ત્યાં તો એક મોટા હરિભક્ત આવ્યા. સ્વામીશ્રીને તેમની સરભરામાં જવાનું થયું ને પલકારામાં તેઓ સ્મિત કરતાં જતા રહ્યા. કોઈએ કીમતી વસ્તુ આંચકી લીધી હોય તેમ હું હેબતાઈ ગયો. આજુબાજુ હજારો લોકો હતા, બૂમાબૂમ અને કલશોર હતો. પણ છતાં હું એકલો પડી ગયો હતો... આજે સમજાય છે કે સ્વામીશ્રીનું કેવું વ્યક્તિત્વ હતું એ સમયે! પ્રભાવ પાડી દેવો, આંજી નાખવા, એવું કાંઈ જ નહીં. સીધા, સાદા, સરળ, નિખાલસ! મને તે સમયે થયેલું : 'વાહ! આ સાધુ સાચા!''

આમ, આ પ્રથમ પરિચયમાં જ આણંદના એ કિશોર વિનુભાઈ મણિભાઈ પટેલના[૧૧૯] હૃદયમાં સ્વામીશ્રીએ ઘર બનાવી લીધું. અલ્પ સંસર્ગમાં પણ સ્વામીશ્રી તેઓની અમીટ છાપ પોતાના અંતરમાં પાડી શક્યા એ જ આ કિશોરને મન સ્વામીશ્રીનો પરચો બની રહ્યો! ગઢપુરના મંદિરમાં મૂર્તિઓ બિરાજે તે પહેલાં તો આ કિશોરના હૃદય-મંદિરમાં સ્વામીશ્રીની મૂર્તિની પ્રતિષ્ઠા થઈ ગઈ!!

---

૧૧૯. પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ.

દુર્ગપુર-દિગ્વિજય

સં. ૨૦૦૭, વૈશાખ સુદ નવમીના દિવસે પ્રતિષ્ઠા નિમિત્તેના યજ્ઞનો આરંભ થતાં ગઢડાનું ગગન વૈદિક મંત્રોચ્ચારથી ગુંજી ઊઠ્યું. યજ્ઞકુંડોમાંથી ઊઠતી ધૂમ્રસેરોથી અવની-આકાશ ઊભરાઈ ગયાં. યજ્ઞનાં હુતદ્રવ્યોની સોડમથી વાતાવરણ મઘમઘી રહ્યું. આ રીતે પ્રાતઃકાળનાં મંગલ વાતાવરણમાં ધામધૂમથી મહાયાગ સંપન્ન થયો.

વેદમંત્રોના આ ઘોષ શમ્યા ત્યાં જ ભવ્ય શોભાયાત્રા માટે ઢોલ પર દાંડી પડી. બેન્ડ-વાજાંની સૂરાવલિઓથી ગઢડાની શેરીઓ ગુંજવા લાગી. ધૂન-ભજનની રમઝટ મચી રહી. *‘શેરડિયુંમાં આવે લટકંતો લાલો રે, સર્વે સખી જીવન જોવાને ચાલો રે...’* જેવાં પ્રાસંગિક કીર્તનો, આ જ ગઢડાની શેરીઓમાં વર્ષો પહેલાં વિહરતા શ્રીજીની સંગત-રંગતનો અનુભવ કરાવી રહ્યાં.

વૈશાખ સુદ દશમનો[૧૨૦] દિવસ દુર્ગપુર-દિગ્વિજયનો દિવસ હતો. આ ઐતિહાસિક અવસરે ગઢડા મંદિરના મધ્યખંડમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થઈ ગયા. યોગીજી મહારાજ અને સ્વામીશ્રી સાથે વડીલ સંતો-ભક્તોએ મૂર્તિઓની પ્રથમ આરતી ઉતારી. વાતાવરણમાં મંગલતા પ્રસરી રહી. ઘેલા કાંઠો આજે અક્ષર-પુરુષોત્તમ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના જયનાદોથી ગુંજી રહ્યો. સૌને શાસ્ત્રીજી મહારાજ હાજરાહજૂર જ લાગ્યા!

ગુણાતીત ગુરુપરંપરાની આ જ તો વિશેષતા છે! અહીં કદી સંપ્રદાય સૂનો પડતો જ નથી. સૂર્યાસ્ત થાય તે સાથે જ સૂર્યોદય થઈ જાય છે, જેથી કોઈને અંધારામાં અટવાવાનો વારો આવતો જ નથી.

ગઢપુરના આ સમગ્ર ઉત્સવ અને મંદિરના નિર્માણમાં સ્વામીશ્રીની સેવાની સુવાસ પણ સર્વત્ર વર્તાઈ રહી. શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા અનુસાર તેઓએ આ મંદિરના પથ્થરે-પથ્થરમાં પોતાના પ્રાણ રેડી દીધેલા. મંદિર-નિર્માણની પ્રક્રિયા અને ઉત્સવ-આયોજનના સૂત્રધાર પોતે હોવા છતાં, કોઈ જ વિશેષાધિકારની અપેક્ષા રાખ્યા સિવાય નાનામાં નાની સેવામાં તેઓ પરોવાઈ ગયેલા. તેઓના કણકણમાં એક જ તાન હતું – શાસ્ત્રીજી મહારાજનું કાર્ય પૂર્ણ કરી તેઓને યથાર્થ અંજલિ આપવી. તે મુજબ પ્રમુખ થયાના એક વર્ષમાં તો તેઓએ આ પ્રતિષ્ઠા-મહોત્સવ ધામધૂમથી ઊજવી ગુરુભક્તિ અદા કરી

૧૨૦. તા. ૧૬/૫/૧૯૫૧, બુધવાર.

પણ લીધી ![૧૨૧]

યોગીજી મહારાજના યોગમાં

ગઢપુર મંદિરની પ્રતિષ્ઠા બાદ યોગીજી મહારાજ સત્સંગનું સુકાન સંભાળીને વિચરણમાં નીકળી પડ્યા. સ્વામીશ્રી પણ સમૈયાની સંકેલણીનું કાર્ય પૂર્ણ કરી શાસ્ત્રીજી મહારાજે સોંપેલી સંસ્થાની જવાબદારી વહન કરવા લાગ્યા. યોગીજી મહારાજનું કાર્ય આધ્યાત્મિક જણાતું, પણ તેમાંય વ્યાવહારિક સૂઝ ભારોભાર હતી. સ્વામીશ્રીનું કાર્ય વ્યાવહારિક જણાતું, પણ તેય આધ્યાત્મિકતાથી ઓતપ્રોત હતું. આમ, આ બંને મહાપુરુષો શાસ્ત્રીજી મહારાજનું કાર્ય વિશ્વવ્યાપી બનાવવા માટે પ્રવૃત્ત થઈ ગયા.

'યોગીજી મહારાજની આજ્ઞામાં રહી સત્સંગ-સેવા કરવી' – શાસ્ત્રીજી મહારાજના આ શબ્દો ભરતકામમાં આભલાં ભરે એ રીતે સ્વામીશ્રીના હૃદયમાં બરાબર જડાઈ ગયા હતા. તેથી તેઓ હરહંમેશ યોગીજી મહારાજની આજ્ઞા અનુસાર જ કાર્ય કરતા.

તેઓ ઘણી વાર કહેતા: 'યોગીબાપા વખતે મેં સ્વતંત્રપણે કોઈ નિર્ણય લીધો જ નથી. યોગીબાપાની આજ્ઞા મળે પછી એનો આગ્રહ-અમલ કરીએ. એક વાતની દૃઢતા હતી કે યોગીબાપાની આજ્ઞામાં રહેવું. શાસ્ત્રીજી મહારાજે કહ્યું ત્યારથી એ જ દૃષ્ટિ રાખી છે.'

વળી, તેઓ કહેતા : 'શાસ્ત્રીજી મહારાજ વિશે મને જેવો ભાવ હતો તેવો ને તેવો જ યોગીજી મહારાજ વિશે રહ્યો તે એમની દયા.'

'No man can serve two masters.' 'કોઈ વ્યક્તિ બે ગુરુઓને રાજી ન કરી શકે' – એ લોકોક્તિ સ્વામીશ્રીએ સદંતર ખોટી ઠેરવી. તેઓ શાસ્ત્રીજી મહારાજના સંગમાં ગુરુભક્ત બનીને જેવા ખીલી ઊઠેલા તેવા જ યોગીજી મહારાજના યોગમાં પણ ગુરુભક્તિની સુગંધથી મઘમઘી રહ્યા. એ જ ગુરુભક્તિથી સન ૧૯૫૧ની ગુરુપૂર્ણિમાએ યોગીજી મહારાજનું પ્રથમ ગુરુપૂજન સ્વામીશ્રીએ કર્યું.

---

૧૨૧. ગઢપુર મંદિરના ખાતવિધિથી પ્રતિષ્ઠા મહોત્સવ સુધી સ્વામીશ્રીએ કરેલી વિવિધ સેવાઓને નિહાળવા જુઓ વીડિયો ટ્રેક નં. ૧૮. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

શાસ્ત્રીજી મહારાજના સમયથી જ પ્રતિવર્ષ શ્રાવણ માસમાં અમદાવાદના હરિભક્તો ભવ્ય પારાયણ યોજતા આવેલા. આ વર્ષે પણ એ આયોજન ગોઠવાયેલું. શ્રાવણ સુદ નોમથી આ પારાયણનો ભવ્ય શુભારંભ થયો. વક્તાપદે વ્યાસપીઠ પર સ્વયં સ્વામીશ્રી બિરાજ્યા અને તેઓની રોચક શૈલીમાં 'સત્સંગિ-જીવન'ની કથા સંભળાવી સૌને તૃપ્ત કર્યા.

અનેકવિધ સંસ્થાકીય પ્રવૃત્તિઓની વચ્ચે પણ સ્વામીશ્રી જ્યારે કથારસ રેલાવતા ત્યારે સૌને એક અનુભવ એ થતો કે આ સંતને પ્રવૃત્તિનો કોઈ પાશ લાગ્યો જ નથી; જાણે જળકમળવત્ રહીને જ તેઓ બધો વ્યવહાર સંભાળી રહ્યા છે, એવું દરેકનો સાક્ષી કબૂલ કરતો.

અમદાવાદમાં પારાયણની પૂર્ણાહુતિ કરીને સ્વામીશ્રી યોગીજી મહારાજની સાથે અટલાદરા પધાર્યા. અહીં જન્માષ્ટમીનો ઉત્સવ ઊજવવાની પ્રણાલિકા શાસ્ત્રીજી મહારાજે રાખેલી. તે મુજબ કૃષ્ણાષ્ટમી ધામધૂમથી ઊજવાઈ. ઉત્સવ બાદ યોગીજી મહારાજ મુંબઈ જવા નીકળ્યા અને સ્વામીશ્રી અમદાવાદ તરફ.

નવી દિશાના ખોલનારા

સ્વામીશ્રી અટલાદરાથી અમદાવાદ જવા નીકળ્યા એ દિવસ હતો – શ્રાવણ વદ એકાદશીનો. આ જ દિવસે કેટલાક યુવકો પણ યોગીજી મહારાજનો લાભ લઈને પોતપોતાના વતન તરફ પ્રયાણ કરી રહેલા. આ યુવકોને રેલવે સ્ટેશન પર જ સ્વામીશ્રીનાં દર્શન થતાં સૌ રાજી થઈ ગયા.

થોડી વારમાં ટ્રેન આવી. જેને જ્યાં જગ્યા મળી ત્યાં સૌ ચડી ગયા. સ્વામીશ્રી થર્ડ ક્લાસના ડબ્બામાં ચઢ્યા. જ્યારે જ્યારે સ્વામીશ્રી ટ્રેનમાં પ્રવાસ કરે ત્યારે હંમેશાં થર્ડ ક્લાસ જ પસંદ કરતા. તે પાછળ સાદગી અને ભક્તિનો ઉદ્દેશ મુખ્ય રહેતો. ઠાકોરજીની મિલકતમાંથી બને એટલું ઓછું વાપરવું, અને જે આવશ્યક હોય તે વાપરવું પડે તેમાં પણ બને એટલું સાદું વાપરવું; આ બે વિચાર તેઓના મનમાં કાયમ રમ્યા કરતા. તેથી પ્રમુખના હોદ્દાની રૂએ પણ કદી કોઈ વિશેષ સવલતની ઝંખના તેઓએ રાખી નહોતી.

સ્વામીશ્રી જે ડબ્બામાં ચડ્યા તે જ ડબ્બામાં આણંદના વિનુભાઈ પણ દોડીને ચડી ગયેલા. ગઢડામાં પ્રતિષ્ઠા વખતે સ્વામીશ્રીનો યોગ થઈ ગયા બાદ તેઓને જાણે સ્વામીશ્રીનું ઘેલું લાગી ગયેલું. સ્વામીશ્રી કાંઈ બોલે નહીં તો પણ તેઓની પાસે બેસી રહેવું તેઓને ગમતું.

'सतां सप्तपदं मैत्रम्।'[૧૨૨] સંતની સાથે સાત ડગલાં ચાલવા માત્રથી મૈત્રી બંધાઈ જાય છે – એ અનુભવમાંથી વિનુભાઈ પસાર થઈ રહેલા. તેથી અહીં તક મળતાં જ તેઓ સ્વામીશ્રી પાસે આવી ગયા. તેઓને જોઈને સ્વામીશ્રી પણ ખૂબ રાજી થયા.

થોડી વારમાં ટ્રેન ઊપડી. સ્વામીશ્રી વિનુભાઈને અભ્યાસ સંબંધી પૂછપરછ કરવા લાગ્યા. એ જ વાતચીતમાં તેઓએ પૂછ્યું : 'ગળામાં કંઠી છે?'

વિનુભાઈના ગળામાં કંઠી નહોતી. તેથી સ્વામીશ્રીએ હેતથી કહ્યું : 'યોગીબાપાના હસ્તે કંઠી પહેરી લેજો.' પરંતુ એટલામાં તો જોડિયા સંતે થેલામાંથી કંઠી કાઢીને સ્વામીશ્રીના હાથમાં આપી દીધી. સ્વામીશ્રીએ તે કંઠી વિનુભાઈને પહેરાવી. ત્યારબાદ વાતનો દોર પુનઃ સંધાયો. વિનુભાઈને ગુજરાતી ફાવતું નહીં. તેથી સ્વામીશ્રી હિંદીમાં વાતો કર્યે જતા હતા.

તેમાં તેઓએ વિનુભાઈને કહ્યું : 'તમે સાધુ બની જાઓ. બહુ સેવા થશે.'

અરે! હજી હમણાં તો જેમના ગળામાં કંઠી પહેરાવી છે તેમને થોડી જ મિનિટો બાદ સાધુ થઈ જવાની વાત! ભાંખોડિયા ભરવા શીખેલા શિશુને સીધી દોડવાની જ વાત! આવી વાત કહેતાં કોની જીભ ઊપડે? પણ સ્વામીશ્રીએ આ વાત કરી દીધી! પણ હા, તેમાં આગ્રહ નહોતો, આજ્ઞા પણ નહોતી, પરંતુ સંસારના દુઃખનું અને ભગવાનના સુખનું સચોટ વર્ણન હતું.

આ પ્રસંગે વિનુભાઈને જે અનુભૂતિ થઈ તે વર્ણવતાં તેઓએ લખ્યું છે :

'સ્વામીશ્રી એવી રીતે વર્ણવતા હતા કે પસંદગી મારે કરવાની હતી. સ્વામીશ્રીએ જે મીઠાશથી, નમ્રતાથી, પ્રેમથી વાતો કરેલી તેનાથી મને નવી જ દિશા મળેલી. બહુ જ શાંતિ થયેલી. સૌપ્રથમ વાર મને સાધુ થવાની વાત જો કોઈએ કરી હોય તો એ પ્રમુખસ્વામી હતા. આ પછી સાધુજીવન જીવવા માટેની મારી સુષુપ્ત અભિલાષા જાગ્રત થવા લાગી.'[૧૨૩]

જેમ ઘણના ઘા નહીં પણ ઝરણાંનું નર્તન કાંકરાને સુંવાળા બનાવે છે, તેમ સ્વામીશ્રીની ઋજુ વાણીની પણ ધારી અને ઘેરી અસર વિનુભાઈ પર થઈ. તેઓના જીવનમાં એક નવી દિશા ખૂલી ગઈ !!

---

૧૨૨. पञ्चतन्त्रम् – २/४९.

૧૨૩. 'જેવા મેં નીરખ્યા રે...' ભાગ - ૪; સાધુ કેશવજીવનદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ.

તપ-વ્રતના પ્રેરક

મુસાફરી દરમ્યાન સ્વામીશ્રીએ વિનુભાઈને યોગીબાપાના મહિમાની વાતો કરવા માંડી. આ વાતોથી તો વિનુભાઈને એટલી શાતા મળી ગઈ કે જાણે સ્વામીશ્રીએ તેઓને પોતાના ખોળામાં જ લઈ લીધા હોય તેમ લાગ્યું! સ્વામીશ્રીની વાતોમાં વિનુભાઈને એવો સ્વાદ આવ્યો કે ટ્રેનમાં થઈ રહેલી અવર-જવર, ફેરિયાઓની બૂમાબૂમ, ટ્રેનનો ખડખડાટ કે કોલસાની ઊડતી ભૂકી વગેરે કોઈ જ અંતરાયો નજરમાં આવ્યા નહીં.

જોતજોતાંમાં આણંદ આવી ગયું. ટ્રેન ઊભી રહી. યુવકો ઊતરીને સ્વામીશ્રીના ડબ્બે વીંટળાઈ વળ્યા અને દર્શન-વાતોનું સુખ માણવા લાગ્યા. થોડી વારમાં ટ્રેન ઊપડી. સૌ યુવકોને સ્વામીશ્રીએ હસતાં હસતાં વિદાયનું ભાથું બંધાવ્યું કે 'આજે એકાદશી છે. કાંઈ ખાતા નહીં...' યુવકોએ આ આજ્ઞા વધાવી લીધી અને સ્વામીશ્રીએ વિદાય લીધી.

એકાદશીનો ઉપવાસ ફરાળી કે નિર્જળા કરવો તેની કોઈ સ્પષ્ટતા સ્વામીશ્રી સમક્ષ થયેલી નહીં. પણ વિનુભાઈએ નક્કી કર્યું કે 'આપણે નિર્જળા ઉપવાસ કરવો.' તેથી ઘરમાં ફરાળી વાનગીઓ બનાવવામાં આવેલી છતાં વિનુભાઈએ તો નિર્જળા ઉપવાસ જ ખેંચી કાઢ્યો. જિંદગીમાં આ પહેલી જ વાર તેઓ નિર્જળા ઉપવાસ કરી રહેલા. આમ, તેઓના જીવનમાં ઉપવાસની શરૂઆત કરાવનાર પણ સ્વામીશ્રી જ રહ્યા.

ગઢપુરમાં સ્વામીશ્રી સાથેની પ્રથમ મુલાકાતમાં વિનુભાઈનું ચિત્ત હરાઈ ગયેલું. સ્વામીશ્રી સાથેની આ પ્રથમ મુસાફરીમાં તેઓ તપ-ત્યાગની પ્રેરણા પામી રહ્યા. બંને – મુલાકાત અને મુસાફરી – અનાયાસે જ ગોઠવાઈ ગયેલાં; બંને – સ્વામીશ્રી અને વિનુભાઈ – અનાયાસે જ ભેગા થઈ ગયેલા; પરંતુ તેમાં ઘણું-બધું નિશ્ચિત થઈ ગયું હતું, તે આવનારો સમય જણાવવાનો હતો.

પરાવાણીનો પ્રભાવ

સ્વામીશ્રી તો અમદાવાદ તરફ નીકળી ગયા પણ વિનુભાઈનું મન તેઓના જ વિચારોમાં રમમાણ થઈ ગયેલું. સ્વામીશ્રી સાથેની આ પ્રથમ મુસાફરીનાં કામણ કેવાં રહ્યાં તેની અનુભૂતિ વાગોળતાં તેઓએ જ લખ્યું છે :

''મારા ઘડતરનું કાર્ય સ્વામીશ્રીની પ્રેમાળ વાણી દ્વારા થયું એ

સામાન્ય ઘટના ન હતી. મેં પણ સાધુ થવાની વાત વિચારેલી નહીં. સ્વામીશ્રીએ પણ કોઈ ઈરાદાપૂર્વક વાત કરી નહોતી. બસ, બધું કુદરતી (naturally) ગોઠવાઈ ગયું! આવી ઊંચી – પ્રથમ તબક્કે કડક લાગી જાય તેવી – સંસાર મૂકી દેવાની વાતો સ્વામીશ્રીએ એવી સહજ સ્વભાવે કરી હતી કે જીવનની સાર્થકતા તેમાં જ છે એ ભાવ હૃદયમાં સ્થાપી દીધો. સ્વામીશ્રી મને હિંદીમાં સમજાવતા હતા. તેમને ભાષાની તકલીફ પડે તે સ્વાભાવિક હતું. આવી ભાષામાં પણ કેટલું બળ હશે કે વાત મારા જીવમાં ઉતારી શક્યા! સાચા સાધુ વિના આ અસંભવ છે.''

આમ, સ્વામીશ્રીની પરાવાણીના પ્રભાવે વિનુભાઈના અંતરતલને ઢંઢોળી નાંખ્યું. એ વાણીએ વશીકરણનો મંત્ર વિનુભાઈના કાનમાં ફૂંકી દીધો. એનાં કામણ ધીરે ધીરે પ્રસરવા લાગ્યાં.

નિરાળા-મરમાળા પ્રમુખ!

સંસ્થાના પ્રમુખ તરીકે સ્વામીશ્રીને દરેક મંદિરોનો પ્રવાસ ખેડવાનો થતો. વળી, ઉત્સવ-સમૈયાના આયોજનમાં આખરી નિર્ણય તેઓને જ લેવાનો રહેતો. તેથી ઉત્સવ-સમૈયાઓના પ્રસંગે પણ જે-તે સ્થળે પહોંચવું પડતું. સાથે સાથે પ્રસંગોપાત્ત પધરામણીઓનો દોર અવિરત ચાલતો. કથા-પારાયણોના પ્રસંગો પણ સાચવવાના થતા. સંસ્થાકીય મીટિંગોનો સિલસિલો પણ સમાંતર દોડતો રહેતો. આમ, એકસાથે અનેક જવાબદારીઓ સ્વામીશ્રી વહન કરતા. તેને કારણે એક જગ્યાએ ઠરીઠામ થઈને રહેવાનું તેઓને બનતું જ નહીં. ઉપરાંત, તેઓનો પણ વિચાર એવો કે 'દેહ રહે ત્યાં સુધી સેવા કરતાં રહેવું.' એટલે પગ વાળીને બેસવાનો વિચાર તો તેઓની નજીકમાં ફરકી જ શકતો નહીં.

પણ એ વખતે ખાટલે મોટી ખોટ હતી – અપૂરતી સગવડ. સેવા-વિચરણ અંગે ગમે-તેવા નેક ઈરાદા હોય અને છલકાતો ઉત્સાહ હોય, તોય તે પર ઠંડું પાણી ફરી વળે એવી પરિસ્થિતિનો એ જમાનો હતો. શૌચ-સ્નાન, આરામ-વિરામ, મુલાકાત-મુસાફરી વગેરેમાં સ્વામીશ્રી માટે કોઈ અલાયદી વ્યવસ્થા રહેતી નહીં. પગપાળા, બળદગાડાં, ટ્રેક્ટર, એસ.ટી બસ કે ટ્રેનમાં થર્ડ ક્લાસ દ્વારા જ પ્રવાસ કરવાનો રહેતો. તેઓની નાનકડી-રૂપકડી કાયામાં તારણહારને જોવાની દૃષ્ટિ તો એ વખતે કોને હોય? તેથી સ્વામીશ્રીનાં કોઈ માન-મોભા જળવાય નહીં. જો કે સુવિધા વિના પણ સેવા કરવાની વાત તેઓને મનભાવતાં

ભોજન જેવી હતી. તેથી આ બાબતે તેઓ તરફથી કોઈ ઊહાપોહ ને ઉપાર્જન થતાં જ નહીં.

અવિરત દોડધામમાંય સ્વામીશ્રી નિયમ-પાલનમાં આખા ખલકનો ખટકો રાખતા. જે દિવસે એસ.ટી બસ કે ટ્રેનમાં મુસાફરી કરે તે દિવસે જ્યાં પહોંચવાનું હોય ત્યાં પહોંચીને તેઓ માથાબોળ સ્નાન કરી લે અને તે સાથે જ બીજા દિવસની સવાર સુધી ઉપવાસ કરી નાંખે. સ્ત્રી-સાધુ મર્યાદા સંપૂર્ણતઃ સચવાઈ હોય તોય આ તેઓનો ક્રમ રહેતો.

જે જે મંદિરમાં જાય ત્યાં વહીવટ-વ્યવહારનાં કાર્યો અધિકૃત સંતો-સેવકો સાથે બેસીને ઝીણવટથી જુએ. વિમર્શ કરે. પ્રશ્ન હોય તો ઉકેલે. મોટા ભાગે તે વખતે તો ભોંય પર ગાદી-ગાદલાં કે શણિયાં-શેતરંજી પાથરીને જ બેસવાનું થતું. તે પર બેસવામાં સ્વામીશ્રી જેટલા ટટ્ટાર એટલા જ બોલવામાં નમ્ર રહેતા. મોટા-ખોટા દરેકની મર્યાદા જાળવે. દોઢેક કલાકમાં તો રજેરજ વિગત જાણીને પછી ઊભા થાય.

મંદિરના ખૂણે-ખૂણે ફરવા નીકળે. ચટ્...ચટ્.. એવા ચાલે કે સાથે ચાલનારાને તો હાંફ્યે જ છૂટકો. મંદિરના નાનામાં નાના માણસને મળી લે. તેય ઊભાં-ઊભાં શિષ્ટાચાર પૂરતું નહીં; તેનાં કામ-કુટુંબ અંગે સઘળી માહિતી લે. કંઈક ખોટકામણ હોય તો દૂર કરે. હાથમાં ધોતિયાંનો છેડો પકડીને ખેતરની વાડીઓના શેઢે-શેઢે ઘૂમતા તેઓનાં દર્શન હજીયે કૈંકની સાંભરણમાં હશે! પાક-પાણી, ખેડ-ખાતર, ઢોર-ઢાંખર સંબંધી પૂછપરછ તળિયાઝાટક કરે. તેઓ જ્યાં જાય ત્યાં બધું સમથળ થતું જાય. બે દિ' રોકાય એમાં તો જે તે સ્થાનના પ્રશ્નોનો ખુરદો કાઢી નાંખે.

હા, પણ નર્યા વહીવટી ન લાગે. અરે, નર્યા શું? લેશ વ્યવહારિયા ન જણાય, કારણ કે જે કાંઈ કરે તે ભક્તિભાવથી કરે. કથા, આરતી, ચેષ્ટા જેવી ભક્તિસંબંધી ક્રિયામાં ટાંકણીનોય ટોચો ન લાગવા દે. સારંગપુરમાં જાય ત્યારે તો શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિસ્થાને સવાર-સાંજ સવા સો - સવા સો પ્રદક્ષિણા ફરે. ગોંડલ પધારે ત્યારે અક્ષર દેરીમાં પણ સાંજે આ જ રીતે પ્રદક્ષિણા કરે. પૂજા એવી નિરાંતે કરે કે દિ' આખામાં જાણે કોઈ કામ જ ન હોય! શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના મહિમાની વાતો કરવા બેસે ત્યારે તો જાણે કોઈ પ્રવૃત્તિનો સંગ જ નથી તેમ એકતાર થઈ જાય.

ઉત્સવ-સમૈયામાં તો તેઓ ક્યારે જમે છે અને ક્યારે સૂએ છે તે કળવું

મુશ્કેલ થઈ જાય, એમ ચારેકોર ફરતા દેખાય. તે વખતે ઘણી વાર સાત સાંધે ને તેર તૂટે જેવી પરિસ્થિતિ હોય. એક પ્રશ્ન ઉકેલે ત્યાં બીજો ઊભો થાય અને બધી નદીઓ સમુદ્રમાં ભળે તેમ બધા પ્રશ્નો તેઓની પાસે જ આવે. પણ સ્વામીશ્રી માથે હિમાલય મૂકીને કામ કર્યે રાખે. ગમે તેવું અણધાર્યું આવી પડે તોય વિચલિત ન થાય. ધાતુ જેમ જેમ ઘસાય તેમ તેમ વધુ ઊજળી થાય; એ રીતે જેમ જેમ પ્રશ્નો આવે તેમ તેમ સ્વામીશ્રીની સાધુતા વધુ ઝળકતી દેખાય.

પારાયણો-પધરામણીઓમાં પણ હરિભક્ત જેમ રાજી થાય તેમ જ વર્તવાનું. પાણીને જે પાત્રમાં ઢાળો તેનો આકાર પકડી લે, તેમ સ્વામીશ્રી પણ જે વ્યવસ્થા હોય તેમાં ઢળી જાય. કોથળા પર બેસીનેય પારાયણ-પધરામણી કરી જાણે ! પધરામણીમાં આત્મીયતા એવી અનુભવાય કે સૌનાં હૈયાં તેઓ આગળ ખૂલી જાય. મન કિલકિલ થઈ ઊઠે. શાંતિ-સૌહાર્દનું વાતાવરણ પ્રસરી જાય.

આમ, દરેક રીતે સૌને તેઓ નિરાળા-મરમાળા પ્રમુખ લાગતા !

સન ૧૯૫૨

ભૂખ્યા રહી જમાડ્યા અમને

સન ૧૯૫૨ની સાલમાં યોગીજી મહારાજ પેટલાદ પધારેલા. સ્વામીશ્રી પણ સાથે હતા. આ વિચરણમાં આણંદના વિનુભાઈ યોગીબાપાનો લાભ લૂંટવા આવેલા. પરંતુ યોગીજી મહારાજને ભાવનગરના કુબેરભાઈની તબિયતના માઠા સમાચાર મળતાં તેઓએ ભાવનગર જવા તૈયારી કરી અને વિનુભાઈને કહ્યું : 'તમે પ્રમુખસ્વામી સાથે સેવામાં રહેજો. પછી ભેગા થઈશું.'

સ્વામીશ્રીને અમદાવાદ જવાનું હતું. તે માટે તેઓ જોડિયા સાધુ અને વિનુભાઈને લઈને નીકળ્યા. અમદાવાદ પહોંચીને સૌએ આંબલીવાળી પોળના મંદિરમાં ઉતારો કર્યો. આ જ સ્થળે સ્વામીશ્રીની પ્રમુખવરણી થયેલી. અનાયાસે તે પ્રાસાદિક સ્થળનાં દર્શનનો લાભ મળી જતાં વિનુભાઈ રાજી થયા.

તે સમયે બબુભાઈ મંદિરનો વ્યવહાર સંભાળતા. તેઓને સંસ્થાનું મમત્વ ઘણું અને વળી કરકસરિયો જીવ; તેથી રસોઈનું સીધું પણ માપમાં જ આપે. જો કે સ્વામીશ્રીને તો તે સામે કોઈ જ વાંધો નહોતો. તેઓ તો જે સીધું આવે તેમાંથી રસોઈ બનાવે. રસોઈ તૈયાર કર્યા બાદ ઠાકોરજીને થાળ કરી સૌને જમવા બેસાડે. કોણ જાણે ક્યાંથી પણ સ્વામીશ્રીની ચકોર નજરે નોંધી લીધેલું કે 'વિનુભાઈને રોટલી પર રુચિ વધુ છે અને તેઓ ભાત જમતા નથી.' તેથી સ્વામીશ્રી રોજ

પોતાના ભાગની રોટલી પણ વિનુભાઈને આપી દેતા! પોતે માત્ર દાળ-ભાત જમી લે. ઘી પણ બધું રોટલી પર ચોપડી દે. પોતાના માટે કશું રાખે નહીં.

તે વખતે વિનુભાઈની ઉંમર ઓગણીશ વર્ષની; તેથી જઠરાગ્નિ પણ પ્રદીપ્ત. પરંતુ સ્વામીશ્રી વિનુભાઈ જેટલું જમે તેટલું પીરસતા જાય. સ્વામીશ્રી માટે કંઈ વધે છે કે નહીં તે વિચાર પણ વિનુભાઈને ન આવે તેટલી સાહજિકતાથી સ્વામીશ્રી એમની સંભાળ રાખતા. પોતાના ભાગની રોટલીઓ આપી દેવાનો આ ક્રમ જેટલા દિવસ સુધી ચાલ્યો તેટલા દિવસ સુધી સ્વામીશ્રીએ આ વાતની સહેજ પણ જાણ વિનુભાઈને થવા દીધી નહોતી.

તેઓના પરોપકારની આ જ વિશેષતા રહેતી. જમણો હાથ આપે તે ડાબો હાથ જાણી ન શકે તો બીજો તો શું જાણવાનો? પોતે કરેલાં કાર્યોનાં ઢોલ પીટવા-પિટાવવાની લેશ ઇચ્છા સ્વામીશ્રીને રહેતી નહીં.

આવો દિવ્ય, નિખાલસ પ્રેમ વિનુભાઈને પલાળી ગયો! *'ભૂખ્યા રહી જમાડ્યા અમને, જાગી ઊંઘાડ્યા, એવાં કાયાના કીધેલાં જતન જી...'* સમો મમતામેઘ સ્વામીશ્રી સૌ પર વરસાવતા રહેતા. આજે વિનુભાઈ પણ તેથી કોરા ન રહ્યા.

ગદ્‌ગદ કરી મૂકતી મમતા

યોગીજી મહારાજ તો હજુ ભાવનગર જ હતા. તે દરમ્યાન સ્વામીશ્રીને અમદાવાદથી અટલાદરા જવાનું થયું. તે માટે નિશ્ચિત સમયે સ્વામીશ્રી, જોડના સંત અને વિનુભાઈએ ટ્રેનમાં બેઠક મેળવી લીધી; પરંતુ નિયમ-ધર્મની મર્યાદા સચવાય તે માટે સ્વામીશ્રી વધારે સારી બેઠકની તપાસ કરવા નીચે ઊતર્યા. વિનુભાઈને કહ્યું : 'તમે અહીં બેસો.'

થોડી વારે સ્વામીશ્રી પરત ફર્યા અને વિનુભાઈને કહે : 'ચાલો, આગળ સારી જગ્યા છે.' એમ કહેતાં તેઓએ પોતાનું પોટલું લીધું. જોડના સંત અને વિનુભાઈ તેઓની પાછળ ચાલવા લાગ્યા.

તે વખતે વિનુભાઈને વિચાર આવ્યો કે 'જગ્યા શોધવા કોણે જવાનું હતું? મારે કે સ્વામીશ્રીએ?' તેઓને થયું કે આજે ગુરુએ સેવકધર્મ બજાવી લીધો છે.

સ્વામીશ્રી સાથે સૌ નવી, સારી જગ્યાએ ગોઠવાઈ ગયા. તેવામાં સ્વામીશ્રીએ વિનુભાઈને પૂછ્યું : 'તમારી થેલી ક્યાં?' સ્વામીશ્રીએ આમ પૂછ્યું ત્યારે જ વિનુભાઈને ખબર પડી કે તેઓ પોતાની થેલી તો પહેલા જે ડબ્બામાં

બેઠેલા ત્યાં જ ભૂલી ગયેલા છે. તેથી તેઓ મૌન જ રહી ગયા. સ્વામીશ્રી એ મૌનની ભાષા સમજી ગયા અને પોતે વિનુભાઈની થેલી લેવા ઊપડી ગયા!

એકબાજુ ગાડી ઊપડવાનો સમય થઈ ચૂક્યો હતો. ગિરદી પણ ખાસ્સી એવી વધી ગયેલી. તેથી સ્વામીશ્રીને કોઈ સ્ત્રી અડી જાય તો ઉપવાસ પડવાનો ભય પૂરેપૂરો હતો! છતાં સ્વામીશ્રી થોડીક જ વારમાં તો થેલી લઈને આવી ગયા!! થેલી લઈ આવ્યા પછી પણ વિનુભાઈને ઠપકો કે શિખામણના બે શબ્દો સ્વામીશ્રીએ કહ્યા નહીં. જાણે ભૂલની નોંધ જ લીધી નથી એમ સ્વામીશ્રી પોતાના કામકાજમાં ડૂબી ગયા. વિનુભાઈ સૂનમૂન બેઠાં-બેઠાં ક્યાંય સુધી સ્વામીશ્રીને નીરખી જ રહ્યા!

આ પ્રસંગ તેઓના મન પર એવો કોતરાઈ ગયો કે તે બનાવનાં બેંતાલીસ વર્ષ બાદ તેઓ લખે છે :

'આ પ્રસંગ સહેજે પ્રયાસ વિના સાંભરે છે. જેમ જેમ તેના પર મનન કરું છું તેમ વધારે ને વધારે શીખવા મળે છે. ગદ્ગદ થઈ જવાય એટલી બધી મમતા અને પ્રીતિ એમણે વરસાવ્યા કરી છે. આવું અકારણ હેત - આવું મમત્વ શા માટે? હું તો અમદાવાદમાં એમની સેવા માટે સાથે મુકાયેલો. તેને બદલે તેમણે મારી સેવા કરી! ગુરુ જ સેવકની સેવા કરે, ધ્યાન રાખે, તે કેવી અવળી ગંગા! મારી સેવા કે દેખરેખથી શું એમની પ્રસિદ્ધિ થવાની હતી? કે બીજો કોઈ લાભ મળવાનો હતો? એમને તો મારા જેવા કેટલાય યુવકો હતા. પણ આ નાતો તો કેવળ આત્મીયતાનો!'[૧૨૪]

ગુરુજયંતીએ ગુરુગુણ ગાવામાં ગરકાવ

સન ૧૯૫૨માં શાસ્ત્રીજી મહારાજનો ૮૭મો જન્મજયંતી મહોત્સવ અટલાદરામાં ઊજવાયો હતો. શાસ્ત્રીજી મહારાજના ધામગમન બાદ તેઓની આ પ્રથમ જન્મજયંતી હતી. તેથી ઠેર ઠેરથી ભક્તો આ લાભ લેવા ઊમટ્યા હતા.

આ પ્રસંગે સ્વામીશ્રીએ પોતાના સ્વાનુભવની વાત કરતાં કહ્યું હતું કે –

''છેલ્લા દિવસોમાં તો હું અહીં જ હતો, ત્યારની જ વાત છે. તે ઘડીએ મંદિરમાં પૈસાની ને માણસની ખેંચ. પણ સ્વામીને એ મગજમાં નહીં કે પૈસા નથી તે આ કામ કરવું નહીં. એમને ભગવાનમાં શ્રદ્ધા હતી કે મહારાજ આપણી

૧૨૪. 'જેવા મેં નીરખ્યા રે...' ભાગ - ૪; સાધુ કેશવજીવનદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ.

સાથે છે અને ભગવાન એમનું કામ કરશે એ વિશ્વાસ. ગામમાં કોઈ મોટા સત્સંગી નહીં. મુશ્કેલીઓ ઘણી, એટલે ઘણા હરિભક્તો અને સંતોનાં મનમાં પણ થયું કે 'આટલા ગામમાં શું મંદિર કરવું? એના કરતાં વડોદરામાં કરીએ તો લાખો માણસો આવશે.' ત્યારે સ્વામી કહેતા : 'વડોદરું અહીં આવશે.' એટલે કહેવાનું શું કે વડોદરાની સરહદો વધી જશે અને આ જમીનો સોનાની થશે અને અહીં લાખો માણસો દર્શન કરશે. આવું આપણને ન સમજાય પણ એ હિંમતથી વાતો કરતા. એમને ભગવાનનું બળ હતું. ગુરુના આશીર્વાદ પર એ ચાલતા.

સેવા કરવામાં પણ બધા આનાકાની કરે. આવે, ન આવે. શાસ્ત્રીજી મહારાજ એ વખતે પણ બોલેલા કે 'કોઈ નહીં આવે તો મહારાજ આવીને કામ કરશે અને મારા બાહુબળથી પણ થશે.' એમ હિંમતથી વાત કરતા. એમના જીવનમાં આ એક વાત કે કોઈ દિવસ પાછી પાની કરી નથી.''

આમ, સ્વામીશ્રીએ પોતાના અસ્ખલિત વાક્પ્રવાહમાં સૌને ઝબકોળીને શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિમાં તરતા કરી દીધા. અંતે એ શાસ્ત્રીજી મહારાજ યોગીજી મહારાજ દ્વારા કાર્ય કરી રહ્યા છે એ મજકૂર પણ લાવી દીધો.

તેઓના વક્તવ્યમાં આ એક બાબત ખાસ નોંધનીય બની રહેતી કે ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના ઉલ્લેખ વિના કદી તેઓનું પ્રવચન સમાપ્ત થતું નહીં. શ્રોતાવર્ગ ગમે તે હોય, સ્થાન ગમે તે હોય, અવસર ગમે તે હોય, પણ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ એ સ્વામીશ્રીના પ્રવચનની ધરી સમાન રહેતા. તેઓની આસપાસ જ તેઓની વાતો વીંટળાતી રહેતી.

વનરાવનમાં વન-મહોત્સવ

વસંત પંચમી બાદ શાસ્ત્રીજી મહારાજના અતિ પ્રાસાદિક સ્થળ પુરુષોત્તમપુરામાં વન-મહોત્સવનું આયોજન કરવામાં આવેલું. અહીંના મુખ્ય હરિભક્ત આશાભાઈ તો શાસ્ત્રીજી મહારાજના ધામગમન બાદ યોગીજી મહારાજના વરદ હસ્તે દીક્ષા લઈ સાધુ યજ્ઞપ્રિયદાસ[૧૨૫] બની ગયેલા, પરંતુ તેઓના નાના ભાઈ ઈશ્વર દાજી તથા આશાભાઈના પુત્રો રમણભાઈ અને ડાહ્યાભાઈને ઉત્સાહ હતો કે 'ગામોગામના હરિભક્તોને બોલાવીને ઉત્સવ કરવો.' તે માટે તેઓએ દરેક ગામમાં પત્રો લખીને સૌને પોતાના આંગણે તેડાવેલા.

---

૧૨૫. તેઓ 'મોટા સ્વામી'ના ઉપનામથી સંપ્રદાયમાં ઓળખાતા.

શાસ્ત્રીજી મહારાજની રમણભૂમિમાં આ લાભ યોગીજી મહારાજ અને સ્વામીશ્રીની હાજરીમાં મળવાનો હતો, તેથી 'મોસાળમાં માનું જમણ' જમવા માટે હરિભક્તો પણ મોટી સંખ્યામાં આવી પહોંચેલા.

શાસ્ત્રીજી મહારાજના પ્રસાદીભૂત ખીજડા પાસે મંડપની સુંદર શોભા રચવામાં આવી હતી. તેમાં સવાર-સાંજ ભજન-ભોજનનું સુખ સૌ લેતા.

આ પ્રસંગે સ્વામીશ્રીએ આ સ્થાનનો મહિમા વર્ણવતાં કહેલું :

''અહીં તો ડગલે ડગલે અશ્વમેધ યજ્ઞનું પુણ્ય મળે એવું છે. અહીં સ્વામીએ અનેક ઉત્સવો, લીલાચરિત્રો કર્યાં છે. આ આખું કુટુંબ પવિત્ર. જેમ ગોકુળ ને વૃંદાવન ને અયોધ્યાનો મહિમા છે એવું આ સ્થાન છે. શાસ્ત્રીજી મહારાજ અહીં લીમડાના ઝાડ નીચે બેસીને અક્ષર-પુરુષોત્તમ જ્ઞાન કેમ વધે તેની ચર્ચા કરતા. કોઈ સગવડો નહોતી.''

આમ કહી સૌને શાસ્ત્રીજી મહારાજે અહીં કરેલી લીલાઓના પ્રદેશમાં વિહાર કરાવતાં સ્વામીશ્રી કહેવા લાગ્યા :

''જુઓ, આ એ જ ઘર; જ્યાં શાસ્ત્રીજી મહારાજ ઊતરતા. ભાયલીવાળા નીલકંઠ સ્વામીનો પ્રસંગ અહીં બનેલો. અહીં ખીજડે શાસ્ત્રીજી મહારાજે સાત વાર એક જ સમયે આરતી કરેલી ને આ ઘર આગળ જમણી બાજુએ જે સમળો દેખાય છે ત્યાં સ્વામી રિસાયેલા. ખેતરાંમાં ગાંસડીઓ ખુલ્લી પડેલી ને વરસાદ નજીકમાં. ખેડ માટે હળ-લાકડાં તૈયાર થઈ ગયેલાં. સ્વામીને ખબર પડી કે ગાંસડીઓ બહાર પડી છે ને પલળશે તો સંસ્થાને પૈસાનું નુકસાન ભોગવવું પડશે. એટલે અહીં ખીજડે આવીને બેસી ગયા. મોટા સ્વામી ને દાજી સૌ બોલાવવા આવ્યા કે 'ચાલો, જમવા!' ત્યારે સ્વામી કહે : 'પહેલાં ગાંસડી અમદાવાદ રવાના કરો. પછી ઘરમાં આવું.' તે વખતે મોટા સ્વામી ને દાજીએ ખેતીનું કામ પડતું મૂકીને હલાકડાં છોડ્યાં અને ગાંસડીઓ અંદર ભરાવી. એટલે સ્વામી વિશે આવી નિષ્ઠા આ કુટુંબમાં પહેલેથી.''

આમ, સ્વામીશ્રીએ પ્રસંગોનું એવું આબેહૂબ વર્ણન કર્યું કે સૌને પોતાની નજર સમક્ષ શાસ્ત્રીજી મહારાજ પ્રગટ થઈ ગયા હોય તેવું અનુભવાયું. શાસ્ત્રીજી મહારાજના ધામગમનને હજી એક વર્ષ પૂરું થયું નહોતું. તેથી શાસ્ત્રીજી મહારાજની સુખદ સ્મૃતિઓ સૌનાં મન અને અંતરમાં ઊછળી જ રહી હોય તે સ્વાભાવિક હતું. વિરહ-વેદના પણ સતાવતી હોય! તેનો તાપ સ્વામીશ્રી કથાપ્રસંગોમાં આવાં સ્મૃતિજળ છાંટી ઠારતા રહેતા.

યજ્ઞપુરુષ સ્મૃતિસ્થાનનું નિર્માણ

શાસ્ત્રીજી મહારાજે પોતાના ધામગમન પહેલાં જ કહી રાખેલું કે 'ફલ્ગુ અને ઉતાવળી નદી વચ્ચે જે બેટ છે ત્યાં મહારાજ ઘણી વખત સભા કરી બિરાજેલા છે, યજ્ઞ કર્યો છે અને બ્રાહ્મણોને જમાડ્યા છે. તો તે પ્રસાદીની જગ્યામાં જ મારા દેહનો અગ્નિસંસ્કાર કરશો.'

આ રીતે શાસ્ત્રીજી મહારાજે જ સ્વયં નિશ્ચિત કરેલા સ્થાન પર તેઓની અંત્યેષ્ટિવિધિ સંપન્ન થઈ હતી. ત્યારબાદ એ જ સ્થાન પર પાંચેક ફૂટ ઊંચો વિશાળ ચોતરો તૈયાર કરીને, તેની ઉપર વચ્ચે આરસની નાજુક દેરીનું નિર્માણ કરવામાં આવેલું. આ દેરીની નીચે શાસ્ત્રીજી મહારાજનાં અસ્થિફૂલોનો તામ્રકુંભ પધરાવવામાં આવ્યો હતો. તે કુંભમાંથી તાંબાની એક નળી દેરી સોંસરી ઉપર સુધી લંબાવવામાં આવેલી કે જે દેરી ઉપર પધરાવવામાં આવેલ શ્રીજીમહારાજનાં ચરણારવિંદની પાસે જ ખૂલતી હતી. તાંબાની નળીના આ ખુલ્લા ઉપલા ભાગ પર બંધ બેસે એવી નાની મોગરીની રચના કરવામાં આવેલી. તે મોગરીને સ્પર્શતાં જ નીચે રહેલા પ્રાસાદિક અસ્થિકુંભના અદૃશ્ય પણ પવિત્ર સ્પર્શનો લાભ લઈ શકાય તેવી આ ગોઠવણ હતી.

આવી અભિનવ રચના ધરાવતી દેરી પર ચરણારવિંદની પ્રતિષ્ઠાના ઉત્સવનો આનંદ સર્વત્ર છવાયો હતો. આ નિમિત્તે સ્વામીશ્રીના સુમધુર કંઠે પારાયણનો લાભ પણ મળવાનો હતો. તેથી સેંકડો ભક્તો ઊમટી પડેલા.

વિ.સં. ૨૦૦૮, ફાગણ વદ પડવાની[૧૨૬] તિથિએ સવારે સાત વાગ્યે શ્રીજીમહારાજનાં ચરણારવિંદની પ્રતિષ્ઠા વેદધ્વનિના મંગલ ઘોષ વચ્ચે દેરી પર કરવામાં આવી. યોગીજી મહારાજ અને સ્વામીશ્રીએ પ્રતિષ્ઠાની આરતી ઉતારી. તે સાથે જ ભક્તોના મનોરથો પૂર્ણ કરવા માટે શાસ્ત્રીજી મહારાજનું અલૌકિક સ્મૃતિસ્થાન અવની પર અવતરી ગયું. સૌ ભક્તો નવીન રચનાને કારણે શાસ્ત્રીજી મહારાજનાં અસ્થિફૂલના સ્પર્શનો લાભ મેળવી રોમાંચિત અને કૃતાર્થ થઈ ગયા.

કોઈ વિધ તમમાં નવ મળે કાચું

યજ્ઞપુરુષ સ્મૃતિસ્થાનની પ્રતિષ્ઠાના આ અવસરે પૉલેન્ડ દેશના નિવાસી મિ. પ્રિન્સ પણ મુંબઈના હરિભક્તો સાથે આવેલા. આ વિદેશીનું મન

૧૨૬. તા. ૧૨/૩/૧૯૫૨, બુધવાર.

સારંગપુરના મંદિરની ભવ્યતા, સ્મૃતિસ્થાનની રમણીયતા અને યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીની દિવ્યતાથી તરબતર થઈ ગયું. પ્રતિષ્ઠાના દિવસે બપોરે સાડા અગિયાર વાગ્યે સ્વામીશ્રીએ પારાયણની પૂર્ણાહુતિ કરી. ત્યારબાદ બપોરે ત્રણ વાગ્યે તેઓ વ્યવસ્થાપક કમિટીની મીટિંગમાં બિરાજ્યા. તેમાં તેઓની ઉપસ્થિતિમાં મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવાયા.

આ દિવસે રાત્રે જ મોટા ભાગના હરિભક્તો વિદાય લેવાના હતા. તે સૌને બોટાદ સુધી પહોંચાડવા માટેની વાહન-વ્યવસ્થામાં પણ સ્વામીશ્રી ખડેપગે સેવારત રહેલા. મંદિરોનાં વાહન દ્વારા સૌ ભક્તો સમયસર અને સુખરૂપે પહોંચી જાય તેવી સુંદર ગોઠવણ તેઓએ કરી આપેલી. આમ, સવારે પ્રતિષ્ઠાના વિધિ-વિધાનમાં ભક્તિભાવપૂર્વક તલ્લીન, બપોરે વ્યાસપીઠ પર બેસી કથારસ રેલાવતા, સાંજે મીટિંગમાં વ્યાવહારિક ગૂંચોને ઉકેલી વહીવટી માર્ગ સુગમ કરી આપતા અને રાત્રે ભક્તોની સેવામાં અહીં-તહીં ઘૂમતા સ્વામીશ્રીનાં અનેક સ્વરૂપો જોઈ આજનો પ્રતિષ્ઠાદિન ધન્યતા અનુભવી રહ્યો !

જો કે પ્રત્યેક સમૈયો તેઓની આવી સર્વતોમુખી પ્રતિભાનો સાક્ષી બની રહેતો. પ્રત્યેક સમૈયામાં દરેક મોરચે એક અણનમ યોદ્ધાની જેમ તેઓ ઝૂઝતા અને જીતતા દેખાતા. વેદવિધિ, કથા, વહીવટ કે સેવા વગેરે જે ક્રિયા કરતા હોય તેમાં તેઓ સંપૂર્ણ બંધબેસતા છે એમ જ સૌને જણાતું. અમુક-તમુક ક્રિયામાં તેઓને ઓછી-આછી ફાવટ છે એવું લેશ ન લાગે. *‘કોઈ વિધ તમમાં નવ મળે કાચું, બ્રહ્માનંદ કહે સાચું...’* – આ પંક્તિઓમાં બરાબર ગોઠવાઈ જાય તેવું તેઓનું જીવન હતું.

યજ્ઞપુરુષ સ્મૃતિસ્થાનના ઉત્સવ બાદ ફાગણ વદ ત્રીજના દિવસે યોગીજી મહારાજે તાજપુરમાં હિંડોળામાં ઝૂલતા શ્રીજીમહારાજ અને તેઓની સેવામાં ઊભેલા ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામીની પટમૂર્તિઓની પ્રતિષ્ઠા કરી હતી. આ પ્રતિષ્ઠાવિધિમાં પણ યોગીજી મહારાજે સ્વામીશ્રીને પોતાની સાથે જ રાખેલા.

દિવસ-રાત એક

સં. ૨૦૦૮ની ચૈત્ર સુદ ચોથના દિવસે સ્વામીશ્રી યોગીજી મહારાજની સાથે કાનમ પ્રદેશના કંડારી ગામમાં પધારેલા. અહીં આશરે ૬૦ જેટલી પધરામણીઓ કરીને ભગવાન સ્વામિનારાયણના જન્મોત્સવનો સમૈયો કરવા

માત્ર એક દિવસ પૂરતા તેઓ અમદાવાદ પહોંચેલા. તે સમૈયો ઊજવી બીજે દિવસે ઠીકરિયા ગામે આવી ગયેલા.

તે વખતે સ્વામીશ્રીનું વિચરણ કેવું ભીડાભર્યું રહેતું હશે તેનો કંઈક અંદાજ આ વિગત પરથી આવે છે. અપૂરતાં સાધનો વડે, અગવડભર્યા રસ્તાઓ ખૂંદતાં, ફક્ત એક જ દિવસ માટે વડોદરાના અંતરિયાળ ગામમાંથી નીકળીને છેક અમદાવાદ સુધીની દડમજલ કરવી અને વળી અમદાવાદથી કાનમ પ્રદેશના જ એવા બીજા ગામ સુધી પહોંચવું; તેમાંય જે એક દિવસ માટે અમદાવાદ જવાનું થયું તે દિવસે તો મોંમાં પાણીનું ટીપુંય મૂક્યા સિવાય નિર્જળા ઉપવાસ કરવાનો અને મોડી રાત સુધી સમૈયાની સભાનો ભીડો વેઠવાનો !

ગુરુ યોગીજી મહારાજ અને ભક્તોને રાજી કરવા માટે સ્વામીશ્રી આમ દિવસ-રાત એક કરીને વિચરતા રહેતા.

આકર્ષણના અણઉકલ્યા અક્ષરો

ઠીકરિયાથી માત્રોજ થઈને સ્વામીશ્રી નાંદ ગામે નર્મદાસ્નાન માટે પધારેલા. અત્રે એકાદશીના પવિત્ર દિવસે નદીમાં સ્નાન કરીને તેઓ સારીંગ પહોંચ્યા. અહીં આણંદના વિનુભાઈ તથા રમણભાઈ[૧૨૭] પણ યોગીજી મહારાજનો લાભ લેવા આવી પહોંચેલા.

આ પ્રસંગે રમણભાઈના મન પર સ્વામીશ્રીની શું અસર પડેલી તેનું વર્ણન કરતાં તેઓએ જ લખ્યું છે : 'પ્રમુખસ્વામી મહારાજનો સંસ્થામાં શું હોદ્દો છે તેનો મને ખ્યાલ નહોતો. તેમણે જાહેરમાં કોઈ કથા કે પ્રવચન કર્યું હોય તેવી સ્મૃતિ નથી. અંગત રીતે કોઈ વાતચીતના પ્રસંગો પણ બન્યા નથી. પણ પ્રમુખસ્વામી મહારાજની હાજરી મને ગમતી.'

આ અભિપ્રાય વિચારવા જેવો છે. પુષ્પ સુગંધ આપે છે, તેથી ગમે છે. ફળ સ્વાદ પમાડે છે, તેથી ગમે છે. ચંદ્ર ચાંદની ઢોળે છે, તેથી ગમે છે. સ્નેહ હંમેશા નિમિત્તની અપેક્ષા રાખે છે. પરંતુ એવી કોઈ લેવા-દેવાની વાત વિના, સાથે ઊઠવા-બેસવાના પણ યોગ વિના, સ્વામીશ્રીની હાજરી ગમે એ કેવું આકર્ષણ ?! જીવનમાં કેટકેટલા સદ્‌ગુણોના સરવાળા થયા હોય ત્યારે વ્યક્તિની ઉપસ્થિતિમાત્ર અન્યને આનંદ આપે !!

ખરેખર, સ્વામીશ્રીનાં આકર્ષણના અક્ષરો અણઉકલ્યા જ રહેવાના છે.

---

૧૨૭. પૂજ્ય સાધુ સ્વયંપ્રકાશદાસજી (પૂજ્ય ડૉક્ટર સ્વામી).

સર્વમાન્ય અને સર્વસન્માન્ય

સારીંગથી સ્વામીશ્રી ચૈત્રી પૂનમનો સમૈયો કરવા માટે ભરૂચ થઈને બોચાસણ પધાર્યા હતા. અહીં પ્રત્યેક સમૈયા પ્રસંગે હરિભક્તોનો ખૂબ ધસારો રહેતો. તેને પહોંચી વળવા આ વખતના ઉત્સવ માટે ચોગાનમાં વિશાળ મંડપ બાંધવામાં આવેલો. સૌને તેથી ઘણી રાહત થઈ હતી.

આ પ્રસંગે મંદિર-સંકુલમાં પણ ઘણી નવીન રચનાઓ આકાર પામેલી. એક તો સંતનિવાસની હવેલી નૂતન રંગરોગાનથી સજ્જ થઈ ગયેલી. મંદિરમાં પણ ત્રીજા માળે પથ્થરના થાંભલા ચઢી ગયા હતા. પણ આશ્ચર્ય ઉપજાવે તેવી ઘટના એ બનેલી કે મંદિરના રંગમંડપમાં ઢોલિયા પર અક્ષર-પુરુષોત્તમ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, નિર્ગુણ સ્વામીની સાથે સ્વામીશ્રીની પટપ્રતિમા પણ પધરાવાઈ હતી.

એટલું જ નહીં, સંસ્થાકીય સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ'માં એવી જાહેર વિજ્ઞપ્તિ પણ છપાયેલી કે 'શ્રીઅક્ષર-પુરુષોત્તમ મહારાજનાં પાંચેય શિખરબદ્ધ મંદિરોના વિશાળ સભામંડપમાં પરમ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજશ્રીના અભય હાથવાળા તથા પરમ પૂજ્ય યોગીજી મહારાજશ્રીના અલમસ્ત મૂર્તિવાળા તથા પરમ પૂજ્ય નિર્ગુણદાસ સ્વામીજીના આફ્રિકા પત્રો લખતા તથા પરમ પૂજ્ય શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ(પ્રમુખશ્રી)ના એમ કુલ વીસ રંગીન મોટાં પેઈન્ટિંગના ફોટાઓ ૨૦×૨૫ ઈંચની સાઈઝના પધરાવવાના છે. તો જે જે સદ્‌ગૃહસ્થ હરિભક્તોને સેવા કરવાની ઇચ્છા હોય તેઓએ આ સેવાની અણમોલ તક ઝડપી લેવી.'

સ્વામીશ્રીની ઉંમર આ જાહેરાત પ્રસંગે હજુ તો માત્ર એકત્રીસ વર્ષની જ હતી. તેમ છતાં તે સમયમાં હયાત અન્ય જૂના, વિદ્વાન, કાર્યકુશળ, સાધુતા-સંપન્ન સંતોની આગળ તેઓની પટપ્રતિમાઓ મૂકવાની પરંપરા ચાલી એ તેઓની સર્વમાન્ય અને સર્વસન્માન્ય પ્રતિભાને દર્શાવે છે. *'વય લઘુ પણ કામ કીધ ભારી...'* એ સ્વામીશ્રી માટે સત્ય ઠરતું સૌને જણાતું.

બોચાસણમાં ચૈત્રી પૂનમના સમૈયામાં લાભ આપીને સ્વામીશ્રીએ પુનઃ કાનમ પ્રદેશનું વિચરણ આરંભ્યું. કાનમના આ બીજા સત્રના વિચરણમાં તેઓ વાઘોડિયા, આનંદપુરા, સમળાતળાવ, ખેરવાડી થઈને અંટોલી પધારેલા.

આ ગામના પાદરમાંથી દેવ નદી વહે છે. તેમાં સ્નાન કરીને સ્વામીશ્રીએ

નદીને તીર્થત્વ આપ્યું. નદીકાંઠે જ જેઠાભાઈના કૂવા પાસે આવેલા ઘટાદાર આમ્રવૃક્ષની છાયામાં સભાનું આયોજન કરવામાં આવેલું. ખળખળ વહેતી નદી, આમ્રવૃક્ષની સઘન છાયા, ગામડાંનું રળિયામણું વાતાવરણ અને સ્વામીશ્રીની ધીર-ગંભીર વાણીનો માંડવો બરાબર નંખાયો હતો. તે સભામાં સ્વામીશ્રીએ કથાવાર્તાનો લાભ આપી સૌને આનંદ પમાડ્યો. *'ધન્ય વૃંદાવનવાસી વટની છાયા રે, જ્યાં હરિ બેસતા...'* એ નરસૈંયાના પદની અનુભૂતિ સૌને થઈ રહી.

સલાડમાં દાતણનું દંગલ

અંટોલીથી ભાયાપુરા, કરમાલીઆપુરા, કારવણ થઈને સ્વામીશ્રી સલાડ પધારેલા. અહીં યોગીજી મહારાજ અને સ્વામીશ્રી પધાર્યા એટલે ગામવાસીઓનો ઉત્સાહ તો સાતમા આસમાને અડી ગયો. સૌએ સંતોનું ભવ્ય સામૈયું કર્યું. યોગીજી મહારાજ સાથે આશરે સો-એક ભક્તોનો સંઘ હતો. સૌની યથોચિત આગતા-સ્વાગતા કરીને ગ્રામજનોએ કથાવાર્તાનું સુખ પણ માણ્યું. રાત્રે ચેષ્ટાગાન બાદ સૌ આરામમાં પધાર્યા.

અહીં સ્વામીશ્રી મંદિરના ઓટલે સૂતા હતા. દૂર વંડો હતો ત્યાં સૌ માટેનાં દાતણ મૂકવામાં આવેલાં. તેમાંથી સૌથી સારું દાતણ એક વકીલ ભક્તે ઉપાડ્યું. તેઓની આ એક કુટેવ જ હતી કે કંઈ પણ સારું જુએ કે તરત ધાપ મારે. તે કોનું છે? શા માટે છે? વગેરે જોવાની કોઈ દરકાર જ નહીં. જાણે એકલપેટાની આવૃત્તિ જ જોઈ લ્યો. તેથી તેઓએ યોગીજી મહારાજ માટે રાખેલું દાતણ જ ઉપાડેલું. આ દૃશ્ય તબીબી અભ્યાસ કરીને આવેલા એક ભક્તે જોયું. તેથી તેણે દાતણ લેનારને કહ્યું : 'આ દાતણ યોગીબાપાનું છે. તે તમે કેમ લઈ લીધું?'

બસ, આ મુદ્દા પર ચર્ચાએ ગરમી પકડી. વાતમાં કોઈ વજૂદ નહોતું. પણ બંને ભણેલા, તેથી વળ પર વળ ચડાવતા જાય. તેમાં રાત્રિના ત્રણના ટકોરા પડ્યા, પણ દાતણના તંતનો અંત આવ્યો નહીં.

સ્વામીશ્રી જમણા ઓટલે સૂતેલા અને આ બંને મહાશય ડાબા ઓટલે આ કકળાટ કરી રહેલા. રાત્રિ જામતી ગઈ તેમ તેઓનો કજિયો પણ જામતો ગયો. દાતણની વાત વણસીને અંગત આક્ષેપો સુધી પહોંચી ગઈ. તેથી મધરાતે સ્વામીશ્રીએ તેઓને કહ્યું : 'તમે બંને હવે સૂઈ જાઓ અને મને પણ ઊંઘવા દો. તમારે ઝઘડવું હોય તો બહાર ઓટલે બેસો.'

સ્વામીશ્રીએ આમ કહ્યું એટલે તેઓ બંને ડેલો ખોલી મંદિરના બહારના ઓટલે બેઠા અને કૂકડો બોલ્યો ત્યાં સુધી આક્ષેપબાજી ચલાવી. સવાર પડી એટલે પેલા વકીલ આદમીએ તો દાતણ કરી નાખ્યું અને ડૉક્ટર મોં વકાસતાં જોઈ રહ્યા. છતાં બોલાચાલી તો બંધ ન જ થઈ. છેવટે સ્વામીશ્રીએ તેઓને કહ્યું : 'અલ્યા, તમે બેય પંડિતો, વિદ્વાનો એક દાતણ માટે આટલું બધું શું લાંબું કરો છો ? યોગીજી મહારાજે દાતણ કરી લીધું છે. માટે હવે તો બંધ થાઓ.'

આમ કહીને સ્વામીશ્રીએ દંગલને મંગલમાં ફેરવવા પ્રયત્ન કર્યો, પણ સ્વામીશ્રીની આ સમજણનાં જળ તો છમકારો થઈને ઊડી જાય એટલી હદે આ ભણેલા ભૂતો વચ્ચે વઢવેડની લોઢી તપી ગયેલી. છેવટે બીજા દિવસની બપોર પછી બંને શાંત થયેલા !

એકસરખો ઉત્સાહ

સલાડથી રૂંવાદ, પોર વગેરે ગામો ફરતાં ફરતાં સ્વામીશ્રી આણંદ પધારેલા. યોગીજી મહારાજ સાથે આણંદ પધારવાનો સ્વામીશ્રીનો હેતુ મૂર્તિ-પ્રતિષ્ઠા મહોત્સવ હતો. આણંદને શાસ્ત્રીજી મહારાજે પોતાનું 'ડુંગરી' એટલે આગવું ગામ માનેલું. આણંદના હરિમંદિરનો નકશો પણ તેઓએ જ તૈયાર કરાવેલો; જેમાં ટાવર મૂકવાની સૂચના આપેલી. મંદિરનો આકાર પણ વરતાલના સભામંડપ જેવો રખાવેલો.

શાસ્ત્રીજી મહારાજના અંતરમાં રમતા એવા આણંદના આ હરિમંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ વિ.સં. ૨૦૦૮, વૈશાખ સુદ ત્રીજના રોજ યોગીજી મહારાજના વરદ હસ્તે થયો. આ મંદિરની પ્રતિષ્ઠાવિધિ બાદ સ્વામીશ્રી વૈશાખ સુદ પૂનમના રોજ ગોંડલથી સાત માઈલ દૂર વસેલા દેવચડી ગામે પહોંચેલા. અહીં પ્રસંગ હતો – એક હરિભક્તના ઘરનું વાસ્તુપૂજન.

આમ, મંદિરોના પ્રતિષ્ઠા-ઉત્સવો હોય કે હરિભક્તોના ઘરના વાસ્તુ-પ્રસંગ – સ્વામીશ્રી એકસરખા ઉત્સાહથી બધે જ જતા અને સૌને રાજી કરતા. તેઓને મન કોઈ પ્રસંગ મોટો કે નાનો નહોતો, કારણ કે તેઓ માટે દરેક પ્રસંગ યોગીજી મહારાજને રાજી કરવાની એક તક સમાન જ હતો.

યોગીજીના સાચા સેવક

આ અરસામાં ચરોતર, કાનમ, દસક્રોઈ વગેરે વિસ્તારોમાંથી જે આર્થિક

સેવા અને સામગ્રી એકત્રિત થતી તે યોગીજી મહારાજ રમેશભાઈ દલાલને સોંપતા. ત્યાંથી પછી તે સેવા-સામગ્રી ગોંડલ, ગઢડા, સારંગપુર વગેરે મંદિરોમાં મોકલાતી. પરંતુ શાસ્ત્રીજી મહારાજના ધામગમન બાદ આ સેવા-સામગ્રીની સરવાણી ગોંડલ તરફ જ વિશેષ વહેતી રહી છે તે રમેશભાઈની નોંધમાં આવી ગયેલું. તેથી તેઓના મનમાં વિચારો ઘુમરાયા કરે કે 'યોગીજી મહારાજ બધું એક તરફ જ ખેંચી જાય છે.'

આવા વિચારોનું જોર અતિશય વધતાં એક વાર તેઓએ યોગીજી મહારાજને જ કહ્યું : 'બાપા ! શાસ્ત્રીજી મહારાજ સારંગપુર પણ સેવા મોકલતા અને ગઢડા-ગોંડલ પણ. જ્યારે આપ તો ગોંડલ તરફ વધારે સેવા મોકલો છો. જેથી મને આપનામાં મનુષ્યભાવ આવે છે. તો મને સમજાવો કે આપ આમ કેમ કરો છો ?'

આ નિખાલસ વાત સાંભળી યોગીજી મહારાજ બાળસહજ નિર્દોષતાથી હસી પડ્યા અને બોલ્યા : 'ગુરુ ! હાલમાં રુચિ અક્ષર દેરીની છે ને સારંગપુર તો બાપા (શાસ્ત્રીજી મહારાજ) બેઠા છે, તો ભવિષ્યમાં પ્રમુખસ્વામી લાખો રૂપિયા વાપરશે. માટે અમારી રુચિમાં ભળી જાવું તો અંતરમાં શાંતિ રહેશે.'

યોગીજી મહારાજના મુખેથી સરી પડેલા આ ખુલાસામાં સ્વામીશ્રી દ્વારા થનારા સારંગપુર મંદિરના વિકાસની ભવ્ય આગાહી સંભળાય છે.

યોગીજી મહારાજે કહેલા આ આર્ષવચન અનુસાર સ્વામીશ્રીએ સારંગપુરનો જે અકલ્પ્ય વિકાસ કર્યો તે આજે સૌ નજરે જોઈ શકે છે.

વિશાળ હરિયાળું મંદિર-સંકુલ, યજ્ઞપુરુષ સ્મૃતિમંદિર, ત્રણસોથી વધુ સંતો-પાર્ષદો-સાધકોથી ધબકતું સંત-તાલીમ કેન્દ્ર, બે હજારથી વધુ વિદ્યાર્થીઓથી ધમધમતું સ્વામિનારાયણ વિદ્યામંદિર, સેંકડો યુવાનોથી ઊભરાતું યુવા-તાલીમ કેન્દ્ર, સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, રાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ગૌશાળા-કૃષિ, હજારો ભાવિકોને આશ્રય દેતા યાત્રાળુ-નિવાસના સુવિધાસજ્જ સંકુલો વગેરે સ્વામીશ્રી દ્વારા થયેલા સારંગપુર મંદિરના વિકાસના સાક્ષીરૂપ નમૂના છે.

યોગીજી મહારાજે પોતા પર મૂકેલા વિશ્વાસને સવા સો ટકા સાર્થક કરતાં તેઓ યોગીજીના સાચા સેવક બની રહેલા.

યોગીનો બાહ્યપ્રાણ

લક્ષ્મણજીનું શબ્દચિત્ર દોરતાં કહેવાયું છે : 'रामस्य दक्षिणो बाहुर्नित्यं

प्राणो बहिश्चरः ।'[૧૨૮] લક્ષ્મણજી રામનો જમણો હાથ હતા અને રામના શરીરની બહાર ફરનારો રામનો પ્રાણ હતા. આ વર્ણન યોગીજી મહારાજ અને સ્વામીશ્રી માટે પણ અદલ યોગ્ય જણાતું. યોગીજી મહારાજનો જમણો હાથ હોય તેમ સ્વામીશ્રી વિચરણ-પારાયણ કે મહત્ત્વપૂર્ણ પ્રસંગે હંમેશાં યોગીજી મહારાજની સાથે રહેતા. અથવા તો એમ કહો ને કે યોગીજી મહારાજ જ આવા પ્રસંગોએ સ્વામીશ્રીને સાથે ને સાથે જ રાખતા, કારણ કે સ્વામીશ્રી સાથે હોય ત્યારે યોગીજી મહારાજને ઘણી નિરાંત રહેતી.

યોગીજી મહારાજની સાથે ફરનારા સૌના ઉતારા, પાગરણ, ભોજન, વાહન વગેરે બધી વ્યવસ્થા સ્વામીશ્રી સાચવી લેતા. તેઓ જેની જેવી પ્રકૃતિ હોય તેને બરાબર ઓળખે અને તે મુજબ તેની સરભરા કરે. તેથી સૌ રાજી રહે. સેવા પણ સારી કરે. આમ, સ્વામીશ્રી સાથે હોય ત્યારે યોગીજી મહારાજને હરિભક્તો સંબંધી કોઈ ચિંતા રહેતી નહીં. વળી, સ્વામીશ્રીના સાથે હોવાને કારણે કથાવાર્તામાં પણ યોગીજી મહારાજને ટેકો રહેતો. સ્વામીશ્રીની કથા સૌને સમાસ અને સંતોષ પમાડે તેવી. મૃદુ શૈલી, સ્પષ્ટ ભાષા અને મીઠો સ્વર; તેથી સૌનાં મન રંજન થઈ જાય. પ્રેરણાપાથેય પણ ભરપૂર સાંપડે.

મંદિરો કે મંડળોના નાના-મોટા પ્રશ્નોને પણ સ્વામીશ્રી બંને પક્ષે સંતોષ થાય તે રીતે સુલઝાવી દેતા.

આમ, દરેક પ્રકારે સ્વામીશ્રીનો સાથ યોગીજી મહારાજને ઉપકારક રહેતો. તેથી યોગીજી મહારાજ સ્વામીશ્રીને અવાર-નવાર પોતાની સાથે રાખતા.

આ રીતે તેઓ ગુરુપૂર્ણિમાના સમૈયે બોચાસણ આવી પહોંચ્યા.

શતાવધાની સંત

બોચાસણમાં સમૈયાની સભામાં સ્વામીશ્રીએ સદ્‌બોધ આપતાં જણાવેલું કે 'આ જ્ઞાન તો ફિરંગીની તોપો જેવું છે. બ્રહ્મરૂપ કરી મૂકે તેવું છે. તેને વર્તનમાં મૂકવાનું છે. રાગ-દ્વેષ વગેરે દોષો કાઢવા. બીજાની ત્રુટીઓ જોવી નહીં. પોતે પોતાની તપાસ કરવી. આપણે શા માટે સાધુ, સત્સંગી થયા છીએ, તેની તપાસ રાખવી. વિષયમાં રાગ છે ત્યાં સુધી અંતરમાં શાંતિ થતી નથી. નામું રાખવું. સૌએ સ્વામી શાસ્ત્રીજી મહારાજના અંતિમ સંકલ્પને સંભારી, ગઢડા મંદિર તરફ લક્ષ રાખી, તેમની છેલ્લી મરજી સાચવી તેમને રાજી કરી લેવા.'

---

૧૨૮. रामायणम् (वाल्मीकिकृतम्) - ६/२८/२४.

સ્વામીશ્રીના વક્તવ્ય બાદ યોગીજી મહારાજે પણ આશીર્વાદ રેલાવ્યા. ત્યારબાદ લગભગ દોઢ વાગ્યા સુધી પૂજનવિધિ ચાલ્યો. તેમાંથી પરવારી સ્વામીશ્રીએ ભોજન લીધું, ત્યાં વ્યવસ્થાપક કમિટીની મીટિંગનો સમય થઈ ગયો. તેઓના કાર્યક્રમો એક પછી એક એવા અડોઅડ રહેતા કે વચ્ચે ફુરસતને ફરકવાની કોઈ તક જ ન મળે.

...અને કાર્યક્રમો પણ એવા ભાતભાતના આવે કે તમારે પ્રત્યેક કાર્યક્રમ માટે મનનાં ગીઅર(gear) બદલવાં પડે. વહીવટી કામ પૂરું થાય ત્યાં કથા કરવાની આવે. તેમાં 'શ્રીપતિમ્...' કરો ત્યાં ગૌશાળાવાળો ઊભો હોય! તે વિગત થાળે પાડો ત્યાં પધરામણી હાથ ઝાલવા ઊભી હોય ! પધરામણી પતે ત્યાં બાંધકામનો નકશો ખૂલે! બુદ્ધિ બહેર મારી જાય એમ કામકાજનાં સળ એક પછી એક ખૂલતાં જ રહે; પણ એ સૌને લેશ રઘવાટ-કચવાટ વગર સ્વામીશ્રી ઉકેલતાં ત્યારે સૌનાં શીશ આ શતાવધાની સંત સમક્ષ ઝૂક્યાં વિના રહેતાં નહીં.

એની જોડ્યે ન જડ્યું જરૂર

ગુરુપૂર્ણિમા બાદ યોગીજી મહારાજની સાથે જ સ્વામીશ્રી મુંબઈ પધારેલા. અહીં ભુલેશ્વરમાં આવેલી શેઠ ભગવાન કલ્યાણની વાડીમાં સૌનો ઉતારો હતો. સાત દિવસના પારાયણનું આયોજન પણ અહીં જ કરવામાં આવેલું. તેમાં સ્વામીશ્રી રોજ સવાર-સાંજ 'સત્સંગિજીવન'ના આધારે કથામૃત પીરસતા અને રાત્રે યોગીજી મહારાજ અમૃતવાણી વરસાવતા.

આ કાર્યક્રમ બે દિવસ સુધી તો બરાબર ચાલ્યો, પરંતુ બીજા દિવસની રાત્રે સ્વામીશ્રીને તાવ ચડ્યો. તેથી ત્રીજા દિવસે તેઓ કથા કરવા શક્તિમાન ન રહ્યા. એટલે તેઓએ કથાનું સુકાન સનાતન સ્વામીને સોંપ્યું. પરંતુ આ આયોજન પણ ચોથા દિવસે ખોડંગાયું, કારણ કે સનાતન સ્વામી માંદા પડ્યા! હવે કથાકારનો વિકલ્પ શોધવો અઘરો થઈ પડ્યો. સંસ્કૃત ગ્રંથ વાંચીને સવાર-સાંજના ત્રણ-ત્રણ કલાક સુધી કથા કરી શકે તેવા અન્ય કોઈ સંત નહોતા.

પરંતુ મુશ્કેલીઓને ફેડવામાં કુશળ સ્વામીશ્રીએ રસ્તો શોધી કાઢ્યો. તેઓએ પોતાની સાથે આવેલા એક નાના સંત કે જેઓએ થોડા સમય પહેલાં જ દીક્ષા લીધેલી તેઓને તૈયાર કર્યા. પોતે સૂતાં-સૂતાં તે સંતને કથા શીખવાડે. તે મુજબ એ સંત પારાયણનું એક સત્ર પૂરું કરે. ત્યારપછી બીજા સત્રની શીખ અને તેની રજૂઆત! આમ, પારાયણના બાકીના ત્રણ દિવસ સ્વામીશ્રીએ પૂર્ણ કરેલા.

આ અરસામાં સંતોને ધારણાં-પારણાંનું વ્રત પણ ચાલુ હતું. તેમાં પારણાના એક દિવસની સાંજે ખીચડી-કઢી બનાવેલાં. સાંજની કથા બાદ આરતી-અષ્ટકનું આહ્નિક પૂરું કરી સૌ જમવા બેઠા.

યોગીજી મહારાજ, મોટા સ્વામી વગેરે સંતોની સાથે પચાસેક વ્યક્તિઓ માટે ભોજનની વ્યવસ્થા હતી. સ્વામીશ્રી અને બે-એક સંતો-યુવકો પીરસતા હતા. ભગવાનદાસ શેઠ સૌને જગ્યા થાય તેમ જમવા બેસાડતા જતા. પડિયા-પતરાળાં ઉઠાવવાં-ગોઠવવાની સેવામાં મધુ નામનો યુવક હતો. પણ જમનારાની સંખ્યા થોડી વધી ગઈ. તેથી સૌ જમી રહ્યા ત્યારે માત્ર કઢી જ બચી હતી. અને જમવામાં સ્વામીશ્રી ! કારણ કે તેઓએ પીરસવાની સેવામાં રહેલા સંતો-યુવકોને વારાફરતી જમવા બેસાડી દીધેલા.

તે વખતે મધુએ જોયું કે સ્વામીશ્રીને બીજે દિવસે ધારણાં-પારણાંનો ઉપવાસ છે છતાં તેઓ કોઈને કશું જણાવ્યા વિના, રસોઈ અંગે કોઈ નવું ઉપાર્જન કર્યા વિના પત્તરમાં માત્ર કઢી પીને ઊભા થઈ ગયા !!

સંસ્થાના પ્રમુખની આ રહેણીએ એ યુવાનને ચકિત કરી દીધો ! 'આવા સૂત્રધાર દુનિયામાં કેટલા થયા ?' તે વિશે તે ઘણી શોધખોળ કરી રહ્યો, પણ અંતે *'જોઈ જોઈ જોયું જીવમાં, એની જોડ્યે ન જડ્યું જરૂર...'* કહેતાં સ્વામીશ્રીને નમી પડ્યો.

આ રોકાણ દરમ્યાન 'ગણેશબાગ'માં પણ કથાલાભ આપીને સ્વામીશ્રી યોગીજી મહારાજની સાથે જ જન્માષ્ટમીનો સમૈયો કરવા અટલાદરા પધારેલા. ત્યારબાદ શ્રાવણ માસના પારાયણ માટે અમદાવાદ આવી પહોંચ્યા.

શ્રાવણ વદ દશમથી ભાદરવા સુદ બીજ સુધી કર્ણાવતીમાં કથામંગલ થયો. સ્વામીશ્રીએ 'સત્સંગિજીવન'ના ત્રીજા પ્રકરણની કથાનો આસ્વાદ સૌને ચખાડ્યો. કથાયજ્ઞ બાદ શ્રીજીમહારાજના પ્રાસાદિક નારાયણ ઘાટે સ્નાન કરીને સ્વામીશ્રીએ સાબરમતીને પણ પાવન કરેલી. આ રોકાણ દરમ્યાન જ અમદાવાદ દેશના આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજના બંગલે જ્યારે યોગીજી મહારાજની સાથે સ્વામીશ્રી ગયેલા ત્યારે તે આચાર્યશ્રી પણ આ નવયુવાન પ્રમુખની પ્રતિભાથી ઘણા પ્રભાવિત થયેલા.

અમદાવાદના પારાયણ બાદ જળઝીલણી એકાદશી અને શરદ પૂર્ણિમાના સમૈયા યોગીજી મહારાજની સાથે ઊજવી સ્વામીશ્રી અન્નકૂટોત્સવ માટે સારંગપુર પધારેલા.

સારંગપુરની 'મા'

યોગીજી મહારાજના સમયમાં સ્વામીશ્રી અન્નકૂટનો સમૈયો હંમેશા સારંગપુરમાં જ કરતા. આ ઉત્સવ નિમિત્તે તેઓ સારંગપુરમાં પધારે ત્યારથી જ જાણે સૌના માટે દિવાળીના દિવસો શરૂ થઈ જતા. તેઓ સારંગપુરમાં કોઠારી હતા ત્યારથી જ સૌને તેઓનો એવો નેડો લાગી ગયેલો કે તેઓ આવે એટલે સૌને પોતાની 'મા' આવી હોય તેવું જ લાગે. સ્વામીશ્રી પણ સૌ પર એવો જ પ્રેમ વરસાવે.

તે વખતે મંદિરમાં એક ભગો કોલસાવાળો હતો. દિ' આખો કોલસા ભાંગ્યા કરે. તેની બેઠક એટલે કોલસાવાળી ઓરડી, જે મંદિરનાં પગથિયાં નીચે હતી. તેની ઓરડીની સામે રંગમંડપમાં જવાનાં પગથિયાં. તેની પર સ્વામીશ્રી બેસે અને ભગાના ખબર-અંતર પૂછે. ભગો તેના કામને કારણે કાળો મેશ રહેતો. તેનાં કપડાંય કાળાં. પણ સ્વામીશ્રી તેની પાસે બેસીને પ્રેમથી વાર્તાલાપ કરે.

એક જીવો ડોસો હતો. તે મંદિરની પાછળનો ચોક વાળતો. તેનો કોઈ ભાવ ન પૂછે; પણ સ્વામીશ્રી રોજ સાંજે બહિર્ભૂમિ જઈ આવે ત્યારે સાડા પાંચ-છ વાગ્યા હોય, તે વખતે તેની સાથે બેસે. સમયની અનુકૂળતા હોય તો તેની સાથે બે લીમડા વચ્ચેનો ચોક પણ વાળે. જીવો ડોસો આંસુડાં વહાવતો જાય અને સ્વામીશ્રીને વાતો કરતો જાય. સ્વામીશ્રી પોતાનાં લૂગડાંથી તેનાં આંસું લૂછતાં સાવરણો ફેરવતા જાય.

નાનુભાઈ લંગડો કોઠારમાં સેવા કરતો. તેની પ્રકૃતિ એવી કે સૌને તેની સાથે વાંધો પડે, પડે અને પડે જ. ત્રણ દિવસની સુકાયેલી પૂરીઓ પણ હાથમાંથી ન છૂટે એવો એનો ચીકણો હાથ ! પણ સ્વામીશ્રી તેની સાથે બબ્બે - ત્રણ-ત્રણ કલાક બેસીને તેને સમજાવે. તેમાં ક્યારેક તો પોતાનું જમવાનુંય જાય, પણ તેને પાછો બધાની સાથે સારા સંબંધે જોડી દે.

શાસ્ત્રીજી મહારાજની દેરીએ ખાનદેશી મોહન ભગત રહેતા. તેમની સાથે સવાર-સાંજ અડધો-પોણો કલાક સ્વામીશ્રી કાઢે. મોહન ભગત રાજી રાજી થઈ જાય.

મોહન ખરીવાળો તદ્દન ધૂની મિજાજનો હતો. મંદિરના મુખિયા પણ તેની જોડે વાત કરતાં પહેલાં વિચારે એવો એ છોડીફાડ. તે મોહન સ્વામીશ્રી સારંગપુર આવે કે તરત જ તેમની પાછળ પાછળ ફરતો ફરે, પણ મગનું નામ

મરી ન પાડે. છતાં ચતુર સ્વામીશ્રી સઘળું સમજી જાય કે 'આને કામ છે.' એટલે બપોરે જમીને કે સાંજે ઊઠીને તેને મળે. તેની કહાણી સાંભળે. છેલ્લે 'સંત(વલ્લભ) સ્વામી કહે તેમ કરવું' તેમ સમજાવે.

વલકુ ઘોડાગાડીવાળા સાથે બોટાદ જતાં-આવતાં સ્વામીશ્રી ખેતીની વાત કરી લે. કડિયાકામ કરતા ધનજી પાવસિયાને પણ મળવા જવાનું ન ચૂકે. મંદિરના બળદને જોવા-સંભાળવા પણ સમય કાઢે. રખેવાળ બાવા કાઠીને સાથે લઈને વાડીએ આંટો મારી આવે. અર્ધ અંધજન જેવો નારાયણ પરોળિયો કે ભગુજી રસોઈયો કે અરજણ એન્જિનવાળો કે મદદનીશ એન્જિનચાલક જીવો આપો – દરેકને દિવાળીના, નવા વર્ષના આશીર્વાદ સ્વામીશ્રી પાસેથી મળે જ. ગૌશાળાનો હીરો ભરવાડ કે છાશવાળો કાનો બહેરો કે રાહો વાસણવાળો – કોઈ સ્વામીશ્રીના વહાલના વર્તુળની બહાર ન રહે. દરેકને પગાર-પહેરણ અને શરીર-સંપત્તિનું પૂછી લે. આવા સ્વામીશ્રી સારંગપુરમાં પધારે ત્યારે મંદિરના સેવકોથી માંડીને જ્ઞાનવૃદ્ધ સંતવલ્લભ સ્વામી સહિતના સૌ કોઈ રાજી કેમ ન થાય?

સ્વામીની જોડ જગે નહીં જડે રે લોલ

દિવાળીના દિવસે સ્વામીશ્રી સ્વયં ચોપડા-પૂજન કરવા બેસે. મંદિરના અને હરિભક્તોના, જે કંઈપણ ચોપડા હોય તેનું પ્રેમથી પૂજન કરે. જીવનમાં પાર વિનાની વિધિઓ તેઓએ કરી હશે, પણ જ્યારે જુઓ ત્યારે જાણે પહેલી જ વાર વિધિ કરી રહ્યા હોય તેવી ઉત્સુકતા, ચીવટ અને ત્વરા સ્વામીશ્રીમાં દેખાતાં !! વિધિઓ કરવાની બાબતે તેઓના જીવનમાં કંટાળો, ઉતાવળ કે યાંત્રિકતા કદી કોઈની નજરે ચઢ્યાં નહોતાં.

અન્નકૂટની વાનગી બનાવવાની યાદી પણ સ્વામીશ્રી પોતે જ બનાવતા અને સૌને સેવા વહેંચતા.

દિવાળીના દિવસે સાંજે ચાર વાગ્યે પોતે પણ કોઠારની ઑફિસ આગળ આવી જાય. સૌ સાથે પાપડી, તુવેર વગેરે શાક ફોલવા બેસી જાય. તે વખતે માટીનાં વાસણોનું ચલણ. વરસે-દા'ડે ત્રણસો જેટલાં માટલાં સારંગપુરના મંદિરમાં વપરાતાં. સમૈયામાં બસો જેટલાં માટલાં વપરાઈ જાય. અન્નકૂટમાં પણ શાક, કઠોળ વગેરે માટીનાં કૂંડાંમાં મૂકતાં. તેથી તે કૂંડાને પણ ગાળેલાં પાણીથી સ્વામીશ્રી ધોવરાવે. જે કંઈ ભીની-સૂકી વાનગીઓ કે મિષ્ટાન્ન-ફરસાણ હોય તેનાં ત્રણ-ત્રણ વાસણ ભરાવે. એક, હરિકૃષ્ણ મહારાજના ખંડ માટે. બીજું, મધ્ય

ખંડ માટે. ત્રીજું, ધર્મકુળના ખંડ માટે. શાક વગેરે વાનગીઓ પર લીલા ધાણા ભભરાવી, તેને કાગળ કે પતરાવળાંઓથી ઢાંકી દેવાની સૂચના આપે; જેથી તેની પર માખી વગેરે ન બેસે. આમ, શુદ્ધિ અને પવિત્રતામાં તો લેશ પણ ગોબો ન પડવા દે. અન્નકૂટ માટે મઠિયાં, ઘેબર વગેરે અમુક વાનગીઓ ક્યારેક ગોંડલથી આવે ત્યારે લેતા આવતા. તેને પણ વ્યવસ્થિત ગોઠવાવે.

આ રીતે દરેક ખંડમાં વ્યવસ્થિત થાળ ગોઠવાવી પ્રેમથી ધરાવે. થાળ ગાય ત્યારે પ્રભુ પ્રત્યેનો નર્યો પ્રેમ નીતરે. ઠાકોરજીને જમ્યે જ છૂટકો થાય. પછી ગોવર્ધનપૂજા અને આરતી કરે.

અન્નકૂટ પછી સંતો તથા મંદિરના સેવકોને જાતે જ ઊભા રહીને જલેબી - સાટા વગેરે પ્રસાદ આપે. એની મીઠાશ સૌ વરસ લગી મમળાવ્યા કરે.

અન્નકૂટનાં પીરસણાં કે જેમાં લાડુ, કંસાર અને દાળિયા હોય, તે ગામમાંથી જેણે અન્નકૂટની સેવા આપી હોય તેને મોકલવાનાં રહેતાં. તેની પણ વ્યવસ્થા સ્વામીશ્રી જાતે કરતા. આમ, બધું થાળે પાડી, સૌને જમાડી, સાંજે ચાર વાગ્યા પછી પોતે જમવા આવે. જમ્યા બાદ વળી પીરસણાંની વ્યવસ્થામાં બેસે તે રાત્રે દસ-અગિયાર વાગ્યા સુધી આ સેવા ચાલતી.

આ રીતે નવા વર્ષે વહેલી સવારથી મોડી રાત સુધી સેવામાં મંડ્યા રહેલા સ્વામીશ્રીને જે જોતાં, તે સૌને થતું કે *'સ્વામીની જોડ જગે નહીં જડે રે લોલ...'*

સન ૧૯૫૩

વિચરણની વણથંભી વણઝાર

અન્નકૂટ ઉત્સવ બાદ સ્વામીશ્રી યોગીજી મહારાજની છાયા બનીને તેઓ સાથે પુનઃ વિચરણમાં જોડાઈ ગયા. બોચાસણમાં કાર્તિકી પૂર્ણિમાનો સમૈયો કરીને ચરોતરનાં ત્રીસેક ગામોમાં વિચરણ કર્યું. ત્યારબાદ અટલાદરામાં શાસ્ત્રીજી મહારાજની જયંતીનો ઉત્સવ ઊજવ્યો. આ પ્રસંગે તેઓએ સંપ-સંગઠનનો મહિમા સમજાવીને સત્સંગ તથા સંસ્થાની કીર્તિ ઉજ્જવળ કરવાની પ્રેરણા આપી હતી. સાથે સાથે ગઢપુર મંદિરની સેવા માટે પણ સૌને હાકલ કરી હતી.

તા. ૨૩/૧/૧૯૫૩થી યોગીજી મહારાજે સાબરકાંઠાનો પ્રવાસ ખેડેલો. સ્વામીશ્રી પણ તેઓની સાથે જ હતા. આ પ્રવાસ પૂર્ણ કરીને ફૂલદોલ અને હરિજયંતીના ઉત્સવો સારંગપુર તથા અમદાવાદમાં ભક્તિભાવપૂર્વક ઊજવ્યા. આ ઉત્સવોના વચગાળામાં તેઓ કાનમ તથા ચરોતરનાં ગામડાં ખૂંદી વળેલા.

આમ, વિરામ જેવું કોઈ સ્ટેશન સ્વામીશ્રીની જીવનયાત્રામાં આવતું નહીં.

હરિજયંતીના ઉત્સવ બાદ યોગીજી મહારાજની સાથે આચાર્ય દેવેન્દ્ર-પ્રસાદજીના બંગલે પધારીને તેઓના સુપુત્રોના યજ્ઞોપવીત નિમિત્તે સ્વામીશ્રીએ શુભકામના વ્યક્ત કરી હતી. મણિનગરમાં આવેલા મુક્તજીવનદાસજીના મંદિરે પધારીને તેઓનાં સ્વાગત-સન્માન પણ સ્વીકાર્યાં હતાં.

આ વર્ષના પુરુષોત્તમ માસમાં, અમદાવાદ વધુ એક વાર સ્વામીશ્રીની કથાવાર્તાથી ધન્ય બન્યું હતું. મંદિરના ચોકમાં જ તૈયાર કરવામાં આવેલા મંડપમાં તા. ૧૬/૪થી સ્વામીશ્રીએ 'સત્સંગિજીવન'નું પારાયણ શરૂ કરેલું.

તેઓની કથાની વિશેષતા એ રહેતી કે શહેરમાં વસતી પ્રબુદ્ધ જનમેદની હોય કે ગામડામાં રહેતી ભોળી જનતા હોય – સ્વામીશ્રીનો કથારસ સૌને એકસમાન આહ્‌લાદકતાનો અનુભવ કરાવતો. અમદાવાદની જનતા પણ આ ટાણે આ અનુભવથી ઝૂમી ઊઠી.

પારાયણ અને પધરામણીની જુગલબંદી

આ વર્ષના અધિક માસમાં મુંબઈ મંડળ પણ સ્વામીશ્રીનો અધિક લાભ લેવા માટે સદ્‌ભાગી બન્યું હતું. તા. ૨૭/૪થી બ્રહ્મક્ષત્રિય વાડીમાં સ્વામીશ્રીના કર્ણપ્રિય કંઠે 'સત્સંગિજીવન'ના પારાયણનો પ્રારંભ થયો. મુંબઈની ધમાલભરી જિંદગીમાં સ્વામીશ્રીની કથા સૌને અપાર શાતા પમાડતી. તેથી તે લાભ લેવા માટે સૌને અનેરું આકર્ષણ રહેતું.

અલબત્ત, પારાયણો કરીને સ્વામીશ્રીને બેસી રહેવાનું નહોતું. સવારે પારાયણ પૂરું થાય કે તરત જ પધરામણીઓનો દોર શરૂ થઈ જતો. મુંબઈનાં પરાંઓમાં દૂર દૂર સુધી સ્વામીશ્રી પધરામણીઓ કરતા. આ રોકાણ દરમ્યાન એક વાર શાસ્ત્રીજી મહારાજની અંતર્ધાનતિથિ(વૈશાખ સુદ ચોથ)ના દિવસે તો તેઓએ સતત ચૌદ કલાક સુધી પધરામણીઓ કરી હતી. તેમાં તેઓ 'સરદાર' પટેલના ભાઈ કાશીભાઈના ઘેર પણ પધારેલા. તેઓએ સારી સેવા કરીને યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીને રાજી કરેલા.

આમ, મુંબઈમાં પચીસ દિવસ સુધી ધર્મલાભ આપી સ્વામીશ્રી સુરત, ગઢડા, ગોંડલ થઈને રાજકોટ પધાર્યા. રાજકોટમાં શાસ્ત્રી ધર્મજીવનદાસજીએ ગુરુકુળમાં યોગીજી મહારાજની પધરામણી કરાવેલી. સ્વામીશ્રી પણ તે વખતે ત્યાં પધારેલા.

આ જ વર્ષે શ્રાવણ વદ દશમથી ભાદરવા સુદ બીજ સુધી ખેડામાં 'સત્સંગિજીવન'ના પારાયણનો લાભ સ્વામીશ્રીએ ગામના રામજી મંદિરમાં આપેલો. ખેડાના ખૂણે ખૂણે નીકળેલી પોથીયાત્રામાં પણ યોગીજી મહારાજની સાથે તેઓ બિરાજેલા. પારાયણ દરમ્યાન સોમવતી અમાસના દિવસે વાત્રક નદીને પણ સ્નાન કરીને સ્મરણીય બનાવી હતી. આમ, સાત દિવસમાં ખેડાને ખેડીને સ્વામીશ્રી માતર પહોંચેલા. અહીં બે દિવસ માટે સવાર-સાંજ પધરામણીઓ અને રાત્રે કથાવાર્તાનું આયોજન કરવામાં આવેલું.

આ રીતે ગામોગામ પારાયણો તથા પધરામણીઓ અવિરત ચાલતાં રહેતાં. રોજેરોજની આ ભરમારથી મનુષ્ય તો થોડા જ સમયમાં કંતાઈ જાય. રોજ ઊઠીને ઊભી થયેલી નવી પરિસ્થિતિને અનુકૂળ થવામાં જ તેના મગજની સઘળી શક્તિઓ ખર્ચાઈ જાય. તેમાં સંસ્થાના સંચાલન અને વિકાસ સંબંધી વિચારો તો ઊગવા જ ન પામે. પરંતુ સ્વામીશ્રી દરેક પલ્લાને બરાબર સંતુલિત રાખીને વિચરતા.

શાસ્ત્રીજી મહારાજ સ્પેશિયલ ટ્રેનયાત્રા

સ્વામીશ્રીએ ત્યાગાશ્રમ સ્વીકાર્યા બાદ એક વાર તેઓએ શ્રીજીમહારાજની જન્મભૂમિ છપૈયા અને લીલાભૂમિ અયોધ્યાનાં દર્શનની ઈચ્છા શાસ્ત્રીજી મહારાજ સમક્ષ વ્યક્ત કરેલી, પરંતુ તે વખતે તો આ દર્શનનો મેળ પડ્યો નહોતો. તેથી શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજને ભલામણ કરેલી કે 'નારણદા'ને જાત્રા કરવી છે તો તમે સંકલ્પ પૂરો કરજો.'

શાસ્ત્રીજી મહારાજના આ વચન અનુસાર યોગીજી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી સન ૧૯૫૩માં સ્પેશિયલ ટ્રેનયાત્રાના આયોજને આકાર પકડ્યો હતો અને ૫૦૦ હરિભક્તોએ યાત્રામાં સહભાગી થવા નામ નોંધાવી દીધેલાં. છેલ્લે છેલ્લે તો એવો ધસારો થયો કે ટ્રેનના બે ડબ્બા પણ વધારવા પડ્યા.

આ રીતે સૌના અભૂતપૂર્વ ઉત્સાહ સાથે તા. ૨૩/૧૧/'૫૩ના રોજ સાંજે પોણા ચાર વાગ્યે વડોદરાથી આ યાત્રાનો પ્રારંભ થયો. યોગીજી મહારાજ અને સ્વામીશ્રી સહિત ૧૬ સંતો પણ આ યાત્રામાં સામેલ હતા.

યાત્રાનો પ્રથમ મુકામ થયો – ઐતિહાસિક નગરી ઉજ્જૈનમાં. સવારે ચાર વાગ્યે અહીં ક્ષિપ્રામાં સ્નાન અને મંદિર-દર્શનનો લાભ સૌએ લીધો.

ઉજ્જૈનથી યાત્રા આગ્રામાં વિરમી. અહીં યોગીજી મહારાજ સાથે

સ્વામીશ્રીએ તાજમહાલનું નિરીક્ષણ કર્યું. આગ્રાથી સંઘ મથુરા પહોંચ્યો.

ત્યાંથી મોટરમાર્ગે સ્વામીશ્રી ગોકુળ, વૃંદાવન, ગોવર્ધન પર્વત, રાધાકુંડ, જતીપુરા વગેરે સ્થળોનાં દર્શને પધારેલા. વૃંદાવન જતાં બિરલા મંદિર, વૃંદાવનમાં શ્રીજીમહારાજના સમયના લક્ષ્મીચંદ શેઠે બનાવેલું સુવર્ણ સ્તંભવાળું મંદિર, જયપુર મહારાજાનું કનક મંદિર, કાચ મંદિર એવાં કેટલાંક મંદિરોનાં દર્શન પણ સ્વામીશ્રીએ કર્યાં. દરેક જગ્યાએ તેઓ સંપૂર્ણ ભક્તિભાવથી દર્શન કરતા અને જે-તે સ્થળની વિશેષતાઓને વીણતા પણ રહેતા.

આગળ ઉપર વિશ્વમાં સર્વાધિક મંદિરોના નિર્માતા તરીકે જેઓનું નામ પ્રસિદ્ધ થવાનું હતું અને દુનિયા દંગ રહી જાય એવાં કૈંક મંદિરોનું નિર્માણ જેઓ કરવાના હતા, એ સ્વામીશ્રી જ્યારે આ મંદિરો મુગ્ધભાવે નીરખતા હશે ત્યારે કેવું કૌતુક સર્જાતું હશે !

આ જ ભાવથી તેઓએ મથુરામાં પણ પ્રાસાદિક સ્થાનોનાં દર્શન કર્યાં. પરંતુ અહીં પંડાઓનો ત્રાસ ભારે નીવડ્યો. કૃષ્ણની આ કર્મભૂમિમાં યોગીજી મહારાજને આરતીમાં જવાનું મન થયું. ત્યાંથી પછી જમુનાજીનું પૂજન કરવાની ઈચ્છા હતી, પરંતુ પંડાઓ એવા ઝઘડ્યા કે યોગીજી મહારાજ તો બે હાથ જોડી ગયા !

દિલ્હીમાં આગમન

મથુરાથી યાત્રાળુઓનો સંઘ નવી દિલ્હી પહોંચેલો. યોગીજી મહારાજ તથા મોટેરા સંતોનો ઉતારો ગુલઝારીલાલ નંદાજીને ઘેર હતો.

તા. ૨૯/૧૧ના રોજ આખા સંઘને પણ નંદાજીને બંગલે આવવાનું આમંત્રણ હતું. તેથી સમગ્ર સંઘ સંસદનો સભાગૃહ, સચિવો-મંત્રીઓની કચેરીઓ જોઈ નગરયાત્રાના રૂપમાં 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન જગાવતો નંદાજીને બંગલે પહોંચ્યો. બંગલાના વિશાળ ચોગાનમાં સભાનું આયોજન ગોઠવેલું. આ પ્રસંગે ઘણા અમલદારો પણ હાજર હતા.

દિલ્હીથી વિદાય લઈને સૌ હરિદ્વાર પહોંચ્યા. આ તીર્થક્ષેત્રમાં 'હરકી પૈડી' પાસે ગંગાસ્નાનનો લાભ લીધો. ત્યારબાદ હૃષીકેશમાં લક્ષ્મણઝૂલા તથા નૈમિષારણ્ય થઈને તા. ૪/૧૨ના રોજ સૌ અયોધ્યા આવી ગયા.

અયોધ્યામાં સ્વામિનારાયણનું સુંદર મંદિર છે અને શ્રીજીમહારાજનાં ઘણાં પ્રાસાદિક સ્થાનો છે. સ્વામીશ્રીએ તે બધી જ જગ્યાએ શ્રીજીમહારાજને

નિહાળતા હોય તેમ દર્શનનો લાભ લીધો.

નજીકમાં આવેલા ફૈઝાબાદમાં લશ્કરી નોકરી કરતા સત્સંગી ધીરુભા રાણા પોતાને ત્યાં પધારવાનું આમંત્રણ આપવા અયોધ્યા આવેલા, પરંતુ યોગીજી મહારાજની તબિયત સહેજ અસ્વસ્થ હોવાથી તેઓએ સ્વામીશ્રી અને કેટલાક વરિષ્ઠ સત્સંગીઓને ત્યાં જવા આજ્ઞા કરી. તેથી સ્વામીશ્રી અયોધ્યાથી ફૈઝાબાદના લશ્કરી થાણામાં પધારેલા. અહીં તેઓનું મિલિટરીને છાજે તેવા દબદબાથી સૌએ સ્વાગત કર્યું. સ્વામીશ્રીએ પણ સૌને આશીર્વાદ આપી કૃતાર્થ કરેલા.

મોડું થયું તે લાભ થયો

અયોધ્યાથી યાત્રાના મુખ્ય લક્ષ્ય છપૈયા પહોંચવાનું હતું. તે માટે ટ્રેન રાત્રે નીકળીને બારાબંકી થઈ બીજે દિવસે સવારે છપૈયા પહોંચી.


સંઘ આવ્યો એટલે અહીંના સ્વામિનારાયણ મંદિરના સંતો, આચાર્યશ્રીના કારભારીઓ, ભાવિકો વગેરેએ સૌનું ઉષ્માભેર સ્વાગત કર્યું. છ હાથી અને ૬૦ બળદગાડાંઓ તૈયાર રાખવામાં આવેલાં. વાજતે-ગાજતે સૌને ગામમાં પધરાવી યથાયોગ્ય સંભાવના કરવામાં આવી.

બપોરે યોગીજી મહારાજ પધાર્યા ત્યારે પણ છપૈયા મંદિરના મહંત યજ્ઞપુરુષદાસજી વગેરેએ તેઓને સત્કાર્યા. મંદિરમાં દર્શન કરતાં યોગીજી મહારાજ ભાવવિભોર બની ગયા. તેઓએ સ્વામીશ્રીને પોતાની સમીપમાં બોલાવીને ઘનશ્યામ મહારાજનાં દર્શન કરાવ્યાં અને શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ પૂર્ણ કર્યાનો સંતોષ અનુભવ્યો.

સ્વામીશ્રી પણ છપૈયાની આ ભૂમિ પર આવતાં જ ગદ્‌ગદિત થઈ ગયા હતા. જેઓની આંખો આ ભૂમિની રજેરજમાં મહારાજને નિહાળી રહેલી, એવા સ્વામીશ્રીને મૂર્તિનાં દર્શનથી તો અત્યંત આનંદ થયો. નીચે જન્મસ્થાનમાં પધાર્યા ત્યારે તો તેઓનાં રોમ-રોમ પુલકિત થઈ ગયાં ! પોતાના ઈષ્ટ-આરાધ્યની આ ભૂમિમાં આવતાં તેઓ અત્યંત ભાવવિભોર બની ગયેલા !

સ્વામીશ્રીએ અહીં દર્શન-દંડવત કરતાં કરતાં ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજને યાદ કર્યા. જેમ પિતા પુત્રની મનોકામના પૂર્ણ કરે, તેમ શાસ્ત્રીજી મહારાજે આજે છપૈયાનાં દર્શનનો પોતાનો મનોરથ પૂર્ણ કર્યો હતો ! તેઓના અંગોઅંગ શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી રહ્યા !

આ પ્રસંગનું વર્ણન કરતાં તેઓએ રોજનીશીમાં લખેલું કે –



'પૂ. સ્વામીજી(શાસ્ત્રીજી મહારાજ)ને છપૈયાની
જાત્રા કરવા કહેલ પણ તેઓ એક
નહિ બીજી રીતે જવાનું
મુલત્વી રાખતા.
પણ એક વખત કહે, પૂ. યોગી
મહારાજ યાત્રા કરાવશે.

તે યોગી મહારાજે ખાસ આ
નીમીત્તે યાત્રા સ્પેશીયલનો
પ્રોગ્રામ કર્યો ને છપૈયાનાં
દર્શન કરાવ્યાં. ખુબ
આનંદ થયો. અલૌકીક સુખ
આવ્યું. જો હમો એકલા બે
ચાર સંતો ગયા
હોત તો આવું અલૌકીક
ને દીવ્ય સુખ ને દર્શન
ન થયાં હોત તેવાં
અલૌકીક દર્શન થયા.
ત્યારે ખ્યાલ આવ્યો
કે મોડું થયું તે
લાભ થયો. એમ
યોગીજી મહારાજે
યાત્રા કરાવી.'

સ્વામીશ્રીના આ વર્ણનમાં ભગવાનની જન્મભૂમિનાં દર્શનનો આનંદ છે, યોગીજી મહારાજ પ્રત્યે ભારોભાર આભાર છે અને જે બને તેમાં સવળું જ જોવાની દૃષ્ટિ છે.

તા. ૭/૧૨ના રોજ છપૈયાનાં પ્રસાદીસ્થાનો – મીન સરોવર, ત્રિકોણિયું ખેતર, ખાંપા તળાવડી, કાલિદત્ત ઉદ્ધાર-સ્થાન, ભૂતિયો કૂવો વગેરે દરેક સ્થળે સ્વામીશ્રીએ દર્શન કર્યાં. સાંજે મંદિરના સભામંડપમાં ભવ્ય સભા થઈ. તેમાં આચાર્યશ્રી વતી લાલજી મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી, કારભારીઓ, સંતો વગેરેએ યોગીજી મહારાજ પ્રત્યે સદ્‌ભાવ પ્રદર્શિત કર્યો હતો.

આમ, ત્રણ દિવસ સુધી આ દિવ્ય સ્થાનમાં સૌએ સારો લાભ લીધો.

કાશી, ગયા અને પ્રયાગની ત્રિવેણીમાં

તા. ૯/૧૨ના રોજ છપૈયાથી નીકળેલો સંઘ કાશીએ પહોંચ્યો.

અહીંના પ્રસિદ્ધ કાશીવિશ્વનાથનાં દર્શન કરીને સૌએ મણિકર્ણિકાના ઘાટ પર ગંગાસ્નાનનો લાભ લીધો. સ્વામિનારાયણ મંદિરના સંતોએ નગરયાત્રાના

રૂપે યોગીજી મહારાજ, સ્વામીશ્રી તથા સંતો-ભક્તોનું સ્વાગત કર્યું. મહંત શાસ્ત્રી શ્વેતવૈકુંઠદાસ તો યોગીજી મહારાજને સ્વજન, ગુરુજન જ માનતા. તેથી એ ભાવથી જ સઘળી બરદાસ્ત કરી. મંદિરની પાછળ આવેલા ગૌઘાટ પર પણ ઠાકોરજીને સ્નાન કરાવી સૌ નહાયા.

કાશીથી યાત્રિકો ગયાજી ગયા. અહીં ફલ્ગુ નદીમાં સ્નાન કરીને યોગીજી મહારાજની કથાનું ભાથું સૌએ બાંધ્યું.

આ આખા યાત્રાપ્રવાસમાં પ્લેટફોર્મ પર કે ચાલુ ટ્રેનમાં યોગીજી મહારાજનો કથાપ્રવાહ વહેતો જ રહેતો. યાત્રાના પ્રારંભે આગ્રામાં જ તેઓ બોલેલા : 'આ સ્પેશિયલમાં આપણે કથાવાર્તા કરવા જ આવ્યા છીએ.' આ હેતુ તેઓએ બરાબર પાર પાડેલો. તેઓની કથા યાત્રાનો થાક ઉતારતી રહેતી.

ગયાથી પ્રયાગની મુસાફરી પણ આનંદદાયક રહી. પ્રયાગમાં નૌકા-વિહાર કરતાં સૌ ત્રિવેણી સંગમે પહોંચ્યા. અહીં ઠાકોરજીને સ્નાન કરાવીને સૌને માથે યોગીજી મહારાજે જળ ચઢાવ્યું. ત્રિવેણીસ્નાન બાદ અક્ષયવટનાં દર્શન પણ સૌએ કર્યાં.

યાત્રાનું શાનદાર સમાપન

પ્રયાગથી યાત્રાનો મુકામ નાસિકમાં હતો. અહીં વહેતી ગોદાવરીમાં સૌએ સ્નાન કર્યું. તેમાં *'હર હર ગોદાવરી, કંઈક શ્રદ્ધા ને કંઈક જોરાવરી'*નો ભાવ નહોતો, કારણ કે તીર્થનું ફળ આપનાર ગુણાતીત સંત સાથે જ હતા. ગોદાવરી-સ્નાન પછી તપોવનમાં પણ યોગીજી મહારાજ, સ્વામીશ્રી વગેરે પધારેલા.

નાસિકથી યાત્રા મુંબઈ આવી ત્યારે મુંબઈ મંડળનો ઉત્સાહ સમાતો નહોતો. સુંદરાબાઈ હૉલમાં ભવ્ય સત્કાર સભા થઈ. સૌએ યોગીજી મહારાજ અને સ્વામીશ્રીને પુષ્પહારોના ઢગથી આવકાર્યા. યુવક મંડળે પ્રથમ હસ્તલિખિત અંક 'જ્ઞાનયજ્ઞ' અર્પણ કર્યો. સૌ યાત્રિકોને મુંબઈના હલવાના ડબ્બા ભેટમાં વહેંચાયા.

મુંબઈથી ઉપડેલી ટ્રેન સુરત પહોંચી ત્યારે સ્ટેશનથી સ્વામિનારાયણ મંદિર સુધી ભવ્ય નગરયાત્રા યોજાઈ ગઈ. અહીં સભા બાદ વાડીમાં સુરતનું જમણ – દૂધપાક, પૂરી અને ઘારીથી સૌ યાત્રિકોને તૃપ્ત કરવામાં આવ્યા. સુરતના મંડળે સરભરામાં કોઈ મણા રાખી નહીં.

સુરતનાં સન્માન સ્વીકારી યાત્રા-ટ્રેન તા. ૧૮/૧૨/'૫૩ના રોજ સવારે સાડા અગિયાર વાગ્યે બોચાસણ આવી પહોંચી.

અહીં યાત્રાની પૂર્ણાહુતિ હતી, તેથી હજારો હરિભક્તોનો મહેરામણ સ્વાગતમાં ઊમટ્યો હતો. સ્ટેશન પર જ સંઘનું ભવ્ય સામૈયું કરવામાં આવ્યું. તે સ્વાગત સ્વીકારતાં સ્વીકારતાં બે કલાકે સૌ મંદિરે પહોંચ્યા.

આમ, નિર્વિઘ્ને યાત્રા સંપન્ન થઈ. શાસ્ત્રીજી મહારાજના સંકલ્પ અને યોગીજી મહારાજની ઇચ્છાથી આ યાત્રા યોજાયેલી, તેથી કોઈ ઠેકાણે, કોઈને, કશી જ તકલીફ પડી નહીં. મહાન પુરુષોના સંકલ્પની તાકાત જ અનોખી હોય છે.

ટ્રેન-યાત્રાની અનેરી ફલશ્રુતિ

સ્પેશિયલ ટ્રેન-યાત્રાની ફલશ્રુતિ જણાવતાં સ્વામીશ્રીએ એક વાર કહેલું કે ‘પહેલાં મારી ભૂખ બહુ જ ઓછી. ખોરાક પણ બહુ જ ઓછો, પણ ખોરાક વધારે અનુકૂળ ક્યારે થયો ખબર છે? ‘પ૩માં સ્પેશિયલમાં ગયો ત્યારપછી મારી ભૂખ ઊઘડી હોય એવું થયું. બાકી ખોરાક વધતો જ નહીં. પહેલાં શરીર પણ એવું ! સ્વામીની દયાથી બધું ઠીક થયું.’

આમ, આ યાત્રા સમગ્ર સત્સંગને આ રીતે ફળી ગણાય. સ્વામીશ્રીનું શરીર હૃષ્ટ-પુષ્ટ બને તેવો શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ આ રીતે પૂર્ણ થયો.

સન ૧૯૫૪

ખાનદેશ પાવન થાય છે

ભારતની ભૂગોળમાં ગુજરાત અને મધ્યપ્રદેશ વચ્ચે સોનગઢથી બુરહાનપુર વચ્ચેનો ઉપપ્રદેશ ‘ખાનદેશ’ તરીકે ઓળખાય છે. તેમાં જલગાંવ તરફનો ભાગ પૂર્વ ખાનદેશ અને ધુલિયા તરફનો ભાગ પશ્ચિમ ખાનદેશ ગણાય છે. સત્તરમી સદીના પ્રારંભે આ પશ્ચિમ ખાનદેશમાં ચરોતરના પાટીદારો જઈને વસેલા.

અહીંના સત્સંગને પુષ્ટિ આપવા માટે શાસ્ત્રીજી મહારાજ લગભગ દર ત્રણ વર્ષે ખાનદેશ પધારતા રહેલા. સન ૧૯૧૯માં યોગીજી મહારાજ પણ શાસ્ત્રીજી મહારાજ સાથે અહીં પધારેલા.

આવી આ પ્રાસાદિક ભૂમિમાં સન ૧૯૫૩ના ડિસેમ્બરના અંતભાગથી તા. ૧૦/૨/’૫૪ સુધી સ્વામીશ્રીનો કાર્યક્રમ ગોઠવાયેલો. તેઓની સાથે મોટા સ્વામી, ભક્તિજીવન સ્વામી,[૧૨૯] હીરા ભગત તથા પુરુષોત્તમ ભગત હતા.

---

૧૨૯. તેઓ ‘મુખી સ્વામી’ના ઉપનામથી સંપ્રદાયમાં ઓળખાતા.

આ વિચરણમાં સ્વામીશ્રી ગુજરાતથી ટ્રેનમાં બેસીને નરડાણા સ્ટેશને[૧૩૦] ઊતરેલા. અહીં સોનગીરના હરિભક્તો બળદગાડાં લઈને તેડવા આવેલા. તેઓની સાથે ગામમાં પધાર્યા ત્યારે ખાનદેશી ભક્તોએ સંતમંડળનું પારંપરિક રીતે સ્વાગત કર્યું. અહીંના ભક્તો પાસે સગવડ ઓછી, સૂઝ માપસરની, પણ ભાવ ભારોભાર. તેથી સંતોની પધરામણી વખતે આંગણે રંગોળી પૂરે. રસ્તે ચાલતાં ભગવું ભાળી જાય તો પગરખાં કાઢીને પંચાંગ પ્રણામ કર્યા વગર છોડે નહીં. બાઈ માણસ પણ દૂર ઊભાં ઊભાં આરતીનાં અર્ઘ્ય અર્પે. આવાં દૃશ્યો ગામોગામ સર્જાતાં રહેતાં.

મુશ્કેલીઓનો માહોલ

ખાનદેશમાં તે જમાનામાં અતિ સાંકડાં, ગાર-માટીનાં ઝૂંપડાં જેવાં જ મકાનો હતાં. તેમાં આઠથી દસ દિવસ સુધીનું રોકાણ એક-એક ગામમાં રહેતું. મુખ્યત્વે સોનગીર, ધનુર, વરખેડા, જાપી, મોહાડી, ગલવાડા, કુસુંબે વગેરે ગામોમાં જવાનું થતું. આ ગામડાંઓમાં વીજળીનાં પણ ધાંધિયા રહેતા; તેથી બત્તી, પંખાનું નામનિશાન ન મળે. પછાત ગામડાંઓમાં ચાંચડ, માંકડ, મચ્છરોનો પણ ભારે ઉપદ્રવ રહેતો. રસોઈ પણ લાકડાં બાળીને, ચૂલા ફૂંકીને કરવાની થતી. તેમાંય ગામનો મોટો સમુદાય સંતો સાથે જ જમવા બેસે. તેથી ગામ આખા માટે બારીક રોટલીઓ વણવાની, અન્ય રસોઈ બનાવવાની અને છેલ્લે વાસણ પણ ઊટકવાનાં.

મુસાફરીમાં રસ્તાઓ સાવ કાચા, ધૂળભર્યા અને ખાડા-ટેકરાવાળા રહેતા. તેમાં વાહન તરીકે બળદગાડાં! વચ્ચે નદી આવે તે હોડકામાં બેસીને ઓળંગવાની! વિચરણ પણ મોટે ભાગે કાર્તિકી પૂનમ પછી માગશર-પોષ સુધી બે-અઢી મહિનાનું રહેતું. એટલે ઠૂઠવી નાંખે તેવા શિયાળાના કાતિલ વાયરા પણ સહેવાના આવતા. કડકડતી ટાઢમાં નદીકિનારે નહાવા જવાનું રહેતું, કાં તો ખુલ્લાં ખેતરોમાં કૂવાનું પાણી સીંચીને નહાવાનું થતું. શૌચ માટે પણ ખુલ્લાં ખેતરો જ હતાં.

આમ, ખાનદેશના વિચરણમાં ચારે બાજુ મુશ્કેલીઓનો માહોલ મંડરાતો રહેતો.

---

૧૩૦. ખાનદેશમાં ટ્રેન દ્વારા સ્વામીશ્રીનું આ એકમાત્ર આગમન છે. ત્યારબાદ તેઓ આઠ વાર આ પ્રદેશમાં પધારેલા પણ મોટર દ્વારા કે હવાઈમાર્ગે જ આવેલા.

સ્મૃતિઓનાં ભાથાં

આ વિચરણમાં સ્વામીશ્રીએ પ્રથમ મુકામ સોનગીરમાં કર્યો હતો. અહીં વિઠ્ઠલ લકડુના ઘેર તેઓનો ઉતારો હતો. ઘરની પાછળના ફળિયામાં આવેલા ફાળકાવાળા કૂવામાંથી પાણી સીંચીને સ્વામીશ્રી નહાતા-ધોતા. ગામમાં મુખ્યત્વે કથાવાર્તા-પધરામણીનો મારો સારો રહેતો. ઘરની બહાર ચોક હતો ત્યાં સભા થતી અને પધરામણી ઘરોઘર.

સોનગીરથી સ્વામીશ્રી ધનુર થઈને વરખેડા આવ્યા.

એ વખતે મુસાફરીની ગોઠવણ એવી રહેતી કે જે ગામમાં જવાનું હોય તે ગામના હરિભક્તો ગાડાં જોડી સ્વામીશ્રી જ્યાં બિરાજતા હોય ત્યાં આવે અને સ્વામીશ્રીને પોતાને ગામ લઈ જાય.

અહીંના ભક્તોમાં લગભગ બધા ખેડૂતો; તેથી સ્વામીશ્રીને પોતાની વાડીએ પણ લઈ જાય. ત્યાં ઘઉં, ચણાનો ઉત્સવ કરે. ઓળા પાડી સ્વામીશ્રીને જમાડે. ઓળા પાડવાની આ પ્રક્રિયામાં સ્વામીશ્રી પણ સામેલ થાય. ભક્તોને જાતે અને સારી રીતે જમાડવાનો ભાવ તે પાછળ દેખાય.

ચણાના પોપટા છોડમાંથી ખરી પડે પછી સાંઠી કે કાંટાના ઝરડાથી તે પોપટા સ્વામીશ્રી ભેગા કરવા લાગે. પછી તેની ઉપર ગરમ રાખોડીમાં ભારી દેવડાવે. તેથી શેકાઈ ગયેલા ચણા ગરમ રહે. પછી એકબાજુથી જરૂર પ્રમાણે કાઢતા-કઢાવતા જાય. પોપટા પોતે પણ ફોલે અને સૌ પાસે પણ ફોલાવે. થોડા ભેગા થાય એટલે વાટકીમાં ભેગા કરી ઠાકોરજીને ધરાવી સૌને પ્રસાદી વહેંચે. ત્યારપછી જ પોતે જમવાનું શરૂ કરે. તે વખતે તેઓના મુખમાંથી અચૂક ઉદ્‌ગાર નીકળે : 'મહારાજ-સ્વામી જમો... શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજ જમો !'

આમ, ચણાનો ઓળો પાડવા જેથી સામાન્ય ક્રિયામાં પણ કાર્યસૂઝ, નમ્રતા, સેવાભાવના, ભક્તો સાથેની આત્મીયતા, પરાભક્તિ, ગુરુભક્તિ જેવા કૈંક ગુણોનું દર્શન સ્વામીશ્રીમાં થઈ જતું.

આ ઓળા-ઉત્સવમાં કો'ક દાણા તૈયાર કરીને સ્વામીશ્રીને આપે તો તેને રાજી કરવા લે ખરા, પણ પછી કહે : 'સૌ જાતે જ ફોલીને પોતે જમો !'

હા, મોટા સ્વામી જેવા વડીલ સંતને ફોલાવીને અપાવવાનું પાછા ચૂકે નહીં !

જમતાં જમતાં ભોળા ભક્તો સાથે ગમ્મત પણ કરતા જાય. કોઈ પાંચ-પંદર દાણાનો એકસાથે બુકડો ભરે તો હસી પડે અને કહે : 'બે-બે દાણા મોઢામાં

મૂકીએ તો સ્વાદ આવે. મોટા ફાકડામાં સ્વાદ ન આવે!'

સ્વયં નિઃસ્વાદી પણ બીજાને સ્વાદ પમાડવા-ચખાડવાનું આવું તાન!

આ રીતે નાની-શી વાતમાં પણ સ્વામીશ્રી સ્મૃતિઓનાં ભાથાં એવાં ભરી દેતાં કે ઓળા-ઉત્સવ ભક્તોનાં હૃદયમાં ચિરસ્થાયી થઈ જતો. અંતકાળે માત્ર એટલું જ યાદ આવી જાય તોય ભગવાનનું ધામ ઢૂંકડું થઈ જતું.

જે કહેતા તે કામ જ કરતાં

વરખેડાના મુકામ દરમ્યાન જ સ્વામીશ્રી પર હરમાનભાઈનો કાગળ આવ્યો કે 'મારે આફ્રિકા જવું છે, માટે મને મળવા મુંબઈ આવો. કામ છે.'

આ પત્ર મળતાં સ્વામીશ્રી જોડમાં એક સંતને લઈને વરખેડાથી ધૂળિયા આવ્યા અને ત્યાંથી ટ્રેન દ્વારા મુંબઈ આવી પહોંચ્યા. અહીં હરમાનભાઈ સ્વામીશ્રીને મળ્યા. તેઓ સાથે જે વિચારણા કરવી હતી તે કરી. પછી સ્વામીશ્રી તેઓને આફ્રિકા તરફ વળાવીને પાછા બે દિવસે વરખેડા આવી ગયા.

સ્વામીશ્રીની આ સરળતા જોઈને સૌ ભક્તો તો ચકિત જ થઈ ગયા! અધિકૃત હોવા છતાં સ્વામીશ્રી પોતે ભીડો વેઠીને ઠેઠ મુંબઈ સુધી દોડી ગયા! અન્યને અનુકૂળ થઈને રહેવાની તેઓની આ ભાવના હરમાનભાઈને પણ હલાવી ગઈ!! બીજાને દોડાવવા કરતાં તેઓ પોતે જ દોડી જવાનું પસંદ કરતા.

'જે કહેતા તે કામ જ કરતાં, નટવર રહેતા નમતા...' એ પંક્તિઓનું દર્શન સદા થતું રહે તેવી સ્વામીશ્રીની જીવનશૈલી હતી!

વાદળ-વરસાદ જેવા

ખાનદેશના આ વિચરણમાં સ્વામીશ્રી અને સંતો જાપી પધારેલા. અહીંનું મંદિર અતિ સાંકડું; પણ તેમાં જ સૌ ઊતરેલા. તે મંદિરની સામે જ રાજારામ પાટીલ નામના હરિભક્ત રહેતા. તે વખતે ખાનદેશનાં સાત સત્સંગી ગામોમાં તેઓ સૌથી ધનવાન જમીનદાર હતા. સાથે સાથે તેઓનો સત્સંગ પણ સમજણ-સભર. પરંતુ તેઓના કુટુંબમાં દેવતાના દીકરા કોલસા જેવું થયેલું. રાજારામ જેટલા ભક્તહૃદય એટલો જ એમનો એક દીકરો કે જે 'બાપુ' નામે ઓળખાતો તે માથાભારે અને માથાફરેલ. દારૂનો પણ અઠંગ વ્યસની. રાજારામ પાસેથી રોજ દારૂના પૈસા પડાવે. તે માટે રાજારામની છાતી પર પણ છરો લઈ ચઢી બેસે.

સ્વામીશ્રી જ્યારે જાપી પધાર્યા તે અરસામાં જ દારૂના નશામાં ચકચૂર

આ છોકરાએ વયોવૃદ્ધ રાજારામને સામેના એક ઘરમાં પૂરી દીધેલા અને ધારિયું લઈને તે ઘર આગળ જ અડિંગો જમાવીને બેસી ગયેલો. રાજારામ બે દિવસથી ભૂખ્યા-તરસ્યા રહેવાને કારણે દુ:ખી થતા હતા અને છુટકારા માટે બૂમ-બરાડા પાડતા હતા. પણ 'બાપુ'ની ધાક-ધાસ્તી એવાં કે કોઈ ગામવાસી રાજારામને છોડાવવાનું જોખમ વહોરવા તૈયાર થતું નહોતું.

...પણ મોટા સ્વામીએ આ વિગત જાણી એટલે તેઓ તો તરત જ 'એ હરામખોર બાપુ શું સમજે છે તેના મનમાં?' કહેતાં લાકડી લઈ ઊપડ્યા. રાતા-પીળા થયેલા તેઓએ તો 'બાપુ'ના ઘર આગળ જઈને લાકડી પછાડી અને ઝાટકવા લાગ્યા પેલા 'બાપુ'ને! બાપુ તો મોટા સ્વામીનો આ પ્રકોપ જોઈને ડઘાઈ જ ગયો અને ત્યાંથી ઊભી પૂંછડીએ ભાગ્યો.

પછી મોટા સ્વામીએ રાજારામના મોટા દીકરા દોલતને કહ્યું : 'અલ્યા, દોલિયા! શું જુએ છે? કોશ લાવ ને તોડ નાંખ તાળાં.' એમ કહી રાજારામને છોડાવ્યા. રાજારામને હાશ થઈ. પણ પ્રકૃતિ ચીકણી એટલે સેવાના ખરડામાં એકાવન રૂપિયા જ લખાવ્યા. ત્યારે મોટા સ્વામી કહે : 'તને મરતાં બચાવ્યો છે માટે એકસો એક તો આપ.'

આમ, વાદળ-વરસાદની જેમ અનેકને માટે આશીર્વાદરૂપ આ સંતમંડળનું વિચરણ ચાલતું. તેઓના સંગમાં જે બંધાયા હોય તે મુક્ત થતા રહેતા.

કુતો નારાયણ શાસ્ત્રી?

આ વિચરણમાં સ્વામીશ્રીની સાથે જોડાયેલા ભક્તિજીવનદાસ સ્વામીને પ્રચાર-પ્રસારની પ્રકૃતિ વિશેષ હતી. તેથી તેઓ જ્યાં જાય ત્યાં પ્રચાર કરે કે 'અમારી ભેગા શાસ્ત્રી નારાયણસ્વરૂપ આવ્યા છે...'

આ પ્રચારના પડઘમનો નાદ મોહાડીમાં રહેતા દયારામ નામના એક વેદાંતીના કાને પહોંચ્યો. તેને થયું કે 'શાસ્ત્રી આવ્યા છે તો ચાલો, તત્ત્વચર્ચા કરવા જઈએ.' તેથી તે તો એક દિવસ સવારે 'કુતો નારાયણ શાસ્ત્રી... કુતો નારાયણ શાસ્ત્રી...' (ક્યાં છે નારાયણ શાસ્ત્રી?) બોલતાં બોલતાં શાસ્ત્રાર્થ કરવા માટે મંદિરે આવી પહોંચ્યો. તે વખતે સ્વામીશ્રી પ્રાત:પૂજા કરી રહેલા. એટલે મોટા સ્વામીએ કહ્યું : 'અહીં બેસો. હમણાં શાસ્ત્રી આવશે.'

પણ ભક્તિજીવનદાસ સ્વામી ઉત્સાહમાં આવીને તે વેદાંતીને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા. ત્યાં તે પંડિતે સ્વામીશ્રીને જ સીધું પૂછ્યું : 'ક્યા પઢ રહા હૈ?'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'હમ પૂજા કરતે હૈ! હમારે બડે સ્વામી બહાર બૈઠે હૈ! વહાં જાઈએ.' એમ કહી તે પંડિતને મોટા સ્વામી પાસે મોકલી આપ્યો. તેથી તે મોટા સ્વામી પાસે આવીને બેઠો.

તેઓ સાથેની વાતચીતમાં ભગવાનના સ્વરૂપ સંબંધી વાત નીકળી. તેમાં તે વેદાંતીએ 'ભગવાન નિરાકાર છે' એમ જણાવ્યું. આ સાંભળતાં જ મોટા સ્વામી તો ઊકળી ઊઠ્યા અને પેલા વેદાંતીને કહેવા લાગ્યા : 'ઊઠ... ઊઠ... ઊભો થઈ જા... નિરાકારીની વાત અમારે સંભળાય જ નહીં. તું બેઠો છે તે જમીન અમારે ખોદી નાંખવી પડે..' એમ કહી જે પડકારા કર્યા કે પેલા પંડિતે ચાલતી જ પકડી.

આ પ્રસંગ સંભારતાં સ્વામીશ્રી ઘણી વાર કહેતા કે 'મોટા સ્વામીએ ઉઠાડી દીધો એટલે ટૂંકમાં પત્યું. નહીં તો મારી સાથે સંસ્કૃતમાં બાટકત.' આટલું કહી ગમ્મતમાં હસતાં હસતાં ઉમેરતાં : 'અમે આમ સભા જીતી લીધી.'

આ રીતે ખાનદેશમાં લગભગ અઢી મહિનાનું વિચરણ સ્વામીશ્રીએ કર્યું. સુવિધાશૂન્ય આ ગામોમાં આઠ-દસ દિવસ સુધી સ્વામીશ્રી રોકાયા. દરેકના મનોરથો પૂરા કર્યા.

ઘણી વાર આપણને પ્રશ્ન થઈ આવે કે 'તે જમાનામાં જે તે ગામના સીમિત સત્સંગ સમુદાયમાં આઠ-દસ દિવસ સુધી રોકાઈને સ્વામીશ્રી શું કરતા હશે ?' પરંતુ તેઓને આવો કોઈ પ્રશ્ન ઊઠતો નહીં. કંઈક ને કંઈક સેવા તેઓ શોધી કાઢે. હરિભક્તોનાં કુટુંબમાં સત્સંગનો વારસો જળવાઈ રહે તે માટે નાના-મોટા સૌને ભેગા કરી સત્સંગનો 'સા' ઘૂંટાવે. વર્ષો પછી પણ આ ખાનદેશી ભક્તોની પેઢીઓની પેઢીઓનાં નામ સ્વામીશ્રી કડકડાટ બોલી જતા. તે તેઓએ કરેલા આવા ગાઢ સંપર્કનું પરિણામ જ હશે કે બીજું કાંઈ!

આ રીતે ખાનદેશને પાવન કરી સ્વામીશ્રી ગુજરાતમાં પધારી ગયા.

વિસામાની વાત-વિસાત વિના

ગુજરાતમાં આવતાંવેંત ભાદરણનું પારાયણ સ્વામીશ્રીની પ્રતીક્ષામાં જ હતું. અહીંના હરિભક્તોના પ્રેમાગ્રહને વશ થઈ યોગીજી મહારાજ સ્વામીશ્રીને લઈને આ ગામમાં પધાર્યા. આ ગામની તો હવા-હવેલીઓ સઘળું સ્વામીશ્રીથી પરિચિત ! શેરીએ શેરીએ આહ્‌લેક લગાવતો સ્વામીશ્રીનો સાદ સૌનો માનીતો. તે જ મુખે પારાયણનો લાભ મળવાનો હોવાથી ભાદરણ ઉપરાંત આસપાસનાં ગામોમાંથી પણ સૌ ભક્તો ઊમટી પડેલા. સ્વામીશ્રીએ પણ કથાવાર્તા દ્વારા સૌને

સંતોષ પમાડ્યો.

તા. ૧૬/૩ના રોજ પારાયણની પૂર્ણાહુતિ કરીને તેઓ ભાદરણથી સારંગપુરના ફૂલદોલોત્સવ માટે નીકળ્યા. દરેડના દરબારની મોટરમાં વહેલી સવારે પાંચ વાગ્યે યોગીજી મહારાજ સાથે સારંગપુર આવી ગયા.

અહીં ફૂલદોલ-ઉત્સવ ઊજવી યોગીજી મહારાજ કાનમ-વાકળ તરફ નીકળ્યા અને સ્વામીશ્રી અમદાવાદ આવ્યા. અમદાવાદમાં શ્રીહરિ જયંતીનો ઉત્સવ ઊજવીને તા. ૧૨/૪ના રોજ તેઓ ઠીકરિયા પધારેલા. યોગીજી મહારાજ તો અહીં અગાઉથી જ આવી ગયેલા. સોનામાં સુગંધની જેમ સ્વામીશ્રી પધારતાં સૌ ભક્તોએ તેઓનું પણ શાનદાર સ્વાગત કર્યું.

અત્રે સૌને રાજી કરીને ચૈત્રી પૂનમના સમૈયા માટે બોચાસણ પહોંચ્યા.

આમ, ઉત્સવ, પારાયણ, વહીવટી કાર્યો વગેરે માટે સ્વામીશ્રી અહીંથી તહીં વીજળીના વેગે દોડતા જ રહેતા. જેમ સૂર્ય ઘડીભર વિસામો લેતો નથી તેમ સ્વામીશ્રીના જીવનમાં પણ વિસામાની કોઈ વાત-વિસાત નહોતી.

આયુષ્યમાં દસ હજાર વર્ષની વૃદ્ધિ

વિ.સં. ૨૦૧૦, વૈશાખ સુદ છઠના[૧૩૧] રોજ ચાણસદમાં આવેલા સ્વામિનારાયણ મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની પટપ્રતિમાઓ અને હનુમાનજીની મૂર્તિનો પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો.

આ પ્રતિષ્ઠાની સભામાં આશીર્વાદ વરસાવતાં યોગીજી મહારાજે જણાવ્યું હતું કે 'અહીં ભગતજી મહારાજ આવતા અને બહુ રહેતા. શાસ્ત્રીજી મહારાજ અને અમે સૌ બહુ રહેતા. વળી, પ્રમુખસ્વામીનું તો આ જન્મસ્થાન છે. પ્રમુખસ્વામી તો શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ કહેવાય. એમના ગામમાં પ્રતિષ્ઠા થઈ તે ગામનું આયુષ્ય દશ હજાર વર્ષ વધી ગયું ! પ્રમુખસ્વામી જેવા મોટાપુરુષ અહીં પ્રગટ થયા તે ગામનું મોટું ભાગ્ય છે ! આ ગામ તીર્થભૂમિરૂપ થઈ ગયું !'

આમ, યોગીજી મહારાજે સ્વામીશ્રીના સ્વરૂપ સંબંધી ઉઘાડી વાત આ પ્રસંગે કરી. તેથી યોગીજી મહારાજની છાયામાં સદા છુપાયેલા રહેતા સ્વામીશ્રીનો વિશેષ મહિમા સૌને સમજાયો.

આ પ્રતિષ્ઠા પ્રસંગે ધાર્યા કરતાં ચાર ગણી સંખ્યામાં ભાવિકો ઊમટી પડેલા. 'પ્રમુખસ્વામીના ગામમાં પ્રતિષ્ઠા છે'નો એવો ગોકીરો થયો કે રસોડા

---

૧૩૧. તા. ૮/૫/૧૯૫૪, શનિવાર.

વિભાગના કાર્યવાહકો તો વિમાસણમાં પડી ગયેલા. સૌએ યોગીજી મહારાજને હકીકત જણાવી, ત્યારે તેઓએ રસોડામાં આવીને ઠાકોરજી પધરાવ્યા અને ત્યાં ઘીનો દીવો પ્રગટાવી તેને અખંડ જલતો રાખવાની સૂચના આપી. પછી સૌને આદેશ આપ્યો : 'હવે પીરસવા માંડો. મહારાજ ખૂટવા નહીં દિયે !'

બન્યું પણ એમ જ. સૌ જમી રહ્યા પણ રસોઈ અખૂટ રહી ! છેવટે આસપાસનાં ગામોના અને ખેતરોમાં કામ કરનારા માણસોને બોલાવી જમાડ્યા, છતાં રસોઈના ગંજ એવા ને એવા ભરેલા રહ્યા ! તેથી સમગ્ર ગામમાં ઘર દીઠ પાંચ-પાંચ લાડુ વહેંચ્યા અને ગાયોને ખવડાવવા સારુ રબારીઓને પણ ત્રાટ ભરી ભરીને લાડવા આપ્યા; છતાં તપેલાં-તબાસરાંનાં તળિયાં દેખાયા નહીં. પછી તો રસોઈ ઢાંકીને મૂકી રાખી. બીજે દિવસે પુનઃ ઘર દીઠ પ્રસાદી વહેંચી. આસપાસનાં ગામોમાં ટોપલાં ભરી વહેંચાવી ત્યારે મેળ પડેલો.

આમ, આવા અલૌકિક ઐશ્વર્ય સાથે ચાણસદમાં પ્રતિષ્ઠાનો ડંકો વાગી ગયો.

આ પ્રસંગે મૂળજીભાઈ વૈદ્ય વગેરે હરિભક્તોએ યોગીજી મહારાજને ખૂબ આગ્રહપૂર્વક વિનંતી કરેલી કે 'તમે પ્રમુખસ્વામીને લઈને આવો.' ત્યાગીના ધર્મ અનુસાર દીક્ષા બાદ ત્યાગીએ પોતાના મૂળ વતનમાં જઈ ન શકાય, પરંતુ હરિભક્તોને રાજી કરવા માટે યોગીજી મહારાજે સ્વામીશ્રીને પ્રતિષ્ઠા નિમિત્તે ચાણસદ આવવાની આજ્ઞા કરેલી.

ગુરુની આજ્ઞા થતાં ન છૂટકે તેઓને ચાણસદ આવવાનું થયેલું, પણ તેઓ ગામમાં આ મંદિર સિવાય અન્ય કોઈ ઠેકાણે ગયા જ નહોતા. પ્રતિષ્ઠા બાદ તરત જ વિદાય લઈ લીધી હતી અને ગામમાં રોકાયા ત્યાં સુધી પાણીનું એક ટીપું પણ મોંમાં મૂક્યું નહોતું !

...તો પણ સ્વામી ગમતા !

આ વર્ષે સૂર્યગ્રહણનો સમૈયો યોગીજી મહારાજે ગઢડામાં કરેલો. અહીંથી તેઓ ભાવનગર જવાના હતા. લગભગ દોઢ વર્ષે યોગીજી મહારાજ આવવાના હોવાથી ભાવેણા ભક્તોમાં ઉત્સાહનાં પૂર ફરી વળેલાં.

આ કાર્યક્રમમાં યોગીજી મહારાજે સ્વામીશ્રીને પણ આવવા જણાવેલું. તેથી તેઓ ગઢપુરમાં રથયાત્રાનો ઉત્સવ ઊજવી તા. ૩/૭, શનિવારના રોજ ભાવનગર આવી પહોંચ્યા. અહીં સતત આઠ દિવસ સુધી સવાર-સાંજ કથાવાર્તા અને દિવસે પધરામણીઓ થઈ. તેમાં ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમાર-

સિંહનો બંગલો પણ બાકાત રહ્યો નહોતો.

ભાવનગરથી ગુરુપૂનમના સમૈયા માટે યોગીજી મહારાજ અને સ્વામીશ્રી બોચાસણ પધાર્યા હતા. આ સમૈયામાં ગઢપુર મંદિર માટે ઉદાર અને ત્વરિત સહયોગ આપવા અંગેના યોગીજી મહારાજ અને સ્વામીશ્રીનાં લેખિત નિવેદનો વંચાયેલાં. તેથી સૌમાં સેવાનો જુવાળ સારા પ્રમાણમાં ઊઠેલો.

બોચાસણના સમૈયા બાદ સ્વામીશ્રી તા. ૨૪/૭ના રોજ મુંબઈ મુકામે પારાયણ માટે પહોંચ્યા હતા. આ વખતે કપોળવાડી યોગીજી મહારાજ અને સ્વામીશ્રીનો સહવાસ પામી ધન્ય બની. અહીં જ સ્વામીશ્રીએ 'સત્સંગિજીવન'ની કથાનો શુભારંભ કર્યો.

આ સમયે યોગીજી મહારાજનો લાભ લેવા આવનારામાં આણંદના નવયુવાન વિનુભાઈ પણ હતા. સ્વામીશ્રી સાથેની પ્રથમ મુલાકાત અને મુસાફરીથી જ તેઓ સ્વામીશ્રીના અનુરાગી બની ગયેલા. તેઓએ પણ આ પ્રસંગે સ્વામીશ્રીની કથા સાંભળી આનંદ અનુભવ્યો. આમ તો વિનુભાઈને ગુજરાતી ભાષાનું જ્ઞાન મર્યાદિત. તેથી 'સત્સંગિજીવન'ની કથામાં બહુ ખ્યાલ ન આવે. છતાં તેઓ જે અનુભવતા તે તેઓએ આમ વ્યક્ત કર્યું છે કે –

'એમનો (પ્રમુખસ્વામી મહારાજનો) યોગ મળતો ત્યારે વિના પ્રયાસે તેમની પાસે હૂંફ મળતી. તેઓ કાંઈ બોલે નહીં તો પણ ફક્ત તેમની પાસે બેસી રહેવાનું ગમતું – સ્વામી ગમતા.'

ફિરત હરત ભવ પીરા

મુંબઈમાં અઠ્ઠાવીસ દિવસ સુધી કથાની હેલી વરસાવી સ્વામીશ્રી જન્માષ્ટમીનો સમૈયો અટલાદરા મુકામે કરીને અમદાવાદ પધારેલા. અહીં પણ શ્રાવણ પારાયણનું ભવ્ય આયોજન હતું. તેમાં સ્વામીશ્રીએ 'સત્સંગિજીવન'નો સ્વાદ સૌને ચખાડ્યો.

આ વર્ષનો અન્નકૂટોત્સવ સ્વામીશ્રીએ ગઢડામાં કર્યો હતો. અન્નકૂટ બાદ પ્રસાદ વિતરણની વ્યવસ્થા પણ સ્વામીશ્રીએ જ કરેલી.

તે પછી નવા વર્ષના દિવસોમાં ગોંડલ, મોવૈયા, રાજકોટ, દેવચડી, જેતપુર, ઉપલેટા, ગણોદ, વરજાંગ જાળિયા, ધોરાજી વગેરે ગામોમાં વિચરણ કરી તેઓ કાર્તિક સુદ એકાદશીએ અમદાવાદ આવી પહોંચ્યા.

અહીં 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય' સાથે મળીને સંસ્થાએ પ્રકાશિત

કરેલ 'વચનામૃત' ગ્રંથનું ઉદ્‌ઘાટન યોગીજી મહારાજે કર્યું. આ પ્રસંગે સ્વામીશ્રી પણ ઉપસ્થિત હતા. અત્યાર સુધી વચનામૃતની પ્રતો બાળબોધ લિપિમાં ઉપલબ્ધ હતી. તે વૃદ્ધો અને સામાન્ય જનોને સુવાચ્ય નહોતી. તેથી ગુજરાતીમાં અને મોટા કદના અક્ષરોમાં તેને છપાવવાનું વિચારાયેલું. હરમાનભાઈએ તે અંગે સઘન પ્રયત્નો કરેલા. તેની ફલશ્રુતિરૂપે આ પ્રકાશન શક્ય બનેલું. આ પ્રતમાં વચનામૃતનાં શીર્ષકો તથા મુદ્દાનાં વાક્યો ઘાટા અક્ષરોમાં છાપવામાં આવેલાં; તેથી વાચકોને વાંચનમાં ઘણી સુગમતા રહે તેવું હતું.

અમદાવાદથી કાર્તિકી પૂર્ણિમાનો સમૈયો કરવા સ્વામીશ્રી બોચાસણ આવ્યા. અહીંના કોઠારી બીમાર હોવાથી સ્વામીશ્રીએ બે દિવસ અગાઉ આવીને સમૈયાની સેવાઓ પોતાના શિરે ઉપાડી લીધેલી. માંદાની મદદમાં રહેવું એ તો તેમનો સ્વભાવ જ હતો.

બોચાસણનો આ સમૈયો પૂરો કરી સ્વામીશ્રી કરમસદ, દાવોલ, વાસણા, ઝારોળા, ભાદરણ, આણંદ, તારાપુર, વિરોજા, માતર, અમદાવાદ, સારંગપુરમાં વિચરણ કરતાં કરતાં પારાયણ માટે ગઢડા આવી પહોંચ્યા.

અહીં તા. ૧૦/૧૨ થી તા. ૧૬/૧૨ સુધી મંદિરના રંગમંડપમાં સ્વામીશ્રીએ પારાયણનો લાભ આપેલો. તે વખતે ખળખળ વહેતી સ્વામીશ્રીની ધીર-ગંભીર વાણી અને ખળખળ વહેતા ઘેલાના સંગમે ગઢડું ધન્ય બની રહેલું!

ગઢપુરના પારાયણ બાદ આંબરડી અને ઘેલા સોમનાથનાં દર્શનનો લાભ યોગીજી મહારાજની સાથે સ્વામીશ્રીએ મેળવ્યો. ત્યારબાદ તેઓ પુરુષોત્તમપુરા, શ્રીજીપુરા, ગોવિંદપુરા, નવાગામ-નાયકા, રઢુ, ખેડા, નડિયાદ, આણંદ, નાપાડ વગેરે ગામોમાં વિચર્યા.

આમ, એક મહિનામાં તો તેઓએ સૌરાષ્ટ્ર-ચરોતરને પગ તળે કરી દીધું. *'સોઈ સંત સુધીરા... ફિરત હરત ભવ પીરા...'* પંક્તિનો અનુભવ તેઓના પગલે પગલે સૌને થતો.

સન ૧૯૫૫

પ્રથમ યુવક અધિવેશન

સંસ્થાની યુવા-પ્રવૃત્તિને વેગ આપવા માટે યોગીજી મહારાજ ખૂબ પરિશ્રમ લઈ રહેલા. પગભર થઈ રહેલી આ પ્રવૃત્તિને વિશેષ પ્રેરણા-પ્રોત્સાહન મળે તે માટે અટલાદરા મુકામે યુવક અધિવેશનનું આયોજન કરવામાં આવેલું.

તા. ૨૮/૧/૧૯૫૫ના રોજ અટલાદરા મુકામે યોજાયેલા ભારત ખાતેના આ પ્રથમ યુવક અધિવેશનને સ્વામીશ્રીએ ખુલ્લું મૂક્યું અને યુવાપ્રવૃત્તિના એક નૂતન આયોજનને વેગ આપ્યો.

અધિવેશન બાદ કાનમના વિચરણ દરમ્યાન સ્વામીશ્રીએ શિનોરથી પાણેથા જવા માટે યોગીજી મહારાજ સાથે નૌકાવિહાર પણ કરેલો. ચાર કલાકની આ જલયાત્રામાં કથા, આરતી, સ્તુતિ અને પ્રસાદનું સુખ યોગીજી મહારાજે સૌને આપ્યું.

આ વિચરણમાં જ સ્વામીશ્રીએ કબીરવડનાં પણ દર્શન કરેલાં અને કંથારિયા, સાઠોદ, કુરાઈ, કંડારી, પોર, અણખી વગેરે ગામોમાં વિચરેલા.

યોગીરાજની સમતામાં સ્વામીશ્રીનો સાથ

કાનમનું વિચરણ પૂરું કરી ફૂલદોલોત્સવ માટે યોગીજી મહારાજ, સ્વામીશ્રી વગેરે સારંગપુર પધાર્યા. આ સમયમાં ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહના દીકરાના લગ્ન-પ્રસંગે સમગ્ર રસાલો સ્પેશિયલ ટ્રેન દ્વારા જવાનો હતો. તે માટે મહારાજાએ યોગીજી મહારાજને તાર કરેલો કે 'બોટાદ જંક્શન પર કુંવરને દર્શન-આશીર્વાદ આપવા પધારો.'

મહારાજાની આ વિનંતી સ્વીકારીને ફૂલદોલના બીજા દિવસે તા. ૧૦/૩ના રોજ યોગીજી મહારાજ સ્વામીશ્રી અને સંતોને લઈને બોટાદ સ્ટેશને પધારેલા અને રાજકુંવરને શુભાશિષ પાઠવેલા.

આ જ વખતે સ્ટેશન પર નોકરી કરતા સાંધાવાળાએ પોતાની ઝૂંપડી પાવન કરવાની અરજ યોગીજી મહારાજને કરેલી. તે સાંભળી મોટા સ્વામી સહેજ અકળાઈ ગયા અને કહેવા લાગ્યા : 'અત્યારે બપોરના સાડા બાર થઈ ગયા છે. હજી સારંગપુર પહોંચીને જમવાનું છે. માટે નહીં અવાય.'

પણ યોગીજી મહારાજનું ઋજુ હૃદય એ સાંધાવાળાની સંવેદના સમજી ગયેલું. તેથી તેઓ તેની ઝૂંપડી તરફ ચાલવા લાગ્યા. તે વખતે સ્વામીશ્રી પણ યોગીજી મહારાજને અનુસર્યા. આમ, સમ્રાટથી સાંધાવાળા સુધીની સમતામાં યોગીજી મહારાજને સ્વામીશ્રીનો સાથ-હાથ મળી ગયેલો.

ખડે પગે હાજર

આ અરસામાં અટલાદરા મંદિરના ઘુમ્મટનું કામ શરૂ થયેલું. તેના માટેની

આર્થિક સેવા એકત્રિત કરવા માટે સ્વામીશ્રીએ કાનમ, વાકળ પ્રદેશમાં વિચરણ ગોઠવેલું. તે અંતર્ગત ગોરિયાદ, સેજાકૂવા, વાઘોડિયા, ભાયાપુરા, અંટોલી, જંબુસર, કેલોદ વગેરે ગામો ફરીને શ્રીહરિ જયંતીના ઉત્સવ નિમિત્તે તેઓ અમદાવાદ આવી પહોંચ્યા.

અહીં ચૈત્ર સુદ આઠમના દિવસે અમદાવાદ સ્થિત નરનારાયણ દેવના મંદિરમાંથી બે ગવૈયા સાધુ યોગીજી મહારાજનાં દર્શન માટે આવેલા. તેઓની કીર્તનભક્તિથી યોગીજી મહારાજ રાજી થયા.

એ જ વખતે સેવક સંત યોગીજી મહારાજને ઉકાળા-પાણી માટે બોલાવવા આવ્યા, ત્યારે યોગીજી મહારાજે સ્વામીશ્રીને કહ્યું : 'આ બેય સંતોને ઉકાળો પીવા ભેગા લઈ લ્યો.' સ્વામીશ્રીએ તરત જ તે સંતોની પણ યોગીજી મહારાજ સાથે જ અલ્પાહારની વ્યવસ્થા ગોઠવી દીધેલી.

આમ, પ્રમુખ હોવા છતાં સ્વામીશ્રી યોગીજી મહારાજના વચને કોઈને ઉકાળા-પાણી કરાવવા જેવી નાની સેવામાં પણ ખડે પગે હાજર રહેતા.

કુનેહભરી કામગીરી

સન ૧૯૫૫નું વર્ષ સંપ્રદાયના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાવાનું હતું, કારણ કે આ વર્ષે સંપ્રદાયના સંતો પ્રથમ વાર સાગર ઓળંગી સત્સંગ-પ્રસાર માટે વિદેશ-ધર્મયાત્રાએ પધારવાના હતા. યોગીજી મહારાજના આ પરદેશ-પ્રવાસને ધ્યાનમાં રાખીને આ વર્ષનો ચૈત્રી પૂનમનો સમૈયો તા. ૪/૪ના રોજ સુદ બારસના દિવસે ગોઠવવામાં આવેલો. તે માટે સ્વામીશ્રી યોગીજી મહારાજની સાથે અમદાવાદથી બોચાસણ પધારેલા.

યોગીજી મહારાજ વિદેશ-ધર્મયાત્રાએ જવાના હોવાથી તેઓ જ્યાં પધારતા ત્યાં વિદાય સમારંભો યોજાતા. અમદાવાદથી મુંબઈ સુધી વચ્ચે આવતાં તમામ સત્સંગકેન્દ્રોમાં આ જ કાર્યક્રમ ચાલેલો. તે વખતે આ સમારંભોની સઘળી વ્યવસ્થા સ્વામીશ્રી સંભાળતા.

પરદેશમાં સંપ્રદાયનો ડંકો મારવા જઈ રહેલા પ્રાણપ્યારા ગુરુને સૌ ભાવભીની વિદાય આપવા ઊમટી પડતા. યોગીજી મહારાજનો છેલ્લો ધબ્બો મેળવી લેવા સૌ પડાપડી કરતા. ભક્તોના આ ભાવપૂર યોગીજી મહારાજના સ્વાસ્થ્યને ઠેલ ન મારે તે રીતે સ્વામીશ્રી ભક્તોનાં મન અને યોગીજી મહારાજનું તન, બંને સચવાય એમ ગોઠવણ કરતા રહેતા. સ્વામીશ્રીની આ કુનેહભરી

કામગીરીથી યોગીજી મહારાજ પણ તેઓ પર પ્રસન્ન રહેતા.

તા. ૧૩/૪/'૫૫ના દિવસે યોગીજી મહારાજ વિદેશયાત્રા માટે મુંબઈના ઍરપોર્ટ પર આવી પહોંચ્યા. તેઓને વિદાયમાન આપવા સ્વામીશ્રી પણ સાથે જ પધારેલા. અહીંથી સવારે દસ વાગ્યે હવાઈયાને આફ્રિકાની ગતિ સાધી હતી.

ઘૂમે એકલવાયા

યોગીજી મહારાજના પરદેશગમન બાદ દેશમાં સત્સંગ અને વ્યવહારની બેવડી જવાબદારી સ્વામીશ્રી પર આવી હતી. તેને પહોંચી વળવા માટે સ્વામીશ્રીએ પોતાના વિચરણને પણ વિશેષ વેગવંતું બનાવી દીધું. તે વખતે સંસ્થાનું કોઈ વાહન નહોતું, તેથી ટ્રેન, એસ.ટી. બસ વગેરે દ્વારા જ મુસાફરી કરવાની રહેતી. છતાં સ્વામીશ્રીનું વિચરણ કેવું વિદ્યુતવેગી રહેતું તેની એક ઝલક નીચેની નોંધ પરથી મળી જાય એમ છે.

યોગીજી મહારાજને વિદાય આપી સ્વામીશ્રી તા. ૧૪/૪ના રોજ મુંબઈથી ટ્રેન દ્વારા નીકળ્યા અને તા. ૧૫/૪ના દિવસે અટલાદરા આવી પહોંચ્યા. અહીં તેઓને સમાચાર મળ્યા કે 'બોચાસણમાં રહેતા શ્રીજીસ્વરૂપદાસનો અક્ષરવાસ થયેલ છે,' તેથી તેઓ બોચાસણ પધાર્યા. તેઓની અંત્યેષ્ટિવિધિ પૂર્ણ કરીને તા. ૨૩/૪ના રોજ નીકળ્યા તે તા. ૨૪/૪ આણંદ, તા. ૨૬/૪ અટલાદરા, તા. ૨૭/૪ બોચાસણ, તા. ૨૮/૪ અમદાવાદ, તા. ૨૯/૪ સારંગપુર, તા. ૩૦/૪ ગઢડા અને તા. ૨/૫ના રોજ ગોંડલ આવી પહોંચ્યા.

આમ, જ્યાં દિવસ ઊગે ત્યાં તે આથમે નહીં એ રીતે સ્વામીશ્રી વિચરતા. તા. ૭/૫ના રોજ તો તેઓ તાવમાં પટકાયા હતા તોપણ તા. ૮/૫ના દિવસે ગોંડલથી અમદાવાદ જવા નીકળી ગયેલા.

*'કેવા શુકનમાં પર્વતે આપી હશે વિદાય; નિજ ઘેરથી નીકળી નદી, હજી પાછી વળી નથી !'*ની જેમ સ્વામીશ્રીએ ભીડો વેઠવામાં કદી પાછી પાની કરી નહોતી.

શ્રમશિબિરનું મૌલિક આયોજન

તા. ૧૯/૫ના રોજ અમદાવાદમાં યોગી જયંતીનો ઉત્સવ ઊજવીને સ્વામીશ્રી તા. ૨૧/૫ના દિવસે અટલાદરા પધારેલા. અહીં આવવાનું મુખ્ય પ્રયોજન હતું : શ્રમશિબિર.

સત્સંગના ભવિષ્ય સમા નવયુવાનોમાં સેવાધર્મ દૃઢ થાય તે હેતુથી આ શ્રમશિબિર ગોઠવવામાં આવેલી. તેમાં જુદાં જુદાં મંડળના યુવાનો મંદિરની સેવામાં ઝંપલાવવાના હતા. આ આયોજન અંતર્ગત મુંબઈ, સૌરાષ્ટ્ર, ચરોતર, અમદાવાદ વગેરે સ્થાનોના વડીલ હરિભક્તો પોતાના મંડળના યુવાનો સાથે તા. ૨૨/૫થી અટલાદરા મુકામે આવવા લાગ્યા હતા.

આ દિવસે સાંજે પાંચ વાગ્યે વડોદરા સ્ટેશનથી અટલાદરા સુધી સ્વામીશ્રીનું ભવ્ય સ્વાગત કરવાની ગોઠવણ પણ યુવક મંડળે વિચારેલી, પરંતુ ગરમીનો પારો ૪૧ ડિગ્રી સુધી પહોંચી જતાં આ આયોજન રદ કરવામાં આવેલું અને સાંજે મંદિરના પ્રાંગણમાં જ સર્વે મંડળના પ્રતિનિધિઓએ સ્વામીશ્રીને સલામી આપી તેઓનું સ્વાગત કર્યું હતું.

તા. ૨૩/૫ના રોજ સવારે સાડા છ વાગ્યે મંદિરના ચોગાનમાં શ્રમ-શિબિરનો મંગલ પ્રારંભ ધૂન-ધ્યાનથી થયો. તે વખતે અંતરિક્ષમાંથી મહારાજ-સ્વામી રાજી થઈને સૌ યુવકોને આશીર્વાદ આપતા હોય તેમ, વરસાદનું કોઈ ચિહ્ન ન હોવા છતાં અમીછાટણાં પણ થયેલાં.

બ્રહ્મવિદ્યા ભણાવેલા ફરી પધાર્યા

શિબિરનું ઉદ્‌ઘાટન કરતાં પ્રવચનમાં સ્વામીશ્રીએ જણાવ્યું હતું કે –

'આ શ્રમયજ્ઞમાં શારીરિક લાભ થશે. સાથે સાથે અહીં તો માનસિક વિકાસ પણ થાય છે, કારણ કે આપણે જગત ભૂલી જઈએ છીએ. વળી, આધ્યાત્મિક વિકાસ પણ અહીં થશે – અખંડ કથાવાર્તા અને જ્ઞાનયજ્ઞથી. માટે જેટલો બને તેટલો દરેકે આ શિબિરનો લાભ લેવો.

આ મંડળોના યુવકો જોઈએ તો તેમનાં ચારિત્ર્ય ઘણાં જ ઊંચાં છે. તેમની મૂક સેવા છે. એ બધું આપણને આજે પ્રેરણા આપે છે. આવા યુવકો જોઈ આપણને હર્ષ થાય છે. કેટલાક સાદડી ઉપર સૂએ છે, ઉપવાસ કરે છે અને પરમ પૂજ્ય યોગીજી મહારાજની આજ્ઞાથી ત્યાગીના જેવું જ જીવન જીવે છે અને તપ કરે છે. આથી આપણને પ્રતીતિ થાય છે કે અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ બ્રહ્મવિદ્યા ભણાવેલા યુવકો જ આજે ફરી પધાર્યા છે. આ બધું જોઈને મને અતિ આનંદ થાય છે.

આપણા ગુરુજી પણ આફ્રિકામાં રહ્યાં થકા અહીં પ્રત્યક્ષ હાજર છે અને આપણને અંતરિક્ષમાં રહી દર્શન દે છે અને આશીર્વાદ આપે છે. આજે હું આ

શિબિરનું ઉદ્‌ઘાટન થયેલું જાહેર કરું છું અને મારા અહોભાગ્ય માનું છું કે આવી અપૂર્વ સેવા આપ સર્વેએ મને આપી.'

સ્વામીશ્રીના આ પ્રવચનમાં યુવકો પ્રત્યેની તેઓની મહિમાદૃષ્ટિનું હૃદયંગમ દર્શન થાય છે. તેઓ કહે છે કે 'બ્રહ્મવિદ્યા ભણાવેલા યુવકો જ આજે ફરી પધાર્યા છે... યુવકોનાં ચારિત્ર્ય ઘણાં જ ઊંચાં છે... ત્યાગીના જેવું જ જીવન જીવે છે અને તપ કરે છે...'

સ્વામીશ્રી ચારિત્ર્યવાન યુવાસમાજના વિરલ વિશ્વકર્મા બન્યા છે એ પરિણામ આજે દુનિયા વિસ્ફારિત નેત્રોથી જોઈ રહી છે; પરંતુ આ પરિણામ રળી આપનારી સ્વામીશ્રીની પદ્ધતિ અહીં દેખાય છે – યુવાનોને આદર અને યુવાનોની કદર.

'सम्भावना ह्यधिकृतस्य तनोति तेजः।'[૧૩૨] અધિકૃત વ્યક્તિ દ્વારા થતી પ્રશંસા વ્યક્તિત્વને ઉઘાડ આપનારી સાબિત થાય છે. સ્વામીશ્રીએ આ કરી બતાવ્યું હતું. તેની ઝાંખી તેઓના ઉપરોક્ત પ્રવચનમાં જોવા મળે છે. યુવાનોને ભરપૂર આદર આપનારા અને યુવાનીની પૂરી કદર કરી જાણનારા સ્વામીશ્રી પાસે યુવાનો પૂરના પ્રવાહની જેમ ધસમસતા દોડી આવે તેમાં શું નવાઈ?

સૂત્રધાર – સંસ્થાના અને સેવાના

સ્વામીશ્રીના પ્રવચન બાદ આ શ્રમશિબિરમાં અટલાદરા મંદિરની પૂર્વ દિશા તરફનાં પગથિયાંના પાયા જ્યાં ખોદવાના હતા ત્યાં સર્વે એકત્રિત થયેલા. સ્વામીશ્રીએ સ્વહસ્તે મૂર્તિઓનું પૂજન કર્યું અને હાથમાં ત્રિકમ લઈને ભૂમિ-ખનન કરી શ્રમશિબિરનો પ્રારંભ કર્યો. તે સાથે જ સૌ યુવાનો પણ સેવામાં મંડી પડ્યા.

આ સેવામાં સૌનો ઉત્સાહ અકબંધ રહેવાનું એક કારણ એ હતું કે શ્રમયજ્ઞ કરી રહેલા સૌ યુવાનોની સાથે સ્વામીશ્રી પણ હાથમાં ત્રિકમ લઈને ખોદવાની અને માટીનાં તગારાં ભરી આપવાની સેવા કરતા. સંસ્થાના સૂત્રધારની સાથે તેઓ સેવાના સૂત્રધાર પણ બની રહેલા. એટલું જ નહીં, સેવામાં જોડાયેલા સૌ યુવાનોની સંભાળ પણ સ્વામીશ્રી રાખતા. પોતે સૌથી છેલ્લે જમતા. તેઓ જમવા બેસે ત્યારે નક્કી થતું કે સેવામાં આવેલા સૌ યુવાનોએ જમી લીધું હશે!

સ્વામીશ્રીના સ્નેહની આવી શીતલ છાંયડીમાં સેવાનો થાક તો આંટા મારે. ઊલટાનો સૌનો ઉત્સાહ બેવડાતો રહેતો.

---

૧૩૨. किरातार्जुनीयम् – ૬/૪૬.

મનને મુક્કો મારવાની કવાયત

જ્ઞાન અને સેવાનું સંતુલન સાધી રાખવું એ ગુણાતીત રીત છે. તેથી આ શિબિરમાં સેવાની સાથે સ્વામીશ્રી જ્ઞાનનું ભાથું પણ બંધાવતા રહેતા. તે અનુસાર તા. ૨૬/૫ના રોજ યુવાનોને મંગળ પ્રવચન કરતાં તેઓએ જણાવેલું કે–

'જેવી રીતે હંસ પાણી ને દૂધને નોખાં કરે છે તેમ સત્પુરુષ આત્મા ને અનાત્માનો વિવેક કરાવે છે. માટે મન જીતવું. મન સત્પુરુષને સોંપ્યા સિવાય જિતાય નહીં. વિષયો છે તે વિષના મહાન દરિયા જેવા છે. તેમાંથી ઊગરવું બહુ જ મુશ્કેલ છે. ગુરુનાં ચરણારવિંદના આશ્રયથી જ વિષયને જીતી શકાય છે. ગુરુનાં લક્ષણો 'अमानी मानदो मान्यः...' વગેરે શાસ્ત્રો અને વચનામૃતમાં કહેલાં છે, તેવા ગુરુને મન સોંપી દઈએ તો જ આપણાં કાર્યો મંગલમય થાય છે.' આમ, પ્રાતઃકાળમાં જ મનને મુક્કો મારવાની બળપ્રેરક વાતો સ્વામીશ્રીએ કરી.

જે યુવાનીના પાયામાં સત્પુરુષોએ આવી શૂરવીરતાનું સીસું ભર્યું હોય તે યુવાની નક્કર બની રહે તેમાં શું આશ્ચર્ય? સ્વામીશ્રીના આ શબ્દોને ધારીને સૌ યુવાનો શ્રમસલિલ વહાવવા માંડતા.

...તો માફ કરશો

તા. ૨૯/૫ના રોજ શ્રમશિબિરની ભવ્ય પૂર્ણાહુતિ હતી. તેનો સમારંભ પણ શાનદાર થયો. આ પૂર્ણાહુતિ સત્રમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવેલું કે

''સૌએ આજ્ઞાપાલક થવું. ખોટી રીતનો મહિમા અને આચરણ વિનાનું અતિશય જ્ઞાન અધર્મનું કારણ બને છે. આથી સૌએ સાવધ રહેવું. શિક્ષાપત્રી પ્રમાણે વર્તન રાખવું. વર્ણાશ્રમ ધર્મનું માન ભક્ત સાથે જ્ઞાનથી રાખવાનું નથી. વર્ણાશ્રમમાં એકબીજા પ્રત્યે તિરસ્કારનો ત્યાગ કરવો. યુવકો આ ખાસ ધ્યાનમાં રાખે. ઉપાસનામાં 'સત્પુરુષ દ્વારા કલ્યાણ છે, એમાં મહારાજ અખંડ રહ્યા છે,' એવી વાતો કરવી. ભ્રાંતિવાળી વાતો કરવી નહીં. મને યુવકોના કાર્યથી બહુ જ સંતોષ થયો છે. આપને કાંઈ અગવડ પડી હોય તો માફ કરશો.''

સ્વામીશ્રીના પ્રવચનના આ અંતિમ શબ્દોએ સૌ યુવાન હૈયાંઓને વલોવી નાંખ્યાં. સ્વામીશ્રીની લાગણીના સરોવરમાં તેઓ નાહી રહ્યા! મોટા થઈને નાનાની માફી માંગતા સ્વામીશ્રી સૌનાં મનમાં વધુ મોટા બનીને બિરાજી રહ્યા!!

શ્રમશિબિરના સમાપન બાદ તેઓ વાઘોડિયા, અંટોલી, કરમાલીઆપુરા,

ડભોઈ, પુરુષોત્તમપુરા, ઈશ્વરપુરા, શ્રીજીપુરા વગેરે ગામોમાં વિચરતાં તા. ૧૪/૬ના રોજ અમદાવાદ આવી પહોંચ્યા.

અર્બુદાચલની છાયામાં

અટલાદરા અને ગઢડા મંદિરના ઘુમ્મટમાં ઉત્તમ કલા-કારીગીરી ઉમેરાય તે હેતુથી સ્વામીશ્રીએ કેટલાંક પ્રસિદ્ધ અને પુરાણા સ્થાપત્ય-નમૂનાઓનું નિરીક્ષણ કરવાના હેતુથી, અર્બુદાચલ(આબુ)ની યાત્રાએ નીકળવાનું આયોજન વિચારેલું. તે માટે તા. ૧૬/૬ના રોજ તેઓ અમદાવાદથી ટ્રેન દ્વારા આબુ જવા નીકળ્યા. આ પ્રવાસમાં સ્વામીશ્રી આબુ રોડ સ્ટેશને ઊતરીને એસ.ટી. બસ દ્વારા સત્તર માઈલનું અંતર કાપીને માઉન્ટ આબુ પહોંચ્યા.

અહીં રઘુનાથજી મંદિરમાં નિવાસ કર્યો. મંદિરના મહંત રામશોભાદાસજીએ પ્રેમભાવથી રહેવા-જમવાની વ્યવસ્થા કરી દીધેલી.

તા. ૧૭/૬ની સવારે નખી તળાવમાં સ્નાન કરીને અલ્પાહાર બાદ રામકુંડ, હાથીગુફા તથા સંન્યાસીઓને રહેવાની કુદરતી પથ્થરની ગુફાઓનું નિરીક્ષણ સ્વામીશ્રીએ કર્યું. બપોરે ભોજન બાદ દેલવાડાનાં દેરાંની મુલાકાત લીધી. અહીંથી પુરાતની રણછોડજી મંદિર, સંત સરોવર, વાલમ રસિયાની મૂરતિ વગેરે સ્થળો જોતાં-જોતાં રાત્રે આઠ વાગ્યે ઉતારે આવ્યા.

તા. ૧૮/૬ના રોજ ભોમિયો લઈને ગૌમુખ અને વશિષ્ઠ આશ્રમની મુલાકાતે સ્વામીશ્રી નીકળેલા. આ સ્થળે વાહનો જતાં ન હોવાથી પગપાળા જવાનું હતું. ગૌમુખ જવા સાતસો પગથિયાં ઊતરવાનાં હતાં. તેટલાં જ પગથિયાં પાછા ચઢીને બપોરે બાર વાગ્યે ઉતારે આવ્યા.

તા. ૧૯/૬ના દિવસે અચલગઢનો કાર્યક્રમ ગોઠવાયેલો. ત્યાં જવા માટે એસ.ટી. બસની સુવિધા હતી, પરંતુ તેમાં નામ નોંધાવવાં પડતાં. એક-એક બસમાં વીસ મુસાફરોને લઈ જાય. સ્વામીશ્રી સવારના પહોંચી ગયેલા તોય બપોરે અગિયાર વાગ્યે બસમાં બેસવાનો મેળ પડ્યો. પાંચ માઈલનું અંતર કાપી અચલગઢ પહોંચ્યા. અહીં અચલેશ્વર મહાદેવનું પુરાતન મંદિર નિહાળ્યું. આ મંદિરથી ઉપર જૈનનાં દેરાં છે. તેથી ઉપર ભર્તૃહરિ, હરિશ્ચંદ્રની ગુફાઓ છે. વળી, અધ્ધરદેવીનું સ્થાન પણ અહીં છે. આ બધું જોવામાં જ બપોરના બે વાગી ગયા. ભોજન માટે ઉતારે પહોંચી શકવાની શક્યતાઓ હવે રહી નહોતી. તેથી સ્વામીશ્રીએ મહાદેવના મંદિરમાંથી સીધું લીધું. ત્યાં જ ચંપાના એક વૃક્ષની નીચે ખરેલાં ફૂલો

પડેલાં. તેથી વાતાવરણ સુગંધીમાન હતું. તે જ સ્થળે સ્વામીશ્રીએ ખીચડી તૈયાર કરી અને વનભોજનનો લાભ લીધો. બપોરનો વિશ્રામ પણ સ્વામીશ્રીએ તે વૃક્ષ નીચે જ કરેલો. આમ, તેઓએ આબુનો એક અભ્યાસકીય પ્રવાસ ખેડ્યો.

આ પ્રવાસના છેલ્લા દિવસે તા. ૨૦/૬ના રોજ સૂર્યગ્રહણ હતું. તેથી સવારે પરવારીને નખી તળાવ પર આવેલા હનુમાનઘાટે બેસીને સ્વામીશ્રીએ ભજન-કીર્તન કરેલાં. ગ્રહણની સમાપ્તિ બાદ ખીચડી જમીને અઢી વાગ્યે મંદિરમાંથી વિદાય લઈ, ચાર વાગ્યે આબુ રોડ સ્ટેશને પહોંચ્યા.

અહીંથી ટ્રેન દ્વારા અમદાવાદ આવ્યા અને સ્ટેશન પરથી જ 'સૌરાષ્ટ્ર જનતા'માં બેસીને રાત્રે બાર વાગ્યે અટલાદરા પહોંચી ગયેલા.

હૃદયમાં રમતા ભક્તો

સન ૧૯૫૫ના શ્રાવણ માસમાં સ્વામીશ્રીએ સંતવલ્લભ સ્વામી સાથે સારંગપુરની આસપાસનાં ગામડાંઓમાં વિચરણનો કાર્યક્રમ ગોઠવેલો. તેમાં તા. ૪/૯ થી તા. ૬/૯ સુધી તેઓ ઝમરાળામાં રોકાયેલા.

અહીં હરજી નામનો એક કિશોર હતો. તે કાયમ સ્વામીશ્રીના સત્સંગમાં આવતો. સ્વામીશ્રીને પણ એના વિશે લાગણી. તે મળે એટલે તેઓ કાયમ પૂછે : 'હરજી ! તારી મરજી શું છે ?' આમ, વર્ણાનુપ્રાસનો મેળ બેસાડી જીવનભર સ્વામીશ્રી તેને સ્મૃતિ આપતા રહેલા. સ્વામીશ્રીના આવા એકાદ વાક્યની સ્મૃતિ ભક્તને ભવસાગર પાર કરાવવા માટે નૌકા સમાન બની રહેતી.

ઝમરાળાથી સ્વામીશ્રી રોહિશાળા પહોંચેલા. અહીં તેઓએ એક અઠવાડિયા સુધી મુકામ કરેલો અને 'સત્સંગિજીવન'ના ચોથા પ્રકરણનું પારાયણ સૌને સંભળાવેલું. આ ગામમાં હરિભક્તોને કથાવાર્તાનો અત્યંત ઈશક.

તેઓની આ ધગશને અહીં વિચરણ કર્યાનાં પચાસ વર્ષ પછી પણ યાદ કરતાં સ્વામીશ્રીએ લંડનમાં કહેલું :

'રોહિશાળામાં બધાને શ્રદ્ધા બહુ. પોપટભાઈ, કેશુબાપા, ત્રિભુવન સોની એ સૌને એટલી બધી શ્રદ્ધા કે પાંચ ટાઈમ કથા કરે. ચેષ્ટા બોલે. ચેષ્ટામાં પણ સાથે ઓરડાનાં પદ[૧૩૩] બોલે. '૫૫ની સાલમાં હું આ ગામડાંઓમાં ફરેલો. સવારે વહેલા પરવારીને સૌ આવી જાય અને કથાનો અખાડો ચાલે. તે વખતે નાસ્તા-પાણીની વાત હતી જ નહીં. કથા એ જ નાસ્તો. જમ્યા પછી થોડો આરામ

૧૩૩. *'આજ મારે ઓરડે રે...'*નાં ચાર પદ.

કર્યો - ન કર્યો, ત્યાં વળી પાછી કથા. સંધ્યા આરતી કરે અને વળી પાછી કથા. છેલ્લે ચેષ્ટા બોલે ને રાત્રે બાર વગાડે. પાઠ-પૂજા, નિયમ-ધરમ બધું જ પાકું.'

આમ, નાનાં-નાનાં ગામડાંઓમાં રહીને સેવા-ભક્તિ કરતા ભક્તોનું સ્થાન સ્વામીશ્રીના હૃદયમાં કાયમ રહેતું. કૃષ્ણ દ્વારકાધીશ થયા છતાં સુદામાને ભૂલ્યા નહોતા. એવી જ વાત સ્વામીશ્રીના જીવનમાં પણ દૃષ્ટિગોચર થતી રહેતી.

ગણિત નહીં, પણ ગણતરી

આ જ વિચરણમાં રોહિશાળાથી ચકમપર વરસતા વરસાદમાં ગારો ખૂંદતાં ખૂંદતાં સ્વામીશ્રી ગયેલા. કારણ હતું – એક હરિભક્તના ઘેર પધરામણી. એ હરિભક્ત સામાન્ય હતા. તેનું ખોરડું પણ સામાન્ય હતું. પધરામણીનું નિમિત્ત પણ સામાન્ય હતું. પધરામણીની ભેટ પણ સામાન્ય હતી. પરંતુ સ્વામીશ્રીને મન દરેક હરિભક્તની ગણતરી હતી. તેથી તેઓ નફા-તોટાના કોઈ ગણિત વિના, તેની નાની-શી ઇચ્છા પૂરી કરવા માટે પણ મોટી તકલીફો ઉઠાવતા રહેતા.

ચકમપરથી સ્વામીશ્રી પારાયણ નિમિત્તે અમદાવાદ પધારેલા, પણ આટલી મુસાફરીમાંય તેઓનાં ત્રણ વાહન બદલાયેલાં. પ્રથમ ચકમપરથી ગાડામાં બેસી બરવાળા પહોંચ્યા. ત્યારબાદ બરવાળાથી મોટરમાર્ગે ભીમનાથ અને ભીમનાથથી સોમનાથ મેલમાં બેસીને અમદાવાદ. ગણિત નહીં પણ ગણતરી હોય તો જ આ રીતે પ્રવાસ ખેડી શકાય.

નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો

અમદાવાદથી સ્વામીશ્રી જળઝીલણી એકાદશીનો ઉત્સવ ઊજવવા તા. ૨૭/૯ના રોજ સારંગપુર પધારેલા. અહીં ઉત્સવ ઉમંગભેર ઊજવાયો. સ્વામીશ્રી, સંતવલ્લભ સ્વામી વગેરેએ કથાવાર્તાનો લાભ આપ્યો. ગામમાં ઠાકોરજીની નગરયાત્રા પણ દબદબાપૂર્વક નીકળી. જાળિયા ધરે ઠાકોરજીને જળમાં ઝીલાવવામાં આવ્યા. સમગ્ર ગુજરાતમાંથી ઘણા હરિભક્તો આ પ્રસંગે આવેલા.

બીજે દિવસે બારસનાં પારણાં કરી તે સૌ ભક્તો વીખરાયા. મંદિરમાં રોકાયેલા સૌ સંતો-ભક્તોએ પણ બપોરે જમી-પરવારી આરામ માટે લંબાવ્યું. જેમણે જેમણે નિર્જળા ઉપવાસ કર્યા હશે તેને ખબર હશે કે પારણાના દિવસે સવારે શરબત પીએ ત્યારે નહીં, પણ બપોરે ભોજન બાદ આરામ કરીએ ત્યારે ઉપવાસની કળ વળે છે. એ મીઠી નીંદરનાં ઘેન જ જુદાં હોય !

સ્વામીશ્રીએ પણ એકાદશીનો ઉપવાસ પાણીનું ટીપુંય મોંમાં મૂક્યા વગર કરેલો. વળી, ઉપવાસની સાથે સાથે આખો દિવસ સમૈયાની શ્રમસભર સેવાઓ અને ગામમાં પધરામણીઓ પણ કરેલી. તેથી સેવક ધર્મજીવનદાસ સ્વામીએ બારસની બપોરે આરામ માટે સ્વામીશ્રીની પથારી તૈયાર કરી દીધેલી.

સ્વામીશ્રી નિયત સમયે વિશ્રામ માટે આવ્યા અને તે પથારીમાં સૂતા પણ ખરા. સેવક સંત પણ બાજુમાં આડે પડખે થયા. પરંતુ થોડી વારે સેવકની આંખ ખૂલી તો સ્વામીશ્રીની પથારી ખાલી દીઠી. તે જોઈ તેઓ સફાળા બેઠા થઈ ગયા અને તપાસ કરવા નીકળ્યા.

સ્વામીશ્રીને શોધતાં શોધતાં તેઓ મંદિરના સાવ પાછલા ભાગે આવ્યા. પણ ત્યાં તેઓએ જે જોયું તે તેઓના મનમાંથી કદી ભૂંસાય નહીં એ રીતે ચોંટી ગયું. સ્વામીશ્રી ગાતરિયું એક કોરે મૂકી, ધોતિયાનો કછોટો મારી, એક હાથમાં સાવરણો અને બીજા હાથમાં પાણી ભરેલી બાલદી લઈને, મળથી ખરડાયેલાં હરિભક્તોનાં સંડાસ સાફ કરી રહેલા !

સંસ્થાના પ્રમુખની આ નમ્રતા અને સેવાભાવના સેવકને પચાવવી અઘરી થઈ પડી ! તેઓ તરત જ સ્વામીશ્રી પાસે દોડી ગયા અને તેઓને રોકતાં પૂછ્યું : 'આપ આ શું કરો છો ?'

સ્વામીશ્રી કહે : 'એકથી બે ભલા. તમે પાણી લઈ આવો ને હું સાવરણો ફેરવું !' એમ કહેતાં સ્વામીશ્રી પુનઃ ગંદકી સાફ કરવા મંડી પડ્યા.

પરંતુ સેવક જ્યારે પાણી લેવા નજીક આવેલા કુંડમાં ગયા ત્યારે તેઓને સ્વામીશ્રીનો પરિશ્રમ વિશેષ સમજાયો. ત્રીસેક પગથિયાં ઊતરીને કુંડમાં જઈ પાણી ભરેલી બાલદી સાથે તેટલાં જ પગથિયાં ચડીને એક-બે વાર આવવામાં તો તેઓ હાંફી ગયા. તે વખતે તેઓ વિચારી રહ્યા કે 'સંડાસ સાફ કરવા માટે આવી ચઢ-ઊતર આજે સ્વામીશ્રીએ કેટલી વાર કરી હશે !'

સેવાધર્મ પરમ ગહન છે – એવું શાસ્ત્રકારોએ ભલે લખ્યું હોય, પણ સ્વામીશ્રીને આ સેવાધર્મ શ્વાસોચ્છ્વાસ જેટલો સહજ હતો ! અને હા, આ કોઈ એકલદોકલ પ્રસંગની વાત નથી. સ્વામીશ્રીના જીવનમાં નીચી ટેલની આવી સેવાની તો સરિતા સદાય ઘૂઘવતી હતી.

વાંચનના વ્યસની

આ અરસામાં યોગીજી મહારાજની આજ્ઞા અનુસાર શ્રી હર્ષદભાઈ દવેની

કલમે ભગતજી મહારાજનું જીવનચરિત્ર તૈયાર થયેલું. તેની એક પ્રત લઈને તેઓ તા. ૩૦/૯ના રોજ સારંગપુરમાં સ્વામીશ્રી પાસે આવ્યા અને તે સાહિત્ય-કૃતિ સ્વામીશ્રીને વાંચવા આપી. તે સમયે આશરે છસો જેટલાં પાનાંનો આ દળદાર ગ્રંથ સ્વામીશ્રીએ માત્ર સાડા ત્રણ દિવસમાં જ વાંચી લીધેલો. આ જોઈ લેખકને પણ ઘણું આશ્ચર્ય થયેલું. તેઓને થયું કે 'સ્વામીશ્રી વાંચનના રસિયા નહીં, પણ વ્યસની છે.'

'सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवावृताः ।'[૧૩૪] જેમ ધુમાડાથી અગ્નિ અવરાયેલો હોય છે તેમ દરેક ક્રિયામાં કંઈક ને કંઈક દોષ ઘૂસી જ જાય છે. આ ન્યાયે જે વ્યાવહારિક પ્રવૃત્તિમાં અતિશય ડૂબે તેના જીવનમાં સદ્‌વાંચનને ઘસારારૂપી દોષ પ્રવેશી જાય છે. અભ્યાસકાળ બાદ દસ પુસ્તકો પણ આદિથી અંત સુધી વાંચનારા કેટલા નીકળશે ? આ પ્રશ્નનો જવાબ જ દર્શાવે છે કે વ્યાવહારિક પ્રવૃત્તિ સદ્‌વાંચનને કોતરી-કાતરી ખાનારી હોય છે.

પરંતુ સ્વામીશ્રી કદી આવી આડઅસરથી અભડાયા નહોતા. તેઓ પ્રવૃત્તિમાં ગળાડૂબ ગરક થઈ શકતા તો સાથે સાથે સદ્‌વાંચનમાં પણ માથાબોળ ડૂબકી લગાવી શકતા. ગુણવાન તો ઘણા હોય છે, પણ જેના ગુણોને દોષનો લેશ ન લાગ્યો હોય એવા તો સ્વામીશ્રી જ હશે !

પરોપકારની ચરમ સીમા

સારંગપુરથી ગઢડા થઈને સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા હતા.

આ અરસામાં તેઓની વધતી જતી પ્રતિષ્ઠા અમુક લોકો માટે અસહ્ય બની રહી હતી. 'જે પારાયણો થાય તેમાં સ્વામીશ્રી જ મુખ્ય વક્તાપદે હોય; જે નિર્ણયો લેવાય તે સ્વામીશ્રીના વડપણ હેઠળની કમિટી દ્વારા જ લેવાય; જે ઉત્સવો થાય તેનાં આયોજનોમાં સ્વામીશ્રીનો શબ્દ જ અંતિમ રહે. એટલું જ નહીં, યોગીજી મહારાજની જીભ પણ સ્વામીશ્રીનો મહિમા ગાતાં સુકાય નહીં.' – આવી અનેક બાબતોથી દ્વેષીઓનો ઈર્ષાગ્નિ ભડકે બળવા લાગેલો. તેથી સ્વામીશ્રીનું કાસળ કાઢી નાંખવાનો કારસો કેટલાંક ઉપદ્રવી તત્ત્વોએ રચેલો.

મહાન પુરુષોના જીવનમાં આવી ઘટનાઓ મહદંશે જોવા મળે છે. કૃષ્ણનો કાંટો કાઢવા કંસ તૈયાર થયેલો અને રામની ખીલ્લી ઉડાડી દેવા કૈકેયી તત્પર બનેલી તે પૌરાણિક ઈતિહાસ છે. તો મીરાંથી સોક્રેટિસ સુધીનાંને ઝેરના

---

૧૩૪. श्रीभगवद्‌गीता - १८/४८.

પ્યાલા ગટગટાવવા પડ્યા તે અર્વાચીન ઈતિહાસ છે. શાસ્ત્રીજી મહારાજની ખીચડીમાં પણ ઝેર ક્યાં નહોતું ઘોળાયું? આ વિષચક્ર સ્વામીશ્રીના જીવનમાં પણ આ સમયે ફરી રહ્યું.

તેઓને ઝેર આપીને જેર કરવાનાં ષડ્યંત્રને આખરી અંજામ આપી દેવામાં આવેલો, પરંતુ ભગવાનની ઈચ્છાથી આ પ્રયોગ નિષ્ફળ નીવડ્યો. તેનો ઘટસ્ફોટ પણ એવી રીતે થઈ ગયો કે આ કરતૂતમાં સંડોવાયેલા આગળથી પડદો ઊંચકાઈ ગયો. તેથી તેઓ સામે પગલાં લેવાના મિજાજમાં સંસ્થાના વડીલ હરિભક્તો આવી ગયા. તે જોઈ કાવતરાખોરોના તો હોશકોશ જ ઊડી ગયા!

પરંતુ આ સમયે સ્વામીશ્રીએ હરિભક્તોને વાર્યા અને આ ઘટનાનો પર્દાફાશ કરવામાં સામેલ બે સદ્‌ગૃહસ્થો તથા એક સંતને હાથમાં જળ લેવડાવી પ્રતિજ્ઞાબદ્ધ કર્યા કે 'તેઓ આ વિગતની જાણ કોઈને ક્યારેય પણ કરશે નહીં.'

પરંતુ વાતનો છેડો હજી અહીં નથી આવતો. સ્વામીશ્રીએ પોતાના જ અસ્તિત્વને ભૂંસી-ભૂંજી નાંખવાનો પ્રયત્ન કરનારા અપરાધીઓને આશ્વાસન આપ્યું કે 'તમે ચિંતા ન કરશો. આ વાતને સમય જતાં સૌ ભૂલી જશે. માટે અહીં જ શાંતિથી રહેજો.' આમ કહ્યું એટલું જ નહીં, તે સૌને તેઓના છેલ્લા શ્વાસ સુધી સાચવ્યા પણ ખરા !

આ ઘટના બન્યાનાં છત્રીસ વર્ષ પછી કે જ્યારે મુખ્ય અપરાધી તો પૃથ્વી પર હયાત પણ ન હતા ત્યારે, એ બનાવને નિહાળનાર એક વ્યક્તિ દ્વારા આ ઘટનાની વિગત બહાર આવી. એ વખતે સ્વામીશ્રીએ જણાવેલું કે 'આવું કાંઈ બન્યું જ નથી.' અન્ય એક પ્રસંગે પણ જ્યારે આ ઘટનાનો ઉલ્લેખ થયો ત્યારે તેઓ બોલેલા : 'એ બધી વાતો ભૂલી જાઓ. તેઓએ જે સેવા કરી હતી તેને યાદ કરો. ભવિષ્યમાં આવી વાત લખવી નહીં.'

'छेत्तुः पार्श्वगतां छायां नोपसंहरते द्रुमः।'[૧૩૫] પોતાનું જ નિકંદન કાઢવા આવેલા કઠિયારા પરથી પણ ઝાડ પોતાનો છાંયડો સંકોરી લેતું નથી. પરોપકારની આ ચરમ સીમા છે. સ્વામીશ્રી તે સીમા પર આસન જમાવીને બેઠેલા સંત હતા.

ગુરુભક્તિનાં નિત નવા રંગો

યોગીજી મહારાજના મુખેથી અવાર-નવાર શબ્દો સરી પડતા : 'ડંકો મારી દેવો.' દેશ-વિદેશમાં અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંતનો પ્રચાર-પ્રસાર કરવાની

૧૩૫. हितोपदेशः - ૧/૬૦.

તમન્ના તેઓના આ શબ્દોમાં પડઘાતી. આ ઉત્સાહથી જ વિદેશને પણ સત્સંગનાં રંગે રંગી નાંખવા તેઓ આફ્રિકાના વિદેશ-પ્રવાસે નીકળેલા. કેન્યા, યુગાન્ડા અને ટાન્ઝાનિયામાં વિચરીને તેઓ હવે ભારત પરત ફરી રહેલા. તેથી તેઓના ભવ્ય સ્વાગતની તૈયારીઓ સ્વામીશ્રીએ અહીં દેશમાં આરંભી દીધેલી.

યોગીજી મહારાજ મુંબઈ ઊતરીને અટલાદરા પધારવાના હતા. તે વખતે વડોદરામાં વડવાળી પોળમાં સ્નાન, અલ્પાહાર માટે તેઓનો ઉતારો રાખવાનું નક્કી થયેલું. તેથી સ્વામીશ્રી સ્વયં તે મકાનમાં વ્યવસ્થા જોવા ગયેલા. જ્ઞાનમંદિરમાં સ્વાગતસભા થવાની હતી, તો ત્યાં પણ જાતે જ જઈને સ્વામીશ્રીએ વ્યવસ્થાઓ ચકાસી લીધેલી. યોગીજી મહારાજને કોઈ તકલીફ ન પડે અને સ્વાગત શાનદાર થાય – આ નેમ તેઓની હતી.

તા. ૨૩/૧૦/'૫૫ના રોજ મુંબઈ ખાતે ઉતરાણ કરી યોગીજી મહારાજ તા. ૨૫/૧૦ની સવારે અટલાદરા આવી પહોંચ્યા ત્યારે અહીં તો સ્વાગતમાં જાણે આખું ગુજરાત ઊમટી પડેલું !! યોગીજી મહારાજ પધારતાં જ બુલંદ જયનાદોથી ગગન ગાજી ઊઠ્યું. પુષ્પહારોની વર્ષાથી 'જોગી' જાણે ઢંકાઈ ગયા.

યોગીજી મહારાજના સ્વાગત માટે સુશોભિત ગજરાજ તૈયાર રાખેલો. તે પર યોગીજી મહારાજ, મોટા સ્વામી અને સ્વામીશ્રી બિરાજ્યા. તે સાથે જ દરબાર બેન્ડની સૂરાવલિઓ વહેવા માંડી. હજારો હરિભક્તોનો સંઘ નગરયાત્રાના રૂપમાં યોગીજી મહારાજને અનુસરવા લાગ્યો. જ્ઞાનમંદિરમાં શોભાયાત્રા વિરમી અને અદ્‌ભુત સત્કારસભાનો પ્રારંભ થયો. યોગીજી મહારાજને સન્માનપત્ર આપી બિરદાવવામાં આવ્યા.

આ જ રીતે અમદાવાદ, ભાવનગર, રાજકોટ, ગઢપુર, બોચાસણ વગેરે જ્યાં જ્યાં યોગીજી મહારાજનાં સન્માનો થયાં ત્યાં ત્યાં સ્વામીશ્રી સાથે રહેલા અને સ્વાગત સમારંભોની વ્યવસ્થાને આખરી ઓપ આપતા રહેલા. તેઓના અંતરમાં એક જ તાન હતું : 'યોગીજી મહારાજનો મહિમા વિસ્તારવો.'

આ વિચરણ દરમ્યાન એક વાર યોગીજી મહારાજ, મોટા સ્વામી, સ્વામીશ્રી વગેરે બોટાદથી ટ્રેનમાં બેઠા હતા. રાત્રિનો સમય હતો. તે વખતે યોગીજી મહારાજની શારીરિક પ્રકૃતિના જાણકાર સ્વામીશ્રીને વિચાર આવ્યો કે 'યોગીજી મહારાજને ઠંડી લાગશે.' તેથી ઊભા થઈને તેઓએ બધી બારીઓ બંધ કરી દીધી.

'યોગીજી મહારાજ ઠંડી સહન કરી શકતા નથી' – એ વિગતથી તો સૌ

સુપરિચિત હતા, પણ ટાણે સેવા સૂઝી આવવી તે ગુરુભક્તિની ધાર અખંડિત વહેતી હોય તો જ શક્ય બને! સ્વામીશ્રી તો આવી ગુરુભક્તિનો અમૃતહ્રદ હતા. તેથી તેઓને સમયે સઘળું સૂઝી આવતું.

પણ તેઓએ બારીઓ બંધ કરી તેથી ગરમી થઈ. એટલે મોટા સ્વામી ઊઠ્યા અને કહે : 'કોણે બારીઓ બંધ કરી?' પછી સ્વામીશ્રીને જ સીધું કહેવા લાગ્યા : 'તેં જ બારીઓ બંધ કરી લાગે છે. ખોલી નાંખ.'

ત્યારે સ્વામીશ્રીએ વિવેકપૂર્ણ ભાષામાં કહ્યું : 'મોટા સ્વામી! જોગીબાપાને ટાઢ લાગશે. માટે આપણે જ ડબ્બો બદલી નાંખીએ.'

આ સાંભળી મોટા સ્વામી બાજુમાં જે ડબ્બો ખાલી હતો તેમાં જાળિલા રોડ સ્ટેશનથી બેસી ગયેલા.

આમ, યોગીજી મહારાજની સગવડ સંબંધી ઝીણી ઝીણી વિગતોમાં ઊંડા ઊતરતા સ્વામીશ્રીને જોઈને તેઓની ગુરુભક્તિના નિત નવા રંગોથી સૌ રંગાઈ જતા.

ઉત્તમ ઈતિહાસકારની અદાથી

યોગીજી મહારાજની સત્કારયાત્રામાં સ્વામીશ્રી તેઓની સાથે સતત રહેલા. તે દરમ્યાનની તેઓની રોજનીશી વાંચતાં, સ્વામીશ્રીની લીલાચરિત્રો સંભારી રાખવાની વૃત્તિ અને ઉચ્ચ કક્ષાની ઈતિહાસ-સૂઝનાં પણ દર્શન થાય છે. જ્યાં એક-એક દિવસમાં બબ્બે ગામો-શહેરો બદલાતાં હોય, નગરયાત્રા-મુલાકાત-સ્વાગતસભા વગેરેનાં આયોજનોમાં પોતાને આદિથી અંત સુધી ભળવાનું હોય, યોગીજી મહારાજના આવાસ-નિવાસ અને વાહનની વ્યવસ્થાઓ પોતાને કરવાની હોય, તેવા સંજોગોમાં પણ સ્વામીશ્રીએ ઘણી ઝીણવટથી જે વિગતો નોંધી છે તે મસ્તક ઝુકાવી દે તેવી છે.

યોગીજી મહારાજ તા. ૨૫/૭ના રોજ અટલાદરામાં પધાર્યા તે સંદર્ભમાં સ્વામીશ્રી ટ્રેનનું નામ, ટ્રેન આવ્યાનો સમય તો નોંધે જ છે, પરંતુ તે વખતે આયોજિત નગરયાત્રામાં આવેલા બે ગજરાજમાં, કોણ કોણ કયા હાથી પર બેઠેલું અને કોણ કોણ યોગીજી મહારાજને ચામર ઢોળતું હતું તેની પણ નોંધ સ્વામીશ્રીએ કરી છે. સ્વાગતયાત્રામાં કયા કયા મહાનુભાવો આવતા તેમનાં નામ, સ્વાગતમાં ઊમટતી ભક્ત-સંખ્યા, તેમાંથી મહાપ્રસાદ માટે રોકાતી જનસંખ્યાના ઉલ્લેખ પણ સ્વામીશ્રી રોજનીશીમાં કરે છે.

તા. ૨૯/૧૦ના રોજ ગોંડલમાં યોજાયેલી સભામાં સંવાદની પ્રસ્તુતિ થઈ હતી. તે સંબંધી નોંધમાં સંવાદનું નામ અને તેના વિષયવસ્તુ સહિતની વિગતો સ્વામીશ્રીએ લખી છે. સંસ્થામાં સર્વપ્રથમ વાર થયેલી આવી પ્રસ્તુતિને સ્વામીશ્રીએ રોજનીશીમાં બરાબર ટપકાવી છે.

સમૈયામાં કયા મંડળના યુવકો કયા સેવાવિભાગમાં હતા અને તે સેવાવિભાગના મોવડી કોણ હતા તથા કયા સેવાવિભાગમાં કેવી રીતે સેવા ચાલતી, તે પણ સ્વામીશ્રીએ નોંધ્યું છે; તો જે જે ભક્તોનાં ઘેર યોગીજી મહારાજ નિવાસ કરતા તેનાં નામ, ઠામ સહિતની નોંધ પણ સ્વામીશ્રીએ કરી છે.

તા. ૬/૧૧ના રોજ યોગીજી મહારાજ ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહના બંગલે ગયેલા તો તે મુલાકાતમાં કોણ કોણ સાથે હતું, મુલાકાત કેટલા સમય સુધી ચાલી, મળનારાના ભાવ-પ્રતિભાવ કેવા રહ્યા, ભાષણોની ગુણવત્તા કેવી રહી તે પણ સ્વામીશ્રીએ લખ્યું છે! અહીં એકલા યોગીજી મહારાજનો તથા સાથે આવેલા સંતો-ભક્તોનો સમૂહમાં – એમ બે ફોટા પાડવામાં આવેલા. આ સૂક્ષ્મ વિગત પણ સ્વામીશ્રીએ નોંધી લીધી છે.

પધરામણીમાં આવતી ઠાકોરજીની ભેટ તથા તેમાંથી કયા કયા મંદિરમાં કેટલી સેવા રવાના કરવામાં આવી તેનો ઉલ્લેખ પણ સ્વામીશ્રીએ રોજનીશીમાં કર્યો છે.

આમ, એક નીવડેલા ઈતિહાસકારની કલમ અને નજર જે રીતે ફરે તે રીતે સ્વામીશ્રીએ અતિ વ્યસ્તતામાં પણ નોંધો ઉતારી છે. તે જોતાં ઈતિહાસ સર્જનારા તેઓ ઈતિહાસને સારી રીતે આલેખી જાણવાની પણ સૂઝ-શક્તિ ધરાવતા હતા તેમ જણાય છે.

સન ૧૯૫૬

સાચા સાધુ એમ ઓળખાય

ખેડા જિલ્લામાં માતર તાલુકાનાં સત્તાવીસ ગામો અને મહેમદાવાદ તાલુકાનાં સાત ગામો મળીને ચોત્રીસ ગામોની સરકારી જમીન શાસ્ત્રીજી મહારાજે હરિભક્તો પાસે રખાવેલી. આ જમીનોના વહીવટી કામ અંગે સ્વામીશ્રીને અવાર-નવાર તેની મુલાકાત લેવાની થતી. આ ક્રમ મુજબ એક વાર તેઓ અને સંસ્થાના સેક્રેટરી રસિકભાઈ ત્યાંના ખેડૂતો સાથે વાતચીત કરવા માટે ગયેલા.

તે વખતે અહીં બે ખેડૂતોને પરસ્પર આંટી પડી ગઈ હતી. તે આંટી એવી

સજ્જડ હતી કે એકબીજાને જુએ એમાં ઝેર ચઢે અને ઝેર ઓકે.

તેમાંના એક ખેડૂત ભીખા પોંચાની સાથે સ્વામીશ્રી એક વાર ખેતરમાં આંટો મારવા નીકળેલા. ત્યાં થોડી વારમાં ભીખા પોંચાને જેની સાથે અંટસ પડેલી તે અંબાલાલભાઈ[૧૩૬] અને તેના ત્રણ ભાઈઓ નીકળ્યા. આ ચારેય શરીરે હટ્ટા-કટ્ટા. તેઓએ ભીખાભાઈને જોયા અને વાગ્બાણ છોડ્યું : 'ભીખલી ! તું અંઈ ચ્યોંથી આઈ ચડી ?'[૧૩૭]

માત્ર આ બે બોલ અને એ બોલના સ્વરભાર(tone of voice) પરથી રસિકભાઈ પારખી ગયા કે અહીં વાત વાટ લગાડે તેવી છે. તેથી તેઓએ કહ્યું : 'ભીખાભાઈ ! તમે હાલતા થાઓ. નહીં તો આ નાર(ગામ)ના છે. તે તમને હેઠા પાડી દેશે.'

...પણ રસિકભાઈની આ તાકીદે તો બળતામાં ઘી હોમવાનું જ કામ કર્યું. તેઓની આ વાત સાંભળીને ભીખા પોંચાને ચાનક ચઢી અને તેણે ચાળો કર્યો કે 'અરે, એ મને હું (શું) કરતી'તી ! એ હઉને ઊંધા પાડી દઉં.'

અમુક માણસોને જીભ બારેવાટ હોય છે. તેમાં સાંકળ-મિજાગરા કશું ન મળે. એ રીતે ભીખાભાઈએ આમ બોલીને જાણે સાપનો કંડિયો ખોલ્યો કે સિંહનો કાન આમળ્યો એ જે ગણો તે, પણ તેઓનો આ ટોણો પેલા ચારેયને ચચરી ગયો. તેથી તેઓ હાથમાં જે ડંગોરા લઈને નીકળેલા તે જમીન પર ઠપ... ઠપ... પછાડવા લાગ્યા અને ખોંખારા ખાવા લાગ્યા.

પરિસ્થિતિ કાબૂ બહાર જવાની પૂરેપૂરી શક્યતાઓ સર્જાતાં સ્વામીશ્રી ભીખાભાઈને પાછા વળી જવા હળવેથી ઠેલવા લાગ્યા અને કહેતા જાય : 'તું એકલો છે ને એ ચાર જણા છે. માટે શાંતિથી સરકી જા.'

...પરંતુ મૂર્ખને ઉપદેશની વાતો ઉકસાવનારી જ સાબિત થાય છે તે ન્યાયે ભીખાભાઈ સમજાવટના પ્રત્યેક શબ્દે વધુ ને વધુ વકરતા જતા હતા.

...એટલામાં ખારી નદીનો એક વહેરો આવ્યો. સ્વામીશ્રીએ ભીખાભાઈને વળી કહ્યું : 'તમે પહેલાં આગળ શ્રીજીપુરા તરફ નીકળી જાઓ.'

પણ તેટલામાં તો પેલા ચારેય જણે ભીખાભાઈને આંતર્યા. સ્વામીશ્રીને

---

૧૩૬. આ પ્રસંગની સ્મૃતિ કરતાં સ્વામીશ્રીએ અહીં ક્યારેક 'ગોરધનભાઈ' નામનો પણ ઉલ્લેખ કરેલો છે.

૧૩૭. ચરોતરમાં તુચ્છકાર દર્શાવવા પુરુષને પણ સ્ત્રીલિંગ કે નાન્યતર જાતિનો પ્રયોગ કરીને બોલાવવાની રસમ છે.

એમ થયું કે 'હું તે લોકોને વારું.' એટલે તેઓ પોતાના બેય હાથ પહોળા કરી તે ચારેયને રોકવા ગયા, પણ તેઓના વેગના ધક્કે સ્વામીશ્રી હડફેટે ચઢી ગયા અને ત્રણ ગોઠમડાં ખાઈ ગયાં. મોઢામાં ધૂળ પણ પેસી ગઈ. છતાં ઊભા થઈને સ્વામીશ્રી વળી પાછા તેઓને ઠારવા-વારવા લાગ્યા અને મામલો શાંત કર્યો.

અંતે એ સૌને પરસ્પરના વૈમનસ્યને લીધે સ્વામીશ્રીને જે હાલાકી પહોંચી તેનું ઘણું દુ:ખ થયું. તેઓએ સ્વામીશ્રીની માફી પણ માંગી.

આમ, સહન કરીને પણ સુલેહ સ્થાપી સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા ત્યારે વાતાવરણમાં પંક્તિઓ ગુંજી રહેલી : *'ઝેરના ઘૂંટડા જીરવી જાણે, પછી અમૃત સહુને પાય; સાચા સાધુ એમ ઓળખાય...'*

અવિસ્મરણીય પ્રમુખસ્વામી

સન ૧૯૫૬માં વૈશાખ વદ બારશની તિથિ અનુસાર યોગીજી મહારાજનો પ્રથમ જન્મજયંતી મહોત્સવ[૧૩૮] સારંગપુરમાં ઊજવવાનું નક્કી થયેલું. આ ઉત્સવનાં પડઘમ વાગવાનાં શરૂ થઈ ચૂકેલાં. તેમાં કોઈ કચાશ ન રહી જાય તે માટે સ્વામીશ્રી પ્રથમથી જ સક્રિય રહેલા. તેઓની હાજરીમાં જ ઉત્સવનું માળખું વિચારાયેલું. લગભગ ૭૦ થી ૮૦ હજાર હરિભક્તોના આગમનની ધારણા સાથે ઉતારા, ભોજન, સભામંડપ, યજ્ઞ, ટ્રાન્સપોર્ટ, સ્વાગત- સરભરા, પાણી, ઈલેક્ટ્રિક વગેરે એકેએક વિભાગ કાર્યરત થઈ ગયેલા. રોજ રાત્રે એક વાગ્યે સ્વામીશ્રી દરેક વિભાગના મુખ્ય કાર્યકર્તાઓને બોલાવી મીટિંગ કરતા અને દિશાદર્શન આપતા. આમ, ગુરુજયંતીના આ મહોત્સવમાં તેઓએ કોઈ કસર રાખી નહોતી.

સેવાની સાથે સાથે સ્વામીશ્રીને ઉત્સવ-સભાઓમાં પણ સમયસર હાજર થવાનું રહેતું. આ ઉત્સવમાં પાળિયાદના મહંતશ્રી ઉન્નડ બાપુ, સાયલાના મહંતશ્રી તુલસીદાસજી, દૂધઈના મહંતશ્રી રામેશ્વરદાસજી, દૂધરેજના મહંતશ્રી અભેરાજજી, જૂના સૂરજદેવળના મહંતશ્રી ભગુ બાપુ, વળાના શ્રીનિત્યાનંદજી

૧૩૮. પૂરતા સંશોધનના અભાવે માગશર સુદ દશમના દિવસે જ યોગી જયંતી ઊજવાતી હતી, પરંતુ સરકારી દફતરોના દાખલાના પુરાવા સાથે ખબર પડી કે યોગીજી મહારાજની જન્મજયંતી વૈશાખ વદ બારશ છે. એટલે તે તિથિ અનુસાર મોટા પાયે આ પ્રથમ જન્મજયંતી મહોત્સવ ઊજવાઈ રહેલો, જે હકીકતે ૬૫મો યોગી જયંતી ઉત્સવ હતો. અલબત્ત, સન ૧૯૫૫માં વૈશાખ વદ બારશ મુજબની યોગી જયંતી સ્વામીશ્રીએ અમદાવાદમાં યોગીજી મહારાજની અનુપસ્થિતિમાં સ્થાનિક સ્તરે ઊજવેલી; પરંતુ વિશાળ આયોજન આ વર્ષે પ્રથમ વાર થઈ રહેલું.

વગેરે સંતો-મહંતો પધારેલા. આ અતિથિઓને સત્કારવાના હોય, પ્રવચન દ્વારા ગુરુમહિમા રેલાવવાનો હોય તેમાં પણ સૌ સ્વામીશ્રીને જ આગળ કરતા.

આમ, દિવસ-રાતના ઉજાગરા કરીને સ્વામીશ્રીએ આ જન્મજયંતીને અભૂતપૂર્વ સફળતા અપાવી હતી. તે વખતે યોગીજી મહારાજના આ ગુરુભક્તનાં ચરણે સૌનાં શીશ ઝૂકી ગયેલાં.

સ્વામીશ્રીની આયોજનશક્તિ, સેવા-સરભરાની કુશળતા, વિનય-વિવેક અને સાધુતાસભર વ્યક્તિત્વથી સૌ અતિથિઓ એક અવાજે બોલી ઊઠેલા કે 'યોગીજી મહારાજ તો સમગ્ર જગતના સદ્‌ગુરુ છે, પણ આ નાનકડા પ્રમુખસ્વામી તો અમારા અંતરમાં વસીને એવા તો જડાઈ ગયા છે કે કોઈ દિવસ એમની વિસ્મૃતિ અમોને થશે નહીં.'

આ વર્ષે સપ્ટેમ્બર માસમાં યોગીજી મહારાજ કચ્છ-ભૂજની પંચતીર્થી માટે નીકળેલા. તે યાત્રામાં સ્વામીશ્રી પણ સામેલ હતા. આ યાત્રાના થોડા સમય પહેલાં જ કચ્છ-ભૂજ ભૂકંપથી ધણધણી ઊઠેલા. એ હોનારતના ભગ્ન અવશેષો આ યાત્રા દરમ્યાન ક્યાંક ક્યાંક નજરે ચઢતા હતા. તે જોઈને સ્વામીશ્રી સૌની શાંતિ-સ્થિરતા માટે પ્રાર્થનારત થઈ જતા.

સન ૧૯૫૬નો અન્નકૂટ સ્વામીશ્રીએ સારંગપુરમાં ઊજવ્યો.[૧૩૯] ત્યારબાદ તાજપુર, લાઠીદડ, કારિયાણી, ઝમરાળા, સમઢિયાળા વગેરે ગામોમાં પ્રસાદ-વિતરણ માટે પણ તેઓ પધારેલા. હરિભક્તોનાં ઘેર-ઘેર જઈને તેઓને રાજી કરવાનો ઉમંગ સદાય સ્વામીશ્રીના અંતરમાં ઊછળતો રહેતો. તેથી તેઓ તક મળે કે તરત જ વિચરણ માટે નીકળી પડતા. Table work અને Field work – મેજ પર અને મેદાન પર એકસમાન રીતે કાર્ય કરી જાણનારા કાર્યવાહક સ્વામીશ્રી હતા !!

પ્રસાદ-વિતરણ બાદ, અમદાવાદમાં કાર્તિકી એકાદશી અને બોચાસણમાં કાર્તિકી પૂનમના સમૈયા ઊજવીને, નવેમ્બર માસમાં ખાંધલી ગામમાં સાત દિવસ સુધી સ્વામીશ્રીએ 'સત્સંગિજીવન'ના પારાયણ દ્વારા આખા ગામને કથારસમાં તરબોળ કરેલું.

દંતકથા સમી સંવાદિતા

યોગીજી મહારાજ શાસ્ત્રીજી મહારાજનાં કાર્યોનો પૂરવેગે વિસ્તાર કરી

૧૩૯. વિ.સં. ૨૦૧૩નો પ્રારંભ થયો.

રહેલા. 'ભલા-ભોળા જણાતા જોગી શું કરશે ?' એ ધારણા દિવસે દિવસે ખોટી પડતી હતી. પરંતુ જેમ જેમ સંસ્થા વિકસતી હતી તેમ તેમ યોગીજી મહારાજ અને સ્વામીશ્રીની જવાબદારીઓ પણ વધતી હતી. તેથી યોગીજી મહારાજ અને સ્વામીશ્રીનાં વિચરણ એકબીજાને સમાંતર ચાલતાં રહેતાં.

અલબત્ત, અગત્યના પ્રસંગોમાં યોગીજી મહારાજ સ્વામીશ્રીને પોતાની સાથે અવશ્ય બોલાવી લેતા. જ્યાં નવું ખેડાણ કરવાનું હોય કે જ્યાં વધુ ઊંડાણ લાવવાનું હોય ત્યાં યોગીજી મહારાજ સ્વામીશ્રીને અવશ્ય યાદ કરે અને બોલાવે. યોગીજી મહારાજને સ્વામીશ્રીનો પૂરેપૂરો વિશ્વાસ કે 'સંસ્થા અને સિદ્ધાંતનો દ્રોહ થાય એવું કશું જ પ્રમુખસ્વામી થવા દેશે નહીં તથા સંસ્થાનો વિકાસ કરવામાં પણ તેઓ કોઈ કસર રહેવા દેશે નહીં.' યોગીજી મહારાજના અંતર્યામી બનીને સ્વામીશ્રીએ તેઓનો આવો અપ્રતિમ વિશ્વાસ મેળવેલો. યોગીજી મહારાજના મનને તેઓ એટલી હદે પામી ગયેલા કે તેઓ કહેતા : 'યોગીજી મહારાજના વિચારથી મારો વિચાર જુદો પડ્યો નથી.'

યોગીજી મહારાજ પણ સ્વામીશ્રીનું સ્વરૂપ સૌને સમજાતું જાય તે રીતે તેઓનો મહિમા પ્રસરાવતા રહેતા. તે વિગત તેઓ દ્વારા લખાયેલા પત્રોમાંથી પણ જણાય છે.

જ્યારે જ્યારે સ્વામીશ્રી ગોંડલ પધારવાના હોય ત્યારે યોગીજી મહારાજ સંતોને લખી જણાવતા કે *'પ્રમુખસ્વામી ગોંડલ પધારે છે તે રોકાશે. તો ગાડીએ (ટ્રેન પર) લેવા માટે સંતો જજો. દંડવત કરજો. રોજ જુદી જુદી રસોઈ જમાડજો. પૂરણપોળી ખાસ કરજો. કથા-નિયમ-ચેષ્ટા પછી સંત-સમાગમ કરજો. જ્યારે વિદાય લે ત્યારે રેલગાડી લગણ વળાવવા જાવું. ગાડી ઊપડે પછી જ મંદિરે પાછા આવવું. એમણે જે જે વાતું કરી હોય તે સંભારી રાખવી. સંતોએ ભેળા થઈને ગોષ્ઠિ કરવી, જેથી શાસ્ત્રીજી મહારાજનું સુખ આવશે.'*

આમ, ગુરુ-શિષ્યની એક વિરલ જોડી અક્ષર-પુરુષોત્તમ સંસ્થાના પાયા પાતાળે ઉતારતી જતી હતી. તે બંને વચ્ચે સધાયેલી સંવાદિતા યુગયુગાંતર સુધી દંતકથા બનીને ગુંજતી રહે તેવી હતી.

દ્વિતીય તીર્થયાત્રા

સન ૧૯૫૩માં સ્પેશિયલ ટ્રેન-યાત્રાનું આયોજન થયેલું. તેમાં સૌએ અનુભવેલા સુખની સીમાના શબ્દોએ જે કોઈ આ યાત્રામાં સામેલ થયા નહોતા

તેઓના મનમાં બીજી તીર્થયાત્રાના આયોજનનું બીજારોપણ કરી દીધેલું. ત્રણ વર્ષના સમયગાળા દરમ્યાન આ બીજનું પોષણ થતું રહ્યું અને સન ૧૯૫૬માં તેણે સાકાર સ્વરૂપ ધારણ કર્યું. તેના ફળસ્વરૂપે બીજી સ્પેશિયલ ટ્રેન-યાત્રાનું આયોજન થયું હતું.

યોગીજી મહારાજ અને સ્વામીશ્રીના સાંનિધ્યમાં થનારી આ યાત્રા માટે ૬૫૦ યાત્રિકો જોતજોતાંમાં નોંધાઈ ગયા. આણંદના શાંત, સુશીલ નવયુવાન વિનુભાઈને પણ યોગીજી મહારાજે આ યાત્રામાં સાથે લીધેલા. યાત્રિકોની સંખ્યાની સાથે સાથે યાત્રાસ્થળોની સંખ્યા મુજબ પણ આ યાત્રા '૫૩ની યાત્રા કરતાં મોટી હતી. દક્ષિણ ભારતનાં તીર્થોનો પણ આ યાત્રામાં સમાવેશ થતાં ૪૫ દિવસનો કાર્યક્રમ ગોઠવાયો હતો.

તા. ૭/૧૨/૧૯૫૬, શુક્રવાર, માગશર સુદ પાંચમના દિવસે બપોરે ત્રણ વાગ્યે આ યાત્રાનો પ્રારંભ વડોદરાથી થયો. દરબાર બેન્ડની સૂરાવલિઓ સાથે આશરે પાંચેક હજાર હરિભક્તોએ તીર્થયાત્રાના યાત્રિકોને વિદાય આપી.

ઉજ્જૈન, આગ્રા, મથુરા, ગોકુળ, વૃંદાવન, દિલ્હી, હરદ્વાર થઈને યાત્રાળુઓનો સંગ હૃષીકેશ આવી પહોંચ્યો. અહીં ગંગાકિનારે આવેલા શિવાનંદ આશ્રમની મુલાકાતે સ્વામીશ્રી પધારેલા. તે આશ્રમના અધ્યક્ષ શિવાનંદજી મહારાજ સ્વામીશ્રીને મળીને ઘણા રાજી થયેલા. સ્વામીશ્રીએ પણ તેઓને શ્રીજીમહારાજ અને યોગીજી મહારાજના મહિમા સંબંધી વાતો કરેલી.

યાત્રાનાં આગળનાં તીર્થધામોમાં અયોધ્યા, છપૈયા, અલ્હાબાદ, બનારસ, ગયા, વૈજનાથધામ વગેરે ઉત્તરનાં તીર્થો થયાં. ત્યારબાદ કોલકાતા અને જગન્નાથપુરીનાં દર્શન કરી મદ્રાસ પહોંચવાનું હતું. ત્યાં જતાં રસ્તામાં આવતાં વિશાખાપટ્ટનમ્ શહેરમાં સ્ટીમરો બનાવવાનો મોટો ઉદ્યોગ છે. તે વખતે અહીં અમેરિકન અને રશિયન સ્ટીમરો લાંગરેલી હતી. હરિભક્તોના આગ્રહથી યોગીજી મહારાજ અને સ્વામીશ્રી તેમાં પગલાં કરવા પધારેલા.

સન ૧૯૫૭

દુર્લભ બન્યું સુલભ

જેમ શ્રાવણનાં સરવડાં વરસતાં જ રહે તેમ યોગીજી મહારાજના મુખેથી પ્રસંગોપાત્ત સ્વામીશ્રીનો મહિમા નીતરતો જ રહેતો. પરંતુ ખીર જેવું સ્વાદુ ભોજન શ્વાનના પેટમાં ટકતું નથી, તેમ સ્વામીશ્રીના આવા મહિમાના ઘૂંટ

કેટલાક માટે ગળા નીચે ઉતારવા અઘરા પડતા. એક ગૃહસ્થ આ પૈકીના હતા.

એક વાર યોગીજી મહારાજ સવારે દાતણ-પાણી કરી રહેલા. વિનુભાઈ યોગીજી મહારાજની સેવામાં હતા. તે વખતે જ પેલા ગૃહસ્થ યોગીજી મહારાજ પાસે આવી ચડ્યા. તેઓ અત્યંત આવેશમાં હતા. તેથી આવતાંવેંત જ સ્વામીશ્રીની વિરુદ્ધમાં ઉકળાટ કાઢવા લાગ્યા, પરંતુ વિરોધીના અભાવની વાત પણ સાંભળી ન શકે તે યોગીજી મહારાજ, સ્વામીશ્રીનું હીણું તો કેવી રીતે સાંભળી શકે? તેથી તેઓએ પેલી વ્યક્તિને વારી. સાચી વાત સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ તે વ્યક્તિનો આત્મા અસદ્ભાવમાં ઓગળી ગયેલો.

તેઓએ યોગીજી મહારાજની વાત પણ સાંભળી - ન સાંભળી કરી અને બોલ્યા : 'યોગીબાપા! તમે પાછા જાઓ તો હું પ્રમુખસ્વામીને હમણાં જ જેલમાં પૂરી દઉં.'

આ સાંભળતાં યોગીજી મહારાજ એકદમ ડઘાઈ ગયા. તેઓ ઊભા થઈને ત્યાંથી ચાલી નીકળ્યા, પણ જતાં જતાં પેલી વ્યક્તિને કહ્યું : 'પ્રમુખસ્વામીને શાસ્ત્રીજી મહારાજે મોટા નીમ્યા છે. તમે કેમ આમ કરો છો?'

જો કે સમુદ્રની રેતીથી સોરાઈ ગયેલા બાવળિયા પર લીલાં પાંદડાં ફૂટતાં નથી, તેમ અવળાઈથી અવરાઈ ગયેલી તે વ્યક્તિના અંતરમાં પણ યોગીજી મહારાજના આ શબ્દો ઊગ્યા નહીં. પરંતુ આશ્ચર્યની વાત એ રહી કે પોતાના વિરુદ્ધ અસદ્પ્રવૃત્તિઓનો મારો ચલાવનાર એ વ્યક્તિની રજેરજ મલિનતા જાણવા છતાં અને પોતાની પાસે અમર્યાદ અધિકાર હોવા છતાં સ્વામીશ્રીએ તેનો કોઈ પ્રતિકાર કર્યો નહોતો. શક્તિશાળી હોવા છતાં ક્ષમા આપવી તે દુર્લભ છે. સ્વામીશ્રીના જીવનમાં આ દુર્લભ સાજ સુલભ બનેલો સૌ જોઈ શકતા.

યાત્રાના આગામી ચરણમાં મદ્રાસથી ભૂતપૂરી, શિવકાંચી, વિષ્ણુકાંચી, પક્ષીતીર્થ, ચિદમ્બરમ્, પોંડિચેરી, સેતુબંધ રામેશ્વર, મીનાક્ષી મંદિર, તાંજોર, શ્રીરંગક્ષેત્ર, બેંગ્લોર, ટીપટુર, મૈસુર, તિરુપતિ બાલાજી વગેરે દક્ષિણનાં તીર્થોમાં સ્વામીશ્રી પધારેલા.

યાત્રા તેના અંતિમ ચરણમાં પશ્ચિમ બાજુ વળેલી. તેમાં સોલાપુર, કુર્દુવાડી, પંઢરપુર, નાસિક, મુંબઈ, વરતાલ, ડાકોર થઈને સૌ વડોદરા આવી પહોંચ્યા. અહીં યાત્રાનું સમાપન થયું.

'प्रायेण तीर्थाभिगमापदेशैः स्वयं हि तीर्थानि पुनन्ति सन्तः।'[૧૪૦] –

૧૪૦. श्रीमद्भागवतपुराणम् – ૧/૧૯/૮.

તીર્થયાત્રાના મિષે સંતો તીર્થોને પવિત્ર કરે છે – એ ભાગવતના કથન અનુસાર, યોગીજી મહારાજે અને સ્વામીશ્રીએ તીર્થોને તીર્થત્વ આપ્યું. દરેક સ્થળે સૌની શુભ ગતિ થાય તેવા સંકલ્પો કરીને સૌનું કલ્યાણ કર્યું. કથાવાર્તાના મેઘ વરસાવી સત્સંગીઓને સુદૃઢ કર્યા. દૂર દૂર વસતા ભક્તોને 'ઘેર બેઠાં ગંગા'નો અનુભવ કરાવી સુખ-સ્મૃતિ આપ્યાં. પિસ્તાલીસ દિવસ તો પલકારામાં પૂરા થઈ ગયા તેવું સૌ યાત્રિકોને લાગ્યું. ખરેખર, આ દ્વિતીય ટ્રેન-યાત્રા યોગીજી મહારાજ અને સ્વામીશ્રીની સંનિધિથી અદ્વિતીય બની રહી.[૧૪૧]

સંકલ્પના શ્રીગણેશના સાક્ષી

યોગીજી મહારાજનું એક ક્રાંતદર્શી કાર્ય હતું – સુશિક્ષિત નવયુવાનોને ભગવાં ધારણ કરાવવાનું.

હિંદુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિનું ભવિષ્ય ઉજ્જવળ રાખવા માટે જમાનાની માંગ હતી – નવી પેઢીને તેની ભાષામાં સંબોધે તેવા નવયુવાન સંતોની; વ્યાસ-વાલ્મીકીના સિદ્ધાંતો ન્યૂટન-આઈન્સ્ટાઈનની ભાષામાં સમજાવીને ભારતના ભવ્ય વારસાને આધુનિકતાનાં આક્રમણ સામે અડીખમ રાખે તેવા સુશિક્ષિત સંતોની ! યોગીજી મહારાજ આવનારા જમાનાની આ આવશ્યકતાને, પોતાની દૂરંદેશી દૃષ્ટિથી જમાના કરતાં વહેલા અને પહેલાં પારખી ગયેલા. તે માટે તેઓએ શાંત પણ સઘન પ્રયત્નો આદરી દીધેલા.

એ પુરુષાર્થના પ્રતાપે પ્રથમ પુષ્પ ખીલી ઊઠ્યું : તા. ૨/૨/૧૯૫૭, મહા સુદ બીજ, વિ.સં. ૨૦૧૩ના દિવસે.

આ શુભ અવસરે આણંદના યુવાન શ્રી વિનુભાઈએ યોગીજી મહારાજની રુચિમાં ભળી જઈને ત્યાગાશ્રમના માર્ગે પગરણ માંડ્યાં. અક્ષર દેરીમાં યોગીજી મહારાજે તેઓના ભાલમાં સ્વસ્તિતિલક કર્યું અને ગુરુમંત્ર આપ્યો. તેઓને પાર્ષદી-દીક્ષા પ્રદાન કરીને 'વિનુ ભગત' નામાભિધાન કર્યું. તેઓની આ દીક્ષા-વિધિ સાથે જ સત્સંગ-ઇતિહાસના નૂતન પ્રકરણનું પ્રથમ પાનું લખાયું.

આ પ્રસંગે સ્વામીશ્રી પણ ઉપસ્થિત હતા, કારણ કે આજે જે એક પુષ્પ

---

૧૪૧. સન ૧૯૫૩ અને સન ૧૯૫૬ની સ્પેશિયલ ટ્રેન-યાત્રાની સ્મૃતિઓને માણવા જુઓ વીડિયો ટ્રેક નં. ૧૯. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

ખીલેલું તેમાંથી આગળ જતાં મઘમઘતો બાગ બનાવવાનું કાર્ય સ્વામીશ્રીના હાથે સંપન્ન થવાનું હતું. દુનિયાની જમાતમાં નોખી ભાત પાડે તેવા એક હજારથી વધુ ત્યાગીઓની સોહામણી સંતમાળ સ્વામીશ્રી દ્વારા જ વસુંધરાના કંઠે આરોપિત થવાની હતી. એ યુગકાર્યના આજે કોઈ જ કોલાહલ વિના શ્રીગણેશ થઈ ગયા.

ગુરુભક્તિનું ગરવું દર્શન

ગોંડલથી સ્વામીશ્રી સારંગપુર પધારેલા. અહીં ફૂલદોલોત્સવ ઊજવી તેઓ યોગીજી મહારાજ સાથે લીંબડી પહોંચેલા.

અત્રે સત્સંગ મંડળ અને યુવક મંડળની પ્રવૃત્તિએ સારો વેગ પકડેલો. તેને સ્વામીશ્રીના પારાયણથી વિશેષ ઉત્તેજન મળ્યું. સ્વામીશ્રીની સહજ, સરળ અને સુમધુર કથાશૈલીથી અહીંના કેટલાક વિદ્વાન બ્રાહ્મણોને ખૂબ આકર્ષણ થયું. તેઓને સ્વામીશ્રીની સાધુતા અને વિદ્વત્તા માટે પણ અપાર આદર ઊપજ્યો.

લીંબડીથી સ્વામીશ્રી ચૈત્રી પૂનમનો સમૈયો બોચાસણમાં ઊજવીને યોગીજી મહારાજ સાથે વિચરણ કરતાં કરતાં વાઘોડિયા ગામે પધારેલા.

અહીં સાંજે સભા બાદ યોગીજી મહારાજે મુંબઈના બ્રાહ્મણ યુવક નિરંજનને[૧૪૨] આજ્ઞા કરી કે 'ખીચડી, શાક અને ઉકાળો બનાવો. ઠાકોરજીને ધરશું.' આમ કહી ચુની ભગતને પણ તેઓની મદદમાં મોકલ્યા.

તે યુવકે શાકનો વઘાર જ્યાં મૂક્યો ત્યાં જ અચાનક મોટા સ્વામી પધાર્યા. તેઓએ કહ્યું : 'શાક તું ન વઘારીશ. હું વઘારીશ.'

'સારું.' યુવકે અનુમતિ આપી.

તેથી મોટા સ્વામીએ વઘાર મૂક્યો. તેમાં તેઓએ વઘારમાં મરચું પણ નાંખ્યું. તે જોઈ પેલા યુવકે કહ્યું : 'સ્વામી ! યોગીબાપા માટે મોળું શાક કાઢવાનું બાકી છે.'

આ સાંભળી મોટા સ્વામીએ તેઓની લાક્ષણિક શૈલીમાં કહ્યું : 'ગોંડાના ભ'ઈ ! આ તીખું ના લાગે.' એમ કહેતાં વઘાર કરી જ નાંખ્યો.

સમય થતાં ઠાકોરજીને થાળ ધરાવી સૌ જમવા બેઠા. તેમાં યોગીજી મહારાજે શાક લીધું પણ તેઓને ઘણું તીખું લાગ્યું. પોતે કદી આવું તમતમતું જમતા નહીં. શારીરિક તકલીફોને કારણે તેઓ હંમેશા સાવ ગળી ગયેલું અને

---

૧૪૨. આ યુવાને સમય જતાં યોગીજી મહારાજના હસ્તે દીક્ષા લઈ સાધુ સિદ્ધેશ્વરદાસ નામ ધારણ કરેલું.

જરા પણ સ્વાદ ન આવે તેવું મોળું જમતા. તેમ છતાં મોટા સ્વામીના આગ્રહથી થોડું શાક લીધું પણ તે તીખું હોવાથી વારે વારે પાણી પીએ !

તે જ વખતે મોટા સ્વામીએ પૂછ્યું : ‘શાક કેવું છે ?’

‘સર્વોપરી !’ બીજા કોઈ બોલે તે પહેલાં તો યોગીજી મહારાજ બોલી ઊઠ્યા અને પાણી મોંએ માંડ્યું. બે-ત્રણ વાર આમ પાણી પીધું અને વળી કહે : ‘શાક સર્વોપરી ! શાક બહુ સારાં.’

પરંતુ સ્વામીશ્રીની ચકોર નજરમાં યોગીજી મહારાજની તકલીફ નોંધાઈ ગઈ હતી. એટલે બીજા દિવસે અટલાદરામાં પેલા યુવક રસોઈ બનાવવાની શરૂઆત કરતા હતા ત્યાં જ સ્વામીશ્રી પધાર્યા અને તેઓને કહ્યું : ‘જો જો, ધ્યાન રાખજો. મોળું કાઢી લેજો. કાલની જેમ ન થાય.’

સ્વામીશ્રીની આ સૂચના સાંભળી તે યુવક તો વિચારી જ રહ્યા : ‘અહો ! સ્વામીશ્રીની કેવી ગુરુભક્તિ ! ગુરુની કેવી સૂક્ષ્મ સંભાવના !’ તેઓને થયું કે ગુરુ સાથે એકતાર થયા વિના આવું અનુસંધાન અસંભવિત જ છે.

પ્રમુખસ્વામી મંદિરના ધણી છે

અટલાદરાથી યોગીજી મહારાજ વિચરણ કરતાં કરતાં ગોંડલ પહોંચેલા.

અહીં એક દિવસ વડુ ગામના હરિભક્ત કેશવદાસ પટેલ દર્શને આવ્યા. તેઓને સ્વામીશ્રીએ એક ભલામણપત્ર યોગીજી મહારાજના નામે લખી આપેલો. આ પત્ર તે હરિભક્તે યોગીજી મહારાજને આપ્યો. તે વાંચીને યોગીજી મહારાજ તેઓને જમાડવા માટે જાતે જ રસોડે લઈ આવ્યા. કેશવદાસ જમવા બેઠા ત્યારે સામે બેસીને યોગીજી મહારાજે અતિશય હેતપૂર્વક ખૂબ પીરસાવ્યું.

તેઓને પીરસાવતાં યોગીજી મહારાજ બોલ્યા : ‘પ્રમુખસ્વામી મંદિરના ધણી છે. એમની ભલામણ હોય પછી અમારે તમને બહુ સાચવવા પડે.’

તેઓ જ્યાં સુધી ગોંડલ રોકાયા ત્યાં સુધી યોગીજી મહારાજે તેઓની ખૂબ સંભાળ રાખી. આમ, સ્વામીશ્રીની નાની-શી ભલામણને પણ આટલો આદર આપતા યોગીજી મહારાજને જોઈને સૌને સ્વામીશ્રી પરનો તેઓનો અપાર રાજીપો અનુભવાયો.

પરસ્પરનો પ્રીતિયોગ

તા. ૧૯/૭ના રોજ યોગીજી મહારાજ શ્રાવણ માસના પારાયણ નિમિત્તે

મુંબઈ પધારેલા. સ્વામીશ્રી પણ સાથે જ હતા. કપોળવાડી પુનઃ એક વાર યોગીજી મહારાજ અને સ્વામીશ્રીના સાંનિધ્યથી ધન્ય બનેલી. રોજ સવાર-સાંજ આ જ સ્થળે કથાવાર્તાનાં આયોજનો થતાં. તે અંતર્ગત 'શ્રીહરિલીલાકલ્પતરુ'નું પારાયણ ચાલી રહેલું.

આ પારાયણની પૂર્ણાહુતિ વેળાએ આશીર્વાદમાં યોગીજી મહારાજે ઉદ્‌ગારો વહાવેલા કે 'આજે કથામાં પ્રમુખસ્વામી પધાર્યા છે તે સાક્ષાત્ શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છે.'

યોગીજી મહારાજના મુખે સ્વામીશ્રીનો આ મહિમા સાંભળી સૌ શ્રોતાઓ રાજી થયા. આમ તો સ્વામીશ્રીનાં શીલ અને શૈલી સૌને પ્રતીતિ કરાવતાં જ રહેતાં કે 'આ કોઈ લોકોત્તર સંતવિભૂતિ છે.' પરંતુ યોગીજી મહારાજના શબ્દોથી સૌની આ પ્રતીતિ પર સત્યતાની મહોરછાપ વાગી જતી. સૌને થતું કે 'આપણે યોગ્ય જ સમજીએ છીએ.'

મુંબઈમાં પારાયણ બાદ સ્વામીશ્રી ગુજરાત તરફ વિચરણમાં નીકળી ગયા. યોગીજી મહારાજ થોડા દિવસ મુંબઈમાં રોકાણ કરીને વલસાડ, બિલીમોરા, સુરત થઈને ભરૂચ પધારેલા.

ભરૂચથી તેઓ જન્માષ્ટમીના સમૈયે અટલાદરા જઈ રહેલા ત્યારે સ્વામીશ્રી મિયાંગામ સ્ટેશને યોગીજી મહારાજનાં દર્શન માટે દોડી આવેલા. તેઓના જીવનમાં 'ज्ञानी यांच्या घरी भक्तीचा दुष्काळ...' જેવું નહોતું. જ્ઞાનના ઉજાશમાં તેઓની ભક્તિ સુકાઈ ગઈ નહોતી. તેથી બે મિનિટનાં દર્શન માટે પણ તેઓ સ્ટેશને આવી પહોંચેલા.

રેલવેના ડબ્બામાં બેઠેલા યોગીજી મહારાજે જ્યારે જાણ્યું કે સ્વામીશ્રી આવ્યા છે ! તેથી યોગીજી મહારાજ પણ એકદમ ઊભા થઈ ગયા અને સ્વામીશ્રી ડબ્બામાં ચડે તે પહેલાં તો તેઓ સ્વામીશ્રીને દંડવત કરવા લાગ્યા. સ્વામીશ્રીએ પણ યોગીજી મહારાજને દંડવત કર્યા. એ દૃશ્ય કદી વીસરી ન શકાય તેવું ભાવસભર બની રહ્યું ! યોગીજી મહારાજે દંડવત કરતા સ્વામીશ્રીને પકડી લીધા અને પોતાના પ્રેમપાશમાં જકડી પણ લીધા. તે વખતે સ્વામીશ્રી પરના અપૂર્વ રાજીપાને સૂચવતાં શબ્દો તેઓના મુખેથી સરી પડ્યા કે 'અહોહો ! આપ બહુ ભીડો વેઠો છો !'

ખરેખર, આ બંને મહાપુરુષોનો પરસ્પરનો પ્રીતિયોગ અકલ્પનીય અને અવર્ણનીય જ હતો !

અટલાદરામાં જન્માષ્ટમીનો ઉત્સવ ઊજવી યોગીજી મહારાજ અને સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા. અહીં તા. ૨૧/૮ના રોજ તેઓ દ્વારા નિર્માણાધીન શિખરબદ્ધ મંદિરનો ભૂમિખનન-વિધિ સંપન્ન થયો.

અમદાવાદથી સારંગપુરમાં જળઝીલણી એકાદશી ઊજવી યોગીજી મહારાજ સાથે જ સ્વામીશ્રી તુરખા ગામે પધારેલા. અહીં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસી રહેલા વરસાદમાં યોગીજી મહારાજને તથા સ્વામીશ્રીને બગીમાં બેસાડીને ગામવાસીઓએ ભવ્ય સ્વાગત કરેલું.

તુરખાથી સ્વામીશ્રી ગોંડલ પહોંચેલા.

આ વર્ષે અહીં શરદ પૂર્ણિમા નિમિત્તે શ્રીહરિયાગનું વિશિષ્ટ આયોજન થયેલું. યજ્ઞ, નગરયાત્રા, પારાયણ અને ગુણાતીત જન્મોત્સવનો ચંદરવો રચાયેલો. આ પ્રસંગે આવનારા વીસેક હજાર હરિભક્તોની તમામ વ્યવસ્થાઓ સ્વામીશ્રીના માર્ગદર્શન અનુસાર ચાલતી હતી. તે માટે ૧,૦૦૦ બાઈ-ભાઈ સ્વયંસેવકો ઉત્સવની સેવામાં આવી ગયેલાં. સેવાની સાથે સાથે સ્વામીશ્રીના મુખે 'વચનામૃત' પારાયણનો લાભ પણ સૌને મળતો હતો.

કથાસરિતા અને સેવાસરિતાના સમાંતર પ્રવાહો વહેવડાવતા સ્વામીશ્રીને જોઈને સૌ અહોભાવમાં ગરકાવ થઈ જતા. પ્રત્યેક સમૈયો તેઓની નૂતન છબીનું દર્શન કરાવનારો પુરવાર થતો.

ગાદીના ખરા વારસ તો પ્રમુખસ્વામી છે

ગોંડલમાં ગુણાતીત જન્મોત્સવ ઊજવી હાલાર પ્રદેશની પંચતીર્થી કરવા નીકળેલા યોગીજી મહારાજ બાણુગાર ગામે પધારેલા. અહીં તેઓએ ગામના હરિભક્તો દ્વારા ખાતવિધિ કરાવી અને એક વર્ષમાં મંદિર કરી દેવા હાકલ કરી.

ત્યારબાદ ઉતારે પહોંચીને યોગીજી મહારાજે ગોરધનભાઈ બ્રહ્મભટ્ટને કહ્યું : 'આ મંદિરની જમીન અર્પણ કરવાનો લેખ તૈયાર કરી દો.'

ગોરધનભાઈને આવા કાયદાકીય મુસદ્દા બનાવવાનો કોઈ મહાવરો નહોતો, પરંતુ આજ્ઞાથી તેઓએ લખાણ તૈયાર કર્યું. યોગીજી મહારાજે તે લખાણ જાહેરમાં વાંચી સંભળાવવા કહ્યું, એટલે તેઓએ વાંચ્યું :

'બાણુગારના સમગ્ર મંડળે આ જમીન સ્વામિનારાયણ મંદિર કરવા માટે પૂજ્ય યોગીજી મહારાજને કૃષ્ણાર્પણ કરેલ છે.'

આ સાંભળી યોગીજી મહારાજ તરત જ બોલ્યા : ''યોગી મહારાજનું

નામ ન હોય! ગાદીના ખરા વારસ તો પ્રમુખસ્વામી છે. માટે લેખમાં 'શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી' એમ લખો.''

યોગીજી મહારાજના આદેશ અનુસાર લેખના શબ્દોમાં ફેરફાર કરવામાં આવ્યો. લેખ તૈયાર થઈ જતાં યોગીજી મહારાજે તેમાં સાક્ષીઓની સહીઓ પણ લીધી. એ લેખ એક દસ્તાવેજ બની રહ્યો – પ્રમુખસ્વામીની ઓળખાણનો !! જો કે આજે તો અઢારેય આલમ વગર સહીએ પણ આ વાતની સાક્ષી બની રહી છે.

બાણુગારથી યોગીજી મહારાજ હાલાર પ્રદેશનાં કેટલાંક ગામોમાં વિચરણ કરીને તા. ૧૯/૧૨ના રોજ સાવરકુંડલા આવી પહોંચ્યા. સ્વામીશ્રી પણ અત્રે પધારેલા. અહીં તેઓએ તા. ૨૧/૧૨ થી તા. ૨૮/૧૨ સુધી 'સત્સંગિજીવન'ના બીજા પ્રકરણના પારાયણનો લાભ આપેલો. પારાયણની પૂર્ણાહુતિ બાદ ગોંડલ, ગઢડા થઈને તેઓ અમદાવાદ પધાર્યા હતા.

સન ૧૯૫૮

લોહીનો ગુણ

અમદાવાદથી સ્વામીશ્રી તા. ૭/૧ના રોજ સારંગપુર જવા નીકળેલા. તે વખતે તેઓએ પોતાની સાથે કેન્સરની બીમારીથી પીડિત નીલકંઠ સ્વામીને પણ લીધેલા.

આ સંત મકરાણામાં સેવા કરતા હતા, પરંતુ ગંભીર માંદગીમાં પટકાતાં તેઓને અમદાવાદ લાવી દીધેલા. અમદાવાદમાં જરૂરી સારવાર અપાતાં તેઓનું સ્વાસ્થ્ય ઠીક ઠીક સુધરેલું. પરંતુ તે વખતે સ્વામીશ્રીને થયું કે 'આ સંતને સારંગપુર લઈ જઈએ.' સારંગપુરમાં તે બીમાર સાધુની સુવિધા સારી રીતે સચવાશે – તે હેતુસર સ્વામીશ્રી તેઓને પોતાની સાથે જ લઈને નીકળેલા.

માંદાની મદદમાં ઊભા રહેવું એ સ્વામીશ્રીના લોહીનો ગુણ હતો.

સારંગપુરમાં તે સંત માટે સ્વામીશ્રીએ તમામ સાનુકૂળ વ્યવસ્થાઓ કરી દીધી. પોતાની સરભરામાં આમ ખબરદાર થઈને મંડેલા સ્વામીશ્રીને જોઈને તે સંતનું હૈયું પણ ભરાઈ આવ્યું!

યુવા-પ્રવૃત્તિના સંવર્ધક

આ વર્ષે તા. ૧૪/૧ના રોજ મકરસંક્રાંતિ નિમિત્તે ઝોળીની આહ્લેક સ્વામીશ્રીએ અમદાવાદમાં લગાવેલી. હરિભક્તોએ પણ સ્વામીશ્રીની આ

ટહેલનો યોગ્ય પ્રતિસાદ આપતાં સારી સેવા નોંધાવી. ત્યારબાદ તેઓ નેનપુર, શ્રીજીપુરા, શાંતિપુરા વગેરે ગામોમાં ચોખાના ધર્માદા માટે વિચર્યા.

આ વિચરણમાં તા. ૧૯/૧ના રોજ શ્રીજીપુરાના રોકાણ દરમ્યાન રવિવાર આવ્યો. તે દિવસે સ્વામીશ્રીએ ગામના યુવકોને એકત્રિત કરીને રવિસભા યોજેલી.

શ્રીજીપુરા ગામમાં તો એ જમાનામાં કેટલા યુવકો મળે?! પરંતુ સ્વામીશ્રીએ કદી સંખ્યા સાથે નિસ્બત રાખી નહોતી. તેઓ જાણતા હતા કે આખા ઓરડાને સુવાસિત કરી મૂકવા એક અગરબત્તી પૂરતી છે. આંગણામાં ઊભેલો એક તુલસી-ક્યારો ઘરની શોભાને અનેરી બનાવી દે છે. આકાશમાં એક સૂર્ય જ અધધધ અજવાળું લઈ આવે છે. એ જ રીતે 'હકડો ભલો સપૂત.' એક ગુણિયલ યુવાન સમાજની શિકલ ફેરવવા બસ થઈ પડે. તેથી તેઓ સંખ્યા પર મદાર ન રાખતાં વ્યક્તિ-વ્યક્તિના ઘડતર પર ઝોક આપતા.

આ જ ઉમદા આશયથી તેઓએ આ ગામડા-ગામના ગણ્યા-ગાંઠ્યા યુવાનોને એકત્રિત કરીને સત્સંગમય જીવન જીવવાની પ્રેરણાઓ આપી. આમ, વિચરણના વિદ્યુતવેગી સપાટામાં પણ તેઓ કથાવાર્તાને કદી ઝૂકવા દેતા નહીં.

હેતનો હેતુ

તા. ૨૫/૧ના રોજ સ્વામીશ્રીએ અટલાદરામાં વસંત પંચમીનો ઉત્સવ ઊજવ્યો. તેમાં આશરે આઠેક હજાર હરિભક્તો પધારેલા. ઉત્સવના બે દિવસ બાદ મંદિરની વાડી કે જેમાં કેળોની રોપણી કરી હતી ત્યાં યોગીજી મહારાજ અને સ્વામીશ્રી સવા સો જેટલા સંતો-ભક્તો સાથે પધારેલા. અહીં વાડીમાં જ ઊગેલાં પાપડી, બટાટા, શક્કરિયાં વગેરેનું ઊંધિયું બનાવીને સૌને જમાડવામાં આવ્યું. સાથે સાથે ચણા, જુવાર અને ઘઉંના પોંકનો ઉત્સવ પણ થયો.

યોગીજી મહારાજ અને સ્વામીશ્રીની આ ક્રિયાઓ દેખાતી સામાન્ય; પણ તેથી પરસ્પર આત્મીયતા કેળવાતી. તે હેતના નાતે ગહન આધ્યાત્મિક સિદ્ધાંતો પણ સૌમાં સરળતાથી ઊતરી જતા. સંતો-ભક્તો સાથે ઓતપ્રોત થઈને રહેવા પાછળ સત્પુરુષનો હેતુ આ જ હોય છે – જીવને બ્રહ્મરૂપ કરી, અક્ષરધામમાં મહારાજની સેવામાં બેસાડી દેવા.

શ્રીજીમહારાજ કહે છે કે 'અમે જે કોઈને હેતે કરીને બોલાવીએ છીએ તે તો તેના જીવના રૂડા સારુ બોલાવીએ છીએ અથવા કોઈને હેતે કરીને સામું જોઈએ છીએ અથવા કોઈ સારાં ભોજન કરાવે છે તેને જમીએ છીએ અથવા

કોઈ ઢોલિયો બિછાવી દે છે તે ઉપર બેસીએ છીએ અથવા કોઈ વસ્ત્ર-આભૂષણ તથા પુષ્પના હાર ઇત્યાદિક જે જે પદાર્થ લાવે છે તેને અંગીકાર કરીએ છીએ તે તો તેના જીવના રૂડા વાસ્તે કરીએ છીએ પણ અમારા સુખને વાસ્તે કરતા નથી...'[૧૪૩]

આ જ હેતુસર સ્વામીશ્રી તા. ૩૧/૧ના રોજ અટલાદરાથી ઠેઠ ઠીકરિયા અને કેલોદ ગામમાં હરિભક્તોના કૂવાનું ખાતમુહૂર્ત કરવા માટે પણ પધારેલા. વિશ્વપ્રસિદ્ધ સ્મારકોનાં ખાતમુહૂર્ત જે હાથે થવાનાં હતાં, તે હાથને ખેતરના કૂવાનું ખાતમુહૂર્ત કરવામાં લેશ નાનપ નહોતી અનુભવાતી.

ખરેખર, સ્વામીશ્રીની સમતા-મમતાને માપવાના ગજ દુનિયા કદી નહીં પામી શકે !

કેલોદથી ભરૂચ, પાલેજ, સારીંગ, સોખડા થઈને સ્વામીશ્રી તા. ૪/૨ના રોજ કોરલ ગામે પધારેલા.

અહીં ગુજરાતના જાણીતા સંતશ્રી પુનિત મહારાજ ત્રણ વર્ષ વાનપ્રસ્થ જીવન ગુજારવા રહેલા. તે માટે તેઓએ આશ્રમ બંધાવેલો. સ્વામીશ્રી આ સદ્‌પ્રવૃત્તિ જોઈ રાજી થયેલા અને તેની ઝીણી નોંધ કરતાં પોતાની રોજનીશીમાં લખે છે કે *'સુંદર આશ્રમ, તેમ જ સદાવ્રત જમવાનું રસોડું ખુલ્લું. રહેવા માટે સરસ ઋષિ-મુનિનાં જેવી ઝૂંપડીઓ વાંસની કરી હતી. દરરોજ ભજન-કીર્તનનો પ્રોગ્રામ હતો.'*

આમ, જ્યાં જે સારું દેખાય તેને તેઓ બિરદાવતા.

ઘેર બેઠાં ગંગાનો લાભ

કોરલથી સ્વામીશ્રી તા. ૫/૨ના દિવસે ચોરંદા પધાર્યા હતા. અહીં પધરામણીઓ કરતા તેઓને જોઈને ગામની નિશાળના માસ્તરોને વિચાર આવ્યો કે પ્રમુખસ્વામીને શાળામાં પધરાવીને સૌ વિદ્યાર્થીઓને આશીર્વાદ અપાવીએ.

સ્વામીશ્રીની આકૃતિ-પ્રકૃતિ જ એવાં હતાં કે સૌને તેઓને વધાવવા-પધરાવવાના કોડ જાગે ! સકળ વિશ્વને પોતાનું કુટુંબ માનીને વિચરતા તેઓ કોઈને અજાણ્યા લાગતા નહીં. તેથી શિક્ષકોએ સ્વામીશ્રીને પોતાનો મનોરથ પૂરો કરવા વિનંતી કરી. તે સાંભળી આ સંતસરિતાએ પોતાનો માર્ગ બદલ્યો અને વિદ્યામંદિરને પાવન કરવા પહોંચી ગઈ ! સૌ છાત્રો તેમાં ડૂબકી લગાવી

૧૪૩. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૮.

ધન્ય થયાં. સ્વામીશ્રીએ વિદ્યાર્થીલક્ષી વક્તવ્ય દ્વારા સૌને પ્રેરણાઓ આપી. માથે હાથ મૂકી આશીર્વાદ પાઠવ્યા. સૌ શિક્ષકોને પણ પવિત્ર જીવન રાખીને વિદ્યાર્થીઓને ઉદાહરણરૂપ બનવાની તથા સૌ છાત્રોને પોતાનાં જ સંતાનો માનીને ખંતથી ભણાવવાની શીખ આપી.

સ્વામીશ્રીની પધરામણીથી સૌ ઘેર બેઠાં ગંગાનો લાભ માણી રહ્યા ! એક અમૃતધારા શાળાને તરબતર કરતી વહી નીકળી !!

ગુરુકૃપા હી કેવલમ્ !

ચોરંદામાં જ સ્વામીશ્રીને બોચાસણ મંદિરમાં સેવા કરતા બે સેવકો વચ્ચે વણસેલી વાતના સમાચાર મળ્યા. 'વાસણ ભેગાં રહે તો ખખડે' એ ન્યાયે આ બે સેવકો વચ્ચે કંઈક તકરાર થયેલી. તેમાં એકનો આક્રોશ તો હાથ ઉપાડવા સુધી પહોંચી ગયેલો. યોગીજી મહારાજ આ વિગતથી વ્યથિત થઈ ઊઠ્યા હતા. તેથી તેઓએ સ્વામીશ્રીને આ ખટરાગ થાળે પાડવા બોચાસણ મોકલ્યા.

યોગીજી મહારાજની આજ્ઞા થતાં સ્વામીશ્રી વિચરણને વિરામ આપી બોચાસણ આવી પહોંચ્યા.

અહીં પેલા બંને સેવકોને તેઓ વારાફરતી મળ્યા. બેયના રોષ-દોષ જાણ્યા. બેયને શીખ-સાંત્વન આપ્યાં. પણ સ્વામીશ્રીને લાગ્યું હશે કે 'બંનેને સાથે રાખવાથી કદાચ ભવિષ્યમાં ઉકળાટ ઊથલો મારશે !' તેથી એક સેવકને બીજા મંદિરમાં સેવા કરવાની વાત કરી. સ્વામીશ્રીનાં સ્નેહ-સમજાવટ એવાં રહેતાં કે તેઓ જે કહે તે કોઈને ન કઠે. તેથી સ્વામીશ્રીના કહેવાથી પેલા સેવક અટલાદરા મંદિરમાં સેવા કરવા માટે રાજી-ખુશીથી સંમત થઈ ગયા.

સ્વામીશ્રીની ન્યાયિક પ્રક્રિયામાં આ જ વિશેષતા રહેતી : વાદી-ફરિયાદી બંને પક્ષે સંતોષ. પોતાની આગવી કુનેહથી આવી તો કૈંક અદાવતોને તેઓએ અદાલતના દ્વારે જતાં અટકાવી હશે ! અહીં પણ તાણ-તનાવના બનાવને તદ્દન હળવો કરીને તેઓ નીકળ્યા, પરંતુ પોતાની આ કુશળતાના મુખ પર ગુરુભક્તિનો પાલવ ઢાંકી દેતાં સ્વામીશ્રી તા. ૮/૨ની રોજનીશીમાં લખે છે :

'પૂજ્ય યોગીજી મહારાજના આશીર્વાદ અને અન્યથાશક્તિથી (ક) (ખ) સાથે રાજી થકા છૂટા થઈ અટલાદરા આવ્યા...'

'ગુરુકૃપા હી કેવલમ્' – પ્રત્યેક સિદ્ધિ પછી સ્વામીશ્રીના રોમરોમમાંથી આ જ સૂર સૌને સંભળાતો.

સ્વામીશ્રી બોચાસણથી કાનમમાં પધાર્યા ત્યારે મિયાંગામ સ્ટેશન ઉપર જ યોગીજી મહારાજને ભેગા થઈ ગયા. ત્યાં જ તેઓ યોગીજી મહારાજને સાષ્ટાંગ દંડવત કરવા લાગ્યા. યોગીજી મહારાજ પણ સામે સ્વામીશ્રીને દંડવત કરવા માંડ્યા. ત્યારબાદ તેઓ સ્વામીશ્રીને ભેટી પડ્યા અને ખૂબ રાજીપો દર્શાવ્યો. પોતાના શિરેથી યશકળશને હડસેલી દેનાર સ્વામીશ્રી પર યોગીજી મહારાજે આખેઆખો કૃપાકળશ ઊંધો વાળી દીધો !

પ્રમુખસ્વામીની દરકાર

તા. ૫/૩ના રોજ સારંગપુરમાં ફૂલદોલ ઉત્સવ ઊજવીને યોગીજી મહારાજ અડવાળ પધારેલા.

અહીં 'સ્વામીશ્રી ટ્રેનમાં અમદાવાદ જઈ રહ્યા છે' – એવો પત્ર આવેલો. તેથી યોગીજી મહારાજે તેઓ માટે રાયકા સ્ટેશને પાણી લઈ જવા વિનુ ભગત તથા શંકર ભગતને આજ્ઞા કરી. તે વખતે દિલાવરસિંહે કહ્યું : 'મારી ઘોડાગાડી જાય છે. એમાં ભગતોને બેસાડી દઉં.'

'એમ તો હુંય જઈ શકું. પહેલાં બધાં હાલીને જતા.' યોગીજી મહારાજે ઠાવકાઈથી કહ્યું.

આ સાંભળી ભઈલુભાએ વિનંતી કરી કે 'માથે છત્રી રાખીને જાય તો સારું. તાપ બહુ પડે છે.'

પણ યોગીજી મહારાજ કહે : 'માટલામાં પાણીની ઠંડક હોય. તેથી તાપ નહીં લાગે !'

'બાપા ! પગમાં જોડા પહેરવાની તો આજ્ઞા કરો.' હરિભક્તોએ ફરી ભાવના વ્યક્ત કરી.

'કંઈ નહીં થાય. સાજા-નરવા પાછા આવી જશે.' એમ કહીને યોગીજી મહારાજે કોઈ સવલતોને કોઠું આપ્યું નહીં. તેથી વિનુ ભગત તથા શંકર ભગત ભજન-કીર્તન કરતાં રાયકા સ્ટેશને પહોંચ્યા.

ગાડી આવી પણ સ્વામીશ્રી સંજોગોવશાત્ તે ટ્રેનમાં નીકળી શક્યા ન હતા. એટલે 'વધે તે પાણી ઢોળી ન દેતા, પાછું લાવજો;' એ યોગીજી મહારાજની આજ્ઞા અનુસાર બંને પાર્ષદો ભરેલી માટલી સાથે પાછા આવ્યા ! પરંતુ આ પ્રસંગે, યોગીજી મહારાજે સ્વામીશ્રીની દરકારની જે ખેવના રાખી તેથી સ્વામીશ્રી માટે યોગીજી મહારાજને કેવો સદ્ભાવ છે તે સૌને જણાઈ આવ્યું.

સદા સાબદા

યોગીજી મહારાજની સાથે વિચરણ કરતાં સ્વામીશ્રી તા. ૨૭/૫ના રોજ વરસોડા ગામે પધારેલા. તે વખતે રાત્રે એક વાગ્યે ભક્તોએ સામૈયું કરેલું અને યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીને ગામમાં વધાવેલા.

અત્રે યોગીજી મહારાજની સૂવાની વ્યવસ્થા ગામમાં આવેલા મંદિરના હૉલમાં જ એક ખૂણામાં મોદિયાં બાંધીને, ઓરડા જેવું બનાવીને કરેલી. ત્યાં યોગીજી મહારાજ અને મોટા સ્વામી સૂતા. તેઓને પંખો નાંખવા માટે યુવકોને પણ નિયુક્ત કરેલા.

સ્વામીશ્રી તો સૌ સંતો અને યુવકોની સાથે બહાર હૉલમાં જ દોઢ શેર ધૂળ ભરેલાં મેલાં ગોદડાં પર ભગવું લૂગડું પાથરીને સૂતેલા; પરંતુ આખી રાત અને બપોર જાણે જાગતા જ રહેલા. કોઈ મંદિરના પ્રાંગણમાં દાખલ થાય કે બોલે તો તરત જ બેઠા થઈને શાંતિ જાળવવાનો ઈશારો કરીને કહે : 'યોગીબાપા આરામમાં છે. મોટા સ્વામી જાગી જશે.'

આમ, સ્વામીશ્રી સૌને સૂતેલા લાગે પણ આખો દિવસ ગુરુભક્તિમાં સાબદા બનીને રહેતા. યોગીજી મહારાજને ખલેલ ન પડે તે માટે તેઓ તે દિવસે પંદરેક વાર બેઠા થતા રહેલા. કશીયે હો-હા કે હુંહાટા વિનાની તેઓની આવી ઊંડી ગુરુભક્તિ સૌને અહોભાવ ઉપજાવતી રહેતી.

વરસોડાથી નીકળ્યા બાદ સ્વામીશ્રી અનેક ગામો-શહેરોને પાવન કરતાં કરતાં તા. ૧૦/૮ના રોજ સવારે મુંબઈ પધારેલા. યોગીજી મહારાજ પણ અત્રે જ બિરાજમાન હતા. અહીં શ્રાવણ વદ એકાદશીથી 'સત્સંગિજીવન'ના બીજા પ્રકરણનું પારાયણ સ્વામીશ્રીએ પોતાની મધુર અને ભાવવાહી શૈલીમાં શરૂ કરેલું અને મુંબઈગરાઓની માયાને વિદારેલી.

પ્રમુખસ્વામીને રાજી કરી લેજો

મુંબઈથી નીકળીને તા. ૨૬/૯ના રોજ યોગીજી મહારાજ ગઢપુર પધારેલા.

અહીં એક રાત્રે તેઓ ઉકાળા પી રહેલા ત્યારે તેઓ સમક્ષ મંદિરના કારભારી સમા એક સંત સ્વામીશ્રી વિશે કંઈક ઘસાતું બોલ્યા. તે સાંભળી યોગીજી મહારાજે કહ્યું : 'મારા ગળાના સમ(સોગંદ). પ્રમુખસ્વામીનો અભાવ લેશો નહીં. મને જે કહેવું હોય તે કહેજો.'

પરંતુ તે સંતે બીજા દિવસે વિનુ ભગતને પણ સ્વામીશ્રી વિશે ઘસાતી વાત કરી. વિનુ ભગતે આ વિગત યોગીજી મહારાજને જણાવી. ત્યારે યોગીજી મહારાજે તે સંતને એકાંતમાં બોલાવીને સમજાવતાં કહ્યું કે 'પ્રમુખસ્વામીનો કાંઈ વાંક નથી. આવી અભાવની વાત ન કરવી. શાસ્ત્રીજી મહારાજે નીમ્યા છે, અલૌકિક સ્થિતિ છે. આપણે જે કામ હોય તે તેમને જ કહેવું. બીજાને ન કહેવું. તમે તો બુદ્ધિશાળી છો. વાતમાં બધું સમજી જાઓ. પ્રમુખસ્વામીને રાજી કરી લેજો.'

યોગીજી મહારાજની આ વાત તે સંતના હૃદય સોંસરી ઊતરી ગઈ. તેઓએ પોતાની ભૂલ બદલ પશ્ચાત્તાપ વ્યક્ત કર્યો અને યોગીજી મહારાજને બાંયધરી આપી કે 'આજથી પ્રમુખસ્વામીનો અભાવ નહીં લઉં.'

આમ, સ્વભાવવશ થઈને કોઈ સ્વામીશ્રીનો અપરાધ કરવા ધસી જતું તેને યોગીજી મહારાજ સાવધાની આપી દેતા. જે તેને સમજી જતા તેના જીવનું રૂડું થતું. જે સ્વામીશ્રીના મહિમાના આ શબ્દો સમજી ન શકતા તે પોતાનું કલ્યાણ ખોઈ બેસતા.

ગઢપુરથી યોગીજી મહારાજ અન્નકૂટ માટે ગોંડલ પધાર્યા અને સ્વામીશ્રી સારંગપુર.

સન ૧૯૫૯

સૌને તમારી ઓળખાણ કરાવવી જોઈએ

તા. ૧૬/૧/'૫૯ના દિવસે યોગીજી મહારાજ અને સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં અમદાવાદમાં નિર્માણાધીન મંદિરનો ખાતવિધિ ધામધૂમથી સંપન્ન થયો હતો. અહીંથી ફેબ્રુઆરી માસમાં યોગીજી મહારાજ કોવૈયા, વીજપડી, બાઢડા, આંબરડી, રાજુલા, ધાણલા, ભટવદર, મહુવા વગેરે ગામોમાં વિચરતાં તળાજા જવા નીકળેલા. તે વખતે તેઓએ રસ્તામાં આવતા ભાદરોડ ગામે ભદ્રેશ્વર મહાદેવનાં દર્શન સ્વામીશ્રીને કરાવ્યાં હતાં.

હવે યોગીજી મહારાજની દ્વિતીય વિદેશ-ધર્મયાત્રાનાં પડઘમ પણ વાગી રહેલાં. કંપાલા, જિંજા અને ટરોરોનાં મંદિરો તૈયાર થઈ ગયાં હોવાથી યોગીજી મહારાજને તે મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા માટે પધારવાનું આમંત્રણ ત્યાંના હરિભક્તોએ મોકલાવ્યું હતું. યોગીજી મહારાજે આ આમંત્રણ સ્વીકારી લીધું પણ આ વખતે તેઓએ સ્વામીશ્રીને પોતાની સાથે વિદેશ આવવા જણાવ્યું. ત્યારે સ્વામીશ્રીએ નમ્રતાપૂર્વક કહ્યું : 'આપ પધારો, અહીંનું કામ પણ મારે જોવું પડશે.'

ત્યારે યોગીબાપાએ હસતાં હસતાં કહ્યું: 'તમે આવો. ત્યાં સૌ હરિભક્તોને તમારી ઓળખાણ કરાવવી જોઈએ. સૌએ જાણવું જોઈએ કે આ અમારા પ્રમુખ છે.'

આમ, પોતાની સાથે સ્વામીશ્રીને પણ વિદેશયાત્રાએ લઈ જવાનો યોગીજી મહારાજને ખૂબ ઉમંગ હતો. તેઓની જ આજ્ઞા થઈ એટલે સ્વામીશ્રીએ યાત્રામાં જવાનું નક્કી કર્યું. આ યાત્રા માટે મુંબઈથી પ્રસ્થાન કરવાનું હતું. તેથી તેઓ નિયત સમયે મુંબઈ મુકામે કપોળવાડીમાં આવી પહોંચ્યા.

દુઃખ નહીં પડે તેની ખાતરી

વિદેશયાત્રાએ નીકળવાના દિવસની આગલી રાત્રે જ સૌ યુવકોએ સ્વામીશ્રીને વિનંતી કરી કે 'યુવકોને માર્ગદર્શન અને બળ મળે તેવો સંદેશો આપો.'

આ વિનંતી થઈ ત્યારે રાત્રિના પોણા બાર વાગ્યાનો સમય થયો હતો. તૈયારીની તડામારી ઘણી હતી. પરંતુ યુવકોની આ કસમયની વિનંતીને પણ સ્વામીશ્રીએ નકારી નહીં, કારણ કે સાચી મૈત્રી ઘડિયાળના કાંટાને ગાંઠતી નથી. સાચી મૈત્રી એટલે સદા સુલભ રહેવું તે જ.

તેથી રાત્રે બાર વાગ્યે પણ યુવાનો વચ્ચે તેઓએ આસન માંડ્યું અને અધરાતે અધરામૃત વરસાવતાં સ્વામીશ્રીએ જણાવેલું કે –

'ખરેખરું જ્ઞાન થાય તો માયાના પેચમાં આવે નહીં. જ્ઞાનમાં ઉપાસનાનું જ્ઞાન મુખ્ય છે. શાસ્ત્રીજી મહારાજે ઉપાસનાનું જે શુદ્ધ જ્ઞાન ફેલાવ્યું છે તે એવું શાસ્ત્રસંમત છે કે વિરોધીઓ પણ કાન ઝાલી ગયા. આ વાત ગમે ત્યાં કરી શકીએ એવી શુદ્ધ છે. માટે ઉપાસનાના જ્ઞાનનો પાયો દરેક યુવકે મજબૂત કરવો, જેથી ભવિષ્યમાં આપણને, બીજાને અને સંપ્રદાયને આંચ ન આવે. સંગશુદ્ધિ પણ રાખવી.

યોગીજી મહારાજને તો તમને બહુ જ સુખ આપવા સંકલ્પ છે. માટે જેટલાથી બની શકે તેટલાએ તેમની સેવામાં અખંડ રહેવાનો (સાધુ થવાનો) સંકલ્પ કરવો. તેમની સેવામાં કોઈ જાતની આંતરિક કે બાહ્ય મુશ્કેલી નથી, દુઃખ નથી. તેમની દૃષ્ટિથી અહીં અખંડ સુખ અને આનંદ છે. મોટાપુરુષના સંકલ્પમાં ભળો તો દેશ-વિદેશમાં ભણેલા યુવાનો ખૂબ જ પ્રચાર કરી શકે. માટે મનની નિર્બળતા છોડીને ભળવું. દુઃખ તો સંસારમાં પણ ક્યાં નથી આવતું? અહીં તમને કોઈ પણ પ્રકારનું દુઃખ નહીં પડે તેની હું ખાતરી આપું છું. આ વિનુ

ભગત ત્રણ વર્ષથી સ્વામીશ્રી સાથે ફરે છે, છતાં એમને પૂછો કે અહીં કાંઈ દુઃખ છે ? મનની ઢીલાશ હોય એટલે મોળા વિચાર આવે.'

સુશિક્ષિત યુવાનોને સાધુ બનાવવાનું અભિયાન યોગીજી મહારાજે ચલાવેલું. ગુરુના આ કાર્યમાં સૌને સાબદા થઈને જોડાવા માટે સ્વામીશ્રી અહીં હેતની હાકલ કરી રહેલા દેખાય છે.

પ્રથમ વિદેશ-ધર્મયાત્રા

'સંત દેશ-પરદેશ ફરે છે રે, સહુ જીવના અઘ હરે છે રે;
એનાં દર્શન-સ્પર્શ જે કરશે રે, તે તો ભવજળ પાર ઉતરશે રે...'[૧૪૪]

સંતના વિચરણનો આ હેતુ હોય છે. તે અનુસાર સ્વામીશ્રીનાં પગલાંથી વિદેશની ધરતી પ્રથમ વાર પાવન થવાની હતી. તે માટે તા. ૨૪/૧૦ના રોજ મુંબઈના સાંતાક્રુઝ ઍરપોર્ટ પરથી સ્વામીશ્રીએ વિદાય લીધી.

એડનમાં પોણો કલાકના અલ્પવિરામ બાદ સીધા જ નૈરોબી પહોંચ્યા. નૈરોબીથી બીજે જ દિવસે ટરોરો જવા પ્રસ્થાન કર્યું. માર્ગમાં નૈવાસા, નકુરુ અને એલ્ડોરેટને પાવન કરતાં સૌ ટરોરો પહોંચ્યા. અહીં ભક્તરાજ મગનભાઈના સ્મૃતિસ્થાને પધારી તેઓને અંજલિ આપી. ત્યાંથી બુગેરી, જિન્જા થઈને કંપાલા પધાર્યા.

આફ્રિકામાં દિવાળી

છેલ્લાં ત્રીસ વર્ષથી ગોંડલમાં ઊજવાતા દિવાળી-અન્નકૂટના સમૈયા યોગીજી મહારાજે આ વર્ષે કંપાલામાં ઊજવ્યા.[૧૪૫] લાભપાંચમના દિવસે લુગાઝીમાં આવેલા ખાંડના કારખાનામાં પધરામણી કરીને સૌને લાભની લહાણ કરાવી. અહીંથી મસાકા જતાં વિષુવવૃત્તના રેખાચિહ્ન પાસે ઘડીક થોભીને તે ભૌગોલિક રીતે મહત્ત્વપૂર્ણ સ્થાનને પણ પોતાની પદરજથી પાવન કર્યું. ટરોરો જવા માટે પાછા વળતાં જિન્જામાં 'ઑવન ફોલ્સ' અને મજાન્જીમાં વિક્ટોરિયા સરોવરના પ્રાકૃતિક સ્થળે પણ યોગીજી મહારાજની સાથે સ્વામીશ્રી પધારેલા.

આવાં સ્થાનોમાં પધારવાનો હેતુ એક જ રહેતો કે તેના જળમાં ઠાકોરજીને સ્નાન કરાવવું, જેથી તે જળનો જે ઉપયોગ કરે તેનો મોક્ષમાર્ગ મોકળો થતો જાય.

---

૧૪૪. પુરુષોત્તમપ્રકાશ; પ્ર. ૪૧.

૧૪૫. વિ.સં. ૨૦૧૬નો પ્રારંભ થયો.

પ્રવાસમાં જો રમણીયતાને માણવાનો ઇરાદો હોય તો તેવા સ્થળે વ્યક્તિ વધુ સમય ગાળે, તે સ્થળ છોડ્યા પછીયે તેને વાતોમાં વાગોળે; પરંતુ આવું કશું જ આ સંતોના જીવનમાં જોવા મળતું નહીં. ત્યારે સૌને અનુભવાતું કે તેઓ કેવળ આપણને સ્મૃતિ આપવા અને ઠાકોરજીની પધરામણીથી તે સ્થળને પવિત્ર કરવા જ પધારે છે. તે સિવાય તેઓને કશામાં રસ નથી. *'જ્યાં લગી જગ વિસ્તર્યો, મૃગતૃષ્ણા પાણી રે; તેમાં મોહ ન પામે મહામુનિ, સ્વપનું પ્રમાણી રે...'* આ સ્થિતિનો અહેસાસ સૌને યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીમાં થતો.

ટાન્ઝાનિયામાં

તા. ૧૭/૧૧ના રોજ સ્વામીશ્રી ટાન્ઝાનિયા દેશના મ્વાન્ઝા શહેરમાં પહોંચેલા. તેઓ જ્યાં-જ્યાં જતા ત્યાં-ત્યાં જાહેર સભાઓનાં આયોજનો થતાં. તેમાં સત્સંગીઓ ઉપરાંત અન્ય ભાવિકો પણ ઘણા ઊમટતા, કારણ કે કંચન-કામિનીના આ ત્યાગી સંતો સૌને આશ્ચર્ય સમાન જ લાગતા. જીવનમાં કોઈ વ્યસન નહીં, કોઈની પાસે અંગત વપરાશ માટે કશું માંગવાનું નહીં! સૌમ્ય વેશ, ઋજુ વાણી, જાહેર જીવન – આ સઘળું સૌને નવીન લાગતું જ; પણ તે જ સૌના માટે આકર્ષણનું કારણ બની રહેતું. તેથી સૌ બહોળી સંખ્યામાં દોડી આવતા.

આવા પ્રસંગે યોગીજી મહારાજ સ્વામીશ્રી તથા સંતવલ્લભ સ્વામી પાસે પ્રવચનો કરાવતા. યોગીજી મહારાજ જાતે જ જાહેરાત કરે-કરાવે કે 'હવે અમારી સંસ્થાના પ્રમુખ નારાયણ સ્વામી પ્રવચન કરશે. સૌ શાંતિથી સાંભળજો.' એટલે સ્વામીશ્રીને બોલવાનું થાય જ !

તેથી આ વિદેશયાત્રાની ફલશ્રુતિ વર્ણવતાં સ્વામીશ્રી ઘણી વાર કહેતા કે 'મારે પહેલેથી બોલવાનું થોડું.[૧૪૬] સેવા કરું. પણ જોગીબાપાનો આગ્રહ તે બોલાવે. આફ્રિકામાં આવ્યા તે(ત્યારથી) વધી ગયું. ત્યારથી છૂટ થઈ ગઈ.'

આમ, આ યાત્રાએ પ્રમુખજીને વિશેષ મુખરિત કર્યા હતા એમ કહી શકાય. જો કે તેઓ ઓછું બોલે કે ઝાઝું, પણ તેની અસર ઘણી ઘેરી રહેતી.

અહીં મ્વાન્ઝાની સભામાં સ્વામીશ્રીએ જે વક્તવ્ય આપ્યું તેની પ્રશંસા કરતાં તો યોગીજી મહારાજ ઉતારે આવીને પણ બોલેલા કે 'પ્રમુખસ્વામી સારું

---

૧૪૬. તે વખતે સ્વામીશ્રી પારાયણો કરતા કે જેમાં મુખ્યત્વે શ્લોકોનું વાંચન અને તેનું ભાષાંતર જ કરવાનું રહેતું. તેથી પ્રવચન કરવાનો વિશેષ મહાવરો તેઓને નહીં. આ સંદર્ભમાં તેઓ આમ બોલતા.

બોલ્યા... આપણે આ નવો દેશ છે, તેથી ભાર પાડવો છે. પછી બધાને સંભારવા થાય કે આમ બધા વાતો કરતા હતા.'

ત્યારબાદ તેઓએ વિનુ ભગતને પણ કહેલું : 'વિનુ ભગત! તમારે પણ વાતો કરવી. તમારે જોસમાં બોલવું. મરતી મરતી નહીં.'

વિનુ ભગત પાસે વિચાર-વૈભવ ઘણો; તેથી સભાને આનંદ પમાડે. પણ વાણી મૃદુ અને સાદ ધીમો. તેથી યોગીજી મહારાજે તેઓ સાથે પણ આમ વિનોદ કર્યો હતો.

મ્વાન્ઝાથી સૌ નાન્સીઓ પધારેલા. અહીં હરિમંદિરમાં અક્ષર-પુરુષોત્તમ તથા રાધાકૃષ્ણની મૂર્તિઓની પ્રતિષ્ઠા યોગીજી મહારાજે કરી. ત્યાંથી પુનઃ મ્વાન્ઝા પધારી મિસુન્ગ્વે તથા કરિમોને પણ પાવન કરેલાં. મ્વાન્ઝાના લક્ષ્મી-નારાયણ મંદિરમાં હરિભક્તોની ઇચ્છાથી યોજાયેલા ભાગવતના પારાયણમાં સ્વામીશ્રી રોજ સવારે લાભ આપતા.

મ્વાન્ઝાથી મિસુન્ગ્વે, ઈલુલા, રૂનેરૌ, શિયાન્ગા, ઉઝોગરો, ઝેન્ગા, મનોલે વગેરે ગામોને ધન્ય કરતાં કરતાં સ્વામીશ્રી ટબોરો આવેલા. ટબોરોમાં ચાર દિવસ સુધી યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીએ સૌને કથાવાર્તા અને પધરામણીઓ દ્વારા રાજી કર્યા. કથાવાર્તાની સાથે સાથે થતું પધરામણીનું આયોજન પણ સૌને પ્રભાવિત કરતું. અત્યાર સુધી સૌએ વ્યાસપીઠ પર બેસીને ભાષણો કરતા વક્તાઓ જોયેલા; પણ તે વક્તાને શ્રોતાના જીવનમાં ઊંડા ઊતરવાની તમા કે તાન નહોતા! જ્યારે યોગીજી મહારાજ અને સ્વામીશ્રી સૌના જીવનમાં રસ લઈ તેને ઊર્ધ્વગામી કરતા. સૌને આ વિશેષતા સ્પર્શી જતી.

ટબોરોથી ડોડોમા, કોંગ્વે થઈને સ્વામીશ્રી મોરોગોરો આવ્યા.

અહીં શિયાન્ગાની હીરાની ખાણો પર ગયેલા તે વાત નીકળતાં, રમૂજ ખાતર સ્વામીશ્રીએ જમતાં જમતાં કહ્યું : 'હીરાની ખાણ જોઈ આવ્યા એમ હકાભાઈને પત્ર લખવો છે.'

તે સાંભળી યોગીજી મહારાજે પણ ગમ્મત-ગુલાલને ઊંચે ચડાવતાં કહ્યું : 'હા, હા, લખજો કે હીરાની ખાણનો પવન આવ્યો હતો... પણ એકે પઈ મળી નથી!'

યોગીજી મહારાજની આ માર્મિક ટકોરથી સૌ ખડખડાટ હસી પડ્યા.

આમ, નિર્દોષ આનંદની છોળ્યો માણતાં માણતાં આ સંતમંડળ સૌને બ્રહ્માનંદમાં હિલોળતું જતું.

મોરોગોરોથી દાર-એ-સલામ જવાનું હતું. નિમિત્ત હતું – સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ. આ પ્રસંગે સ્વામીશ્રીએ 'સત્સંગિજીવન'ના પારાયણનો પણ આસ્વાદ સૌને ચખાડેલો.

સન ૧૯૬૦

નૈરોબીમાં પુણ્યપર્વણી

પંદર દિવસ સુધી પોતાના સ્નેહ અને સાંનિધ્યથી દારેસલામમાં અક્ષરધામ ખડું કરીને યોગીજી મહારાજ તથા સ્વામીશ્રી તા. ૩/૧ના રોજ ઝાંઝીબાર પધારેલા. અહીંથી પેમ્બા ટાપુને લાભ આપી ચાકેચાકેને પણ પાવન કરેલું. ટાન્ગા, મોશી, ઉષારીવર અને અરૂશામાં પણ સત્સંગનાં વાવેતર કરેલાં.

મોશીની એક સ્મૃતિ કરતાં સ્વામીશ્રી કહેતા કે 'મોશી રાવજીભાઈને ત્યાં અમે હતા. એના ઘેરથી કિલિમાંજારો (પર્વત) દેખાય. હું રોજ પૂજા કરવા બેસું ને બારીમાંથી કિલિમાંજારો સામે દેખાતો.'

અરૂશાથી નૈરોબી જતાં વચ્ચે આથીરીવરને પણ સ્વામીશ્રીનો લાભ મળી ગયેલો.

નૈરોબીમાં ઉત્તરાયણની પુણ્ય પર્વણીની શાનદાર ઉજવણી થઈ. આ પ્રસંગે પ્રવચન કરતાં સ્વામીશ્રીએ કહેલું કે 'આજ ઉત્તરાયણ પ્રસંગે અત્રે ત્રિવેણી સંગમ થયો છે : શાસ્ત્રીજી મહારાજનો જન્મદિવસ, ઉત્તરાયણ અને મૂળ અક્ષરનો દીક્ષાદિન.[૧૪૭] આ અલૌકિક દિવસ કહેવાય ! દક્ષિણ દિશામાં જમપુરીનું વર્ણન છે. તેમાંથી મંગલમય વાતાવરણમાં (ઉત્તરાયણમાં) આજે આપણો પ્રવેશ થાય છે, ઊર્ધ્વગતિ થાય છે. એકાંતિક સંતની સન્મુખ આપણે છીએ તો અહીં નૈમિષારણ્ય ક્ષેત્ર છે. તેનું અનંતગણું ફળ છે.'

ઉત્તરાયણના ઉત્સવ બાદ સૌ કંપાલા પધારેલા. વચ્ચે કિસુમુમાં પ્લેન રોકાતાં તે કેન્દ્રને પણ લટકાંનો લાભ મળી ગયેલો.

યુગાન્ડામાં મંદિર-ત્રિવેણી

યોગીજી મહારાજના આ વખતના વિદેશ-વિચરણનો મુખ્ય હેતુ મંદિરોની પ્રતિષ્ઠા હતો. યુગાન્ડામાં કંપાલા, જિન્જા અને ટરોરોમાં મંદિરો તૈયાર થઈ

---

૧૪૭. ઉત્તરાયણની સાથે અન્ય બે ઉત્સવો પણ આ રોકાણમાં ઉજવાયેલા. તેના અનુસંધાનમાં સ્વામીશ્રીએ આમ વાત કરેલી.

ગયેલાં. તેમાં મૂર્તિઓ પધરાવવા માટે સંતમંડળ આ દેશમાં પધારી ગયું.

સૌ પ્રથમ તા. ૨૧/૧/૧૯૬૦ના દિવસે કંપાલામાં મૂર્તિપ્રતિષ્ઠાનો જયજયકાર થઈ ગયો. યજ્ઞની ધૂમ્રસેરોથી ધરતી-આકાશ છવાયાં, શોભાયાત્રાની ધામધૂમથી તે રંગાયાં અને પ્રતિષ્ઠાનાં પડઘમથી તે ગાજી રહ્યાં. દસેક હજાર ભાવિકો આ પ્રસંગે ઊમટેલા.

તા. ૧/૨ના દિવસે યુગાન્ડાની કુબેર નગરી સમા જિન્જામાં પણ અક્ષર-પુરુષોત્તમ મંદિરના કળશ ચઢ્યા, ધજાઓ ફરફરી અને ઠાકોરજી બિરાજી ગયા. આશરે ૬,૦૦૦ મુમુક્ષુઓએ આ મહોત્સવનો લાભ લીધેલો.

જિન્જાના રોકાણ દરમ્યાન જ યોગીજી મહારાજ અને સ્વામીશ્રીએ બુઝુટા, બીકવે, કકીરા, નાઈગોબિયા, બુલોપા, કમુલી, નમેન્ડવા વગેરે ગામોને ધર્મલાભ આપેલો અને નાઈલ નદીના જળપ્રવાહમાં પણ સ્નાનનો લાભ લીધેલો.

યુગાન્ડાના ત્રીજા સત્સંગકેન્દ્ર ટરોરોમાં તા. ૨૨/૨ના રોજ પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થયો. ૪,૦૦૦થી વધુ જનમેદની આ પ્રસંગે ઊમટી હતી. આફ્રિકાના સત્સંગની પાયાની ઈંટ સમાન મુક્તરાજ મગનભાઈના સ્મૃતિસ્થાન પર શ્રીજીમહારાજનાં ચરણારવિંદની સ્થાપના પણ પ્રતિષ્ઠાના આગળના દિવસે યોગીજી મહારાજના વરદ હસ્તે સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં થઈ હતી.

આમ, યુગાન્ડામાં અદ્‌ભુત મંદિર-ત્રિવેણી યોગીજી મહારાજે રચી દીધી. સૌને થયું કે આ સંતો માત્ર પ્રવચનો-પારાયણો કે પધરામણીઓ જ નથી કરતા પરંતુ ભારતથી દૂર ભારતની ઝાંખી કરાવે તેવાં મંદિરો પણ સર્જે છે, જે દ્વારા ભવિષ્યની પેઢીમાં સંસ્કાર-વારસો જળવાઈ રહે.

હું ચાકર થારો

જિન્જાના રોકાણ દરમ્યાન સંતવલ્લભ સ્વામીને અહીંની આબોહવા માફક ન આવી. તેથી તેઓને શ્વાસ એટલો બધો ચડવા માંડ્યો કે જાણે હમણાં પ્રાણ નીકળી જશે એમ લાગે. ગમે તે પડખે સૂએ પણ સુવાણ જ ન થાય. એટલે તેઓ બાલમુકુંદ સ્વામીને લઈને મ્બાલે ગયા હતા. અહીં તેઓની તબિયતને ઘણું માફક આવ્યું. તેથી તેઓ ઘણા સમય સુધી ત્યાં જ રોકાયેલા.

તેઓ સાથે ગયેલા બાલમુકુંદ સ્વામી હંમેશા હરિકૃષ્ણ મહારાજની સેવામાં રહેતા. યોગીજી મહારાજની નિત્યપૂજા સંબંધી સેવા પણ તેઓ જ કરતા. પરંતુ તેઓ જતાં ઠાકોરજી સંબંધી આ તમામ સેવા સ્વામીશ્રીએ ઉપાડી લીધેલી.

હરિકૃષ્ણ મહારાજને સવારે જગાડવાથી માંડીને રાત્રે પોઢાડવા સુધીની તમામ સમય-સમયની સેવા સ્વામીશ્રી કરતા. ઠાકોરજીને સ્નાન કરાવવું, જળ-થાળ ધરાવવા, વાઘા-અલંકાર ધારણ કરાવવા વગેરે સેવા એકદમ નિપુણતાથી તેઓ કરે. સાથે નિતાંત ભક્તિભાવ નીતરતો દેખાય. તેઓના રોમરોમમાંથી સૂર નીકળતો સંભળાય કે *'હું ચાકર થારો દામ બિનારો, યે મારા ઠાકર શ્યામ...'* એ સમયે સૌને સંસ્થાના વહીવટી પ્રમુખનું આધ્યાત્મિક પાસું પણ એટલું જ ઉજ્જ્વળ ભાસતું.

યોગીજી મહારાજની નિત્યપૂજાની સેવા પણ સ્વામીશ્રી જ કરતા. પૂજા પાથરવા-સંકેલવાની સાથે ઠાકોરજી માટે પુષ્પ, પ્રસાદ, જળ વગેરે પણ તૈયાર રાખતા. તે વખતે સ્વામીશ્રીને કથા, પધરામણી, યોગીજી મહારાજના કાર્યક્રમોની પૂર્વતૈયારી, આયોજન સંબંધી મીટિંગો વગેરે ઘણી કાર્યવાહી કરવાની રહેતી. છતાં તેની સાથે આ સેવામાં પણ તેઓ હોંશે-હોંશે જોડાઈ ગયેલા. સેવા કરવામાં તેઓને કદી કોઈ સંકોચ-સંતોષ હતા જ નહીં. કોઈ પણ સેવામાં તેઓ સરળતાથી સામેલ થઈ શકતા.

સ્વાદથી પર વિભૂતિ

હૃદય વીંધીને આરપાર નીકળી જાય એવી સ્વામીશ્રીની ગુણગરિમાનો એક અનુભવ આ યાત્રા દરમ્યાન સેવામાં આવેલા અરુણભાઈને[૧૪૮] થયેલો. તેની વિગત જણાવતાં તેઓએ લખ્યું છે :

'આજે પણ એક અમીટ છાપ તે વખતની પડેલી છે. તે હજુ આંખ સામે જેમ છે તેમ તરવરે છે. તે વખતે હું સંતોની રસોઈ કરતો. તેમાં આખું સંતમંડળ મોળી રસોઈની રુચિવાળું હતું. યોગીજી મહારાજને મોળું અને ફિક્કું જમવાનું જોઈએ. તેલ-મસાલાનો તમતમાટ તેમને ફાવતો નહીં. સંત સ્વામી અને બાલમુકુંદ સ્વામી પણ મોળું જ જમતા. રહ્યા એક પ્રમુખસ્વામી મહારાજ. તેઓ તીખું જમી શકતા અને તીખું હોય તો તેમને રુચે. પણ આઠ મહિના સુધી જે સર્વસામાન્ય રસોઈ મને આવડે તેવી હું બનાવતો. કારણ, હું પણ શિખાઉ હતો. પરંતુ ક્યારેય પ્રમુખસ્વામી મહારાજે રસોઈ અંગે ટકોર કરી નથી. રસોઈમાં ભૂલ થવાનો સંભવ હતો, પણ એમણે ક્યારેય સૂચન કર્યું નથી કે 'આમ હતું કે તેમ હતું.' અથવા 'આમ

---

૧૪૮. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી.

કરવું કે તેમ કરવું.' તેમ જ કોઈ વસ્તુ બનાવવાનું નાનું અમથું સૂચન પણ નહીં. પત્તરમાં જે પીરસીએ તે તેઓ નતમસ્તકે મહારાજને સંભારીને જમી જતા. ત્યારે પ્રથમ પરિચય થયો કે આ વિભૂતિ સ્વાદથી પર છે.'

સામાન્ય રીતે 'परिचये दोषा न छाद्यन्ते।' નિકટના પરિચયમાં દોષો ઢંકાયેલા રહેતા નથી; પરંતુ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ચિત્ર અલગ જ રહેતું. અહીં દોષોને ડોકું કાઢવાની કોઈ તક જ નહોતી, કારણ કે દોષોનું અસ્તિત્વ હોય તો તેઓ માથું ઊંચું કરે ને ! જેમ જેમ કોઈ સ્વામીશ્રીના નજીકના પરિચયમાં આવતું તેમ તેમ તે સ્વામીશ્રીના ગુણોથી અભિભૂત થયા વિના રહેતા નહીં.

ટરોરોમાં પ્રતિષ્ઠા બાદ મધ્ય આફ્રિકા તરફ જવાનું હતું; પણ તે પહેલાં મ્બાલે, મઘોડસ, બુકેડિયા, કકોરો, કિડન્ગોલી, પટેટે, વડુડા, મજાન્જી, બુસંબાટિયાને પણ સ્વામીશ્રીએ પાવન કર્યાં. ધરતીમાં ધરબાયેલાં બીજ જળના યોગે ફૂટી નીકળે છે તેમ યોગીજી મહારાજ અને સ્વામીશ્રીના યોગે કૈંકનાં સંસ્કારબીજ કોળી ઊઠતાં. જીવની મોક્ષમાર્ગની મજલ શરૂ થઈ જતી. જો તે આરંભાઈ ગઈ હોય તો પરમના પંથનો પ્રવાસ વેગવંતો બનતો.

મધ્ય-આફ્રિકા મધ્યે

પૂર્વ આફ્રિકાથી બે હજાર માઈલ દૂર વસેલા ન્યાસાલેન્ડ પર યોગીજી મહારાજનું આગમન થતાં મધ્ય આફ્રિકાનાં ભાગ્ય ઊઘડ્યાં. સૌને નિકટના સ્વજન પધાર્યા હોય તેવો આનંદ થઈ ગયો. અહીંના બ્લાન્ટાયરમાં મુકામ હતો. તે દરમ્યાન યોગીજી મહારાજ તથા સ્વામીશ્રી ચિંઝા અને મચોમા જેવા અંતરિયાળ ગામો સુધી પણ પધરામણી માટે જઈ આવેલા.

આ વર્ષના ફૂલદોલોત્સવનું સૌભાગ્ય ર્‌હોડેશિયાના સૉલ્સબરીના લલાટે લખાયેલું. આ પ્રસંગે સ્વામીશ્રીએ 'ભક્તચિંતામણિ'માંથી ૬૪મું અને ૬૫મું પ્રકરણ ગાઈને ભગતજી મહારાજના જીવનપ્રસંગોના આધારે કથાવાર્તાનો લાભ આપી સૌને કૃતાર્થ કરેલા. સૉલ્સબરીથી ગટુમામાં રોકાઈને સૌ બુલવાયો પધાર્યા હતા. અહીં ર્‌હોડેશિયાના શોધક ર્‌હોડ્‌સની કબર છે. ત્યાં પધારીને તેઓની સદ્‌ગતિ માટે પ્રાર્થના કરેલી.

અહીંથી દક્ષિણ આફ્રિકાની સરહદે આવેલા બાઈટ બ્રીજ સુધી યોગીજી મહારાજ અને સ્વામીશ્રી પધારેલા. દક્ષિણ આફ્રિકામાં રહેતા હરિભક્તોએ અહીં આવી લાભ લૂંટેલો. અત્રે બે દેશની સરહદ આંકતી હોય તેમ લિમ્પોપો નદી

પસાર થઈ રહી છે. તેમાં ઠાકોરજીને સ્નાન કરાવી તે નદીને પણ સ્વામીશ્રીએ પ્રસાદીભૂત કરી.

બુલવાયોથી સૌ લિવિંગ્સ્ટન તરફ જઈ રહેલા ત્યારે રસ્તામાં આવતી લુકોસી નદીમાં ઠાકોરજી સહિત સંતોએ સ્નાન કરેલું. લિવિંગ્સ્ટનમાં વિશ્વનો સુપ્રસિદ્ધ વિક્ટોરિઆ ફૉલ્સ પડે છે. ત્યાં પણ હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવીને જળને પવિત્ર કરેલું. લિવિંગ્સ્ટનથી સ્વામીશ્રી ઝીમ્બા અને કલોમો પણ જઈ આવેલા. અહીંથી લુસાકા જતાં માર્ગમાં ચોમા અને મોંઝેને પણ પધરામણીનો લાભ મળ્યો. જ્યાં એક-એક હરિભક્ત વસતા હોય ત્યાં પણ યોગીજી મહારાજ અને સ્વામીશ્રી પહોંચતા ત્યારે 'મોરે તો ભગવાનને મુમુક્ષુ ખોળતા ને આજ તો ભગવાન મુમુક્ષુને ખોળે છે...'[૧૪૯] – એ વાત સૌને સત્ય અનુભવાતી.

લુસાકાથી સ્વામીશ્રી બ્રોકનહીલ, એન્ડોલા, લુઆન્સીઆ અને મુફલીરા થઈ લુસાકા પરત ફરેલા. આમ, માઈલોના માઈલોની મુસાફરી યોગીજી મહારાજ અને સ્વામીશ્રી મોટરમાર્ગે કરતા. બંનેનું લક્ષ્ય એક જ હતું – અનેકને સત્સંગના યોગમાં લઈને સુખિયા કરવા. અહીંની આબોહવાને કારણે સંસ્કારોનું જે ધોવાણ થતું હોય તેનું સમારકામ આ વિભૂતિઓના સંસર્ગ-સંસ્પર્શમાં થઈ જતું.

હવે મધ્ય આફ્રિકાનો એક મહિનાનો ધર્મપ્રવાસ પૂર્ણતાના આરે હતો. સૉલ્સબરી પાછા જતાં રસ્તામાં ઝામ્બેઝી નદી આવી. તેમાં ઠાકોરજીને સ્વામીશ્રી અને વિનુ ભગત સાથે મોકલી યોગીજી મહારાજે સ્નાન કરાવડાવ્યું. આ સ્નાન કરાવવાનો વિચાર યોગીજી મહારાજને અચાનક જ સ્ફુરેલો અને ગાડીની દિશા મરોડાવીને પણ તેઓ નદીના પટ સુધી પહોંચેલા.

ધર્મધ્વજ રોપિયો તે નવ ડગે

મધ્ય આફ્રિકાથી યોગીજી મહારાજે હવે મોમ્બાસા ભણીનો માર્ગ ખેડવો શરૂ કરેલો. તે યાત્રામાં તેઓ દારેસલામથી મોરોગોરો, ડોડોમા, ટબોરો, મ્વાન્ઝા, બુકોબા, કંપાલા, ટરોરો, ગોન્ગેરા થઈ મસીન્ડી જવા નીકળેલા. ત્યાં જવા માટે યોગીજી મહારાજ શીખબંધુ નારણસિંગની ગાડીમાં બિરાજેલા. સાથે સ્વામીશ્રી અને વિનુ ભગત પણ હતા.

મુસાફરી દરમ્યાન યોગીજી મહારાજે નારણસિંગને પૂછ્યું : 'અહીં કયા કયા પાક થાય છે?'

---

૧૪૯. સ્વામીની વાતો : ૧/૧૪૨.

તેઓ પાક(ફસલ)ને બદલે પાર્ક સમજ્યા. તેથી કહે : 'અહીં નેશનલ પાર્ક છે. તેમાં હાથી, સિંહ એમ જંગલી જનાવરો બહુ છે.'

યોગીજી મહારાજ તો આ સાંભળી રહ્યા અને માળા ફેરવતા રહ્યા; પણ શબ્દ સાંભળવામાં થયેલી ગેરસમજને કારણે સર્જાયેલી આ ગમ્મતથી પાછળ બેઠેલા સ્વામીશ્રી અને વિનુ ભગતનું તો હસવું માય નહીં. આ નિર્દોષ રમૂજનો આનંદ એ બંને માણતા રહ્યા.

મસીન્ડીના બે દિવસના રોકાણ દરમ્યાન યોગીજી મહારાજ અને સ્વામીશ્રીએ 'મર્ચિસન ફોલ્સ'ને પણ પાવન કરેલો. અહીંથી જિન્જાના મંદિર પર કળશ ચઢાવી એલ્ડોરેટ અને નૈરોબીને પાવન કરતાં મોમ્બાસા પધાર્યા.

અત્રે યોગીજી મહારાજનો ૬૯મો જન્મજયંતી મહોત્સવ અને સ્વામીશ્રીના મુખે 'સત્સંગિજીવન'નું પારાયણ, આ બે પ્રસંગો ભવ્યતાથી સંપન્ન થયા. બમ્બુરી બીચ પર દરિયાસ્નાનનો લાભ આપીને પણ યોગીજી મહારાજે સ્મૃતિનું ભાથું સૌને બંધાવ્યું. મોમ્બાસાથી મોશી, અરૂશા, નકુરુ, એલ્બર્ગન, કિસુમુ, કેરીચો, નકુરુ થઈને નૈરોબી પધારી ગયા.

અહીં તા. ૯/૬ના રોજ વિદાય સમારંભનું આયોજન થયેલું. સતત સાડા સાત માસની આ ધર્મયાત્રામાં યોગીજી મહારાજના પારમાર્થિક જીવન-ભાવનાથી છલકાતા ભક્તિસભર વ્યક્તિત્વ અને ધીરજ તથા શાંતિના સંગમ સમાન સ્વામીશ્રીના પ્રભાવશીલ વ્યક્તિત્વની મોહિની સત્સંગીઓ ઉપરાંત ગુણાનુરાગીઓ-વિદેશીઓને પણ લાગી ગયેલી. નીતિ-નિયમોને નેવે મૂકીને નહીં, પરંતુ પરંપરા-પ્રણાલિકાઓને ઊની આંચ આવવા દીધા સિવાય, શરીર-સમય-સ્થળ અને સંજોગોની વિપરીતતાઓને ગણકાર્યા સિવાય, કોઈ પણ પ્રકારના ભેદભાવને લક્ષ્યમાં લીધા સિવાય વિચરણ કરીને યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીએ આફ્રિકામાં અક્ષર-પુરુષોત્તમનો ધર્મધ્વજ રોપી દીધેલો.

આ વીસ હજાર માઈલના પ્રવાસમાં ૧૦૩ ગામો-શહેરોને પાવન કરી યોગીજી મહારાજ અને સ્વામીશ્રીએ આફ્રિકાની ધરતી છોડી.[૧૫૦]

વચ્ચે એડનમાં ટૂંકું રોકાણ કરી, તા. ૧૭/૬ની સાંજે ૬:૫૫ વાગ્યે

૧૫૦. સ્વામીશ્રીની આ પ્રથમ વિદેશયાત્રાની સ્મૃતિઓને માણવા જુઓ વીડિયો ટ્રેક નં. ૨૦. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

તેઓએ ભારતમાં પુનઃ પદાર્પણ કર્યું ત્યારે ગગનભેદી જયનાદોથી મુંબઈનું ઍરપોર્ટ ગાજી ઊઠ્યું. અહીં ઉમંગ-ઉલ્લાસનો ઉદધિ ઊછળી રહેલો. પુષ્પહારોથી સૌએ પ્રાણપ્યારા ગુરુને વધાવ્યા. સૌનો પ્રેમભાવ સ્વીકારતાં યોગીજી મહારાજ અને સ્વામીશ્રી કપોળવાડીમાં ઉતારે પધાર્યા.

સંસ્થાના પાયા પાતાળે

વિદેશમાં મંદિરોનાં સર્જન દ્વારા યોગીજી મહારાજે કરેલા યુગકાર્યના ડંકા હજી તો શમ્યા નહોતા, ત્યાં જ એથીયે અધિક જયઘોષ કરવા માટે વિશ્વને મજબૂર કરે તેવું એક સીમાચિહ્નરૂપ કાર્ય યોગીજી મહારાજે દેશમાં આવતાંવેંત કરી દીધું. દેશ-વિદેશનાં વિશ્વવિદ્યાલયોમાંથી ઉચ્ચ વિદ્યાશાખામાં સ્નાતક થયેલા નવ યુવાનોને એકસાથે ત્યાગાશ્રમની દીક્ષા આપીને તેઓએ ઇતિહાસ સર્જી દીધો. તા. ૩/૭/૧૯૬૦, આષાઢ સુદ નવમીનો એ દિવસ દુનિયાના દફતરમાં સુવર્ણ-અક્ષરે અંકિત થઈ ગયો. દીક્ષા લેનાર નવયુવાનોને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા.

આ પ્રસંગે સ્વામીશ્રીએ પણ નવદીક્ષિત પાર્ષદોને ત્યાગાશ્રમ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તેઓના મુખમાંથી ઉદ્‌ગારો સરી પડેલા કે ‘શ્રી યોગીબાપાએ આ કાર્ય કરીને સંસ્થાના પાયા પાતાળે નાંખ્યા છે.’

આ ઐતિહાસિક અવસરે સ્વામીશ્રીએ ‘સત્સંગિજીવન’ના પારાયણનું રસપાન પણ સૌને કરાવેલું.

નજરે જોયેલી વાત

નવદીક્ષિત પાર્ષદોને મુંબઈના ઘાટકોપરમાં રહેવાની વ્યવસ્થા ગોઠવી યોગીજી મહારાજે ગુજરાત ભણી વિદાય લીધી. ગુજરાત તો જાણે યોગીજી મહારાજ પાછળ ઘેલું થયું હોય તેમ ઠેર ઠેર ભવ્ય સ્વાગત સમારંભો યોજાયા. વડોદરા, અમદાવાદ, રાજકોટ, સુરેન્દ્રનગર, આણંદ જેવાં શહેરોથી લઈને ગઢડા, સારંગપુર જેવાં ગામોએ પણ યોગીજી મહારાજના સ્વાગતમાં વિજયપતાકાઓ ફરફરાવી. આ દરેક સન્માન સમારંભોમાં યોગીજી મહારાજ સ્વામીશ્રીને સાથે જ રાખતા. આણંદમાં તો તેઓના શ્રીમુખે ‘સત્સંગિજીવન’ના પારાયણનો પણ લાભ સૌને મળ્યો.

સૌનું સન્માન ઝીલતાં ઝીલતાં યોગીજી મહારાજ પોતાના પ્રિય સ્થાન

ગોંડલમાં પધારેલા. અહીં પ્રસંગોપાત્ત વાત કરતાં તેઓએ કહ્યું :

'બધી સેવામાં આપણે ઘરધણી થવું. સાત સમેલિયા થવું. શાસ્ત્રીજી મહારાજ પોતા માટે સાધુએ ઢાંકી રાખ્યું હોય ને હરિભક્ત આવે તો દૂધપાક, માલપૂઆ હોય તો પણ હરિભક્તોને જમાડી દે ને પોતે વધ્યું-ઘટ્યું જમી લેતા. અમે પણ શાસ્ત્રીજી મહારાજની રીત રાખી છે અને આ પ્રમુખસ્વામી પણ એ જ રીતે વર્તે છે. પ્રમુખસ્વામી પણ ગમે તેવી સારી ચીજ બીજા હરિભક્તોને જમાડીને રાજી થાય છે અને પોતે વધ્યું-ઘટ્યું જમી લે છે. બીજાને ખબર પણ પડવા દે નહીં. આવું ઘણી વખત નજરે જોયું છે.'

યોગીજી મહારાજના મુખેથી પ્રમુખસ્વામીની જીવનશૈલીનો અનાયાસે રહસ્યસ્ફોટ સાંભળીને સૌ તાળીઓ પાડી ઊઠ્યા.

નવા વર્ષે નવો આનંદ

ગોંડલથી સ્વામીશ્રી બોટાદ અને મોજીદડમાં પારાયણોનો લાભ આપીને અન્નકૂટ ઊજવવા સારંગપુર પધારેલા.[૧૫૧]

અહીં સીધાં-સામગ્રી તથા કંદોઈને બોલાવવાથી માંડીને અન્નકૂટની વાનગીઓ ભરવી-વહેંચવી ત્યાં સુધીની સઘળી વ્યવસ્થા સ્વામીશ્રીએ ખંતપૂર્વક કરેલી. અન્નકૂટ બાદ ગામડાંઓમાં પ્રસાદ- વિતરણ માટે પણ સ્વયં ગયેલા.

સારંગપુરમાં નવા વર્ષના દિવસે સ્વામીશ્રીને હનુમાનજીના મંદિરે પધારવા માટે કોઠારી પ્રભુદાસ તરફથી આમંત્રણ મળેલું. તે સ્વીકારીને તેઓ ત્યાં ગયેલા અને દર્શન કરીને સૌને મળેલા. પરંતુ અહીં થયેલી વાતચીતમાં સ્વામીશ્રીને જાણ થઈ કે 'ગામના સરપંચને પણ આ મંદિર તરફથી આજે નવા વર્ષે મીઠું મોં કરવા માટે આમંત્રણ પાઠવવામાં આવેલું, પરંતુ કોઈક વ્યાવહારિક અંટસને લીધે તે અહીં આવ્યા નથી.'

સ્વામીશ્રીએ આ વાત લક્ષ્યમાં રાખી હશે! તેથી જ્યારે તેઓ મંદિરે પાછા આવ્યા ત્યારે સરપંચને મળવા બોલાવ્યા અને તેઓને હનુમાનજીના મંદિરે જવા સમજાવ્યા. સ્વામીશ્રીનો નિઃસ્વાર્થ ભાવ, વાજબી વાત અને સ્નેહસભર શબ્દોની ત્રિવેણીમાં ઝબકોળાતાં સરપંચનો પૂર્વગ્રહ પીગળી ગયો. તેઓ એ દિવસે જ હનુમાનજીના મંદિરે જવા સંમત થયા.

જ્યારે સરપંચ હનુમાનજીના મંદિરે ગયા ત્યારે ત્યાંના કાર્યવાહકોને ઘણું

---

૧૫૧. વિ.સં. ૨૦૧૭નો પ્રારંભ થયો.

જ આશ્ચર્ય થયું; પણ વિશેષ આશ્ચર્ય તો ત્યારે થયું કે જ્યારે એ સૌએ જાણ્યું કે સ્વામીશ્રીએ જ સરપંચને સમજાવીને અહીં મોકલ્યા છે !

આમ, સ્વામીશ્રીએ ખટરાગને સ્થાને એકરાગ સ્થાપી દીધો. નવા વર્ષે નવો આનંદ આપી દીધો.

પરસ્પર સંપ-સંવાદિતા રહે એ જ સ્વામીશ્રીનું લક્ષ્ય રહેતું. 'જીવી ન શકીએ કેમ ? ભાઈ-ભાઈની જેમ !' એ તેઓની પદ્ધતિ રહેતી. સમાજમાં શાંતિ અને સૌની પ્રગતિ એ આ પદ્ધતિનું પરિણામ રહેતું.

સારંગપુરથી સ્વામીશ્રી ગઢપુર જઈ તા. ૩૧/૧૦ના રોજ અમદાવાદ પહોંચી ગયા. અહીં પ્રબોધિની એકાદશીનો સમૈયો કરી કાર્તિક સુદ તેરશે વડતાલ, ચૌદશે ગજેરા થઈને કાર્તિકી પૂનમનો ઉત્સવ કરવા માટે બોચાસણ પધારી ગયા.

'મા'થી અધિક

યોગીજી મહારાજ સંઘબળના પ્રખર પુરસ્કર્તા હતા. સૌમાં સંપ-સુહૃદભાવની પુષ્ટિ થાય તે માટે તેઓ સમયાંતરે ઉત્સવ-સમૈયાઓ યોજતા તેમ યાત્રા-પ્રવાસો પણ ગોઠવતા. ભીડો વેઠવો, એકબીજાને અનુકૂળ થવું, સેવા કરવી, સ્વાશ્રયી બનવું જેવા અનેક પાઠ તેમાંથી શિખવાડતા. પ્રાસાદિક સ્થળોનાં દર્શન કરાવીને સંપ્રદાયનો વારસો જીવમાં ધરબી દેતા.

આવા કૈંક હેતુસર સૌરાષ્ટ્ર અને રાજસ્થાનનાં તીર્થોની યાત્રાનો કાર્યક્રમ સન ૧૯૬૦ના નવેમ્બર-ડિસેમ્બરમાં ગોઠવાયેલો.

સ્વામીશ્રી આ સમગ્ર યાત્રામાં પ્રત્યક્ષપણે સામેલ નહોતા, પરંતુ સમયે-સમયે તેના આયોજનમાં તેઓ સક્રિય રહેલા, કારણ કે સૌની એ માંગ હતી.

માત્ર યાત્રા-પ્રવાસ જ નહીં, પરંતુ સ્થાનિક કે સંસ્થાકીય કોઈ પણ આયોજન હોય તેમાં સૌ ઇચ્છતા કે 'આ આયોજનનાં સૂત્રો સ્વામીશ્રી સંભાળે.' તેનાં ત્રણ કારણ હતાં : સ્વામીશ્રીની સૂઝ, શક્તિ અને સ્વભાવ. તેમાંય ત્રીજું કારણ મહત્ત્વનું બની રહેતું. સૌની લાગણી-માંગણી તથા ખામી-ખૂબીને સમજીને સ્વામીશ્રી એ રીતે કામ કરતા કે સૌને કામ કર્યાનો સંતોષ મળે, સૌની સગવડ સચવાય અને સૌની શક્તિ ખીલે.

તા. ૧૬/૧૧ના રોજ અમદાવાદથી આ યાત્રાનો આરંભ થવાનો હતો. તેથી સ્વામીશ્રી બોચાસણના સમૈયા પછી ભાદરણ, અટલાદરા, શ્રીજીપુરા અને

પુરુષોત્તમપુરામાં વિચરણ કરીને સંઘને વિદાયમાન આપવા અમદાવાદ આવી પહોંચ્યા. અહીં રાત્રે બાર વાગ્યે યાત્રા-ટ્રેનના પ્રસ્થાનની વ્હીસલ વાગી ગઈ.

પ્રવાસી સંઘ બીજે દિવસે સવારે સાડા છ વાગ્યે બોટાદ પહોંચ્યો, ત્યારે બોટાદથી બસ-ઘોડાગાડી મારફતે તેને સારંગપુર પહોંચાડવાની વ્યવસ્થા સ્વામીશ્રીએ કરી રાખેલી. તે માટે તેઓ રાત માથે લઈને સારંગપુર આવી પહોંચેલા. સૌ યાત્રાળુને બપોરે જમાડીને સ્વામીશ્રીએ વિદાય કર્યા અને ગઢડાના પ્રાસાદિક સ્થાનોનાં દર્શન તથા ઘેલાસ્નાન કરીને તે સૌ મંદિરે પહોંચ્યા ત્યારે સ્વામીશ્રી ત્યાં પણ હાજર હતા! ગરમાગરમ ખીચડી સૌને જમાડી તેઓએ સંઘને વિદાય કર્યો.

તે સંઘ જૂનાગઢ, સોમનાથ, વેરાવળ, પ્રભાસપાટણ વગેરે તીર્થો કરતો ગોંડલ પહોંચ્યો ત્યારે સ્વામીશ્રી ત્યાં પણ સેવામાં તૈયાર હતા.

આ યાત્રાપ્રવાસ દ્વારકા, જામનગર, ડાંગરા, આબુ, અંબાજી, શ્રીનાથજી, અજમેર, પુષ્કર થઈને તા. ૨૯/૧૧ ના રોજ જયપુર પહોંચવાનો હતો. તેના બે દિવસ પહેલાં ત્યાં જઈને પણ સ્વામીશ્રીએ યાત્રાળુઓનાં દર્શન, ભોજન, ઉતારાની સઘળી વ્યવસ્થા કરી દીધેલી.

આમ, જેમ માતા સંતાનની વ્યવસ્થા આગળ આગળ કરતી જાય તેમ સ્વામીશ્રીએ પણ સંઘને સાચવેલો. ફર્ક એટલો હતો કે માતા એકને સાચવતી હોય છે, જ્યારે સ્વામીશ્રી અનેકને જાળવી જાણતા.

જયપુરથી યાત્રા ગુજરાત તરફ વળવાની હતી અને યોગીજી મહારાજ રાજસ્થાનમાં જ વિચરણ ચાલુ રાખવાના હતા. યોગીજી મહારાજના આ વિચરણની પણ સંપૂર્ણ વ્યવસ્થા સ્વામીશ્રીએ કરી રાખેલી. તેના પ્રથમ ચરણમાં યોગીજી મહારાજ ડીસા થઈને તા. ૨/૧૨ના રોજ મકરાણા પધાર્યા.

મકરાણા એટલે સ્વામીશ્રીની સાધનાનું એક સ્થળ. ઠંડી કે ગરમી બંને ઋતુઓમાં પોતાના તેજ તેવર બતાવતી અહીંની આબોહવામાં અવાર-નવાર આવતા રહીને સ્વામીશ્રીએ ગઢપુરના મંદિરની કાર્યવાહી નિભાવેલી. ત્યાં 'સ્વામિનારાયણ કારખાના'માં થતું પથ્થર-ઘડતરનું કામ સ્વામીશ્રીએ યોગીજી મહારાજને બતાવ્યું હતું તથા પાડાગાડીમાં બેસાડીને બધે દૃષ્ટિ કરાવેલી.

મકરાણાથી બિલાડા, જોધપુર, ધમોતેર, ઈન્દોર થઈને સ્વામીશ્રી રતલામ આવેલા. અહીંથી ટ્રેન દ્વારા વડોદરા જવાનું હતું, પણ તેમાં યોગીજી મહારાજ તથા મોટા સ્વામી ટ્રેનમાં ચડી ગયા અને ટ્રેન ઊપડી. સ્વામીશ્રી તથા એક સંત

ચડવામાં રહી ગયા. યોગીજી મહારાજનાં પૂજા-પોટલાં વગેરે સામાન સ્વામીશ્રી પાસે હતો. તેથી કોઈ પણ સંજોગોમાં બીજા દિવસની સવાર પહેલાં પહોંચવું જરૂરી હતું. એટલે પાછળ આવતી ફાસ્ટ ટ્રેનમાં ઊભાં ઊભાં સ્વામીશ્રી વડોદરા આવી પહોંચેલા અને ટાણું સાચવી લીધેલું.

ત્યારબાદ અમદાવાદ થઈને તેઓ સારંગપુર જવા નીકળેલા.

રાતની રકઝક

સારંગપુર તરફની એ મુસાફરીમાં સ્વામીશ્રીની સાથે સેવક સંતો ઉપરાંત હકાભાઈ પણ હતા.

હકાભાઈ શાસ્ત્રીજી મહારાજના વખતથી સ્વામીશ્રીની સાથે રહીને સેવા કરતા. તેથી બંને વચ્ચે સખાભાવ. એક મિત્ર જેમ બીજા મિત્ર સાથે મસ્તી-મજાક કરી લે તેમ સ્વામીશ્રી પણ હકાભાઈની સ્વાભાવિક ઉતાવળી અને નક્કી કરેલું ન થતાં આકળા-બાકળા થઈ જવાની પ્રકૃતિને નિમિત્ત બનાવી તેઓની મજાક કરી લેતા. જ્યારે હકાભાઈને સ્વામીશ્રી દ્વારા પોતાનો આ રીતે 'લાભ' લેવાઈ ગયાની જાણ થાય ત્યારે તેઓ મીઠી પણ દેખાવની ખીજ કરે. તે વખતે તેને પણ માણતાં સ્વામીશ્રી સહિત સૌ ખૂબ હસે. આજે આવો વિનોદ એક નવી ઊંચાઈએ પહોંચે તેવો જ કંઈક ઘાટ ઘડાયેલો.

સારંગપુર જવા નીકળેલા સ્વામીશ્રી અને હકાભાઈ તા. ૧૨/૧૨ના રોજ રાત્રે અગિયાર વાગ્યે બોટાદ ઊતર્યા. તે વખતે ત્યાં એક ઘોડાગાડીવાળો ઊભો હતો. તેને જઈને હકાભાઈ મળ્યા અને સારંગપુર સુધી જવાનું ભાડું ઠરાવી સૌ તેમાં ગોઠવાઈને રસ્તે ચડ્યા. પણ ઘોડાગાડી આવી ગઈ હશે બાબા આદમના જમાનાની! તેનું ટાયર પૈડાં પરથી ઊતરવા લાગ્યું. હાંકનારો પૈડાં પર ટાયર ચડાવે અને ફર્લાંગ - બે ફર્લાંગ આગળ જાય ત્યાં પાછું પૈડું ઊતરી જાય.

સેંથળી સુધી આમ ચાલ્યું એટલે હકાભાઈ ધૂંવાપૂંવા થઈ ગયા અને ઘોડાગાડીવાળાને દમ મારતાં કહેવા લાગ્યા : 'તું જાણે છે કે હું કોણ છું? હું હકાભાઈ ખાચર છું. કાલે તને પોલીસને હવાલે કરી દેવો છે. આવી રીતે પેસેન્જરને હેરાન કરે છે? તારા મનમાં શું સમજે છે?'

અધરાતનાં હડસેલાં ખાઈને બાપુ ખરેખરા અકળાઈ ગયેલા. તેઓની દાટીથી દબાઈને ઘોડાગાડીવાળો તેઓને પગે લાગતો જાય અને કરગરતો જાય. પણ એ જેમ પગે લાગે તેમ હકાભાઈનો પારો-પાવર ઊંચે જ ચઢતાં જાય.

તેઓએ તો સંતોનાં પોટલાં સહિત બધો સામાન ઘોડાગાડીમાંથી નીચે ઉતારી દીધો અને ઘોડાગાડીવાળાને એક ફદિયુંય આપ્યા વિના રવાના થઈ જવાનું કહ્યું.

ત્યારે સ્વામીશ્રીએ હકાભાઈને જણાવ્યું : 'એ અહીં સુધી લઈ આવ્યો તેટલાનું તો ભાડું આપી દો !'

પણ હકાભાઈ કોઈનું સાંભળવાના મિજાજમાં નહોતા.

એટલામાં ત્યાંથી એક ગાડું નીકળ્યું. તે ગાડાવાળો બરવાળા જતો'તો. તેથી સ્વામીશ્રીએ કહ્યું : 'આ ગાડામાં બેસી જઈએ.'

હકાભાઈને વાત બરાબર લાગી. ગાડાવાળો પણ રાજી હતો. તેથી તેઓ સામાન ગાડામાં મૂકવા લાગ્યા. ત્યારે વળી સ્વામીશ્રીએ કહ્યું : 'આ ઘોડાગાડીવાળાને એક રૂપિયો તો આપો !'

'એકેય નથી આપવાનો.' દરબારી ફરમાન છૂટ્યું અને તેઓએ ઘોડાગાડીવાળાને તગેડી જ મૂક્યો.

ગાડામાં સૌ ગોઠવાયા અને ગાડું હાલવા લાગ્યું. રસ્તામાં હકાભાઈ ગાડાવાળાને કહેતા જાય : 'આવા સંતો તારા ગાડામાં બેઠા. તારાં તો ભાગ્ય ઊઘડી ગયાં. હવે તારાં કામકાજ સારાં ચાલશે.'

એમ વાતો કરતાં કરતાં સારંગપુર આવી પહોંચ્યા. મંદિરના દરવાજે ગાડું ઊભું રહ્યું. હકાભાઈને મનમાં એમ કે 'આપણે આવો મહિમા કહ્યો છે એટલે ગાડાવાળો ભાડું લેશે નહીં.' પણ સૌ ગાડામાંથી ઊતર્યા કે તેણે તો તરત જ પૈસા માંગ્યા.

આ અણધારી આફત આવી પડતાં હકાભાઈ જરા અકળાયા. તેઓ કહેવા લાગ્યા : 'આપણે પૈસાની વાત ક્યાં થઈ છે ? મોટાપુરુષ તારા ગાડામાં બેઠા એટલે ઊલટા તારે અમને પૈસા આપવા પડે. સમજ્યો ?'

આ સાંભળી ગાડાવાળો ગરજ્યો. તે કહે : 'પૈસા મૂકો પહેલાં. પછી જ તમારું પોટલું લેવા દઈશ. નહીં તો તે નહીં લેવા દઉં.'

સ્વામીશ્રીને મામલો વધુ વકરશે તેમ લાગ્યું. તેથી તેઓએ હકાભાઈને કહ્યું : 'દરબાર ! તેને પૈસા આપી દો.'

ત્યારે હકાભાઈ કહે : 'પણ એ અમથેઅમથો શાના પૈસા માંગે છે ? ભાડાની વાત જ ક્યાં થયેલી છે ? માટે એક દોકડોય ના આપું.'

ગાડાવાળો કહે : 'છ રૂપિયા ઝટ ચૂકવો.' ...ને આમ વાત વટે ચડી.

છેવટે સ્વામીશ્રી કહે : 'હકાભાઈ ! તમે પેલા ઘોડાગાડીવાળાને ભાડું

આપ્યું નહીં તેની હાય લાગે કે નહીં ?'

પણ સ્વામીશ્રીની પ્રત્યેક સમજાવટમાં હકાભાઈને પોતાનો પરાભવ જ દેખાતો જાય. તેથી તેઓ નમતું જોખવા તૈયાર જ ન થાય.

અંતે છને બદલે ચાર રૂપિયાની ચુકવણીમાં હકાભાઈ અને ગાડાવાળા બંનેએ જંગ જીત્યાનો સંતોષ મેળવ્યો અને પોતપોતાને રસ્તે પડ્યા.

સીધા-ઊંચા ચઢાણમાં વચ્ચે આવતી થોડીયે સપાટ જમીન ચઢનારાને હાશનો અનુભવ કરાવે છે, તેમ સ્વામીશ્રીના ઝપાટાબંધ વિચરણમાં બનતા આવા રમૂજભર્યા પ્રસંગો સહપ્રવાસીઓને હળવાશ પમાડતા રહેતા.

સન ૧૯૬૧

ઉત્સવત્રિવેણીના ઉદ્‌ઘોષક

સન ૧૯૬૧ના મે મહિનામાં આવતી યોગી જયંતીનો સમૈયો ગઢપુરમાં ઊજવવાનું નક્કી થયેલું. આ અવસરે અન્ય બે મહાન ઉત્સવો – ગઢપુર મંદિરનો કળશ મહોત્સવ અને એકાવન નવયુવાનોનો દીક્ષા મહોત્સવ પણ સંપન્ન થવાના હતા. આ ત્રણેય ઉત્સવોનો ઉદ્‌ઘોષ થાય અને તે નિમિત્તે સૌ દાણા-નાણાંની સેવા પણ નોંધાવે તે હેતુથી સ્વામીશ્રી યોગીજી મહારાજની સાથે વિચરણમાં જોડાયેલા.

તેમાં પ્રથમ હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, હરસોલ, વિલિયમપુરામાં પધાર્યા હતા. ત્યારબાદ અમદાવાદ, નેનપુર, સાંખેજ, અટલાદરા, રઢુ, પુરુષોત્તમ-પુરા, નડિયાદ, આણંદ વગેરે ગામોમાં વિચરણ કરીને તા. ૨/૧ના રોજ મુંબઈ આવી પહોંચ્યા.

યોગીજી મહારાજ અને સ્વામીશ્રી પધારતાં નવદીક્ષિત પાર્ષદોને તો આનંદની અવધિ જ ન રહી. હરિભક્તો પણ રાજી થયા. પરંતુ અહીં યોગીજી મહારાજની તબિયત લથડતાં તેઓના સઘળા કાર્યક્રમો બંધ થઈ ગયા. તે સમયે સ્વામીશ્રીએ સૌને કથાવાર્તા અને પધરામણીનું સુખ આપી સંતોષ પમાડ્યો.

અહીં પોષ વદ બારસના દિવસે સ્વામીશ્રીએ સૌને ખીચડીમાં છૂટી ધારે ઘી પીરસી મહારાજની સ્મૃતિ પણ કરાવી દીધેલી. યોગીજી મહારાજે માંદગી ગ્રહણ કરી હોવા છતાં સૌએ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ગઢપુર ઉત્સવ નિમિત્તે સારી સેવા લખાવી.

પ્રથમ મૂર્તિપ્રતિષ્ઠા

તા. ૧૭/૧ના રોજ યોગીજી મહારાજ અને સ્વામીશ્રીએ મુંબઈથી વિદાય લીધી. યોગીજી મહારાજ અટલાદરા ઊતરી ગયા અને સ્વામીશ્રી ગોંડલ પહોંચ્યા.

ગોંડલના સીમાવર્તી પ્રદેશમાં જ ઘોઘાવદર નામનું ગામ વસેલું છે. ગુણાતીત ગુરુપરંપરાની ચરણધૂલિમાં રજોટાતા આ ગામના હરિભક્તોએ સુંદર હરિમંદિર તૈયાર કરેલું. તેની પ્રતિષ્ઠા તા. ૧૯/૧ના રોજ યોગીજી મહારાજના વરદ હસ્તે નિર્ધારેલી. પરંતુ યોગીજી મહારાજે પોતાનું સ્વાસ્થ્ય કથળતાં સ્વામીશ્રીને આ પ્રતિષ્ઠાવિધિ માટે જવા આજ્ઞા કરેલી. તે અનુસાર નિશ્ચિત તારીખે અને નિયત સમયે સ્વામીશ્રી પધારી ગયા. બાલમુકુંદ સ્વામીએ પૂર્વતૈયારી કરી રાખેલી. શુભ મુહૂર્તમાં વેદમંત્રોના ઘોષ વચ્ચે, અંજનશલાકા દ્વારા સ્વામીશ્રીએ મૂર્તિઓનો નેત્ર-અનાવરણવિધિ કર્યો. મૂર્તિઓના વક્ષઃસ્થળ પર પોતાના બે હાથ મૂકી પ્રતિષ્ઠામંત્ર બોલ્યા. મૂર્તિ સમક્ષ આદર્શનિવેદન કરી ભગવાનને મુખદર્શન કરાવ્યું. સાંકળી સમી પાંચ દિવેટોથી આરતી ઉતારી.

આ મુજબની વેદવિધિને સ્વામીશ્રી જેમ જેમ અનુસરતા હતા તેમ તેમ આગળ જતાં ઈતિહાસ જેને સંસ્કૃતિના સુવર્ણયુગ તરીકે ગણાવવાનો હતો તે યુગનાં દ્વાર ખૂલતાં જતાં હતાં. હા, વિશ્વ-ઈતિહાસમાં જેઓનાં નામે સૌથી વધુ પ્રતિષ્ઠાવિધિઓનો વિશ્વવિક્રમ નોંધાવાનો હતો તેવા સ્વામીશ્રીના હાથે આજે પ્રથમ પ્રતિષ્ઠાવિધિ થઈ રહેલો ! એ ઐતિહાસિક ક્ષણે ઉપસ્થિત ભોળા ગ્રામજનોને ખબર પણ નહીં હોય કે તેઓ કયા ભવ્ય ઈતિહાસના સાક્ષી બની રહ્યા છે !

પરંતુ સ્વામીશ્રી તો પોતાનું યુગકાર્ય શરૂ કરીને બંધિયા, રાજકોટ, ગોંડલ થઈ રાત્રે એક વાગ્યે અટલાદરા આવી પહોંચ્યા.

અહીં વસંત પંચમીનો ઉત્સવ ધામધૂમથી ઊજવાયો. આ ઉત્સવસભામાં સ્વામીશ્રીને સાથે રાખીને યોગીજી મહારાજે દસ નવયુવાનોને દીક્ષિત કર્યા.

આમ, દીક્ષાવિધિ હોય કે પ્રતિષ્ઠાવિધિ, યોગીજી મહારાજ સ્વામીશ્રીને અગ્રેસર કરતા રહેતા. તેઓની આ ચેષ્ટા મર્મસૂચક હતી.

શાંતિ શાંતિ થઈ ગઈ

વસંત પંચમીના ઉત્સવ બાદ સ્વામીશ્રી ગઢડા થઈને સારંગપુર પહોંચ્યા હતા. અહીં છ દિવસ 'હરિલીલાકલ્પતરુ'નું પારાયણ અને મંદિરનાં શિખર પર

સુવર્ણકળશના સ્થાપનનું કાર્ય ચાલુ કરાવીને પુનઃ ગઢપુરના ઉત્સવનો ઉદ્‌ઘોષ કરવા નીકળી પડ્યા. યોગીજી મહારાજની નાદુરસ્ત સ્થિતિમાં તેઓએ પ્રચાર-પ્રસારની કમાન સંભાળી લીધી હતી.

વિચરણના આ ચરણમાં સ્વામીશ્રી સોખડા, આંસોજ, વાસણા-કોતરિયા, નાજ, ગોરિયાદ, ભાયાપુરા, અંટોલી, આનંદપુરા, વાઘોડિયા, જેસીંગપુરા, સયાજીપુરા વગેરે ગામો ઘૂમી વળ્યા. વિચરણની વચ્ચે તા. ૧૫/૨ના રોજ સૂર્યગ્રહણનો સમૈયો કરવા અમદાવાદ પધારેલા. અહીં સાબરમતીની રેતીમાં ગ્રહણની સભા કરેલી. બાદ પુનઃ વિચરણમાં ઊપડી ગયેલા.

બે-એક અઠવાડિયાં ગામોગામ ઘૂમીને સ્વામીશ્રી તા. ૧/૩ના દિવસે ફૂલદોલોત્સવ નિમિત્તે સારંગપુરમાં આવ્યા. અહીં ચંદ્રગ્રહણનો સમૈયો કર્યો અને તા. ૩/૩ના દિવસે સારંગપુર મંદિરનાં શિખર પર સુવર્ણ કળશ પણ ચઢાવ્યા. યોગીજી મહારાજ અસ્વસ્થ તબિયતને કારણે આ ઉત્સવમાં પધારી શક્યા નહોતા. પોતાના પ્રિય શિષ્ય સ્વામીશ્રી દ્વારા જ હવે જાણે તેઓને કળશ ચઢાવવાની ઇચ્છા હતી! કેવળ સારંગપુર મંદિરનાં શિખર પર જ નહીં, પરંતુ દરેક કાર્યમાં.

તેથી જ જ્યારે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા સારંગપુર મંદિર પર કળશ ચઢી રહેલા ત્યારે તેઓએ ગોંડલમાં વાત કરેલી કે ‘અમે દિવ્ય દેહે આજે સાડા ત્રણ વાગે (બપોરે) સારંગપુર કળશનાં દર્શન કરવા ગયા હતા. દરેક શિખરમાં (સુવર્ણ કળશનાં) દર્શન કર્યાં. પાંચ-પાંચ દંડવત કર્યા. દેહોત્સર્ગ-સ્થાને પણ દર્શન કર્યાં ને દંડવત કર્યા. અંતરમાં શાંતિ શાંતિ થઈ ગઈ...’

સ્વામીશ્રીના હસ્તે કાર્ય સંપૂર્ણ થયાનો પૂર્ણ પરિતોષ યોગીજી મહારાજના આ શબ્દોમાં ઝળકી રહ્યો છે. સ્વામીશ્રી દ્વારા સંપન્ન થતા પ્રત્યેક પ્રસંગથી યોગીજી મહારાજને શાંતિ શાંતિ થઈ જતી. અથવા તો યોગીજી મહારાજને શાંતિ શાંતિ થઈ જાય એ રીતે જ સ્વામીશ્રી દરેક કાર્ય પૂર્ણ કરતા!

ધૂનનો ‘વાયરલેસ’

સારંગપુર મંદિરના કળશ મહોત્સવ બાદ સ્વામીશ્રી ગોંડલ મુકામે યોગીજી મહારાજના ખબર-અંતર પૂછવા પધારેલા. ત્યાં બે દિવસ રોકાઈને તેઓ ગઢડા, અમદાવાદ, સુણાવ, અટલાદરા, જંબુસર, કીમોજ, કેલોદ, ઠીકરિયા, માત્રોજ, સારીંગ, કંડારી, કારવણ, સલાડ, પોર, શ્રીજીપુરા, ચિત્રાસર, ધરોડા, રઢુ

વગેરે ગામોમાં વિચરણ માટે નીકળી ગયા. વચ્ચે ગઢપુર ઉત્સવ માટે દેશમાં આવેલા આફ્રિકાના હરિભક્તોને આવકારવા માટે ઠેઠ મુંબઈ સુધીની ખેપ પણ કરી આવ્યા.

તે દરમ્યાન યોગીજી મહારાજ તબીબી સલાહ મુજબ ગોંડલમાં આરામ કરી રહેલા. તેમાં એક વાર બપોરની કથામાં તેઓ બોલ્યા : 'પ્રમુખસ્વામી બધે ફરતા હશે.'

'આપ અહીં બિરાજો છો એટલે ગઢપુર(સમૈયા)ની જવાબદારી બધી એમને માથે.' કોઈક બોલ્યું.

ત્યારે યોગીજી મહારાજ તરત બોલ્યા : 'આપણે અહીં ધૂન કરવા માંડીએ. તે વાયરલેસ(શક્તિ) છૂટશે એટલે ત્યાં કામ થવા માંડશે.'

'પોતે પ્રમુખસ્વામીની સાથે જ છે' એવો બોધ યોગીજી મહારાજે આ શબ્દો દ્વારા આપી દીધો. તેનો અનુભવ સ્વામીશ્રી જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં સૌને થતો.

તા. ૬/૩ના દિવસે ગોંડલથી જ યોગીજી મહારાજનાં દર્શન કરીને સ્વામીશ્રી નીકળેલા. બરાબર એક મહિના બાદ તા. ૬/૪ના રોજ પુનઃ તેઓની તબિયત જોવા માટે સ્વામીશ્રી પધારેલા. આ એક મહિના દરમ્યાન તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં સેવા અને સમાસ બંને સારાં થયાં. યોગીજી મહારાજ બોલેલા કે 'વાયરલેસ છૂટશે...' તે ખરેખર સાર્થક થયું! 'સ્વામીશ્રીની સાથે યોગીજી મહારાજ છે જ' તે સૌને અનુભવાયું.

સમૈયાના સમર્થ સૂત્રધાર

જેની ઉત્કંઠા સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં જ નહીં, પરંતુ સમસ્ત સમાજમાં હતી એ ગઢપુરનો સુવર્ણ-કળશ મહોત્સવ તા. ૧૧-૧૨ મે, સન ૧૯૬૧, વૈશાખ વદ ૧૨-૧૩ના રોજ ઘોષિત થઈ ચૂકેલો.

સ્વામીશ્રીના હસ્તાક્ષર સાથેની આમંત્રણ-પત્રિકાઓ ગામોગામ પહોંચવા લાગેલી. સેંકડો સ્વયંસેવકો અને હજારો હરિભક્તો આ ઉત્સવનો હિસ્સો બનવા થનગની રહેલા. સીધાં-સામગ્રીનાં ગંજ ખડકાવા લાગેલા. રાવટીઓ-મંડપોના થાંભલા ખોડાઈ રહેલા. કળશ અને ધજાદંડ પર સોનાનાં વરખ ચઢી રહેલાં. ગઢપુરની શેરીઓમાં સંખ્યાબંધ મકાનોની ઉતારા માટે સાફસૂફી થવા માંડેલી. ઘેલા તટે ઊભેલાં સંગેમરમરના મંદિરની રોનક ફરવા માંડેલી. આવું તો ઘણું બધું ગઢડામાં થઈ રહેલું, પરંતુ આ સઘળું જે એક ધરીના આધારે ફરી રહેલું તે

ધરી હતી – પ્રમુખસ્વામી.

જ્યારથી યોગીજી મહારાજે તેઓને ગઢપુરના ઉત્સવની જવાબદારી સોંપી ત્યારથી ઉત્સવના સુવ્યવસ્થિત આયોજન માટે સ્વામીશ્રીએ કમર કસેલી. તેઓએ લખેલી રોજનીશીનાં પાનાં પર નજર ફેરવીએ તો ખ્યાલ આવે એમ છે કે આ ઉત્સવની પૂર્વતૈયારીમાં તેઓ કેટલા ઊંડા ઊતરેલા અને કેટલા વહેલા જાગેલા !

ઉત્સવના છ મહિના પહેલાં તા. ૪/૧૧/'૬૦ના રોજ બોચાસણમાં સ્વામીશ્રી રોજનીશીમાં લખે છે : *'...ખેંગારજીભાઈ, મગનભાઈ... હર્ષદભાઈ તથા પૂજ્ય સ્વામીજી (યોગીજી મહારાજ) તથા પૂજ્ય મોટા સ્વામી વગેરે હાજર હતા... ગઢડાના સમૈયા અંગેની તૈયારીની વાતચીત (થઈ)...'*

પણ તૈયારીની વાતો કરીને બેસી રહે તો સ્વામીશ્રી શાના ? કોઈ પણ આયોજનને નક્કર ભૂમિ પર લાવ્યા વિના તેઓને ચેન ન પડે. તેથી જ 'પૂર્વતૈયારીની વાતચીત' થયાના ત્રીજા જ દિવસે તા. ૭/૧૧/'૬૦ના રોજ ભાદરણમાં તેઓ લખે છે : *'સવારના પધરામણી... સાંજના પધરામણી... ગઢડાના સમૈયાની લખણી ત્રણ હજાર થયા... બીજા હજાર - દોઢ હજાર થવા સંભવ...'*

આમ, આયોજનને ગતિશીલ કરવા તેઓએ સેવાની લખણી પણ શરૂ કરી દીધી. પણ 'बृषीषु उपवेशनेन कृषिर्न साधीयसी।' સોફા પર બેસીને ખેતી ન થાય. જે ભૂમિ પર વાવવા-લણવાનું છે તેની રજેરજ જાણવી પડે. તેમ જ્યાં ઉત્સવ ઊજવવાનો હોય તે ભૂમિ પર જઈને નકશા દોરવા પડે. તેથી સ્વામીશ્રી થોડા દિવસોમાં તો ગઢડા પહોંચી ગયા.

તા. ૧૮/૧૧/'૬૦ના દિવસે ગઢપુરમાં તેઓ લખે છે : *'કોઠારી સાથે વૈશાખના સમૈયા માટે અમુક કરવાનું કામ માટે વાત...'*

વિઘ્નવિદારક

જે સમયે સ્વામીશ્રી ગઢપુરમાં ઉત્સવના આયોજનને આકાર આપી રહેલા તે વખતે સ્થાનિક પંચાયત ગામમાં આવતા યાત્રાળુઓ પર યાત્રાવેરો નાંખવાની વેતરણમાં પડેલી. તેને કારણે સમૈયામાં જે હજારો માણસો આવે તેને વેરાનો ભાર ખમવાની નોબત આવી ગઈ.

સ્વામીશ્રીને આ ઠીક ન લાગ્યું, કારણ કે આ વેરાની વાતમાં વજૂદ નહોતું પણ લાગનો લાભ ખાટવાની વાત હતી. તેથી સ્વામીશ્રી સક્રિય થયા.

એ સક્રિયતાને રોજનીશીમાં ટપકાવતાં તેઓ તા. ૨૦/૧૧/’૬૦ના રોજ લખે છે : *‘...સવારે જૂના મંદિરે દર્શન... પૂજ્ય કોઠારીને મળ્યા... મ્યુનિસિપલ જાત્રાવેરો નાંખે છે તે સંબંધી વાત... ત્યાં ઉપપ્રમુખ મ્યુનિસિપલ તેઓને વાત... જે સભ્ય છે તેઓને વાત કરી...’*

...અને સ્વામીશ્રીના શબ્દો થોથું પુરવાર થાય? હરગિજ નહીં; કારણ કે તે વાતો તર્કશુદ્ધ હોય, તર્કબદ્ધ હોય ! તે વાતોમાં લોકમત હોય, લોકહિત હોય ! તે વાતોમાં સત્ય હોય, તથ્ય હોય ! તેથી સ્વામીશ્રીની વાતે ધાર્યાં નિશાન વીંધ્યાં.

સંબંધિત પદાધિકારીઓને વાત કર્યાના પચીસ દિવસ બાદ તા. ૧૫/૧૨/’૬૦ ના રોજ સ્વામીશ્રી લખે છે : *‘...જૂના મંદિરે દર્શન... કો.(ક) સાથે વાતચીત... જાત્રાવેરા અંગે વાત થઈ (કે) હાલ મ્યુનિસિપલે (વેરો લેવાનું) મુલત્વી રાખેલ છે...’*

આમ, ઉત્સવ માથે ઝળૂંબી રહેલું વેરાનું વિઘ્ન સ્વામીશ્રીએ વિદારી દીધું. ઉત્સવના પાંચ મહિના પહેલાંથી સ્વામીશ્રીએ વર્તેલી સાવધાનીના લીધે યાત્રાળુઓને કેટલોય લાભ થઈ ગયો! પણ ઉત્સવમાં આવેલા હજારો યાત્રિકોમાંથી કેટલાંને સ્વામીશ્રીએ કરેલા આ ઉપકારની જાણ થઈ હશે?!

જો કે સ્વામીશ્રીની તો રીત જ આ હતી – ગાજ્યા વિના વરસી જવું ! ગઢપુરની પરિસ્થિતિનો મિજાજ આમ ઠેકાણે પાડી સ્વામીશ્રી નીકળી પડ્યા, સમૈયાની સેવા માટે.

નાણાં-દાણાની સેવાનાં ટાણાં

તા. ૨૧/૧૨/’૬૦ના દિવસે હિંમતનગર પાસે આવેલા વિલિયમપુરામાં સ્વામીશ્રી નોંધે છે : *‘...રાતરે ગઢડાના વૈશાખના સમૈયા અંગે લખણી છ હજાર ઉપર થઈ...’*

બીજા દિવસે સ્વામીશ્રીને અમદાવાદ થઈને નેનપુર નીકળી જવું હતું. પણ તા. ૨૨/૧૨/’૬૦ના રોજ તેઓ અક્ષર પાડે છે : *‘...ગઢડાના વૈશાખના સમૈયા માટે લખણી ચાલુ હતી. તે માટે એક દિવસ વધુ રોકાણ... નેનપુર સાંજના જવાનું હતું તે બંધ રાખી અમદાવાદ જ રોકાયા...’*

ઉત્સવની સફળતા માટે પોતાના આવા તો કેટકેટલા કાર્યક્રમોને સ્વામીશ્રીએ ઠોકરે ચઢાવ્યા હશે તે તો તેઓ જ જાણે !

ગઢપુરના ઉત્સવની નાણાકીય વ્યવસ્થા માટે સંસ્થામાં બીજે-ત્રીજે

જે કામકાજ ચાલતાં હોય તે સ્થગિત કરીને તેમાં વપરાતો નાણાપ્રવાહ ગઢપુર બાજુ વાળવામાં આવે તો જ બે છેડા ભેગા થાય તેમ હતું ! તે માટે જે તે મંદિરમાં સ્થાનિક આયોજનો લઈને બેઠેલા વ્યવસ્થાપકોને સમજાવવાની વાત આવી. આ સમજાવટની વાત વિચારીએ એટલી સહેલી નથી હોતી, કારણ કે તેમાં સામેવાળાના મનને મરોડવાનું આવે ! પણ સ્વામીશ્રીએ એ કપરી જવાબદારીઓ સૌને રાજી રાખીને પૂર્ણ કરી.

તેનો એક દાખલો તેઓની રોજનીશીમાં તા. ૨૨/૧૨/'૬૦ના રોજ આ રીતે નોંધાયો છે : *'...રાતરે અત્રેના (અમદાવાદના) મંદિર માટે નિરન્નમુક્ત સ્વામી, રસિકભાઈ, અંબાલાલભાઈ વગેરે હતા ને અત્રે હાલ બંધ રહેલ તેમ રાખી*[૧૫૨] *ગઢડાનું પતાવી લેવું તેમ વાત કરી. સર્વે રાજી થયા...'*

'રાતરે કથા-વારતા...'

ઉત્સવ માટે નાણાંની સાથે દાણાની જરૂરિયાતને પણ પહોંચવાનું હતું. તેથી સ્વામીશ્રી 'વખત તેવાં વાજાં' વગાડતા. શહેરના રહીશોને આર્થિક સેવાની વાતો તો ધાન પકવનારા ખેડુઓને દાણા દેવાની વાતો.

આ સંબંધી નોંધ ટપકાવતાં તા. ૨૪/૧૨/'૬૦ના રોજ સાંખેજમાં સ્વામીશ્રી લખે છે : *'...ઉમેદભાઈને ત્યાં ઉતારો... ચોખા ૬૦(મણ) ત્રણેય ભાઈઓએ આપવાના કહ્યા. ત્યાંથી ભાલિયાપુરા ઝવેરલાલ, ગુણવંત વગેરે મળી ૬૧ મણ કહ્યા. બીજા ચાર-પાંચ કરવાના કહેતા. ત્યાંથી અટલાદરા... રાતરે કથાવારતા...'*

આખા દિવસની અહીંથી તહીંની દોડધામ પછી સ્વામીશ્રી છેલ્લે લખે છે : *'રાતરે કથાવારતા...'*

હા, તેઓએ આખો ઉત્સવ માથે ઊંચકેલો પણ પોતાના આહ્નિકને નેવે મૂકીને નહીં !

ગઢપુરનો ઉત્સવ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના સંકલ્પની પરિપૂર્તિનો હતો. ગુરુની જન્મજયંતીનો હતો. સંસ્થાના ગૌરવનો હતો. તેથી તે એ જ ગરિમાથી ઊજવાવો જોઈએ. તે માટેનાં ચક્રો પણ સ્વામીશ્રીએ પહેલેથી

---

૧૫૨. તે વખતે સન ૧૯૬૨માં અમદાવાદના મંદિરની પ્રતિષ્ઠા નિર્ધારેલી. તેથી અમદાવાદમાં પણ મંદિર-નિર્માણનું કામ પુરજોશમાં ચાલતું હતું. તે કામ તત્પૂરતું બંધ રાખવાના સંદર્ભમાં આ વિગત સમજવી.

ગતિમાન કરી દીધેલાં. તેની એક ઝાંખી તા. ૨૭/૧૨/'૬૦ના રોજ અટલાદરામાં તેઓએ લખેલી નોંધ પરથી પ્રાપ્ત થાય છે. તેઓ લખે છે : *'...(સાંજે) પાંચ(વાગ્યા)થી ગઢડાના સમૈયા અંગે મીટિંગ... નંદાજી હાજર... રાજેન્દ્રબાબુ રાષ્ટ્રપતિ આવે તે અંગે વાતચીત...'* જાહેર સંપર્ક વિભાગમાં પણ સ્વામીશ્રી સતર્ક હતા તે આ નોંધ પરથી પરખાય છે !

ઉત્સવ માટે સ્વામીશ્રીએ ચોખા એકત્રિત કર્યા તે આપણે જોયું; પણ એકલા ચોખાથી શું થાય ? તેથી દાળના ખરડા માટે તેઓ આણંદ આવ્યા અને ત્યાં જે કર્યું તેનું બયાન તા. ૩૦/૧૨ અને તા. ૩૧/૧૨ની રોજનીશી આમ આપે છે : *'...આણંદ ગઢડા માટે તુવેરદાળનો ખરડો... રાતરે જ ૩૭૫ મણ થઈ. ખરડો ચાલુ છે... (બીજે દિવસે) સાંજ સુધી સાતસો મણ દાળ થઈ...'*

આમ, સ્રોત-સામગ્રીની વ્યવસ્થાને સ્વામીશ્રીએ સરાણે ચડાવી.

પણ આયોજનમાં મુખ્ય તો માણસ છે. તેથી જે તે સેવાવિભાગને યોગ્ય વ્યક્તિની નિયુક્તિનું કાર્ય પણ સ્વામીશ્રીએ સંપન્ન કર્યું. તા. ૨૧/૧/'૬૧ના દિવસે વસંત પંચમીનો ઉત્સવ ઉજવી સ્વામીશ્રી લખે છે : *'...ગઢડા સમૈયા અંગેની પાંચ વાગ્યે મીટિંગ થઈ... સાત જણ નીમ્યા... તે સમૈયા અંગેની વ્યવસ્થા કરી... પેટા કમિટિ થઈ...'*

કાર્યસોંપણી અને કાર્યવહેંચણી – બંને સ્વામીશ્રીએ કરી દીધું; કમિટી અને પેટા કમિટી બનાવીને !

કપચી, કરંટ, કંકોતરીથી લઈને કળશ સુધી

સેવાની ગોઠવણી કરી સ્વામીશ્રી પુનઃ ગઢડા આવેલા અને અહીં જુદા જુદા વિભાગ માટે સ્થળની પસંદગીઓ કરી દીધી. તેની સુંદર ટીપ તા. ૨૬/૧ના દિવસે ગઢડામાં જ તેઓએ લખી છે : *'... જૂના મંદિરે, લક્ષ્મીવાડીએ દર્શન બાદ મંદિર નજીકની વાડીએ ગયા. તે જગ્યા જમાડવા માટે નક્કી કરી. ત્યાં મંદિરે રસોડું હાલ ઢોર બાંધે છે ત્યાં રાખવું. સભામંડપ મંદિરના પાછળના ચોકમાં કરવો તથા હાલ તુરંત જ ટાંકી(શીરો રાખવા માટે) કરવી તથા અનાજ વગેરે સ્ટોક માટે ભોજનશાળા કરવી વગેરે વિચારણા કરી...'*


અન્ય એક નોંધમાં સ્વામીશ્રી લખે છે : *'૩૦ હજાર ભોજનશાળા ટાંકી કરવા મંજૂર...'*

ઉતારાની વ્યવસ્થા સંબંધી ગોઠવણીની વાત લખતાં પણ તેઓ જણાવે છે

કે *'...નંદાજી માટે તથા આફ્રિકાવાળા માટે કનુભાઈ વૈદનું દવાખાનું તથા ઉતારો જોયો. બાદ વૈદના દવાખાનાના વંડામાં જ જમવાની વ્યવસ્થા કરવી... આફ્રિકાવાળાને મંદિર ઉપર ઉતારો રાખ્યો(રાખવો) વગેરે વિચારણા કરી... જૂના મંદિરના કોઠારીને ઉતારા માટે વાત કરતાં તેઓ(એ) હા પાડી ને ઉત્સાહ જણાવ્યો...'*


ઉત્સવ નજીક આવતાં કંકોત્રીની કાર્યવાહી પણ સ્વામીશ્રીએ શરૂ કરી દીધેલી. તે અંગેના વિમર્શની ઝલક આપતી નોંધ છે તા. ૪/૪ની. સ્વામીશ્રી લખે છે : *'...રમેશભાઈ સાથે ગઢડાના હિસાબ અંગે વાતચીત અને ખેંગારજીભાઈ સાથે ગઢડા અંગે લખવાની પત્રિકા અને કંકોતરીનો ડ્રાફ્ટ તૈયાર કરવા વાત...'*

કંકોતરીઓ છપાઈ ગયા બાદ પહોંચાડવાની વ્યવસ્થા અંગે સ્વામીશ્રી નોંધે છે :



'સાંજના અમદાવાદ
રાતની ગાડીમાં
...રાતરે વાતચીત... રસીકભાઈ
સાથે કંકોતરી
વિગેરે સાથે લઈ
જવા વાત...
દરેકની કંકોતરીઓ પણ લઈ
જવા વાત.'

આમ, કંકોત્રી ગઢડા પહોંચાડ્યા પછી તેને લખવાની નોંધ પણ સ્વામીશ્રીએ રોજનીશીમાં ટપકાવી છે :



'કાનજીભાઈ સાથે મળી
સૌરાષ્ટ્રની ગોહીલ -
વાડ, ઝાલાવાડ -
ની કંકોતરી લખી'

તા. ૧૧/૪ની રોજનીશી કહે છે : *'ભોજનશાળા ટાંકીનું કામકાજ જોયું..'*

તા. ૧૩/૪ની દૈનંદિની જણાવે છે : *'જૂના મંદિરના... લાકડાંવાળો વંડો તથા લીમડાવાળા ઉતારા બતાવ્યા (તે જોયા)...'*

તા. ૧૯/૪ના દિવસે સ્વામીશ્રી નોંધે છે : *'... રાતરે ગઢડાનાં સીધાં અંગે વાતચીત...'*

તા. ૨૦/૪ની નોંધ બોલે છે : *'...સવારે મસાલાવાળા શહેરમાં ગોળ-ખાંડ, ચણા, વિગેરેના ભાવ લાવ્યા... રાતરે બોટાદ જવા રવાના...'*

તા. ૨૧/૪ના દિવસે સ્વામીશ્રી જણાવે છે : *'...કપચીની મોટર મંદિરમાં જતી હતી તેમાં (બોટાદથી) ગઢડા. ત્યાં કામકાજ ચાલતું હતું... વરખ, કળશ તૈયાર થતા હતા(તે જોયા)...'*

તા. ૨૩/૪ની નોંધમાં સ્વામીશ્રી લખે છે : *'ઈલેક્ટ્રીકવાળા આવેલ તેની સાથે વાતચીત...'*

આમ, કપચી, કરંટ, કંકોતરીથી લઈને કળશ સુધીની સઘળી સેવામાં સ્વામીશ્રી સતર્ક જણાય છે.

એકે હજારા

ઉત્સવ સંબંધી કાર્યવાહીની સ્વામીશ્રીએ કરેલી આવી નોંધો એક દસ્તાવેજ છે – 'one man army' એકે હજારા સમાન સ્વામીશ્રીની કાર્યકુશળતાનો !!

ગઢપુરના ઉત્સવના દરેકે દરેક વિભાગનું આયોજન, અમલીકરણ અને સંકલન જે ખૂબીથી તેઓએ કર્યું છે તે કોઈ પણ આયોજક માટે પ્રેરણારૂપ છે. આજે ગઢપુરના સમૈયાની સફળતાનું શિખર સૌ કોઈને દેખાય છે, પરંતુ તે

શિખરને ઊંચકનાર સ્વામીશ્રીની સેવાઓની આ શિલાઓ ઝટ નજરે ચઢે એમ નથી. પણ ગઢપુરના એ ઉત્સવમાં સમૈયાના સમર્થ સૂત્રધાર સમા સ્વામીશ્રીની સેવાની સુવાસ સર્વત્ર વર્તાઈ રહેલી.

અધૂરામાં પૂરું, દરેડના દરબારને આ પ્રસંગે સ્વામીશ્રી પાસે પારાયણ કરાવવાની ઇચ્છા થઈ. તેથી ઉત્સવની તડામાર તૈયારીની ચરમ સીમા જેવા દિવસોમાં, ઉત્સવના ચાર દિવસ પહેલાં તા. ૭/૫થી સ્વામીશ્રીએ 'સત્સંગિજીવન'ના બીજા પ્રકરણના પંચદિવસીય પારાયણનો પણ પ્રારંભ કર્યો. એ જ દિવસે રાત્રે યોગીજી મહારાજ પધારી ગયા. તેથી ઉત્સવ વિશેષ પ્રાણવાન બની ગયો.

સ્વામીની સેનામાં આવજો રે

ઉત્સવના પ્રથમ દિવસે તા. ૧૧/૫ના રોજ યોગીજી મહારાજના વરદ હસ્તે એકાવન સુશિક્ષિત યુવાનોએ ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. યોગીજી મહારાજે પોતાની રુચિમાં ઝંપલાવનાર આ સંતોના ભાગ્યપ્રદેશમાં ચંદનની અર્ચા કરીને ગુરુમંત્ર આપ્યો. સ્વામીશ્રીએ સૌ નવદીક્ષિતોને પુષ્પહાર પહેરાવ્યા. 'સાધુ કેશવજીવનદાસ... સાધુ સ્વયંપ્રકાશદાસ... સાધુ ભક્તિપ્રિયદાસ... સાધુ ત્યાગવલ્લભદાસ...' એમ જેમ જેમ નૂતન નામાભિધાન સાથે દીક્ષિત સંતો ભગવું ઉત્તરીય ઓઢતા ગયા તેમ તેમ શ્રોતાવર્ગ તાળીઓના ગડગડાટથી તેઓને વધાવતો ગયો. ચારે બાજુ અનેરી મંગલતા પ્રસરી રહી. સ્વામીશ્રીના પારાયણની પૂર્ણાહુતિ પણ આજે થઈ.

કળશ ચડાવ્યો કલ્યાણનો રે

ઉત્સવનો પ્રથમ દિન હતો – યોગીજી મહારાજના સંકલ્પની પરિપૂર્તિનો.

વર્ષોથી 'ગઢડાના કળશ ચઢે ત્યારે એકાવનને દીક્ષા આપવી છે'ની રઢ લઈને વિચરતા યોગીજી મહારાજે જે કહ્યું હતું તે સાકાર કરી બતાવ્યું.

ઉત્સવનો દ્વિતીય દિન હતો – શાસ્ત્રીજી મહારાજના સંકલ્પની પરિપૂર્તિનો.

ગઢડામાં ટેકરા પર મંદિર કરી શ્રીજીમહારાજનો મનોરથ પૂર્ણ કરવાનો સંકલ્પ શાસ્ત્રીજી મહારાજનો હતો. તે આજે શિખર પર કળશ ચઢતાં પૂર્ણ થઈ રહેલો.

યજ્ઞમંડપમાં સુવર્ણકળશનાં પૂજન-આરતી યોગીજી મહારાજ, નંદાજી તથા કૃષ્ણકુમારસિંહ દ્વારા થયાં બાદ, જ્યારે તે કળશ શિખરસ્થ થયા ત્યારે સૌની

આંખો સજળ થઈ ગઈ, હૈયાં ભાવવિભોર બની ગયાં અને રોમરોમ નાચી ઊઠ્યાં. સવારના સૂર્યપ્રકાશમાં ચમકતાં-દમકતાં એ સુવર્ણકળશો અને લહેરાતી ધર્મધજાઓ અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને શાસ્ત્રીજી મહારાજની કીર્તિને દિગ-દિગંતમાં પ્રસરાવવા લાગ્યાં.

આ પ્રસંગે યોજાયેલી સભામાં સ્વામીશ્રીએ મહારાજા કૃષ્ણકુમારસિંહજી અને નંદાજીને રજતરસિત પાત્રમાં પ્રાસંગિક સ્મરણિકા અર્પણ કરી હતી. સૌ અતિથિઓનાં પ્રાસંગિક પ્રવચનો બાદ, સંસ્થાના પ્રમુખ અને મહોત્સવના અધ્યક્ષ તરીકે સંબોધન કરતાં સ્વામીશ્રીએ જણાવેલું કે 'આપ સૌએ પધારી આ પ્રસંગને દીપાવ્યો તો શ્રીજીમહારાજ અને સ્વામી આપના ઉપર પ્રસન્ન રહેશે. શ્રીજી-મહારાજને પ્રાપ્ત કરવાનું સ્થાન યોગીજી મહારાજ આપણી વચ્ચે બેઠા છે. તો તેમને રાજી કરી લેવા.'

આશરે ચાલીસ હજાર ભાવિકો આ ઉત્સવનો લાભ લઈને કૃતાર્થ થયા.[૧૫૩]

પ્રમુખસ્વામીરૂપી જીવતું મોતી

ગઢપુરનો કળશ-મહોત્સવ શાસ્ત્રીજી મહારાજની ઈષ્ટભક્તિ અને યોગીજી મહારાજની સંકલ્પશક્તિની સાથે સાથે, સ્વામીશ્રીની નેતૃત્વશક્તિની અમીટ છાપ અંકિત કરનારો બની રહેલો. સૌ કોઈ સ્વામીશ્રીના નેતૃત્વ પર ઓવારી ગયેલા. તેમાંના એક ઈશ્વરચરણદાસ સ્વામી લખે છે :

'સન ૧૯૬૧માં સુવર્ણ-કળશ મહોત્સવ વખતે ગઢપુરમાં વૈશાખના વાયરાએ ભારે તાંડવ જગાવેલું, પણ સ્વામીશ્રી વ્યવસ્થામાં અડગ હતા. પાણી તથા ઉતારાની મુશ્કેલીઓ તેમજ પવનથી ફાટતા, તૂટતા મંડપોની[૧૫૪] દુર્દશાથી ભલભલાનાં મન ડગી જાય, પણ સ્વામીશ્રી સ્થિરતાથી કાર્યો ઉકેલતા. જરા પણ એમનું મન હાલક-ડોલક થતું નહીં. એથી બીજા હજારોને પણ સેવામાં પ્રેરણા મળતી. નિરાશાનાં વાદળોને

---

૧૫૩. ગઢપુર મંદિરના કળશ-સ્થાપન મહોત્સવમાં સ્વામીશ્રીએ કરેલી વિવિધ સેવાઓની સ્મૃતિઓને નિહાળવા જુઓ વીડિયો ટ્રેક નં. ૨૧. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

૧૫૪. આ ઉત્સવનો આખો મંડપ વૈશાખી વાયરામાં ત્રણ વાર ઊડી ગયેલો. તેનું કાપડ ફાટીને લીરેલીરા થઈ જતું.

પોતાના પર્વતપ્રાય નિશ્ચયથી વિખેરી નાંખવાનું એમનામાં પ્રબળ ઐશ્વર્ય ત્યારે દર્શાતું.'

તેથી જ ગઢડાના નગરશેઠ મોહનલાલ મોતીચંદ વાત કરતા કે 'શાસ્ત્રીજી મહારાજે આ પ્રમુખસ્વામીરૂપી કીમતી જીવતું મોતી આપ્યું છે. તેનો પ્રકાશ તમે બધા જોશો.'

આમ, આખેઆખા ઉત્સવને પોતાને ખભે ઊંચકનાર સ્વામીશ્રી આ સમૈયામાં ખરેખર ધુરંધર બની રહેલા. છતાં કર્તાપણાના ભાવથી સદા અલિપ્ત રહેલા. આ ઉત્સવ સંબંધી ઝીણી-ઝીણી નોંધને પોતાની રોજનીશીમાં ટપકાવનાર સ્વામીશ્રી, ઉત્સવના મુખ્ય મંચ પર યોગીજી મહારાજની બાજુમાં જ બેસીને સૌ નવદીક્ષિત સંતોને પુષ્પમાળા પહેરાવતા જતા હતા. પરંતુ આવી મહત્ત્વપૂર્ણ વિગત તેઓની રોજનીશીમાં ક્યાંય શોધી જડતી નથી!! આ હતું તેઓનું નિરાળું નેતૃત્વ! જાતને નેપથ્યમાં રાખીને સ્વામીશ્રી મંચ-માંડવો શોભાવી જાણતા!! તેઓની કાર્યકુશળતાનો કળશ ચઢી જાય તેવી વાત તો આ હતી!

કોઈ પદ મોટું નહીં, કોઈ સેવા નાની નહીં

ગઢપુરના ઉત્સવ બાદ બીજે જ દિવસે યોગીજી મહારાજ ગોંડલ પધારી ગયેલા, પણ સ્વામીશ્રી ઉત્સવ-સંકેલણીની સેવા માટે અગિયાર દિવસ સુધી ગઢડામાં જ રોકાયેલા. ઉત્સવનો માંડવો નંખાતી વખતે સ્વામીશ્રીએ કરેલી સેવાઓ જેમ યાદગાર છે, તેમ ઉત્સવનો માંડવો છોડતી વખતે પણ તેઓએ કરેલી સેવાઓ એવી જ સ્મરણીય છે.

તેઓ ઘણી વાર કહેતા કે 'માંડવો નાંખવામાં બધા હોય પણ છોડવામાં કોઈ ન રહે.' પ્રસંગ પૂરો થાય તે સાથે જ સૌનો ઉત્સાહ પણ પરવારી જાય.

ગઢપુરમાં પણ આવી જ પરિસ્થિતિ નિર્માણ થયેલી. સમૈયા પ્રસંગે આવેલા સ્વયંસેવકો-હરિભક્તો તો ઉત્સવ પૂરો થયો એટલે વીખરાવા લાગેલા. તેથી ગણ્યા-ગાંઠ્યા સંતો-ભક્તો દ્વારા સંકેલણીની સેવાઓ ચાલતી. તેમાં સ્વામીશ્રી પણ ભેગેભેગા જોડાઈ ગયેલા.

ગાદલાં, વાસણો વગેરે શોધવા માટે તેઓ જાતે જ ઠેકાણે-ઠેકાણે ફરતા. જ્યાં જ્યાં ઉતારો આપવામાં આવેલો તે દરેક જગ્યાએ પણ સ્વયં જઈને બધું ઠીકઠાક કરી-કરાવી દીધું; કારણ કે લીધેલાંનું સવાયું સારું કરીને આપવું એ એમનો ગજ રહેતો. જેમણે જેમણે સહકાર આપેલો તે તમામને રૂબરૂ મળીને

આભારની લાગણી પ્રદર્શિત કરી આવ્યા. પ્રસાદ આપીને સૌને રાજી કર્યા.

સંકેલણીની આ સેવાઓ દરમ્યાન એક વાર તો એઠાં પતરાળાં ઉપાડવાની સેવામાં પણ સ્વામીશ્રી પરોવાઈ ગયેલા. તેઓને મન કોઈ પદ મોટું નહોતું, કોઈ સેવા નાની નહોતી. તેથી આવા પ્રસંગો તેઓના જીવનમાં છાશવારે બનતા રહેતા. તેઓ જેટલી ચીવટથી હિસાબ-કિતાબના ચોપડા ઉથલાવતા તેટલી જ ચોકસાઈથી પતરાળાં પણ ઉપાડતા.

ઠાકોરજીના દ્રવ્યમાંથી એક પઈ પણ વ્યર્થ ન જવી જોઈએ તેનો પૂરો ખટકો સ્વામીશ્રી રાખતા-રખાવતા. તેથી ઉત્સવમાં વપરાયેલી વસ્તુમાંથી જે કંઈ વેચવા જેવું હતું તેનો પણ યોગ્ય કિંમતે વેચાણ થાય તેવો બંદોબસ્ત સ્વામીશ્રીએ કરી દીધો.

આમ, અગિયાર દિવસમાં ઉત્સવ-સેવા પર પૂર્ણવિરામ મૂકીને સ્વામીશ્રી સારંગપુર થઈને તા. ૨૭/૫ના રોજ ગોંડલ મુકામે યોગીજી મહારાજ પાસે પહોંચી ગયા. અહીં તેઓએ ઉત્સવની સંકેલણી સંબંધી અથેતિ માહિતી યોગીજી મહારાજને આપી. સ્વામીશ્રીનો જીવનમંત્ર હતો – યોગીજી મહારાજની જાણ બહાર કશું જ ન કરવું. તેથી પ્રારંભ, પ્રક્રિયા અને પૂર્ણાહુતિ – સેવાના દરેક તબક્કે તેઓ યોગીજી મહારાજની સાથે જ રહેતા, યોગીજી મહારાજને સાથે જ રાખતા.

યથા દેહે તથા ગુરૌ

સ્વામીશ્રી માટે યોગીજી મહારાજ સર્વસ્વ હતા. *'ગુરુદેવ જનની જનક અરૂ સંબંધી બંધુ...'*ના ભાવથી તેઓ યોગીજી મહારાજની આજ્ઞા-અનુવૃત્તિ પાળતા. તેથી જ યોગીજી મહારાજના નાદુરસ્ત સ્વાસ્થ્યની ચિંતા તેઓને સતત સતાવતી હતી. પોતે ગમે ત્યાં વિચરતા હોય તેમ છતાં યોગીજી મહારાજના સ્વાસ્થ્ય સંબંધી સમાચાર હંમેશા મેળવતા રહેતા. સમયે-સમયે રૂબરૂ જઈને પણ ખબર-અંતર પૂછતા. છેલ્લા ચારેક મહિનાથી અનેક ઉપચારો છતાં યોગીજી મહારાજના સ્વાસ્થ્યમાં સંતોષકારક સુધારો ન થતાં, સ્વામીશ્રીએ હવે યોગીજી મહારાજને સારવાર અર્થે મુંબઈ લઈ જવાનો વિચાર કરેલો.

પરંતુ 'પાંચને પૂછીને કામ કરવું' એ પોતાની કાર્યશૈલી મુજબ તેઓએ પોતાનો આ વિચાર પ્રથમ તો વડીલ સંતો-હરિભક્તોને જણાવ્યો. સૌને સ્વામીશ્રીની વાત યોગ્ય જણાઈ. પછી યોગીજી મહારાજની રુચિ શું છે તે જાણવા માટે તા. ૧૪/૬ના રોજ યોગીજી મહારાજના ઓરડામાં સ્વામીશ્રી તેઓને મળવા

માટે ગયા. યોગીજી મહારાજને સઘળી વિગત જણાવી ત્યારે તેઓએ પણ મુંબઈ જવા અંગે સંમતિ આપી.

સ્વામીશ્રીના નિર્ણયમાં યોગીજી મહારાજ ભાગ્યે જ ફેરફાર કરતા; છતાં સ્વતંત્રપણે કોઈ નિર્ણય ન લેવાની જીવનશૈલી સ્વામીશ્રીએ છેક સુધી જાળવી રાખેલી.

આમ, યોગીજી મહારાજને મુંબઈ લઈ જઈને ત્રણ-ચાર નિષ્ણાત તબીબોના અભિપ્રાયના આધારે નિદાન-સારવાર કરવાનો નિર્ણય સર્વસંમતિથી લેવાયો. દેહ અને દેવની જેમ ગુરુનું જતન સ્વામીશ્રીએ કરી જાણ્યું !

તા. ૧૬/૬ના રોજ યોગીજી મહારાજ ગોંડલથી મુંબઈ જવા નીકળ્યા. તેઓ સાથે મહંત સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી તથા અન્ય સંતો-ભક્તો હતા. સ્વામીશ્રી પણ સુરેન્દ્રનગર સુધી ટ્રેનમાં સાથે જ રહેલા. અહીંથી યોગીજી મહારાજ અમદાવાદ થઈને મુંબઈ જવાના હતા અને સ્વામીશ્રી બોટાદ થઈને સારંગપુર પહોંચ્યા.

ચરિત્ર એ જ ચિંતામણિ

આ અરસામાં હર્ષદભાઈ દવે લિખિત શાસ્ત્રીજી મહારાજનું જીવનચરિત્ર પ્રકાશિત થયેલું. સ્વામીશ્રી આ વિષયક સુંદર નોંધ કરતાં પોતાની રોજનીશીમાં તા. ૧૦/૭ના રોજ લખે છે : *'પૂજ્ય શાસ્ત્રીજી મહારાજનું નવું લખાયેલ પુસ્તકનું વાંચન ચાલુ કરેલ. તે દરરોજ સવાર-સાંજના પાઠ ચાલુ હતો.'*

યોગીજી મહારાજ બીમાર થતાં જે સમયે સ્વામીશ્રીનો કાર્યભાર ઘણો વધી ગયેલો, તે સમયે પણ સ્વામીશ્રી ગુરુચરિત્રના પુસ્તકનું વાંચન શરૂ કરે છે. આ વિગત ગુરુ વિશેનો તેઓનો લગાવ સૂચવે છે. તેમાં પણ સવાર-સાંજ એમ બંને સમય સ્વામીશ્રી વાંચન માટે સમય કાઢતા. જ્યાં પ્રેમ હોય ત્યાં સમયની ખેંચ કદી નડતી-કનડતી નથી. અને સ્વામીશ્રી શબ્દ પ્રયોજે છે : *'પાઠ ચાલુ હતો.'*

સ્વામીશ્રી માટે ગુરુનું જીવનચરિત્ર એ કોઈ પુસ્તક નહોતું પણ ગ્રંથ હતો. જેમ વેદમંત્રોનો પાઠ હોય છે, ભગવદ્‌ગીતા કે વચનામૃત કે શિક્ષાપત્રીનો પાઠ કર્યો એમ લોકબોલીમાં કહેવાય છે, તેમ સ્વામીશ્રી માટે શાસ્ત્રીજી મહારાજનાં ચરિત્રો વેદતુલ્ય દરજ્જો ભોગવતાં હતાં. તેથી જ તેઓએ *'પાઠ ચાલુ હતો'* તેમ લખ્યું !

જે ચરિત્રોને પોતાની સગી આંખે નિહાળ્યાં છે, જે ચરિત્રોની વાતો

ગુરુમુખે જ ઘણી વાર સાંભળી છે, તેને પણ વાંચવાની સ્વામીશ્રીની આ તાલાવેલી દર્શાવે છે કે તેઓને મન આ ચરિત્રો જ ચિંતામણિ હતાં !

'જેમ ઉપવાસી જનને, આવે અમૃતનું નોંતરું; તે પીવા પળ ખમે નહીં, જાણું કૈ વારે પાન કરું..'[૧૫૫]ની જેમ તેઓ ગુરુચરિત્રોમાં નિમગ્ન થઈ જતા !

કહેણી કહે અને રહેણી રહે

યોગીજી મહારાજ મુંબઈમાં સારવાર લઈ રહેલા હોવાથી ગુજરાતમાં ઊજવાતા ઉત્સવોમાં તેઓ હાજર રહી શકતા નહીં. તેથી તેઓ વતી સ્વામીશ્રી સમૈયાઓમાં પધારતા અને સૌને લાભ આપતા.

આ ક્રમમાં તા. ૨૪/૭ના રોજ દેવપોઢી એકાદશીનો ઉત્સવ સ્વામીશ્રીના સાંનિધ્યમાં અમદાવાદ મુકામે ઊજવાયો. નિયમની આ એકાદશીએ સૌ સંતો-ભક્તોએ સ્વામીશ્રી સમક્ષ ચાતુર્માસ નિમિત્તે વ્રત-તપ-ભક્તિ સંબંધી વિશેષ નિયમો લીધા. સ્વયં સ્વામીશ્રીએ પણ ધારણાં-પારણાંનું વ્રત કરવાનો નિયમ રાખ્યો.

'સહજાનંદ સ્વામીનાં 'પ્રકરણો' એવાં ન હતાં કે જેમાં કેવળ શિષ્યોને જ કષ્ટ સહન કરવાનું હોય; જેટલું શિષ્યને હોય તેથી પોતાને કાંઈ વિશેષ જ હોય.'[૧૫૬] શ્રીજીની આ રીત સ્વામીશ્રીમાં પણ સાંગોપાંગ જોવા મળતી. તેઓ બેહદ વિચરણ અને અઢળક સેવા-પ્રવૃત્તિઓની વચ્ચે, દર વર્ષે એક મહિનો ધારણાં-પારણાંનું વ્રત કરતા. આ ઉપરાંત, દર મહિને એકાદશીના નિર્જળા ઉપવાસ તો ખરા જ ! કઠિન તપ જાણે તેઓના સરળ જીવનનો પર્યાય બની ગયેલું. 'કહેણી કહે અને રહેણી રહે' એવા વિરલ પંક્તિના સંત હતા સ્વામીશ્રી !

અમદાવાદથી તેઓ બોચાસણ પધારેલા. અહીં તા. ૨૭/૭ના રોજ ગુરુપૂનમનો સમૈયો ઊજવાયો. આ પ્રસંગે ઊમટેલા હજારો હરિભક્તોએ સ્વામીશ્રીના પૂજનનો લાભ લીધો. સૌ ભક્તોને યોગીજી મહારાજની ગેરહાજરી દેખાતી હતી, પરંતુ સ્વામીશ્રીના સાંનિધ્યને કારણે તે કઠતી નહોતી. સ્વામીશ્રી સૌને એવું સુખ અને સંતોષ પમાડતા.

બોચાસણથી તેઓ જન્માષ્ટમીના ઉત્સવ માટે તા. ૨/૯ના દિવસે અટલાદરા પહોંચેલા. અહીં રાત્રે બાર વાગ્યા સુધી ઉત્સવ ઊજવાયો.

---

૧૫૫. ભક્તચિંતામણી; પ્રક. ૩.

૧૫૬. સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય; કિશોરલાલ મશરૂવાલા.

મહિમાની મૂર્તિ

જન્માષ્ટમી બાદ અટલાદરાથી અમદાવાદ થઈને સ્વામીશ્રી તા. ૧૬/૯ના રોજ રાજકોટ પધારેલા. તે વખતે જૂના સ્વામિનારાયણ મંદિરે અને કૃષ્ણજી અદાની દેરીએ પણ દર્શન કરવા ગયેલા. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની જેમ તેઓએ જે તે શહેરમાં આવેલા વરતાલ તથા અમદાવાદ શાખાના મંદિરમાં જવાનું અંગ ટકોરાબંધ જાળવેલું. વળી, આ બધાં મંદિરોમાં જઈને આવે ત્યારે કહે : 'મોટા મંદિરે દર્શને જઈ આવ્યા.' બીજાને 'મોટા' સમજવાની એમની સાહજિક પ્રકૃતિ હતી.

આ રીત મુજબ રાજકોટમાં જ્યારે સ્વામીશ્રી જૂના મંદિરે દર્શન કરવા પધારેલા ત્યારે એક વ્યક્તિના ઘેર તેઓને પધરામણીએ જવાનું થયેલું.

અલબત્ત, આ પધરામણી જરા જુદી કહેવાય એવી હતી; કારણ કે જેના ઘેર સ્વામીશ્રી પહોંચેલા તેણે સંસ્થાની વિરુદ્ધમાં કોર્ટમાં ખટલો દાખલ કરેલો. સ્વામીશ્રીને સંડોવવા-ભીડવવા કૂડ-કપટના ખેલ ખેલવામાં આ મુરબ્બીએ કશું છોડ્યું નહોતું. કોર્ટમાં હજીયે તે ખટલાની મુદતો પડ્યે જતી હતી. છતાં સ્વામીશ્રી તેઓના ઘેર પધરામણીએ જઈ આવ્યા. પોતાને કાપનાર કુહાડીને પણ ચંદન સુગંધિત કરી મૂકે છે, એવી વાત અહીં બની રહી !

ઉપકારની સામે ઉપકાર કરવો તે વ્યવહાર છે, પરંતુ અપકાર સામે ઉપકાર કરવો તે અધ્યાત્મ છે. સ્વામીશ્રી વ્યવહાર ચલાવતા પણ પૂરેપૂરા આધ્યાત્મિક રહીને જ ! તેઓની આ વિશેષતા આવા પ્રસંગોએ છતી થતી રહેતી.

પ્રોટોકૉલ વિનાના 'પ્રમુખ'!

રાજકોટથી સ્વામીશ્રી તા. ૧૯/૯ના રોજ સારંગપુર પધારેલા. નિમિત્ત હતું – જળઝીલણી એકાદશીનો ઉત્સવ. પણ આ વર્ષે ઉત્સવ બાદ સ્વામીશ્રી એકધારા વીસ દિવસ સુધી સારંગપુરમાં રોકાયા હતા.

સારંગપુરના રોકાણ દરમ્યાન તેઓની દિનચર્યા અલૌકિક રહેતી. અહીં તેઓ એકપણ પ્રાસાદિક સ્થાન સવાર-સાંજ દર્શન કર્યાં વિના ચૂકતા નહીં.

સવારે આરતી-કથાનો નિત્યક્રમ પૂરો કરી ઑફિસમાં બેસે. દોઢેક કલાકમાં કામનો નિકાલ લાવીને મંદિરમાં નિરીક્ષણ કરવા નીકળે. લોટની રૂમમાં જાય. છાશની રૂમની પણ મુલાકાત લે. વસ્તુઓ આડી-અવળી હોય તો ઠીકઠાક

મુકાવે. ગંદકી હોય તો સાફ કરાવે. સ્વચ્છતા તો પહેલેથી જ તેઓને બહુ ગમતી.

તે વખતે મંદિરની પાછળ શંખલી કુંડ પાસે લીંબડી હતી. ત્યાં જઈને તેઓ બેસતા અને મંદિરના સંતો-સેવકોને મળતા-સાંભળતા.

મંદિર અને સભામંડપ સિવાય ભોજનશાળા, રસોડું, કોઠારમાં બધે છત તરીકે વાંસ અને નળિયાં જ હતાં. તેવી ભોજનશાળામાં સૌ સાથે સ્વામીશ્રી પણ કોથળા પર બેસીને જમે. ગામના બધા મોટેરા સાથે સ્વામીશ્રીને એવો ઘરોબો હતો કે સૌ તેઓને મળવા મંદિરે આવતા. હનુમાનજી મંદિરના કોઠારી પ્રભુદાસ તો સ્વામીશ્રીના ખાસ સ્નેહી બની ગયેલા. મંદિરમાં આવતાં-જતાં અતિથિઓ-સત્સંગીઓની પણ સ્વામીશ્રી ખંતથી ખબર રાખે. તેઓના રહેવા-જમવાનું પૂછે. બોટાદ જવું હોય તો વાહનની ગોઠવણી પણ કરી આપે. કોઈને ખબર ન પડવા દે કે મંદિરમાં સંતો-સામગ્રીઓનો તોટો છે.

બપોરે શાસ્ત્રીજી મહારાજના ઓરડામાં સૂએ. રાત્રે સભામંડપની બહાર બારણા પાસે આરામ કરે. બપોરે જાગ્યા બાદ તેઓની પત્રવ્યવહારની કચેરી ખૂલતી. સ્વામીશ્રી પાતળી ગોદડી પર બેસી પત્રો વાંચતા-લખતા જાય. લખતી વખતે કલમ પાણીના રેલાની જેમ ચાલે.

દરવાજા પાસે અનાજ-કપાસ-મગફળી ભરવાની નાની ઓરડીઓમાં પણ સાંજે જાય. આંબલીવાડીના ખેતર પર મંદિરના નિભાવનો ઘણો આધાર રહેતો. તેથી તેને જતન કરીને સાચવે. રખેવાળ બાવા કાઠીને લઈને વાડીના ચારેય શેઢા ફરી વળે. અહીં એક ઓટો હતો, ત્યાં બેસીને કોઠારી સાથે મંદિરના વ્યવહારની વિગતે ચર્ચા કરે.

જ્યાં રહીને શાસ્ત્રીજી મહારાજે સારંગપુરનું ભવ્ય મંદિર બાંધ્યું (જ્યાં હાલ આરસની છત્રી છે) તેની બાજુમાં નાની કૂઈ છે, તેને પથ્થરથી ઢાંકેલી. ત્યાં રોજ રાત્રે નિયમ-ચેષ્ટાનું ગાન કર્યા બાદ બેસે જ.

આમ, પોતાની આવી દિવ્ય દિનચર્યાથી સ્વામીશ્રી ધૂળિયા સારંગપુરને ધન્ય કરી મૂકતા. મંદિરમાં તેઓનું રહેવાનું, સૂવાનું, જમવાનું બધું જ જાહેરમાં રહેતું. તેઓએ પોતાના અલાયદા ઓરડા કે વાહન રાખ્યા નહોતાં. તેઓ પ્રોટોકૉલ (વિશેષાધિકાર) વિનાના પ્રમુખ હતા !

વગડાના વાયરાની ઝાપટ

એક વાર સારંગપુરમાં ઉગ્રતાના ઈજારાદાર જેવા બાવાઓ સિત્તેરની

સંખ્યામાં આવી ચડેલા અને ધર્મકિશોરદાસ નામના એક સાધુ આગળ 'બત્રીસ ભોજન, તેત્રીસ શાક'ની આજ્ઞાપત્રિકા ફાડી દેતાં તકાદો કરેલો કે 'હમારી જમાત હૈ. હમે સીધા દે દો.'

પણ ધર્મકિશોરદાસને આ દાટી માફક ન આવી. તેઓએ કહ્યું : 'જાઓ, નહીં મિલેગા.'

તે સાંભળી પેલા બાવાઓએ નાકે ધુમાડા કાઢ્યા અને કહ્યું : 'મંદિર લેકે બૈઠે હો ઔર સાધુ-સંતો કા ઇતના ભી આદર નહીં કરતે હો ?'

તેની સામે ધર્મકિશોરદાસે પણ બાવડા ફુલાવ્યા : 'જાઓ, નહીં દેંગે.'

પણ ક્યારેય પ્રતિકારથી પરિચિત નહીં એવા આ બાવાઓ બબ્બે વારનો નન્નો સાંભળી ગિન્નાયા. વગડાના વાયરા જેવા બે-લગામ એ બાવાઓની દુનિયામાં આબરૂ, પ્રતિષ્ઠા જેવા શબ્દો તો સાવ બિનઓળખીતા. તેથી તેઓએ ભેગા થઈને ધર્મકિશોરદાસને ધક્કે ચડાવ્યા.

તેટલામાં કો'કે આવીને તે સાધુને શાણી સલાહ આપી કે 'શિર સલામત તો પઘડિયાં બહુત. સીધું ફરી આવશે પણ ભોડું તોડી નાંખશે તો ?'

પછી સીધાં દીધાં અને જમાત ચીપિયા ખખડાવતી ચાલી નીકળી.

જ્યારે સ્વામીશ્રીએ આ વિગત જાણી ત્યારે તેઓ હસતાં હસતાં બોલેલા : 'શ્રીજીમહારાજ બધે હર્યા-ફર્યા અને નિરીક્ષણ બહુ કર્યું. પછી સૌને અનુકૂળ હોય એવો સંપ્રદાય સ્થાપ્યો. બાકી પે'લા (પહેલાં) તો બાવાઓ આમ જ રખડતા.'

મુંબઈમાં મંદિરનાં મંડાણ

વર્ષના ઉત્સવચક્રમાં હવે શરદ પૂર્ણિમા - અન્નકૂટના ઉત્સવો નજીક આવી રહેલા. યોગીજી મહારાજ વર્ષોથી આ ઉત્સવો ગોંડલમાં જ કરતા. તેથી તેઓને આ અવસરે ગોંડલ આવવાની ઇચ્છા રહે તે સ્વાભાવિક હતું. વળી, બીજી બાજુ એમનું નાજુક સ્વાસ્થ્ય તેઓની મુસાફરીને પરવાનગી આપે છે કે કેમ તે પણ જોવાનું હતું. તેથી સ્વામીશ્રી સ્વયં મુંબઈ જવા નીકળ્યા.

મુંબઈની આ મુલાકાત પાછળ તેઓનો હેતુ યોગીજી મહારાજની ઇચ્છા જો ગોંડલ આવવાની હોય તો તે પૂરી કરવાનો હતો. ગુરુના તનને જ નહીં, મનને પણ સાચવવાનું છે તે સ્વામીશ્રીને સ્પષ્ટ હતું. તેથી તા. ૧૦/૧૦ના દિવસે સવારે દસ વાગ્યે સ્વામીશ્રી મુંબઈ પહોંચ્યા.

સ્વામીશ્રી પધારતાં જ યોગીજી મહારાજ સહિત તમામ સંતો તથા

હરિભક્તો ખૂબ રાજી થયા. સ્વામીશ્રીએ યોગીજી મહારાજને સત્સંગના સમાચાર જણાવ્યા. યોગીજી મહારાજનું સ્વાસ્થ્ય જોઈને સ્વામીશ્રીને પણ સંતોષ થયો. યોગીજી મહારાજને સારવાર અર્થે મુંબઈ લાવવાનો તેઓનો નિર્ણય અસરકારક નીવડેલો. યોગીજી મહારાજનું સ્વાસ્થ્ય અહીં ઘણું સારું થઈ ગયેલું.

સ્વામીશ્રી મુંબઈ પધાર્યા એ જ દિવસે મુંબઈમાં મંદિરનાં મંડાણનું ઐતિહાસિક કાર્ય થયું.

શાસ્ત્રીજી મહારાજ બોલેલા કે 'મુંબઈનું મંદિર હું કરાવીશ.' તેઓના આ સંકલ્પ અનુસાર સૌ અનુકૂળ જગ્યા શોધવા પ્રયત્નશીલ તો હતા પણ કોઈ મેળ પડતો નહોતો. પરંતુ આ સમયમાં જ, દાદર રેલવે સ્ટેશનની બરાબર સામે જ આવેલા ગોવિંદજી કલ્યાણજીના મકાન પર યોગીજી મહારાજની દૃષ્ટિ ઠરી. આ મકાનમાં શાસ્ત્રીજી મહારાજ પણ પધારી ચૂકેલા. તેથી યોગીજી મહારાજને આ જગ્યા વિશેષ ગમી ગઈ.

સ્વામીશ્રી પધાર્યા તે જ દિવસે તા. ૧૦/૧૦ના રોજ આ મકાનનો દસ્તાવેજ થયો અને તા. ૧૧/૧૦ના રોજ મકાનનો કબજો પણ સંસ્થાને મળી ગયો. તેની ખુશાલીમાં ઠાકોરજી જમાડવાનું આયોજન પણ ત્યાં જ રાખવામાં આવ્યું. આમ, મુંબઈમાં મંદિરનાં મંડાણ આરંભાયાં.

આ એક મહત્ત્વપૂર્ણ કાર્ય સંપન્ન કરીને તા. ૧૫/૧૦ના રોજ યોગીજી મહારાજ તથા સ્વામીશ્રી ગુજરાત તરફ આવવા નીકળ્યા.

મારા સ્થાને પ્રમુખસ્વામીને પધરાવો

જેમ દરેક ગુણિયલ પુત્રને પિતાની અસ્કયામતોને વિસ્તારવાનો વિચાર રહે છે, તેમ સ્વામીશ્રીને પણ શાસ્ત્રીજી મહારાજ દ્વારા નિર્મિત મંદિરોની શોભા-સિદ્ધિ વધે તેનું તાન રહેતું. તે માટેની તજવીજ તેઓ સદાય કરતા રહેતા. બોચાસણ પણ તેથી બાકાત કેમ રહે ? ગઢડા અને સારંગપુર બાદ હવે બોચાસણ મંદિરનાં શિખર પર સુવર્ણકળશ ચઢાવવાનું લક્ષ્ય યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીએ બાંધેલું. તેથી બે દિવસ બોચાસણમાં કળશની કાર્યવાહીના અનુસંધાનમાં સૌને અનુરોધ કરીને તેઓ શરદ પૂર્ણિમાના ઉત્સવ માટે ગોંડલ આવી પહોંચ્યા.

અહીં તા. ૨૩/૧૦ના રોજ ગુણાતીત જન્મોત્વસ ઉત્સાહભેર ઊજવાયો. તેમાં સ્વામીશ્રીએ યુવકોને સત્સંગ-સેવામાં અગ્રેસર થવા અને સેવા, સાદાઈ

તથા સરળતા અપનાવી સત્સંગની ગતિ વધારવા હાકલ કરેલી. યુવાનીનાં હીર-નૂરને તેઓ પારખી ગયેલાં. તેથી યુવાશક્તિનો અનર્ગળ પ્રવાહ સત્સંગની સેવા તરફ વળે તેવા પ્રયત્નો તેઓના હરહંમેશ રહેતા. સમયે સમયે આ અંગે તેઓ યુવાનોને પ્રોત્સાહિત કરતા. આજે પણ આ તક તેઓ ચૂક્યા નહીં.

આ અવસરે યોગીજી મહારાજે પણ એક મોકો ઝડપી લીધો અને સમગ્ર સત્સંગને સૂચક આજ્ઞા કરી કે 'મારા સ્થાને હવે પ્રમુખસ્વામીને સૌ પધરામણીએ લઈ જાય.'

અગિયાર વર્ષ પૂર્વે શાસ્ત્રીજી મહારાજે અઠ્ઠાવીસ વર્ષના સ્વામીશ્રીને પ્રમુખ નીમીને સંસ્થાનું વહીવટી સુકાન સોંપેલું. આજે યોગીજી મહારાજે તેઓના ખભે અન્ય એક વિશેષ જવાબદારી મૂકી. જો કે આ પૂર્વે પણ યોગીજી મહારાજ પ્રસંગોપાત્ત બોલી ચૂકેલા કે 'પ્રમુખસ્વામી તો શાસ્ત્રીજી મહારાજની જગ્યાએ છે. શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છે.'

સત્સંગ સમુદાયને પણ યોગીજી મહારાજના આ શબ્દોની સત્યતા સ્વામીશ્રીના જીવન દ્વારા થતી જ રહેલી. નમ્ર, શાંત અને ગંભીર સ્વભાવ, દરેક કાર્યમાં યોગીજી મહારાજની આજ્ઞાનું જ અનુસંધાન, અણિશુદ્ધ વર્તન, અસાધારણ વ્યવહારકુશળતા, પ્રત્યેક સત્સંગીનો મહિમા વગેરે અનેક સદ્‌ગુણો સ્વામીશ્રીમાં જોઈને સૌનો સાક્ષી કબૂલતો હતો કે સ્વામીશ્રી તો *'શાસ્ત્રીજી વળી યોગીજી ઉભયની કૃપાતણું પાત્ર'* છે.

તેથી યોગીજી મહારાજની આજ્ઞાને સૌએ ઉમંગથી વધાવી લીધી. યોગીજી મહારાજના સ્થાને સ્વામીશ્રીને પધરામણીઓ માટે લઈ જવા સૌ તૈયાર થયા. તે સમયથી જ જાણે સ્વામીશ્રીના વિશ્વવિક્રમી વિચરણનો દોર આરંભાયો.

અલબત્ત, સ્વામીશ્રી અત્યાર સુધી મંદિરે-મંદિરે અને ગામે-ગામે વિચરતા જ રહેલા. તેઓના જીવનમાં એવા દિવસો બહુ ઓછા આવતા કે જ્યાં સૂર્યોદય જોયો હોય ત્યાં જ સૂર્યાસ્ત જોવા મળે; પરંતુ હવે તે વિચરણ વધુ ભરચક અને ભીડાભર્યું થવાનું હતું. સ્વામીશ્રી પણ એ માટે તૈયાર હતા, કારણ કે યોગીજી મહારાજની આજ્ઞા જ તેઓનું જીવન હતું.

પગલે પગલે પ્રગતિના પંથ

શરદ પૂર્ણિમાના ઉત્સવ બાદ ગઢડા થઈને સ્વામીશ્રી અન્નકૂટોત્સવ માટે સારંગપુર આવી પહોંચ્યા. અહીં આવતાંવેંત તા. ૩૦/૧૦ના રોજ બરવાળાથી

ડાહ્યાભાઈ કંદોઈને બોલાવી સ્વામીશ્રીએ સીધાં-સામગ્રીનું માપ કઢાવ્યું[૧૫૭] અને તા. ૧/૧૧ના રોજ અન્નકૂટનું જરૂરી સીધું ટ્રેક્ટર દ્વારા બોટાદથી મંગાવી ઉત્સવનાં શ્રીગણેશ કરાવી દીધાં.

તા. ૭/૧૧ના રોજ સાંજે સાડા સાત વાગ્યે સંતવલ્લભ સ્વામીને સાથે રાખીને ચોપડાપૂજન કર્યું. બીજા દિવસે અન્નકૂટ કરી[૧૫૮] તેની પ્રસાદી પણ ગામોગામ પહોંચતી કરી.

સંસ્થાની સાથે સાથે સારંગપુર મંદિરની કાર્યવાહી પણ સ્વામીશ્રી સુવાંગ સંભાળતા. શાસ્ત્રીજી મહારાજના આ પ્રિય સ્થાનની રજેરજ તેઓની નજરમાં રહેતી અને તેના ઉત્કર્ષ માટે તેઓ સદા પ્રવૃત્ત રહેતા. તેથી તા. ૧૩/૧૧ના રોજ મંદિરના રંગમંડપમાં આરસ પથરાવવાની કાર્યવાહીના પ્રથમ ચરણરૂપે તેઓએ સેવા અંગે લખણી શરૂ કરાવી દીધી.

સારંગપુર મંદિરના વિકાસને આમ ગતિ આપીને તેઓ કાર્તિક પૂર્ણિમાના સમૈયે બોચાસણ પધાર્યા. અહીં શિખર પર સ્થાપિત થનારા સુવર્ણકળશના પ્રકલ્પમાં પ્રાણ પૂરી અમદાવાદ પહોંચ્યા.

અમદાવાદમાં પણ નૂતન શિખરબદ્ધ મંદિરનાં પગરણ મંડાઈ ચૂકેલાં. તેથી અહીંના સંબંધિત સંતો-ભક્તો સાથે તે અંગે વિચાર-વિમર્શ કરીને તથા બાંધકામના સ્થળ પર જઈને અમદાવાદના કાર્યને પણ વેગ આપ્યો.

અમદાવાદથી તા. ૫/૧૨ના દિવસે સ્વામીશ્રી મહેળાવ પધાર્યા. અહીં શાસ્ત્રીજી મહારાજનું જન્મસ્થાન યથાવત્ રાખી બાજુમાં હરિમંદિર કરવાનો નિર્ણય યોગીજી મહારાજના સાંનિધ્યમાં થયો. તે અંગેની આવશ્યક આર્થિક સેવાનો ખરડો પણ ત્યારે જ કરવામાં આવ્યો.

આમ, મહેળાવમાં પણ મંદિર-નિર્માણની પ્રવૃત્તિનો પ્રારંભ કરાવીને તા. ૭/૧૨ના રોજ તેઓ સારંગપુર આવી પહોંચ્યા.

સ્વામીશ્રીના વિદ્યુતવેગી વિચરણમાં જોઈ શકાય છે કે તેઓનું અહીંથી તહીં ઘૂમતા રહેવું એ કેવળ આંટા મારવાની પ્રક્રિયા નહોતી, પણ તેઓના પગલે પગલે પ્રગતિના પંથ ફૂટતા રહેતા. મંદિરોનાં વિકાસકાર્યોને વેગ અને દિશા મળતાં રહેતાં. સંસ્થા વિશેષ સમૃદ્ધ અને સુસ્થિર બનતી જતી.

સારંગપુરના રોકાણ દરમ્યાન પણ સ્વામીશ્રી તુરખા, ઝમરાળા,

---

૧૫૭. બરવાળાથી ક્યારેક કાળિદાસ નામનો કંદોઈ પણ અન્નકૂટ માટે આવતો.

૧૫૮. વિ.સં. ૨૦૧૮નો પ્રારંભ થયો.

રોહીશાળા, લાખિયાણી વગેરે ગામોમાં કથાવાર્તા અને પધરામણીઓ માટે જઈ આવેલા. જ્યારે સૌને લાગે કે પવન થંભી ગયો છે ત્યારે પણ મંદ મંદ ગતિએ તેનું વહેવાનું ચાલુ જ હોય છે. સ્વામીશ્રીનું પણ તેવું જ હતું. એક જગ્યાએ રોકાઈને પણ તેઓ આજુબાજુનાં ગામોમાં લાભ આપી આવતા.

લોક-પ્રમુખ

આ અરસામાં સ્વામીશ્રીની સાથે ધર્મજીવનદાસ સ્વામી જોડના સંત તરીકે ફરતા. તેઓ કાયમ જોતા કે સ્વામીશ્રી સંસ્થાના પ્રમુખ છે છતાં તેઓ માટે કોઈ જ વિશેષ સવલતો હોતી નથી. બોચાસણમાં જૂના સભામંડપની જાળી આગળ બે બાંકડા ભેગા કરીને તેઓ સૂઈ જાય છે, તો અટલાદરામાં લીમડા નીચે સૂઈ જાય છે. ગઢડામાં કોઠારીના કાર્યાલયની બહાર જાળી પાસે પાટ પર સૂઈ જાય છે તો ઘણી વાર બહાર રેતીના ઢગલા પર જ સૂઈ જાય છે.

બહિર્ભૂમિ (શૌચ) માટે પણ સૌ વાપરતાં હોય તે જ શૌચાલય સ્વામીશ્રી વાપરતા. સૌ જે નળ નીચે નહાય ત્યાં જ તેઓ સ્નાનવિધિ આટોપી લેતા. ભર શિયાળામાં પણ ખુલ્લામાં બાલદી લઈને નહાવા બેસતા. જ્યાં આસન ત્યાં જ ઑફિસની જેમ કામ કરતા.

સેવકની નોંધમાં એ પણ આવેલું કે સ્વામીશ્રી ભોજન પણ સૌની સાથે જ લે છે. તાકા છાપ (જાડી તથા મોટી) રોટલી અને જે બનાવ્યું હોય તે જમી લે છે. શરીરને સાનુકૂળ હોય કે ન હોય; કાંઈ બોલવાનું જ નહીં ને !

આ બધું જોઈને સેવકને એક નવો ચીલો પાડવાનું મન થયું. તે માટે એક દિવસ તેઓએ સરસ નાની-નાની ફૂલકાં રોટલીઓ બનાવી. જ્યારે સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે તેઓ એ રોટલીઓ પીરસવા આવ્યા.

તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'ક્યાંથી લાવ્યા ?'

'બનાવી.'

'કોના માટે ?'

'આપના માટે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીનો સ્વર સ્હેજ ઊંચો થઈ ગયો. તેઓ કહેવા લાગ્યા : 'મારા માટે ક્યારેય જુદું ન બનાવવું. સૌના માટે જે બનાવ્યું હોય તે જ પીરસવું.' આમ કહી સ્વામીશ્રી પોતા માટે બનાવેલી ખાસ સારી રોટલી ન જ જમ્યા અને સૌ માટે બનેલી રોટલી જ જમેલા.

ખરેખર, તેઓ સૌની વચ્ચે રહેનારા, સૌની સાથે ચાલનારા લોક-પ્રમુખ હતા.

સન ૧૯૬૨

સમતોલ હાથ

છેલ્લા કેટલાક સમયથી ચરોતર અને સૌરાષ્ટ્ર પ્રદેશમાં સ્વામીશ્રીનું વિચરણ ચાલતું હતું. સમયની એ માંગ હતી, પરંતુ તેઓએ હવે કાનમને લક્ષ્યમાં લીધો.

સ્વામીશ્રીની વિશેષતા એ હતી કે તેઓ સદા સંતુલિત રહેતા. કોઈ પ્રદેશ, પ્રવૃત્તિ, વ્યક્તિ તરફ વિશેષ ઝોક અપાઈ જાય તેવું તેઓના જીવનમાં જોવા ન મળે. જેમ ઍરોપ્લેન એકસાથે સૌને ઉપર ઉઠાવે તેમ સ્વામીશ્રી પણ એકસાથે દરેકને આગળ વધારે. કોઈ છૂટી-છટકી ન જાય.

તે મુજબ તેઓ તા. ૧/૧/’૬૨ના દિવસે લાખિયાણીથી અમદાવાદ થઈને તા. ૨/૧ના રોજ સવારે ઠેઠ ઠીકરિયા પહોંચી ગયા. એક જ દિવસમાં કાઠિયાવાડથી કાનમનો કૂદકો લગાવી દીધો! ત્યારબાદ સતત બે અઠવાડિયાં સુધી માત્રોજ, સારીંગ, કરજણ, પાલેજ, હાંડોદ, કંડારી, અંટોલી, ડભોઈ, ભાયાપુરા, વાઘોડિયા, સલાડ, જેસીંગપુરા, અજિતપુરા, રૂંવાદ, પોર વગેરે ગામોમાં વિચર્યા.

અહીંથી તા. ૧૬/૧ના રોજ આણંદ પધાર્યા. નિમિત્ત હતું – નિર્ગુણ સ્વામીની દેરીએ છાપરું કરવાનું ખાતમુહૂર્ત. એક તરફ જે હાથે ગગનચુંબી શિખરો પર સુવર્ણકળશ ચઢતા, તે જ હાથે બીજી બાજુ છાપરાંનાં ખાતમુહૂર્ત પણ થતાં! આવા સમતોલ હાથ ક્યાં મળે!!

ઋતુને હંફાવતા

ખાતમુહૂર્ત વિધિ પૂર્ણ કરીને સ્વામીશ્રી આણંદથી ધર્મજ પધારેલા.

અહીં પારાયણ પ્રસંગે યોગીજી મહારાજ પણ ઉપસ્થિત હતા. તેઓનાં દર્શન કરીને સ્વામીશ્રીએ યોગીજી મહારાજને પોતાના વિચરણથી વાકેફ કર્યા.

ગુરુ સમક્ષ યથાતથ કાર્યનિવેદન – સ્વામીશ્રીના જીવનનું આ એક અવિભાજ્ય અંગ હતું. ગુરુની મરજીથી એક તસુ જેટલું પણ બહાર તેઓનું પગલું પડતું નહોતું. છતાં સમયે-સમયે પોતાના કાર્યનું ગુરુ સમક્ષ નિવેદન કરીને, પોતાની પ્રવૃત્તિનો તેઓની મરજી સાથે મેળ પડી રહ્યો છે કે નહીં તેનો તાળો

સ્વામીશ્રી મેળવતા રહેતા.

ધર્મજમાં 'સત્સંગિજીવન'ના બીજા પ્રકરણની કથાનો પ્રારંભ કરી સ્વામીશ્રી પુનઃ કાનમ પ્રદેશમાં વિચરણ માટે નીકળી ગયા.

અટલાદરા મંદિરનાં શિખર પર પણ હવે સુવર્ણકળશ ચઢાવવાના હતા. તે માટે અટલાદરામાં ચારેક દિવસના રોકાણ દરમ્યાન આર્થિક અનુદાનના આયોજન અંગે વિચરણ-વિચારણા કરીને પારાયણની પૂર્ણાહુતિ માટે સ્વામીશ્રી પુનઃ ધર્મજ આવી ગયા.

તે સમયે કાનમ-વાકળ, ચરોતર, સૌરાષ્ટ્રમાં હિમ પડેલું. સર્વત્ર અતિશય ઠંડીનું મોજું ફરી વળેલું. ગાત્રો થિજાવતી એ ટાઢમાં પણ સ્વામીશ્રી અટલાદરાથી બોચાસણ ટ્રેનમાં આવ્યા અને બોચાસણથી ધર્મજ તો ખુલ્લા ટ્રેક્ટર દ્વારા પહોંચેલા. આમ, ઋતુને હંફાવતા તેઓ દોડતા રહેતા!

કનક સિંહાસને આવી બેઠા

તા. ૨/૨ના દિવસે યોગીજી મહારાજ અને સ્વામીશ્રીના સાંનિધ્યમાં મહેળાવના મંદિરનો ખાતવિધિ થયો. તે પૂર્ણ કરીને સ્વામીશ્રી અટલાદરા આવી પહોંચ્યા. અહીં વસંત પંચમીના શુભ દિવસે મંદિરનાં શિખર પર સુવર્ણકળશ ચઢવાના હતા અને ઠાકોરજી માટે સુવર્ણ-સિંહાસન પધરાવવાનું હતું. આ સેવાથી માંડીને ઉત્સવ સંબંધી અન્ય આયોજનોમાં પણ તેઓ ફરી વળતા.

સમૈયામાં એકસાથે અનેક ઠેકાણે તેઓની સૂક્ષ્મ નજર કેવી ફરી વળતી હશે તેનો એક નમૂનો તેઓની તા. ૮/૨ની રોજનીશીમાંથી મળે છે.

વસંત પંચમીના આ પૂર્વદિને સ્વામીશ્રી લખે છે : *'કળશ ચઢાવવાના હતા. યજ્ઞ ચાલુ... કળશ રાતરે શિખર પર ચઢાવ્યા હતા. રાતરે ખીચડી ૧૦ મણ કરી. પણ ૧૨ મણ કરવાની જરૂર હતી.'*

અમલીકરણમાં આવતી ઓટ-ખોટને જાણતા રહેવું એ આદર્શ આયોજકનું આગવું લક્ષણ છે. તે સ્વામીશ્રીને સહજસિદ્ધ હતું. તેથી જ કળશ પર નજર ઠેરવેલી હોવા છતાં, ચૂલે ચડેલાં આંધણ પણ તેઓની દૃષ્ટિથી અળગાં નહોતાં રહેતાં.

તેઓની આવી કાર્યસૂઝના કારણે તા. ૯/૨ના રોજ અટલાદરા મંદિરના ઠાકોરજીની પાર્શ્વભૂમાં સુવર્ણ સિંહાસન ઝગમગવા લાગ્યું અને શિખર પર સુવર્ણકળશ ઝળહળવા લાગ્યા. યોગીજી મહારાજ, મોટા સ્વામી અને સ્વામીશ્રીએ

સુવર્ણ-સિંહાસનમાં બિરાજમાન ઠાકોરજીની પ્રથમ આરતી ઉતારી. તે વખતે એ ત્રણેય મહાપુરુષોનાં મુખ પર શાસ્ત્રીજી મહારાજને રાજી કર્યાના સંતોષની સુરખી છવાઈ રહેલી.

સબ હુન્નર તેરે હાથ

અટલાદરાનો ઉત્સવ પૂરો કરીને સ્વામીશ્રી અમદાવાદ થઈને ગઢડા જવા નીકળ્યા, પણ ગાંધીગ્રામ સ્ટેશને પહોંચવામાં મોડું થતાં ટ્રેન ચૂકી ગયા. તેથી એસ.ટી. બસ દ્વારા રાત્રે દસ વાગ્યે ગઢડા પહોંચ્યા.

અહીંના રોકાણ દરમ્યાન યાત્રિકોના નિવાસ માટેના સંકુલ 'નિર્ગુણ ભવન'નો ખાતવિધિ સ્વામીશ્રીએ યોગીજી મહારાજની સાથે રહીને કર્યો. બીજા દિવસે કોઠારી સંત સાથે મંદિરની વાડીમાં ઉગાડેલ ઘઉં, રજકો વગેરે જોવા માટે ગયા. ત્યાં પાકની ગુણવત્તાથી તેઓને સંતોષ થયેલો.

ગઢડાથી તા. ૧૫/૨ના રોજ તાજપુર આવીને અહીં થનારા પ્રતિષ્ઠા મહોત્સવના આયોજનનો આરંભ કરાવ્યો, તો તેના વળતા દિવસે તા. ૧૬/૨ના રોજ સારંગપુરમાં આરસ પથરાવવાના કામ અંગે કડિયા સાથે વિચારણા કરી અને ઘી-ગોળના કોઠાર, ભંડાર તથા થાળ-ભેટ નોંધાવનારને અપાતી પ્રસાદી રાખવાના કબાટનું કામ સુથાર પાસે શરૂ કરાવ્યું.

તે પછી તા. ૧૮/૨ના રોજ ગોંડલ આવીને બાંધકામ સંબંધી એક કાયદાકીય કાર્યવાહીમાં માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ તા. ૨૦/૨ના રોજ અમદાવાદ જઈને દરવાજા, મકાન અને વંડાની ઊંચાઈ વિશેના કામનો નિકાલ લાવી, તા. ૨૧/૨ના રોજ રાજપુર ગામે પારાયણનું મંગલાચરણ લલકારી દીધું.

સ્વામીશ્રીને રોજ ઊઠીને સ્થાન તો બદલાઈ જ જતાં, પરંતુ કામ પણ બદલાતાં રહેતાં. અહીં માત્ર એક જ અઠવાડિયામાં તો ખાત-ખેતર અને કબાટ-કાયદાથી માંડીને પ્રતિષ્ઠા-પારાયણ સુધી તેઓની પ્રવૃત્તિનો પનો પથરાઈ ગયેલો જોવા મળે છે. ખરેખર, *'કામિલ કાબિલ મુર્શિદ, સબ હુન્નર તેરે હાથ વે...'* એવા સંત તેઓ હતા. તેઓ માટે કશું જ અજાણ્યું નહોતું.

રાજપુરમાં પારાયણની પૂર્ણાહુતિ બાદ ચાલાસણ, નરસીપુરા, આણંદ, બોચાસણ, અટલાદરા, અમદાવાદ થઈને સ્વામીશ્રી ફૂલદોલોત્સવ માટે સારંગપુર પધાર્યા. અહીં ઉત્સવ સંબંધી માર્ગદર્શન આપી નાવડા, રાણપરી, રોજીદ, ગોંડલ

સુધી જઈને ઉત્સવ પ્રસંગે પુનઃ સારંગપુર આવી પહોંચ્યા.

આ સ્થાનિક ઉત્સવ-સમૈયાના આયોજનમાં પણ સ્વામીશ્રી કેટલી સૂક્ષ્મતા સુધી જતા હશે તેની ઝલક તેઓની એક નોંધ પરથી મળે છે.

તેઓ રોજનીશીમાં લખે છે : *'ગોદડાનાં ખોળિયાં રંગવાનાં શરૂ... ઝમરાળાથી જીવાભાઈ વગેરે ધોવા આવેલ... ૨૮૮ નવાં ખોળિયાં અને ૧૦૦ જૂના ખોળિયાં રંગ્યાં... કુલ ૩૮૮ રંગ્યાં...'*

વિરાટ તંત્રના આયોજક હોવા છતાં, કેવી ઝીણી-ઝીણી વિગતોનું પણ સ્વામીશ્રી ધ્યાન રાખતા, તેનું એક અનુપમ દર્શન અહીં પ્રાપ્ત થાય છે !!

તા. ૨૧/૩ના રોજ ફૂલદોલના દિવસે યોગીજી મહારાજે ઠાકોરજી સમક્ષ કેસૂડાનો રંગ છાંટી સૌને ઉત્સવના રંગે રંગી દીધા અને સાથે સાથે શાસ્ત્રીજી મહારાજની દેરીએ આરસના સિંહાસનમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ સહિત શાસ્ત્રીજી મહારાજની ચિત્રપ્રતિમાની પ્રતિષ્ઠા પણ કરી. સ્વામીશ્રીની દોરવણી હેઠળ આ પ્રતિષ્ઠાનો ઉત્સવ રંગે-ચંગે ઊજવાઈ ગયો.

ત્યારબાદ તા. ૨૫/૩ના રોજ રોહીશાળા અને તા. ૨૭/૩ના રોજ વળા(વલ્લભીપુર)માં પ્રતિષ્ઠાઓ સંપન્ન થઈ, જેમાં યોગીજી મહારાજ સાથે સ્વામીશ્રી પણ હાજર રહેલા.

અહીંથી તેઓ મોજીદડ, નવાગામ, પાટણા, બોટાદ થઈને અમદાવાદ આવી પહોંચ્યા.

હક નહીં, ફરજ પ્રત્યે સભાન

અમદાવાદથી સ્વામીશ્રીને બોચાસણ જવાનું હતું. તેથી રેલવે સ્ટેશન સુધી તેઓને મૂકવા માટે રસિકભાઈ આવેલા. તેઓએ સ્વામીશ્રીને પૂછ્યું : 'કઈ ટિકિટ કઢાવું ?'

'થર્ડ ક્લાસની.' રસિકભાઈને અપેક્ષા મુજબનો જ જવાબ મળ્યો.

સંસ્થાના સેક્રેટરી હોવાને નાતે તેઓ વર્ષોથી જોતાં આવેલા કે સ્વામીશ્રી પોતાની સગવડની પસંદગીમાં હંમેશાં નીચામાં નીચું ધોરણ જ અપનાવતા આવ્યા છે. તેઓ તરત જ થર્ડ ક્લાસની ટિકિટ કઢાવી લાવ્યા અને સ્વામીશ્રીને વ્યવસ્થિત જગ્યાએ બેસાડીને તેઓએ વિદાય લીધી.

પરંતુ થોડી વારમાં સ્વામીશ્રી બેઠેલા તે ડબ્બામાં એક જાન ચઢી. તેની ગિરદીમાં કોઈ રીતે સ્ત્રી-સાધુ મર્યાદા સચવાય તેમ લાગ્યું નહીં. તેથી

સ્વામીશ્રીએ સેવકને કહ્યું કે ‘ચાલો, સેકન્ડ ક્લાસના ડબ્બામાં બેસીએ.’ પણ ત્યાંય આવો જ પ્રશ્ન ઊભો થયો ! તેથી સ્વામીશ્રી પ્લેટફોર્મ પર ઊભા રહ્યા અને સેવકને કહે : ‘હું સામાન સાચવું છું. તમે રસિકભાઈને શોધી લાવો.’

સદ્‌ભાગ્યે રસિકભાઈ બહુ દૂર નહોતા પહોંચ્યા. સેવક તેઓને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ‘આ ટિકિટ કેન્સલ કરાવીને ફર્સ્ટ ક્લાસની ટિકિટ લઈ આવો.’

રસિકભાઈ ટિકિટો લેવા ગયા ત્યારે સેવકે સ્વામીશ્રીને કહ્યું : ‘સ્વામી ! આપણે પહેલેથી જ ફર્સ્ટ ક્લાસની ટિકિટ કઢાવી હોત તો આમ હેરાન ન થવું પડત !’

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : ‘તમે સમજો, આપણા હાથે ઠાકોરજીનો એક પૈસો ખોટો ન વપરાવો જોઈએ.’

‘... પણ બીજા તો ઘણો એવો બગાડ કરે છે. તમે તો પ્રમુખ છો. તમે વાપરો તો...’

સેવક જ્યાં આટલું બોલ્યા ત્યાં સ્વામીશ્રીએ કહ્યું : ‘જે ઠાકોરજીના પૈસા ખોટા વાપરશે તેને ભોગવવું પડશે. માટે આપણે થાય તેટલી સેવા કરી લેવી.’

સ્વામીશ્રી જગત તરફ નહીં પણ જાત તરફ જોઈને જીવનારા હતા. તેઓ પોતાના હક પ્રત્યે નહીં પણ ફરજ પ્રત્યે સંપૂર્ણ સભાન હતા. તેથી તેઓની શૈલી અને સમજ સદા સીધી લીટીમાં જ રહેલાં. જીવનપર્યંત તેઓ કોઈના વાડે-રવાડે ચઢ્યા જ નહોતા.

સુંદર મંદિર એવું શોભે

સ્વામીશ્રી કળશ-સ્થાપન માટે અમદાવાદથી બોચાસણ આવી ગયા.

સમગ્ર બ્રહ્માંડમાં જે સ્થાન પર અક્ષર-પુરુષોત્તમ મહારાજ સૌપ્રથમ વાર મંદિરના મધ્ય ખંડમાં બિરાજ્યા હતા તે સ્થાનની સેવા માટે સમગ્ર સત્સંગમાં ઉત્સાહ વ્યાપેલો. તા. ૧૯/૪ના રોજ એ ધન્ય દિવસ આવી પહોંચ્યો કે જ્યારે બોચાસણ મંદિરનાં શિખર પણ કળશની શોભા ધરી રહ્યાં. તે જોઈ ભક્તોનાં મન ગાઈ ઊઠ્યાં :

‘સુંદર મંદિર એવું શોભે, જોતાં સૌનાં મનડાં લોભે,
દર્શન કરવા વૃત્તિ થોભે... વ્હાલા અક્ષર-પુરુષોત્તમ.’

હનુમાન જયંતીના આ દિવસે યોગીજી મહારાજના વરદ હસ્તે

હનુમાનજી-ગણપતિજીની પણ પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થઈ. આ પ્રસંગે ગામધુમાડો બંધ રાખીને સમગ્ર બોચાસણ ગામને આડત્રીસ મણ શીરાનો મહાપ્રસાદ જમાડવામાં આવેલો.

દિશા અને દશા બદલતું વર્તન

બોચાસણમાં કળશ ચઢાવ્યા બાદ સ્વામીશ્રી રઢુ, નવાગામ, નાયકા, શ્રીજીપુરા, પુરુષોત્તમપુરા, સારંગપુર વગેરે ગામોમાં વિચરતાં અમદાવાદ પધારેલા.

અહીં તા. ૮ થી ૧૦ મે, ૧૯૬૨ દરમ્યાન યોજાનારા શિખરબદ્ધ મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવની સઘળી જવાબદારી યોગીજી મહારાજે તેઓના શિરે મૂકેલી. સ્વામીશ્રી યોગીજી મહારાજના હુકમનાં પાનાં સમાન સંત હતા. તેથી અઘરાં કે અગત્યનાં આયોજનમાં તેઓ હંમેશાં તેઓને જ આગેવાની સોંપતા. એ જ રીતે અમદાવાદમાં પણ સ્વામીશ્રીના વડપણ હેઠળ સમૈયો થયો અને સંપ્રદાયના ઇતિહાસમાં સૌપ્રથમ વાર સંગેમરમરમાંથી નિર્મિત મૂર્તિઓ મધ્ય ખંડમાં પ્રતિષ્ઠિત થઈ.

આ પ્રતિષ્ઠા-મહોત્સવના સમાપનની રાત્રિએ રસોડા વિભાગમાં સ્વચ્છતાની સેવા બજાવી રહેલો એક યુવાન એઠવાડનો ભાર ભરેલી લારીને ઢાળ ચઢાવવાની કોશિશ કરી રહેલો, પણ વધુ ભાર અને ઊંચા ઢાળને કારણે તેના પ્રયત્નો નિષ્ફળ જતા હતા. રાત્રિના દસ - સવા દસના એ સમયે તેની મદદમાં આવે એવું પણ કોઈ આસપાસમાં દેખાતું નહોતું.

એટલામાં તેણે સ્વામીશ્રીને થોડે દૂરથી પસાર થતા જોયા, પણ ‘સ્વામીશ્રીને કાંઈ એઠવાડની લારી ખેંચવા બોલાવાય ? સંસ્થાના પ્રમુખ, મહોત્સવના અધ્યક્ષ અને હજારોના આદરણીય સ્વામીશ્રી પાસે આવું કામ કરાવાય ?’ એ યુવાન લારી સરકી ન જાય તે માટે લારીનો હાથો બરાબર પકડી રાખીને હજી તો આમ વિચારી રહેલો, ત્યાં સ્વામીશ્રી જ સામેથી તેની પાસે આવી પહોંચ્યા.

સાદ પડે અને સેવામાં દોડે એ મનુષ્યો બીજા. પણ આ તો સ્વામીશ્રી ! કોઈનાય કહ્યા વિના સ્વયં સમજીને જ સેવામાં જોડાઈ જાય.

સ્વામીશ્રીએ તે યુવાનની સાથે રહીને એઠાં પતરાળાંની લારીને ધક્કો લગાવ્યો અને ઢાળ ચડાવી દીધો. ઢાળ ચડાવ્યા પછી જ્યાં એ લારીને ખાલી કરવાની હતી ત્યાં સુધી લારી ખેંચી જવામાં પણ સાથે રહ્યા. અરે ! લારી ખાલી કરાવવામાં પણ સાથે રહ્યા ! મદદ કરવી તો પૂરેપૂરી – આ તેઓનો સિદ્ધાંત હતો.

આમ, સેવામાં સંપૂર્ણ સહાયરૂપ થઈને સ્વામીશ્રી જ્યારે નીકળ્યા ત્યારે એ યુવાન એકીટશે તેઓને જોઈ જ રહ્યો, કારણ કે સ્વામીશ્રીએ કોઈ શીખ કે સલાહ નહીં પણ સીધેસીધો સધિયારો જ આપી દીધેલો.

એ યુવાન સ્વામીશ્રીને જોઈ જ રહ્યો, કારણ કે મહોત્સવના મોવડી સમા સ્વામીશ્રીના મુખ પર એઠવાડની લારી ખેંચતી વખતે કોઈ ક્ષોભ કે સંકોચ નહોતા !

એ યુવાન સ્વામીશ્રીને જોઈ જ રહ્યો, કારણ કે મહોત્સવના મુખ્ય મંચ પરથી સભાને સંબોધનારા સ્વામીશ્રીના ચહેરા પર એઠવાડની લારી ખેંચતી વખતે 'જુઓ, મોટો થઈને પણ હું કેવી નાની સેવા કરી જાણું છું !' જેવા કોઈ ગર્વ કે ઘમંડ પણ નહોતા !

એ યુવાન ન કેવળ સ્વામીશ્રીને જોઈ જ રહ્યો પણ એ સ્વામીશ્રીનો બની રહ્યો ! સ્વામીશ્રીના આ સદ્‌વર્તનની ચોટ તેના અંતરમાં એવી લાગી ગઈ કે તેણે સાધુદીક્ષા ગ્રહણ કરીને પોતાનું શેષ જીવન સંસ્થાની સેવામાં સમર્પિત કરી દીધું.[૧૫૯]

સ્વામીશ્રીનું વર્તન હજાર વક્તાઓને હંફાવે તેવું હતું. તેઓની નિઃશબ્દ ક્રિયામાં પણ એવી તાકાત રહેતી કે જીવનની દિશા અને દશાને એક ઝાટકે બદલી નાંખે.[૧૬૦]

કરિયે ગમતું સાચા સંત તણું

અમદાવાદના પ્રતિષ્ઠા મહોત્સવની સંકેલણીમાં સ્વામીશ્રી માટે એક મહત્ત્વનું કાર્ય હતું – ગોંડલથી લાવેલાં રજાઈ-ગાદલાંઓને ગોંડલ પરત પહોંચાડવાનું. પ્રતિષ્ઠા મહોત્સવની મીટિંગમાં એક સ્થાનિક વ્યક્તિએ એવો દુરાગ્રહ સેવેલો કે 'ગોંડલમાં રજાઈ-ગાદલાં ઘણાં છે. ત્યાંથી જ અમદાવાદના ઉત્સવ માટે તે મંગાવવાં, જેથી ખોટો ખર્ચો ન થાય.'

કરકસરના ઓથે રહીને તેઓએ હકીકતમાં તો યોગીજી મહારાજ પર જ ગોળો ફેંકેલો. યોગીજી મહારાજને ગોંડલના મંદિર પ્રત્યે વિશેષ લાગણી રહેતી

---

૧૫૯. તેઓનું દીક્ષિત નામ સાધુ નારાયણપ્રસાદદાસ રાખવામાં આવ્યું.

૧૬૦. અમદાવાદના મંદિર-પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે સ્વામીશ્રીની વિવિધ સ્મૃતિઓને માણવા જુઓ વીડિયો ટ્રેક નં. ૨૨. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

તે આ વ્યક્તિને પસંદ નહોતું. તેથી – ગમે તેમ કરીને પણ ગોંડલમાંથી સામગ્રી તાણી લાવવી – તેવો બદઈરાદો સેવીને તેણે ગોંડલનાં રજાઈ-ગાદલાં લાવવાનો હઠાગ્રહ રાખેલો.

તેઓનું મન સચવાય તે માટે યોગીજી મહારાજે આ બાબતે શરતી સંમતિ આપતાં સ્વામીશ્રીને કહેલું કે : 'બધી જ રજાઈઓ ને ગાદલાં ગોંડલ પાછાં આવે એની જવાબદારી તમે લો.' ત્યારે સ્વામીશ્રીએ યોગીજી મહારાજને એ બાબતે બાંયધરી આપેલી.

તે મુજબ ઉત્સવ પહેલાં સ્વામીશ્રીએ જાતે રજાઈ-ગાદલાં ગણીને ગોંડલથી ટ્રકમાં ભરાવેલાં અને તે ટ્રકમાં બેસીને જ તેઓ અમદાવાદ આવેલા.

અમદાવાદનો ઉત્સવ પૂરો થઈ ગયા બાદ સ્વામીશ્રીએ બોચાસણ અને અટલાદરાથી લાવેલાં વાસણો વાહનો દ્વારા તે તે મંદિરમાં રવાના કર્યાં. ત્યારપછી ગોંડલનાં રજાઈ-ગાદલાં પણ ખૂણેખૂણે જઈને એકત્રિત કર્યાં. શહેરની ઘણી શાળાઓ અને વાડીઓમાં હરિભક્તોને ઉતારા અપાયેલા. સ્વામીશ્રી તે તે સ્થળોએ જાતે ગયા અને રજાઈ-ગાદલાં લઈ આવ્યા. કાંઈ ઘટતું નથી ને ? તે પાકું કરવા ચાર-ચાર વાર ગાદલાં ગણ્યાં-ગણાવ્યાં. અંતે તાળો મળી ગયો એટલે નીકળ્યા ગોંડલ ભણી. આ સમયે રાત્રિના પ્રહર શરૂ થઈ ગયેલા.

ટ્રકના પાછળના ભાગમાં સેવકે બે-ચાર ગાદલાં ઠીકઠાક કરીને સૂવા જેવી વ્યવસ્થા કરી દીધી. તે પર સ્વામીશ્રી સૂતા. બે અઠવાડિયાંમાં પહેલી વાર તેઓ આમ શાંતિથી સૂતા હશે. વહેલી સવારે સુરેન્દ્રનગરનું પાટિયું આવ્યું ત્યારે ડ્રાઇવરને પણ ઘેન ચડવા માંડ્યું. તેથી તેણે ટ્રક બાજુમાં લીધી અને તે પણ સૂઈ ગયો.

થોડી વારે ડ્રાઇવર જાગતાં મુસાફરી શરૂ થઈ અને અગિયાર વાગ્યે સ્વામીશ્રી ગોંડલ પહોંચ્યા. પણ સવારથી ગોંડલ પહોંચ્યા ત્યાં સુધી સ્વામીશ્રીએ સેવકને સત્સંગની દૃઢતા સંબંધી વાતો કરી. ગમે તેટલો થાક હોય પણ કથાનો અવસર આવે ત્યારે તેઓનો બધો થાક જાણે અલોપ થઈ જતો !!

ગોંડલ પહોંચીને સ્નાન, પૂજા, દર્શન વગેરે નિત્યક્રમથી પરવાર્યા તેટલામાં તો યોગીજી મહારાજ પણ આવી પહોંચ્યા. 'ગોંડલનાં તમામ રજાઈ-ગાદલાં જેવાં હતાં તેવાં જ પાછાં આવી ગયાં છે' તે વાત જાણી તેઓ ખૂબ રાજી થયા અને સ્વામીશ્રી પર આશીર્વાદનો વરસાદ વરસાવી દીધો. આ પ્રસન્નતા સ્વામીશ્રીએ રજાઈ-ગાદલાં પરત લાવી દીધાં તેની નહોતી, પરંતુ ગુરુની મરજી

સાચવીને સેવા કરવાને કારણે સ્વામીશ્રી પર આ વહાલની વાદળી વરસી પડેલી.

નારણ સ્વામી છે તે હું છું

તા. ૧૭/૫ના રોજ ગોંડલમાં પાટોત્સવ ઊજવીને સ્વામીશ્રી રાજકોટ, પાલિતાણા અને લીંબાસીમાં લાભ આપતાં મુંબઈ પધારેલા. અહીં ચાર દિવસ સુધી ૭૧મા યોગી જયંતી ઉત્સવની સભાઓ યોજવામાં આવેલી. તે ઉત્સવ-સભાઓમાં સ્વામીશ્રીએ યોગીજી મહારાજનો મહિમા રેલાવ્યો.

આઠ દિવસ બાદ તેઓ અમદાવાદ, અટલાદરા, બોચાસણ થઈને તા. ૨૪/૬ના રોજ ગોંડલ આવી પહોંચ્યા.

સ્વામીશ્રી અહીં પધારે તે પહેલાં તો યોગીજી મહારાજનો પત્ર ગોંડલમાં રહેતા બાલમુકુંદ સ્વામી પર આવી પહોંચેલો. એ પત્રમાં તેઓએ લખેલું :

'પૂજ્ય બાલમુકુંદ સ્વામી ! પ્રમુખસ્વામી ત્યાં સહેજે પધાર્યા છે તો તે કહે તેમ કરશો. તે બધો વહેવાર દરેક મંદિરનો જાણે છે. તો યોગ્ય કરશો. નારણ સ્વામી છે તે હું છું. તેમની સલાહ પ્રમાણે કરશો.'

મહિમાનું રસઘન સ્વરૂપ સમા યોગીજી મહારાજ દરેકનો મહિમા સમજતા; પરંતુ સ્વામીશ્રી વિશે તેઓની દૃષ્ટિ જ કંઈક અનોખી હતી ! 'હમ સરિખા ફકીર' તરીકે તો તેઓ સ્વામીશ્રીને જ ઓળખાવતા.

મેં મારો અભિપ્રાય લખ્યો છે

ગોંડલથી સ્વામીશ્રી ગઢપુર થઈને સારંગપુર પધાર્યા હતા.

અહીંથી તેઓની કલમ દ્વારા શાણપણની સંહિતા સમો એક પત્ર લખાયેલો. તેમાં તેઓએ જણાવેલું કે –

પરમ ભગવદી, હરિભક્ત શીરોમણી, પ્રગટના લાડીલા, સત્સંગ-સેવાપરાયણ તથા અક્ષરપુરૂષોત્તમોપાસક (ક), (ખ) તથા (ગ) તથા સર્વે મંડળ.

સારંગપુરથી લી. શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ તથા સર્વે મંડળના ઘણા હેતપૂર્વક જય સ્વામિનારાયણ વાંચશો.

વિ. આપ સર્વે મજામાં હશો... હવે આપને મારે ખાસ જણાવવાનું કે આપ જુના સત્સંગી અને સમજુ છો... તો ભૂલ ગમે તેની હોય છતાં તમારે મોટું મન રાખીને કાર્ય કરવું છે તે ઉપર નિશાન રાખવું. વળી

કોઈ ગમે તે કરે (પણ) બીજાને માન આપી હાથ જોડી આપડે આપડું કાર્ય કરવા ઉપર તાન રાખવું. અને કાર્યકર્તા માણસો (સાથે) નમ્ર ભાવ રાખી દરેક સાથે મળતું રાખી કામ કરશો તો જ કામ થશે. આ કામ એક બે જણનું નથી. અને તે આ રીતે જગડા કે મતભેદ ઊભા કરવાથી બનશે નહિ. આમ થવાથી તમારી પ્રતિષ્ઠા જશે. તમારા નવા આવતા માણસો અટકી જશે.

આપણું જ્ઞાન સર્વોપરી, ગુરુ સર્વોપરી વાત કરીએ અને આપડે અંદરોઅંદર સત્તા માટે કજીયા કરતા હોય તો તમારા જ્ઞાનની કોઈને અસર થશે નહિ. અને તમારી તથા તમારા ગુરુની પ્રતિષ્ઠાને પણ હાની પહોંચે. માટે લોક તમાશા જુવે તે કરતાં મમત્વ મુકી દઈ એક રૂચીથી કામ કરશો તો કાર્યમાં સરળતા થશે અને ધાર્યું થઈ જશે. દરેકને ધ્યેય એક જ છે કે મંદિર કરવું છે. તો પછી ખોટી ખેંચતાણ શા માટે હોવી જોઈએ?

કામમાં પ્રામાણીકતા જરૂર હોવી જોઈએ. તેમ નહિ હોય તો લોકોમાં વિશ્વાસ ન બને અને કોઈ ફંડ આપે નહીં અને નવા આવતા પણ અટકી જાય. માટે હીસાબી કામમાં પણ રેગ્યુલર રહેવું જોઈએ. માટે બીજા હજારો વિચાર મુકી ખોટી ખેંચતાણ મુકી પૂજ્ય યોગીબાપાનો અભીપ્રાય શું છે કે સંપ, સુહૃદભાવ, એકતા રાખી કાર્ય કરશો તો તેઓ અંતરયામી રાજી થશે. બાકી આવા જગડા કારણ વગર કરશો તેમાં તમારૂં કાર્ય થશે નહિ. સત્સંગ નવો વધશે નહિ અને બાપાનો રાજીપો મળશે નહિ.

માટે આપ જુના, પીઢ ને સમજુ છો. માટે મેં મારો અભિપ્રાય લખ્યો છે તો આપ સંપૂર્ણ વિચાર કરી આ અંગે એકતા કરશો. પણ તમો અંદરોઅંદર કાંઈ પણ જગડો કરશો નહિ એ જ વિનંતી છે. રાજી રહેશો.

કોઈ પણ જગ્યાએ બાજી બગડે છે – ઉપરી કાર્યવાહકોની કાર્યપદ્ધતિને કારણે. સંકડાશ-સંકુચિતતા હંમેશાં બાટલીના ઉપલા ભાગમાં જ હોય છે ને! નીચેના ભાગમાં તો પ્રવાહી સડસડાટ ઊતરી જાય એટલી મોકળાશ હોય છે. તેમ મોવડીઓની મડાગાંઠને લીધે કાર્યો ખોડંગાય-ખોરંભાય છે. આવી મડાગાંઠને ઉકેલવા માટે સ્વામીશ્રીએ લખેલો ઉપરોક્ત પત્ર દરેક મોવડીએ, કાર્યકરે દિલ અને દીવાલ પર ચિપકાવી રાખવા જેવો છે. તેને અનુસરનાર નિશ્ચિતપણે કાર્યસિદ્ધિ પામે તેમ છે.

મકરાણાના માર્ગે

સારંગપુરમાં દેવપોઢી એકાદશીનો ઉત્સવ કરીને સ્વામીશ્રીએ એક માસના ધારણાં-પારણાં કરવાનો નિયમ લીધો. દિન-પ્રતિદિન તેઓની પ્રવૃત્તિનો પ્રવાહ પ્રબળ બનતો જતો હતો છતાં સ્વામીશ્રીના તપની માત્રા લેશ પણ ઘટતી નહોતી.

સારંગપુરથી તેઓ ગુરુપૂનમના સમૈયા માટે બોચાસણ પહોંચ્યા. આ વર્ષે યોગીજી મહારાજ પધારવાના નહોતા. તેથી સ્વામીશ્રીના સાંનિધ્યમાં આ ઉત્સવ ઊજવાયો. સૌએ સ્વામીશ્રીનું પૂજન કર્યું.

ઉત્સવ બાદ મહેળાવ, પુરુષોત્તમપુરા, શ્રીજીપુરા, રઢુ વગેરે ગામોમાં વિચરીને તા. ૨૮/૭ના રોજ અમદાવાદથી તેઓ મકરાણા જવા નીકળ્યા.

સ્વામીશ્રી જ્યારે મકરાણા જાય ત્યારે અમદાવાદથી સાંજે પાંચ વાગ્યે ઊપડતા ‘દિલ્હી મેઇલ’માં બેસવાનું રાખતા. ટિકિટ તો થર્ડ ક્લાસની જ લેવાની. સૂવાનો સમય થાય ત્યારે ઉપલા પાટિયે સૂઈ જવાનું. સવારે છ વાગ્યે અજમેર સ્ટેશને દાતણ કરવા ઊતરે. પછી નીચેના પાટિયા પર બેસીને મનોમન આરતી કરી પોતાના કામકાજમાં પરોવાય. આજુબાજુ સવારની ચહલ-પહલ ચાલુ થઈ ગઈ હોય; પણ મુસાફરોના ઘોંઘાટ અને ટ્રેનના ખખડાટ વચ્ચે કામકાજમાં તરત જ તલ્લીન થઈ જવાની એમની ખાસિયત રહેતી.

સાડા આઠ - નવ વાગ્યાની આસપાસ ફૂલેરા જંક્શને ટ્રેન પહોંચતી. ત્યાં ઊતરો એટલે સામે જોધપુર રૂટની ગાડી ઊભી હોય. તેમાં બેસવા માટે સ્વામીશ્રી આખી ટ્રેન ફરી વળીને યોગ્ય જગ્યા પસંદ કરે. ત્યાં પોટલાં મુકાવે. જગ્યાની પસંદગીમાં માપદંડ સગવડનો નહીં પણ ધર્મ-નિયમ સચવાય તે રાખતા.

આવી અનુકૂળ જગ્યામાં પોટલાં મૂકીને એક જણને ત્યાં સાચવવા બેસાડે અને પોતે જોડિયા સાધુને લઈને ફૂટપાથ પરના ખુલ્લા નળે નહાવા જાય. અહીં નાની ચોકડી જેવી પાળી હોય ત્યાં બેસી જાય. લોટે લોટે સ્નાન કરી લે. ભીનાં વસ્ત્રને શક્ય એટલું નીચોવીને ડબ્બા પાસે આવે. ત્યાં વસ્ત્રપરિધાન કરે. પછી પૂજા કરવા નીચેના પાટિયે બેસે. તે દરમ્યાન સાથેના સંત-ભક્ત પણ સ્નાન-પૂજા વગેરે નિત્યકર્મથી પરવારે.

પૂજા-પાઠ પૂરા કરી સેવક નાસ્તાનો ટોપલો ખોલે. અમદાવાદથી મગનભાઈ જીજીભાઈએ આ ટોપલો તૈયાર કરી આપ્યો હોય. સ્વામીશ્રીને જેટલા દિવસ મકરાણા રોકાવાનું હોય તે પ્રમાણે તે નાસ્તો ભરી આપતા.

તેમાંથી વાનગીઓ કાઢીને સેવક સ્વામીશ્રીને આપવા જાય એટલે હરહંમેશ પહેલો પ્રશ્ન પુછાય : 'ઠાકોરજીને ધરાવ્યું?' બીજો પ્રશ્ન પુછાય : 'સાથેનાનું તૈયાર કર્યું?' આ બંનેના સંતોષકારક જવાબ મળે પછી જ સ્વામીશ્રીના મોંમાં પહેલો કોળિયો જાય.

મકરાણામાં મુસ્તફા નામે મુસ્લિમ ડોસા હતા. તેના પર સ્વામીશ્રીએ પોસ્ટકાર્ડ લખી મોકલ્યું હોય એટલે તે ભાડાંની ઘોડાગાડી કરીને સ્ટેશન પર લેવા આવી ગયા હોય ! સ્વામીશ્રીનાં દર્શન થતાં જ એ મુસ્તફાનું મોં મલકી ઊઠે અને ઉદ્‌ગાર નીકળી જાય : 'નારાયણ સ્વામી આ ગયે...'

તે સ્વામીશ્રીની સાથે જ રહે. સ્વામીશ્રીને કૂવે નવડાવતી વખતે પણ તે પાણી ખેંચીને સેવા કરે. સ્વામીશ્રીનું પોટલું પણ ઊંચકે. સ્વામીશ્રી પણ તેને પોતાની પાસે બેસાડીને જમાડે. મુસ્તફા બધા વેપારીઓના માલની વિગત અને ભાવતાલ સ્વામીશ્રીને જણાવે. તેને સાથે રાખીને સ્વામીશ્રી બધી ખાણોમાં જાય. કોમી એકતાની કોઈ ગુલબાંગ પોકાર્યા વિના સ્વામીશ્રી કોમી એકતાનાં ગુલ આમ ખીલવી દેતાં. 'પરસ્પર પ્રીતિ પ્રસરાવે એ ધર્મ' એ પોતાના વિધાનને તેઓ સહજમાં સાકાર કરી દેખાડતા.

મકરાણામાં જી. કે. સ્વામીના હુલામણા નામથી ઓળખાતા ગોરધનભાઈ કામકાજની દેખરેખ રાખતા. આફ્રિકામાં સુખી જીવન ગાળતા તેઓએ યોગીજી મહારાજના વચને ભેખ લઈ લીધેલો અને અહીં જંગલ-ડુંગરમાં પડ્યા-પાથર્યા રહેતા. તેઓની સાથે બેસીને સ્વામીશ્રી કામકાજની વિગત મેળવે. આ રીતે સતત બે દાયકા સુધી સ્વામીશ્રી અહીં અવાર-નવાર જતાં-આવતાં રહેલા. એ જ ક્રમમાં આ વખતે પણ તેઓ મકરાણા આવી પહોંચ્યા.

रसो वै सः

મકરાણામાં આવશ્યક કાર્યવાહી પૂર્ણ કરીને સ્વામીશ્રી જયપુર પધારેલા.

અહીં આરસમાંથી શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ કંડારવાનું કામ મૂર્તિ-મહોલ્લામાં રહેતા શિવનારાયણ કરતા હતા. આ મૂર્તિ ગોંડલમાં પધરાવવાની હતી. સ્વામીશ્રીએ કારખાને જઈને મૂર્તિકારે તૈયાર કરેલું મોડેલ જોયું પણ તેઓને સંતોષ ન થયો. તેથી તેઓએ નવું મોડેલ તૈયાર કરવા સૂચના આપી. બે દિવસ બાદ નવું બનાવેલું મૂર્તિ-મોડેલ જોયું. તેનો ફોટો પણ સ્વામીશ્રીએ લેવડાવ્યો. તે ફોટાને રાત્રે ઉતારે આવીને બરાબર નીરખ્યો. તે જોતાં સ્વામીશ્રીને લાગ્યું કે

'હજી ફેરફાર કરવો પડશે.' તેથી બીજે દિવસે મૂર્તિકારને જરૂરી સૂચન કર્યાં.

તે સૂચન મુજબ શિવનારાયણે નવું મોડેલ તૈયાર કર્યું. તેના ફરી ફોટા લીધા, પણ સ્વામીશ્રીને કામથી હજી સંતોષ થયો નહીં. તેથી જે કાંઈ સુધારા હતા તે સૂચવ્યા. સ્વામીશ્રીને અમદાવાદ જવા નીકળવાનું હતું પણ મૂર્તિનો મેળ બરાબર પડતો નહોતો, તેથી અમદાવાદ જવાનું મુલતવી રાખીને તેઓ જયપુરમાં જ રોકાઈ ગયા. બીજે દિવસે વળી પાછા મૂર્તિકામ જોવા ગયા. મોડેલનો ફોટો લેવડાવ્યો, પણ હજી મન માને તેવું કામ થયું નહોતું. તેથી જરૂરી ફેરફાર તેઓએ સૂચવ્યા.

આમ, એક અઠવાડિયા સુધી જયપુરમાં રોકાઈને સ્વામીશ્રીએ મૂર્તિને આખરી ઓપ આપવા માટે જે પરિશ્રમ લીધો તેમાં શિલ્પકળાની તેઓની સૂક્ષ્મ સૂઝ અને શ્રદ્ધાનાં દર્શન થાય છે.

વિદ્યા અને વારસાની રીતે જેઓને શિલ્પકળા ગળથૂથીમાં વરી હોય તેવા મૂર્તિકારોને પણ કાનની બૂટ પકડવી પડે તેવી મૂર્તિકલાની સૂઝ સ્વામીશ્રીમાં હતી. સાથે સાથે કાર્યને પૂર્ણતાની ટોચ સુધી પહોંચાડવાની અસીમ શ્રદ્ધા પણ એટલી જ ! તેઓ કદી ગુણવત્તા સાથે સમાધાન કરતા નહીં.

આજે બી.એ.પી.એસનાં મંદિરો-સ્મારકોમાં આંખ અને અંતરને ઠારે તેવી બેનમૂન મૂર્તિઓનાં દર્શન થઈ રહ્યાં છે તેમાં સ્વામીશ્રીની આવી સૂઝ અને શ્રદ્ધા કારણરૂપે રહેલાં છે. 'કોઈ પણ પ્રકારના પ્રશિક્ષણ વિના તેઓમાં શિલ્પકલાનું આવું સૂક્ષ્મ જ્ઞાન ક્યાંથી આવ્યું હશે?' આ પ્રશ્નનો જવાબ જ તેઓની અનાદિસિદ્ધ 'रसो वै सः'[૧૬૧] રસરૂપ સ્થિતિ તરફ દોરી જાય છે.

પાક-પથ્થરમાં પ્રવીણ

જયપુરથી અમદાવાદ થઈને સ્વામીશ્રી સારંગપુર પધારેલા.

અહીં એક વાર તેઓ મંદિરની ખેતીવાડીમાં નિરીક્ષણ કરવા માટે નીકળેલા. સ્વામીશ્રી જ્યારે ખેતરમાં જાય ત્યારે ઘણી વાર એક હાથમાં ધોતિયાંનો છેડો પકડીને ચાલે. કોઈ અચ્છા ખેડુ હોય તે રીતે ખેડ-ખાતર, પાક-પાણી, મોસમ-મજૂરી વગેરેની પૂછપરછ કરતા જાય. સીમ-શેઢા, કૂવા-કોશ, દાણા-દા'ડિયા વગેરે સંબંધી માર્ગદર્શન પણ આપતા જાય. તે વખતે સાથે ચાલનારાનાં મન વિસ્મયમાં ગરકાવ થઈ જતાં કે કારખાનામાં પથ્થર સંબંધી ઝીણું કાંતનારા

૧૬૧. तैत्तिरीयोपनिषद् – आनन्दवल्ली, सप्तमो अनुवाकः।

સ્વામીશ્રી, ખેતરમાં પાક સંબંધી પણ કેટલું ઊંડું જ્ઞાન ધરાવે છે! આ વખતે પણ તેઓએ કૃષિવિભાગ સંભાળતાં સંતો-સેવકોને કેવી રીતે વાવવું-વાઢવું વગેરે સંબંધી જે સૂચનાઓ આપી તે જોઈ પાક-પથ્થર બંનેમાં પ્રવીણ સ્વામીશ્રી પર સૌ કોઈ આફરીન પોકારી ગયા!

સારંગપુરથી ગઢડા, અમદાવાદ થઈને તેઓ જન્માષ્ટમીનો સમૈયો કરવા અટલાદરા આવી પહોંચ્યા. અહીં યોગીજી મહારાજ પણ મુંબઈથી આવી ગયેલા. તેથી સમૈયો સારો થયો.

જન્માષ્ટમી બાદ વિચરણ કરતાં કરતાં યોગીજી મહારાજ અને સ્વામીશ્રી ગોંડલ પહોંચ્યા.

પ્રમુખસ્વામીએ કહ્યું તે બરાબર

ગોંડલમાં મેવાસા ગામના હરિભક્તો યોગીજી મહારાજને મળવા આવેલા. તે સૌને ગામમાં પારાયણ યોજી યોગીજી મહારાજને બોલાવવાની ઇચ્છા હતી. તેઓએ જ્યારે આ અરજ કરી ત્યારે યોગીજી મહારાજે કહ્યું કે ‘પ્રમુખસ્વામી પાસે પારાયણનું મુહૂર્ત કઢાવી લો અને તે પ્રમાણે ગોઠવજો.’

આ સાંભળી સૌ ભક્તો સ્વામીશ્રી પાસે આવ્યા. વિગત જાણી સ્વામીશ્રીએ તા. ૧/૯, ભાદરવા સુદ બીજનું મુહૂર્ત પારાયણ માટે કાઢી આપ્યું. સ્વામીશ્રીના આ નિર્ણયથી હરિભક્તો વિમાસણમાં પડી ગયા, કારણ કે આ સમયે ગામના પાદરમાં ચાપરવડી નદી ભરપૂર વહેતી હોય; તેથી આવવા-જવામાં સૌને મુશ્કેલી પડે તેમ હતું.

પરંતુ તે હરિભક્તો આ અડચણ બાબતે સ્વામીશ્રી સમક્ષ કશું બોલ્યા નહીં, પણ યોગીજી મહારાજ પાસે આવીને પોતાની મૂંઝવણ ઠાલવી કે ‘બાપા! પ્રમુખસ્વામીએ મુહૂર્ત કાઢ્યું તેમાં તકલીફ એ થાય એમ છે કે અમારા ગામની નદીમાં આ ટાણે પાણી ઘણું રહે છે. એટલે આપને તો બળદગાડું જોડી, તેના પર ખાટલો નાંખીને નદી પાર કરાવી ગામમાં પધરાવીશું; પણ આ પ્રસંગે બહારગામના હરિભક્તો ગામમાં આવી શકશે નહીં.’

આ સાંભળી યોગીજી મહારાજ બોલ્યા : ‘પ્રમુખસ્વામીએ જે મુહૂર્ત કાઢ્યું છે તે સમજી-વિચારીને જ કાઢેલું છે. પ્રમુખસ્વામીએ કહ્યું તે બરાબર! માટે હવે તે બાબતમાં કોઈ વિઘ્ન આવશે નહીં. તો સંશય રાખશો નહીં અને મુહૂર્ત જે કાઢેલું છે તે પ્રમાણે જ કાર્યક્રમ ગોઠવશો.’

સ્વામીશ્રીના વચન પર યોગીજી મહારાજે સિક્કો મારી આપતાં સૌ ભક્તો નિઃસંશય થઈ ગયા અને પારાયણની તૈયારી કરવા માંડ્યા.

નિશ્ચિત દિવસે યોગીજી મહારાજ, સ્વામીશ્રી અને સંતો-ભક્તો ગામમાં પધાર્યા. સૌએ ગ્રામીણ, પણ ભાવ-ભરપૂર સ્વાગત કર્યું. સ્વામીશ્રીએ 'સત્સંગિજીવન'ના બીજા પ્રકરણની કથાનો પ્રારંભ કર્યો. તેઓની સરળ વાણી, સુમધુર કંઠ અને આકર્ષક મુખમુદ્રાના ત્રિવેણી સંગમમાં આખું ગામ તણાયું. રોજ રાત્રે રાસની રઢિયાળી રમઝટ બોલતી. યોગીજી મહારાજ પણ બ્રહ્મરસ રેલાવતા. રાત્રે સાડા બાર વાગ્યે આ સભાનું સમાપન થતું. છતાં સવારે સૌ પ્રભાતફેરીમાં પણ નીકળતા. ત્યારબાદ મંગળ પ્રવચનની હેલી વરસતી. આમ, પારાયણના દિવસો દરમ્યાન રાત-દિવસ એકાકાર થઈ ગયાં હોય તેમ વાતાવરણ જામ્યું હતું.

તા. ૭/૯ના રોજ પૂર્ણાહુતિમાં પ્રસાદનું આમંત્રણ આખા ગામને સાગમટે અપાયેલું. તે પ્રસંગ પણ નિર્વિઘ્ને સંપન્ન થયો.

સૌને ભોજન-ભજનનાં સુખમાં ગરકાવ કરીને યોગીજી મહારાજ અને સ્વામીશ્રી વિદાય થયા. બહારગામના ભક્તો પણ નીકળ્યા અને એકાએક પવન ફૂંકાવા લાગ્યો. વાદળાં ધસી આવ્યાં. થોડી વારમાં તો અનરાધાર વરસાદ શરૂ થઈ ગયો. ગામની નદી બે કાંઠે વહેવા લાગી. તે વખતે સૌનાં મનમાં યોગીજી મહારાજના શબ્દો ગુંજી રહ્યા : 'પ્રમુખસ્વામીએ કહ્યું તે બરાબર.'

પારાયણની પૂર્ણાહુતિના એ દિવસની સાંજે આકાશ ઘનઘોર હતું, છતાં સૌના અંતરમાં સ્વામીશ્રીનાં અજવાળાં પથરાઈ રહેલાં.

શાંત અને સક્રિય

મેવાસાના પારાયણ બાદ સ્વામીશ્રી ચરખડીમાં પ્રતિષ્ઠા પ્રસંગે હાજર રહી જળઝીલણી ઉત્સવ માટે સારંગપુર પધારેલા. આ ઉત્સવ ઊજવીને ગઢડા, લીંબડી થઈ, તા. ૨૦/૯ના રોજ નવાગામ (સેજકપર) પહોંચેલા.

અહીં ત્રણ દિવસ સુધી 'હરિલીલાકલ્પતરુ'ના ત્રીજા સ્કંધના પારાયણનો લાભ આપ્યો. ઝાલાવાડના જ્ઞાની ભક્તો સ્વામીશ્રીની રસપ્રચૂર શૈલીથી ખૂબ રાજી થયા. જ્યારે પારાયણની પૂર્ણાહુતિ વેળા આવી ત્યારે તો હદ બહારની ઠઠ જામી. ૨૮૦ માણસોની વસ્તીના આ ગામમાં ૨,૦૦૦ હરિભક્તો ઊમટી પડ્યા. *'શેરી ભલી પણ સાંકડી રે...'* તેવો ઘાટ થઈને ઊભો રહ્યો.

આ પારાયણ દરમ્યાન સ્વામીશ્રીની કથા બાદ આગેવાન ભક્તો પોતાના

સ્વાનુભવો રજૂ કરતા. તેનો રસાસ્વાદ પણ સ્વામીશ્રી એકતાર થઈને માણતા.

નવાગામથી નારાયણ ધરે ભાદરવી અમાસનો સમૈયો કરીને ચોકી, ઊંટડી, લીંબડી, ખારવા, વઢવાણ, સુરેન્દ્રનગર, વાંકાનેર, મોરબી, રાજકોટ, ગોંડલ, જેતપુર, વડિયા, દેવચડી થઈને શરદ પૂર્ણિમાના ઉત્સવ નિમિત્તે ગોંડલ આવી પહોંચ્યા.

યોગીજી મહારાજના સાંનિધ્યમાં ગોંડલ મુકામે ઊજવાતા ગુણાતીત જન્મોત્સવનું આકર્ષણ દિન-પ્રતિદિન વધી રહેલું. ગોંડલ એટલે ગુણાતીતનું સ્થાન, યોગીજી મહારાજ એટલે ગુણાતીતનું સ્વરૂપ અને શરદ પૂર્ણિમા એટલે ગુણાતીતનું પ્રાગટ્ય. આ ગુણાતીતની ત્રિવેણીનો લાભ લેવા આવનારની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો હતો. હરિભક્તોના આ ધસારાને પહોંચી વળવા પૂરતી સંખ્યામાં ઉતારા, પાગરણ, લાઈટ-પાણી, ભોજન, પાર્કિંગ, મંડપ વગેરે વ્યવસ્થાઓનું કદ પણ પ્રતિવર્ષ વધતું જતું હતું. તે માટે ઉત્સવના બે-એક દિવસ પહેલાં સ્વામીશ્રી ગોંડલ આવી જતા અને સૌને માર્ગદર્શન આપતા રહેતા. પરંતુ એટલા શાંત રહીને કાર્ય કરતા કે તેઓ આયોજક છે તેવું અનુભવાય જ નહીં. શાંત રહીને સક્રિય બનવાની તેઓની કળા અજબની હતી!

ચરોતરમાં ચારેકોર

ગોંડલમાં શરદ પૂર્ણિમાનો ઉત્સવ ઊજવી સ્વામીશ્રી ગઢડા થઈને સારંગપુર પધાર્યા. આ વર્ષનો અન્નકૂટોત્સવ પણ તેઓએ અહીં જ કર્યો.[૧૬૨]

અન્નકૂટ બાદ તાજપુર, ગઢડા, અમદાવાદ થઈને વલ્લભ વિદ્યાનગર આવી પહોંચ્યા. અહીં સાયન્સ કૉલેજના સભાગૃહમાં વિદ્યાર્થીઓની સભાનું આયોજન કરવામાં આવેલું. તેમાં લગભગ ૫૦૦ વિદ્યાર્થીને સ્વામીશ્રીએ સંબોધનનો લાભ આપ્યો અને બીજા દિવસે સો જેટલા વિદ્યાર્થીઓની રૂમોમાં પધરામણીઓ પણ કરેલી.

વિદ્યાનગરથી કરમસદ, આણંદમાં પધરામણીઓ કરીને સ્વામીશ્રી કાર્તિકી પૂનમનો સમૈયો કરવા બોચાસણ પહોંચ્યા. આ ઉત્સવમાં પણ આવનારા હરિભક્તોની સંખ્યા પ્રતિવર્ષ વધતી જતી હતી. આ વર્ષે લગભગ દસ હજારની સંખ્યામાં હરિભક્તો પધારેલા. તે સૌ નવા વર્ષે યોગીજી મહારાજ અને સ્વામીશ્રીનાં દર્શન-કથાનો લાભ લઈ ધન્ય થયા.

---

૧૬૨. વિ.સં. ૨૦૧૯નો પ્રારંભ થયો.

દેવદિવાળીના ઉત્સવ બાદ તા. ૧૩/૧૧ના રોજ સ્વામીશ્રી વીરસદના મંદિરે દર્શન કરીને યોગીજી મહારાજ સાથે ખંભાત પધારેલા.

નગરવાસીઓએ યોગીજી મહારાજ અને સ્વામીશ્રીનું વાજતે-ગાજતે સામૈયું કાઢીને સ્વાગત કર્યું. ખંભાતની શેરીઓમાં ભિક્ષાની આહ્લેક લગાવતા નાનકડા નારણદા' આજે 'પ્રમુખસ્વામી' થઈને ખંભાતને દ્વારે દસ્તક દઈ રહ્યા છે તે નિહાળવા માટે ભારે ભીડ મચી રહી. સાંજની સભામાં પણ અણધારી સંખ્યામાં જનમેદની ઊભરાયેલી. તેમાં સ્વામીશ્રીએ વિદ્વત્તાસભર પ્રવચન દ્વારા યોગીજી મહારાજનો સત્સંગલાભ લઈને જીવન ધન્ય કરવા અનુરોધ કર્યો હતો.

સભા બાદ ૨૭ જેટલી પધરામણીઓ કરીને સ્વામીશ્રી પંડોળી, સોજિત્રા, કરમસદ, બોચાસણ, ગાડા, રઢુ, મહેળાવ, આણંદ, વસો, ડભાસી, વરતાલ થઈને સારંગપુર આવી પહોંચ્યા.

મહેળાવમાં મૂર્તિપ્રતિષ્ઠા

યોગીજી મહારાજના સંકલ્પ મુજબ મહેળાવમાં શાસ્ત્રીજી મહારાજનું જન્મસ્થાન યથાવત્ રાખીને હરિમંદિરનું નિર્માણ થઈ ચૂક્યું હતું. તે મંદિરમાં તા. ૯/૧૨ના રોજ પ્રતિષ્ઠા થવાની હતી.

આ ઉત્સવની તૈયારી માટે સ્વામીશ્રી તા. ૬/૧૨ના દિવસે મહેળાવ આવી ગયેલા. આવતાંવેંત મંદિર, યજ્ઞશાળા, સભા-સ્થાન, ઉતારા વગેરે સ્થળોની મુલાકાત લેતા ગયા અને માર્ગદર્શન આપતા ગયા.

તેઓ હંમેશા કામને અગ્રિમતા આપવાનું શીખેલા. સમય, સંજોગ અને સુવિધાને પારખીને કયા સમયે, કયાં કામ હાથમાં લેવાં તેની તેઓ પાસે અદ્ભુત સૂઝ હતી ! વળી, તળિયાથી ટોચ સુધીના અનુભવી હોવાને નાતે, દરેક સેવા-વિભાગમાં તેઓની નજર પહોંચતી. તેથી જ્યાં પણ કંઈ ઊણપ હોય તે દૂર થવા લાગતી અને સમૈયો શોભવા લાગતો. નક્કર આચરણ, બહોળો અનુભવ અને અસાધારણ આપસૂઝને કારણે તેઓની વાતનું વજન પડતું. તેઓને અનુસરવાનું સૌને મન થતું.

મહેળાવમાં પણ તેઓની આ કાર્યશૈલીથી આયોજનને આખરી આકાર મળવા લાગ્યો. વળી, અહીં તો સ્વયં સ્વામીશ્રીને પણ અપાર ઉત્સાહ હતો, કારણ કે 'પોતાના જીવનપ્રાણ' વિશેષણ પણ જેઓના માટે વામણું લાગે તેવા શાસ્ત્રીજી મહારાજના જન્મસ્થાનનું આ મંદિર હતું. તેથી નાની-નાની વિગતોને

પણ મઠારવાનું તેઓ ચૂકતા નહીં.

તા. ૯/૧૨ના રોજ યોગીજી મહારાજના વરદ હસ્તે અક્ષર-પુરુષોત્તમ મહારાજની પટપ્રતિમા અને શાસ્ત્રીજી મહારાજની સંગેમરમરમાંથી નિર્મિત મૂર્તિની ભવ્યતાથી પ્રતિષ્ઠા થઈ ત્યારે યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીના મુખારવિંદ પર ગુરુભક્તિની ગરવી આભા છવાઈ ગઈ. તે વખતે આ બંને મહાપુરુષો પોતાના જીવનની એક યાદગાર ક્ષણને માણી રહ્યા. મૂર્તિમાં બિરાજેલા શાસ્ત્રીજી મહારાજ પણ પોતાના આ બંને પ્રતાપી શિષ્યોની ભક્તિને સ્વીકારતાં જાણે મલકી રહેલા.

મહેળાવમાં પ્રતિષ્ઠાના બીજા દિવસે આણંદમાં શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર સંત નિર્ગુણદાસ સ્વામીના દેહોત્સર્ગ-સ્થાન પર તૈયાર થયેલી કલાત્મક દેરીમાં પણ શ્રીજીમહારાજનાં ચરણારવિંદની પ્રતિષ્ઠા યોગીજી મહારાજ અને સ્વામીશ્રીના સાંનિધ્યમાં થઈ હતી.

પ્રમુખસ્વામીને મારા વતી લઈ જાઓ

આણંદથી વાસદ, પીપલગ થઈને સ્વામીશ્રી પાડગોલ પધારેલા.

અહીં યોગીજી મહારાજે હરિભક્તોને કહ્યું : 'પ્રમુખસ્વામીને મારા વતી પધરામણીએ લઈ જાઓ.'

યોગીજી મહારાજ હવે જાણે પોતાનો સઘળો કાર્યભાર સ્વામીશ્રીને સોંપવા લાગેલા. પોતાના પ્રતિનિધિ તરીકે સ્વામીશ્રીને તેઓ આગળ કરતા હતા. તે મુજબ અહીં પણ તેઓએ આમ આદેશ આપ્યો.

યોગીજી મહારાજની આજ્ઞા થતાં સ્વામીશ્રીએ પધરામણીઓ કરીને સૌને સંતોષ પમાડેલો.

પાડગોલથી વરતાલ, ધર્મજ, બોચાસણ, ટુંડાવ, અમદાવાદ થઈને સ્વામીશ્રી પારાયણ માટે વસો પધાર્યા. આખા ગામમાં શાનદાર શોભાયાત્રા નીકળી.

તા. ૨૪/૧૨થી સ્વામીશ્રીએ 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથના પારાયણનો પ્રારંભ કર્યો. તેમાં પણ અભૂતપૂર્વ માનવ મહેરામણ ઊમટ્યો. પારાયણની પૂર્ણાહુતિ નિમિત્તે યોજાયેલા યજ્ઞમાં સેંકડો યજમાનોએ લાભ લીધો.

આ પારાયણ દરમ્યાન તા. ૨૯/૧૨ના દિવસે યોગીજી મહારાજ વસોના હરિમંદિરમાં દર્શન કરીને બાજુમાં આવેલા મઠમાં પધારેલા. ત્યાં સર્વ સ્થળે પુષ્પ છાંટીને તેઓ બોલ્યા કે 'અહીં સર્વોપરી મંદિર થશે.' પરંતુ તે જગ્યા

મળવાની કોઈ જ શક્યતા નહોતી. તેથી સૌએ યોગીજી મહારાજની વાતમાં આશંકા કરી. ત્યારે તેઓ બોલેલા : 'આ જગ્યા જરૂર મળી જશે. બીજે સ્થળે મંદિર કરવું નથી.'[૧૬૩]

સન ૧૯૬૩

સંપૂર્ણ પુણ્ય કમાવાનો કીમિયો

વસોમાં પારાયણ કરી સ્વામીશ્રી મહેળાવ, નડિયાદ થઈને ડભાણ પધાર્યા હતા. વસોના પારાયણના પડઘા હજી તો શમ્યા નહોતા ત્યાં સ્વામીશ્રીએ ડભાણના આંગણે તા. ૩/૧/'૬૩થી 'સત્સંગિજીવન'ના બીજા પ્રકરણના પારાયણનો પ્રારંભ કર્યો.

આ પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે વિરાટ યજ્ઞનું આયોજન કરવામાં આવેલું. યોગાનુયોગ એ દિવસ ગુણાતીતાનંદ સ્વામીનો દીક્ષાદિન હતો. વર્ષો પહેલાં એ દીક્ષા પ્રસંગે શ્રીજીમહારાજે કરેલા યજ્ઞની ધૂમ્રસેરોથી ડભાણનું ગગન છાઈ રહેલું. એ ઇતિહાસ આજે જાણે તેઓના સ્વરૂપરૂપ યોગીજી મહારાજના સાંનિધ્યમાં પુનરાવર્તિત થયો. પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે લગભગ બાર હજાર હરિભક્તોએ મહાપ્રસાદ લીધો. ઘરોઘર પધરામણીઓ થઈ. ઠેર ઠેર સ્વાગત થયું. સમગ્ર ગામમાં અક્ષર-પુરુષોત્તમનો ડંકો વાગી ગયો.

ડભાણના આ પારાયણમાં તા. ૯/૧ના દિવસે સભા ચિક્કાર ભરાઈને બેઠી હતી. યોગીજી મહારાજ તેઓની પ્રાસાદિક શૈલીમાં ગામ અને ગુણાતીતનો મહિમા રેલાવી રહેલા. તેમાં તેઓએ ઇતિહાસનું સુવર્ણપૃષ્ઠ ઉમેરતાં હોય તેમ વાત કરી કે 'પ્રમુખસ્વામીને શાસ્ત્રીજી મહારાજે નીમ્યા છે. માટે તેઓ શાસ્ત્રીજી મહારાજની જગાએ છે, શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છે. મારે બદલે પ્રમુખસ્વામીને પધરામણીએ લઈ જાઓ તેમાં અમારો ખરો રાજીપો છે.'

તે વખતે એક હરિભક્તે ઊભા થઈને જાહેરાત કરી કે 'યોગીજી મહારાજને પધરામણીએ લઈ જશો તો અડધું પુણ્ય અને એમનાં વચને પ્રમુખસ્વામીને લઈ જશો તો સંપૂર્ણ પુણ્ય.'

આ જાહેરાત સાંભળી યોગીજી મહારાજ ખૂબ હસ્યા અને પોતાની લાક્ષણિક શૈલીમાં તાળી વગાડતાં વાતને અનુમોદન આપ્યું.

---

૧૬૩. યોગીજી મહારાજની એ વાણી સમય જતાં સાકાર થઈ. તે જગ્યા પ્રાપ્ત થઈ અને પ્રમુખસ્વામી મહારાજે ત્યાં ભવ્ય મંદિરનું નિર્માણ પણ કર્યું, જે આજે વિદ્યમાન છે.

જે ડભાણમાં શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીને પોતાના ધામરૂપ કહીને ઓળખાવેલા, એ જ ડભાણમાં યોગીજી મહારાજે સ્વામીશ્રીને શાસ્ત્રીજી મહારાજના સ્વરૂપ તરીકે ઉદ્‌ઘોષિત કર્યા. ડભાણ ફરી એક વાર ધન્ય થયું, સંપ્રદાયના ઇતિહાસમાં અમર બન્યું.

ડભાણથી યોગીજી મહારાજ અને સ્વામીશ્રી તાજપુર પધારેલા. અહીં તા. ૧૭/૧ના દિવસે પ્રતિષ્ઠા-ઉત્સવ યોજાયો હતો. આ પ્રતિષ્ઠા બાદ સ્વામીશ્રી ગઢડા, અમદાવાદ થઈને પારાયણ માટે નડિયાદ આવી પહોંચ્યા.

અસીમ આસ્તિકભાવ, નિતાંત ભક્તિભાવ

નડિયાદમાં પારાયણ માટે સંતરામ મંદિરના વિશાળ ચોગાનમાં મંડપ બાંધવામાં આવેલો. તેમાં સ્વામીશ્રીએ 'સત્સંગિજીવન'ના બીજા પ્રકરણની કથાનો પ્રારંભ કર્યો. સાત દિવસના આ જ્ઞાનયજ્ઞમાં હજારો ભાવિકો હોંશે હોંશે આવતા. યોગીજી મહારાજનાં દર્શન-આશીર્વાદ અને સ્વામીશ્રીના કથામૃતે નડિયાદમાં પણ અલૌકિક રંગ જમાવ્યો.

નડિયાદનું પારાયણ પૂર્ણ કરીને સ્વામીશ્રીને નરસંડા થઈને અટલાદરા પહોંચવાનું હતું, પણ વચ્ચે વરતાલ, મહેળાવ અને બોચાસણનાં દર્શનનો કાર્યક્રમ તેઓએ ગોઠવી દીધો.

સ્વામીશ્રીની આ વિશેષતા હતી કે ખીચોખીચ કાર્યક્રમોમાં પણ માર્ગમાં આવતાં તીર્થસ્થાનોનાં દર્શન કરવાનું તેઓ ચૂકતા નહીં. નડિયાદના પારાયણના દોઢ મહિના પહેલાં જ તેઓ વરતાલમાં દર્શન કરવા ગયેલા. છતાં ફરી વાર દર્શનનો કાર્યક્રમ તેઓએ ગોઠવી દીધો ! જ્યાં મિનિટોની ગણતરીએ કાર્યક્રમો ઘડાતા હોય અને પારાયણો, પધરામણીઓ, જાહેર સભાઓ, મીટિંગો, મુલાકાતો, ઉત્સવો સાંજ ઢળે ત્યારે શરીરના કણેકણને કાંતી નાંખતાં હોય, તેવા સમયે પણ તીર્થોનાં દર્શને દોડી દોડીને જવું એ અસીમ આસ્તિકભાવ અને નિતાંત ભક્તિભાવ હોય તો જ શક્ય બને.

દીર્ઘદર્શી

તા. ૩૦/૧ના રોજ વસંત પંચમીનો ઉત્સવ અટલાદરામાં દસેક હજાર હરિભક્તોની હાજરીમાં ધામધૂમથી ઊજવાતો હતો. તે વખતે સ્વામીશ્રીએ નવતર અને દૂરોગામી અસર ઉપજાવનારી એક હાકલ કરતાં, પચાસ વર્ષની વય

વટાવી ચૂકેલા વાનપ્રસ્થાશ્રમી ગૃહસ્થ ભક્તોને પોતાનું શેષ જીવન પ્રભુપરાયણ કરી દેવા વિશે શાસ્ત્રોક્ત વાતો કરીને આહ્‌વાન આપ્યું હતું. એટલું જ નહીં, એ જ દિવસે સાંજે ચાર વાગ્યે સ્વામીશ્રીએ યોગીજી મહારાજ અને વડીલ સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં 'વાનપ્રસ્થ મંડળ'ની સભા પણ યોજેલી. આ સભામાં વાનપ્રસ્થ મંડળની કાર્યરીતિનો નકશો તૈયાર કરી દેવામાં આવેલો. આમ, સ્વામીશ્રીએ પોતાની આગવી સૂઝથી વડીલોને સત્સંગની સેવામાં જોતર્યા.

આજે સંસ્થાનાં અનેક મંદિરોમાં તથા અનેક પ્રવૃત્તિઓમાં વડીલ હરિભક્તો નિઃશુલ્ક સેવાઓ આપી રહેલા છે. નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ કે ઘણી વાર તો સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને તેઓ સંસ્થાની વિવિધ સેવાઓની જવાબદારી વહન કરે છે. આનું શ્રેય સ્વામીશ્રીના આ દીર્ઘદર્શી આયોજનને આપવું પડશે. તેઓ હંમેશા જમાના કરતાં એક ડગલું આગળ રહેતા.

વસંત પંચમીના ઉત્સવ બાદ યોગીજી મહારાજે સ્વામીશ્રીને બોલાવીને કાનમ પ્રદેશમાં વિચરણનો કાર્યક્રમ ગોઠવેલો. તે અંતર્ગત પ્રથમ તા. ૫/૨ના રોજ યોગીજી મહારાજ ચાણસદ પધારેલા. આ વખતે સ્વામીશ્રી અટલાદરામાં જ રોકાયેલા. બે દિવસ બાદ જ્યારે યોગીજી મહારાજ જંબુસર પધાર્યા ત્યારે સ્વામીશ્રી તેઓ સાથે વિચરણમાં સામેલ થઈ ગયેલા.

જંબુસરથી કીમોજ, નોંધણા, ટુંડજ, કાવી, નાજ, સોખડા, આસોજ, આમલિયા, સાધી, ભાયાપુરા, વાઘોડિયા, જેસંગપુરા, સયાજીપુરા વગેરે ગામોમાં સ્વામીશ્રી વિચર્યા. હવે દરેક ગામોમાં સ્વામીશ્રીને યોગીજી મહારાજ વતી પધરામણીઓ કરવાની થતી. પધરામણીઓ દરમ્યાન સ્વામીશ્રીનાં વ્યવહાર-વર્તણૂકથી સૌને યોગીજી મહારાજ જ પોતાના ઘેર પધાર્યાનો અનુભવ થતો; કારણ કે યોગીજી મહારાજની જેમ જ પ્રેમ - પૂછપરછની રીતભાત સ્વામીશ્રીએ પણ અદલ જાળવેલી.

સરિતા મેદાનમાં

કાનમનું વિચરણ પૂરું કરીને યોગીજી મહારાજ મુંબઈ ગયેલા અને સ્વામીશ્રી અમદાવાદ થઈને તા. ૨૦/૨ના રોજ સારંગપુર પધારેલા. અહીં પાંચ દિવસના રોકાણ બાદ તેઓએ સંતવલ્લભ સ્વામી સાથે ગ્રામ્ય વિચરણનો કાર્યક્રમ ગોઠવી દીધો.

મહાલય જેવાં મંદિરો હોવા છતાં સ્વામીશ્રી તેમાં જરૂર વિના રોકાતા

નહીં. ગામડે-ઝૂંપડે ફરવું, સૌના જીવનને દુર્ગુણોથી મુક્ત કરી સત્સંગ-અભિમુખ કરવા, ભક્તોનાં સુખ-દુઃખમાં સહભાગી થઈને તેઓનાં કષ્ટો ભાંગવાં, મનોરથો પૂરા કરવા વગેરેને સ્વામીશ્રીએ પોતાની જીવનશૈલી બનાવી દીધી હતી.

સૌ શિખર સુધી ક્યારે પહોંચે? તેથી સરિતા જ મેદાનમાં આવી જાય છે; તે રીતે સૌ મંદિરે ક્યારે આવે? તેથી સ્વામીશ્રી જ ઘર-ગામ સુધી પહોંચતા અને સૌના જીવનમાં હરિયાળી ફેલાવતા.

આ રીત મુજબ સ્વામીશ્રી તા. ૨૫/૨ના રોજ ચંદરવા પધાર્યા. ચંદરવાથી ઊંચડી, સુંદરિયાણા, વાગડ, કંથારિયા, ચચાણામાં વિચરીને તા. ૫/૩ની રાત્રે એક વાગ્યે ટ્રેક્ટર દ્વારા પુનઃ સારંગપુર આવી પહોંચ્યા.

પ્રણાલિકાઓના રક્ષક

તા. ૧૦/૩ના રોજ સારંગપુરમાં ઊજવાનાર ફૂલદોલોત્સવમાં યોગીજી મહારાજ પધારી શકવાના નહોતા. તેથી સ્વામીશ્રીએ આ ઉત્સવ-પ્રસંગે મોટા સ્વામીને બોલાવેલા અને તેઓની ઉપસ્થિતિમાં ફૂલદોલોત્સવ ઊજવેલો.

વડીલોની છાયામાં રહીને સેવા કરવાનું તેઓને હંમેશા ગમતું, સ્વયં વટવૃક્ષ જેવા હતા છતાં! વડીલો ઝાંખા પડે તેવું તેઓ કદી થવા દેતા નહીં, સ્વયં સૂર્ય સમાન હતા છતાં ! વડીલો પાછળ રહી જાય તેવું તેઓ કદી કરતા નહીં, સ્વયં અગ્રેસર હતા છતાં! સંપ્રદાયની પ્રણાલિકાઓનું જતન તેઓની ક્રિયાઓથી આપમેળે થયા કરતું.

સારંગપુરનો ઉત્સવ ઊજવી સ્વામીશ્રી ગઢડા, અમદાવાદ, અટલાદરા થઈને તા. ૧૫/૩ની રાત્રે સાડા બાર વાગ્યે મુંબઈ પધારેલા.

મુંબઈના આ રોકાણ દરમ્યાન તા. ૨૪/૩ના રોજ મરીન લાઇન્સ પર આવેલ 'પ્રેમકુટિર' સભાગૃહમાં યોજાયેલ સભામાં પણ તેઓ યોગીજી મહારાજની સાથે ગયેલા. અહીં મહામંડલેશ્વર પૂજ્ય કાશીકાનંદજી સાથે તેઓની મુલાકાત થયેલી.

અગિયાર દિવસ સુધી મુંબઈને લાભ આપ્યા બાદ, ચૈત્રી પૂનમના સમૈયા માટે સ્વામીશ્રી બોચાસણ આવી ગયા. આ ઉત્સવ પછી તા. ૧૦/૪ના રોજ તેઓ દૂધના ખટારામાં બેસીને બોચાસણથી આણંદ પધારેલા!

સ્વામીશ્રીએ વિચરણ માટે વિવિધ પ્રકારનાં વાહનોનો જેટલો ઉપયોગ કર્યો છે તેટલો ઉપયોગ કદાચ કોઈએ નહીં કર્યો હોય! વાહનોની આ વિવિધતા

તેઓની સરળતા અને અહંશૂન્યતાની સાક્ષી પૂરનારી છે.

હાલારમાં સત્સંગની લહર

આણંદથી પુરુષોત્તમપુરા, રાજકોટ, ગોંડલ થઈને સ્વામીશ્રી ભાદરા પધાર્યા હતા. યોગીજી મહારાજે છેક દિલ્હી સુધી તંત્ર હલાવતાં આ ગામની સમીપમાં 'ગુણાતીત નગર' સ્ટેશન તૈયાર થઈ ગયેલું.

તા. ૧૪/૪ના રોજ તેના ઉદ્‌ઘાટન પ્રસંગે રેલવેના ઘણા વડા અધિકારીઓ આવી પહોંચેલા. ટ્રેન આવી એટલે યોગીજી મહારાજે તેનું પૂજન કરીને શ્રીફળ વધેર્યું. દોરી ખેંચી સ્ટેશનના પાટિયાનું પણ અનાવરણ કર્યું. યોગીજી મહારાજની સાથે સ્વામીશ્રી પણ આ પ્રસંગે ઉપસ્થિત હતા.

ભાદરાથી સ્વામીશ્રી જામનગર પધારેલા. અહીં આણદાબાવા આશ્રમના વિશાળ મેદાનમાં સુંદર મંડપ તળે તા. ૧૫/૪થી તેઓએ 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથના આધારે પારાયણનો પ્રારંભ કર્યો. સ્વામીશ્રીની મીઠાશ, હલક અને સમજાવટથી સૌને શ્રીજીમહારાજનાં ચરિત્રો સાંભળવાની ખૂબ મજા આવી. આ પારાયણ દ્વારા સ્વામીશ્રીએ જાણે હાલારમાં સત્સંગની લહર પ્રસરાવી દીધી! પારાયણની પૂર્ણાહુતિમાં આણદાબાવા આશ્રમના મહંત પૂજ્ય શાંતિપ્રિયદાસજી ઉપસ્થિત રહેલા. તેઓ પણ સ્વામીશ્રીની કથાશૈલીથી ઘણો આનંદ પામ્યા હતા.

ભક્ત-મનોરથ પૂરણકામ

જામનગરથી સ્વામીશ્રી રાજકોટ થઈને આણંદ પધારેલા. આ સમયે વિદ્યાનગરમાં શાસ્ત્રીજી મહારાજની મૂર્તિનું એક મૉડેલ તૈયાર કરવામાં આવેલું. તે જોવા માટે તેઓ ચિત્રકાર હીરાલાલ ખત્રી અને મોટા સ્વામી સાથે ગયેલા. અહીં મૉડેલમાં જરૂરી સુધારા-વધારા કરાવીને તેને સંપૂર્ણતા બક્ષી હતી.

આણંદથી બોચાસણ થઈને તા. ૨૮/૪ના રોજ સ્વામીશ્રી અમદાવાદ પહોંચ્યા. અહીં હજી સરસામાન ખોલ્યો - ન ખોલ્યો ત્યાં તો બીજે દિવસે તેઓને પુરુષોત્તમપુરા જવાનું થયું, કારણ કે ત્યાં તા. ૨૯/૪ના દિવસે ઈશ્વરભાઈ દાજીના પૌત્રોનો ચાંદલાવિધિ રાખવામાં આવેલો. સૌની ઇચ્છા હતી કે સ્વામીશ્રી આ માંગલિક વિધિમાં પધારે. તેથી સ્વામીશ્રી તે દિવસે સવારે અમદાવાદથી નીકળીને પુરુષોત્તમપુરા પહોંચ્યા.

અહીં માંગલિક પ્રસંગે સૌને રાજી કરી સાંજે શ્રીજીપુરા ગયા. આ ગામમાં

હનુમાનજીનું મંદિર થવાનું હતું. તેની ખાતવિધિ કરીને પુનઃ પુરુષોત્તમપુરા પધારી ગયા. પરંતુ તા. ૩૦/૪ના રોજ અમદાવાદના મંદિરનો પાટોત્સવ હતો અને સૌ હરિભક્તોની ઇચ્છા હતી કે આ પ્રથમ પાટોત્સવમાં સ્વામીશ્રી પધારે. તેથી બીજા દિવસની સવારે તેઓ પુરુષોત્તમપુરાથી નીકળ્યા અને અમદાવાદ પહોંચ્યા; પરંતુ આ જ દિવસે સાંજે પુરુષોત્તમપુરામાં રમણભાઈના ઘેર ગંગા-પૂજનનો કાર્યક્રમ રાખેલો. તેમાં પણ સ્વામીશ્રી પધારે તેવો આગ્રહ સૌનો હતો. તેથી અમદાવાદનો પાટોત્સવ ઊજવીને તેઓ તરત નીકળ્યા અને સાંજે પુનઃ પુરુષોત્તમપુરા પહોંચેલા.

આમ, સ્વામીશ્રી એક અને ભક્તો અનેક. તેમાંય એક-એક ભક્તના ભાવ અનેક. છતાં સ્વામીશ્રી શરીર-સમય સામે જોયા વિના સૌને રાજી કરવા ઘૂમતા રહેતા. તેઓ ખરેખર 'ભક્ત-મનોરથ પૂરણકામ' હતા. સામાન્યતયા વ્યક્તિ પોતાના કામમાંથી સમય મળે તો બીજાનાં કામમાં ટેકો દે, પરંતુ સ્વામીશ્રીને તો સૌનાં કામ કરતાં-કરતાં વચ્ચે સમય મળે ત્યારે પોતાનાં કામ કરવાનાં હતાં. આવી પરિસ્થિતિમાં તેઓ અનેક વિરાટ કાર્યો કેવી રીતે કરી શક્યાં એ બાબત પણ એક વણઊકલ્યો કોયડો જ બની રહે તેમ છે.

પુરુષોત્તમપુરાથી સ્વામીશ્રી ધોળકા થઈને સારંગપુર પધારેલા. યોગીજી મહારાજ પણ તા. ૧/૫ના રોજ અહીં આવી પહોંચેલા. અત્રે મંદિરના રંગ-મંડપમાં સ્વામીશ્રીની દોરવણી હેઠળ આરસ પાથરવાનું કાર્ય ચાલી રહેલું. તે કામની ઝડપ અને ગુણવત્તા જોઈ યોગીજી મહારાજ ખૂબ રાજી થયા હતા.

પ્રેમ અને પુરુષાર્થની ગંગા

આ સમયમાં યોગીજી મહારાજે જેસીંગપુરાના પંદર વર્ષના એક કિશોરને સ્વામીશ્રીની સાથે ફરવા રાખેલો. યોગીજી મહારાજે આ કિશોરને કહેલું : 'તમારા મામા નરસી(નરસિંહ) શાસ્ત્રીજી મહારાજના વખતમાં સાધુ થયા'તા. આપણા પ્રમુખસ્વામીની જોડમાં હતા. એટલે તમારે હવે પ્રમુખસ્વામી ભેળા રહેવાનું. એમની સેવા કરવી. બસમાં-રેલગાડીમાં એમની ટિકિટું લેવી, હિસાબ રાખવો. ગાડીમાં જગ્યા કરી દેવી. બસમાં આગળ દોડીને જગ્યા રાખવી. આ મોટી સેવા નારાયણ સ્વામીની કરવાની છે. તેઓ બહુ મોટા છે.'

આટલું કહીને યોગીજી મહારાજ તો વિચરણમાં નીકળી ગયેલા. પરંતુ આ કિશોરને યોગીજી મહારાજનો નેડો એવો લાગેલો કે યોગીજી મહારાજ વિના

ક્યાંય સોરવે નહીં. તેથી રડ્યા કરે. એક વાર તે આમ જ ઊંધું માથું નાંખીને રડતો હશે. બરાબર તે વખતે જ સ્વામીશ્રી ત્યાંથી પસાર થયા. તેઓએ આ કિશોરને રડતો જોયો એટલે તેની પાસે જઈને સાવ નીચે જ બેસી ગયા અને પૂછવા લાગ્યા : 'શું થાય છે? અહીં નથી ગમતું? તું જમ્યો?'

સ્વામીશ્રીની આ સ્નેહસભર સંભાળથી તે કિશોરને સુવાણ થઈ. યોગીજી મહારાજની અત્યંત પ્રેમાળ પ્રકૃતિ તેણે માણેલી. તેના કિશોર-માનસમાં સ્વામીશ્રીની છબી તો એક ગંભીર અને થોડા કડક સ્વભાવના સંત તરીકેની જ હતી. પરંતુ આજે તેને અનુભવ જુદો થઈ રહેલો. સ્વામીશ્રીનો ખોળો તેને માના ખોળા જેવો લાગ્યો. સ્વામીશ્રીના હાથ કુશળ તો છે જ, પણ કોમળેય છે તે આજે તેને અનુભવાયું. તેનો પૂર્વગ્રહ પીગળી ગયો.

પરંતુ તે કિશોરની આંખો તો ત્યારે છલકાઈ ગઈ કે જ્યારે સ્વામીશ્રીએ પોતાના ગાતરિયાથી તેનાં આંસુ લૂછ્યા અને કહેવા લાગ્યા : 'તારો મામો નરસી અતિ આનંદી અને ગમતી હતો. મારી સાથે જ રહેતો. તેમ તને પણ ફાવી જશે.' એમ કહી પ્રસાદના લાડુનો ટુકડો તે કિશોરના મોંમાં મૂકી જમાડ્યો.

સ્વામીશ્રીના સ્નેહનો આ સ્વાદ ચાખતાં જ તે કિશોરના હૈયે કબૂલાત થઈ ગઈ કે 'આ સ્વામીની સાથે મને જરૂર ફાવી જશે.'[૧૬૪]

એક માળી કેટલી માવજત કરે છે ત્યારે બીજમાંથી વૃક્ષ થાય છે! એક સલાટ કેટલી મહેનત કરે છે ત્યારે શિલામાંથી શિલ્પ તૈયાર થાય છે! એક સુથાર કેટલી જહેમત ઉઠાવે છે ત્યારે કાષ્ઠમાંથી કલાકૃતિ નીપજે છે! તે જ રીતે સ્વામીશ્રીએ પણ અપાર માવજત, મહેનત અને જહેમતથી સંતો અને સત્સંગીઓને ખીલવ્યા હતા! એક-એક સંત અને સત્સંગીને તૈયાર કરવા પાછળ તેઓએ વહાવેલા પ્રેમ અને પુરુષાર્થની ગંગા આખા પૃથ્વીપટને આવરી લે તેવી પહોળી-બહોળી છે.

સારંગપુરમાં એકાદ અઠવાડિયાનું રોકાણ કરીને સ્વામીશ્રી તા. ૧૭/૫ના રોજ માણાવદર પધારેલા. આ વર્ષે યોગી જયંતીનો ઉત્સવ ઊજવવા આ ગામ સદ્‌ભાગી બનેલું. માણાવદરથી ભાયાવદર, વરજાંગ જાળિયા, ગણોદ, ઉપલેટા, ધોરાજી, ફણેણી, ગોંડલ, ભાદરા, ડાંગરા વગેરે તીર્થોમાં દર્શનનો લાભ લઈને સ્વામીશ્રી સારંગપુર આવી પહોંચ્યા.

---

૧૬૪. આ કિશોરને સંતદીક્ષા આપીને યોગીજી મહારાજે સાધુ દેવચરણદાસ નામાભિધાન કરેલું. તેઓ ઘણા સમય સુધી સ્વામીશ્રીની સેવામાં રહેલા.

ગામનું દુઃખ એ અમારું જ દુઃખ

સન ૧૯૬૩ના વર્ષે દુષ્કાળની પરિસ્થિતિ પ્રવર્તતી હતી. ઘાસચારા અને પાણીની ભારે અછત સર્જાયેલી. જમીનમાં જળ-તળ ઊંડાં ઊતરી ગયેલાં.

સારંગપુર ગામ પણ આ પરિસ્થિતિમાં ભારે હાલાકી ભોગવતું હતું. સ્વામીશ્રી સારંગપુર પધાર્યા છે તે જાણી, ગામના સરપંચ અને મુખી વગેરે આગેવાનો તેઓ પાસે દોડી આવ્યા. દુષ્કાળને લીધે પશુઓ તથા મનુષ્યોને પાણીની ઘણી તકલીફ પડી રહી છે તે વાત સૌએ સ્વામીશ્રીને જણાવી.

સૌની વીતકકથા સાંભળીને સ્વામીશ્રી એક જ વાક્ય બોલ્યા : ‘ગામનું દુઃખ એ અમારું જ દુઃખ છે.’

તેઓ ઝાઝું બોલતા નહીં પણ નક્કર કરી બતાવતા. તેથી તે જ ક્ષણે સ્વામીશ્રીએ ‘મંદિરના કૂવામાંથી ગામને પાણી આપવામાં આવશે’ તેવી બાંયધરી સૌને આપી. સ્વામીશ્રીની આ હૈયાધારણ સાંભળી સૌના જીવમાં જીવ આવ્યો. ત્યારબાદ દિવસો સુધી સ્વામીશ્રીની કરુણા જ મંદિરના કૂવાના પાણી દ્વારા રેલાતી રહી. તેથી સારંગપુરનાં પશુઓ અને મનુષ્યો નવજીવન પામ્યાં! સ્વામીશ્રીની એ પરોપકાર-ગંગામાં સ્નાન કરતાં કરતાં સૌ દુષ્કાળની આફતને તરી ગયા!!

સારંગપુરથી સ્વામીશ્રી અટલાદરા થઈને ભાયલી પધાર્યા હતા. અહીં તા. ૧/૬ થી ૭/૬ સુધી સૌને કથારસમાં ઝબકોળી તેઓ અટલાદરા, બોચાસણ થઈને અમદાવાદ આવી પહોંચ્યા.

साधवो हृदयं मह्यम्

અમદાવાદમાં ભક્તિજીવન સ્વામી માંદા થયેલા. માંદગીને લીધે તેઓને કષ્ટ પણ અતિશય થતું હતું. ઉપચારો ચાલુ હતા પણ કોઈ ઉપાય કારગત નીવડતા નહોતા.

સ્વામીશ્રીની જાણમાં આ વિગત આવતાં તે સંતની સારવારનો દોર તેઓએ પોતાના હાથમાં લીધો. સંત અને સત્સંગીની શુશ્રૂષા કરવી એ તેઓનું આગવું અંગ હતું. તેથી પ્રથમ તો તેઓએ ચંપકભાઈ શેઠને મંદિરે બોલાવ્યા અને અમદાવાદની વાડીલાલ હૉસ્પિટલમાં તે સંતને લઈ જવાની ગોઠવણ કરાવી. બધી વ્યવસ્થા ગોઠવાઈ જતાં સ્વામીશ્રી સ્વયં તે સંતની સાથે હૉસ્પિટલમાં ગયેલા અને તેઓનો ઉપચાર કરાવેલો.

સ્વામીશ્રીની પોતા પ્રત્યેની આવી લાગણી જોઈને તે બીમાર સંતને ગળે ડૂમો ભરાઈ આવ્યો. સ્વામીશ્રી પ્રત્યેનો આભાર તેઓના મુખમાંથી નહીં પણ તેઓની આંખોમાંથી વહેવા માંડ્યો. સૌને 'साधवो हृदयं मह्यम्...'[૧૬૫] 'સંત મારું હૃદય છે' એ વચનો સ્વામીશ્રીમાં સાકાર થતાં અનુભવાયાં.

...એમાં અમે આવી ગયા

તા. ૧૨/૬ના રોજ સ્વામીશ્રી અમદાવાદથી સારંગપુર જવા નીકળ્યા. વચ્ચે પૌરાણિક સ્થાન ભીમનાથ મહાદેવનાં દર્શન કર્યાં. સારંગપુરમાં માત્ર એક દિવસનું રોકાણ કરીને ભાવનગર પહોંચ્યા.

અહીં 'સ્વામીની વાતો' તથા 'નિષ્કુળાનંદ કાવ્ય'ના આધારે ત્રિદિવસીય પારાયણ યોજાયેલું. યોગીજી મહારાજ પણ આ પ્રસંગે પધારેલા.

વૅકેશનના દિવસો હોવાથી ઘણા યુવાનો પણ યોગીજી મહારાજનો લાભ લેવા આવી પહોંચેલા. તેમાં મુંબઈના રમેશ દવે પણ એક હતા. તેઓએ એમ.એ.ની પરીક્ષા આપેલી. અહીં ભાવનગરમાં તા. ૧૫/૬ની વહેલી સવારે બે વાગ્યે ટેલિગ્રામ દ્વારા તેઓને આ પરીક્ષાનું પરિણામ મળ્યું. પરિણામ જાણી આ યુવાન ખુશ થઈ ગયો. તેના મનમાં એક જ વિચાર સવાર થઈ ગયો કે 'બાપા સવારે ઊઠે એટલે પરિણામની વાત કરીએ.'

સવારે પોણા પાંચ વાગ્યે યોગીજી મહારાજ જાગ્યા ત્યારે આ યુવાને પોતાના પરિણામનો તાર તેઓને બતાવ્યો. યોગીજી મહારાજે તે આંખે અડાડીને કહ્યું : 'વાંચો.'

તે યુવકે કહ્યું : 'આમાં લખ્યું છે કે હું સેકન્ડ ક્લાસ પાસ થઈ ગયો છું.'

આ સાંભળી તરત યોગીજી મહારાજ બોલ્યા : 'હું નો'તો કહેતો? મહારાજની દયાથી તમારો ક્લાસ આવી જશે! જો, આવી ગયો ને! હવે મોટા પ્રૉફેસરેય થઈ જશો.' એમ કહી તે યુવકને ધબ્બા માર્યા.

તે વખતે રમેશભાઈએ કહ્યું : 'બાપા! પરિણામની ખુશીમાં મારે આપને આઈસક્રીમ જમાડવો છે.'

'અત્યારે ઠાકોરજી માટે પેંડા લઈ આવો. આઈસક્રીમ બપોરે ચાર વાગ્યે લાવજો. ત્યારે જમીશું.' યોગીજી મહારાજ બોલ્યા.

આ આજ્ઞા થતાં તે યુવાન તો સ્નાનાદિકથી પરવારી ઠાકોરજી માટે પેંડા

૧૬૫. श्रीमद्भागवतपुराणम् - ૯/૪/૬૮.

લઈ આવ્યો. પછી હરિભક્તના ઘરમાં બનાવેલો આઇસક્રીમ લઈને પણ બપોરે તે હાજર થઈ ગયો. યોગીજી મહારાજે પિત્તળની વાટકીઓમાં આઇસક્રીમ કઢાવીને ઠાકોરજીને ધરાવ્યો. પછી એક આંગળી આઇસક્રીમમાં બોળીને તે જીભે અડાડી. તે જોઈ રમેશભાઈએ કહ્યું : 'બાપા ! આપ આઇસક્રીમ જમો. આપે કહ્યું હતું કે બપોરે જમીશું.'

ત્યારે યોગીજી મહારાજે આઇસક્રીમની વાટકી બાજુમાં બેઠેલા સ્વામીશ્રીના હાથમાં આપતાં કહ્યું : 'આ પ્રમુખસ્વામી આઇસક્રીમ જમશે. એ જમ્યા એમાં અમે આવી ગયા. એ જમ્યા ઈ અમે જ જમ્યા છે એમ માનજો.'

યોગીજી મહારાજના આ શબ્દોથી સૌને સ્વામીશ્રીના મહિમાની વિશેષ પ્રતીતિ થઈ. સૌને સમજાયું કે 'સ્વામીશ્રી તો *'એવા સંત જમે જમ્યા શ્યામ...'* જેવા સંત છે. તેઓને બીજા સાધુ-સંત જેવા ગણવાની ભૂલ કરવા જેવી નથી.

સગાં સહુના સુખસ્વરૂપ

ભાવનગરનું પારાયણ પૂરું કરી સ્વામીશ્રી સારંગપુર, અમદાવાદ થઈને ગુરુપૂર્ણિમાના સમૈયા માટે બોચાસણ પધાર્યા હતા. આ જ તિથિએ ચંદ્રગ્રહણ હતું. તેથી રાત્રે બે વાગ્યાથી પાંચ વાગ્યા સુધી આ ગ્રહણનો સમૈયો તેઓએ કરેલો.

આ સમયમાં નાગજીભાઈ તથા ધૂળાભાઈ નામના બે ખેડૂતો વચ્ચે એક મકાન અંગે તકરાર ઊભી થઈ હતી. કોઈ રીતે તેનો નિવેડો આવતો નહોતો. સ્વામીશ્રીએ દયા લાવી આ મામલો પોતાના હાથમાં લીધો. તેઓ પોતાની ભરચક પ્રવૃત્તિમાંથી સમય કાઢીને ખાસ આ કામ માટે જ તેઓના ગામમાં ગયા. ત્યાં જઈને જાતે વાડા-વંડાના માપ કઢાવ્યા. રસ્તા વગેરેની પણ મોજણી કરાવી. બંનેને સાથે બેસાડી વિગતવાર વાત સમજાવી.

...પણ અંતે ધૂળાભાઈએ ધૂળ ઉડાડી. સતત ચાર દિવસ સુધી આ મડાગાંઠ ઉકેલવા સ્વામીશ્રી તે ગામમાં રોકાયા, પણ તેઓનાં દાખડા-દલીલો સૌ પથ્થર પર પાણી જેવાં બની રહ્યાં. છેવટે અનિવાર્ય કાર્ય આવતાં સ્વામીશ્રી તે બંને હરિભક્તોને આશીર્વાદ આપી બોચાસણ જવા નીકળી ગયા. પોતાનું વચન ન માનનાર પ્રત્યે પણ તેઓને કોઈ ભાવફેર થયો નહીં.

તે જોઈ સૌ વિચારી જ રહ્યા કે 'વિશ્વના કેટલા મહાપુરુષોએ પોતાના આશ્રિતના આવા વ્યાવહારિક પ્રશ્નોને ઉકેલવા માટે આટલી ખેવના રાખી હશે ?!' *'સગાં સહુના સુખસ્વરૂપ...'* સમા સ્વામીશ્રી પર સૌ ઓવારી ગયા.

સોળવલું સોનું

આ અરસામાં જ તા. ૧૯/૭ના રોજ યોગીજી મહારાજ અને સ્વામીશ્રીની હાજરીમાં નિર્ણય લેવાયો હતો કે 'હવે મુંબઈ મંદિરનું સંચાલન સંતો દ્વારા થશે. તેમાં ભક્તિપ્રિયદાસ સ્વામી કોઠારી તરીકે અને મહંત સ્વામી મંદિરના મુખ્ય સંત તરીકે રહેશે.' સાથે સાથે 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા'નાં સંપાદન અને પ્રકાશનની સેવા પણ આ સમયથી સંતોને જ સોંપાઈ.

ત્યારબાદ સ્વામીશ્રી અમદાવાદ થઈને ગઢડા પધારેલા.

તે સમયે મુંબઈના નામાંકિત એન્જિનિયર મોહનભાઈ રાઠોડ તેઓના સંપર્કમાં આવ્યા. આ મહાનુભાવ રામાયણના અઠંગ અભ્યાસી હતા અને ઘણા સાધુ-સંન્યાસીઓ આગળ પલાંઠી જમાવી ચૂકેલા. પણ તેમાં યોગીજી મહારાજ વિશે તેઓને વિશેષ સદ્ભાવ.

મુંબઈના રોકાણ દરમ્યાન એક વાર યોગીજી મહારાજે તેઓને કહેલું : 'મોહનભાઈ! ગઢડામાં શાસ્ત્રીજી મહારાજે આરસનું મંદિર કર્યું છે. દર્શન કરવા જેવું સ્થાન છે. તેનું કામ હજુ ચાલે છે. વળી, ત્યાં સભામંડપ, ધર્મશાળા બધું કરવું છે. તો આપ એક વાર ત્યાં જઈ આવો એવી અમારી ઈચ્છા છે. ત્યાં પ્રમુખસ્વામી છે. તેમને બધું માર્ગદર્શન તમે આપજો.'

યોગીજી મહારાજની આજ્ઞા થતાં મોહનભાઈ ગઢડા આવેલા. અહીં તેઓ પાંચ-છ દિવસ રોકાયા. તે દરમ્યાન સ્વામીશ્રીએ તેઓની યથાયોગ્ય સંભાવના કરી. વળી, મંદિરનો ઈતિહાસ, ગઢડાનો મહિમા વગેરે પણ સમજાવ્યું. ઈજનેર હોવાને નાતે મોહનભાઈ સ્વામીશ્રીને બાંધકામ સંબંધી કંઈક પૂછે, ત્યારે આધારભૂત માહિતી સાથે જટિલ વાતનો પણ તરત ખુલાસો સ્વામીશ્રી કરી આપે.

મોહનભાઈ પોતે સુશિક્ષિત, વિચક્ષણ અને બુદ્ધિશાળી. તેથી સાધુ-સંતને માપવાનો ગજ ગજવામાં લઈને જ ફરતા. પણ સ્વામીશ્રીની સાદાઈ, સાધુતા, સેવા, સૂઝ વગેરેથી તેઓ અત્યંત પ્રભાવિત થઈ ગયા.

તેઓ મુંબઈ પાછા આવીને જ્યારે યોગીજી મહારાજને મળ્યા ત્યારે યોગીજી મહારાજે કહ્યું : 'મોહનભાઈ! ગઢડાની વાત કરો.'

તે વખતે તેઓ એકદમ ગળગળા થઈ ગયા અને કહેવા લાગ્યા : 'બાપા! નારાયણસ્વરૂપ સ્વામીની શું વાત કરું? નારાયણસ્વરૂપ સ્વામી તો નારાયણનું જ સ્વરૂપ છે. એવા એમના ગુણો છે, એવી એમની સાધુતા છે. આવા સાધુ,

સંસ્થાના આવા પ્રમુખ મેં કોઈ આશ્રમ કે મંદિર કે સંપ્રદાયમાં નથી જોયા.'

આ સાંભળતાં યોગીજી મહારાજ પણ રાજી થઈ ગયા અને તાળી વગાડતાં બોલી ઊઠ્યા : 'એ જ અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજનો પ્રતાપ છે. પ્રમુખસ્વામી તો સોળવલું સોનું છે.'

પહેલું પગલું પ્રાર્થના

ગઢડાથી સ્વામીશ્રી તા. ૩૦/૭ના રોજ સારંગપુર પધારેલા. અહીં તેઓના રોકાણ દરમ્યાન રક્ષાબંધનનો સમૈયો આવ્યો. આ વખતે વરસાદ ખેંચાયેલો. તેથી ખેતી, પશુપાલન અને માનવજીવન – ત્રણેય માટે કપરી પરિસ્થિતિનાં એંધાણ દેખાઈ રહેલાં. આવા સંકટ સમયે સ્વામીશ્રી માટે એક સબળ સહારો રહેતો – પ્રભુપ્રાર્થના. તેઓ કોઈ પણ મુશ્કેલીને ફેડવા માટે આયોજનબદ્ધ પુરુષાર્થ કરવામાં જાતને નિચોવી નાંખતા, પરંતુ ભગવાનને પ્રાર્થનાનું પગલું પહેલું ભરતા. તે અનુસાર આ સમયે પણ સર્વત્ર સારો વરસાદ થાય તે માટે તેઓએ શાસ્ત્રીજી મહારાજની દેરીએ ધૂન-પ્રાર્થના-પ્રદક્ષિણા ચાલુ કરાવ્યાં.

પોતે પણ ધૂન કરવા બેસે. પ્રદક્ષિણા ફરે. તે વખતે શ્રીજીમહારાજ વિશેની તેઓની અપાર શ્રદ્ધા તેઓના અંગોઅંગમાંથી ઝરતી દેખાય. ક્યારેક એકીટશે અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરતાં કરતાં ધૂનમાં એકતાર થઈ જાય તો ક્યારેક નેત્ર મીંચીને પ્રાર્થનામાં લયલીન થઈ જાય. ઊપડતી લયમાં ચાલતી ધૂનમાં તાળીઓનો નાદ એવો ગજાવે કે હમણાં મેઘ ગરજશે-વરસશે એવું લાગે. તાળી વગાડતાં વગાડતાં ક્યારેક બે હાથ ઠેઠ મુખ-મસ્તક સુધી ઉપર આવી જાય. ધૂન માટે પલાંઠી તો વળી તે વળી. કેડ જમીન સાથે ૯૦ અંશનો ખૂણો બનાવતી હોય તેવી સીધી-ટટ્ટાર રહે. તેઓને ધૂન-પ્રાર્થના કરતાં જોવા એ પણ એક લૂંટવા જેવો લહાવો હતો.

પ્રદક્ષિણા ફરે ત્યારે એક હાથે ગાતરિયાનો છેડો પકડીને ચાલે. બીજા હાથની ટચલી આંગળીથી વેઢા ગણતા જાય અને પ્રદક્ષિણાની સંખ્યા માપતા જાય.

આ રીતે સ્વામીશ્રીએ લોકની સુખાકારી માટે પ્રાર્થનાયજ્ઞ આદરેલો. દેરીએ નિત્ય પ્રભાતે પાંચ અભિષેક કરવામાં આવતા, પરંતુ પૂનમના દિવસે સ્વામીશ્રીએ વરસાદ માટે પાંચ અભિષેક વધુ કરાવ્યા હતા.[૧૬૬]

---

૧૬૬. તેઓની આ ધૂન-પ્રાર્થનાથી રીઝીને શ્રીજીમહારાજે દયા કરેલી અને સર્વત્ર સારો વરસાદ થયેલો.

આ અરસામાં જ સારંગપુરની પંચાયતે યાત્રાવેરાનો ઠરાવ પસાર કરવાનું વિચારેલું. આ વિગત સૌને થોડી અજુગતી લાગતી હતી, કારણ કે સારંગપુર ગામનો નિભાવ અને વિકાસ જ ગામમાં આવેલાં સ્વામિનારાયણ મંદિર અને હનુમાનજી મંદિરને આભારી હતો. જો ગામમાંથી આ બે મંદિરોની બાદબાકી થઈ જાય તો સારંગપુરનો ઘાટ સમ્રાટ સુદામો થઈ જાય એવો બનીને રહે તેવું હતું. છતાં આ બેય મંદિરોમાં ઊભરાતી ભક્તમેદની જોઈને યાત્રાવેરો લાદવા માટે કેટલાકની દાઢ સળકેલી.

આ વિષયક વાતો સ્વામીશ્રી પાસે આવી. તેથી સ્વામીશ્રીએ આ બાબતે સરપંચ, પંચાયતના સભ્યો, મામલતદાર વગેરેને સ્પષ્ટતાથી વાત સમજાવી. તેના ફળરૂપે યાત્રાવેરો બંધ રહે તેવું વાતાવરણ થયું.

આમ, વેરાથી લઈને વરસાદ સુધીના પ્રશ્નોમાં જ્યાં જ્યાં પ્રજા પીડાતી-પીલાતી હોય ત્યાં ત્યાં સ્વામીશ્રી પ્રાર્થના અને પુરુષાર્થનાં બળે તે કષ્ટોને કાપવા તત્પર રહેતા.

સૌને સુખી કરતાં સ્વામીશ્રી જન્માષ્ટમીનો સમૈયો કરવા માટે તા. ૧૦/૮ના રોજ સારંગપુરથી અટલાદરા આવી પહોંચેલા. આ ઉત્સવમાં યોગીજી મહારાજ મુંબઈ હોવાથી પધારી શક્યા નહોતા.

રજત-જયંતીના આશીર્વાદ

અટલાદરામાં જન્માષ્ટમીનો સમૈયો ઊજવી સ્વામીશ્રી બોચાસણ, અમદાવાદ થઈને ગોંડલ પધારેલા.

આ વર્ષે સંસ્થાકીય સામયિક ‘સ્વામિનારાયણ પ્રકાશ’ને પચીસ વર્ષ પૂર્ણ થતાં હતાં. સત્સંગને નવપલ્લવિત રાખવામાં મોટું યોગદાન આપનાર આ સામયિકની રજત જયંતીના અવસરે પ્રકાશન પ્રવૃત્તિ અભિવૃદ્ધિ પામે તે માટે સ્વામીશ્રીએ સુંદર આશીર્વાદ પત્ર લખતાં જણાવેલું કે –

‘શ્રી સ્વામિનારાયણ પ્રકાશને પચીસ વરસ પૂરાં થાય છે. સંપ્રદાયમાં બીજાં કેટલાક માસિક આવતાં પણ આજ તેનું અસ્તિત્વ રહેલ નથી અને આ માસિકનું આવી મોંઘવારી હોવા છતાં પણ અસ્તિત્વ રહેલ છે. તેનું કારણ તેની પાછળ મહાન પુરુષનું બળ અને આશીર્વાદ રહેલાં છે. પરમ પૂજ્ય ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે શ્રીજીમહારાજના આદેશ મુજબ અક્ષર અને પુરુષોત્તમનો જે સિદ્ધાંત પ્રવર્તાવ્યો છે તેની પુષ્ટિ આ માસિક દ્વારા

ઘણી સારી રીતે થઈ છે. અને કોઈ પણ જાતની ખોટી ચર્ચામાં ઊતર્યા સિવાય સ્વામી-મહારાજ અને સત્પુરુષનો અલૌકિક મહિમા જનસમુદાયને સમજાવી આ માસિકે સત્સંગની સુંદર સેવા કરી છે. આ માસિકનો લાભ બહોળા પ્રમાણમાં જનસમૂહને મળે તેવી પ્રાર્થના.'

આમ, 'પ્રકાશ'ની જ્યોતમાં આશીર્વાદનું તેલ સ્વામીશ્રીએ પૂરી આપ્યું.

સેવાનું સુવર્ણપૃષ્ઠ

ગોંડલથી સારંગપુર આવેલા સ્વામીશ્રી તા. ૨૭/૮ના દિવસે આંબલી-વાડીએ પધાર્યા હતા. અહીં મરચીનો પાક કરવામાં આવેલો. સ્વામીશ્રી જ્યારે ત્યાં ગયા ત્યારે મરચી નીંદવાનું કામ ચાલતું હતું. તે વખતે સ્વામીશ્રી પણ સૌની સાથે મરચી નીંદવા માટે બેસી ગયેલા.

સત્સંગની સેવાનો કલ્પનાતીત મહિમા તેઓના જીવનમાં હતો. તેથી જ્યારે નાની-મોટી કોઈ પણ સેવાનો અવકાશ મળે કે તરત જ તેઓ તેમાં પરોવાઈ જતા. પાણીનો રેલો ઢાળ મળે ત્યાં દડી જાય તેમ સ્વામીશ્રી પણ સેવા દેખાય ત્યાં દોડી જતા.

સ્વામીશ્રી સ્વયં સેવામાં ભળતાં મરચી નીંદવાનું કામ કરતાં સૌ આનંદમાં આવી ગયા. જેમ શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીએ માણાવદરમાં મયારામ ભટ્ટના ખેતરનો બાજરો લણવા દાતરડું હાથમાં લીધેલું તેમ સ્વામીશ્રીએ પણ આજે મરચી નીંદીને સત્સંગની સેવાના વધુ એક સુવર્ણપૃષ્ઠનું આલેખન કરી દીધું.

અહીંથી તા. ૨૮/૮ના રોજ સ્વામીશ્રીએ કોઠારી અક્ષરસ્વરૂપ સ્વામીને ઉદ્દેશીને લખેલા પત્રમાં જણાવેલું કે *'વિ. વાલોરનું બી તથા ગુવાર બી તથા કારેલાં લાંબા તેનું બી પણ લેતા આવશો... મહાતમ સ્વામી સાથે ભીંડાનું બી આવેલ છે. બીજું આવેલ નથી...'*

સમગ્ર સંસ્થાના કાર્યભારને ઉપાડનારા સ્વામીશ્રી એક-એક મંદિર નહીં, મંદિરના એક-એક વિભાગની કાર્યવાહીમાં કેટલા ઊંડા ઉતરતા તેની એક ઝલક ઉપરોક્ત પત્રમાં જોવા મળે છે. ખરેખર, તેઓ એક એવું છત્ર હતા કે જેની છાયામાં વાલોરથી વડ સુધીનાં સૌ વિકસી શકતાં.

તા. ૩૧/૮ના રોજ જળઝીલણી એકાદશીનો ઉત્સવ ઊજવવા માટે યોગીજી મહારાજ પણ સારંગપુર પધારી ગયા હતા. હજારો હરિભક્તોની

ઉપસ્થિતિમાં યોગીજી મહારાજે ઠાકોરજીને જાળિયા ધરે જળમાં ઝિલાવ્યા. આ શુભ દિવસે જ સારંગપુર મંદિરની સુખશય્યામાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની પટપ્રતિમાની સ્થાપના પણ તેઓના વરદ હસ્તે થઈ.

આ ઉત્સવ બાદ તા. ૭/૯ના દિવસે શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વનો સમૈયો ઊજવીને સ્વામીશ્રી ગઢડા થઈને ઝાલાવાડનાં ગામોમાં વિચરણ કરવા નીકળી પડ્યા. તેમાં તેઓએ લીંબડી, ઊંટડી, મોજીદડ, નવાગામ, ભૃગુપુર, ખારવા, વઢવાણ, સુરેન્દ્રનગરને પાવન કરેલાં. ત્યારબાદ બોચાસણ આવી પહોંચેલા.

મધરાતે પ્રમુખગીતા

બોચાસણમાં સ્વામીશ્રીને મળવા હકાભાઈ આતુર હતા. આ હરિભક્ત સંસ્થાનાં વહીવટી કાર્યોમાં વ્યસ્ત રહેતા. તેમાં અહં-મમત્વને કારણે મન-લાગણી ઘવાય તેવા પ્રસંગો બનતા. ક્યારેક વગર વાંકે પણ ટપલાં ખાવાનો વારો આવતો. ક્યારેક પાડાના વાંકે પખાલીને ડામની જેમ કો'કની ભૂલ હોય તેમાં પણ રેલો તેઓ નીચે આવતો. આવા પ્રસંગોને કારણે તેઓને અંતરમાં ઉદાસી વ્યાપી ગયેલી. સેવામાંથી નિવૃત્તિ લઈ લેવાના વિચારો મનમાં ઘુમરાવા લાગેલા.

જીવનમાં મોટાભાગની વ્યક્તિઓ પ્રશ્નોનું સમાધાન આવા પલાયનવાદમાં શોધતી હોય છે. તેઓ એમ વિચારે છે કે 'પ્રવૃત્તિ જ છોડી દો એટલે પ્રશ્નો પણ શમી જશે.' પરંતુ આ મિથ્યા વ્યવસાય છે. માથું દુઃખતું હોય તો તે દુઃખાવો મટાડવા ટીકડી લેવાય, માથું ન કપાય. ઘરમાં ગરમી લાગતી હોય તો બારી ખોલાય, બારીનો કાચ ન ફોડાય. તેમ પ્રવૃત્તિમાં આવતા પ્રશ્નોથી છૂટવા પ્રવૃત્તિને હડસેલો મારી દેવો તે બેહૂદો ઉપાય છે, પરંતુ આવા ઉપાય સુધી હકાભાઈ ધસી ગયેલા.

સ્વામીશ્રીએ તેઓને સાંત્વના આપી, છતાં તેઓ જોઈએ તેવા નિઃસંશય થયા નહીં. તેથી બીજા દિવસે તો સ્વામીશ્રીએ રાત્રે બે વાગ્યા સુધી તેઓને સમજણની વાતો કરી.

અંતે કૃષ્ણની વાતો સાંભળી અર્જુન ખડો થઈ ગયો હતો તેમ હકાભાઈનાં પડળ ખૂલી ગયાં. તેઓ પણ 'करिष्ये वचनं तव।' 'તમે કહેશો તેમ કરીશ'ના ભાવમાં આવી ગયા અને જીવનપર્યંત સેવા કરતા રહેલા.

ભગવદ્‌ગીતા એ 'धर्मक्षेत्रे कुरुक्षेत्रे...'થી 'यत्र योगेश्वरः कृष्णः...' સુધીના સાતસો શ્લોકોનો સંગ્રહ જ નથી. હકીકતે ભાંગી પડેલાને બેઠો કરે તેનું નામ

ભગવદ્ગીતા ! કર્તવ્ય બજાવવામાં કાયર થયેલા કૈંક અર્જુનોને સ્વામીશ્રી પોતાના બે શબ્દે બેઠા કરતા રહેલા. તેઓના એ બે બોલ પણ ભગવદ્ગીતાનો દરજ્જો પામે તેવા જ બની રહેતા.

સત્યસિદ્ધાંતના સાવધ સંત્રી

સન ૧૯૬૦-૬૩નાં વર્ષો દરમ્યાન, સંસ્થામાં વધુ પડતી વિશાળ વિચારધારાને વરેલી કેટલીક વ્યક્તિઓને એક 'મિશન'ની સ્થાપનાનો વિચાર આવેલો, પરંતુ તેના જે મુસદ્દા તેઓએ ઘડેલા તે સ્વીકારવામાં શ્રીજીમહારાજ દ્વારા પ્રસ્થાપિત અને શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રવર્તિત સિદ્ધાંતોનો જ ઘડો લાડવો થઈ જાય તેમ હતું.

સ્વામીશ્રીની તીક્ષ્ણ બુદ્ધિ આ આડઅસરને વેળાસર પારખી ગયેલી. તેથી તેઓએ યોગીજી મહારાજ તથા સંપ્રદાયના વરિષ્ઠ સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં તે વિશે વિગતવાર વિમર્શ કરાવેલો. તેમાં સૌને લાગેલું કે 'મિશનની પ્રવૃત્તિનો વિચાર નાળ કરતાં ગળું કાપે એવો છે. તેમાં સંસ્થાની સ્થાપનાનો હેતુ માર્યો જાય છે અને અનેકના મોક્ષમાર્ગમાં ખંભાતી તાળું વાગી જાય એમ છે.' તેથી સંમતિ અને સહમતિથી આ પ્રવૃત્તિ બંધ કરવાનો નિર્ણય તા. ૧૮/૭/'૬૩ના રોજ બોચાસણમાં લેવાયેલો.

પરંતુ અમુક વર્ગને આ રુચ્યું નહીં; જેમ ગીંગાને ગોળ ગમે નહીં તેમ. તેથી તેઓનાં મનમાં આ વિશે કચકચ ચાલ્યા કરતી. તેઓને સુયોગ્ય સમજણ ચીંધતાં સ્વામીશ્રીએ શબ્દે શબ્દે સોનું રેડતાં જતાં હોય એ રીતે લખેલું :

> *વિ. ત્યાંના લોકોને મીશન શબ્દથી સ્વામિનારાયણનો ખ્યાલ આવવાનો નથી. તે માટે આપડે જ સમજી જવાનું રહેશે. એટલે મીશન શબ્દની કોઈ વિશેષતા નથી. આપડે તો સ્વામિનારાયણ યા અક્ષર-પુરુષોત્તમ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની વાતો સમજાવવાની છે. એટલે મુળ સિદ્ધાંતને બાધ હતો. માટે જ તે અંગે જે નિર્ણય લેવાયો છે તે મુજબ સર્વે કાર્ય થવું જોઈએ. માટે જ આપને મીશન શબ્દ કાઢી નાંખવા જણાવેલ હતું અને છે. તો હવે આપ પણ તે મુજબ ત્યાં જરૂરથી ફારફેર (ફેરફાર) કરવા વિનંતી છે.*
>
> *વિશાળ દષ્ટિની આપે વાત જણાવી પણ મુખ્ય સિદ્ધાંતોને મૂકીને વિશાળ દષ્ટિ કોઈ વ્યક્તી કે સંસ્થામાં હોતી નથી. સહજાનંદ સ્વામીએ*

તમામ ધર્મોને અને લોકોને અપનાયા પણ પોતાનો મુળ સિદ્ધાંત અને મર્યાદાને મુકીને નહિ. શાસ્ત્રીજી મહારાજે પણ વિશાળતા રાખી છે પણ મુળ વાતો મુકીને નહિ. આપડે તો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કે સ્વામિ-મહારાજના મુળ સિદ્ધાંતો કે મર્યાદાઓને મુકીને વાત નથી અને એવી વિશાળતાનો કોઈ અર્થ પણ નથી. એટલે આપડી વિશાળતા કે વાતો તેઓની મર્યાદાઓમાં રહીને કરવી જોઈએ.

સંસ્થાના હીતમાં બાપાની ઈચ્છા તેમ જ મરજી મેળવી જે કાંઈ નિર્ણયો લેવાયા હોય કે લેવાય તે આપડે માન્ય હોવા જોઈએ અને તેથી વિરુદ્ધ જઈ કોઈ કાર્ય આપડાથી થઈ શકે નહિ. એટલે કોઈ પણ વ્યક્તિ બન્ને બાજુની વાત રાખી શકતા નથી. આપે જ એવું વાતાવરણ ઊભું કર્યું કે જેથી આપના તરફ સહેજે બધાને શંકાની દૃષ્ટિ રહે. એટલે આપે જ હવે વાતાવરણ ફેરવવાની જરૂર છે. જેથી આપના તરફ જે સદ્ભાવ, લાગણી છે તે બધાની ટકી રહે. યોગીજી મહારાજ કર્તાહર્તા છે. એટલે તે મુળ મુકી બીજી વાતોમાં પડવાની જરૂર નથી.

આ સંસ્થા સાથેના સંબંધો સાચવવા તે આપડી ફરજ છે.

ચારેકોરથી પવન આપણા ઓરડામાં પ્રવેશે તે માટે ઘરની બારીઓ ખુલ્લી રાખીએ તે સારું છે; પરંતુ એ પવન આપણને આપણા જ ઘરમાંથી ઉડાડી મૂકે એ રીતે ફૂંકાય ત્યારે ઘરની બારી બંધ કરીએ તે શાણપણ છે, સંકુચિતતા નહીં. આ મુદ્દો સ્વામીશ્રીએ સ્પષ્ટતાથી આ પત્રમાં સમજાવ્યો છે.

સદ્ગુણની પાછળ ચોરી-છૂપીથી ઘૂસી જતા દુર્ગુણને ઓળખી જવાની સૂક્ષ્મ બુદ્ધિ સ્વામીશ્રી પાસે હતી. તેથી જીવનભર સત્યસિદ્ધાંતોના સાવધ સંત્રી તરીકે રહીને તેઓ આપણને સુસ્થિર સંસ્થા આપી ગયા છે. તે માટે પ્રત્યેક સંત-સત્સંગી તેઓનો સદાને માટે ઋણી રહેશે.

પરાવાણીના પૂરમાં શ્રીપુર તણાય છે

બોચાસણથી અટલાદરા, અમદાવાદ થઈને સ્વામીશ્રી શરદ પૂર્ણિમાના સમૈયે ગોંડલ આવી પહોંચ્યા. તા. ૨/૧૦ના રોજ યોગીજી મહારાજના સાંનિધ્યમાં આ ઉત્સવ તેઓએ ઊજવ્યો. અહીંથી ઘોઘાવદર, બંધિયા, વીરપુર, જેતપુર વગેરે ગામોમાં પણ લાભ આપી આવ્યા.

વહેતી નદી કાંઠાના કેટલાય કૂવાઓને જીવંત કરતી જાય, છલકાવતી

જાય તેમ સ્વામીશ્રી પણ મુખ્ય સ્થળે પહોંચતાં આસપાસનાં કેટલાંય ગામોને સત્સંગ-સરવાણી વહેવડાવી તૃપ્ત કરતા જતા.

ગોંડલમાં શરદ પૂર્ણિમા કરીને સ્વામીશ્રી ગઢડા થઈને સારંગપુર આવ્યા. અહીં અન્નકૂટની તૈયારીઓને ઠેલ મારીને તેઓ પુનઃ ગોંડલ પહોંચ્યા.

ગોંડલમાં નગરપાલિકા પાસેથી જમીન ખરીદીને એક નવું સંકુલ કરવાનું હતું. તેની ખાતવિધિ માટે સ્વામીશ્રી પધાર્યા હતા. જો કે યોગીજી મહારાજ તો ગોંડલમાં હતા જ; પરંતુ તેઓ સહિત સૌની ઇચ્છા હતી કે 'પ્રમુખસ્વામી પણ આ પ્રસંગે હાજર રહે.' કારણ કે સ્વામીશ્રીની ઉપસ્થિતિ સૌને ગમતી. તેઓની હાજરીમાત્રથી સૌનાં મનમાં અનેરી તાજગી પ્રસરી જતી. તનમાં તરવરાટ વ્યાપી જતો. 'કાર્ય સારી રીતે થઈ જશે' એવો આત્મવિશ્વાસ પ્રગટી જતો. તેથી એક અઠવાડિયા પહેલાં જ સ્વામીશ્રી ગોંડલથી નીકળેલા છતાં સૌએ તેઓને પુનઃ ગોંડલ બોલાવેલા.

ગોંડલથી ધનતેરસના દિવસે સ્વામીશ્રી સારંગપુર પરત ફર્યા. ચોપડા પૂજન અને અન્નકૂટ-ઉત્સવ સ્વામીશ્રીએ અહીં કર્યા.[૧૬૭] ત્યારબાદ ગોંડલ, રાજકોટ, અમદાવાદ, જેતલપુર, વરતાલ, ભાદરણ વગેરે સ્થળે દર્શન કરીને કાર્તિકી પૂનમના સમૈયે બોચાસણ પહોંચ્યા. દેવદિવાળીનો ઉત્સવ અહીં ઊજવી ડભાણમાં દર્શન કરીને સ્વામીશ્રી પારાયણ માટે અમદાવાદ પધાર્યા.

અન્નકૂટ-ઉત્સવે અક્ષર દેરીમાં યોગીજી મહારાજે કહેલું : 'આ વખતે અમદાવાદમાં ડંકો મારવો છે, સર્વોપરી પારાયણ કરવું છે અને તે પણ પંદર દિવસનું.' આ વચન અનુસાર અમદાવાદમાં ભવ્ય પારાયણનું આયોજન થયેલું. તા. ૩/૧૧ થી તા. ૧૭/૧૧ સુધીનો કાર્યક્રમ હતો. યોગીજી મહારાજને પારાયણ દ્વારા સંપ્રદાયનો ડંકો મારવો હતો. તેથી વક્તા પણ તેને અનુરૂપ રાખેલા – સ્વામીશ્રી. તેઓએ 'હરિલીલાકલ્પતરુ'ના આધારે પારાયણનો પ્રારંભ કર્યો.

યોગીજી મહારાજે કહ્યું હતું તેમ પારાયણનો પ્રભાવ જબરજસ્ત પડ્યો. રાજ્યપ્રધાનો, હાઈકોર્ટના જજસાહેબો, કૉલેજોના પ્રિન્સિપાલો, પ્રોફેસરો, સમાજ-સેવકો, મિલમાલિકો, શેઠિયા-વેપારીઓ, દાક્તરો, અમલદારો અને ઇજનેરો વગેરેએ મોટી સંખ્યામાં આવીને લાભ લીધો. રસોઈ, ધોતિયાંની સેવા પણ સૌએ મન મૂકીને કરી. રસોડું, પાર્કિંગ, સભા વગેરે વ્યવસ્થાઓ ટૂંકી પડે એટલો ભક્તસમુદાય ઊમટ્યો. સ્વામીશ્રીની પરાવાણીનાં પૂરમાં શ્રીપુર ખરેખરું ખેંચાયું.

---

૧૬૭. વિ.સં. ૨૦૨૦નો પ્રારંભ થયો.

પૂર્ણાહુતિ પ્રસંગે વીસ હજાર ભાવિકોએ મહાપ્રસાદ લીધો.

ગિરદીમાં જ કલ્યાણ

અમદાવાદમાં એક વાર પ્રભાશંકર પંડ્યા યોગીજી મહારાજનાં પૂજાદર્શન માટે વહેલી સવારમાં આવી પહોંચેલા, પરંતુ મંદિરમાં 'મઢૂલી નાની ને ભગત ઝાઝા' જેવો ઘાટ થયેલો. યોગીજી મહારાજ જ્યાં પૂજા કરવા માટે બિરાજેલા તે હૉલમાં તો ભાથામાં ભરેલાં તીરની જેમ સૌ ખીચોખીચ બેઠેલા. તેમાં કોઈ રીતે પ્રવેશ મળવાની શક્યતા ન જણાતાં પ્રભાશંકર ઉપલા મેડે સ્વામીશ્રી જ્યાં પૂજા કરવા બિરાજેલા ત્યાં જઈ પહોંચ્યા.

અહીં હજી તો તેઓ સ્વામીશ્રી સમક્ષ પલાંઠી વાળીને માંડ ગોઠવાય ત્યાં તો સ્વામીશ્રીએ પૂછ્યું : 'પ્રભાશંકર ! અહીં કેમ ?'

પ્રભાશંકરે ગિરદીનું કારણ જણાવ્યું. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'જાઓ નીચે. એ ગિરદીમાં જ કલ્યાણ છે. અહીં કશું નથી.' એમ કહી તેઓને નીચે યોગીજી મહારાજની પૂજાનો લાભ લેવા મોકલી દીધા, પણ પોતાનાં પૂજાદર્શન માટે તો ન જ બેસવા દીધા.

સ્વામીશ્રી સૌને પોતાનામાં નહીં, પરંતુ ગુરુમાં જ જોડતા. અજોડ ગાંભીર્ય અને ઊંચાઈ હોવા છતાં સદ્‌ગુણોના સુમેરુ સમો દાસભાવ એ સ્વામીશ્રીની ગુરુભક્તિનો આનંદમય આવિર્ભાવ હતો. તેની પ્રભામાં આજે પ્રભાશંકર અંજાઈ ગયા.

ગુરુભક્તિની અસાધારણ કક્ષા

આ અરસામાં મુંબઈના એક હરિભક્ત શાસ્ત્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓ ભેગી કરતા હતા. તેઓને જાણ થયેલી કે સ્વામીશ્રી પાસે પણ આવી એક પ્રાસાદિક માળા છે. તેથી તેઓએ તે માળા પોતાને આપવા બાબતે સ્વામીશ્રીને આગ્રહ કરેલો.

પરંતુ સહેજ કાળા પારાની આ માળા સ્વામીશ્રી માટે તો અતિ મૂલ્યવાન હતી, કારણ કે તે ભગવાન સ્વામિનારાયણે ફેરવેલી. સાથે સાથે શાસ્ત્રીજી મહારાજની પણ પ્રસાદીરૂપ હતી. તેથી સ્વામીશ્રીએ કહ્યું : 'આ માળા મને યોગીજી મહારાજે અપાવી છે. તેથી કોઈને ન અપાય.'

આ સાંભળી પેલા હરિભક્તે યુક્તિ વિચારીને કહ્યું : 'વાંધો નહીં, પણ

ઉતારામાં મારા સંબંધીઓ છે તેઓને દર્શન કરાવી દેવા પૂરતી મને આપો. હું હમણાં પાછી લઈ આવીશ.'

એ હરિભક્ત જૂના અને મોભાદાર. શાસ્ત્રીજી મહારાજની સેવા પણ ઘણી કરેલી. તેથી સ્વામીશ્રીએ તેઓને માળા આપતાં કહ્યું : 'પાંચ-દસ મિનિટમાં મારી પૂજા પૂરી થશે. ત્યાં સુધીમાં તમે દર્શન કરાવીને માળા પાછી લઈ આવો.'

પણ તે હરિભક્ત માળા લઈ ગયા તે લઈ ગયા. આજની ઘડી અને કાલનો દા'ડો; માળા લઈને પાછા આવ્યા જ નહીં.

પછી તો જ્યારે તેઓ મળે ત્યારે સ્વામીશ્રી તેઓને માળા પરત કરવાની વાત યાદ અપાવે, કારણ કે આ માળા સાથે શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ એમ ત્રણેયની સ્મૃતિ સંકળાયેલી. પણ તે હરિભક્ત વાયદાનો વેપલો જ કર્યા કરે. એટલું જ નહીં, તે હરિભક્તે સ્વામીશ્રી માળા પાછી લેવાની વાત પડતી મૂકી દે તે અંગે યોગીજી મહારાજને પણ જણાવ્યું હશે. તેથી અમદાવાદમાં એક વાર સ્વામીશ્રી પૂજા કરી રહેલા ત્યારે યોગીજી મહારાજ માળા લઈ ગયેલા પેલા હરિભક્તનો હાથ પકડીને સ્વામીશ્રી પાસે આવ્યા અને કહ્યું કે 'પ્રસાદીની માળા પાછી લેવાનો સંકલ્પ હવે ન કરતા. લ્યો, આશીર્વાદ.'

'બહુ સારું. આપની ઈચ્છાથી મળી હતી અને આપની ઈચ્છા આવી છે તો ભલે એમની પાસે માળા રહે.' આમ કહેતાં સ્વામીશ્રીએ તરત જ ગુરુવચન શિરે ચઢાવી દીધું !

ત્યારબાદ સ્વામીશ્રી ઘણી વખત કહેતા કે 'એક વાર યોગીજી મહારાજે કહ્યું પછી કોઈ દિવસ તે માળા સંબંધી સંકલ્પ મને થયો નથી.'[૧૬૮]

આ વિધાન બોલવામાં, વાંચવામાં, લખવામાં જેટલું સહેલું છે તેટલું વર્તવામાં તો નથી જ. તનના ચૂરેચૂરા કરી નાંખનારા સાધકો મનના સંકલ્પની કાંકરી ખેરવવામાં નિષ્ફળ ગયાના દાખલાઓથી ઈતિહાસ ભરેલો છે, કારણ કે મનગમતી વ્યક્તિ-વસ્તુ સાથે સંધાયેલા પ્રીતના અંકોડા તોડવામાં જે પીડા છે તે માનીએ તેટલી હળવી નથી હોતી. અરે ! સમય જતાં ઘરની દીવાલનો ખરવા

---

૧૬૮. સ્વામીશ્રીના શ્રીમુખે જ તેઓનો આ પ્રસંગ સાંભળવા અને તે પ્રાસાદિક માળા નિહાળવા જુઓ વીડિયો ટ્રેક નં. ૨૩. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

પડેલો પથરો પણ પોતીકો લાગવા માંડતો હોય, ત્યાં પ્રાણ સમા સંભારણાં જેવી માળાને આમ કાચી સેકન્ડમાં ભૂલી જવી એ કક્ષા કોઈ અસાધારણ ગુરુભક્તિની અપેક્ષા રાખે છે. સ્વામીશ્રી એ ઉચ્ચતમ કક્ષાએ આસન જમાવીને બેઠેલા ગુરુભક્ત હતા.[૧૬૯]

અમદાવાદમાં પારાયણ પૂર્ણ કરીને સ્વામીશ્રી સારંગપુર, ગઢડા, ગોંડલ, આણંદ, ખેડા, પુરુષોત્તમપુરા, નાજ, મહીજડા થઈને પુનઃ અમદાવાદ પધારેલા.

અહીં ગુલઝારીલાલ નંદા ભારતના ગૃહપ્રધાન તરીકે નિયુક્ત થઈને આશીર્વાદ લેવા આવ્યા હતા. તેઓનું સ્વાગત યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીએ કર્યું અને યશસ્વી કાર્યવાહી માટે શુભાશિષ પાઠવ્યા. અમદાવાદથી સ્વામીશ્રી સારંગપુર આવ્યા ત્યારે અત્રે તા. ૭/૧૨ના રોજ યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં વિજેતા થયેલા ઉમેદવાર સ્વામીશ્રીનાં દર્શને આવેલા. તેઓને પણ ગામના વિકાસ માટે આશીર્વાદ આપ્યા.

આમ, સરપંચથી લઈને કેન્દ્રીય પ્રધાનો સુધી એકધારી આશીર્વર્ષા વરસાવતાં સ્વામીશ્રી તા. ૧૪/૧૨ના રોજ સારંગપુરથી નીકળીને અમદાવાદ, અટલાદરા, ઝાડેશ્વર, ભરૂચ થઈને બિલિમોરા પધાર્યા. અહીં 'હરિલીલાકલ્પતરુ' અને 'ભક્તચિંતામણિ' ગ્રંથ પર બે દિવસ પારાયણનો લાભ આપીને વલસાડને પાવન કરતાં તા. ૨૨/૧૨ના દિવસે મુંબઈ આવી પહોંચ્યા. અત્રે વિલે પાર્લામાં અને દાદરના 'અક્ષર ભુવન'માં 'હરિલીલાકલ્પતરુ'નું પારાયણ સ્વામીશ્રીએ સંભળાવ્યું હતું.

સન ૧૯૬૪

સુનિયોજિત કાર્યપદ્ધતિ

મુંબઈના આ રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ 'યજ્ઞપુરુષ સ્મૃતિ' ગ્રંથના પ્રકાશન અંગે ચક્ર ગતિમાન કરી દીધેલાં. શાસ્ત્રીજી મહારાજના શતાબ્દી મહોત્સવ ઉપક્રમે તેઓના જીવન-કાર્યની પ્રસ્તુતિ કરનારા આ ગ્રંથ અંગે તેઓએ આ અવસરે મહંત સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી વગેરે સાથે વિશદ વિમર્શ કરેલો.

સ્વામીશ્રીની કાર્યપદ્ધતિમાં એક વિશેષતા એ રહેતી કે તેઓ હંમેશા

૧૬૯. આ માળા સમય જતાં તે હરિભક્તના પરિવાર તરફથી પુનઃ પ્રાપ્ત થયેલ. હાલ તે ગાંધીનગર સ્થિત અક્ષરધામના પ્રસાદીમંડપમાં દર્શન આપી રહી છે.

સમયસર પ્રારંભ કરી દેવામાં કુશળ હતા. શાસ્ત્રીજી મહારાજના શતાબ્દી મહોત્સવને હજી તેર મહિનાની વાર હતી, પરંતુ સ્વામીશ્રીએ અત્યારથી જ આ ગ્રંથપ્રકાશનની પ્રક્રિયાનો પ્રારંભ કરાવી દીધો.

'काले खलु समारब्धाः फलं बध्नन्ति नीतयः।'[૧૭૦] સમયે શરૂ થયેલી પ્રવૃત્તિ હંમેશા ફળદાયી નીવડે છે. આ સિદ્ધાંત તેઓના કાર્યમાં સદા જોવા મળતો. તેનો સીધો લાભ સ્વામીશ્રીની સાથે કાર્ય કરનારને અનુભવાતો, કારણ કે સમયસર પ્રારંભ કરી દેવાથી કાર્યમાં સામેલ વ્યક્તિઓને પૂરતો સમયાવકાશ મળતો. પ્રક્રિયા દરમ્યાન કંઈક અણધારી વાત બને તો તેને પહોંચી વળવા માટે પણ પર્યાપ્ત સમય રહેતો. સમયસર કાર્ય થતું હોવાથી બિનજરૂરી રઘવાટ-ઉચાટ માથે ઝળૂંબતા નહીં. સૌને સ્વામીશ્રી સાથે કાર્ય કરવું ગમતું, તેનું એક કારણ તેઓની આવી સુનિયોજિત કાર્યપદ્ધતિ પણ હતી.

કહેવા કરતાં કરવું ભલું

મુંબઈથી સ્વામીશ્રી વસંત પંચમીના સમૈયા માટે અટલાદરા પધારેલા. તા. ૧૯/૧/'૬૪ના રોજ આઠેક હજાર હરિભક્તોની ઉપસ્થિતિમાં આ ઉત્સવ સંપન્ન થયો. આ ઉત્સવ-સભામાં સ્વામીશ્રીએ જણાવેલું કે 'કહેવા કરતાં કરવું ભલું. વાણી કરતાં વર્તનમાં મૂકો તો વિજય સહેજ પણ દૂર નથી. પ્રાણના ભોગે પણ મનુષ્યે ધર્મ તજવો નહીં. શિક્ષાપત્રી જયંતી તો ત્યારે જ ઊજવાઈ ગણાય કે તેની આજ્ઞા પૂર્ણ રીતે સૌ પાળે.'

વસંત પંચમીના સમૈયા બાદ તે દિવસે સાંજે જ આણંદના મંદિરમાં યોગીજી મહારાજની પટમૂર્તિની પ્રતિષ્ઠા કરવા માટે સ્વામીશ્રી પધારેલા અને રાત્રે પુનઃ એક દિવસ માટે અટલાદરા આવી ગયેલા.

યુવાનો સાથે ઓતપ્રોત

અટલાદરાથી સ્વામીશ્રી બોચાસણ, ગોંડલ, અમદાવાદ, સેજાકૂવા, ગોરિયાદ, અંટોલી, બોચાસણ વગેરે ગામોમાં વિચરતાં વિદ્યાનગર પધાર્યા હતા.

અહીંના આગમનનું નિમિત્ત મન ઘડીભર થંભી જાય તેવું હતું. વિદ્યાનગરની વિવિધ હૉસ્ટેલોમાં રહેતા વિદ્યાર્થીઓની રૂમોમાં નવી મૂર્તિઓ પધરાવવા માટે સ્વામીશ્રી આવી પહોંચેલા! પ્રવૃત્તિનો પહાડ માથે ઊંચકીને જે

---

૧૭૦. रघुवंशम् - ૧૨/૬૯.

મહાપુરુષ ફરતા હોય તે યુવાનોના ૧૦'×૧૫'ના ઓરડાઓમાં ૧૦''×૬''ની મૂર્તિઓ પધરાવવા ખાસ કાર્યક્રમ ગોઠવે એ સાચે જ બુદ્ધિને સ્થિર કરી દે તેવી ઘટના કહેવાય. ખરેખર, યુવાનો માટેની સ્વામીશ્રીની લાગણી કોઈ પણ પ્રકારની ત્રિરાશિ મૂકવાથી પકડાય તેવી નહોતી.

જેઓના હાથે ભવ્ય મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠાઓ સંપન્ન થતી હોય, તે મહાપુરુષને પોતાના નાનકડા ઓરડામાં નાનકડી મૂર્તિ પધરાવવા માટેનું આમંત્રણ યુવાનો આપી શકે, તે બાબત જ સ્વામીશ્રી યુવાનો સાથે કેટલા ઓતપ્રોત થઈ ગયા હશે તે દર્શાવનારી છે. યુવાનો સાથે આવો તાદાત્મ્યભાવ કેળવનારા ધર્મગુરુઓ કેટલા હશે ?! અને કેટલા થશે ?!

નિકટના સાથી ગુમાવ્યાનું દુઃખ

વિદ્યાનગરથી સ્વામીશ્રી ફૂલદોલોત્સવની તૈયારી માટે સારંગપુર આવી પહોંચેલા. તા. ૨૮/૨ના દિવસે આ ઉત્સવ રંગે-ઉમંગે સંપન્ન થયો. ઉત્સવ ઊજવી તેઓ અડવાળ, ખસતા વગેરે ગામોમાં વિચરણ કરતાં કરતાં તા. ૧૧/૩ના રોજ અમદાવાદ પધારેલા.

અહીં તેઓને સમાચાર મળ્યા કે 'આફ્રિકાના હરમાનભાઈનો અક્ષરવાસ થયો છે.' આ વિગત સાંભળી સ્વામીશ્રીએ ગળગળા સાદે તેઓને અંજલિ આપતાં કહ્યું : 'મુક્તરાજ પૂજ્ય હરમાનભાઈના અચાનક ધામમાં જવાથી આપણને મહાન ખોટ પડી છે. આખા ગુણાતીત મંડળે આઘાત અનુભવ્યો છે... મને પણ મારા એક નિકટના સાથી ગુમાવ્યા જેવું દુઃખ થયું છે. તેઓ વહીવટમાં ખૂબ મદદરૂપ તેમ જ માર્ગદર્શક હતા. પણ સ્વામી-મહારાજ તથા શાસ્ત્રીજી મહારાજને ગમ્યું તે ખરું.'

યોગીજી મહારાજે પણ સ્વામીશ્રી સાથેનો હરમાનભાઈનો સ્નેહ-સંબંધ સંભારતાં અંજલિ આપી કે 'પરમ ભગવદી (હરમાનભાઈ) પ્રમુખસ્વામીને ખરા મદદગાર હતા. જે તે કામમાં પોતે હાજર રહેતા. તેથી પ્રમુખસ્વામીને દુઃખ થયું. પણ સ્વામી-શ્રીજીને ગમ્યું તે ખરું.'

ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે 'જે દૃઢ સત્સંગી વૈષ્ણવ છે, તે જ અમારે તો સગાંવહાલાં છે ને તે જ અમારી નાત છે...'[૧૭૧] આ આત્મીયતા ઉપરોક્ત ઉદ્‌ગારોમાં આબાદ રીતે અભિવ્યક્ત થઈ છે. સ્વામીશ્રી સૌ સત્સંગીઓ

૧૭૧. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૧.

સાથે આવી સ્નેહગાંઠ ધરાવતા હતા.

આવી જ આત્મીયતાના નાતે તેઓ તા. ૧૨/૩થી દંઢાવ્ય પ્રદેશમાં વિચરણ માટે નીકળી પડેલા. આ વખતના પ્રવાસમાં કિયોલ, આનંદપુરા, ડાંગરવા, કરજીસણ, વડુ, ભાવપુરા, મોખાસણ વગેરે ગામો તેઓએ પાવન કર્યાં. દરેક ગામમાં યોગીજી મહારાજની સાથે સ્વામીશ્રીને પણ માફામાં પધરાવીને સૌએ ભવ્ય સામૈયાં કર્યાં. સ્વામીશ્રીએ પણ અપાર પધરામણીઓ કરીને સૌના કોડ પૂરા કર્યા. કરજીસણમાં જ ૧૭૫ પધરામણીઓ થઈ તો વડુ, મોખાસણ વગેરે ગામોમાં સરેરાશ ૭૦-૮૦ પધરામણીઓ રહેતી. આમ, આઠ દિવસના આ વિચરણમાં સ્વામીશ્રીએ કથાવાર્તા, પધરામણીઓ દ્વારા આડો આંક વાળી દીધો.

દંઢાવ્યના સત્સંગમાં દઢતા સીંચીને તેઓએ તુવેરદાળના ધર્માદા માટે ચરોતરની દિશા પકડી. તે માટે આણંદ, કરમસદ, નડિયાદ વગેરે નગરોમાં વિચર્યા.

આ વિચરણના દોરમાં જ તા. ૧૯/૩ની રાત્રે વિદ્યાનગરની વી. પી. સાયન્સ કૉલેજના સભાગૃહમાં જાહેર સત્સંગ સભા યોજાયેલી. તેમાં વિદ્યાનગરના યુવાનો તથા આચાર્યો-પ્રાધ્યાપકોએ મોટી સંખ્યામાં લાભ લીધેલો. પારાયણો પ્રસંગે પૌરાણિક શૈલીથી કથાવસ્તુ પીરસતા સ્વામીશ્રી, યુવા-શિક્ષિત વર્ગ સમક્ષ બોલતા ત્યારે તેઓની નાડ પારખીને વાણીપ્રવાહ વહેવડાવતા. તેથી આધુનિકોને તેઓ જુનવાણી લાગતા નહીં અને જુનવાણીને તેઓ આધુનિક જણાતા નહીં. સૌને તે પોતાના લાગતા. તેઓની વાણી સર્વત્ર હૃદયસ્પર્શી બની રહેતી.

વિદ્યાનગરમાં છાત્રાલયનું ભૂમિપૂજન

તા. ૨૧/૩/'૬૪ના દિવસે આણંદ-વિદ્યાનગર રોડ પર આવેલી અંબાલાલભાઈ પટેલની જમીન પર સ્વામીશ્રી યોગીજી મહારાજની સાથે પધારેલા. આ ભૂમિ અંબાલાલકાકાએ છાત્રાલયના નિર્માણ માટે સંસ્થાને અર્પણ કરેલી. આજે તેનું ભૂમિપૂજન થયું.

મુખ્ય રસ્તા પર આવેલી આ મોકાની જમીન જોઈને યોગીજી મહારાજ તથા સ્વામીશ્રી રાજી થયા. પરંતુ તેઓની પ્રસન્નતાનું કારણ કેવળ આ જ નહોતું. માટીનાં ઢેફાં અને અહીં-તહીં રવડતાં સૂકા રાડાં-પાંદડાંથી ઊબડ-ખાબડ આ ભૂમિ તેઓને રત્નોની ખાણ સમાન ભાસતી હતી. સમાજને શોભાવે તેવા કૈંક મણિ આ ભૂમિમાંથી તેઓ પકવવાના હતા. આજે તો કેવળ પુષ્પો છાંટી તેઓ ચાલી નીકળ્યા, પણ એ ક્રિયા દ્વારા નવયુગના સર્જન ભણીનું પ્રથમ પગલું

મુકાઈ ગયું તેનો ખ્યાલ કોઈને ન આવ્યો.

વિદ્યાનગરથી સ્વામીશ્રી સાંજે ગાના પધારેલા. અહીં અક્ષરવાસી હરમાનભાઈની શ્રદ્ધાંજલિ સભામાં તેઓએ સૌને આશ્વાસન અને આશીર્વાદ આપ્યા. ભક્તોનાં દુઃખમાં ભાગીદારી નોંધાવવી તેઓને ગમતી.

પરિસ્થિતિ અનેક, સ્થિતિ એક

ગાનાથી સ્વામીશ્રી અટલાદરા પધાર્યા હતા. અહીં પંદર દિવસ માટે કાનમ-વાકળ પ્રદેશનું વિચરણ શરૂ થતું હતું. સંતો-ભક્તો મળીને કુલ ત્રીસેક વ્યક્તિઓનો સંઘ સાથે હતો.

પ્રથમ તેઓ માણેજા થઈને ગોરિયાદ પધાર્યા હતા. અહીં રાત્રિસભામાં તેઓએ ‘હરિલીલામૃત’ની કથા વાંચી હતી. તેના અનુસંધાનમાં રાત્રે સૂતી વખતે યોગીજી મહારાજ બોલેલા : ‘પ્રમુખસ્વામીનો રાગ બહુ સારો. શાસ્ત્રીજી મહારાજ ‘ભક્તચિંતામણિ’નાં દસ-દસ પ્રકરણો તેઓ પાસે વંચાવે. મોટાની દૃષ્ટિ પડે એટલે આવા ગુણો આવે.’

પછી સૌને ‘તમે પ્રમુખસ્વામીની કથા સાંભળી ?’ એમ વારાફરતી પૂછી, સ્વામીશ્રી પર અઢળક રાજીપો વરસાવ્યો હતો.

ગોરિયાદથી સરસવણી, પાદરા થઈને સ્વામીશ્રી મોભાપુર પધારેલા. અહીં ‘વાકળ કેળવણી મંડળ’ની હાઈસ્કૂલમાં સભાનું આયોજન થયેલું. તેમાં પણ તેઓએ યોગીજી મહારાજનાં જીવન ને કાર્યનો સંક્ષિપ્તમાં સુંદર પરિચય આપેલો.

લાઘવયુક્ત સઘનતા એ સ્વામીશ્રીની પ્રવચનશૈલીનું અનેરું પાસું રહેતું.

મોભાપુરથી તેઓ વણસરા, જંબુસર, નોંધણા, સામોજ, નહાર, કિમોજ, આમોદ, ઠીકરિયા, સરભાણ, સિમલિયા, માત્રોજ, ધાવટ, કંડારી, અણખી, મેનપુરા, કારવણ, લિંગસ્થળી, સલાડ, અજિતપુરા, રૂંવાદ વગેરે ગામોમાં વિચર્યા.

આ ગામડાંઓના કાચા રસ્તાઓમાં પુષ્કળ ધૂળ ઊડે. વળી, ગામોગામ સભાઓ, પધરામણીઓ, નગરયાત્રાઓનો ધમધમાટ હોય ! ઉતારા તો કોઈ વિશેષ સુવિધાઓથી સજ્જ ન હોય ! છતાં આ અગવડોને સામેથી નોંતરીને હસતાં મોંએ યોગીજી મહારાજ અને સ્વામીશ્રી વિચરતા.

તેઓની આ તપશ્ચર્યા ખરેખર આકરી હતી. ખરી સ્થિતિનાં પારખાં આવા વિચરણમાં જ થતાં હોય છે. બાકી ગુફા કે પર્ણકુટીમાં બેસીને સાધના કરવામાં કોઈ મોટો મીર મારવાનો નથી હોતો. પ્રશ્ન ન પુછાય ત્યાં સુધી તો સૌ

પંડિત જ છે ને! પણ *'કચ્ચા પક્કા પારખાં, જબ નીકસે તલવાર...'*ની જેમ પળે પળે પલટાતી પરિસ્થિતિમાં આંતરિક સ્થિતિ એકસરખી જાળવી રાખવામાં જ સિદ્ધદશાની કસોટી છે. સ્વામીશ્રી આ કસોટીમાં શત પ્રતિશત પાર ઊતરતા.

આમ, કાનમ પર કૃપા વરસાવી તેઓ અમદાવાદ થઈને રાજકોટ પધાર્યા. અહીં લોહાણા મહાજન વાડીમાં 'સત્સંગિજીવન'નું પારાયણ શરૂ કર્યું.

પિતાના પ્રેમનો પરિચય

સ્વામીશ્રી રાજકોટમાં પારાયણનો લાભ આપી રહેલા તે વખતે જ અક્ષરનિવાસી હરમાનભાઈના દીકરા મુકુંદભાઈ ત્યાં આવી ચડ્યા.

પિતાના ધામગમન વખતે તે અમેરિકા હતા. પિતાની મરણોત્તર વિધિ પૂર્ણ કરીને આજે તે અસ્થિફૂલ સાથે ભારત આવેલા. તેથી સ્વામીશ્રી તા. ૧૨/૪ના રોજ સવારે પારાયણ વાંચીને તેમને અક્ષર દેરીનાં દર્શન કરાવવા લઈ ગયેલા અને રાત્રે પુનઃ રાજકોટ આવી ગયેલા.

બીજે દિવસે તેઓ મુકુંદને લઈને નીકળ્યા અને ગઢડા પહોંચ્યા. અહીં પ્રાસાદિક ઘેલા નદીમાં તેમના હાથે વિધિસર અસ્થિવિસર્જન કરાવ્યું.

ત્યારબાદ તેઓ એ યુવાનને લઈને ગઢડાનાં પ્રાસાદિક તીર્થોનાં દર્શન કરાવવા નીકળ્યા. દરેક સ્થળે સ્વામીશ્રી શ્રીજીમહારાજની લીલાઓ સંભળાવતા જાય, સાથે સાથે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના પ્રસંગો પણ કહેતા જાય, મુકુંદને દર્શન-દંડવત કરાવતા જાય. આપણા મંદિરમાં પણ મંદિરનો ઇતિહાસ કહેતાં કહેતાં બધે દર્શન કરાવ્યાં અને ગુરુનો મહિમા તેમની રગરગમાં ભરી દીધો. ત્યારબાદ પાસે બેસીને પ્રેમથી જમાડ્યા અને આરામની વ્યવસ્થા પણ કરી દીધી.

સ્વામીશ્રી સમયે સમયે પોતાનું જે ધ્યાન રાખી રહેલા તેથી મુકુંદનું હૈયું વિશેષ અને વિશેષ ગદ્ગદિત થતું જતું હતું. તેઓ વિચારી રહેતા કે 'હજી કાલે તો વ્યાસપીઠ પર બેસીને સેંકડો શ્રોતાઓને પોતાની અસ્ખલિત વાક્ધારાથી ભીંજવતા સ્વામીશ્રી, મારા એક વ્યાવહારિક કાર્યમાં પણ મને કેવો સાથ આપી રહ્યા છે!' તેઓને આ કથાકાર ઘણા જુદા લાગ્યા!

સાંજે તેમને લઈને સ્વામીશ્રી સારંગપુર આવી પહોંચ્યા. સારંગપુરમાં પણ તેઓ બધાં પ્રાસાદિક સ્થાનોનાં દર્શન કરાવવા નીકળ્યા. સારંગપુરનો મહિમા સ્વામીશ્રી સમજાવે પછી બાકી શું રહે? શેરડીને સાકરનું પાણી સીંચાય

ત્યારે મીઠાશમાં શેષ શું રહે? શબ્દે શબ્દે અમૃતના ઘૂંટડા ગળા હેઠે ઉતારી રહ્યાનો અનુભવ પેલો યુવાન કરી રહ્યો.

ત્યારબાદ બપોરે હેતથી જમાડીને સ્વામીશ્રીએ તેમને અમદાવાદ જવા વિદાય આપી ત્યારે મુકુંદભાઈ ભાવવિવશ બની ગયેલા. તે ભૂલી જ ગયા કે 'મારા પિતા ચાલ્યા ગયા છે!' માત્ર અઢી દિવસમાં તો તે સ્વામીશ્રીના પ્રેમમાં પૂરેપૂરા પલળી ગયેલા. એટલું જ નહીં, સંપ્રદાયનું ગૌરવ અને સંસ્કૃતિની અસ્મિતાથી છલોછલ થઈ ગયેલા.

સંસ્કૃતિનાં મૂલ્યો કેવળ વ્યાખ્યાનો કે લેખોથી યુવાન હૈયામાં ધરબાતાં નથી. તે આવા વ્યક્તિગત પરિશ્રમની અપેક્ષા રાખે છે. સ્વામીશ્રીએ એક-એક યુવાન પાછળ પરસેવો પાડીને યુવાહૈયાંઓમાં સત્સંગ અને સંસ્કૃતિના બગીચા ખીલવી દીધા હતા.

પાવડાથી પુસ્તક સુધી

સારંગપુરથી સ્વામીશ્રી શ્રીહરિ જયંતીના ઉત્સવ નિમિત્તે અમદાવાદ પધારેલા. આ ઉત્સવના બીજા જ દિવસથી વાસણા(બોરસદ)માં 'હરિલીલા-કલ્પતરુ'ના પારાયણનો પ્રારંભ થતો હતો. તેથી સ્વામીશ્રી ત્યાં પહોંચ્યા.

અહીંના પારાયણની સાથે સાથે બોચાસણમાં ચૈત્રી પૂનમના સમૈયાની પણ પૂર્વતૈયારી કરવા લાગ્યા. ઉત્સવોમાં આવનારા સૌની વ્યવસ્થા સચવાય તે માટે સ્વામીશ્રી હંમેશા જાગ્રત રહેતા. તેથી ઉત્સવના એક-બે દિવસ પહેલાં જે તે સ્થળે પહોંચી જતા અને સ્થાનિક વ્યવસ્થાપકો પાસેથી આયોજન સમજી લેતા. તેમાં ક્ષતિ હોય તો પોતાના અનુભવની આંખથી સુધારતા અને આયોજનને સર્વાંગ સુંદર બનાવતા. આવો વધુ એક સમૈયો તા. ૨૬/૪ના રોજ બોચાસણમાં સંપન્ન થયો.

વિદ્યાનગરમાં નિર્માણાધીન છાત્રાલયનો ખાતવિધિ તા. ૨૭/૪ની સવારે સાડા દસ વાગ્યે યોજાયો હતો. આ પ્રસંગે વિદ્યાનગરના સ્થાપક ભાઈકાકા, સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપકુલપતિ ઈશ્વરભાઈ પટેલ સહિત અનેક નામાંકિત મહાનુભાવો ઉપસ્થિત રહેલા.

ખાતમુહૂર્ત બાદ છાત્રાલયના પાયા ગાળવા માટે સાત દિવસની શ્રમ-શિબિર રાખવામાં આવેલી. તેમાં મુંબઈ, ભરૂચ, સુરત, વડોદરા, સોખડા, અમદાવાદ, સૌરાષ્ટ્ર વગેરે સોળ પ્રાંતો-શહેરોના ૫૦૦ યુવાનો તથા મુંબઈથી

આવેલા સંતો સામેલ થયેલા.

તા. ૧/૫ના રોજ વિદ્યાનગરથી નીકળીને સ્વામીશ્રી વરતાલ, સાંકરદા, અટલાદરા થઈ વાસણા-કોતરિયા પધાર્યા હતા. અહીં તા. ૩/૫ના રોજ તેઓએ 'સત્સંગિજીવન'ના ત્રીજા પ્રકરણની કથાનો આરંભ કર્યો. બે દિવસ પહેલાં વિદ્યાનગરના શ્રમયજ્ઞમાં હાથમાં પાવડો લઈને તગારું ભરતા સ્વામીશ્રી, આજે એ જ હાથમાં પુસ્તકનું પાનું પકડી જ્ઞાનગંગા રેલાવવા લાગેલા. પાવડાથી લઈને પુસ્તક સુધીની ક્રિયાઓમાં સરળતાથી જોડાઈ શકે તેવા એ કર્મવીર હતા. હાથમાં પાવડો હોય કે પુસ્તક – બંનેમાં તેઓ દર્શનીય લાગતા.

તા. ૭/૫ના રોજ પારાયણની પૂર્ણાહુતિ બાદ સ્વામીશ્રી છ દિવસ સુધી કર્ણાવતીમાં કથાલાભ આપીને તા. ૧૪/૫ના રોજ મુંબઈ પહોંચ્યા હતા.

સ્વામીશ્રીના પક્ષમાં યોગીજી મહારાજ

મુંબઈના પવઈ વિસ્તારમાં ચંદ્રભાણ શર્મા નામના સદ્‌ગૃહસ્થ મંદિર માટે ભૂમિદાન કરવાના હતા. તે નિમિત્તે એ ભૂમિ પર પારાયણ અને યજ્ઞ થાય તેવી તેઓની ઇચ્છા હતી. તેથી કથાયજ્ઞ અને મહાયજ્ઞ બંને સાથે શરૂ થયા. સ્વામીશ્રીએ પારાયણનો પ્રારંભ કર્યો અને યજ્ઞના મંત્રહોમ માટે મંદિરથી સંતો ક્રમાનુસાર આવતા.

પારાયણના પ્રથમ જ દિવસે શાસ્ત્રીજી મહારાજની અંતર્ધાન-તિથિ હતી. આ પ્રસંગે યોગીજી મહારાજે આશીર્વાદ આપેલા કે 'બોચાસણ સંસ્થામાં ૧૦૦ ભણેલા સાધુ તૈયાર થાય અને નારણ સ્વામી(પ્રમુખસ્વામી)ની આજ્ઞા સૌ પાળે તે આ શાસ્ત્રીજી મહારાજની તિથિનો આશીર્વાદ છે.'

પારાયણના આ દિવસો દરમ્યાન તા. ૧૮/૫ની સાંજે યોગીજી મહારાજ, મોટા સ્વામી, સ્વામીશ્રી વગેરે પવઈથી દાદર તરફ આવી રહેલા. ત્યારે સ્વામીશ્રીએ પૂર્વ-નિર્ધારિત કાર્યક્રમ મુજબ જણાવ્યું કે 'આપણે ચિન્મયાનંદ સ્વામીના આશ્રમની મુલાકાતે જવાનું છે.'

'શું જરૂર છે ?' એક વડીલનો મત જુદો પડ્યો.

પરંતુ યોગીજી મહારાજે સ્વામીશ્રીના કહ્યા મુજબ આશ્રમની મુલાકાતે જવાનો કાર્યક્રમ યથાવત્ રાખ્યો ત્યારે સૌને અનુભવાયું કે સ્વામીશ્રીનો મત જ યોગીજી મહારાજને હંમેશા અભિપ્રેત રહે છે. તેઓ તે મુજબ જ વર્તવાનું પસંદ કરે છે.

તા. ૨૦/૫ના દિવસે પારાયણની પૂર્ણાહુતિ બાદ સ્વામીશ્રી, મગનભાઈ તથા હર્ષદભાઈ વાડીના દસ્તાવેજની સરકારી દફતરમાં નોંધણી કરાવવા ગયેલા.

આમ, એક સપ્તાહ સુધી મુંબઈમાં રોકાઈને સ્વામીશ્રીએ પારાયણ અને પવઈનાં કાર્યો પૂરાં કર્યાં. ત્યારબાદ તેઓ યોગીજી મહારાજની સાથે જ અમદાવાદ, વઢવાણ, સુરેન્દ્રનગર, રાજકોટ થઈને ગોંડલ આવ્યા.

અહીં પાટોત્સવ ધામધૂમથી ઊજવ્યો. ગોંડલથી બંધિયા, નવાગામ, ઘોઘાવદર વગેરે ગામોમાં પણ સ્વામીશ્રી લાભ આપી આવેલા.

વૃક્ષ એક આંગણામાં ઊભું હોય છે, પરંતુ તેની શાખાઓ અને ફળ-ફૂલ તો આસપાસનાં અનેક આંગણાંઓને છાયા, સ્વાદ અને સુગંધ આપતાં રહે છે. તે જ રીતે સ્વામીશ્રી એક મંદિરમાં રોકાઈને પણ તેની આસપાસ વસેલા-વિકસેલા સત્સંગને પોષણ આપતા રહેતા.

ગોંડલના મુકામ દરમ્યાન જ દેશના વડાપ્રધાન જવાહરલાલ નેહરુના અવસાનના સમાચાર આવ્યા. તેથી તેઓના આત્માની શાંતિ માટે યોગીજી મહારાજે સ્વામીશ્રી પાસે 'હરિલીલાકલ્પતરુ'ના પારાયણનો પ્રારંભ કરાવ્યો. આ પારાયણ યોગીજી મહારાજની ૭૩મી જન્મજયંતીના દિવસે જ તા. ૭/૬ના રોજ પૂર્ણ થયું.[૧૭૨]

ગોંડલમાં પારાયણની પૂર્ણાહુતિનો મંત્ર હજી તો સ્વામીશ્રીએ પૂરો કર્યો કે ત્યાં જ તેઓને માણાવદરમાં મંગલાચરણ લલકારવાનો વખત આવી ગયો. આ ગામમાં મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે પારાયણનું પણ આયોજન હતું. અને પારાયણ આવે એટલે સ્વામીશ્રી પણ યાદ આવ્યા વિના કેમ રહે? સ્વામીશ્રીનાં શીલ, શૈલી અને સંદેશ એવાં રહેતાં કે સૌ કોઈ પારાયણ પ્રસંગે એમને જ ઝંખતા. તેથી માણાવદરમાં પણ ત્રિદિવસીય પારાયણ સ્વામીશ્રીના મુખે યોજાયું. તેમાં 'હરિલીલાકલ્પતરુ'ના પ્રથમ સ્કંધના પહેલા અને ત્રીજા અધ્યાયનું રસપાન સ્વામીશ્રીએ કરાવ્યું.

આ પારાયણ-પ્રતિષ્ઠા બાદ સ્વામીશ્રી જૂનાગઢ, ગઢડા થઈને સારંગપુર પધાર્યા હતા અને યોગીજી મહારાજ જૂનાગઢ જ રોકાયેલા.

---

૧૭૨. સ્વામીશ્રીની તત્કાલીન પ્રાસાદિક શૈલીમાં થયેલા પારાયણનો આસ્વાદ માણવા માટે જુઓ વીડિયો ટ્રેક નં. ૨૪. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

પ્રમુખસ્વામીના શબ્દોથી આત્યંતિક કલ્યાણ

જૂનાગઢમાં એક દિવસ યોગીજી મહારાજ આપમેળે જ સંતો-યુવકોને કહેવા લાગ્યા કે ''આપણે તો શાસ્ત્રીજી મહારાજના પ્રતાપે સત્જુગ વરતે છે. અહીં સમૈયો થયો તે બ્રહ્મયજ્ઞ. આ પ્રમુખસ્વામીના શબ્દો જેના કાને પડ્યા તે બધાનું આત્યંતિક કલ્યાણ થઈ ગયું. 'આ સાધુ નાના છે' એમ માનવું નહીં. શાસ્ત્રીજી મહારાજ ગયા જ નથી. આ પ્રમુખસ્વામી એમનું સાક્ષાત્ સ્વરૂપ છે એમ મનાય તો કામ થઈ જાય. નારાયણ સ્વામીને શાસ્ત્રીજી મહારાજે પોતે જ પોતાના સ્થાને નીમ્યા અને પ્રમુખ બનાવ્યા. આગળ તો પ્રમુખસ્વામીને મળવાનું કઠણ થઈ પડશે. એમના દ્વારા મહારાજ મોટાં મોટાં કાર્યો કરશે. જગતમાં અક્ષર-પુરુષોત્તમ બોચાસણ સંસ્થાનો ડંકો વાગશે...''

આમ, યોગીજી મહારાજના મુખેથી અનાયાસે જ ભવિષ્યની ભીતરમાં છુપાયેલાં રહસ્યોનું ઉદ્‌ઘાટન થઈ રહ્યું. સ્વામીશ્રીના નેતૃત્વમાં આવનારા બી.એ.પી.એસ.ના સુવર્ણયુગની આલબેલ યોગીજી મહારાજે આજે જાણે પોકારી દીધેલી. તે સાંભળીને સૌ પોતાને મળેલા સ્વામીશ્રીના લાભથી કૃતાર્થતા અનુભવી રહ્યા.

વળાંક આપવાની અલૌકિક રીત

સ્વામીશ્રી જ્યારે સારંગપુર પધાર્યા ત્યારે તેઓને અહીં એક નવીન કોયડો ઉકેલવાનો આવ્યો. અત્રે મંદિરમાં રહેતા એક સેવકને પ્રસંગોપાત્ત મન-દુઃખ થયું હશે. તેથી તેઓ અનશન વ્રત લઈને બેસી ગયેલા. સામેની વ્યક્તિની સાન ઠેકાણે લાવવા તેઓ આ રીતે રિસાયેલા. સ્વામીશ્રીને આ વાતનો ખ્યાલ આવતાં તેઓ ઠાકોરજી તથા શાસ્ત્રીજી મહારાજની દેરીએ દર્શન કરીને સીધા જ તે સેવક પાસે પહોંચ્યા. તેઓને જ જે ઘટનાક્રમ બની ગયો તેની વિગત પૂછી.

સ્વામીશ્રીની આ એક ખાસિયત નિરાળી હતી. તેઓ પ્રથમ કાન દેતા, પછી મોં ખોલતા. સામેની વ્યક્તિના હોઠ હલે તે પહેલાં તો તેનાં હૈયાંને વાંચી લે તેવા વિચક્ષણ તેઓ હતા, તેવો અનુભવ અનેકનો છે. છતાં તેઓ સૌનું સાંભળતા.

તે અનુસાર સ્વામીશ્રીએ તે સેવકની વેદના તેની પાસેથી જ જાણી. ત્યારબાદ તેને સમજાવવા લાગ્યા. એ સમજાવટમાં મુરબ્બીવટની ગંધ નહોતી. તેની લાગણીને અવગણતી કડકાઈ નહોતી. તે કસૂરવાર છે તેવું જ્ઞાન-ભાન

કરાવતી તાર્કિકતા નહોતી. બસ, શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજ માટે ફના થઈ જવાની વાત, સેવાના મહિમાની વાત અને શ્રીજીમહારાજ કર્તા-હર્તા છે તે વાત. સ્વર મૃદુ, ભાષા પ્રેમની અને નિયત નેક.

તેથી એ રિસાયેલા સેવકને અહેસાસ થયો કે તે માર્ગ ભૂલ્યો છે. પોતે આવતીકાલે લીંબુ-પાણી પીને અનશન છોડશે એવી ખાતરી તેણે સ્વામીશ્રીને આપી. બીજા દિવસે પૂજા-પાઠ, દેવદર્શનના નિત્યક્રમથી પરવારીને જ્યારે તે સેવક ભંડારમાં લીંબુ-પાણી પીવા ગયા ત્યારે તેને પારણાં કરાવવા માટે સ્વામીશ્રી હાથમાં પ્યાલો પકડીને તૈયાર ઊભેલા !! આ દૃશ્ય જોઈને તે વ્યક્તિ તો ચકિત થઈ ગઈ ! વર્તમાનનું આ દૃશ્ય તે સેવક માટે ભૂતકાળની ભૂલના પશ્ચાત્તાપ અને ભવિષ્યમાં આવી ભૂલ નહીં થાય તેની પ્રતિજ્ઞા માટે પૂરતું થઈ પડ્યું !

વ્યક્તિને વળાંક આપવાની આવી અલૌકિક રીત હતી સ્વામીશ્રીની !

તા. ૨૫/૬ના રોજ પરોઢિયે સાડા ચારથી સવારના સાડા આઠ સુધી ચંદ્રગ્રહણ હતું. સ્વામીશ્રીએ મંદિરના સૌ સંતો અને હરિભક્તો સાથે ભજન-કીર્તન, કથા-વાર્તા કરીને આ સમૈયો ઊજવ્યો. સારંગપુરનું શાંત વાતાવરણ, પરોઢનો ઠંડો પહોર, મર્યાદિત સમુદાય અને સ્વામીશ્રીનું સાંનિધ્ય ! આવો લાભ અપાવનારું ગ્રહણ કોને ન ગમે ?!

સારંગપુરથી અમદાવાદ આવીને તા. ૧૬/૭ના રોજ સ્વામીશ્રી મકરાણા જવા નીકળ્યા. અહીં ગઢડા, અમદાવાદ, ગોંડલ, સારંગપુર વગેરે મંદિરોનાં કામ માટે આરસની ખરીદીનું કામ હતું. તે માટે સ્વામીશ્રી વાડે-વાડે ફરે, વાટાઘાટો કરે અને કસીને કામ લે. આરામ અને ભોજનના સમયનું કોઈ ઠેકાણું ન રહે.

આમ, પાંચ દિવસ મકરાણામાં વિતાવ્યા બાદ જયપુર થઈને બોચાસણ પધાર્યા અને તા. ૨૪/૭ના રોજ ગુરુપૂર્ણિમાનો સમૈયો કર્યો.

સમૈયાના બીજા જ દિવસે સ્વામીશ્રી બોચાસણથી નીકળી પાડગોલ, મહેળાવ, વિદ્યાનગર, આણંદ, ઠાસરા, ડાકોર, નડિયાદ, ડભાણ થઈને તા. ૨૬/૭ના દિવસે અમદાવાદ આવી પહોંચ્યા. એક-એક દિવસમાં અઠવાડિયાનું કામ કાઢી નાંખવું હોય એટલી ત્વરાથી સ્વામીશ્રી કાર્યક્રમો ગોઠવતા.

અમદાવાદમાં યોગીજી મહારાજનાં દર્શને ઘણા રાજકીય મહાનુભાવો આવેલા. તે સૌને સ્વામીશ્રી પણ મળ્યા. સાથે સાથે સંસ્થાકીય કાર્યોને ગતિ અને દિશા આપી, તેઓ જેતલપુર, વરતાલમાં દર્શન કરીને વિદ્યાનગર પધાર્યા.

અહીં શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ તૈયાર થઈ રહેલી. તેનું મૉડેલ સ્વામીશ્રી

તથા મુંબઈથી આવેલ મહંત સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી વગેરેએ જોયું.

ત્યારબાદ વાસદ, અમદાવાદ, વઢવાણ, સુરેન્દ્રનગર, રાજકોટ થઈને ગોંડલ પહોંચ્યા. ગોંડલમાં મંદિર-સંકુલના વિકાસ અંતર્ગત કેટલાંક બાંધકામ ચાલુ હતાં. બે-ત્રણ દિવસ રહીને તેનું નિરીક્ષણ કર્યું. જરૂરી સલાહ-સૂચનો આપ્યાં અને ગઢડા, સારંગપુર, અમદાવાદ, અટલાદરાનો પ્રવાસ ખેડીને પીપળાવ પધાર્યા.

નવો અર્થ, નવી ઊંચાઈ

પીપળાવ ગામમાં ગ્રામ-પંચાયત દ્વારા તૈયાર થયેલા નવા વારિગૃહનું ઉદ્‌ઘાટન સ્વામીશ્રીના વરદ હસ્તે કરાવવાની ઇચ્છા સૌ ગામવાસીઓની હતી. આ લોક-લાગણીને વશ થઈને જ સ્વામીશ્રી પીપળાવ પધારેલા. પંથકના શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન ખૂબ જ ધામધૂમથી થયું.

આ અરસામાં શાસ્ત્રીજી મહારાજના સમયના એક સેવક મનસ્વીપણે શાસ્ત્રીજી મહારાજ અને તેઓના સિદ્ધાંત સંબંધી એક પુસ્તક પ્રકાશિત કરવાની પેરવીમાં પડેલા. તેઓની આ પ્રવૃત્તિની જાણ થઈ ત્યારે સ્વામીશ્રીએ તેઓને જણાવેલું કે 'સંસ્થાના મુખ્ય વ્યક્તિઓને બતાવીને આ પુસ્તક પ્રકાશિત કરવું સારું, જેથી કોઈ હકીકત-દોષ રહી જતો હોય તો તે નિવારી શકાય.'

સ્વામીશ્રીની સલાહ સોનાની હતી, પરંતુ તે સેવકે સ્વામીશ્રીના રોકવા-ટોકવા છતાં પુસ્તકના પ્રકાશન અંગે ચક્રો ગતિમાન કરી દીધેલાં. આ વાત સ્વામીશ્રીની જાણમાં આવતાં તેઓએ એ સેવકને સાવધ કરતો એક પત્ર લખ્યો. નેતાની નીતિના નમૂના સમા એ પત્રમાં સ્વામીશ્રી લખે છે :

પરમ ભગવદી, સંત શીરોમણી, પ્રગટના લાડીલા, પ. પૂ. પુરાણી (ગ) તથા પૂ. (ઘ) વિગેરે... પીપળાવથી લી. શાસ્ત્રી નારાયણસ્વરૂપના ઘણા હેતપૂર્વક સ્વામિનારાયણ વાંચશો.

વિ... પુસ્તક છપાવવા અંગે આપડે નક્કી થયેલ અને બંધ રાખેલ... તે આપે છપાવી તૈયાર કરાવેલ છે, તેમ વાત મળતાં ખરેખર દુઃખ થાય છે... હજી પણ આપ આ આગ્રહ છોડીને તે વાતનો યોગ્ય વિચાર કરો તો સારી વાત છે... ખોટો વિખવાદ ઊભો કરવો તે સારું નથી... છતાં મને ફરજ પડે અને કરવું (પડે) તેમાં મારી અને તમારી શોભા નથી...માટે આ અંગે મારે કયાંઈ (કાંઈ) પણ કરવું પડે તે પહેલાં આપ મને યોગ્ય જવાબ મોજીદડ લખશોજી... શાસ્ત્રી મહારાજના ગુણગાન થાય ને ગવાય તેમાં

મને દુઃખ કે મુશ્કેલી નથી અને મારો દુરાગ્રહ ન હોય. ન સદે તેમ નથી પણ સહકારથી અને મુખ્ય વ્યક્તિઓની સંમતી મેળવી કરો તે જ મારો આશય છે તો યોગ્ય જવાબ લખશો... તમામ હરિભક્તોને જય સ્વામિનારાયણ કહેશો.

સ્વામીશ્રીના આ પત્રમાં કોમળતા અને કડકાઈ બંને ડોકાય છે. નેતાએ એટલા કડવા પણ નથી થવાનું હોતું કે લોકો તેને થૂંકી નાંખે; અને એટલા મીઠાં પણ નથી થવાનું હોતું કે લોકો તેને ચાવી જાય. સ્વામીશ્રી આ સંતુલન જાળવીને કાર્ય કરતા. નેતાની આ નીતિ હરકોઈ આગેવાને સ્વામીશ્રીમાંથી શીખવા જેવી છે.

અહીં સ્વામીશ્રીના સાધુતાસભર વ્યવહારની ઝાંખી કરાવે તેવી એક રસપ્રદ વાત એ પણ પ્રકાશિત થાય છે કે જે સેવકને સ્વામીશ્રી અહીં પગલાં લેવાની ફરજ પડશે તેમ જણાવી રહ્યા છે, તે સેવક દ્વારા જ સ્વામીશ્રી પર વિષપ્રયોગ કરીને તેઓનું અસ્તિત્વ મિટાવી દેવાનો પ્રયાસ થયેલો. પરંતુ તે વખતે સ્વામીશ્રીએ તેઓને આવી કોઈ ચીમકી આપી નહોતી. એટલું જ નહીં, તે સેવક પર આકરાં પગલાં લેવાની વિચારણા કરી રહેલા સંસ્થાકીય સત્તાધારીઓને પણ તેઓએ તેમ કરતાં અટકાવેલા.

પોતાના વિશે ચાહે કોઈ ગમે તે કરે, એ સહન કરીને માફ કરનારા સ્વામીશ્રી, શાસ્ત્રીજી મહારાજની સંસ્થા કે સિદ્ધાંત વિરુદ્ધ કોઈ રતિભાર કરે તો પણ તેને પડકારનારા હતા. સ્વને શૂન્ય કરીને, સંસ્થાને જ સર્વસ્વ સમજીને જીવનારા તેઓ, ઉદારતા અને વફાદારીને નવો અર્થ અને નવી ઊંચાઈ આપી ગયા છે.

કથની તેવી કરણી

પીપળાવથી સ્વામીશ્રીનું લક્ષ્ય હતું – મોજીદડ.

આ ગામમાં ભક્તહૃદય ગણેશ ભગત રહેતા હતા. શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે ગુરુભાવ અને યોગીજી મહારાજ પ્રત્યે પ્રગાઢ સખાભાવ ધરાવતા આ પ્રજ્ઞા-ચક્ષુ મહાજ્ઞાનીની અંતિમ અવસ્થાના દિવસો વીતી રહેલા. 'તમારા સાંનિધ્યમાં હું ધામમાં જાઉં;' ગણેશ ભગતે આ વચન યોગીજી મહારાજ પાસે માંગી લીધેલું. તે મુજબ યોગીજી મહારાજ પણ મોજીદડ આવી ગયેલા અને તેઓએ મુંબઈ ભણતા સંતો પાસે પારાયણનો પ્રારંભ કરાવી દીધેલો. પણ સ્વામીશ્રીનો સ્વર ન સંભળાય ત્યાં સુધી સૌને પારાયણ અધૂરું જ લાગે. તેથી સ્વામીશ્રીને પણ આ

પ્રસંગે ખાસ આમંત્રણ આપીને સૌએ બોલાવેલા.

તે અનુસાર સ્વામીશ્રી પીપળાવથી નીકળીને અમદાવાદ પધાર્યા. અમદાવાદથી ટ્રેનમાં બેસી તેઓ સુરેન્દ્રનગર પહોંચ્યા. અહીંથી ટ્રેન બદલી રાત્રે સાડા આઠ વાગ્યે ચૂડા આવ્યા.

ચૂડાથી મોજીદડ જવા માટે વાહન આવવાનું હતું, પણ ગામમાં જામેલા ઉત્સવના વાતાવરણમાં સૌ વાહન મોકલવાની વાત વીસરી ગયેલા. તેથી ચૂડા સ્ટેશને કોઈ વાહન આવ્યું નહોતું. એટલે સ્વામીશ્રીએ ત્યાં સ્ટેશન સામે એક જિનમાં રાતવાસો કર્યો. જિનમાં તો સગવડના નામે મોટું મીંડું જ હતું. સૂવા-નહાવામાં પ્રતિકૂળતા સિવાય કાંઈ ન મળે !

જો કે સ્વામીશ્રીને તો પ્રતિકૂળતાઓ પણ અનુકૂળ આવી ગયેલી. તેથી તેઓ જિનમાં શાંતિથી સૂતા. અમદાવાદમાં સ્વામીશ્રીએ સવારે ઉકાળો પીધેલો તે જ. પછી દિવસ દરમ્યાન તો તેઓ કાંઈ જમ્યા પણ નહોતા. છતાં પારાયણના વ્યવસ્થાપકો પ્રત્યે તેઓએ કોઈ રોષ-દોષ કાઢ્યો નહીં. પરિસ્થિતિને ભાંડવાની વાત તો તેઓના જીવનમાં જ નહોતી. 'स्वास्थ्यं सतां मण्डनम्।' સંતનો શણગાર સ્વસ્થતા છે. આજે એ આભૂષણથી સ્વામીશ્રી ખરેખરા શોભી રહેલા. પારાયણના વક્તાપદે પોતે પધારી રહ્યા હોવા છતાં તેઓને સુવિધાની રતિભાર અપેક્ષા નહોતી.

બીજે દિવસે સવારે બોટાદના હરિભક્તોને મૂકવા માટે ચૂડા સ્ટેશને એક વાહન આવેલું. તેમાં બેસીને સ્વામીશ્રી મોજીદડ પધાર્યા.

અહીં સ્વામીશ્રીને જોતાં જ વ્યવસ્થાપકોને પોતે વાહન મોકલવાનું વીસરી ગયા તે વાત યાદ આવી ગઈ. તેઓએ સ્વામીશ્રી સમક્ષ દિલગીરી વ્યક્ત કરી. ત્યારે એ આયોજકો લેશ પણ ખસિયાણા ન પડે અને પોતાની મહત્તાનાં કોઈ બણગાં-બ્યુગલ ન ફૂંકાય તે રીતે, 'એમાં તમારો વાંક નથી, કો'ક વાર આવું થઈ જાય...' કહીને સ્વામીશ્રી 'હરિલીલાકલ્પતરુ'ના આધારે શ્રીજીમહારાજનાં લીલાચરિત્રોનો આસ્વાદ પમાડવા લાગ્યા. તે સમયે સૌ તેઓમાં 'કથની તેવી કરણી'ને અનુભવી રહ્યા !

હા, સ્વામીશ્રીના જીવનમાં કદી વાણી-વર્તનના છૂટાછેડા થયા નહોતા.

પારાયણ દરમ્યાન જ તા. ૧૯/૮ના દિવસે ગણેશ ભગત ધામમાં પધાર્યા. યોગીજી મહારાજે પોતાનું વચન સાર્થક કર્યું. તેઓની અંતિમવિધિમાં યોગીજી મહારાજ તથા સ્વામીશ્રી પણ જોડાયા. બીજે દિવસે પારાયણની પૂર્ણાહુતિ થઈ.

તે પ્રસંગે ગણેશ ભગતની ઇચ્છા મુજબ ગામધુમાડો બંધ રાખી સૌને જમાડવામાં આવ્યા. 'ગુરુ મહારાજનાં છેલ્લાં દર્શન કરવા આવો' એમ અંતર્યામીપણે દરેક પત્રમાં યોગીજી મહારાજે લખ્યું હતું. તેથી આસપાસનાં ૬૦થી વધુ ગામોના હરિભક્તો આ પ્રસંગે આવી પહોંચેલા.

મોજીદડથી યોગીજી મહારાજની સાથે જ સ્વામીશ્રી લીંબડી, નવાગામ થઈને સારંગપુર પધાર્યા. અહીં તા. ૨૩/૮ના રોજ રક્ષાબંધનનો ઉત્સવ ઊજવ્યો.

ભૂલોના ભૂલનારા

સારંગપુરના રોકાણ દરમ્યાન સ્વામીશ્રી એક સવારે મંદિરના સભામંડપમાં શાસ્ત્રીજી મહારાજના ઓરડાની બહાર આવેલા પ્રથમ થાંભલે પ્રાતઃપૂજા કરી રહેલા. તે વખતે એક બાળક દોડતો દોડતો ત્યાંથી પસાર થયો. તેને યોગીબાપાનાં દર્શનની તાલાવેલી હતી. અવસ્થા અને આવેગના જોરમાં દોડતા એ બાળકને પોતાનાં પગલાંય ક્યાં પડી રહ્યાં છે તેની કોઈ સૂધ-બૂધ નહોતી. આ રીતે દોડતાં તેના પગમાં સ્વામીશ્રીની પૂજાની દોરી અટવાઈ અને આખી પૂજા ફરી ગઈ. આ જોઈ તે બાળક તો ડઘાઈ જ ગયો.

સ્વામીશ્રીની બાજુમાં જ તેઓના સેવક પ્રગટ ભગત પૂજા કરી રહેલા. તે તો બાળકની આ હરકત જોઈ છળી ઊઠ્યા અને તે બાળકને ધમકાવવા લાગ્યા. તેઓની અકળામણ વાજબી તો હતી જ, પરંતુ સ્વામીશ્રીએ તેઓને વાર્યા અને તે બાળકને વહાલથી કહ્યું : 'વાંધો નહીં. અંધારું છે એટલે એવું થાય.. જાઓ, ઝટ પહોંચી જાઓ યોગીબાપાનાં દર્શને...' પછી પ્રગટ ભગતને પણ પ્રેમથી કહ્યું : 'છોકરું છે... એને ઉતાવળમાં ન દેખાય... માટે કોઈને દબડાવાય નહીં...'

સ્વામીશ્રીની આ ઉદારતાની અમીટ છાપ પેલા આઠેક વર્ષના બાળકના ચંચળ મન પર એવી અંકાઈ ગઈ કે તેણે આગળ જતાં સ્વામીશ્રીનાં ચરણે જીવન સમર્પિત કરી દીધું ![૧૭૩]

સ્વામીશ્રીના જીવનના એક-એક પ્રસંગ કેવા લોકોત્તર અને બળવત્તર બની રહેતા તેનો આ એક નમૂનો છે.

સાધનાની શાળા સમો સહવાસ

સારંગપુરથી સ્વામીશ્રી ગઢડા, અમદાવાદ થઈને જન્માષ્ટમીના સમૈયામાં

---

૧૭૩. તેઓનું દીક્ષિત નામ સાધુ અક્ષરજીવનદાસ રાખવામાં આવ્યું.

અટલાદરા પહોંચેલા. સમૈયા બાદ રાજકોટ, ભાદરા થઈને તા. ૯/૯ના રોજ ગોંડલ પધાર્યા.

આ વખતે સ્વામીશ્રી સાથે વિચરણમાં રહેતા હકાભાઈનાં માતુશ્રીની તબિયત અચાનક લથડેલી. એકના એક દીકરા હોવાને નાતે તેઓને માતા વિશે અતૂટ પ્રીતિ. તેથી તેઓને એમ રહ્યા કરે કે 'બા ધામમાં જાય એ વખતે હું હાજર રહું તો સારું.' તેઓએ ભત્રીજાને તો બાના સમાચાર અવાર-નવાર આપતા રહેવાનું કહી જ રાખેલું; છતાં મનમાં ચિંતાની પણછ સતત તણાયેલી જ રહેતી.

એટલે એક વાર તેઓએ સ્વામીશ્રીને કહ્યું કે 'બાની માંદગીના સમાચાર મળ્યા છે. હું એકનો એક દીકરો છું. તેથી છેલ્લે તેની પાસે રહેવું જોઈએ – એમ લાગે છે.' સ્વામીશ્રી પોતાને ઘેર જવાની રજા આપે એવી ભાવના તેઓને હતી.

પરંતુ તે વખતે સ્વામીશ્રી પ્રતીતિભર્યા સૂરમાં બોલ્યા : 'તમારા બાને યોગીજી મહારાજ સિવાય કોણ ધામમાં લઈ જાય? માટે મૂંઝાશો નહીં.' એમ કહી તેઓને પોતાની સાથે જ રાખ્યા.

અને બન્યું પણ સ્વામીશ્રીએ કહ્યું તેમ જ ! એ માતુશ્રીનું શિથિલ સ્વાસ્થ્ય ધીરે ધીરે સારું થયું. આ પ્રસંગ બન્યાના એક દાયકાથીયે વધુ સમય તેઓ જીવ્યાં.

જ્યારે તેઓનો અક્ષરવાસ થયો ત્યારે હકાભાઈ સ્વામીશ્રી સાથેના વિચરણમાં ધર્મજ ગામે હતા, પણ સ્વામીશ્રી સાથે રહેવાથી આવેલી સમજણને કારણે તેઓને માતુશ્રી પ્રત્યેની આસક્તિ દૂર થઈ ગયેલી. તેથી તેઓ આ પ્રસંગે સ્થિર રહી શકેલા.

આમ, સ્વામીશ્રીનો સહવાસ પણ સાધનાની શાળા સમાન બની રહેતો; જેમાં અદૃશ્યપણે સાધનાના કંઈ કેટલાય પાઠ આત્મસાત્ થઈ જતા. સૌ સાથે આત્મીયતા ટકી રહેતી પણ આસક્તિ ખરી પડતી. દુનિયા રહેતી પણ દુન્યવી ભાવો નાબૂદ થઈ જતા. વ્યવહાર ઊભો રહેતો છતાં મોક્ષ બગડતો નહીં.

અક્ષર હળવાફૂલ

ગોંડલના મુકામ દરમ્યાન એક વાર બપોરે ચાર વાગ્યે ઠાકોરજીના ઉત્થાપન પછી સ્વામીશ્રી સૌને પ્રસાદ વહેંચતા હતા. ત્યારે સૌએ કહ્યું : 'સ્વામી ! તમે પણ જમો ને !' એટલે તેઓએ નારંગીની એક ચીર લીધી. તેમાંથી થોડીક જમ્યા અને બાકીની સામે બેઠેલા એક નાના પાર્ષદ રામજી ભગતને આપી.

તે જોઈ સેવકે કહ્યું : 'સ્વામી ! આપ જમો. એને તો દાંત છે એટલે જામફળ

પણ ખાશે.'

આ સાંભળી સ્વામીશ્રી ઠાવકાઈથી તે ભગતને પૂછવા લાગ્યા : 'તારે દાંત છે?'

'હા.' નાનકડા પાર્ષદે ડોકું હલાવી જણાવ્યું.

'તને દાંત દેખાય છે?' સ્વામીશ્રીના આ પ્રશ્ને તે બાળપાર્ષદને મૂંઝવી માર્યા. તેઓએ કહ્યું : 'ના.'

'દાંત દેખાતા નથી તો કેમ કહે છે કે મારે દાંત છે?'

આ સવાલથી તે પાર્ષદ વધુ મૂંઝાયા, પણ તેઓએ કહ્યું : 'આભલા(અરીસા)માં જોઉં છું તો દાંત દેખાય છે ને!'

આ સાંભળી સ્વામીશ્રીએ વધુ એક મજાકનો મમરો મૂક્યો કે 'એ તો આભલામાં એવી કરામત હોય એટલે એવું દેખાય. બાકી દાંત હોય તો આ હથેળી દેખાય છે એમ દેખાવા જોઈએ ને!'

સ્વામીશ્રી ગમ્મતનો દોર બરાબર સરકાવી રહેલા. તેથી આનંદનો પતંગ ઊંચે ને ઊંચે ચડતો જતો હતો. આ નિર્દોષ ગમ્મતને સૌ હાસ્યના ગુલાલ વેરી વધાવી રહેલા. અંતે સ્વામીશ્રીની દલીલનો કોઈ ખુલાસો ન જડ્યો એટલે પેલા બાળપાર્ષદ બોલ્યા : 'સ્વામી! દાંત નો દેખાય પણ દાંત તો છે.'

આ સાંભળી સ્વામીશ્રી પણ બોલ્યા : 'દાંતનો નિશ્ચય કેવો થઈ ગયો છે! એવો પ્રગટ ભગવાનનો નિશ્ચય થવો જોઈએ.'

આમ, સ્વામીશ્રીની ગમ્મત જ્ઞાનના સ્ટેશને વિરમી ત્યારે સૌ હથેળીથી હડપચીને ટેકો દેતાં વિચારી રહ્યા કે 'અનેક કામકાજમાં વ્યસ્ત હોવા છતાં સ્વામીશ્રી કેટલા હળવા છે! વડીલ હોવા છતાં પણ કેવા બાળસહજ છે!!'

સ્વામીશ્રીના સાંનિધ્યમાં કદી કોઈને પેઢીગત અવકાશ (generation gap) અનુભવાતો જ નહીં.

ગોંડલથી યોગીજી મહારાજ સાથે સ્વામીશ્રી જળઝીલણી એકાદશીનો સમૈયો કરવા સારંગપુર આવી પહોંચ્યા. આ વર્ષે વરસાદની ખેંચ હતી. તેથી યોગીજી મહારાજે વરસાદ વરસે તે માટે ઉત્સવ સભામાં જ પોણો કલાક ધૂન કરાવી હતી.[૧૭૪] દુષ્કાળની પરિસ્થિતિને કારણે ખાંડ અને તેલનું રેશનિંગ

૧૭૪. આ ધૂનના પ્રતાપે ઉત્સવ પછીના ત્રણ જ દિવસમાં સારંગપુરમાં બાર ઈંચ વરસાદ વરસેલો. અન્યત્ર પણ સારો વરસાદ થયેલો અને સોળ આની વર્ષ કહેવાય તેવો મબલખ પાક ઊતરેલો.

હોવાથી બારશના પારણામાં સૌને ગોળનો શીરો પીરસાયો હતો.

સારંગપુરમાં જળઝીલણી ઉત્સવ ઊજવ્યા બાદ તા. ૧૯/૯ના દિવસે વરસતા વરસાદમાં જ યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીએ બોટાદના હરિમંદિરનું ખાતમુહૂર્ત કરેલું. બોટાદથી તાજપુર, લાઠીદડ, કારિયાણી થઈને સારંગપુર પરત ફરેલા. તા. ૨૫/૯ના રોજ શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિપર્વ પણ અહીં ધામધૂમથી ઊજવાયું. આ ઉત્સવમાં પણ ખાંડનું રેશનિંગ હોવાથી ઠાકોરજીના થાળ પૂરતો દૂધપાક બનાવીને સૌ હરિભક્તોને મહાપ્રસાદમાં ગોળનો શીરો પીરસાયો હતો.

શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિપર્વ ઊજવીને સ્વામીશ્રી યોગીજી મહારાજની સાથે ઝાલાવાડના વિચરણમાં નીકળ્યા. લીંબડી, સઉકા, ચોકી, ઊંટડી વગેરે ગામોમાં ફરીને વાગડ પહોંચ્યા. શ્રીજીમહારાજ આ ગામમાં ત્રણ વખત પધારેલા અને ભાયાત્માનંદ સ્વામી ત્રીસ વર્ષ રહેલા. આવા પ્રાસાદિક ગામમાં સ્વામીશ્રીએ સૌને કથા-વાર્તાનો લાભ આપીને આનંદ પમાડ્યો.

વાગડથી મોરશિયા ગામ કે જ્યાં ભાયાત્માનંદ સ્વામીનું દેહોત્સર્ગ સ્થાન છે ત્યાં સ્વામીશ્રી પધારેલા. મોરશિયાથી ગાડામાં બેસીને ગલસાણા પહોંચ્યા. ત્યાંથી સોનકા, કંથારિયા, ચચાણા, મોજીદડ, ત્રાડિયા, પાણશીણા, વસ્તડી, ખારવા, વઢવાણ, કારોલ, સુરેન્દ્રનગર વગેરે સ્થાનોમાં વિચર્યા.

શતાબ્દીના શ્રીગણેશ

સુરેન્દ્રનગરથી અમદાવાદ, અટલાદરા, બોચાસણ થઈને સ્વામીશ્રી શરદ પૂર્ણિમાના ઉત્સવ માટે ગોંડલ પધારેલા. અત્રે તા. ૨૦/૧૦ના રોજ શાસ્ત્રીજી મહારાજનો શતાબ્દી મહોત્સવ અટલાદરામાં ઊજવવો તેમ નક્કી થયું.

ગોંડલથી વડિયા, થાણા-દેવળિયા થઈને સ્વામીશ્રી અન્નકૂટોત્સવ કરવા માટે સારંગપુર પધાર્યા.

અહીં દર વર્ષની જેમ સ્વામીશ્રીએ સંતો-સેવકો દ્વારા અન્નકૂટના સીધાં-સામગ્રીથી માંડીને કંદોઈ સુધીનું સઘળું આયોજન કર્યું. તા. ૩/૧૧ના રોજ ચોપડા પૂજન અને હનુમાન પૂજા કરી. બીજે દિવસે અન્નકૂટ ધર્યો.[૧૭૫] આજુબાજુનાં ગામોમાં પણ પ્રસાદી મોકલવાની વ્યવસ્થા કરી દીધી. અન્નકૂટ-ઉત્સવ આમ તો દર વર્ષે ઊજવાતો, પણ સ્વામીશ્રીનું સાંનિધ્ય અને ઉત્સવ સંબંધી દરેક કાર્યવાહીમાં તેઓની ચીવટથી આ ઉત્સવ સૌને દર વર્ષે નવીન જ લાગતો. તેમાં

૧૭૫. વિ.સં. ૨૦૨૧નો પ્રારંભ થયો.

લાભ લેવા માટે સૌ દૂર દૂરથી ખેંચાઈને આવતા. આ વર્ષે પણ ધર્મજ, ભાદરણ વગેરે ગામોમાંથી હરિભક્તો અન્નકૂટ પ્રસંગે સેવા કરવા માટે સારંગપુર આવેલા.

અન્નકૂટ કરીને સ્વામીશ્રી અટલાદરા પધાર્યા. અહીં શાસ્ત્રીજી મહારાજના શતાબ્દી મહોત્સવ પ્રસંગે સભામંડપ, રસોડું વગેરે ક્યાં કરવા તેની જગ્યાઓ જોઈ. સાથે સાથે આ ઉત્સવ નિમિત્તે અટલાદરા મંદિરના રંગરોગાનની કાર્યવાહી પણ આગળ ધપાવી.

આમ, અટલાદરામાં આવી રહેલા ઐતિહાસિક ઉત્સવનાં પગરણ માંડી સ્વામીશ્રી દેવપ્રબોધિની એકાદશીનો ઉત્સવ કરવા માટે અમદાવાદ પધાર્યા.

અમદાવાદમાં એકાદશી ઊજવી જેતલપુર, વસો, ડભાણ, વિદ્યાનગર, આણંદ થઈને કાર્તિકી પૂનમના સમૈયા માટે બોચાસણ પધાર્યા. દસેક હજાર હરિભક્તોની ઉપસ્થિતિમાં આ ઉત્સવ ભવ્યતાથી ઊજવાયો.

સમૈયાના બીજા જ દિવસથી 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથના દ્વિતીય સ્કંધના પારાયણનો પ્રારંભ સ્વામીશ્રીએ કર્યો.

આ દિવસે જ યોજાયેલી શાસ્ત્રીજી મહારાજ શતાબ્દી મહોત્સવ અંગેની મીટિંગમાં સૌનો મત એવો રહ્યો કે 'રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણન્ આવે તેવો પ્રયત્ન કરવો.' તેઓને આમંત્રણ આપવા પાંચ સભ્યોએ દિલ્હી જવું તેમ પણ નક્કી થયું. તે વખતે યોગીજી મહારાજે સ્વામીશ્રીને આજ્ઞા કરી કે 'તમે આમંત્રણ દેવા દિલ્હી જાઓ.' તેથી બોચાસણના પારાયણ બાદ સ્વામીશ્રીએ દિલ્હી જવાનું ઠરાવ્યું.

બોચાસણમાં ચાલતા પારાયણની પૂર્ણાહુતિના પૂર્વદિને ભવ્ય શોભાયાત્રા યોજાયેલી. આવી શોભાયાત્રા બોચાસણના ઇતિહાસમાં પ્રથમ વાર જ નીકળી હશે તેવું નજરે જોનારા સૌ કહી રહેલા. સમગ્ર ગામ હિલોળે ચડેલું. યોગીજી મહારાજ અને સ્વામીશ્રીનું સૌએ અભૂતપૂર્વ સન્માન કર્યું.

પારાયણની પૂર્ણાહુતિ બાદ સ્વામીશ્રી વડોદરાથી ટ્રેનમાં બેસીને તા. ૨૩/૧૧ના રોજ મુંબઈ પધાર્યા અને ત્યાંથી હવાઈમાર્ગે દિલ્હી જવા નીકળ્યા.

માનસ-મર્મજ્ઞ

સ્વામીશ્રીની સાથે ડૉક્ટર સ્વામી પણ દિલ્હીના આ પ્રવાસમાં સામેલ હતા. તેઓની આ પ્રથમ જ હવાઈ મુસાફરી હતી. વિમાનમાં તેઓ સ્વામીશ્રીની બાજુમાં બેઠેલા. નિશ્ચિત સમયે જ્યારે વિમાને આકાશમાર્ગે ગતિ સાંધી ત્યારે ડૉક્ટર સ્વામીને પ્રથમ વારની હવાઈયાત્રાને કારણે સ્વાભાવિક કુતૂહલ થયું કે

'નીચે કેવું દેખાતું હશે?' તેથી તેઓ પોતાની બેઠક પરથી સહેજ ઊંચા થઈને બારીમાંથી બહાર જોવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

સ્વામીશ્રી તેઓની લાગણી સમજી ગયા. તેઓ તરત જ પોતાની બારી પાસેની બેઠક પરથી ઊભા થઈ ગયા અને ડૉક્ટર સ્વામીને પોતાની જગ્યા પર બેસવા કહ્યું. પોતે ડૉક્ટર સ્વામીની બેઠક પર બેસી ગયા.

'કહ્યા વિના સઘળું સમજે એવાં સગપણ ક્યાં છે?' આ સવાલનો જવાબ ડૉક્ટર સ્વામીને આ પ્રસંગે મળી ગયો. તેઓને આ એક જ પ્રસંગથી સ્વામીશ્રી પ્રત્યે અનેકગણો સદ્‌ભાવ વધી ગયો.

રાષ્ટ્રપતિ-ભવનમાં

તા. ૨૪/૧૧ના રોજ સવારે નવ વાગ્યે સ્વામીશ્રી રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ શ્રીરાધાકૃષ્ણનને મળ્યા. તે વખતે ગુલઝારીલાલ નંદાના અંગત સચિવ અને કિશોરભાઈ ગઢિયા પણ સાથે હતા. આ મુલાકાતમાં સ્વામીશ્રીએ શાસ્ત્રોના સારરૂપ શ્રી અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાનું રહસ્ય ફક્ત વીસ મિનિટમાં રાષ્ટ્રપતિને સમજાવેલું. પાંચ જ મિનિટનો અલ્પ સમય મુલાકાત માટે મળ્યો હતો છતાં આ તત્ત્વજ્ઞાનમાં રાષ્ટ્રપતિને પણ એવો રસ પડ્યો કે સમયાવધિ લંબાઈ ગયેલી. સાથે સાથે સ્વામીશ્રીએ શતાબ્દી ઉત્સવથી પણ રાષ્ટ્રપતિને માહિતગાર કર્યા હતા. તે વાત સાંભળીને તેઓએ અટલાદરા આવવા માટે ઇચ્છા દર્શાવેલી અને 'અઠવાડિયામાં કાર્યક્રમ જણાવશે' તેમ કહેલું.

ગુરુનો સંદેશ દેશના સર્વોચ્ચ સ્થાન સુધી પહોંચાડીને સ્વામીશ્રી દિલ્હીથી 'ફ્રન્ટિયર મેલ'માં મુંબઈ આવવા નીકળેલા. તે મુસાફરીમાં એક સહપ્રવાસીએ તેઓ સમક્ષ સત્સંગમાં અઘટિત વર્તણૂક ધરાવતી એક વ્યક્તિની વાત માંડી. કહેનારાના શબ્દો અસહ્ય અકળામણમાંથી આવતા હતા. તેથી તેનો વેગ પાટા પર ધસમસતી ટ્રેન જેવો જ હતો. પરંતુ અભાવ-અવગુણની આત્યંતિક એલર્જી ધરાવતા સ્વામીશ્રીએ તે વાતોમાં પવન ફૂંકી તેને ચગાવી નહીં, પરંતુ ફગાવી દીધી. તેઓએ તે વાતમાં લેશ લક્ષ્ય આપ્યું જ નહીં. તેઓ કદી કોઈની ઊણી-હીણી વાતમાં કાન ધરતા જ નહીં.

વિચરણ અને વિચારણાનાં સમતોલ પલ્લાં

દિલ્હીથી પરત ફર્યા બાદ શાસ્ત્રીજી મહારાજના શતાબ્દી મહોત્સવની

તૈયારીમાં સ્વામીશ્રી પૂરા વેગથી પરોવાઈ ગયા હતા. સમૈયાના ખરડા માટે પાણીના રેલાની જેમ તેઓનું વિચરણ ચાલતું. વિચરણની વચ્ચે સમૈયાના આયોજનોની મીટિંગોનો દોર પણ તેઓ સમાંતર ચલાવતા રહેતા. શિયાળાની કાતિલ ઠંડીનો સપાટો સારો એવો હતો, પરંતુ ઋતુઓના પ્રભાવ હેઠળ દબાવા-દટાવાનું તો સ્વામીશ્રીને પહેલેથી જ ફાવતું નહોતું. તેથી ટાઢા વાયરાની વચ્ચે પણ તેઓના વિચરણની ગરમી યથાવત્ જળવાઈ રહેતી.

તા. ૩/૧૨ના રોજ આણંદમાં દાણા-નાણાંનો ધર્માદો કરીને સ્વામીશ્રીએ તા. ૪/૧૨ના એક જ દિવસમાં ખાંધલી, નાપાડ, ગાના એમ ત્રણ ગામમાં વિચરણ કર્યું અને તા. ૫/૧૨ના દિવસે અટલાદરામાં મીટિંગ માટે આવી પહોંચ્યા.

યોગીજી મહારાજના સાંનિધ્યમાં યોજાયેલી આ મીટિંગમાં ચાલીસથી પચાસ આગેવાન હરિભક્તો એકત્રિત થયેલા. તેમાં ઉત્સવ માટેના નાણાકીય અંદાજપત્રની આકારણી કરવામાં આવી. સાથે સાથે સભાસ્થળ, ઉતારા, રસોડું, ભોજનશાળા, પ્રદર્શન વગેરેનાં સ્થાનોનો નિર્ણય કરવામાં આવ્યો.

મીટિંગ પૂર્ણ કરીને સ્વામીશ્રી તરત જ વિચરણમાં નીકળ્યા. બોચાસણ, ભાદરણ, ડભાણ, નડિયાદ, પુરુષોત્તમપુરા, પીપલગ, પાડગોલ, મહેળાવ, તારાપુર થઈને ફરી વાર આયોજનની મીટિંગ માટે અટલાદરા આવી પહોંચ્યા.

શતાબ્દી મહોત્સવમાં લગભગ એક લાખ ભાવિકોના આગમનની ધારણાના આધારે વ્યવસ્થાઓ ગોઠવાતી હતી. આ બહોળા સમુદાયને પહોંચી વળવા માટે સ્વામીશ્રીએ જિલ્લા અધિકારીઓની મીટિંગ યોજેલી, કારણ કે સરકારી તંત્રની સહાયતા વિના આ વિશાળ આયોજનમાં ઘણી મુશ્કેલી સર્જાય. તેથી તે સૌને સ્વામીશ્રીએ ઉત્સવથી વાકેફ કર્યા. સૌ અધિકારીઓએ સહકારની ખાતરી ઉચ્ચારી.

આ મીટિંગ પૂર્ણ કરીને સ્વામીશ્રીએ ફરી વિચરણનો દોર હાથમાં લીધો. અટલાદરાથી ટ્રેનમાં બેસીને આણંદ આવ્યા. ત્યાંથી મોટરમાર્ગે નારમાં યોગીજી મહારાજને મળ્યા. ગઈકાલની મીટિંગની કાર્યવાહીથી યોગીજી મહારાજને સુમાહિતગાર કર્યા. ત્યારબાદ નારથી લીંબાસી થઈને રાત્રે દસ વાગ્યે ખેડા પધાર્યા.

ખેડાથી તા. ૧૯/૧૨ના રોજ રઢુ પહોંચ્યા. ત્યાં ચંદ્રગ્રહણનો સમૈયો કરી ઈશ્વરપુરા, ચિત્રાસર, શ્રીજીપુરા, નાયકા, મહીજડા, સાંખેજ, ભાલિયાપુરા થઈને નેનપુર આવ્યા. નેનપુરથી રેલવે ટ્રોલીમાં મહેમદાવાદ પહોંચ્યા. ત્યાંથી ખાત્રજ, નડિયાદ, અડાસ વગેરે ગામો ફરતાં ફરતાં તા. ૨૭/૧૨ના રોજ પુનઃ અટલાદરા

મુકામે આયોજિત મીટિંગ માટે આવી ગયા.

તા. ૨૮/૧૨ના દિવસે વડોદરા જિલ્લાના કાર્યકરોની મીટિંગ હતી. તેમાં ઉત્સવની ઉજવણીમાં ઉત્સાહથી સામેલ થવા સ્વામીશ્રીએ હાકલ કરી. આ મીટિંગ બાદ સ્વામીશ્રી કાનમના વિચરણમાં વાઘોડિયા, અંટોલી, અંજેસર વગેરે ગામોમાં જઈ આવ્યા. ત્યાંથી સારંગપુર, ગઢડા, ગોંડલની ખેપ પણ કરી આવ્યા.

આમ, વિચરણ અને વિચારણા(મીટિંગ)નાં બેય ત્રાજવાંને સમતોલ રાખીને સ્વામીશ્રી જ્યારે ઉત્સવોનો લક્ષ્યવેધ કરતા ત્યારે સૌ મોંમાં આંગળાં નાંખી જતા. મીટિંગોમાં બુદ્ધિને કસવાની થતી અને વિચરણમાં કાયાને ઘસવાની થતી, પણ સ્વામીશ્રી તન-મન બેયથી એવા સાબૂત-મજબૂત હતા કે સઘળે પહોંચી વળતા.

સન ૧૯૬૫

રોમરોમમાં થનગનાટ

ગોંડલથી સ્વામીશ્રી તા. ૧૧/૧ના રોજ અટલાદરા આવી ગયેલા. આ દિવસથી છેક તા. ૩/૩ સુધી તેઓ અટલાદરામાં જ રોકાયેલા. અહીં તેઓના માર્ગદર્શન મુજબ ઉત્સવની પૂર્વતૈયારી, ઉત્સવ અને ઉત્સવની સંકેલણીનાં કાર્યો પૂરાં થયેલાં. આ ઉત્સવમાં સ્વામીશ્રીની સેવાના સાક્ષી બનેલા ઈશ્વરચરણદાસ સ્વામી કહે છે :

''આ ઉત્સવની વિવિધ તૈયારીઓમાં પ્રમુખસ્વામી એટલા બધા તો ગૂંથાઈ ગયા હતા કે સેવા કરવામાં રાત-દિવસ જોતા નહીં. ખાવું-પીવું અને ઊંઘ-આરામને સંપૂર્ણ ભૂલી જતા. જે જે સ્થળ ઉપર કામ ચાલતું હોય ત્યાં કલાકો સુધી કાર્યકર્તાઓ તથા સ્વયંસેવકોને પ્રેરણા આપતા રહે અને કાર્ય પૂરું થયે જ તે સ્થળ છોડે. સભામંડપનું કામ ઉત્સવની સવાર સુધી રાતોરાત ચાલ્યું, પણ પ્રમુખસ્વામી ત્યાંથી ખસ્યા નહીં. બધાએ બહુ સમજાવ્યા કે અમે કાર્ય પૂરું થયે જ ઊઠશું, પણ મંચની પછીતની દીવાલો ચણાઈ ગઈ, રંગરોગાન થઈ ગયું પછી જ સવારે ઊઠ્યા અને વહેલી સવારે નાહી-ધોઈ પાછા સભામાં હાજર થઈ ગયા!

યોગીજી મહારાજ પૂછે : 'પ્રમુખસ્વામી જમ્યા કે નહીં?' પણ તેઓ તો મહોત્સવના પ્રાંગણમાં ભર તડકામાં ક્યાંય ઘૂમતા હોય! પ્રમુખસ્વામી જમવા પધારે નહીં ત્યાં સુધી મોટા સ્વામી પણ જમે નહીં. એટલે છેવટે પ્રમુખસ્વામીને બધાં કામ છોડીને જમવા આવી જવું પડે, નહીં તો મોટા સ્વામી ભૂખ્યા રહે.

સેવા-ભક્તિનો ઉમંગ તેઓના રોમરોમમાં દેખાય. લેશ પણ દેહભાવ દેખ્યો જડે નહીં.''

પ્રમુખસ્વામી મહારાજની આવી સેવાભાવના જોઈને જ બે હજાર સ્વયં-સેવકોને અખૂટ પ્રેરણા મળતી. સૌની સેવાની ધગશ જળવાઈ રહેતી.

સેવા, સંવેદના અને સાધુતાનું પ્રયાગ

શતાબ્દી ઉત્સવની પૂર્વ તૈયારીઓના દિવસોમાં સેવા ઘણી રહેતી. રાત્રે તો સ્વયંસેવક પથારીમાં પડ્યા ભેગાં જ નસકોરાં બોલાવવા માંડે એટલો થાકી ગયો હોય !

એવી એક રાત્રિએ જ્યારે સૌ ઘસઘસાટ સૂતા હતા ત્યારે મધરાતે ગાદલાં ભરેલી ટ્રક આવી પહોંચી. તેને ખાલી કરવા માટે સ્વયંસેવકોને ઉઠાડવાનું સ્વામીશ્રીને યોગ્ય ન લાગ્યું. તેથી તેઓએ ડ્રાઈવરને કહ્યું : 'તમે પણ અહીં આરામ કરો. સવારે ટ્રક ખાલી થઈ જાય એટલે નીકળજો.'

પણ ડ્રાઈવરને પાછા વળવાની ઉતાવળ હતી. તેથી તેણે તો હાલ ને હાલ જ ટ્રક ખાલી કરવાની વાત કરી. તે સાંભળી સ્વામીશ્રી વિચાર કરવા લાગ્યા. ત્યારે બાજુમાં ઊભેલા સત્યપ્રિયદાસ સ્વામીએ કહ્યું : 'સ્વામી ! યુવકોને જગાડીએ ?'

'બિચારા આખો દિવસ કામ કરીને થાકી ગયા હશે. એમને ક્યાં ઉઠાડવા ?' સ્વામીશ્રીના મુખે આ વાત સાંભળતાં તે સંત ક્ષણભર તો સ્થિર થઈ ગયા ! તેઓને થયું કે 'પ્રવૃત્તિએ સ્વામીશ્રીને યાંત્રિક નથી બનાવી દીધા. હજી પણ તેઓ એટલા સંવેદનશીલ છે કે માણસને માણસ તરીકે જ જોઈ શકે છે, કામ કરી આપનારા યંત્ર તરીકે નહીં.'

તેઓની આ વિચારમાળાને તોડતાં સ્વામીશ્રી બોલ્યા 'સત્યપ્રિય ! તમે ટ્રક પર ચડીને એક-એક ગાદલા મને આપો. હું થપ્પી કરી દઈશ.'

સ્વામીશ્રીએ કરેલી સેવાની આવી ફાળવણી અંગે પેલા સંતનું મન કેવી રીતે માને ? તેઓ કામને વિલંબમાં નાંખીને આસપાસ નજર દોડાવવા લાગ્યા કે 'કોઈ હરતો-ફરતો હાથમાં આવી જાય તો સારું.' પણ સ્વામીશ્રી તેઓનો આશય પામી ગયા અને કહ્યું : 'વાર ન લગાડો. ખટારાવાળાને મોડું થાય છે. ચડી જાઓ ટ્રક પર..'

અંતે સ્વામીશ્રીએ કહ્યું તેમ ક્રમ ચાલ્યો. પેલા સંત સ્વામીશ્રીને ગાદલાં આપતા જાય અને સ્વામીશ્રી તેને ઊંચકીને થપ્પીબંધ ગોઠવતા જાય. આ રીતે

તેઓએ ટ્રક ભરીને આવેલાં ગાદલાંની વ્યવસ્થિત ગોઠવણી કરી દીધી.

આ ગાદલાં પર બીજા શાંતિથી સૂઈ શકે તે માટે આજે સ્વામીશ્રીએ પોતાની ઊંઘ વેરણ કરી દીધેલી! સૂતેલા સ્વયંસેવકો પૂરતી ઊંઘ મેળવી શકે તે માટે આજે સ્વામીશ્રીએ પોતાની ઊંઘ પર કાપ મૂકી દીધેલો!! ટ્રકવાળાનું ટાણું સાચવવા માટે આજે સ્વામીશ્રીએ પોતાનાં ટાણાંને હડસેલો મારી દીધેલો!!!

ટ્રક તો ખાલી થઈ ગઈ, પણ મધરાતે માથે-ખભે ગાદલાં ઊંચકીને ગોઠવનાર સ્વામીશ્રીને જોનાર પેલા સંતનું હૃદય ભરાઈ ગયું – સ્વામીશ્રીની સેવાભાવના જોઈને, સ્વામીશ્રીની સમ-સંવેદના જોઈને, સ્વામીશ્રીની સાધુતા જોઈને!

શતાબ્દીનો શાનદાર શુભારંભ

મહિનાઓથી જે ઉત્સવના નગારાં ગગડતાં હતાં તે શતાબ્દી મહોત્સવ હવે આવી પહોંચેલો. તેમાં સેવા માટે આવેલા સ્વયંસેવકોની ભવ્ય સભા તા. ૨/૨ના રોજ સ્વામીશ્રીના અધ્યક્ષપદે યોજાયેલી, જેમાં સ્વામીશ્રીએ સ્વયં-સેવકોને શિસ્ત, નમ્રતા અને વિવેકપૂર્વક સેવા કરવાનો આદેશ આપ્યો હતો.

તા. ૩/૨ના રોજ યોગીજી મહારાજ પણ આ પ્રસંગે પધાર્યા અને ઉત્સવમાં પ્રાણનો સંચાર થઈ ગયો. અટલાદરાના પાદરે સ્વામીશ્રી તથા આગેવાન હરિભક્તોએ તેઓનું ભવ્ય સ્વાગત કર્યું.

'આ સમૈયો બહુ મોટો થશે, જે કોઈ નહીં આવે તેને બહુ ખોટ આવશે... આ મહોત્સવમાં જે સેવા લખાવશે તેને ખૂટશે નહીં... સો જન્મે આવી સેવા મળે નહીં...' જેવા ઉદ્‌ગારો દ્વારા યોગીજી મહારાજે આ ઉત્સવનો મહિમા સમગ્ર સત્સંગમાં ગુંજાવ્યો હતો. તેથી હરિભક્તોના અગણિત સમૂહો અટલાદરા તરફ ધસમસતા પ્રવાહની જેમ આવ્યે જ જતા હતા. વડોદરાથી અટલાદરા સુધીનો પાંચ માઈલનો માર્ગ માનવ-મેદનીથી ભરચક જ રહેતો. રસ્તાની બંને બાજુ સ્પેશિયલ બસોની જાણે હારમાળા ખડકાઈ ગયેલી!

તા. ૫/૨ના રોજ શતાબ્દી ઉત્સવની પ્રથમ સભા યોજાઈ. ત્યારબાદ 'અક્ષર વાટિકા'ના પ્રવેશદ્વાર પાસે આવીને સ્વામીશ્રી અને નંદાજીએ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યું. આ પ્રદર્શનમાં શ્રીજીમહારાજનાં સાંસ્કૃતિક તેમ જ આધ્યાત્મિક કાર્યોની કલાત્મક રંગીન પેનલો, શાસ્ત્રીજી મહારાજ દ્વારા નિર્મિત મંદિરોની આબેહૂબ પ્રતિકૃતિઓ(મૉડેલ), તેઓની પ્રાસાદિક વસ્તુઓ, જીવનપ્રસંગો તેમ જ

તેઓની લાક્ષણિક છબીઓને અપૂર્વ કલાસૂઝથી રજૂ કરવામાં આવેલાં. આ સમગ્ર રચના સ્વામીશ્રીએ નંદાજીને સમજાવી હતી.

'હું તો અલ્પ છું...'

તા. ૫/૨ના રોજ સાંજે 'યજ્ઞપુરુષ સ્મૃતિગ્રંથ'ની ઉદ્‌ઘાટન સભાનું આયોજન થયેલું. શાસ્ત્રીજી મહારાજનાં અનેકવિધિ પાસાંઓને બહુરંગી છબીઓ, અભ્યસનીય લેખો, સુરેખ ચિત્રો વગેરે દ્વારા સમાવતો આ ગ્રંથ શાસ્ત્રીજી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉત્તમ નજરાણાં સમાન હતો. તેની ઉદ્‌ઘાટન સભામાં સ્મારક ગ્રંથ સમિતિ વતી સ્વામીશ્રીએ જણાવ્યું હતું કે 'શાસ્ત્રીજી મહારાજે આ પૃથ્વી ઉપર આવી અદ્‌ભુત કાર્ય કર્યું છે. તેમની સ્મૃતિ રહે તે માટે અદ્‌ભુત ગ્રંથ ઈશ્વરચરણ સ્વામી તથા બીજા સંતોએ મળીને તૈયાર કર્યો છે. આ ગ્રંથનું ઉદ્‌ઘાટન સ્વામીના હાથે થશે. હું તો અલ્પ છું. તે મોટા છે. આ પ્રસંગે શાસ્ત્રીજી મહારાજ દિવ્ય રીતે હાજર છે. તેઓની શતાબ્દી ઊજવવાની મળી છે તે આપણું અહોભાગ્ય છે.'

મહોત્સવના મોવડીના મુખે 'હું તો અલ્પ છું...' શબ્દો સાંભળી સૌ ચકિત થઈ ગયા! સન્માનોની વણઝાર સ્વામીશ્રીના શિરે ખડકાતી હોવા છતાં તેઓની નમ્રતા છેવટ સુધી અણનમ જ રહેલી!

દયાળુ જ મા તું

તા. ૫/૨ના રોજ રાત્રે સાડા આઠ વાગ્યે યુવક સંમેલન યોજાયેલું. તેમાં નામાંકિત શ્રેષ્ઠીઓ તથા અગ્રણી સત્સંગીઓએ યુવાનોને સંબોધેલા. રાત્રે લગભગ અગિયારેક વાગ્યે આ સભા પૂર્ણ થઈ. સભામંડપમાંથી સૌ વીખરાયા. ત્યારબાદ આવતીકાલના મુખ્ય દિવસની તૈયારીઓને સ્વામીશ્રીએ આખરી ઓપ આપ્યો. અન્ય સેવાવિભાગોમાં પણ મુલાકાતો લઈને રાત્રે લગભગ બે વાગ્યે તેઓ સૂવા માટે પધાર્યા.

સ્વામીશ્રીને આરામમાં ગયાને થોડીક જ વાર થઈ હશે ત્યાં તો પીપલગના એક ભક્ત આવ્યા અને સ્વામીશ્રી જ્યાં સૂતા હતા તે ઓરડાનું જ બારણું ખટખટાવવા લાગ્યા. આ ખખડાટથી ત્યાં જ સૂતેલા સેવક ધર્મજીવનદાસ સ્વામી જાગી ગયા અને સ્વામીશ્રીની ઊંઘમાં વિક્ષેપ ન પડે તે માટે પેલા હરિભક્તને થોડે દૂર લઈ જઈને પૂછપરછ કરવા લાગ્યા. ત્યારે તે ભક્ત તો ઊભરો કાઢવા

લાગ્યા કે 'અહીં કોઈ ધ્યાન રાખતું નથી. ઉતારો મળ્યો નથી ને ગાદલાં-ગોદડાંની વ્યવસ્થા નથી.'

તેઓ એવા કસમયે આવેલા કે તેઓ જે રીતની વ્યવસ્થા માંગી રહેલા તે આપવી ખરેખર મુશ્કેલ થઈ પડે. તેથી સેવક તેઓને શાંતિથી સમજાવવા લાગ્યા. પણ એટલામાં તો સ્વામીશ્રી પોતાનું ગાદલું, રજાઈ અને ઓશીકું લઈને ત્યાં આવી પહોંચ્યા અને સેવકને કહ્યું : 'લ્યો આ. એ ભાઈને અહીં પાથરી આપો.'

સ્વામીશ્રીની આ વાત સાંભળી સેવક કંપી ગયા, કારણ કે સ્વામીશ્રીનું પાગરણ એ ભાઈને આપી દેવામાં આવે તો આ મધરાતે સ્વામીશ્રી માટે બીજું પાગરણ લાવવું ક્યાંથી ? અને આ ઠંડીમાં સ્વામીશ્રીને કેવી રીતે પોઢાડવા ?

પરંતુ સ્વામીશ્રીએ પોતાની સુવિધા એ ભક્તને અપાવ્યે પાર કરી. પોતે સેવકે લાવી આપેલી બીજી સાવ પાતળી રજાઈ પર ગાતરિયું ઓઢીને સૂઈ ગયા ! પણ મધરાતે દીઠેલી સ્વામીશ્રીની આ ગુણગરિમાએ સેવકની ઊંઘ ઉડાડી દીધી ! તેઓ સ્વામીશ્રીની સેવાભાવના, ભક્તવત્સલતા અને અહંશૂન્યતાને તોલવાનું ત્રાજવું આખી રાત શોધતા રહ્યા પણ તે ન મળ્યું તે ન જ મળ્યું !

એ રાતનું વાતાવરણ વારંવાર આ જ પ્રતિઘોષથી સ્વામીશ્રીને વધાવતું રહ્યું કે –

'સુકામાં સુવાડે ભીને પોઢી પોતે, પીડા પામી પંડે તજે સુખ તો તે,
મને દુઃખી દેખી દુઃખી કોણ થાતું ? મહાહેતવાળી દયાળુ જ મા તું...
તથા આજ તારું હજી હેત એવું, જળે માછલીનું જડ્યું હેત જેવું,
ગણિતે ગણ્યાથી નથી એ ગણાતું; મહાહેતવાળી દયાળુ જ મા તું...'

શતાબ્દી-અભિવંદના

તા. ૬/૨ની સવારે શતાબ્દી મહોત્સવની મુખ્ય સભા યોજાયેલી. આજે શાસ્ત્રીજી મહારાજના જન્મને સો વર્ષ પૂર્ણ થઈ રહેલાં. તે નિમિત્તે તેઓનાં ચરણોમાં પ્રણિપાત કરીને આશીર્વાદ લેવા માટે એક લાખની ભક્તમેદની એકત્રિત થઈ હતી. સભામંડપ ખીચોખીચ ભરાઈ ગયેલો.

આ પ્રસંગે સ્વામીશ્રીએ સંબોધનમાં જણાવ્યું હતું કે 'પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ મહાન વ્યક્તિ હતા. શાસ્ત્રીજી મહારાજે મહારાજની જેમ તદ્દન નીચલા થરના મનુષ્યોના સંપર્કમાં આવી શ્રીજીમહારાજનો સંદેશો આપી સુખી કર્યા. શાસ્ત્રીજી મહારાજે પથ્થર ખડક્યા તેમ નથી પણ મનુષ્ય જીવનમાં આગળ

વધી શકે, શાંતિનો અનુભવ કરી શકે તે માટે ચૈતન્ય મંદિરો પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે ઊભાં કર્યાં છે. જેમ સ્કૂલ, કૉલેજ કે હૉસ્પિટલની જરૂરિયાત છે તેમ જ મંદિરોની પણ છે. મંદિરો દ્વારા અધ્યાત્મવિદ્યાનો પ્રચાર થાય છે. તેનાથી મનુષ્યમાં મનુષ્યત્વ આવે છે. આ વાત લક્ષમાં રાખી, ઉપાસનાના સિદ્ધાંતો સદાને માટે પ્રચાર પામે એ દૃષ્ટિએ શાસ્ત્રીજી મહારાજે પાંચ ભવ્ય મંદિરો બાંધી અક્ષર ને પુરુષોત્તમની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. તેમણે અક્ષર-પુરુષોત્તમનો, બ્રહ્મ-પરબ્રહ્મનો, આત્મા-પરમાત્માનો જે સનાતન તત્ત્વોનો સિદ્ધાંત શાસ્ત્રમાં લખેલો છે તેનો પ્રચાર કર્યો. શાંતિ અને સુખ બધાને જોઈએ છે તે તેમણે આપ્યું છે. આવા ને આવા પ્રસંગો જિંદગીમાં ફરી થાય... આ ઉત્સવમાં ઘણી જ રીતે વ્યવસ્થા કરી છે, પણ ત્રુટિઓ હોય તો માફ કરજો.'

આંખોની પાંપણો પર ઝૂલતી તસવીરો

ઉત્સવ બાદ તા. ૭/૨ના રોજ યોગીજી મહારાજ વિચરણ માટે નીકળી ગયા. સ્વામીશ્રી ઉત્સવને સંકેલવાની સેવામાં વ્યસ્ત થયા. અર્થ(નાણાં) અને પદાર્થ – બંનેની જવાબદારી તેઓની હતી. તેથી એક તરફ સ્વામીશ્રી હિસાબ-કિતાબનું ધ્યાન રાખતા તો બીજી તરફ જ્યાં જ્યાંથી વસ્તુઓ લાવ્યા હોય તે તમામ તે તે જગ્યાએ પહોંચતી કરતા. વસ્તુ વાપરવા માટે લાવ્યા હોય ત્યારે તે જેવી હોય તેવી જ તેને પરત કરવાનું સ્વામીશ્રીનું વલણ. તેથી તે મુજબ જ સંકેલણી થાય તેનો પૂરેપૂરો ખ્યાલ રખાવે. વાસણો હોય તો વ્યવસ્થિત સ્વચ્છ થઈને જ જાય, ઉતારા હોય તો ચોખ્ખાચણાક થઈને જ તેની ચાવીઓ સુપ્રત થાય, ઉતારામાં કંઈક ભાંગ્યું-તૂટ્યું હોય તો તેની મરામત થઈ જાય વગેરેમાં ઝીણી નજર રાખી સેવા કરાવે. જેણે જે વસ્તુઓ સેવામાં આપી હોય તે તેને પાછી મળે ત્યારે દાતાને સંપૂર્ણ સંતોષ થાય એ રીતે સ્વામીશ્રી ઉત્સવને સંકેલતા. તેઓને મન ઉત્સવની સંકેલણી એટલે જે ખડું થયું છે તેને ભોંયભેગું કરવું તેમ નહીં, પણ તેને થાળે પાડવું તેમ હતું. તેથી નાની-શી ચીજનો પણ બગાડ ન થાય તેનું ધ્યાન રાખતા.

આ રીતે ખંતપૂર્વક ઉત્સવને આટોપીને તા. ૩/૩ના રોજ તેઓ બોચાસણ જવા નીકળ્યા તે વખતે અટલાદરા મંદિરના સર્વે સંતો-સેવકોની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. આંખોની પાંપણો પર બાઝેલાં એ તરલ ટીપાંઓમાં સ્વામીશ્રીનાં કેટકેટલાં રૂપો નીતરી રહેલાં!

કો'ક બુંદમાં સમૈયાની કટોકટીની પળોમાંય લેશ સમતુલા ન ગુમાવનાર સ્થિતપ્રજ્ઞ સ્વામીશ્રી દર્શાઈ રહેલા, તો કો'ક બુંદમાં અડધી રાતેય ખભો દેનાર સ્વામીશ્રી દેખાઈ રહેલા! કો'કની આંખ ઉત્સવમાં પોતે કરેલી ભૂલોને ભૂલનાર ક્ષમાશીલ સ્વામીશ્રી પર ઓવારી રહેલી, તો કો'કની આંખ ઘડિયાળ સામે જોયા વિના મંડેલા કર્મઠ સ્વામીશ્રીની આરતી ઉતારી રહેલી! કો'ક બુંદમાં સમૈયાના સર્વે-સર્વા હોવા છતાં સેવક બનીને રહેનાર સ્વામીશ્રી નીખરી રહેલા, તો કો'ક બુંદમાં અનેકવિધ સેવાઓમાં વ્યસ્ત હોવા છતાં ભક્તિપરાયણ સ્વામીશ્રી ઊભરી રહેલા !

સમૈયામાં પામેલા સ્વામીશ્રીના સંસ્પર્શને સૌ આમ યાદ કરતા રહ્યા અને તેઓ શાસ્ત્રીજી મહારાજને એક ભવ્ય અંજલિ આપીને નીકળી ગયા! ગુરુની શતાબ્દીઓ કેવી રીતે ઊજવવી તેની રીત દુનિયાને શીખવી ગયા!![૧૭૬]

મુંબઈમાં સંતોએ શતાબ્દી મહોત્સવનો વિસ્તૃત અહેવાલ તૈયાર કરેલો. તે સ્વામીશ્રીને તા. ૫/૩ના રોજ બોચાસણમાં મળ્યો. તે તમામ લખાણ તે જ દિવસે વાંચીને સ્વામીશ્રીએ તેને પરત મોકલાવી દીધું. કામમાં વિલંબ તેઓને પરવડતો જ નહીં.

બોચાસણમાં તા. ૧૦/૩ના રોજ નવી ગૌશાળાનું વાસ્તુ કરીને સ્વામીશ્રી પુરુષોત્તમપુરા, ઈશ્વરપુરા, અસલાલી, અમદાવાદ થઈને રાતના સાડા અગિયાર વાગ્યે સારંગપુર પહોંચ્યા. અહીં તા. ૧૭/૩ના રોજ ફૂલદોલોત્સવ ઊજવાયો. મંદિરના રંગમંડપમાં જે સ્થળે શાસ્ત્રીજી મહારાજે દેહત્યાગ કરેલો તે સ્થળે આરસનો ઓટો કરી શ્રીજીમહારાજનાં ચરણારવિંદની પ્રતિષ્ઠા પણ આ જ દિવસે યોગીજી મહારાજનાં કરકમળો દ્વારા થઈ હતી.

નાનું-મોટું એકસમાન

સારંગપુરમાં ફૂલદોલ-ઉત્સવ ઊજવી સ્વામીશ્રી બીજા દિવસે બોટાદ પધારેલા. અહીં નૂતન મંદિર આકાર લઈ રહેલું. તે નિમિત્તે તેઓએ આર્થિક સેવાની લખણી કરી. રાત પણ ત્યાં જ ગાળી.

---

૧૭૬. શાસ્ત્રીજી મહારાજના શતાબ્દી મહોત્સવની વિવિધ સ્મૃતિઓને માણવા જુઓ વીડિયો ટ્રેક નં. ૨૫. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

બીજા દિવસે સવારે મંદિરના ખૂણેખૂણે જઈને બાંધકામનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું. જરૂરી સૂચનો આપ્યાં. કથાવાર્તા કરી. તે વખતે સૌ અચંબો પામી ગયા કે હજી હમણાં જ લાખ-લાખની જનમેદની જેમાં ઊમટેલી એવા વિશાળ ઉત્સવનું સૂત્ર જેઓએ સંભાળેલું, એ જ સ્વામીશ્રી ખોબા જેવા નાનકડા આ હરિમંદિરના નિર્માણમાં પણ આટલો રસ લઈ રહ્યા છે! ક્યાં વિરાટ પાયા પર ઊજવાતા સમૈયાનાં સમીકરણો માંડતા સ્વામીશ્રી અને ક્યાં અમુક ચોરસ ફૂટના મંદિરની ખેવના કરતા સ્વામીશ્રી!! જોનારાઓની આંખો ચાર થઈ ગઈ છતાં તે પૂર્ણપણે તો સ્વામીશ્રીનું દર્શન ન જ પામી શકી!!

બોટાદના મંદિરને પુષ્ટિ આપી સ્વામીશ્રી ગઢપુર પહોંચ્યા. યોગીજી મહારાજ પણ અહીં જ હતા. ગઢપુરથી પંદર સંતો-ભક્તોના સંઘ સાથે યોગીજી મહારાજ અને સ્વામીશ્રી લાઠી, લિલિયામાં પધરામણીઓ કરી રાજુલા જવા નીકળ્યા, પણ રાત્રિના અંધારામાં ચાલક રસ્તો ચૂક્યો. તેને કારણે આખી રાત હેરાન-પરેશાન થતાં મળસ્કે ચાર વાગે સૌ રાજુલા પહોંચ્યા. સ્નાન, પૂજા વગેરે નિત્યક્રમથી પરવાર્યા ત્યાં તો પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની શોભાયાત્રાનો સમય થઈ ગયો. શોભાયાત્રા બાદ નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમની પ્રતિષ્ઠા યોગીજી મહારાજે કરી.

રાજુલાથી નીકળીને તા. ૨૩/૩ના રોજ યોગીજી મહારાજ, સ્વામીશ્રી અને સંતો મજાદરના આંગણે પદ્મશ્રી કવિ દુલા કાગના ઘેર પધાર્યા. કવિશ્રીએ પરંપરાગત સ્વાગત કરીને સંતોને વધાવ્યા. સૌએ ભોજન પણ અહીં જ લીધું.

ત્યારબાદ સ્વામીશ્રી પીપાવાવ, ઊંટડી થઈને પાછા રાજુલા આવી પહોંચ્યા. બીજે દિવસે ભટવદર, બાઢડા, ચલાલા, અમરેલી, ધારી, સાવરકુંડલા થઈને તા. ૨૮/૩ના રોજ ભાદરા(મહુવા) ગામે પહોંચ્યા.

તેમની પાછળ લાખો માણસ ફરશે

ભાદરામાં પોપટભાઈ દાણીના ફળિયામાં નાનો મંડપ બાંધેલો. ઓસરીમાં તેમ જ ફળિયામાં સૌ હરિભક્તોને જમવાની પંગત થયેલી. તે પંગતમાં સ્વામીશ્રી પણ કછોટો મારીને પીરસવા નીકળેલા. તે વખતે એક વિદ્વાન બ્રાહ્મણની નજર વાનગી પીરસી રહેલા તેઓ પર પડી. એકીટશે તે સ્વામીશ્રીને નીરખી રહ્યા.

થોડી વારે તેઓએ પોપટલાલને પાસે બોલાવ્યા અને સ્વામીશ્રી તરફ અંગુલિનિર્દેશ કરીને પૂછ્યું : 'આ પીરસે છે તે કોણ છે?'

પોપટલાલે સ્વામીશ્રીનો પરિચય આપ્યો. ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો : 'આ પ્રમુખસ્વામીની પાછળ પણ યોગીજી મહારાજની જેમ લાખો માણસ ફરશે. મારી જ્યોતિષશાસ્ત્રમાં અલ્પમતિ છે, પરંતુ આ સંતની આકૃતિ નીરખીને જે રીતે મેં લક્ષણો તપાસ્યાં છે તે જોતાં ભવિષ્યમાં આપણે ઈશ્વરકૃપાથી મળીએ તો હું યાદ આપીશ. નહીંતર તમે મારી વાતને યાદ રાખજો.'

પોપટલાલ તો આ ભવિષ્યવાણી સાંભળી ચકિત રહી ગયા! આગળ જતાં તેઓએ એ ભૂદેવની ભાષા અક્ષરશઃ સત્ય થતી જોઈ.

તમ દ્વારા સ્વામી અલૌકિક કામ કરશે

ભાદરાથી સ્વામીશ્રી મહુવા પધારેલા. મહુવામાં ભગતજી મહારાજના જન્મસ્થાન તથા દેહોત્સર્ગ સ્થાનનાં દર્શન કર્યાં. પ્રાસાદિક માલણ નદીનું જળ પણ માથે ચઢાવ્યું. અહીં યોગીજી મહારાજે સ્વામીશ્રીનો મહિમા વર્ણવતાં કહ્યું : 'આપે અલૌકિક કામ સત્સંગમાં કરેલું છે. તે ફળરૂપે આપને ભગતજી મહારાજના સ્થાનેથી શુભ આશીર્વાદ છે. તે તમ દ્વારા સ્વામી શાસ્ત્રીજી મહારાજ અલૌકિક કામ કરશે. તમો સ્વામી શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છો.'

સમુદ્રમાં જેમ એક પછી એક તરંગો આવ્યા જ કરે તેમ યોગીજી મહારાજના અંતરમાં પણ સ્વામીશ્રીનો મહિમા કહેવાની ઊલટ ઊમટ્યા જ કરતી. તેમાં કદી ઓટ આવતી નહીં. અને હા, શ્રીજીમહારાજ તથા શાસ્ત્રીજી મહારાજના સ્વરૂપ તરીકે જ સ્વામીશ્રીનો મહિમા કહેવાથી ઓછું કાંઈ તેઓને ખપતું નહીં. અહીં સાનમાં સમજી જવાની વાત નહોતી, પણ યોગીજી મહારાજે છડે-ચોક સ્વામીશ્રીને ઓળખાવ્યા હતા.

મહુવાથી સૌ તળાજા થઈને ભાવનગર પધાર્યા હતા. અહીંના મહારાજા કૃષ્ણકુમારસિંહ દિવંગત થયા હતા. તેઓના મહેલમાં જઈ સ્વામીશ્રીએ રાજકુંવરોને આશ્વાસન અને આશીર્વાદ આપ્યા. શાસ્ત્રીજી મહારાજના યોગમાં આવેલા આ સદ્‌ગત આત્માને અંજલિ આપ્યા બાદ સ્વામીશ્રી વલ્લભીપુર, ગઢડા થઈને સારંગપુર પધાર્યા. અહીં ચારેક દિવસનું ટૂંકું રોકાણ કરીને શ્રીહરિ જયંતીનો સમૈયો કરવા તા. ૧૦/૪ના રોજ અમદાવાદ આવી પહોંચ્યા.

અજેન્ડા(Agenda)ને નહીં, આદમીને અગ્રિમતા

અમદાવાદથી ચૈત્રી પૂનમનો સમૈયો કરવા માટે સ્વામીશ્રીને બોચાસણ

જવાનું હતું, પણ વચ્ચે ત્રણ દિવસ સી. એમ. પટેલના પ્રેમાગ્રહથી તેઓ નાર ગામમાં પારાયણ માટે પધાર્યા. અહીં 'ભક્તચિંતામણિ'નું રસપાન કરાવી સૌને તૃપ્ત કર્યા. નારથી પંડોળી થઈને બોચાસણમાં પૂનમનો ઉત્સવ કરવા માટે પહોંચ્યા.

આ ઉત્સવ બાદ બોચાસણથી તેઓને આણંદ જ જવાનું હતું, પણ અટલાદરામાં મોટા સ્વામીનું સ્વાસ્થ્ય કથળ્યું છે તેવા સમાચાર સ્વામીશ્રીને મળ્યા. તેથી બોચાસણનો સમૈયો કરીને તેઓની ખબર-અંતર પૂછવા માટે સ્વામીશ્રી ખાસ અટલાદરા ગયેલા.

સ્વામીશ્રીના વ્યવહારમાં માનવીય પાસું ભારોભાર જણાતું. તેઓ હંમેશા મુસદ્દા-પ્રેરિત, કાર્યકેન્દ્રી અને કાર્યલક્ષી જીવન જીવનારા હતા. જ્યાં કામ ત્યાં જ મારો આનંદ – આ હતી તેઓની જીવનશૈલી. પણ તેમાં વ્યક્તિને સંભાળવાનું તેઓ કદી ભૂલ્યા નહોતા! તેઓની કાર્યશૈલીમાં અજેન્ડા નહીં પણ આદમી અગ્રિમકક્ષાએ રહેતો. તેથી જ પોતાના કાર્યક્રમોમાં ઊથલ-પાથલ કરીને પણ તેઓ સંત-હરિભક્તનાં ટાણાં સાચવવાનું ચૂકતા નહીં.

સાબરગંગાના તીરે તીરે

અટલાદરાથી સ્વામીશ્રી આણંદ, વિદ્યાનગર, બાકરોલ, વરતાલ, નડિયાદ, ડભાણ થઈને અમદાવાદ પહોંચ્યા.

અમદાવાદથી યોગીજી મહારાજે સાબરકાંઠાનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. ૨૫ સંતો અને ૩૫ યુવકો સાથે કુલ સો વ્યક્તિઓ આ વિચરણમાં જોડાવાની હતી. સ્વામીશ્રી તો સાથે હોય જ તે સ્વાભાવિક હતું. તા. ૨૧/૪ના દિવસથી આ વિચરણગંગા વહેવા માંડી. પ્રાંતિજ, કાંકરોલ, બેરણા, રામગઢ, અડપોદરા, હિંમતનગર, ઈલોલ, ઈડર, વડાલી, ડોભાડા, ચાંપલપુર, ગઢાડી, ખેડબ્રહ્મા, જાદર, થુરાવાસ, ભીલોડા, ટોરડા, શામળાજી, ધનસુરા, મોડાસા, તલોદ, દહેગામ અને વહેલાલ થઈને સ્વામીશ્રી પુનઃ અમદાવાદ આવી પહોંચ્યા.

પંદર દિવસના આ કાર્યક્રમમાં નાનાં-મોટાં ત્રીસથી વધુ ગામોમાં તેઓ વિચર્યા. સખત તાપ, પાંખી સુવિધા અને ઊડતી ધૂળની વચ્ચે થતા સ્વામીશ્રીના આવા વિચરણનો હેતુ કેવળ અને કેવળ લોકકલ્યાણ જ રહેતો.

આહારથી વિશેષ વાત

તા. ૭/૫ના રોજ અમદાવાદ મંદિર અને તા. ૧૦/૫ના રોજ ગઢડા

મંદિરના પાટોત્સવ ઊજવી સ્વામીશ્રી ગોંડલ પધારેલા. અહીં તા. ૧૨/૫ના રોજ નિર્માણાધીન ગુરુકુળના પાયા ખોદવા માટેનો શ્રમયજ્ઞ શરૂ થયો. યોગીજી મહારાજે પ્રથમ કોદાળી મારીને ભૂમિખનન કર્યું. સ્વામીશ્રીએ પણ એ રીતે ખોદીને શ્રમયજ્ઞનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગ માટે જ મુંબઈથી ભણનારા સંતો આવી ગયેલા. તે સૌ પણ આ શ્રમયજ્ઞમાં જોડાઈ ગયા.

ગોંડલથી ભાદરા થઈને તા. ૧૯/૫ના રોજ બોટાદ મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલા યજ્ઞમાં સ્વામીશ્રી પધાર્યા. સાંજે નીકળેલી શોભાયાત્રામાં પણ બિરાજ્યા. તા. ૨૦/૫ના દિવસે યોગીજી મહારાજના વરદ હસ્તે મૂર્તિપ્રતિષ્ઠાવિધિ સંપન્ન થયો. સ્વામીશ્રીએ આ મંદિર-નિર્માણમાં ખૂબ જહેમત ઉઠાવેલી. તેથી યોગીજી મહારાજે પણ આરતી વખતે સ્વામીશ્રીને પોતાની સાથે જ રાખ્યા.

બોટાદથી સ્વામીશ્રી સાંગાવદર પધાર્યા. અહીં બંધાનારા નૂતન મંદિરનો ખાતવિધિ યોગીજી મહારાજે કર્યો. તે વિધિ પૂર્ણ કરીને શિયાનગર થઈ નિંગાળા પહોંચ્યા. અહીં પણ મંદિરના ખાતમુહૂર્ત માટે પધારવાનું બનેલું. એક જ દિવસમાં આ બીજા મંદિરનો પણ ખાતવિધિ કરીને યોગીજી મહારાજ તથા સ્વામીશ્રી કેરિયા, રોહીશાળા અને વલ્લભીપુર થઈને ચોગઠ આવ્યા. દિવસમાં છ ગામનું વિચરણ કરીને રાત્રે સાડા અગિયાર વાગ્યે તેઓ અહીં પહોંચેલા, છતાં તેઓએ સત્સંગસભા તો કરી જ.

પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહેતા દુન્યવી જીવો જેમ આહારમાં ધરાતા નથી, તેમ અંગોઅંગનાં મિજાગરા ઢીલા કરી નાંખે તેવા વિચરણમાં પણ યોગીજી મહારાજ અને સ્વામીશ્રી કથાવાર્તા કરવાનું કદી ચૂકતા નહીં. કથાવાર્તા તો તેઓ માટે આહારથીયે વિશેષ વાત હતી !

સેવામાં આગળ, સન્માનમાં પાછળ

આ વર્ષે યોગીજી મહારાજની ૭૪મી જન્મજયંતી ઊજવવા સ્વામીશ્રી બોચાસણ પધારેલા. જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે તા. ૨૭/૫ના રોજ ગામમાં ભવ્ય નગરયાત્રા નીકળી. તા. ૨૮/૫ની સવારે યોગીજી મહારાજનો જન્મોત્સવ આનંદ-ઉલ્લાસ સાથે ઊજવાયો.

આ જન્મોત્સવની સભામાં યોગીજી મહારાજનું પૂજન કરતાં મોટા સ્વામી તથા સ્વામીશ્રીએ મોટો સુંદર હાર યોગીજી મહારાજના કંઠમાં પહેરાવ્યો. તે હાર યોગીજી મહારાજ સ્વામીશ્રીને જ પાછો પહેરાવવા જતા હતા, ત્યારે તેઓએ

યોગીજી મહારાજને કહ્યું : 'કોઠારીને પહેરાવો.' એમ કહીને સ્વામીશ્રીએ બોચાસણ મંદિરના કોઠારી ભક્તિવલ્લભદાસ સ્વામીને બોલાવ્યા અને તેઓને હાર પહેરાવડાવ્યો.

સેવામાં આગળ અને સન્માનમાં પાછળ રહેવાની સ્વામીશ્રીની જીવન-શૈલીનું વધુ એક દર્શન સૌને આજે થયું. બીજાને લાભ અપાવીને પોતાને જ લાભ મળ્યો હોય એટલા રાજી સ્વામીશ્રી થતા. તેઓને બીજાના ઉત્કર્ષમાં પોતાનો જ ઉત્કર્ષ જણાતો.

નાના ગામની મોટી વાત

બોચાસણથી સ્વામીશ્રી નડિયાદ, મહેળાવ થઈને અડાસ પહોંચેલા. અહીં તૈયાર થયેલ મંદિરમાં તા. ૨/૬ના દિવસે યોગીજી મહારાજે પ્રતિષ્ઠા કરી.

અડાસથી અટલાદરા, બોચાસણ, ધર્મજ, સુણાવ, બાંધણી, પોરડા વગેરે ગામોમાં વિચરતાં સ્વામીશ્રી તા. ૧૧/૬ની રાત્રે ભેટાસી ગામમાં પધારેલા.

આ ગામની જે વિશેષતા સ્વામીશ્રીને ગમી ગઈ તેનો ઉલ્લેખ કરતાં તેઓ રોજનીશીમાં લખે છે : *'ગામ ત્રણ ભાગમાં છે. વાંટો, તળપદ અને બારયા(બારૈયા) વાડો. ત્રણેય જુદા, પંચાયત-કૂવા પણ જુદા. પણ સંપ સારો. પધરામણી થઈ...'*

કુટુંબ, મંડળ, ગામ, રાજ્ય, દેશ કે વિશ્વ – સ્વામીશ્રી સર્વત્ર સંપના જ પુરસ્કર્તા રહેલા. તે સંપ જ્યાં દેખાય ત્યાં તેઓ તરત તાળી પાડી ઊઠતા. અહીં પણ નાના ગામની આ મોટી વાતની કદર તેઓએ કરી જાણી. જ્યાં પણ કંઈ સારું દેખાય તેને બિરદાવી જાણે તેવા ખુલ્લા મનના તેઓ હતા.

ભેટાસીથી અટલાદરા થઈને સ્વામીશ્રી બદલપુર પધારેલા. અહીં તા. ૧૭/૬ના દિવસે યોગીજી મહારાજ પણ આવી પહોંચ્યા. તેઓનાં કરકમળો દ્વારા ધામધૂમથી પ્રતિષ્ઠા થઈ. આ પ્રસંગે બારથી પંદર હજાર ભક્તોના જમણ માટે ૧૨૫ મણ લોટના ચૂરમાના લાડુ તૈયાર કરવામાં આવેલા.

બદલપુરથી સ્વામીશ્રી નવાપુરા, રાયપુરા, ધુવારણ થઈને આણંદ પહોંચ્યા. અહીંના મંદિરમાં તા. ૧૯/૬ના દિવસે યોગીજી મહારાજના હસ્તે હનુમાનજી-ગણપતિજીની પ્રતિષ્ઠાનો કાર્યક્રમ હતો. આ મૂર્તિઓનાં કામકાજ માટે સ્વામીશ્રીએ મકરાણામાં મહેનત કરેલી. તેથી યોગીજી મહારાજે તેઓને પણ સાથે રાખ્યા હતા.

બ્રહ્મવિદ્યાની કૉલેજનું ઉદ્‌ઘાટન

તા. ૨૦/૬ના દિવસે વિદ્યાનગરમાં નિર્માણ પામેલા અક્ષર-પુરુષોત્તમ છાત્રાલયનું ઉદ્‌ઘાટન થયું. યોગીજી મહારાજ અને સ્વામીશ્રી સાથે મણીભાઈ જીવાભાઈના હસ્તે વિધિ સંપન્ન થયો. વિદ્યાનગરના નામાંકિત પ્રાધ્યાપકો, આચાર્યો, સામાજિક-રાજકીય આગેવાનો તથા યુનિવર્સિટીના ઉપકુલપતિ સહિત અનેક મહાનુભાવો આ અવસરે હાજર રહેલા.

આ પ્રસંગે સભાને સંબોધતાં સ્વામીશ્રીએ જણાવેલું કે – 'જીવનમાં સાદાઈ, સરળતા, સેવા, સંયમ, સહનશીલતા અને સુહૃદભાવ, સુખે સુખિયા, દુઃખે દુઃખિયા થવાની રીતિ – બધું જ યોગીજી મહારાજના જીવનમાંથી મળે છે. માટે તેઓને માધ્યમ રાખશું તો સહેજે જ ગુણો સ્ફુરી આવશે, વર્તવાનું બળ મળશે અને તેઓ ઘણી જ પ્રેરણા કરશે. યોગીજી મહારાજનું જીવન એ જ ઉદ્દેશ અને ઉપદેશ છે. આપ સૌ અક્ષર-પુરુષોત્તમ છાત્રાલયમાં નિવાસ કરશો ને શાસ્ત્રીજી મહારાજે પ્રવર્તાવેલ સનાતન સિદ્ધાંત આત્મા અને પરમાત્મા - અક્ષર અને પુરુષોત્તમના સિદ્ધાંતને સમજશો. આ દિવ્ય પુરુષોના દાખડાને સફળ બનાવી ખૂબ જ શોભાવશો, છાત્રાલયનું નામ અમર બનાવશો. યુવકો તરીકે આપ સૌની જવાબદારી ઘણી છે. સારા જીવનની ઝંખના કોને ન હોય ? કોણે જીવનને ધન્ય ન બનાવવું હોય ? માટે ધર્મ-નિયમ પાળી, સંપ-સુહૃદભાવ રાખી, તિલક-ચાંદલો લજવ્યા વગર સાચું નીતિવાળું જીવન જીવી ખૂબ જ શોભાવશો.'

આમ, છાત્રાલયના નિર્માણનો હેતુ સ્વામીશ્રીએ સુસ્પષ્ટ કરી આપ્યો.

રસમધુર અને સંદેશપ્રચૂર

વિદ્યાનગરથી સ્વામીશ્રી અમદાવાદ, વઢવાણ, રાજકોટ, ગોંડલ થઈને જામનગર પધારેલા. અહીં તા. ૨૬/૬થી તેઓએ 'હરિલીલાકલ્પતરુ'ના તૃતીય સ્કંધના પારાયણનો પ્રારંભ કર્યો. આ પારાયણનો લાભ લેવા જામનગર શહેર ઉપરાંત હાલાર અને સૌરાષ્ટ્ર પ્રદેશના ઘણા સત્સંગીઓ તથા ગુણભાવીઓ દોડી આવેલા. લોહાણા મહાજન વાડી કે જ્યાં આ પારાયણ યોજાયેલું, તે ભક્ત-મેદનીથી ચિક્કાર ભરાઈ જતી.

તા. ૩૦/૬ના દિવસે સવારે પારાયણની પૂર્ણાહુતિ થઈ. તે જ દિવસે સાંજે ભીડભંજન મહાદેવની જગ્યામાં યોજાયેલ જાહેરસભામાં પણ સ્વામીશ્રીએ પોતાની

રસમધુર અને સંદેશપ્રચૂર વાણીથી શ્રોતાઓને પ્રભાવિત કરેલા. આ રોકાણ દરમ્યાન તેઓ તા. ૧/૭ના રોજ જામસાહેબના બંગલે પણ પધારેલા. લગભગ એક કલાક સુધી જામબાપુએ યોગીજી મહારાજ અને સ્વામીશ્રીનો સત્સંગ માણેલો.

જામનગરથી યોગીજી મહારાજ અને સ્વામીશ્રી અલિયાબાડા પધાર્યા હતા. શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીનું આ પ્રથમ મિલનસ્થાન. અહીં ગંગાજળા વિદ્યાપીઠમાં યોગીજી મહારાજ અને સ્વામીશ્રીએ પધરામણી કરી ત્યારે કુલપતિ ડોલરરાય માંકડે તેઓનું સ્વાગત કરીને આશીર્વાદ મેળવેલા.

અલિયાબાડાથી શેખપાટ, ડાંગરા, જાયવા, પડધરી, રાજકોટ થઈને સ્વામીશ્રી ગોંડલ પહોંચ્યા.

પ્રાણ હરતી પીડા

ગોંડલમાં સ્વામીશ્રી જ્યારે પધારે ત્યારે મંદિરની ઉત્તરે આવેલા સંત-આશ્રમના પહેલા માળે નિવાસ કરતા. અહીં પણ તેઓનો સ્વતંત્ર નિવાસકક્ષ તો રહેતો જ નહીં. મંદિરના સ્થાનિક સંતો રહેતા હોય તેની સાથે જ પોતે રહેતા. તેઓનું પોટલું કે જેમાં વસ્ત્ર, પૂજા વગેરે હોય તે પણ ત્યાં જ રહેતું.

આ વખતના રોકાણ દરમ્યાન પણ સ્વામીશ્રીએ આ જ જગ્યાએ પોતાનો સામાન મૂકેલો. પરંતુ તા. ૪/૭ના રોજ સાંજે ચાર વાગ્યા પછી કોઈ ચોર આવીને તેઓની નિત્યપૂજા ઉપાડી ગયો. સ્વામીશ્રીને આ જાણ થઈ ત્યારે ખૂબ દુઃખ થયું; કારણ કે આ પૂજા જ તો તેઓની મૂડી-મિલકત હતી.

શાસ્ત્રીજી મહારાજે ભાગવતી દીક્ષા પ્રદાન કરીને તેઓને આ પૂજા આપેલી. તેથી તે પૂજા પ્રસાદીરૂપ હતી. છેલ્લાં પચીસ-પચીસ વર્ષથી આ મૂર્તિઓનાં દર્શન વિના સ્વામીશ્રીએ મોંમાં એક કણ મૂક્યો નહોતો કે એક ઘૂંટડો ગળા નીચે ઉતાર્યો નહોતો.

‘હું જીવું એને જોઈને, એ છે પ્રાણ મારા દેહમાં રે;
રટું માળા એના નામની, પડું પળે પળે પગમાં રે...’

જેવી સ્નેહસાંકળથી જે મૂર્તિઓ વિશે તેઓ જોડાયેલા તે મૂર્તિઓ આજે જતાં, શરીરમાંથી પ્રાણ ખેંચાતાં જે પીડા મનુષ્ય અનુભવે તેવી કારમી પીડા તેઓ અનુભવી રહ્યા. સૌએ શોધખોળ ઘણી કરી પણ પૂજાનો પત્તો લાગ્યો નહીં. છેવટે રાત્રે યોગીજી મહારાજે નવી પૂજા સ્વામીશ્રીને આપેલી.

તા. ૫/૭ના દિવસે સ્વામીશ્રીએ એ નવી પૂજા શરૂ કરી પણ પૂજા ગયાનો

ઉદ્વેગ હજીયે તેઓના મનમાં હતો. તે શમાવવા યોગીજી મહારાજે અલ્પાહાર ગ્રહણ કરતાં પૂર્વે પોતાની નિત્યપૂજામાંથી અક્ષર-પુરુષોત્તમની મૂર્તિ તથા પ્રાસાદિક વસ્ત્ર સ્વામીશ્રીને આપ્યાં હતાં.[૧૭૭]

ગોંડલથી રાજકોટ, સારંગપુર, ઝમરાળા થઈને સ્વામીશ્રી ગુરુપૂનમના સમૈયા માટે બોચાસણ આવી પહોંચ્યા.

અહીં તા. ૧૩/૭ના રોજ ગુરુપૂજન માટે હજારો હરિભક્તોનો ધસારો હતો. સ્વામીશ્રી તે સૌની વ્યવસ્થા સારી રીતે જાળવતા હતા, પરંતુ તેઓ માટે ચિંતાનો વિષય યોગીજી મહારાજનું સ્વાસ્થ્ય હતું. આ સમયમાં યોગીજી મહારાજની તબિયતની ગાડી પાટે ચડતી જ નહોતી. વિવિધ નિષ્ણાત તબીબો દ્વારા યોગીજી મહારાજના સ્વાસ્થ્યની ચકાસણી થતી રહેતી, પરંતુ કોઈ નોંધનીય સુધારો જણાતો નહીં. તેથી વિશેષ અને યોગ્ય સારવાર માટે મુંબઈ જવાનું વિચારાયું. તે મુજબ તા. ૨૦/૭ના રોજ યોગીજી મહારાજ, સ્વામીશ્રી વગેરે વીસથી પચીસ સંતો-ભક્તો વડોદરાથી મુંબઈ જવા માટે ટ્રેનમાં બેઠા.

આ વિનંતી સહુ માન્ય રાખશો

મુંબઈ પહોંચ્યા બાદ સ્વામીશ્રીએ યોગીજી મહારાજના સ્વાસ્થ્ય માટે ઉપચારો તો શરૂ કરાવ્યા, પરંતુ સમગ્ર સત્સંગમાં જાગૃતિ આવે તે માટે 'સ્વામિનારાયણ પ્રકાશ'માં પણ એક જાહેરાત લખીને તેઓએ પ્રકાશિત કરાવેલી. તેના શબ્દે શબ્દે યોગીજી મહારાજ વિશેની તેઓની ગુરુભક્તિ ઝળકે છે. સ્વામીશ્રીએ જણાવેલું કે –

શ્રીઅક્ષર-પુરુષોત્તમ ઉપાસક સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર સર્વ સંતો અને હરિભક્તો પ્રતિ.

વિ. પરમ પૂજ્ય યોગીજી મહારાજે ૭૩ વર્ષ પૂરાં કરી ૭૪મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેઓએ આખી જિંદગી સુધી દેહને જરા પણ ગણ્યા સિવાય ભૂખ-તરસ, ટાઢ-તડકો અને એવાં અનેક કષ્ટો સહન કરી સત્સંગની સેવા કરી છે. એ જ રીતે હજુ પણ કરી રહ્યા છે. મોટા પુરુષનો દેહ કંઈ લોઢા-લાકડાંનો નથી. આ પરિશ્રમની અસર તેઓના શરીર પર જણાય છે. ઉંમરને કારણે બે-ત્રણ રોગ તો છે જ અને હવે પણ જ્યારે આ જાતનો પરિશ્રમ કરવો પડે છે ત્યારે અશક્તિ ઘણી જ

૧૭૭. સ્વામીશ્રીની મૂળ પૂજા થોડા દિવસ બાદ પ્રાપ્ત થઈ ગઈ હતી.

આવે છે, થાક પણ ખૂબ જ લાગે છે. પોતે ખૂબ જ દયાળુ છે. પરને અર્થે તેમનું જીવન છે અને દેહભાવથી પર એટલે કંઈ જ બોલતા નથી. પણ શિષ્ય તરીકે આપણી ફરજ છે તે વિચાર માંગી લે છે. આ વખતે તેઓને બોચાસણથી જ અશક્તિ જણાય છે તે જોઈ-તપાસી બધા જ મોટા ડૉક્ટરો તથા વૈદ્યોએ ખાસ ભારપૂર્વક જણાવ્યું છે કે 'યોગીજી મહારાજને હવે બિલકુલ પરિશ્રમ ન પડે તે ધ્યાન આપવું જોઈએ.'

તેઓને પધરામણીમાં, હાર પહેરવા-પહેરાવવામાં, પત્ર લખવામાં, ધબ્બા મારવામાં કે પ્રવચન કરવામાં જે શ્રમ પડે છે તે તો જે થોડા દિવસ સાંનિધ્યમાં રહે તેને તરત જ ખ્યાલ આવી જાય છે. માટે હવેથી પધરામણીએ લઈ જવાનો, ધબ્બો ખાવાનો કે હાર પહેવરાવાનો આગ્રહ કોઈ પણ ન રાખે અને તેઓને પૂરતો આરામ મળે એમ વર્તે તો તેઓની મહાન સેવા કરી ગણાશે. યોગીજી મહારાજ તો કેવળ દર્શનમાત્રથી આપણા દુઃખ દૂર કરી શાંતિ આપે એવા સમર્થ પુરુષ છે. એટલે હવે દર્શનથી સંતોષ માનીએ તો તેઓ પણ ઘણા રાજી થશે.

આ વિનંતિ સહુ માન્ય રાખશો એ જ પ્રાર્થના.

યોગીજી મહારાજના સ્વાસ્થ્યની ચિંતા સ્વામીશ્રીને કેવી કોરી રહેલી તે ઉપરોક્ત શબ્દોમાં પડઘાય છે. ગુરુ સાથે એકાકાર થયેલા સ્વામીશ્રી ગુરુની પીડા જાણે પોતે અનુભવી રહ્યા હોય એ રીતે અહીં વિનંતીના સૂરો વહાવી રહ્યા છે.

પ્રમુખસ્વામીનો સમાગમ તે શ્રીજીમહારાજનો સમાગમ

મુંબઈમાં યોગીજી મહારાજ પધારેલા, પરંતુ તેઓનું સ્વાસ્થ્ય નરમ હતું. તેથી તેઓની અનુકૂળતા મુજબ સૌને લાભ મળે તેવું આયોજન ગોઠવાયું હતું. છતાં અમુક પ્રસંગોએ તો યોગીજી મહારાજ સ્વયં જ સામેથી લાભ આપવા આવી પહોંચતા. એવો એક અવસર આવ્યો તા. ૧/૮ના રોજ. આજે રવિવારની સભામાં ખૂબ જ પ્રસન્નતાથી આશીર્વાદ આપતાં તેઓ કહેવા લાગ્યા :

'શાસ્ત્રીજી મહારાજ કહેતા, 'બ્રહ્માંડમાં કોઈ ન કરે તેવું કરવું છે.' તો મંદિરો કર્યાં. સિદ્ધાંત સંભળાવનારા સંતો પણ કર્યા. આવા સંતો દ્વારા શાસ્ત્રીજી મહારાજ અખંડ પ્રગટ રહેશે. એ દ્વારે સેવા થઈ ગઈ...'

આમ, શાસ્ત્રીજી મહારાજને અંજલિ આપતાં તેઓ બોલ્યા : 'પ્રમુખ-સ્વામીનો સમાગમ કરવો તે મહારાજનો સમાગમ કર્યા બરાબર છે...'

વાતનો વિષય કંઈક જુદો જ ચાલતો હતો, પણ તેમાં યોગીજી મહારાજના મુખેથી અનાયાસે સ્વામીશ્રીનો મહિમા આમ સરી પડ્યો. વળી, આગળ ઉમેરતાં યોગીજી મહારાજ બોલ્યા : 'બહુ બોલવાની ડૉક્ટરે ના પાડી છે. બધાને જમવાનું મોડું થયું છે તો રજા આપીએ છીએ. મારી તબિયત સારી નથી, તેથી હું જાઉં છું. મારી જગ્યાએ પ્રમુખસ્વામી બેસશે. તેમની પૂજા કરવી તે મારી થઈ ગઈ.'

યોગીજી મહારાજનાં વચનો ગર્ભિત રીતે નહીં પણ સ્પષ્ટ રીતે સમજાવતા રહેતા કે 'પ્રમુખસ્વામી મહારાજનાં સેવા-સમાગમ કરી લેવાં.' યોગીજી મહારાજના આ શબ્દો જેણે ઝીલી લીધા તેઓ ન્યાલ થઈ ગયા.

આપણા આચાર્ય પ્રમુખસ્વામી

જેમ સૂર્યમાંથી કિરણોની છટા છૂટતી જ રહે છે તેમ યોગીજી મહારાજના મુખેથી સ્વામીશ્રીનો મહિમા અવિરત વહેતો જ રહેતો. રવિસભામાં સ્વામીશ્રીનો મહિમા ઉચ્ચાર્યાને હજુ તો બે દિવસ પણ વીત્યા નહોતા ત્યાં જ તા. ૩/૮ના રોજ વળી એક વાર યોગીજી મહારાજ સ્વામીશ્રીનો મહિમા રેલાવી રહ્યા.

આ દિવસે દાદર મંદિરના 'યજ્ઞપુરુષ વ્યાખ્યાનખંડ'માં એક વિશિષ્ટ સભાનું આયોજન થયેલું. અહીં ભણતા સંતોને તેઓની કક્ષા મુજબ શાસ્ત્રી, પુરાણી અને આચાર્ય થવા સુધીનાં લક્ષ્ય યોગીજી મહારાજે બાંધી આપ્યાં હતાં. તે દરેક સંતને ચાંદલો કરી, ગુલાબનું પુષ્પ આપી આશીર્વાદ પણ પાઠવેલા. ત્યારબાદ યોજાયેલી સભામાં યોગીજી મહારાજ સમક્ષ જમણી બાજુ સ્વામીશ્રી અને એમની પાછળ આચાર્ય થનારા સંતો બેઠા હતા. યોગીજી મહારાજની ડાબી બાજુએ મહંત સ્વામી અને તેઓની પાછળ શાસ્ત્રી થનારા સંતો બેઠા હતા. તેઓની જમણી બાજુ મોટા સ્વામી અને તેઓની પાછળ પુરાણી થનારા તેમ જ ગુજરાતી વર્ગમાં અભ્યાસ કરતા સંતો બેઠેલા.

આ રીતે ગોઠવાયેલી સભા જોઈને યોગીજી મહારાજ રાજી થયા અને તેઓની લાક્ષણિક શૈલીમાં આશીર્વાદનો આરંભ કરતાં બોલ્યા : 'સાંભળો, વાત કરીએ... આપણા આચાર્ય મહારાજ પ્રમુખસ્વામી છે.'

પછી સ્વામીશ્રીને કહ્યું : 'જેમ શાસ્ત્રીજી મહારાજ ત્રણ પાઠશાળાની ખબર રાખતા તેમ તમારે મહિને, બે મહિને આંટો મારી જવો. અમે પાયા ગાળ્યા, ચણનાર પ્રમુખસ્વામી છે. મહંત સ્વામી આ બધાના રિપોર્ટ આપને

દેશે... આપણા આચાર્ય પ્રમુખસ્વામી મહિને - બે મહિને આવી જશે.' એમ કહી યોગીજી મહારાજે સ્વામીશ્રીને સંતોના સરદાર તરીકે સ્થાપી દીધા.

ગુણાતીત સત્પુરુષની રીત જ રહી છે કે પોતાના વારસદાર વિશે તેઓ કદી કોઈ દ્વિધા રહેવા દેતા નથી.

મોટાની દૃષ્ટિ તે આનું નામ !

મુંબઈના રોકાણ દરમ્યાન સ્વામીશ્રી વિવિધ પરાંઓમાં લાભ આપવા પધારતા. તે અંતર્ગત તા. ૬/૮ના રોજ તેઓ કાંદિવલી વિસ્તારમાં સભા કરવા પધારેલા અને રાત્રિના બાર વાગ્યા સુધી કથારસની જમાવટ કરેલી. હવે તા.૮/૮ના દિવસે તેઓ અમદાવાદ જવા નીકળવાના હતા. તેથી યોગીજી મહારાજે સ્વામીશ્રીને હારતોરા કરીને વિદાયમાન આપતાં કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજનું કામ પ્રમુખસ્વામીએ સંભાળી લીધું છે. તે આપણને ઘણી શાંતિ. બધા હરિભક્તને પણ રાજી રાખે છે. મોટાની દૃષ્ટિ તે આનું નામ!' એમ કહેતાં સ્વામીશ્રીના ઘણા ગુણાનુવાદ ગાયા.

શિક્ષકને શાંતિ-સંતોષ પમાડે તે વિદ્યાર્થી સાચો. પિતાને શાંતિ-સંતોષ પમાડે તે પુત્ર ખરો. સ્વામીને શાંતિ-સંતોષ પમાડે તે સેવક સુયોગ્ય. સ્વામીશ્રી આવા સાચા, ખરા અને સુયોગ્ય શિષ્ય બન્યા હતા. તેથી જ યોગીજી મહારાજને ઘણી શાંતિ રહેતી. તેઓના ચોવીસ કૅરેટના શિષ્યત્વનું આ પ્રમાણ હતું.

...તો છાતી ફાટી જાય

મુંબઈથી અમદાવાદ આવીને સ્વામીશ્રી તા. ૧૧/૮ના રોજ ટ્રેન દ્વારા મકરાણા જવા નીકળ્યા. આ વખતની મકરાણાની ખેપનો મુખ્ય હેતુ હતો – ગઢડા અને અમદાવાદનાં મંદિરો માટે આરસ ખરીદવો તથા ગઢપુર મંદિરનું જૂનું કામ પૂરું થતાં તેના વધેલા પથ્થરો વેચવા. યોગીજી મહારાજની ઇચ્છા હતી કે 'આ પથ્થરો કાઢી નાંખો તો સારું. જેથી નડતર ઓછું થાય. જગ્યા રોકાઈ ન રહે.'

તેઓની આ મરજી જાણીને સ્વામીશ્રી મકરાણામાં પડાવ નાંખવા જઈ રહેલા. ત્યાં જવા માટે રાબેતા મુજબ તેઓ થર્ડ ક્લાસના ડબ્બામાં બેઠા. અજવાળું રહ્યું ત્યાં સુધી કાર્યરત રહ્યા. રાત્રે ઉપરની બેઠક પર સૂવા ગયા. મુસાફરીમાં તેઓએ કદી બિસ્તરો લેવા દીધો જ નહોતો. ભગવી ચાદર પાથરીને તે પર જ સૂઈ જતા. સાથે ઓશીકું રાખતા તે મસ્તક નીચે મૂકી દે. ઓઢવામાં ઉત્તરીય

વસ્ત્ર(ગાતરિયું) જ વાપરવાનું.

સવારે સૌથી વહેલા તે જ પરવારી જાય. સેવકો સાથે હોય તે તો નામના જ. બાકી સ્વામીશ્રી જાતે જ બધી ક્રિયા કરી લેતા. સૌ કોઈ દેહક્રિયા આટોપતા હોય ત્યારે તો તેઓ કાર્યરત થઈ ગયા હોય. લોકો કરતાં હંમેશા આગળ રહેતા ! સેવકો પરવારે ત્યારે સાથે લીધેલો સૂકો નાસ્તો સ્વામીશ્રીને આપે. તેમાં પણ જે આપે તે લઈ લે. પસંદગી કરીને લેવાની વાત નહીં. દૂધ-ઉકાળો તો કોઈ દિવસ માંગે જ નહીં. મકરાણામાં ‘સ્વામિનારાયણ કારખાના’માં એમનું ઠેકાણું. ત્યાં સૌની સાથે રહેવાનું, સૌની સાથે જમવાનું. અહીં આરસના પથ્થરની જ પાટ બનાવી દીધેલી. તે પર તેઓ સૂઈ જાય.

રોજ સવારે આઠ વાગ્યે કારખાનેથી નીકળી જાય. બધા જ વાડામાં ફરે. બપોરના બે વાગ્યે પાછા આવે. વળી, ત્રણ વાગ્યે નીકળે તે રાત્રે સાડા આઠે પાછા ફરે. રોજ રાત્રે પથ્થર ગણે અને ઘનફૂટ પ્રમાણે માપ કાઢે. મોટા આઠ નંગ અને નાના-નાના ત્રણસો નંગ પથ્થરો હતા. તેના વેચાણ માટે રોજ ફરવાનું થતું. ક્યારેક ઘરાક ન મળે તો ક્યારેક ભાવ-તાલમાં મેળ ન મળે. વળી, અહીંના રોકાણમાં ગરમી, પાણીની અછત, સગવડોનો અભાવ જેવી કંઈક તકલીફો પણ રહેતી. તેથી સાથેના સૌ કંટાળ્યા. તેઓએ એક વાર તો સ્વામીશ્રીને કહી દીધું : ‘હવે મુસ્તફાને સોંપીને જતા રહીએ. બહુ રહ્યા.’

ત્યારે સ્વામીશ્રી બોલેલા : ‘આટલા દિવસથી અહીં આવ્યા છીએ છતાં આ પથ્થર વેચાતા નથી, પણ જોગી મહારાજ કોઈનામાં પ્રવેશ કરશે... શાસ્ત્રીજી મહારાજે પોતાના દેહની પરવા કર્યા વિના રાત-દિવસ ભૂખ-તરસમાં જ આવાં મંદિરો બાંધ્યાં છે. તેમાં હું બીજી રીતે ભાગીદાર થયો નથી. પણ આ સેવા મળી છે તેને પડતી મૂકીને કેમ જવાય ? જઈએ તો છાતી ફાટી જાય. યોગીબાપાને દુઃખ થાય. માથાકૂટના અંતે મૂકીને જતા રહીએ તો સેવા મારી જાય. જીવન મારું બગડે. આજ્ઞામાં વિલંબ થાય તો અંતરે આનંદ-સુખ ન રહે. અત્યારે તો પહેલાં કરતાં સારું છે. યોગીબાપાની દયાદૃષ્ટિ છે...’

નાસીપાસ થયેલા સેવકોને અપાયેલી આ શિખામણમાં સ્વામીશ્રીના શબ્દેશબ્દમાંથી ગુરુભક્તિ નીતરી રહેલી. સેવા કરવા પાછળ રહેલી એમની ઉદાત્ત ભાવનાઓ ઉદ્‌ઘાટિત થઈ રહેલી. તેઓના શબ્દો સરળ હતા પણ ઇરાદાઓ મક્કમ હતા. તે સાંભળી સેવકો સ્તબ્ધ થઈ ગયા !

‘In this world whenever anybody immolates his self in the

fire of the divine, there is an explosion which is grace!'[૧૭૮] જ્યારે સાધક ગુરુની આજ્ઞામાં સમિધ બનીને હોમાઈ જાય છે ત્યારે તેના પર કૃપાનો ધોધ વરસે છે. યોગીજી મહારાજની જીભ 'પ્રમુખસ્વામી... પ્રમુખસ્વામી...' કહેતાં સુકાતી નથી તેનું રહસ્ય સૌએ આજે જાણી લીધું ! આમ, સહવાસીઓને હૂંફ-હિંમત પ્રેરતાં સ્વામીશ્રી મકરાણાને ધમરોળતા રહ્યા, સતત બાવીસ દિવસ સુધી.

નથી કઠણ એવું કોઈ કામ રે

મકરાણાના રોકાણ દરમ્યાન સહપ્રવાસી પ્રગટ ભગત બીમાર પડેલા. એક રાતમાં તો તાવનો પારો ઘણો ઊંચે ચઢી ગયો. ઊલટીઓ થવા લાગી. તેથી તે તો રડવા જ લાગ્યા; કારણ કે ઉંમર નાની, પ્રદેશ અજાણ્યો અને માનવીઓ અપરિચિત. વળી, ઔષધની અછત, આવાસની અગવડ અને આહારની ઉપાધિ લટકામાં ! તેઓની સેવા કરનાર દેવચરણદાસ સ્વામી પણ તેઓનું માથું દાબતાં દાબતાં રડે.

આવા સમયે સ્વામીશ્રીની સ્થિતિ આપણે કલ્પવી જ રહી. એક બાજુ કામના હડિયા-દોટા મટતા નહોતા, એમાં સેવકો હતાશ થયા. સ્વામીશ્રી પર ઉપાધિનાં પોટલાં એક પછી એક છૂટ્યે જતા હતા. પરંતુ વાવાઝોડાંમાં પર્વતો ડગતા નથી તેમ તેઓ ધીરજતાથી કામ કર્યે જતા.

એક દિવસ બપોરે બે વાગ્યે તાપને માથે લઈને સ્વામીશ્રી વાડામાંથી ઓરડામાં આવ્યા ત્યારે સેવકો દ્વારા ઠાકોરજીને થાળ ધરાવવાનો પણ બાકી હતો. તેઓ ખૂણામાં સૂતેલા પ્રગટ ભગતની પથારી પાસે આવીને નીચે બેસી ગયા અને માથે પાણીનાં પોતાં મૂકતાં સાંત્વન દેવા લાગ્યા : 'ચિંતા ન કરતો... હવે બે-ત્રણ દિવસમાં જવાનું થશે... તાવ ઊતરી જશે...'

એમ કહી અતીતમાં ઊંડા ઊતરીને બોલતા હોય તેમ કહેવા લાગ્યા : 'તમે શાસ્ત્રીજી મહારાજને જોયા નથી. તેમની મરજીથી-આજ્ઞાથી આપણે આ સેવા કરવાની છે. હું શાસ્ત્રીજી મહારાજની મરજી જોઈને જ પગલું ભરતો. સ્વામીએ એકલા હાથે આ સંસ્થા ઊભી કરી છે, સમજ્યા ? તેમાં માંદા-હાજા(સાજા) થયા'તા ત્યારે એ તો એકલા હતા. આપણે તો છ જણા છીએ. તેમાં ગભરાવાનું શું ? રડવાનું હોય ? આ તો થયા જ કરે. જો આ અટલાદરાના પથરા વે'રતા, ઉપાડતા મારા આખા શરીરે લાલ ચકામા થયેલા. રહેવાય નહીં. સ્વામીએ હાથ

---

૧૭૮. યોગમાર્ગના પ્રવાસી : શ્રીકૃષ્ણપ્રેમ; દિલીપકુમાર રાય.

ફેરવ્યો તો બધું સારું થઈ ગયું. આ નાકે નિશાની રહી ગઈ. તેમ આનેય સાંજે સારું થઈ જશે...'

સ્વામીશ્રીએ આપેલી આ ધરપતથી સેવકને રાહત થઈ ગઈ. તેઓએ કહ્યું હતું તેમ સાંજે તો સેવક સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયા !

આમ, સ્વામીશ્રીએ કરેલો આ મકરાણાનો મુકામ ભલભલાનાં પાણી ઉતારે તેવો હતો; પરંતુ તેઓના દિલ-દિમાગમાં એક વાત સાવ સાફ હતી કે *'નથી કઠણ એવું કોઈ કામ રે, તમે કહો ને ન થાય ઘનશ્યામ રે;'* ગુરુ કહે અને શક્ય ન બને એવું કોઈ કામ તેઓના મતે આ દુનિયામાં હતું જ નહીં. તેથી તેઓએ મક્કમ મનથી પરિસ્થિતિઓનો મુકાબલો કરીને યોગીજી મહારાજની પ્રસન્નતા મેળવી હતી.

મકરાણાના આ રોકાણ દરમ્યાન સ્વામીશ્રી તા. ૧૭/૮ થી ૨૩/૮ સુધી કામકાજ અંગે જયપુર પણ ગયેલા. તે વખતે તા. ૨૦/૮ના રોજ જન્માષ્ટમીનો ઉત્સવ તેઓએ જયપુરના સ્વામિનારાયણ મંદિરમાં કરેલો. બીજા દિવસે ગલતાજીને પણ પાવન કરેલા.

મકરાણાથી સ્વામીશ્રી અમદાવાદ થઈને સારંગપુરમાં જળઝીલણી એકાદશી ઊજવી ગઢડા પધારેલા.

'પ્રકાશ'ની જ્યોત સંતોના હાથમાં

છેલ્લાં સત્તાવીસ વર્ષથી ખેંગારજીભાઈ અને તેઓના મદદનીશ હરિભક્તો 'સ્વામિનારાયણ પ્રકાશ'નું સંપાદન કરતા હતા. પણ હવે વધતી વયને કારણે તેઓ દ્વારા આ સેવામાં પૂરતું ધ્યાન આપી શકાતું નહોતું. તેથી આ સેવા યથાર્થ ન કરી શકવાનો રંજ તેઓને કોરી રહેલો. આ બાબતે તેઓએ યોગીજી મહારાજ અને સ્વામીશ્રીને વાત કરી ત્યારે 'સ્વામિનારાયણ પ્રકાશ'નું સંપાદન-પ્રકાશન સંતોને સોંપવાનો નિર્ણય લેવાયો હતો. આ વિગત જણાવતો એક પત્ર સ્વામીશ્રીએ 'પ્રકાશ'માં લખેલો કે –

યોગીજી મહારાજે દાદર અક્ષર-પુરુષોત્તમ મંદિરમાં સંસ્કૃત અને શાસ્ત્રોના અભ્યાસ માટે રહેતા ઉત્તમ સ્થિતિવાળા, ભારે ઉત્સાહવાળા, ઉચ્ચ કેળવણી પામેલ અને સાધુતાના ગુણવાળા યુવાન સંતો(ને) 'પ્રકાશ'નું કાર્ય સોંપવા મને જણાવવાથી 'પ્રકાશ' હવે સંસ્થા તરફથી દાદર મંદિરના મહંત સંતવર્ય પરમ પૂજ્ય શ્રીકેશવજીવનદાસજી 'પ્રકાશક'

તરીકે રહી અને સંતવર્ય ડૉક્ટર સ્વામી શ્રીસ્વયંપ્રકાશદાસજી તંત્રી તરીકે રહી ચલાવશે.

'પ્રકાશે' પૂરો પાડેલ આદર્શ, સુંદર છાપ તથા ઉત્કૃષ્ટ પ્રણાલીકા ઊંચા પ્રકારના મનનીય લેખો પ્રગટ કરી સંતો ચાલુ રાખે, 'પ્રકાશ'ની યશકીર્તિમાં ઉત્તરોત્તર અખંડ વૃદ્ધિ કરે તે જ અભ્યર્થના!

તે વખતે શરદ પૂનમથી 'પ્રકાશ'નું નવું વર્ષ ગણવામાં આવતું. તેથી આ નવા વર્ષ નિમિત્તે સ્વામીશ્રીએ પ્રેરક આશીર્વાદ પત્ર 'પ્રકાશ'ના કાર્યાલય પર મોકલી આપતાં જણાવેલું કે –

'પ્રકાશ' આજ્ઞા, ઉપાસના, સદ્‌ભાવ અને પક્ષના સિદ્ધાંતોને પ્રતિપાદન કરી, સત્સંગમાં આજ સુધી અનોખું સ્થાન ધરાવી રહ્યું છે. સત્સંગ પ્રચારનું જ ધ્યેય રાખી સૌ સત્સંગીના હૃદયમાં 'પ્રકાશે' સારો ઉત્સાહ પ્રેર્યો છે. આ 'પ્રકાશ' સત્સંગનું એક અનિવાર્ય અંગ બની રહે અને સૌ સત્સંગીઓ આ માસિક પ્રત્યે એવું મમત્વ સેવી, તેની પુષ્ટિ કરે તેવી સૌને મારી વિનંતી છે. 'પ્રકાશ'ના નવા વર્ષથી પૂજ્ય સ્વયંપ્રકાશ સ્વામીએ તંત્રી તરીકે સેવા સ્વીકારી છે તો તેમને માટે સ્વામી-શ્રીજીને મારી પ્રાર્થના છે.

આમ, 'પ્રકાશ'નો એક નવો યુગ શરૂ થયો.

વચન નિભાવી જાણ્યું

આ વર્ષે યોગીજી મહારાજ ભાદરવા મહિના દરમ્યાન મુંબઈમાં જ રોકાવાના હતા. તેથી દર વર્ષે તેઓના સાંનિધ્યમાં નારાયણ ધરે ઊજવાતા ભાદરવી અમાસના સમૈયામાં તેઓ પધારી શકવાના નહોતા, પણ તેઓએ સંતવલ્લભ સ્વામીને વાત કરેલી કે 'પ્રમુખસ્વામીને આ સમૈયામાં લઈ જજો.' સ્વામીશ્રીને પણ જણાવેલું કે 'તમે સંત સ્વામીને લાભ આપજો.'

યોગીજી મહારાજની આ આજ્ઞા મુજબ સ્વામીશ્રીએ મોજીદડ, ચચાણા, અચારડા વગેરે ગામોમાં વિચરણનો કાર્યક્રમ ગોઠવી દીધેલો. સારંગપુરમાં જળઝીલણીનો સમૈયો ઊજવ્યા બાદ આ વિચરણમાં નીકળવાનું હતું, પરંતુ સ્વામીશ્રીને વહીવટી કાર્યો અંગે અચાનક અમદાવાદ જવાનું થયું. તેથી તેઓ સંતવલ્લભ સ્વામી પાસે રજા લેવા ગયા.

'સ્વયં સર્વેસર્વા હોવા છતાં, જે તે સ્થાન કે પ્રવૃત્તિની અધિકૃત વ્યક્તિને પૂછ્યા વિના કાંઈ ન કરવું.' આ સ્વામીશ્રીની વણલખી કાર્યપદ્ધતિ હતી. એક વાર

જેને જે સ્થાન કે પ્રવૃત્તિનો કારભાર સોંપ્યો, પછી તે સંબંધી નાનું-શું પગલું પણ ભરવાનું હોય તો તેઓ અધિકૃત વ્યક્તિને કદી અવગણતા નહીં. અધિકાર સોંપનાર પોતે જ હોય છતાં તેને પૂછવાનું ! આવી વિરલ હતી તેઓની કાર્યશૈલી !!

તે મુજબ સ્વામીશ્રીએ સંતવલ્લભ સ્વામીની રજા માંગી ત્યારે આ સંતનું હૈયું તે માટે 'હા' પાડતું નહોતું, કારણ કે તેઓને મનમાં એવી ધાસ્તી પૂરેપૂરી હતી કે 'સ્વામીશ્રી નીકળશે પછી પાછા નહીં આવે.' એક બીજમાં કેટલાં વૃક્ષ તેનો કોઈ નેઠો નહીં, તેમ સ્વામીશ્રીને પણ એક કામમાંથી બીજા કેટલાં કામના કોંટા ફૂટે તેનુંય કાંઈ નક્કી નહીં. તેથી સ્વામીશ્રીની વાત સાંભળી સંતવલ્લભ સ્વામી તો શૂન્યમૌન થઈ ગયા, પરંતુ તેઓને જરૂર પાછા આવવાનું વચન આપીને સ્વામીશ્રી નીકળ્યા.

સારંગપુરથી બરવાળા જઈ, ત્યાંથી બસમાં બેસીને રાત્રે સાડા દસના સુમારે અમદાવાદ પહોંચ્યા. અહીં જતાંવેંત મીટિંગ આરંભી દીધી. રાત્રે અઢી વાગ્યે તે બેઠક પૂરી થઈ !

બીજા દિવસે સવારે ખટારામાં બેસી નાયકા ગામે પહોંચ્યા. અહીં આખો દિવસ ખેતરાં ખૂંદ્યા. જમીનોનાં કામો પતાવ્યાં. ત્યાંથી બોચાસણ ગયા. તા. ૧૧/૯ના રોજ શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિપર્વ અહીં ઉજવ્યું.

ત્યારબાદ મોટા સ્વામીના ખબર-અંતર પૂછવા અટલાદરા પહોંચ્યા. તેઓની સારવાર માટે આણંદ, નડિયાદથી નિષ્ણાત વૈદ્યોને પણ બોલાવી મંગાવ્યા. આ વ્યવસ્થા કરવામાં ત્રણેક દિવસ વીતી ગયા, પણ કાર્ય ચોક્કસ કરીને તા. ૨૦/૯ની બપોરે અમદાવાદ આવ્યા.

અહીંથી એ જ દિવસે સાંજે પાંચેક વાગ્યે ઊપડતા સોમનાથ મેલમાં બેસીને રાત્રે બોટાદ ઊતર્યા. દર વખતે તો સ્વામીશ્રી અમદાવાદથી ટ્રેનમાં બેસે ત્યારે રસિકભાઈ ખારી શીંગના પડીકાં પકડાવી દેતા, તેથી વહેલું-મોડું થાય તોય ગાડું ગબડતું; પણ આજે તેય ભૂલી ગયેલા ! તેથી ભૂખ્યા પેટે જ બોટાદથી ટ્રેન બદલી રાત્રે બાર વાગ્યે સૌ ચૂડા સ્ટેશને પહોંચ્યા.

અહીં સ્વામીશ્રી કહે : 'આપણે આ બાંકડા પર જ જમાવીએ.'

તે સાંભળી હકાભાઈ હબકી ગયા. તેઓ કહે : 'અરે, અહીં સ્ટેશન પર સૂવાનું ?'

'એમાં શું ?' સ્વામીશ્રી સહજભાવે બોલ્યા. પણ હા, પોતાની રીતે જ બીજાને વર્તાવવાનો આમળો કે અભરખો તેઓમાં લેશ નહીં. તેથી તેઓ

સ્ટેશનની સામે આવેલા જિનનો દરવાજો ખોલાવવા તે તરફ જવા લાગ્યા.

તે જોઈ હકાબાપુ કહે : 'અત્યારે કોઈ નવરો ના હોય. કોઈ નહીં ખોલે.'

'નહીં ખોલે તો પાછા આવીશું.' સ્વામીશ્રી શાંતિથી બોલ્યા. તેઓને અવળા કે અણધાર્યા પરિણામનો કદી ભય જ નહીં !

'...અરે ! પણ અમથે-અમથા આબરૂના કાંકરા શા સારુ કરવા ?' દરબારે પોતાની ચિંતા વ્યક્ત કરી.

પણ સ્વામીશ્રી કહે : 'ના પાડે એમાં શાની આબરૂ જવાની છે ?'

મનુષ્ય મોટે ભાગે ક્ષુલ્લક બાબતો સાથે પોતાની પ્રતિષ્ઠા સાંકળીને બેઠો હોય છે. તેથી તેને સાવ નાંખી દેવા જેવી વિગતોનો પણ ભય સતત સતાવ્યા કરે છે. સ્વામીશ્રીમાં આ દોષ નહોતો. તેથી તેઓને ડર પણ નહોતો.

તેઓએ તો જઈને જિનનો દરવાજો ખટખટાવ્યો. અડધી રાતે દરવાજો ખખડતાં પગી બોલ્યો : 'કોણ ?'

'હું સારંગપુરનો નારાયણ સ્વામી !'

સ્વામીશ્રીએ આમ જ્યાં ઉત્તર વાળ્યો ત્યાં તો પગીએ ફટાક... કરતો દરવાજો ઉઘાડી દીધો અને સ્વામીશ્રીને પગે લાગ્યો. તે જોઈ સેવકોને થયું કે 'સ્વામીશ્રીને માત્ર મહાનુભાવો જ ઓળખે છે એવું નથી. સામાન્ય પગીને પણ એમની સાથે ઘરોબો છે.'

આ જિન લાલજીભાઈનું હતું. તેઓ સ્વામીશ્રીથી પરિચિત. તેથી સ્વામીશ્રીને અહીં અવાર-નવાર આવવાનું થતું. જ્યારે આવે ત્યારે તેઓ આ પગીને પણ મળતા. તેથી પગી તો *'વણતેડ્યા મારે મંદિરિયે આવે...'*ની જેમ આવી પહોંચેલા સ્વામીશ્રીને જોઈ હરખાઈ જ ગયેલો.

સ્વામીશ્રીએ હકાભાઈને જિનમાં બોલાવ્યા. એક ખાટલો ખેંચી લાવીને તે પર તેઓને સુવાર્યા. સેવકોની વ્યવસ્થા કરીને સ્વામીશ્રી સૂતા ત્યારે રાતના દોઢનો ટકોરો પડ્યો. છતાં બીજા દિવસે સવારે તેઓ સૌ કરતાં વહેલા જાગી ગયા. ખુલ્લામાં નળ નીચે નાહી લીધું. પગીને હકાભાઈ માટે ચા-પાણીની વ્યવસ્થાનું કહ્યું, ત્યારે પગીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'તમારા માટે ?'

'અમારે કાંઈ નહીં.' એમ કહી સૌ પરવાર્યા ત્યાં સુધી સ્વામીશ્રીએ રોજિંદા આવશ્યક કાર્યો પૂરાં કરી દીધાં.

બધા તૈયાર થઈ ગયા ત્યારે કાખમાં ઓશીકું અને હાથમાં પત્તર લઈને સ્વામીશ્રી ચાલતા થયા – મોજીદડના માર્ગે. પણ વચમાં નવાગામના પોપટભાઈની

ગાડી મળી ગઈ. તેમાં બેસી સવારે દસ વાગ્યે મંદિરે પહોંચ્યા ત્યારે સંતવલ્લભ સ્વામીના હર્ષનો પાર ન રહ્યો. તેઓ સહસા બોલી ઊઠ્યા : 'વાહ ગુરુ! તમે વચન આપેલું તે નિભાવી જાણ્યું...'

...પણ આ એક વચન નિભાવવા માટે સ્વામીશ્રીએ કરેલો પુરુષાર્થ જો તેઓએ સંતવલ્લભ સ્વામીને જણાવ્યો હોત તો તેઓના અહોભાવમાં જબર-જસ્ત ઉછાળો આવ્યો હોત! પરંતુ પોતે કરેલું છાનું-છૂપું રહે તેવું જ વલણ સ્વામીશ્રીનું રહેતું.

માણસાઈનો પર્વત

સ્વામીશ્રી ઝાલાવાડમાં પધાર્યા તે સમયે ઘનશ્યામચરણદાસ સ્વામી અને હરિપ્રકાશદાસ સ્વામી મુંબઈથી આ પંથકમાં વિચરણ માટે મુકાયા હતા. તેઓના મોવડી સંતવલ્લભ સ્વામી હતા ખીચડિયા સાધુ. હરિભક્તો લાડુ-મિષ્ટાન્નનો આગ્રહ કરે પણ તેઓ તેવી રસોઈ ન લે. વળી, આજે બપોરે જમે તે પછી સીધું કાલે બપોરે. સવાર-સાંજ ફક્ત ઉકાળો લે. આવી પરિસ્થિતિમાં આ નવા સંતોને સ્વાભાવિક થોડી કઠણાઈ તો પડે. તેમાં સ્વામીશ્રી પધાર્યા એટલે તેઓને આનંદ થઈ ગયેલો. હરિભક્તોએ પણ કહ્યું : 'સ્વામી! આ સંતો મુંબઈથી આવ્યા છે, પણ સંત બાપાનું પ્રકરણ આપ જાણો છો. માટે આપ પાકી રસોઈ-મિષ્ટાન્નની આજ્ઞા કરો.'

સ્વામીશ્રીને પરિસ્થિતિ પારખતાં કેટલી વાર? આંખ પલકારો મારે એટલી. તેઓએ 'સંત સ્વામી તો બ્રહ્મર્ષિ છે, પણ સંતોને રાજી કરીએ...' એમ કહી બીજા દિવસે સવારે પોતાના સેવક પાસે તીખી પૂરી, મરચાં અને ઉકાળો બનાવડાવ્યાં. પછી આ નવા સંતોને બોલાવીને કહે : 'લ્યો સંતો! નાસ્તો કરો.' એમ કહી પોતે પણ સાથે બેઠા. પરંતુ સંતોએ નોંધ્યું કે સ્વામીશ્રી તો અતિ અલ્પ જ જમેલા અને સંતોને ખૂબ જ ધરવીને નાસ્તો કરાવેલો.

આમ, તેઓએ સંત સ્વામીની ત્યાગભાવના અને નવા-સવા સંતોનાં મન, બંનેને સાચવ્યાં ! જન-જનનાં મન સાચવવાની આવી માણસાઈના ઢગના ઢગ સ્વામીશ્રીમાં ખડકાયેલા હતા. તેથી જ તો તેઓ સૌના માણીગર બની રહેલા!

બીજા કોઈનો ફોટો ન રખાય

મોજીદડથી નવાગામ, કંથારિયા, ચચાણા થઈને સ્વામીશ્રી અચારડા

આવેલા. આ ગામના સ્વામિનારાયણ મંદિરની ઓસરીમાં એક વાર વહેલી સવારે પ્રગટ ભગત નિત્યપૂજા કરી રહેલા. યોગીજી મહારાજની આજ્ઞાથી તેઓ સ્વામીશ્રીની સેવામાં ખૂબ કાળજી રાખતા. સ્વામીશ્રી વિશે પ્રેમભાવ પણ ખૂબ. તે પ્રેમભાવનાને વશ થઈને જ તેઓએ પોતાની નિત્યપૂજામાં સ્વામીશ્રીની મૂર્તિ પણ રાખેલી. તેઓ આજે પૂજા કરી રહેલા ત્યારે જ સ્વામીશ્રીને કંઈક કામકાજ માટે ત્યાંથી નીકળવાનું થયું. તે વખતે તેઓની નજર સેવકની પૂજામાં રહેલી પોતાની મૂર્તિ પર પડી. તે જોતાં જ સ્વામીશ્રી નીચા વળ્યા અને પોતાનો ફોટો જાતે જ ઉપાડીને ફાડીને પાયખાનામાં ફેંકી દીધો! રોષ સાથે સેવકને પણ કહ્યું : 'યોગીજી મહારાજ હોય ત્યાં સુધી બીજા કોઈનો ફોટો ન રખાય. એક જ ગુરુ મનાય.' સ્વામીશ્રીએ દૃઢતાપૂર્વક સિદ્ધાંત સ્પષ્ટ કરી આપ્યો.

તેઓએ પ્રેમના ઓથે વેવલાઈને કદી પોષી નહોતી. યોગીજી મહારાજ જ તેઓનો અપરંપાર મહિમા અવાર-નવાર રેલાવતા હોવા છતાં સ્વામીશ્રીના અંતરમાં મનાવા-પૂજાવાનો લેશ અંકુર ફૂટ્યો નહોતો અને કોઈનાય હૃદયમાં તેનો ફણગો ફૂટવા દીધો નહોતો. તેઓની ગુરુભક્તિનું આ જાજરમાન પાસું હતું.

આમ, યોગીજી મહારાજના વચન અનુસાર સ્વામીશ્રીએ પંદરેક દિવસ સુધી ઝાલાવાડમાં વિચરણ કરીને સૌને લાભ આપ્યો. અચારડાથી લીંબડી, પાંદરી, ખારવા, વઢવાણ, સુરેન્દ્રનગર થઈને શરદપૂનમના સમૈયે ગોંડલ આવી પહોંચ્યા.

સંપૂર્ણ આશીર્વાદ

ગોંડલમાં તા. ૭/૧૦ના રોજ દીક્ષા મહોત્સવ યોજાયેલો. આ પ્રસંગે સંબોધન કરતાં સ્વામીશ્રીએ જણાવેલું કે 'સ્વામી શરદ પૂર્ણિમાના નિર્મળ દિવસે પ્રગટ થઈ આપણને એ રહસ્ય સમજાવે છે કે આપણે સર્વને ભગવાન ધારવા હોય, ભગવાનની સમીપે રહેવું હોય તો આપણે પણ આપણું હૃદય શરદના જેવું નિર્મળ રાખીએ. જ્યાં સુધી શુદ્ધ ભાવના, સાચો આદર્શ ન પ્રગટે ત્યાં સુધી શાંતિ થતી નથી. આજ્ઞા, ઉપાસના, સદ્‌ભાવ અને પક્ષ – આ ચાર વાત પર ધોરણ રાખવું. સદ્‌ભાવમાં સર્વે વાત આવે છે. જો તે હશે તો આ પુરુષોના આશીર્વાદ અને પ્રેરણા આપણને મળશે અને તેથી સર્વ વાત સિદ્ધ થશે.'

સ્વામીશ્રીના વક્તવ્ય બાદ દીક્ષાવિધિ શરૂ થયો. યોગીજી મહારાજ નવદીક્ષિતોને ચંદન ચર્ચી, યજ્ઞોપવીત પહેરાવી ગુરુમંત્ર આપતા અને પાઘ પહેરાવતા ગયા. સ્વામીશ્રી સૌને ઉત્તરીય વસ્ત્ર ઓઢાડતા હતા.

તા. ૮/૧૦ના રોજ ગુણાતીત જન્મોત્સવ નિમિત્તે આશીર્વાદ આપતાં યોગીજી મહારાજે ટૂંકમાં ઘણું સમજાવતાં વાત કરેલી કે ‘આપણે પ્રમુખસ્વામીની આજ્ઞા પાળવી. આ આજનો સંપૂર્ણ આશીર્વાદ છે.’

જ્યારે કથામાં સ્વામીશ્રીનો મહિમા કહેવાય ત્યારે જ યોગીજી મહારાજને જાણે આશીર્વાદમાં પૂર્ણતા આવી હોય તેમ લાગતું. સ્વામીશ્રીના મહિમા વિનાની કથા તેઓને મન અધૂરી-અલૂણી હતી.

શરદ પૂર્ણિમા બાદ દસેક દિવસ સુધી સ્વામીશ્રી ગોંડલમાં જ રોકાયેલા. તે દરમ્યાન આફ્રિકાના હરિભક્તો પંચતીર્થી કરીને ગોંડલ આવી પહોંચેલા. તે સૌને સ્મૃતિદાન આપવા માટે યોગીજી મહારાજે તા. ૧૮/૧૦ના રોજ ગોંડલી નદીમાં નૌકાવિહાર કરેલો. આ વિહારમાં સ્વામીશ્રી પણ સાથે બિરાજેલા. આ રીતે નદીમાં ચાર આવર્તન લગાવીને નદી, નીર અને નૌકાને અમર કરી દીધાં ![૧૭૯]

‘હું’ પદથી હળવા

ગોંડલથી અન્નકૂટોત્સવ માટે સ્વામીશ્રી સારંગપુર પધારેલા.[૧૮૦] આ વર્ષે યોગીજી મહારાજ અન્નકૂટ પછી પણ ગોંડલ જ રોકાવાના હતા. તેથી તેઓ વતી સ્વામીશ્રી અમદાવાદમાં પ્રબોધિની એકાદશીનો ઉત્સવ ઊજવીને તા. ૬/૧૧ના રોજ વસો મુકામે આવી પહોંચેલા.

અહીં સ્વામીશ્રી પધારતાં જ જાણે યોગીજી મહારાજ પધાર્યા હોય તેમ સૌએ બેન્ડ-વાજાં વગાડી, દારૂખાનું ફોડી, પુષ્પવૃષ્ટિ કરીને ભવ્ય સ્વાગત કર્યું. આખા ગામમાં નગરયાત્રા કાઢી. સ્વામીશ્રીએ પણ પાંત્રીસેક પધરામણીઓ અને રાત્રે કથાવાર્તાનો લાભ આપી સૌને રાજી કર્યા. ત્યારબાદ સૌ સૂતા.

બીજે દિવસે સવારે સ્વામીશ્રી દેહક્રિયા માટે શૌચાલયમાં ગયા, પણ ત્યાં તેઓને જોઈએ એવી સ્વચ્છતા જણાઈ નહીં. તેથી જાતે જ સાવરણો લઈને સંડાસ-સફાઈ કરી નાંખી !

સ્વચ્છતા એમની મનપસંદ વાત હતી અને સેવા એમનો મનપસંદ ગુણ

૧૭૯. યોગીજી મહારાજ સાથેના સ્વામીશ્રીના નૌકાવિહારની સ્મૃતિઓ માણવા જુઓ વીડિયો ટ્રેક નં. ૨૬. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

૧૮૦. વિ.સં. ૨૦૨૨નો પ્રારંભ થયો.

હતો. સ્વામીશ્રીએ આ બંને અહીં સાકાર કરી બતાવ્યાં. એક તરફ જ્યારે યોગીજી મહારાજ પોતાના વતી સ્વામીશ્રીને ઉત્સવ-સમૈયાઓમાં મોકલતા હોય, ત્યારે પણ તેઓ આવી નાની સેવાઓમાં ખચકાટ વગર પરોવાઈ જતા. 'હું' પદથી હળવા હોય તે જ યોગીજી મહારાજના પ્રતિનિધિ થવાની સાથે સાથે સેવાના પ્રતિનિધિ પણ બની શકે !

સાર્વત્રિક-સર્વાધિક લોકાદર

વસોથી બોચાસણમાં કાર્તિકી પૂર્ણિમાનો સમૈયો કરીને સ્વામીશ્રી તા.૧૦/૧૧ના રોજ વિદ્યાનગર પધાર્યા હતા. અહીં 'રામકૃષ્ણ મિશન'ના સભાગૃહમાં આયોજિત 'સ્ટડી સર્કલ'માં 'ધર્મ અને વિજ્ઞાન' વિષયના આધારે ત્રણસો યુવાનોને તેઓએ વૈજ્ઞાનિક વિકાસ સાથે આધ્યાત્મિક વિકાસની અગત્યતા સમજાવી હતી.

ત્યારબાદ તા. ૧૨/૧૧ના રોજ સ્વામીશ્રી અટલાદરા પધારેલા. અહીં મોટા સ્વામીની તબિયત નરમ-ગરમ રહેતી હોવાથી તેઓ સાથે દસેક દિવસ રહીને તા. ૨૨/૧૧ના રોજ શ્રીજીપુરા ગયેલા.

જેવા તેઓ અહીં પહોંચ્યા કે ત્યાં જ બોચાસણના કોઠારી ભક્તિવલ્લભદાસ સ્વામીએ તેઓને બોચાસણ આવવા આમંત્રણ મોકલાવ્યું. હજી તો બોચાસણથી નીકળ્યે સ્વામીશ્રીને માત્ર બાર જ દિવસ થયેલા, પણ વડીલ કોઠારીનું નિમંત્રણ સ્વીકારીને સ્વામીશ્રી પુનઃ બોચાસણ ગયા. અહીં ભક્તિવલ્લભદાસ સ્વામીએ તેઓને પ્રેમપૂર્વક રોકીને ચારેક દિવસ સુધી લાભ લીધો.

સ્વામીશ્રીની ઉંમર આ વખતે માત્ર ૪૪ વર્ષની હતી; જ્યારે ભક્તિવલ્લભદાસ સ્વામી તો તેઓ કરતાં એકતાલીસ વર્ષ મોટા હતા. વળી, તેઓ એક સદ્‌ગુણ-સંપન્ન સંત હતા. બાહોશ કોઠારી હતા. છતાં તેઓને માત્ર બાર દિવસમાં જ સ્વામીશ્રીનો વિરહ સાલે અને સ્વામીશ્રીને બોચાસણ બોલાવી આગ્રહ કરીને રોકે તે વાત સ્વામીશ્રીના વ્યક્તિત્વ વિશે ઘણું કહી જાય છે.

બોચાસણમાં ભક્તિવલ્લભદાસ સ્વામીને રાજી કરીને સ્વામીશ્રી તા. ૨૮/૧૧ના રોજ નડિયાદ પધારેલા. અહીં બે દિવસમાં સોથી વધુ પધરામણીઓ કરીને અમદાવાદ આવ્યા. તેઓ અમદાવાદમાં હતા ત્યારે અટલાદરામાં એક અભૂતપૂર્વ કાર્યક્રમ યોજાઈ ગયો. તેનો અહેવાલ સન ૧૯૬૬ના જાન્યુઆરી મહિનાના 'પ્રકાશ'માં આ રીતે છપાયેલો :

'શ્રીઅક્ષર-પુરુષોત્તમ(સ્વામિનારાયણ) સંસ્થા, બોચાસણના પ્રમુખ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાજીનો ૪૪મો જન્મોત્સવ બુધવાર, તા. ૧/૧૨/ ૬૫ના પ. પૂ. મોટા સ્વામીશ્રી યજ્ઞપ્રિયદાસના સાંનિધ્યમાં અટલાદરા મુકામે ખૂબ જ ઉત્સાહપૂર્વક ઊજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે વડોદરા, ભાયલી, ચાણસદ, પોર, પાણેથા વગેરે ગામોમાંથી હરિભક્તો હાજર રહ્યા હતા. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી દીર્ઘાયુષ પ્રાપ્ત કરે અને સત્સંગનાં અનેક શુભ કાર્યો તેમના દ્વારા થાય એ જ અભ્યર્થના.'

સ્વામીશ્રી કરતાં વયમાં ચાલીસ વર્ષથીયે મોટા અને શાસ્ત્રીજી મહારાજના અગ્રિમ શિષ્યોમાં મોખરાનું સ્થાન ધરાવતા મોટા સ્વામી, સ્વામીશ્રીનો જન્મોત્સવ આસપાસનાં ગામોના હરિભક્તોને એકત્રિત કરીને ઊજવે એ વિગત સ્વામીશ્રીના વ્યક્તિત્વને આભને આંબતું સાબિત કરી દે છે. જ્યાં સમકક્ષનો આદર મેળવવો અઘરો હોય ત્યાં પોતા કરતાં દાયકાઓ મોટા વડીલોનો પ્રેમ-આદર સંપાદિત કરવો એ સ્વામીશ્રીની નાની-સૂની સિદ્ધિ ન જ ગણાય.

સમુદ્ર કદી કોઈ નદી પાસે પાણીની ઉઘરાણી કરવા માટે જતો નથી, છતાં તે સદાય પાણીથી ભરાયેલો જ રહે છે. તેમ સ્વામીશ્રી કદી કોઈની પાસે કદર-આદરનું ઉઘરાણું કરવા ગયા નહોતા, પણ સ્વયં સુપાત્ર બનીને તેઓ સૌના આદરપાત્ર બની રહેલા.

યુવાનીના ચાર ચાંદ

ગુરુની પ્રસાદીરૂપ યુવા-પ્રવૃત્તિને સ્વામીશ્રી કથા-પ્રવચનો, મુલાકાતો, પત્રો વગેરે દ્વારા પોષણ આપી રહેલા. આ ક્રમમાં તેઓએ મુંબઈના કાંદિવલી વિસ્તારમાં ચાલતા યુવક મંડળ પર લખી મોકલેલો એક પત્ર યુવા-પ્રવૃત્તિનાં જતન-સંવર્ધન માટેની તેઓની ધગશના સાક્ષી સમાન છે. તેમાં તેઓ લખે છે :

'યુવકોએ પોતાના જીવનમાં સેવા, સરળતા, સાદાઈ અને સત્સમાગમ - આ ચાર વાત મુખ્ય બનાવવી જોઈએ. (૧) સેવાના પ્રકાર ઘણા છે. તેના ફાયદા પણ ઘણા છે. ટૂંકમાં, સેવાથી નિર્માનીપણું, આત્મબળ તેમજ શારીરિક તંદુરસ્તી વૃદ્ધિ પામે છે. (૨) સરળતાથી કોઈ પણ પ્રકારનો અહં-મમત્વ ન રહે અને મોટા પુરુષની રુચિ અનુસાર વર્તાય. (૩) સાદાઈથી ઘણા પ્રકારના ખોટા ખર્ચ બચી જાય છે. આ માટે યુવકો પોતાના જીવન સામી દૃષ્ટિ કરે તો જરૂર ખ્યાલ આવે કે આપણે ખાવાપીવામાં,

પહેરવામાં કેટલો ખર્ચ કરી નાખીએ છીએ? સાદાઈથી પણ જીવન જીવી શકાય છતાં તેની પાછળ આંધળી દોટ મૂકી જીવન ખરાબ કરી નાંખીએ છીએ. (૪) સત્સમાગમથી જીવન શુદ્ધ બને છે. માટે આ ચાર વાતોનો યુવકોએ પૂરો ખ્યાલ રાખવો. તો તમારું મંડળ વૃદ્ધિ પામશે અને પરમ પૂજ્ય યોગીજી મહારાજની ઈચ્છા મુજબ નિષ્ઠાવાન યુવકો જરૂરથી તૈયાર થશે. આપ સર્વેને પ્રાર્થના સહ જય સ્વામિનારાયણ વાંચશો.'

યુવાનીને ચાર ચાંદ લગાવી દે તેવા ચાર મુદ્દાઓની સુંદર છણાવટ સ્વામીશ્રીએ આ પત્રમાં કરી છે! જાણે આદર્શ યુવાનીનું એક રેખાચિત્ર જ તેઓની કલમે અહીં આલેખાઈ ગયું છે!

અરસ-પરસ રહે એકઠાં

અમદાવાદથી સ્વામીશ્રી સારંગપુર આવી પહોંચેલા. યોગીજી મહારાજ પણ જાણે સ્વામીશ્રી સારંગપુર પધારે તેની પ્રતીક્ષામાં જ હોય તેમ જેવા સ્વામીશ્રી સારંગપુર આવ્યા કે તેઓએ ગોંડલમાં રીતસર રઢ પકડી : 'આપણે સારંગપુર દર્શન કરવા જવું છે.'

યોગીજી મહારાજની આ વાત સાંભળી સેવકો મૂંઝાયા, કારણ કે એ વખતે ઠંડીએ માઝા મૂકેલી. વળી, યોગીજી મહારાજની તબિયત નાજુક હતી. તેથી સૌએ તેઓને વીનવ્યા કે 'પછી જઈશું.' પણ યોગીજી મહારાજ તો પોતાના નિર્ણયમાં અફર જ રહ્યા. 'મારે તો દેરીમાં - શાસ્ત્રીજી મહારાજના સ્થાનમાં દર્શને જવું જ છે.' આ જ રટણા તેઓએ ચાલુ રાખી.

સૌને આશ્ચર્ય થતું હતું કે 'યોગીજી મહારાજ એકાએક જ આવો આગ્રહ શા માટે સેવી રહ્યા છે?! આજે નીકળવાનું અને હમણાં જ?!'

પરંતુ અહીં તો –

'મને સંભારે છે સ્નેહીજન, તેમ સંભારું હું સ્નેહીને;
અરસ-પરસ રહે એકઠાં, જેમ પ્રીત છે દેહ દેહીને...'

જેવો ઘાટ ઘડાયો હતો તેની ખબર કોને હોય?

તા. ૮/૧૨ના રોજ સવારે ગોંડલમાં યોગીજી મહારાજે સારંગપુર જવાની વાત મૂકી અને ગણતરીની મિનિટોમાં તો તેઓ સારંગપુર આવવા નીકળી પણ ગયા! સાંજે જેવા તેઓ સારંગપુર પધાર્યા તો સેવકો સાશ્ચર્ય આનંદમાં ગરકાવ! કારણ કે અહીં તો ઠંડી જ નહોતી!! આબોહવા એકદમ

આહ્લાદક અને ખુશનુમા !!!

સ્વામીશ્રીની ગુરુભક્તિએ જ જાણે આજે રંગ રાખેલો ! ગુરુને ઠેઠ ગોંડલથી ખેંચ્યા તો ખરા પણ હવામાનેય તદ્દન સાનુકૂળ કરી દીધું !!

યોગીજી મહારાજે સારંગપુરમાં આવીને પ્રેમથી મંદિરમાં તથા શાસ્ત્રીજી મહારાજની દેરીએ દર્શન કર્યાં અને માત્ર એક જ દિવસ રોકાઈને ગઢડા જવા નીકળી ગયા. સાથે સ્વામીશ્રીને પણ લીધા. સૌ કોઈ મુગ્ધભાવે ગુરુ-શિષ્યનો આ સ્નેહ-સંબંધ નીરખી રહ્યા !

કોઈ દિવસ મૂંઝવણ નહીં

યોગીજી મહારાજ, સ્વામીશ્રી વગેરે સૌ ગઢડા પહોંચ્યા ત્યારે ત્યાં હરિજીવનદાસ સ્વામી કોઠારી તરીકે સેવા આપતા હતા. તેઓને યોગીજી મહારાજ વિશે ખૂબ ભાવ પણ વ્યાવહારિક દૃષ્ટિએ અન્ય મંદિરોની સાધારણ આર્થિક સ્થિતિ સામે ગોંડલ મંદિરની રિદ્ધિ-સિદ્ધિ જોઈને તેઓના મનમાં યોગીજી મહારાજ વિશે મનોમંથન ચાલ્યા કરતું. તેઓને એમ લાગતું કે 'યોગીજી મહારાજ ગોંડલ મંદિરનું વિશેષ ધ્યાન રાખે છે. ગઢડાના મંદિર સામે લક્ષ્ય આપતા નથી.'

આ વખતે પોતાના મનમાં ઘૂમરાતી આ વાત તેઓએ સ્વામીશ્રીને કરતાં કહ્યું : 'યોગીજી મહારાજને કેમ કોઈ કહેતું નથી ? બીજા તો ન કહે પણ તમે સંસ્થાના ધણી છો. તો તમારે કહેવું જોઈએ. અહીં સાધુની કેટલી ખેંચ છે ? એકાવન સંતોને મુંબઈ રાખ્યા છે તે ક્યાં સુધી રાખી મૂકવાના છે ?'

હરિજીવનદાસનો આવેશ અદમ્ય હતો. સામે સ્વામીશ્રી એટલી જ શાંતિથી તેમને સાંભળતા હતા. કોઠારીનો ઊભરો શમ્યો એટલે પ્રમુખ તરીકેના અધિકારથી નહીં પણ સ્નેહીજનની આત્મીયતાથી તેઓએ વાત ઉપાડી કે –

'જુઓ હરિજીવનદાસ ! જીવમાં વ્યવહારનું પ્રધાનપણું હોય ને આપણું ધાર્યું ન થાય તેથી મોટાપુરુષનો અભાવ આવે કે 'આટલું ઠીક કરતા નથી.' પણ એવું સમજો કે આ યોગીજી મહારાજ એ શાસ્ત્રીજી મહારાજ જ છે ! તેમાં રોમનોય ફેર નથી.

વળી, તમે મારી સત્તાની વાત કરતા હો તો યોગીજી મહારાજની આજ્ઞા બહાર હું મારી કોઈ સત્તા સમજ્યો જ નથી. શાસ્ત્રીજી મહારાજે મને આજ્ઞા કરી છે કે યોગીજી મહારાજની આજ્ઞામાં રહીને સત્સંગ દીપાવવો. ત્યારથી જ મેં ગાંઠ વાળી છે કે યોગીજી મહારાજ જે કહે તે સવા સોળ આની ! માટે લાગણી અને

મિત્રતાથી હું તમને કહું છું કે યોગીજી મહારાજના કોઈ કાર્યમાં ક્યારેય શંકા ન કરવી. દિવ્ય જ સમજવું. આપણને મમત્વ હોય તેથી 'મંદિરનો વ્યવહાર હું સુધારી દઉં' એમ થાય, પણ એમની દૃષ્ટિ વગર કાંઈ ન થાય.'

સ્વામીશ્રીનો એકધારો વાક્પ્રવાહ હરિજીવનદાસના હૈયાના ખૂણેખૂણાનું શોધન કરતો વહી રહ્યો! તે વાણીએ કોઠારીની કસર કાઢી નાંખી. સ્વામીશ્રીની આ વાતો સાંભળ્યા પછી તેઓને યોગીજી મહારાજ વિશે અત્યંત હેત થઈ ગયેલું અને યોગીજી મહારાજનો મહિમા પણ ઉલટથી કહેતા થયેલા. આવો હતો સ્વામીશ્રીનો યોગીજી મહારાજ વિશે દિવ્યભાવ!

એક વાર તેઓને પૂછવામાં આવેલું કે 'હરિભક્તો આર્થિક સેવા કરે તેમાંથી યોગીજી મહારાજ ગોંડલ મંદિરમાં વિશેષ સેવા મોકલાવે. તે વખતે સંસ્થાની આર્થિક કાર્યવાહી આપ સંભાળતા હતા. કોઈ અન્ય મંદિરના વહીવટકાર આપને ફરિયાદ કરે તો આપને એમ ન થાય કે 'યોગીબાપા આમ કેમ કરે છે?'

'ના. એવું ન થાય. એમની ઇચ્છાથી જ બધું થાય છે! એ જ બધું ધ્યાન રાખે, પછી બીજો શું વિચાર કરવાનો? પ્રશ્નો આવે, પણ એક નિશ્ચય રાખેલો જ હતો કે આ બાબતમાં બહુ કરવા જેવું છે જ નહીં. એમની રુચિ હોય તો ભલે ને ગોંડલ જાય! મંદિર તો આપણાં જ છે ને! આવા પ્રશ્નોથી કંઈકને મૂંઝવણ થાય પણ મને કોઈ દિવસ મૂંઝવણ થયેલી નહીં.'

ધારદાર બુદ્ધિના ધારક હોવા છતાં ગુરુનાં ચરિત્રો વિશે સ્વામીશ્રીનું મન સદા નિઃશંક જ રહેતું.

સન ૧૯૬૬

...માટે ટકોર કરવી પડે છે

ગઢડાથી ગોંડલ, અમદાવાદ થઈને સ્વામીશ્રી મધ્યપ્રદેશના દેવાસ સુધી મંદિરના કામકાજ માટે પહોંચ્યા હતા. ત્યાંથી પાછા વળતાં વડોદરા, બોચાસણ, ખેડા, શાંતિપુરા, પુરુષોત્તમપુરા, શ્રીજીપુરા, ચિત્રાસર, સાથળ, મહીજડા, સાંખેજ, નેનપુર વગેરે ગામોમાં વિચરીને પુનઃ અમદાવાદ આવી પહોંચ્યા.

અહીં ઉત્તરાયણની પુણ્યપર્વણીનો લાભ આપી તેઓ શાસ્ત્રીજી મહારાજના ૧૦૧મા જન્મોત્સવ નિમિત્તે અટલાદરા પધારેલા.

અહીં તા. ૨૫/૧ના રોજ શાસ્ત્રીજી મહારાજના જન્મોત્સવની સભા ચાલી રહેલી. આ સભામાં કો'ક વક્તા દ્વારા શાસ્ત્રીજી મહારાજના સિદ્ધાંત

વિરુદ્ધની વાત થઈ ગઈ હશે! તેના ખુલાસારૂપે સ્વામીશ્રીએ ઉપાસનાની અદ્‌ભુત સ્પષ્ટતા કરતાં જણાવેલું કે –

‘‘શાસ્ત્રીજી મહારાજે શુદ્ધ ઉપાસનાનો જે સિદ્ધાંત પ્રવર્તાવ્યો છે એ સિદ્ધાંતને પરિપૂર્ણ રીતે સમજવા માટે આપણે પ્રયત્ન કરવો એમાં રાજીપો છે. પરંતુ કેટલીક વખત વાતમાં કે પ્રવચનમાં અતિશય પ્રેમના વેગથી વાત કરવામાં શું ફાયદો છે? શું લાભ છે? તે સમજી શકાતું નથી. એક વક્તાએ હમણાં કહ્યું કે ‘જોગી મહારાજ જેવા પુરુષ અનેક બ્રહ્માંડમાં નથી, અક્ષરધામમાં પણ નથી.’ અક્ષરધામમાં પણ નથી તો તેમનું ધામ કયું છે? તેનો વિચાર આપણે કરવાનો. આ શબ્દો વિચાર માંગી લે છે. આપણે અક્ષરધામના છીએ. તેથી અક્ષરધામમાં નથી એમ કહેવું એ અઘટિત છે. અક્ષરધામમાં નથી તો એ કયા ધામમાંથી આવ્યા? એટલે ખરેખરી વસ્તુ સમજવાની હોય એને બદલે ઊલટી વાત સમજાઈ જાય. શબ્દોની પાછળનો વિચાર કરીએ ત્યારે ખબર પડે કે શ્રીજી, સ્વામીના સિદ્ધાંતથી આપણે બોલવામાં કેટલા દૂર જતા રહીએ છીએ. કેટલાક આવી વાત કરે છે તે માટે ટકોર કરવી પડે છે. જેને જે મળ્યા છે તે તેના પ્રગટ. એના થકી પ્રાપ્તિ, એનું એ કલ્યાણ. આમાં ઉપાસનાનો સિદ્ધાંત માર્યો જાય છે. માટે આપણે ઉપાસનાની વાત કરવામાં બહુ જ વિચાર કરવાનો છે.

ઉપાસનાની વાત જાહેરમાં બહુ જ ચોખ્ખી થઈ ગયેલી છે અને જે ગૂંચવણ ઊભી થાય તે આપણી ઊભી કરેલી છે. માટે સરળ અને સીધો માર્ગ– શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ, ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર અને સત્પુરુષ મોક્ષનું દ્વાર. એમાં પિષ્ટપેષણ કરવાની જરૂર નથી.’’

સ્વામીશ્રીના આ શબ્દો ધનુષના ટંકારની જેમ સભામાં ગૂંજી રહ્યા. તેથી સૌની ભ્રાંતિ ભાંગી ગઈ અને બધુ ચોખ્ખુંચટ થઈ ગયું.

મહાન રત્ન તે મહંત સ્વામી!

ઉપાસનાના માર્ગનું ધુમ્મસ હટાવીને સ્વામીશ્રીએ બીજી પણ એક મહત્ત્વપૂર્ણ વાત શાસ્ત્રીજી મહારાજના જન્મોત્સવની આ સભામાં કરેલી. તા. ૨૪/૧ના રોજ મહંત સ્વામીના પૂર્વાશ્રમના પિતાશ્રી મણિભાઈનો અક્ષરવાસ થયેલો. તેથી તેઓને પણ શ્રદ્ધાસુમન અર્પણ કરતાં સ્વામીશ્રીએ જણાવેલું કે –

‘શાસ્ત્રીજી મહારાજને તેમણે ખૂબ રાજી કર્યા હતા. એમનું ઘર મંદિર હતું. આપણને તેમણે મહાન રત્ન આપ્યું છે. તે મહાન રત્ન તે મહંત સ્વામી!

એ મોટામાં મોટી ભેટ આપી છે. મહંત સ્વામીનાં દર્શન કરતાં શાંતિ થાય એવા એ પુરુષ છે. યોગીજી મહારાજની એમના ઉપર ખૂબ દૃષ્ટિ છે.'

આમ, મહંત સ્વામીને બિરદાવીને સ્વામીશ્રીએ દેશ ઉપર આવી પડેલી અન્ય એક દુઃખદ ઘટનાની નોંધ લઈને જણાવેલું કે 'ભારતના વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીના અવસાનથી દેશને ખૂબ જ ખોટ પડી છે. તેમને આ જ સ્થાનમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યોગીજી મહારાજના આશીર્વાદ મળ્યા હતા. સ્વામી-શ્રીજી તેમને અખંડ શાંતિ અર્પે તેવી પ્રાર્થના!'

શ્રી લાલબહાદુર શાસ્ત્રીના આકસ્મિક અવસાન નિમિત્તે આજે ઉત્સવસભા બાદ મહાપ્રસાદનું આયોજન બંધ રાખવામાં આવેલું. સ્વામીશ્રીએ આ બદલ સૌ હરિભક્તોની માફી માંગી હતી. ભલે કારણ વાજબી હતું, પરંતુ તેને લીધે હરિભક્તોને જમાડી ન શક્યાનું દુઃખ સ્વામીશ્રીના અંતરમાં સાલી રહેલું. તેઓનું હૃદય કેટલું કૂણું-કોમળ હશે! વહીવટ-વ્યવહારની લેશ રુક્ષતા તેને સ્પર્શી શકી નહોતી!!

સમા પર સાવધાન

આ અરસામાં અટલાદરામાં રહેતા મોટા સ્વામીને વિચાર આવેલો કે 'માંદગીમાં સંતોની મર્યાદા મુજબ સારવાર થાય તે માટે આપણે એક હૉસ્પિટલ અહીં કરવી.' તેથી તે પ્રકારની જગ્યા પણ તેઓએ શોધી રાખેલી અને આ વખતે યોગીજી મહારાજ દ્વારા એ સૂચિત જગ્યા પર પુષ્પો છંટાવવાનું પણ આયોજન ગોઠવેલું. તે અનુસાર જગ્યા પર જવા માટે યોગીજી મહારાજ અને મોટા સ્વામી ઘોડાગાડીમાં બેઠા. તેની પાછળ સ્વામીશ્રી, મણિભાઈ, કોયલીના પુરુષોત્તમદાસ વગેરે બે-પાંચ સંતો-ભક્તો ચાલી રહેલા.

થોડી વારમાં નિશ્ચિત જગ્યા આવતાં એક ખેતરમાં જઈને ઘોડાગાડી ઊભી રહી. જેવી ઘોડાગાડી ઊભી રહી કે મોટા સ્વામી તો લાકડીના ટેકે સહેલાઈથી નીચે ઊતરી ગયા, પણ યોગીજી મહારાજ અવસ્થા અને અશક્તિને કારણે નીચે ઊતરવામાં તકલીફ અનુભવી રહેલા.

આ દૃશ્ય પાછળ આવતા સ્વામીશ્રીએ જોયું અને તરત જ તેઓ ધોતિયું ઊંચું ખોસતાં દોડ્યા. યોગીજી મહારાજને પોતાના હાથનો ટેકો આપી આસ્તેથી નીચે ઉતાર્યા. સૌ સ્વામીશ્રીએ ઝડપી લીધેલી આ તકને જોઈ જ રહ્યા !!

ગુરુભક્ત તો સૌ હતા પણ ગુરુભક્તિની સૂઝ અને સતર્કતામાં સ્વામીશ્રી

હરહંમેશ મેદાન મારી જતા.

યુવાહૃદયને પીયૂષપાન

અટલાદરાથી સ્વામીશ્રી યોગીજી મહારાજની સાથે જ મુંબઈ પધારેલા અને સત્તર દિવસ સુધી રોકાઈને સૌને કથાવાર્તાનું સુખ આપેલું.

સ્વામીશ્રીના મુંબઈના આ રોકાણ દરમ્યાન તા. ૧૯/૨ના રોજ ગોરેગાંવમાં ચાલતા યુવક મંડળનું વાર્ષિક સંમેલન હતું. તેમાં પધારવાનું આમંત્રણ સૌ યુવકોએ સ્વામીશ્રીને આપેલું. પરંતુ તેઓને અચાનક ગુજરાત તરફ નીકળવાનું થતાં તેઓ આ સંમેલનમાં ઉપસ્થિત રહી શકે તેમ રહ્યું નહીં.

પણ આંગણે આવેલાને રાજી કરવા એ સ્વામીશ્રીનો સ્વધર્મ! તેમાંય યુવાનોનાં કોમળ હૈયાંને તો તેઓ કેમ ઠેસ લાગવા દે ?! તેથી વિદાય લેતી વખતે તેઓએ યુવકોને પ્રેરણાપત્ર લખી આપતાં જણાવ્યું કે –

આપના આ વાર્ષિક સંમેલનમાં હાજર નથી રહી શકતો તે માટે દિલગીર છું. આ સંમેલન સર્વે પ્રકારે સફળ થાય અને દિન-પ્રતિદિન મંડળનો ઉત્સાહ વધે અને બળ મળે અને સ્વામી-શ્રીજીના આશીર્વાદ આપ સર્વને મળે તેવી પ્રાર્થના છે. યુવકો સ્વામીશ્રીનું હૃદય છે. તો હૃદય ક્યારે બનીએ ? તો તેઓના એક-એક વચન જીવનમાં ઉતારીશું અને તે મુજબ વર્તીશું તો. માટે તે શબ્દોનો લક્ષ્યાર્થ કરી આપ સર્વે આગળ વધો અને સર્વે નિષ્ઠાવાન, ચારિત્ર્યવાન બનો તેવી પ્રાર્થના છે.

મુંબઈથી વડોદરા થઈને સ્વામીશ્રી ફૂલદોલોત્સવ માટે સારંગપુર પધારેલા. યોગીજી મહારાજ આ ઉત્સવમાં આવવાના નહોતા પણ સ્વામીશ્રી પધારવાથી સૌને આનંદ થયો. તેઓના હાથે ફગવાની પ્રસાદી મેળવી સૌ ધન્ય થયા.

ઉત્સવ બાદ બોચાસણમાં તા. ૧૦/૩ના રોજ અક્ષર-પુરુષોત્તમ વિદ્યાલયના નવા મકાનનું ખાતમુહૂર્ત કરીને સ્વામીશ્રી પુનઃ મુંબઈ જવા નીકળ્યા.

જીવ જડવા જેવા સંત

મુંબઈમાં બિરાજેલા યોગીજી મહારાજને જાણ હતી કે આજે સ્વામીશ્રી મુંબઈ આવવાના છે. તેથી તેઓ ઉકાળો ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે કહ્યું : 'પ્રમુખસ્વામીને આપણી સાથે ઉકાળો પીવા બોલાવો.'

આજ્ઞા થતાં એક સંત સ્વામીશ્રીને બોલાવવા ગયા, પરંતુ તેઓએ

કહેવરાવ્યું કે 'મારે હજી પૂજા કરવાની બાકી છે. માટે મોડું થશે. તો યોગીજી મહારાજને કહેજો કે અલ્પાહાર કરી લે.'

આ સંદેશો જ્યારે યોગીજી મહારાજને મળ્યો ત્યારે તેઓ બોલ્યા : 'ભલે મોડું થાય. પ્રમુખસ્વામી આવ્યા પછી જ અમે ઉકાળો લઈશું.'

આ વાત જ્યારે સ્વામીશ્રીને મળી ત્યારે હવે તેઓને જે બન્યું હતું તે જણાવ્યા સિવાય કોઈ વિકલ્પ ન રહ્યો.

ઘટના એવી ઘટેલી કે સ્વામીશ્રી સવારે દાદર સ્ટેશને ઊતરીને મંદિર સુધી આવતા હતા તે વખતે પોતાનું વસ્ત્ર કોઈ સ્ત્રીના વસ્ત્રને અડી ગયું છે તેવી શંકા તેઓને પડેલી. તેથી તેઓએ આજે નિષ્કામવ્રતની શુદ્ધિનો ઉપવાસ કરવાનું નક્કી કરેલું. સાથે રહેતા સેવકોએ આ શંકાનું નિવારણ કરવા માટે સ્વામીશ્રીને કહેલું કે 'સ્વામી! આપ જેવું ધારો છો એવું તો કશું બન્યું નથી. અમે આપની સાથે જ હતા.'

'પણ મને શંકા છે કે કો'કનું વસ્ત્ર અડી ગયું છે.' એમ કહીને સ્વામીશ્રી ઉપવાસ કરવાની બાબતે મચક આપતા જ નહોતા.

સૌને આ જાણ થઈ ત્યારે શ્રીજીમહારાજની પરાવાણીના પડઘા સૌના કાનમાં ગુંજી રહ્યા કે 'ભગવાનનું અલ્પ વચન હોય તેમાં ફેર પડે તો તે મહત્ વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય એવા જે ભગવદ્ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન-કર્મ-વચને વર્તવું.'[૧૮૧]

જો કે સ્વામીશ્રી તો આથીયે આગળ નીકળ્યા તેમ સૌને લાગ્યું. અહીં તો અલ્પ વચનમાં પણ ફેર પડ્યો નહોતો, કેવળ શંકા જ હતી. છતાં સ્વામીશ્રીએ ઉપવાસ શરૂ કરી દીધેલો.

યોગીજી મહારાજે જ્યારે આ જાણ્યું ત્યારે તેઓએ હરિભક્તોને ઉદ્દેશીને કહ્યું : 'પ્રમુખસ્વામી કેવા મોટા! આખી સંસ્થાના પ્રમુખ છતાં થર્ડ(ક્લાસ)માં મુસાફરી કરે. કેવા નિર્માની! પણ હર્ષદભાઈ! આપણે ધ્યાન રાખવું. મુંબઈથી તો પ્રમુખસ્વામીની ફર્સ્ટ ક્લાસની ટિકિટ જ કઢાવી દેવી અને આવે ત્યારે સ્ટેશને ગાડી મોકલવી.'

સ્વામીશ્રીનો આવો મહિમા કહેતાં કહેતાં યોગીજી મહારાજે ઉકાળાની રકાબી પોતાના મોંએ માંડી, પણ તેઓના મુખ પર દુઃખ અને વ્યગ્રતા સ્પષ્ટપણે જોઈ શકાતાં હતાં.

---

૧૮૧. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૮.

મુંબઈમાં સોનાનો સૂરજ

આ જ દિવસે રાત્રે સભામાં વાત કરતાં યોગીજી મહારાજ બોલેલા : 'આજે પ્રમુખસ્વામી પધાર્યા. મુંબઈ મંડળમાં સોનાનો સૂરજ ઊગ્યો. બધાએ લૂંટી લેવા. સમાગમ કરી લેવો. જ્ઞાન પ્રાપ્ત થાય. સ્વામીનું આખ્યાન જાણવા મળે.'

જ્યારે જ્યારે યોગીજી મહારાજ સ્વામીશ્રીના મહિમાની વાતો કરતા ત્યારે તેમાં હંમેશા પરાકાષ્ઠા જ જોવા મળતી. શક્ય એટલી મોટી ઉપમા આપીને પોતાના આ પ્રિય શિષ્યને તેઓ બિરદાવતા રહેતા.

મુંબઈના રોકાણ દરમ્યાન યોગીજી મહારાજ સાથે સ્વામીશ્રી વિવિધ વિસ્તારોમાં પધારેલા. તેમાં તા. ૨૭/૩ના રોજ પાર્લાના મહેસાણા મેન્સનના વિશાળ ચોગાનમાં યોજાયેલી જાહેર સત્સંગસભામાં તેઓએ લાભ આપેલો. ત્યારબાદ તા. ૩૧/૩ના દિવસે શ્રીજીમહારાજના પ્રાગટ્યનો ઉત્સવ કપોળવાડીમાં ઊજવાયો. અહીં પણ પ્રાસંગિક પ્રવચનો બાદ સ્વામીશ્રીએ શ્રીજીમહારાજના સર્વોપરીપણા વિષયક મર્મભેદક વાતો કરીને સૌને આનંદ પમાડેલો.

આ સભામાં સ્વામીશ્રીએ યોગીજી મહારાજને ભવ્ય હાર અર્પણ કર્યો હતો. તે વખતે યોગીજી મહારાજ પહેરેલા હાર સાથે જ પોતાના સ્થાનેથી ઊભા થઈ ગયેલા અને સ્વામીશ્રી સાથે ફોટો પડાવેલો. ત્યારબાદ તે હાર સ્વામીશ્રીને પહેરાવીને પણ ફોટો લેવડાવ્યો.

મેઘને જોઈને મોર હુલસે તેમ સ્વામીશ્રીને જોઈને યોગીજી મહારાજ આનંદમાં આવી જતા. એ આનંદ આવી ક્રિયાઓ દ્વારા ધરાતલ પર અને સૌનાં અંતરતલ પર વિસ્તરતો રહેતો.

સિદ્ધાંતના સંરક્ષક

આ અરસામાં દાદુભાઈ અને બાબુભાઈ નામની બે વ્યક્તિઓએ મહિલાઓને પણ પુરુષોની જેમ ભગવાં વસ્ત્ર ધારણ કરી ભગવાન ભજવાની વ્યવસ્થા માટે દુરાગ્રહભરી પ્રવૃત્તિનો ઝંડો ઉપાડેલો. જો કે મહિલાઓ ભગવાન ભજે તે કરતાંય પોતાને માન-મોટપ મળે એ હેતુ આ પ્રવૃત્તિના ચાલકબળ તરીકે વિશેષરૂપમાં હતો. તેઓનો આ ઉપાડ શ્રીજીમહારાજની આજ્ઞાથી તદ્દન વિરુદ્ધ હતો. તેથી યોગીજી મહારાજે આ બાબતે તેઓને અનેક વાર રોકેલા. વળી, યોગીજી મહારાજે તેઓને એમ પણ કહેલું કે 'તમારે પ્રમુખસ્વામીની આજ્ઞામાં

રહેવું, પણ સંસ્થાથી અલગ કે સ્વતંત્ર કાંઈ કરવું નહીં.' પરંતુ તેઓએ યોગીજી મહારાજની આ આજ્ઞાની અવજ્ઞા તો ઠીક પણ તેઓની સાથે છળ-કળ કરીને પોતાની પ્રવૃત્તિ બેરોકટોક ચાલુ જ રાખેલી.

સ્વામીશ્રી તો વ્યક્તિની વૃત્તિ-પ્રવૃત્તિના અચ્છા પરખંદા હતા. તેથી આ બંધુઓના બદઈરાદાઓનો તેઓને પૂરેપૂરો ખ્યાલ હતો. પરંતુ તેઓ હંમેશા યોગીજી મહારાજના અનુશાસન હેઠળ જ જીવનારા. તેથી તેઓનો આદેશ ન થાય ત્યાં સુધી તેઓ આ બાબતે હરફ સુધ્ધાં ઉચ્ચારતા નહોતા. તે જોઈ સત્સંગના હિતવાંછુ હરિભક્તો તેઓને આગ્રહપૂર્વક કહેતા કે 'તમે પ્રમુખ છો. તમારી પાસે સત્તા છે. તે બેય ભાઈઓને વિમુખ જ કરી દો. સંપ્રદાયમાંથી હાંકી જ કાઢો. યોગીજી મહારાજને આમાં કાંઈ જ પૂછવાનું હોય નહીં.'

સત્તાની સીડી ભારે લલચાવનારી હોય છે. તેની પર સ્વામીશ્રીને ચઢાવનારા આવા ઘણા મળ્યા. પણ તેઓ કહેતા : 'યોગી મહારાજની મરજી વિરુદ્ધ મારે કાંઈ કરવું નથી.'

કેટલાકે તો સ્વામીશ્રી પર એમ પણ તીર તાક્યું કે 'તમે બાયલા જેવા છો. કોઈને કાંઈ કહી શકતા નથી.'

આ ટોણાં પાછળ જનસામાન્યમાં રહેલા અહંને છંછેડીને વ્યક્તિને સાબદા કરવાની દાનત હતી. પરંતુ દિવાસળી ઘાસની ગંજી પર પડે તો દવ ફેલાય; પથ્થર પર પડવાથી તો તે આપમેળે જ બુઝાઈ જાય. આ મુજબ સ્વામીશ્રી આગળ આવી યુક્તિ-પ્રયુક્તિનો કોઈ ગજ વાગતો નહીં.

પરંતુ સ્વામીશ્રીની આ ધીરજ, સહિષ્ણુતા તથા સાધુતાને પેલા બે બંધુઓ તથા તેઓના મળતિયાઓએ લાચારી માની લીધી અને તેઓને બદનામ કરવામાં કોઈ કસર છોડી નહીં. તે સૌ એમ સમજતા હતા કે 'સ્વામીશ્રી જ આપણા માર્ગનો કાંટો છે. તે જો હટી જાય તો આપણો માર્ગ ફૂલસુંવાળો બની જશે.' કારણ કે આ વિદ્રોહીઓ પગલું મૂકે તે પહેલાં તો સ્વામીશ્રી તેની દિશા અને ગતિ બંને જાણી જતા.

સંસ્થાને છિન્ન-ભિન્ન કરવાની પેરવીમાં પડેલા એ સૌ માટે સ્વામીશ્રી જ સંસ્થા, સિદ્ધાંત અને સત્પુરુષની સુરક્ષામાં રહેલા એક દુર્ભેદ્ય કવચ સમાન હતા. તે કવચ જો છેદાય-ભેદાય તો જ એ વિઘ્ન-સંતોષીઓની મેલી મુરાદ બર આવે તેમ હતી. તેથી સ્વામીશ્રીને નષ્ટ-ભ્રષ્ટ કરવાના કૈંક ષડ્યંત્રો તેઓ દ્વારા ગોઠવાયાં. જો કે સ્વામીશ્રીને તો તેની કોઈ તમા નહોતી.

'न हि शफरीस्फुरितेन अब्धौ विक्षोभोऽपि जायते।' એક સાથે હજાર માછલીઓ પડખાં ફેરવે તેથી કાંઈ સમુદ્રમાં ખળભળાટ મચી જતો નથી. તે તો એવો જ ધીર-ગંભીર થઈને લહેરાતો રહે છે. તેમ સ્વામીશ્રી પણ શાંતિથી પોતાનું કાર્ય કર્યે જતા હતા.

પણ એ હીન દશાવાળાઓની કુટિલ પ્રવૃત્તિઓએ જ્યારે માઝા મૂકી ત્યારે યોગીજી મહારાજે આ પ્રવૃત્તિમાં સહકાર ન આપવા સત્સંગીઓને અનુરોધ કરવાની આજ્ઞા સ્વામીશ્રીને આપી. તે સમયે સ્વામીશ્રીએ સંસ્થાકીય સામયિકમાં વિજ્ઞપ્તિ પ્રકાશિત કરી કે –

વલ્લભ વિદ્યાનગરમાં અક્ષર-પુરુષોત્તમ સંસ્થાના તાબાનું સત્સંગી બાઈઓ માટે નવું હરિમંદિર તૈયાર થયેલું છે. તેને અડોઅડ એક સ્વતંત્ર મહિલા આશ્રમ બાંધવામાં આવેલ છે. તે અંગે સૌને જણાવવાનું કે નવા આશ્રમ અંગેની કોઈ પણ પ્રવૃત્તિ સંસ્થાના નામે કોઈ શખ્સ કરતા હોય તેમાં આ સંસ્થાને કાંઈ લાગતું-વળગતું નથી. શ્રીજીમહારાજે સ્થાપેલી ધર્મમર્યાદાનું યથાર્થ પાલન કરનાર પ્ર. બ્ર. સ્વ. યોગીજી મહારાજે શ્રીજીમહારાજે સ્થાપેલ ધર્મમર્યાદા વિરુદ્ધ કરવામાં આવતી આ પ્રકારની પ્રવૃત્તિમાં ક્યારેય પણ આજ્ઞા કરી નથી.

બાઈઓને દીક્ષા આપવા અંગે આ સંસ્થાની જાણ બહાર બારોબાર પ્રવૃત્તિ જે ચાલી રહી હોય તે અંગે પણ સ્પષ્ટ જણાવવામાં આવે છે કે તે પ્રવૃત્તિ પણ શ્રીજીમહારાજની સ્થાપેલ ધર્મમર્યાદા તથા નિયમો વિરુદ્ધ હોઈ તે અંગે આ સંસ્થાને તે સાથે કાંઈ પણ નિસ્બત નથી. તેમ જ ઉપર લખેલી પ્રવૃત્તિ અંગે બારોબાર જે કાંઈ ફંડ-ફાળા કે દાન વગેરેમાં કોઈએ કાંઈ પણ રકમ આપી હોય તે અંગે સંસ્થાને કાંઈ લાગતું-વળગતું નથી તેમ જ એવી કોઈ રકમ સંસ્થાને મળી નથી તેની સૌને જાણ થાય.

આમ, ગુરુ-આજ્ઞાને શિરે ચઢાવી શ્રીજીસિદ્ધાંતના સમર્થનમાં સ્વામીશ્રીએ શંખનાદ ફૂંકી દીધો.

તેમાં હું બહુ રાજી

મુંબઈમાં સતત બે મહિના આરામ કરીને યોગીજી મહારાજે તા. ૨/૪ના રોજ ગુજરાત તરફ જવા માટે વિદાય લીધી. સ્વામીશ્રી પણ તેઓની સાથે જ હતા. બોચાસણમાં ચૈત્રી પૂનમનો સમૈયો કરીને સૌ આણંદ આવેલા.

આ અરસામાં યોગીજી મહારાજની ઇચ્છાથી ગોંડલમાં 'નૈમિષારણ્ય ગુરુકુળ'નું નિર્માણ ચાલુ હતું. તેના પ્રથમ ચરણરૂપે છાત્રાલયનું કાર્ય શરૂ થવાનું હતું. તેથી ગુરુકુળના વ્યવસ્થાપકોએ યોગીજી મહારાજને પુછાવેલું : 'છાત્રાલયનું નામ શું રાખવું ?'

છાત્રાલય સાથે યોગીજી મહારાજનું નામ સંકળાય તેવી ઇચ્છા સૌની હતી. આ બાબતે ઈશ્વરચરણદાસ સ્વામી યોગીજી મહારાજને પૂછવાની તક શોધતા જ હતા, ત્યાં યોગીજી મહારાજે જ સામેથી કહ્યું : 'કંઈ પૂછવું છે ?' એટલે તેઓએ છાત્રાલયનાં નામ બાબતના પત્ર અને સૂચનની વાત કરી.

તે સાંભળી તરત જ યોગીજી મહારાજે જણાવ્યું : ''ના, આપણું નામ ન હોય. શાસ્ત્રીજી મહારાજનું રાખો. 'સ્વામી શાસ્ત્રીજી મહારાજ છાત્રાલય' એવું નામ રાખો.''

'પણ બાપા ! ગુરુકુળની ઘણી બધી પ્રવૃત્તિઓ છે. તેમાંથી એક પ્રવૃત્તિ એમના નામે શરૂ થશે. છાત્રાલય સાથે આપનું નામ રાખવાની બધાની ઇચ્છા છે.'

ઈશ્વરચરણદાસ સ્વામીએ આમ જ્યાં દલીલ કરી ત્યાં જ યોગીજી મહારાજ 'તો પ્રમુખસ્વામીનું નામ રાખો, પણ મારું નામ ન રાખો' એમ કહી એકદમ નિખાલસતાથી કહેવા લાગ્યા : 'આપણે તો સેવા કરીએ પણ શાસ્ત્રીજી મહારાજ, પ્રમુખસ્વામીનું નામ આગળ આવે તેમાં હું બહુ રાજી.'

સહજભાવે ઉચ્ચારાયેલા યોગીજી મહારાજના આ શબ્દોમાં તેઓની ગુરુ-ભક્તિ અને નિર્માનિતા તો પ્રગટ થતી જ રહી, પરંતુ તે શબ્દો યોગીજી મહારાજના હૃદયમાં સ્વામીશ્રીનું કેવું સ્થાન છે તેની પણ છડી પોકારનારા બની રહ્યા.

આ તે વળી કેવા પ્રમુખ !

આણંદથી વરતાલ, મહેળાવ, નડિયાદ, ડભાણ, વસો, બારેજા, જેતલપુર, અસલાલી વગેરે ગામોમાં લાભ આપતાં આપતાં સ્વામીશ્રી યોગીજી મહારાજની સાથે જ અમદાવાદ પધાર્યા હતા. અહીં તેઓએ સાત દિવસ સુધી 'હરિલીલા-કલ્પતરુ'ના તૃતીય સ્કંધના આધારે કથારસની હેલી જમાવીને વૈશાખના વાયરામાં શેકાતા અમદાવાદી મુમુક્ષુઓને ટાઢક કરી દીધી.

અમદાવાદથી બાવળા થઈને યોગીજી મહારાજ તથા સ્વામીશ્રી સારંગપુર પહોંચેલા. તે વખતે યોગીજી મહારાજ પર પત્ર આવ્યો કે 'ગુરુકુળના બાંધકામ અંગે પ્રમુખસ્વામીને ગોંડલ મોકલજો. અગત્યનું કામ છે.'

તેથી તેઓએ બપોરે ચાર વાગ્યે સ્વામીશ્રીને બોલાવ્યા અને કહ્યું : 'તમારે ગોંડલ જવાનું છે.'

'ભલે સ્વામી !' સ્વામીશ્રીએ તરત આજ્ઞા ઝીલી લીધી.

'કેમ ? ક્યારે ? કેવી રીતે ?' વગેરે કોઈ પળોજણ-પૂછતાછ નહીં. ગુરુનાં વચનોને તેઓ વેદવાક્ય માનીને જ અનુસરતા.

યોગીજી મહારાજની આજ્ઞા શિરોધાર્ય કરીને સ્વામીશ્રી કોઠારી સંત પાસે આવ્યા અને પૂછ્યું : 'અમારે રાત્રે દોઢની ટ્રેનમાં ગોંડલ જવાનું છે. તો કોઈ વાહન બોટાદ સુધી જાય છે ?' સ્વામીશ્રીના બોલવામાં ભારોભાર વિનંતીનો સૂર હતો. 'બોટાદ સુધી વાહન કરી આપો' એમ અધિકારની છાંટ નહીં કે જરૂરિયાતનો તકાદો પણ નહીં.

પરંતુ કોઠારીએ કહ્યું : 'રાત્રે દસ વાગ્યે ઘોડાગાડી જવાની છે. બીજું વાહન તો નથી.'

દસ વાગ્યે ઊપડેલી ઘોડાગાડી મોડામાં મોડા અગિયાર વાગ્યે તો બોટાદ પહોંચાડી દે. તે પછી ટ્રેન આવે ત્યાં સુધી અઢી કલાક રેલવે પ્લેટફોર્મ પર કરવું શું ? અધિકૃત વ્યક્તિએ સ્વામીશ્રી જેવા સંત માટે તેઓને અનુકૂળ સમયે બીજું વાહન ગોઠવી દેવું જોઈએ તે સામાન્ય સમજમાં આવે એવી વાત હતી. પરંતુ તેઓએ તો આમ ચિત્ર સ્પષ્ટ દોરી જ દીધું. સ્વામીશ્રી પણ 'સારું' કહી તેઓના આયોજનમાં ભળી ગયા.

પરંતુ તેઓની સાથે હકાબાપુ હતા તે તો આ પ્રતિભાવ સાંભળી સમસમી રહ્યા. તેઓએ સ્વામીશ્રીને કહ્યું જ કે 'તમારે આટલી બધી રાહ જોઈને બેસી રહેવાનું હોય ? તમે સંસ્થાના ધણી છો.'

'ગમે તે હોઈએ. મંદિરના કોઠારી એ કહેવાય. આપણાથી બોલાય નહીં. એ જે વ્યવસ્થા કરી આપે તે પ્રમાણે કરવાનું.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓનો આ ખુલાસો હકાબાપુને હજમ થઈ શકે તેમ નહોતો. તેઓને થયું કે 'આ તે વળી કેવા પ્રમુખ !'

પણ સ્વામીશ્રીએ રાત્રે દસ વાગ્યે ઘોડાગાડીમાં નીકળવાનું નક્કી કરીને સેવકોને જણાવ્યું : 'રાત્રે પોટલાં તૈયાર રાખજો. આપણે નીકળવાનું છે.'

આ સાંભળતાં સેવકે જુદો જ સૂર છેડ્યો કે 'આટલું મોડું ? સવારે નીકળીએ તો ?'

'ના, યોગીજી મહારાજે કહ્યું છે એટલે જે વહેલું વાહન મળે તેમાં નીકળી

જવાનું હોય.'

આજ્ઞાપાલનમાં તો સ્વામીશ્રીને એક ક્ષણનો વિલંબ પણ એક યુગ જેટલો લાગતો. તેથી નક્કી કર્યા મુજબ તેઓ ઘોડાગાડી દ્વારા બોટાદ સ્ટેશને આવી પહોંચ્યા. ટ્રેન આવવાને તો હજી ઘણી વાર હતી.

આપ વચનમાં વહેતું જીવન

સારંગપુરથી સ્વામીશ્રીની વિદાય બાદ યુવકો-સંતો સાથે સત્સંગ-સંગોષ્ઠી કરી રહેલા યોગીજી મહારાજે અચાનક પૂછ્યું : 'પ્રમુખસ્વામી ક્યાં છે ? બોલાવો એમને.'

'એ તો આપની આજ્ઞા મુજબ ગોંડલ જવા નીકળી ગયા.' ઈશ્વરચરણ સ્વામીએ જણાવ્યું.

'હોય નહીં !' જાણે સ્વામીશ્રીનો અપરાધ થઈ ગયો હોય તેમ ગ્લાનિ સાથે યોગીજી મહારાજ બોલી ઊઠ્યા અને કહ્યું : 'જાવ, પાછા બોલાવો. આપણાથી આવી રીતે એમને ન મોકલાય. એ તો ધણી છે.' પછી રાજકોટથી ગાડી લઈને આવેલા રજનીભાઈ અનડાને યોગીજી મહારાજે કહ્યું : 'જાવ, પ્રમુખસ્વામીને લઈ આવો.'

તેઓ તાબડતોબ બોટાદ પહોંચ્યા. ટ્રેન પ્લેટફોર્મ પર આવી ગયેલી. બે જ મિનિટમાં તે સ્ટેશન છોડી દેવાની હતી. તેથી રજનીભાઈ દોડ્યા અને સઘળી વાત જણાવી. તે સાંભળી સ્વામીશ્રીએ સેવકોને કહ્યું : 'ચાલો પાછા. પોટલાં ઉતારી લો.'

આ જોઈ હકાબાપુ અકળાયા અને સ્વામીશ્રીને મિત્રતાના દાવે કહેવા લાગ્યા : 'હવે શું પાછા જવાનું ? પલાળ્યું છે તો મૂંડી નાંખો. આ(રજની) પાછો જઈને કહી દેશે.'

પણ સ્વામીશ્રી કંઈ પણ બોલ્યા વગર ચાલવા જ માંડ્યા. હકાબાપુને ગોવાળની પાછળ ગાયની જેમ તેઓને અનુસરવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો નહીં. સૌ સારંગપુર પાછા આવ્યા અને રાત્રે બે વાગ્યે સૂઈ ગયા.

સવારે સાડા ચાર વાગ્યે યોગીજી મહારાજ જાગ્યા અને તરત જ પૂછ્યું : 'પ્રમુખસ્વામી ક્યાં છે ?'

'રાત્રે આવી ગયા છે. આરામમાં હશે.' સેવક હજી તો આમ જણાવે ત્યાં જ સ્વામીશ્રી ઓરડામાં પ્રવેશ્યા. હાથ જોડીને બોલ્યાઃ 'આ રહ્યો બાપા ! બોલો,

શું આજ્ઞા છે ?' બે વાગ્યે સૂતેલા સ્વામીશ્રી સાડા ચાર વાગ્યે તો સ્નાન-પૂજાથી પરવારીને હાજર થઈ ગયેલા !

તેઓને જોઈને યોગીજી મહારાજ ખૂબ રાજી થયા અને બોલવા લાગ્યા : ‘આ બધાએ તમને કેમ ગાડી(ટ્રેન)માં જવા દીધા ! તમે તો સંસ્થાના ધણી.' એમ કહી આજુબાજુ જે સંતો હતા તેમને પણ કહ્યું : ‘પ્રમુખસ્વામી સંસ્થાના ધણી છે. આપણા ગુરુ છે. એમને ગાડીમાં ન મોકલાય. શાસ્ત્રીજી મહારાજને બહુ રાજી કર્યા છે.' એમ મહિમા ગાવા લાગ્યા.

તે વખતે સ્વામીશ્રીએ કહ્યું : ‘બાપા ! એમાં આપ ચિંતા કરશો નહીં. હું તો જતો રહેત.'

સ્વામીશ્રીને વ્યવસ્થા બાબતે કોઈ ખુલાસા-દિલાસાની જરૂર નહોતી. પણ એ દિવસે સવારે નવ વાગ્યે રજનીભાઈની મોટરમાં જ યોગીજી મહારાજે સ્વામીશ્રીને ગોંડલ જવા મોકલ્યા.

સ્વામીશ્રીએ ગુરુની આજ્ઞા સાથે પોતાના જીવનનો સંબંધ પવન અને પાંદડાં વચ્ચે હોય છે તેવો રાખેલો. પવન જે બાજુ તાણે તે બાજુ પાંદડું ઢસડાય. તેમ જે દિશામાં ગુરુ ઠેલે તે દિશામાં તેઓ જતા.

સહનશીલતાની સીમા અંકાઈ ગઈ

ગોંડલમાં ગુરુકુળના કાર્યમાં દિશાદર્શન આપીને સ્વામીશ્રી અમદાવાદ પધારેલા. ઉત્તર ગુજરાતમાં વિચરણ કરી યોગીજી મહારાજ પણ અમદાવાદ પધાર્યા.

અહીં એક દિવસ મંદિરના ચોકમાં સભા ચાલી રહેલી. તે જ સમયે સિદ્ધાંત વિરુદ્ધ પ્રવૃત્તિ કરનાર પેલી ઉપદ્રવી બંધુબેલડીના મળતિયા જેવી ત્રણ વ્યક્તિઓ ત્યાં આવી ચડી. તેઓ સ્વામીશ્રીને તાત્કાલિક ધોરણે મળવા માંગતી હતી. તેથી સ્વામીશ્રી અને યોગીજી મહારાજ સભામાંથી ઊભા થઈને મંદિર પાછળ આવેલા તત્કાલીન ઉતારામાં ગયા.

અહીં એક મોટા હૉલના ખૂણામાં તેઓ બિરાજ્યા. પણ મળવા આવેલા વિદ્રોહીઓનો ઉશ્કેરાટ ઘણો હતો. બેસતાંવેંત જ તેઓ યોગીજી મહારાજની હાજરીમાં સ્વામીશ્રીને જેમ તેમ બોલવા લાગ્યા. જાણે પોતે જ સંસ્થાના સર્વેસર્વા હોય તેવો તે લોકોનો મિજાજ હતો.

એ વખતે ઈશ્વરચરણદાસ સ્વામી વગેરે ત્યાં આવી પહોંચ્યા. અહં-મમત્વ અને અવળા પક્ષને કારણે ફંગોળાયેલી એ ત્રિપુટી સ્વામીશ્રી માટે જે શબ્દપ્રયોગો

કરી રહેલી તે સાંભળીને કેટલાક યુવાન ભક્તો ઊકળી ઊઠ્યા અને આગંતુકોનો ત્યાં ને ત્યાં જ ઊધડો લેવા માંડ્યા.

પણ આશ્ચર્ય ! પોતાની વહારે આવેલા એ સૌ યુવાનોને સ્વામીશ્રી વારવા-નિવારવા લાગ્યા કે 'તમે બધા બહાર નીકળી જાઓ. તમારે કાંઈ કરવાનું નથી. મારી સાથે વાત કરવા આવ્યા છે તો પૂરી વાત કરવા દો. તમે બધા જતા રહો.' આમ કહેતાં સ્વામીશ્રી પોતાની બનતી બધી શક્તિથી સૌને પાછા કાઢવા લાગ્યા. અપમાનને આટલો આદર આપતા સ્વામીશ્રીને જોઈને સૌ ચકિત થઈ ગયા !

પણ ઊહાપોહ ઘણો થઈ ગયો એટલે પેલી ત્રિપુટીને લાગ્યું કે 'બને એટલું વહેલું અહીંથી પલાયન થઈ જવામાં જ સારાવાટ છે.' તેથી તેઓ ઓરડાની બહાર નીકળવા લાગ્યા.

તે જોઈ સ્વામીશ્રીને થયું કે 'ઉશ્કેરાયેલા યુવકો આ લોકોની કંઈક અવહેલના કરી દેશે તો ?' તેથી એ ત્રણ વ્યક્તિઓ સહીસલામત મંદિરની બહાર નીકળી જાય તેની તકેદારી માટે સ્વામીશ્રી તેઓના જાણે રક્ષક થઈને ઠેઠ મંદિરના દરવાજા સુધી વળાવવા ગયા ! જ્યારે યુવકો પણ સ્વામીશ્રીની સાથે જ ચાલવા લાગ્યા ત્યારે તેઓએ તે સૌને બળપૂર્વક પાછા કાઢ્યા અને ભક્ષણ કરવા આવેલાનું પણ સ્વામીશ્રી રક્ષણ કરી રહ્યા ! એ વખતે જાણે સહનશીલતાની સીમા અંકાઈ ગઈ.

અમરવેલનું જતન

અમદાવાદથી સ્વામીશ્રી વિદ્યાનગર પધારેલા. અહીં તા. ૧૭/૫ના રોજ યોગીજી મહારાજનો ૭૫મો જન્મજયંતી મહોત્સવ શાસ્ત્રી મેદાનમાં ભવ્યતાથી ઊજવાયો. આ ઉત્સવમાં આવેલા ગુજરાતના રાજ્યપાલ શ્રી નિત્યાનંદ કાનુન્ગોનું સ્વામીશ્રીએ પુષ્પહારથી અભિવાદન કરીને તેઓને ઉત્સવના માનવંતા પ્રતિનિધિ તરીકેની ઓળખ આપતો વસ્ત્રનિર્મિત કલાત્મક ચંદ્રક અર્પણ કર્યો હતો.

વિદ્યાનગરમાં યોગીજયંતી ઊજવી સ્વામીશ્રી બોચાસણ પધાર્યા. અહીં તા. ૨૮/૫/'૬૬ના દિવસે યોગીજી મહારાજની ઉપસ્થિતિમાં અને સ્વામીશ્રીના પ્રમુખપદે થયેલી મીટિંગમાં સંસ્થાના ત્યાગી-ગૃહી સર્વે ટ્રસ્ટીઓએ શ્રીજીમહારાજની આજ્ઞા અનુસાર ઉપદ્રવી તત્ત્વોને વિમુખ કરવાનો નિર્ણય સર્વાનુમતે લીધો.

શ્રીજીમહારાજ કહે છે : 'સત્સંગ થયા મોર તો ગમે તેવો કુપાત્ર જીવ હોય તોય તેને નિયમ ધરાવીને સત્સંગમાં લેવો પણ સત્સંગમાં આવ્યા પછી

કુપાત્રપણું રાખે તો બાઈ અથવા ભાઈ જે હોય તેને સત્સંગ બહાર કાઢી મેલવો અને જો ન કાઢે તો એમાંથી ઝાઝું ભૂંડું થાય. જેમ જે આંગળીને સર્પે કરડી હોય અથવા કીડિયારાનો રોગ થયો હોય અને તેટલું અંગ જો તુરત કાપી નાંખે તો પંડે કુશળ રહે, તેનો લોભ કરે તો ઝાઝો બિગાડ થાય. તેમ જે કુપાત્ર જીવ જણાય તેનો તત્કાળ ત્યાગ કરજો. અને આ અમારું વચન છે તે ભલા થઈને સર્વે જરૂર રાખજો, તો જાણીએ તમે અમારી સર્વે સેવા કરી...'[૧૮૨]

ઈષ્ટદેવના આ આદેશ અનુસાર નિર્ણય લેવાયો કે – *'પટેલ દાદુભાઈ નાથાભાઈ તથા પટેલ બાબુભાઈ નાથાભાઈ તથા તેમની પ્રવૃત્તિઓ તથા તેમાં અંગત રસ લેનાર ભાઈઓ તથા બહેનો સાથે અક્ષર-પુરુષોત્તમ સંસ્થાને કોઈ પણ પ્રકારની નિસ્બત તથા સંબંધ તથા લાગતું-વળગતું નથી. માટે આ સંસ્થાના આશ્રિતોએ તેઓની સાથે આ સંસ્થાના નામે કોઈ પણ પ્રકારનો સંસર્ગ તથા સંબંધ રાખવો, રખાવવો નહીં.'*[૧૮૩]

આમ, સદા લીલા-પલ્લવ રહેનાર ગુણાતીત વટવૃક્ષની ઊધઈને દૂર કરીને સ્વામીશ્રીએ સમગ્ર સત્સંગ સમુદાયને નિશ્ચિંત કરી દીધો. આ પ્રસંગે પોતાની અસીમ સાધુતા અને અસાધારણ વ્યવહાર-દક્ષતાથી તેઓએ સત્સંગની જે સેવા કરી, તે જેમ જેમ સમય પસાર થઈ રહ્યો છે તેમ તેમ વધુ ને વધુ સુયોગ્ય સાબિત થતી રહી છે.

બોચાસણથી સ્વામીશ્રી ઉત્તરસંડા, નડિયાદ, અમદાવાદ, જેતલપુર, કાજીપુરા થઈને, તા. ૧/૬ના રોજ ભાલિયાપુરામાં પ્રતિષ્ઠાવિધિ નિમિત્તે યોગીજી મહારાજની સાથે જ પધારેલા. પ્રતિષ્ઠા બાદ ધોળકા, અડવાળ, સારંગપુર, તાજપુર, નિંગાળા, ઉગામેડી, ગઢપુર, વીરનગર, સરધાર, રાજકોટ થઈને તા. ૧૦/૬ના રોજ ગોંડલ આવી પહોંચ્યા. અત્રે તા. ૧૨/૬/'૬૬ના રોજ 'સ્વામી જ્ઞાનજીવનદાસજી ગુરુકુળ'નો ભવ્ય ઉદ્‌ઘાટનવિધિ સંપન્ન થયો. સંસ્થા દ્વારા સમાજસેવાની સરિતાની વધુ એક ધારા વહી છૂટી.

સત્સંગની દીવાદાંડી

વિદ્રોહીઓને વિમુખ કરવાની તાજેતરમાં જ બનેલી ઘટનાના સંદર્ભમાં સત્સંગની સુરેખ સમજણ આપતો પ્રેરક પત્ર સ્વામીશ્રીએ આફ્રિકાના એક

૧૮૨. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૮.

૧૮૩. જુઓ, પરિશિષ્ટ : ૨

હરિભક્તને લખી મોકલેલો. એ પત્રના શબ્દે શબ્દે સ્વામીશ્રીની એક સિદ્ધાંત-પુરુષ તરીકેની નીડર છબી ઊપસી આવી છે. સત્સંગની દીવાદાંડી સમો એ પત્ર આપણી જીવનનૈયા ક્યાંય અથડાઈ-અટવાઈ ન જાય તે માટે સતત નજર સામે રાખવા જેવો છે. તેમાં સ્વામીશ્રી લખે છે –

સ્વરૂપનિષ્ઠાને બહાને અને મહિમાને બહાને ધર્મનિષ્ઠાને ઉડાવી દીધી છે. આ તેઓનો પ્રચાર હતો અને છે. પણ સામાન્ય આજ્ઞાના ભંગથી કદાચ નભી જવાય, બાકી વિશેષ આજ્ઞાનો[૧૮૪] ભંગ કરનાર ગમે તેવો મોટો હોય તો પણ નભી શકે નહિ અને નભાવી લેવાય પણ નહિ.

મહારાજે આ મહાન ગઢ બહુ જ દૃઢતાપૂર્વક મૂક્યો છે. ન પળે તો હાથ જોડવા પણ તે વિરુદ્ધ પ્રવૃત્તિ કે પ્રતિપાદન તો ન જ થાય. સ્વધર્મની વ્યાખ્યા કરે કે 'સંપ, સુહૃદભાવ તે સ્વધર્મ.' અને કહે, 'શિક્ષાપત્રી સામાન્ય માણસ માટે છે. આપણે માટે નથી.' આવી વાતો કરી મૂળભૂત સિદ્ધાંત ઉડાવી દેવાની વાત છે. એટલે આમાં બે-પાંચ વ્યક્તિઓએ કે રાગ-દ્વેષથી કે એકતરફી ખોટું દબાણ કરી બધા સભ્યોને અંધારામાં રાખી આ ઠરાવ કર્યો નથી. તેવી વાત થઈ હોય કે મળી હોય તો તે તદ્દન સત્યથી વેગળી છે. અમોએ જે નિર્ણય કરેલ છે તેમાં પૂર્વાપરનો સંપૂર્ણ વિચાર કરી, સંસ્થાનું સમગ્રપણે હિત જોઈ અને મહારાજના મુખ્ય સિદ્ધાંત સામું લક્ષ આપી આ કાર્ય કરેલ છે. ગમે તેટલો કોઈએ ભોગ આપ્યો હોય ને કાર્ય કર્યું હોય, પછી તે કહે કે મારે આ મંદિરોમાં મૂળ સ્થાપકના સિદ્ધાંત કે મર્યાદા વિરુદ્ધ કે મંદિરો કે સંસ્થાના ધારાધોરણ નિયમ વિરુદ્ધ પ્રચાર કે કાર્ય કરવું છે તો કોઈ પણ સંસ્થા - પછી તે રાજકારણ કે સામાજિક કે ધાર્મિક હોય તે જરા પણ ન ચલાવી લે.

'પ્રમુખ બે-ચાર વ્યક્તિઓથી દોરવાય છે...' આવી વાતો કહીને બધાને ઊંધે રસ્તે દોરવાની વાત છે. જો કે હું તેવો સમર્થ નથી કે મારી પ્રશંસા પણ નથી કરતો. પણ રાત-દિવસના પરિચય પછીનો અનુભવ છે અને સત્ય હકીકત છે. અને કોઈ સંસ્થા સર્વાનુમતે કે બહુમતીથી ઠરાવ પસાર કરે તો તે સર્વમાન્ય બને છે. ભારત સરકાર કે બીજા કોઈ પણ દેશની સરકાર પોતાની પાર્લામેન્ટમાં બહુમતી કે સર્વાનુમતે જે ઠરાવ પસાર કરે છે તે દેશના બધા માણસોને પૂછવા જતા નથી, છતાં દેશના

---

૧૮૪. સ્ત્રી-પુરુષ મર્યાદા.

માણસોને માન્ય કરવું પડે છે. તેમ સામાજિક સંસ્થામાં હોય છે અને આપણી ધાર્મિક સંસ્થામાં પણ હજારો શિષ્યો હોય તે દરેક માન્ય કરે છે. આવા પ્રશ્નો માટે થોડીક વ્યક્તિઓનો વિરોધ હોય તેથી કરીને સર્વના હિત માટેનો નિર્ણય ફેરવી શકાતો નથી.

પોતાનો અર્થ સાધનારા હોય તે પોતાની રીતે સમજાવી પોતે ગમે તેમ કરે તો પણ અવગુણ-અભાવ ન લેવો તેમ વાત કરે છે. પણ આજ પૂજ્ય સ્વામીજી એવું સ્વરૂપ છે કે જેમાં કોઈ પણ પ્રકારનો દોષ ન લેવાય. કારણ બીજાને અવગુણ આવે એવી એકેય તેઓની ક્રિયા ન હોય. બાકી બીજાં ગમે તેવા રૂડા-રૂપાળા કે ગુણવાન હોય તો પણ તે માટે વિચાર કરવાનો રહે છે. માટે આવી વાતોથી અને તેવી વ્યક્તિઓથી સાવધાન રહેવું જોઈએ. જાગા સ્વામીએ પારકો દોષ, પારકી ક્રિયા, પારકો આકાર ન જોવો તેવી વાત કરી છતાં લાધા ભગત માટે ગામોગામ ફરી તેના વિરુદ્ધ વાતો કરી. એટલે તે ઉપરથી નક્કી થાય છે કે શ્રીજીમહારાજની મર્યાદા વિરુદ્ધ કોઈ પણ વાત કે વર્તન હોય તો તે માટે જે કહેવું પડે કે કરવું પડે તેમાં અભાવ-અવગુણ નથી.

આપણે કહીએ કે આપણે તે ડખામાં કે અભાવ-અવગુણમાં પડવું નથી. તેવી વાત જાણી ઘણું દુ:ખ થાય છે. આવા પ્રસંગે તો ખરી વાત કરવી અને સંપ્રદાયના ઈતિહાસ તરફ દૃષ્ટિ રાખી સેવા કરવી તે ફરજ છે. માટે આથી સર્વેને મારી વિનંતિ છે કે આપ કોઈ પણ પ્રકારની દ્વિધામાં પડ્યા સિવાય જે થયું છે તેમાં બહુ જ વિચારપૂર્વક અને પૂર્ણ હિતનો વિચાર કરી કરેલ છે તેમ સમજજો. મારી આ બધી વાતો ઉપર ખૂબ જ વિચાર શાંત ચિત્તે કરશો તે મારી વિનંતી છે.

આ પત્રની સત્યતા પર મહોર મારી આપતાં છેલ્લે યોગીજી મહારાજે પણ લખેલું કે –

'દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના શુભ આશીર્વાદ છે. તો પ્રમુખસ્વામીએ લખ્યું છે તે પ્રમાણે અમલ કરશો.'

સત્સંગનો દીવો

આ જ સમયમાં, આ જ વિષય સંબંધી એક પત્ર મહંત સ્વામીએ પણ એક હરિભક્તને લખેલો. તેમાં તેઓએ જણાવેલું કે –

વિ. આપની દ્વિધા ટાળવા માટે આ પત્ર આજે સ્પષ્ટપણે લખું છું તો લખવાનું કે આપણી શુદ્ધ અક્ષર-પુરુષોત્તમની ઉપાસનાનું પ્રવર્તન મહારાજની બાંધેલી પ્રણાલિકામાં રહીને કરવાનું છે. ધર્મામૃત, શિક્ષાપત્રી, વચનામૃતના(કોઈ પણ હોય તે) એક શબ્દ પણ ખોટા કરી શકે એમ નથી. સ્ત્રીઓ માટે ભવિષ્યમાં દીક્ષા અપાય વગેરે માટેનો ક્યાંય ઈતિહાસ આપણા સંપ્રદાયમાં છે નહીં.

અમે તો પ. પૂ. શાસ્ત્રીજી મહારાજ અને પ. પૂ. યોગીજી મહારાજના ચીલે છીએ અને રહેવા માગીએ છીએ અને રહીશું. પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજ તો નિમિત્ત બન્યા છે. અને તેઓએ કોનું અને શું બગાડ્યું છે? એમની જગ્યાએ આપણે હોઈએ તો આપણે તો ફેંકાઈ જઈએ. પ. પૂ. પ્રમુખસ્વામીને વારસો આપનાર સમર્થ શાસ્ત્રીજી મહારાજ છે તેમાં ભૂલ કાઢનાર કોણ? એમણે એમની ફરજ ૧૦૧ ટકા પાળી efficiently(કુશળતાથી) બજાવી છે. ડગલે ડગલે પ. પૂ. સ્વામીજીની સલાહ લીધી છે. આ મોક્ષની વાતમાં ગમે તેવી અને ગમે તેની મોહબ્બત મૂકી દેવી પડે. આપણે પ. પૂ. સ્વામીજીના છીએ તો તેમને વફાદાર રહેવું. પછી જેને જેમ સમજવું તો ભલે. આ વાત કોઈ તરફ દ્વેષ કે તિરસ્કારથી, કોઈથી દબાઈને કે બુદ્ધિભ્રમથી લખાઈ નથી. મોટા પુરુષ ગુણિયલ છે. તેઓ કોઈનો તિરસ્કાર કરતા નથી. પણ જીવ જ પોતાના અવગુણે કરીને પાછો પડી જાય છે. આ સત્સંગમાં મારાં, તમારાં અને બધાનાં જેવાં છે એવાં રૂપ ઉઘાડાં થાય. માટે કોઈ વાતનો અહંકાર રાખ્યા વિના દાસભાવે વર્તીશું તો જ આપણું શ્રેય છે.

આપને સાચેસાચું કહેવું એ મારી ફરજ છે. માટે આપણે તો પ. પૂ. પ્રમુખસ્વામીની આજ્ઞામાં રહેવું. એ ભૂલ્યા નથી, ભૂલ કરશે નહીં એ ખાતરી માનજો. કડક લખાઈ ગયું હોય તો માફ કરશો. રાજી રહેજો.

નિર્વિઘ્ન યાત્રા માટે દીવો અને દીવાદાંડી બંનેની જરૂર રહે છે. દીવો પગલું ક્યાં મૂકવું તે દર્શાવે છે. દીવાદાંડી પગલું કઈ દિશામાં મૂકવું તે જણાવે છે. સત્સંગના બે મહારથીઓની કલમે નીકળેલા ઉપરોક્ત બે પત્રો યાવચ્ચંદ્ર-દિવાકરૌ મુમુક્ષુઓનું દિગ્દર્શન કરતા રહે તેવા છે.

*'ભટકતાં નથી એવા નાવિક કદી પણ, જે પામી શકે ધ્રુવ તણા ઈશારા...'*ની જેમ, આ શબ્દો સામે જેની નજર રહેશે તે કદી અટકશે-ભટકશે નહીં.

તેને નહીં તૃણ-સાથરો

તા. ૨૨/૬ના રોજ ગોંડલમાં રથયાત્રાનો ઉત્સવ ઊજવીને સ્વામીશ્રી ડાંગરા પધારેલા. અહીં પોતાની સાથે આવેલા યુવકોને તેઓએ આ સ્થાનનો મહિમા તથા ઇતિહાસ સંભળાવ્યા. પછી સૌ સંતો-યુવકોને પ્રેમથી જમાડ્યા.

સૂવાના સમયે સ્વામીશ્રી માટે કોઈ વિશેષ વ્યવસ્થા તો હતી નહીં. તેથી તેઓ પણ સૌ સંતો-યુવકો જે કાંકરાળી ભૂમિ પર બૂંગણ પાથરીને સૂતા હતા તે પર જ સૂઈ ગયેલા. પ્રમુખ તરીકેની દોઢ દાયકાની યશસ્વી કાર્યવાહી પછી પણ સ્વામીશ્રીની રહેણી-કરણી આ જ રહેલી !

ડાંગરાથી સ્વામીશ્રી વઢવાણ, સુરેન્દ્રનગર, અમદાવાદ, અસલાલી, જેતલપુર, નડિયાદ, વરતાલ થઈને બોચાસણ પધારી ગયા. અહીં તા. ૨/૭ના રોજ ગુરુપૂનમનો ઉત્સવ અદ્‌ભુત થયો. ત્યારબાદ તા. ૪/૭થી સ્વામીશ્રીએ 'ભક્તચિંતામણિ' પારાયણની રસલહાણ કરાવી હતી. તેની પૂર્ણાહુતિ કરીને ઝારોળા, રાવપુરા થઈને અટલાદરા પધારેલા.

અહીં શાસ્ત્રીજી મહારાજના પક્ષધર સમા ઈશ્વરભાઈ દાજીના ધામગમન નિમિત્તે પારાયણનું આયોજન કરવામાં આવેલું. તા. ૩/૮થી સ્વામીશ્રીએ 'હરિલીલાકલ્પતરુ'ના આધારે આ પારાયણનો પ્રારંભ કર્યો. સતત અગિયાર દિવસ સુધી સૌ તેઓની અમૃતવર્ષામાં તરબોળ થયા.

મેં તો મારી ફરજ બજાવી છે

આ પારાયણના દિવસો દરમ્યાન જ સ્વામીશ્રીએ દેશના ગૃહપ્રધાન તરીકે ફરજ બજાવતા શ્રીગુલઝારીલાલ નંદા પર એક પત્ર લખી મોકલેલો. સંપ્રદાયના સિદ્ધાંત વિરુદ્ધ પ્રવૃત્તિ કરનારી ઉપદ્રવી વ્યક્તિઓને સંસ્થાએ બહિષ્કૃત કરેલી, તે સંદર્ભમાં નંદાજીના સંશયોનું નિવારણ કરતી સ્વામીશ્રીની કલમ તે પત્રમાં આમ વહી છૂટેલી :

મોટેરા સંત-હરિભક્તોની સલાહ મેળવી અને યોગીજી મહારાજની સંમતી મેળવી આ કાર્ય કરેલ છે. બાકી ઉંઘમાં સ્વપ્ન આવ્યું અને સવારે ઉઠી આ કામ કરેલ છે તેવી આ વાત નથી.

તેઓની પ્રવૃત્તી ને રીતોથી નુકશાન હતું માટે જ આ કરવું પડેલ છે. બાકી મને પ્રમુખપણાનું પણ માન નથી. પાશેર અનાજ માટે આપ જેવાને

મારે શા માટે નારાજ કરવા પડે? બાકી મેં તો કહેલ કે સાહેબ નારાજ થતા હોય તો તેઓ કહે તેણે(તેને) સોંપી હું છુટો થવા તૈયાર છું. મારે કોઈ પણ પ્રકારનો ખોટો મમત્વ રાખવો નથી પણ મેં તો મારી ફરજ બજાવી છે. આ પગલું લઈ મારે કાંઈ મેળવવાનું કે મહત્ત્વકાંક્ષા નહોતી પણ તેઓની પ્રવૃતી અને જે જાતની સમજણ ઊભી કરેલ અને પોતે ઉંધે માર્ગે ચાલી બીજાઓને તે માર્ગે દોરતા તેથી શાસ્ત્રીજી મહારાજની સંસ્થા અને યોગીજી મહારાજની પ્રતિષ્ઠાને અને શ્રીજીમહારાજના(ની) ઉજવળ મર્યાદાને સંપૂર્ણ હાનીકર્તા હતું તેમ ખાતરી થવાથી આ વાત હવે કોઈ પણ રીતે ચલાવી શકાય તેમ નથી એમ થવાથી આ ઠરાવ બધાને કરવો પડેલ છે.

...એટલે આપને વિનંતી કે આપ આજે મહાન હોદ્દા ઉપર બીરાજો છો અને આપની સત્તાની રૂએ આપ સીધાં પગલાં હમારા માટે લઈ શકો તેમ છો. માટે આ રીતે આડકતરી રીતે આપના નામે તે લોકો (વિદ્રોહીઓ) નાચે કરે તેમાં આપની શોભા નથી અને હમો આપના છીએ તે આપને હાથે જે કાંઈ શીક્ષા થાય તો ભોગવી લેશું પણ આપના પત્રનો અને વાણીનો ઉપયોગ કરે તે ખરેખર હમારા માટે ઘણા દુઃખની વાત છે. આપને સંસ્થા માટે, શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજ માટે લાગણી છે. માટે આપને એમનાથી દૂર રહેવા વિનંતી છે. નહિતર આપના પત્રનો અને નામનો ઉપયોગ કરી સમાજમાં અને સત્સંગમાં (આપને) હલકા પાડશે.

જો કે આ મારી સલાહ નથી પણ વિનંતી છે. આપ સ્વતંત્ર છો. આપના ઉપર મારું કાંઈ દબાણ હોઈ શકે નહિ પણ આપે હમોને આપના માન્યા છે તો આપને હાથે સંસ્થાનું કોઈ પણ પ્રકારે અહીત નહિ થાય તેવી ખાત્રી છે.

ખેર, પત્ર લાંબો થયો છે. રાજી રહેશો. માફ કરશો. અત્રે આપના વતી ઠાકોરજીનાં દર્શન કરેલ છે.

સત્તાની સામે પણ સંસ્થા અને સિદ્ધાંતને મૂઠી ઊંચેરા કરી મૂકતો આ પત્ર છે સ્વામીશ્રીનો! 'આ મુંડાવ્યું છે તે અક્ષર-પુરુષોત્તમ માટે મુંડાવ્યું છે, માટે મધ્ય મંદિરમાં તો અક્ષર-પુરુષોત્તમ જ બેસશે,' એમ કહીને શાસ્ત્રીજી મહારાજે લીંબડીના ઠાકોર સાહેબની સત્તા સામે સિદ્ધાંતને વેંત ઊંચો સાબિત કરેલો. એ જ

નીડર ગુરુનો વારસો અદલ જાળવતાં સ્વામીશ્રીએ અહીં દેશના ગૃહપ્રધાનને પૂરેપૂરી નમ્રતાથી તેઓની આમાન્યા જાળવીને સ્પષ્ટ શબ્દોમાં સમજ આપી સિદ્ધાંતનો ધ્વજ નમવા દીધો નથી. આવા સિદ્ધાંતનિષ્ઠ સત્પુરુષની સંસ્થા શતાબ્દીઓ સુધી વિકસતી રહે તેમાં શું નવાઈ?

ચાકર કી મોટપ કહાં

અટલાદરામાં પારાયણની પૂર્ણાહુતિ બાદ તા. ૧૭/૮ની સાંજે સ્વામીશ્રીએ વિદાય લીધી. રસ્તામાં અડાસ, આણંદ, નડિયાદ, ડભાણ, ખેડાને લાભ આપીને રાત્રે સાડા બાર વાગ્યે અમદાવાદ આવી પહોંચ્યા.

અહીં આવેલા મહીજડાના અંબાલાલભાઈને સ્વામીશ્રીએ પૂછ્યું : 'ખેતી કેમ ચાલે છે?'

'સ્વામી! ડાંગરમાં કાંઈ બરકત નથી. મૂળમાં જ જીવાત પડી છે.' અંબાલાલભાઈએ જણાવ્યું

આ સાંભળી સ્વામીશ્રી તેઓને યોગીજી મહારાજ પાસે લઈ ગયા અને અંબાલાલભાઈની તકલીફની વિગતવાર વાત કરી. તે સાંભળી યોગીજી મહારાજે કહ્યું : 'અમે આજે ગોંડલ જવાના છીએ. દેરીએ પ્રાર્થના કરીશું. પાક સારો થઈ જશે. ચિંતા કરશો નહીં.'

આ આશીર્વાદથી અંબાલાલભાઈ રાજી થઈ ગયા. બીજે દિવસે તેમણે ખેતરમાં જઈને જોયું તો ડાંગરનાં પાન ફૂટવા માંડ્યાં હતાં અને જ્યાં એક મણ પાક ઊતરે એમ નહોતો ત્યાં એક-એક વીઘામાં ચાલીસથી પચાસ મણ ડાંગરનો ફાલ ઊતર્યો!

પણ અહીં મજાની વાત એ ફૂલી-ફાલી જોવા મળે છે કે અંબાલાલભાઈએ સ્વામીશ્રીને મુશ્કેલીની વાત કરી તો સ્વામીશ્રી તેઓને યોગીજી મહારાજ પાસે લઈ ગયા. યોગીજી મહારાજ પાસે વાત થઈ તો તેઓએ સીધું ઢોળ્યું અક્ષર દેરી પર! સર્વતંત્ર-સ્વતંત્ર હોવા છતાં સદા ગુરુ અને ભગવાનના પરતંત્ર થઈને રહેવામાં જ આ સત્પુરુષોની મોટપનું દર્શન થાય છે. *'ચાકર કી મોટપ કહાં, સબે લાજ ધની(ધણી)કું...'* – આ હતી તેઓની કથની-કરણી.

સાત સમેલિયા સેવક

તા. ૧૮/૮ના રોજ અમદાવાદથી નીકળીને સ્વામીશ્રી લીંબડી પધાર્યા

હતા. અહીંથી બીજે દિવસે રાજકોટ ભણી જવાનું હતું. તે સમયે સૌની વાહન-વ્યવસ્થાની કપરી જવાબદારી સ્વામીશ્રી સંભાળતા.

આ વ્યવસ્થા અઘરી શાથી હતી તેની વાત કરતાં સ્વામીશ્રી જ ઘણી વાર કહેતા કે '...તે ઘડીએ સાથે ફરનારા ઘણા હોય. બધા સંતો-હરિભક્તોને પાછું એમ હોય કે જોગી મહારાજ ગાડીમાં બેસે પછી આપણે ગાડીમાં બેસવું. તે ઘડીએ કંઈક ને કંઈક કામ કાઢે. લઘુ કરવા જાય કે કોઈક ઝાડે ફરવા જાય. પહેલાં બધાને બેસાડી દઉં તોય એકાદ બે આઘા-પાછા થાય જ. મોટરમાં બેસી રહેવું એવું નહીં...'

આમ, વાહન-વ્યવસ્થાની આ જવાબદારી દેડકાની પાંચશેરીથી તોલમાપ કરવા જેવું કામ રહેતું. વળી, વાહનો પણ જુદા જુદા હરિભક્તો પાસેથી માંગીને એકત્રિત કરવાનાં. છતાં સ્વામીશ્રી અપાર શ્રદ્ધા, ધીરજ અને મહિમાથી આ સેવા બજાવતા.

અહીં પણ આ રીતે તેઓએ જે વાહન-વ્યવસ્થા ગોઠવેલ તે જણાવતાં યોગીજી મહારાજને કહ્યું : 'બાપા! સેવક સંતો ભલે વહેલા નીકળી જાય. આપણે પહોંચવામાં મોડું થશે. હું આપની સાથે રહીશ. કાંઈ સેવા હશે તો હું કરી લઈશ. હુંય સેવક જ છું ને!'

'ના, ના, સ્વામી! એમ કાંય હોય! આપ તો શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છો. સેવક નો' કહેવાય.' યોગીજી મહારાજ તરત જ બોલી ઊઠ્યા.

'પણ બાપા! ત્યાં પહોંચીને જમતાં બે વાગી જાય તો આપના આરામનો સમય ન સચવાય.' સ્વામીશ્રીએ ભક્તિભાવપૂર્વક ચિંતા વ્યક્ત કરી. તેથી યોગીજી મહારાજ સંમત થયા.

પ્રયાણના પરોઢે પણ સ્વામીશ્રીએ સેવકોને પુનઃ કહ્યું કે 'તમે વહેલા જઈ રસોઈ તૈયાર કરજો. બાપાને મોડું થાય તે ઠીક નહીં. અહીં બાપાની સાથે હું બધું સંભાળી લઈશ. ખુરશી ઊંચકી લઈશ.'

આ સૂચના મુજબ સંતો નીકળ્યા પણ રસ્તામાં મૂળીના મંદિરે દર્શન કરવાનો વિચાર સૌને થયો. તેથી માર્ગ ફંટાવી ત્યાં ગયા.

અહીંથી પાછા વળતાં રેલવેના પુલ નીચેથી મોટર પસાર થતી હતી. તે વખતે ગાડી ઉપર મૂકેલો સામાન પુલ સાથે અથડાયો અને ચારેબાજુ વેરાઈ ગયો. પેટી તૂટી ગઈ. તેથી બધો સામાન જેમ-તેમ ગોઠવીને સૌ ઝડપથી રાજકોટ જવા નીકળ્યા, પણ અણધારી આપત્તિઓને થાળે પાડવામાં સમય ઘણો વીતી

ગયો હતો. તેમાં બીજું વિઘ્ન આવ્યું !

રાજકોટથી પાંચેક કિ.મી. દૂર જ ગાડીના ટાયરમાં પંક્ચર પડ્યું. ડ્રાઈવર આ બગડેલી ગાડીને ખેંચવા બીજી ગાડી લેવા ગયો. બપોરે સાડા બાર વાગ્યે તે આવ્યો. સેવકોને હવે તો ચિંતા સિવાય બીજું કાંઈ કરવાનું રહ્યું નહોતું. સૌ મનમાં વલોપાત કરતા હતા કે 'આપણી ભૂલને કારણે યોગીજી મહારાજને ભીડો પડશે.'

માંડ માંડ સૌ રાજકોટમાં ઉતારે પહોંચ્યા, પણ ત્યાં તો આશ્ચર્ય ! યોગીજી મહારાજ જમી રહેલા. સ્વામીશ્રી સામે બેસીને તેઓને જમાડી રહેલા.

સેવકોને જોતાં જ યોગીજી મહારાજ બોલ્યા : 'લ્યો, આ આવ્યા.'

'બાપા ! રસોઈ તૈયાર હતી કે શું ?' સેવકોએ ક્ષોભ સાથે પૂછ્યું.

ત્યારે મરક મરક હસતાં યોગીજી મહારાજે કહ્યું : 'એ તો અમારા પ્રમુખસ્વામીએ બનાવી છે. અમે કથા કરી અને એમણે રસોઈ કરી ! અમે અગિયાર વાગે પુગ્યા ને પ્રમુખસ્વામી કટ કટ મંડી પડ્યા. જુઓ, કેવી રસોઈ ! આંગળાં કરડી ખાઈએ !'

સ્વામીશ્રીની ગુરુભક્તિનો સ્વાદ માણી રહેલા યોગીજી મહારાજને તેઓની પ્રશંસા કરવામાં જાણે ધરવ જ નહોતો થતો. સ્વામીશ્રીના સેવકભાવે આજે યોગીજી મહારાજ સહિત સૌને તૃપ્ત કરી દીધેલા. સૌ કોઈ 'સાત સમેલિયા'[૧૮૫] સમા સ્વામીશ્રી સમક્ષ નતમસ્તક થઈ ગયા !

પથરા પર પથારી

રાજકોટથી સ્વામીશ્રી જામનગર, ભાદરા થઈને તા. ૨૬/૮ના રોજ ડાંગરા પધાર્યા હતા.

અહીં રાત્રિ સભા બાદ ધાબા ઉપર લગભગ રાત્રે બાર વાગ્યા સુધી સ્વામીશ્રી અને સંતોની ગોષ્ઠી ચાલી. પછી સ્વામીશ્રી એમને એમ જ ત્યાં સૂઈ ગયેલા. તે વખતે ધાબાનું પ્લાસ્ટર પણ ઊખડી ગયેલું. તેથી કાંકરા ખૂંચે તેમ હતા. છતાં સ્વામીશ્રી સૌ સાથે ત્યાં જ કશું જ પાથર્યા વગર આખી રાત સૂતેલા.

ત્યારબાદ પડધરી, રાજકોટ થઈને તેઓ તા. ૨૮/૮ના દિવસે ગોંડલ

---

૧૮૫. જે બળદ કોશ, હળ, ગાડું, ઘાણી, ચક્કી એમ દરેક સાધને જોડાઈને કામ કરે તેમ જે વ્યક્તિ દરેક ક્રિયામાં સારધાર પાર ઊતરી કાર્ય કરી બતાવે તેના માટે આ શબ્દપ્રયોગ પ્રયોજાય છે.

આવી પહોંચ્યા. અહીં યોગીજી મહારાજે 'હરિલીલાકલ્પતરુ'નું પારાયણ શરૂ કરાવ્યું હતું. યોગીજી મહારાજને ઉમંગ એવો કે પારાયણ શરૂ થાય તે પહેલાં જ સભામાં પધારી જતા.

એક વાર આ ક્રમ મુજબ તેઓ સભામાં આવીને પોતાના આસને બેસવા જતા હતા, પણ ત્યાં જ બાજુમાં સ્વામીશ્રીનું આસન જરા અસ્તવ્યસ્ત જોયું. તેથી યોગીજી મહારાજ નીચે બેસી ગયા અને સ્વામીશ્રીનું આસન ઠીકઠાક કરવા લાગ્યા. ઓછાડ ખેંચીને ખંખેરીને વ્યવસ્થિત પાથર્યો. પાછળનો ટેકો સરખો કર્યો. ત્યારપછી પોતાના આસને બિરાજ્યા.

આમ તો યોગીજી મહારાજને સુઘડતા ઘણી ગમતી. તેથી આવી સેવામાં તેઓ તરત પરોવાઈ જતા. પણ આજે તો સ્વામીશ્રીનું આસન સરખું કર્યું એનો આનંદ તેઓના મુખારવિંદ પર કંઈક ઓર જ હતો. પોતાની આવી નાની-નાની ક્રિયાઓ દ્વારા પણ યોગીજી મહારાજ પોતાના લાડીલા સ્વામીશ્રીનો મહિમા સૌને સમજાવતા રહેતા.

સુવિધા શૂળ સમાન

ગોંડલથી સ્વામીશ્રી તા. ૧/૯ના રોજ સારંગપુર પધાર્યા હતા. આ વખતે તેઓના સેવકે નડિયાદના હરિભક્ત કૃષ્ણાલાલની મદદ લઈને સ્વામીશ્રીને સૂવામાં અનુકૂળ આવે તેવી એક પાટ કરાવેલી. સ્વામીશ્રી નિયત સમયે સૂવા માટે પધાર્યા ત્યારે તેઓએ આ જોયું. તેથી અકળાઈ ગયા અને પૂછવા લાગ્યા : 'અલ્યા, આ શું ? કોણ લાવ્યું ? કોણે મંગાવી ?' વગેરે. તેઓને આ સુવિધા જાણે શૂળની જેમ ખૂંચી રહેલી.

તે સમયે સેવકે કહ્યું : 'સંત સ્વામીને પૂછીને આપના માટે આ પાટ બનાવી છે.'

સેવકને ધારણા એવી હતી કે સંત સ્વામીના નામથી સ્વામીશ્રીને કહીશું એટલે પાસાં પોબારા પડશે.

પણ આ તો સ્વામીશ્રી ! જેનું જેટલું ચાલવા દેવું હોય તેટલું જ ચાલવા દે. તેથી તેઓએ તરત જ કહ્યું : 'મારે જરૂર નથી. નીચે પથારીમાં નાનપ આવી જાય છે ? મારે કાંઈ હાડકાં નથી દુઃખતાં ! તને આ ડહાપણ કરવાનું કોણે કહ્યું ? આ પાટનો ખર્ચ ક્યાંથી કાઢ્યો ?'

'નડિયાદના ભક્તે સેવા કરી છે.' સેવકે કહ્યું.

તે સાંભળી સ્વામીશ્રી કહે : 'મારા માટે તારે કશું ન વધારવું. આપણે જેમ છીએ તેમ બરાબર છીએ.'

સગવડો સ્વામીશ્રીને બાણશય્યાની જેમ ભોંકાતી તે તો એમના પરિચયમાં આવેલા સૌએ અનુભવ્યું હતું. જ્યારે જ્યારે તેઓનાં નિવાસકક્ષોનાં નિર્માણ કે મરામતની વાત આવે ત્યારે તેઓનો ઝોક હંમેશા સાદગી તરફ જ રહેતો. જૂના નિવાસમાંથી નવા નિવાસમાં રહેવા જવાનું થાય તો તે જૂના ઉતારાની બાલદી સુધ્ધાં બદલવા ન દે. પાટ-કબાટ કે ખુરશી-ખાનાં પણ એનાં એ જ લેવડાવે. નિવાસની સજાવટમાં જો થોડોય રજોગુણ પેઠેલો જુએ તો આર્કિટેક્ટ-એન્જિનિયર અને કોઠારી-કારભારીને અચૂક ઠપકો મળે જ. સેવા કે સત્તાની સાથે ઘૂસી આવતી સુવિધાની અપેક્ષાથી તેઓ સદંતર મુક્ત હતા!

એટલે અહીં માત્ર એક પાટ નવી બની તેમાં તો હાથમાં ફાનસ રાખીને અડધો કલાક સુધી સેવકને પદાર્થપાઠ આપી દીધો!

તે વખતે સંત સ્વામીએ કહ્યું : 'સ્વામી! આ સારંગપુર તો તમારું ઘર છે. એ બિચારો લાવ્યો છે તો સૂવો ને!'

સંત સ્વામીએ કહ્યું એટલે સ્વામીશ્રી પાટ પર બેઠા. તે જોઈને સંત સ્વામીને લાગ્યું કે 'હવે સ્વામીશ્રી પાટ પર સૂશે.' તેથી તેઓ પણ સૂવા માટે ચાલી નીકળ્યા.

વાયરો આવે ત્યારે ઝાડ ઝૂકી જઈને પવનનું મન સાચવી લે છે, પણ પવન પસાર થઈ જતાં વળી પાછું ટટ્ટાર ખડું થઈ જાય છે. તેમ દરેકનાં માન-મર્યાદા સાચવીને પણ પોતાની દૃઢતામાં અડગ રહેવાની કો'ક અજબ કળા સ્વામીશ્રીને વરેલી હતી. એટલે જેવા સંત સ્વામી ગયા કે તરત જ સ્વામીશ્રીએ પોતાનું આસન પાટ પરથી નીચે લેવડાવ્યું અને ભોંયપથારી કરીને જ સૂતા.

એ પાટ એક વર્ષ સુધી એમની એમ પડી રહી પણ સ્વામીશ્રીનાં પીઠ-પડખાં સેવવાનું સૌભાગ્ય તેને ન મળ્યું તે ન જ મળ્યું!

યોગીજી મહારાજ મારો ધ્રુવ કાંટો

શ્રીજીમહારાજના સિદ્ધાંત વિરુદ્ધની પ્રવૃત્તિ કરીને સંસ્થાને લાંછનરૂપ બનનાર કેટલાક ઉપદ્રવીઓને સંસ્થાએ વિમુખ કરેલા તે બાબતે સારંગપુરમાં રહેનાર એક સેવકના મનમાં અવઢવ ચાલતી હતી કે 'યોગીબાપાની ઇચ્છા એવી હોય કે કોઈને વિમુખ કરવા?'

સ્વામીશ્રીની નજરમાં એ સેવકની આ અસમંજસનો અણસાર આવી ગયેલો. તેથી એક રાત્રે કથાવાર્તા-ચેષ્ટાગાન વગેરે આહ્‌નિક સમાપ્ત થઈ ગયાં બાદ, તેઓએ એ સેવકને પોતાની પાસે બોલાવ્યા. તે વખતે ચેષ્ટાગાન બાદ મંદિરનું જનરેટર બંધ કરી દેવામાં આવતું. ત્યારપછી દીવાનાં આછાં અજવાળાં પથરાયેલાં રહેતાં. આવા નીરવ વાતાવરણમાં સ્વામીશ્રીએ પેલા સેવકને કહ્યું : 'આવો, બેસીએ.'

આવેલ વ્યક્તિએ જોયું કે નીચે ભોંય પર કંઈ પાથરેલું નથી. તેથી તેઓએ કહ્યું : 'આસન લાવું ?'

'કાંઈ નથી લાવવું, બેસો.' એમ કહી સ્વામીશ્રી સાવ ભોંય પર જ બેસીને વાત કરવા લાગ્યા કે 'જુઓ, આપનું કુટુંબ શાસ્ત્રીજી મહારાજના વખતથી સેવા કરે છે. યોગીબાપાએ તમને અહીં મોકલ્યા છે ને સેવા કરો છો. પણ તમારા મનમાં પ્રશ્ન રહ્યા કરે છે...' એમ પૂર્વભૂમિકા બાંધીને સ્વામીશ્રીએ તેઓને સવિસ્તર વાત સમજાવી.

સ્વામીશ્રીની વાતમાં કોઈ ઉશ્કેરાટ નહોતો, રાગ-દ્વેષ નહોતો, આગ્રહ-ઉતાવળ નહોતાં. સાંભળનારનું હૈયું પ્રથમ તો સ્વામીશ્રીની વાત કરવાની આ રીતથી જ વીંધાઈ ગયું.

ઇતિહાસને યથાતથ વર્ણવીને સ્વામીશ્રીએ આગળ કહ્યું: 'જુઓ, યોગીબાપાને રાજી કરવા મેં કોઈ સત્તા રાખી નથી. જો બાપા રાજી થતા હોય તો પ્રમુખપદ પણ મારા માટે કાંઈ નથી. યોગીજી મહારાજ મારો ધ્રુવ કાંટો છે. આપણે તેઓના રાજીપે રાજીપો. બાવાના ચાંદે ચાંદ. મેં યોગીબાપાને દરેક નિર્ણય લેતાં પહેલાં ઘણી વાર પૂછ્યું છે. શાસ્ત્રીજી મહારાજે મને કહ્યું છે કે યોગીજી મહારાજની આજ્ઞામાં રહેજો. એ મારા જીવમાં છે એટલું તમે જાણો...'

જેમ જેમ સ્વામીશ્રી બોલતા હતા તેમ તેમ પેલા સેવક ભોંઠપ અનુભવતા હતા. તેઓને થતું હતું કે 'સ્વામીશ્રી જેવા સંતમાં મને શંકા ક્યાં થઈ ?' તેઓની તમામ અવઢવ ટળી ગઈ. તેઓના મનમાં સ્વામીશ્રીના આ શબ્દો સદાય પડઘો પાડતા રહ્યા કે 'યોગીજી મહારાજ મારો ધ્રુવ કાંટો છે...'

જો યોગીજી મહારાજની મરજી ન હોય તો ગમે તેવી સારી વાતને પણ લાત મારતાં સ્વામીશ્રી ખચકાતા નહીં અને જો યોગીજી મહારાજની મરજી હોય તો લાત મારવા જેવી વાતને સ્વીકારવામાં પણ તેઓ ખચકાતા નહીં. પદ-પદવીથી નિઃસ્પૃહ સ્વામીશ્રી કેવળ ગુરુની પ્રસન્નતાના જ પ્યાસી હતા.

અમૃત મહોત્સવની આલબેલ

સારંગપુરથી સ્વામીશ્રી જન્માષ્ટમીનો ઉત્સવ અટલાદરામાં ઊજવી સુરત પધાર્યા. યોગીજી મહારાજ પણ અહીં આવી ગયેલા. 'તેઓનો ૭૬મો જન્મજયંતી મહોત્સવ (અમૃત મહોત્સવ) ધામધૂમપૂર્વક ઊજવવો' – તેવી ઇચ્છા સમગ્ર સત્સંગની હતી. આ ઉત્સવનું સુવ્યવસ્થિત આયોજન થાય તે માટે ઉત્સવ સમિતિની રચના કરવાની હતી. તે હેતુસર સ્વામીશ્રીએ જ ગુજરાત-સૌરાષ્ટ્રના આગેવાન હરિભક્તોની મીટિંગ સુરત મુકામે યોજેલી. મહોત્સવ સંબંધી કેટલાક મહત્ત્વના નિર્ણયો આ મીટિંગમાં સ્વામીશ્રીની હાજરીમાં લેવાયા.

આમ, તેઓએ યોગીજી મહારાજના અમૃત મહોત્સવની શાનદાર ઉજવણીના શ્રીગણેશ કરી દીધા.

તેઓને ઉમંગ હતો – યોગીજી મહારાજનો મહિમા વિસ્તારવાનો, યોગીજી મહારાજનું ઋણ ચૂકવવાનો. તેથી પગલે પગલે પોતે જ પહેલ કરીને મીટિંગો યોજતા, કમિટી નીમતા અને કાર્યને વેગ આપતા.

એક વાક્યે જીવન અજવાળ્યું

અમૃત મહોત્સવના આયોજનને ઠેલ મારીને સ્વામીશ્રી તે રાત્રે સૂવા માટે પધાર્યા હતા. તે વખતે ધીરેન્દ્રભાઈ નામના હરિભક્ત તેઓ પાસે આવ્યા અને કહ્યું : 'સ્વામી ! આવતીકાલથી અમૃત મહોત્સવની સેવાની લખણી શરૂ થશે. તો આપ કહો એટલી સેવા હું કરું.'

સ્વામીશ્રી જાણતા હતા કે આ હરિભક્ત સુદામાના વંશજ છે. તેથી તેની શક્તિ અનુસાર સેવા કરવાની વાત કહી, ત્યારે ધીરેન્દ્રભાઈએ કહ્યું : 'સ્વામી ! હું આસપાસનાં ગામોમાં કથા કરવા જાઉં છું. તો આપ મને જરૂરી હોય એવો ઉપદેશ એક વાક્યમાં આપો.'

'રુચિ સારી રાખવી.' પ્રત્યુત્તરમાં સ્વામીશ્રી એક જ વાક્ય બોલ્યા.

પરંતુ આ એક વાક્ય ધીરેન્દ્રભાઈનું જીવન અજવાળતું રહ્યું. તેઓના જીવનમાં શારીરિક-સાંસારિક, આર્થિક-આધ્યાત્મિક એમ ઘણી મુશ્કેલીઓ આવી. તેમાં નાસીપાસ થઈ જવાની અણીએ આ વાક્યમાંથી તેઓને સાંત્વન મળતું રહ્યું.

આમ, સ્વામીશ્રીના શબ્દોનો સથવારો સંજીવની સમો બની રહેતો.

લાડુના લાડ

યોગીજી મહારાજ અને સ્વામીશ્રી સુરતથી બીલીમોરા પધારેલા. અહીં જયસુખભાઈ કોઠારીએ શરૂ કરેલા કારખાનામાં પુષ્પો પધરાવીને તા. ૧૬/૯ની બપોરે તેઓના જ ઘેર ઠાકોરજી જમાડવા માટે બેઠેલા.

ભોજનમાં લાડુની રસોઈ હતી. તેથી યોગીજી મહારાજે સૌને સ્વહસ્તે બે-બે લાડુ પીરસ્યા. સ્વામીશ્રી તે જમી ગયા એટલે બીજો એક લાડુ યોગીજી મહારાજે તેઓને આપ્યો. સ્વામીશ્રી એ પ્રસાદી પણ આરોગી ગયા.

ત્યારે યોગીજી મહારાજે પૂછ્યું : 'લાડુ કેવા થયા છે ?'

'સારા છે.' સ્વામીશ્રીએ કહ્યું.

'તો લાવો એક આપીએ.' યોગીજી મહારાજ જાણે લાડુની પ્રશંસાનો શિરપાવ આપતા હોય તેમ બોલ્યા અને સ્વામીશ્રીને ચોથો લાડુ પણ જમાડ્યો. તે પૂરો કર્યો ત્યાં યોગીજી મહારાજે પાંચમો લાડુ પણ તેઓને પીરસી દીધો. તે પછી છઠ્ઠો લાડુ પણ આવ્યો. સ્વામીશ્રીએ તેઓના જીવનમાં એક બેઠકે કરેલું આ અધિકતમ ભોજન !

ભાદરોડમાં ભગતજી મહારાજે જેમ પોતાના પ્રિય શિષ્ય શાસ્ત્રીજી મહારાજને સાડા ત્રણ રોટલા જમાડીને તૃપ્તિનો ઓડકાર ખાધેલો, તેમ આજે યોગીજી મહારાજે પણ સ્વામીશ્રીને જમાડીને પરમ તૃપ્તિ અનુભવી. આ પરિવેષણ લીલાને નજરે જોનારા પણ સૌ ગુરુ-શિષ્યની આત્મીયતાનું અમૃતપાન કરતા રહ્યા.

પ્રગટ હોય ત્યારે કોઈ ન જાણે

બીલીમોરાથી નવસારી થઈને સ્વામીશ્રી યોગીજી મહારાજની સાથે જ તા. ૧૮/૯ના રોજ મુંબઈ આવી પહોંચ્યા. અહીં યોગીજી મહારાજ અને સ્વામીશ્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. આ નિમિત્તે યોજાયેલી સ્વાગત-સભામાં યોગીજી મહારાજે સ્વામીશ્રીનો મહિમા રેલાવતાં કહેલું કે –

'શાસ્ત્રીજી મહારાજને ભગતજીએ મોટા થાપ્યા (સ્થાપ્યા) ત્યારે કોણ માનતા હતા ? મહાપુરુષદાસ નો'તા માનતા. ને નારણ સ્વામી(પ્રમુખસ્વામી)ને ચાદર ઓઢાડી (પ્રમુખ બનાવ્યા) ત્યારે કોઈ માનતા નહોતા. હવે બધા માને છે. તે વખતે મનુષ્યભાવ રહે કે 'આ નાના શું કરશે ?' પણ રામાનંદ સ્વામીએ

નીલકંઠવર્ણીને ગાદી સોંપી ત્યારે કોઈ ન માન્યું. એમ *પ્રગટ હોય ત્યારે કોઈ ન જાણે રમાપતિની રીત...'*

આમ, વાતવાતમાં યોગીજી મહારાજે સ્વામીશ્રીનો મહિમા સૌનાં અંતરમાં રમતો કરી દીધો.

મુંબઈથી તા. ૮/૧૦ના દિવસે યોગીજી મહારાજ ટ્રેન દ્વારા અને સ્વામીશ્રી, મહંત સ્વામી વગેરે સંતો મોટર દ્વારા પૂના પહોંચેલા. અહીં રવિવાર પેઠમાં આવેલા અગ્રસેન ભુવનમાં સ્વામીશ્રીનો ઉતારો હતો. રોજ સાંજે આ સ્થળે જ થતી સત્સંગસભામાં સ્વામીશ્રી ધર્મલાભ આપતા.

આ રીતે ત્રણ દિવસ સુધી પુણ્યનગરી પૂનામાં પુણ્યનો પારાવાર રેલાવી સ્વામીશ્રી મુંબઈ થઈને અટલાદરા પધાર્યા હતા. અત્રે તા. ૨૦/૧૦ની સાંજે મંદિરના પ્રવેશદ્વારનો ખાતવિધિ કરીને, બોચાસણ, આણંદ, વિદ્યાનગર, નડિયાદ, લીંબડી, રાજકોટને પાવન કરતાં તા. ૨૩/૧૦ના રોજ ગોંડલ પહોંચ્યા.

નારણ સ્વામીનો પક્ષ રાખજો

ગોંડલમાં શરદ પૂર્ણિમાના ઉત્સવનો લાભ લેવા પુરુષોત્તમપુરાથી રમણભાઈ આવેલા. એક વાર વહેલી સવારના મંગળ પ્રવચનમાં યોગીજી મહારાજે તેઓને યાદ કર્યા, પરંતુ મોડા ઊઠવાની ટેવને કારણે તેઓ આ વખતે ત્યાં હાજર નહોતા. પણ સમાચાર મળ્યા એટલે તરત જ દોડી આવ્યા અને સભામાં ચૂપચાપ આવીને બેસી ગયા.

પાંચેક મિનિટમાં મંગળ પ્રવચન પૂરું થયું. તે વખતે તેઓને જોતાં જ યોગીજી મહારાજે પૂછ્યું : 'શેઠ ! મંગળ પ્રવચન સાંભળ્યું ?'

'હા, બાપા ! થોડું સાંભળ્યું.'

'કેવું સારું થયું ! સમાગમ થઈ ગયો.'

'હા, બાપા ! આપે બોલાવ્યો તે ઘણું સારું થયું.' રમણભાઈએ કૃતજ્ઞતા વ્યક્ત કરી.

તે વખતે આગળ-પાછળ થયેલી વાતના અનુસંધાન વિના યોગીજી મહારાજ જાણે આદેશ આપતા હોય તેમ તેઓને કહેવા લાગ્યા : 'તમે નારણ સ્વામી(પ્રમુખસ્વામી)નો પક્ષ હંમેશા રાખજો. મહારાજ તમારી ઉપર રાજી રહેશે.'

'ભલે બાપા ! આપની આજ્ઞા શિર સાટે પાળીશ.' રમણભાઈએ બાંયધરી આપતાં કહ્યું.

યોગીજી મહારાજનો ઈશારો સંસ્થાથી વિમુખ થયેલા કેટલાક આજ્ઞા-લોપતલ તરફ હતો કે જેઓ સ્વામીશ્રીનું નામ વગોવતા ફરતા હતા, પરંતુ યોગીજી મહારાજ આ રીતે પ્રસંગોપાત્ત સમજાવતા રહેતા કે 'પ્રમુખસ્વામીના પક્ષે ભગવાન છે. માટે તેમનો પક્ષ રાખવો.'

પંડ કરતાંય પિયુ પ્યારો

આ અરસામાં સરદારગઢના હરિભક્તો ગામના મંદિરમાં પ્રતિષ્ઠા માટે યોગીજી મહારાજને આમંત્રણ આપવા આવેલા. તેઓને યોગીજી મહારાજે તા. ૪/૧૧ના રોજ પ્રતિષ્ઠા માટે આવવાની વાત ત્યાં ને ત્યાં જ જણાવી દીધી.

તે વખતે યોગીજી મહારાજને કોઈ પણ કાર્યક્રમ ઘડવો હોય તો સ્વામીશ્રીને બોલાવીને, તેઓ સાથે વિચારણા કરીને નક્કી કરતા. કોઈ હરિભક્ત સીધા જ યોગીજી મહારાજને પૂછવા આવે તો પણ તેઓ કહેતા : 'પ્રમુખસ્વામીને મળો અને નક્કી કરી લ્યો. એ મુજબ અમે આવશું.' પણ અહીં તો તેઓએ જ બારોબાર કાર્યક્રમ ગોઠવી દીધો.

તેથી બાજુમાં બેઠેલા ગુણવંત દાણીએ યોગીજી મહારાજને કહ્યું પણ ખરું કે 'બાપા! પ્રમુખસ્વામીને બોલાવીએ. તેઓની હાજરીમાં કાર્યક્રમ ગોઠવીએ તો સારું.'

પરંતુ યોગીજી મહારાજે જણાવ્યું : 'આ હરિભક્ત પ્રમુખસ્વામીને મળી લેશે. આપણે તિથિ આપી છે તે બરાબર છે. આપણે પ્રમુખસ્વામીને મળીએ ત્યારે વાત કરી દઈશું.'

ગુણવંતભાઈને સમજાયું નહીં કે 'જોગી' આજે કઈ કળામાં ખેલી રહ્યા છે!

હરિભક્તો તો રાજી થઈને પહોંચ્યા સ્વામીશ્રી પાસે! તેઓને યોગીજી મહારાજે આપેલી તારીખની વાત જણાવી. તે સાંભળીને સ્વામીશ્રીને લાગ્યું કે 'આ કાર્યક્રમ ઘડાયો તે ઠીક તો નથી જ થયું.' તેઓને ખ્યાલ હતો કે 'તાજેતરમાં વિમુખ કરેલા વિદ્રોહીઓનું વર્ચસ્વ સરદારગઢમાં છે.' તેથી ત્યાં જવામાં તોળાતું જોખમ તેઓની નજર અત્યારથી જોઈ શકતી હતી. પરંતુ યોગીજી મહારાજની મરજી વિરુદ્ધનો વિચાર તેઓ સ્વપ્નાવસ્થામાં પણ કરતા નહોતા. તેથી સ્વામીશ્રીએ 'સારું' કહીને હરિભક્તોને વિદાય આપી.

નિશ્ચિત દિવસે યોગીજી મહારાજ, મોટા સ્વામી, સ્વામીશ્રી વગેરે સંતો-ભક્તો સરદારગઢ પહોંચ્યા; પણ ત્યાં પહોંચતાંવેંત સ્વામીશ્રીને અણસાર આવી

ગયો કે 'કંઈક ધમાલ થવાની શક્યતા છે.' તેથી ફટાફટ કાર્યક્રમ આટોપીને ગોંડલ પહોંચી જવું તેમ વિચારી લીધું. તે મુજબ કાર્યક્રમ પૂરો કરીને સૌ નીકળી પણ ગયા.

દ્વેષીઓ તો મોં વકાસીને જોઈ રહ્યા, કારણ કે પ્રતિષ્ઠામાં વિઘ્ન કરવાનો બદઈરાદો સેવી રહેલા તેઓ કરતાં સ્વામીશ્રી વધુ ચકોર અને ચાલાક સાબિત થયેલા. પણ કરેલી તૈયારીને કંઈક તો અજમાવવી જ. આ વિચારથી તેઓએ હરિભક્તોની મોટરો ઉપર પથ્થર ફેંક્યા. તેથી કાચ પણ તૂટ્યા. જો કે કોઈને કશી ઈજા પહોંચી નહીં અને ગાડીઓ સડક પર સડસડાટ દોડવા માંડી.

સ્વામીશ્રીને હાશ થઈ ગયેલી, કારણ કે યોગીજી મહારાજની મરજી મુજબ પ્રતિષ્ઠા થઈ ગઈ અને તેઓ સહીસલામત 'ગઢ'માંથી બહાર પણ નીકળી ગયા !

સુણાવના રણછોડભાઈની મર્સીડીઝ ગાડીમાં યોગીજી મહારાજ, મોટા સ્વામી અને સ્વામીશ્રી પીપલાણા થઈને વંથળી તરફ જઈ રહેલા. પણ ત્યાં જ ગાડીમાં પંકચર પડયું. તેથી તેને મરામત માટે મૂકીને બીજી મોટરમાં મુસાફરી આગળ વધી.

ગોંડલમાં સરદારગઢની તકલીફના સમાચાર પહોંચી ગયેલા પણ વાતનું વતેસર થાય એ રીતે ! તેથી સૌના જીવ પડીકે બંધાઈ ગયા કે 'યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીને વિદ્રોહી લોકો કબજે રાખી લેશે તો !' તેથી કેટલાક તો કંઈક અટકળો કરતાં ચિંતાતુર થઈને અક્ષર દેરીમાં ધૂન કરવા લાગ્યા.

આ બાજુ યોગીજી મહારાજે વંથળીથી ગાડીને જૂનાગઢ બાજુ લેવડાવી, કારણ કે તેઓએ અગાઉથી પ્રાગજીભાઈના ઘેર રાત રોકાવાનું નક્કી કરી રાખેલું. તે મુજબ રાત્રે સાડા અગિયાર વાગ્યે યોગીજી મહારાજ, સ્વામીશ્રી વગેરે ત્યાં પહોંચ્યા. રાત્રિના પ્રહર જેમ જેમ વીતતા હતા તેમ તેમ ગોંડલમાં ચિંતાના ઓળા વિશેષ મોટા થતા હતા. અંતે બીજે દિવસે સવારે યોગીજી મહારાજ હેમખેમ ગોંડલ પહોંચ્યા ત્યારે સર્વેનાં હૈયાં હેઠાં બેઠાં.

પણ એ દિવસે, તા. ૫/૧૧ના રોજ સાંજે સાડા ચાર વાગ્યે શાસ્ત્રીજી મહારાજના પ્રાસાદિક ઓરડામાં ટ્રસ્ટીઓએ મીટિંગ બોલાવી. યોગીજી મહારાજ, મોટા સ્વામી અને સ્વામીશ્રી એક બાજુ બિરાજેલા. સામેની તરફ મોટેરા હરિભક્તોએ બેઠક લીધેલી. મીટિંગનું વાતાવરણ થોડું ભારેખમ હતું. બેસતાંવેંત પ્રશ્ન ફેંકાયો કે 'માણાવદર, અજાબ અને સરદારગઢ વગેરે ગામોમાં વિમુખોના જોરની ખબર છે. તો પછી ત્યાંનો કાર્યક્રમ ગોઠવ્યો કોણે ?' ઘણા આક્રોશ સાથે

આ સવાલ વીંઝાયેલો.

તે વખતે યોગીજી મહારાજ માળા ફેરવતા હતા. તેઓએ નજર સહેજ ઊંચી કરી. સાથે હાથમાં ફેરવી રહેલી માળા પણ ઊંચી કરી અને સ્વામીશ્રી તરફ દૃષ્ટિ કરતાં એટલું જ બોલ્યા : 'પ્રમુખસ્વામીએ પ્રોગ્રામ ગોઠવ્યો. હું જાણતો નથી.'

આમ બોલીને તેઓ તો મસ્તક નમાવી માળા ફેરવવા લાગ્યા.

યોગીજી મહારાજ જ્યાં આમ બોલ્યા ત્યાં જ પાસે બેઠેલા ગુણવંત દાણી આંચકો ખાઈ ગયા! કારણ કે 'આ કાર્યક્રમ સ્વામીશ્રીની સાવ જાણ બહાર યોગીજી મહારાજે જ ગોઠવ્યો છે' તે વિગતના તેઓ પ્રત્યક્ષ સાક્ષી હતા, પણ અત્યારે યોગીજી મહારાજે નાળિયેર નાંખેલું સ્વામીશ્રી તરફ! તેથી ગુણવંતભાઈની ઇંતેજારી ચરમ સીમાએ પહોંચી ગઈ કે 'યોગીજી મહારાજની વાતનો સ્વામીશ્રી શું જવાબ આપશે?' કારણ કે યોગીજી મહારાજે કરેલા ખુલાસા બાદ મર્મવેધક શબ્દોના પ્રહારથી સ્વામીશ્રી વીંધાઈ રહેલા!

સાચી પરિસ્થિતિથી અજાણ હરિભક્તો અવિચારીપણે કાર્યક્રમ ગોઠવવાનો આક્ષેપ સ્વામીશ્રી પર મૂકી તેઓની કડક આલોચના કરી રહેલા. તે સૌ બોલતાં અટક્યા ત્યારે સ્વામીશ્રીએ તો 'મારી ભૂલ થઈ ગઈ છે, હવે ફરી આવું નહીં બને;' કહેતાં સૌને હાથ જોડ્યા.

બરાબર એ જ ક્ષણે માળા ફેરવતાં યોગીજી મહારાજે મસ્તક ઊંચું કરી સ્વામીશ્રી તરફ દૃષ્ટિ કરી. યોગીજી મહારાજની એ દૃષ્ટિમાં ગુણવંતભાઈને પ્રસન્નતાનાં પૂર ઊમટતાં દેખાયાં. કઠણમાં કઠણ કસણીમાંથી સારધાર પાર ઉતરનાર 'પ્રમુખ' શિષ્યની આસપાસ એ પૂર વીંટળાઈ વળ્યાં છે તે પણ ગુણવંતભાઈ અનુભવી રહ્યા.

વખત આવ્યે વકીલોને પણ કાનની બૂટ પકડાવે એવી દલીલો કરવાની તાર્કિકતા ધરાવતા હોવા છતાં, ગુરુનાં વચનોને શ્રદ્ધાની કોઈ અકલ્પ્ય ઊંચાઈએથી ઝીલી લેવાની ધાર્મિકતા પણ સ્વામીશ્રીમાં હતી. ગુરુને સાચા પુરવાર કરવા માટે પોતાને ખોટા સાબિત કરવામાં સ્વામીશ્રીને લેશ સંકોચ કે ડર નહોતો.

તેઓએ જ એક વાર કહેલું : 'આપણે ભલે ખોટા દેખાવું પડે, પણ એમને માટે દેખાવાનું છે ને! યોગીજી મહારાજના વખતમાં અમારે કેટલુંક એવું થતું. યોગીબાપા બારોબાર કહે કે 'બધું પ્રમુખસ્વામી જાણે.' એટલે બધું આવે આપણા પર. પણ એમના માટે ખોટા દેખાવામાં આપણે શું વાંધો?'

પંડ કરતાંય પિયુ પ્યારો થઈ ગયો હોય તો જ આમ વર્તી શકાય.

સરળતા અને તત્પરતા

શરદ પૂર્ણિમા પછી દિવાળીના વૅકેશનના દિવસોમાં ઘણા કિશોરો-યુવકો યોગીબાપાનો ખોળો ખૂંદવા ગોંડલ આવી જતા. તે વખતે રોજ રાત્રે દવાની ગોળી લેતી વખતે યોગીજી મહારાજ કિશોરો-યુવકોને ટટ્ટાર બેસાડી મટકાં રહિત ધ્યાન કરવાની પ્રેરણા આપતા. ત્યારબાદ કોઈ ને કોઈ સંતને યુવકોની ગોષ્ઠીમાં વાતો કરવા મોકલતા. કોઈ વાર 'પ્રમુખસ્વામી આજે ગોષ્ઠીમાં લાભ આપશે' એમ જાતે જ જાહેરાત કરી દેતા.

તે વખતે સ્વામીશ્રી તો ત્યાં હાજર પણ ન હોય! છતાં યુવકોમાંથી કોઈ જઈને સ્વામીશ્રીને જણાવે કે 'યોગીબાપાએ આપને વાતો કરવાનું કહ્યું છે,' તો તરત જ તેઓ પોતાના અન્ય વહીવટી કામકાજ મૂકીને સભામંડપમાં કઠેડા પાસે એક નાની ગાદી ઉપર બેસી જતા અને યુવકો-કિશોરોને તન્મયતાથી વાતો કરવા માંડતા.

આવી હતી તેઓની ગુરુવચન પાળવામાં સરળતા અને તત્પરતા!

ગોંડલથી સ્વામીશ્રી અન્નકૂટોત્સવ કરવા સારંગપુર પધાર્યા હતા. અહીં તા. ૧૨/૧૧ના રોજ લાભ ચોઘડિયામાં ચોપડા-પૂજન કર્યું. તા. ૧૩/૧૧ના રોજ અન્નકૂટ પ્રસંગે આશરે એક હજાર હરિભક્તો આવેલા. તે સૌ સ્વામીશ્રીના સાંનિધ્યમાં નવા વર્ષનો પ્રારંભ કરીને ધન્ય થયા.[૧૮૬] ત્યારબાદ સારંગપુરથી પ્રબોધિની એકાદશીના સમૈયા માટે તેઓ અમદાવાદ આવી પહોંચ્યા.

અમૃત મહોત્સવના છડીદાર

આ સમયમાં સ્વામીશ્રી દરેક સત્સંગ કેન્દ્રમાં યોગીજી મહારાજના અમૃત મહોત્સવનો ઉદ્‌ઘોષ કરતા અને તન-મન-ધનથી આ ઉત્સવની સેવામાં જોડાવાની આહ્‌લેક પણ લગાવતા. સ્વામીશ્રીની ગુરુભક્તિથી રસબસ વાણી સાંભળીને સૌ ભક્તો-ભાવિકો મન મૂકીને સેવામાં એ રીતે ઝંપલાવતા કે જાણે આજે જ અમૃત મહોત્સવ ઊજવી ન લેવો હોય! આમ, સમગ્ર સત્સંગમાં યોગીજી મહારાજના અમૃત મહોત્સવનો માહોલ પ્રવર્તવા લાગેલો.

અમદાવાદમાં પણ તેઓએ અમૃત મહોત્સવની છડી પોકારી દીધી. ત્યારબાદ વસો, પલાણા, ડભાણ થઈને કાર્તિકી પૂનમના સમૈયા માટે સ્વામીશ્રી

---

૧૮૬. વિ.સં. ૨૦૨૩નો પ્રારંભ થયો.

બોચાસણ પધારેલા.

આ ઉત્સવ કરીને તેઓ ગોંડલ જવા નીકળ્યા અને યોગીજી મહારાજ ચરોતરનાં ગામડાં ઘૂમવા લાગ્યા. તા. ૫/૧૨ના રોજ બંને મહાપુરુષો નડિયાદમાં ભેગા થઈ ગયા. યોગીજી મહારાજ પીજ ગામથી અહીં આવેલા. તેથી તે સંદર્ભમાં તેઓએ સભામાં જણાવ્યું કે ''પીજમાં દસ વરસે ગયા. પધરામણીઓ બહુ હતી. મેં કહ્યું : 'મારું શરીર ખમે નહીં. પ્રમુખસ્વામી સ્વામીસ્વરૂપ (શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ) છે, તે આવશે.'' એમ જણાવી સ્વામીશ્રીનો ઘણો મહિમા કહ્યો.

સ્વામીશ્રી પણ યોગીજી મહારાજનું આ વચન અધ્ધર ઝીલીને બીજા જ દિવસે પીજ ગામમાં પધરામણીઓ માટે ગયેલા. સાથે મહંત સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી અને નારાયણ ભગત પણ હતા.

સ્વામીશ્રીના અંતરમાં યોગીજી મહારાજનો અમૃત મહોત્સવ ભવ્યતાથી ઊજવવાનો ઉત્સાહ એવો થનગનતો હતો કે પોતાનાં ચરણને જાણે પાંખો ફૂટી હોય તેમ ગામડાં-શહેરો ખૂંદવા માંડેલાં.

પીજથી નડિયાદ, વરતાલ, પીપલગ, પાડગોલ, ગુતાલ, મહેળાવ, સોજિત્રા, પોરડા, સુણાવ થઈને પેટલાદ પધાર્યા. અહીં મોહનભાઈ છીંકણીવાળાને ઘેર તેઓનો ઉતારો હતો.

સેવાની શાંત સરવાણી

પેટલાદમાં એક સવારે સ્વામીશ્રીના સેવકે તેઓના ઉતારાના બાથરૂમમાં કંઈક ખખડાટ થતો સાંભળ્યો. તેથી તેઓ તે તરફ તપાસ કરવા ગયા તો સ્વામીશ્રી જ ઉતારાનું બાથરૂમ ગોઠણભેર ધોતિયું ચઢાવીને સાફ કરતા દેખાયા. આ જોતાં જ સેવક દોડી ગયા અને સ્વામીશ્રીને તેમ કરતાં અટકાવ્યા, પણ ત્યાં સુધીમાં તો તેઓએ બાથરૂમનો બધો બગદો સાફ કરી નાંખેલો !

સ્વામીશ્રીના જીવનમાં વલોણાવારે બનતા રહેતા આવા પ્રસંગોની વિશેષતા એ રહેતી કે કોઈ નોંધ લેવા પણ ન પામે એવી ચુપકીદીથી તેઓ આવી સેવા કરી લેતા.

કૅમેરાની ચાંપો દબાતી હોય કે કલમ દ્વારા કાગળ પર નોંધો ટપકાવાતી હોય ત્યારે તો હાથમાં સંજવાળી ઝાલવાની ખંજવાળ સૌને ઊપડે, પણ કોઈ છબી-છાપે ચઢ્યા વિના સેવાની શાંત સરવાણી સ્વામીશ્રીના જીવનમાં અવિરત વહ્યા કરતી.

ભભકો નહીં, ભક્તિભાવ

પેટલાદથી સ્વામીશ્રી આણંદ પધાર્યા હતા. અહીં રહેતા અંબાલાલ કરસનદાસ એટલે ઉત્સાહનો ધોધ. *'યોગી તારા ગાવામાં ગુણગાન, ભુલાવી દે તું દુનિયાનું ભાન...'* એ પંક્તિઓ તેઓ લલકારતા તેમ જીવતા પણ ખરા. આ જ કેફથી એક વાર તેઓએ યોગીજી મહારાજને કહ્યું : 'મારી ઇચ્છા છે કે અક્ષર દેરીનો થાળ સોનાનો કરવો છે.'

ત્યારે 'પ્રમુખસ્વામીને પૂછો' એમ યોગીજી મહારાજે ટૂંકમાં જણાવ્યું.

તેથી અંબાલાલકાકા આવ્યા સ્વામીશ્રી પાસે અને તેઓને પોતાનો મનોરથ જણાવ્યો. તે વખતે સ્વામીશ્રીએ તેઓના ઉત્સાહને વાસ્તવિકતાની આંગળી પકડાવતાં કહ્યું કે 'જુઓ, અંબાલાલભાઈ! સોનાની વાત છે, તેમાં કોઈનું મન બગડે. છોકરાઓ સાફ કરતા હોય અને કોઈ લઈ જાય તો પૂજારીને સહન કરવાનું આવે. માટે ચાંદીના થાળ લાવો. નહીં તો આ સાદા થાળમાં પણ ઠાકોરજી જમે જ છે.'

સ્વામીશ્રી ભભકા કરતાં ભક્તિભાવના વિશેષ પુરસ્કર્તા હતા. એક વાર તેઓએ જ જણાવેલું : 'આપણે તો ભક્તિભાવ છે એટલે બધું જ સોનું છે. ભગવાન બેઠા છે એટલે બધું જ સોનું છે. ભગવાને બુદ્ધિ આપી છે એ પ્રમાણે આપણે બેસાડ્યા એ પણ સોનું જ છે.'

આણંદમાં મુંબઈથી આવેલા સંતોએ યોગીજી મહારાજને મુંબઈ પધારવા વિનંતી કરતાં તેઓ તા. ૧૪/૧૨ના દિવસે 'ગુજરાત એક્સપ્રેસ'માં મુંબઈ જવા નીકળ્યા.

સ્વામીશ્રી આણંદથી નડિયાદ થઈને અમદાવાદ પધાર્યા. અહીં એક દિવસનું ટૂંકું રોકાણ કરીને પુનઃ આણંદમાં રવિસભાનો લાભ આપીને બોચાસણ પહોંચ્યા.

અમૃત-વિચરણનો અમર અધ્યાય

બોચાસણથી સ્વામીશ્રીએ અમૃત મહોત્સવના વિચરણનો દોર આગળ ચલાવ્યો અને બદલપુર, ધુવારણ, ખંભાત, મેતપુર, શકરપુર, તારાપુર, બુધેજ, નાર, ડભોઉ, ચિખોદરા, લીંબાસી, ખેડા, શાંતિપુરા, રઢુ, પુરુષોત્તમપુરા, ઈશ્વરપુરા, ચિત્રાસર, શ્રીજીપુરા, ધરોડા, મહીજડા, સમાદરા, ભાલિયાપુરા,

માતર, સાંખેજ, નેનપુર, આશી, ભાટિયેલ, ગાના, નાપાડ વગેરે ગામોમાં વિચર્યા. તેઓનું રોમ રોમ આજે ગુરુભક્તિમાં રાચતું હતું. યોગીજી મહારાજના અમૃત મહોત્સવ સિવાય કોઈ સૂર તેઓના જીવનમાંથી ઊઠતો નહોતો. તેથી વીસેક દિવસના અંતરાલમાં ચરોતરનાં ત્રીસેક ગામોની વાટને ઘૂમી વળી, હવે એ જ વેગથી તેઓએ કાનમ-વાકળમાં પ્રવેશ કર્યો અને સલાડ પહોંચ્યા.

સન ૧૯૬૭

સલાડમાં શાહી સ્વાગત

તા. ૧૩/૧ના રોજ સ્વામીશ્રી સલાડમાં પધાર્યા ત્યારે ઉત્સાહી હરિભક્ત મણિભાઈની દોરવણી હેઠળ સ્વામીશ્રીનું ભવ્ય સ્વાગત થયું. સ્વામીશ્રીને ૪૬મું વર્ષ ચાલતું હોવાથી ૪૬ બળદ જોડેલા રથમાં[૧૮૭] બેસાડીને તેઓની નગરયાત્રા કાઢવામાં આવી. પચાસ વિદ્વાન બ્રાહ્મણો વેદોચ્ચાર કરતાં તથા પુષ્પ, ગુલાલ, અક્ષતથી સ્વામીશ્રીને વધાવતાં આગળ ચાલતા હતા. ગામના રસ્તાઓ પર પાણી છાંટી ઠેરઠેર કમાનો-તોરણો બાંધવામાં આવ્યાં હતાં. ઘોડેસવારો, શણગારેલા ઘોડાઓ, હોમગાર્ડ, બેન્ડ તથા ભજનમંડળી અને બંદૂકવાળા નગર-યાત્રામાં હાજર રહેલા. શ્રીજીમહારાજ, અક્ષર-પુરુષોત્તમ મહારાજના જયનાદોથી સલાડની શેરીઓ ગાજી રહી. અઢી કલાક સુધી આ સામૈયું ચાલ્યું. તેમાં ૧,૫૦૦ ભાવિકો સામેલ થયેલા.

આમ, સ્વામીશ્રી જ્યાં જ્યાં પધારે ત્યાં ત્યાં સાક્ષાત્ યોગીજી મહારાજ જ પધાર્યા છે તેવો અનુભવ સૌને થતો અને તે મુજબ જ સૌ સ્વામીશ્રીને વધાવતા.

સલાડથી ઝૂંવાદ, ફતેહપુરા, અણખી, પોર, અજિતપુર, જંબુસર, ઉબેર, નોંધણા, આમોદ, કુરાઈ, સામજીપુરા, જેસંગપુરા, ચંપાલિયાપુરા, વાઘોડિયા, સારીંગ, મગનપુરા, ભાટપુર, સુવાચારી, આનંદપુરા, અંટોલી, ભાયાપુરા, ગંધારા, લિંગસ્થળી, કારવણ, ધાવટ, કુરાલી, મોરખલા, ડોરમાર, સાઠોદ, અચીસરા, ફોફલીઆ, કંડારી, હાંડોદ, ચોરંદા, ઓસરામ, શાહપુર, ઠીકરિયા, માત્રોજ, પાલેજ, ગોરિયાદ વગેરે ગામોમાં સ્વામીશ્રી વિચર્યા અને માગશર-પોષની ટાઢના પચાસ દિવસમાં સાઠેક ગામોમાં અમૃત મહોત્સવનો ઉદ્ઘોષ કરી દીધો.

---

૧૮૭. આ પ્રકારની ગોઠવણીમાં રથ તો બે બળદ દ્વારા જ વહન થતો હોય. તેની આગળ બીજા બળદોને હરોળબંધ ગોઠવી ચલાવવામાં આવે. તે સૌને જોડતું એક સળંગ દોરડું દરેકની વચ્ચેથી પસાર થતું હોય.

કાર્યશીલ અને સંવેદનશીલ

કાનમ બાદ સ્વામીશ્રી ચરોતરમાં કરમસદ, વિદ્યાનગર, બાકરોલ, ખાંધલી, ભાદરણ, સીસવા, ઝારોળા, બોરસદ, વાસણા થઈને બદલપુર પધાર્યા હતા.

અહીંના મંદિરમાં એક વાર સ્વામીશ્રી પત્ર-વ્યવહારનું કામ કરી રહેલા. એ જ વખતે છત્રસિંહ નામના હરિભક્તે પ્રવેશ કર્યો અને સ્વામીશ્રીના કાર્યક્રમની ગોઠવણી કરતા એક વડીલ હરિભક્તને વિનંતી કરી કે 'સ્વામીને મારા ખેતરમાં પધરામણીએ લઈ જવા છે. તો આપ ગોઠવણ કરી આપો.'

આ સાંભળી પેલા આયોજક સહેજ અકળાઈ ગયા અને છણકો કર્યો કે 'તમને શિક્ષક થઈને આવું કહેતાં શરમ નથી આવતી? આવા સંતને ખેતરમાં લઈ જવાની વાત કરો છો? ગામની પધરામણીઓનો પાર આવતો નથી તેમાં ખેતરનો ક્યાંથી મેળ પડે? માટે ત્યાં નહીં આવે, જાઓ.'

આવી કડક 'ના' સાંભળી છત્રસિંહ તો વિલા મોંએ ઊભા થઈ ગયા. ત્યાં જ દૂર બેઠેલા સ્વામીશ્રીએ તેઓને બોલાવ્યા. તેઓ દૂર બેઠાં બેઠાં પણ આ હરિભક્ત અને આયોજકનો વાર્તાલાપ સાંભળી ગયેલા. છતાં પૂછ્યું : 'શું વાત થઈ?'

'કાંઈ નહીં.'

પણ સરવા-નરવા કાનના સ્વામીશ્રીએ કહ્યું : 'મેં વાત સાંભળી છે. તમે ખેતરે જાઓ. હું આવું છું.'

સ્વામીશ્રી જેટલા કાર્યશીલ હતા એટલા જ સંવેદનશીલ પણ હતા. ભીડાની ભરમારમાં તેઓએ ભક્તોની ભાવનાઓનો ભુક્કો થવા દીધો નહોતો. જ્યાં સમગ્ર ઊર્મિતંત્ર શૂન્યતામાં સરી પડ્યું હોય તેવા સમરાંગણમાં પણ કૃષ્ણે ટીટોડીનાં બચ્ચાં સાચવેલા. એવું જ કૃષ્ણત્વ સ્વામીશ્રીમાં હતું. દિવસની ૮૦-૯૦ના લેખે જ્યાં પધરામણીઓના હિસાબ મંડાતા હોય, ત્યાં એક-એક ભક્તની લાગણીઓના જવાબ આપતાં જવું એમાં સ્વામીશ્રીની સંવેદનશીલતાની પરાકાષ્ઠા દેખાય છે.

આ ઊંચાઈએથી તેઓએ થોડી જ વારમાં તો બે-ચાર હરિભક્તો સાથે છત્રસિંહના ખેતરમાં પગલાં પાડ્યાં. યજમાનના આનંદનો પાર ન રહ્યો. પોતાના માટિયાળા ઘરમાં તેઓએ એક પાતળું પાથરણું પાથરી દીધું. તેની પર સ્વામીશ્રી બિરાજ્યા. આરતી કરી. આ હરિભક્તનો સંકલ્પ હતો કે 'સ્વામીશ્રી

પધારે તો અમૃત મહોત્સવ નિમિત્તે ૨૫ રૂપિયા અને ૭૬ પૈસાની સેવા કરવી.' સ્વામીશ્રીએ સંકલ્પ પૂરો કરતાં તેઓએ ઠાકોરજીની આ સેવા પણ લખાવી. આમ, એક ભક્તનો ભાવ પૂરો કરીને સ્વામીશ્રી નીચા વળી એ ખોરડામાંથી બહાર પધાર્યા.

પણ તેઓની વાત અહીં ક્યાં અટકે છે? જેમ પૈસો પૈસાને ખેંચે તેમ પધરામણી પણ પધરામણીને ખેંચે. ખેતરની આ એક પધરામણીએ આગળ તો પધરામણીની પરંપરા ખડકી દીધી. સવારના નવ વાગ્યાથી ખેતરાંમાં શરૂ થયેલી એ પધરામણીઓ સાંજે ચાર વાગ્યા સુધી ચાલી! બદલપુરથી શરૂ થયેલી આ પધરામણીઓ ધુવારણની સીમમાં પૂરી થઈ ત્યારે સ્વામીશ્રી પહેલી પધરામણીના સ્થળથી દસ કિલોમીટર દૂર પહોંચી ગયેલા!!

જેઓના પગલે પગલે ચાલવાની હિંમત સ્વપ્નમાં પણ ન થાય એવી વિકટ વાટોના ખેડનારા સ્વામીશ્રી હતા!

બદલપુરથી તેઓનું વિચરણ આગળ ચાલ્યું. ભૂમેલ, રાજકોટ, ગોંડલ, લીંબડી, મોજીદડ, તાજપુર, નિંગાળા, કેરિયા, ગઢડા, જૂનાગઢ, ધોરાજી વગેરે ગામોમાં તેઓ વિચર્યા. આમ, કુલ ત્રણ મહિનામાં સોથી વધારે ગામો તેઓ ઘૂમી વળ્યાં. ગુરુજયંતી ઊજવવાના ઉમંગ સાથે ઠંડીને ઠેકાણે પાડીને ધમધોકાર વિચરતાં સ્વામીશ્રી વસંત પંચમીના સમૈયા માટે જ્યારે અટલાદરા આવી પહોંચ્યા ત્યારે માત્ર સત્સંગમાં જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતમાં તેઓએ યોગીજી મહારાજના અમૃત મહોત્સવની લહર પ્રસરાવી દીધેલી.

એકમાત્ર વારસદાર

યોગીજી મહારાજ બે મહિના સુધી મુંબઈમાં રોકાણ કરીને વસંત પંચમીના સમૈયામાં પધાર્યા હતા. અહીં સોખડાના રમણભાઈ તેઓની નવી પેઢીના ઉદ્‌ઘાટન માટે યોગીજી મહારાજને આમંત્રણ આપવા આવેલા. તેઓએ આ અંગે વાત કરી, ત્યારે યોગીજી મહારાજે તેઓને કહ્યું : 'તમે પ્રમુખસ્વામીને ઉદ્‌ઘાટન કરવા માટે લઈ જાઓ. મારા સ્થાને પ્રમુખસ્વામી પધારશે.'

આ અગાઉ પણ યોગીજી મહારાજે તેઓને બોચાસણ મંદિરના સભામંડપમાં કહેલું કે 'આપણે તો શાસ્ત્રીજી મહારાજે મંદિરો કર્યાં છે તેમાં માનવું અને પ્રમુખસ્વામીની આજ્ઞામાં રહેવું. તેઓ શાસ્ત્રીજી મહારાજના અને સંસ્થાના વારસદાર છે.'

આજે ફરી એક વાર સ્વામીશ્રીના એવા જ મહિમાની વાત રમણભાઈએ સાંભળી. તેઓ હવે સંપૂર્ણ નિઃસંશય થઈ ગયા.

આમ, યોગીજી મહારાજ વારે-તહેવારે 'સ્વામીશ્રી જ તેઓના એકમાત્ર વારસદાર છે' તે વાત સ્પષ્ટપણે જણાવતા રહેતા.

દીનબંધુ અતિ મૃદુલ સુભાઉ

આ સમયમાં એક ગુણાનુરાગીને ગેરસમજણને કારણે વડોદરાના કારાવાસમાં કેદ કરવામાં આવેલા. તેથી તા. ૧૫/૨ના રોજ સ્વામીશ્રી યોગીજી મહારાજની સાથે ત્યાં પધારેલા. આ મહાપુરુષોની કરુણાએ પૃથ્વીનો કોઈ છેડો છોડ્યો નહોતો. જ્યાં પોતાના સંબંધીઓ પણ મળવા આવતાં ખચકાય ત્યાં તેઓને આવેલા જોઈને તે કેદીની આંખો ભીની થઈ ગયેલી !

અટલાદરાથી સૌએ હવે ગોરિયાદની દિશા પકડી હતી, કારણ કે તા. ૧૬/૨થી અહીં ભવ્ય પારાયણનો પ્રારંભ થવાનો હતો. સ્વામીશ્રી સહિત મુંબઈમાં ભણતા વિદ્વાન સંતો વ્યાસાસન પર બિરાજીને કથાલાભ આપવાના હતા. તેથી સમગ્ર કાનમ પંથકમાં આ પારાયણમાં જવાનો ઉત્સાહ પ્રવર્તતો હતો.

આ પારાયણના પ્રથમ દિવસે સ્વામીશ્રીએ 'હરિલીલાકલ્પતરુ'ના સપ્તમ સ્કંધની કથાનો લાભ આપી શાનદાર પ્રારંભ કર્યો. પણ તે જ દિવસે સમાચાર આવ્યા કે 'ગોંડલમાં તૈયાર થતા ગુરુકુળમાં ભોજનશાળાના બીજા માળનું ધાબું ભારે કડાકા સાથે બેસી ગયું છે.' તેથી સ્વામીશ્રીને તાબડતોબ ગોંડલ જવાનું થયું.

ગોંડલ પહોંચીને તેઓ સીધા જ ગુરુકુળમાં ગયા. જે દુર્ઘટના બનેલી તે જોઈ. ત્યારબાદ મંદિરમાં જઈ નિત્યકર્મથી પરવાર્યા. ત્રણ દિવસ સુધી ગોંડલમાં જ રોકાઈને સઘળી પરિસ્થિતિ થાળે પાડી. બાંધકામની સેવા સંભાળનાર સંતોને આ ઘટનાથી ઘણું દુઃખ થયેલું. તેઓને પણ સ્વામીશ્રીએ આશ્વાસન આપ્યું. ઠપકાનો એક શબ્દ સુધ્ધાં કહ્યો નહીં. ફરી વાર ધ્યાન રાખીને કાર્ય કરવાની માત્ર હળવી ટકોર કરી.

સ્વામીશ્રીની કાર્યપદ્ધતિ પૂરેપૂરી મનોવૈજ્ઞાનિક રહેતી. તેઓ સમજતા કે એક વારની ભૂલથી માણસ કાયમ માટે ભૂલભરેલો નથી બની જતો. તેથી તેઓ સૌને નિભાવી જાણતા.

*'જન અવગુન પ્રભુ માનત નાહીં, દીનબંધુ અતિ મૃદુલ સુભાઉ...'*નો

તેઓનો પરિચય સૌને કાયમનો રહેતો.

સર્વત્ર વ્યાપક બ્રહ્મનું સ્વરૂપ

ગોંડલની કાર્યવાહી પૂર્ણ કરીને સ્વામીશ્રી પુનઃ ગોરિયાદ આવી પહોંચેલા.

તેઓનું આ પુનરાગમન સીમલિયાના શંકરલાલ માટે આશીર્વાદ સમું બની રહ્યું, કારણ કે આ હરિભક્ત હોંશે હોંશે પારાયણમાં તો આવી ચડેલા પણ તેઓની તબિયત ઢીલી-પોચી રહેતી. તેમાંય વળી ઉતારો ફાળવાયો હતો – ગામની ધર્મશાળામાં. તેથી તકલીફનો તોટો ન રહ્યો. પરંતુ હજારોની સંખ્યામાં ઊમટેલા સમુદાયમાં પોતાને અનુકૂળ વ્યવસ્થા માંગવી એ તેઓને અયોગ્ય લાગતું હતું, તેથી જે મળ્યું તેનાથી ગાડું ગબડાવ્યે જતા હતા.

પણ એક વાર તેઓ સ્વામીશ્રીને ભેગા થઈ ગયા. તેઓને જોતાંવેંત સ્વામીશ્રીએ પૂછ્યું : 'શંકરલાલ ! આવી ગયા ? ઉતારો ક્યાં રાખ્યો છે ?'

'ધરમશાળામાં આપ્યો છે.'

'તમારી તબિયત તો સારી રહેતી નથી. ત્યાં તમને કેવી રીતે ફાવશે ?' એમ કહેતાં સ્વામીશ્રીએ અસંખ્ય પ્રવૃત્તિની વચ્ચે પણ ત્યાં ને ત્યાં જ તે હરિભક્તના સ્વાસ્થ્યને અનુકૂળ આવે એવો ઉતારો ગોઠવી દીધો. તેથી શંકરલાલને ઘણી રાહત થઈ ગઈ. સાથે સાથે અચરજ પણ એટલું જ થયું; કારણ કે મહિનાઓ અગાઉ થયેલી મુલાકાતમાં પોતાની અસ્વસ્થ તબિયત વિશે શંકરલાલે સ્વામીશ્રીને જણાવેલું. તે હજીયે સ્વામીશ્રીને યાદ હતું અને તેને લક્ષમાં રાખીને તેઓએ આજે વ્યવસ્થા જાળવી લીધેલી.

આમ, એકસાથે હજારોને સાચવવામાં અને હજારોને એક-એકની જેમ સાચવવામાં સ્વામીશ્રી કુશળ હતા. જો તેઓ સર્વત્ર વ્યાપક અક્ષરબ્રહ્મનું સ્વરૂપ ન હોય તો આ કેવી રીતે શક્ય બને !

જીવનું ભાથું

ગોરિયાદમાં પારાયણની ભવ્ય પૂર્ણાહુતિ કરીને સ્વામીશ્રી તે ગામમાં જ પચાસ પધરામણીઓ કરીને અટલાદરા પધારેલા અને યોગીજી મહારાજ સંતમંડળ સહિત ચાણસદ ગયેલા.

ચાણસદનું પાદર આવતાં જ યોગીજી મહારાજનું મુખ મલકી ઊઠ્યું, કારણ કે પ્રાણપ્રિય શિષ્ય સ્વામીશ્રીની આ રમણરેતી !

અહીં યોગીજી મહારાજના સ્વાગત માટે વાજાવાળાને બોલાવ્યા હતા, પણ તેઓ આવે તે પહેલાં યોગીજી મહારાજ પધારી ગયેલા. તેથી યોગીજી મહારાજને મોટરમાં બેસી રહેવા કહ્યું. ત્યારે તેઓએ જણાવ્યું : 'મોટર કરતાં નીચે સારું ! પ્રસાદીની રજ ક્યાંથી ?'

પછી બોલ્યા : 'નારણ સ્વામી(પ્રમુખસ્વામી)નું જન્મસ્થાન છે એટલે મહિમા ઘણો છે. જેટલી વાર ઊભા રહીએ એટલો લાભ છે. પ્રમુખસ્વામી મોટેરા. આપણે ઈ કહે તેમ કરવું. આજ્ઞા પાળવી. ટૂક ટૂક થઈ જાવું. શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા પાળીએ એમ પાળવી. રાજી કરી લેવા. મોટાપુરુષને રાજી કરી લીધા હોય એ જીવનું ભાથું છે.'

આમ, સ્વામીશ્રીનો અતિશય મહિમા યોગીજી મહારાજે રેલાવી દીધો. અહીંથી તેઓ રાજકોટ જવા નીકળેલા.

સ્વામીશ્રી પણ અટલાદરાથી પાદરા, કરમસદ, વિદ્યાનગર, આણંદ, વરતાલ, ભાદરણ, સીસવા, ઝારોળા, વાસણા, બોચાસણ, અમદાવાદ થઈને રાજકોટમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે પધારી ગયા.

અહીંના રજપૂતપુરામાં મળેલા વિશાળ મકાનમાં આ મંદિર તૈયાર થયેલું. તા. ૨/૧૨/'૬૬ના રોજ જ્યારે આ મકાનનો કબજો મળેલો ત્યારે સ્વામીશ્રીના વરદ હસ્તે જ કુંભ પધરાવવામાં આવેલો. ચાર મહિના દરમ્યાન આ મકાનમાં મંદિરલક્ષી સાનુકૂળતા થઈ જતાં તા. ૧૪/૩ના રોજ યોગીજી મહારાજના હસ્તે પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થયો.

પ્રતિષ્ઠા બાદ સ્વામીશ્રીએ તા. ૧૫/૩ થી તા. ૨૩/૩ સુધી ગોંડલમાં રોકાઈને અમૃત મહોત્સવની તૈયારીઓને વેગવંતી બનાવી હતી. ત્યારબાદ સારંગપુરમાં ફૂલદોલોત્સવ ઊજવી તા. ૨૭/૩ના રોજ નિંગાળા પધાર્યા હતા.

ગુરુની આજ્ઞા એ જ કાર્યક્રમ

નિંગાળામાં ગામવાસીઓના ઉત્સાહને અવધિ રહી નહોતી, કારણ કે યોગીજી મહારાજ અને સ્વામીશ્રી, બંને ગામના આંગણે પધારેલા. સારંગપુર-ગઢડાની આવન-જાવન વખતે સ્વામીશ્રીને આ ગામમાં ઘણી વાર આવવાનું થતું. તેથી તેઓ વિશે આ ગામના ભક્તોને ખૂબ લગાવ હતો. માટે જ સૌની ઇચ્છા હતી કે 'સ્વામીશ્રી તો મૂર્તિપ્રતિષ્ઠાના પ્રસંગે આવે જ.' તે ઇચ્છા આજે પૂરી થતાં સૌ આનંદમાં હતા.

...પણ ત્યાં જ ગોંડલથી યોગીજી મહારાજ પર પત્ર આવ્યો કે 'પ્રમુખસ્વામીને તાત્કાલિક અહીં મોકલો.' ગોંડલમાં કેટલીક નિર્ણયાત્મક કાર્યવાહી કરવાની હતી. તે માટે આ તાકીદનું તેડું આવેલું.

જે નિમિત્તે નિંગાળા આવેલા તે પ્રતિષ્ઠાને માત્ર ગણતરીના જ કલાકો બાકી હતા, પરંતુ યોગીજી મહારાજે સ્વામીશ્રીને ગોંડલ જવા કહ્યું અને સ્વામીશ્રીએ નીકળવાની તૈયારી કરી લીધી.

હરિભક્તોને જ્યારે જાણ થઈ કે 'સ્વામીશ્રી જાય છે,' ત્યારે તે સૌ સ્વામીશ્રીને વિનંતી કરવા આવ્યા; પરંતુ સ્વામીશ્રી લાગણી અને કર્તવ્યનિષ્ઠાને સમાન પલ્લે તોળી રાખે તેવા હતા. તેથી તેઓએ હરિભક્તોને જણાવ્યું : 'આપ સૌનો ભાવ હતો તો યજ્ઞ, શોભાયાત્રા અને સભાનો લાભ થઈ ગયો છે. પણ જોગી મહારાજની આજ્ઞા છે એટલે મારે તો જવું પડશે.'

સ્વામીશ્રીની મક્કમતા જોઈ સૌ યોગીજી મહારાજ પાસે આવ્યા, કારણ કે સૌને ખબર હતી : 'યોગીજી મહારાજનું વચન સ્વામીશ્રી કદાપિ ન ઉવેખે.' તેથી હરિભક્તોએ સ્વામીશ્રીને રોકી રાખવા અંગે યોગીજી મહારાજને વિનંતી કરી. પણ તેઓએ 'ગોંડલના કામ માટે એમને મોકલવા પડશે' એમ કહી હરિભક્તોને સમજાવ્યા...

અને એ રાત્રે જ સ્વામીશ્રી નિંગાળાથી ગોંડલ જવા નીકળી ગયા. પોતાને રોકાઈ જવા અંગે મળતાં હરિભક્તોના સમર્થનને આગળ ધરીને તેઓએ યોગીજી મહારાજને ઓશિયાળા ન કર્યા.

બીજા દિવસે પ્રતિષ્ઠાવિધિમાં અને પ્રતિષ્ઠાસભામાં ભલે સ્વામીશ્રીની ઉપસ્થિતિ દેખાતી નહોતી પણ તેઓ સૌ ભક્તોનાં મનમાં તો ચોક્કસ રમી રહેલા કે 'વાહ, કેવા ગુરુભક્ત ! ગુરુનું વચન હેઠું ન પડવા દીધું !'

સૌને ખ્યાલ આવી ગયેલો કે ગુરુની આજ્ઞા બહાર સ્વામીશ્રીનો કોઈ કાર્યક્રમ જ નથી.

શીશ સાટે કર્યું સાબિત

ગોંડલમાં યોજાયેલી એક મીટિંગમાં યોગીજી મહારાજનો અમૃત મહોત્સવ ક્યાં ઊજવવો તેની ચર્ચા ચાલતી હતી. યોગીજી મહારાજની ઇચ્છા તો ગોંડલમાં જ ઊજવવાની હતી, પરંતુ વડીલ સંતો-હરિભક્તો આગળ તેઓ પોતાનો આ અભિપ્રાય રજૂ કરી શકતા નહોતા. તેથી મીટિંગમાં જ્યારે અમૃત મહોત્સવની

ઉજવણીના સ્થળ અંગે ચર્ચા નીકળી ત્યારે સ્વામીશ્રીએ ગુરુના અંતર્યામી થઈને કહ્યું : 'અમૃત મહોત્સવ ગોંડલમાં જ કરીએ, કારણ કે યોગીજી મહારાજનું પ્રિય સ્થાન છે.'

જ્યાં સ્વામીશ્રીએ આ વાત કરી ત્યાં જ મોટા સ્વામી તાડૂક્યા: 'ઉનાળામાં તું પાણી ક્યાંથી લાવીશ ?'

'બાપા છે ને ! લાવશે એ.' આમ કહી સ્વામીશ્રીએ ગુરુના ભરોસા પર ઉકેલનો ભાર મૂક્યો.

આ સાંભળી મોટા સ્વામી વધુ અકળાયા અને બોલ્યા : 'બાપા કંઈ પાણી લાવવા ઓછા નવરા છે ?'

ત્યારે સ્વામીશ્રીએ કહેલું : 'જરૂર પડે તો ભાદર ડેમમાંથી હું પાણી લાવીશ.'

આમ, સ્વામીશ્રી યોગીજી મહારાજ વતી ઝીંક ઝીલી રહેલા.

પણ સ્વામીશ્રી તરફથી આવતા એક પછી એક સમાધાન મોટા સ્વામીને વધુ ને વધુ અકળાવતા જતા હતા. તેઓએ તરત જ કહ્યું : 'તને કંઈ સમજ પડે છે ? ભાદર ડેમ ક્યાં આવ્યો એ જાણે છે ?'

આમ, ચર્ચા લાંબી ચાલી. તેનું કારણ એટલું જ હતું કે મોટા સ્વામીની ઇચ્છા આ ઉત્સવ અટલાદરામાં કરવાની હતી, તો સંસ્થાના સેક્રેટરી મગનભાઈની ઇચ્છા આ ઉત્સવ બોચાસણમાં કરવાની હતી.

પણ સ્વામીશ્રીએ *'જોઈ મરજી મહારાજની, શીશ સાટે કરવું સાબિત...'* પ્રમાણે યોગીજી મહારાજની ઇચ્છા મુજબ નિવેડો લાવી દીધેલો. તેથી મીટિંગ પૂરી થતાં સૌ જ્યારે બહાર નીકળી ગયા ત્યારે યોગીજી મહારાજે અતિશય રાજી થઈ પોતાના બેય હાથે ધબ્બા મારી સ્વામીશ્રીને આશીર્વાદ આપ્યા.

આમ, પાણીની જવાબદારી પોતાના શિરે લઈને સ્વામીશ્રીએ અમૃત મહોત્સવનાં પગરણ ગોંડલમાં માંડેલાં.

આ ઉત્સવની દેમાર તૈયારીઓ વચ્ચે તેઓ યોગીજી મહારાજની સાથે તા. ૨/૪ના રોજ જૂનાગઢ પધાર્યા હતા. આ ગુણાતીત સ્થાનમાં ૫૧ બળદની ધુરા દ્વારા વહન થતા ગાડામાં યોગીજી મહારાજ, સ્વામીશ્રી અને સંત સ્વામીને પધરાવીને ભવ્ય નગરયાત્રા કાઢવામાં આવી.

તા. ૩/૪થી સ્વામીશ્રીએ 'ઈગલ સિમેન્ટ પાઈપ ફેકટરી'ના સંકુલમાં 'સત્સંગિજીવન'ની કથાનો શુભારંભ કર્યો. સપ્તાહના આ પારાયણ દરમ્યાન તા. ૫/૪ના રોજ તેઓ ધોરાજીના ટાઉન હૉલમાં યોજાયેલી જાહેર સભામાં પણ

પ્રવચન-લાભ આપી આવ્યા.

તા. ૯/૪ના દિવસે જૂનાગઢનું પારાયણ પૂર્ણ કરીને પુનઃ ગોંડલ પધારી ગયા અને આખો એપ્રિલ માસ અમૃત મહોત્સવની તૈયારી માટે ગોંડલમાં જ રોકાયેલા.

આ રોકાણ દરમ્યાન મંડપ, બાંધકામ, ઉતારા, રસોડું, ગુરુકુળ બાંધકામ વગેરે સંબંધી આયોજન અને અમલીકરણનાં કાર્યો તેઓએ પૂરાં કર્યાં. તા. ૨૪/૪ના દિવસે રાત્રે ચારથી સવારે સવા સાત વાગ્યા સુધી ચંદ્રગ્રહણનો સમૈયો પણ ઊજવ્યો હતો.

કર્મયોગી નમું નમું

યોગીજી મહારાજના અમૃત મહોત્સવે રાષ્ટ્રપતિ શ્રી રાધાકૃષ્ણન્ આવે તેવી ઇચ્છા અગ્રણીઓની હતી. તેથી તેઓને આમંત્રણ આપવા માટે સ્વામીશ્રી તા. ૬/૫ની સવારે મહંત સ્વામી, રસિકભાઈ સેક્રેટરી અને હકાભાઈ ખાચરને લઈને દિલ્હી પહોંચેલા.

તા. ૮/૫ના રોજ સાંજે પોણા પાંચ વાગ્યે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ સાથે સ્વામીશ્રીની મુલાકાત થઈ. તે વખતે ગુલઝારીલાલ નંદા પણ હાજર હતા. સ્વામીશ્રીએ રાષ્ટ્રપતિને અમૃત મહોત્સવમાં આવવા માટે વિધિસર આમંત્રણ આપ્યું. બે વર્ષ પહેલાં થયેલી મુલાકાતનું સ્મરણ પણ કરવામાં આવ્યું.

ત્યારબાદ તા. ૯/૫ના રોજ દિલ્હી એક્સપ્રેસ દ્વારા સ્વામીશ્રી અમદાવાદ આવવા નીકળ્યા. તે મુસાફરીમાં સ્વામીશ્રીએ આખો દિવસ નિઃશબ્દ રહીને એકધારી માળા ફેરવી હતી !

જેમાં લાખો ભક્તો એકત્રિત થવાના છે એ સમૈયાને એક મહિનાથીયે ઓછો સમય બાકી છે અને એ ઉત્સવની સઘળી જવાબદારી પોતાના શિરે છે ત્યારે, રાષ્ટ્રપતિને મળ્યાને હજી એક દા'ડો પણ વીત્યો નથી ત્યારે, આમ એકધારી આખો દિવસ માળા ફેરવવી એ ઘટના પ્રવૃત્તિ કરવા છતાં સ્વામીશ્રી તે પ્રવૃત્તિથી કેટલા નિર્લેપ અને નિઃસંગ હશે તે દર્શાવે છે.

'कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किञ्चित्करोति सः।'[૧૮૮] કર્મમાં સારી રીતે પ્રવૃત્ત થયેલા હોવા છતાં તે કાંઈ જ કરતા નથી – આ ગીતાકથિત કર્મયોગ સ્વામીશ્રી જીવનની પળે પળે જીવતા હતા.

---

૧૮૮. श्रीभगवद्गीता – ૪/૨૦.

અમૃત મહોત્સવનો હેતુ

અમૃત મહોત્સવની ઘડી નજીક આવતાં સ્વામીશ્રીએ આ ઉત્સવના હેતુ અને આમંત્રણને 'સ્વામિનારાયણ પ્રકાશ'માં એક સુંદર નિવેદન દ્વારા જણાવતાં લખેલું કે –

'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની લોકોત્તર મહત્તાથી ગુજરાત અજ્ઞાત નથી. છેલ્લા છ દાયકાથી ગુર્જર ભૂમિના ખૂણે ખૂણે ફરી, જનસમાજને જાગ્રત કરી, તેમાં નીતિ, ધર્મ અને આધ્યાત્મિક સંસ્કારો રેડવાનો તેઓનો પ્રયાસ અધ્યાત્મ-ઈતિહાસમાં અનન્ય છે. ભારતીય સંસ્કૃતિના ચિરંતન મૂલ્યોની પ્રતિષ્ઠા કરી લોકોને તેમણે સન્માર્ગે વાળ્યા છે. આ માટેના સતત વિચરણમાં તેમણે અનેક કષ્ટો સહન કર્યાં છે.

તેઓ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરવી, તેમને યોગ્ય ગુરુદક્ષિણા આપી યત્કિંચિત્ ઋણમુક્ત થવું, તેમના કાર્યને અંતરથી વધાવી તેની સુયોગ્ય પ્રતિષ્ઠા કરવી, એ શિષ્યોનો સ્વાભાવિક ધર્મ છે. આવી લાગણીથી પ્રેરાઈને જ તેઓની છોંતેરમી જયંતી-અમૃત મહોત્સવની ઉજવણીનો વિચાર તેમના વિશાળ શિષ્ય- સમુદાયને થયો. અલબત્ત, તેઓ તો આ ઉત્સવ અંગે સંમતિ આપતા જ નહોતા, પરંતુ હરિભક્તોના અતિ આગ્રહને વશ થઈને તેમણે તેમાં ના છૂટકે સંમતિ આપી છે.

ભગવાન સ્વામિનારાયણ કહે છે તેમ દેશ, કાળ આદિ આવા પુરુષોને આધીન છે. આપણે આધ્યાત્મિક મૂલ્યોની પ્રતિષ્ઠા કરીએ, ભગવાનના અખંડ ધારક આવા સંતોના ગુણો ગાઈએ, વિચારીએ, તેમની મહત્તા જીવનમાં ઉતારવાનો સંકલ્પ કરીએ ત્યારે આપણી શુભ ભાવના અને પ્રાર્થના દેશકાળને હળવા બનાવવા ઉપકારક બને છે. પરમ કૃપાળુ પરમેશ્વર પણ પોતાને અત્યંત પ્રિય એવા સંત પ્રત્યેની આપણી ભક્તિથી પ્રસન્ન થઈ પૃથ્વી પર રસમાત્ર રેલાવે અને જનસમુદાયનાં દુ:ખો દૂર કરે એ સંભવિત જ નહીં પણ નિશ્ચિત છે. આવા જિતેન્દ્રિય સંતો જ જગતના સાચા ઉદ્ધારક છે. તેમના સંકલ્પમાત્રથી વિપરીતતાઓ-વિષમતાઓ સમતામાં પલટાઈ જાય છે. આવા અવસરે યોગીજી મહારાજ જગત પ્રત્યે એવી કરુણા દૃષ્ટિ વરસાવે જેથી જીવમાત્રનાં દુ:ખો, વ્યાધિઓ દૂર થઈ જાય એવી ભાવનાથી અમૃત મહોત્સવનું આયોજન થયું છે. મુમુક્ષુ જનતા

આ સંદર્ભમાં આ ઉત્સવને મૂલવી અમારી ભાવનામાં, પ્રાર્થનામાં પોતાનો સૂર પુરાવવા અવશ્ય પધારે એ જ વિનંતિ.'

સ્વામીશ્રીના આ ભાવસભર નિમંત્રણમાં ગુરુનો અપરંપાર મહિમા રેલાયો છે. સાથે સાથે આધ્યાત્મિક ઉત્સવોની ઉજવણીથી સામાજિક ઉત્કર્ષનો માર્ગ મોકળો બને છે એ વાત પણ વિશ્વાસપૂર્વક રજૂ થઈ છે.

ગોંડલમાં તો સૂતો જ નથી

પાંત્રીસ એકરની વિશાળ ભૂમિ પર પથરાયેલા અમૃત મહોત્સવમાં દોઢ લાખથી વધુ જનમેદની લાભ લેવાની હતી. તેમાં 'જેમ ધરતીનો છેડો ઘર' તેમ અમૃત મહોત્સવના દરેક સેવા-વિભાગની સરવાણી સ્વામીશ્રીરૂપી સરિતામાં જ સમાતી હતી. પાણીથી લઈને પ્રકાશન અને મંડપથી લઈને મહેમાન સુધીના સૌની દેખરેખ સ્વામીશ્રીને રાખવાની હતી. દરેક વિભાગના એ જ માર્ગદર્શક હતા. તેથી તેઓના કામકાજનો કોઈ છેડો આવતો નહીં. તેને કારણે શરીર-ઘડિયાળ(body-clock) સાવ ખોરવાઈ ગયેલી. જમવામાં સ્વામીશ્રીને બપોરના ચાર વાગતા અને રાતના અગિયાર થતા. સૂવામાં રાત્રે બે વાગતા. ક્યારેક તો પ્રભાતનો કૂકડો પણ બોલી જતો.


એક વાર તો સ્વામીશ્રી ગામમાં પાણી અને ઉતારાની વ્યવસ્થા જોવા નીકળેલા તો સવારે છ વાગે ટ્રકમાં બેસીને પાછા ફરેલા! આખી રાત પાણી અને ઉતારા માટે ઘૂમતા રહેલા. જો કે આવા ઉજાગરા તેઓને કોઠે પડી ગયા હોય તેમ બીજા દિવસે એટલી જ તાજગીથી સેવામાં પરોવાઈ જતા. લેશ થાક નહીં, કંટાળો નહીં, આળસ નહીં, અકળામણ નહીં. આખેઆખો હિમાલય ગળી ગયા હોય એટલી ટાઢકથી સ્વામીશ્રી કામ લેતા અને કામ કરતા.

આ સેવાઓની સ્મૃતિ કરતાં એક વાર તેઓએ જ કહેલું : 'ગમે તેવા ઉજાગરા થયા, પણ માથું સરખુંય દુઃખ્યું નથી. ગોંડલમાં તો સૂતો જ નથી. હજુ સૂતો ન હોઉં ત્યાં ઊભો કર્યો જ હોય! ખાવા બેઠો ને ઊભો કર્યો! જવાબદારી બધી જ માથે પણ વાંધો ન આવ્યો... સ્વામીની દયાથી કોઈ જાતનો થાક કે બીમારી કશું જ થયું નથી.'

આખો દિવસ મહેનત

અમૃત મહોત્સવમાં પાણીની સમસ્યા નડે નહીં તે માટે સ્વામીશ્રીએ

પ્રથમથી જ કમર કસેલી. તે માટે બોરિંગ કરીને પાણી કાઢવાના ત્રણેક પ્રયત્નો તેઓએ કર્યા હતા. હાલ મંદિરની ગૌશાળા છે તેની પાછળના ખેતરમાં, ગુરુકુળની જગ્યામાં એમ જુદે જુદે ઠેકાણે બોર કરાવેલા. પણ પાણી નહોતું નીકળ્યું. ભૂમિનાં જળ-તળ જાણે તેવા નિષ્ણાતોની સૂચના મુજબ પણ પ્રયોગો કરેલા, પરંતુ તેમાંય નિષ્ફળતા જ હાથ લાગેલી. તા. ૧૯/૫ની રોજનીશીમાં સ્વામીશ્રી લખે છે –



'પાણી માટે આખો
દિવસ મહેનત લીધી.
આશાપુરા આગળ
બે એંજીન મુકી
પાણી લેવા પ્રયત્ન.
છતાં સફળતા
ન મળી.'

આમ છતાં તેઓની શ્રદ્ધા અણનમ રહેલી. કેટલાક કહે પણ ખરા કે 'અહીં સમૈયો ખોટો લઈ આવ્યા.' પણ સ્વામીશ્રીનું નિશાન યોગીજી મહારાજની મરજી હતી. તેથી તેઓ કદી ડગમગ્યા નહોતા.

અમૃત મહોત્સવમાં યોગીજી મહારાજની ઇચ્છા હતી કે 'હરિભક્તોને સ્નાનનો લાભ મળે તે માટે અક્ષર ઘાટ ભરવો.' તે ભરવા માટે દોઢેક કિ.મી. દૂર હાથિયા ધરેથી પાઈપ લાઈન દ્વારા પાણી લાવવાનું હતું. આ મહેનતકશ સેવામાં સ્વામીશ્રી પણ સ્વયં કછોટો વાળીને પક્કડ-પાનાં ફેરવવામાં જોડાઈ ગયેલા.

સમજૂતીથી થાય તે જ કામનું

ઉત્સવ દરમ્યાન જ્યારે સ્વામીશ્રી પાણીની માંગને પહોંચી વળવા

આકાશ-પાતાળ એક કરી રહેલા ત્યારે સ્થાનિક રાજકીય આગેવાનનો એક નબીરો હાથમાં હોકી ફેરવતો ફેરવતો તેઓ પાસે આવી ચડેલો. તેણે આવતાં જ પૂછ્યું : 'પ્રોબ્લેમ (મુશ્કેલી) શું છે ?'

કો'કે તેને પાણીના પ્રશ્નની વાત કરી. તે સાંભળી તે બોલ્યો : 'આ જવાબદારી મને સોંપી દો. હું નગરપાલિકાના સભ્યોને ધાક-ધમકી આપી, ડંડો મારીને પણ પાણી અહીં પહોંચતું કરું.'

તે વખતે ગોંડલ ગામના એક કૂવામાં પુષ્કળ પાણી હતું. તે કૂવામાંથી નગરપાલિકા જોઈએ એટલું પાણી આપે તેવો બંદોબસ્ત પોતે કરાવી આપશે તેવું એ યુવાનનું કહેવું હતું. તેની જે વગ હતી તે જોતાં તે આ સગવડ કરી આપે તેમ જ હતું. તેથી સૌ મનોમન રાજી થયા. પરંતુ તે વખતે સ્વામીશ્રીએ કહ્યું : 'જુઓ બાપુ ! એમ ન કરાય.'

સ્વામીશ્રીની આ શીખ તેને માફક ન આવી. તેથી તેણે ચાલતી પકડી.

તેની વિદાય બાદ સૌએ સ્વામીશ્રીને કહ્યું : 'સ્વામી ! આપે 'હા' પાડી દેવી'તી ને ! આપણી જવાબદારી ક્યાં હતી ? એ જ માથાફોડ કરવાનો હતો ને !'

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'નગરપાલિકાના સભ્યો પોતાની ફરજ બજાવે છે. (એટલે કે તેઓ આપણી માંગને પહોંચી વળવાનો પ્રયત્ન કરી રહ્યા છે.)[૧૮૯] માટે સમજૂતીથી થાય તે જ કામનું ! અન્યને આપણો ગુણ રહે અથવા આવે તે આપણી સેવા થઈ ગઈ કહેવાય !'

સ્વામીશ્રીના આ ઉત્તરમાં તેઓની સ્વચ્છ, શુદ્ધ, સાધુતાસભર કાર્યશૈલીનું દર્શન થઈ રહ્યું છે. તેઓ કદી કોઈ ખોટી રીત કે કોઈ ખોટી વ્યક્તિને પોષતા નહીં. પાણીનો પ્રશ્ન સ્વામીશ્રીને પીડી-પીલી રહ્યો હતો એ હકીકત હતી. વળી, પેલો જુવાન જે રીતે કામ કરી આપવાનો હતો તેમાં સ્વામીશ્રીના પગ નીચે રેલો આવવાનો નથી એ પણ નિર્વિવાદ વાત હતી. પાણીની રેલમછેલ થાય તો ઉત્સવની વ્યવસ્થા બરાબર જળવાઈ જાય અને સ્વામીશ્રીની કુશળ આયોજક તરીકેની પ્રતિષ્ઠાને પણ ચાર ચાંદ લાગી જાય એ નિશ્ચિત વાત હતી. તેની સામે પાણીની અછત રહે અને લોકોને હાલાકી પહોંચે તો સ્વામીશ્રીની સમૈયાના સમર્થ સૂત્રધાર તરીકેની છબી ખરડાવાનો ભય પણ જોનારો જોઈ શકે એમ હતો. તેમ છતાં, ચારે બાજુની આવી ભીંસ વચ્ચે સ્વામીશ્રીનો પ્રતિભાવ પ્રવૃત્તિને

૧૮૯. નગરપાલિકાએ કૂવામાંથી પાણી આપવાની સગવડ કરીને સમૈયામાં પ્રશંસનીય સહયોગ આપ્યો હતો.

કેન્દ્રમાં રાખીને નહીં પણ સાધુતાને કેન્દ્રમાં રાખીને નીકળી રહેલો દેખાય છે.

સામાન્ય સંજોગોમાં તો સૌ કોઈ પ્રામાણિકતા દાખવી શકે, પરંતુ મથામણ પછીયે જ્યારે રસ્તો નીકળતો ન દેખાય ત્યારે માનવીના સદ્‌ગુણોને ઝોકું આવી જાય છે અને તે અઘટિત માર્ગે જઈને પણ કાર્ય પૂરું કરવા તૈયાર થઈ જાય છે. આવા સમયે 'People of character do what is right regardless of the situation.'[૧૯૦] ચારિત્ર્યવાન વ્યક્તિ જ સંજોગોનો શિકાર બન્યા વિના યોગ્ય પગલું ભરી શકે.

સ્વામીશ્રી એવી સાધુચરિત વિભૂતિ હતા જેણે કાર્યસિદ્ધિ માટે કદીયે પોતાની સાધુતાનો બલિ ચડાવ્યો નહોતો. આ જ વિશેષતા તેઓને સમકક્ષો વચ્ચે પ્રથમ સ્થાને પધરાવતી.

'કરો' નહીં, પણ 'ચાલો, કરીએ'

પાણીના પ્રશ્નની સાથે સાથે બીજી એક અગત્યની જવાબદારી સ્વામીશ્રીના ખભે હતી – ગુરુકુળના નિર્માણની. થોડા જ મહિના પહેલાં સ્લેબ તૂટી જવાને કારણે તે કાર્ય વિશેષ ભીંસમાં આવી ગયેલું. સ્વામીશ્રીના પ્રાસાદિક શબ્દોમાં કહીએ તો 'ડબલ દોરે' કામ થાય તો જ સમયસર સંઘ કાશીએ પહોંચે તેમ હતું. તેથી સ્વામીશ્રી તેની પણ દેખરેખ રાખતા હતા.

આ બાંધકામમાં હવે ગુરુકુળના બીજા માળે આવેલા પ્રાર્થનાખંડમાં લાદી બેસાડવાનું કામ મુંબઈના લવજીભાઈ સંભાળી રહેલા. એક વાર કામકાજનું નિરીક્ષણ કરવા નીકળેલા સ્વામીશ્રીએ તેઓને પૂછ્યું : 'કામ કેવું ચાલે છે ?'

ત્યારે તેઓએ કહ્યું : 'છેલ્લા ચાર-પાંચ દિવસોથી લાદીઓ ઉપર ચડાવીને મજૂરોનાં હાથમાં છાલાં પડી ગયાં છે. તેથી બધા મજૂરો કામ અટકાવીને બેઠા છે. લાદીઓ ઉપર ચડાવવાની ના પાડે છે.'

જ્યાં સેકન્ડની ગણતરીથી કામ લેવાનું હોય ત્યાં કલાકોનો વિલંબ કેવી રીતે પોસાય ? તેથી સ્વામીશ્રીએ તરત કહ્યું : 'ચાલો, અમે આવીએ છીએ.' એમ કહી સ્વામીશ્રીએ કોઈનેય, કશુંય કહ્યા સિવાય બાર લાદીઓની થપ્પી પોતાના માથા પર ઉપાડી અને બીજે માળે જઈને ઉતારી !

લવજીભાઈ તો ફાટી આંખે આ દૃશ્ય જોઈ જ રહ્યા કે 'જેમણે આખો મહોત્સવ પોતાને માથે ઊંચક્યો છે તે સ્વામીશ્રીએ જ આજે પોતાના માથે

૧૯૦. Moliere (writer, director).

લાદીઓ ઉપાડી છે ?!' મોવડી મજૂર બને એ દૃશ્ય સગી આંખે જોવા છતાં તેઓના મનમાં ઊતરતું નહોતું !!

પણ જેને જેને આ ખબર પડી કે તરત જ તે સૌ દોડી આવ્યા અને સ્વામીશ્રીને સેવા કરતાં અટકાવ્યા. સૌ લાદીઓ ઉપર ચડાવવા મંડી પડ્યા અને કામ ચાલુ થઈ ગયું. ઉત્સવ વખતે ઉતારાની સગવડ પણ ત્યાં થઈ ગઈ.

સ્વામીશ્રીની કાર્યશૈલીમાં 'કરો' નહીં, પણ 'ચાલો, કરીએ'ની બોલબાલા હતી. તેઓ કેવળ આદેશ નહીં, પણ આચરણથી સૌને ક્રિયાન્વિત કરી મૂકતા. તેની અસર કાયમી રહેતી.

એક-એકની સંભાળ

ઉત્સવની પૂર્વતૈયારીના દિવસોમાં એક વાર સિદ્ધેશ્વરદાસ સ્વામીને મંડપના કાપડની ખરીદી માટે રાજકોટ જવાનું થયેલું. ત્યાંથી રાત્રે પરત ફરતાં લગભગ દોઢ વાગી ગયો. તેઓએ એ સમયે જોયું તો દેવચરણદાસ સ્વામી અને હર્ષદ ચાવડા નામના યુવક જાગતાં બેઠેલા. સિદ્ધેશ્વરદાસ સ્વામીએ તેઓને અડધી રાતે જાગતા જોઈને પૂછ્યું : 'તમે કેમ હજી સૂતા નથી ? કેમ જાગો છો ?'

'તમારા માટે, તમારી વાટે.'

આ સાંભળી સિદ્ધેશ્વરદાસ સ્વામીને આશ્ચર્ય થયું. તેઓએ પૂછ્યું : 'અમારા માટે શા સારુ જાગો છો ?'

'પ્રમુખસ્વામીએ તમને જમાડવાની સૂચના અમને આપી છે. માટે ચાલો જમવા.'

આ સાંભળતાં જ સિદ્ધેશ્વરદાસ સ્વામી તો સ્વામીશ્રીની હેતલ ગંગામાં જાણે ડૂબી જ ગયા.

સ્વામીશ્રી જેટલા સાર્વજનિક હતા તેટલા જ અંગત હતા. લાખોની જન-મેદનીનું ગણિત માંડતાં હોવા છતાં તેઓની નજરમાં એક-એકની ગણતરી રહેતી.

ગુરુમુખી જોગિયા

સમૈયાની પૂર્વતૈયારીઓ દરમ્યાન મંદિરની ખેતીવાડીમાં સેવા આપતા દેવચડી ગામના ડાહ્યાભાઈ એક તૃતીયમ્ સૂર જ છેડીને બેઠેલા. સ્વામીશ્રીએ તેઓને પ્રેમથી જણાવેલું કે 'આ વખતે પાણીની તંગી છે અને સામે વપરાશ ઝાઝો છે. તેથી ખેતીવાડીમાં પાણી આપી શકાશે નહીં. તો આ પરિસ્થિતિમાં જે

પાક લઈ શકાતો હોય તે લેજો.'

સ્વામીશ્રીની વાતમાં વજૂદ હતું, પરંતુ ડાહ્યાભાઈને થયું કે 'સ્વામીશ્રીએ પોતાના વિભાગનું પૂરતું ધ્યાન રાખ્યું નહીં.' આટલી અમથી વાતમાં તેઓ રીસાઈ ગયા અને પોતાના ગામ ભેગા થઈ ગયા.

યોગીજી મહારાજને આ વાતની જાણ થઈ ત્યારે તેઓએ સ્વામીશ્રીને કહ્યું કે 'આપણે એક ખેડૂત ખોયો.' સ્વામીશ્રીએ યોગીજી મહારાજને જે બન્યું હતું તેથી વાકેફ કર્યા, પરંતુ યોગીજી મહારાજ જાણે સ્વામીશ્રીની ગુરુભક્તિને વિશેષ ચમકીલી બનાવવા માંગતા હોય તેમ બોલ્યા : 'તમે હાલ ને હાલ દેવચડી જાઓ અને ડાહ્યાભાઈને સમજાવીને પાછા બોલાવી લાવો.'

સમૈયાની અનેકવિધ અગત્યની જવાબદારીઓ વચ્ચે આ એક સાવ ક્ષુલ્લક કહી શકાય તેવું કામ સ્વામીશ્રીને ચીંધવામાં આવેલું. તર્કના ત્રાજવે કોઈ રીતે તોલાય નહીં એવું આ નગણ્ય કામ હતું; પરંતુ સ્વામીશ્રીને મન મહત્તા કામની નહીં, પરંતુ કામના ચીંધનારાની હતી. ગુરુના વચને આખી જિંદગી હોમી દેવા તૈયાર તેઓ ગુરુના વચને દિવસની આહુતિ આપવામાં કેમ પાછા પડે ?!

તેઓ દેવચડી ગયા અને ડાહ્યાભાઈને ગોંડલ પરત આવવા સમજાવવા લાગ્યા. પરંતુ આજે ડાહ્યાભાઈ નામમાત્રથી ડાહ્યા રહેલા. તેઓની હઠે જાણે પાતાળે ખીલી ખોડી હોય એમ તેઓ સમજવા તૈયાર જ થતા નહોતા. પરંતુ આખા દિવસની મથામણને અંતે સ્વામીશ્રીએ તેઓને મનાવ્યા અને ગોંડલ પાછા લઈ આવ્યા.

સ્વામીશ્રીની આવી ગુરુપ્રધાન કાર્યપદ્ધતિ જ તેઓને જગતની જમાતથી જુદા પાડતી.

સિદ્ધિ પર શૈલીની સરસાઈ

અમૃત મહોત્સવની સેવામાં મુંબઈથી અભ્યાસ કરનારા સંતો પણ આવેલા. આ સંતો ખંતપૂર્વક સેવા તો કરતા જ, પરંતુ વચગાળામાં પોતાના વિભાગના સ્વયંસેવકો સાથે બેસીને નાસ્તા-પાણી પણ કરે.

તે સૌ જ્યારે આમ બેઠા હોય ત્યારે સેવાની દોડધામમાં રત રહેલા સ્વામીશ્રી તેઓ પાસેથી ઘણી વાર પસાર થાય. સ્વામીશ્રી જુએ પણ ખરા કે અત્યારે ખાણી-પીણીનો પીરિયડ ચાલી રહ્યો છે, પરંતુ તેઓએ એ સંતો-સ્વયંસેવકો તરફ ક્યારેય મોં મચકોડ્યું નહોતું !

પોતાની રીતે જ બીજાને સમજાવવાનો-વર્તાવવાનો પ્રયત્ન કરવો તે સહજ માનવીય પ્રકૃતિ છે. જે ઉપવાસી હોય તેને ભોજન ઝાપટનારાનો અવગુણ ન આવે તે અશક્ય જેવું જ; જે ભોંયપથારી કરે તેને પાટ ઉપર સૂનારો પોતા કરતાં ઊતરતો ન લાગે તે અસંભવિત જેવું જ; જે જાગરણ કરે તેને ઊંઘણશી વિશે અણગમો ન થાય તે ન બનવા જોગ જ; પરંતુ સ્વામીશ્રી આ પ્રકૃતિથી સદા અળગા રહેલા. પોતે સેવામાં ચકચૂર રહે છતાં કોઈ આરામ ફરમાવતો હોય તેનો એમને લેશ અવગુણ ન આવે! પોતાના ભોજનનું કોઈ ઠેકાણું ન પડે એ રીતે તેઓ સેવા કરતા હોય છતાં તેઓને નાસ્તા-પાણી કરનારા વિશે કોઈ અણગમો ન થાય!!

ખરેખર, અજબ હતી એમની કાર્યશૈલી! ગજબ હતી એમની જીવન-શૈલી!! આવી કાર્યશૈલી અને જીવનશૈલીથી સ્વામીશ્રી અમૃત મહોત્સવ ઊજવી રહેલા. પછી આ ઉત્સવમાં આવનાર સૌને અમૃતના ઓડકાર કેમ ન આવે?

આ ઉત્સવમાં સ્વામીશ્રીએ વેઠેલા શ્રમ કરતાં પણ તેઓએ જાળવેલી સાધુતા તેઓનાં ચરણોમાં મસ્તક ઝુકાવી દે તેવી છે. અમૃત મહોત્સવ તેઓની સિદ્ધિ કરતાંય તેઓની શૈલી માટે વિશેષ યાદગાર રહે તેવો છે.

અમૃત મહોત્સવનો આરંભ

અમૃત મહોત્સવ ઉપક્રમે જૂન માસના પ્રારંભથી વિવિધ કાર્યક્રમો શરૂ થઈ ગયેલા. તેમાં તા. ૧/૬ના રોજ સ્વામીશ્રી દ્વારા શ્રીજીમહારાજ અને ગુરુપરંપરાના જીવન-કાર્યને હૂબહૂ આલેખતાં 'અમૃતનિકુંજ' પ્રદર્શનનું ઉદ્‌ઘાટન થયું હતું. લગભગ ચાલીસ હજાર હરિભક્તો આ પ્રદર્શનના દર્શનનો લાભ લઈને ધન્ય થયેલા.

તા. ૨/૬ના રોજ યોગીજી મહારાજ આ ઉત્સવ પ્રસંગે પધાર્યા ત્યારે પટેલ બોર્ડિંગ પાસે સ્વામીશ્રીએ તેઓનું ભવ્ય-ભાવભર્યું સ્વાગત કરેલું અને ખુલ્લી મોટરમાં ધૂન-ભજન કરતાં કરતાં યોગીજી મહારાજને મંદિર સુધી લઈ આવ્યા હતા.

તા. ૪/૬ની સવારે સાડા નવ વાગ્યે મહોત્સવના પ્રથમ સમારંભમાં સ્વામીશ્રીએ સ્વાગતોર્મિઓ વહાવતાં જણાવ્યું હતું કે 'ખરેખર આપણે મહાન ભાગ્યશાળી બન્યા છીએ કે આ અપૂર્વ ઉત્સવ યોગીજી મહારાજની હાજરીમાં આપણે ઊજવીએ છીએ. ઘણાની જન્મજયંતી ઊજવાય છે, પણ તેમાં પ્રત્યક્ષ હાજરી એ ગૌરવનો વિષય છે. શાસ્ત્રીજી મહારાજ કહેતા કે 'હું તે યોગી ને

યોગી તે હું.' શાસ્ત્રીજી મહારાજના જેણે દર્શન કર્યાં છે, જેને મળ્યા છે તેવું જ દર્શન-સુખ યોગીજી મહારાજ દ્વારા મળી રહ્યું છે. આવા ને આવા પ્રસંગો ઊજવવા સ્વામીશ્રી ઘણા વરસો આપણી વચ્ચે રહે તે પ્રાર્થના.'

એની જોડ ન જડે !

ઉત્સવની આ પ્રારંભિક સભાનો લાભ લેવા યોગીજી મહારાજની રસોઈની સેવા કરતા સંતો પણ મહોત્સવ સ્થળે પહોંચી ગયેલા. તેઓની ધારણા હતી કે 'સભામાંથી થોડા વહેલા આવી રસોઈ કરી લેશું.' તેઓ આ ગણતરી મુજબ નીકળ્યા પણ ખરા, પરંતુ લાખોની મેદનીને વીંધીને આવતાં તેઓને મોડું થઈ ગયું. તેઓ પહોંચ્યા તેની પાછળ પાછળ જ યોગીજી મહારાજ પણ આવી ગયા ! તેઓ રસોડામાં પધારતાં જ અણસાર પામી ગયા કે 'હજુ રસોઈ બાકી છે.' તેથી સેવકોને કહ્યું : 'લાવો, શાકભાજી આપણે કરી નાંખીએ !' એમ કહી જમવાની સાદડી પર બેસીને તાંદળજાની ભાજી તોડવા લાગ્યા.

એ સમયે જ કવિ દુલા કાગ યોગીજી મહારાજ પાસે વિદાય લેવા આવેલા. કો'કે તેઓને યોગીજી મહારાજના ઓરડા બાજુ મોકલેલા, પણ ત્યાં યોગીજી મહારાજને ન જોતાં તેઓ પાછા વળતા'તા. પણ ત્યારે જ તેઓને સ્વામીશ્રીનો મેળાપ થઈ ગયો. સ્વામીશ્રીએ પૂછપરછ કરી તો કવિએ કહ્યું : 'યોગીજી મહારાજને મળવા આવેલો પણ તેઓ ઉતારામાં નથી.'

'તેઓ રૂમમાં જ હશે.' એમ કહી સ્વામીશ્રી તેઓને યોગીજી મહારાજના ઉતારા બાજુ લઈ ગયા. અહીં નીચે બેસી ભાજી તોડી રહેલા યોગીજી મહારાજને દર્શાવતાં સ્વામીશ્રીએ કવિ કાગને કહ્યું : 'આ રહ્યા બાપા. તેઓ અહીં જ બેઠા છે.'

આ દૃશ્ય જોતાં દુલા ભાયા દિગ્મૂઢ થઈ ગયા ! હજી હમણાં જ જંગી સભામાં કમલાસન પર બેઠેલા યોગીજી મહારાજને તેઓએ જોયેલા. એ જ 'જોગી' અહીં ભાજી તોડી રહ્યા છે ?! આ જોઈ કવિનું કાળજું વીંધાઈ ગયું !

આ પ્રસંગ તેઓ અનેક સભાઓમાં વર્ણવતાં કહેતા કે 'આ તો મારી જિંદગીનું સંભારણું છે ! પોતાના અમૃત મહોત્સવમાં જે હાથે લાખોના સન્માન ઝીલે તે જ હાથે તાંદળજાની ભાજી તોડનાર બાપો તો એક જ ! એની જોડ ન જડે !'

આમ, દુલા કાગને યોગીજી મહારાજના રંગે રંગી દેવામાં સ્વામીશ્રીનો

ફાળો અનન્ય હતો. યોગીજી મહારાજને ભાજી તોડતાં જોઈને પ્રભાવિત થયેલા દુલા કાગનો આ પ્રસંગ સ્વામીશ્રી સભા-સંગોષ્ઠીમાં અનેક વાર વર્ણવતા. છતાં તેઓના જીવનમાં આશ્ચર્યની વાત તો એ રહેલી કે 'દુલા કાગને હું યોગીબાપા પાસે લઈ ગયો' એ વિગતનો ઉલ્લેખ કરવાનું તેઓ ટાળતા. તેઓએ કદી આ ઘટનાનો જશ પોતાના નામે ચડાવ્યો નહોતો.

વાતવાતમાં સિફતપૂર્વક પોતાની મહત્તાના મમરા મૂકતાં રહેતા આજના અહંકેન્દ્રી સમાજમાં કોઈ રીતે બંધ બેસે નહીં એવા સ્વામીશ્રી હતા! છતાં તેઓ આપણી વચ્ચે આસન માંડી ગયા એ જ એમની કૃપા!!

તેઓને જોઈને દુલા કાગની જેમ સૌને બોલવાનું મન થઈ જાય : 'આવો બાપો તો એક જ! એની જોડ ન જડે!'

દિવ્યતાનો દિવસ

તા. ૪/૬ની સાંજ પણ ઉત્સવની સ્મરણીય સંધ્યા બનીને આથમી હતી, કારણ કે આ સમયે ગોંડલના રાજમાર્ગો પર ભવ્ય શોભાયાત્રા નીકળેલી. કલાત્મક મયૂરરથમાં યોગીજી મહારાજ બિરાજેલા. તેઓની જમણી બાજુ થોડે નીચે સ્વામીશ્રી અને ડાબી બાજુ નીચે નંદાજી બેઠેલા. યોગીજી મહારાજના આસનની સામે નીચેના ભાગમાં સંતવલ્લભ સ્વામી અને મહંત સ્વામીએ સ્થાન લીધેલું. આકાશમાંથી વૃષ્ટિ થાય તો જમીન સુધી ન પહોંચે તેમ ભક્તમેદની અડોઅડ ચાલી રહેલી. આ અભૂતપૂર્વ શોભાયાત્રા દ્વારા ગોમંડલ-ભૂમંડલમાં યોગીજી મહારાજનો જયજયકાર થઈ ગયો.

તા. ૫/૬/'૬૭નો દિવસ અમૃતદિન હતો. જેના માટે સ્વામીશ્રીએ સખત શ્રમ ઉઠાવેલો તે આ દિવસ હતો. આ પ્રસંગે આયોજિત સમારંભમાં અનેક મહાનુભાવો અને હજારો હરિભક્તોને સંબોધતાં તેઓએ કહેલું કે –

'આજનો દિવસ દિવ્યતાનો છે. જીવન પરિવર્તનનો છે. કેટલાકને કદાચ એક પ્રશ્ન થાય કે આવા સમારંભો શા માટે કરવા જોઈએ? પણ આવા સમૈયાથી અનેકનાં જીવન-પરિવર્તન થાય છે. અંતકાળે આવા સમૈયાના એકાદ પ્રસંગની પણ સ્મૃતિ થાય તો અનેકવિધ સંસારની ઉપાધિમાંથી પણ મુક્તિ મળે અને તેનું અતિ રૂડું થાય. આવા ભવ્ય સમારંભો યોજવાથી સાચું સુખ મળે અને શાંતિ સ્થપાય છે. દેશમાં ઘણી પ્રકારની આપત્તિઓ આવે છે. તે બધી આવા પુરુષના સંબંધથી જ દૂર થાય છે. આવા પુરુષ આપણી વચ્ચે ઘણું રહે તે માટે હું

મહારાજ, સ્વામી તથા શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરું છું.'

આ પ્રસંગે સ્વામીશ્રીએ પુરવઠા-પ્રધાન શ્રી બાબુભાઈને ગુજરાત દુષ્કાળ રાહત ફંડમાં તથા ગોંડલની પ્રજા માટે માતબર રકમનું દાન જાહેર કરેલું અને પ્રતીકરૂપે ઘઉંની થેલી પુરવઠા-પ્રધાનને અર્પણ કરેલી. સૌએ આ વિધિને ગગનભેદી જયનાદોથી વધાવી લીધો. સાથે સાથે સ્વામીશ્રીએ સૌ મહાનુભાવોને શાસ્ત્રીજી મહારાજ દ્વારા નિર્મિત મંદિરોની પ્રતિકૃતિથી અલંકૃત સુખડની સ્મૃતિભેટ તથા અમૃત મહોત્સવ ઉપક્રમે પ્રકાશિત પુસ્તકો ઉપહાર-સ્વરૂપે આપ્યાં હતાં. છેલ્લે યોગીજી મહારાજના આશીર્વાદ બાદ સ્વામીશ્રીએ ગુલાબનો ભવ્ય હાર તેઓને અર્પણ કરીને અમૃત-અંજલિ આપી હતી.

આમ, સ્વામીશ્રીની અપાર જહેમતથી યોગીજી મહારાજનો અમૃત મહોત્સવ અતિ ભવ્યતાથી ઊજવાઈ ગયો. તેમાં ૧૩૬ ગામોના ૩,૫૮૨ સ્વયંસેવકોએ ખડે પગે સેવા કરી. આકાશવાણી અને અખબારોએ મહોત્સવનું વ્યાપક પ્રસારણ કર્યું.

યોગીજી મહારાજની રુચિ સમજીને સ્વામીશ્રીએ ગોંડલમાં અમૃત મહોત્સવ ઊજવવાનું બીડું ઝડપેલું. આ નિર્ણયને તેઓએ સવાયો સાર્થક કરી દેખાડ્યો અને યોગીજી મહારાજની અઢળક પ્રસન્નતા મેળવી લીધી.[૧૯૧]

દૈહિક દુઃખોને અવગણીને

પ્રત્યેક ઉત્સવમાં બનતું તેમ ઉત્સવ બાદ સૌ વીખરાયા અને સ્વામીશ્રીએ ઉત્સવ સંકેલવાનું કાર્ય આરંભ્યું. દસ દિવસે તે થાળે પડ્યું. ત્યારબાદ તા. ૧૬/૬ના રોજ સ્વામીશ્રી ડૉ. ગુલાબરાય સંપતના દવાખાને પધારેલા. તેઓને મોંમાં ઉપરના પેઢાની ડાબી બાજુની દાઢ દુઃખતી હતી. તે આ દવાખાનામાં તેઓએ કઢાવી નાંખી. આમ, સ્વામીશ્રીની દિવ્ય દંતપંક્તિનું પ્રથમ મોતી અહીં ખર્યું !

સ્વામીશ્રીની પ્રકૃતિ જોતાં એમ અનુમાન કરવાનું ચોક્કસ મન થાય છે કે તેઓને આ દુખાવો મહોત્સવ પહેલાંથી રહેતો જ હશે, પરંતુ સેવામાં વિક્ષેપ ન થાય તે માટે જ તેઓએ દવાખાને જવાનું ટાળ્યું હશે અને દાઢનું દુઃખ સહન

---

૧૯૧. યોગીજી મહારાજના અમૃત મહોત્સવમાં સ્વામીશ્રીએ કરેલી વિવિધ સેવાઓની સ્મૃતિઓ માણવા જુઓ વીડિયો ટ્રેક નં. ૨૭. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

કરતા રહ્યા હશે !

તા. ૧૮/૬ના રોજ સ્વામીશ્રી વીરપુર જઈને જલારામ બાપાના વારસદાર ગિરધર બાપાને પણ મળેલા. તેઓએ આ સદાવ્રતમાં હરિભક્તો દ્વારા રોકડ રકમની ભેટ મુકાવી પણ ગિરધર બાપાએ તે લેવાની ના પાડતાં કહ્યું : 'આપ પણ સેવા જ કરો છો. આપની ભેટ મારાથી ન લેવાય.' એમ કહીને સ્વામીશ્રી વિશે ખૂબ સદ્‌ભાવ જણાવેલો.

મુશ્કેલીઓને માણનારા

અમૃત મહોત્સવ બાદ યોગીજી મહારાજ સારંગપુર પધારેલા. અહીં આફ્રિકાથી આવેલા ચારસો હરિભક્તોએ પારાયણ યોજેલું. તેમાં થોડા દિવસ વીતી ગયા બાદ તેઓએ યોગીજી મહારાજને વિનંતી કરી કે 'બાપા ! સારંગપુર તો પ્રમુખસ્વામીનું સ્થાન કહેવાય. માટે તેઓને પારાયણની પૂર્ણાહુતિમાં બોલાવો તો સારું.' યોગીજી મહારાજે આ વિનંતી માન્ય રાખી અને સ્વામીશ્રીને સંદેશો મોકલાવ્યો.

યોગીજી મહારાજનો આદેશ આવતાં જ સ્વામીશ્રીએ સેવકોને તા. ૧૮/૬ની સાંજે સાડા પાંચ વાગ્યે સારંગપુર જવા માટે તૈયાર રહેવા જણાવ્યું. તે વખતે મુંબઈના પાંચ સંતો અને અમૃત મહોત્સવમાં દીક્ષા લીધેલા બે સંતોએ પણ સ્વામીશ્રીને કહ્યું : 'અમને તમારી સાથે વિચરણનો લાભ મળે એવી ઇચ્છા છે, તો અમે સાથે આવીએ ?'

'તમે કાલે ટ્રેનમાં આવજો. ગાડી નાની છે. ગિરદી થશે અને તમને ફાવશે નહીં.'

બીજાને ઓછામાં ઓછી તકલીફ પડે એવી દૃષ્ટિ રાખીને જ આયોજન કરવાની સ્વામીશ્રીની પ્રકૃતિ. તેથી તેઓએ તે સંતોને આમ જણાવ્યું.

પણ સંતોને સ્વામીશ્રીના લાભનો લોભ. તેથી તેઓ કહે : 'વાંધો નહીં આવે. અમને ફાવશે.'

'તો ચાલો, પોટલાં મૂકીને સમયસર હાજર થઈ જજો. બાપા પાસે પહોંચતાં મોડું ન થાય. રાત્રે દર્શન થઈ જાય.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓ એક વાર પોતાનો અભિપ્રાય જણાવી દેતા. પછીયે સામેની વ્યક્તિ પોતાની વાત પકડી રાખે તો સ્વામીશ્રીને પોતાનો મત મૂકી દેવામાં સેકન્ડનોય વિલંબ ન થાય. આ પ્રમાણે તેઓએ પેલા સંતોને પણ સાથે લીધા અને

મણિભાઈ નાનાણીની જીપમાં નવ જણા ગોઠવાયા.

આ જીપ જોતાં જ હકાબાપુએ તો વ્યથા-કથાનું મંગલાચરણ કરી દીધું કે 'આ ઠગારું ક્યારે પહોંચાડશે?' કારણ કે તેઓને આ જીપગાડીનો સારો એવો અનુભવ હતો. અમૃત મહોત્સવ નિમિત્તે સ્વામીશ્રીએ ત્રણ મહિના આ જ જીપમાં વિચરણ કરેલું. તેમાં હકાબાપુ પણ સાથે હતા. તેથી તેઓએ આમ બળાપો કાઢ્યો.

પણ તેઓના ઉકળાટ સામે સ્વામીશ્રી તો શાંતિથી બોલ્યા : 'આપણે પહોંચવા સાથે કામ છે ને !'

સામેની વ્યક્તિ જેટલી ઉગ્ર થાય તેટલા જ શાંત સ્વામીશ્રી રહી શકતા. કોઈના દોષનો ચેપ તેઓને કદી લાગતો નહીં.

...અને સ્વામીશ્રીની સવારી નીકળી. પણ સાંજે સાડા છ - સાતના સુમારે ઢસા ઓળંગી કાળુભાર નદીના કાંઠે પહોંચ્યા તો ત્યાં નદી બે કાંઠે પૂરપાટ વહેતી હતી. ઉપરવાસમાં થયેલા કમોસમી વરસાદનો આ પરચો હતો. થોડી વારમાં તો વરસાદનાં છાંટણાં અહીં પણ શરૂ થયાં. જીપમાં પાણી ટપકવા લાગ્યું. તે ટપકતાં પાણીનો રેલો હકાબાપુ નીચે આવ્યો હોય તેમ એમણે વ્યથા-કથાનો નવો અધ્યાય ખોલતાં લલકાર્યું : 'લ્યો હવે. ક્યાં જશો? હું ચાર વાગ્યાનો કે'તો હતો કે 'નીકળો, નીકળો...' પણ તમને આખા ગામની ચિંતા. એમાં પાછળ આટલા બધા હલોહલ ભર્યા છે. મંઈ હાહ(શ્વાસ) લેવાતો નથી. હવે બોલો, શું કરવું છે?'

'થોડી વાર ઊભા રહીએ. હમણાં પાણી ઊતરી જશે.' બાપુની બઘડાટી સામે સ્વામીશ્રી શાંતિથી અને ટૂંકમાં બોલ્યા. આગમાં બળતણ નાંખો તો ભડકા થયા કરે, પણ સ્વામીશ્રી તો ટાઢું પાણી જ રેડી દેતા. તેથી હકાબાપુ ફટાકડાની જેમ થોડા ભડકીને વળી પાછા શાંત થઈ જતા.

થોડી વારે સ્વામીશ્રીએ સેવકોને કહ્યું : 'ખાડે (શૌચવિધિ કરવા) જવું પડે એમ લાગે છે.'

આ સાંભળી સેવકોને ફાળ પડી, કારણ કે અંધારું જામતું જતું હતું. વરસાદ વધતો જતો હતો. આમાં સ્વામીશ્રી બહિર્ભૂમિ કયાં જાય? તેથી તેઓએ કહ્યું : 'ગઢડા દસથી બાર કિલોમીટર જ દૂર છે. ત્યાં જઈને નવાશે. અહીં ક્યાં ન્હાશો?'[૧૯૨]

---

૧૯૨. સંતોને શૌચવિધિ બાદ સ્નાન કર્યા પછી જ અન્ય વસ્ત્ર કે વસ્તુને અડાય તેવો નિયમ હોય છે. તે સંદર્ભમાં અહીં સ્નાનની વાત સમજવી.

'અહીં ઊભા જ રહેવાનું થયું છે તો સમયનો સદુપયોગ કરી લઈએ. આ નદી છે એમાં નાહી લઈશું. લાવો લોટો.' એમ કહેતાં સ્વામીશ્રી તો નીચે ઊતરી, વસ્ત્ર બદલીને દૂર દેહક્રિયા કરી આવ્યા. પછી નદી કાંઠે બેસી સ્નાન કર્યું. વરસતા વરસાદમાં કીચડવાળા નદીકિનારે જ ધોતિયું બદલ્યું.

તેટલામાં એક માણસ ટોર્ચના અજવાળે આવતો દેખાયો. સ્વામીશ્રીએ તેને જ પૂછ્યું : 'ભાઈ! આ કાળુભારનું પૂર ક્યારે ઉતરે એમ છે?'

'અરે, આ તો સવારેય નો' ઉતરે. આગળ ધોધમાર વરસાદ પડ્યો છે. માટે પાછા વળવું પડશે.'

'પણ અમે પાછા વળીને ક્યાં જઈશું? અમારે તો સારંગપુર જવું છે.' સ્વામીશ્રીએ પોતાનો નિર્ધાર જણાવ્યો.

'તો તમે ભાવનગરવાળા રસ્તે વલ્લભીપુર થઈ બરવાળાથી સારંગપુર જાઓ.'

આ સાંભળતાં જ હકાબાપુ છંછેડાયા : 'ખરી કરી ને તમે! હાલો હવે ઝટ બેહી (બેસી) જાઓ.'

હકાભાઈના પ્રત્યેક ઉકળાટે સ્વામીશ્રી મરમ-મરમ હસતા જતા. એ જ હાસ્યરસમાં શબ્દોને ઝબોળતાં સ્વામીશ્રી બોલ્યા : 'આપણે તો કોઈ પણ રસ્તે, પહોંચવાથી જ કામ છે ને! એ તો આવું થાય ત્યારે જ લાભની ખબર પડે ને!' એમ કહેતાં ગાતરિયું ઓઢ્યું અને જીપમાં બેઠા. સવારી પાછી આગળ ચાલી.

ગોકળગાયની ગતિએ ગાડી રાત્રે સાડા બાર વાગ્યાની આસપાસ બરવાળા પહોંચી. અહીંથી સારંગપુર ચૌદ કિલોમીટર દૂર. એ આખો રસ્તો મેટલ(પથરા)નો હતો. એવા ઊબડ-ખાબડ રસ્તે ગાડી ચઢી અને હકાભાઈ વ્યથા-કથાની પોથીનું પાનું ફેરવતાં ફરી બોલ્યા : 'આ બિચારા નવા સંતો તમારી જોડે લાભ લેવા બેઠા છે કે ટીપાવા!? તમે સંસ્થાના ધણી અને આમ રખડતાં રખડતાં જવાનું? આવું તે હોતું હશે!?'

'આ આવી ગયું ખાંભડા તો... હમણાં સારંગપુર પહોંચ્યા સમજો.' સ્વામીશ્રીએ બાપુના બુઝાવા આવેલા શ્રદ્ધાના દીવામાં આશાનું તેલ પૂરતાં કહ્યું.

...પણ જીપ ખાંભડા આવી ત્યારે એક નવી ઉપાધિએ પોત પ્રકાશ્યું. ખાંભડાના પાદરમાં આવેલા વોકળામાં પાણીનું વહેણ હતું. તેથી ડ્રાઈવરે ગાડી થોભાવી દીધી. સ્વામીશ્રી ઊતર્યા. ધીરે ધીરે પાણી ડહોળતાં સામે પહોંચ્યા તો ઘૂંટણભેર પાણી આવ્યું. તેથી સ્વામીશ્રીએ ચાલકને કહ્યું : 'આવવા દે. વાંધો

નહીં આવે.'

ડ્રાઈવરે વાતમાં વિશ્વાસથી અને રાત્રિ વીતતી જતી હતી તેથી કંઈક કંટાળા સાથે જીપ પાણીમાં ઉતારી, પણ અધવચાળે જીપ ઊભી રહી ગઈ. તે જોઈ સ્વામીશ્રી કહે : 'અલ્યા, શું થયું ? કેમ બંધ પડી ગઈ ? ખાડામાં તો નથી ફસાઈ ને ?!'

'સ્વામી ! ડીઝલ થઈ રહ્યું છે !' ડ્રાઈવરે કહ્યું.

હકાબાપુ તો આ સાંભળતાં જ ઊકળ્યા-ઊછળ્યા. ગાડીમાં બળતણ ખલાસ થવાની વાતે તેઓના ઉકળાટમાં ડીઝલ નાંખ્યું હોય તેમ તેઓ તણખા ખેરવતાં બોલ્યા : 'લ્યો, અડધી રાતે હલવાયા ને ?! હવે પડ્યા રહો અહીં. રાત્રે કોને બોલાવશો ?'

તેઓ આમ જ્યાં બોલી રહ્યા ત્યાં જ સ્વામીશ્રીએ તેઓને જ પૂછ્યું : 'દરબાર ! હવે કેમ કરશું ?'

'એ તમે જાણો.' હકાભાઈએ છણકો કર્યો.

'દરબાર ! તમે બેસી રહો. સામાન સાચવો. અમે ચાલવા માંડીએ. સારંગપુર જઈને ટ્રેક્ટર મોકલીએ.' સ્વામીશ્રીએ કહ્યું.

સ્વામીશ્રીનો ઉપાલંભ સાંભળતાં જ હકાભાઈ સીધા જીપની બહાર આવી ગયા. સ્વામીશ્રીને પણ એ જ કરાવવું હતું. સૌ ચાલવા લાગ્યા. સ્વામીશ્રી કહે : 'બધા મારી પાછળ ચાલ્યા આવો.'

...અને રાત્રે બે - અઢી વાગ્યે સવારી પગપાળા નીકળી. હકાભાઈએ સૂચન ધર્યું : 'ગાડાવાળાને બોલાવીએ.'

'પણ હવે સારંગપુર ક્યાં દૂર છે ?' એમ કહી સ્વામીશ્રી ચાલવા જ લાગ્યા.

ઘણી વાર નાનાં ટાબરિયાં કમને પણ રડતાં-રવડતાં, પગ પછાડતાં માની પાછળ ચાલ્યાં જાય છે, તેમ હકાબાપુ બબડાટ કરતાં કરતાં સ્વામીશ્રી પાછળ હીંડવા માંડ્યા. સ્વામીશ્રીએ ઝટ પહોંચાય એટલે ખેતરાઉ રસ્તો લીધેલો. તેથી ખેડેલી જમીનને કારણે ઘણી વાર પગ ફગી જાય તો ઘણી વાર બે વેંત અંદર ખૂંચી જાય.

પેલા નવા સંતો કહે : 'આ કયા રસ્તે જઈએ છીએ ?'

ત્યારે સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : 'તમો બધા લાભ લેવા ભેગા આવ્યા છો ને ? આ લાભ સાચો ! બાપાનાં દર્શન એમ કાંઈ થાય ? જુઓ, હમણાં સારંગપુર પહોંચી જઈશું... ધીરે ધીરે આવો... જો જો પડતા નહીં... એકબીજાના

હાથ ઝાલીને ચાલજો...' એમ કહેતાં સ્વામીશ્રી સૌને દોરતા ગયા.

આમ ચાલતાં ચાલતાં સવારના લગભગ સાડા ત્રણ વાગ્યે સ્વામીશ્રીએ સારંગપુર મંદિરનો દરવાજો ખટખટાવ્યો. જીવાભાઈ દરવાન અડધી રાત્રે સ્વામીશ્રીને જોઈને બોલી ઊઠયા : 'અરે, નારાયણ સ્વામી ! તમે અત્યારે ?'

તેઓનાં ભીનાં વસ્ત્રો અને ગારાવાળા પગ જોઈ કોને આમ આશ્ચર્ય ન થાય !

મંદિરમાં પ્રવેશીને સભામંડપ આવતાં જ સ્વામીશ્રી કહે : 'ચાલો બધા ઝટ ઝટ નાહી લ્યો...' સૌ સ્નાન કરીને પરવાર્યા ત્યાં જ યોગીજી મહારાજનું મંગળ પ્રવચન શરૂ થયું. યોગીજી મહારાજે શરૂઆતમાં જ સ્વામીશ્રીને યાદ કરતાં પૂછ્યું : 'પ્રમુખસ્વામી આવ્યા ?'

ત્યાં તો 'હા, બાપા ! આવી ગયો છું' કહેતાં સ્વામીશ્રી ઓરડામાં પ્રવેશ્યા.

તેઓને જોઈને યોગીજી મહારાજ ખૂબ રાજી થયા અને બોલ્યા : 'અહોહો ! આ તો સ્વામી (શાસ્ત્રીજી મહારાજ) આવ્યા ! આખી રાત તમારી વાટ જોઈ. કંઈ તકલીફ તો નથી પડી ને ?'

'ના, બાપા !' સ્વામીશ્રી બોલ્યા.

મેઘ, મધરાત અને મુશ્કેલીઓને માથે લઈને જ સ્વામીશ્રી આવેલા; પણ તેનું કોઈ બયાન તેઓએ કર્યું નહીં !

દુઃખોનાં રોદણાં રડવાની આમેય તેઓને આદત નહોતી. તેમાંય ગુરુનું વચન પાળવામાં પડતી મુશ્કેલીઓને તો તે માણનારા હતા. હજી બાર દિવસ પહેલાં જ ઊજવાયેલા વિરાટ અમૃત મહોત્સવના અધ્યક્ષની આ યાત્રા, સહ-પ્રવાસીઓ માટે તો સોનેરી સંભારણું બની ગઈ ! હોદ્દાની સાથે ઢસડાઈ આવતા હકદાવાઓથી સ્વામીશ્રી જોજનો દૂર હતા એ પણ સૌએ આ પ્રસંગે જોયું.

તપ જેવું વહાલું છે વાલમને

સારંગપુરમાં પારાયણની પૂર્ણાહુતિ કરી સ્વામીશ્રી ગઢપુર પધાર્યા હતા. અહીં પણ આફ્રિકાના હરિભક્તો દ્વારા યોજાયેલા પારાયણમાં તેઓએ 'હરિલીલાકલ્પતરુ'ના અષ્ટમ સ્કંધની કથાનો લાભ આપેલો.

ગઢપુરના આ રોકાણ દરમ્યાન જ સમાચાર આવ્યા કે 'મોટા સ્વામીનો અક્ષરવાસ થયો છે.' તેથી સ્વામીશ્રી તેઓની અંતિમવિધિ માટે નીકળ્યા. રાત્રે ત્રણ વાગ્યે અટલાદરા પહોંચ્યા.

મહંત સ્વામી તથા કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી પણ મુંબઈથી આવી ચૂકેલા. સૌને સાથે રાખી સ્વામીશ્રીએ સર્વ વિધિ કર્યો.

ત્યારબાદ બોચાસણ, અમદાવાદ, સારંગપુર, ગઢડા, ધારી, અમરેલી, ગોંડલ થઈને તા. ૧૪/૭ના રોજ દેવચડી ગામમાં મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે યોગીજી મહારાજની સાથે ગયા.

તા. ૧૭/૭ના દિવસે દેવપોઢી એકાદશી હતી. તેથી સ્વામીશ્રીએ પણ યોગીજી મહારાજની પાસેથી એક મહિનાના ધારણાં-પારણાં કરવાનો નિયમ લીધો. *'તપ જેવું વહાલું છે વાલમને, એવું બીજું નથી કાંય...'* એ પંક્તિઓ શ્રીજીમહારાજને જેટલી લાગુ પડતી એટલી જ સ્વામીશ્રીને પણ લાગુ પડતી હતી.

ગોંડલથી રાજકોટ, સુરેન્દ્રનગર, અમદાવાદ થઈને ગુરુપૂનમના સમૈયા માટે સ્વામીશ્રી બોચાસણ પધારેલા.

અહીં તા. ૨૧/૭ના રોજ સંસ્થાની વ્યવસ્થાપક કમિટીની મીટિંગમાં તેઓએ મોટા સ્વામીના સ્થાને મહંત સ્વામીને ટ્રસ્ટી તરીકે નિયુક્ત કર્યા.

તા. ૨૨/૭ના રોજ ગુરુપૂનમ ઊજવીને ધર્મજ, આણંદ, વડતાલ, મહેળાવ, રૂંદેલ થઈને પુનઃ બોચાસણ પધાર્યા અને તા. ૨૫/૭થી 'હરિલીલા-કલ્પતરુ'ના પારાયણનો પ્રારંભ કર્યો.

આ સંસ્થાને આંચ આવવાની નથી

આ અરસામાં અજ્ઞાન, અણસમજણ અને અહં-મમત્વના ત્રિભેટે અટવાતા કેટલાક મુમુક્ષુઓ જાગા સ્વામીની મહત્તા વધારવા માટે ભગતજી મહારાજનું ઘસાતું બોલવા-લખવા લાગેલા. સ્વામીશ્રીને આ પ્રવૃત્તિ યોગ્ય ન લાગી. તેથી તેઓએ આ ગતિવિધિમાં સલવાઈ ગયેલા એક મુરબ્બીને પત્ર લખેલો. ઊહાપોહ મચાવનારાને તેઓની લાયકાત બતાવી આપતાં સીધા-સાદા છતાં સ્પષ્ટ શબ્દોની તાકાતથી સભર એ પત્ર કંઈકના પૂર્વગ્રહની પીડા ટાળે-ગાળે એવો છે. તેમાં સ્વામીશ્રીએ લખેલું કે –

વિ. જ્ઞાનપ્રકાશમાં જે લખાણ કરેલ છે, તેથી પૂજ્ય યોગીજી મહારાજ તથા મને તથા આખા સત્સંગ સમાજને ખુબ દુઃખ થયું છે કારણ કે આપે જે ભાવથી લખેલ છે તે આપનો ભાવ તથા આપનો આશય ખોટો છે. આપે પૂજ્ય ભગતજી મહારાજ માટે જે આધાર ટાંક્યા છે તેમાં કેવળ દોષ-ભાવથી જ ટાંક્યા છે. વાત જે લખાઈ છે તે કયા

ભાવથી લખાઈ છે તે આપે જ વિચાર કરવાનો છે.

જો કે આવા લખાણોથી આ સંસ્થાને કે તેવા મહાન પુરુષોને આંચ આવવાની નથી. તે તો ધુળ ઉડાડનારને જ સહન કરવાનું છે અને આવા પ્રયત્નો કરી આ સંસ્થા કે તેના પુરુષોને ખોટા દેખાડવા પાડવા પ્રયત્ન કરશો તે તો જીભ કાપવા જેવું છે. પૂજ્ય ભગતજી મહારાજનું ખોટું કરવા જતાં તમારું પણ ખોટું થઈ જાય છે. માટે (ક) સાહેબ! જરા ઊંડા ઊતરો. વિચાર કરો કે જેના આશીર્વાદથી આ સંસ્થા ઊભી થઈ છે તે માટે આપડા જેવા હજારો નહિ પણ લાખો પ્રયત્ન કરશે તો પણ તે સંસ્થાને જરા પણ આંચ આવવાની નથી અને હલકી પડવાની નથી. કરનાર હલકા પડે છે પણ મોહબુધ્ધિમાં આ વાત સમજાતી નથી. દૃષ્ટિ તેવી સૃષ્ટિ દેખાય, કમળો એટલે પીળું દેખાય તેમ આપ દોષદૃષ્ટિથી જુવો તે બીજામાં પણ તે જ દેખાય. માટે આ બધી ખોટી ખેંચતાણ મુકી અને રાજકીય રમતની જેમ અશુદ્ધભાવથી કોઈ કાર્ય ન કરતા શાન્તિ અને સુખ હવે અંત અવસ્થાએ મળે તેમ કરશો. આથી અનેકના આત્માને દુઃખ ઊભું કરેલ છે પણ પહેલા પોતે પોતાનું જોઈ બીજાને કહેવા લખવાનો પ્રયત્ન કરવો.

(ખ) મહારાજનું પ્રમાણ આપે લીધું તો આ સત્સંગમાં તેઓનું સ્થાન શું? તેનો આપે જ વિચાર કરવાનો છે. અને તેવા પ્રમાણ લેતા તમારું લખાણ કરેલું પ્રમાણ બને છે? તે તમારે વિચારવાનું છે. એ જ અસ્તુ.

આ પત્રમાં રહેલ સ્વામીશ્રીનાં શુદ્ધ ભાવ, વેધક રજૂઆત અને સત્ય વાતથી અવળી વાતો લખનારના અંતરમાં ખરેખરી ચોટ લાગી ગયેલી. તેઓ સ્વામીશ્રીને મળવા માટે દોડી આવેલા અને ફરી આવી ભૂલ નહીં થાય તેની ખાતરી પણ આપી ગયેલા.

'संशयानां हि निर्मोक्ता त्वन्नान्यो विद्यते भुवि।'[૧૯૩] 'સંશયો છેદવામાં તમારા જેવો બીજો કોઈ આ પૃથ્વી પર દેખાતો નથી.' – દ્વાપરના દ્વારે કૃષ્ણ માટે બોલાયેલા યુધિષ્ઠિરના આ શબ્દો કળિયુગમાં સ્વામીશ્રી માટે સત્ય સાબિત થાય તેવા હતા. તેમની કલમથી કે જીભથી જ્યારે સિદ્ધાંતની સરસ્વતી વહેતી ત્યારે ભલભલાનાં કાળજાનો કાટ-કચરો સાફ થઈ જતો.

---

૧૯૩. सभापर्व (महाभारतम्) – ૧૪/૧.

સિદ્ધાંતો પર નજર રાખીને

બોચાસણમાં પારાયણની પૂર્ણાહુતિ કરીને સ્વામીશ્રી અટલાદરા પધાર્યા હતા. અહીં મોટા સ્વામીના અક્ષરવાસ નિમિત્તે યોજાયેલા પારાયણમાં લાભ આપ્યા બાદ, આણંદ, ખંભાત, વીરસદ થઈને વિદ્યાનગર આવી પહોંચ્યા.

અત્રે તા. ૭/૮ના દિવસે છાત્રાલયના પ્રાર્થના હૉલમાં યોગીજી મહારાજના હસ્તે મૂર્તિપ્રતિષ્ઠાનો પ્રસંગ આટોપીને, તા. ૮/૮ના રોજ તેઓ યોગીજી મહારાજની સાથે જ મુંબઈ પધારી ગયા.

અહીં તા. ૧૪/૮ના દિવસે આફ્રિકાના હરિભક્તો પરદેશ જતા હોવાથી મુંબઈમાં તેઓનો વિદાયમાન સમારંભ યોજાયેલો. આ પ્રસંગે સ્વામીશ્રીએ સિદ્ધાંત સંબંધી સ્પષ્ટતા કરતાં જણાવેલું કે –

'સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજે ઉપદેશેલા તમામ નિયમો અને મર્યાદાઓનું પાલન કરીને શ્રી અક્ષર-પુરુષોત્તમની ઉપાસના પ્રવર્તાવવા આ સંસ્થા શરૂ કરી છે. તેથી ઉપાસનાના સિદ્ધાંતમાં કે ધર્મ-નિયમમાં કોઈ પણ ફેર પાડતા હોય તો તે ગમે તો સાધુ હોય કે મોટા હરિભક્તો હોય, પરંતુ તેમનું સ્થાન આ સંસ્થામાં હોઈ ન શકે. માટે સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના સિદ્ધાંતની ઉપેક્ષા કરીને જે કોઈ વર્તતા હતા તેમને માટે શ્રીજીમહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૧૮મા વચનામૃતમાં જે આજ્ઞા કરી છે તે અનુસાર આ નિર્ણય લેવાયો છે. સર્વ કર્તા મહારાજ છે તેવું જો આપણે સમજતા હોઈએ અને મહારાજ કોઈના દોરવ્યા કે ફેરવ્યા ફરી જાય છે એવી અજ્ઞાન ભરેલી માન્યતાઓ જો ન હોય તો જે કાંઈ સત્સંગમાં બની ગયું છે તે સત્સંગ અને સંસ્થાના હિતમાં જ બન્યું છે અને તેમાં યોગીજી મહારાજની સંમતિ અને રાજીપો છે જ. માટે દરેકે ખોટી વાતમાં ન ભોળવાતાં સિદ્ધાંતો ઉપર નજર રાખીને સત્સંગ કરવાનો છે.'

આમ, સ્વામીશ્રીએ સૌને સત્સંગની સાચી દિશા ચીંધી આપી.

સૌના મોટેરા પ્રમુખસ્વામી

મુંબઈથી સ્વામીશ્રી તા. ૨૮/૮ની સવારે જન્માષ્ટમીનો સમૈયો કરવા અટલાદરા પધાર્યા હતા. યોગીજી મહારાજ મુંબઈમાં જ રોકાયેલા.

અહીં તેઓએ એક વાર મંગળ પ્રવચનમાં વાત કરતાં જણાવેલું કે 'ત્રણ

મોટેરા; કોઠારી,[૧૯૪] મહંત સ્વામી, સ્વયંપ્રકાશ ને સૌના મોટેરા પ્રમુખસ્વામી. તે કહે તેમ કરવું.'

આમ, અવાર-નવાર જ્ઞાનનું ભાથું બંધાવતા રહેતા યોગીજી મહારાજ એ ભાથામાં સ્વામીશ્રીના મહિમાની મીઠી વાનગી મૂકવાનું કદી ચૂકતા નહીં.

સત્તાધારી નહી, સમતાધારી

સ્વામીશ્રીના અટલાદરાના નિવાસ દરમ્યાન એક બપોરે અગ્રણી હરિભક્તો મથુરભાઈ અને પુરુષોત્તમભાઈ આવી ચડેલા. ભોજનની વેળા થઈ હોવાથી સ્વામીશ્રી તેઓને ભોજનશાળામાં જમવા બેસાડી રસોડામાં માલપૂડા લેવા ગયા, પરંતુ તેમ કરતાં તેઓને રસોઈયાએ અટકાવ્યા !

સ્વામીશ્રીની કાર્યપદ્ધતિ આકાશ જેવી હતી. જેમ આકાશ અન્ય ચારેય તત્ત્વ – પૃથ્વી, જળ, તેજ અને વાયુનો આધાર; પરંતુ તેનું બળ કાંઈ ન જણાય. પૃથ્વી ધણધણે, જળ તાણે, તેજ બાળે અને વાયુ ઉડાડે. પણ આકાશ ?! જાણે તે છે જ નહીં એવું લાગે. બસ ! એ જ રીતે સ્વામીશ્રી સંસ્થાના સૂત્રધાર, પણ એવા ગુપ્ત-સુપ્ત રહીને કામ કરે કે કોઈને તેઓનાં પદ-પદવી જણાય જ નહીં.

તેથી જ આજે રસોઈયો ગોથું ખાઈ ગયેલો. તેણે સ્વામીશ્રીને કોઈ સામાન્ય સાધુ ધારી, 'આ માલપૂડા સંતો માટે છે, હરિભક્તો સારુ નહીં લઈ જવાના,' એમ કહી અટકાવેલા. સ્વામીશ્રીએ હાથમાં લીધેલી માલપૂડા ભરેલી થાળી પણ તેણે આંચકી લીધી ! છતાં સ્વામીશ્રીએ તે રસોઈયાને ન તો પોતાની ઓળખ આપી કે ન તો પોતાની સત્તાનો સ્વાદ ચખાડ્યો. તેઓએ શાંતિથી ખમી ખાધું !

પરંતુ તેઓનું આ અપમાન પેલા બે હરિભક્તો ન જોઈ શક્યા અને તેઓ બરાડી ઊઠ્યા : 'અલ્યા, એય ! તું આમને ઓળખે છે ? આ તો સંસ્થાના ધણી છે.'

આ સાંભળતાં જ રસોઈયાના હાંજા ગગડી ગયા. તેને પોતાની નોકરી પર જોખમ તોળાઈ રહેલું લાગ્યું. તે સ્વામીશ્રીના પગમાં પડી માફી માંગવા લાગ્યો, પરંતુ સ્વામીશ્રીએ તેને પ્રેમથી પીઠ પસવારતાં ઊભો કર્યો અને જાણે કંઈ બન્યું જ નથી એમ આશીર્વાદ આપી હરિભક્તોને જમાડવા ચાલી નીકળ્યા.

---

૧૯૪. કોઠારી સ્વામી. આ ગ્રંથમાં જ્યાં 'કોઠારી સ્વામી' એવો ઉલ્લેખ આવે તે પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામી માટે સમજવો.

પણ એ ભક્તો તો આજે સ્વામીશ્રીની સમતા, સ્થિરતા અને સહનશીલતાનો આસ્વાદ પામીને જ તૃપ્ત થઈ ગયેલા ! તેઓ સત્તાધારી નહીં પણ સમતાધારી સ્વામીશ્રીને નમી પડ્યા !

મેરે વચન અચલ ઉર રાખત

અટલાદરાથી સારંગપુર, ગઢડા થઈને સ્વામીશ્રી જ્યારે લીંબડી પધારેલા ત્યારે અહીં બાઈઓના નવનિર્મિત મંદિરમાં પ્રતિષ્ઠા કરવા માટે યોગીજી મહારાજ પધારી ગયેલા.

આ ઉત્સવ બાદ સ્વામીશ્રી નવાગામ, મોજીદડ, ખારવા થઈને મોરબી આવ્યા અને તા. ૬/૧૦થી 'હરિલીલાકલ્પતરુ'ના પારાયણનો પ્રારંભ કર્યો. તેઓની કથાથી નગરના ભાવિકોને ખૂબ સમાસ થતો. સૌ પ્રેમથી તેઓની કથાનો લાભ લેતા. સાથે ફરતા યુવકોને પણ સ્વામીશ્રીનાં વાણી-વર્તનની ઊંડી અસર થતી.

અહીં એક વાર યોગીજી મહારાજ સભામાં બિરાજમાન થઈને સૌને વર્તમાન ધરાવતા હતા. ત્યારે સરતચૂકથી એક મહિલા છેક ઠાકોરજી સુધી પહોંચી ગઈ. સભામાં પાથરેલું પાથરણું યોગીજી મહારાજ જે આસને બેઠેલા તેને અડેલું હતું. તે જ આસન પર સ્વામીશ્રી, સંત સ્વામી વગેરે પણ બેઠેલા. તેથી તેઓને પણ ઉપવાસ પડ્યો, પરંતુ સ્વામીશ્રીએ યોગીજી મહારાજને ઉપવાસ ન કરવા વિનંતી કરી. ત્યારે અત્યંત દુઃખી હૃદયે અને સ્વામીશ્રીએ વિનંતી કરી તેથી યોગીજી મહારાજ અતિ અલ્પ જમેલા. તેઓએ સંતો-યુવકોને પોતાના વતી વ્રતમાનની શુદ્ધિનો ઉપવાસ આપેલો. સ્વામીશ્રીએ તો સ્નાન કરીને નિર્જળા ઉપવાસ જ ખેંચી કાઢેલો.

તમારા હાથ પ્રસાદીના થયા

મોરબીના આ પારાયણ દરમ્યાન સ્વામીશ્રીના સેવકો માંદગીમાં પટકાયેલા. તેથી એક દિવસ યોગીજી મહારાજની સાથે ફરતા યુવક શાંતિભાઈ પાટડિયાએ સ્વામીશ્રીનાં ધોતિયાં ધોઈને સૂકવી દીધાં. ત્યારબાદ તેઓ યોગીજી મહારાજની પૂજામાં દર્શન માટે પહોંચ્યા.

પણ રોજ કરતાં મોડા આવવાથી યોગીજી મહારાજે ચાલુ પૂજામાં જ સાન કરીને પૂછ્યું : 'કેમ મોડા ?'

પૂજા પૂરી થયા બાદ શાંતિભાઈએ ફોડ પાડતાં કહ્યું : 'બાપા! પ્રમુખસ્વામીનાં ધોતિયાં ધોતો હતો.'

'અહોહો...' યોગીજી મહારાજના મુખમાંથી અહોભાવ સરી પડ્યો. પછી સ્વામીશ્રીનો મહિમા રેલાવતાં તેઓ બોલ્યા : 'તમારાં મોટાં ભાગ્ય! પ્રમુખ-સ્વામીની સેવા મળી! સંસ્થાના ધણી! સ્વામી(શાસ્ત્રીજી મહારાજ)એ નીમેલા. તમારા હાથ પ્રસાદીના થયા... લાવો માથે મૂકીએ...' એમ કહેતાં યોગીજી મહારાજ તે યુવકનો હાથ પોતાના માથે મૂકવાની ચેષ્ટા કરવા ગયા. જો કે તે યુવાને ત્વરિત ગતિએ પોતાનો હાથ પાછો ખેંચી લીધો, પણ યોગીજી મહારાજના શબ્દો અને ક્રિયાથી સૌને સ્વામીશ્રીની યથાર્થ ઓળખાણ થઈ ગઈ.


ટપકાં જેટલી પણ નોંધ નહીં

મોરબીના મહારાજાના મહેલમાં પધરામણી અને પારાયણની પૂર્ણાહુતિ કરીને સ્વામીશ્રી મોડપુર, રાજકોટ, ડાંગરા, ભાદરા થઈને ગોંડલ પધારેલા.

અહીં તા. ૨૯/૧૦ના રોજ ગોંડલની નગરપાલિકા દ્વારા યોગીજી મહારાજ અને સ્વામીશ્રીનો જાહેર સન્માન સમારંભ રાખવામાં આવેલો. ધાર્મિક ક્ષેત્રની મહાન વિભૂતિઓને સન્માનપત્ર અર્પણ કરવામાં આવતું હોય તેવો આ સૌ પ્રથમ પ્રસંગ અહીંની નગરપાલિકા દ્વારા યોજાયેલો. તેથી ઘણી મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહેલા. નગરના શ્રેષ્ઠીઓ દ્વારા રેશમી વસ્ત્ર પર માનપત્ર મુદ્રિત કરીને અર્પણ કરવામાં આવ્યું, જેના પ્રારંભમાં લખેલું :

'ગોંડલ નગરપાલિકા વતી બ્રહ્મસ્વરૂપ એવા આપ શ્રીયોગીજી મહારાજને તથા પ્રમુખસ્વામીને સન્માનતાં અમે આનંદ અનુભવીએ છીએ... આપ જેવા મહાન પુરુષોનું જીવન તો સમગ્ર વિશ્વના અર્થે જ હોય છે. છતાં પણ આપશ્રીએ ગોંડલ માટે જે પ્રેમ રાખ્યો છે તે આપની ગોંડલ પર પરમ કૃપા છે...'

ગોંડલની નગરપાલિકાના ચોપડે એક ઐતિહાસિક અવસર સુવર્ણાક્ષરે લખાઈ ગયો. પરંતુ આ પ્રસંગ પોતાની રોજનીશીમાં નોંધતાં સ્વામીશ્રી લખે છે :



'આજે નગરપાલિકા
ગોંડલ તરફથી
પૂ. સ્વામીજી(યોગીજી મહારાજ)નું બહુમાન.'

બસ ! આટલું જ. પોતાના સન્માનની ટપકા જેટલી પણ નોંધ સ્વામીશ્રીએ ડાયરીમાં ટપકાવી નથી.

તેઓનાં જાહેર પ્રવચનોમાં તો કદી 'હું' કે 'મારું' નો ઉલ્લેખ જોવા મળતો જ નહીં, પણ

એ જ શૈલી તેઓની નિજી નોંધમાંય જોવા મળે છે. તેઓ ભવ્ય સભાઓના સિંહાસન પર કે એકાંત ઓરડાની ખુરશી પર એકસરખા જ રહેલા. જેવા અંદર તેવા બહાર.

પ્રમુખસ્વામી અલૌકિક કાર્ય કરશે

તા. ૩૧/૧૦, ધનતેરસના શુભ દિવસે અક્ષર મંદિરના ભવ્ય પ્રવેશદ્વારના ખાતવિધિમાં હાજર રહીને સ્વામીશ્રી સારંગપુર પધારેલા.

અહીં હજી તો સવારે માંડ પરવાર્યા હશે ત્યાં જ તા. ૧/૧૧, દિવાળીના દિવસે, વહેલી સવારે છ વાગ્યે યોગીજી મહારાજની લેખિનીમાંથી સ્વામીશ્રીના મહિમાની સરવાણી ફૂટી નીકળી કે –

''પ્રમુખસ્વામી ધોળે લૂગડે(પાર્ષદ અવસ્થામાં) હતા ત્યારે સ્વામીશ્રીએ (શાસ્ત્રીજી મહારાજે) મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીના સ્થાન(અક્ષર દેરી)માં દીક્ષા આપીને રૂડા આશીર્વાદ આપ્યા છે. તેથી તેમને સ્વામીના પ્રતાપે બળ આવ્યું છે. સ્વામીના આશીર્વાદ પામીને આ સંસ્થાનું કાર્ય કરી રહ્યા છે.

વળી, સ્વામીએ અમદાવાદમાં સંસ્થાના મહાનત (મહંત - પ્રમુખ) બનાવ્યા ત્યારે તે નાના હતા. પણ સ્વામીએ દૃષ્ટિ કરી : 'મારે એમને જ સંસ્થાના પ્રમુખ કરવા છે.' તે અમદાવાદમાં કર્યા. તે પછી હું પાસે બેઠો હતો તો સ્વામી મુને કહે : 'તમો તેમના ઉપર હાથ મૂકો તો તમારા જેવા ગુણ આવે.' ત્યારે મેં કહ્યું : 'આપે હાથ મૂક્યો તે આવી ગયો.' ત્યારે સ્વામી કહે : 'તોય તમે હાથ મૂકો.' એમ સ્વામીએ કહ્યું એટલે મેં હાથ મૂક્યો. સ્વામી ખૂબ રાજી થયા.


આવી રીતે સ્વામીએ ગોંડલમાં દીક્ષા દેરીમાં આપી ને અમદાવાદમાં પ્રમુખ બનાવ્યા. તે સ્વામીનું કાર્ય ઉપાડી લીધું છે. ભવિષ્યમાં તે સ્વામીના પ્રતાપે અલૌકિક કાર્ય કરશે.''

આમ, દિવાળીનો દિવસ યોગીજી મહારાજે સ્વામીશ્રીનો મહિમા ગાઈને શરૂ કર્યો.

એક બાજુ સ્વામીશ્રીનો આવો અપરંપાર મહિમા ગવાતો હતો ત્યારે તેઓ તો સારંગપુરમાં પોતાના આવા અપરિમિત મહિમાનો કોઈને ખ્યાલ પણ ન રહે એ રીતે દિવાળી-અન્નકૂટની સેવામાં જોડાઈ ગયેલા. અહીં તેઓએ ચોપડા પૂજન, અન્નકૂટ ગોઠવણી, થાળગાન, ગોવર્ધનપૂજન, આરતી વગેરે ભક્તિભાવથી પૂર્ણ કર્યાં.[૧૯૫]

શું નમ્રતા ! શું મહિમા !

આ વર્ષે અન્નકૂટના બીજા દિવસથી નૂતન વર્ષનો પ્રારંભ થતો હતો. તે દિવસે સ્વામીશ્રી પોતાની રોજનીશીમાં નોંધે છે :



'બેસતા વરસે
ઠાકોરજી, ડેરીએ (શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિમંદિરે)
તેમ જ પૂ. સંત સ્વામિ,
સનાતન સ્વામિ, ધર્મસ્વામી,
પુજારી ધર્મદાસ તથા
પૂ. હરિપ્રકાશ તથા
પૂ. ઘનશ્યામ (સ્વામી) તથા

---

૧૯૫. વિ.સં. ૨૦૨૪નો પ્રારંભ થયો.

પૂ. નારાયણ સ્વામી.. તથા
દેવચરણ... દર્શન.'

સ્વામીશ્રી નવા વર્ષે મંદિરમાં ઠાકોરજીનાં દર્શને તો પધારેલા જ, પણ નાના-મોટા એકેએક સંતની પાસે પણ ગયા – તેઓનાં દર્શન કરીને 'જય સ્વામિનારાયણ' કહેવા માટે ! કેટલી નમ્રતા ! કેવો મહિમા !!

આજે મોટી વ્યક્તિઓ નાની વ્યક્તિઓને મળે છે, સામેથી મળે છે, પણ એ મિલનમાં કાર્યસિદ્ધિ માટેની એક રણનીતિ કે એક શિષ્ટાચાર કે ક્યારેક તો પોતાની મહત્તા વધારવાની એક ચાલનો ભાવ વિશેષ હોય છે. કદાચ કોઈ આવી ગણતરીથી ન મળતું હોય તો પણ નાની વ્યક્તિઓનાં 'દર્શન'નો ભાવ રાખીને કેટલા અધિકારીઓ પોતાના કર્મચારીઓને મળવા જતાં હશે ? એય નવા વર્ષની ઊઘડતી સવારે ! ખરેખર, સ્વામીશ્રીની નમ્રતાનો જોટો જડે તેમ નહોતો, કારણ કે તે ભગવાન અને ભક્તના મહિમાની નીપજ હતી.

અન્નકૂટ બાદ સ્વામીશ્રી અમદાવાદમાં પ્રબોધિની એકાદશીનો સમૈયો ઊજવી અસલાલી, જેતલપુર થઈને વસો આવ્યા હતા. અહીંના રોકાણ દરમ્યાન તેઓ વસોથી બે માઈલના અંતરે આવેલા ભાભારામનાં મંદિરે પણ દર્શન કરવા પધારેલા. અત્રેથી પેટલી, ડેમોલ, રામોલ, ગંગાપુર, પલાણા, ડભાણ, નડિયાદ થઈને કાર્તિકી પૂનમના ઉત્સવ પ્રસંગે બોચાસણ પધાર્યા. અહીં ઉત્સવ-સભા બાદ સાંજે સંસ્થાકીય મીટિંગમાં બિરાજ્યા. આ મીટિંગ રાત્રે દોઢ વાગ્યે પૂરી થયેલી.

પૂનમ બાદ સ્વામીશ્રી પેટલાદ, પાળજ, સોજિત્રા, પીપળાવ, મહેળાવ, વરતાલ, ખેડા, માતર, તારાપુર, ડુંગરી ટીંબા, મહીજડા, નાજ, વસઈ, ધરોડા, ચિત્રાસર, શ્રીજીપુરા, નવાગામ, નાયકા, સમાદરા, ભક્તિપુરા, સાંખેજ, નેનપુર થઈને પુનઃ બોચાસણ આવી પહોંચ્યા. આમ, સમયને પણ શોધવા અઘરા પડે એટલી ત્વરાથી સ્વામીશ્રી અહીંથી તહીં સરકતા રહેતા.

આ સમગ્ર વિચરણમાં યોગીજી મહારાજનું સ્વાસ્થ્ય નાદુરસ્ત હતું. તેથી સ્વામીશ્રીએ દરેક ગામમાં પધરામણીઓનો લાભ આપેલો. જો કે સ્વામીશ્રીને પણ થોડીક શારીરિક પ્રતિકૂળતા તો હતી જ, પરંતુ તેને ગણકાર્યા સિવાય તેઓ યોગીજી મહારાજની આજ્ઞા અનુસાર ભીડો વેઠવામાં તત્પર રહેતા.

અર્પવા શીશ આનંદ મનમાં

જ્યારે યોગીજી મહારાજ ડેમોલ પધારેલા ત્યારે સ્વામીશ્રી પણ સાથે જ

હતા. તે વખતે તેઓનું શરીર તાવને કારણે તૂટતું હતું. માથું દુઃખતું હતું. વળી, ઠંડીનું જોર પણ ઘણું હતું. આવા સમયે સૌ હરિભક્તો યોગીજી મહારાજને પધરામણી માટે આગ્રહ કરવા લાગ્યા ત્યારે તેઓએ કહ્યું: 'અમારા વતી પ્રમુખસ્વામી પધરામણીએ પધારશે.'

'પણ બાપા! નિશાળમાં સભા પણ રાખી છે.' કાર્યકર્તાએ કાર્યક્રમમાં કલગી ઉમેરતાં કહ્યું.

'પ્રમુખસ્વામી ઈ સભામાંય આવશે. પ્રમુખસ્વામી બહુ મોટા છે. સંસ્થાના ધણી છે.' યોગીજી મહારાજ તો આટલું કહી રામોલ જવા નીકળી ગયા.

...અને તાવતૂટ્યા શરીરના અસહ્ય કળતરમાં સ્વામીશ્રીએ ગુરુ-આજ્ઞા માથે ચઢાવી પધરામણીઓ શરૂ કરી. એક... બે... પાંચ... પંદર... પચીસ.... કરતાં કરતાં પિસ્તાલીસ પધરામણીઓ થઈ. બાદ નિશાળમાં સભા કરવા પધાર્યા. તાવથી કંતાયેલા શરીરનો રહ્યો-સહ્યો રસકસ પણ પધરામણીઓએ નીતારી દીધેલો. તેથી પ્રવચન કરતી વખતે તો સ્વામીશ્રીના શબ્દો તૂટવા લાગ્યા. શરીર ધ્રૂજવા લાગ્યું. છતાં કોઈને અણસાર સુધ્ધાં આવવા દીધા સિવાય યોગીજી મહારાજની આજ્ઞા મુજબનો કાર્યક્રમ આટોપીને સ્વામીશ્રી પહોંચ્યા રામોલ ગામે.

અહીં દૂધની ડેરીના ઓટલે બિરાજી યોગીજી મહારાજ કથા કરી રહેલા. જેવા તેઓએ સ્વામીશ્રીને જોયા કે જાહેરાત કરી દીધી : 'હવે અમારા પ્રમુખસ્વામી આવ્યા છે તે વાત કરશે.'

આ આજ્ઞા પાળવા માટે શરીર તો ના જ પાડતું હતું. પણ સ્વામીશ્રી *'શૂર સંગ્રામને દેખતાં નવ ડગે...'* મુજબ યોગીજી મહારાજની આ આજ્ઞા પણ પાળવા તત્પર થઈ ગયા. તેઓએ પ્રવચન શરૂ કર્યું અને યોગીજી મહારાજ નિવાસસ્થાને પધાર્યા, પરંતુ સ્વામીશ્રીના ઉત્સાહ સાથે શરીર તાલ મિલાવી ન શક્યું. હકાભાઈ પરિસ્થિતિ પારખી ગયા. તેઓએ અડધા પ્રવચને જ જાહેરાત કરી સમાપનની જય બોલાવી દીધી. સ્વામીશ્રીને ઉતારામાં લઈ જઈ સુવડાવી દેવામાં આવ્યા અને ઔષધ-ઉપચાર શરૂ કરી દેવાયા. શરીર ઢળી ન પડે ત્યાં સુધી સ્વામીશ્રી આજ્ઞાપાલનમાં ઓટ આવવા દેતા નહીં.

'અડગ સંગ્રામને સમે ઊભા રહે, અર્પવા શીશ આનંદ મનમાં,
ચાકરી સુફળ કરવા તણે કારણે, વિકસ્યું વદન ઉમંગ તનમાં,
વચન પ્રમાણે તેની પેઠે વર્તતા, એક પગ ભર ઊભા જ સૂકે...' એ સિંધુડા તેઓની રગેરગમાં ગુંજતા હતા.

હમદર્દ

આ અરસામાં શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર સંત ભક્તિવલ્લભદાસ સ્વામીનો અક્ષરવાસ થયેલો. તે નિમિત્તે આણંદ મંડળ તરફથી બોચાસણમાં યોજાયેલા પારાયણમાં લાભ આપીને સ્વામીશ્રી સારસા, અટલાદરા, મહેળાવ થઈને અમદાવાદ પધારેલા. અહીં દેવપ્રસાદદાસ સ્વામી સહિત અન્ય બે હરિભક્તો બીમાર હતા. તેઓ અલગ અલગ દવાખાનાંમાં સારવાર લઈ રહેલા. છતાં સ્વામીશ્રી તે દરેક પાસે પહોંચ્યા. પછી જ ગઢડા જવા ટ્રેન પકડી.

બીમાર પ્રત્યે સ્વામીશ્રી હંમેશા લાગણીશીલ રહેતા. બીમારના ખબર-અંતર પૂછવા જવાને તેઓ એક કાર્યક્રમ જ ગણતા. તેથી ગમે તેવી વ્યસ્તતા પણ તેમાં બાધારૂપ નીવડતી નહીં. માંદાને મળે ત્યારે તેના રોગની બધી વિગત જાણે. આહાર-ઔષધની વ્યવસ્થાનું પૂછે. તબીબોને ભલામણ કરવાની હોય તો તે પણ કરે. તે વખતે શબ્દે-શબ્દે સહાનુભૂતિ વરસતી રહે. શરીરે હાથ ફેરવી શાતા પમાડે. છેલ્લે ધૂન-પ્રાર્થના કરે. માંદાને માંદગી પણ જીવનનું સંભારણું બની રહે એવી આત્મીયતા બતાવીને જ્યારે સ્વામીશ્રી વિદાય લે ત્યારે બીમારની આંખો અશ્રુભીની, હૃદય ગદ્‌ગદ અને શરીર ચેતનવંતું અનુભવાય.

ગઢડામાં બે દિવસ રોકાઈને સ્વામીશ્રી ટ્રેક્ટરમાં નિંગાળા, તાજપુર થઈને સારંગપુર આવ્યા અને એ જ દિવસે ટ્રેનમાં અટલાદરા જવા રવાના થયા. અટલાદરામાં તા. ૨૩/૧૨ થી ૨૮/૧૨ના પાંચ દિવસમાં પંચામૃતનો સ્વાદ ચખાડી બોચાસણ પધારી ગયા.

સન ૧૯૬૮

મુક્તરાજ મોતીભાઈ

બોચાસણમાં સ્વામીશ્રીએ નવેક દિવસનું રોકાણ કર્યું. ત્યારબાદ તેઓ તા. ૬/૧ના રોજ વડોદરાના કલાભવનમાં યોજાયેલી ‘દિવ્ય જીવન સંઘ’ની પરિષદમાં પધારેલા. ચિદાનંદ સ્વામીના પ્રમુખપદ હેઠળ યોજાયેલી આ પરિષદમાં પ્રથમ પ્રવચન સ્વામીશ્રીનું ગોઠવવામાં આવેલું. અહીં તેઓએ સુંદર પ્રાસંગિક વ્યાખ્યાન આપેલું. તેઓના જ્ઞાનગંભીર વક્તવ્ય અને વ્યક્તિત્વથી ગુણભાવી શ્રોતાગણ ઘણો જ પ્રસન્ન થયેલો.

આ જ દિવસે સ્વામીશ્રીના પૂર્વાશ્રમના પિતાશ્રી મોતીભાઈ અક્ષરનિવાસી

થયેલા. શાસ્ત્રીજી મહારાજના આ અનન્ય સેવકના અક્ષરવાસથી સૌએ ઘણા દુઃખની લાગણી અનુભવી.

તેઓને અંજલિ આપતાં સંસ્થાના સામયિકમાં જણાવાયેલું કે –

'મોતીકાકામાં ઘણું બધું અસામાન્ય હતું, જે આજે તેમણે ક્ષર દેહે આપણી વચ્ચેથી વિદાય લીધી ત્યારે યાદ આવી જાય છે. તેઓ તદ્દન ભોળા દેખાતા. સંસારની અનેક વિટંબણાઓ હસતા મુખે સહન કર્યા પછી એ આપણી વચ્ચેથી હસતાં હસતાં જ ચાલ્યા ગયા છે. કિંતુ ઝેર જેમણે પીધું હોય ને ઉલેચતાં જેમની પાસેથી અમૃત જ મળે એવી પ્રાતઃસ્મરણીય વિભૂતિઓની હરોળમાં સૌરભ મૂકી જાય તેવી એમની સુવાસ છે.

એક વાર મોતીકાકા ઠાકોરજીને ધરાવવા ને સંતોને જમાડવા માટે અટલાદરામાં સુખડીનો ડબ્બો લાવ્યા. જે રૂમમાં એ ઊતરતા ત્યાં તાળું વાસ્યું હતું. તેથી સામાન યુવકોને સોંપીને ચાવી લેવા માટે મહેતાજી પાસે ગયા. એટલી વારમાં એક યુવકે થેલી ફંફોળીને અદાપૂર્વક ડબ્બો કાઢ્યો અને ખોલીને જોયું. પોતે મોટું પરાક્રમ કર્યું છે એવા ગર્વથી તેણે બધાને સુખડી વહેંચી દીધી અને ડબ્બો બંધ કરી થેલીમાં યથાવત્ સ્થિતિમાં ગોઠવી દીધો. સૌ સુખડી આરોગવા લાગ્યા. થોડી પળમાં જ મોતીકાકા આવ્યા અને થેલી લઈને રૂમમાં ગયા. સંતોને સુખડી સોંપવા માટે ડબ્બો સહર્ષ થેલીમાંથી કાઢ્યો પણ ખાલી નીકળ્યો. ઘેરથી જાતે જ ભર્યો હતો. તેથી તેમને યુવકોના આ નિંદિત કાર્યનો ખ્યાલ આવી ગયો. પણ એ વખતે કંઈ બોલ્યા નહીં.

બીજે દિવસે સવારે એક સમજુ યુવકને બોલાવીને આ વાત કરી અને બોલ્યા : 'સુખડી ખાઈ ગયા એનું મારે દુઃખ નથી. આ યુવકો જમી ગયા એથી હું એમ જ માનું છું કે સંતો જ જમ્યા છે. કારણ કે આ યુવકો યોગીજી મહારાજના સંબંધથી સારા સત્સંગી બનશે અથવા આ યુવકો ભવિષ્યમાં સાધુ પણ બને.' અને કહ્યું : 'એને (સુખડીની તફડંચી કરનારને) કશું જ કહેશો નહીં અને ઠપકો આપશો નહીં.' મોતીકાકાના આ શબ્દો પેલા સમજુ યુવકના કાનમાં ગુંજી રહ્યા.

એક વાર બોચાસણમાં સવારે ઉકાળા-પાણી લેવાની પંગત પૂ. યોગીજી મહારાજની રૂમમાં થયેલી. બારણા પાસે ફરજ બજાવી રહેલા એક ભાઈએ એક હરિભક્તને પંગતમાંથી ઊભા કરી કહ્યું : 'આજે

બહારના મહેમાનો આવવાના છે તેથી આપ પછી બેસજો.' પેલા હરિભક્ત જરા ક્ષોભ પામી ચાલ્યા. ત્યાં તો પાસે મોતીકાકા બેઠા હતા એમણે ઊઠી પેલા હરિભક્તનો હાથ પકડીને બેસાડી દીધા અને યુવકને કહ્યું : 'આ હરિભક્ત ભલે બેઠા. તમે એને ઓળખો છો? શાસ્ત્રીજી મહારાજની જીભ વળતી તેમ આ ભક્તનો દેહ વળતો. એમને ઊભા ન કરો. હું મારી જગ્યાએ એમને બેસાડું છું. હું બહાર જઈશ.' પેલા યુવકનું મસ્તક નમી પડ્યું અને બંને વયોવૃદ્ધની ક્ષમા માગી. ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજના શિષ્ય સાથે આવો સુહૃદભાવ એમનામાં હતો.

એમણે હસતામુખે પુત્રદાન કર્યું અને એમના આ કિશોર પુત્રે પિતાના 'મોતી' એવા બિરુદનું હીર-નૂર ઉજાળ્યું ને શાસ્ત્રીજી મહારાજના હૃદય સમા સત્સંગમાં સૂત્રધાર બન્યા. અક્ષર-પુરુષોત્તમ સંસ્થાના સર્વસાધુ-ગુણસંપન્ન પ્રથમ પ્રમુખ તરીકે શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ વરણી પામ્યા. સત્સંગનો નૂતન ઈતિહાસ લખાશે એમાં મોતીકાકાનું નામ સુવર્ણ અક્ષરે લખાશે.'

આવી અનેક અંજલિઓ મોતીકાકાના ધામગમન નિમિત્તે વહી રહી.

યોગીજીની છાયા

તા. ૮/૧ના રોજ સ્વામીશ્રી અટલાદરાથી 'દહેરાદૂન એક્સપ્રેસ'માં મુંબઈ પધારેલા. અહીં તેઓએ તા. ૧૨/૧ થી ૧૪/૧ દરમ્યાન કપોળવાડીમાં 'હરિલીલાકલ્પતરુ'ના પારાયણનો લાભ આપ્યો. આ પારાયણની પૂર્ણાહુતિના દિવસે યોગીજી મહારાજે મોતીભાઈના અક્ષરવાસ નિમિત્તે તેઓના જીવનપ્રસંગો યાદ કરાવીને ગુણગાન ગાયેલા. ધૂન કરાવી હતી.

મુંબઈના રોકાણ દરમ્યાન સ્વામીશ્રી મહંત સ્વામી અને કોઠારી સ્વામી સાથે બિરલા મંદિર તથા વજ્રેશ્વરીમાં આવેલા મુક્તાનંદ બાબાના આશ્રમમાં પણ ગયેલા. તદુપરાંત, મુંબઈના વિવિધ વિસ્તારો પાર્લા, સાંતાક્રુઝ, અંધેરી વગેરેમાં પધરામણીઓ કરીને સૌને રાજી કરેલા.

ત્યારબાદ તા. ૨૫/૧ના રોજ 'સૌરાષ્ટ્ર એક્સપ્રેસ'માં યોગીજી મહારાજની સાથે જ મુંબઈથી નીકળીને તેઓ બીલીમોરા પધારેલા.

યોગીજી મહારાજની વધતી ઉંમર અને અસ્વસ્થ તબિયતને લીધે પધરામણીઓનો કાર્યભાર હવે સ્વામીશ્રી સંભાળતા હતા. તેથી દરેક સત્સંગ

કેન્દ્રમાં તેઓને કથાવાર્તા-પારાયણો-વહીવટી કાર્યોની સાથે પધરામણીઓ પણ ઘણી રહેતી. તે મુજબ બિલિમોરામાં સારી સંખ્યામાં તેઓએ પધરામણીઓ કરી.


તા. ૨૭/૧ના રોજ તેઓ મહંત સ્વામી વગેરે સંતોને લઈને મોટરો દ્વારા હરિયા ગામે જઈ પહોંચેલા. અહીં ૩૦૦-૪૦૦ ભૂદેવોએ તેઓના સત્સંગનો લાભ લઈ ધન્યતા અનુભવી. ત્યારબાદ પંદર-વીસ પધરામણીઓ કરી લીલાપોર, ઈટારવા, નવસારી થઈને તા. ૨૭/૧ના રોજ રાત્રે નવ વાગ્યે સુરત આવી પહોંચ્યા. આમ, યોગીજી મહારાજની છાયા બનીને સ્વામીશ્રી ઘૂમતા રહેતા.

સુરતમાં તાપીતટે દરિયામહલમાં ઉતારો હતો. અહીં તા. ૨૯/૧ના રોજ યોગીજી મહારાજે મંગળ પ્રવચનમાં વાત કરી કે ‘‘આજે મને સ્વપ્નું આવ્યું. શ્રીજીમહારાજે કહ્યું : ‘પારાયણ કરાવો.’ તો આજથી પારાયણ શરૂ કરો.’’

યોગીજી મહારાજની આ રુચિ અનુસાર ‘હરિલીલાકલ્પતરુ’ના સપ્તમ સ્કંધનું પારાયણ સ્વામીશ્રીએ શરૂ કર્યું. તે વખતે શાસ્ત્રીજી મહારાજના સમયમાં સ્વામીશ્રીએ અહીં કથારસની જે જમાવટ કરી હતી તેની સ્મૃતિ સૌને થઈ આવી. શાસ્ત્રીજી મહારાજની સાથે વ્યાસપીઠ પર બિરાજેલા એ નાનકડા નારણદા' જ આજે પ્રમુખસ્વામી તરીકે બિરાજી રહ્યા છે તે જોઈને સૌ હરખાઈ રહેલા. *‘આજે વામન વિરાટ જેવો લાગતો...’*નો ઘાટ રચાઈ રહ્યો.

અધૂરું ન માનવું

સુરતમાં સોમવતી અમાસના દિવસે તાપી-સ્નાનનો કાર્યક્રમ ગોઠવવામાં આવેલો. સ્વામીશ્રી પણ તેમાં સામેલ થયેલા. વર્ષો પહેલાં શાસ્ત્રીજી મહારાજની સાથે તેઓએ આ જ રીતે તાપી નદીમાં સ્નાન કરેલું. તેની સ્મૃતિ આ પ્રસંગે તેઓને થઈ આવી. તેથી જ પોતાની રોજનીશીમાં પણ તેઓએ નોંધ્યું કે –



'સાંજના તાપી
સ્નાન. શાસ્ત્રીજી મહારાજ
તથા સંતો આમાં જ
સ્નાન કરેલ તે
પ્રસાદી આરે..
અમાસ -
નું સ્નાન કર્યું...'

ગુરુની સ્મૃતિ સ્વામીશ્રીના જીવનનું અવિભાજ્ય અંગ હતું. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના સંબંધમાં આવેલ સ્થળ, વસ્તુ, વ્યક્તિ વગેરેને તેઓ જુએ કે તરત જ તેઓના મુખેથી તે સમયની ગુરુસ્મૃતિ અસ્ખલિત વહેવા લાગતી. તે સમયે ખ્યાલ આવતો કે માછલી જળમાં રહીને બધી ક્રિયા કરે છે તેમ સ્વામીશ્રી પણ ગુરુમાં મન રાખીને જ સર્વ પ્રવૃત્તિ કરી રહ્યા છે.

અહીં સુરતમાં તા. ૧/૨ના દિવસે મંગળ પ્રવચનમાં યોગીજી મહારાજે વાત કરેલી કે 'મરવાનું દરેકને છે. જીવવાનું શું? ભગવાન ને સંતમાં દિવ્યભાવ - શાસ્ત્રીજી મહારાજ, પ્રમુખસ્વામી જેવા પુરુષ મળ્યા તે કલ્યાણ થઈ ચૂક્યું. અધૂરું ન માનવું. આશરો છે તે ધામમાં જશું.'

આમ, યોગીજી મહારાજે પ્રાતઃકાળમાં જ સ્વામીશ્રીનો મહિમા વહાવી આજની સવારને સોનાની કરી દીધી.

લખાણીને લાખેણો અનુભવ

સુરતના રોકાણ દરમ્યાન યોગીજી મહારાજનો લાભ લેવા માટે શિયાનગર ગામના જીવાભાઈ લખાણી આવેલા. યોગીજી મહારાજ સ્નાન કરવા બેસે ત્યારે તેઓ ગરમ પાણી લઈ આવવાની સેવા કરતા. સ્વામીશ્રીને પણ યોગીજી મહારાજની સાથે તેઓ જુએ. યોગીજી મહારાજ સ્વામીશ્રીને પ્રસંગે-પ્રસંગે આગળ રાખે, તેઓનો મહિમા કહે તેથી જીવાભાઈને સ્વામીશ્રી વિશે પણ લગાવ થઈ ગયેલો.

એક વાર સ્વામીશ્રી કેટલાક હરિભક્તો સાથે બેઠેલા. નાનકડી સભા જેવું હતું. તેમાં જીવાભાઈના મનમાં સંકલ્પ થયો : 'સ્વામીશ્રી મારે ત્યાં જમે તો?' સાથે સાથે આ વાત અશક્ય જ છે તેમ પણ વિચાર તેઓને આવતા.

પરંતુ જીવાભાઈ જ્યાં બેઠાં બેઠાં આમ વિચારી રહેલા ત્યાં જ સ્વામીશ્રીએ

તેઓને હાથના ઈશારે નજીક બોલાવ્યા અને કહ્યું : 'તું સારી શુદ્ધ ઘારી લેતો આવ. અમે આજે અટલાદરા જઈએ છીએ. ત્યાં ઠાકોરજીને ધરાવીને જમશું.'

આ સાંભળતાં જ જીવાભાઈ તો આશ્ચર્યમુગ્ધ થઈને સ્વામીશ્રી સામે જોઈ જ રહ્યા! મનના સંકલ્પોને પકડવાની સ્વામીશ્રીની અંતર્યામી શક્તિ અનુભવી તેઓના શરીરમાં ઝણઝણાટી વ્યાપી ગઈ.

*'અંતરજામી સ્વામી સૌમાં રહી, દેખે છે મારા દિલની; શું હું સંતાડું સંકલ્પને, એ જાણે છે પળ પળની...'*નો અનુભવ એ યુવાન કરી રહ્યો!

એક પૂજ્યે પૂજ્યા સહુ

તા. ૩૦/૧ના રોજ બપોરે જમીને સ્વામીશ્રી સુરતથી અટલાદરા જવા નીકળેલા. બે દિવસ બાદ યોગીજી મહારાજ પણ અહીં પધારી ગયા. આ બંને વિભૂતિઓના સાંનિધ્યમાં તા. ૩/૨ના રોજ વસંત પંચમીનો સમૈયો દસેક હજાર હરિભક્તોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઊજવાયો હતો. તે સભામાં આશીર્વાદ આપતાં યોગીજી મહારાજે જણાવ્યું હતું કે '...હવે પ્રમુખસ્વામીને કાર્ય સોંપ્યું છે તે બાકી પૂરું કરશે. શાસ્ત્રીજી મહારાજે સાતેય મંદિરની સોંપણી એમને કરી છે. અમદાવાદમાં ચાદર ઓઢાડી. આંબલીવાળી પોળ હવે મીઠી થઈ ગઈ.'

આ આશીર્વાદ બાદ સ્વામીશ્રીએ ભવ્ય હાર યોગીજી મહારાજને પહેરાવ્યો. બીજો હાર મહંત સ્વામીએ સ્વામીશ્રીને પહેરાવ્યો. ત્યારબાદ યોગીજી મહારાજના પૂજન અને હારતોરા માટે સૌ હરિભક્તો તત્પર થયા ત્યારે યોગીજી મહારાજ એકાએક બોલ્યા : 'સાંભળો બધા. આજે સૌ પ્રમુખસ્વામીનું પૂજન કરો, તેમાં શાસ્ત્રીજી મહારાજ અને અમારું પૂજન આવી ગયું !'

યોગીજી મહારાજની આ આર્ષવાણી ઘણી સૂચક અને પ્રેરક હતી. તે ભાષા ભવિષ્યના ભેદને ખોલનારી હતી. સૌ હરિભક્તોએ પણ યોગીજી મહારાજની આજ્ઞા અનુસાર સ્વામીશ્રીનું પૂજન કરીને પ્રસન્નતા પ્રાપ્ત કરી.

ગજે બેઠા ગિરધારી રે

વસંત પંચમી બાદ તા. ૪/૨ના દિવસે વડોદરાના માંડવી પાસે નજર બાગમાં યોગીજી મહારાજનો ભવ્ય સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. સંપ્રદાયની દૃષ્ટિએ આ સ્થાન ઐતિહાસિક અને પ્રાસાદિક. માંડવીના દરવાજામાં શ્રીજીમહારાજ નીલકંઠવર્ણી વેશે ત્રણ દિવસ સુધી રહેલા. મહારાજા સયાજીરાવ

ગાયકવાડ(બીજા)એ શ્રીજીમહારાજની શોભાયાત્રા આખાયે નગરમાં ફેરવી અહીં જ તેઓનું સન્માન કર્યું હતું. એ સ્થાનમાં આજે ઇતિહાસ પુનરાવર્તિત થઈ રહેલો.

આ સન્માન-સભામાં વિશાળ ઊંચા મંચ પર યોગીજી મહારાજ અને સ્વામીશ્રીની સાથે શહેરના શ્રેષ્ઠીઓ બેઠેલા. પાંચ હજારથી વધુની ભક્તમેદની આ સમારંભમાં ઊમટી પડેલી. પ્રાસંગિક વક્તવ્યો બાદ સ્વામીશ્રીએ પણ પ્રાસાદિક સ્થાન નજરબાગનો મહિમા પ્રવચન દ્વારા સૌને સમજાવ્યો.

સન્માનસભા બાદ શોભાયાત્રાનું આયોજન થયેલું. તે માટે 'રૂપકલી' નામની હાથણી શોભી રહેલી. તેની સૂંઢને વિવિધ રંગોળીઓથી સજાવવામાં આવેલી. તેના સમગ્ર શરીરને પુષ્પો અને મોતીઓની માળાથી શણગારવામાં આવ્યું હતું. પગમાં પણ ઘૂઘરા બાંધવામાં આવેલા.

યોગીજી મહારાજ અને સ્વામીશ્રી તે પર ચાંદીની અંબાડીમાં બિરાજ્યા. બેન્ડની સુરાવલિઓ, નોબત-ડંકાના નાદ અને ભજન-મંડળીઓની રમઝટથી વાતાવરણ ઉત્સવમય બની ગયું. શ્રીજીમહારાજની સવારીથી ધન્ય થયેલ વડોદરું ફરી એક વાર પોતાના ભાગ્યનો આભાર માની રહ્યું.[૧૯૬]

કથાશૈલીમાં નવીનતાનું આરોપણ

તા. ૫/૨થી નજરબાગમાં આવેલા વિશાળ પ્રદર્શન મેદાનમાં સ્વામીશ્રીએ 'સત્સંગિજીવન' ગ્રંથના બીજા પ્રકરણના પારાયણનો પ્રારંભ કર્યો. સામાન્ય રીતે એ જમાનામાં પારાયણ એટલે સંસ્કૃતના શ્લોકો ગાઈને તેનું ગુજરાતીમાં ભાષાંતર બોલવાનું, પરંતુ સ્વામીશ્રીએ આ પારાયણમાં શ્લોકગાન અને ભાષાંતરની સાથે શ્લોકમાં આવતી વિગતોનું નિરૂપણ પણ શરૂ કર્યું. સૌને તેથી વિશેષ આનંદ થયો.

યોગીજી મહારાજે પણ પારાયણના અંતે આશીર્વાદ આપતાં જણાવ્યું : 'કેવું સર્વોપરી પારાયણ! પ્રમુખસ્વામી કેવું વાંચે છે! સૌને સમજાય છે ને? બીજા હટ... હટ...(જલદી) વાંચીને શ્રીપતમ્ કરે... પતંગ ઊડ્યો ને સહુ ઘર ભેગા... માટે થોડું વાંચવું પણ સમજીને વાંચવું...' એમ કહીને સ્વામીશ્રીની

---

૧૯૬. આ ઐતિહાસિક અવસરની ઝાંખી મેળવવા જુઓ વીડિયો ટ્રેક નં. ૨૮. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

કથાની પ્રશંસા કરી.

...તો અમારો બહુ રાજીપો

સ્વામીશ્રીના પારાયણ દરમ્યાન સોખડાના રમણભાઈ યોગીજી મહારાજને મળવા આવેલા. મુલાકાતમાં તેઓએ પોતાના ધંધા સંબંધી વાત કરતાં યોગીજી મહારાજને કહ્યું : 'હું ભાગીદારીમાંથી છૂટો થયો છું ને સેવા-ધર્માદો આપની આજ્ઞા પ્રમાણે કરવાની ઇચ્છા છે.'

ત્યારે યોગીજી મહારાજે કહ્યું : 'તમારે દશાંશ-વીશાંશ ધર્માદો પ્રમુખસ્વામીની આજ્ઞા મુજબ મોકલવો, પણ બીજાની મહોબ્બત(શરમ)માં તણાઈ જવું નહીં. મારી સાથે જેવો સેવાભાવ છે તેવો જ હવેથી પ્રમુખસ્વામી સાથે રાખવો, તો અમારો બહુ રાજીપો છે.'

યોગીજી મહારાજના આ શબ્દો રમણભાઈ માટે દિશાસૂચક બની રહ્યા. સ્વામીશ્રીના વચન મુજબ સેવા કરતા રહેવાને કારણે તેઓને સ્વામીશ્રી વિશે હેતભાવ વધતો જ ગયો અને સત્સંગ પણ દૃઢ થતો ગયો; જ્યારે તેઓના અન્ય સાથીદારો સત્સંગ-સન્મુખ રહી શક્યા નહીં.

તા. ૧૧/૨ના રોજ સ્વામીશ્રીએ પારાયણની પૂર્ણાહુતિ કરી. આ અવસરે તેઓ યોગીજી મહારાજને કલાત્મક હાર પહેરાવવા ગયા ત્યારે યોગીજી મહારાજે ઊભા થઈને સ્વામીશ્રીની આ ભક્તિ સ્વીકારેલી. સ્વામીશ્રી પ્રત્યેનો યોગીજી મહારાજનો ભાવ વિધવિધ રીતે છલકાતો જ રહેતો.

પારાયણ-પરાયણ

વડોદરામાં વિજયડંકા મારીને સ્વામીશ્રી ભરૂચ પધારેલા. અહીં તેઓએ તા. ૧૨/૨થી 'હરિલીલાકલ્પતરુ'ના પારાયણનો પ્રારંભ કર્યો.

સ્વામીશ્રીના જીવનમાં પારાયણનો તાર સદા લાગેલો જ રહેતો. એક સ્થળે પૂર્ણાહુતિના પડઘા શમે ત્યાં બીજે પ્રારંભની આલબેલ પોકારાઈ જ ગઈ હોય ! પારાયણ, વિચરણ અને વ્યવહારની ત્રિવેણીમાં તેઓએ જેટલું સ્નાન કર્યું છે એટલું કદાચ કોઈએ નહીં કર્યું હોય ! પારાયણ, વિચરણ અને વ્યવહાર – આ ત્રણેય એવાં ક્ષેત્રો છે કે જે એકબીજાથી ભિન્ન-ભિન્ન સૂઝ-શક્તિ અને અભ્યાસ-આવડતની અપેક્ષા રાખે. છતાંય આ ત્રણેય પલ્લાંને પોતાના જીવનમાં સંતુલિત રાખીને તેઓ લક્ષ્યવેધ કરતા રહેલા.

'नैकत्र सर्वो गुणसंनिपातः ।' બધા ગુણો એક વ્યક્તિમાં મળી આવે તે અશક્ય છે. આ લોકોક્તિને ખોટી ઠેરવે એવા હતા સ્વામીશ્રી !

તા. ૧૬/૨ના રોજ પારાયણની પૂર્ણાહુતિ કરીને સ્વામીશ્રી ભરૂચથી મિયાંગામ, ધાવટ, વડોદરા થઈને રાત્રે પોણા અગિયાર વાગ્યે મગનપુરા પધાર્યા હતા. અહીં કંડારીના ચાર ભાઈઓએ મળીને સુંદર હરિમંદિર તૈયાર કરેલું. તેમાં તા. ૧૭/૨ના રોજ યોગીજી મહારાજ, સ્વામીશ્રી, મહંત સ્વામી સહિત ૩૦ સંતો તથા હજારેક હરિભક્તોની હાજરીમાં ધામધૂમથી પ્રતિષ્ઠા થઈ.

પ્રતિષ્ઠાવિધિ પૂર્ણ કરીને સાંજે સાંગાડોલ, વાઘોડિયાને પ્રસાદીભૂત કરતાં સૌ રાત્રે સાડા આઠ વાગ્યે અડાસ પધાર્યા. અહીં પણ ગામ લોકોનો ઉત્સાહ ખૂબ હતો. સૌએ ભવ્ય સામૈયું કરીને યોગીજી મહારાજ, સ્વામીશ્રી તથા સંતોને ગામમાં પધરાવ્યા. અડાસમાં એક દિવસ રોકાઈને યોગીજી મહારાજ તા. ૧૮/૨ના રોજ આણંદ પહોંચ્યા અને સ્વામીશ્રી, મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી વગેરે સંતો મુંબઈ પધારેલા.

અહીં માંદગીમાં પટકાયેલા હરિજીવનદાસ સ્વામીના ખબર-અંતર પૂછવા સ્વામીશ્રી આવી પહોંચેલા. સાથે હરિભક્તો અને સંતોને પણ સત્સંગલાભ મળ્યો. ત્રણ દિવસ મુંબઈમાં રોકાઈને 'ગુજરાત મેલ' દ્વારા સ્વામીશ્રી તા. ૨૧/૨ના રોજ આણંદ આવીને યોગીજી મહારાજને મળ્યા.

પરિશ્રમ અને પરાવાણીનો સંગમ

આણંદમાં તા. ૧૯/૨થી પારાયણનો પ્રારંભ થઈ ચૂકેલો. સ્વામીશ્રી પધાર્યા એટલે તેઓએ પારાયણનું સુકાન સંભાળી લીધું, પરંતુ સ્વામીશ્રી જુદા કથાકાર, જુદા પુરાણી હતા. તેઓને સજાવેલી પાટ પર ગોઠવાઈ જઈને સીધી કથા જ લલકારવાની નહોતી. પારાયણની સાથે-સાથે રોજ તેઓ આણંદના બજાર અને ગંજમાં દુકાને-દુકાને તુવેરદાળના ધર્માદા માટે ફરતા. આ રીતે ચાર દિવસમાં કુલ હજાર મણ દાળનો ખરડો પણ સ્વામીશ્રીએ કર્યો.

આમ, પરિશ્રમ અને પરાવાણીને એક સાથે રેલાવી જાણનારા સ્વામીશ્રી જેવા 'सन्ति सन्तः कियन्तः ?' સંતો કેટલા હશે ? કથાકારો કેટલા હશે ? તેઓ એટલા કોમળ અને સૂરીલા કંઠે પરાવાણી રેલાવતા કે તે સાંભળતાં ખ્યાલ પણ ન આવે કે દિવસભર આટલો પરિશ્રમ વેઠવાની સાથે તેઓ બોલી રહ્યા છે ! અને તેઓ પધરામણીનો પરિશ્રમ ઉઠાવતી વખતે પરસેવે એવા રેબઝેબ થયા

હોય કે કોઈ કલ્પના ન કરી શકે કે આ જ સ્વામીશ્રી આટલી મીઠી હલકે કથા પણ કરી જાણે છે !!

આણંદના પારાયણ દરમ્યાન તા. ૨૨/૨ની સાંજે નિર્ગુણ સ્વામીની દેરીએ 'ઓળા ઉત્સવ'નું આયોજન ગોઠવાયેલું. ત્યાં પણ યોગીજી મહારાજ અને સ્વામીશ્રીએ પધારીને સૌને ખૂબ આનંદ કરાવ્યો. યોગીજી મહારાજના આ વખતના રોકાણ દરમ્યાન ખેતીવાડી કૉલેજના આચાર્ય ડૉ. રણછોડભાઈ પટેલને સત્સંગનો રંગ લાગેલો. તેઓની વિનંતીથી યોગીજી મહારાજ અને સ્વામીશ્રીએ તા. ૨૩/૨ના રોજ સાંજે સાડા પાંચથી છ દરમ્યાન ખેતીવાડી કૉલેજમાં પધરામણી કરેલી અને તેના સંકુલમાં સભાનો લાભ આપેલો.

પારાયણની પૂર્ણાહુતિ બાદ સ્વામીશ્રી આણંદથી વિદાય લઈને ડભાણ, ખેડા, મહીજડામાં લાભ આપતાં આપતાં બપોરે બે વાગ્યે અમદાવાદ પહોંચ્યા. અહીં તા. ૨૭/૨થી તેઓએ 'હરિલીલાકલ્પતરુ'ના આઠમા સ્કંધના પારાયણનો પ્રારંભ કર્યો. સાથે સાથે પધરામણીઓ પણ ચાલતી.

આ રોકાણ વખતે જ તા. ૨૯/૨ના રોજ મૂક લોકસેવક રવિશંકર મહારાજના ખબર-અંતર પૂછવા માટે સ્વામીશ્રી પધારેલા. આ મિલન ભાવસભર બની રહ્યું. યોગીજી મહારાજ અને સ્વામીશ્રીએ રવિશંકર મહારાજના દીર્ઘાયુષ માટે પ્રાર્થના કરી.

તા. ૩/૩ના રોજ અમદાવાદના આ પારાયણની પૂર્ણાહુતિ કરીને સ્વામીશ્રી મકરાણા જવા રવાના થયેલા. પોથી બંધ કરીને પથ્થરના કામમાં પરોવાયા !

તા. ૫/૩ થી તા. ૧૩/૩ સુધી મકરાણામાં રોકાઈને તેઓએ પથ્થરોના વેચાણ અંગેનું મોટા ભાગનું કામ સંપૂર્ણ કર્યું. અનંતપુરના સંન્યાસી આત્મારામ સાથે પથ્થરોના વેચાણનો સોદો થતાં આ કામ સારી રીતે ઊકલેલું. ત્યારબાદ તા. ૧૩/૩ની બપોરે મકરાણાથી નીકળીને અમદાવાદ, સારંગપુર, બોટાદ, ગઢડા, અડવાળ, જાળિયા, લીંબડી થઈને રાત્રે બાર વાગ્યે રાજકોટ આવ્યા.

એક પંથ, અનેક કાજ

રાજકોટથી તા. ૨૫/૩ના રોજ ભેંસદડ પધારીને સ્વામીશ્રીએ 'હરિલીલા-કલ્પતરુ'ના પારાયણનો પ્રારંભ કર્યો હતો. પારાયણના પ્રથમ દિવસની સાંજે તેઓ યોગીજી મહારાજની સાથે ભાદરા પધારેલા. અહીં નિર્માણાધીન મંદિરનું કામકાજ નિહાળીને પુનઃ ભેંસદડ આવી પહોંચેલા.

પારાયણના બીજા દિવસે ભેંસદડમાં કથાનો લાભ આપ્યા બાદ સ્વામીશ્રી મેઘપર અને જસાપરમાં પધરામણીઓ કરી આવેલા.

પારાયણના ત્રીજા દિવસે કથા કરીને ભેંસદડમાં જ તેઓએ ૬૦ પધરામણીઓ કરેલી.

પારાયણના ચોથા દિવસે કથા બાદ સ્વામીશ્રી લતીપુર પધારેલા. અહીં આત્માનંદ સ્વામીના[૧૯૭] જન્મસ્થાને આવેલા મંદિરનો જીર્ણોદ્ધાર કરાવીને ત્યાં યોગીજી મહારાજે અક્ષર-પુરુષોત્તમની મૂર્તિઓ પધરાવી હતી. તે મંદિરનાં દર્શન તેઓએ કરેલાં.

આમ, સ્વામીશ્રી ભેંસદડમાં ચાર દિવસના રોકાણ દરમ્યાન આજુબાજુનાં ચાર ગામોને પણ લાભ આપી આવ્યા. તેઓના વિચરણમાં 'એક પંથ દો કાજ' નહીં પણ 'એક પંથ અનેક કાજ'ની નીતિ રહેતી.

તા. ૨૮/૩ના રોજ સ્વામીશ્રી જાયવા થઈને ડાંગરા પહોંચ્યા. અહીં 'હરિલીલાકલ્પતરુ'ના પારાયણનો લાભ આપ્યો. તા. ૩૧/૩ના રોજ જાગા સ્વામીના સ્મૃતિસ્થાન પર તૈયાર થયેલા મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ તથા પ્રાગજી ભક્ત અને જાગા સ્વામીની મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ યોગીજી મહારાજે કર્યો. હવે કેટલાંક કાર્યો પૂર્ણ કરીને સ્વામીશ્રીને વિચરણમાં કોલકાતા જવાનું હતું. તેથી ચાલુ સભામાં જ યોગીજી મહારાજની વિદાય લઈને તેઓ નીકળ્યા અને અમદાવાદ આવ્યા.

પાણી-પવનની જેમ સરકતા

તા. ૧/૪ના રોજ સ્વામીશ્રીએ, ગોંડલમાં ટૂંક સમયમાં શરૂ થઈ રહેલી શાળા માટે જરૂરી ફર્નિચરની કાર્યવાહી અમદાવાદમાં પૂર્ણ કરી અને તા. ૨/૪ના રોજ તે શાળામાં નિયુક્ત કરવા માટેના શિક્ષકોના ઈન્ટરવ્યૂ પણ લીધા. આટલી શૈક્ષણિક કાર્યવાહી પૂર્ણ કરીને તે જ દિવસે ટ્રેન દ્વારા તેઓ આણંદ આવ્યા અને ત્યાંથી મોટર દ્વારા બોચાસણ પધાર્યા.

તા. ૩/૪ના રોજ બોચાસણમાં ચણાતી વંડી-ઓરડી તથા મકાનોની ખરીદી અંગેનાં કાર્યો આટોપી સાંજે અટલાદરા પહોંચી ગયા.


તા. ૪/૪ના રોજ અટલાદરામાં બંધાઈ રહેલા નવા પ્રવેશદ્વાર અંગે

૧૯૭. શ્રીજીમહારાજના ગુરુ રામાનંદ સ્વામી હતા. તેઓના ગુરુ આત્માનંદ સ્વામીનો આ ઉલ્લેખ છે.

કડિયાઓ સાથે વિચારણા કરીને રાત્રે 'સૌરાષ્ટ્ર જનતા'માં બેસીને મુંબઈ જવા નીકળ્યા અને તા. ૫/૪ના રોજ તેઓએ મુંબઈથી કોલકાતા ભણી પ્રયાણ આરંભી દીધું. આમ, એક દિવસમાં એક ગામ અને અનેક કામને ઉકેલતાં સ્વામીશ્રી પાણી-પવનની જેમ સરકતા રહેતા.

જાતને છેક છેવાડે મૂકવાની ખાસિયત

કોલકાતા-યાત્રાની નોંધ કરતાં સ્વામીશ્રી રોજનીશીમાં લખે છે :



'આજે સાંજના ૭-૧૫ (વાગ્યે)
ઉપડતા કલકત્તા મેઈલમાં
હમો ૧૩ જણા રવાના
થયા. પૂ. સંત
સ્વામિ, મહંત સ્વામિ, ડૉક્ટર
સ્વામિ, ઈશ્વર સ્વામિ,
નારણ ભગત, હરિપ્રકાશ

તથા નારણપ્રસાદ,
દેવચરણ, પ્રગટ ભગત
તથા હું તથા પૂ.
એ.પી.પટેલ, હકાભાઈ,
નારણભાઈ એટલા
રવાના થયા. સ્ટેશન
હરિભક્તો (વિદાય આપવા) આવ્યા
હતા.'

આ નોંધમાં રસપ્રદ વાત એ જોવા મળે છે કે સહપ્રવાસી સંતોની સમગ્ર સૂચિ લખ્યા બાદ સ્વામીશ્રી છેલ્લે પોતાનો ઉલ્લેખ કરે છે; પોતે મંડળના મોવડી હોવા છતાં ! સામાન્યપણે વ્યક્તિ બોલે-લખે ત્યારે 'હું અને ફલાણા-ઢીકણા વગેરે' એ રીતે જ બોલાતું-લખાતું હોય છે. 'હું' હંમેશા પહેલાં આવે. પરંતુ જાતને છેક છેવાડે મૂકવાની સ્વામીશ્રીની ખાસિયત હતી. તે તેઓનાં લખાણો પરથી પણ કળી શકાય છે.

લખાણ તેવાં લક્ષણ! અથવા તો લક્ષણ તેવાં લખાણ!! સ્વામીશ્રીએ રોજનીશી લખવામાં વાપરેલા શબ્દો અને ભાષાના આધારે તેઓનું વ્યક્તિત્વ આલેખવા બેસીએ તો પણ એક દળદાર પુસ્તક તૈયાર થઈ જાય એટલી ગુણ-સામગ્રી તેમાં પડેલી છે.

તા. ૫/૪ના રોજ કોલકાતા જવા નીકળેલા સ્વામીશ્રી ૬૬ કલાક પછી તા. ૮/૪ની બપોરે એક વાગ્યે હાવરા સ્ટેશને પહોંચ્યા. લગભગ ત્રણ દિવસ ટ્રેનની મુસાફરીમાં વીત્યા. વચ્ચે આવતાં અકોલા, નાગપુર, રાયપુર વગેરે સ્ટેશને હરિભક્તો સંત-સંઘને મળવા આવતા રહેલા.

હાવરા સ્ટેશને સ્વામીશ્રી અને સંતોને વધાવવા માટે સમગ્ર સત્સંગ મંડળ ઉપસ્થિત હતું. સૌએ પુષ્પહાર તથા બેન્ડ-વાજાંની સુરાવલિઓથી સ્વામીશ્રીને વધાવ્યા. ગઢડાના શેઠ જાદવજીભાઈના દીકરાને ઘેર સૌનો ઉતારો હતો. રાત્રે શ્રીહરિ જયંતીનો ઉત્સવ લોહાણા શેઠ ગોરધનભાઈના હૉલમાં ઊજવાયો.

તા. ૯/૪ના દિવસે પણ આ શેઠે રાત્રિ સત્સંગસભા માટે હૉલની નિઃશુલ્ક વ્યવસ્થા કરી આપેલી. આ સત્સંગસભા પહેલાં સ્વામીશ્રી જૂના સ્વામિનારાયણ મંદિરે દર્શનાર્થે પધારેલા. સાથે સાથે તા. ૧૨/૪ના દિવસે બેલુરમઠ, દક્ષિણેશ્વર મંદિર, જૈન મંદિર વગેરે ધાર્મિક સ્થળોએ પણ પહોંચેલા. દિવસ દરમ્યાન તેઓ

પધરામણીઓ કરીને સૌને રાજી કરતા. સવારે અને રાત્રે સભાઓ યોજાતી. આ સભાઓમાં સંખ્યા પાંખી-પાતળી રહેતી, છતાં સ્વામીશ્રી ઉત્સાહથી કથાવાર્તા કરીને જ્ઞાનામૃત પીરસતા.

રહું પાસ, હોયે દાસ

કોલકાતાના આ રોકાણ દરમ્યાન જ્યારે પધરામણીઓ ન હોય ત્યારે સ્વામીશ્રી સંતો સાથે ગોષ્ઠી-ગમ્મત પણ કરતા. એક વાર આવી જ એક ગોઠડી મંડાયેલી. તેમાં એક સંતે સ્વામીશ્રીને પૂછ્યું : 'સ્વામી ! આપ તો મોટા છો. વળી, સંસ્થાના પ્રમુખ છો. તોય સભામાં મોટી સંખ્યામાં લોકો કેમ આવતા નથી ?'

બીજો કોઈ હોય તો આ સાંભળી કાં તો છંછેડાઈ જાય કાં તો કરમાઈ જાય. પણ સ્વામીશ્રી બોલ્યા : 'પ્રમુખની શી ગણતરી ? પ્રમુખને કોણ પૂછે છે ? આ તો શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપા જેવા પુરુષોને લીધે તારી ને મારી શોભા છે ! બાકી કોઈ ખીચડી (સીધું) આપે એમ નથી. આ તો યોગીબાપાની સાધુતાથી આ શેઠિયાઓ (કોલકાતાના વણિકો) આવે છે !'

'પણ સ્વામી ! આપ પણ સાધુતાવાળા જ છો ને !' પેલા સંતે દલીલ કરી.

ત્યારે પણ એ જ દાસભાવના સૂર ઘૂંટતાં સ્વામીશ્રી બોલ્યા : 'એ બધું ખરું, પણ યોગીબાપાના તો આપણે દાસ જ છીએ.'

'રહું પાસ હોયે દાસ...' આ જ ભાવ સ્વામીશ્રીના જીવનમાં આદિથી અંત સુધી રહેલો. સમય જતાં તેઓની સભામાં લાખોની મેદની ઊમટતી, છતાં તેઓની આ સમજણ લોપાઈ નહોતી.

તા. ૨૦/૪ના રોજ યોગીજી મહારાજની પધરામણી કોલકાતામાં થઈ. બાર-બાર વર્ષથી જે દર્શન સૌ ઝંખતાં હતાં તે આજે પ્રાપ્ત થયેલાં. તેથી વહેલી સવારના મંગળ પ્રવચનથી માંડીને રાત્રિસભા સુધી હરિભક્તો યોગીજી મહારાજની આસપાસ વીંટળાયેલા રહેતા.

અહીં હરિમંદિર કરવાનો શુભ સંકલ્પ યોગીજી મહારાજે કર્યો. તે નિમિત્તે સેવાની લખાણી થઈ. યુવક મંડળ પણ સ્થપાયું. આમ, યોગીજી મહારાજે દરેક રીતે સત્સંગને પુષ્ટિ આપી દીધી.

ચાલો, હું જોડમાં આવું !

આ રોકાણ દરમ્યાન નારાયણપ્રસાદદાસ સ્વામી દ્વારા દોરાયેલાં અધ્યાત્મના

મર્મને ગૂંથતાં આધુનિક કલાક્ષેત્ર(મોડર્ન આર્ટ)ની શૈલીનાં ચિત્રોનું પ્રદર્શન ‘યુનાઈટેડ કોમર્શિયલ બેંક’ના વાતાનુકૂલિત ખંડમાં ગોઠવાયેલું. તેનું ઉદ્‌ઘાટન તા. ૨૭/૪ના રોજ યોગીજી મહારાજે કરેલું.

એક વાર આ પ્રદર્શનની મુલાકાતે બંગાળના પ્રસિદ્ધ સાહિત્યકાર તારાશંકર બંદોપાધ્યાય આવવાના હતા. તે સમયે પ્રદર્શન ખંડમાં ઉપસ્થિત રહેવા માટે ચિત્રકાર સંતને જોડિયા સંતની જરૂર પડી. પણ તે વખતે સંતો ઓછા; વળી દરેકને માથે કંઈક ને કંઈક કામની જવાબદારી; તેથી ‘સાથે આવવા કોને કહેવું?’ની દ્વિધામાં તેઓ અટવાતા હતા. મનમાં ઉદ્વેગ વધતો હતો કે ‘પ્રદર્શનમાં સમયસર નહીં પહોંચાય તો?’

તેઓની આ વ્યગ્રતા સ્વામીશ્રી પામી ગયા, કારણ કે ચહેરાઓને વાંચવાની તેઓની ફાવટ અનેરી હતી. તેથી સ્વામીશ્રીએ તે સંતને કહ્યું : ‘ચાલો, હું તમારી જોડમાં આવું!’

સ્વામીશ્રીની આ વિનમ્રતા અને સરળતાથી પેલા ચિત્રકાર સંત સ્વયં ચિત્રવત્ બની ગયા!! સૌથી વધુ કામ તો સ્વામીશ્રીને માથે હતાં. વહેલી સવારથી મોડી રાત સુધી તેઓ સેવામાં ગળાડૂબ રહેતા. છતાં તેઓએ મદદ માટે હાથ લંબાવી દીધેલો!

પણ સ્વામીશ્રીને જોડમાં લઈ જવાય? આમ કરવા માટે પેલા સંતનો જીવ ચાલ્યો નહીં. પરંતુ જોડના સંત તરીકે જવાની સ્વામીશ્રીની તત્પરતાથી તેઓની એક અજોડ સંત તરીકેની છાપ સૌનાં કાળજે કોતરાઈ ગઈ. પછી મહંત સ્વામી પેલા સંતની જોડમાં પધારેલા.

ધ્યાન કરવા યોગ્ય સંત

પ્રદર્શન જોવા આવેલા સાહિત્યકાર તારાશંકર સાંજે યોગીજી મહારાજના દર્શન માટે સંતોના ઉતારે આવેલા. યોગીજી મહારાજનાં દર્શન કરતાં જ તેઓ બોલી ઊઠેલા : ‘તમારા ગુરુ ભગવાન જેવા સમર્થ દેખાય છે.’

તે વખતે સ્વામીશ્રી પણ ત્યાં જ ઉપસ્થિત હતા. તેઓ પર આ સાહિત્યકારની નજર પડતાં જ તેઓનો ભાવ આમ ઊછળી આવેલો કે ‘આ (સ્વામીશ્રી) તો મૅડિટેશન (ધ્યાન) કરવા જેવા સંત છે!’

આમ, સૌને મંત્રમુગ્ધ કરતાં યોગીજી મહારાજ અને સ્વામીશ્રીએ કોલકાતા-વાસીઓને અઢળક સુખ આપ્યું.

માની મીઠપનો સ્વાદ

પૂર્વાંચલના આ પ્રવાસમાં ઈશ્વરચરણદાસ સ્વામી સૌ હરિભક્તો માટે ચા-પાણીની વ્યવસ્થા જાળવતા.

ભક્તો પ્રત્યેની આત્મીયતાના દાવે ગણો કે અન્યની પ્રકૃતિને સમજવાની સૂક્ષ્મ સૂઝના દાવે ગણો, પણ સ્વામીશ્રી હરિભક્તોની તાસીરની રજેરજ જાણે. તેથી તેઓ ઈશ્વરચરણદાસ સ્વામીને હરિભક્તોની વ્યવસ્થા અંગે ઘણી વાર ઘટતી સૂચના આપતા રહેતા. આ ક્રમમાં એક વાર તેઓએ કહ્યું : 'અંબાલાલકાકાને મોળી ચા બનાવી આપો.'

આ સાંભળી બાજુમાં ઊભેલા બાઢડાના એક હરિભક્ત એકદમ બોલી ઊઠ્યા : 'આ ચા અંબાલાલકાકા પીએ તેવી જ છે.'

સ્વામીશ્રી આ સાંભળી ગયા. એટલું જ નહીં, શબ્દવેધી હોવાથી તે શબ્દોમાં રહેલો કટાક્ષ અને અપેક્ષા પણ સમજી ગયા. તેથી તેઓ તરત જ રસોડામાં ગયા. થોડી ખાંડ લઈ આવ્યા અને તે ખાંડને પેલા હરિભક્તની એઠી ચામાં નાંખીને આંગળી વડે હલાવવા લાગ્યા. ચા આંગળી નાંખતાં દઝાય એવી ગરમ પણ હતી. છતાં સ્વામીશ્રીએ તે ગણકાર્યું નહીં. પેલા હરિભક્ત તો 'ના... ના...' કરતા રહ્યા અને સ્વામીશ્રીએ તેઓને રુચે તેવી મીઠી ચા કરી દીધી.

તે વખતે ચાની નહીં પણ માની મીઠપનો સ્વાદ એ હરિભક્તની દાઢે કાયમ માટે ચોંટી ગયો! હરિભક્તોની કઈ હદ સુધીની સેવામાં સ્વામીશ્રી પરોવાઈ જતા તેનું આ એક જ્વલંત ઉદાહરણ છે.

દુનિયાના કયા મહાપુરુષે પોતાના આશ્રિતોને આવા લાડ લડાવ્યા હશે ?!

યાદગાર મદદગાર

તા. ૫/૫ના રોજ 'પંજાબ મેઈલ' દ્વારા સંત-સંઘને કોલકાતાથી બનારસ તરફ નીકળવાનું હતું. છેલ્લા દિવસે સૌને સમય ખૂટે તેટલી પ્રવૃત્તિ હતી. તેમાંય મોભને માથે વધુ ખીલા. તેમ સ્વામીશ્રીને તો પળનીયે ફુરસત નહોતી. ક્યારેક યોગીજી મહારાજ બોલાવે તો ક્યારેક હરિભક્ત મળવા આવે. ક્યારેક પોતાની સામગ્રી સંકેલે તો ક્યારેક કાર્યક્રમની ગૂંચ ઉકેલે.

કામની આ દોડધામમાં તેઓ એક વાર રસોડા આગળથી પસાર થયા. અહીં ભાથું તૈયાર કરવાની જવાબદારી નિભાવી રહેલા સંત પૂરીઓ વણતા

હતા. સ્ટવ પર ચઢાવેલું તેલ તતડી રહેલું. પરંતુ તેમાં વણેલી પૂરીઓ મુકાય તેવું નહોતું, કારણ કે તેઓ તળે તો પૂરીઓ વણે કોણ?

સ્વામીશ્રી ઊડતી નજરમાં પણ આ પરિસ્થિતિ પામી ગયા. તેઓ પોતાનું કામ પડતું મૂકીને તરત જ 'લાવો, હું તળું..' કહેતાં કેરોસીનના એક ખાલી ડબ્બાને ઊંધો વાળી તે પર બેસીને પૂરીઓ તળવા લાગ્યા!

સ્વામીશ્રીએ સેવા તો શોધી કાઢી પણ સેવા કરવાની દાનત સો ટકાની એટલે સેવા કરવાનો રસ્તો પણ તેઓને સૂઝી આવ્યો. આવા મદદગારને યાદગાર થતાં કોણ રોકી શકે?

અન્યને મદદરૂપ બનવાની, અહંશૂન્ય વર્તવાની સ્વામીશ્રીની આ રીતિ પ્રાસંગિક નહોતી પણ સ્વાભાવિક હતી. તેથી જ તો કોલકાતાના આ રોકાણ દરમ્યાન જ્યારે જ્યારે મહેમાનો વધી જાય ત્યારે તેઓ ખૂબ સરળતા અને સહજતાથી સંતો સાથે વણવા-તળવાની કે અન્ય સેવામાં જોડાઈ જતા. આ જોઈને નાના સંતોને ક્ષોભ થાય પણ સ્વામીશ્રી તો નાનાની સાથે ભળી જવામાં અત્યંત પ્રસન્નતા અનુભવતા.

અન્યના જીવનમાં જે જવલ્લે જ જોવા મળે તે સ્વામીશ્રીના જીવનમાં થોકબંધ જોવા મળતું.

કર્મયોગની કળામાં કુશળ

તા. ૬/૫ના રોજ સૌ કાશી પહોંચેલા. ત્રણેક દિવસના અહીંના રોકાણ દરમ્યાન યોગીજી મહારાજ, સ્વામીશ્રી તથા સૌ સંતો-ભક્તો સ્વામિનારાયણ મંદિર, તુલસી-માનસ મંદિર, કાશી વિશ્વનાથ મંદિર વગેરે સ્થળોએ તથા નૌકાવિહાર દ્વારા તુલસી ઘાટ, જાનકી ઘાટ, રાજ ઘાટ, જૈની ઘાટ, પંચવટી ઘાટ, ચેતસિંહ ઘાટ, રાણા પ્રતાપ ઘાટ, મૈસુર ઘાટ, દશાશ્વમેધ ઘાટ, મણિકર્ણિકા ઘાટ વગેરેનાં દર્શને પધારેલા. ગંગાસ્નાનનો પણ લાભ લીધેલો. બનારસના વિખ્યાત 'બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય'ને પણ પાવન કરેલું.

તા. ૮/૫ની સાંજે કાશીથી અયોધ્યા તરફનું પ્રયાણ હતું. તેથી આ દિવસે બપોરે સંતો મુસાફરી દરમ્યાન ખપમાં આવે તેવો ચોખ્ખો નાસ્તો તૈયાર કરી રહેલા. પણ સમય થોડો અને સેવા ઝાઝી એવો ઘાટ થયેલો. તેથી સંતો સાથે સ્વામીશ્રી પણ પૂરી વણવા બેસી ગયા.

સેવાકાર્યોમાં એમની ચપળતા અવર્ણનીય રહેતી. જે બારીકાઈ અને

સલૂકાઈથી તેઓ સેવા કરતા તે વર્ષોના મહાવરા પછી પણ ન આવે તેમ સૌને લાગતું. પરંતુ ચાર વેંત ચઢે તેવી વિશેષતા તો એ રહેતી કે સેવામાં અસાધારણ ચીવટ અને ચપળતા દાખવવા છતાં મોઢાના ગંભીર થઈને નહીં પણ સાથીઓ સાથે હાસ્ય-વિનોદ કરતાં કરતાં સેવા કરે. વાતાવરણ એવું હળવું રાખે કે સેવાનો લેશ થાક ન લાગવા દે.

સામાન્યપણે કામમાં જે ઊંડો ઊતરે તે એકાકી થઈ જાય અને જે હાસ્યની છોળ્યો ઉડાડતો ફરે તે ઊંડો ઊતરી ન શકે. પણ સ્વામીશ્રી સાથે સેવા કરવામાં અનુભવ જ જુદા થતા. કર્મયોગની કળા ખરેખરી આત્મસાત્ હતી તેઓને !

તા. ૮/૫ની સાંજે સાડા પાંચ વાગ્યે કાશીથી સંઘ ઊપડ્યો. યોગીજી મહારાજ, સ્વામીશ્રી અને મહંત સ્વામી મોટરમાં હતા. સ્વામીશ્રી આગળની સીટમાં ડ્રાઈવરની બાજુમાં બેઠેલા અને યોગીજી મહારાજ તથા મહંત સ્વામી પાછળની સીટ પર બેઠેલા. બાકીના સહપ્રવાસીઓ ભાડે કરેલી લકઝરી બસમાં હતા.

સદ્ગુરુ સાવધ હાંકણહાર

સ્વામીશ્રીની મોટર જોનપુરનું પાદર વટાવી અયોધ્યા તરફ સડસડાટ દોડવા માંડેલી. તે વખતે સંધ્યાના પ્રહર શરૂ થઈ ગયેલા. ઠંડા પવનની લહેરખીઓ આહ્લાદકતાનો અનુભવ કરાવી રહેલી, પરંતુ તે જ બાબત ગાડી-ચાલક માટે ઘાતક નીવડી. તેઓ ત્રણ દિવસથી સેવામાં ખડે પગે હતા. તેથી સારા એવા થાકેલા. સાંજ, થાક અને ઠંડકના ત્રિભેટે તેઓની આંખો ઘેરાવા લાગી. તે કારણે મોટર મુખ્ય માર્ગથી આડી ફંટાવાની શરૂ થઈ.

આ ગાફલાઈ જીવલેણ નીવડે તેમ હતી, કારણ કે એ વખતે મોટર કઠેડા વગરના પુલ પરથી પસાર થઈ રહેલી, સામેથી ભારેખમ લૉરી પૂરપાટ આવી રહેલી અને નીચે ગોમતી નદી ધસમસતી વહી રહેલી. ફંટાઈ રહેલી મોટર સામે આવી રહેલી લૉરીને અથડાઈને પલટી ખાઈ સીધી નીચે નદીમાં ગરક થઈ જાય એમ હતી.

પરંતુ તે સમયે સદા સતર્ક સ્વામીશ્રી ચાલકની આ શિથિલતાને પામી ગયા અને ઝડપથી મોટરનું સ્ટિયરિંગ સીધું કરી દીધું. તેથી ચાલક તંદ્રામાંથી સફાળા જાગી ગયા. પણ ત્યાં સુધીમાં તો સ્વામીશ્રીની સાવધાનીએ એક ભયાનક હોનારત બનતી અટકાવી દીધેલી ! *'સદ્ગુરુ સાવધ હાંકણહાર'* પંક્તિઓ સાર્થક થઈ રહી !

પરંતુ હવે ગાડીચાલક દ્વારા આગળ મુસાફરી થાય એમ નહોતું. તેથી સૌ પાછા વળ્યા અને જોનપુરમાં એક આરોગ્ય અધિકારીની જગ્યાએ બેસી પાછળ જ આવતી સંતોની લક્ઝરી બસની રાહ જોવા લાગ્યા. થોડી વારે તે બસ આવતાં તેમાં બેસી રાત્રે એક વાગ્યે અયોધ્યા પહોંચ્યા. અહીં જૂના સ્વામિનારાયણ મંદિરે ઉતારો હતો. આ જ જગ્યાએ '૫૩ અને '૫૬ની સ્પેશિયલ ટ્રેન-યાત્રા વખતે પણ રોકાયેલા તેની સ્મૃતિ યોગીજી મહારાજ સ્વામીશ્રી સાથે તાજી કરવા લાગ્યા. એ બંનેના વાર્તાલાપનો આનંદ માણીને સૌ આરામમાં પધાર્યા.

શ્રીજીની રમણરેતીમાં

તા. ૯/૫ના રોજ અયોધ્યામાં પ્રાસાદિક સ્થાનોનાં દર્શન કર્યાં. સાંજે શ્રીજીમહારાજની પ્રસાદીભૂત સરયૂ નદીમાં સ્નાનનો લાભ પણ સૌ સાથે સ્વામીશ્રીએ લીધો. આજે એકાદશી હતી પણ યોગીજી મહારાજે સૌને ફરાળ કરાવ્યું હતું.

તા. ૧૦/૫ની સવારે સૌ વહેલા પરવારીને છ વાગ્યે મનકાપુર સ્ટેશનેથી ટ્રેનમાં બેસી સાડા સાત વાગ્યે 'છપૈયા સ્વામિનારાયણ' સ્ટેશને ઊતર્યા. અહીં મંદિરના કોઠારીએ સુંદર સિગરામ અને છ ગાડાં લેવા માટે મોકલેલાં. યોગીજી મહારાજે સ્વામીશ્રી અને સંત સ્વામીને પોતાની સાથે સિગરામમાં બેસાડ્યા.

જન્મસ્થાન અને મંદિરમાં સ્વામીશ્રીએ ભાવપૂર્વક દર્શન-દંડવત કર્યાં. સ્વામીશ્રીનાં રોમરોમમાં આનંદ વ્યાપી ગયેલો. તેઓ ત્રીજી વાર આ સ્થાનમાં દર્શને આવી રહેલા, છતાં પ્રથમ વાર જ દર્શન કરી રહ્યા હોય તેવી મુગ્ધતા અને મહિમા તેઓની દર્શનક્રિયામાં જણાતા હતા.

બપોરે ચાર વાગ્યે નારાયણ સરોવર, ધર્મ-ભક્તિના ઓટા, કાલિદત્ત મોક્ષસ્થાન, ત્રિખૂણિયું ખેતર, મીન સરોવર, જાંબુડાંનું વૃક્ષ, ખાંપા તલાવડી વગેરે સ્થાનોમાં દર્શન કર્યાં. રજ અને જળ શિરે ચઢાવ્યાં. રાત્રે મંદિરમાં જ સભા યોજાયેલી. તેમાં સ્વામીશ્રીએ કથાવાર્તા દ્વારા શ્રીજીમહારાજનાં ચરિત્રોનું રસપાન કરાવ્યું. છપૈયામાં ક્ષૌરકર્મ(મુંડન)નો મહિમા ઘણો છે. યોગાનુયોગ સંતોને મુંડનનો દિવસ (સુદ તેરસ) પણ આવી ગયેલો ! તેથી યોગીજી મહારાજ અને સ્વામીશ્રી સહિત સૌએ અહીં આ નૈમિત્તિક વિધિ પણ કર્યો.


તા. ૧૧/૫ના રોજ મંદિરમાંથી વિદાય લઈને યોગીજી મહારાજ અને સ્વામીશ્રી સ્ટેશને આવ્યા. અહીં ગાડી ઘણી મોડી આવી અને વળી ગિરદીથી

ભરપૂર હતી. તેથી ક્યાં ગોઠવાવું એ પ્રશ્ન થઈ પડ્યો.

એટલામાં તો ટ્રેન ઊપડવાની વ્હીસલ વાગી. છેવટે ગાર્ડને વિનંતી કરતાં બ્રેકવાનમાં સૌની ગોઠવણ થઈ ગઈ અને મનકાપુર સ્ટેશને ઊતરી મોટર તથા બસ દ્વારા સૌ અયોધ્યા પહોંચ્યા. અહીં નૃસિંહ ચૌદશનું ફરાળ કરીને રાત્રે અગિયાર વાગ્યે કાશી પહોંચી ગયા.

આંખમાં સ્નેહ-આંસુ આવ્યાં

તા. ૧૨/૫ની સવારે અગિયાર વાગ્યે સ્વામીશ્રી, સંત સ્વામી, મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી વગેરે ચોવીસ સંતો-ભક્તો 'કાશી એક્સપ્રેસ' દ્વારા ભુસાવળ થઈ સુરત જવા નીકળવાના હતા. ધીરુભાઈ મિરાણી, કાંતિભાઈ, રમણીકભાઈ વગેરે સ્ટેશને વિદાય આપવા આવેલા. તે હરિભક્તોનો પ્રેમભાવ નોંધતાં સ્વામીશ્રી રોજનીશીમાં લખે છે :



'...આંખમાં સ્નેહ-આંસુ (આવ્યાં)...'

સંતો-ભક્તો વચ્ચે પરસ્પર આત્મીયતાનો નાતો એ સ્વામિનારાયણ સંપ્રદાયની વિશેષતા છે. અહીં સંસ્થા-સંપ્રદાય એક પરિવાર છે, સંતો-ભક્તો એ પરિવારના સદસ્ય છે, મંદિર આ પરિવારજનોનું ઘર છે અને શ્રીજીમહારાજ તથા પ્રગટ સત્પુરુષ આ સદસ્યોનાં માતા-પિતા છે. આવી આત્મબુદ્ધિ જ સત્સંગ છે.

રાત્રિ રેલમછેલ

તા. ૧૩/૫ની સવારે અગિયાર વાગ્યે સ્વામીશ્રી અને સૌ ભુસાવળ ઊતર્યા. અહીંથી સાંજે છ વાગ્યે સુરત તરફ ટ્રેન જતી હતી. ત્યાં સુધી સ્વામીશ્રી સૌ સંતો સાથે સ્ટેશન પર જ રોકાયા. સમય થતાં ટ્રેન દ્વારા સુરત જવા નીકળ્યા.

ટ્રેનની આ મુસાફરી દરમ્યાન જરૂર પડે ત્યારે પીવા માટે પાણી ભરેલાં બે માટલાં સંતોએ સાથે લીધેલાં, પણ રાત્રે નિયમ-ચેષ્ટા પછી સૌ સૂવા માટે આડે પડખે થયા ત્યાં જ એક માટલું ફસક્યું. ચારે બાજુ પાણી પાણી થઈ ગયું. આ જોઈ મુસાફરો બબડવા લાગ્યા. સ્વામીશ્રીએ તેઓને શાંત પાડ્યા તે દરમ્યાન સંતોએ પાણીને લૂછીને પરિસ્થિતિ થાળે પાડી.

સૌ માંડ આડા પડ્યા ત્યાં બીજું માટલુંય પહેલાના પગલે ચાલ્યું. વળી

પાછી ચારેકોર રેલમછેલ થઈ રહી. મુસાફરો ફરી ગિન્નાયા. સ્વામીશ્રી વળી તેઓની માફી માંગતાં સમજાવવા લાગ્યા. સૌ આ કૌતુક જોઈ રહ્યા. મુસાફરો જેટલી ઉગ્રતા બતાવતા જાય એટલી જ નમ્રતા સ્વામીશ્રી દાખવતા જાય.

હકીકતે સ્વામીશ્રીનો તો કોઈ દોષ નહોતો. વળી, તેઓ સ્વબચાવમાં કંઈ ન બોલી શકે એવું પણ નહોતું, પરંતુ તેઓ સમજતા હતા કે જ્યાં ઘર્ષણ છે ત્યાં શક્તિનો બગાડ છે. તેથી તેઓ હંમેશા સમાધાનપ્રિય રહેતા અને પરિસ્થિતિને શક્ય એટલી વહેલી થાળે પાડી દેતા. એ જ રીતે તેઓએ ટ્રેનનું વાતાવરણ શાંત પાડ્યું અને સૌ સૂતા.

તા. ૧૪/૫ની સવારે આઠ વાગ્યે સુરત પહોંચીને તે જ દિવસે સાંજે છ વાગ્યાની લોકલ ટ્રેન દ્વારા સ્વામીશ્રી અટલાદરા પધાર્યા. યોગીજી મહારાજ બનારસથી કોલકાતા થઈને હવાઈમાર્ગે મુંબઈ પધારેલા. તેઓ પણ તા. ૧૬/૫ના રોજ 'ગુજરાત એક્સપ્રેસ'માં નડિયાદ આવવા નીકળેલા. એ જ ટ્રેનમાં સ્વામીશ્રી વડોદરાથી ચઢ્યા.

નડિયાદને કાયમી યાદ

નડિયાદમાં યોગીજી મહારાજના ૭૭મા જન્મજયંતી મહોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવેલું. તે નિમિત્તે સ્વામીશ્રીએ તા. ૧૭/૫થી 'હરિલીલાકલ્પતરુ'ના પાંચમા સ્કંધના પારાયણનો પ્રારંભ કર્યો. પારાયણની સાથે સાથે નડિયાદ તથા આસપાસનાં ગામોમાં જઈને પધરામણીઓ પણ કરેલી.

તા. ૨૨/૫ અને ૨૩/૫ના દિવસો ઉત્સવના હતા. આ બંને દિવસોએ વિશેષ કાર્યક્રમો યોજવામાં આવેલા. તેમાં પ્રથમ દિવસની સવારે ગુજરાતના રાજ્યપાલ શ્રીમન્નારાયણ ઉપસ્થિત રહેલા અને સાંજે નડિયાદના રાજમાર્ગો પરથી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી. મંડળનો ઉત્સાહ ચરમસીમાએ હતો. તેથી નગરયાત્રા પસાર થવાની હતી તે રસ્તાઓ પર ૭૭ કમાનો ઊભી કરવામાં આવેલી. ઠેકઠેકાણે તોરણો ઝૂલી રહેલાં. પુષ્પવૃષ્ટિઓ થઈ રહેલી. નિશાન-ડંકા, બેન્ડ-વાજાં અને ભજન-મંડળીઓના મધુર ઘોષની મિલાવટથી શોભાયાત્રાના માહોલની અનેરી જમાવટ અનુભવાતી હતી. ચાર શ્વેત અશ્વોથી અગ્રેસર થઈ રહેલી બગીમાં યોગીજી મહારાજની સાથે સ્વામીશ્રી બિરાજમાન હતા. બે કલાક સુધી ચાલેલી આ શોભાયાત્રા દેસાઈ વગાથી શરૂ થઈને સ્ટેશન પાસે સરદાર પટેલની પ્રતિમા પાસેના ચોકમાં વિરમી ત્યાં સુધી હજારો લોકોને

ઘેલું લગાડી ચૂકેલી.

તા. ૨૩/૫ના રોજ પારાયણની પૂર્ણાહુતિ થઈ અને યોગીજી મહારાજનો ૭૭મો જન્મોત્સવ પણ ઊજવાયો. આ અવસરે શ્રી રવિશંકર મહારાજ ઉપસ્થિત રહેલા. નડિયાદની નગરપાલિકાએ સન્માનપત્ર આપીને યોગીજી મહારાજની યથોચિત સેવા-ભક્તિ કર્યાનો આનંદ મેળવ્યો. પારાયણ અને જન્મોત્સવની સેવામાં વિશેષ યોગદાન આપનાર ઈશ્વરભાઈ દેસાઈને યોગીજી મહારાજે પુષ્પહાર પહેરાવી આશીર્વાદ આપ્યા. આમ, નડિયાદને કાયમી યાદ આપીને સ્વામીશ્રી આણંદ પધાર્યા.

વાહ, પ્રમુખસ્વામી !

તા. ૨૪/૫ના રોજ આણંદના નાના અડધની ધર્મશાળામાં સર્વે સંતો-ભક્તોને જમવાનું આમંત્રણ હતું. આ કાર્યક્રમ પૂરો કરીને યોગીજી મહારાજ આણંદના આગેવાન હરિભક્ત મણિભાઈ જીવાભાઈની ગાડીમાં બેસવા આવી રહેલા. વૈશાખનો ધોમ તાપ વરસી રહેલો. તેથી સ્વામીશ્રીની વિચક્ષણ બુદ્ધિએ નોંધ્યું કે 'ગાડી તડકામાં ઊભી રાખેલી છે. વળી, સૂર્યનો સીધો તાપ બેઠક પર પડી રહ્યો છે. તેથી તે બેઠક તપી ગઈ હશે.' એટલે યોગીજી મહારાજ ગાડીમાં બેસવા જાય તે પહેલાં તો સ્વામીશ્રી ત્યાં પહોંચી ગયા અને ગાડીની આગલી બેઠક પર હાથ મૂકીને જોયું તો તેઓનું અનુમાન સાચું નીકળ્યું. બેઠક ખરેખર ખૂબ ગરમ થઈ ગયેલી. હવે યોગીજી મહારાજને અનુકૂળતા થાય તે માટે તાત્કાલિક તો શું કરવું ?

પરંતુ 'अतिस्नेहः खलु कार्यदर्शी।'[૧૯૮] – અતિ સ્નેહ રસ્તો સુઝાડનારો હોય છે. સ્વામીશ્રીએ બાજુમાં ઊભેલા જયકૃષ્ણ ભગતનું ગાતરિયું લઈને બેઠકનો વિસ્તાર ઢંકાઈ જાય તે રીતે તેને વાળીને ગોઠવી દીધું. યોગીજી મહારાજ તે પર બેઠા અને ગાડી ઊપડી.

સ્વામીશ્રીની આ ગુરુભક્તિ જોઈને સૌ પોકારી ઊઠ્યા : 'વાહ, પ્રમુખસ્વામી !'

આમ, જ્યાં જાય ત્યાં સૌની 'વાહ' ઝીલતાં સ્વામીશ્રી આણંદથી તારાપુર પાસે સાયલા ગામે પધાર્યા હતા. અહીં તા. ૨૫/૫ના રોજ યોગીજી મહારાજના હસ્તે યજ્ઞનો પૂર્ણાહુતિ હોમ અને પ્રતિષ્ઠાવિધિ થયાં. આ પ્રસંગે સ્વામીશ્રીએ અત્રે થયેલા મંદિરના ઈતિહાસને સુપેરે વર્ણવ્યો હતો.

---

૧૯૮. विक्रमोर्वशीयम्, द्वितीयोऽङ्कः।

પ્રતિષ્ઠાવિધિ બાદ વીરોજા, લીંબાસી થઈને રાત્રે સાડા અગિયાર વાગ્યે બોચાસણ પધાર્યા. અહીં તા. ૧૨/૬ સુધી રોકાઈને મંદિર-સંકુલનાં વિકાસકાર્યોને વેગ આપ્યો. તે દરમ્યાન યોગીજી મહારાજ બોચાસણથી અમદાવાદ થઈને ગોંડલ પધારેલા.

પ્રમુખસ્વામી કહે તે સવા સોળ આની !

ગોંડલમાં તા. ૧૧/૬ના રોજ એક સંત યોગીજી મહારાજ પાસે આવ્યા અને સહેજ ફરિયાદના સૂરમાં બોલ્યા : 'પ્રમુખસ્વામી મને કહે છે કે ફલાણા મંદિરમાં જઈને રહો.' કહેનારાનો આશય એવો હતો કે યોગીજી મહારાજ આ બાબતે હસ્તક્ષેપ કરીને પોતાની આ બદલી મુલતવી રાખવા સ્વામીશ્રીને જણાવે.

પરંતુ યોગીજી મહારાજ તો તેઓની વાત સાંભળી હસી પડ્યા અને બોલ્યા : 'ગુરુ ! એ બરાબર કહે છે. આ તો પ્રમુખસ્વામીની આજ્ઞા છે. મારે પણ પાળવી પડે. નાનામાં નાનો કોઠારી હોય તેની પણ આજ્ઞા હું તો પાળું, તો આ તો પ્રમુખસ્વામીની આજ્ઞા ! જાવ, આજ્ઞા પાળો. સ્વામી (પ્રમુખસ્વામી) કહે એ બરાબર છે. આપણે અક્ષરધામમાં જવું છે કે નહીં ? એમની આજ્ઞાનું સારધાર પાલન જોઈએ. પ્રમુખસ્વામી કહે તે સવા સોળ આની !'

યોગીજી મહારાજના મુખેથી વહેતો સ્વામીશ્રીનો આ અસ્ખલિત મહિમા સાંભળી પેલા સંત તો સ્થિર જ થઈ ગયા ! તેઓના સઘળા સંકલ્પો વિરામ પામી ગયા !

સ્વામીશ્રી પણ તા. ૧૪/૬ના રોજ ગોંડલ આવી પહોંચેલા. અહીં તેઓની ઉપસ્થિતિમાં તા. ૧૫/૬ના દિવસે 'અક્ષર-પુરુષોત્તમ સ્વામિનારાયણ હાઈસ્કૂલ', 'સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી સંસ્કૃત પાઠશાળા' તથા 'ગુણાતીત આયુર્વેદિક ઔષધાલય'નાં ઉદ્‌ઘાટન થયાં. ત્યારબાદ યોગીજી મહારાજે ગોરાણાના પારાયણ નિમિત્તે વિદાય લીધી.

જડ-ચેતનના ઉદ્ધારક

સ્વામીશ્રી ગોંડલમાં જ રોકાઈને નવી શાળાની ગતિવિધિઓને દિશા આપી રહેલા. તે અંતર્ગત તેઓએ તા. ૧૭/૬ના દિવસે શાળાના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સભા યોજી હતી અને શાળાનાં ધારા-ધોરણોની સુંદર દોરવણી આપેલી.

ત્યારબાદ તા. ૧૮/૬ના રોજ ગઢડામાં દર્શન કરીને બપોરે બાર વાગ્યે સારંગપુર પધાર્યા.

અહીં તા. ૨૧/૬ના રોજ તેઓ ગામમાં આવેલો શ્રીજીમહારાજનો પ્રાસાદિક ચોરો જોવા પધારેલા. અત્રે શ્રીજીમહારાજે પરમહંસોને જમાડેલા. આ સ્થાનનો જીર્ણોદ્ધાર કરવાનો યોગીજી મહારાજે વિચાર કર્યો હતો.

ધાર્મિક સ્થાનો સ્વચ્છ, સુઘડ અને સુવ્યવસ્થિત હોવાં જોઈએ – એવો સ્વામીશ્રીનો પણ આગ્રહ રહેતો. તેથી તેને અધિક અને અધિક સારાં બનાવવાની તજવીજ તેઓ કર્યા જ કરતા.

અલબત્ત, આ ચોરો સંસ્થાની માલિકીનો નહોતો, પરંતુ તેઓની ભક્તિભરી વિશાળ દૃષ્ટિમાં કોઈ ખૂણા નહોતા. તેઓને મન તો આ સ્થાન શ્રીજીમહારાજનું છે તેની જ મહત્તા હતી. તેઓ આકાશ જે એક છે તે તરફ જ નજર ઠેરવેલી રાખતા. તેથી તેઓને દીવાલો દેખાતી જ નહીં. આ જ ભાવથી તેઓએ આ ચોરાના નવીનીકરણનું આયોજન વિચારી લીધું.

સારંગપુરના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીની જાણમાં એક વાત એ પણ આવેલી કે ગામના જ એક નિષ્ઠાવાન હરિભક્તને તેઓના દીકરા સાથે કોઈક કારણસર ખટરાગ થયો છે. તેથી તેઓએ પરિવારમાં સુલેહ-સંવાદિતા રહે તે માટે પ્રયત્ન આદર્યો. પ્રથમ દીકરાને બોલાવ્યો અને તેની દુઃખતી નસ જાણી. તે હવે પિતાથી અલગ રહેવાનો નિર્ણય કરીને બેસી ગયેલો. સ્વામીશ્રીએ તેને હેતથી સમજાવ્યો. તેણે વિચારેલા પગલાંની અસર કાલે શું થશે તેનો ચિતાર આપ્યો. તે સાંભળીને એ યુવાનની સાન ઠેકાણે આવી ગઈ. તેણે સાથે રહેવાનું કબૂલ્યું અને એક પરિવારમાં નંદનવન ખડું થઈ ગયું.

આમ, સ્વામીશ્રી કેવળ જર્જરિત થઈ ગયેલાં સ્થાનોનો જ જીર્ણોદ્ધાર કરનારા નહોતા, પરંતુ ખખડી ગયેલા સંબંધોમાં પણ પ્રાણ ફૂંકનારા હતા. નિર્જીવ-સજીવ કોઈ પણ તેઓના યોગમાં આવતાં જ નવીન રૂપ-રંગ ધારણ કરી લેતા.

સારંગપુરથી સ્વામીશ્રી ગઢડા, અમદાવાદ અને બોચાસણમાં વિચર્યા. અહીં યોગીજી મહારાજનું તેડું આવતાં તા. ૧/૭ના રોજ ગોંડલ પધાર્યા.

તમે મારા વતી જજો

સ્વામીશ્રી ગોંડલ આવ્યા ત્યારે યોગીજી મહારાજના શરીરમાં ૧૦૨ ડિગ્રી તાવ ચઢેલો. ઉપચારો છતાં તાવનો પારો હેઠો ઊતરતો નહોતો. આવા

સંજોગોમાં યોગીજી મહારાજને દસ દિવસ પછી આવી રહેલા ગુરુપૂનમના સમૈયે બોચાસણ જવાની ઇચ્છા હતી. આ અંગે નિર્ણય આવી શકતો નહોતો. તેથી યોગીજી મહારાજે સ્વામીશ્રીને બોલાવેલા.

સ્વામીશ્રી પહોંચ્યા એટલે તેઓ તથા મહંત સ્વામી વગેરે સંતોને ભેગા કરીને યોગીજી મહારાજે જણાવ્યું : 'બોચાસણ સમૈયા ઉપર હજારો માણસો આવે. એટલે ત્યાં જઈ આવીએ ને પછી અહીં આવી આરામ કરીએ તો ?'

યોગીજી મહારાજનો આ પ્રસ્તાવ તેઓનું સ્વાસ્થ્ય જોતાં સ્વીકારી શકાય તેમ નહોતું. તેથી સ્વામીશ્રીએ સવિનય તેઓને 'ના' પાડી. બધા સંતોએ પણ સ્વામીશ્રીની વાતને અનુમોદન આપ્યું. ત્યારે યોગીજી મહારાજે સ્વામીશ્રીને કહ્યું : 'તમે મારા વતી ગુરુપૂનમના સમૈયે જજો.' સ્વામીશ્રીએ તેમાં 'હા' પાડી અને યોગીજી મહારાજ શરદ પૂનમ સુધી ગોંડલમાં રોકાઈને આરામ કરે તેમ નક્કી થયું.

આ અરસામાં ભાદરાના મંદિરનું નિર્માણ પણ ચાલુ હતું. તેથી તેનું નિરીક્ષણ કરવા માટે સ્વામીશ્રી તા. ૩/૭ના રોજ ભાદરા જઈ આવ્યા અને પુનઃ ગોંડલ આવીને તા. ૫/૭ના દિવસે અક્ષર-પુરુષોત્તમ શાળાનાં વર્ગો તથા કાર્યાલયોમાં જઈને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. તા. ૬/૭ના રોજ શાળાના બાળકોની સામૂહિક કવાયત જોવા માટે પણ તેઓ પધારેલા.

આમ, મંદિર હોય કે વિદ્યામંદિર- પ્રત્યેક પ્રવૃત્તિનું પોષણ કરી જાણે એવા સર્વદેશી સંત તેઓ હતા.

પ્રેમના તંતમાં સંત ઝાલે

માંદગીમાં આરામ કરી રહેલા યોગીજી મહારાજે એક વાર અચાનક કહ્યું કે 'મારે પ્રદક્ષિણાનો નિયમ છે. કરી આવું ?'

પણ આમાં કોણ 'હા' પાડે ? સૌએ 'ના' કહી. ત્યારે તેઓ બોલ્યા : 'પ્રમુખસ્વામીને કહો – સ્કૂલમાં (પ્રવચન કરવા માટે) જાય અને પછી દર્શને આવે. મારે એમનાં દર્શનની તાણ છે.'

આ ઉદ્‌ગારો સાંભળનાર સૌને યોગીજી મહારાજના અંતરમાં રમી રહેલા સ્વામીશ્રીના મહિમાનો તાગ કાઢવો ખરેખર મુશ્કેલ લાગ્યો.

આ જ વિશ્રામલીલા દરમ્યાન એક વાર યોગીજી મહારાજે સ્વામીશ્રીને ક્યાં ક્યાં કેટલો વરસાદ થયો તે વિશે પૂછ્યું. પછી બોલ્યા : 'નર્મદા પર ડેમ થઈ

જાય તો સારું. કેમ નથી થતો ?'

ત્યારે સ્વામીશ્રીએ તત્કાલીન પરિસ્થિતિના સંદર્ભમાં કહ્યું : 'મધ્ય-પ્રદેશવાળા ના પાડે છે.'

'કેમ ના પાડે છે ? નદી ક્યાં એમની છે ? નદી તો ભરૂચ આગળથી જાય છે.' યોગીજી મહારાજે બાળસહજ ભોળપણ બતાવતાં કહ્યું.

આ રીતે વાતોમાં અડધો કલાક વીતી ગયો. તેથી સ્વામીશ્રીએ કહ્યું : 'બાપા ! રૂમમાં બે જણથી વધુએ ન બેસવું એમ ડૉક્ટરે કહ્યું છે. એટલે અમે બહાર બેસી વાતો કરશું.'

'બેસો ને ! કંઈ થતું નથી.' એમ કહી યોગીજી મહારાજ બોલ્યા : 'ભાદરણમાં વૈદ્ય શાસ્ત્રીજી મહારાજને કહે – 'ત્રણ મહિના બહાર નહીં જવાય.' પણ શાસ્ત્રીજી મહારાજ તો બીજે દિવસે સારંગપુર ગયા. કંઈ ન થયું.'

મૂળ તો સ્વામીશ્રીનું સાંનિધ્ય યોગીજી મહારાજને સોરવતું હતું. તેઓ પોતાથી છેટે જાય તે યોગીજી મહારાજને ગમતું નહીં. તેથી તેઓએ વાતનો દોર ચાલુ જ રાખ્યો. *'પ્રેમના તંતમાં સંત ઝાલે...'* એમ સ્વામીશ્રીની ભક્તિરૂપી દોરીથી તેઓ ખરેખરા બંધાઈ ગયેલા.

પરમ સાધુતાનું દર્શન

તા. ૮/૭ના રોજ સ્વામીશ્રી, મહંત સ્વામી વગેરે સહિત ૧૫ સંતો ગુરુપૂનમના સમૈયા માટે બોચાસણ જવા નીકળવાના હતા.

વિદાય લેતાં પહેલાં તેઓ યોગીજી મહારાજનાં દર્શને ગયા. ત્યારે આશીર્વાદ આપતાં યોગીજી મહારાજે સૌને કહ્યું : '...નિયમ-ધર્મ પાળીએ. પ્રમુખસ્વામી કહે એમ કરીએ. પ્રમુખસ્વામી ઉપર શાસ્ત્રીજી મહારાજને હેત બહુ. બોલાવે, વાતો કરે...' એમ કહીને ગુરુપૂનમે પોતાના પ્રતિનિધિ તરીકે જઈ રહેલા સ્વામીશ્રીનો મહિમા સૌને જણાવ્યો.

ટ્રેન દ્વારા આણંદ થઈને સ્વામીશ્રી બોચાસણ પધાર્યા. અહીં તા. ૧૦/૭ના દિવસે ગુરુપૂનમનો સમૈયો ચિક્કાર ભરાયેલો. યોગીજી મહારાજ સ્વયં પધાર્યા હોય અને જેટલા હરિભક્તો આવે તે રીતે સૌ સમૈયામાં ઊમટી પડેલા. યોગીજી મહારાજની પ્રત્યક્ષ હાજરીની ઊણપ તો હતી, પરંતુ 'પ્રમુખસ્વામીમાં અમે આવી ગયા' એ તેઓના વચનથી સૌનો ઉત્સાહ એટલો જ હતો.

સમૈયાની સભામાં પ્રાસંગિક વક્તવ્યો બાદ મહંત સ્વામીએ યોગીજી

મહારાજના સ્વાસ્થ્યના સમાચાર સૌ હરિભક્તોને જણાવ્યા. સાથે સાથે યોગીજી મહારાજની આજ્ઞા જણાવતાં તેઓએ કહ્યું : 'અમને સંતોને યોગીજી મહારાજે જણાવ્યું છે કે તમે બધા જાવ અને બોચાસણમાં એમ કહેજો કે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી ત્યાં આવે છે તો તેમનું પૂજન બધાએ કરવું. તેમાં અમે આવી ગયા.'

આ વાતને ઉપસ્થિત ભક્તમેદનીએ તાળીઓના ગડગડાટથી વધાવી લઈને આનંદ વ્યક્ત કર્યો.

આ પ્રવચન બાદ સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજનો મહિમા વર્ણવી ગુરુચરણે અંજલિ આપી, પરંતુ પોતાના વક્તવ્યમાં એક રસપ્રદ વાત કરતાં તેઓએ જણાવ્યું કે 'પૂજ્ય યોગીજી મહારાજે કહ્યું છે કે પૂજ્ય મહંત સ્વામી ત્યાં આવે છે તો બધા પૂજન કરજો.'

હકીકતે તો યોગીજી મહારાજે પોતાના સ્થાને પૂજન માટે સ્વામીશ્રીનું જ નામ દીધું હતું, પણ પોતાના માથે લેશ પણ મોટપ આવવા ન દેવી અને બીજાને તે આપી દેવી એ પરમ સાધુતાનું દર્શન સ્વામીશ્રીમાં આ પ્રસંગે મૂર્તિમાન થયું. અંતરમાં ઠાંસી ઠાંસીને નિર્મત્સરપણું ભર્યું હોય ત્યાં જ આ વાત શક્ય બને. શ્રીજીમહારાજે આવા નિર્મત્સર સંતને જ ભાગવતધર્મના અધિકારી કહ્યા છે.[૧૯૯]

મુંબઈ પર મહેરના મેઘ

ગુરુપૂર્ણિમાના સમૈયા બાદ સ્વામીશ્રી અટલાદરા થઈને તા. ૧૫/૭ના રોજ મુંબઈ પધારેલા. અહીંના રોકાણ દરમ્યાન તેઓએ પાર્લા, માટુંગા, કાલબાદેવી, ગોરેગાંવ, કુર્લા, ચોપાટી અને ઘાટકોપર વગેરે પરાં વિસ્તારોમાં સત્સંગ સભાઓ અને પધરામણીઓનો લાભ આપેલો.

આમ, રોજ રાત્રે સ્વામીશ્રી મુંબઈગરાને શાંતિ પમાડવા નીકળી પડતા. જેમ નોળિયો નોળવેલ સૂંઘે ત્યારે સર્પના ડંસથી શરીરમાં ચઢેલું ઝેર ઊતરી જાય છે, તેમ દિવસની પ્રવૃત્તિથી ચડેલાં સંસારનાં ઝેર સ્વામીશ્રીની અમૃતવાણીથી ઊતરી ગયાંનો અનુભવ સૌ કરી રહેતા.

રોજ સવારે અને રવિસભામાં તેઓ મંદિરમાં વચનામૃતના નિરૂપણ કરતા. શ્રીજીમહારાજની આ પરાવાણીને સમજાવવાની આગવી શૈલી સ્વામીશ્રી પાસે હતી. મહારાજના શબ્દોનું હાર્દ અત્યંત સરળ ભાષામાં એવી સ્પષ્ટતાથી તેઓ કહેતા કે શ્રોતાને એમ જ લાગે કે વચનામૃતના ઉદ્ગાતા સ્વયં શ્રીજી-

૧૯૯. વચનામૃત કારિયાણી પ્રકરણ ૬.

મહારાજ જ આજે તેઓના શબ્દો સમજાવવા પુનઃ પધાર્યા છે કે શું ?!

તા. ૨૪/૭ના રોજ સાંતાક્રુઝ(પશ્ચિમ)માં આવેલા લક્ષ્મીનારાયણ મંદિરના હૉલમાં જાહેરસભા રાખવામાં આવેલી. હરિભક્તો ઉપરાંત ગુણભાવીઓની હાજરી પણ તેમાં વિશેષ હતી. ત્યાં સ્વામીશ્રીની સર્વદેશી કથા-વાર્તાથી સૌ ઘણી પ્રેરણા પામેલા. તેઓનાં દર્શનથી પણ સૌને ઘણો સમાસ અને સંતોષ મળેલો.

સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન મુંબઈમાં હિંડોળાનો ઉત્સવ પણ ઊજવાયો. તેમાં મહંત સ્વામી તથા સંતોએ વિવિધ પ્રકારનાં કલાત્મક હિંડોળા બનાવેલા. દરેક હિંડોળામાં મહંત સ્વામીની આગવી સૂઝ અને અપાર શ્રદ્ધાનું દર્શન સૌને થતું. આવો જ એક કલામંડિત હિંડોળો તા. ૪/૮ના રોજ પાર્લાના તિલક મંદિર ખાતે યોજાયેલી જાહેરસભાના સ્થળે ગોઠવવામાં આવેલો. તેનાં દર્શનથી સભામાં આવનારા સૌએ આશ્ચર્ય સાથે આનંદ અનુભવેલો. આમ, સ્વામીશ્રીની કથાસૂઝ અને સંતોની કલાસૂઝ બંનેએ અહીં રંગ રાખેલો.

આ રીતે સતત દોઢ મહિના સુધી રોકાઈને સ્વામીશ્રીએ મુંબઈને ધન્ય કરેલું. એક બાજુ શ્રાવણ વરસતો હતો; બીજી બાજુ સ્વામીશ્રીની મહેરના મેઘ વરસતા હતા. મુંબઈગરા અંદર-બહાર ભીંજાઈ રહ્યા !

આ દિવસો દરમ્યાન એક વાર ગોંડલમાં યોગીજી મહારાજ રાત્રે ઉકાળો ગ્રહણ કરી રહેલા. ત્યારે વાતચીતમાં કો'ક બોલ્યું : 'પ્રમુખસ્વામીનો પત્ર સંતો પર આવ્યો છે.'

'મને કેમ ન વંચાવ્યો ? મને વંચાવો.' યોગીજી મહારાજ તરત જ બોલ્યા.

પછી તે પત્ર મંગાવી વંચાવ્યો. સ્વામીશ્રીએ લખેલા શબ્દો સાંભળતાં યોગીજી મહારાજ જાણે અમૃતપાન કરી રહ્યા હોય તેવો આનંદ અનુભવી રહેલા. સૌને સ્વામીશ્રી પ્રત્યેની તેઓની પ્રીતિનું વધુ એક દર્શન થયું.

જનસેવા અને પ્રભુસેવા

મુંબઈમાં શ્રાવણ માસ દરમ્યાન તા. ૫/૮ થી ૧૧/૮ સુધી સ્વામીશ્રીએ 'હરિલીલાકલ્પતરુ'ના સાતમા સ્કંધમાં આવતાં શ્રીજીમહારાજનાં લીલાચરિત્રોનું રસાસ્વાદન કરાવેલું.

સ્વામીશ્રીની આ કથાનો સ્વાદ સૌને એવો ભાવ્યો કે પારાયણની પૂર્ણાહુતિ પછી પણ સમગ્ર શ્રાવણ માસ સુધી મંદિરમાં રોજ સવાર-સાંજ કથાવાર્તાનું આયોજન ચાલુ રાખવાની માંગ ઊઠી. હરિભક્તો પારાયણો નોંધાવવા લાગ્યા

અને શ્રાવણનાં સરવડાંની સાથે કથામૃતની હેલી પણ વરસવી શરૂ રહી. આમ, સ્વામીશ્રીનું સાંનિધ્ય સદ્પ્રવૃત્તિઓ માટે ખાતર-પાણીની ગરજ સારતું.

આ વર્ષે સુરતમાં અતિવૃષ્ટિને કારણે હોનારત સર્જાઈ હતી. તેમાં ઘણી માલહાનિ અને જાનહાનિ થયેલી. તેથી સ્વામીશ્રીએ ગુજરાતના મુખ્યમંત્રીના રાહત ફંડમાં સંસ્થા વતી માતબર રકમનું દાન પણ જાહેર કર્યું.

એક તરફ તેઓ કથાવાર્તા દ્વારા સૌના આત્માની કાળજી એવી લેતા કે સંસાર શોભી ઊઠે અને બીજી તરફ સમાજસેવાઓ દ્વારા સંસારની સંભાળ પણ એવી રાખતા કે આત્માની ઉન્નતિ સહેલી બને.

જનસેવા અને પ્રભુસેવાના બંને ધ્રુવને સ્પર્શતું તેઓનું જીવન અને કાર્ય સૌ માટે ઉદાહરણરૂપ હતું.

જળ-જમીનને તીર્થત્વ

પ્રતિવર્ષ જન્માષ્ટમીનો ઉત્સવ સ્વામીશ્રી અટલાદરામાં ઊજવતા, પણ આ વર્ષે એ લાભ મુંબઈના ખોળે આવેલો. તા. ૧૬/૮ના દિવસે માટુંગાની પોદ્દાર કૉલેજના હૉલમાં આ ઉત્સવનું આયોજન થયેલું. ચાંદીના કલાત્મક પારણામાં ઠાકોરજીને પધરાવેલા. મુમુક્ષુઓની મેદનીથી સભાગૃહ હકડેઠઠ ભરાઈ ગયેલું. તેમાં સ્વામીશ્રી અને મહંત સ્વામીએ પ્રાસંગિક પ્રવચનો કરીને સૌને યોગીજી મહારાજની હાજરીમાં જ આ ઉત્સવ ઊજવાયો હોય તેવી અનુભૂતિ કરાવી.

ત્યારબાદ તા. ૧૭/૮ના રોજ અંધેરી વિસ્તારમાં પધરામણીઓ બાદ સૌ હરિભક્તો સ્વામીશ્રીને દરિયાકિનારે લઈ ગયેલા. ત્યાં સ્વામીશ્રીની સાથે સૌએ સમુદ્રસ્નાનનો લાભ પણ લીધેલો. આમ, મુંબઈનાં જળ-જમીન બધાને આ વખતે સ્વામીશ્રીએ પાવન કર્યાં.

મુંબઈના રોકાણ દરમ્યાન જ તા. ૧૮/૮ના દિવસે હરિજીવનદાસ સ્વામીના અક્ષરવાસના સમાચાર સ્વામીશ્રીને મળ્યા. સ્વામીશ્રી કરતાં ઉંમરમાં મોટા છતાં તેઓ સ્વામીશ્રી સાથે અનન્ય સખાભાવ ધરાવતા હતા. આ સ્નેહ-સંબંધને જાણતા યોગીજી મહારાજે ગોંડલમાં હરિજીવનદાસ સ્વામીના પાર્થિવ શરીરની આરતી ઉતારી ત્યારે સ્વામીશ્રીને ખાસ યાદ કર્યા હતા.

માત્ર બાવન વર્ષની ઉંમરે આ સંતે દેહ છોડી દીધો હતો ત્યારે આખા ગઢડામાં સ્વયંભૂ બંધ પાળવામાં આવેલો. મુસલમાનો-જૈનો સુધ્ધાંએ દુકાનો બંધ રાખેલી. ગઢડામાં ઘણા સદ્ગુરુઓ ધામમાં ગયેલા પણ આવો આદર-પ્રેમ

કોઈના માટે પ્રદર્શિત કરવામાં આવ્યો નહોતો.

આવા સદ્‌ગુણી સંતને સ્વામીશ્રીએ પણ આજની રવિસભામાં હાર્દિક શ્રદ્ધાંજલિ આપી હતી.

તા. ૧૯/૮ના દિવસે સ્વામીશ્રી પવઈની 'અક્ષર વાડી'માં બાગાયતનું માર્ગદર્શન આપીને ચિન્મયાનંદ સ્વામીના આશ્રમ અને ભોઈવાડાના સ્વામિનારાયણ મંદિરે દર્શન બાદ રાત્રે દાદર મંદિરે આવી પહોંચેલા.

તા. ૨૧/૮ અને ૨૨/૮ના રોજ ઉરણના ડાહ્યાભાઈ અને મોરાના આઈત્યા સોમાના ઉત્સાહને વશ થઈને સ્વામીશ્રી, મહંત સ્વામી સહિત વીસ સંતો-ભક્તો સ્ટીમ લોન્ચમાં બેસી દરિયાઈ માર્ગે મોરા પહોંચેલા. અહીં માછીમાર મુમુક્ષુઓએ બેન્ડ-વાજાં વગડાવી સ્વામીશ્રીને સન્માન્યા. હિંદી અને મરાઠી ભાષામાં કથાવાર્તા કરીને સંતોએ લાભ આપ્યો.

મોરાથી ઘોડાગાડી અને મોટર દ્વારા સૌ ઉરણ પહોંચ્યા. રાત્રિસભા રામ મંદિરમાં રાખવામાં આવેલી. તેમાં સ્વામીશ્રી અને મહંત સ્વામીએ સત્સંગની દુર્લભતા વિશે મનનીય વ્યાખ્યાનો આપેલાં. બીજે દિવસે વળતા ક્રમમાં ઉરણથી મોરા અને મોરાથી હોડીમાં બેસીને દાદર પધારી ગયેલા.

યોગીજી મહારાજે સ્વામીશ્રીને મુંબઈની પાઠશાળાના આચાર્ય સ્થાપીને તેની ખબર રાખવાની આજ્ઞા કરેલી. તે મુજબ આ વખતે સ્વામીશ્રીએ મુંબઈમાં સુદીર્ઘ રોકાણ કર્યું હતું. હવે તેઓ ગુજરાત તરફ વિદાય લેવાના હતા. તેથી તા. ૨૬/૮ના રોજ વિદાયસભા યોજવામાં આવેલી. તેમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોએ સ્વામીશ્રીનો આભાર વ્યક્ત કર્યો.

છેલ્લે મહંત સ્વામીએ જણાવ્યું કે 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામીએ અત્રે પધારી સંત-પાર્ષદ-હરિભક્તોને ખૂબ પ્રેરણા આપી છે, સુખ આપ્યું છે. આ રીતે દર વર્ષે પધારીને સુખ આપતા રહે તે માટે વિનંતી.'

શબ્દ અને સાંનિધ્યની તાકાત

મુંબઈનું વિદાયમાન સ્વીકારીને તા. ૨૭/૮ની સવારે 'ગુજરાત એક્સપ્રેસ' દ્વારા સ્વામીશ્રી વલસાડ સુધી આવ્યા. અહીંથી આગળનો રેલ-વ્યવહાર વરસાદને કારણે ખોરવાયેલો. તેથી વલસાડથી સુરત તેઓ મોટર દ્વારા પહોંચેલા.

અહીં પૂરને કારણે શહેરમાં થયેલા નુકસાનને જોવા સ્વામીશ્રી નીકળ્યા. કંઈ પણ અઘટિત બને તો સૌનાં સાંત્વન અને સુખાકારી માટે 'સ્વામિનારાયણ'

મહામંત્રની ધૂન કરવી એ તેઓની પ્રકૃતિ હતી. તે મુજબ અહીં પણ મહારાજ-સ્વામીને પ્રાર્થના કરતાં કરતાં સઘળું નિહાળ્યું.

રાત્રિ સભામાં સ્વામીશ્રીએ સૌ હરિભક્તોને અણધારી આફતમાં હિંમત રાખવાની, સ્વામી-શ્રીજીનું કર્તાપણું સમજવાની અને દૃઢ આશરો હોય તો સ્વામી-શ્રીજી રક્ષા કરે જ છે – તે વાતો પ્રસંગોચિત ઉદાહરણો આપીને એકધારી સવા કલાક સુધી કરેલી. તેઓની આ કથાવાર્તાથી સૌને ખૂબ બળ અને હૂંફ મળ્યાં હતાં. આખું વાતાવરણ દિવ્ય બની ગયું હતું. વાતાવરણને ફેરવી નાંખવાની અનેરી તાકાત હતી – તેઓના શબ્દ અને સાંનિધ્યમાં. તેથી જ તો સૌ તેઓને ઝંખતા.


સુરતથી સ્વામીશ્રી વિચરણ કરતાં કરતાં જળઝીલણીના ઉત્સવ નિમિત્તે સારંગપુર પધારી ગયા.

અહીંથી તા. ૫/૯ની સાંજે તેઓ પચીસ સંતો-ભક્તો સાથે કારિયાણી તીર્થમાં દર્શન કરવા ગયેલા. અત્રે મહારાજના પ્રત્યેક પ્રાસાદિક સ્થાનોનાં ભાવ-પૂર્વક દર્શન કર્યાં. જે તે સ્થળનાં મહારાજનાં ચરિત્ર-લીલાઓ પણ હરિભક્તોને સમજાવ્યાં. સ્વામીશ્રી સાંપ્રદાયિક તવારીખોના ખાસ્સા જાણકાર હોવાથી પ્રસાદીનાં સ્થળ-વસ્તુઓ સાથે સંકળાયેલો ઈતિહાસ એવો આબેહૂબ રજૂ કરતા કે આપણને ઊંચકીને તે કાળમાં મૂકી દે!

કારિયાણીથી ઝમરાળામાં નવાં તૈયાર થયેલા મંદિરનાં દર્શન કરીને રાત્રે સારંગપુર આવી ગયા. તા. ૬/૯ના દિવસે ટ્રેક્ટર દ્વારા સારંગપુરથી ગઢડા આવીને શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વનો ઉત્સવ તેઓએ અહીં ઊજવેલો.

મોકળા મનના

આ સમયમાં ગઢડાના મંદિર-સંકુલમાં નવો સભામંડપ તૈયાર થઈ ગયેલો. અહીંના રોકાણ દરમ્યાન એક વાર સ્વામીશ્રી તથા ઈશ્વરચરણદાસ સ્વામી તેનું નિરીક્ષણ કરવા નીકળેલા. તે વખતની એક નોંધ તેઓ પોતાની રોજનીશીમાં આમ લખે છે :



'...સભામંડપમાં
ફોટા શતાબ્દી
વખતના[૨૦૦] મુકવા
ઈશ્વર સ્વામીએ
સુચના કરી..'

એક નાના સંતનું[૨૦૧] નાનું સૂચન સ્વામીશ્રી માત્ર સાંભળતા નથી પણ તેને નોંધી લે છે! તેઓની આ નાનકડી નોંધ તેઓના મનની મોકળાશ દર્શાવે છે. આજે બી.એ.પી.એસ. સંસ્થા ઉચ્ચ કાર્યસિદ્ધિઓ મેળવી રહી છે, કારણ કે તેના નેતા સ્વામીશ્રી નાની વ્યક્તિના નાના સૂચનનો પણ આટલો આદર અને અમલ કરી જાણનારા હતા.

તા. ૧૧/૯ના રોજ ગઢડાથી ભાવનગર જવા નીકળેલા સ્વામીશ્રીને ઢસા મુકામે જ યોગીજી મહારાજનો મેળાપ થઈ ગયો. તેઓ પણ ગોંડલથી ભાવનગર તરફ જ જઈ રહેલા. ભાવનગરમાં લોહાણા જ્ઞાતિની વાડીમાં સ્વામીશ્રીએ 'હરિલીલાકલ્પતરુ'ના પારાયણનો લાભ આપ્યો. સવારે પારાયણ બાદ સાંજે ચાર વાગ્યાથી તેઓ પધરામણીમાં નીકળી પડતા.

અહીંના રાજવી વીરભદ્રસિંહના લગ્ન પ્રસંગે યોગીજી મહારાજ બોટાદ સ્ટેશને તેઓને આશીર્વાદ આપવા પધારેલા. યોગીજી મહારાજની આ કૃપાએ તેઓના હૃદયમાં સ્થાન જમાવી રાખેલું. તેથી પોતાના ચાર માસના કુંવરને આશીર્વાદ આપવાના નિમિત્તે તેઓએ યોગીજી મહારાજને પોતાના મહેલમાં નોંતરેલા. મહારાજાનો આ મનોરથ પૂરો કરવા યોગીજી મહારાજ સ્વામીશ્રીને સાથે લઈને નીલમ બાગ પેલેસમાં પધારેલા.

આમ, ભાવનગરમાં આ પારાયણ દ્વારા સંપ્રદાયનો સારો ઉદ્‌ઘોષ થયો અને હરિમંદિરના નિર્માણ માટેનાં ચક્રો ગતિમાન થઈ ગયાં.

હાં જી ભલા સાધુ

ભાવનગરમાં કંથારિયાના મોડભાએ ખરીદેલા સ્ટેશન વેગનમાં બેસીને

૨૦૦. શાસ્ત્રીજી મહારાજના શતાબ્દી મહોત્સવમાં પ્રદર્શન નિમિત્તે તૈયાર થયેલાં શ્રીજીમહારાજનાં જીવન-કાર્ય સંબંધી ચિત્રો.

૨૦૧. આ વખતે સ્વામીશ્રીને દીક્ષા લીધે ૨૯ વર્ષ થયેલાં અને ઈશ્વરચરણદાસ સ્વામીને દીક્ષા લીધે ૮ વર્ષ થયેલાં.

યોગીજી મહારાજ તથા સ્વામીશ્રી પધરામણીઓ કરતા. આ ક્રમમાં છેલ્લી પધરામણી મોડભાના ઘેર જ હતી. ૩૦-૪૦ હરિભક્તો સાથે યોગીજી મહારાજ પધારેલા. આરતી-પૂજન બાદ પ્રસાદ વહેંચવાનો હતો. તે વખતે સ્વામીશ્રી સૌ હરિભક્તોને પસ્તીના કાગળ આપવા લાગ્યા અને યોગીજી મહારાજ પ્રસાદ.

પરંતુ પસ્તી ખૂટી. તેથી મોડભાના પૌત્ર ધનદેવસિંહે સ્વામીશ્રીના હાથમાં કાગળની કોથળીઓ આપી. સ્વામીશ્રી તે કોથળીને ફાડીને કાગળ પહોળો કરી હરિભક્તોને આપવા લાગ્યા.

પણ આ ક્રમમાં એક કોથળી તેઓએ ફાડી અને અંદરથી સાપ નીકળ્યો હોય તેમ તે કાગળ સ્વામીશ્રીએ ફેંકી દીધો. કોથળીઓ આપનાર યુવકને થયું કે 'સ્વામીએ આ શું કર્યું ?'

પરંતુ તપાસ કરતાં ખબર પડી કે તે કોથળીની અંદરની બાજુ અશોભનીય ચિત્ર હતું. કોથળી ફાડીને કાગળ પહોળો કરતાં જ તે સ્વામીશ્રીની નજરમાં આવતાં તેઓએ આવો આંચકો અનુભવેલો. જે ત્વરાથી અને જે ઝટકાથી તેઓએ કાગળ ફેંક્યો તે જોઈને સૌ આ નિષ્કામી નારાયણસ્વરૂપદાસજીને વંદી રહ્યા !

આપ ક્યાંના મહંત ?

ભાવનગરથી શિહોર થઈને સ્વામીશ્રી તા. ૧૯/૯ના રોજ ગઢડા પધારેલા. અહીં તા. ૨૦/૯ના રોજ યોગીજી મહારાજ, સ્વામીશ્રી સહિત સૌ સહસ્રધરે સ્નાન કરવા પધારેલા. યોગીજી મહારાજ કિનારે બેસી લોટા વડે સ્નાન કરતા હતા અને સૌના મસ્તકે જળ ચડાવતાં રાજીપો વરસાવતા હતા. સ્નાન બાદ તેઓ ધરાની નજીકમાં એક બાવાજીએ બાંધેલી ઝૂંપડીએ પધાર્યા.

બાવાજીએ યોગીજી મહારાજને જરા ભારે અવાજે પૂછ્યું : 'આપ ક્યાંના મહંત છો ? તમે બેઠા છો એ સ્થાનનો હું મહંત છું.'

યોગીજી મહારાજ તો પોતાની વાત કરવાને બદલે સૌની ઓળખાણ આપતાં બોલવા લાગ્યા : 'આ અમારા સંત સ્વામી... સારંગપુર મંદિરના મહંત. આ બાલમુકુંદ સ્વામી. ગોંડલ મંદિરના મહંત... અને આ પ્રમુખસ્વામી તો સંસ્થાના ધણી !'

પણ તે વખતે સ્વામીશ્રીએ યોગીજી મહારાજને પૂછ્યું : 'આપ ક્યાંના મહંત ?'

'અક્ષરધામના !' યોગીજી મહારાજ લહેકાથી હાથ ઊંચો કરીને બોલ્યા.

પેલા બાવાજીને તો આ ઓળખમાં કંઈ ગતાગમ ન પડી. પણ સંતો-ભક્તો તાળી પાડી ઊઠ્યા.

ગઢડાના નિવાસ દરમ્યાન જ તા. ૨૨/૯ના રોજ સૂર્યગ્રહણ થવાનું હતું. તેનો વેધ સવારથી બેસતો હતો. તેથી યોગીજી મહારાજે ભોજન ગ્રહણ કરવાનો સાફ ઈન્કાર કરી દીધો. તે વખતે તેઓને સ્વામીશ્રીએ શિથિલ સ્વાસ્થ્યને લક્ષમાં લઈને કંઈક અંગીકાર કરવા આગ્રહ કર્યો. સ્વામીશ્રીની વિનંતી યોગીજી મહારાજ કદી ઠેલતા નહીં. તેથી તેઓએ રકાબીમાં થોડો ઉકાળો ગ્રહણ કર્યો હતો. સાંજે પાંચથી સાડા છ વાગ્યા સુધી ગ્રહણનો સમૈયો કરીને સ્વામીશ્રી સહિત સૌએ ઘેલા નદીમાં સ્નાન કરેલું.

ત્યારબાદ તા. ૨૪/૯ના રોજ રાણપરીના મૂર્તિપ્રતિષ્ઠાવિધિમાં હાજરી આપીને સ્વામીશ્રી ઝમરાળા, કારિયાણી, સારંગપુર થઈને ગોંડલ પધારેલા.

સેવાના વ્રતધારી

ગોંડલમાં ગુણાતીતાનંદ સ્વામીની ૧૦૧મી તિરોધાનતિથિ નિમિત્તે ત્રણ દિવસનો હરિયાગ[૨૦૨] અને શરદપૂર્ણિમાનો ઉત્સવ ઊજવાયો. તા. ૬/૧૦ના રોજ ગ્રહણનો સમૈયો હોવાથી ગુણાતીત જન્મોત્સવની સભા એક દિવસ આગળ રાખવામાં આવેલી. પણ આ સમૈયામાં સ્વામીશ્રીએ નિભાવેલી ભૂમિકાને એક જ વાક્યમાં વર્ણવતાં યોગીજી મહારાજ બોલેલા કે 'અહીં સમૈયામાં સહુને માટે પ્રમુખસ્વામીએ બધી સગવડ કરી છે...'

આમ, સમૈયામાં સ્વામીશ્રી એક ધરી સમાન બની રહેતા. સમગ્ર સમૈયો તેઓની આસપાસ ઘૂમતો રહેતો. છતાં તેઓ તો સદા સેવકભાવે જ વર્તતા.

આ સમયમાં સ્વામીશ્રીના સેવક પ્રગટ ભગતના જમણા હાથની પહેલી આંગળી પાકેલી. તેથી તેઓ પોતાનાં ધોતિયાં પણ પોતાના હાથે નિચોવી શકતા નહીં. એટલે તેઓનાં તથા સ્વામીશ્રીનાં ધોતિયાં ધોવા-નીચોવવા-સૂકવવાની સેવા રામોદના મોહનભાઈ પટેલ કરતા.

આવી પરિસ્થિતિમાં રોજિંદા ક્રમ મુજબ સેવક એક વાર સ્નાન કરીને

---

૨૦૨. આ હરિયાગની વિશિષ્ટ સ્મૃતિ માણવા જુઓ વીડિયો ટ્રેક નં. ૨૯. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

બહાર નીકળ્યા અને થોડી વારમાં સ્વામીશ્રી સ્નાન કરવા આવવાના હોવાથી તેઓ માટે ગરમ પાણી લેવા ગયા, પોતાનાં ભીનાં ધોતિયાં બાથરૂમમાં જ રાખીને !

પરંતુ એટલામાં તો સ્વામીશ્રી આવી પહોંચ્યા. તેઓએ સેવકનાં ધોતિયાં એમ ને એમ પડેલા જોયાં એટલે તરત જ તેને છબછબાવીને તારવી દીધાં. પ્રગટ ભગત ગરમ પાણી લઈને આવ્યા ત્યાં સુધીમાં તો તેઓનાં ધોતિયાં ધોઈને સ્વામીશ્રી પાણી આવે તેની રાહ જોતાં બેઠેલા.

આ જોઈને સેવકે સ્વામીશ્રીને કહ્યું : 'તમે શા માટે ધોતિયાં ધોયાં ?'

'તારી આંગળી દુઃખે છે એટલે ! તું આટલી સેવા કરે છે તો મારેય થોડી કરવી જોઈએ ને !' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના શબ્દોમાં સેવા કર્યાનો સંતોષ ઝળકતો હતો. જેમ વ્યસની વ્યસન માટે તલસતો હોય તેમ સ્વામીશ્રી સેવા માટે સદા તલસતા રહેતા. પોતે કરેલા ગમે તેવા મહાન કાર્યને કાચી સેકન્ડમાં ભૂલી જનારા તેઓ પોતા માટે કોઈકે કરેલી નાની અમથી સેવા પણ કદી ભૂલતા નહીં. સમય આવે ત્યારે તેનું વળતર ચૂકવી જાણતા.

જે જે લીલા કરો તમે લાલ

તાજેતરમાં જ સંપન્ન થયેલા શ્રીહરિયાગ નિમિત્તે હજારો ભક્તોએ લખેલી મંત્રપોથીઓનું પૂજન જ્યાં થયેલું તે જગ્યાએ તૈયાર થયેલા ઓટા પર શ્રીજીમહારાજનાં ચરણારવિંદની પ્રતિષ્ઠા યોગીજી મહારાજે તા. ૧૯/૧૦, ધનતેરસના દિવસે કરી. આ પ્રસંગ માટે સ્વામીશ્રીને પણ તેઓએ રોકેલા. સંપ્રદાયના મહત્ત્વના અને અગત્યના અવસરે યોગીજી મહારાજ હંમેશા સ્વામીશ્રીને ઝંખતા.

અન્નકૂટને હવે બે દિવસની જ વાર હતી. તેથી સારંગપુર જતાં પહેલાં સ્વામીશ્રી યોગીજી મહારાજની રજા લેવા ગયા. ત્યારે તેઓએ પ્રેમથી પૂછ્યું : 'શામાં જાઓ છો ?'

'એ તો બાપા ! વ્યવસ્થા થઈ જશે. બસમાં જતા રહીશું...' સ્વામીશ્રીએ જણાવ્યું.

'તમને એમ બસમાં નો' મોકલાય. જીપગાડી છે. તેમાં જજો.' યોગીજી મહારાજે એક જીપ સ્વામીશ્રી માટે તૈયાર રખાવેલી. તેથી તેમાં સામાન ગોઠવાયો. અન્નકૂટ માટે કેટલીક સામગ્રી અહીંથી લઈ જવાની હતી. તે પણ

મુકાઈ ગઈ એટલે સૌ ઊપડ્યા. પણ હજી તો દરવાજે જ પહોંચ્યા ત્યાં તો ગિયર ફસાઈ ગયો! ઘણી મથામણ છતાં ખોટકામણ ટળી નહીં. તેથી સૌ નીચે ઊતર્યા. જીપને ધક્કો મારતાં મારતાં મંદિરના પ્રાંગણમાં ઊભેલી રાયણ નીચે લઈ આવ્યા. સઘળો સામાન નીચે ઉતાર્યો.

ગાડીની મરામત થાય તેની રાહે સ્વામીશ્રી સભામંડપના દ્વારે જ બપોરે સાડા ત્રણ વાગ્યા સુધી બેસી રહ્યા. જે આવે તેને મળે. બાકીના સમયમાં પોતાનાં કામ પૂરાં કરે.

તેટલામાં યોગીજી મહારાજ બપોરે જાગીને અક્ષર દેરીમાં દર્શને જવા નીકળ્યા અને સ્વામીશ્રીને જોતાં જ પૂછ્યું : 'લ્યો, તમે હજી આંઈ?'

કોઈકે ગાડી બગડવાની વાત કરી. ત્યારે યોગીજી મહારાજ કહે : 'આપણી નાની કાળી ગાડી લઈ જાઓ.' તે માટે સ્વામીશ્રી 'ના' પાડતા રહ્યા પણ એ ગાડી આવીને ઊભી રહી ગઈ. બધો સામાન તેમાં ગોઠવાયો. તે ગાડીએ દરવાજો ઓળંગ્યો એટલે સૌને હાશ થઈ. પણ કૉલેજ ચોકના વળાંકે પહોંચી ત્યાં તો તે પણ માંદી પડી ગઈ. તપાસ કરતાં મશીનમાં ખરાબી જણાઈ. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : 'ગાડી મંદિરે લઈ આવો અને આપણે બસમાં નીકળીએ.'

ધક્કો મારતાં મારતાં તે ગાડી મંદિરે લાવવામાં આવી. બપોરે બાર વાગ્યાની આસપાસ નીકળવા ધારેલું પણ સાંજના સાત વાગ્યે સ્વામીશ્રી હજી ગોંડલમાં જ હતા. ગમે તેવો શાંત પણ વીફરી જાય એવો ઘટનાક્રમ બનેલો આ! છતાં સ્વામીશ્રીની સ્વસ્થતા હજીયે અકબંધ હતી.

યોગીજી મહારાજને જ્યારે બીજી ગાડી પણ બગડ્યાની વાત મળી ત્યારે તેઓએ વળી એક નવી જીપગાડી તૈયાર કરી આપી, પરંતુ તે સામે આવીને ઊભી રહી ત્યારે સૌ કોઈ ચણભણ કરવા લાગ્યા. નરસિંહ મહેતાના વેલડાં જેવી આ ગાડી ક્યારે દગો દેશે તેનું કશું જ નક્કી ન કહી શકાય તેવું હતું. સ્વામીશ્રી તો આ વાહનના એકેએક સ્ક્રૂને ઓળખતા, કારણ કે ત્રણ મહિના તેમાં જ ફરેલા. પરંતુ લેશ મોં મચકોડ્યા વિના તેઓ તેમાં ગોઠવાઈ ગયા. યોગીજી મહારાજની આજ્ઞા થાય એટલે એમની બુદ્ધિને તેઓ ભોંમાં ભંડારી દેતા.

...અને આજે ત્રીજી વાર સ્વામીશ્રીએ સારંગપુર જવા વિદાય લીધી. યોગીજી મહારાજે પણ કેફથી કહી દીધું : 'જાવ, હવે પૂગી જવાના! હવે કાંય નો' થાય!'

...પણ હજી તો આ શબ્દોના પડઘા પણ નહીં શમ્યા હોય ત્યાં જ

અક્ષરદ્વારના ઉંબરે આ ગાડીએ અગાઉની બે ગાડીઓ કરતાંય જોરથી ભેંકડો તાણ્યો ! એક સાથે બે પૈડાંમાં પંક્ચર પડ્યાં ! સ્વામીશ્રી આ જોઈ હસતાં હસતાં નીચે ઊતર્યા અને બસમાં જવાનું નક્કી કરી સ્ટેશન તરફ ચાલવા લાગ્યા.

આ ખબર મંદિરમાં યોગીજી મહારાજને મળી ત્યારે તેઓ કહે : 'એમને પાછા વાળો. એમને માટે મોટી ગાડી આવે છે. સ્વામીને બસમાં નો' મોકલાય.'

એક યુવકે દોડતાં દોડતાં આવીને આ વાત સ્વામીશ્રીને કરી કે તરત જ સ્વામીશ્રી પાછા વળી ગયા. એ જ ધીરજ, એ જ શાંતિ અને એ જ આનંદ. લેશ કોપ કે કંટાળો નહીં.

સ્વામીશ્રી મંદિરે આવ્યા ત્યારે યોગીજી મહારાજ સભામંડપના પગથિયે જ ઊભા હતા. સ્વામીશ્રી તેઓને કહેવા લાગ્યા : 'બાપા ! બસ મળી જશે. આપ શા સારુ તકલીફ લો છો ?'

પણ યોગીજી મહારાજ ચોથી વારના પ્રયત્ન માટે પણ હજી કેફમાં હતા. તેઓએ રાજકોટના અરુણભાઈ અનડાની ડીસોટો ગાડીમાં જવાની આજ્ઞા આપતાં કહ્યું : 'લ્યો, હવે જાવ. હવે સાચી વિદાયવેળા આવી. આ મોટર તમારા માટે જ આવી છે.'

...અને 'ચોથે ચોક પુરાય' તેમ સ્વામીશ્રી આ ગાડીમાં રાત્રે બાર વાગ્યે સારંગપુર પહોંચ્યા ત્યારે ગાડીની પળોજણમાં અડધા દિવસની ઘાણી થઈ ગયેલી. લેવા-દેવા વિનાનો ઉજાગરો ચોંટેલો. સ્વામીશ્રીની જેમ ટકોરાબંધ કામ કરવા જે ટેવાયો હોય તેનું મગજ તો આવા સંજોગોમાં ફાટીને ધુમાડે ગયા વગર રહે નહીં. પરંતુ સ્વામીશ્રી આ સંબંધી એક હરફ સુધ્ધાં બોલ્યા નહોતા. તેઓ તો યોગીજી મહારાજની આજ્ઞા પળાઈ જવાના સંતોષ સાથે ખુશ થતાં ગાડીમાંથી ઊતર્યા અને શાંતિથી સૂઈ ગયા !

*'જે જે લીલા કરો તમે લાલ, તેને સમજું અલૌકિક ખ્યાલ...'*ની સમજણ તેઓને યોગીજી મહારાજના વિશે દૃઢ હતી.

કાળજે કોતરાતાં કામણ

સારંગપુરમાં સ્વામીશ્રીએ વિ.સં. ૨૦૨૪ને વિદાય આપી અને વિ.સં. ૨૦૨૫નું સ્વાગત કર્યું. ચોપડા પૂજન, દીપોત્સવ અને અન્નકૂટ ઉત્સવો સારી રીતે ઊજવ્યા. તેઓ નોંધે છે : 'અત્રે અન્નકૂટ કરવા સંતો વીસ હતા અને પાર્ષદ પાંચ મળી પચીસ હતા...'

સારંગપુરમાં ધીરે ધીરે સંતો-પાર્ષદોની સંખ્યા વધી રહી હતી. આ આંકડો આગળ ઉપર કેટલે પહોંચશે તેનો અંદાજ તો એ સમયે સ્વામીશ્રી સિવાય કોને હોય !

દર વર્ષની જેમ આ વર્ષે પણ સારંગપુરની આસપાસનાં ગામોના હરિભક્તો અન્નકૂટની સેવામાં આવેલા. તેમાં તુરખા ગામના યુવક જયરામભાઈ પણ સામેલ હતા. વાનગીઓની થાળીઓ ઠાકોરજીના ખંડ સુધી પહોંચાડવાની સેવા તે કરી રહેલા. સેવામાં એ જ્યારે મોહનથાળની તાસક લઈને જતા હતા ત્યારે સરતચૂકથી તે થાળી હાથમાંથી છટકી. મોહનથાળનાં ચકતાં ધૂળ ભેગાં થયાં અને જયરામભાઈનો જીવ અધ્ધર, કારણ કે તેમણે આ 'પરાક્રમ' કર્યું તે વખતે જ સ્વામીશ્રી સ્મૃતિમંદિર તરફથી આવી રહેલા.

તેઓને આવતા જોઈને જયરામના હાંજા ગગડી ગયા. સ્વામીશ્રીની પ્રકૃતિ એવી ધીર-ગંભીર હતી કે તેઓ ભારોભાર નમ્ર હોવા છતાં રુઆબદાર લાગતા. અધિકારનો કડપ નહીં પણ તેઓના વ્યક્તિત્વની અદબ જ અનોખી અનુભવાતી. તેથી કોઈથી કંઈક ચૂક પડે એટલે તરત ફડકો પેસે કે 'સ્વામીશ્રી શું કહેશે ?' જયરામ પણ મોહનથાળ ઢોળાતાં આમ જ વિચારી રહેલો.

...પણ બન્યું ધાર્યા કરતાં સાવ જુદું જ ! સ્વામીશ્રી તે યુવાનની નજીક આવતાં જ હસતાં હસતાં બોલ્યા : 'ઠાકોરજીએ પહેલેથી જ કીડી-મંકોડીનો ભાગ કાઢી નાંખ્યો.' જાણે નવા વર્ષે જિંદગી જીવવાનો નવો અભિગમ – જે બને તેમાં સવળું જોવાનો શીખવીને સ્વામીશ્રી શાંતિથી પસાર થઈ ગયા !

તેઓની આ સવળી-હળવી ગમ્મતથી જયરામભાઈની ન કેવળ નવા વર્ષની સવાર સુધરી; પણ આખેઆખું જીવન સુધરી ગયું. તે યુવાનનાં કાળજે આ પ્રસંગ એવાં કામણ કરી ગયો કે સમય જતાં તેમણે સ્વામીશ્રીનાં ચરણે જીવન સમર્પી દીધું ![૨૦૩]

ચિઠ્ઠીના ચાકર

સારંગપુરમાં અન્નકૂટની સેવામાંથી સ્વામીશ્રી પરવાર્યા હશે ત્યાં જ તેઓ પાસે એક યુવાન આવી ચડ્યો. આમ તો તે યુવાન ગોંડલમાં યોગીજી મહારાજ પાસે ગયો હતો. નિમિત્ત હતું – ગામમાં મૂર્તિપ્રતિષ્ઠા માટે યોગીજી મહારાજ પધારે તેનું આમંત્રણ આપવાનું ! પણ યોગીજી મહારાજે જ તેમને કહેલું : 'અમે

---

૨૦૩. તેઓનું દીક્ષિત નામ સાધુ જ્ઞાનપ્રિયદાસ રાખવામાં આવ્યું.

પ્રમુખસ્વામીની ચિઠ્ઠી કરી દઈએ. તમે સારંગપુર જાવ. પ્રમુખસ્વામી પ્રતિષ્ઠા માટે આવશે.'

એ ચિઠ્ઠી લઈને આજે તે યુવાન સારંગપુર આવેલો અને સ્વામીશ્રીના હાથમાં એ પત્ર આપ્યો. તે વાંચીને તેઓએ ત્યાં ને ત્યાં જ તે યુવાનને પ્રતિષ્ઠાનો દિવસ અને સમય નક્કી કરીને જણાવી દીધા.

સ્વામીશ્રીએ યોગીજી મહારાજના વચન અને પોતાના જીવનનો સંબંધ સઢ અને પવન વચ્ચે હોય તેવો રાખેલો. સુકાની પવન ફૂંકાય તેમ સઢ ફેરવે. સ્વામીશ્રી પણ યોગીજી મહારાજની આજ્ઞા મુજબ ફરતા રહેતા. સ્વામીશ્રીની આ કાયમી રીતનું દર્શન પેલા યુવાન માટે પહેલી વારનું હતું. તેથી તે આશ્ચર્ય અને અહોભાવ અનુભવી રહ્યો !

પોતાનું કામ પૂરું થતાં તે હવે નીકળવા ઇચ્છતો હતો, પણ બપોરનો સમય થયો હોવાથી સ્વામીશ્રી તે યુવાનને જમવા માટે પોતાની સાથે જ લઈ ગયા. પોતાની સામે જ બેસાડીને તેને જમાડ્યો. નવા વર્ષના દિવસોમાં જ સ્વામીશ્રીનો આ સ્નેહ ચાખી તે યુવાન ગદ્‌ગદિત થઈ ગયો.

તા. ૩૦/૧૦ના રોજ સ્વામીશ્રી પોતાના ગામ શિયાનગરમાં પ્રતિષ્ઠા કરવા માટે પધાર્યા ત્યારે તો તે યુવાનના આનંદનો પાર ન રહ્યો.[૨૦૪]

શરીરની સીમાઓથી પર

શિયાનગરમાં પ્રતિષ્ઠા કરીને સ્વામીશ્રી નિંગાળામાં રાત્રિકથાનો લાભ આપી સોમનાથ મેઇલ દ્વારા અમદાવાદ આવી પહોંચેલા. અહીં પ્રબોધિની એકાદશીનો સમૈયો ઊજવી વસો થઈને બોચાસણ પધાર્યા.

અત્રે તા. ૪/૧૧ના રોજ તેઓ રાત્રિના બાર વાગ્યા સુધી સંસ્થાકીય મીટિંગમાં વ્યસ્ત રહ્યા. બીજે દિવસે કાર્તિકી પૂનમનો સમૈયો હતો. તેથી મીટિંગ બાદ સ્વામીશ્રી મધરાતે સમૈયાની વ્યવસ્થાનું નિરીક્ષણ કરવા નીકળ્યા !

આધુનિક કાર્યનિષ્ણાતનો મત છે કે 'Adjust your schedule to your energy levels: Most of us have certain times during the day when we're most alert and perform better.'[૨૦૫] તમારી શક્તિ-ક્ષમતા

---

૨૦૪. તેઓએ સમય જતાં સાધુદીક્ષા ગ્રહણ કરેલી. તેઓનું નામ સાધુ જ્ઞાનપ્રસાદદાસ રાખવામાં આવ્યું.

૨૦૫. *101 Ways To Make Every Second Count,* Robert W. Bly.

જોઈને તમારો દૈનિક કાર્યક્રમ ગોઠવો. કારણ કે આપણે દિવસ દરમ્યાન અમુક સમયે વધુ જાગ્રત અને વધુ કાર્યક્ષમ હોઈએ છીએ.

આ અનુભવ આપણો પણ છે કે સવારના ઠંડા પહોરમાં આપણે જાતને વધુ તાજગીભરી અનુભવતા હોઈએ છીએ અને એ સમયમાં સારું એવું કાર્ય ખેંચી કાઢીએ છીએ. રાતના રાજા જેવાઓને મોડી રાતની નીરવ શાંતિમાં કાર્યક્ષમતા ચરમસીમાએ અનુભવાય છે. માટે જે સમયે આપણે આપણી જાતને વધુ સક્ષમ અને સ્ફૂર્તિલી અનુભવતા હોઈએ તે વખતે અગત્યનાં કાર્યો કરવાનું ગોઠવી દેવું જોઈએ. આવો મત અર્વાચીન નિષ્ણાતોનો છે.

પણ આ ડાહી સલાહની સામે સ્વામીશ્રીનો કાર્યક્રમ કેવો છે? દિવસ આખાના વિચરણ બાદ રાત્રે બાર વાગ્યા સુધી મીટિંગ અને ત્યારબાદ સમૈયાની સ્થિતિનું આકલન કરવા નીકળવાનું. મનુષ્ય શારીરિક-માનસિક બેય રીતે થાકી ગયો હોય ત્યારે પણ તેઓ સ્ફૂર્તિવંત રહીને કાર્ય કરી જાણતા. લાંબાં લાંબાં સર્વેક્ષણો પછી થયેલાં સંશોધનોને પણ વળોટી જાય તેવી કાર્યપદ્ધતિ હતી સ્વામીશ્રીની!

સ્નેહની શક્તિ

કાર્તિકી પૂનમ બાદ ગાનામાં યોજાયેલા પારાયણ પર્વ નિમિત્તે સ્વામીશ્રી તા. ૭/૧૧ના રોજ આ ગામમાં પધારેલા. અહીં યોગીજી મહારાજ અને સ્વામીશ્રીના સ્વાગતમાં સુશોભિત ગજરાજ લાવવામાં આવેલો. તે ગજરાજ પર બેસવા યોગીજી મહારાજે સ્વામીશ્રીને આજ્ઞા કરી. તેથી તેઓ હાથી પર બિરાજેલા અને યોગીજી મહારાજ મોટરમાં બેઠેલા. ઘીની મશાલો પ્રગટાવીને, ઢોલ-ત્રાંસા ગગડાવીને, જયનાદોથી ગામના ગલી-ગગનને ગુંજાવીને સૌએ ભાવભર્યું સ્વાગત કર્યું. આ સ્વાગતયાત્રા વખતે જ વિદ્યાનગરના છાત્રાલયમાં ભણતા ચાર યુવાનો અહીં આવી ચઢેલા.

ગાનાના આ પારાયણમાં જવા માટે નિષ્ઠાવાન યુવાન કિરીટભાઈને[૨૦૬] સંકલ્પ થયેલો. તેઓએ અન્ય એક સાથી છાત્ર રાજેન્દ્ર આચાર્યને વાત કરેલી. પરંતુ આ યુવાનને સંપ્રદાયનો સંસ્પર્શ ઓછો. વિચારધારા પણ દેવસેવા કરતાં દેશસેવાને વરેલી. છતાં મિત્રનો આગ્રહ જારી રહ્યો એટલે તેઓએ નમતું

૨૦૬. તેઓએ સમય જતાં સ્વામીશ્રીના વરદ હસ્તે દીક્ષા ગ્રહણ કરેલી. તેઓનું દીક્ષિત નામ સાધુ અક્ષયમુનિદાસ રાખવામાં આવ્યું.

જોખેલું. પણ 'એક સે ભલે દો' ન્યાયે પોતાના જેવા બે અન્ય યુવકોને પણ ઉપાડેલા. ગણતરી એવી કે ત્યાં ન ફાવે તો આ બે છેલબટાઉ છોકરાઓ સાથે ટોળ-ટપ્પામાં સમય કાઢી શકાય.

સૌ તૈયાર થયા એટલે કિરીટભાઈએ તાબડતોબ નીકળવા કહ્યું. ત્યારે રાજેન્દ્ર કહે : 'છાત્રાલયમાં પાંચ વાગ્યે રસોઈ તૈયાર થઈ જ જાય છે, તો જમીને જઈએ.' પારાયણ સ્થળે અનુકૂળ રસોઈનો મેળ પડ્યો ન પડ્યો એ દહેશતે 'ચેતતા નર સદા સુખી' મુજબ આ સૂચન આગળ ધરવામાં આવેલું. પણ કિરીટભાઈએ 'ત્યાં બધું થઈ રહેશે' કહીને તત્ક્ષણ જ સૌને ઉપાડેલા અને ચાર સાઈકલો વિદ્યાનગરથી ગાના આવી પહોંચેલી. અહીં ભવ્ય શોભાયાત્રા મંથર ગતિએ આગળ વધી રહી હતી. તે જોઈ પેલી યુવા-ત્રિપુટીને થયું : 'આપણા પેટમાં ગલૂડિયાં બોલે છે અને મહારાજ તો વરઘોડે ચઢ્યા છે!'

તેઓ જ્યાં આમ ઉપહાસભર્યો વાર્તાલાપ કરી રહેલા ત્યાં જ સ્વામીશ્રીએ એ યુવાનોને હાથના ઈશારે નજીક બોલાવ્યા. શરૂઆતમાં તો તેઓ આજુબાજુ જોવા લાગ્યા કે 'મહાત્મા કોને બોલાવી રહ્યા છે?' કારણ કે ચારેકોર જયનાદો, ભજનોની રમઝટ અને હૈયે હૈયું દળાય એવી ભીડનો કોલાહલભર્યો માહોલ હતો. તેમાં પોતા પર સ્વામીશ્રીની દૃષ્ટિ પડે તેવી તો કલ્પના પણ તે યુવાનોનાં મનમાં ક્યાંથી ઊઠે? પરંતુ પાકું થયું કે 'સ્વામીશ્રી આપણને જ બોલાવે છે.' એટલે સૌ તેઓની નજીક સરક્યા. તે વખતે સ્વામીશ્રીએ ઈશારા દ્વારા એક સ્વયંસેવકને સૂચના આપી કે 'આ યુવકોને જમાડી દો.'

આ સૂચનાએ એ યુવાનોનાં કાળજાં વીંધી નાંખ્યા! સ્વામીશ્રીની સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ પર આફરીન પોકારી જવું કે સ્વામીશ્રીના વાત્સલ્ય પર ઓળઘોળ થઈ જવું કે સ્વામીશ્રીની અંતર્યામી શક્તિ પર ઓવારી જવું?! ત્રણેય યુવાનો આ ત્રિભેટે અટવાઈ પડ્યા! હજારોની ચહલ-પહલમાં સ્વામીશ્રી આપણી સંવેદના કેવી રીતે સમજી ગયા?! સૌને આશ્ચર્યમાં ગરકાવ કરતા આ કોયડાની ઝપટમાં આજે આ યુવાનો પણ આવી ગયેલા. સ્વામીશ્રીએ લીધેલી આ સંભાળથી એ યુવાનોની વિચારધારાઓએ પલટો માર્યો અને તેઓ સ્વામીશ્રીના અનુરાગી બની ગયા. તેમાંય રાજેન્દ્ર આચાર્યે તો પોતાનું જીવન જ સ્વામીશ્રીને સમર્પિત કરી દીધું.[૨૦૭]

---

૨૦૭. તેઓનું દીક્ષિત નામ સાધુ નરેન્દ્રપ્રસાદદાસ રાખવામાં આવ્યું, જેઓ 'પૂજ્ય આચાર્ય સ્વામી' તરીકે ઓળખાયા.

'The power of love and caring can change the world.'[૨૦૮] સ્નેહાળ સંભાળ આખેઆખી દુનિયા બદલી શકવાની તાકાત ધરાવે છે. એ દુનિયા ભલે ને યુવાનની જ કેમ ન હોય? સ્વામીશ્રીએ પોતાના સ્નેહ વડે આ યુવાનોને જુદી જ દુનિયામાં મૂકી દીધા.

બ્રહ્મરસ વરસે અનુપ

ગાનામાં ગામ બહાર બસ સ્ટેન્ડ પાસેના ચોકમાં પારાયણ માટે વિશાળ મંડપ બાંધવામાં આવેલો. તેમાં તા. ૮/૧૧થી સ્વામીશ્રીએ 'હરિલીલાકલ્પતરુ'ની કથાનો પ્રારંભ કર્યો. પારાયણની સાથે સાથે ગામમાં સો જેટલી પધરામણીઓ પણ કરી. તે ઉપરાંત તેઓ આસપાસના મોગરી, ભાટિયલ, આણંદ, કરમસદ વગેરે ગામો સુધી પણ પધરામણીઓ કરી આવતા અને સમય થયે પારાયણ માટે પધારી જતા. આમ, પારાયણ અને પધરામણીઓ દ્વારા ગાના ગામને રંગીને તેઓએ વિદાય લીધી ત્યારે ગામ આખું ગદ્‌ગદ થઈ ગયેલું.

ગાનાથી મેઘવા, ભાદરણ, ઝારોળા થઈને સ્વામીશ્રી વિદ્યાનગર આવી પહોંચ્યા. અહીં તા. ૧૯/૧૧ના રોજ વી.પી. સાયન્સ કૉલેજના હૉલમાં જાહેર સભા યોજાયેલી. તેમાં તેઓએ 'વિજ્ઞાન અને ધર્મ' વિષયક મનનીય વ્યાખ્યાન આપેલું.

આમ તો સ્વામીશ્રી પાસે આવા વિષયવાર પ્રવચન તૈયાર કરવા માટે કોઈ સમય રહેતો નહીં. શાંતિથી વાંચવા-વિચારવા માટે કોઈ અલાયદા ઓરડા કે સુવિધાઓ પણ રહેતી નહીં. છતાં શ્રોતા, સમય અને અવસરને અનુલક્ષીને તેઓ જે બોલતા તે સૌ માટે પ્રેરક અને પ્રાસંગિક બની રહેતું. તેના પડઘા વર્ષો સુધી શ્રોતાના જીવનમાં ગુંજ્યા કરતા. સર્વ શાસ્ત્રો દ્વારા જાણવા યોગ્ય ભગવાનને જાણીને-ધારીને બોલાતાં તેઓનાં પ્રવચનોમાં 'एक एक अक्षरांत, आहे माझा रमाकांत' મુજબ ભગવાનનો વાસ રહેતો. તેથી શબ્દે-શબ્દે સૌને અનોખી અનુભૂતિ થતી રહેતી.

વિદ્યાનગરથી સ્વામીશ્રી વરતાલ પધારેલા. અહીં યોગીજી મહારાજની સાથે તેઓએ સર્વ પ્રાસાદિક સ્થળોએ દર્શન કર્યાં. વરતાલના આવા જ એક દર્શનના કાર્યક્રમ વખતે યોગીજી મહારાજ મગસની લાડુડી ભાંગી ભાંગીને સૌને પ્રસાદ વહેંચતા હતા. તે વખતે સ્વામીશ્રીને 'લ્યો, તમે આખી!' એમ કહીને આખી લાડુડી આપેલી.

---

૨૦૮. James A. Autry (author, poet).

સ્વામીશ્રી તે લાડુડી જમવા લાગ્યા ત્યાં જ મોંમાં કંઈક બટક્યું હોય એવું લાગ્યું. તેઓને થયું કે 'સાકર હશે.' તેથી તેને તોડવા માટે દાંતથી દબાવી પણ કંઈ તૂટ્યું નહીં. એટલે તે બહાર કાઢ્યું તો ખબર પડી કે 'એક દાંત પડી ગયેલો.' સ્વામીશ્રીની દિવ્ય દંતપંક્તિનું બીજું મોતી આ રીતે ખરેલું !

પ્રમુખસ્વામીની સવાયી મોટપ

વરતાલથી ડભાણ, કરોલી, રામોલ, વસો થઈને સ્વામીશ્રી તા. ૧૮/૧૧ના રોજ મહીજડા ગામે પધારેલા. અહીં યોગીજી મહારાજ અને સ્વામીશ્રીનો ઉતારો અંબાલાલ મુખીના ડેલામાં હતો. પણ સ્વામીશ્રી અચાનક બીમાર થઈ ગયા. યોગીજી મહારાજને આ ખબર પડતાં જ તેઓ સ્વામીશ્રી જે ઓરડામાં હતા ત્યાં મળવા આવી પહોંચ્યા. ભોંયપથારી પર સૂતેલા સ્વામીશ્રીની સામે જ યોગીજી મહારાજ પણ કોથળા પર બેસી ગયા.

થોડી વારમાં ડૉક્ટર આવી ગયા. તેઓને સ્નેહસભર ભલામણ કરતાં યોગીજી મહારાજે કહ્યું : 'અમારા પ્રમુખસ્વામીને ઝટ સાજા કરી દ્યો.'

તેઓના આ વ્યગ્રતા અને વેદનાભર્યા શબ્દો તેઓનો સ્વામીશ્રી વિશેનો સ્નેહ સૂચવી રહ્યા.

ડૉક્ટર નિદાન કરીને ગયા પછી યોગીજી મહારાજ સ્વામીશ્રી પાસે બેસી જ રહ્યા અને વિશેષ ખબર-અંતર પૂછ્યા. પછી સેવકોને કહ્યું : 'ગુરુને આમ નીચે ન સુવાડાય. આપણી રૂમમાં પાટ ઉપર પથારી કરાવો.' એમ સ્વામીશ્રી પ્રત્યે પોતાનો પ્રેમ પુનઃ પ્રગટ કર્યો.

બીજા દિવસે પ્રાતઃપૂજા બાદ પૂજાનાં પ્રસાદીપુષ્પો તથા ઉકાળો પણ સ્વામીશ્રી માટે મોકલાવ્યાં. પોતે પણ તબિયત જોવા પધાર્યા. ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'શાસ્ત્રીજી મહારાજ અને આપની દયાથી આજે સારું છે.'

વળી, બપોરે અગિયાર વાગ્યે યોગીજી મહારાજે સેવકોને પૂછ્યું : 'પ્રમુખસ્વામી માટે શું રસોઈ બનાવી છે ?'

'બાપા ! વિશેષ કાંઈ નહીં.'

ત્યારે યોગીજી મહારાજે પોતાની રસોઈ કરનાર સંતને બોલાવ્યા. તેઓએ કહ્યું : 'પ્રમુખસ્વામી માટે મોળી દાળ અને ભાત મોકલશું.'

'ઈ નો' હાલે. માંદાને ખીચડી હોય ! લાવો, હું ખીચડી બનાવી દઉં. લાવો દાળ-ચોખા ! આપણે પ્રમુખસ્વામીની સેવા થઈ જાય.' એમ કહીને

યોગીજી મહારાજે સ્વામીશ્રી માટે ખીચડી બનાવડાવી. તે ખીચડી જમ્યા બાદ સ્વામીશ્રીની તબિયત સારી થઈ ગયેલી.

યોગીજી મહારાજ અને સ્વામીશ્રીની પરસ્પર આત્મીયતાનું આ દર્શન સૌ માટે અવિસ્મરણીય બની રહ્યું.

આ સમયે ગામના હરિભક્તોને યોગીજી મહારાજની પધરામણી કરાવવાની ઇચ્છા હતી, પણ તેઓની તબિયત જોતાં તો એ શક્ય બને એમ જ નહોતું. તેથી યોગીજી મહારાજ પાસે જ્યારે આ વાત પહોંચી ત્યારે તેઓ તરત બોલ્યા : 'પ્રમુખસ્વામીને લઈ જાવ. હું રૂપિયો છું અને પ્રમુખસ્વામી સવા રૂપિયો છે. પ્રમુખસ્વામીની પધરામણીનો ડંકો મહીજડામાં વગાડવો છે.'

સ્વામીશ્રી તો માંદગીમાંથી હજી માંડ માંડ બેઠા થયેલા. છતાં યોગીજી મહારાજની રુચિ સમજીને તેઓ પધરામણીએ નીકળી પડ્યા અને ૫૩ પધરામણીઓ કરી ! સૌને યોગીજી મહારાજ જ ઘેર પધાર્યા હોય તેવું સુખ આવ્યું.

આવું મને શોભે નહીં

મહીજડાથી સ્વામીશ્રી નવાગામ, પુરુષોત્તમપુરા, બાવળા, ધંધુકા, ગઢડા, સારંગપુર થઈને અમદાવાદ પધાર્યા. અહીં તા. ૨૩/૧૧ના રોજ રાત્રિસભામાં વાત કરતાં યોગીજી મહારાજે કહેલું કે 'મોળાનો સંગ ન કરવો. ઉત્તમ પુરુષનો સંગ કરવો. પ્રમુખસ્વામી જેવાનો સંગ કરવો. અવયવ ફરી જાય.'

આમ, સ્વામીશ્રીનો મહિમા ગજવી એ જ રાત્રે યોગીજી મહારાજ મુંબઈ જવા વિદાય થયા. સ્વામીશ્રી અમદાવાદથી ડુંગરી ટીંબા લાટમાં ડાંગરનો ધર્માદો કરીને રાત્રે અટલાદરા પધારેલા. મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી પણ સ્વામીશ્રીની સાથે હતા.

અટલાદરાથી સૌ તા. ૨૫/૧૧ના રોજ મુંબઈ આવી પહોંચ્યા.

અહીં 'અક્ષર ભુવન'ના ભોંયતળિયાની જગ્યા મળતાં ત્યાં સુંદર સભાગૃહ તૈયાર કરવામાં આવેલો. આ સભાગૃહમાં જ ઉપલા માળે બિરાજમાન અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ તા. ૨૭/૧૧/૧૯૬૮, માગશર સુદ આઠમ, બુધવારના રોજ યોગીજી મહારાજના વરદ હસ્તે પ્રતિષ્ઠિત થઈ. આજનો દિન સૌ માટે સ્મરણીય બની ગયો. પરંતુ આજના દિવસને ચિરસ્મરણીય કરી દેનારો પ્રસંગ બન્યો સમી સાંજે.

મુંબઈમાં પ્રતિષ્ઠાના આ દિવસે પ્રમુખસ્વામી મહારાજ ૪૭ વર્ષ પૂર્ણ કરી

૪૮મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહેલા. મહંત સ્વામી તથા સંતોને આ વાતનો ખ્યાલ આવતાં તેઓની જન્મજયંતી ઊજવવાનો પ્રસ્તાવ વડીલ હરિભક્તો સમક્ષ મુકાયો. હરિભક્તોએ પણ પ્રેમ અને ઉત્સાહથી આ વિચારને વધાવી લીધો. સાકરના કટકાને ચૂસવાનું કોણ છોડે?... અને સ્વામીશ્રીની જન્મજયંતીના સમારંભનો તખ્તો ગોઠવાવા લાગ્યો. યોગીજી મહારાજની પણ આ માટે સંમતિ મળી ગઈ. તેથી તો સૌનો ઉત્સાહ બેવડાઈ ગયો.

અલબત્ત, આ પ્રસંગ માટે અંતરમાં ઊછળતા ઉત્સાહને છલકાવા દેવાનો નહોતો. ગુપ્તતાની પાળ બાંધીને પૂર્વતૈયારીઓ કરવાની હતી. કારણ કે સ્વામીશ્રીને જો આ હલચલની ગંધ આવી જાય તો તેઓ કોઈ રીતે આ આયોજનને આકાર પકડાવા ન દે. સૌને ખ્યાલ હતો કે સ્વામીશ્રીને મન પ્રતિષ્ઠા એ શૂકરીવિષ્ટા અને ગૌરવ એ રૌરવ(નરક)થી અધિક નથી. માટે સાવચેતીથી ઉત્સવ-ઉજવણીનું તંત્ર ધબકવા લાગ્યું.

પરંતુ વાતાવરણને સૂંઘવામાં ચકોર સ્વામીશ્રીથી આ વિગત કેવી રીતે છાની રહે? તેઓને કાર્યક્રમનો ખ્યાલ આવી ગયો. તેઓને આ આયોજન અંગારા જેવું લાગ્યું. જરા પણ ગમ્યું નહીં. પણ કાર્યક્રમને રોકવાની વેળા વહી ગયેલી. કારણ કે સૌએ યોગીજી મહારાજ પાસે પણ મત્તું મરાવી દીધેલું. હવે શું કરવું? પરંતુ મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢવામાં પાવરધા સ્વામીશ્રીએ ચુપકીદીથી સેવકો સાથે ગુજરાત ભણી નીકળી જવાનો કાર્યક્રમ ગોઠવી દીધો કે જેથી રાત્રે મંદિરમાં જ ન રહેવાય! આ કેવી આશ્ચર્યજનક ગતિવિધિ! લોકો જેની ધાંખના રાખતા હોય, જેના માટે પડદા પાછળ રહીને લોકોને પ્રોત્સાહિત કરતા હોય તે સન્માન આજે સ્વામીશ્રીના માર્ગમાં સામે ચાલીને આવેલું. છતાં તેઓ તેની સામે જોયા વિના રસ્તો બદલી નાંખવા માંગતા હતા.

પણ શ્રીજીમહારાજની જ ઇચ્છા હતી કે 'સ્વામીશ્રીનો મહિમા પ્રસરે.' તેથી ઉત્સવમાંથી સરકી જવા માટે સ્વામીશ્રીએ ગોઠવેલા કાર્યક્રમનો ઘટસ્ફોટ થઈ ગયો અને યોગીજી મહારાજે જ સ્વામીશ્રીને આજ્ઞા કરી દીધી કે 'સંતોને બહુ પ્રેમ છે. રાત્રે કાર્યક્રમ રાખ્યો છે અને મારી પણ ઇચ્છા છે કે તમારે સભામાં આવવું.' હવે ઉત્સવમાંથી છટકી જવાના સ્વામીશ્રીના તમામ પ્રયત્નો પર પૂર્ણવિરામ મુકાઈ ગયું. છતાં તેઓએ હાથ જોડીને આજીજી કરતાં હોય તેમ યોગીજી મહારાજને કહ્યું : 'બાપા! આવું મને શોભે નહીં. હું તો સેવક છું.'

આ ઉજવણી બંધ રહે તે માટે તેઓ યોગીજી મહારાજ સમક્ષ રીતસર

આમ કરગર્યા. પરંતુ સ્વામીશ્રીનો મહિમા વિસ્તારવાનો આ મોકો યોગીજી મહારાજ પણ જવા દેવા માંગતા નહોતા. તેઓને મન તો આજે જાણે દિવાળીની નોબતો વાગી ગઈ હતી. તેથી તેઓએ સ્વામીશ્રીનો હાથ પકડીને હસતાં-હસતાં પ્રેમાગ્રહપૂર્વક કહ્યું : 'ના, ના. તમારે આ સભામાં આવવું પડશે.'

યોગીજી મહારાજના આ આદેશ સાથે જ ઉજવણી અંગેના તમામ દરવાજા ખૂલી ગયા. સમય ઓછો હતો પણ ઉત્સાહ ઝાઝો હતો. તેથી બધું વ્યવસ્થિત ગોઠવાઈ ગયું.

સૌની પ્રીતિતણું પાત્ર

રાત્રે સાડા આઠ વાગ્યે નવો સભાગૃહ ચિક્કાર ભરાઈ ગયો. પોતાના આંગણે પ્રથમ પ્રસંગ જ આવો સપરમો આવ્યો તેથી આ સભાગૃહ પણ જાણે થનગની રહેલો. ધૂન-કીર્તનના ગાન બાદ વડીલ હરિભક્તો તથા મહંત સ્વામીએ પ્રવચનો કર્યા.

આ સૌ પ્રવચનોનો સાર એટલો જ હતો કે 'પ્રમુખ તરીકે વરણી થઈ ત્યારે કોઈને ખ્યાલ પણ નહીં કે 'પ્રમુખસ્વામી આટલી સુંદર રીતે આ સંસ્થાનું સુકાન સંભાળશે.' પ્રમુખપદ સ્વીકાર્યા બાદ વીસ વરસ સુધી એકધારી સેવા કરી તેમણે સર્વ સંતો અને હરિભક્તોનાં મન જીતી લીધાં. નાના-મોટા સર્વ પ્રસંગોમાં સંપૂર્ણ સાધુતા સાથે તેમણે જે સેવા કરી છે તે અજોડ છે. તેઓના અત્યંત ધીરજ, ક્ષમા, નિર્માનીપણું, વ્યવહારદક્ષતા, શુદ્ધ ઉપાસના અને આજ્ઞાપાલન વગેરે ગુણોની સહુના હૃદયમાં ઊંડી અસર થઈ છે. શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજની આજ્ઞા કે મરજી વિરુદ્ધ હજી સુધી એક પગલું પણ ભર્યું નથી. પ્રમુખસ્વામીની કથા વાંચવાની શૈલી ખૂબ જ સુંદર છે. એમનો અત્યંત સરળ સ્વભાવ, નિખાલસ હૃદય અને પ્રેમભાવ નિહાળી નાના-મોટા સહુ એમને ચાહે છે. અત્યંત માનભરી દૃષ્ટિએ જુએ છે અને આજ્ઞાનું પાલન કરે છે.'

સૌનાં અંતર ઓગળી-ઓગળીને આજે સ્વામીશ્રીની ગુણગંગા વહાવી રહેલા! જેમ જેમ સ્વામીશ્રીના ગુણો ગવાતા ગયા તેમ તેમ સૌની છાતી ગજ ગજ ફૂલતી જતી હતી. સૌના મસ્તક ઉન્નત થતાં જતાં હતાં. સ્વામીશ્રીનાં ચરણોમાં જઈને નમી પડવા માટે જાણે સૌના રોમ રોમ ખડા થઈ ગયા હતા. શાસ્ત્રી નારાયણ ભગતે સ્વામીશ્રીના જીવન-કાર્યને વણી લેતા સ્વરચિત સંસ્કૃત શ્લોકોનું સસ્વર ગાન કર્યું ત્યારે તો જન્મોત્સવનો માહોલ વિશેષ હિલોળે ચડ્યો.

આમ, આ અવસરે સૌ હુલસતા હતા. પણ કોણ જાણે કેમ એક વ્યક્તિ પ્રત્યેક પળે વધુ ને વધુ સંકોચાતી જતી હતી. એ વ્યક્તિને આ વાતો અને આ વાતાવરણ વધુ ને વધુ અકળાવતું જતું હતું. એ વ્યક્તિ નહીં, એ વિભૂતિ હતી – પરમ પૂજ્ય પ્રમુખસ્વામી !

હા, જીવનમાં ક્યારેય ન અનુભવી હોય એવી અકળામણ આજે તેઓએ અનુભવી. જીવનમાં ક્યારેય ન જોઈ હોય એવી ઉદાસી આજે તેઓના મુખ પર સૌએ જોઈ. જીવનમાં નીચું મોં નાંખવું પડે તેવું જેઓએ કદી કર્યું નહોતું તેમને આજે નીચું મો રાખીને બેઠેલા સૌએ જોયા.

તેઓની એ અકળામણ, એ ઉદાસી, એ ઢળેલું મુખારવિંદ જ સૌને તેઓ માટે વધુ ને વધુ આદર અને અહોભાવ ઉપજાવતા જતા હતા. ગુરુના વચને બંધાયેલા તેઓ આજે સન્માનના સકંજામાં ખરેખરા આવી ગયેલા. અત્યાર સુધી પોતાને સતત ઠેલતા રહેવાનો બદલો લેવાનો લાગ જાણે સન્માનને આજે મળી ગયો હોય તેમ સ્વામીશ્રી તેનાથી જેટલા દૂર થવાનો પ્રયત્ન કરતા હતા તેટલું જ તે સ્વામીશ્રીની આગળ ઢગલો થઈને પડતું જતું હતું.

હવે સૌ એકદૃષ્ટ, એકકાન અને એકધ્યાન થઈ ગયા. કારણ કે જેઓની જન્મજયંતી ઊજવાતી હતી તે સ્વામીશ્રી સંબોધન કરવા માટે ઊભા થયેલા. શ્રીજીમહારાજ અને ગુરુપરંપરાના જયનાદ સાથે તેઓએ પ્રવચનનો પ્રારંભ કર્યો. શરૂઆત તો સવારે થયેલા પ્રતિષ્ઠા મહોત્સવ અને તૈયાર થયેલ સુવિધાપૂર્ણ સભાગૃહથી કરી. પણ તે પછી તેઓના કણ કણમાં જે ભાવના રમી રહેલી તે વાણી દ્વારા વહેવા લાગી.

'મારામાં કાંઈ નથી... કેવળ એમની કૃપા...'

દબદબાભેર ઊજવાતી પોતાની પ્રથમ જન્મજયંતીના અવસરે ગળગળા સાદે નમ્રતાથી પ્રારંભ કરતાં સ્વામીશ્રીએ જણાવેલું કે 'આ બધી વાત અત્યારે થઈ તે મને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો અને આ બાબતમાં મારી અનિચ્છા પણ દર્શાવેલી જ. પણ બાપાની જ્યારે આજ્ઞા થાય એટલે આપણે એ બાબતમાં લાચાર હોઈએ છીએ. બધાને મારા તરફનો ખૂબ પ્રેમ, ખૂબ લાગણી છે. એ બધું ફળ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના આશીર્વાદ(થી) છે.

શાસ્ત્રીજી મહારાજ એવા સમર્થ પુરુષ હતા અને મારા તરફ ખૂબ લાગણી રાખી. ખૂબ પ્રેમ રાખ્યો. હું બહુ જ નાનો હતો. કાંઈ સમજતો નહોતો.

સત્સંગ શું એની કાંઈ ખબર પણ નહોતી, પણ એ વખતે પણ એમણે મારા તરફ એટલો બધો મમત્વ અને પ્રેમ રાખી આ કાર્ય મને સોંપ્યું. ત્યાર પછી પણ સ્વામીજી(યોગીજી મહારાજ)ની એટલી નહીં પણ સવાઈ કહીએ એવી દૃષ્ટિ છે જ. એમની પ્રેરણા, એમના આશીર્વાદ એ મને બળ આપ્યા જ કરે છે. અત્યારે જે કંઈ છે એ બધું યોગીજી મહારાજના જ આશીર્વાદ છે. એમની દૃષ્ટિ છે. બાકી મારામાં કાંઈ નથી. હું કાંઈ કરી શકું એમ છું જ નહીં. કંઈ કરવાને સમર્થ પણ નથી. કારણ કે, હું જેવો ભણ્યો એવો સીધો અહીં આવેલો છું. એટલે વ્યવહાર-કાર્ય શું છે, આવા મોટા સમારંભો શું છે, આ લોકનું કાર્ય શું છે એ જરાય પણ ખ્યાલ નહીં. એ બધાયની અંદર અત્યારે જે કાંઈ કરવાની શક્તિ થોડી ઘણી પ્રાપ્ત થઈ હોય એ શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ અને યોગીજી મહારાજના આશીર્વાદ, એમનું બળ, એમની પ્રેરણા, તેને લઈને થઈ શકે છે.

અને આ બધી જે કાંઈ જયંતી માટેની વાતો છે એ તો એક સ્વામીજીની જ હોઈ શકે. જ્યારે આવા દિવ્યપુરુષ આપણી સમક્ષ બિરાજતા હોય ત્યારે બીજી વાતો એ વ્યર્થ છે. જે કાંઈ મહિમા છે તે સંબંધને લઈને છે, પણ એમના સાંનિધ્યની અંદર આવી જે કંઈ વાત બને છે એ મારી દૃષ્ટિએ મને બરોબર નથી જ લાગી. કારણ કે જ્યારે સ્વામી આવા પ્રતાપશાળી બિરાજતા હોય ત્યારે તે વખતે આવી બીજી બધી વાતો થાય એ બરોબર નથી. પણ છતાંય આપ સર્વનો જે પ્રેમ અને આ સંતોનો જે પ્રેમ છે તે માટે તો મારું મસ્તક નમી જાય છે. મહંત સ્વામીનાં દર્શન કરતાં ટાઢું થઈ જાય છે. જેમ સદ્. પુરુષોત્તમદાસ સ્વામીનાં દર્શન કરતાં સહુ સંતો-હરિભક્તોને ટાઢું થતું તેમ આજે મહંત સ્વામીના દર્શનથી થાય છે. તેમના સાધુતા અને નિર્માનીપણું સહુને આકર્ષે છે. તેમનો મને સંપૂર્ણ સહકાર છે. અને એ સંતોનો મારા તરફ આવો ને આવો પ્રેમ રહે એ સ્વામીજી પ્રત્યે ખૂબ પ્રાર્થના કરું છું.

બધું કાર્ય જે કાંઈ શોભે છે એમાં મારી બુદ્ધિ, મારી આવડત, મારી શક્તિ નથી. પણ એ કેવળ સ્વામીબાપાની જ છે. આજે કોઈનામાં કોઈ કાર્ય કરી રહ્યું હોય તો એ કેવળ સ્વામીબાપા છે. સ્વામીબાપા સિવાય કોઈમાં કોઈ કાર્ય કરવાની શક્તિ છે જ નહીં. ખરેખર આજે જે કાંઈ છે, જે કાંઈ આપણી શોભા છે, આપણી જે કંઈ વિશેષતા છે, એક સ્વામીબાપાને લઈને છે. એ સ્વામીબાપાને લઈને જ આપણી ઉજ્જ્વળતા છે. આ સત્સંગ જે કાંઈ દિવ્ય દેખાય છે, સત્સંગની જે કાંઈ વિશેષતા દેખાય છે, સત્સંગ આજે ફૂલ્યો-ફાલ્યો

છે, સત્સંગમાં આજે એકતા છે, એ બધું કાર્ય એક સ્વામીબાપા જ કરી રહ્યા છે. એમને લઈને જ છે. એમને લઈને જ આપણે ઊજળા છીએ. આજે મંદિરની જે જાહોજલાલી છે એ બધી પણ એમને લઈને છે. આજે એ એવા જબરજસ્ત પુરુષ આપણને મળ્યા છે. આજે આપણે એક જ દૃષ્ટિ એમના સામે રાખવાની છે, બીજે ક્યાંય દૃષ્ટિ કરવા જતાં જરૂર આપણે ખૂબ વિઘ્ન આવી જશે. પણ આ જ એક જ નિષ્ઠા હોવી જોઈએ, અને એ જ રીતે આપણે કરીશું તો જરૂર આપણી ખૂબ-ખૂબ મહત્તા, ખૂબ-ખૂબ વિશેષતા રહેશે. બીજે સહેજ પણ માલ મનાશે તો આપણે જરૂર એમાંથી ચૂકી જઈશું. નહીં તો એમના સંબંધે કરીને જરૂર આપણું કલ્યાણ છે, મોક્ષ છે.

આજે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે મારા તરફ જે કાંઈ દૃષ્ટિ રાખી છે અને મને એક તરણામાંથી જે કંઈ આગળ લીધો છે એ કેવળ એમની કૃપા જ છે. બાકી મારી કોઈ મહેનત નહોતી કે મેં સત્સંગમાં આવી કોઈ એવું મોટું કાર્ય પણ નહોતું કર્યું. સીધો નિશાળેથી આવેલો હતો પણ છતાંય કેવળ એમની દયા કે કૃપા, જે કહો એ છે અને એ કૃપા અત્યાર સુધી એવી ને એવી સ્વામીએ રાખી છે. સ્વામીએ બહુ મોટું દિલ રાખ્યું છે અને બધી મારી ભૂલો છે, અવિવેક છે તેને પણ નથી ગણ્યો. પણ કેવળ મારું શ્રેય થાય, સારું થાય એ રીતે જ એમણે મારા તરફ દૃષ્ટિ રાખી છે. અને એવી ને એવી દૃષ્ટિ અને આશીર્વાદ મને કાયમ આપે અને રહે અને આ સત્સંગની સેવા ખૂબ સારી રીતે થાય એવું બળ આપે.

ફરીથી પણ આ રીતે સર્વને ખૂબ ખૂબ વિનંતી છે કે આવા જે પ્રસંગોની જે આપ વાત કરો છો એ ફરી ન જ બને એ ખાસ મારા અંતરની પ્રાર્થના છે. આજે મહંત સ્વામી અને બીજા સંતોને મારા તરફ ખૂબ લાગણી છે અને એ લાગણીને હું વશ જરૂર થઉં છું. પરંતુ આવું કાયમ માટે બને એવી મને જરા પણ ઈચ્છા નથી. સ્વામીબાપા જ્યાં સુધી અહીં બિરાજે છે ત્યાં સુધી આપણે એક જ દૃષ્ટિ રાખવી. એક જ વાત કરવી. પછી એની અંદર બીજો વિચાર ન હોઈ શકે. સર્વ ખૂબ મારા પર રાજી રહેશો. કાર્ય કરનાર તો બધા જ છે. એકલે હાથે કોઈ તાળી પડતી નથી. બીજું તો કાંઈ નહીં પણ આજના દિવસે બધા આશીર્વાદ આપો કે જેથી કરીને હું સ્વામીજીને રાજી કરી શકું અને સ્વામીજી થકી પ્રેરણા મેળવી શકું.'

નમ્રતાથી નીતરતી આ વાણી વિરમી ત્યારે સૌ જાદુમાંથી જાગ્રત થયા

હોય તેવું અનુભવી રહ્યા. પ્રવચન બાદ સ્વામીશ્રીએ યોગીજી મહારાજને ભવ્ય હાર અર્પણ કર્યો. મહંત સ્વામીએ સમગ્ર સંતમંડળ વતી કલાત્મક હાર સ્વામીશ્રીને પહેરાવ્યો. હરિભક્તોએ પણ સુંદર મોટા હાર સ્વામીશ્રીના કંઠમાં આરોપ્યા અને સ્મૃતિચિહ્ન અર્પણ કર્યાં.

શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છે

સ્વામીશ્રીની જન્મજયંતીના પ્રસંગે યોગીજી મહારાજનું અંતર તો ઉત્સાહથી ઊછળી રહેલું. એ ઉત્સાહને શબ્દો દ્વારા વેરતાં-વહેંચતાં તેઓએ જણાવ્યું કે –

‘‘આજે આપણે પ્રમુખસ્વામીની (જન્મ)તિથિ ઊજવવા ભેગા થયા છીએ. આજે શુભ દિવસ ગણાય. જેમ દિવાળીનો (દિવસ) કહેવાય એમ આ કહેવાય. શાસ્ત્રીજી મહારાજે નાનપણથી નીમેલા. અમે કાનમથી આવતા’તા. મેં સ્વામીને વાત કરી કે ‘આ ચાણસદથી મુક્તરાજ આવ્યા છે.’ સ્વામી કહે : ‘આ આપણા ડબ્બામાં બોલાવો.’ પછી હું બોલાવી લાવ્યો ને સ્વામી પાસે મૂક્યા. કાળો કોટ પહેરેલો ને બધું ધામ-ધૂમ હતું. આવી રીતે મોટાપુરુષ જીવને ઓળખે. મોટાપુરુષ જે ધારે એ કરી શકે. શાસ્ત્રીજી મહારાજ જે કાર્ય કરે તેમાં તો બહુ નિર્ગુણ જ હોય. આપણે જાણી ન શકીએ પણ મોટાપુરુષ જે કરે એમાં સારું જ હોય. તો કેવું પરિણામ આવ્યું ? કેવી સ્થિતિ થઈ ? કેવો સત્સંગ વધાર્યો ? કેવા સાધુ બનાવ્યા ? કેટલું કાર્ય કર્યું ? એ સ્વામીને પ્રતાપે.

આવી રીતે આપણે આ જે તિથિ ઊજવી, બધાને કેટલી શાંતિ થઈ ? અમારા મહંત સ્વામીએ કેવી સરસ વાત કરી ! આવી રીતે આપણે બધાને સમજવાનું એટલું કે પ્રમુખસ્વામીની આજ્ઞામાં સૌને રહેવું ને (એ) કહે એમ કરવું. તો આપણને હૈયામાં શાંતિ ને ટાઢું થાય. કારણ કે, આ તિથિ ઊજવી તે સામાન્ય ઊજવી નથી. આ તો શાસ્ત્રીજી મહારાજની તિથિ ઉજવાય (છે) ને આપણા ગુરુની ઊજવાય (છે). સ્વામી જે શાસ્ત્રીજી મહારાજની તિથિ ઉજવી ઈ જ ગણવી આપણે. એ મોટાપુરુષ જે નીમી ગયા ઈ શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ જ કહેવાય. એમાં રોમનોય ફેર ન ગણાય. એવી રીતે આપણે મહિમાએ સહિત, દિવ્યભાવ રાખીને, જો કાર્ય કરીશું તો આપણો સત્સંગ બહુ ફાલ્યો-ફૂલ્યો વધી જશે અને જો આજ્ઞા લોપીશું ને આઘુંપાછું કરીશું તો એ થશે.

હજુ આપણે સાતસો સાધુ કરવા છે. એક-એક મંદિરમાં સો-સો સાધુ

કરવા. એમાં પચાસ સાધુ ગામડે ફરે ને પચાસ સાધુ મંદિરમાં રહે, એવી ગોઠવણી કરી'તી. (આ) શુભ સંકલ્પ મહારાજ પાસે, સ્વામી પાસે કરેલો છે. ને સ્વામી પ્રમુખસ્વામી દ્વારા પૂરો કરશે. આવી રીતે આપણે સ્વામીની તિથિ ઊજવી ને વળી પાટોત્સવ, બે કામ ભેગા થયા. એટલે શંખ ને વળી દૂધે ભર્યો ! આપણે આજે ઉત્સવ-સમૈયો થયો. ચાર હજાર જમ્યા, લ્યો. એટલે સ્વામી જ્યાં દયા કરે એમાં બરકત આવે છે. આજે રજાનો દિવસ ન ગણાય. આ તો બુધવાર. સૌને કામગીરી હોય, નોકરી હોય, બજાર હોય. રવિવારે સૌ ભેગા થાય પણ બુધવારે ભેગા થાય (એ) જિંદગીમાં જોયું નથી. આ બુધવારનો રવિવાર થયો !

હવે બાર મહિને સ્વામીની તિથિ ઊજવવી. સારી રીતે. શારદાર. શું કહે છે ? (શાનદાર). હા, એમ ફાસફૂસિયું નહીં. મોટા પાયે ઊજવવી, જેથી આપણે જોઈએ, દર્શન કરીએ તો પછી શાંતિ થાય ને ! આપણું કાર્ય ઉપાડી લીધું ગણાય. બાર વાગ્યા સુધી તિથિ ઊજવવી જોઈએ. (અત્યારે) કેટલા વાગ્યા ? સાડા દશમાં શું ? બાર પૂરા જ કરો ને ! કારણ કે આ તો આપણે સર્વોપરી કામ છે. સર્વોપરી વાત છે. સર્વોપરી તિથિ ઊજવાય છે. એટલે આપણે સૌને ભલે એક કલાક ઊંઘ ખોટી થાય. ભલે થાતી. થવા દો. હવે સ્વામીની તિથિના દિવસે બધાને આશીર્વાદ આપીએ છીએ કે તને-મને સૌ સુખી થાય અને આવી રીતે તિથિ ઊજવવી, સર્વોપરી ડંકો મારવો અને શ્રીજી મહારાજ - શાસ્ત્રીજી મહારાજ સૌની રક્ષા કરે ને વ્યવહારે બધા સુખી થાય એવો શાસ્ત્રીજી મહારાજ સૌનો આશીર્વાદ છે.''

આવા મહિમામઢ્યા શબ્દો ઉચ્ચારીને યોગીજી મહારાજે સ્વામીશ્રીના ગુણ ગાવામાં કોઈ કસર ન રાખી. આ પ્રસંગે અનેક ભવ્ય આગાહીઓ તેઓના મુખેથી સરી પડી ! સ્વામીશ્રીને પોતાના અનન્ય વારસદાર તરીકે જ યોગીજી મહારાજે ઘોષિત કરી દીધા !! એક અમૂલ્ય સંભારણું સૌના હૈયે જડાઈ ગયું ![૨૦૯]

'...હવે ટ્રેક્ટર વાહન'

મુંબઈથી સ્વામીશ્રી ગુજરાત ભણી જવાના હતા, પરંતુ તે પહેલાં તેઓ


---

૨૦૯. સ્વામીશ્રીની આ જન્મજયંતીની ઉજવણીનું દર્શન કરવા માટે તથા આ પ્રસંગે તેઓએ કરેલા ઐતિહાસિક પ્રવચનને સાંભળવા માટે જુઓ વીડિયો ટ્રેક નં. ૩૦. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

તા. ૨૮/૧૧ના રોજ યોગીજી મહારાજની સાથે પરગજુ સંત રણછોડદાસજી મહારાજના ખબર-અંતર પૂછવા નેપિયન સી રોડ પર આવેલા બંગલામાં પધારેલા. ત્યારબાદ તા. ૨૯/૧૧ના રોજ ઘાટકોપર સ્થિત બાલાજી મંદિર અને દર્શન સંસ્કૃત વિદ્યાલયના રજત જયંતી મહોત્સવનું ઉદ્‌ઘાટન યોગીજી મહારાજના વરદ હસ્તે થયેલું. સ્વામીશ્રી તેમાં પણ ઉપસ્થિત રહેલા.

મુંબઈના આ રોકાણ દરમ્યાન બોરીવલી, કાંદિવલી, પાર્લા, સાંતાક્રુઝ વગેરે વિસ્તારોમાં પધરામણી અને સભાઓ તથા પવઈની વાડીમાં આયોજિત ઓળા ઉત્સવમાં ઉપસ્થિત રહીને સ્વામીશ્રી તા. ૫/૧૨ની રાત્રે દહેરાદૂન એક્સપ્રેસ દ્વારા અટલાદરા જવા નીકળ્યા. અટલાદરામાં વિવિધ પ્રકલ્પોમાં માર્ગદર્શન આપીને તા. ૭/૧૨ના રોજ એક દિવસ માટે અમદાવાદ પધાર્યા હતા. અહીં સચિવાલયમાં પધરામણી કરીને તે જ દિવસની સાંજે તેઓ બોચાસણ આવી પહોંચેલા.

અત્રેથી તા. ૧૦/૧૨ના રોજ ડાંગરના ધર્માદા માટેનું વિચરણ તેઓએ શરૂ કર્યું. તેની એક નોંધ ટપકાવતાં સ્વામીશ્રી તા. ૧૨/૧૨ની રોજનીશીમાં લખે છે :



'...ટ્રેક્ટર આવેલ તેમાં
લીંબાસી મંદિરમાં
ઉતારો. હવે ટ્રેક્ટર
વાહન.'

ત્રણ વાક્યની આ ટૂંકી નોંધ સ્વામીશ્રી વિશે ઘણું કહી જાય છે. પ્રમુખપદ સંભાળ્યાને અઢાર વર્ષનાં વહાણાં વીતી ગયાં છે, જેઓના હસ્તે મૂર્તિપ્રતિષ્ઠાઓ થઈ રહી છે, જેઓની જન્મજયંતીઓ ઊજવાઈ રહી છે એ સ્વામીશ્રી હજી ટ્રેક્ટરમાં ઘૂમે છે ! હક પ્રત્યે કેટલા બેફિકર ! ફરજ પ્રત્યે કેટલા સભાન !!

બોચાસણથી તારાપુર, ઇન્દ્રણજ, લીંબાસી, પુનાજ, ત્રાજ, માતર, શાંતિપુરા, શ્રીજીપુરા, ચિત્રાસર, ધરોડા, સાંખેજ, ભાલિયાપુરા, નેનપુર વગેરે ગામોમાં વિચરીને સ્વામીશ્રીએ લગભગ ૬૦૦ મણ ડાંગરનો ધર્માદો ઠાકોરજીની

સેવા માટે એકત્રિત કર્યો હતો. ત્યારબાદ અમદાવાદ અને ગોંડલમાં દર્શન કરીને ભાદરા પહોંચેલા. અહીં મંદિરનાં નિર્માણકાર્યનું નિરીક્ષણ કરીને ધારી પધારેલા. અત્રે યોગીજી મહારાજના જન્મસ્થાન પર મંદિરનું કાર્ય સ્વામીશ્રીને શરૂ કરવું હતું. તેથી જન્મસ્થાનનાં મકાનની સાથે આવેલા મકાનનું પણ માપ કરાવ્યું. ધારીથી તે જ દિવસે મહુવા પહોંચ્યા. અહીં પણ તા. ૩૧/૧૨ના રોજ ભગતજી મહારાજના જન્મસ્થાન પર મંદિર કરવા અંગે ગામના હરિભક્તો સાથે વિચારણા કરીને કાર્યવાહી નક્કી કરી.

આમ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ અને યોગીજી મહારાજનાં જન્મસ્થાનો પર મંદિરનાં કાર્યોને સ્વામીશ્રીએ ગતિ આપી દીધી. એક-એક દિવસમાં એક-એક મંદિરનાં કાર્યોનો નકશો આંકતાં તેઓ મહુવાથી તે જ દિવસે નીકળીને ભાદરોડ પધાર્યા. અત્રે દર્શન કરીને ભાદરા(મહુવા), બાઢડામાં લાભ આપતાં રાત્રિના દસ વાગ્યે ગઢડા આવી પહોંચ્યા. અહીં સન ૧૯૬૮નું વર્ષ અંધારું ઓઢીને સદાને માટે સૂઈ ગયું ત્યાં સુધી સ્વામીશ્રી કાર્યરત રહ્યા. રાત્રે બાર ઉપર અડધો કલાક વીત્યો ત્યારે નિદ્રાધીન થયા.

સન ૧૯૬૯

ખીલતી કળીઓના માળી

ગઢડામાં તા. ૧/૧ની સવારથી સ્વામીશ્રીના મુખે 'સત્સંગિજીવન'ના બીજા પ્રકરણના પારાયણનો પ્રારંભ થયો. તે વખતે સ્વામીશ્રીનો મંજુલ સૂર-સ્વર સાંભળીને નવલા વર્ષના ફૂટતા પ્રભાતનાં સૂર્યકિરણો નાચતાં- કૂદતાં ચારે બાજુ ફરી વળ્યાં. અહીં પાંચ દિવસનું પારાયણ પૂર્ણ કરીને તેઓ ટ્રેક્ટર દ્વારા સારંગપુર જવા નીકળ્યા ત્યારે વચ્ચે આવતાં નિંગાળા અને તાજપુરનાં હરિમંદિરોમાં પણ દર્શન કરવાનું ચૂક્યા નહીં. જ્ઞાન અને ભક્તિની ધારાઓ સ્વામીશ્રીના જીવનમાં સમાંતરપણે દોડતી રહેલી. બેમાંથી એકેયમાં ઓટ-અવધિ આવતી નહોતી.

તા. ૬/૧ની સાંજે સ્વામીશ્રી સારંગપુર પધાર્યા. તેઓ પધારતાં મંદિરના સૌ સંતો-સેવકો ખૂબ રાજી થયા. સ્વામીશ્રીએ પણ સૌને સારો લાભ આપ્યો.

તા. ૯/૧ના રોજ તેઓ સારંગપુરથી ગોંડલ જવા નીકળેલા. નિમિત્ત હતું – એસ. એસ. સી.ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ! ગુરુકુળની શાળાના નીચલા ધોરણના વિદ્યાર્થીઓએ અગિયારમા ધોરણના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ ગોઠવેલો. તે માટે તેઓએ સ્વામીશ્રીને આમંત્રણ આપ્યું એ જ આશ્ચર્ય!

અને તે આમંત્રણ સ્વીકારીને સ્વામીશ્રી ત્યાં જઈ પહોંચ્યા એ તેથી મોટું આશ્ચર્ય!! માંધાતાઓની સાથે હાથ મિલાવતાં તેઓના હાથની આંગળીઓને માસૂમ ભૂલકાંઓ પણ પકડી શકતા. વિશાળ વૃક્ષોના વાવેતરમાં રચ્યા-પચ્યા રહેવા છતાં ખૂણે ખીલતી કળીને પણ ન ભૂલે તેવા માળી હતા સ્વામીશ્રી!

તેથી જ ભરબપોરે ગોઠવાયેલા એ વિદાય સમારંભમાં સ્વામીશ્રી બિરાજ્યા. ઘેઘૂર વડલાની છાયામાં બાળકો શાંતિથી રમે તેમ સ્વામીશ્રીની નિશ્રામાં વિદ્યાર્થીઓએ વિવિધ રજૂઆતો કરી. સ્વામીશ્રીએ સૌ પર રાજીપો વરસાવ્યો. શિક્ષણ, સંસ્કાર અને સત્સંગની વાતો કરી સૌને પ્રોત્સાહન આપ્યું. માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. આમ, વિદાય સમારંભ પૂરો થયો. બસ! આટલા કાર્યક્રમ માટે સ્વામીશ્રી સારંગપુરથી ગોંડલ સુધી દોડી આવેલા.

સાંસારિક પ્રવૃત્તિની હાયવોયમાં પોતાનાં જ જણેલાં સંતાનોને ઉવેખતાં મા-બાપો સ્વામીશ્રીના આ પ્રસંગમાંથી જો ધડો લે તો પોતાના જ ઘરમાં બેસતી સંતાનોની કાણ-મોકાણથી ઊગરી જાય એમ છે.

ભિક્ષા માંગવાનું ગૌરવ

તા. ૧૧/૧ના રોજ સ્વામીશ્રી ગોંડલથી વિદાય લઈ ભાદરા, રાજકોટ, ગોંડલ, અમદાવાદ, ડભાણ, વરતાલ, મહેળાવ અને બોચાસણ થઈને વસંત પંચમીના ઉત્સવ માટે તા. ૨૦/૧ના રોજ અટલાદરા આવી પહોંચ્યા. યોગીજી મહારાજ પણ મુંબઈથી અહીં પધારી ગયેલા.

તેઓના સાંનિધ્યમાં તા. ૨૨/૧/’૬૯ના દિવસે શાસ્ત્રીજી મહારાજના ૧૦૫મા જન્મોત્સવની શાનદાર ઉજવણી થઈ. આ પ્રસંગે મંદિરનો નૂતન પ્રવેશદ્વાર, તે પર ટાવર અને ભોજનશાળાનાં ઉદ્‌ઘાટન થયાં. જન્મોત્સવની સભામાં સ્વામીશ્રીએ શિસ્ત અને એકતા સાથે અક્ષર-પુરુષોત્તમનો સિદ્ધાંત પ્રવર્તાવવા અનુરોધ કર્યો હતો. શાસ્ત્રીજી મહારાજે કેવા કપરા સંજોગોમાં મંદિરો ઊભાં કર્યાં તે જણાવીને સમૈયાઓનું પણ મહત્ત્વ સમજાવ્યું હતું.

અટલાદરામાં સમૈયો ઊજવીને સ્વામીશ્રી આણંદ પધાર્યા. અહીં બે દિવસ તુવેર દાળના ધર્માદા માટે તેઓ દુકાને-દુકાને ફર્યા.

આમ તો આ ક્રિયા હતી ભિક્ષા માંગવાની, પણ ઝોળી માંગવામાંય તેઓ કોઈ અગમ્ય આનંદ અનુભવતા હોય તેવું જોનારાને લાગતું. તેઓને મન મહત્તા હતી : ‘કોના માટે માંગીએ છીએ તેની!’ તેથી ઝોળીની આહ્‌લેક લગાવતી

વખતે અનેરા ગૌરવની રેખાઓ તેઓના મુખ પર ઊપસી આવતી. જાચકપણું લેશ ન લાગે. કો'ક કો'ક જગ્યાએ 'લ્યો, એટલી વારમાં આવી ગયા પાછા !...' જેવાં અવહેલનાભર્યા શબ્દોય સાંભળવા પડે; કો'ક વળી પ્રતીક્ષાયોગનો પણ અનુભવ કરાવે; કો'ક દાખડો માથે પડે એવું ચપટી જેટલું જ આપે; પણ આ બધું પ્રેમથી પચાવીને સ્વામીશ્રી દુકાનોનાં પગથિયાં ચઢે-ઊતરે. ઠાકોરજીની સેવામાં કોઈ દિવસ તેઓ કંટાળ્યા નહોતા.

આણંદથી તા. ૩૧/૧ના રોજ એક હરિભક્તના દીકરાની બાબરીની બાધા હોવાથી સવારે બોચાસણ ગયા. હરિભક્તનો પ્રસંગ શોભાવી સાંજે પાછા આણંદ આવીને ઝોળીની આહ્‌લેક લગાવવા માંડ્યા. રાત્રે ખેતીવાડી કૉલેજમાં આયોજિત સત્સંગ સભામાં પ્રવચનલાભ આપ્યો.

તા. ૧/૨ના રોજ આણંદથી અમદાવાદ જવા નીકળ્યા ત્યારે નડિયાદ મુકામે સંતરામ મંદિરના આદ્યસ્થાપક સંતરામ મહારાજના પ્રથમ શિષ્ય લક્ષ્મણદાસજી મહારાજનો શતાબ્દી મહોત્સવ ઊજવાતો હતો. તે નિમિત્તે યોગીજી મહારાજની સાથે સ્વામીશ્રી પણ પધારેલા. અહીં પ્રવચન પૂરતું કલાક રોકાઈને તેઓ અમદાવાદ પધારી ગયા.

અમદાવાદમાં પાંચ દિવસનું પારાયણપર્વ યોજાયેલું. તેમાં સ્વામીશ્રીએ 'હરિલીલાકલ્પતરુ'ના આધારે શ્રીજીમહારાજનાં ચરિત્રોનું રસપાન કરાવેલું.

મિત્રમિલન

અમદાવાદનું પારાયણ સંપન્ન કરીને સ્વામીશ્રી તા. ૭/૨ના રોજ અટલાદરા પધારેલા. આ સમયે ભાદરાના મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓના કામ માટે ઈશ્વરચરણદાસ સ્વામીને જયપુર જવાનું હતું. તે માટે સ્વામીશ્રીએ પોતાના સેવક દેવચરણદાસ સ્વામીને તેઓની સાથે મોકલ્યા.

સ્વામીશ્રીનો સહજ સ્વભાવ હતો કે પોતાની સાનુકૂળતાથી વિશેષ તેઓ બીજાની સાનુકૂળતાનો વિચાર કરતા. જે સેવક પોતાની સમય-સમયની જરૂરિયાત સમજી ગયા હોય, તેને કારણે પોતાને કામકાજમાં ઘણી સરળતા રહેતી હોય તેમ છતાં તેને બીજી સેવામાં મૂકી દેતા સ્વામીશ્રી લેશ પણ ખચકાતા નહીં. 'બીજાના સુખમાં આપણું જ સુખ છે' તેમ સમજીને તેઓ વર્તતા.

સ્વામીશ્રીના અહીંના નિવાસ દરમ્યાન તા. ૮/૨ના રોજ ચાણસદના વૈદ્યરાજ મૂળજીભાઈના સુપુત્રનો લગ્નપ્રસંગ અટલાદરા મંદિરે ગોઠવેલો. આ

લગ્નપ્રસંગે સ્વામીશ્રીના બાળસખાઓ – શંકરલાલ, મૂળજીભાઈ, ઉમેદભાઈ વગેરે પણ આવેલા. તે સૌ પોતાના વહાલસોયા 'શાંતિલાલ'ને આવી વિરાટ સંસ્થાના પ્રમુખરૂપે અને હજારોના આદરણીય સંતસ્વરૂપે જોઈ ખૂબ હર્ષિત થઈ ગયા. સૌની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. શાંતિલાલની કંઈ કેટલીયે તસવીરો આ બાળમિત્રો પોતાના મનમાં નિહાળી રહ્યા. વર્ષો પહેલાં પોતાની સાઇકલ પર શાંતિલાલને બેસાડીને લઈ જવાનું મળ્યું તે આજે આ મિત્રોને પોતાનું સદ્‌ભાગ્ય જણાતું હતું. સ્વામીશ્રીએ પણ પોતાના આ બાળ-સનેહીઓને રમાડી-જમાડીને રાજી કર્યા.

પશુસેવા તે પ્રભુસેવા

આ વર્ષે દુષ્કાળરાહત નિમિત્તે સંસ્થાએ ૭૦૦ ગાયોનું છ મહિના માટે ભરણ-પોષણ કરવાની જવાબદારી ઉઠાવી હતી. તે નિભાવ માટે જરૂરી રકમનો ખરડો કરવા સ્વામીશ્રીએ અટલાદરા વિસ્તારનાં ગામોમાં ફરવાનું શરૂ કરેલું.

સમાજની કોઈ પણ સમસ્યા પ્રસંગે યોગીજી મહારાજ તથા સ્વામીશ્રી હંમેશા ટેકો દેતા. આ સંપ્રદાયમાં શ્રીજીમહારાજના સમયથી ચાલી આવતી સમાજસેવાની સરિતાને આ મહાપુરુષોએ સુકાવા દીધી નહોતી. આ વખતે પણ યોગીજી મહારાજે 'આ ખરડો કર્યો તે શ્રીજીમહારાજની સેવા થઈ ગઈ' એમ કહીને પશુસેવાને પણ પ્રભુસેવાનો દરજ્જો સમયની માંગ પરખીને આપી દીધેલો. આ ગુરુવચનને લક્ષ્યમાં રાખીને સ્વામીશ્રી અટલાદરાથી તા. ૧૧/૨ના રોજ નીકળેલા. તરસાલી, માણેજા, ઉટિયા, હુંસેપુર, મેઢાદ, વીરપુર, સરસવણી, ગોરિયાદ વગેરે ગામો ફરીને તા. ૨૦/૨ના રોજ રાત્રે આઠ વાગ્યે રઢુ પહોંચ્યા.

અહીં તૈયાર થયેલા બાઈઓના હરિમંદિરમાં તા. ૨૧/૨ના રોજ યોગીજી મહારાજના હસ્તે પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થયો. ત્યારબાદ સ્વામીશ્રીએ પુનઃ વિચરણનો દોર ઝાલ્યો. જ્યાં અટક્યા હતા ત્યાંથી આગળ ચાલ્યા. જંબુસર, ઉબેર, નોંધણા, સામોજ, ભોદર થઈને તા. ૧/૩ના રોજ અટલાદરા પધાર્યા. અહીં એક દિવસના રોકાણ બાદ બોચાસણ થઈને સારંગપુર આવી પહોંચ્યા.

પૂછતા નર પંડિત થાય

સારંગપુરમાં તા. ૪/૩ના રોજ પ્રાગજી ભક્ત જયંતીની સભા બાદ સ્વામીશ્રીએ વિવિધ મંદિરોના બાંધકામોનો વિમર્શ વડીલ હરિભક્તો સાથે કર્યો.

સર્વજ્ઞ હોવા છતાં તેઓ કદી સર્વેસર્વા બની બેઠા નહોતા. કોઈ પણ કામમાં સંબંધિત સૌને વિશ્વાસમાં લઈને જ આગળ વધવું એ તેઓની સાહજિક રીત હતી. 'પૂછતા નર પંડિત થાય. સૌને પૂછીએ તો ચર્ચા થાય, ગુણ-દોષનો વિચાર થાય અને સારું પરિણામ આવે.' આ તેઓની માન્યતા. તે મુજબ અહીં પણ સૌના અભિપ્રાય લઈને સ્વામીશ્રી આગળ વધ્યા.

તા. ૫/૩ના દિવસે ફૂલદોલોત્સવ ઊજવાયો. આ ઉત્સવમાં સંતો તથા તાજપુરના હરિભક્તોએ ફૂલોનો હિંડોળો બનાવેલો. આ હિંડોળામાં સંતો-ભક્તોના આગ્રહથી યોગીજી મહારાજ અને સ્વામીશ્રી ઠાકોરજી સાથે બિરાજેલા અને સૌને દુર્લભ સ્મૃતિ આપેલી.

ઉત્સવ બાદ સ્વામીશ્રી ગોંડલ થઈને ભાદરા પહોંચી ગયા. ભાદરામાં પ્રતિષ્ઠા મહોત્સવ નજીક આવી રહેલો. તેથી તેના આયોજનમાં હવે સ્વામીશ્રી સક્રિય થયા. 'પ્રકાશ' દ્વારા સમગ્ર સત્સંગને તેઓએ આ ઉત્સવમાં આવવાનું આમંત્રણ પાઠવી દીધું.

શાશ્વતીની સહોદરા સમી સેવા

આમંત્રણ આપ્યા બાદ આવનારા હરિભક્તોની તમામ વ્યવસ્થા સારી રીતે સચવાય તે માટે પણ સ્વામીશ્રીએ કેડ બાંધી. ભાદરામાં પણ ગોંડલના અમૃત મહોત્સવની જેમ પાણીનો પ્રશ્ન વિકટ હતો. મંદિરથી લગભગ સવા કિલોમીટર દૂર વહેતી ઊંડ નદીની પેલે પાર આવેલા કૂવાનું પાણી નદી સોંસરી પાઈપ લાઈન નાંખીને ઉત્સવસ્થળ સુધી લાવવાનું કામ ભલભલાનાં ગાત્રો ઢીલાં કરી દે તેવું હતું. વળી, ધર્મશાળાની જગ્યામાં મોટા મોટા ખાડાઓ હતા. તેને સમથળ કરીને ત્યાં મંચ, સભામંડપ, યજ્ઞમંડપ, રસોડું વગેરેની વ્યવસ્થા કરવાની હતી. પાણી માટેના ટાંકા, કુંડીઓનાં નિર્માણ પણ કરવાનાં હતાં. દાઝ્યા પર ડામની જેમ આકાશમાંથી આગની જેમ વરસતી ગરમી મુશ્કેલી વધારનારી હતી.

આ બધાં વિઘ્નોની વચ્ચે સ્વામીશ્રીએ ઝંપલાવ્યું – અક્ષર-પુરુષોત્તમ પધરાવવા માટે, યોગીજી મહારાજને રાજી કરવા માટે, શાસ્ત્રીજી મહારાજની ભવિષ્યવાણી સાકાર કરવા માટે.[૨૧૦]

સન ૧૯૬૧માં ગઢડા ખાતે ઊજવાયેલા કળશ પ્રતિષ્ઠા મહોત્સવ, સન

---


૨૧૦. શાસ્ત્રીજી મહારાજે હીરજીભાઈ તથા માંડણ ભગતને આશીર્વાદ આપેલા કે 'અહીં(ભાદરામાં) શિખરબદ્ધ મંદિર થશે.'

૧૯૬૫માં અટલાદરા મુકામે ઊજવાયેલા શાસ્ત્રીજી મહારાજ શતાબ્દી મહોત્સવ અને સન ૧૯૬૭માં ગોંડલમાં ઊજવાયેલા યોગીજી મહારાજ અમૃત મહોત્સવમાં સ્વામીશ્રીએ કરેલી સેવાઓ તેઓના વિરલ વ્યક્તિત્વની સાક્ષી બનીને ઈતિહાસમાં અમરપટ્ટો મેળવી ચૂકેલી. તેની હરોળમાં બંધ બેસે એ રીતે સ્વામીશ્રીની સેવાઓનો એક નવો અધ્યાય ખૂલી ગયો – સન ૧૯૬૯માં ભાદરા ખાતે ઉજવાનાર આ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવમાં. આ સેવા પણ શાશ્વતીની સહોદરા સમી સાબિત થવાની હતી.

પાણીદાર પ્રમુખસ્વામી

સ્વામીશ્રીના જીવનમાં કદી આંધળૂકિયું જોવા ન મળે. તેઓ હંમેશા ગણતરીપૂર્વક, સમજદારીપૂર્વક અને પ્રેમપૂર્વક પગલાં માંડતાં. ભાદરાના પ્રતિષ્ઠા ઉત્સવમાં પણ આ ત્રિવેણી સંગમ જોવા મળ્યો.


અહીં સ્વામીશ્રી કામનો ક્યાસ કાઢીને પામી ગયેલા કે પાણી માટે વેળાસર જાગી જવું પડશે. તેથી તેઓએ ઉત્સવના દોઢ મહિના પૂર્વેથી સઘન પ્રયત્નો ચાલુ કરી દીધેલા. તા. ૮/૩ની રોજનીશીમાં તેઓ નોંધે છે :



'નદીને સામે કીનારે
કુવો કરી ત્યાંથી
પાઈપ લઈ વોટર
વર્ક્સ કરવા
વાતચીત થઈ...'


જે કામ કરવાનું નક્કી થાય પછી બેસી રહેવાનું સ્વામીશ્રીને ન પાલવે. તેઓ સમજતા હતા કે વિચારો નિરર્થક છે, સંશોધનો નમાલાં છે, આયોજનો બેકાર છે; જો તે મુજબ કામ શરૂ ન થાય તો! માટે સ્વામીશ્રી તરત જ મંડી પડ્યા. આયોજન કર્યાના બે દિવસમાં તો કાર્યવાહી આરંભી દીધી.

તા. ૧૦/૩ની નોંધમાં તેઓ લખે છે :



'આજે નદીના સામે
કાંઠે કુવો ખોદવાનું.
સવારના નવ પછી ખોદવાનું
મુહૂર્ત કર્યું.'

અને તા. ૧૩/૩ના રોજ સ્વામીશ્રી રોજનીશીમાં અક્ષર પાડે છે :




'આજે પાઈપલાઈન
નદીથી ધર્મશાળા સુધી
૪૫૦૦ હજાર ફૂટ
આશરે ખોદવા ઉધડ
ખારવાના હરિજનને
ફુટના ૯૫ પૈસા
લેખે આપ્યું.'

જાતમહેનત ઝિંદાબાદ


ખોદકામની કાર્યવાહી સરાણે ચડાવી સ્વામીશ્રીએ ઈશ્વરચરણ સ્વામીને પાઈપો લેવા માટે દાવોલ મોકલી આપેલા. તા. ૧૫/૩ના દિવસની નોંધ કાર્યના

શ્રીગણેશની છે. તેમાં સ્વામીશ્રી લખે છે :



'આજથી પાઈપ લાઈન
ખોદાણ શરૂ થયું.'

આમ, પાઈપ અને પાઈપલાઈનની વ્યવસ્થાઓને વેગ આપીને કૂવાના કામમાં સ્વામીશ્રી સ્વયં જોડાયા. ૪૫ હાથ ઊંડો કૂવો ગાળવાનો હતો. મૂળ ભાદરાના પણ મુંબઈમાં કન્સ્ટ્રક્શનનું કામ કરતા દેવજી રત્ના આ સેવા માટે આવેલા. તેઓના સાથમાં સ્વામીશ્રીનો હાથ ભળ્યો તે વિશે તા. ૧૭/૩ની રોજનીશી કહે છે :



'આજે કુવાનું ચણતર
કામ બપોર પછી
ચાલુ કરેલ છે.
મજુર કોઈ ન હતા તે
હાથોહાથ ચાલુ
કર્યું. પંદર થર સાંજે
તૈયાર કર્યા.'

કામની કઠિનાઈ કે ગરમીની હેરાનગતિ – જે કારણ ગણો તે – પણ મજૂરોએ હાથ ધોઈ નાંખેલા. છતાં સ્વામીશ્રી અટક્યા નહીં. તેઓએ રસ્તો શોધી કાઢ્યો – જાતમહેનત ઝિંદાબાદ. તેઓ કૂવાના કામમાં જાતે જોતરાઈ ગયા.

દેહ તણી પરવા ન જરી

ભાદરામાં પાણીનો મામલો અભિમન્યુના સાત કોઠા વીંધવા જેવો હતો. એક ચક્રવ્યૂહ ભેદાય ત્યાં બીજો સામે દેખાય. નદીમાં પાઇપલાઇન નાંખવા માટે ખાડો કરવામાં આવે પણ નદીની રેત તરત ધસી આવે. તેથી તેને રોકી રોકીને ખોદકામ કરતા જવાનું હતું. તેમાં ગમે તેવા કાઠા આદમીના પણ પાણી ઊતરી જાય તેમ હતું, પરંતુ સ્વામીશ્રી સવારના આઠ વાગ્યાથી રાતના બાર વાગ્યા સુધી કામ ચલાવતા. રાત્રે પાઈપ-ફિટિંગનું કામ હાથ પર લેતા. તેમાં ભાદરાના માવજીભાઈ, ભીમજીભાઈ, દકુભાઈ, ભીખાભાઈ, ઓધવજીભાઈ, પોલાભાઈ, વાલાભાઈ વગેરે લગભગ ચાલીસ પટેલિયા રોજ રાત્રે ત્રણ વાગ્યા સુધી સેવા કરે. સ્વામીશ્રી પણ સાથે જ હોય. તેઓ પણ રાત્રે ત્રણેક વાગ્યે સૂએ.

સૂવાનું પણ રેતીના ઢગલા પર ફક્ત ગાતરિયું પાથરીને. ધર્મશાળામાં સ્વામીશ્રી માટે ઓરડો તો રાખેલો. પણ તેઓ તો આ રીતે જ સૂઈ જતા. ક્યારેક ઘુમ્મટ નીચે સૂઈ જાય. સૂવામાં ગમે તેટલું મોડું થયું હોય પણ સવારે છના ટકોરે ઊઠી જવામાં સૂરજ જેટલા નિયમિત. બપોરે માંડ કલાક સૂએ તો સૂએ. આવું લગભગ દોઢેક મહિના સુધી ચાલેલું.

સવારે ઊઠીને પણ હરિભક્તોના સર્વસામાન્ય શૌચાલયમાં જ દેહક્રિયા કરવા જાય. સૌ માટે હોય તે નહાવાની ખુલ્લી ચોકડીમાં નાહી લે. સેવામાં સુવિધાઓ સચવાય તો ઉત્સાહ રહે. પણ સ્વામીશ્રીને તો સુવિધા શૂન્ય છતાં ઉત્સાહ સવાસો ટકા જેવું હતું. સવારના નાસ્તામાં આગલી રાતના રોટલા-રોટલી અને ગોળ હોય. છાશ ગામમાંથી માંગી લાવવાની. સંતો સાથે સ્વામીશ્રી પણ આ જ નાસ્તો કરે. ઉકાળો હોય તો લે, ન હોય તો કોઈ ધોખો-વાંધો નહીં. રાત્રે મોટે ભાગે મગની ખીચડી રહેતી.

આમ, નહાવા-ધોવા-સૂવા-ખાવામાં અગવડો સિવાય કાંઈ નહોતું, પણ સ્વામીશ્રી આ અગવડમાંય અનેરો આનંદ માણતાં સેવારત રહેતા.

તે વખતે તેઓની સાથે સેવા કરવામાં સહભાગી-સદ્ભાગી બનેલા સૌ કહેતા : 'પ્રમુખ સ્વામીએ પોતાની વ્યવસ્થાની ચિંતા ક્યારેય કરી નથી. દેહની કોઈ પરવા તેઓએ કરી નથી. અમારી ભેગા રેતી ભરેલાં તગારાં ઉપાડવાની સેવા પણ તેઓ સંકોચ વગર કરતા. અમને પ્રમુખસ્વામીને જોઈને જ આનંદ થતો, પ્રેમ થતો અને એમ થતું કે પ્રમુખસ્વામી બોલાવે છે તો આપણે સેવા કરવા

જવું જ જોઈએ.'

કહેવાયું છે કે 'If your actions inspire others to dream more, learn more, do more and become more, you are a leader.' જો તમારી ક્રિયા બીજાને અધિક વિચારવા, અધિક શીખવા, અધિક કાર્ય કરવા અને અધિક બનવા માટે પ્રેરણા આપે તો તમે નેતા છો.

આ અર્થમાં સ્વામીશ્રી યથાર્થ નેતા હતા કે જેઓની સંનિધિમાત્ર બીજાને વિના વેતને રાત્રે ત્રણ-ત્રણ વાગ્યા સુધી કાર્ય કરવા માટે પ્રેરણા આપતી રહેતી.

પાણીની સેવામાં સ્નેહની સરવાણી

સ્વામીશ્રીનું આગવું પાસું હતું – સેવામાં માનવીય અભિગમ. તેઓએ ક્યારેય મજૂરને પણ યંત્રની જેમ જોયો નહોતો. તેથી સેવા કરનાર સૌનું ધ્યાન પણ એટલું જ રાખતા. સૌને એટલા પ્રેમથી રાખે, જમાડે, એવા હેતપૂર્વક નામ દઈને બોલાવે કે ગમે એવો થાક હોય એ પણ ઊતરી જાય. આ સેવામાં પણ અડધી રાત્રે સૌને ગરમાગરમ સુખડી અને ગાંઠિયા પીરસવા જાતે આવે.

'To command is to serve nothing more, nothing less.'[૨૧૧] બીજાને દોરવા એટલે બીજાની સેવા કરવી. એથી અધિક-ઓછું કાંઈ નહીં. નેતૃત્વનો આ સિદ્ધાંત સ્વામીશ્રી પચાવીને બેઠેલા.

વળી, તેઓનો આગ્રહ એવો કે સુખડી અને ગાંઠિયા રાત્રે તાજાં જ બનાવવાનાં. તેથી સેવકો પાસે તેને બનાવડાવે. સેવક ઘનશ્યામપ્રસાદ સ્વામી તે વખતે શિખાઉ. તેથી સુખડી બનાવતાં પણ સ્વામીશ્રી શીખવે : 'પહેલાં ઘી નાંખવું. લોટ બરાબર શેકાઈ જાય પછી ગોળ નાંખવો. બરાબર રંગ આવવો જોઈએ. કાચું ન રહે તે ખાસ જોવું... પછી ચોકીમાં ઠારી દેવું.' એમ કહેતાં સામે ઊભા રહીને નાસ્તો બનાવડાવે.

નાસ્તો તૈયાર થઈ જાય પછી જાતે ઉપાડીને સ્વયંસેવકો પાસે લઈ જાય. તેઓની આ કાળજી જ સૌને તાજા કરી દેવા પૂરતી થઈ રહેતી. નાસ્તાની વાત તો પછી આવતી.

આમ, અથાક પુરુષાર્થ કરીને તેઓએ સમૈયામાં પાણીની રેલમછેલ કરી દીધેલી.

રાજા ભગીરથે ગંગાને અવતારવા કરેલો પુરુષાર્થ જેમ ઇતિહાસમાં અમર

૨૧૧. Andre Malraux (novelist, statesman).

થઈ ગયો છે, તેમ સ્વામીશ્રીએ આ પ્રતિષ્ઠા મહોત્સવમાં પાણીનો રેલો મંદિર સુધી લાવવા માટે જે પરિશ્રમ વેઠેલો તે પણ ભગીરથ પુરુષાર્થની પંગતમાં જ બેસે એવો છે. ભગીરથે તો પલાંઠી વાળીને તપ કરેલું; સ્વામીશ્રીને તો પલાંઠી વાળવાનોય મેળ ન પડે એવી આકરી તપશ્ચર્યા કરવાની હતી. ભગીરથને તો કોઈની સંભાળની ઝંઝટમાં પડ્યા સિવાય એકાંતમાં તપ કરવાનું હતું; સ્વામીશ્રીની તપસ્યામાં તો હજારોને સંભાળવાના હતા. ભગીરથને તો તપ સિવાય બીજું કાંઈ કરવાનું નહોતું; સ્વામીશ્રીને તો અનેક મોરચે ઝઝૂમવાનું હતું. ખરેખર, સ્વામીશ્રીની આ તપશ્ચર્યા પલાંઠી વાળીને બેસવાથી ઘણી ઘણી અધિક હતી.


સ્વરૂપ એક, રૂપ અનેક

પાણીની સાથે સૌના ઉતારાની વ્યવસ્થા માટે પણ સ્વામીશ્રીએ પ્રસ્વેદગંગા વહાવેલી. જ્યાં વિલાયતી નળિયાંવાળા ખોરડાં પણ ન મળે તેવા નાનકડા ખોબા જેવાં ગામડાંમાં હજારો હરિભક્તોના ઉતારા માટે સ્વામીશ્રીએ તનતોડ મહેનત કરેલી.

તે માટે તેઓ ગામના પટેલોને ત્યાં ઉતારા માટે રૂબરૂ જતા. સ્વામીશ્રી પૂછે : 'તમારી પાસે કેટલા ઓરડા છે ?' જે જવાબ મળે તેમાંથી સ્વામીશ્રી નક્કી કરે અને કહે : 'સમૈયા દરમ્યાન એક ઓરડો તમારા માટે રાખો અને બાકીના ઓરડા ઉતારા માટે અમને આપો.'


આમાં જે 'હા' પાડે તેની યાદી સાથેના હરિભક્ત બનાવતા જાય. એ જ વખતે ઓરડાની દીવાલ પર શાહીથી આંકડો લખાવી દે અને યાદીમાં પણ એ આંકડો લખાવે અને એ જ વખતે નક્કી કરે કે 'આ હરિભક્તને આ ઓરડો આપજો.' આ રીતે એક અઠવાડિયા સુધી રોજ રાત્રે સ્વામીશ્રી ફરેલા અને બસો જેટલા ઓરડા સેવામાં લીધેલા. આ ઉપરાંત રામજી મંદિર, પંચાયત કચેરી અને શાળામાં તે તે સ્થાનની અધિકૃત વ્યક્તિઓને મળીને ઉતારા નક્કી કરેલા.

ભાદરા ઉપરાંત આસપાસનાં ગામોમાં પણ ઉતારા ગોઠવવા સ્વામીશ્રી ફરી વળેલા. તેનું બયાન તેઓની રોજનીશી આ રીતે આપે છે. તા. ૧૪/૩ના રોજ સ્વામીશ્રી લખે છે :




'આજે જામનગર ગયા.
બે હજારના પલંગ
નક્કી.'

તા. ૯/૪ની નોંધ જણાવે છે :



'જોડીયા હંસરાજ
શેઠને ત્યાં બંગલો
તેમ જ હુન્નર ઉદ્યોગ
તેમ જ તાલુકા
પ્રાથમીક શાળા,
કન્યાશાળા ઉપરાંત
કસ્તુરચંદને ત્યાં
ઉતારા માટે
જોયા.'


તા. ૨૨/૪ના રોજ સ્વામીશ્રી લખે છે :



'હજારોની સંખ્યામાં
માણસો આવેલ.
તંબુઓ ગોંડળથી
આવેલ. તેમાં ઉતારા,
ગામમાં ઉતારા,
જોડીયા ઉતારા,
ધ્રોળ ઉતારા હતા.'

પાણી, ઉતારાની સાથે સાથે ઈલેક્ટ્રિક અને મંડપની જવાબદારી પણ સ્વામીશ્રીને નિભાવવાની હતી. તે માટે સ્વામીશ્રીએ કરેલી કાર્યવાહી જણાવતાં તેઓની તા. ૧૫/૩ની રોજનીશી કહે છે : 'મંડપ માટે પરમાર રાજકોટવાળા આવેલા તે સાથે વાતચીત. ઈલેક્ટ્રિક માટે જોડિયાવાળા ભાઈ સાથે વાતચીત...'

સમૈયામાં 'પાવર હાઉસ' સમા રસોડા માટે જરૂરી અનાજની વ્યવસ્થા કેવી રીતે કરી તેની એક ઝાંખી તેઓએ તા. ૨૬/૩ના રોજ કરેલી નોંધ પરથી પ્રાપ્ત થાય છે. સ્વામીશ્રી લખે છે :



'સવારે વાડીના
ઘઉં જોવા પધાર્યા.
પછી મજોઠ ગામે
ત્યાં સભા અને
ઘઉં, ગોળ, બાજરીનો
ખરડો કરી ડાંગરા
થઈને રાજકોટ.'

આમ, એક સ્વરૂપે અનેક રૂપે સ્વામીશ્રી વિભાગે-વિભાગે સેવામાં જોવા મળતા.

વ્યક્તિ અને વાનગીને તૈયાર કરનાર

ભાદરામાં એક સાંજની વાત છે. રોજેરોજ મગની ખીચડી કરતા ભંડારી ઘનશ્યામપ્રસાદ સ્વામીને વિચાર થયો કે 'આજે સાંજે તુવેરની દાળની ખીચડી બનાવીએ.' અને તેઓએ કાર્ય આરંભી દીધું. જેમ હોડી હંકારવા બે હલેસાં જોઈએ તેમ કાર્ય કરવા માટે પણ આવડત અને ઉત્સાહનાં બે હલેસાં જરૂરી છે. પણ અહીં તો ઉત્સાહના એક જ હલેસા પર જ મુસ્તાક રહીને મુસાફરી શરૂ થઈ ગઈ !

તુવેરદાળ અને ચોખા બેય સાથે જ પલાળવામાં આવ્યા. ધોયા બાદ ચૂલે પણ સાથે જ ચડાવાયાં, પણ સમય જતાં ફળશ્રુતિ એ મળી કે દાળ કાચી રહેલી અને ચોખા ચડી ગયેલા. કાચી દાળના દાણા વીણી-વીણીને અલગ કરી શકાય તેમ તો હતું નહીં. તેથી ભંડારી મૂંઝાયા : 'આટલો બગાડ થયો. સ્વામીશ્રીને ખબર પડશે તો વઢશે.' તેટલામાં તો સ્વામીશ્રી જ ત્યાં આવી પહોંચ્યા. મોટે ભાગે જીવનમાં આવું જ બનતું હોય છે. જે વિલંબથી થાય એમ ઇચ્છતા હોઈએ તે તરત થવા માંડે અને જે તરત થાય એમ ઇચ્છતા હોઈએ તે વિલંબિત થાય.

સ્વામીશ્રી આવ્યા એટલે સામેથી જ ભંડારીએ ભૂલ કબૂલી લીધી અને કહ્યું : 'ખીચડી ચડી નથી. કાચી રહી ગઈ છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ જાતે દાણો દબાવીને ભૂલની માત્રા માપી લીધી. પછી પ્રેમથી કહેવા લાગ્યા : 'કેવી રીતે દાળ-ચોખા પલાળેલા ?'

'મગની દાળ અને ચોખાની જેમ.' ભંડારીએ જે કર્યું હતું તે કહ્યું.

ત્યારે સ્વામીશ્રી ખીચડી બનાવવાની પદ્ધતિ શીખવતાં બોલ્યા : 'તુવેરની દાળમાં એમ ન કરાય. પહેલાં દાળ અલગ પલાળવી. ચોખા જુદા વાસણમાં પલાળવા. પાણી ઊકળી જાય પછી તુવેરની દાળ નંખાય. દાળનો દાણો પોચો પડી જાય પછી ચોખા નાંખીએ તો સરસ છૂટી ખીચડી થાય.'

આ રીતે વસ્તુ-વપરાશની વાત કર્યા બાદ માનવીય અભિગમની વાત ઉમેરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આ ખીચડી હરિભક્તોને નહીં આપતા. ફરી બનાવો.'

'જે ઠાકોરજીને ન ચાલે તે હરિભક્તને પણ ન ચાલે, કારણ કે હરિભક્તમાં રહીને પણ ઠાકોરજી જ જમે છે.' આ ભાવના ન હોય તો ઉપરનું

સૂચન ન થઈ શકે. લોકો વસ્તુઓને પ્રેમ કરે છે અને વ્યક્તિઓને વાપરે છે, પણ સ્વામીશ્રી વસ્તુઓને વાપરતા અને વ્યક્તિઓને પ્રેમ કરતા. તેથી ગમે તેવી કટોકટીની પળોમાં પણ માનવીને સાચવવાની બાબતમાં તેઓએ સમાધાન કર્યું નહોતું. પોતા માટે કાચું-પાકું કદી ન જોનારા સ્વામીશ્રી હરિભક્તોની વ્યવસ્થામાં તો લેશ કાચું ચલાવી લેતા નહીં.

ભંડારીને ખીચડી બનાવવાની પ્રક્રિયા શિખવાડ્યા બાદ સ્વામીશ્રી ફરી વાર ખીચડી ન બની ત્યાં સુધી ત્યાં જ ઊભા રહ્યા. સમૈયાના વિશાળ આયોજનને માથે લઈને ફરતા તેઓ ખીચડી બનાવવા જેવા કામને પણ હાથ પર લઈ શકતા! આ રીતે તેઓ ખીચડી અને ખીચડી તૈયાર કરે તેવા માણસો, બંને તૈયાર કરતા.

અવતારોને દુર્લભ સેવા

ભાદરામાં એક વાર સ્વામીશ્રી રાત્રે દોઢેક વાગ્યે ઊંડ નદીએ ચાલતું કામકાજ જોવા પધારેલા. ત્યાં સૌને નાસ્તો કરાવીને રેતીના ઢગલા પર બેઠા અને એક પટેલને નજીક બોલાવ્યા. તેમનું મકાન મંદિરના વિકાસ-કાર્યમાં અવરોધરૂપ હતું. તેથી તે ખરીદી લેવાની યોગીજી મહારાજની ઇચ્છા અને યોગીજી મહારાજની ઇચ્છા પૂરી કરવી એ સ્વામીશ્રીનું કામ. તેથી તેઓ આ પટેલને મકાન વેચાતું આપવા અગાઉ ઘણી વાર સમજાવી ચૂકેલા.

આજે રાત્રે સ્વામીશ્રીએ એ દોર પુનઃ સાંધ્યો, પણ પેલા પટેલ ટસના મસ થાય નહીં. રાતના બે-અઢી વાગવા આવ્યા. તેથી સૌ ગામ ભણી ચાલતા થયા. રાત્રિના એ સૂનકારમાં ખેતરોની વચ્ચેથી પસાર થતાં રસ્તે ઠેઠ ગામ આવ્યું ત્યાં સુધી સ્વામીશ્રી તે પટેલને સમજાવતા રહ્યા. ચાલતાં ચાલતાં બોલવાને કારણે સ્વામીશ્રી હાંફવા પણ લાગેલા. છતાં પેલા પટેલ પલળવાનું નામ લેતા નહોતા.

સમય રાત્રિના ત્રણનો થવા આવ્યો હશે. ત્યારે સૌ મંદિર પાસે પહોંચ્યા. ગામ આવી જતાં પેલા પટેલ સ્વામીશ્રીથી છૂટા પડવા તલપાપડ થતા હતા, પણ સ્વામીશ્રી મંદિરના દરવાજે તે પટેલનું કાંડું ઝાલી પ્રેમથી કહેવા લાગ્યા : 'પટેલ! આ એક વાત માની જાવ... બાપા બહુ રાજી થશે. અમારે ક્યાં ઝૂંટવી લેવું છે? પૂરી કિંમત આપીને લેવાની વાત છે. તમને આ કરતાંય વધારે સારું મળી જશે. બાપાના આશીર્વાદ છે.'

રાત્રિના એ સન્નાટામાં ગુરુની ઇચ્છા પૂરી કરવા માટે સ્વામીશ્રી ખરેખરા મંડેલા. અંતે પટેલનાં હૈયાંનાં વજ્રકમાડ ખૂલ્યાં. તેઓ મકાન આપી દેવા સંમત

થયા. સ્વામીશ્રીની મહેનત રંગ લાવી. પણ ત્યારે સ્વામીશ્રી શું બોલ્યા? પેલા પટેલ વિદાય થયા પછી સ્વામીશ્રીએ સેવકોને કહ્યું : 'પટેલ ભારે કાઠા નીકળ્યા. આ તો યોગીબાપાની ઇચ્છા હતી તે માંડ પાર પડ્યું.'

યશકળશ સીધો જ ઢોળી દીધો ગુરુના શિરે! સ્વામીશ્રીની આ ગુરુભક્તિનો ઉજાશ ઉમેરાતાં એ રાત્રિ વિશેષ ચમકી ઊઠી!!

બીજે દિવસે જ્યારે પટેલના મકાનનો કબજો મળ્યો ત્યારે સ્વામીશ્રીએ તે તોડવા માટે સૌને મોકલેલા. સ્વામીશ્રી પોતે પણ આ સેવામાં માથે પાણા ઉપાડીને તેને દૂર લઈ જવાની સેવામાં મંડી પડેલા! તે જોઈ માંડણ ભગતે કહ્યું : 'સ્વામી! આ કામ આપ ન કરો. અમે બધા છીએ ને!'

'તમે છો પણ તમને લાભ થશે. મને શું? માટે કરવા દો.' એમ હસતાં હસતાં કહીને ઉમેર્યું : 'અહીં ઠાકોરજીના થાળ થશે. સંતો-હરિભક્તો જમશે. મોટા અવતારોને ન મળે તેવી આ સેવા છે.'

સત્સંગની નીચી ટેલની સેવાનો આ મહિમા સ્વામીશ્રીની રગેરગમાં વહેતો હતો.

આમ, ભાદરાનો સમૈયો શોભાડવા માટે તેઓએ યોગીજી મહારાજના વચને ઝોળિયાં પારેવાંની જેમ રીતસર પડતું જ મૂકેલું.

સમૈયાના સેવાવિભાગોની સાથે સાથે ગામમાં પણ જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ થાય તેની તજવીજ સ્વામીશ્રી કરી રહેલા. તેમાં એક મુખ્ય વિગત હતી – સ્ટેશનથી ગામ સુધી અને ગામથી ઊંડ નદી સુધીનો રસ્તો કરવો. આવનારા હરિભક્તોને દર્શનમાં અડચણ ન પડે તે હેતુથી આ કામ અંગે પણ સ્વામીશ્રી સક્રિય થયેલા. ટૂંકમાં, કોઈ પણ મુમુક્ષુ ભાદરા ગામમાં પ્રવેશે ત્યારથી માંડીને ગામની ભાગોળ છોડે ત્યાં સુધી તેની તમામ વ્યવસ્થા જળવાય તેવો બંદોબસ્ત સ્વામીશ્રીએ કરી રાખેલો.

આપની રુચિમાં જીવી જાવું

મંદિર મહોત્સવની વિવિધ સેવાઓ દરમ્યાન એક વાર ભાદરાના મંદિરમાં પધરાવાનાર મૂર્તિઓ અંગે વિમર્શ થઈ રહેલો. તેમાં સત્સંગના કેટલાક મોટેરા કહેવાતા હરિભક્તોનો મત હતો કે 'અક્ષર-પુરુષોત્તમની બે જ મૂર્તિઓ આરસની પધરાવવી.' પરંતુ યોગીજી મહારાજની ઇચ્છા હતી કે 'ધામ, ધામી અને મુક્ત – એમ ત્રણેય મૂર્તિઓ પધરાવવી.' પણ તેઓનો ગરીબ સ્વભાવ.

તેથી તેઓ આ અભિપ્રાય સ્પષ્ટપણે ઉચ્ચારી શકતા નહોતા. આ પ્રસંગે તેઓએ તો એટલું જ કહ્યું કે 'પ્રમુખસ્વામી કહે તેમ કરવું.'

તે વખતે યોગીજી મહારાજની મરજી જાણીને સ્વામીશ્રીએ પ્રસ્તાવ ધર્યો કે 'આપણે આરસની ત્રણ મૂર્તિઓ પધરાવીએ. નહીં તો અક્ષર-પુરુષોત્તમની પટપ્રતિમા પધરાવીએ.'

આ પ્રસ્તાવ સાંભળીને સૌએ આરસની ત્રણ મૂર્તિઓની વાત માન્ય રાખી. સ્વામીશ્રીએ જે રીતે કોયડો ઉકેલ્યો તે જોઈને યોગીજી મહારાજ અતિશય પ્રસન્ન થઈ ગયા. તે સમયે સ્વામીશ્રીના જીવનકાવ્યની ધ્રુવપંક્તિ – *'આપની રુચિમાં જીવી જાવું...'* વધુ એક વાર વાતાવરણમાં ગુંજી રહી.

સમય અને સમૈયાના આયોજનમાં અદ્વિતીય

સમૈયાની સખત ભીંસમાં સ્વામીશ્રીને મૂળીમાં પારાયણ કરવાનું આમંત્રણ આવેલું. તેઓએ આ સેવાને પણ ન્યાય આપ્યો અને તા. ૧૯/૩ થી તા. ૨૩/૩ સુધી તેઓએ 'સત્સંગિજીવન'ના બીજા પ્રકરણની કથાનો લાભ મૂળીમાં આપ્યો. પરંતુ તે પહેલાં તેઓએ ભાદરામાં નદીમાંથી પાઈપલાઈનને બહાર લાવી દેવાનું કપરું કામ પૂર્ણ કરી દીધેલું. મૂળીના પારાયણ બાદ સ્વામીશ્રી ફૂલગ્રામ, બલદાણા, લીંબડી, રાજકોટ, પડધરી, જાયવા, ધ્રોળ થઈને પુનઃ ભાદરા પધાર્યા.

આ સમયે યોગીજી મહારાજ પણ ભાદરા આવી પહોંચેલા. અહીં સ્વામીશ્રીની દોરવણી મુજબ થયેલા કાર્યથી યોગીજી મહારાજ રાજી થયા હતા. ગોંડલમાં શરૂ થયેલી નૂતન શાળાનો વાર્ષિકોત્સવ તા. ૨૭/૩, ૨૮/૩ના રોજ ગોઠવાયેલો. તેમાં પધારવાનું આમંત્રણ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સ્વામીશ્રીને આપેલું. તેથી તેમાં પણ તેઓ ઉપસ્થિત રહ્યા.

ગોંડલથી એક દિવસ માટે ભાદરા આવી જઈને સ્વામીશ્રી ઠેઠ કાનમ-ચરોતરમાં પણ વિચરણ કરી આવેલા. આમ તો તા. ૨૨/૩ના રોજ મૂળીથી જ સ્વામીશ્રીએ બોચાસણના કોઠારી સંતને જણાવી દીધેલું કે 'પૂનમે નહીં અવાય.'

પરંતુ સૂરજ વિના સવાર કેવી ? તેમ સ્વામીશ્રી વિના સમૈયો કેવો ? સૌએ સ્વામીશ્રીને પધારવા પુનઃ આગ્રહ કરતાં તેઓ સંતો-ભક્તોની લાગણીને આધીન થઈને, તા. ૨/૪ના રોજ ચૈત્રી પૂનમનો સમૈયો કરવા બોચાસણ પધારેલા.

બોચાસણથી અટલાદરા, અમદાવાદ, સારંગપુર, રાજકોટ થઈને તા. ૭/૪ના રોજ પુનઃ ભાદરા આવી પહોંચેલા.

સૌને લાગતું કે 'સ્વામીશ્રી ભાદરાની પ્રતિષ્ઠાની સેવામાં રોકાયા છે.' પણ પ્રતિષ્ઠાની તૈયારીની સાથે સાથે એક મહિનામાં બાર ગામો-શહેરોમાં તેઓ વિચરણ કરી આવ્યા. નિયત ઉત્સવ-સમૈયા, પારાયણો અને વાર્ષિકોત્સવ જેવા પ્રાસંગિક કાર્યક્રમોમાં પણ ગૌણતા આવવા દીધી નહીં.

એકને પાડવું અને બીજાને ઉપાડવું – એવી કાર્યશૈલી સ્વામીશ્રીની નહોતી. તેઓ એક સાથે જ બધું ઉપાડી શકતા. સમય અને સમૈયાનાં આયોજન કરવાની તેઓની સૂઝ ખરેખર અભ્યસનીય વિષય છે.

ચીંથરે વીંટ્યું રતન !

તા. ૭/૪ના રોજ સ્વામીશ્રી ભાદરા પધાર્યા તે પૂર્વે યોગીજી મહારાજ અહીં આવી ગયેલા. ઉત્સવને તો હજુ ત્રણ અઠવાડિયાંની વાર હતી, પણ ગુણાતીતનાં સ્થાનો સાથે યોગીજી મહારાજને કોણ જાણે પૂર્વની અપૂર્વ પ્રીતિ હોય તેવું જોવા મળતું. ગુણાતીતની કર્મભૂમિ જૂનાગઢ પણ એમના જીવ સાથે જડાયેલું, તો ગુણાતીતની દેહોત્સર્ગ ભૂમિ ગોંડલ તો એમનો જાણે પ્રાણ જ. એ જ રીતે, ગુણાતીતની જન્મભૂમિના આ ઉત્સવમાં પણ તેઓનો ઉત્સાહ અકલ્પ્ય હતો. તેથી જ તેઓ ત્રણ અઠવાડિયાં પહેલાં ભાદરા પધારી ગયેલા.

અહીં તા. ૬/૪ના મંગળ પ્રવચનમાં તેઓએ અચાનક અગમવાણી ઉચ્ચારતાં કહ્યું કે 'હવે આ અમારું છેલ્લું મંદિર છે. હવે પછીનાં મંદિરો પ્રમુખસ્વામી કરશે.'

આ સાંભળી સામે બેઠેલા કુસુમરાય દીવાને પૂછ્યું : 'બાપા ! આમ કેમ ? હજી તો આપે ઘણાં મંદિરો કરવાનાં છે.'

ત્યારે યોગીજી મહારાજ બોલ્યા : 'શિખરબદ્ધ મંદિર આ છેલ્લું છે. આપણે શિખરબદ્ધ મંદિરમાં સાધુઓ રાખવા જોઈએ. એટલા બધા સાધુઓ આપણી પાસે નથી. હજુ તો આપણે સાતસો સાધુ કરવા છે, જેથી દરેક શિખરબદ્ધ મંદિરમાં સો-સો સાધુ રાખી શકાય. જેમાં પચાસ મંદિરમાં અને પચાસ સાધુ ફરતા રહે. તે સાતસો સાધુ પ્રમુખસ્વામી કરશે.'

યોગીજી મહારાજની આ આર્ષવાણી સાંભળી સૌ અહોભાવમાં સરી પડ્યા ! આજે ધોમધખતા તાપમાં અને અધરાતે-મધરાતે માથે તગારાં-પાણા ઉપાડતા, ધોતિયાંના કછોટા મારી ખાડા ખોદતા-પૂરતા, રેતીના ઢગલા પર આરામ કરી લેતા સ્વામીશ્રી સૌને ચીંથરે વીંટ્યા રતન સમાન લાગ્યા !

તા. ૨૧/૪/'૬૯ થી પ્રતિષ્ઠા મહોત્સવનો શુભારંભ થઈ ગયો. આજથી ત્રણ દિવસ માટે ગામધુમાડો બંધ હતો, પણ યજ્ઞની ધૂમ્રસેરોથી ગગન છવાઈ ગયું. આજ રોજ યોજાયેલા યજ્ઞમાં પાંચ સ્થાનિક અને અઠ્ઠાવીસ અન્ય મળીને ૩૩ યજમાનોએ લાભ લીધેલો.


તા. ૨૨/૪ના દિવસે દીક્ષા સમારોહ યોજાઈ ગયો. એ જ દિવસે સાંજે છ વાગ્યે નગરયાત્રા પણ સારી નીકળી. તેમાં યોગીજી મહારાજ, સ્વામીશ્રી, મહંત સ્વામી વગેરે ગાડામાં બિરાજીને ગામમાં ફરેલા.

તા. ૨૩/૪નો દિન પ્રતિષ્ઠાનો હતો. યોગીજી મહારાજના વરદ હસ્તે અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને ગોપાળાનંદ સ્વામીની મૂર્તિઓ મંદિરમાં બિરાજી ગઈ. તે સાથે જ એકાવન તોપોએ ધણધણીને મહારાજ-સ્વામીને સલામી આપી. ચારે બાજુ જયજયકાર થઈ ગયો.

'કોઈ પણ વસ્તુ ખૂટી નથી'

પ્રતિષ્ઠા બાદ યોગીજી મહારાજ એ જ દિવસે ગોંડલ જવા નીકળી ગયેલા. તેઓને વિદાય આપ્યા બાદ સ્વામીશ્રીએ ઉત્સવની સંકેલણીનું કાર્ય આરંભ્યું. આ સેવા ત્રણેક દિવસ સુધી ચાલી.

આ ઉત્સવ સ્વામીશ્રીએ કેટલી ચોકસાઈથી ઊજવ્યો હશે તેનું પ્રમાણ તેઓની તા. ૨૬/૪ની નોંધમાંથી પ્રાપ્ત થાય છે. તેમાં તેઓ લખે છે –



'આજે તમામ વસ્તુ
પરત મોકલી
દીધી.
કોઈ પણ વસ્તુ
ખુટી નથી.'

ઉત્સવનું કેટલું શુદ્ધ-સ્વચ્છ ઑડિટ! કેટલું અદ્‌ભુત સંસાધન પ્રબંધન!! ઓછી સગવડો, ઓછા સ્વયંસેવકો, ઓછી સામગ્રીઓમાં પણ સ્વામીશ્રીએ ભાદરામાં પ્રતિષ્ઠા મહોત્સવનો ડંકો મારી દીધો. વધુ એક ઉત્સવની સફળતાએ તેઓની યશકલગીમાં સ્થાન મેળવી લીધું.[૨૧૨]

ઉત્સવ બાદ તેઓ ગોંડલ થઈને મહુવા પધારેલા. અત્રે ભગતજી મહારાજના જન્મસ્થાન પર હરિમંદિરના નિર્માણ અંગેની મીટિંગ માટે સ્વામીશ્રીએ એન્જિનિયર-આર્કિટેક્ટને બોલાવેલા. તેઓ સાથે વિમર્શ કરીને નિર્માણકાર્યની રૂપરેખા ઘડી દીધી.

તા. ૪/૫ના રોજ નડિયાદમાં આ વિશે તેઓએ યોગીજી મહારાજને વાત કરી ત્યારે યોગીજી મહારાજ ખૂબ રાજી થયેલા; કારણ કે ભગતજી મહારાજના જન્મસ્થાન પર જ મંદિર કરવાનો તેઓનો સંકલ્પ હતો, તે પૂરો કરવા માટે સ્વામીશ્રીએ પ્રયત્નો આદરેલા. તેથી સ્વાભાવિક જ યોગીજી મહારાજની પ્રસન્નતા તેઓ પર વરસી પડી.

સ્વામીશ્રીને પોતાનાં કોઈ સ્વતંત્ર આયોજન જ નહોતાં. યોગીજી મહારાજના સંકલ્પોની પરિપૂર્તિ કરવી એ જ તેઓનો કાર્યક્રમ રહેતો.

અખિલ ભારતીય યુવક અધિવેશન

નડિયાદથી બોચાસણ, રાસ થઈને સ્વામીશ્રી તા. ૬/૫ના રોજ અટલાદરા આવી પહોંચેલા. અહીં સત્સંગના ભવિષ્ય સમી યુવા પેઢીના સર્વાંગી વિકાસ માટે અખિલ ભારતીય યુવક અધિવેશનનું આયોજન કરવામાં આવેલું. તે માટે તા. ૭/૫ની સાંજ સુધીમાં ૩૫૦ સ્પર્ધાર્થી અને ૧૫૦ સ્વયંસેવક મળીને ૫૦૦ યુવકો અટલાદરા ખાતે એકત્રિત થઈ ગયેલા.

આ જ વખતે યોગીજી મહારાજ ચાણસદમાં નિર્માણ પામેલા બાઈઓના હરિમંદિરમાં પ્રતિષ્ઠા કરવા પધારેલા. તેથી તા. ૮/૫ની સવારે સાડા નવ વાગ્યે સ્વામીશ્રી અને મહંત સ્વામીના સાંનિધ્યમાં અધિવેશનનો પ્રારંભ થયો. બેન્ડ દ્વારા સલામી આપીને તેઓનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ પ્રાસંગિક

૨૧૨. ભાદરાના પ્રતિષ્ઠા મહોત્સવમાં સ્વામીશ્રીએ કરેલી સેવાઓની સ્મૃતિને માણવા જુઓ વીડિયો ટ્રેક નં. ૩૧. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

પ્રવચનમાં અધિવેશનનો હેતુ સમજાવતાં આશીર્વાદ સ્વામીશ્રીએ આપ્યા. તે સાથે જ સવારે વિવિધ સ્પર્ધાઓનો પ્રારંભ થઈ ગયો.

પ્રમુખસ્વામી સર્વગુણસંપન્ન !

તા. ૯/૫ના રોજ યોગીજી મહારાજ ચાણસદમાં પોતાના ઉતારે બિરાજમાન હતા. અહીં તેઓએ સર્વે હરિભક્તોને હરખથી હાકલ કરી કે 'સૌએ પ્રમુખસ્વામીના જન્મસ્થળનાં દર્શને જવાનું છે.'

સ્વામીશ્રીના પૂર્વાશ્રમના વડીલબંધુ ડાહ્યાભાઈએ પધરામણીની તૈયારીઓ કરી રાખેલી. યોગીજી મહારાજ બપોરે સાડા ચાર વાગ્યે જન્મસ્થળે પધાર્યા અને સીધા જ સ્વામીશ્રીના જન્મસ્થાનના ઓરડામાં દંડવત કરવા લાગ્યા. સૌ આશ્ચર્યવત્ આ જુએ ત્યાં તો યોગીજી મહારાજે તમામ સંત-હરિભક્તોને આજ્ઞા કરી કે 'બધા સાત સાત દંડવત કરજો.'


પછી સૌને સંબોધીને તેઓ બોલ્યાઃ 'આ તો પ્રમુખસ્વામીની જન્મભૂમિ ! અહોહો ! આપણા કેવાં ભાગ્ય કે શાસ્ત્રીજી મહારાજે કૃપા કરીને આપણને પ્રમુખસ્વામી સોંપ્યા !... પ્રમુખસ્વામી સાક્ષાત્ સાધુતાની મૂર્તિ ! સર્વગુણ-સંપન્ન ! બહુ નિર્માની. ભવિષ્યમાં આ સ્થાનમાં દર્શન કરવા હજારો માણસો આવશે.'

આમ, આ પ્રસંગે યોગીજી મહારાજે સ્વામીશ્રીનો અત્યંત મહિમા વર્ણવ્યો. જો કે આ ક્રમ જાણે રોજનો જ થઈ ગયેલો. સમુદ્રમાં જેમ તરંગો ઊઠતા જ રહે તેમ યોગીજી મહારાજના મુખેથી સ્વામીશ્રીનો મહિમા સરતો જ રહેતો.

સર્વ-કર્મ-સમભાવ

અટલાદરાના આંગણે તા. ૧૩/૫ના રોજ યોગીજી મહારાજનો ૭૮મો જન્મજયંતી મહોત્સવ આવી પહોંચ્યો હતો. આ માટે કલાભુવનના મેદાનમાં કલાત્મક મંડપ બાંધવામાં આવેલો. મંચ પર ચાંદીના સિંહાસનમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની ઘીની મૂર્તિઓ બનાવીને પધરાવવામાં આવી હતી. અખિલ સ્વામિનારાયણ સંપ્રદાયમાં આવું પ્રથમ વાર થયેલું. મંચ પર યોગીજી મહારાજની આજુબાજુમાં સ્વામીશ્રી અને મહાનુભાવોની બેઠકો ગોઠવવામાં આવેલી. દશથી બાર હજાર ભાવિકોની ઉપસ્થિતિમાં આ ઉત્સવ ભવ્યતાથી ઊજવાયો.

આ ઉત્સવ બાદ સ્વામીશ્રી તા. ૧૫/૫ની સવારે અટલાદરાથી બોચાસણ આવેલા. તેનું નિમિત્ત જણાવતાં તેઓ રોજનીશીમાં લખે છે :



'બપોરે
મોટરમાં બોચાસણ.
ઉકરડા,
જાજરા તેમ જ બીજા
બાંધકામ અંગે
વાતચીત કરી
રાતરે પાછો
અટલાદરા.'

સ્વામીશ્રીના કાર્યનો વિસ્તાર ઉકરડાથી ઉત્સવો સુધીનો હતો તે આ નોંધ પરથી જણાય છે. વિરાટ ઉત્સવોનાં આયોજનો કરનાર તેઓ ઉકરડા અને જાજરાંના કામમાં પણ રસ લે એ કેવું આશ્ચર્ય! આવાં કામ માટે પણ અટલાદરાથી બોચાસણ સુધીનો ફેરો કરનાર સ્વામીશ્રી માટે કોઈ કામ નાનું નહોતું. સર્વ-કર્મ-સમભાવ ધરાવતા સ્વામીશ્રી જેવા મોવડીઓની ગણતરી કરવા બેસીએ તો એક આંગળીના વેઢા પણ વધી પડે એમ છે!

સંપ-સંધિના સર્જક

બોચાસણથી અટલાદરા આવીને સ્વામીશ્રી તા. ૧૭/૫ના રોજ કારવણ પધારેલા. અહીં બે કુટુંબો વચ્ચે ઘરમાંથી વાડામાં જવાના રસ્તા તથા તિજોરીના દાગીના અંગે તકરાર ઊભી થયેલી. આ તકરાર તલવાર સુધી પહોંચે તેવી રીતે વાતાવરણ ઊકળી રહેલું. પણ સ્વામીશ્રીએ એ ઉકળતા ચરુને ઠારવો શરૂ કર્યો. આ તકરારીઓના ઘર બાજુ-બાજુમાં હતા. તેથી સ્વામીશ્રી એકના ઘેર જઈને

દસેક મિનિટ તેની વાત સાંભળે. તેનો અભિપ્રાય સંભળાવવા વળી ઊભા થઈને બાજુના ઘરમાં જાય. તેની વાત સાંભળી વળી ઊભા થઈને પહેલાં ઘેર જાય. આમ, કેટલાંય ધક્કા ખાઈને તેઓએ બંને કુટુંબો વચ્ચે સંપ-સંધિ કરાવ્યાં.

તે વખતે સ્વામીશ્રીની સલાહ-સુલેહથી શાંત થયેલા એ કુટુંબીઓ બોલી ઊઠેલા કે 'જો પ્રમુખસ્વામી અમારી મિલકતની વહેંચણીમાં મધ્યસ્થ ન બન્યા હોત તો અમારે ખૂન-ખરાબાનો વખત આવત !'

કૌટુંબિક શાંતિને પણ સ્વામીશ્રી વ્યક્તિના આધ્યાત્મિક ઉત્કર્ષનો જ એક ભાગ ગણતા. તેથી હરિભક્તોના કે કોઈનાય વ્યાવહારિક પ્રશ્નોને ઉકેલવા માટે તેઓ બનતો બધો જ પ્રયત્ન કરી છૂટતા. દુનિયાના ભાગ્યે જ કોઈ મહાપુરુષે સ્વામીશ્રીની જેમ અતિ વિશાળ સંખ્યામાં વ્યાવહારિક, વ્યાવસાયિક, કૌટુંબિક, વ્યક્તિગત સમસ્યાઓને રસ લઈને ઉકેલી હશે !

કારવણથી સ્વામીશ્રી લિંગસ્થળી પધાર્યા. અત્રે તા. ૧૮/૫ના રોજ હરિમંદિરનો પ્રતિષ્ઠા ઉત્સવ યોગીજી મહારાજના સાંનિધ્યમાં સંપન્ન થયો.

લિંગસ્થળીથી યોગીજી મહારાજને ધાવટ ગામમાં નિર્માણ પામનાર મંદિરની ખાતવિધિ માટે પધારવાનું હતું, પરંતુ તેઓને અચાનક ધર્મજ જવાનું થતાં ખાતવિધિ માટે સ્વામીશ્રીને આજ્ઞા કરી. તેથી સ્વામીશ્રી લિંગસ્થળીથી કુરાલી થઈને ધાવટ પધાર્યા. અહીં તા. ૨૧/૫ના રોજ વિધિસર ખાતમુહૂર્તવિધિ તેઓના વરદ હસ્તે સંપન્ન થયો.

ગાડાવાટે

ધાવટથી સ્વામીશ્રી ગાડામાં બેસીને ચોરંદા પધારેલા. અહીં મંદિરમાં ઉતારો કર્યો. પધરામણીના આ ક્રમમાં તેઓ એક હરિભક્તના કૂવે સારું પાણી થાય તેવા આશીર્વાદ આપવા પણ પધારેલા ! ત્યારબાદ તા. ૨૩/૫ના રોજ ગાડા દ્વારા જ સારીંગ આવ્યા.

સારીંગમાં પણ સવારે કથાવાર્તાનો લાભ આપી પધરામણીએ નીકળ્યા. ઘરોની સાથે દુકાનોમાં પણ લોકો પધરામણી કરાવતા. સૌનાં મનમાં એક આસ્થા ઘર કરી ગયેલી કે સ્વામીશ્રીનાં પગલાં પડે એટલે સૌ સારાં વાનાં જ થાય. પુણ્યપૂરિત ગંગા જ ઘેર બેઠાં આવી ગયાનો સંતોષ સ્વામીશ્રીની પધરામણીથી સૌ અનુભવતા. તેથી કૂવો, ખેતર, ઘર, દુકાન વગેરે ઠેકાણે તેઓને લઈ જતા. સ્વામીશ્રી પણ ઉમંગથી જતા.

સારીંગના પાદરમાંથી વહેતી નદીના જે આરે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે સ્નાન કરેલું તે પ્રાસાદિક જગ્યાએ સ્વામીશ્રીએ પણ સ્નાન કર્યું અને ગુરુજનોને યાદ કર્યા.

તા. ૨૫/૫ના રોજ સ્વામીશ્રી સારીંગથી માત્રોજ પણ ગાડામાં જ બેસીને નીકળેલા. આ જ ક્રમમાં ગાડા દ્વારા માત્રોજથી ભરથાણા, ઠીકરિયા અને સીમલિયાને પાવન કર્યાં.

તા. ૨૮/૫ના દિવસે પાલેજથી ટ્રેનમાં બેસીને રાત્રે સાડા દસ વાગ્યે વિશ્વામિત્રી સ્ટેશને ઊતરી અટલાદરા પધાર્યા. અત્રે બે દિવસ રોકાઈને સોખડા, શ્રીજીપુરા, અમદાવાદ, સારંગપુર, ગઢડા થઈને તા. ૩/૬ના રોજ પોરબંદર પહોંચેલા.

સોરઠમાં બ્રહ્મધાર

તા. ૫/૬ની રાત્રે સુદામા નગરીમાં યોગીજી મહારાજની હાજરીમાં ભવ્ય જાહેર સભા રાખવામાં આવેલી. તેમાં વરિષ્ઠ હરિભક્તોનાં પ્રવચનો બાદ મહંત સ્વામી તથા સ્વામીશ્રીએ વક્તવ્યોનો લાભ આપેલો. બીજે દિવસે તેઓ ગામમાં આવેલા સ્વામિનારાયણ મંદિર તથા સુદામા મંદિર, કીર્તિમંદિર, ભારતમંદિર વગેરે સ્થળે દર્શને પધારેલા.

તા. ૮/૬ના દિવસે સ્વામીશ્રી પોરબંદરથી ગોરાણા થઈને ધોરાજી પધાર્યા. અહીં ભક્ત-સમુદાય સીમિત હોવા છતાં સૌએ ભક્તિભાવથી પારાયણનું સુંદર આયોજન કરેલું. સ્વામીશ્રીએ પણ 'હરિલીલાકલ્પતરુ'ના પારાયણનો પ્રારંભ કર્યો. રોજ સવારે પાંચ વાગ્યે પ્રભાતફેરી નીકળતી. રાત્રે પણ જાહેરસભા યોજાતી. તેમાં સ્વામીશ્રી, મહંત સ્વામી વગેરે લાભ આપી ગુણભાવી સમાજને પણ આકર્ષતા. ધોરાજીના રોકાણ દરમ્યાન લાલવડ, સ્વામિનારાયણ મંદિર, રામાનંદ સ્વામી સદાવ્રત આપતા તે સ્થળ વગેરે પ્રાસાદિક સ્થાનોમાં દર્શનનો કાર્યક્રમ સ્વામીશ્રીએ ગોઠવેલો.

તા. ૧૩/૬ના દિવસે ધોરાજીથી અમરેલી થઈને તેઓ ધારી પધારેલા. અહીં યોગીજી મહારાજના જન્મસ્થાનમાં દર્શન કરતાં તેઓ ભાવવિભોર બની ગયા. આ સ્થાનમાં મંદિર કરવાનો સંકલ્પ સ્વામીશ્રીનો હતો. તે અંગેની કાર્યવાહીની શરૂઆત તો તેઓ છેલ્લે અહીં પધાર્યા ત્યારે કરી જ દીધેલી. આ વખતે પણ આસપાસનાં મકાનો લેવા અંગે વાતચીત કરી અને કાર્યને ગતિ

આપી. ત્યારબાદ યોગીજી મહારાજનાં પ્રાસાદિક સ્થાનો- ગામનું મંદિર, શાળા તથા પાતળિયો ધરો વગેરે જગ્યાએ દર્શન કર્યાં અને રાજુલા, ભટવદર થઈને મહુવા આવ્યા.

અહીં પણ મંદિરના શ્રીગણેશ કરતાં સ્વામીશ્રીએ તા. ૧૭/૬ના રોજ ભગતજી મહારાજના જન્મસ્થાન પર થનાર મંદિરનો ખાતમુહૂર્તવિધિ કર્યો. ભગતજી મહારાજના પ્રાસાદિક જૂના મંદિરે તથા ભગતજી મહારાજના સ્મૃતિ-સ્થાને પણ ભાવપૂર્વક દર્શન કર્યાં. ત્યારબાદ ભાદરા, પ્રભાસ પાટણ થઈને જૂનાગઢ આવી પહોંચ્યા.

તા. ૧૮/૬ના રોજ સ્વામીશ્રીએ જૂનાગઢથી નીકળીને બિલખામાં આવેલા આનંદાશ્રમમાં પધરામણી કરી અને જૂનાગઢમાં પણ યોગીજી મહારાજની સાથે જ જૂના સ્વામિનારાયણ મંદિર, નારાયણ ધરો, દામોદરકુંડ વગેરે પ્રાસાદિક સ્થાનોમાં દર્શન કર્યાં. સાંજે વેરાવળ જવા પ્રસ્થાન કર્યું.

તા. ૨૦/૬થી વેરાવળની 'લોહાણા મહાજન વાડી'માં સ્વામીશ્રીએ 'સત્સંગિજીવન'ના બીજા પ્રકરણના પારાયણનો પ્રારંભ કર્યો. રાત્રે જાહેર સભામાં પણ તેઓ લાભ આપતા. આ પારાયણથી સત્સંગ મંડળમાં ખૂબ જાગૃતિ આવી અને વેરાવળની પ્રજાને પણ સારો ગુણ આવ્યો.

તા. ૨૨/૬ના દિવસે પારાયણની પૂર્ણાહુતિ કરીને સોમનાથ મંદિર, ગીતામંદિર, ભાલકા તીર્થ વગેરે પૌરાણિક સ્થાનોમાં યોગીજી મહારાજની સાથે જ સ્વામીશ્રી પધારેલા. સોમનાથમાં સમુદ્રસ્નાનનો લાભ પણ લીધેલો. ત્યારબાદ કાલવાણી, વંથળી, કેશોદ, જૂનાગઢ, જેતપુર, ગોંડલ થઈને તા. ૨૫/૬ના રોજ ભાદરા પધારી ગયા.

કરુણાના કરનારા

સ્વામીશ્રીની તનતોડ સેવાના સાક્ષી સમું ભાદરા સ્વામીશ્રી પધારતાં પુલકિત થઈ ગયું. સ્વામીશ્રીની સાથે સેવા કરનારા સૌ પટેલિયા 'પ્રમુખસ્વામી આવ્યા... પ્રમુખસ્વામી આવ્યા...' કરતાં દર્શને દોડી આવ્યા. અધરાતે સ્વામીશ્રીએ જમાડેલા સુખડી-ગાંઠિયાના સ્વાદ હજી તેઓની દાઢે વળગેલા હતા. સ્વામીશ્રી પણ સૌને શાંતિથી મળ્યા અને મંદિરનો નિયમિત લાભ લેવા ભલામણ કરી.

આ વખતે આ ગામ પાણીની તંગીથી પીડાતું હતું. તેને કારણે રોજબરોજના જીવનમાં ગામવાસીઓને ઘણી મુશ્કેલી ભોગવવી પડતી. આ

વિગત સ્વામીશ્રીના ધ્યાનમાં આવતાં તેઓએ મંદિરના કારભારીઓને મંદિરના કૂવા, બોર વગેરેમાંથી ગામના લોકોને પાણી આપવાની વાત કરી ગામવાસીઓની આંતરડી ઠારી હતી.

તેઓને મન કશું જ પોતાનું આગવું નહોતું. તેઓ પોતાની સાથે સૌનાં ભાણાં માંડતાં. સ્વામીશ્રીની ભલામણને કારણે મંદિરમાંથી વહેતી થયેલી પાણીની એ સરવાણી પીનારા સૌ બોલી રહ્યા : *'હે કરુણાના કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી...'*

ભાદરાથી ગોંડલ થઈને સ્વામીશ્રી સોનગઢ પાસે આવેલા જીંથરીની ટી.બી. હૉસ્પિટલમાં દુલા કાગનું સ્વાસ્થ્ય જોવા માટે પધારેલા. અહીં યોગીજી મહારાજ, સ્વામીશ્રી, મહંત સ્વામી વગેરેએ તેઓની તબિયત માટે પ્રાર્થના કરી. યોગીજી મહારાજની આજ્ઞાથી સ્વામીશ્રી તથા મહંત સ્વામીએ પ્રાસંગિક વાતો પણ કરી. આ સંતવાણીથી 'કાગ' બાપુને ઘણી સુવાણ થઈ. લગભગ બે કલાક જેટલો સમય અહીં ગાળીને સૌ ભાવનગર આવ્યા.

અહીં થનારા હરિમંદિરની જગ્યા પર જ સભાનું આયોજન થયેલું. તેમાં રાત્રે ત્રણ કલાક સુધી કથા-કીર્તનની રમઝટ બોલી.

ભાવનગરથી પુનઃ જીંથરી, ગઢડા, સારંગપુર થઈને સ્વામીશ્રી તા. ૫/૭ના રોજ અમદાવાદ આવી ગયા.

પેઢીગત અવકાશને અવકાશ નહીં

તા. ૬/૭નો દિવસ રવિવારનો હતો. આ દિવસે સ્વામીશ્રીએ સત્સંગની ત્રણેય પેઢીને સંબોધી. સવારે બાળસભામાં હાજરી આપી. આશરે પચીસેક બાળકોની એ સભામાં સ્વામીશ્રીએ બ્રહ્માનંદ પીરસ્યો. ત્યારબાદ યુવક સભામાં પધાર્યા. અહીં પચાસેક થનગનતા યુવાનોને રસલહાણ કરાવી. સાંજે વડીલોની સભામાં ઉપસ્થિત સમુદાયને સત્સંગની દૃઢતા સીંચી.

પ્રત્યેક પેઢી સાથે એકરસ થઈ જવાની વિશેષતા એ સ્વામીશ્રીની આગવી ઓળખ હતી. તેઓના સાંનિધ્યમાં પેઢીગત અવકાશ(generation gap)ને કોઈ અવકાશ નહોતો. બાળક તેઓના ગંભીર વ્યક્તિત્વ નીચે દટાઈ ન જાય તો વડીલ તેઓની બાળસહજ હળવાશમાં નીરસતા ન અનુભવે. યુવાનોને તેઓની સાધુપ્રતિભા જુનવાણી ન લાગે તો પીઢ લોકોને તેઓ આધુનિક ન લાગે. ત્રણેય પેઢી સાથે સીધો સંવાદ સાધી શકનાર સ્વામીશ્રીની પ્રતિભા અલૌકિક હતી !

ભગવાન એને વશ છે

અમદાવાદના રોકાણ દરમ્યાન તા. ૧૩/૭ની કથામાં સ્વામીશ્રી સારંગપુરમાં શ્રીજીમહારાજે ધોધમાર વરસાદ વરસાવ્યો તે પ્રસંગ કથામાં સંભળાવી રહેલા. તેમાં શ્રીજીમહારાજે ગામમાં ઝોળી માંગી, પરમહંસોને ચોરામાં જમાડ્યા, ઢોર દબાતાં હતાં તે બચાવ્યાં વગેરે વર્ણન આવ્યું.

આ સાંભળી શ્રોતાઓએ સ્વામીશ્રીને કહ્યું : 'આ વર્ષે પણ વરસાદની ખેંચ છે. માટે આપ મહારાજને કહો કે વરસાદ વરસાવે.'

હરિભક્તોની આ વિનંતી સાંભળીને સ્વામીશ્રીએ સંકટ સમયના સબળ સહારા સમાન ધૂનનો આશરો લેતાં કહ્યું : 'આપણે મહારાજને પ્રાર્થના કરીએ. તેઓની ઇચ્છા મુજબ થશે.' એમ કહેતાં વરસાદ વરસે તે માટે ધૂન કરી.

સ્વામીશ્રીની એ પ્રાર્થનાના પ્રતાપે તે જ રાત્રે ગાજવીજ સાથે સર્વત્ર સારો વરસાદ થયો હતો.

સૌને સ્વામીશ્રીનું આ સામર્થ્ય જોઈને ગુણાતીતાનંદ સ્વામીના શબ્દો યાદ આવી ગયા : 'ભગવાન એને વશ છે, ભગવાન એ કહે એમ કરે છે, ભગવાન એ કહે એમ ફરે છે, ભગવાનને એણે જીત્યા છે... એનું કર્યું થાય છે ને મનુષ્ય જેવા દેખાય છે પણ મનુષ્ય જેવા નથી.'[૨૧૩]

શરણાગત તણા લાડ પાળો સદા

તા. ૧૫/૭ના રોજ અમદાવાદના કે. કે. દવેએ પોતાની શાળામાં સ્વામીશ્રીનો લાભ મળે તે હેતુથી વિદ્યાર્થીઓની સભાનું આયોજન કરેલું. તે મુજબ સ્વામીશ્રીએ શાળામાં પ્રેમથી પધરામણી કરી હતી. અહીં શિક્ષકોને અલગથી એકત્રિત કરવામાં આવેલા. પ્રથમ તેઓને આશીર્વાદ આપ્યા. ત્યારબાદ વિદ્યાર્થીઓને લાભ આપવા તેઓની સભામાં પધારેલા.

યુવાનીને સમજવાની-સમજાવવાની કંઈક આગવી કળા સ્વામીશ્રી પાસે હતી. તેઓ ઉપદેશકની જેમ નહીં પણ મિત્રની જેમ યુવાનોને સંબોધતા. તેથી યુવાનોને ઉપદેશ મળતો પણ તેનો ભાર લાગતો નહીં અને યુવાનોને પણ ખબર ન પડે તે રીતે તેઓની ગાડી સાચા-સારા પાટે ચડી જતી.

આ અનુભવ આજે સામે બેઠેલા વિદ્યાર્થીઓ કરી રહ્યા. સ્વામીશ્રીની

---

૨૧૩. સ્વામીની વાતો : ૪/૧૪૩.

વાણી સાંભળીને સૌ કિશોરો-યુવાનો રાજી થયા હતા.

તા. ૧૬/૭ના રોજ સ્વામીશ્રી અમદાવાદથી મહીજડા, નવાગામ, વાસદ થઈને અટલાદરા પધારેલા. પણ આ પ્રવાસમાં એક રાઈસ મિલ(rice mill) અને બે કૂવા પર તેઓએ પધરામણીઓ કરેલી. સ્વામીશ્રી સૌ ભક્તો સાથે એટલા ઓતપ્રોત થઈ ગયેલા કે આવી બાબતોમાં પણ તેઓને પધરામણીએ આવવાનું આમંત્રણ ભક્તો પાઠવી શકતા!

શ્રીજીમહારાજ કહે છે કે 'ભગવાન સ્થૂળભાવને ધારણ કરીને દેહધારી જેવા થાય છે અને પોતાના ભક્તને લાડ લડાવે છે, તેણે કરીને એ ભક્તને ભગવાનની ઝાઝી મર્યાદા રહેતી નથી. પછી જેવી એ ભક્તને ઇચ્છા હોય તેવી રીતે લાડ લડાવે છે.'[૨૧૪] સ્વામીશ્રીએ પણ આ કરી બતાવ્યું હતું.

સૌના પ્યારા-દુલારા

સમર્થ છતાં સરળ થઈને રહેવાના સ્વભાવથી સ્વામીશ્રી જે જે મંદિરમાં જાય તે તે મંદિરમાં સર્વે સંતોને તેઓને રાજી કરવાના કોડ જાગતા. તેથી જે સમયે જે ઉપલબ્ધ હોય તેનાથી સ્વામીશ્રીની સેવામાં સૌ તત્પર રહેતા.

યોગીજી મહારાજ પણ સ્વામીશ્રી જે મંદિરમાં જવાના હોય તે મંદિરના સંતોને ભલામણ કરતા કે 'પ્રમુખસ્વામીની સેવા કરજો... રોજ નવી નવી વાનગીઓ કરીને જમાડજો... તેમની વાતો સાંભળજો...' પછી સંતો ઝાલ્યા રહે?

આ ઉત્સાહથી જ તા. ૨૦/૭ના રોજ અટલાદરા મંદિરના ખેતરમાં મકાઈ ઉત્સવનું આયોજન ગોઠવાયેલું. સ્વામીશ્રી પણ તેમાં સામેલ થયેલા.

આમ તો તેઓ પોતાનાં કાર્યોમાં અતિ વ્યસ્ત-મસ્ત રહેતા. છતાં સંતો-ભક્તો સાથેના મિલનની માત્રામાં તેઓએ લેશ ઘટાડો થવા દીધો નહોતો. તેઓની ગંભીરતા ઘુવડના ગોત્રની નહોતી.

ભક્તિપ્રધાન

અટલાદરાથી સ્વામીશ્રી સુરત પધારેલા. અહીં તેઓએ સવારથી પધરામણીઓ આરંભી, વરસતા વરસાદમાં, પણ તેઓનાં કર્મ હંમેશા ભક્તિમય રહેતાં. ગમે તેવા ભરચક કાર્યક્રમમાં પણ તેઓની ભક્તિ મોળી પડતી નહીં. તેથી પધરામણીઓની વચ્ચે જૂના મંદિરે તથા શ્રીજીમહારાજની પ્રાસાદિક પાઘનાં

---

૨૧૪. વચનામૃત કારિયાણી પ્રકરણ ૫.

દર્શને પણ જઈ આવ્યા. આજનો દિવસ રવિવારનો હોવાથી સ્વામીશ્રીએ રવિ-સભા પણ કરી. સો ઉપર થોડા હરિભક્તો-યુવકો એ સભામાં ઉપસ્થિત રહેલા.

સુરતમાં બે-એક દિવસ રોકાણ બાદ અટલાદરા થઈને તેઓ બોચાસણ પહોંચેલા. અહીં તા. ૨૫/૭ના રોજ દેવપોઢી એકાદશીએ સ્વામીશ્રીએ એક માસનાં ધારણાં-પારણાંનો નિયમ લીધો. પણ તેઓના જીવનમાં તપ ભક્તિભીનું રહેતું, લૂખું-શુષ્ક નહીં. તેથી સાથે સાથે માળા, પ્રદક્ષિણા, ભક્તચિંતામણિ, ભગતજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજનાં જીવનચરિત્રોના પાઠનો નિયમ પણ લીધો.

બોચાસણમાં તા. ૨૮/૭ના રોજ ગુરુપૂર્ણિમાનો સમૈયો અતિ ધામધૂમથી ઊજવાયો. સ્વામીશ્રી લખે છે : *'આજે સમૈયો... હજારો હરિભક્તો ગુરુપૂનમ માટે આવ્યા હતા. અદ્ભુત સમૈયો હતો. જમણમાં શીરો ૨૫ મણનો તથા શાક ૨૫ મણ હતું. બટાકા-દૂધીનું.'*

આમ, યોગીજી મહારાજ અને સ્વામીશ્રીના દાખડાથી સત્સંગનો વ્યાપ ધીરે ધીરે વધી રહેલો. સંકલ્પમાત્રથી લાખોને સત્સંગ કરાવી શકે તેવા પ્રતાપી હોવા છતાં, આ મહાપુરુષો પુરુષાર્થનો મહિમા પ્રસ્થાપિત કરવા માંગતા હતા. તેથી ગામડે-ગામડે ફરીને સૌને સત્સંગ કરાવવાનો માર્ગ તેઓએ લીધેલો. તેનાં ફળ આવા સમૈયામાં વિશેષ જોવાં-ચાખવાં મળતાં. આજે બપોરે એક વાગ્યા સુધી ગુરુપૂજન ચાલેલું.

સ્નેહનું સોનલ સંભારણું

બોચાસણથી સ્વામીશ્રી પોરડા, બાંધણી, મહેળાવ, વિદ્યાનગર, કરમસદ, અટલાદરા થઈને અમદાવાદ પધારેલા.

અહીંથી રાજકોટ સુધીની મુસાફરી ટ્રેન દ્વારા નિશ્ચિત હતી. તે માટે ટિકિટોનું રિઝર્વેશન કરાવતાં બે જ ટિકિટ થર્ડ ક્લાસની મળેલી. તેથી સ્વામીશ્રી અને અન્ય એક સેવકની વ્યવસ્થા તો થઈ ગઈ, પણ પ્રગટ ભગત માટે રિઝર્વેશન મળ્યું નહોતું. તેથી ટિકિટ તો હતી પણ આરક્ષણ વિના બેસવું ક્યાં ? એટલે તેઓએ મંદિરેથી નીકળતાં પહેલાં સ્વામીશ્રીને જણાવ્યું કે 'હું બીજી કોઈ પણ વ્યવસ્થા કરીને ગોંડલ પહોંચી જઈશ.'

પરંતુ સ્વયંને સગવડ અને સાથીને અગવડ – આવું સ્વામીશ્રીને કેવી રીતે પોસાય ? કોઈને અધવચ્ચે છોડી-તરછોડીને નીકળી જવાનું એમના સ્વભાવમાં જ નહીં. તેથી તેઓએ કહ્યું : 'તું મારી સાથે બેસી જજે. ટિકિટ ચેકર

આવશે ત્યારે વ્યવસ્થા માટે કંઈ જોયું જશે !'

સ્વામીશ્રીની પોતા પ્રત્યેની આ લાગણીએ સેવકને ઓગાળી નાંખ્યા ! તેઓની આંખો સજળ થઈ ગઈ. સંબંધો જૂના થતાં તેમાં આપમેળે ઘૂસી જતી બીજા પ્રત્યેની બેદરકારી સ્વામીશ્રીમાં કદી જોવા મળતી નહીં. પરિચયના પચીસમા વરસે પણ તેઓ વ્યક્તિનું એટલું જ ધ્યાન રાખતા જેટલું પ્રથમ પરિચયમાં રાખ્યું હોય !

મુસાફરી શરૂ થઈ. થાન પાસે ટ્રેન પહોંચી ત્યારે ટિકિટ ચેકર આવ્યા. સ્વામીશ્રીએ જ વિગતવાર વાત કરીને કહ્યું : 'અમે રાજકોટ સ્ટેશને પહોંચીને રિઝર્વેશનની રકમ ભરી દઈશું.' આ બાબતે તે અધિકારીને કોઈ વાંધો નહોતો.

પ્રવાસ આગળ ચાલ્યો. સમય થતાં રાજકોટ આવ્યું, પણ રકમની વ્યવસ્થા અંગે ખરો પ્રશ્ન હવે ઉપસ્થિત થયો. તે વખતે સ્વામીશ્રી ટ્રેનમાંથી ઊતર્યા અને સેવકની ટિકિટના બે રૂપિયાની વ્યવસ્થા કરવા માટે ડબ્બે-ડબ્બે ઘૂમવા લાગ્યા. કોઈ સત્સંગી કે પરિચિત મળી જાય એ તેઓની શોધખોળનો વિષય હતો. આ સમયે સંસ્થાના પ્રમુખના એક જુદા જ સ્વરૂપનાં દર્શન સેવકોને થયાં ! તેઓ માટે તો સ્વામીશ્રીના સ્નેહનું આ સંભારણું સોનાનું બની ગયું. પોતાનાં પદ-પ્રતિષ્ઠાથી સ્વામીશ્રી કેટલાં અજાણ હશે કે સેવકની સંભાળ માટે તેઓ ડબ્બે-ડબ્બે ડોકિયાં કરતાં રહ્યા !

છેવટે ગોંડલના રહેવાસી એવા બચુભાઈ નામના એક અજાણ્યા મુરબ્બીનો ગોંડલના નાતે સ્વામીશ્રીએ સંપર્ક કર્યો. તેઓને મુસીબત જણાવી અને તેઓ પાસેથી બે રૂપિયા ટિકિટ ચેકરને અપાવ્યા. સ્વામીશ્રીએ રકમની સાથે એ વ્યક્તિનું સરનામું લઈ લીધું. ગોંડલ પહોંચતાં જ એ સરનામે બે રૂપિયા પહોંચાડી દીધા, સાથે પ્રસાદ પણ !

વ્યવહારમાં ચોખ્ખાઈ તો એમને જન્મજાત જ હતી ને !

માનવમનના માલમી

ગોંડલમાં સ્વામીશ્રીએ તા. ૧૪/૮થી 'હરિલીલાકલ્પતરુ'ના પાંચ દિવસના પારાયણનો પ્રારંભ કર્યો. આ પારાયણ દરમ્યાન તા. ૧૫/૮ના રોજ શાળામાં યોજાયેલા ધ્વજવંદનના કાર્યક્રમમાં પણ તેઓ સહભાગી થયેલા.

આ અરસામાં યોગીજી મહારાજનું સ્વાસ્થ્ય નાદુરસ્ત બનેલું. તેઓને તબીબોએ આરામની સલાહ આપી હતી. તેથી સ્વામીશ્રી રાજકોટથી તા. ૧૯/૮ના

રોજ હવાઈ માર્ગે મુંબઈ પધાર્યા હતા. તા. ૨/૯ સુધી તેઓ મુંબઈમાં જ રોકાયા. યોગીજી મહારાજના સ્વાસ્થ્યે સ્થિરતા પકડી પછી જ તેઓ વિચરણમાં નીકળ્યા અને તા. ૩/૯ના રોજ અટલાદરામાં જન્માષ્ટમીનો ઉત્સવ ઊજવીને બોચાસણ, અમદાવાદ, મહુવા, ભાદરા, રાજુલા, બાઢડા, ગઢડા વગેરે સ્થાનોમાં વિચરતાં સારંગપુર આવી પહોંચ્યા.

અહીં તા. ૨૫/૯ના રોજ સંતવલ્લભ સ્વામી તથા અન્ય સ્થાનિક સંતોએ સ્વામીશ્રી સમક્ષ મંદિરને રંગ કરાવવાનો વિચાર રજૂ કરેલો. સંતોને મંદિરનું રંગકામ કરાવવાની ઈચ્છા હતી, પરંતુ તે માટે જરૂરી આર્થિક વ્યવસ્થાને મંદિરની તિજોરી પહોંચી વળે તેમ નહોતી. તેથી સ્વામીશ્રી તરફથી સહકાર મળે તે હેતુસર જ તેઓ સમક્ષ રજૂઆત કરવામાં આવેલી.

સંતોના આ મનોભાવોને સ્વામીશ્રી પામી ગયા. તેઓએ આ બાબતે સંમતિ આપી દીધી. પરંતુ આ સંમતિનો અર્થ થતો હતો – પુરુષાર્થ. રંગકામ માટે જરૂરી નાણાંભંડોળ એકત્રિત કરવાનો એ પુરુષાર્થ પણ સ્વામીશ્રીને જ કરવાનો હતો. સંતોને રાજી કરવા માટે સ્વામીશ્રીએ તે પરિશ્રમ પણ ઉઠાવ્યો.

હજી તો સંતો સ્વામીશ્રીને વાત જણાવીને સૂતા અને બીજે દિવસે જાગ્યા ત્યાં સુધીમાં તો સ્વામીશ્રીએ તેઓના સંકલ્પને સાકાર થવા માટેના સાનુકૂળ સંજોગો સર્જી દીધેલા! સંતોએ જણાવેલા કામની શરૂઆત થઈ જાય તેટલી આર્થિક સગવડ સ્વામીશ્રીએ નારણભાઈ પટેલ, શામજીભાઈ વગેરે હરિભક્તોને પ્રેરણા આપીને બીજા જ દિવસે કરી દીધી!

સ્વામીશ્રીની આ સ્નેહવર્ષાથી સંતોનાં મનમયૂર નાચી ઊઠ્યાં.

સ્વામીશ્રી સંતો-ભક્તોના મનને કદી ખિન્ન-ભિન્ન થવા દેતા નહીં. ભલે તે માટે પોતાને જ કષ્ટ કેમ ન ઉઠાવવું પડે! આ રીતે લાખોના મનને જાળવનાર સ્વામીશ્રીએ ઉઠાવેલાં કષ્ટોની કથા કદી પૂરી થાય એમ નથી.

ધીરા રહીને, ધીરે રહીને

તા. ૩૦/૯થી સ્વામીશ્રી સારંગપુર મંદિરના રંગકામ માટે જરૂરી સેવા ઉઘરાવવા માટે ઝાલાવાડનાં ગામડાં ખૂંદવા નીકળી પડેલા. આ હેતુસર તેઓ લીંબડી, પાંદરી, સેજકપુર, નવાગામ, મોજીદડ, કંથારિયા, ચચાણા, અચારડા, ખારવા, વઢવાણ, જોરાવરનગર, સુરેન્દ્રનગર વગેરે ગામોમાં વિચર્યા.

ઝાલાવાડી હરિભક્તોએ પણ સ્વામીશ્રીના વચને ઠાકોરજીની સેવામાં પાછું

વાળીને જોયું નહીં.

આ વિચરણમાં લીંબડીના મુકામ દરમ્યાન એક વાર સ્વામીશ્રી, સંતવલ્લભ સ્વામી વગેરે સંતો સભામાં બેઠા હતા. હરિપ્રકાશદાસ સ્વામી અંદર રસોડામાં હરિભક્તોની ઇચ્છા મુજબ માલપૂડા બનાવવાની તજવીજમાં પડેલા, પરંતુ ખીરું બરાબર ન થવાને કારણે તેઓ ફાવતા નહોતા.

ત્યાં જ અચાનક સ્વામીશ્રી સભામાંથી ઊભા થઈને રસોડામાં પ્રવેશ્યા અને તે સંતની મથામણ પળમાં પારખી જતાં કહ્યું : 'લાવો, શીખવાડું.' એમ કહી સ્વામીશ્રી ત્યાં જ નીચે બેસી ગયા.

પહેલાં તો ખીરું માપસર કર્યું. પછી માલપૂડા તળવા માટે ઘી અને તાપ પણ માફકસર કર્યા. બાદ ધીરે ધીરે માલપૂડા પાડતા ગયા અને પેલા સંતને શીખવતા ગયા. અડધો-એક કલાક જેટલો સમય ગાળીને તેઓએ માલપૂડા પાડી બતાવ્યા. પેલા સંતને પ્રક્રિયા ફાવી ગઈ એટલે તેઓને કાર્ય સોંપીને સ્વામીશ્રી ઊભા થયા અને સભામાં પધારીને કથારસ રેલાવવા લાગ્યા. ત્યારે શ્રોતાવર્ગમાંથી કોઈને ખ્યાલ પણ નહીં આવ્યો હોય કે તેઓ રસોડામાં માલપૂડા બનાવીને આવ્યા છે !

આમ, કંદોઈથી કથાકાર સુધીના કસબમાં કુશળ હતા સ્વામીશ્રી !!

તેઓના આ પ્રસંગમાં વ્યાવહારિક કુનેહ પણ ભારોભાર જણાય છે. 'Most people who want to lead are naturally fast. But if you want to become a better leader, you actually need to slow down. You can move faster alone. You can garner more individual honours alone. But to lead others, you need to slow down.'[૨૧૫] સામાન્ય રીતે જે નેતા હોય છે તે કાર્ય કરવામાં સ્વાભાવિક રીતે જ ઝડપી હોય છે, પણ જો તમારે સારા નેતા બનવું હોય તો હકીકતે તમારે ધીરા પડવાની જરૂરિયાત છે. તમે એકલા તેજ ગતિથી આગળ વધી શકો છો. તમે એકલા વ્યક્તિગત માન-અકરામ મેળવી શકો છો. પણ બીજાને દોરવા માટે તમારે ધીરા થવું પડે.


મૅનેજમેન્ટના આ સિદ્ધાંતનું મૂર્તિમાન સ્વરૂપ હતા સ્વામીશ્રી ! ક્યાં પારાયણો ગજવનારા, વિશાળ મંચ શોભાવનારા, વિરાટ ઉત્સવો ઊજવનારા, ગજરાજ પર બિરાજમાન થનારા સ્વામીશ્રી અને ક્યાં માલપૂડા બનાવતાં

૨૧૫. *The 360° Leader,* John Maxwell, Nelson Business, 2002.

શીખવવાનું કામ ! પણ પોતાના શિષ્યોને પ્રવીણ કરવા માટે તેઓ પોતાની તેજ ગતિને મંદ કરીને કેટલી હદ સુધી ધીરા થઈ શકતા તે આ પ્રસંગમાં જણાય છે. આજે સંસ્થામાં હજારો સંતો-કાર્યકરો વિવિધ સેવાક્ષેત્રમાં નિપુણ બન્યા છે, તેના પાયામાં સ્વામીશ્રીની આવી અનોખી કાર્યપદ્ધતિ રહેલી છે. તેઓએ સ્વયં ધીરા રહીને, ધીરે રહીને સૌને સઘળું શીખવ્યું છે.

જનની જેવા

ઝાલાવાડને સત્સંગ-ગંગામાં તરબોળ કરીને સ્વામીશ્રી તા. ૨૦/૧૦ના રોજ ગોંડલ પધારેલા. અહીં ત્રણ દિવસ પછી આવી રહેલા શરદપૂર્ણિમાના સમૈયા માટે તેઓએ આયોજન તપાસી લીધું. જ્યારે તેઓ આયોજન હાથમાં લે ત્યારે કેટલું ઝીણવટપૂર્વક કામ કરતા તેની ઝાંખી કરાવતી નોંધ તેઓની રોજનીશીના તા. ૨૨/૧૦ના પાના પર મળે છે. તેમાં તેઓ લખે છે :



'તમામ ઉતારામાં
જઈ નળ, ઈલેક્ટ્રીક તેમ જ
સાફસુફીની તપાસ...
જાજરૂ-બાથરૂમની
સાફસુફી વિગેરે છે કે
નહીં તે તપાસ. તે
અંગે સૂચના.'


મહોત્સવના કલામંડિત મંચ પર બેસીને ભવ્ય સન્માન સ્વીકારતા સંસ્થાના પ્રમુખ અને સમૈયાના સૂત્રધાર સ્વામીશ્રી ભક્તોના ઉતારાના નળ અને

પાયખાનાંની તપાસ કરવા જેવાં કામ પણ જાતે કરતા. સ્વામીશ્રીનું આ કેવળ સૂક્ષ્માતિસૂક્ષ્મ મૅનેજમેન્ટ જ નહોતું પણ તેઓનો સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્નેહભાવ હતો. મૅનેજમેન્ટનો માણસ આવી તપાસ કર્મચારીઓ મોકલીને કરાવે; પણ સ્નેહભરેલી વ્યક્તિ જ આવાં કામ માટે જાતે સમય કાઢી શકે. સંતાનોની ચાકરી માટે માતા માણસો નથી રોકતી, પણ જાતે પરોવાઈ જાય છે. સ્વામીશ્રી લાખો સત્સંગીઓની 'મા' હતા. તેથી તેઓની વ્યવસ્થા જાતે જ કરવાનો તેઓને ઉમંગ રહેતો.

ગુરુમાં ગુલતાન

ગુણાતીત જન્મોત્સવ માટે યોગીજી મહારાજ તા. ૨૩/૧૦ના રોજ વિમાનમાર્ગે મુંબઈથી રાજકોટ પધારવાના હતા. તેઓને આવકારવા માટે સ્વામીશ્રી ગોંડલથી મોટર લઈને ઍરપોર્ટ પર ગયા હતા અને યોગીજી મહારાજનું પ્રેમપૂર્વક સ્વાગત કરીને તેઓને ગોંડલ લઈ આવેલા. તેઓની નિશ્રામાં તા. ૨૪/૧૦ના રોજ ગુણાતીતાનંદ સ્વામીનો ૧૮૪મો જન્મોત્સવ ભક્તિભાવથી ઊજવાયો. આ સભામાં યોગીજી મહારાજ ઉત્સવની પ્રથમ આરતી બાદ આરામમાં પધારી ગયેલા અને બાકીની સભા સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં થયેલી.

બે દિવસ બાદ તા. ૨૭/૧૦ના રોજ સભામાં પધારેલા યોગીજી મહારાજ સંબંધી એક સ્મરણીય નોંધ કરતાં સ્વામીશ્રી રોજનીશીમાં લખે છે :



'પૂ. સ્વામીજીએ (યોગીજી મહારાજે)
આજે મંદવાડ
પછી બે માસે
પ્રવચન આપ્યું.'

અસંખ્ય વ્યાવહારિક પ્રવૃત્તિની વચ્ચે ગુરુ સંબંધી કેટલું સૂક્ષ્મ અવલોકન સ્વામીશ્રીએ કર્યું છે! ગુરુની રજેરજ ક્રિયાઓને તેઓ અપાર ભક્તિભાવથી નીરખતા હોય તો જ આવી ઝીણી નોંધ શક્ય બને! બેસુમાર સેવાઓની વચ્ચે પણ સ્વામીશ્રી ગુરુમય જ હતા તેની ગવાહી પૂરે છે આ નોંધ!

'આવી ના નો' પડાય..'

તા. ૩૧/૧૦ની વહેલી સવારે ૨-૧૦ વાગ્યે યોગીજી મહારાજને સ્વપ્નમાં ભગતજી મહારાજનાં દર્શન થયેલાં. આ વાતનો યોગીજી મહારાજને એટલો આનંદ હતો કે સવારથી જે મળે તેને આ વાત કરતા રહેતા. વાત કરતાં કરતાં હૈયું ભરાઈ જતું અને શબ્દો ઊછળતા રહેતા. જાણે વાત છાતીમાં સમાતી ન હોય તેમ બોલ્યે જ જાય:

'આજે સાક્ષાત્ દર્શન દીધાં! ઓરડામાં પાટલા પર બેઠેલા. નાહી-ધોઈ પૂજા કરીને. કપાળમાં તિલક-ચાંદલો હતો. ધોળું ધોતિયું પહેર્યું હતું ને ઉપર ધોળું વસ્ત્ર ઓઢ્યું હતું. માથે ફેંટો બાંધેલો. રૂડા-રૂપાળા લાગતા હતા. કપાળમાંથી તેજ નીકળતું હતું. શું તેજસ્વી મૂર્તિ! મેં દંડવત કર્યાં... ઘણે વખતે દર્શન દીધાં. મને શાંતિ થઈ ગઈ...'

આ જ આનંદમાં તેઓ અલ્પાહાર કરવા માટે બિરાજેલા. તે વખતે સામે બેઠેલા દેવચરણદાસ સ્વામીને યોગીજી મહારાજે પૂછ્યું : 'તમને કોઈ દિ' દર્શન થાય?'

'ના, બાપા!'

'લ્યો, ગુરુ! ખરા છો ને! પ્રમુખસ્વામી ઈ શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ અને શાસ્ત્રીજી મહારાજમાં ભગતજી મહારાજ રહેલા કે નહીં?!'


'હા, બાપા! રહેલા.'

'તો પ્રમુખસ્વામીનાં દર્શનમાં ભગતજી મહારાજ આવી જાય. આવી ના નો' પડાય!' આમ, યોગીજી મહારાજે તર્કબદ્ધ રજૂઆત કરીને સ્વામીશ્રીનો મહિમા સમજાવ્યો.

પછી અલ્પાહારમાં આવેલાં ઢેબરાં લઈ જઈને સ્વામીશ્રીને જમાડવા કહ્યું અને શીખ આપી : 'પ્રમુખસ્વામીને સેવા કરીને રાજી કરી લેવા... શું?'

આમ, ઢાળ મળે અને પાણી દડવા માંડે તેમ યોગીજી મહારાજને લાગ મળે કે તરત જ સ્વામીશ્રીના મહિમાની સરવાણી તેઓના મુખેથી ફૂટી નીકળતી.

તા. ૧/૧૧ના રોજ મંદિરમાં બિરાજેલ ઘનશ્યામ મહારાજના શણગારમાં આમ જુઓ તો કોઈ વિશેષતા નહોતી, પણ જેનું મન જ્યાં લાગ્યું તેને તે મધુર. આ ન્યાયે સ્વામીશ્રીએ પોતાની રોજનીશીમાં મહારાજના શણગારનું વર્ણન નોંધ્યું છે કે –



'આજે ઠાકોરજીને
સફેદ સુરવાળ અને
સફેદ પે'રણ(પહેરણ) ને ઉપર
લાલ બંડી(કોટી) ને
સફેદ ટોપી..
ડ્રેસ હતો.'

સ્વામીશ્રીની રોજનીશીનાં થોકબંધ પાનાંઓમાં આ એક જ મૂર્તિવર્ણન સંગ્રહાયેલું છે. શા માટે આ નોંધ સ્વામીશ્રીએ કરી હશે તે તો તેઓ જ જાણે. પણ આમ લખીને તેઓ આપણને એક સ્મૃતિ આપતા ગયા!

ગોંડલથી તા. ૭/૧૧/૧૯૬૯ના રોજ સ્વામીશ્રી અન્નકૂટોત્સવ માટે સારંગપુર આવી પહોંચ્યા. અહીં તેઓના સાંનિધ્યમાં ચોપડાપૂજન અને અન્નકૂટ ઉમંગથી ઊજવાયા.[૨૧૬]

દેહધારી પણ દેહાતીત

તા. ૧૩/૧૧ના દિવસે સ્વામીશ્રી સારંગપુરથી કંથારિયા પધાર્યા હતા. અહીં ત્રિદિવસીય પારાયણનું આયોજન ગોઠવાયું હતું. 'સ્વામીની વાતો'ના ચોથા પ્રકરણના આધારે સવાર-સાંજ કથા થતી અને બાકીના સમયમાં સ્વામીશ્રી પધરામણી કરતા.

આ પારાયણ દરમ્યાન એક દિવસ બપોરે સ્વામીશ્રીએ જોયું તો રસોડામાં એક સંત પૂરી વણતા હતા, પણ પૂરી તળનાર કોઈ નહોતું. તેથી તેઓ તરત જ તેલના એક ખાલી ડબ્બાને ઊંધો કરી તે પર બેસી ગયા અને કપાસના

---

૨૧૬. વિ.સં. ૨૦૨૬નો પ્રારંભ થયો.

સાંઠીકડાથી જલતા ધુમાડિયા ચૂલા પર મૂકેલી કડાઈમાં પૂરી તળવા લાગ્યા. સવાર-સાંજ જે સ્વામીશ્રી વ્યાસપીઠ પર બેસીને પારાયણ કરતા તેઓને તેલના ડબ્બા પર બેસીને પૂરી તળવામાં લેશ સંકોચ થયો નહીં.

આ દૃશ્ય ત્યાં ઊભેલા બળદેવસિંહ નામના યુવાનની નજરે ચઢ્યું અને સ્વામીશ્રીના વર્તનની ઊંડી છાપ તેઓના હૃદયમાં કોતરાઈ ગઈ. ધીરે ધીરે તે છાપ એવી ઘેરી બનતી ચાલી કે તે યુવાને સ્વામીશ્રીના હસ્તે દીક્ષા લઈને તેઓનાં ચરણે પોતાનું જીવન સમર્પિત કરી દીધું.[૨૧૭]

પૂરી તળવાની આ પ્રક્રિયામાં જ્યારે ઠાકોરજીના થાળ પૂરતી પૂરીઓ તળાઈ ગઈ ત્યારે સ્વામીશ્રીને થયું : 'થાળ તૈયાર કરીને ઠાકોરજી આગળ મૂકી આવીએ. પછી બાકીની પૂરી તળવા બેસીએ.'

એટલે તેઓ ઠાકોરજીનો થાળ પૂરીને બાજુના ઓરડામાં જ્યાં ઠાકોરજી પધરાવેલા ત્યાં મૂકવા ગયા. પાછા વળીને પૂરી તળવા બેસવાની ઉતાવળ હતી, તેથી તેઓ જરા વેગથી થાળ લઈને ઊપડેલા. પણ બારસાખ નીચી હતી તે સીધી જ સ્વામીશ્રીના માથે ભટકાઈ. આ જોઈ એક-બે યુવકો સ્વામીશ્રીની વહારે પહોંચ્યા પણ સ્વામીશ્રીએ કહ્યું : 'કાંઈ થયું નથી. હો... હો...ના કરશો. સંત સ્વામી કથા કરે છે તેમાં વિક્ષેપ થશે...' એમ કહેતાં જાણે કાંઈ બન્યું જ નથી તેમ ઠાકોરજી આગળ થાળ મૂકવા પહોંચી ગયા.

અથડાવાને કારણે સ્વામીશ્રીના મસ્તક પર ઢીમણું પણ ઊપસી આવેલું, છતાં માથે હાથ ઘસવા બેસી જવું કે ઊંહકારો નીકળી જવો જેવી કોઈ પ્રતિક્રિયા તેઓમાં જોવા ન મળી. થાળ મૂકી પાછા પૂરી તળવા બેસી ગયા!

સ્વામીશ્રીની નમ્રતાથી ઘાયલ થયેલા યુવાનોને સ્વામીશ્રીની આ દેહાતીત સ્થિતિએ તો ઘેલા જ કરી મૂક્યા! તેઓને સ્વામીશ્રી પારાયણની વાતોને અમલમાં મૂકી જાણનારા વક્તા જણાયા!

એકલપંડે આગેકૂચ

કંથારિયાથી સ્વામીશ્રી વલ્લભીપુર, ભાવનગર, ગઢડા, નિંગાળા થઈને કાર્તિકી એકાદશીના સમૈયે અમદાવાદ પધારેલા. આ ઉત્સવ ઊજવી વસો, ડભાણ થઈને કાર્તિકી પૂનમના સમૈયા માટે બોચાસણ આવી પહોંચ્યા. અહીં અનેક ભક્તો સ્વામીશ્રી પાસેથી નૂતન વર્ષના આશીર્વાદ મેળવી કૃતાર્થ થયા.

૨૧૭. તેઓનું દીક્ષિત નામ સાધુ યજ્ઞપ્રિયદાસ રાખવામાં આવ્યું.

આ દરમ્યાન તા. ૨૫/૧૧ના રોજ ગોંડલમાં એક સવારે જાગીને યોગીજી મહારાજ સેવકો સમક્ષ આપમેળે જ બોલવા લાગ્યાઃ 'પ્રમુખસ્વામી બહુ દાખડો કરે છે. ઠંડીમાં ફરે છે. પહેલાં તો અમે ને મોટા સ્વામી ફરતા. તે બહુ ઠઠારો થાય. પ્રમુખસ્વામી એકલા પડી ગયા. બહુ દાખડો કરે છે, સેવા લાવે છે, તો તમો કાગળ લખો.' એમ કહીને ગોંડલના અને પોતાના સમાચાર આપતો પત્ર લખવાની વાત કરી.

યોગીજી મહારાજ હવે ઝાઝું વિચરણ કરી શકતા નહોતા. તેથી સ્વામીશ્રીને જ ઉત્સવો, પારાયણો, પધરામણીઓ, સંસ્થાકીય મીટિંગો, હરિભક્તોના નાના-મોટા પ્રસંગો, મંદિરનાં બાંધકામો વગેરે અનેક જવાબદારીઓ નિભાવવાની થતી. સ્વામીશ્રી અત્યંત સ્વસ્થતા અને કુશળતાથી આ સેવા બજાવતા હતા. તેથી યોગીજી મહારાજ તેઓ પર ખૂબ પ્રસન્ન રહેતા અને અવાર-નવાર સ્વામીશ્રીને સંભારીને તેઓ પ્રત્યેનો પોતાનો ગાઢ અનુરાગ પ્રગટ કરતા રહેતા.

લોઢું કંચન થઈ જાય

દેવદિવાળીના સમૈયા બાદ સ્વામીશ્રી ધર્મજ, પાળજ, રઢુ, ડભાણ, નડિયાદ, પીજ, લીંબાસી, પુનાજ, ત્રાજ, માતર વગેરે ગામોમાં ડાંગરના ધર્માદા માટે વિચરતાં સોખડા (માતર) પધારેલા.

અહીંના પુરુષોત્તમદાસે એક વાર યોગીજી મહારાજને વિનંતી કરેલી કે 'તમે મારા ગામ પધારો.' યોગીજી મહારાજે તેઓને 'હા' પણ પાડેલી. પરંતુ યોગીજી મહારાજનો કાર્યક્રમ ગામમાં ગોઠવવા માટે ગામના મુખી જશભાઈની પરવાનગી જરૂરી હતી. પણ આ ગઢ લોઢાનો હતો.

મુખીને સાધુ-સંતો પ્રત્યે સખત નફરત. સાધુ-સંતો એટલે તમાકુ-ગાંજો ખાનારા અને ગામ બગાડનારા. આ તેઓની માન્યતા. તેથી પુરુષોત્તમદાસે ડરતાં ડરતાં યોગીજી મહારાજની વાત મૂકી. તે સાંભળતાં જ ધાર્યું પરિણામ મળ્યું. જશભાઈ આક્રોશ સાથે કહેવા લાગ્યા કે 'મારા ગામમાં હું સાધુ-બાવાઓને પેસવા નહીં દઉં.' છતાં પુરુષોત્તમદાસે ધીરજ રાખી અને યોગીજી મહારાજનો મહિમા સમજાવ્યો. તેથી કમને મુખીએ કાર્યક્રમ માટે સંમતિ આપી.

પરંતુ મણ મોટો પ્રશ્ન એ હતો કે 'યોગીજી મહારાજનો ઉતારો ક્યાં રાખવો?' આખા ગામમાં સારામાં સારું મકાન મુખીનું જ હતું. તેથી પુરુષોત્તમદાસે તેઓના મકાનમાં યોગીજી મહારાજને બે દિવસ સુધી રાખવાની

વાત કરી. આ વાત સાંભળતાં જ મુખી ગરમ લાય જેવા થઈ ગયા. તેઓએ આ બાબતે ચોખ્ખી 'ના' પાડતાં કહી દીધું : 'આ વાત કોઈ કાળે નહીં બને. તું પોંચી આપી તો હાથ પકડવાની વાત કરે છે !'

પણ પુરુષોત્તમદાસે વિનંતીનો સૂર છેડેલો જ રાખ્યો. અંતે થાકીને મુખીએ કહ્યું : 'જો, સાંભળ, તું બહુ મંડ્યો છે તો ઉતારો આપીશ, પણ હું ગામમાં બીજે રહેવા જતો રહીશ. મને એ બાવાઓનાં દર્શન માટે ન બોલાવતો. હાથ જોડવાનું ન કહેતો. અને તારા સાધુઓ જાય પછી મારા મકાનમાંથી ગાંજા-તમાકુના ડાઘા સાફ કરીને મકાન સોંપજે.' એમ કહી મુખી ઊપડી ગયા.

પરંતુ બન્યું એવું કે યોગીજી મહારાજ માંદા થતાં સોખડા આવી શક્યા નહીં. 'મારી જગ્યાએ પ્રમુખસ્વામી આવશે. તે આવે એટલે હું આવ્યા બરાબર માનજો.' – તેઓના આ વચન મુજબ સ્વામીશ્રી ગામમાં પધાર્યા હતા. ઉતારો જશભાઈ મુખીને ત્યાં જ રાખવામાં આવેલો. સ્વામીશ્રી પોતાના જ ઘરમાં ઊઠે-બેસે, પણ મુખી તો તેઓ પાસે ફરક્યા જ નહીં. સ્વામીશ્રીએ ગામમાં પધરામણીઓ અને કથા-વાર્તાનો લાભ આપી સૌને સંતોષ પમાડ્યો.

બે દિવસ તો પલકારામાં વીતી ગયા. વિદાયની ઘડી આવી ગઈ. વિદાય લેતી વખતે સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ ઘર કોનું છે ?'

'જશભાઈ મુખીનું.'

'તો એ કેમ દેખાતા નથી ? તમારે એમની ઓળખાણ તો કરાવવી જોઈએ ને !' સ્વામીશ્રીએ જણાવ્યું.

જેના ઘેર ઉતારો હોય તે યજમાન અને તેના પુરુષ કુટુંબીઓ સાથે સ્વામીશ્રી હંમેશા સમય કાઢે. તેમાંથી કોઈના જીવનમાં વ્યસન-દૂષણ ઘૂસી ગયાં હોય તો તે હાથમાં જળ આપીને મુકાવે. વર્તમાન ધરાવી કંઠી પહેરાવે. મુમુક્ષુતા વધુ હોય તો નિત્યપૂજા કરવાની પણ આજ્ઞા કરે. તેમાંય તિલક-ચાંદલો કરવાનો આગ્રહ ખાસ રાખે. જેના ઘેર નિવાસ કરે તે ઘરને મંદિર જેવું કરીને વિદાય લે. આ તેઓની સ્વાભાવિક પ્રકૃતિ હતી. જ્યારે અહીં તો યજમાનનું મોઢું જ જોવા મળ્યું નહોતું. તેથી સ્વામીશ્રીએ તેઓને બોલાવવા જણાવ્યું.

ત્યારે પુરુષોત્તમદાસે ફોડ પાડ્યો કે 'સ્વામી ! એમને સાધુઓ પ્રત્યે અણગમો છે. માટે નહીં આવે. જો પરાણે બોલાવશું તો કદાચ તમારું અપમાન કરી બેસશે.'

'પણ આપણે એમના ઘેર રહ્યા તો આભાર તો માનવો જોઈએ ને !'

સ્વામીશ્રીએ તો મુખીને બોલાવવાની વાત પુનઃ દોહરાવી.

સૌ ફફડતાં હૈયે જશભાઈ પાસે ગયા અને કહ્યું : 'ચાલો, મુખી! પ્રમુખસ્વામી બોલાવે છે.'

આ વાત સાંભળી મુખી ભડક્યા અને તાડૂક્યાઃ 'મેં તને કીધેલું ને કે મને તારા સાધુ પાસે નહીં બોલાવતો! જા, મારે નથી આવવું.'

વળી પાછી થોડી રકઝકના અંતે મુખી નમ્યા, માન્યા અને સ્વામીશ્રી પાસે આવવા તૈયાર થયા; પણ તેઓ ખૂબ ગુસ્સામાં હતા. પોતાને જે નથી ગમતું તે કરવું પડે છે તેનો રોષ તેઓના મનમાં ભભૂકી રહેલો, તે ગમે ત્યારે મોં દ્વારા ફાટી નીકળે તેમ હતો! આવા આવેશમાં જ તેઓ સ્વામીશ્રી પાસે આવ્યા પણ અહો આશ્ચર્યમ્!

સ્વામીશ્રીનાં દર્શન કરતાં જ તે સાવ ટાઢાબોળ થઈ ગયા. એટલું નહીં, સ્વામીશ્રીનાં ચરણોમાં ઢળી પડ્યા અને કહેવા વાગ્યા : 'ભગવાન! બે દિવસ તમે મારા મકાનમાં રહ્યા તો બે દિવસ વધુ ન રોકાઓ!!'

સૌ કોઈ આ દૃશ્ય જોઈ દિગ્મૂઢ થઈ ગયા. જે જોઈ રહેલા તે અજાયબીથીયે વિશેષ લાગી રહેલું. સળી વળી શકે પણ અહીં તો આખેઆખું થડ વળી ગયેલું!

સ્વામીશ્રીનાં દર્શન કરતાં મુખીએ શું અનુભવ્યું તેની તો કલ્પના જ કરવી રહી, કારણ કે અનુભવને અનુભવ જ જાણી શકે. અનુભવોને યથાતથ વર્ણવવા માટે શબ્દો તો અતિ સાંકડું માધ્યમ છે, પરંતુ સ્વામીશ્રીનાં દર્શનથી મુખી ધરમૂળથી બદલાઈ ગયા. તેઓ સત્સંગી થયા. સ્વભાવમાં પણ કુમાશ આવી. નિયમિતપણે પૂજા-પાઠ કરવા લાગ્યા.

આગળ જતાં તો એવું થયું કે મુખી રોજ મંદિરે જઈને સત્સંગમાં બેસવા લાગ્યા. પછી તો એવો સમય આવ્યો કે તેઓ આખો દિવસ મંદિરમાં જ રહે અને માત્ર જમવાના સમયે જ ઘેર જાય. અંતે તો જમવાનું પણ ઘેરથી મંદિરે મંગાવી લેતા અને આખો દિવસ મંદિરમાં જ રહીને સેવા કરતા.

આમ, છેલ્લા શ્વાસ સુધી સત્સંગની સેવા કરતા રહ્યા અને છતી દેહે મોક્ષ પામ્યાની પ્રતીતિ સાથે અક્ષરવાસી થયા.

સ્વામીશ્રીના શબ્દ નહીં, સાંનિધ્યમાત્રનો આ ચમત્કાર હતો.

બીજાના સુખમાં આપણું સુખ

સોખડાથી સ્વામીશ્રી ખેડા થઈને આણંદ આવ્યા. અહીં મણિભાઈ

નારણભાઈના સુપુત્રને લગ્ન પ્રસંગે આશીર્વાદ આપીને બાજવા, અટલાદરા થઈને તા. ૧૩/૧૨ના રોજ નોંધણા પધારેલા.

આ ગામમાં પ્રતિષ્ઠા કરવા માટે યોગીજી મહારાજ પધારી શકે તેમ ન હોવાથી તા. ૨૯/૧૧ના રોજ અક્ષર-પુરુષોત્તમ મહારાજની પટપ્રતિમાને સૌ હરિભક્તો ગોંડલ લઈ ગયેલા. અહીં અક્ષર દેરીમાં યોગીજી મહારાજે તેનાં પૂજન-આરતી કરેલાં. તે મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ તા. ૧૪/૧૨ના રોજ સ્વામીશ્રીના વરદ હસ્તે સંપન્ન થયો.

નોંધણાથી સ્વામીશ્રી વાસદ થઈને વડોદરા પધાર્યા હતા.

અહીં માગશર સુદ આઠમ, તા. ૧૬/૧૨ના રોજ મણિભાઈએ યાદ કરાવ્યું કે 'આજે પ્રમુખસ્વામીનો જન્મદિવસ છે.' સૌ આ સાંભળી ખૂબ ખુશ થઈ ગયા. ધૂળાભાઈના ઘેર સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં આ ૪૯મા જન્મોત્સવની નાનકડી પણ ઉત્સાહસભર સભા થઈ. સૌએ સ્વામીશ્રીના ગુણાનુવાદ ગાયા. આ નિમિત્તે અટલાદરા મંદિરના રંગકામની સેવાનો ખરડો પણ સૌએ નોંધાવ્યો.

વડોદરાથી નીકળેલા સ્વામીશ્રી બોચાસણ, મહેળાવ, વડતાલ, ખેડા, શાંતિપુરા થઈને નાયકા પધાર્યા હતા.

નાયકાથી તેઓને શ્રીજીપુરા જવાનું હતું. તે માટે ગામના તલાટીની ગાડી તૈયાર હતી, પરંતુ સ્વામીશ્રીની સાથે વિચરણમાં જોડાયેલા અમુક સંતોને શાંતિપુરાથી બોચાસણ જવાનું હતું. તેથી સ્વામીશ્રીએ પોતા માટે તૈયાર થયેલી મોટર તે સંતોને જવા માટે આપી દીધી અને પોતે નાયકાથી ચાલતાં ચાલતાં શ્રીજીપુરા પધારેલા!

'બીજાના સુખમાં આપણું સુખ' એ સ્વામીશ્રીનું જીવનસૂત્ર જ નહીં, પણ જીવનશૈલી હતી! અન્યને મોટર આપીને તેઓ ટ્રેક્ટર અને ખટારામાં ઘૂમવા લાગ્યા.

શ્રીજીપુરામાં એક દિવસ રોકાઈને સ્વામીશ્રી ટ્રેક્ટર દ્વારા ચિત્રાસર આવ્યા. અહીંથી બીજે દિવસે ટ્રેકટર દ્વારા ધરોડા પહોંચ્યા. ધરોડામાં એક દિવસનો લાભ આપીને ટ્રેક્ટર દ્વારા જ મહીજડા આવ્યા. અહીં રાત્રિસભામાં 'ભક્તચિંતામણિ'ના ૬૪મા પ્રકરણ પર કથા કરી સૌને રંગી નાંખ્યા.

મહીજડાથી તા. ૩૦/૧૨ના રોજ ખટારામાં બેસી જેતલપુર પધાર્યા. અહીં પ્રાસાદિક સ્થાનોમાં દર્શન કરીને વસઈ, નાજમાં પધરામણીઓ કરતાં ખટારા દ્વારા જ પાછા મહીજડા પહોંચી ગયા.

ગરીબનિવાજ

તા. ૩૧/૧૨ના રોજ સ્વામીશ્રીએ મહીજડાથી નજીકમાં આવેલા આંબળ ગામે જવા વિદાય લીધી – ટ્રેક્ટરમાં જ.

આંબળમાં પધરામણીઓ કરીને તેઓ ચિત્રાસર જઈ રહેલા. તે મુસાફરીમાં વચ્ચે ખેમા ભરવાડ નામની વ્યક્તિ સ્વામીશ્રી પાસે આવીને ઊભી રહી. તેણે પોતાના કૂબામાં પધરામણી કરવા માટે સ્વામીશ્રીને વિનંતી કરી. સ્વામીશ્રીએ કોઈ હિચકિચાટ વગર તેનું આમંત્રણ સ્વીકારી લીધું !

'केषां न स्यादभिमतफला प्रार्थना ह्युत्तमेषु ?'[૨૧૮] ઉત્તમ પુરુષો સમક્ષ કરેલી કોની પ્રાર્થના ઇચ્છિત ફળ મેળવ્યા વિનાની રહે છે ? સ્વામીશ્રી તો એવી ભૂમિ કે જે વાવે તેનું ઊગે.

તે સાંજે તેઓ એ ભરવાડના કૂબે પધાર્યા. સ્વામીશ્રીનાં પગલાં પોતાના ઝૂંપડાંમાં પડતાં પેલા સામાન્ય જનનો આનંદ તો આકાશને આંબી રહેલો. આગતા-સ્વાગતામાં તો કૂબામાં શું મળે ? પણ ભાવગ્રાહી સ્વામીશ્રી તેનો પ્રેમ સ્વીકારી વિદાય થયા.

સન '૬૯ના વર્ષની તેઓની એ છેલ્લી પધરામણી ! સન ૧૯૬૯ના વર્ષનું સમાપન કરવા માટે સ્વામીશ્રીએ કોઈ મહેલ-મંદિર નહીં પણ ભરવાડનો કૂબો પસંદ કર્યો ! ત્યાંથી ગરીબનિવાજ સ્વામીશ્રી ચિત્રાસર પધારીને શયનાધીન થયા.

સન ૧૯૭૦

સમે સમે સંભાળ

તા. ૧/૧ના રોજ સ્વામીશ્રી ચિત્રાસરથી નીકળીને શ્રીજીપુરા, નવાગામ, ભાલિયાપુરા, સાંખેજ વગેરે ગામોમાં વિચરણ કરતાં તા. ૩/૧ની સાંજે નેનપુર પધારેલા. ડાંગરના ધર્માદાનું આ વિચરણ તેઓએ ટ્રેક્ટરમાં જ કરેલું. હા, કો'ક વાર 'ચેન્જ' તરીકે ગાડું આવી જતું !

નેનપુરમાં બળદેવ નામનો યુવાન રહેતો હતો. તેણે કૅમિસ્ટ્રીમાં M.Sc. સુધીનો અભ્યાસ કરેલો પણ નોકરીનો પત્તો પડતો નહોતો. આ વાત તેના પિતાએ સ્વામીશ્રીને કરી. તે સાંભળી બીજે દિવસે સ્વામીશ્રીએ બળદેવને સામેથી બોલાવીને કહ્યું : 'મુંબઈમાં આપણા હરિભક્ત કેશવચંદ્ર અમીન છે. તેઓ

---

૨૧૮. मेघदूतम् (उत्तरम्) – ૫૮.

ઍલેમ્બિક કંપનીમાં ડાઈરેક્ટર છે. હું તને ચિઠ્ઠી કરી દઉં છું. તેમને જઈને મળજે. તે તને મદદ કરશે.'

'પણ સ્વામી! મેં મુંબઈ જોયું નથી.'

'એમાં શું? અમદાવાદથી ગુજરાત મેલમાં બેસવાનું અને દાદર સ્ટેશને ઊતરવાનું. ત્યાં સ્ટેશનની સામે જ આપણું મંદિર છે.'

સ્વામીશ્રીએ લીટી દોરી આપી તે મુજબ એ યુવક મુંબઈ પહોંચ્યો. સંતો દ્વારા ડાઈરેક્ટર સુધી પહોંચ્યો. ઈન્ટરવ્યૂ લેવાયો. તેમાં તેની પસંદગી થઈ. ૩૩ વર્ષ સુધી તેણે તે કંપનીમાં નોકરી કરી.

આમ, આખી ને આખી એક જિંદગી સ્વામીશ્રીની ચિઠ્ઠીથી ઊગરી ગઈ. સમયે સમયે સંભાળ રાખનારા આવા સ્વામીશ્રીને યુવાનો કેવી રીતે વીસરી શકે?

નેનપુરથી અમદાવાદ, સારંગપુર, ગઢડા થઈને તેઓ તા. ૧૩/૧ના રોજ ગોંડલ પધાર્યા હતા.

સેવા એ જ જીવન

ગોંડલમાં સ્વામીશ્રી પધાર્યાના બીજા દિવસે ઉત્તરાયણ હતી. તે નિમિત્તે સંતોના મંડળો ગોંડલમાં ઝોળી માંગવા નીકળ્યા. સ્વામીશ્રીને પણ ઝોળી માંગવા માટે જવાની ઈચ્છા તો હતી, પણ સૌએ 'ના' પાડી. તેથી તેઓને ન છૂટકે મંદિરમાં રોકાવું પડ્યું.

પરંતુ ઈરાદાઓ રસ્તા શોધી જ કાઢે છે. સ્વામીશ્રીને ગોંડલની ગલીઓમાં ઘૂમવાની 'ના' પાડી તો તેઓએ મંદિરના ઉતારામાં જે જે હરિભક્તો ઊતરેલા તેઓના ઓરડે-ઓરડે જઈને ઝોળીની આહ્‌લેક લગાવી.

પોતાના ઉતારાના બારણે આમ ખભે ઝોળી લટકાવીને ઊભેલા સ્વામીશ્રીને જોઈને હરિભક્તોના તો આનંદની સીમા ન રહી. સૌએ સામે ચાલીને આવેલી આ તકને હોંશે હોંશે પોંખી. સ્વામીશ્રીની ઝોળી છલકાવી દીધી. આ હરિભક્તો પાસે દાણા તો હોય નહીં પણ નાણાંની સેવા કરી ટાણાંનો લાભ લઈ લીધો.

જેમ મનુષ્ય હવા વિના ન રહી શકે તેમ સ્વામીશ્રી સેવા કર્યા વિના નહોતા રહી શકતા. તેથી તેઓએ આમ ફળિયામાં પણ ઘોડો તો ફેરવી જ લીધો.

તે જ દિવસે સાંજે યોગીજી મહારાજની સાથે સ્વામીશ્રી રાજકોટ પધાર્યા. અહીં પણ પુણ્યપર્વણી નિમિત્તે સૌ હરિભક્તોએ સારા પ્રમાણમાં ઠાકોરજીની સેવા કરી. ટૂંક સમયમાં જ યોગીજી મહારાજ વિદેશ પ્રવાસે જવાના હોવાથી

તેઓ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં વિદાય સમારંભો પણ યોજાતા હતા. એ જ ક્રમમાં આજની સભામાં રાજકોટના ભક્તોએ પણ યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીને વિદાય આપી. રાજકોટથી સ્વામીશ્રી ભાદરા પધાર્યા.

આ ખોબા જેવા ગામમાં ૫૦૦- ૬૦૦ હરિભક્તો એકત્રિત થઈ ગયેલા. એકાંત સ્થાનમાં યોગીજી મહારાજનો લાભ સારો મળશે – એ વિચાર સૌને આવતો. તેથી સૌ શાંત, એકાંત સ્થાનમાં લાભ લેવા ઊમટી પડતા અને એકાંત ઊભરાઈ જતું. આવી જ પરિસ્થિતિ ભાદરામાં થઈ. અત્રે યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીએ વિદેશ પ્રવાસની સફળતા-સાનુકૂળતા માટે પ્રાર્થના કરી.

આધારભૂત સાથીદાર

તા. ૧૭/૧ના રોજ યોગીજી મહારાજ ચાલીસ મુસાફરોની ક્ષમતા ધરાવતા ચાર્ટર્ડ પ્લેન દ્વારા રાજકોટથી મુંબઈ પધાર્યા અને સ્વામીશ્રી અમદાવાદ પહોંચ્યા, પણ સ્વામીશ્રી જેવા અમદાવાદ પહોંચ્યા કે તેઓ પર યોગીજી મહારાજનો તાત્કાલિક મુંબઈ પધારવાનો સંદેશો ફોન દ્વારા આવ્યો. તેથી તા. ૧૮/૧ની રાત્રે 'સોરાષ્ટ્ર મેઇલ'માં બેસીને સ્વામીશ્રી મુંબઈ પહોંચ્યા. જે આવશ્યક કાર્ય હતું તે સ્વામીશ્રીએ એક જ દિવસમાં પૂરું કરી દીધું અને તા. ૨૦/૧ના રોજ બપોરે એક વાગ્યાની ડિલક્સ ટ્રેનમાં પાછા અમદાવાદ જવા નીકળી પણ ગયા.

યોગીજી મહારાજ માટે સ્વામીશ્રી એક આધારભૂત સાથીદાર હતા. કંઈ પણ પેચીદી પરિસ્થિતિ આવે ત્યારે યોગીજી મહારાજના મુખેથી શબ્દો નીકળે : 'પ્રમુખસ્વામીને પૂછી લ્યો. ઈ કે' ઈમ કરો...'

સ્વામીશ્રીની સૂઝ અને શક્તિનો યોગીજી મહારાજને પૂરેપૂરો ભરોસો. સ્વામીશ્રી પણ દરેક વખતે યોગીજી મહારાજે પોતામાં મૂકેલા વિશ્વાસને સાર્થક કરી દેખાડતા. આ અવસરે પણ એ રીતે જ કાર્ય સંપન્ન કરી તેઓ અમદાવાદ આવી પહોંચ્યા.

અત્રે બે દિવસનું રોકાણ કરીને પોષી પૂનમનો ઉત્સવ ઊજવવા માટે તા. ૨૨/૧ના રોજ ડભાણ પધાર્યા. અહીં આશરે પાંચસો હરિભક્તોની હાજરીમાં ડાબરા ઉત્સવ થયો. સૌ ઘેરથી ભાથું લઈને આવ્યા હતા. સ્વામીશ્રીએ તેમાં જ્ઞાનનું ભાથું ઉમેરી આપ્યું.

ડભાણથી સ્વામીશ્રી વરતાલ, મહેળાવમાં દર્શન કરીને બોચાસણ પધારેલા. અહીંના રોકાણ દરમ્યાન તા. ૨૫/૧ના રોજ પેટલાદમાં હરિમંદિરના

નિર્માણ માટે જગ્યા જોવા તેઓ સ્વયં પધારેલા.

સ્વામીશ્રી ઘણી વાર કહેતા કે 'સ્થાન વિના પ્રભુ ભજાય નહીં.' તેથી ભગવાન ભજવાનાં સ્થાન સમાં મંદિરો ગામોગામ થાય તેવું વલણ પ્રથમથી જ તેઓનું હતું. એટલે મંદિરની જમીન જોવાથી માંડીને તેના નિર્માણ સંબંધી ઝીણી-ઝીણી બાબતોમાં પણ ખૂબ રસ લેતા. કામ અટકે ત્યાં મદદે આવીને ઊભા રહેતા. પ્રતિષ્ઠાના પડઘમ શમે ત્યાં સુધી તેઓની એ સહાયનો સ્રોત અવિરત વહેતો રહેતો. ફળસ્વરૂપે ગામને મંદિરની અલૌકિક ભેટ મળી જતી. સ્વામીશ્રી તો આમ આંબો મહોરાવીને નીકળી જતા. પછી સૌ તેનાં મીઠાં ફળ ખાતાં-ચાખતાં રહેતા.

દાતણ ત્યાં દીવો નહીં

તા. ૨૬/૧ના રોજ સ્વામીશ્રી આણંદ-વિદ્યાનગર પધાર્યા હતા અને તુવેર દાળના ખરડા માટે વિચરણ શરૂ કરેલું. રાત્રે મંદિરમાં જ ખરડો કર્યો.

બીજે દિવસે સવારે આણંદના ગંજમાં પધરામણીઓ કરી. સાંજે સ્ટેશન પાસે આવેલા બજારમાં તથા જૂના રસ્તે આવેલી દુકાનોમાં જઈને સેવાઓ લખાવી.

તા. ૨૮/૧ના દિવસે લોટિયા ભાગોળ તથા કરમસદ રોડ પર આવેલી દુકાનોમાં ફર્યા અને દાળની સેવા કરાવી.

આમ, આખા આણંદમાં પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ તેઓ ઘૂમી વળ્યા. ઠાકોરજીની સેવા કરવાનો કોઈ ગજબનો ઉત્સાહ તેઓને રહેતો.

વળી, કાયાના કણેકણનો ચૂરો કરી નાંખે તેવી આ પધરામણીઓની પહેલાં અને પછી સત્સંગ-સભાઓમાં કથાલાભનું ખાતું તો અવશ્ય માંડવાનું જ. તેમાં કોઈ દિવસ ઉધાર ન મળે.

તે ક્રમ મુજબ આજે પણ આખા દિવસની ભરચક પધરામણીઓ પછી સ્વામીશ્રી ખેતીવાડી કૉલેજમાં યોજાયેલી સભામાં પધારેલા, પણ અહીં તેઓનો દિવસ પૂરો થતો નહોતો. સાંજે છ થી સાત દરમ્યાન આયોજિત આ સભામાં લાભ આપીને તેઓ રાત્રે નવ વાગ્યે બામણગામ પહોંચ્યા.

અહીં તો સૌ રાત્રિના અંધારામાં પેટ્રોમેક્ષ અને મશાલો પ્રગટાવીને તેઓના સ્વાગત માટે થનગની રહેલા. તેથી રાત્રે નવ વાગ્યે ટ્રેક્ટરમાં નગરયાત્રા નીકળી. અને જેમ ગાય ભેગું વાછરું હોય તેમ નગરયાત્રા પછી સભા તો આવે જ ! તેથી નગરયાત્રા બાદ સ્વામીશ્રી સભામાં પધાર્યા. સભાની સમાપ્તિ થઈ

ત્યારે ઘડિયાળનો કાંટો અગિયાર વાગ્યાનો સમય બતાવી રહેલો.

સવારે આણંદની લોટિયા ભાગોળથી નીકળેલા સ્વામીશ્રી કરમસદની ભાગોળે તાળી દઈને, ખેતીવાડી કૉલેજમાં સત્સંગનું ક્ષેત્ર ખેડીને, બામણગામમાં નગરયાત્રા-સભા પૂરી કરીને મોડી રાત્રે પરવાર્યા.

બીજે દિવસે બામણગામમાં સવાર-સાંજ પધરામણીઓ કરીને સૌને રાજી કર્યા અને રાત્રે કોસીન્દ્રામાં સાધુરામભાઈના પ્રસાદીના ડેલે આવી પહોંચ્યા.

તા. ૩૦/૧/'૭૦ના રોજ સ્વામીશ્રીના વરદ હસ્તે કોસીન્દ્રાના મંદિરનો ખાતમુહૂર્તવિધિ યોજાયો. આ પ્રસંગે મંદિર વહેલું તૈયાર થઈ જાય તે માટે સ્વામીશ્રીએ સૌને સેવાની હાકલ કરી. હરિભક્તોએ પણ સ્વામીશ્રીના વચને સારી રકમ સેવામાં નોંધાવી. ત્યારબાદ જોષીકૂવા થઈને રાત્રે નવ વાગ્યે અટલાદરા પધાર્યા.

આ વર્ષે સ્વામીશ્રી પણ યોગીજી મહારાજ સાથે વિદેશપ્રવાસમાં જોડાવાના હતા. તેથી તેઓ જ્યાં જાય ત્યાં મંદિરનાં વ્યાવહારિક કાર્યોને યોગ્ય દિશા આપતા જતા, જેથી આગામી મહિનાઓ દરમ્યાન કાર્ય સરળતાપૂર્વક ચાલતાં રહે. આગોતરું આયોજન એ તેઓની કાર્યપદ્ધતિનો આગવો ગુણ હતો.

મનમંદિરમાં રમનારા

તા. ૧/૨ના રોજ સ્વામીશ્રી અટલાદરાથી મુંબઈ જવા નીકળે તે પહેલાં તો તેઓ યોગીજી મહારાજના સ્વપ્નમાં મુંબઈ પહોંચી ગયેલા.

મુંબઈમાં આ દિવસે સવારે દસ વાગ્યે યોગીજી મહારાજે વાત કરી કે ''સ્વપ્નું આવ્યું. હું ભંડારમાં હતો. પછી બાળમુકુંદ સ્વામીને પ્રમુખસ્વામીએ બોલાવવા મોકલ્યા. પ્રમુખસ્વામી શીરો હલાવતા હતા. મેં બાળમુકુંદ સ્વામીને કહ્યું કે 'પ્રમુખસ્વામીને શીરો શું કામ હલાવવા દ્યો છો?' પછી આગળ ગયો તો હજારો બ્રાહ્મણો રસોઈ કરતા હતા. એવાં દર્શન થયાં.''

જે જેના મનમાં હોય છે તે દૂર હોવા છતાં દૂર નથી અનુભવાતું. સ્વામીશ્રી તો યોગીજી મહારાજના મનમાં રમનારા હતા. સ્વામીશ્રીની 'સમર્તિ'ના એ પ્રબળ વેગે આજે યોગીજી મહારાજના સ્વપ્નમાં પણ સ્વામીશ્રીને પ્રગટ કરી દીધેલા.

એક રાજી તો બધા રાજી

તા. ૨/૨/'૭૦ની સવારે સ્વામીશ્રી મુંબઈ પધારવાના હતા. તેના આગલા

દિવસે યોગીજી મહારાજે મોટેરા હરિભક્તો અને યુવકો તથા અમુક સંતોને આજ્ઞા કરી કે 'કાલે પ્રમુખસ્વામી આવે છે. તમે સામા લેવા જાવ. દંડવત કરજો.'

આ મુજબ સ્વામીશ્રી પધાર્યા ત્યારે સૌએ તેઓનું ઉમળકાભેર સ્વાગત કર્યું અને તેઓને મંદિરે લઈ આવ્યા. મંદિરે આવીને સ્વામીશ્રી સ્નાનાદિક વિધિમાં પરોવાયા. તેથી સૌ યુવકો-સંતો યોગીજી મહારાજ પાસે આવીને બેઠા. તેઓને જોઈને યોગીજી મહારાજે પૂછ્યું : 'પ્રમુખસ્વામીને સ્નાન કરાવ્યું ?'

'ના બાપા !'

'તો જાવ. જેમ અમને સ્નાન કરાવો છો તેવી રીતે પ્રમુખસ્વામીને સ્નાન કરાવો...' યોગીજી મહારાજે જણાવ્યું.

આ આજ્ઞા થઈ એટલે સૌ પહોંચ્યા સ્વામીશ્રી સ્નાન કરતા હતા ત્યાં ! પણ સૌ જેવા સ્વામીશ્રીને સ્નાન કરાવવા ગયા ત્યાં જ સ્વામીશ્રીએ જરા કડક અવાજે સૌને વાર્યા કે 'અહીં શું છે ? યોગીબાપાની સેવા કરવાની હોય. અહીં કાંઈ નથી. જઈને બાપા પાસે બેસો.'

'યોગીબાપાએ જ મોકલ્યા છે,' સૌએ જણાવ્યું. ત્યારે સ્વામીશ્રી વચનામૃતની સાખ્યે સૌને સમજાવવા લાગ્યા કે 'આપણે એક ગુરુ કા આશરા... યોગીબાપા સામે દૃષ્ટિ રાખવી. એ નિશાન છે. એક રાજી તો બધા રાજી થાય. એક કુરાજી થાય તો આખી દુનિયા કુરાજી. માટે સેવા-સમાગમ કરી એમને રાજી કરી લેવા.' એમ વાતો કરી સૌને પાછા વાળ્યા પણ પોતાને સ્નાન તો ન જ કરાવવા દીધું.

પરંતુ એ સૌ સંતો-યુવકો આ પ્રસંગે રેલાયેલાં સ્વામીશ્રીની ગુરુનિષ્ઠા અને વિનમ્રતાનાં જળથી જરૂર ભીનાં-ભીનાં થઈ ગયાં.

યોગીજી મહારાજ જ પોતાનો અપરંપાર મહિમા કહેતા હોવા છતાં સ્વામીશ્રીએ પોતાનું કદ યોગીજી મહારાજ કરતાં હંમેશાં ત્રણ તસુ ઓછું રાખેલું. દુનિયામાં સંભવે નહીં એવી આ વાત સ્વામીશ્રીને સાવ સહજ હતી.

યોગીજી મહારાજ અને સંતમંડળની વિદેશયાત્રા નિમિત્તે તા. ૩/૨ અને તા. ૪/૨ના રોજ માટુંગાની પોદ્દાર કૉલેજમાં વિદાય સમારંભો યોજાયા. ૧૬ સંતો અને કેટલાક હરિભક્તો સાથે ધર્મયાત્રાએ જઈ રહેલા યોગીજી મહારાજને વિદાય આપવા માટે ગુજરાત-સૌરાષ્ટ્રમાંથી હજારો હરિભક્તો આવેલા. આગામી પાંચેક મહિના સુધી આ મૂર્તિનાં દર્શન થવાનાં નહોતાં. તેથી સૌ યોગીજી મહારાજને આંખોમાં બીડી લેવા અને હૃદયમાં ભીડી દેવા તલપાપડ હતા. યોગીજી મહારાજે પણ સૌને સુખનું ભાથું સારી રીતે બાંધી આપ્યું.

તા. ૫/૨ના રોજ ધર્મયાત્રાનો પ્રારંભ થઈ રહેલો. આ દિવસે બપોરે પોણા બાર વાગ્યે યોગીજી મહારાજ સાંતાક્રુઝ ઍરપોર્ટ પર ઊભેલા 'ઍવરેસ્ટ' વિમાન તરફ પધાર્યા. કૃષ્ણને લેવા આવેલા અક્રૂરના રથ જેવા એ વિમાનને સૌ તાકી રહ્યા. યોગીજી મહારાજ તેમાં બિરાજ્યા. દરવાજા બંધ થયા. વિમાને પાંખો ફફડાવી અને થોડી વારમાં તો તે આંખની સીમાથી અદૃશ્ય થઈ ગયું.

દ્વિતીય વિદેશ-ધર્મયાત્રા

આફ્રિકાના સમય મુજબ બપોરે સાડા ત્રણ વાગ્યે વિમાને નૈરોબીની ધરતીનો સ્પર્શ કર્યો અને આફ્રિકાના સત્સંગ ઈતિહાસનું વધુ એક સુવર્ણ પ્રકરણ શરૂ થયું. નૈરોબીના ઍરપોર્ટ પર કેન્યા, યુગાન્ડા, ટાન્ઝાનિયા વગેરે દેશોમાંથી ૩૦૦૦ જેટલા હરિભક્તો સ્વાગત માટે તૈયાર ઊભા હતા. તે સૌ ઍરપોર્ટ નજીક સ્વાગત માટે ખાસ તૈયાર કરાયેલા સુશોભિત તંબુમાં યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીને લઈ ગયા. અહીં ગગનભેદી જયનાદો અને હર્ષોલ્લાસથી સૌએ તેઓને વધાવ્યા. ત્યારબાદ ૧૫ મર્સીડીઝ ગાડીઓ, ૪૦૦ મોટરો અને ૭ બસોની જાણે શોભાયાત્રા નીકળી હોય એ રીતે યોગીજી મહારાજ મંદિરે પધાર્યા. મંદિર પણ સ્વાગત માટે હિલોળે ચડ્યું હોય તેવો માહોલ હતો.

અત્રે પધારવાનું મુખ્ય નિમિત્ત આ મંદિર જ હતું. સુંદર સિંહાસન, વિશાળ સભાખંડ, સુશોભિત શિખરો સહિતના આ મંદિરમાં તા. ૧૦/૨/૭૦, વસંત પંચમીના રોજ મૂર્તિપ્રતિષ્ઠા નિર્ધારેલી. આ ઉપક્રમે તા. ૭/૨થી સ્વામીશ્રીએ 'હરિલીલાકલ્પતરુ'ના સપ્તમ સ્કંધના પારાયણનો પ્રારંભ કર્યો.

મંદિરના ઉદ્‌ઘાટન નિમિત્તે પૂર્વ આફ્રિકાનાં બાળ-યુવા મંડળોનું અધિવેશન પણ અત્રે યોજવામાં આવેલું, જેના અધ્યક્ષપદે સ્વામીશ્રીની વરણી સૌએ કરી હતી. સ્વામીશ્રીએ આ પ્રસંગે બાળકો, યુવાનોનું જીવન સંસ્કારી બને તે માટે અધિવેશનોની આવશ્યકતા પર ભાર મૂકતું સુંદર વક્તવ્ય આપ્યું હતું.

અહીંના કાયદા મુજબ રસ્તા પર પગપાળા ચાલવાની મનાઈ હોવાને કારણે કલાત્મક રથ અને સુશોભિત મોટરોમાં તા. ૯/૨ની સવારે દસ વાગ્યે નગરયાત્રાનું આયોજન કરવામાં આવેલું. ઠાકોરજી સહિત યોગીજી મહારાજ, સ્વામીશ્રી અને મહંત સ્વામી નાગજીભાઈની ગાડીમાં બિરાજ્યા હતા. નગારા રોડ, પાર્ક રોડ, ફોર્ટ હૉલ રોડ વગેરે નૈરોબીના રાજમાર્ગોને એક પછી એક વટાવતી નગરયાત્રા સૌ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહી. આ નગરયાત્રાના

માર્ગમાં બ્રહ્મસમાજની વાડી આવી. અહીં ઉત્સવનું રસોડું ખોલવામાં આવેલું. ત્યાં બનતી રસોઈને પ્રસાદીભૂત કરવા માટે સ્વામીશ્રી ઠાકોરજીને લઈને મોટરમાંથી ઊતરેલા અને પુષ્પો છાંટી રસોઈને ભગવત્સંબંધ કરાવ્યો હતો.

તા. ૧૦/૨ના રોજ મંદિર ઉદ્‌ઘાટન અને પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયા. યોગીજી મહારાજે સિંહાસનની નજીક પધારીને પોતાની મૂર્તિ સિવાય સર્વ મૂર્તિઓનાં ચરણારવિંદ પર ચાંદલા કરીને પૂજન કર્યું હતું. ત્યારબાદ તેઓ વતી સ્વામીશ્રીએ સર્વે મૂર્તિઓનો વૈદિક પ્રતિષ્ઠાવિધિ સંપન્ન કર્યો. બરાબર ૧૦:૪૫ વાગ્યે પ્રતિષ્ઠિત મૂર્તિઓની પ્રથમ આરતી ઊતરી. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા આશરે છ હજાર ભાવિકોનાં હૈયાં ધર્મ અને સંસ્કૃતિની અસ્મિતાથી ભર્યાં ભર્યાં થઈ ગયાં !

સમો વર્તે સાવધાન !

પ્રતિષ્ઠાના દિવસે સાંજે 'કચ્છી-ગુજરાતી હિંદુ મિલન મંદિર'માં શાસ્ત્રીજી મહારાજના જન્મોત્સવની સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં આશીર્વાદ આપતાં યોગીજી મહારાજે જણાવેલું કે 'આજે શાસ્ત્રીજી મહારાજનો આશીર્વાદ છે કે તને, મને, ધને બધા સુખી થાય... પ્રમુખસ્વામીને શાસ્ત્રીજી મહારાજે ચાદર ઓઢાડી છે. માટે તે શાસ્ત્રીજી મહારાજની જગ્યાએ છે. માટે એમની આજ્ઞા પાળવી. સમો મળ્યો છે તે સાચવી લેવો. સમો વર્તે સાવધાન !'

આમ, દેશની જેમ પરદેશમાં પણ યોગીજી મહારાજના મુખેથી સ્વામીશ્રીના મહિમાગાનનું મંગલાચરણ થઈ ગયું.

ભૂસ્તરશાસ્ત્રી !

તા. ૧૨/૨થી વચનામૃત, સ્વામીની વાતો અને હરિલીલામૃત ગ્રંથનું પારાયણ શરૂ થયેલું. તેમાં સ્વામીશ્રીએ પ્રથમ લાભ આપ્યો. ત્યારબાદ વિવિધ સંતો કથા કરતા. આ પારાયણ પ્રસંગે આશીર્વાદમાં યોગીજી મહારાજ બોલ્યા કે *'આ તે વીસવસાની વાત રે, સહુ સમજજો સાક્ષાત્ રે...'* શું ?'

આ સાંભળી એક હરિભક્તે યોગીજી મહારાજને પૂછ્યું : 'બાપા ! વીસવસા એટલે શું ?'

'હુંય સમજતો નથી,' એમ કહી યોગીજી મહારાજે હસતાં હસતાં નિખાલસપણે વાત કરી. ત્યારે સ્વામીશ્રીએ કહેલું કે 'ગાયકવાડી રાજ્યનું

જમીનનું ગૂંઠા જેવું આ એક માપ છે. વીસવસા એટલે એક વીઘું થાય. એટલે એમ કે વાત સોળ આના બરાબર છે.'

સ્વામીશ્રીએ આપેલી આ સમજૂતીથી સૌ આશ્ચર્ય પામ્યા !

જો કે જે સ્વામીશ્રીના સંપર્કમાં આવતા તે સૌ માટે તેઓનું ભૂસ્તરવિદ્યાનું જ્ઞાન અચરજકારી જ રહેલું. કયા પ્રદેશમાં કેટલા ગૂંઠે વીઘું થાય અને કેટલા વીઘે કેટલા એકર થાય વગેરે વિગતો વિજાણુ યંત્રોની ઝડપે સ્વામીશ્રી કડકડાટ બોલતા.

માપની સાથે જમીનની ગુણવત્તા સંબંધી જ્ઞાન પણ ભારોભાર. જમીન અનુસાર ફસલ સંબંધી માર્ગદર્શન આપે ત્યારે અચ્છા અચ્છા ખેડૂતો પણ અચંબામાં પડી જાય !

ખરા શ્રુત

તા. ૧૩/૨ના રોજ સ્વામીશ્રી શહેરમાં આવેલાં વિવિધ ધર્મસ્થાનોની મુલાકાતે પધારેલા. તે અંતર્ગત કચ્છી હરિભક્તો દ્વારા સંચાલિત સ્વામિનારાયણ મંદિર કે જેમાં શાસ્ત્રીજી મહારાજની પ્રસાદીભૂત ધામ, ધામી અને મુક્તની ચિત્ર-પ્રતિમાઓ પધરાવવામાં આવી હતી ત્યાં, ભુજ તાબાનાં તથા અબજી બાપાની પરંપરાના સ્વામિનારાયણ મંદિર, શિવાલય, રામજી મંદિર, રાધાકૃષ્ણ મંદિર વગેરે જગ્યાએ તેઓએ દર્શન કરેલાં.

રોજ સવાર-સાંજની કથાના વચગાળામાં સ્વામીશ્રી પધરામણીઓ કરીને સૌને લાભ આપતા. યોગીજી મહારાજની નાદુરસ્ત તબિયતને કારણે પધરામણીઓનો 'પોર્ટફોલિયો' સ્વામીશ્રી પાસે જ રહેતો. તેઓ પણ યોગીજી મહારાજની જેમ જ સૌના મનોરથો પૂર્ણ કરતા. તેઓની જ્ઞાનગંભીર, સાધુતા-સભર અને ધીરજશીલ પ્રતિભાથી સૌને ખૂબ જ આનંદ આવતો. આજે પધરામણી દરમ્યાન હરિભક્તો સ્વામીશ્રીને ચા-કોફીના બગીચાઓમાં પણ લઈ ગયા હતા.

હરિભક્તો ઉત્સાહથી પાક, ઋતુ, જમીન વગેરેની વિગતો સ્વામીશ્રીને જણાવે. સ્વામીશ્રી પણ સંપૂર્ણ હકારાત્મક પ્રતિભાવ આપતા જાય. આમેય સાંભળવાની કળામાં તો કોઈ એમના પેંગડામાં પગ ઘાલી શકે એમ નહોતું. કહેનારાનો ઉત્સાહ વાક્યે વાક્યે બેવડાતો જાય એટલું ધ્યાનપૂર્વક સ્વામીશ્રી સાંભળતા. ક્યારેક તો જે વિગત કહેવાતી હોય તેની માહિતી થોડીક મિનિટો અગાઉ જ સ્વામીશ્રી સમક્ષ આવી ગઈ હોય. છતાં કહેનારાને અણસાર સુધ્ધાં ન આવવા દે કે 'હું જે કહી રહ્યો છું તે તો સ્વામીશ્રી જાણીને બેઠા છે.' સ્વામીશ્રીનો

અભિગમ હંમેશા સૌને રાજી કરવાનો જ રહેતો. તેથી તેઓ આમ વર્તી શકતા. બે અઠવાડિયાં સુધી સ્વામીશ્રીએ આ રીતે પારાયણો-પધરામણીઓનો લાભ આપી સૌના મનોરથો પૂર્ણ કર્યા.

પ્રભુ સંગે પ્રીત વધારવા

તા. ૧૯/૨ના રોજ નૈરોબીથી ભાવભીની વિદાય લઈ સ્વામીશ્રી યોગીજી મહારાજની સાથે કિસુમુ આવી પહોંચેલા. યોગીજી મહારાજની સાનુકૂળતા સચવાય તે માટે બાર પ્રવાસીઓની ક્ષમતા ધરાવતા ફોકર ફ્રેન્ડશિપ વિમાનની વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્વામીશ્રીએ પણ આ જ વિમાનમાં પ્રવાસ ખેડેલો.

કિસુમુના ઍરપોર્ટ પર આશરે દોઢ હજાર હરિભક્તોએ ભાવભર્યું સ્વાગત કર્યું. સ્વાગતના શુભ ચિહ્નરૂપે સૌ લાલ ટોપીઓ ધારણ કરીને આવેલા. ખુલ્લી મોટરમાં ઍરપોર્ટથી સ્વાગતસભાના સ્થળ સુધીની નગરયાત્રા જ ગોઠવાઈ ગઈ. અહીં આવેલા લક્ષ્મીનારાયણ મંદિરના પ્રાંગણમાં જ સભા યોજાઈ. યોગીજી મહારાજ, સ્વામીશ્રી વગેરેનું હારતોરાથી અભિવાદન કરવામાં આવ્યું. સ્વામીશ્રીએ આ અવસરે પ્રાસંગિક પ્રવચન કરીને સૌને સત્સંગલાભ આપેલો.

કિસુમુમાં પણ નૈરૌબી જેવો જ કાર્યક્રમ રહેતો. સવાર-સાંજ કથાવાર્તા અને વચગાળામાં પધરામણી. સ્વામીશ્રી બેય મોરચા બરાબર સંભાળી લેતા.

રોકાણના શહેર ઉપરાંત આસપાસનાં નગરોમાં પણ તેઓ પધરામણીઓ કરી આવતા. તે મુજબ તા. ૨૨/૨ ના રોજ કિસુમુથી આશરે વીસેક માઈલના અંતરે આવેલા મેવાની સુગર મિલમાં પણ પધારેલા.

એ જ રીતે તા. ૨૩/૨ ના રોજ કિસુમુથી પંદર માઈલ દૂર આવેલા મારાગોલી ગામે પણ સ્વામીશ્રી જઈ આવેલા. દેશમાં રહેતા હરિભક્તોના સંબંધીઓ અહીં રહેતા હોય તો તેને શોધી-શોધીને તેઓ પધરામણીએ પહોંચતા.

'પ્રભુ સંગે પ્રીત વધારવા, ફરે જગમાં રે સાચા સંત સુજાણ...' આ જ હેતુથી તા. ૨૪/૨ના દિવસે લગભગ ૬૦ માઈલ દૂર આવેલા કેરિચો ગામે પણ સ્વામીશ્રી ગયેલા. ત્યાં લક્ષ્મીનારાયણ મંદિરના કાર્યકર્તાઓ તથા ગામની ભાવિક જનતાએ તેઓનું હર્ષોલ્લાસથી સ્વાગત કરેલું.

અહીંથી બપોરે તેઓ કિસુમુ આવી ગયેલા અને સાંજે યોગીજી મહારાજની સાથે જ ટરોરો જવા નીકળેલા. રસ્તામાં આવતા કાકામેગા ગામના રામજી મંદિરમાં પણ સ્વામીશ્રીએ પધરામણી કરેલી.

નગરી નગરી દ્વારે દ્વારે

યુગાન્ડા દેશમાં પ્રવેશ કરી સંતો-હરિભક્તોનો કાફલો ટરોરો પહોંચ્યો ત્યારે અહીં પણ પ્રેમપૂર્વક સ્વાગત થયું. કૂદી કૂદીને, હાથ ઊંચા કરીને ઊંચે સ્વરે જયઘોષ કરવામાં ટરોરો મંડળ નંબર લઈ જાય તેવું. એ જ ઉત્સાહથી સૌએ યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીને પોતાના આંગણે વધાવ્યા. મંદિરમાં દર્શન કરીને યોગીજી મહારાજ સી. એમ. પટેલના ઘેર તથા સ્વામીશ્રી સહિત સંતો મોતીભાઈના ઘેર ઉતારે પધાર્યા.

તા. ૨૬/૨ના રોજ યોગીજી મહારાજ, સ્વામીશ્રી વગેરે સંતો-ભક્તો મગનભાઈના સ્મૃતિસ્થાને પધારેલા અને પૂજન-આરતી-સભાનો લાભ લીધેલો. બીજે દિવસે સ્વામીશ્રી ટરોરોથી બુસિયા, બુકેડિયા અને કિડનગોલી, એ ત્રણ ગામોમાં પધરામણીએ જઈ આવેલા. દરિયામાં સીધા સરતા જતા જહાજથી ઊઠતા પાણીના તરંગો દૂર દૂર સુધી ફેલાતા રહે છે, તેમ સ્વામીશ્રી પણ નિશ્ચિત કાર્યક્રમના માર્ગે આગળ ધપતાં-ધપતાં આસપાસનાં ગામોમાં સત્સંગનાં મોજાં પ્રસારતાં જતા.

તા. ૨૮/૨ના દિવસે સૌ ટરોરોથી મ્બાલે પધારેલા. આ ગામ મોટું અને આજુબાજુમાં, પણ સત્સંગીઓનાં ગામો ઘણાં. તેથી ઘણા મુમુક્ષુઓ ઊમટી પડેલા. અહીં જ્યાં ઉતારો હતો તે ઠાકોરભાઈના ઘેર એક વાર બાસુંદી-પૂરીની રસોઈ બનાવવામાં આવેલી. તે જોઈને યોગીજી મહારાજને પીરસવાનો ઉત્સાહ આવી ગયો અને તેઓએ સ્વામીશ્રી, મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી વગેરેને ખૂબ સારી રીતે તે વાનગી જમાડી હતી.

તા. ૧/૩ના રોજ સ્વામીશ્રીએ મ્બાલેમાં ત્રીસેક પધરામણીઓ કરી સૌનાં ઘર પાવન કર્યાં. અહીંથી તેઓ સિરોકો ગામે પધારેલા. ત્યાં પણ પાંત્રીસેક પધરામણીઓ કરી હતી. આ કાર્યક્રમ પૂર્ણ કરી સાંજે પાછા ટરોરો પહોંચી ગયેલા.

આમ, દેશ હોય કે પરદેશ, સ્વામીશ્રીને વિચરણની વણથંભી વણઝાર ચાલુ જ રહેતી.

તા. ૩/૩ના રોજ ટરોરોના મંદિરનો દસમો પાટોત્સવ ઊજવી સ્વામીશ્રી વિક્ટોરિયા સરોવરને કાંઠે નાઈલ નદીના ઉદ્‌ગમસ્થળ પાસે વસેલ જિન્જા નગરીમાં પધાર્યા. અહીં સવાર, સાંજ અને રાત – એમ ત્રણ સમયની સભાઓ થતી. સ્વામીશ્રી દરેક સભામાં લાભ આપતા. બાકીના સમયમાં પધરામણીઓ કરતા.

રીત જગત સે ન્યારી

આફ્રિકાના આ પ્રવાસમાં ઘણા યુવાનો સંતોની સાથે સેવામાં જોડાતા અને એક કુટુંબીજન જેવી આત્મીયતા સંતો-યુવકો વચ્ચે જામી જતી. મિત્રો વચ્ચે થાય એવી ગમ્મત પણ ચાલ્યા કરતી. સ્વામીશ્રીના સેવક તરીકે રહેલા દેવચરણદાસ સ્વામી સાથે જિન્જાના ગિરીશ નામના યુવાનને આવી જ સ્નેહગાંઠ બંધાઈ ગયેલી. આ સ્નેહના દાવાથી તે યુવાન તેઓ સાથે મજાક પણ કરતો ફરતો.

તેને ખબર કે આ સંતને આફ્રિકાનું લોકપ્રિય ફળ મટુન્ડા ભાવતું નથી. તેથી વારેઘડીએ તે ફળ તેઓ પાસે લઈ જઈને કહે : 'લો, સ્વામી ! જમો.' જેમ જેમ યુવાન દ્વારા આગ્રહ થાય તેમ તેમ તે સેવક વધુ અકળાય. આમ મસ્તી ચાલ્યા કરતી. આ ક્રમમાં એક વાર અડધું તોડેલું ફળ પેલા યુવાને સેવક સમક્ષ ધર્યું. તે જોઈ એ સંતે ફળ ઠેલવાના હેતુથી યુવાનના હાથને હળવો હડસેલો માર્યો. પણ હાથની પકડ ઢીલી હોવાથી તે ફળ ઊછળ્યું. બરાબર એ જ વખતે સ્વામીશ્રી ત્યાંથી પસાર થઈ રહેલા. એમનાં ચરણ પર જ તે ફળનાં બીયાં પડ્યાં અને ધોતિયાં પર પણ છાંટા ઊડ્યા.

આ જોઈ પેલો યુવાન તો સ્તબ્ધ થઈ ગયો. હસવામાંથી ખસવાની પરિસ્થિતિ નિર્માણ પામી ગયેલી. પરંતુ સ્વામીશ્રી લેશ અકળાયા વગર, તે બંને સામે મંદ સ્મિત વેરતાં બાથરૂમ તરફ પગ ધોવા ચાલ્યા ગયા ! આ વખતે એ યુવાન વિચારી રહ્યો કે 'સ્વામીશ્રીની જગ્યાએ બીજી કોઈ વ્યક્તિ હોત તો ?' સ્વામીશ્રીની ઉદારતા તે યુવાનના હૈયે જડાઈ ગઈ. 'To err is human, to forgive is divine.'[૨૧૯] ભૂલો કરવી તે માનવીય સ્વભાવ છે, માફ કરવું તે દિવ્ય પુરુષોનો ગુણ છે. સ્વામીશ્રીમાં આવી દિવ્યતાનાં દર્શન તે યુવાન કરી રહ્યો.

આ યુવાનને સામાન્ય કરતાં થોડાક લાંબા વાળ રાખવાનો શોખ. તેથી ઘણા સંતોએ તેને વાળ ટૂંકા કરાવવા કહેલું. પણ યોગીજી મહારાજ કે સ્વામીશ્રી આ વિશે તેને કશું કહેતા નહીં. તેથી આ યુવાનને વાળ ટૂંકા કરાવવાની વાતમાં દમ જણાતો નહીં. જો કે તેને મનમાં સતત ફડકો તો રહ્યા જ કરતો કે 'ક્યારેક તો સ્વામીશ્રી વાળ ટૂંકા કરાવવાનું કહેશે જ.' પરંતુ બન્યું તેઓની ગણતરીથી સાવ ઊંધું જ !

એક વાર તેના લાંબા વાળ પર હાથ ફેરવતાં સ્વામીશ્રીએ પ્રેમથી કહ્યું :

---

૨૧૯. Alexander Pope (poet).

'જેટલા વાળ વધારવા હોય એટલા વધારી લે, પછી તો મુંડો જ કરવાનો છે ને !' સ્વામીશ્રીએ એટલા વહાલથી વાણી ઉચ્ચારી કે એ યુવાન તો વિસ્મિત જ થઈ ગયો. સમય જતાં સ્વામીશ્રીની વાણી સત્ય ઠરી. તે યુવાને માથે મુંડન કરાવીને સંતદીક્ષા લઈ લીધી.[૨૨૦]

ખરેખર, 'दुर्लक्ष्यचिह्ना महतां हि वृत्तिः ।'[૨૨૧] મહાન વિભૂતિઓના ઈરાદા અકળ હોય છે. તેઓ સ્વાદિષ્ટ વાનગીઓ જમાડીને પણ નિઃસ્વાદી કરી મૂકે, સંપત્તિ આપીને પણ નિર્લોભી કરી નાંખે અને વાળ લાંબા રાખવાનું કહીને પણ સાધુ બનાવી દે.

તા. ૭/૩ના દિવસે હરિભક્તો સ્વામીશ્રીને નાઈલ નદી પર બંધ બાંધીને વીજળી ઉત્પન્ન કરવાનું વિરાટ તંત્ર ગોઠવવામાં આવ્યું છે ત્યાં લઈ ગયેલા. આમ જિન્જામાં સત્સંગનું સુખ આપીને યોગીજી મહારાજ, સ્વામીશ્રી તથા સંતમંડળ યુગાન્ડાના પાટનગર કંપાલા મુકામે પહોંચ્યું. રસ્તામાં લુગાઝીમાં આવેલા ખાંડના કારખાનાંમાં તથા બાલમંદિરમાં સૌએ પધરામણી કરીને એ ભૂમિને પણ પાવન કરી હતી.

ધન્ય ધન્ય તે વૃક્ષ-વેલી

કંપાલાથી મસીન્ડી થઈને સ્વામીશ્રી ગુલુ ગામે પધારેલા. અહીંથી લગભગ સો માઈલ દૂર 'મર્ચિસન ફૉલ્સ' નામની વિખ્યાત જગ્યા છે. ત્યાં નાઈલ નદી ધોધરૂપે પડે છે. દેશથી આવેલા સંતો-ભક્તો માટે અહીંના હરિભક્તોએ આ સ્થળે પર્યટનનો કાર્યક્રમ ગોઠવેલો.

યોગીજી મહારાજ તો ગુલુમાં જ રોકાવાના હતા. તેથી ઘણાને આ કાર્યક્રમમાં સામેલ થવાની ઈચ્છા નહોતી, પરંતુ યોગીજી મહારાજે જ સૌને આગ્રહપૂર્વક મોકલેલા અને સાથે સ્વામીશ્રીને પણ જવાની આજ્ઞા કરી. સ્વામીશ્રીનું આવવાનું નક્કી થતાં સૌ તૈયાર થઈ ગયા અને આ દર્શનીય સ્થળે આવી પહોંચ્યા.

અહીં એક ઝાડ છે. ત્યાં સન ૧૯૫૯માં યોગીજી મહારાજ, સ્વામીશ્રી અને સંત સ્વામી બિરાજેલા. તે જગ્યાનાં દર્શન સ્વામીશ્રીએ સૌને કરાવ્યાં અને તત્કાલીન સ્મૃતિઓ પણ કરાવેલી. આમ, સહેલગાહમાં પણ સત્સંગની સરવાણી સ્વામીશ્રી ભેળવેલી જ રાખતા, જેથી જગતનું પ્રધાનપણું જીવમાં ન થઈ જાય.

---

૨૨૦. તેઓનું દીક્ષિત નામ સાધુ અક્ષરપુરુષદાસ રાખવામાં આવ્યું.

૨૨૧. किरातार्जुनीयम् – ૧૭/૨૩.

વર્તન વાતો કરે છે


તા. ૧૫/૩ના રોજ સ્વામીશ્રી ગુલુથી ૬૫ માઈલ દૂર આવેલા કીટગુમ ગામે પધરામણીએ પહોંચેલા. જેમ પવનને માઈલોની ગણતરી રાખવાનું ન પાલવે. તે તો વહેતો જ રહે. તેમ સ્વામીશ્રી પણ માઈલો દૂરનાં ગામડાં ખેડીને વળી પાછા સાંજે, જ્યાંથી નીકળ્યા હોય ત્યાં આવી જતા અને રાત્રિ સભાઓમાં કથાવાર્તાનો લાભ આપતા.

એ જ રીતે તા. ૧૬/૩ના રોજ ગુલુથી લીરા થઈને કંપાલા આવી પહોંચેલા.

અહીં સ્વામીશ્રીની સેવામાં સોજિત્રાના હરમાનભાઈના પુત્ર જયંતીભાઈને રાખવામાં આવેલા. તેઓ સ્વામીશ્રીની જરૂરિયાત મુજબ જુદી જુદી સેવા કરતા રહેતા. સ્વામીશ્રી સાથે વાતચીતનો મોકો તો બહુ રહે નહીં. કારણ કે સ્વામીશ્રી તેઓનાં કાર્યોમાં ડૂબેલા હોય. વળી, સ્વામીશ્રીની પ્રકૃતિ મિતભાષી. છતાં સ્વામીશ્રીના સાંનિધ્યમાત્રથી તે યુવાનને સાધુ થવાની લગની લાગી ગયેલી.[૨૨૨] વર્તન વાતો કરે તે આનું નામ !

ટચૂકડી નોંધ

કંપાલામાં તા. ૨૧/૩ના રોજ પટેલ સમાજના હૉલમાં સભા હતી. આ સભાનું વર્ણન કરતાં સ્વામીશ્રી પોતાની રોજનીશીમાં નોંધે છે :



'આજે પટેલ સમાજમાં
સભા હતી. બહુ મોટી
સંખ્યામાં હરિભક્તો

૨૨૨. સમય જતાં આ યુવાને સાધુ-દીક્ષા લીધેલી. તેઓનું દીક્ષિત નામ સાધુ ગોવિંદ-પ્રસાદદાસ રાખવામાં આવ્યું.

ને બીજો સમાજ
હતો. ડોક્ટર સ્વામીનું
પ્રવચન સુંદર હતું.'

કદરદાની એ સ્વામીશ્રીનો સાહજિક ગુણ હતો. જ્યાં તે સારું જુએ તેને બિરદાવી જાણતા, ભલે તે નાના હોય કે મોટા. ધોધમાર વ્યાવહારિક પ્રવૃત્તિઓની વચ્ચે તેઓ કેવી એકાગ્રતાથી કથાશ્રવણ કરી શકતા તેનો પણ પુરાવો છે – આ ટચૂકડી નોંધ !

દોહ્યલું દર્શન

તા. ૨૩/૩નો દિવસ આફ્રિકા મંડળ માટે અને વિશેષ તો કંપાલાને ભાગે સોનાનો દિવસ જ હતો, કારણ કે સત્પુરુષના સાંનિધ્યમાં પહેલી વાર ફૂલદોલોત્સવ અહીં ઊજવાતો હતો.

આ માટે મહંત સ્વામીએ સંતો-યુવકો સાથે મળીને સુંદર હિંડોળો તૈયાર કરેલો. તેની એક-એક બાજુ સ્વામીશ્રી તથા મહંત સ્વામી બેસીને હિંડોળાને ઝુલાવી રહેલા. આ વખતે સભાસદોના માથે ઠીક ઠીક તાપ તપતો હતો. તેને લક્ષમાં રાખીને સ્વામીશ્રીએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે 'આ પુરુષનાં દર્શન માટે અનંત જન્મ સુધી તડકામાં ઊભા રહેવું પડે તોપણ ઓછું છે.'

પ્રવચન બાદ સંતો પુષ્પનો મુગટ લઈ આવ્યા. યોગીજી મહારાજને થયું કે 'આ મને પહેરાવશે.' તેથી તેઓએ નારાજગી વ્યક્ત કરી.

ત્યારે સ્વામીશ્રી સંતોની વહારે આવ્યા અને યોગીજી મહારાજને વિનંતી કરી કે 'બાપા ! સૌને રાજી કરો.'

સ્વામીશ્રીની વિનંતીથી યોગીબાપા થોડા નરમ થયા. તે તકનો લાભ લઈ સંતો-ભક્તોએ યોગીજી મહારાજના શિરે તે મુગટ ધારણ કરાવી દીધો. સૌને દર્શનનું અવિસ્મરણીય સુખ મળ્યું.

મૃત્યુ મંગલ બન્યું !

ફૂલદોલના દિવસે જ સાંજે લોહાણા ક્લબમાં જાહેર સત્સંગ સભા યોજાયેલી. તેમાં મુંબઈથી આ પ્રવાસમાં સાથે જોડાયેલા મોહનભાઈ રાઠોડે જણાવેલું કે 'ભવસાગર તરવા માટે યોગીજી મહારાજ નાવ છે. એમાં બેસી જવું.'

આમ બોલી તેઓ જ્યાં પોતાના સ્થાને બેઠા કે ત્યાં જ તેઓને હૃદય-

રોગનો હુમલો આવ્યો અને અક્ષરવાસી થઈ ગયા. દુઃખદ પરંતુ મૃત્યુને પણ મંગલ બનાવતી આ ઘટના ત્યાં બની ગઈ.

સ્વામીશ્રી પર સદ્‌ગતને ખૂબ હેત હતું. તેથી યોગીજી મહારાજની આજ્ઞા અનુસાર બીજે દિવસે સવારમાં સ્વામીશ્રી અને સંતોએ તેમના પાર્થિવ દેહને સ્નાન કરાવ્યું. ભક્તને છાજે એ રીતે તેઓની અંતિમવિધિ કરવામાં આવી. તેમના દીકરાઓને પણ આ સમાચાર તાર-ફોનથી પહોંચાડ્યા. મોહનભાઈનાં ધર્મપત્ની તો આ પ્રવાસમાં સાથે જ હતાં. તેઓને મુંબઈ પરત મોકલવાની વ્યવસ્થા પણ કરવામાં આવી.

શહેરના પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થો આ સમગ્ર વિધિમાં હાજર હતા. તેઓએ સ્વામીશ્રીને આ બધી વિધિ કરતા જોઈને ખૂબ જ આશ્ચર્ય અને અહોભાવ અનુભવ્યા. જીવતે જીવ તો ખબર રખાય, પરંતુ શરીરમાંથી પ્રાણ નીકળી ગયા પછી પણ અહીં આત્મીયતાનો નાતો અકબંધ રહે છે તે જોઈ સૌને ખૂબ ગુણ આવ્યો. મરણોપરાંત પ્રીતિ ટકાવી રાખે તેવા સ્વામીશ્રી જેવા મહાત્મા આજે સૌની નજરે પ્રથમ વાર ચઢેલા. સૌ તેઓને નીરખી જ રહ્યા !

તા. ૨૭/૩ના રોજ બાવીસ પ્રવાસીઓના ખાસ વિમાન દ્વારા યોગીજી મહારાજ, સ્વામીશ્રી અને સંતો કંપાલાથી મ્વાન્ઝા આવી પહોંચ્યા. વિક્ટોરિયા સરોવરને કાંઠે આવેલા આ રળિયામણા શહેરના સત્સંગીઓએ સ્વાગત પણ એવું જ કર્યું. વાજતે-ગાજતે સૌ સનાતન હિંદુ મંદિરમાં રાખેલી સ્વાગત સભામાં પધાર્યા. અહીં પુષ્પહારવિધિ બાદ સ્વામીશ્રીએ પ્રાસંગિક પ્રવચનનો લાભ આપેલો.

યોગીજી મહારાજ, સ્વામીશ્રી તથા સૌ સંતોનો ઉતારો રામુભાઈ મોરઝરિયાને ઘેર હતો. સવારની અને રાત્રિની કથાઓ પણ અત્રે જ યોજાતી. સાયં સભા હિંદુ મંદિરમાં થતી. શહેરની ભાવિક જનતા મોટી સંખ્યામાં લાભ લેવા ઊમટતી. દિવસ દરમ્યાન સ્વામીશ્રી પધરામણીઓ કરતા. તેથી પણ સારો સમાસ થતો હતો.

મન ફરતું રહે છે

આફ્રિકાના આ પ્રવાસમાં યોગીજી મહારાજને હવે લંડન લઈ જવાની ગતિવિધિઓ પણ ચાલુ થઈ ગયેલી, પરંતુ જ્યારે આ ચર્ચા નીકળે ત્યારે યોગીજી મહારાજના સ્વાસ્થ્યને અનુલક્ષીને લંડનની આબોહવા હંમેશા ચિંતાનો વિષય બની રહેતી. યોગીજી મહારાજ પણ તે જ વાત કરતાં કે '...પણ ઋતુ

સારી ન હોય તો ?'

ત્યારે ભક્તો કહેતા : 'બાપા ! એ તો બધું આપના હાથમાં છે.'

પણ યોગીજી મહારાજ અવાર-નવાર કંઈક ને કંઈક શંકા નાંખ્યા કરતા. તેથી કાર્યક્રમ ઘડાતો નહોતો.

એક વાર સ્વામીશ્રીએ પણ આ સંદર્ભમાં હસતાં હસતાં કહ્યું : 'મનમાં નક્કી કર્યું હોય તો જવું જ જોઈએ.'

'પણ આપણું મન તો ફરતું રહે છે. અમન થવું જોઈએ ને !' યોગીજી મહારાજે પણ ધીરે રહીને વિનોદ કર્યો. યોગીજી મહારાજ અને સ્વામીશ્રી વચ્ચે ક્વચિત્ જ થતા આવા વિનોદી વાર્તાલાપને સૌ માણી રહ્યા.


તા. ૩/૪ના રોજ સ્વામીશ્રી, મહંત સ્વામી, નારાયણ ભગત વગેરે નવ સંતો મ્વાન્ઝાથી ૧૫૦ માઈલ દૂર આવેલા મુસોમા ગામે પધાર્યા હતા. અહીં રાત્રે એક વાગ્યા સુધી સત્સંગ-સભા ચાલેલી.

બીજે દિવસે હરિભક્તોને ત્યાં પધરામણીઓ થઈ અને સાંજે હિંદુ મંદિરમાં જાહેર સભાનો પણ લાભ સૌને મળેલો. બે દિવસના આ કાર્યક્રમમાં લગભગ ૫૦૦ જેટલા મુમુક્ષુઓ લાભ લઈ ધન્ય થયેલા.

તો સોનાના થઈ જશો

તા. ૮/૪ના રોજ સ્વામીશ્રી યોગીજી મહારાજની સાથે મ્વાન્ઝાથી દારેસલામ આવી પહોંચેલા. અહીં ઍરપોર્ટ પર સ્વાગત બાદ લગભગ ૨૦૦ જેટલી મોટરમાં શોભાયાત્રાના સ્વરૂપે સૌ દરિયાકિનારે આવેલા આઇ. કે. પટેલના વિશાળ આવાસમાં આવી પહોંચ્યા.

અત્રે સંતમંડળ જેટલા દિવસ રોકાયું તેટલા દિવસ સૌ ભક્તોએ ચાતક વરસાદને ઝીલે એ રીતે સત્સંગનો લાભ સારો લીધો હતો. સૌની આ મુમુક્ષુતા પર મહોરછાપ મારતાં સ્વામીશ્રી તા. ૧૦/૪ની રોજનીશીમાં લખે છે :



'સમાસ ખુબ થયો.
જનતાએ લાભ પણ
સારો લીધો.
દિવસો થોડા પડ્યા
તેમ કહેતા. ખરેખર
જનતાનો ભાવ
જોઈ રોકાવા જેવું (હતું).'

આમ, દારેસલામ મંડળે રાજીપાની કમાણી કરી લીધી.

અહીંથી તા. ૧૧/૪ના રોજ મોમ્બાસા જતાં વચ્ચે ઝાંઝીબાર ઍરપોર્ટ પર પણ અલ્પ રોકાણ કરીને મુમુક્ષુઓને લાભ આપેલો.

મોમ્બાસામાં તો સત્સંગ-સાગર ઉછાળા મારી રહેલો. સી. ટી. પટેલની આગેવાની હેઠળ સ્વાગતથી માંડીને ઉત્સવ-સમૈયાનાં આયોજનો ભવ્યતાથી સંપન્ન થતાં હતાં. રોજ હિંદુ યુનિયનના ઉપક્રમે શિવ મંદિરમાં સત્સંગ થતો. તેમાં સ્વામીશ્રી પોતાના સૂરીલા કંઠે 'હરિલીલામૃત'ના આધારે શ્રીજીમહારાજનાં ચરિત્રોનું રસપાન કરાવતા.

શ્રીજીમહારાજનો જન્મોત્સવ તથા યોગીજી મહારાજનો પ્રતીક જન્મોત્સવ પણ ખૂબ જ ધામધૂમપૂર્વક ઊજવાયા. યોગીજી મહારાજના જન્મોત્સવે તો તેઓને પુષ્પહિંડોળે પધરાવીને સૌએ ઝુલાવ્યા. આ પ્રસંગે સ્વામીશ્રીએ પુષ્પહાર અને પુષ્પમુકુટ યોગીજી મહારાજને પહેરાવીને ચિરંતન લાભ લીધો હતો.

આ પ્રવાસમાં જોડાયેલા દેશના હરિભક્તો હવે દરિયાઈ માર્ગે મોમ્બાસાથી દેશ પ્રતિ પ્રયાણ કરવાના હતા. તા. ૨/૫ની સવારે સ્વામીશ્રીએ આ સૌ ભક્તોને ચાંદલા કરી, હાર પહેરાવી વિદાય આપી.

તા. ૩/૫ના રોજ સવારે યુવક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગીજી મહારાજના સાંનિધ્યમાં આ લાભ મળવાથી યુવકોનો ઉત્સાહ સમાતો નહોતો. તેમાં સી. ટી. પટેલે મોમ્બાસામાંથી સાધુ થવા માટે તૈયારી બતાવનારા બાવીસ યુવકોની નામાવલિ વાંચી ત્યારે તો યોગીજી મહારાજના ઉત્સાહનો પાર ન રહ્યો. વાંઝિયા રાજાને સાઠ વર્ષે પુત્ર પ્રાપ્ત થતાં જે આનંદ થાય તેથી અધિક આનંદ આ જાહેરાતથી યોગીજી મહારાજને થઈ ગયો. સૌને અંતરના ઉમળકાથી તેઓએ ધબ્બા માર્યા અને બળની ખૂબ વાતો કરી. પણ તે વાતોમાં મુદ્દો સમજાવતાં યોગીજી મહારાજ બોલ્યા : 'ભગવાન ભજશો, સંસ્કૃત શીખશો,

પ્રમુખસ્વામીની આજ્ઞામાં રહેશો તો સોનાના થઈ જશો.'

સ્વામીશ્રીનું આવું પ્રશસ્તિગાન યોગીજી મહારાજ કરી રહેલા ત્યારે તેઓ તો ક્યાંય પધરામણીઓ કરવા નીકળી પડેલા.

તમેય હાર પહેરો ને !

તા. ૩/૫ના રોજ ચીમનભાઈ તેઓના નોવેલ્ટી સ્ટુડિયોમાં યોગીજી મહારાજ અને સંતોને ફોટો પડાવવા લઈ ગયેલા. સ્વાગતમાં તેઓએ એક પુષ્પહાર તૈયાર રાખેલો. તે તેમણે યોગીજી મહારાજને પહેરાવીને તેઓના એક-બે ફોટોગ્રાફ લીધા. પછી યોગીજી મહારાજે જ સામેથી સ્વામીશ્રીને કહ્યું : 'પ્રમુખસ્વામી ! તમેય આ હાર પહેરો ને !' યોગીજી મહારાજ એટલા વહાલથી બોલ્યા કે સાંભળનારા સૌ ગદ્ગદ થઈ ગયા !

સ્વામીશ્રી યોગીજી મહારાજથી ઉંમરમાં ૨૯ વર્ષ નાના હતા, છતાં યોગીજી મહારાજ તેઓની સંપૂર્ણતઃ મર્યાદા જાળવતા. તેઓ પર અપાર પ્રેમ રાખતા. તેથી સ્વામીશ્રીને પણ હાર પહેરાવીને તેઓના ફોટા લેવડાવ્યા.

અહીં મોમ્બાસામાં તા. ૭/૫ના દિવસે બપોરે દોઢ વાગ્યે યોગીજી મહારાજ સમક્ષ અખબારોમાં પ્રસિદ્ધ થયેલા સત્સંગના સમાચારો વંચાઈ રહેલા. તેમાં વાત આવી કે 'શાસ્ત્રીજી મહારાજ ધામમાં જતી વખતે કહેતા ગયા – યોગી તે હું ને હું તે યોગી.'

આ સાંભળી યોગીજી મહારાજ જ બોલ્યા : 'હકાભાઈ સાંભળ્યું ? મોટાપુરુષ જે બોલે તે સત્ય થાય.'

ત્યારે હર્ષદભાઈએ પૂછ્યું : 'શાસ્ત્રીજી મહારાજે આપને કહ્યું હતું ને કે આ નારણ સ્વામી (પ્રમુખસ્વામી) પર દૃષ્ટિ રાખજો ?'

'હા, શાસ્ત્રીજી મહારાજે મને કહેલું – એને સાધુ થવાની વાત કરજો. પોતે હાથ મૂકે ને મારી પાસેય મુકાવે.' એમ યોગીજી મહારાજે સમર્થન આપીને સ્વામીશ્રી વિશેની પ્રીતિ જણાવેલી.

તા. ૮/૫ના રોજ મોમ્બાસા મંદિરનો ૧૬મો પાટોત્સવ ભક્તિભાવથી ઉજવાયો. યોગીજી મહારાજના સ્વાસ્થ્યની સાનુકૂળતા સચવાય તે માટે સ્વામીશ્રીએ જ પાટોત્સવનો સર્વ વિધિ કરેલો. અંતમાં યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીએ આરતી ઉતારેલી.

પાટોત્સવ બાદ તા. ૧૦/૫ના રોજ મોમ્બાસાથી સૌએ વિદાય લીધી અને

નૈરોબી પહોંચ્યા. આ રોકાણ દરમ્યાન શેરડી ભેગી એરડીના ન્યાયે નકુરુને પણ એક દિવસનો લાભ મળી ગયો. તા. ૧૩/૫ના રોજ સ્વામીશ્રી અહીં પધારેલા. સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી 'પટેલ બ્રધરહુડ' હૉલમાં સભા થઈ. ત્યાંથી શ્રીકૃષ્ણ મંદિરે પધાર્યા. અહીં યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીએ આરતી ઉતારી. રાત્રે ૯ થી ૧૦:૩૦ સુધી વળી પુનઃ પટેલ બ્રધરહુડ હૉલમાં સ્વામીશ્રીના અધ્યક્ષપદે સભા રાખવામાં આવેલી. તેમાં પણ સાયંસભાની જેમ જ મોટો સમુદાય લાભ લેવા ઊમટેલો. બીજે દિવસે સ્વામીશ્રી શહેરમાં પધરામણીઓ કરવા નીકળેલા.

પહેલાં અહીં બેઠા

તા. ૧૯/૫ના રોજ નૈરોબીના મંદિરમાં ઇટાલિયન મારબલમાંથી તૈયાર કરેલી શાસ્ત્રીજી મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા થવાની હતી. તેના વિધિરૂપે સ્વામીશ્રીએ આ મૂર્તિના મસ્તક પર દૂધની ધારા દ્વારા અભિષેક કર્યો. બાદ મૂર્તિનું પૂજન કરીને સિંહાસનમાં પધરાવવામાં આવી. સ્વામીશ્રીએ કંઠી, યજ્ઞોપવીત, ભગવું ગાતરિયું અને પાઘ ધરાવી તેને ચાંદલા કર્યા. આ સમગ્ર વિધિ દરમ્યાન યોગીજી મહારાજ સિંહાસનના ઓટલે બેસી દર્શન કરી રહેલા અને ગુરુહરિની મૂર્તિપ્રતિષ્ઠાનો અનેરો આનંદ લૂંટતા હતા.

પ્રતિષ્ઠાવિધિ બાદ બેન્ડના નિનાદ સાથે યોગીજી મહારાજ તથા સ્વામીશ્રીએ આરતી ઉતારી. રૂડા આશીર્વાદ પાઠવતાં યોગીજી મહારાજ બોલ્યા : 'કાઠિયાવાડમાં શાસ્ત્રીજી મહારાજ પહેલાં ન બેઠા ને અહીં બેઠા.' તેઓના આ ઉદ્‌ગારને ઉપસ્થિત ભક્તમેદનીએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધો.

પ્રમુખસ્વામી રાજી તો હું બહુ રાજી

નૈરોબીમાં શાસ્ત્રીજી મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા કર્યા બાદ સૌ કંપાલા આવેલા. અહીં તા. ૨૨/૫ના રોજ સાંજે યુવકોએ યોગીજી મહારાજ સમક્ષ યોગાસનો, સૂર્ય નમસ્કાર, કસરતના વિવિધ પ્રયોગો, પિરામિડ, કૂચગીત, રાસ, સંવાદ વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા. તેમાં તુલસીભાઈએ બનાવેલું *'આવો યુવકો તમને બતાવું...'* એ ગીત બેન્ડવાદન સાથે ગવાયું હતું. તે વખતે યોગીજી મહારાજ ખૂબ ખુશ થઈ ગયેલા અને બોલેલા : 'પ્રમુખસ્વામી પધરામણીએ ગયા છે, નહીં તો આ ગીત તેમને સંભળાવત! હવે કાલે પ્રમુખસ્વામીને આ સંભળાવશું. તેમને રાજી કરશું. પ્રમુખસ્વામી રાજી થાય તો હું બહુ રાજી!'

પછી બીજે દિવસે યોગીજી મહારાજની ઇચ્છાથી યુવકોએ સ્વામીશ્રી સમક્ષ કૂચગીત રજૂ કરેલું ત્યારે યોગીજી મહારાજ બોલ્યા : 'હવે હું રાજી !'

આમ, સ્વામીશ્રી સાથેનો ગાઢ એકાત્મભાવ યોગીજી મહારાજ અવાર-નવાર પ્રગટ કરતા રહેતા.

તા. ૨૩/૫નો દિવસ અહીંથી વિદાયનો હતો. આફ્રિકાના પ્રવાસનો એ ૧૦૮મો દિવસ હતો. યોગીજી મહારાજે આફ્રિકાના સત્સંગીઓના કંઠમાં જાણે ૧૦૮ દિવસરૂપી ૧૦૮ મણકાની સુખમાળ જ આરોપી દીધેલી !

સૌને બ્રહ્મરસમાં તરબોળ કરી સવારે ૧૦:૪૫ વાગ્યે કંપાલાના એન્ટેબે ઍરપોર્ટ પરથી સૌએ લંડન જવા વિદાય લીધી. લંડનના સમય મુજબ બપોરે ૪:૫૫ વાગ્યે વિમાને ભૂમિ પર ઉતરાણ કર્યું ત્યારે યોગીજી મહારાજને વધાવવા આવેલા સૌ ભક્તો ભાવવિભોર બની ગયા. સ્વાગતની ઔપચારિકતા બાદ યોગીજી મહારાજ ડોલીસ હિલમાં આવેલા અરવિંદભાઈના ઘેર ઉતારે પધાર્યા. સ્વામીશ્રી અને સંતોનો ઉતારો વેમ્બલીમાં ચિત્તરંજનભાઈના ઘેર હતો.

ઇસ્લિંગ્ટન વિસ્તારમાં મંદિર-નિર્માણ માટે જે ચર્ચ લેવામાં આવેલું ત્યાં જ તા. ૨૪/૫ના રોજ સ્વાગતસભા યોજાઈ. લગભગ ૫૦૦ હરિભક્તોની ઉપસ્થિતિમાં આ સમારોહ સંપન્ન થયો. યોગીજી મહારાજ અને સ્વામીશ્રીના શબ્દોથી પ્રથમ વાર વિલાયતની આ ભૂમિ ગુંજી ઊઠી.

તા. ૨૫ થી ૨૯ મે સુધી વેમ્બલી મિડલસેક્સમાં આવેલા મેથોડિસ્ટ ચર્ચ હૉલમાં સત્સંગસભાઓ ગોઠવાયેલી. અહીં રોજ સવારે અને સાંજે જાહેર સત્સંગસભાઓ યોજાતી. તેમાં ઘણા હિંદુ ભાવિકો લાભ લેવા આવતા. યોગીજી મહારાજની પધરામણીઓ તો બંધ હતી. તેથી સ્વામીશ્રી જ પધરામણીઓનો કાર્યભાર સંભાળતા, પરંતુ યોગીજી મહારાજે ભક્તોના મનોરથો પૂર્ણ કરવા માટે હરિભક્તોને ત્યાં ઠાકોરજી જમાડવાનું આમંત્રણ સ્વીકાર્યું હતું. તેથી તે નિમિત્તે સૌને વિશેષ લાભ મળવો શરૂ થયેલો.

સેવાનો મીઠો મેવો

ઠાકોરજી જમાડવાના ક્રમમાં એક વાર યોગીજી મહારાજ અને સંતો એક હરિભક્તના ઘેર પધારવાના હતા. રસોડા સંબંધી વ્યવસ્થા માટે ત્યાગવલ્લભદાસ સ્વામી અગાઉથી તે ઘેર પહોંચી ગયેલા.

સામાન્ય રીતે યોગીજી મહારાજ સવારની સભા પૂરી કર્યા બાદ એક

વાગ્યાની આસપાસ ઠાકોરજી જમાડવા પધારતા. તેથી તે મુજબની ગણતરી પ્રમાણે ત્યાગવલ્લભદાસ સ્વામી સેવા કરી રહેલા. પરંતુ આ દિવસે યોગીજી મહારાજ અને સંતો વહેલા પધારી ગયા. તેથી જાજમ ઉપર કાગળ પાથરીને તેના ઉપર ડિશ-વાટકી ગોઠવવાની પૂર્વતૈયારી ત્યાગવલ્લભદાસ સ્વામી કરી શકેલા નહીં. વળી, રસોઈ પણ પૂરેપૂરી તૈયાર થઈ નહોતી. તેથી ઘડીકમાં રસોડામાં તો ઘડીકમાં બહાર વ્યવસ્થા માટે તેઓ દોડાદોડી કરી રહેલા.

સ્વામીશ્રીએ આ જોયું અને તેઓ પરિસ્થિતિ પામી ગયા. પારકી પીડાને તો સ્વામીશ્રી તે વ્યક્તિના અંતર્યામી હોય એટલી ત્વરાથી અને સહજતાથી પારખી જતા. એટલું જ નહીં, તેને દૂર કરવા પ્રયત્નશીલ થઈ જતા. તેથી અહીં પણ તેઓ ત્યાગવલ્લભદાસ સ્વામી પાસે આવ્યા અને તેઓને કહ્યું : ‘તમે અંદર રસોઈમાં ધ્યાન આપો. અહીંની વ્યવસ્થા હું કરી દઉં છું.’ એમ કહી સ્વામીશ્રી જાતે જ ડિશ, વાટકી, કાગળ વગેરે ગોઠવવા લાગ્યા. આજુબાજુ બીજા નાના સંતો, યુવકો બેઠેલા, પરંતુ તે કોઈને કામ ચીંધ્યા સિવાય તેઓ જાતે સેવામાં મંડી પડ્યા.

જેમ બાળકો મનપસંદ વાનગી બીજો કોઈ ભાગ ન પડાવે તેવી ચુપકીદીથી ખાઈ જતાં હોય છે, તેમ સ્વામીશ્રીને પણ સેવાનો મેવો એવો મીઠો લાગતો કે તેઓ તેને એકલા જ આરોગી જતા. તેઓ કામ ચીંધનારા કરતાંય વિશેષ તો કામ કરનારા પ્રમુખ હતા.

તેઓને સેવા કરતા જોઈને બીજા સંતો અને યુવકો પણ મદદમાં લાગી ગયા, પરંતુ સ્વામીશ્રીની આ રીતભાત ત્યાગવલ્લભદાસ સ્વામીને ઘણી પ્રભાવિત કરી ગઈ. સ્વામીશ્રી પ્રત્યે તેઓને વિશેષ આકર્ષણ થયું.

આપણા પછી પ્રમુખસ્વામી

તા. ૨૭/૫ના રોજ પધરામણીએ નીકળેલા સ્વામીશ્રી કચ્છી ભાઈઓએ તૈયાર કરેલા મંદિરમાં દર્શનાર્થે પધાર્યા હતા. આ જ દિવસે ‘સન્ડે ટાઈમ્સ’ સાપ્તાહિકના ખબરપત્રી ડેવિડ બ્લોન્ડી યોગીજી મહારાજનાં દર્શન-મુલાકાત માટે આવેલા. પરસ્પર પરિચયની ઔપચારિકતા બાદ તેઓએ યોગીજી મહારાજને ઘણા પ્રશ્નો પૂછ્યા. તેમાં એક પ્રશ્ન એવો પૂછ્યો કે ‘અત્યારે તો આપના આધારે આ સંપ્રદાય ચાલે છે, પણ આપના પછી કોણ ?’

‘આપણા પછી પણ છે, અમારા પ્રમુખસ્વામી.’ યોગીજી મહારાજ તરત જ બોલ્યા.

પેલા અંગ્રેજ પત્રકારને તો આ જવાબમાં કદાચ કંઈ વિશેષ નહીં લાગ્યું હોય પણ ભક્તોને તો એક જીવનદોરી મળી ગઈ આ ઉત્તરમાંથી !

તા. ૨૮/૫ના રોજ હરિભક્તોના પ્રેમાગ્રહથી સૌ સંતો-ભક્તો માટે નગરદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવેલો. તે માટે એક બસ ભાડે કરી લીધેલી. યોગીજી મહારાજ માટે જુદી ગાડી હતી. તેમાં બેસીને તેઓ તો થોડી વારમાં પોતાના નિવાસસ્થાને પરત ફરેલા. આ વખતે સ્વામીશ્રીએ શહેર પર દૃષ્ટિ કરીને સત્સંગનાં વાવેતર કર્યાં હતાં.

હૈયે હતું તે હોઠે આવ્યું

લંડનના રોકાણ દરમ્યાન યોગીજી મહારાજનો ઉતારો અને સંતોનો ઉતારો અલગ-અલગ ઠેકાણે હતો, પરંતુ ત્યાગવલ્લભદાસ સ્વામી અને નારાયણ ભગત સ્નાન-પૂજાથી પરવારીને યોગીજી મહારાજ જાગે તે પહેલાં તેઓના ઉતારે લાભ લેવા પહોંચી જતા. પરંતુ મુંડન કરાવવાના દિવસે તેઓને પરવારવામાં મોડું થયું, તેથી તે બંને સંતોએ તેઓને લેવા માટે વાહન મોકલવા અંગે યોગીજી મહારાજના ઉતારે ફોન જોડ્યો. અહીં અરવિંદભાઈએ ફોન ઉપાડ્યો અને તેઓ ત્યાગવલ્લભદાસ સ્વામી સાથે વાત કરવા લાગ્યા.

બરાબર એ જ વખતે યોગીજી મહારાજ ત્યાં આવી પહોંચ્યા. તેઓને ખબર પડી કે સામે છેડે ત્યાગવલ્લભદાસ સ્વામી છે. તેથી તેઓએ અરવિંદભાઈના હાથમાંથી રિસીવર પોતે લઈ લીધું અને 'કોણ બોલો ?' 'કેમ છો ?' વગેરે કોઈ ઔપચારિક પ્રશ્નો વિના સીધું જ પૂછ્યું : 'પ્રમુખસ્વામી શું કરે છે ?'

'તેઓ સ્નાન કરી રહ્યા છે.' ત્યાગવલ્લભદાસ સ્વામીએ કહ્યું.

આટલું સાંભળી યોગીજી મહારાજે તો વાત પૂરી કરી દીધી પણ ત્યાગવલ્લભદાસ સ્વામીનું મન વિચારે ચડી ગયું કે 'અહીં ઉતારે તો બીજા ઘણા સંતો હતા. છતાં યોગીજી મહારાજે સ્વામીશ્રીને જ કેમ યાદ કર્યા ?' પણ પછી તેઓએ જ સમાધાન શોધી કાઢ્યું કે 'આપણને જે વ્યક્તિ વહાલી હોય, પ્રિય હોય તેને જ પહેલાં યાદ કરીએ. યોગીજી મહારાજને સ્વામીશ્રી પ્રત્યે અસાધારણ હેત હતું જ. તેથી જ તેઓને યાદ કર્યા હશે !'

જે હૈયે હોય તે હોઠે આવ્યા વિના કેમ રહે ?

યોગીજી મહારાજના લંડન નિવાસ દરમ્યાન જ તેઓનો ૭૯મો જન્મ-જયંતી દિન આવી રહેલો. તેથી સૌએ પાંચ દિવસ સુધી તેની ભવ્ય ઉજવણી

કરવાનું નક્કી કર્યું હતું. તે મુજબ હૉલ ભાડે રાખવાથી માંડીને આમંત્રણ પત્રિકાઓ છાપવા સુધીનું તંત્ર અને સભાથી લઈને પ્રસાદ સુધીની વ્યવસ્થા પણ ગોઠવાવા લાગેલી.

યોગી જયંતીની પ્રથમ સભા તા. ૩૦/૫ના રોજ ઈસ્ટ લંડનના ફોરેસ્ટ ગેટમાં આવેલા ડર્નિંગ હૉલમાં થઈ. તેમાં સ્વામીશ્રી તથા અન્ય સંતો-ભક્તોએ યોગીજી મહારાજનાં ગુણગાન ગાયાં હતાં. ત્યારબાદ તા. ૩૧/૫ના દિવસે યોગી જયંતીના દ્વિતીય સમારંભ માટે વેસ્ટ લંડનના પેંડિંગ્ટનમાં આવેલો પોરચેસ્ટર હૉલ સદ્‌ભાગી બન્યો હતો.

તા. ૧/૬નો દિવસ યોગી જયંતીનો હતો. આ દિવસે સવારે યોગીજી મહારાજ અને સ્વામીશ્રી સહિત સૌ હરે કૃષ્ણ મંદિરમાં પધારેલા. અહીં યુરોપિયન સાધુઓએ નૃત્ય સાથે સંકીર્તન કરી યોગીજી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરી. આજના દિવસનો મુખ્ય સમારંભ વેમ્બલીમાં આવેલા બ્રેન્ટ ટાઉનહૉલમાં રાખવામાં આવેલો. આ સભામાં સ્વામીશ્રી તથા અન્ય મહાનુભાવોએ વક્તવ્યો દ્વારા યોગીજી મહારાજને વધાઈ આપી. સૌ વતી સ્વામીશ્રીએ યોગીજી મહારાજનું પૂજન કર્યું.

અમારું ઘર પ્રમુખસ્વામી બતાવશે

યોગીજી મહારાજના લંડન ખાતેના નિવાસ દરમ્યાન આગેવાન સત્સંગી ડી. ડી. મેઘાણીએ એક ખાસ વાત એ નોંધેલી કે ‘જ્યારે કોઈ પણ વાત, પછી ભલે ને તે અંગત હોય તો પણ, યોગીજી મહારાજ હંમેશા સ્વામીશ્રીને બોલાવે અને પછી જ વાત સાંભળે. સ્વામીશ્રીની જાણ બહાર કોઈ પણ સાથે જરા પણ વાત યોગીજી મહારાજ કરતા નહીં.’ આ વાત તેઓને ઘણું આશ્ચર્ય ઉપજાવતી હતી.

એક વાર યોગીજી મહારાજના ઓરડામાં તેઓ બેઠા હતા. બીજા પણ કેટલાક હરિભક્તો હતા. સ્વામીશ્રી પણ બિરાજમાન હતા. તે વખતે મેઘાણીએ યોગીજી મહારાજને કહ્યું : ‘બાપા ! અમારા મનુષ્યના ઘેર આપ પધરામણી કરીને અમને જે લાભ આપો છો તે બહુ જ અવર્ણનીય છે. પણ બાપા ! જો આપનું ઘર બતાવો તો પણ મહદ્ ઉપકાર થાય.’

આ સાંભળી યોગીજી મહારાજે મરમમાં હસતાં કહેલું : ‘શાસ્ત્રીજી મહારાજનું ઘર અમે બતાવ્યું. અમારું ઘર આ પ્રમુખસ્વામી બતાવશે.’

એટલું કહીને યોગીજી મહારાજ તો મસ્તકે ઓઢી પોઢી ગયા, પણ યોગીજી મહારાજના અંતરમાંથી ઊછળી આવેલા આ ઉમળકાએ સાંભળનારા

સૌની ઊંઘ ઉડાડી દીધી ! યોગીજી મહારાજથી સ્વામીશ્રી અણુમાત્ર અલગ નથી તેની પ્રતીતિના આ શબ્દોમાં જ જાણે સૌ ખોવાઈ ગયા ! પોતાના એકમાત્ર અને અનન્ય વારસદાર તરીકે સ્વામીશ્રી જ છે તેનાં દુંદુભિ યોગીજી મહારાજ વગાડ્યે જ જતા હતા.

તા. ૨/૬ના રોજ યોગી જયંતીનો ચતુર્થ સમારંભ બ્રિક્સટનના લેમ્બેથ ટાઉન હૉલમાં સંપન્ન થયો હતો અને તા. ૩/૬/'૭૦ના રોજ નૂતન મંદિરના હૉલમાં જ જયંતી સમારંભ ગોઠવવામાં આવેલો.

આજે યોગીજી મહારાજના અંગ્રેજી તારીખ અનુસારના જન્મદિનને અનુલક્ષીને દૂધમાં બનાવેલી બે શુદ્ધ કેક થાળમાં મૂકવામાં આવી હતી. સૌની વિનંતીથી યોગીજી મહારાજે તે કેક કાપવાનો પ્રયત્ન કર્યો પણ કપાઈ નહીં. સ્વામીશ્રી બાજુમાં જ ઊભા હતા. તેઓએ કેકને કાપી આપી. તેમાંથી એક અતિ નાનો ટુકડો ઠાકોરજીને ધરાવીને યોગીજી મહારાજે અંગીકાર કરેલો. આમ તો આવા પદાર્થોમાં તેઓને બિલકુલ રુચિ નહીં, પણ સ્વામીશ્રીએ કેક કાપેલી એટલે કદાચ તેઓએ આ વાનગી ચાખી હશે !

તા. ૬/૬ થી ૧૨/૬ દરમ્યાન લંડનના જુદા જુદા વિસ્તારોમાં તથા આસપાસનાં શહેરોમાં સત્સંગસભાઓ યોજાયેલી. જેમાં લોફબરો, લેસ્ટર, લ્યૂટન, સરે(સાઉથ લંડન)માં યોગીજી મહારાજ, સ્વામીશ્રી તથા સંતો પધારેલા.

દૂર દેશમાં અનિર્દેશ

તા. ૧૪/૬ના રોજ ઇંગ્લેન્ડની ધરતી પર અક્ષર-પુરુષોત્તમનું પ્રથમ મંદિર અસ્તિત્વમાં આવ્યું. આ નિમિત્તે નીકળેલી શોભાયાત્રાએ આખાય શહેરમાં જબ્બર આકર્ષણ જમાવ્યું હતું. અખબારોએ ફોટાઓ સાથે તેની નોંધ લીધી હતી. ૧૨:૨૨ કલાકે મૂર્તિપ્રતિષ્ઠાની આરતી યોગીજી મહારાજ, સ્વામીશ્રી તથા સૌએ ઉતારી ત્યારે વિલાયતમાં પણ મોક્ષનું દ્વાર ઊઘડી ગયું. દૂર દેશમાં અનિર્દેશનું સર્જન થઈ ગયું !

મંદિર થતાં યોગીજી મહારાજે પ્રથમ કામ કર્યું – પારાયણ ગોઠવવાનું. તા. ૧૯/૬થી ડૉક્ટર સ્વામીએ વચનામૃતનું પારાયણ શરૂ કર્યું. આ પારાયણની પૂર્ણાહુતિ તા. ૨૪/૬ના રોજ સ્વામીશ્રીની કથાથી થઈ હતી. જેમ વ્યસની કદી વ્યસનથી ધરાય નહીં તેમ યોગીજી મહારાજ કદી કથા-વાર્તાથી સંતોષ પામતા નહીં. તે અનુસાર તા. ૨૬/૬થી નૂતન મંદિરમાં દ્વિતીય પારાયણ શરૂ કરવામાં


આવ્યું. તેમાં સ્વામીશ્રીએ 'હરિલીલામૃત'નું પ્રકરણ કર્ણપ્રિય કંઠે ગાઈ સંભળાવેલું.

આ પારાયણના દિવસોમાં જ તા. ૨૮/૬ના રોજ થેમ્સ નદીમાં ઠાકોરજીને સ્નાન કરાવવાનો કાર્યક્રમ ગોઠવાયેલો. લંડનની ધોરી નસની જેમ વહેતી આ નદીને પાવન કરવા માટે યોગીજી મહારાજ સૌ સંતો સાથે પધારેલા. તા. ૨૯/૬ના રોજ બસો વર્ષ પુરાણા 'એલેક્ઝાન્ડ્રા પેલેસ'ને પણ સ્વામીશ્રીએ પાવન કરેલો.

તા. ૨૬/૬થી શરૂ થયેલું પારાયણ તા. ૧/૭ના રોજ પૂર્ણાહુતિ પામતું હતું. આ પ્રસંગે સ્વામીશ્રીએ વ્યાસપીઠ પર બેસીને સૌનું પૂજન સ્વીકાર્યું હતું. પણ 'જ્યોત સે જ્યોત જલે'ની જેમ હજી તો આજે પારાયણની પૂર્ણાહુતિ નિમિત્તે સ્વામીશ્રીનું પૂજન થયું ત્યાં જ બીજે દિવસે તા. ૨/૭ના રોજ પારાયણનો પ્રારંભ કરવા બિરાજેલા સ્વામીશ્રીનું પૂજન કરવામાં આવ્યું. 'હરિલીલામૃત' ગ્રંથ વિષયક વધુ એક પારાયણનો પ્રારંભ થયો. તેમાં શ્રીજીમહારાજે સુંદરજી સુથારનું માન ઉતારવા અઢાર પરમહંસો કર્યા તે પ્રકરણ સ્વામીશ્રીએ સુંદર રીતે વાંચી સંભળાવ્યું હતું.

ગુરુસ્મૃતિમાં ગુલતાન

પારાયણ દરમ્યાન તા. ૩/૭ના રોજ પોતાની રોજનીશીમાં એક રસપ્રદ નોંધ કરતાં સ્વામીશ્રી લખે છે :



'આજે

સંતો મહંત સ્વામિ,

ઈશ્વર સ્વામિ..
નારણ ભગત તથા અનુપમ
ભગત ને ત્યાગવલ્લભ
સ્વામિ વિગેરે નવ સંતો-
ને શ્વેત વસ્ત્રની(પાર્ષદી) દીક્ષા
આપેલ તે મુંબઈમાં
તે દિવસ હતો.
આજે તેઓને દીક્ષા આપે
દસ વરસ પુરા થતા હતા.'

સ્વામીશ્રીની આ નોંધમાં ઐતિહાસિક સૂઝની સાથે ગુરુભક્તિ પણ ઝળકે છે. સુશિક્ષિત નવયુવાનોને દીક્ષા આપવાનું ઐતિહાસિક કાર્ય યોગીજી મહારાજે કરેલું. તેની દશાબ્દીએ સ્વામીશ્રીએ કરેલી આ નોંધ દર્શાવે છે કે ગુરુ દ્વારા સંપન્ન થયેલાં ઐતિહાસિક કાર્યોની સ્મૃતિ સ્વામીશ્રી કરતા રહેતા હશે. તેઓ સદા ગુરુસ્મૃતિમાં ગુલતાન રહેતા હતા.

દોનોં ઘડિયાં કઠિન

યોગીજી મહારાજની વિદાયનો દિવસ હવે નજીક સરકી રહેલો. તેથી સૌ જે લાભ મળે તે ગાંઠે બાંધી લેવા માટે સહરાની તરસથી આવી પહોંચતા. તે મુજબ તા. ૪/૭ની સવારે વેમ્બલીમાં આવેલા વિવિયન હૉલમાં યોજાયેલી જાહેર સભામાં મોટી સંખ્યામાં મુમુક્ષુઓ ઊમટી પડેલા.

તા. ૫/૭ના રોજ રથયાત્રા ઉત્સવ અને વિદાય સમારંભ સાથે જ યોજાયેલા. રવિવાર હોવાથી ઘણા ભાવિકો આ સભામાં પણ ઉપસ્થિત હતા. યોગીબાપાનાં દર્શનથી આનંદ અને વિદાયથી ગમગીનીની મિશ્ર લાગણીઓ સૌ અનુભવી રહેલા.

'હમ પર ગુજર ગઈ દોનો ઘડિયાં કઠિન; એક આપકે આને કે પહલે, એક આપકે જાને કે બાદ..' જેવી લાગણીઓ વ્યક્ત કરીને સૌ વિરહ-વેદનાને ઘૂંટી રહ્યા. સ્વામીશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરીને સૌના વિરહની વેદનાને શમાવી.

તા. ૬/૭ના રોજ સાંજે પારાયણની પૂર્ણાહુતિ હતી. કથાવાર્તાનો આ છેલ્લો લહાવો લૂંટવા માટે પણ બહોળી સંખ્યામાં ભાવિકો ઊમટી પડેલા.

પ્રમુખસ્વામી પ્રતિષ્ઠા કરવા આવશે

તા. ૭/૭/’૭૦નો દિવસ વિદાયનો હતો. લંડનના ૪૫ દિવસના કાર્યક્રમ પર પૂર્ણવિરામ મૂકતાં યોગીજી મહારાજ અને સ્વામીશ્રી હિથ્રો ઍરપોર્ટ પર પધાર્યા. વિદાય લેતાં પૂર્વે અહીંથી અમેરિકા જનારા સંતોને બોલાવીને યોગીજી મહારાજે કહ્યું : ‘અત્યારે અહીં મંદિરમાં રોકાવું. હરિભક્તો આવે તેને કથાવાર્તા કરવી. પછી અમેરિકા જવાનું છે. બધાને ભેગા કરવા. ૫ડ તૈયાર કરવું. એમ કરતાં મંદિર થઈ જશે. બે વર્ષમાં મંદિર થશે. પછી પ્રમુખસ્વામી પ્રતિષ્ઠા કરવા આવશે.’

વિદેશની ભૂમિ પરના આ છેલ્લા ઉદ્‌ગારોમાં યોગીજી મહારાજના મુખેથી આર્ષવાણી સરી પડી. તેમાં પણ સ્વામીશ્રી દ્વારા તેઓનું કાર્ય ચાલુ રહેશે તે વાતનો પડઘો પડતો હતો.[૨૨૩]

૧૦:૨૫ વાગ્યે વિમાને ઇંગ્લેન્ડની ધરતીનો સંપર્ક છોડ્યો. ૧૧:૦૭ વાગ્યે પેરિસમાં ઉતરાણ થયું. અહીં સ્વામીશ્રીને નીચે ઉતારી સૌએ ઍરપોર્ટની ધરતી પાવન કરાવી. ૧૨:૪૮ વાગ્યે સ્વિટ્ઝર્લૅન્ડના ઝ્યુરિક ઍરપોર્ટ પર વિમાન ઊતર્યું. અત્રે સૌની વિનંતીથી યોગીજી મહારાજ સીડી સુધી આવ્યા અને સીડી પર ઊભાં ઊભાં જ દૃષ્ટિ કરીને દેશને પાવન કર્યો.

૫:૧૩ વાગ્યે વિમાન બૈરૂત પહોંચ્યું. અહીં વિમાનના પરિચારકો બદલાયા. વિદાય લેતા અને નવા આવેલા પુરુષ પરિચારકો, અધિકારીઓએ યોગીજી મહારાજના આશીર્વાદ મેળવ્યા. ૬:૩૪ કલાકે વિમાને ભારતની દિશા સાંધી અને તા. ૮/૭ની વહેલી સવારે ૪:૧૧ વાગ્યે મુંબઈમાં ઉતરાણ કર્યું.

અહીં પરોઢિયે પણ હજારો હરિભક્તો યોગીજી મહારાજને વધાવવા આવી પહોંચેલા. સૌનો પ્રેમભાવ સ્વીકારતાં તેઓ ૬:૦૦ વાગ્યે મંદિરે પધાર્યા. પ્રાસંગિક સભા યોજાઈ ગઈ. તેમાં સ્વામીશ્રીએ ધર્મયાત્રાનો સંક્ષિપ્ત અહેવાલ આપ્યો. યોગીજી મહારાજને આરામ મળી રહે તે હેતુસર બીજા કોઈ વિશેષ કાર્યક્રમો રાખવામાં નહોતા આવ્યા.

અલબત્ત, સ્વામીશ્રીએ તો તા. ૧૧/૭થી પધરામણીઓનો દોર ચાલુ કરી

---

૨૨૩. સ્વામીશ્રીની આ દ્વિતીય વિદેશયાત્રાની સ્મૃતિઓ માણવા જુઓ વીડિયો ટ્રેક નં. ૩૨. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

જ દીધેલો. દેશ હોય કે પરદેશ, તેઓની જીવનશૈલીમાં કોઈ ફર્ક પડતો નહીં.

હવે અમારું કામ પ્રમુખસ્વામી કરશે

મુંબઈના નિવાસ દરમ્યાન એક વાર યોગીજી મહારાજે મહંત સ્વામીને કહ્યું : 'અમે આટલા બધા સાધુ બનાવ્યા પણ ભાદરા મંદિર માટે અમને કોઈ બે સાધુ આપતું નથી.'

આ શબ્દો દ્વારા યોગીજી મહારાજે વિશિષ્ટ રીતે સાધુની માંગણી મૂકી હતી. આમ તો તેઓ ધણી હતા. તેઓને કોઈને પૂછવાનું હતું નહીં. છતાં સૌને વિશ્વાસમાં લઈને કાર્ય કરવાની તેઓની ટેવ. તેથી તેઓએ આમ રજૂઆત કરી.

તેઓની વાત સાંભળી મહંત સ્વામીએ રસોડામાં સેવા કરતા જ્ઞાનપ્રસાદ-દાસ સ્વામી અને ઘનશ્યામપ્રસાદદાસ સ્વામીને યોગીજી મહારાજની મરજી જણાવી. તે બંને સંતો યોગીજી મહારાજની રુચિ મુજબ ભાદરા જવા-રહેવા તત્પર થયા. તેથી યોગીજી મહારાજ રાજી થયા અને બોલ્યા : 'ભાદરાની મૂર્તિઓ બહુ સુંદર છે. ત્યાં બધું જ કામ પૂરું થયું છે. શણગાર બાકી છે તે તમે કરાવી લેજો. હવે અમારું કામ પ્રમુખસ્વામી કરશે.'

આમ, દેશમાં આવતાંવેંત યોગીજી મહારાજની વાણીવેણુ સ્વામીશ્રીના સૂર વહાવવા લાગેલી. યોગીજી મહારાજનાં નેણ-વેણમાં જાણે સ્વામીશ્રી જ સમાઈ ગયા હોય તેમ તેઓ સ્વામીશ્રીનો અસ્ખલિત મહિમા ગાયા કરતા.

હવે પ્રમુખસ્વામી જ બોલાવશે

યોગીજી મહારાજ વિદેશ હતા તે દરમ્યાન મુંબઈના શંકરલાલ પંડ્યાના પુત્ર મનોજને સખત બીમારી આવી ગયેલી. ડૉક્ટરોએ તો જીવનની આશા જ છોડી દીધેલી. તેથી શંકરલાલ ધીરજ ખોઈ બેઠેલા, પણ સંતોએ યોગીજી મહારાજને મનોમન પ્રાર્થના કરતા રહેવાનું જણાવ્યું. સાથે સાથે ઠાકોરજીનું પ્રસાદીભૂત જળ પણ મનોજને પિવડાવવા લાગ્યા અને ચમત્કાર સર્જાયો. મૃત્યુના દ્વાર ખટખટાવી રહેલો પુત્ર મોતના મોંમાંથી પાછો ફર્યો ! તેથી સૌ કુટુંબીઓ રાજી થઈ ગયાં.

જ્યારે યોગીજી મહારાજ વિદેશથી મુંબઈ પરત ફર્યા ત્યારે શંકરલાલે આ વાત યોગીબાપાને કરી અને તેઓનો આભાર માન્યો. તે સમયે યોગીજી મહારાજ બોલ્યા : 'આ તો અમે તેનું કાંડું પકડી રાખ્યું છે તેથી સારું થઈ ગયું. હવે તમે

ચિંતા કરશો નહીં. હું તો આ હાલ્યો અને હવે પ્રમુખસ્વામીના જોગમાં રહેજો.'

આ સાંભળી શંકરલાલ ઢીલા પડી ગયા. તેઓએ યોગીજી મહારાજને કહ્યું : 'બાપા ! પ્રમુખસ્વામી ક્યાં વિચરે છે તે મને કેવી રીતે ખબર પડે ? હું તો નાનો નોકરિયાત માણસ છું. તેથી જરૂર પડ્યે એમને કેવી રીતે મળી શકું ?'


'એ ફિકર કરશો નહીં. દાદર મંદિરમાં સંતોને પૂછી લેવું. મહારાજને પ્રાર્થના કરવી. હવે પ્રમુખસ્વામી જ તમને બોલાવશે.' યોગીજી મહારાજે જણાવ્યું.

તેઓની આ વાણી મર્મસભર હતી. તેના ભેદ થોડા જ મહિનાઓમાં ખૂલી જવાના હતા, પરંતુ યોગીજી મહારાજ સમયે સમયે આવા દીપસ્તંભો રોપતા જતા હતા, જેથી તેઓની અનુપસ્થિતિમાં પણ કોઈ કલ્યાણના માર્ગે અટવાઈ-અથડાઈ ન પડે.

स मे प्रियः

યોગીજી મહારાજના દેશમાં પુનરાગમન નિમિત્તે તા. ૧૪/૭ના રોજ મુંબઈના વિખ્યાત હૉલ 'ષણ્મુખાનંદ'માં યોગીજી મહારાજનો ભવ્ય સત્કાર સમારંભ યોજવામાં આવેલો. પ્રખર સંતવક્તા પૂજ્ય ચિન્મયાનંદ સ્વામી તથા અનેક રાજકીય-સામાજિક અગ્રણીઓએ આ અવસરે યોગીજી મહારાજને બિરદાવ્યા હતા.

તા. ૧૫/૭ના રોજ દેવપોઢી એકાદશી આવી. આ દિવસે યોગીજી મહારાજે સૌને તપ-વ્રત સંબંધી નિયમ આપ્યા તેની નોંધ કરતાં સ્વામીશ્રી રોજનીશીમાં લખે છે :



'દરેકને નીયમ
આપ્યો. એક માસના

મને ધારણાં-પારણાં.
આ વખતે જુદા જુદા
નીયમ આપતાં.
જનરલી(generally-સામાન્યપણે) દરેક(ને) દોઢ
માસ(ના ધારણાં-પારણાં) આપ્યા.
તેમાં મારા જેવાને
માસના.'

અહીં સ્વામીશ્રીએ પોતા માટે કરેલા 'મારા જેવાને...' એ શબ્દપ્રયોગમાં પોતાની ભારોભાર વિડંબના ડોકાય છે. અન્ય કરતાં પોતે અસમર્થ છે, તેથી પોતાને તપમાં રાહત આપવામાં આવી તેવું તેઓના આ શબ્દોમાંથી ફલિત થાય છે. હકીકતમાં તો તેઓના વિચરણની દોડધામ અને તેઓના વય-વડપણને જોતાં જ યોગીજી મહારાજે તેઓને અન્ય કરતાં ઓછું તપ કરવાનું કહ્યું હશે! પરંતુ સ્વામીશ્રીએ તે રાહતને પોતાની ન્યૂનતા સાબિત થાય એ રીતે ઘટાવી!

શ્રીજીમહારાજ કહે છે : 'વાર્તા કર્યામાં પોતાના મુખે કરીને પોતાની સમજણનો કેફ કોઈની આગળ લગાર પણ જણાવે નહીં, એવો જે હોય તે અમને બહુ ગમે...'[૨૨૪]

સ્વામીશ્રી ભગવાનના આવા 'स मे प्रियः।'[૨૨૫] અતિ પ્રિય સંત હતા તેનો પુરાવો પૂરતી સ્વામીશ્રીની આ ટૂંકી ટીપ તેઓ વિશે પાનાંઓનાં પાનાંઓ ભરાય એટલું લખવા મજબૂર કરે તેવી છે.

આત્મીયતાની અમૃતધારા

મુંબઈથી યોગીજી મહારાજ અને સ્વામીશ્રી ગુજરાત તરફ વિદાય થયા. આ પ્રવાસમાં પ્રથમ તા. ૧૬/૭ના રોજ વડોદરામાં વધામણાં થયા. અહીં અનેક રાજકીય-સામાજિક આગેવાનોએ પ્રવચનપુષ્પો વેરી યોગીજી મહારાજને સત્કાર્યા.

વડોદરાના ન્યાયમંદિરમાં યોજાયેલ આ સ્વાગતસભામાં સ્વામીશ્રી યોગીજી મહારાજનો મહિમા ગાતાં બોલેલા : 'યોગીજી મહારાજ પરદેશ પધાર્યા છતાં તેમની રહેણી-કરણી, રીતભાત અને પહેરવેશમાં જરા પણ ફેર પડ્યો નથી. ભારતીય સંસ્કૃતિ અને ત્યાગીના સર્વ નિયમોને જરા પણ ગૌણ કર્યા

૨૨૪. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૬.

૨૨૫. श्रीभगवद्गीता – ૧૨/૧૪.

સિવાય એમણે ધર્મનો પ્રચાર કર્યો છે. આ એમની વિશેષતા છે.'

વડોદરામાં માત્ર એક જ દિવસનું રોકાણ હતું. તેથી ભક્તો-ભાવિકોનો ધસારો બેહદ હતો. આવા વ્યસ્ત કાર્યક્રમમાં સ્વામીશ્રીએ અટલાદરા મંદિરમાં સેવારત કિરીટ દેસાઈ નામના યુવકને પોતાના ઉતારે બોલાવ્યા. આ યુવાન પહેલાં આફ્રિકાના કેન્યામાં ભણતા હતા, પરંતુ છેલ્લાં સાતેક વર્ષથી અટલાદરા આવીને વસેલા.

તે સમયે મંદિરમાં કાયમી ધોરણે સેવા કરનારા યુવકો ઓછા. તેથી તે અને માર્તંડ પંડ્યા મંદિરની નાની-મોટી સેવા સમયના અવકાશે કરતા રહેતા. સ્વામીશ્રી સમૈયા-ઉત્સવ પ્રસંગે કે વહીવટી કામકાજ માટે અટલાદરા આવે ત્યારે આ યુવાનો સેવા કરતા હોય. તે નાતે સ્વામીશ્રી તેઓને વ્યક્તિગત પણ ઓળખે.

કિરીટભાઈ આવ્યા ત્યારે સ્વામીશ્રી તેઓને પોતાના ઉતારે લઈ ગયા. અહીં તેઓએ એક નવું નક્કોર 'શીકીલોય'નું શર્ટ આ યુવાનના હાથમાં મૂકતાં કહ્યું : 'લે, અમે આફ્રિકા ગયા તો બીજું તો કશું તારા માટે લાવ્યા નથી, પણ બે શર્ટ લાવ્યા છીએ. એક તારા માટે અને બીજું માર્તંડ પંડ્યા માટે.'

આ સાંભળતાં જ કિરીટના રુવાડાં ખડાં થઈ ગયાં! આજે યોગીજી મહારાજની તમામ વ્યવસ્થાઓ જાળવવાની વ્યસ્તતા, મુલાકાતીઓની બેસુમાર ગિરદી અને સંસ્થાકીય કાર્યોની ભરમાર વચ્ચે સ્વામીશ્રી પોતાને ભૂલ્યા નહોતા એવું નહીં; પરંતુ હજારો માઈલ દૂર વિદેશમાં વિચરતી વખતે, અનેકવિધ કાર્યક્રમોની ઘટમાળ વચ્ચે, મહિનાઓ સુધી દૂર રહેવા છતાં સ્વામીશ્રી મને યાદ રાખીને મારા માટે આ ભેટ લઈ આવ્યા ?! મંદિરમાં પોતાના દ્વારા થતી સાધારણ સેવાનું વળતર સ્વામીશ્રી આવી અવિસ્મરણીય સ્મૃતિ આપીને વાળી દેશે તેની તો આ યુવાનને કલ્પના જ ક્યાંથી હોય? સ્વામીશ્રીની આત્મીયતાની અમૃતધારામાં એ ગરક થઈ ગયા.

'The supreme happiness of life is the conviction that we are loved.'[૨૨૬] આપણને કોઈ ચાહે છે એ અનુભૂતિમાં જ જીવનનું સર્વોચ્ચ સુખ સમાયેલું છે. આ સુખનો આસ્વાદ એ યુવાન મન ભરીને માણી રહ્યો ![૨૨૭]

---

૨૨૬. Victor M. Hugo (writer, poet).

૨૨૭. સમય જતાં તેઓએ સ્વામીશ્રીના વરદ હસ્તે સાધુદીક્ષા લીધી. તેઓનું દીક્ષિત નામ સાધુ નિખિલેશદાસ રાખવામાં આવ્યું.

નિઃસ્પૃહી બને જગ મેં વિચરે

તા. ૧૭/૭ના રોજ યોગીજી મહારાજ અટલાદરાથી બોચાસણ પધાર્યા ત્યારે રસ્તાથી મંદિર સુધી શોભા રચીને અદ્‌ભુત સામૈયું કાઢવામાં આવેલું. તોરણો, કમાનો અને ભાતીગળ રચનાઓથી રસ્તાઓ શોભી રહેલા. બુલંદ જયનાદોથી સૌ ગામને ગજવી રહેલા. યોગીજી મહારાજ શણગારેલી જીપગાડીમાં બિરાજીને સૌનો સત્કાર ઝીલી રહેલા.

આ સમયે સ્વામીશ્રી પણ અન્ય એક મોટરમાં બિરાજીને સામૈયામાં સામેલ હતા. તે વખતે એક સામાન્ય હરિભક્ત અચાનક સ્વામીશ્રીની મોટર નજીક દર્શન માટે આવી પહોંચ્યા. સ્વામીશ્રી ખૂબ પ્રેમથી તેઓને મળ્યા. ખબર-અંતર પૂછ્યા. તે હરિભક્તની વાતમાં સ્વામીશ્રી એટલી સહજતાથી પરોવાઈ ગયા કે જાણે તેઓની સન્માનયાત્રા નીકળી જ નથી! અરે, જાણે તેઓ પરદેશ જ ગયા નથી!

આ દૃશ્ય સ્વામીશ્રીની સાથે જ મોટરમાં બેઠેલા ડૉક્ટર સ્વામીએ જોયું ત્યારે તેઓને લાગ્યું : 'સ્વામીશ્રીને દેશ-પરદેશ જેવું કંઈ જ નથી. નહીં તો સામૈયાના સમયે સામાન્ય ભક્તની સામાન્ય વાતમાં આટલું ધ્યાન કેવી રીતે આપી શકાય?'

યોગીજી મહારાજના મુખે સ્વામીશ્રીનો ઘણો મહિમા ડૉક્ટર સ્વામીએ સાંભળેલો, પરંતુ આ પ્રસંગ તેઓના મન પર ઘેરો પ્રભાવ પાથરી ગયો. *'નિઃસ્પૃહી બને જગ મેં વિચરે, રહે વે ધીર ગંભીરી મેં...'*ની સ્થિતિવાળા સંત-ફકીરનું દર્શન તેઓ સ્વામીશ્રીમાં કરી રહ્યા!

દુર્લભ દર્શનની સ્મરણીય સ્મૃતિ

તા. ૧૮/૭/'૭૦ના રોજ બોચાસણમાં ગુરુપૂનમના સમૈયે જબરજસ્ત માનવ મહેરામણ ઊમટેલો. સૌ ભક્તોને યોગીજી મહારાજે પણ દર્શન-આશીર્વાદથી સુખ-સંતોષ પમાડ્યા. આ પ્રસંગે સૌ વતી સ્વામીશ્રીએ યોગીજી મહારાજને ભવ્ય પુષ્પહાર અને કલાત્મક પુષ્પમુકુટ પહેરાવી ગુરુપૂજન કર્યું. આફ્રિકાની જેમ દેશના ભક્તોને પણ પુષ્પમુકુટ ધારણ કરેલા યોગીજી મહારાજનાં દુર્લભ દર્શનની સ્મરણીય સ્મૃતિ પ્રાપ્ત થઈ ગઈ!

આ રોકાણ દરમ્યાન બોચાસણમાં પાંચ દિવસનું પારાયણ યોજાયેલું. તેની પૂર્ણાહુતિના અવસરે સૌએ યોગીજી મહારાજને હિંડોળામાં પધરાવી પૂજન

કર્યું. સ્વામીશ્રીએ ગુલાબનો મોટો હાર અર્પણ કર્યો. પૂજન બાદ યોગીજી મહારાજ હિંડોળામાંથી નીચે ઊતરવા પ્રયત્ન કરવા લાગ્યા ત્યારે સ્વામીશ્રીએ બેસી રહેવા વિનંતી કરી, પણ યોગીજી મહારાજ હસતાં હસતાં બોલ્યા : 'એક વાર બેસી લીધું. સવાદ લઈ લીધો.'

આમ, બોચાસણમાં સન્માન ઝીલી તેઓ પુનઃ અટલાદરા આવ્યા. અહીં સ્વામીશ્રીના શ્રીમુખે તા. ૨૬/૭ થી ૩૦/૭ સુધી પંચદિવસીય પારાયણ યોજાયું. આ પારાયણની પૂર્ણાહુતિના દિવસે વિમાનમાંથી પુષ્પવૃષ્ટિ પણ કરવામાં આવેલી.

આ પારાયણ બાદ તા. ૩૧/૭ના રોજ યોગીજી મહારાજ અટલાદરાથી અમદાવાદ પધાર્યા ત્યારે અહીં પણ હજારોની જનમેદનીએ તેઓને પ્રેમથી આવકાર્યા. વિમાન દ્વારા પુષ્પો વરસાવી નગરમાં પધરાવ્યા. તા. ૧/૮ના રોજ મુખ્યમંત્રી શ્રી હિતેન્દ્ર દેસાઈની ઉપસ્થિતિમાં ટાગોર હૉલ ખાતે ભવ્ય સ્વાગત સમારંભ યોજાયો. તેમાં રજતમઢ્યાં સન્માનપત્રો યોગીજી મહારાજને એનાયત થયાં. સ્વામીશ્રીએ પણ મોટો હાર તથા ગજરો યોગીજી મહારાજને અર્પણ કર્યા હતા.

સ્વપ્નમાં પણ પ્રિયનું જતન

અમદાવાદમાં એક વાર સ્વપ્ન-દર્શનની વાત કરતાં યોગીજી મહારાજે કહ્યું : 'અમે એક ગામમાં ગયા હતા. પછી મેં કણીદાર લાડુ બનાવ્યા. પહેલાં મૂઠિયા તળીને, પછી વરાળ નીકળી જાય તે પછી ખાંડીને, ચોખ્ખું ઘી નાંખીને, કણીદાર સરસ લાડુ બનાવ્યા. પહેલાં ઠાકોરજીને થાળ ધરીને બધાને જમાડ્યા. પછી પ્રમુખસ્વામી, મહંત સ્વામી અને સંતો બહાર પધરામણીએ ગયા હતા તે આવ્યા, એટલે એમને જમવા બેસાડ્યા. પ્રમુખસ્વામીને અને મહંત સ્વામીને એક-એક લાડુ પીરસ્યો. પછી સારો લાગ્યો તે બીજો પા લાડુ પીરસ્યો.'

આમ, યોગીજી મહારાજ પોતાના પ્રિય શિષ્યને સ્વપ્નમાં પણ લાડ લડાવવાનું ચૂકતા નહીં.

'અક્ષરધામ'નું બીજારોપણ

તા. ૬/૮ના રોજ યોગીજી મહારાજ ગુજરાતના નવા પાટનગર ગાંધીનગરને પાવન કરવા પધારેલા. આ વખતે જ તેઓએ હાલ અક્ષરધામ પાસે જ્યાં વડલો છે તેની નીચે બેસીને આ ભવ્ય સંકુલનો સંકલ્પ કરેલો. આ સંકલ્પને

પૂરો કરનાર સ્વામીશ્રી પણ આ પ્રસંગે સાથે જ હતા.

અમદાવાદથી લીંબડીનું સ્વાગત સ્વીકારીને યોગીજી મહારાજ સારંગપુર પધાર્યા. અત્રે ધર્મકુળના સુવર્ણ સિંહાસન અને મંદિરના રંગ-રોગાન વગેરે કાર્યો સંપન્ન થયાં હતાં. તેના ઉદ્‌ઘાટન નિમિત્તે યજ્ઞ પણ યોજાયેલો. ઉપરાંત ગામમાં વારિગૃહનું ખાત અને વીજળીનું નવું જોડાણ જેવા ગ્રામવિકાસનાં કાર્યો પણ યોગીજી મહારાજની પાવન નિશ્રામાં પૂર્ણ થયેલાં. મંદિરમાં યોગીજી મહારાજ માટે નૂતન નિવાસ પણ તૈયાર કરવામાં આવેલો. આ સૌના માંગલિક વિધિ યોગીજી મહારાજ દ્વારા થયા. સારંગપુરની રોનક બદલાઈ ગઈ!

સત્સંગમાં ટકવાનો ઉપાય

યોગીજી મહારાજના સારંગપુરના નિવાસ દરમ્યાન કંપાલાથી ઠાકોરજીના વપરાશ માટે કેટલાંક વાસણો આવેલાં. તે વાસણોમાંથી અમુક ગોંડલ મંદિર માટે અને અમુક સારંગપુર મંદિર માટે રાખવાની વાત યોગીજી મહારાજે કરેલી. તે મુજબ વાસણોના ભાગ પણ પાડી દેવામાં આવેલા.

પરંતુ આ ઘટનાના થોડા દિવસો બાદ યોગીજી મહારાજે હર્ષદ ચાવડા નામના યુવકને પોતાની પાસે બોલાવ્યા અને સારંગપુર મંદિર માટે અનામત રખાયેલાં વાસણો પણ તેમને આપતાં કહ્યું : 'આ તમે ગોંડલ લઈ જાઓ.'

યોગીજી મહારાજની આજ્ઞા થતાં તે યુવાન તો વાસણો લઈને નીકળ્યા, પરંતુ તે હજી તો મંદિરનું પરિસર છોડે તે પહેલાં જ તેમને સ્વામીશ્રીનો ભેટો થઈ ગયો. સ્વામીશ્રીએ પૂછ્યું : 'શું લઈને ચાલ્યો?' યુવકે જેમ હતું તેમ બયાન કરી દીધું.

કોઈ પણ વ્યવસ્થાપકના મગજની સમતુલા ખોરવાઈ જાય એ હદે યોગીજી મહારાજે આ પ્રસંગે ગોંડલ મંદિર પ્રત્યે પોતાનો પક્ષપાત જણાવ્યો હતો. પરંતુ આ વિગત સાંભળી સ્વામીશ્રીએ એક શબ્દની પણ પૂછપરછ કરી નહીં, તેઓને યોગીજી મહારાજના આ ચરિત્રમાં લેશ પણ સંશય થયો નહીં. બને એટલી ઝડપથી તેઓએ હર્ષદભાઈને ગોંડલ તરફ રવાના થઈ જવા વાત કરી. એટલું જ નહીં, વાસણની સાથે વિદાયનું ભાથું પણ બંધાવ્યું કે 'એક વાત ખાસ ધ્યાનમાં રાખજે. એક યોગીજી મહારાજ સામે દૃષ્ટિ રાખજે. સત્સંગમાં ટકવાનો આ એક જ ઉપાય છે.'

આ સમયે સ્વામીશ્રીની ગુરુભક્તિ તે યુવાનના હૈયા સોંસરવી ઊતરી ગઈ!

શ્રદ્ધા-ભક્તિ રે, અતિ ઘણી પીરસતાં

સારંગપુર મંદિરના ઉત્તરાદા ખંડમાં વિરાજિત ધર્મકુળની મૂર્તિઓ સુવર્ણ સિંહાસનમાં બિરાજી ગઈ તેનો આનંદ યોગીજી મહારાજને મન અનેરો હતો. આ કાર્યથી શાસ્ત્રીજી મહારાજને રાજી કર્યાનો પરિતોષ તેઓ અનુભવી રહેલા. આ અવસરે મુંબઈથી પણ ઘણા હરિભક્તો આવેલા. કારણ કે સુવર્ણ સિંહાસનની સેવામાં તેઓનો સિંહફાળો હતો. સાથે સાથે સારંગપુરની આસપાસનાં ગામોના પણ સેંકડો હરિભક્તો આવી પહોંચેલા.

ઉત્સવની ઉજવણી બાદ તે સૌ હરિભક્તો ભોજનશાળામાં મહાપ્રસાદ માટે ગોઠવાયા હતા. સંતો આ હરિભક્તોને પીરસવાની સેવામાં હતા, પરંતુ જમનારા ઝાઝા અને પીરસનારા ઓછા એવી પરિસ્થિતિ નિર્માણ પામેલી. તેથી હરિભક્તોને વાનગીઓ પહોંચવામાં વિલંબ થતો હતો.

આ વિગત સ્વામીશ્રીની નજરમાં નોંધાઈ ગઈ. તેઓએ તરત જ ગાતરિયું પોતાની કેડ ઉપર બાંધી દીધું. ધોતિયું ઓટીમાં ખોસી દીધું. મોહનથાળની કથરોટ હાથમાં લીધી અને પાણીના રેલાની જેમ પીરસવા મંડી પડ્યા. સ્વામીશ્રી દરેકને જાણે-પિછાણે. તેથી ખબર પૂછતાં જાય અને પીરસતાં જાય. હરિભક્તો તો આ લાભ પામી ગેલમાં આવી ગયા.

'જણસ જમ્યાની રે, લઈ લઈ તેનાં નામ; ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ; સંત હરિજનને રે, પીરસવાને કાજ; શ્રદ્ધા ભક્તિ રે, અતિ ઘણી પીરસતાં;' શ્રીજીમહારાજની આ લીલાનું દર્શન સૌને આજે અનાયાસે લાધી ગયેલું.

આજના ભોજન પછી સાચે જ સૌએ અમૃતના ઓડકાર ખાધા! સ્વામીશ્રીનાં સ્નેહ, સરળતા અને સુહૃદભાવને સૌ વાગોળતા રહ્યા.

હર રંગ મેં સેવકરૂપ ચહે

સારંગપુરમાં યોગીજી મહારાજના આગમન નિમિત્તે સંતો-ભક્તોએ મળીને રંગમંડપમાં છ બારણાંનો કલાત્મક હિંડોળો તૈયાર કરેલો. સૌએ અતિ આગ્રહપૂર્વક યોગીજી મહારાજને તેમાં પધરાવ્યા. તેઓની સાથે સ્વામીશ્રીને બેસાડવા માટે પણ આગ્રહ થયો, પરંતુ સ્વામીશ્રીએ મચક ન જ આપી.

હરિભક્તો ઊભા થઈને સ્વામીશ્રીને ખેંચવા લાગ્યા, પણ પોતાના સ્વામીને ભોગવ્યાના જે પદાર્થ તે પોતે ભોગવવાને ઈચ્છે જ નહીં એ દાસ -

સેવકનું લક્ષણ[૨૨૮] સ્વામીશ્રીને સદા સિદ્ધ હતું. તેથી સ્વામીશ્રી ઊભા ન જ થયા. જ્યારે અતિશય આગ્રહ થયો ત્યારે તેઓની આંખોમાં અશ્રુ ઊભરાઈ આવ્યાં. એ અશ્રુબિંદુઓમાં તેઓની દાસત્વભક્તિને નીતરી રહેલી સૌ જોઈ રહ્યા !

તા. ૧૯/૮ના રોજ સારંગપુરની કાંધમાં વસેલા ખાંભડા ગામમાં યોગીજી મહારાજનું ધામધૂમપૂર્વક સ્વાગત થયું. યોગીજી મહારાજ બપોરે પણ ત્યાં જ રોકાયા હતા. સાંજના સારંગપુર પાછા વળતાં ખૂબ વરસાદ થયો. તેમાં સ્વામીશ્રી, ડૉક્ટર સ્વામી, કોઠારી સ્વામી, નારાયણ ભગત વગેરે સંતો ચાલતાં-પલળતાં સારંગપુર પધારેલા.

તમારાં મા-બાપ પ્રમુખસ્વામી !

સારંગપુરમાં એક વાર યોગીજી મહારાજે આફ્રિકાથી આવેલા દીક્ષાર્થી યુવકોને ભેગા કરીને સૌને હાથે રાખડી બાંધી. રાખડી બાંધતાં-બાંધતાં તેઓની લાક્ષણિક શૈલીમાં પુરાણી લોકોક્તિ બોલતા જાય : *'રક્ષે રક્ષે રાખડી, બે ડોડા ને કાકડી...'* આ ક્રમમાં જ્યારે કંપાલાના યોગેન્દ્રભાઈને[૨૨૯] રાખડી બાંધવાનો વારો આવ્યો ત્યારે તેઓને બે ધબ્બા આપતાં યોગીજી મહારાજ બોલ્યા : 'શું ? આપણી રક્ષા ભગવાન કરશે ! જુઓ, આજથી તમારાં મા-બાપ, સગાં-સંબંધી બધાં મરી ગયાં ! સંબંધ પૂરો થયો. આજથી તમારાં મા-બાપ જે કહો તે પ્રમુખસ્વામી છે !'

યોગીજી મહારાજ હવે ઊછરતાં છોડવાઓને વિશાળ છત્રછાયા નીચે મૂકવા લાગ્યા હતા ! તેઓના આ શબ્દો તત્કાલીન નહોતા, પરંતુ આવનારી અડધી સદી સુધી સુખ કરી આપનારા હતા !

આ સમયમાં સાંગાવદર તથા ઝમરાળામાં પ્રતિષ્ઠા-ઉત્સવો યોજાયેલા. પરંતુ મુશળધાર વરસાદને લીધે આ ઉત્સવમાં યોગીજી મહારાજ પધારી શકે તેમ નહોતા. તેથી તા. ૨૦/૮ના રોજ સાંગાવદરના હરિમંદિરની પ્રતિષ્ઠા માટે સ્વામીશ્રી પધારેલા. તેઓની સાથે મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, કોઠારી સ્વામી વગેરે હતા. વરસતા વરસાદમાં જ ગાડાંમાં નગરયાત્રા નીકળેલી. ઝમરાળામાં પ્રતિષ્ઠા હતી તે દિવસે વરસાદનું જોર જરા હળવું થતાં યોગીજી મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે પધારેલા. તેઓની સાથે સ્વામીશ્રી પણ હતા. ગામવાસીઓએ

૨૨૮. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૪.

૨૨૯. તેઓનું દીક્ષિત નામ સાધુ નિષ્કામજીવનદાસ રાખવામાં આવ્યું.

ઉમંગભેર સ્વાગત કર્યું. વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. બપોરે અત્રે જ રોકાઈને સાંજે કારિયાણી, લાઠીદડ થઈને સ્વામીશ્રી પુનઃ સારંગપુર પધારી ગયેલા.

બાકીનું કામ પ્રમુખસ્વામી પૂરું કરશે

સારંગપુરથી યોગીજી મહારાજ ગઢપુર પધારેલા. અહીં તેઓએ એક નિર્ણયની નોંધ કરતાં પોતાની રોજનીશીમાં લખેલું કે –

'ગઢપુર તા. ૨૪/૮/'૭૦, જન્માષ્ટમી : જયજયકાર થઈ ગયો. આવી રીતે સ્વામીનો સંકલ્પ[૨૩૦] પૂરો થઈ ગયો. ગોંડલનો સંકલ્પ બાકી છે. પ્રમુખસ્વામી દ્વારા ગોંડલની સેવા મળશે. મેં સારંગપુરની સેવા કરી. બાકી ગોંડલનો દરવાજો પૂરો કરવાનો છે. આવી રીતે બાકીનું કામ સ્વામી-શ્રીજી ને પ્રમુખસ્વામી પૂરું કરશે.' દ : સાધુ જ્ઞાનજીવનદાસજી

યોગીજી મહારાજના આ શબ્દો પોતાના અનુગામીની ઓળખનો એક દસ્તાવેજ બની રહ્યા.

ગઢડાના રોકાણ દરમ્યાન જ તા. ૨૬/૮ના રોજ નિંગાળામાં નિર્મિત બાઈઓના હરિમંદિરમાં પ્રતિષ્ઠા કરવા અને ઉગામેડીમાં નિર્માણ પામનાર મંદિરની ખાતવિધિ કરવા માટે સ્વામીશ્રી યોગીજી મહારાજની સાથે પધારેલા.

ભવિષ્યના ભેદ ખોલતી ભાષા

તા. ૨૮/૮ના રોજ યોગીજી મહારાજ, સ્વામીશ્રી વગેરે ગઢડાથી ભાવનગર જવા નીકળેલા. રસ્તામાં વલ્લભીપુરમાં તૈયાર થયેલા બાઈઓના હરિમંદિરમાં વરસતા વરસાદમાં પ્રતિષ્ઠાવિધિ કર્યો. ભાવનગરમાં પણ જોરદાર વરસાદ વરસી રહેલો. એક દિવસમાં ચૌદ ઇંચ! તેથી સ્વાગતમાં નગરયાત્રાનું આયોજન ગોઠવેલું તે મુલતવી રાખવું પડ્યું.

તા. ૨૯/૮ના રોજ આયોજિત ખાતવિધિને પણ બે દિવસ ઠેલવી પડી. આ બંને કાર્યક્રમો તા. ૩૧/૮ના રોજ ધામધૂમથી સંપન્ન થયેલા. તે વખતે યોગીજી મહારાજે ભવિષ્ય ભાખતાં કહેલું : 'એક વરસમાં મંદિર પૂરું થશે અને પ્રમુખસ્વામીના હાથે મૂર્તિપ્રતિષ્ઠા થશે!'

વરસાદના વિઘ્ન વચ્ચે પણ સ્વામીશ્રી તા. ૩૦/૮ના રોજ એક દિવસ માટે ભાવનગરથી મહુવા જઈ આવેલા. આ મુલાકાતમાં તેઓએ અત્રે થનારા

---

૨૩૦. સારંગપુરમાં ધર્મકુળની મૂર્તિઓ માટેના સુવર્ણ સિંહાસનનો.

પ્રતિષ્ઠા મહોત્સવના આયોજનને આખરી ઓપ આપ્યો અને યોગીજી મહારાજ તથા સંતો-ભક્તોના ઉતારાની વ્યવસ્થા માટે પણ વિચારણા કરી લીધી.

આમ, સ્વામીશ્રી યોગીજી મહારાજની સાથે ફરતા અને એક ડગલું આગળનું આયોજન પણ કરતા રહેતા. જમાનાની સાથે રહેવા છતાં તેઓનું આયોજન જમાનાથી આગળ આગળ ચાલતું – કાર્ય અને કાર્યક્રમ, બંનેમાં !

સેવક એ સદાના

વિદેશયાત્રાએથી પરત પધારેલા યોગીજી મહારાજના સન્માન સમારંભો ઠેર ઠેર યોજાતા હતા. તેના આયોજનની સઘળી જવાબદારી સ્વામીશ્રીના જ શિરે રહેતી. આ વિગતને વર્ષો વીત્યા બાદ એક વાર તે સંબંધી વાત કરતાં હકાભાઈ બોલેલા : 'સન ૧૯૭૦માં યોગીજી મહારાજ પરદેશથી પધાર્યા ત્યારે બધી જ વ્યવસ્થા સ્વામીશ્રી કરતા. સ્વાગત, વાહન, ઉતારા, સભા, મહેમાનોને મળવાનું વગેરે દરેકમાં 'હૉલસોલ' સ્વામીશ્રી જ હતા..'

પરંતુ આ અભિપ્રાય સ્વામીશ્રીને ગમ્યો નહીં. તેઓએ આ વાત પર પડદો પાડતાં તરત જ જણાવેલું : 'આવું બોલાય ? યોગીજી મહારાજ હોય ત્યારે આપણે 'હૉલસોલ' શાના ? જે કાંઈ થાય છે એ તેઓથી જ થાય છે..'

આમ, યોગીજી મહારાજના ધામગમનને વર્ષો વીત્યાં પછી પણ સ્વામીશ્રીનો તેઓ વિશેનો સેવકભાવ કદી ઝાંખો પડ્યો નહોતો.

તેઓએ કરેલી પૂર્વતૈયારીઓને કારણે તા. ૪/૯ના રોજ મહુવામાં પ્રતિષ્ઠા ઉત્સવ ધામધૂમથી સંપન્ન થયો. યોગીજી મહારાજની ઇચ્છા મુજબ ભગતજી મહારાજનાં જન્મસ્થાન પર જ આ મંદિર તૈયાર થયેલું.

મહુવાથી ભાદરા, બાઢડા, અમરેલી થઈને સૌ ખાંભા પધાર્યા. અહીં તા. ૯/૯ના દિવસે યોગીજી મહારાજના હસ્તે મંદિરનું ખાતમુહૂર્ત સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં થયું.

અહીંથી સ્વામીશ્રી અને સૌ સંતો ધારી જવાના હતા. યોગીજી મહારાજ અમરેલી, લાઠી, બંધિયા થઈને તા. ૧૧/૯ના રોજ તેઓના પ્રિયસ્થાન ગોંડલમાં પધારી ગયા.

અહીં ભવ્ય શોભાયાત્રા નીકળી. શહેરમાં ૮૦ જેટલી સુંદર કમાનો શણગારવામાં આવી હતી. અક્ષરમંદિરના મહંતે હિંદુ ધર્મ અને ભગવાન સ્વામિનારાયણનો ડંકો દિગંતમાં વગાડેલો. તેનો આનંદ ગોંડલની પ્રજાના ઉરમાં

સમાતો નહોતો. આખું ગામ યોગીજી મહારાજને વધામણી આપવા હિલોળે ચડ્યું હતું.

તત્કાલીન નહીં પણ સર્વકાલીન

નગરયાત્રા પૂરી થયા બાદ સત્સંગીઓને જમાડવાના હતા. તેથી સ્વામીશ્રીએ જ્ઞાનપ્રસાદદાસ સ્વામીને બાર મણની ખીચડી રાંધવાનું કહેલું, પરંતુ નગરયાત્રા પૂરી થઈ ત્યારે યોગીજી મહારાજે સૌને આદેશ આપ્યો કે 'બધા જમીને જજો.' આમ, સાગમટે આમંત્રણ આપતાં, 'રસોઈ ખૂટશે' એ બીકે જ્ઞાનપ્રસાદદાસ સ્વામી તો રસોડાના એક ખૂણે ભરાઈ ગયા – બધું ભગવાન ભરોસે છોડીને.

સ્વામીશ્રીને આ ખબર મળતાં તેઓ એમની પાસે ગયા અને કહ્યું : 'ભલા માણસ ! આપણી પાસે આટલા બધા માણસ છે, સામાન પણ છે અને બધી જ વસ્તુ છે. એમાં ગભરાઈ શું જવાનું ? કાંઈ ન હોય તો શીરો પણ શેકી નંખાય.'

આમ સ્વામીશ્રીએ એવી બળપ્રેરક વાતો કરી કે પેલા સંતનો ડર ક્યાંય ઊડી ગયો. તેઓ સેવામાં સાબદા થઈને જોડાઈ ગયા અને જરૂરી ખીચડી તૈયાર કરી દીધી. એટલું જ નહીં, તે સંતના જીવનમાં જ્યારે જ્યારે આત્મશ્રદ્ધાનું ઓજસ આથમે ત્યારે ત્યારે સ્વામીશ્રીના આ શબ્દો બુઝાતા દીવાની વાટને સંકોરનારા સાબિત થતા રહ્યા.

સ્વામીશ્રી પ્રસંગોપાત્ત શબ્દો ઉચ્ચારતા, પણ તેનું સગપણ શાશ્વતી સાથે રહેતું. તે શબ્દો તત્કાલીન ન બની રહેતાં સર્વકાલીન પુરવાર થતાં. તે શબ્દો માત્ર ટાણું જ નહીં, આખેઆખું જીવન જાળવી લેનારા બની રહેતાં.

ગોંડલ બાદ રાજકોટે યોગીજી મહારાજના સન્માનનો લહાવો લૂંટ્યો. આ પ્રસંગે લોહાણા મહાજન વાડીમાં 'હરિલીલાકલ્પતરુ'નું પારાયણ યોજાયેલું, જેમાં તા. ૧૪/૯ થી ૧૮/૯ સુધી સ્વામીશ્રીએ કથાનું રસપાન કરાવ્યું હતું.

ત્યારબાદ તેઓ ડાંગરા પધારેલા. અહીં પણ ત્રણ દિવસનું પારાયણ યોજાયેલું.

એક હૃદયંગમ દર્શન

ડાંગરાના રોકાણ દરમ્યાન તા. ૨૧/૯ની સવારે સ્વામીશ્રી, મહંત સ્વામી, કોઠારી સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી વગેરેએ પાદરમાંથી વહેતી ઘેલ નદીમાં

સ્નાન કર્યું. ત્યારબાદ ત્યાં નદી કિનારાના શાંત, શીતળ અને સુરમ્ય વાતાવરણમાં જ સૌએ પોતાની પ્રાતઃપૂજા આરંભી. નદીની પૂર્વે જે ધોધ પડે છે તેની સામે આથમણા બારાથી દક્ષિણે આવેલા પથ્થર પર સૌ પૂજા કરવા માટે ગોઠવાયેલા. એકસાથે આ સૌ પ્રાતઃસ્મરણીય સંતોનાં પૂજાદર્શનનો લાભ પામીને એ દિવસની ઊગતી ઉષા તો એટલી બધી હરખાઈ ગઈ કે તેણે આખા આકાશને ગુલાલ ઉડાડીને ભરી મૂક્યું! પોતે તો આ સંતોની સમીપમાં આવી શકે તેમ નહોતી. તેથી તેણે બાળસૂર્યને કિરણોની આંગળીએ વળગાડીને આ સંતોનાં દર્શને મોકલી આપ્યો!!

ડાંગરાથી સૌ જાયવા આવ્યા. અત્રે તા. ૨૧/૯ના રોજ યોગીજી મહારાજનો સત્કાર સમારંભ યોજાયો હતો. જાયવાથી ભાદરા પધારેલા યોગીજી મહારાજનું ઉષ્માભર્યું સ્વાગત ગામવાસીઓએ કર્યું. ગામ-શહેર અનુસાર સામૈયાની તૈયારીઓમાં ફરક જણાતો, પરંતુ ભક્તોનો ભાવ અને યોગીજી મહારાજનો પ્રભાવ તો ગામડું હોય કે શહેર, સર્વત્ર એકસરખો જ અનુભવાતો.

વાસનાની વ્યાખ્યા

ભાદરામાં એક વાર ગઢડા અંત્ય પ્રકરણના અઢારમા વચનામૃત પર નિરૂપણ કરતાં યોગીજી મહારાજ બોલ્યા કે 'આપણને ઊંઘ આવતી હોય અને પ્રમુખસ્વામી કથા કરતા હોય તો શું કરવું? ઊંઘી જવું કે કથામાં બેસવું? તે વખતે 'હાલો, સૂઈ જઈએ' એ વિચાર થાય તો વાસના કહેવાય...'

આમ, ભજન હોય કે ભોજન, કથા હોય કે કામ – યોગીજી મહારાજ કોઈને કોઈ નિમિત્તે સ્વામીશ્રીને યાદ કરતા જ રહેતા.

ભાદરાના આ રોકાણ દરમ્યાન એક રાત્રે યુવક મંડળે મંદિરના નીચેના હૉલમાં યોગીજી મહારાજ સમક્ષ સુંદર રાસ લીધો હતો. તે વખતે આ ગોકુળિયા ગામના ભોળા ભક્તો પર તેઓ ખરેખરા રીઝી ગયા. રાસ પૂરો થતાં જ તેઓના મુખેથી શબ્દો સરી પડ્યા કે 'રાસ રમતી વખતે સાક્ષાત્ શ્રીજીમહારાજ પધાર્યા હતા તેવું આ પ્રમુખસ્વામી જોતા હતા.'

સ્વયં તો ભગવાનનું અખંડ દર્શન કરે જ છે, પણ સ્વામીશ્રીનીયે આ સ્થિતિ છે તે યોગીજી મહારાજે અહીં સૌને જણાવી દીધું.

ભગવાન સ્વામિનારાયણ કહે છે કે 'અક્ષરધામને વિશે જે ભગવાનની મૂર્તિ અખંડ બિરાજમાન રહે છે તે મૂર્તિને સ્થાવર-જંગમ સર્વે આકારને વિશે

જ્યાં-જ્યાં દૃષ્ટિ જાય ત્યાં-ત્યાં સાક્ષાત્કાર દેખે એ સિદ્ધદશાનું લક્ષણ છે.'[૨૩૧]

સ્વામીશ્રીની આવી સિદ્ધદશાનો ઉદ્‌ઘોષ યોગીજી મહારાજના મુખેથી આજે સરી પડ્યો.

ગમ્મત-ગંભીર

ભાદરામાં યોગીજી મહારાજ જ્યારે બપોરે આરામમાં પધારે ત્યારે સૌ સંતો-ભક્તો ઊંડ નદીમાં સ્નાનનો લાભ લેતા. સ્વામીશ્રી પણ પ્રસંગોપાત્ત સાથે જતા.

એક વાર આ રીતે સૌ સ્નાન કરી રહેલા ત્યારે કેટલાકને પાણીમાં ઊભા રહી માનવ-પિરામિડ રચવાનો વિચાર આવ્યો. સ્વામીશ્રીએ પણ આ વિચારને વેગ આપ્યો. તેથી કાર્યક્રમ શરૂ થયો.

સામાન્ય રીતે આ પિરામિડ રચવાની ગોઠવણીમાં સૌથી નીચે મજબૂત ખભાવાળા માણસોને ઊભા રાખવા પડે અને ત્યારપછીના એક-એક સ્તરમાં વજનમાં હળવી વ્યક્તિઓને ઊભા રાખતા જવાય; જેથી શક્ય એટલું ઊંચું ત્રિકોણીય પિરામિડ રચી શકાય. તેથી સ્વામીશ્રીને સૌથી નીચેના સ્તરમાં ઊભા રાખવામાં આવ્યા, કારણ કે તેઓના જેવા મજબૂત ખભા બીજા કોના મળે ?!

ત્યારબાદ ઉપરના એક-એક સ્તરના સંતો સ્વામીશ્રીના ખભે પગ મૂકી મૂકીને ચઢવા લાગ્યા. સ્વામીશ્રીની સાથે સૌથી નીચલા માનવસ્તરમાં બીજા પણ બે-ચાર સંતો હશે, પણ સૌને સ્વામીશ્રીનો લાભ લેવાનો લોભ; તેથી 'સ્વામીશ્રીના ખભે પગ મૂકીને ઉપર ચડેલા' એ સ્મૃતિ લૂંટવા બીજા કોઈના ખભા પર પગ મૂકવાનું પસંદ ન કરતાં સૌ સ્વામીશ્રીના જ ખભા પર પગ મૂકી-મૂકીને ઉપર ચઢે. બલિના પગ વિષ્ણુના ખભે જેવો ઘાટ અહીં ઘડાયો હતો !

આમ, ત્રણેક માનવસ્તર તૈયાર થયાં બાદ સૌથી ઉપર ચડીને પંદરેક વર્ષના યોગીચરણદાસ સ્વામી જોરથી જયનાદ કરવા લાગ્યા. થોડી વાર આવો આનંદ લૂંટ્યા બાદ પિરામિડની રચનામાં ઊભેલા સૌ ક્યારેક વારાફરતી સ્તર મુજબ નદીમાં ઝંપલાવતા તો ક્યારેક પત્તાના મહેલની જેમ કડડભૂસ કરતા હેઠા પડી મોજ માણતા. પણ આ બેય રીતમાં સ્વામીશ્રીને તો ઠેઠ સુધી ભાર ખમવાનો આવતો. છતાં તેઓ આવી ક્રીડામાં સામેલ થયેલા અને સૌને આનંદ પમાડેલો. તે વખતે પિતાના ખભે ચડીને સંતાનો મસ્તી કરે એવો નજારો જામેલો. તેને

---

૨૩૧. વચનામૃત કારિયાણી પ્રકરણ ૭.

નીરખનારા વિચારી રહ્યા: 'દુનિયાનો કયો મહાપુરુષ આટલી ઊંચાઈએ પહોંચ્યા પછી આટલો ઝૂક્યો હશે ?!'

પગ મૂકવાના પગથિયા તરીકે પોતાના ખભા ધરીને સૌને ઉપર ઉઠાવનારા સંત હતા સ્વામીશ્રી ! તેઓ ખરેખરા ગમ્મત-ગંભીર હતા !

પ્રમુખસ્વામી માટે ગાદી પાથરી દેજો

ભાદરાથી સૌ તા. ૨૭/૯ના રોજ ગોંડલ આવી પહોંચ્યા. અહીંથી તા. ૩૦/૯ના રોજ સ્વામીશ્રી, કોઠારી સ્વામી વગેરે સાત-આઠ સંતો બે મોટરોમાં જૂનાગઢનાં પ્રાસાદિક સ્થાનોનાં દર્શને જઈ આવેલા. યોગીજી મહારાજ પોતાના આ પ્રિય સ્થાનમાં અસ્વસ્થ તબિયતને કારણે પધારી શકે તેમ નહોતા. તેથી જ કદાચ તેઓએ પોતાના પ્રિય શિષ્યને પોતાના વતી દર્શન કરવા માટે અહીં મોકલી આપ્યા હશે ! જૂનાગઢથી પાછા વળતાં રસ્તામાં જેતપુરના પાદરમાંથી વહેતી ભાદર નદીમાં સ્વામીશ્રી સહિત સૌએ સ્નાન કર્યું.

તા. ૨/૧૦ના રોજ યોગીજી મહારાજ અને સ્વામીશ્રી ગોંડલથી રાજકોટ પધારેલા. ત્યાંથી પરત ફરતાં રાત્રે આઠ વાગ્યે રીબડા ગામના મંદિરનો ખાતવિધિ તેઓએ કરેલો.

ગોંડલમાં ઊજવાતા ગુણાતીત જન્મોત્સવનું આકર્ષણ પ્રતિવર્ષ કરતાં આ વર્ષે અધિક હતું. કારણ કે આ પ્રસંગે યોગીજી મહારાજના વરદ હસ્તે ૨૯ નવયુવાનો ત્યાગાશ્રમની દીક્ષા લેવાના હતા. સાથે સાથે અક્ષર દેરીમાં શાસ્ત્રીજી મહારાજની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા પણ થવાની હતી. આ દિવસે સવારે જ યોગીજી મહારાજે સ્વામીશ્રીના સેવકને સૂચના આપેલી કે 'પ્રમુખસ્વામીનું આસન પણ અંદર (કૅબિનમાં) જ કરજો. તેમના માટે ગાદી પાથરી દેજો, જેથી સર્વે હરિભક્તોને તેઓનાં દર્શન થાય.'

યોગીજી મહારાજના સ્વાસ્થ્યની સાચવણી માટે તેઓની બેઠક વ્યવસ્થા કાચની કૅબિનમાં કરવામાં આવી હતી; જેથી ઠંડી,ધૂળ,પવન વગેરેથી તેઓને તકલીફ ન પડે. એ જ કૅબિનમાં પોતાની સાથે જ સ્વામીશ્રીનું આસન પણ તૈયાર કરવાનું યોગીજી મહારાજે કહ્યું. પ્રતિષ્ઠા, દીક્ષા, ઉત્સવ-સમૈયા, જાહેર સમારંભો, પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સાથેની મુલાકાતો વગેરેમાં યોગીજી મહારાજ સ્વામીશ્રીને પોતાની સાથે ને સાથે જ રાખતા હતા. યોગીજી મહારાજની સ્વામીશ્રી પ્રત્યેની આ લાગણી હતી, તેને જેઓ 'તેજીને ટકોરા'ની જેમ સમજી ગયા તે ન્યાલ થઈ

ગયા. જે ન સમજ્યા તેના લમણામાં ડફણાં જ ખાવાના રહ્યાં!

અવર્ણનીય સુખના સર્જક

યોગીજી મહારાજના ભાદરાના નિવાસ દરમ્યાન સ્થાનિક યુવક મંડળે સુંદર સોરઠી રાસ રજૂ કરેલો. તેથી યોગીજી મહારાજ ઘણા રાજી થયેલા. તે દિવસે જ રાત્રે યોગીજી મહારાજ સૂવા જતા હતા ત્યારે સંતોએ પૂછેલું કે 'બાપા! આપ યુવકોનો રાસ જોઈ પ્રસન્ન થયા. તો સંતો આવી રીતે રાસ કરે?'

તે વખતે યોગીજી મહારાજે સંમતિ આપેલી. તેથી શરદ પૂર્ણિમાના સમૈયે આ કાર્યક્રમ ગોઠવવાનું સૌએ વિચારેલું. તે માટે ગોંડલી નદીના ઘાટ ઉપર નાના સંતો રાત્રે રાસની 'પ્રેક્ટિસ' કરવા માટે જતા. સ્વામીશ્રી પણ ક્યારેક તે જોવા જતા અને સૌને પ્રોત્સાહિત કરતા.

શરદ પૂર્ણિમાના પાંચ દિવસ પહેલાં તા. ૯/૧૦ના રોજ યોગીજી મહારાજે પણ આ સૌ સંતોને બોલાવીને કહ્યું : 'કેવી પ્રેક્ટિસ કરો છો તે અમને પણ બતાવો.' તેથી મંદિરના સભામંડપના બે થાંભલાની વચ્ચે યોગીજી મહારાજનું આસન ગોઠવવામાં આવ્યું. તેની આસપાસ સંતોએ આખા સભામંડપમાં રાસ લેવાનું શરૂ કર્યું. સંતોની રાસમંડળી જોઈને યોગીજી મહારાજે સૌને આશીર્વાદ આપ્યા અને સૌની પ્રશંસા કરી. તેથી સર્વે સંતોને ખૂબ બળ મળી ગયું.

પણ ત્યાં તો યોગીજી મહારાજ બોલ્યા : 'પ્રેક્ટિસ સારી થઈ છે. પણ હવે રાસ અહીં થઈ ગયો. શરદ પૂનમના દિવસે ચોકમાં (સભામાં) ન કરવો.'

બાપાના મુખેથી આ સાંભળતાં જ સૌ હતપ્રભ થઈ ગયા. વળી, યોગીજી મહારાજ બોલ્યા : 'જાહેરમાં સંતો રાસ ન રમે.' આ વાણીથી તો સૌના ઉત્સાહ પર પાણી ફરી વળ્યું. યોગીજી મહારાજ તો આટલું કહી સૂવા માટે ગયા, પણ સંતોની ઊંઘ ઊડી ગઈ. સૌ વિમાસણમાં પડ્યા.

તે વખતે સૌને *'મોહે તો તુમ હી એક આધારા...'* તરીકે સ્વામીશ્રી યાદ આવ્યા. સંતોએ તેઓ પાસે જઈને સઘળી હકીકત જણાવી. સ્વામીશ્રી સંતોની માંગણી-લાગણી સમજી ગયા. વાત સાંભળી તેઓએ કહ્યું : 'કાલે યોગીજી મહારાજ જાગે એટલે વાત કરીશું.'

બીજે દિવસે યોગીજી મહારાજ પોતાના નિત્યક્રમથી પરવાર્યા ત્યારે સ્વામીશ્રીએ તેઓને નમ્રભાવે વિનંતી કરી કે 'બાપા! સંતોએ પ્રેક્ટિસ કરી છે તો ભલે રાસ રમે. શ્રીજીમહારાજની સાથે સંતો પણ રાસ રમ્યા હતા.'

કહેનારા સ્વામીશ્રી હતા એટલે યોગીજી મહારાજને કશું જ વિચારવાનું નહોતું. તેઓએ શરદ પૂનમની સભામાં સંતોના રાસરમણ માટે લીલી ઝંડી ફરકાવી દીધી. તેથી રાસમંડળ ખુશ થઈ ગયું. પછી તો શરદ પૂનમની રાત્રિસભામાં યોગીજી મહારાજ રાસમંડળના મધ્યમાં બિરાજ્યા હતા અને સંતોએ રાસ ઉપાડેલો : *'જોયા મેં તો યોગીજી મહારાજ, અમને ઘેલા બનાવ્યા...'*

રાસના તાલની ચલતીએ રાસ રમતા સંતોના પગમાં જોર આણી દીધું અને અદ્‌ભુત વાતાવરણ ખડું થઈ ગયું! શ્રીજીમહારાજે પંચાળા, ગઢડા, સારંગપુર વગેરે ગામોમાં કરેલા રાસોત્સવ સૌની નજર સમક્ષ તાદૃશ થઈ ગયા! અવર્ણનીય અને અવિસ્મરણીય સુખમાં સૌ ગરકાવ બની ગયા!

પણ આ સઘળા સુખના સર્જક હતા સ્વામીશ્રી. તેથી સૌએ તેઓનો પણ ખૂબ ખૂબ આભાર માન્યો.

થોડા દિવસો સુધી લાભ લઈને સત્તરેક સંતો મુંબઈ જવા વિદાય લેવાના હતા. તે સૌને વળાવવા માટે સ્વામીશ્રી તેઓની સાથે છેક રાજકોટ સુધી ગયેલા, મા જેમ સંતાનને વળાવવા જાય તેમ. રાત્રે રાજકોટમાં રોકાઈને વહેલી સવારે ઊપડતી ટ્રેનમાં સૌ સંતોને જ્યારે સ્વામીશ્રીએ વિદાય આપી ત્યારે તેઓની લાગણી જોઈને સૌ સંતો ગદ્‌ગદ થઈ ગયા હતા.

હવે પ્રમુખસ્વામી સાધુઓ કરશે

યોગીજી મહારાજે તાજેતરમાં જ જે નવયુવાનોને દીક્ષા આપી હતી તે સૌને તેઓ અવાર-નવાર પોતાની પાસે બેસાડીને લાભ આપતા. એક વાર આ રીતે ગોષ્ઠી ચાલતી હતી ત્યારે યોગીજી મહારાજ બોલ્યા : 'સાતસો સાધુ કરવા છે.'

તે વખતે હરિભક્તોએ પણ ટાપશી પુરાવતાં કહ્યું : 'બાપા! સત્સંગ ઘણો વધ્યો છે. માટે સાધુની જરૂર પડે.'

આ સાંભળી યોગીજી મહારાજે જણાવેલું : 'હવે પ્રમુખસ્વામી સાધુઓ કરશે. આપણે આફ્રિકાના યુવકોને દીક્ષા આપી. હવે સાધુઓ વધી જશે.' આમ કહી યોગીજી મહારાજે પોતાના અનુગામી તરીકે વધુ એક વાર સ્વામીશ્રીને ઘોષિત કરી દીધા.

આ સમયમાં સંસ્થા સંચાલિત ગોંડલની શાળામાં દિવાળીની રજાઓ પડવાની હતી. તેથી ઘેર જતાં પૂર્વે સર્વે વિદ્યાર્થીઓને લાભ મળે તે હેતુથી

તા. ૨૩/૧૦ના દિવસે હાઈસ્કૂલના સભાખંડમાં સભાનું આયોજન ગોઠવાયેલું.

આ સભામાં યોગીજી મહારાજને તેઓએ કરેલી સફળ વિદેશયાત્રાના પ્રતીકરૂપે આપવા માટે રજતનિર્મિત પૃથ્વીનો ગોળો વિદ્યાર્થીઓએ તૈયાર કરેલો. સ્વામીશ્રીના શુભ હસ્તે તે સ્મૃતિભેટ યોગીજી મહારાજને અર્પણ કરવામાં આવી હતી.

આવતા વર્ષથી અન્નકૂટ અહીં કરશે

સ્વામીશ્રીને શિરે ઘણી જવાબદારીઓ હતી. છતાં વિદેશયાત્રાએથી પરત ફર્યા બાદ સાડા ત્રણ મહિના સુધી યોગીજી મહારાજે તેઓને પોતાની સાથે રોક્યા હતા, પરંતુ હવે અન્નકૂટોત્સવ નજીક આવતો હોવાથી તા. ૨૫/૧૦ના રોજ સ્વામીશ્રી સારંગપુર ભણી વિદાય લેવાના હતા. તે સમયે સૌ સંતોએ તેઓને આગ્રહ કર્યો કે 'આ વર્ષનો અન્નકૂટ આપ અહીં જ કરો.'

સૌની આ માંગ સહેતુક હતી. કારણ કે નાના-મોટા સૌ સંતો સાથે હળી-મળીને રહેવાની સ્વામીશ્રીની પ્રકૃતિ સૌને માફક આવી ગયેલી. પદ-પ્રતિષ્ઠાની રીતે મોભાદાર હોવા છતાં તેઓ સદા સરળભાવે જ વર્તતા. તેથી તેઓના વજનદાર વ્યક્તિત્વનો ભાર પડે, પણ તે ભારે ન પડે. વળી, તેઓને પોતાની અંગત કોઈ અપેક્ષા નહીં. તેથી કોઈને તેઓની વ્યવસ્થા સાચવવાની ચિંતા ન રહે. તેઓના સાંનિધ્યમાં વખતે કંઈ ભૂલ થઈ જાય તોય ચિંતા ન રહે. કારણ કે કોઈની ખોડ-ખામી જોઈને તેના વિશેના સ્વામીશ્રીના વ્યવહાર-વર્તણૂકમાં કોઈ ઓટ-ખોટ ન આવતી. તેથી સૌને તેઓ સાથે સોરવતું. વળી, દરેક ક્રિયામાં તેઓની નજર પહોંચે. એટલે કામકાજલક્ષી પણ કોઈ મૂંઝવણભર્યો મામલો આવે તો તેઓ પાસેથી સચોટ સમાધાન તરત જ મળે.

પોતાની આવી પ્રકૃતિ અને પ્રવૃત્તિથી સ્વામીશ્રી સૌ સંતોના વાલેશરી થઈ પડેલા. તેથી સૌને પ્રબળ ઇચ્છા કે સ્વામીશ્રી આ વર્ષે અન્નકૂટોત્સવ અહીં ગોંડલમાં જ કરે.

પરંતુ સ્વામીશ્રી રહ્યા ગુરુકેન્દ્રી ! એટલે તેઓએ સંતોને જણાવ્યું : 'તમે બધા વાત કરો છો પણ મારે બાપા કહે તેમ જ કરવાનું હોય. શાસ્ત્રીજી મહારાજની મરજી છે કે યોગીજી મહારાજની આજ્ઞા જીવનભર રાખશો. તે આજ સુધી એમ જ કર્યું છે. માટે ફેરફાર ન થાય.'

'પણ બાપા કહે તો માનશો ?'

'બાપા કહે તો ક્યાં 'ના' છે? મોટરમાં જતા હોઈએ ને અડધે રસ્તે કોઈ કહે કે 'બાપા બોલાવે છે' તોય પાછા આવવું પડે!' સ્વામીશ્રીએ કહ્યું, પણ ઉમેર્યું કે 'તમારે બાપાને કહેવાની જરૂર નહીં.'

યોગીજી મહારાજ અને સ્વામીશ્રીનો નાતો કંઈક અલૌકિક હતો. બંને એકબીજાનું વચન રાખશે એવી બંનેને સંપૂર્ણ ખાતરી. તેમ છતાં કદી કોઈને નિમિત્ત બનાવીને સંબંધનો ગેરલાભ ઉઠાવવાની વાત નહીં. બ્રહ્મસ્વરૂપી પ્રીતિમાં આવાં ગંદવાડ-ગરબડ હોય જ ક્યાંથી?

નીકળવાના નિશ્ચિત સમયે સ્વામીશ્રી યોગીજી મહારાજનાં દર્શન કરવા ગયા. દંડવત કરી વિદાય માંગી ત્યારે અહીં પણ બધા સંતો એકસાથે જોરદાર આગ્રહપૂર્વક બોલી ઊઠ્યા : 'બાપા! સંત સ્વામી સારંગપુર જાય છે. માટે આ વખતે પ્રમુખસ્વામીને અહીં રોકો.'

ગોંડલ મંદિરના મહંત બાલમુકુંદ સ્વામીએ પણ આ આગ્રહમાં પોતાનું જોર ભેળવ્યું.

એટલામાં સંત સ્વામી આવી પહોંચ્યા. તેઓએ પણ આ ખેંચતાણ જોઈને કહ્યું : 'બાપા! પ્રમુખસ્વામી ભલે અહીં રોકાય.'

વડીલ સંતોની અનુમતિ હોય અને આટલો આગ્રહ હોય ત્યારે યોગીજી મહારાજ 'ના' પાડે તેવું ભાગ્યે જ બને. પરંતુ તેઓએ કહ્યું : 'પ્રમુખસ્વામીને આ વખતે સારંગપુર જવા દો. સંત સ્વામી અને બધા રાજી થાય. આવતા વર્ષથી પ્રમુખસ્વામી અન્નકૂટ અહીં કરશે.'

યોગીજી મહારાજની આજ્ઞા મળતાં સ્વામીશ્રી સારંગપુર જવા નીકળી ગયા.[૨૩૨] યોગીજી મહારાજના વચન મુજબ જ વર્તવાની તેઓની અચળ આરાધના તેઓનાં ચરણોમાં મસ્તક ઝુકાવી દે તેવી હતી.

પ્રમુખસ્વામીના પ્રેમમાં પરમેશ્વરનાં દર્શન

તા. ૨૯/૧૦ના રોજ સારંગપુરમાં સ્વામીશ્રીએ દિવાળી નિમિત્તે વિધિવત્ પૂજન કર્યું. અન્નકૂટ નિમિત્તે આ વર્ષે કાઠિયાવાડ ઉપરાંત ચરોતર, દસકોઈના

---

૨૩૨. સમય જતાં યોગીજી મહારાજની વાણી અક્ષરશઃ સત્ય ઠરી. આ પ્રસંગ બન્યાના ત્રણ મહિના બાદ યોગીજી મહારાજે પોતાની દેહલીલા સંકેલી લીધેલી. તેથી ત્યારપછીના અન્નકૂટ ઉત્સવ યોગીજી મહારાજના કથન મુજબ સ્વામીશ્રી વિશેષ કરીને ગોંડલમાં જ ઊજવતા રહેલા.

પણ ઘણા હરિભક્તો આવેલા. અન્નકૂટ બાદ દર વર્ષની જેમ ગામડાંઓની પ્રસાદી પણ સ્વામીશ્રીએ મોકલી આપી.[૨૩૩]

આ વર્ષે ઉદા ભક્ત જીવણભાઈ અને તેઓનાં કુટુંબીજનો યોગીજી મહારાજના સાંનિધ્યમાં અન્નકૂટ ઉત્સવનો લાભ લેવા ગયેલા. ગોંડલથી તેઓ પાછા વળતા હતા ત્યારે યોગીજી મહારાજે તેઓને આજ્ઞા કરી કે 'ગઢડા-સારંગપુરનાં મંદિરોમાં દર્શન કરીને જજો.' તેથી તે સૌ ગઢડામાં દર્શનલાભ લઈને સારંગપુર આવી પહોંચ્યા, પરંતુ તેઓ આવ્યા તે વખતે રાત્રિ ઢળી ચૂકેલી. વળી, વીજળી વેરણ થઈ ગયેલી. તેથી અંધારા જેવું લાગે. પણ ત્યાં જ સ્વામીશ્રી 'કોઈ મહેમાન આવ્યા છે' તેમ જાણી હાથમાં ફાનસ લઈને આવી પહોંચ્યા. કોઈ અંધારે અટવાતું હોય ત્યારે દીવો ધરવાની એમની પ્રકૃતિ તો પ્રથમથી જ !

ઠાકોરજી પોઢી ગયા હોવાથી મંદિરનાં દ્વાર તો ઊઘડે તેમ નહોતાં. તેથી સ્વામીશ્રીએ આ હરિભક્તો સાથે પોતાના સેવકને શાસ્ત્રીજી મહારાજની દેરીએ દર્શન કરાવવા મોકલ્યા. જીવાખાચરના દરબારમાં પણ દર્શનનું આયોજન ગોઠવી આપ્યું. સૌ દર્શન કરીને આવ્યા ત્યાં સુધીમાં તો ભોજનની બધી વ્યવસ્થા સ્વામીશ્રીએ તૈયાર કરી રાખેલી. એટલું જ નહીં, સાથે રહીને સૌને જમાડ્યા પણ ખરા ! રાત્રે સાડા અગિયાર વાગ્યે આ હરિભક્તો ઘોડાગાડી દ્વારા બોટાદ જવા નીકળવાના હતા. તે વખતે આટલી મોડી રાત્રે વિદાય આપવામાં પણ સ્વામીશ્રી હાજર હતા !

આ હરિભક્તો તો સ્વામીશ્રીએ લીધેલી પોતાની સંભાળથી લાગણીવિવશ બની ગયા. તેઓને મંદિરમાં ઠાકોરજીનાં દર્શન તો થયાં નહીં પણ સ્વામીશ્રીના આ પ્રેમમાં જ પરમેશ્વરનાં દર્શનતુલ્ય આનંદ મળી ગયાનો અનુભવ થયો. સ્વામીશ્રીના સ્નેહનો આ સ્વાદ ચખાડનાર યોગીજી મહારાજનો પણ તે સૌ મનોમન આભાર માની રહ્યા !

યોગીજી મહારાજ તેઓની નાજુક તબિયતને કારણે પ્રબોધિની એકાદશી અને કાર્તિકી પૂર્ણિમાના સમૈયે પધારવાના નહોતા. તેથી સ્વામીશ્રીને જ આ ઉત્સવ-પ્રસંગો શોભાવવાના હતા. તે માટે તેઓ સારંગપુરથી અમદાવાદ પધાર્યા.

અહીં એકાદશીનો ઉત્સવ ઊજવી તા. ૧૨/૧૧ના રોજ વસો પહોંચ્યા. અહીં ખુલ્લી મોટરમાં બપોરે સાડા અગિયાર વાગ્યે નગરયાત્રા કાઢવામાં આવી. ભર તાપમાં પણ સ્વામીશ્રી પ્રેમથી બિરાજ્યા અને સૌને રાજી કર્યા.

---

૨૩૩. વિ.સં. ૨૦૨૭નો પ્રારંભ થયો.

આ વખતે અહીં મંદિર માટે વિશાળ જગ્યા ખરીદવામાં આવી હતી. તેમાં જ ભવ્ય સભામંડપની રચના કરેલી. નગરયાત્રા બાદ બપોરે એક વાગ્યે સ્વામીશ્રી આ સભામંડપમાં લાભ આપવા બિરાજમાન થયા. સાંજે ચાલીસ પધરામણીઓ કરીને રાત્રે ૯ થી ૧૧ દરમ્યાન પણ સત્સંગસભાનો લાભ સ્વામીશ્રીએ આપ્યો.

બીજે દિવસે બાકીની પધરામણીઓ વહેલી સવારથી સ્વામીશ્રીએ શરૂ કરી દીધી. સવારે નવ વાગ્યા સુધીમાં પધરામણીઓ પૂરી કરીને સાડા અગિયાર વાગ્યા સુધી સભામાં બિરાજી કથાવાર્તાનો લાભ આપ્યો. સભા બાદ જમીનના ખૂણે ખૂણે જઈને પુષ્પો છાંટ્યાં અને વહેલી તકે મંદિરનું નિર્માણ થઈ જાય તે માટે ધૂન પણ કરાવી.

આમ, એક દિવસમાં ત્રણ સભાઓ, નગરયાત્રા, ૫૦થી વધુ પધરામણીઓ વગેરે સઘળું સુખ આપીને સ્વામીશ્રી સાંજે સાડા ચાર વાગ્યે વસોથી નીકળીને ડભાણમાં સભા અને મહેળાવમાં સંધ્યા આરતી કરી, રાત્રે આઠ વાગ્યે બોચાસણ પધારી ગયા. અહીં કાર્તિકી પૂર્ણિમાનો સમૈયો ભવ્યતાથી ઊજવાયો.

સંતશિરોમણિ પ્રમુખસ્વામી

યોગીજી મહારાજના સાંનિધ્યમાં દેવદિવાળીનો સમૈયો ગોંડલમાં પણ પરંપરાગત રીતે ઊજવાયો. આ ઉત્સવસભામાં નંદ પરમહંસોના ભજનો સંતો લલકારી રહેલા. યોગીજી મહારાજ તેઓની અલમસ્ત દશામાં ડોલતાં-ડોલતાં ભજનનો આનંદ માણી રહેલા. તે ભજનના દોરમાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી રચિત પદ ઊપડ્યું : *'સંત તે સ્વયં હરિ...'* તેમાં *'એવા સંતશિરોમણિ ક્યાં મળે ?...'* એ પંક્તિ ગવાઈ.

તે વખતે યોગીજી મહારાજે કીર્તન અટકાવીને પ્રશ્ન પૂછ્યો : 'હકાભાઈ ! એવા સંતશિરોમણિ કોણ ?'

'બાપા ! એવા સંતશિરોમણિ આપ !' તેઓએ સ્વાભાવિક જ કહ્યું.

પણ તે સમયે યોગીજી મહારાજ હસતાં હસતાં બોલ્યા : 'એવા સંત-શિરોમણિ આપણા પ્રમુખસ્વામી છે !'

યોગીજી મહારાજે નવા વર્ષે સ્વામીશ્રીની નવી ઓળખ આપી દીધી. સ્વામીશ્રીની યોગીજી મહારાજ વિશેની પ્રીતિ જેટલી અગાધ હતી એટલી જ યોગીજી મહારાજની સ્વામીશ્રી વિશેની પ્રીતિ અપાર હતી. એ અપાર અને

અગાધ સ્નેહસાગરને શબ્દોનાં હલેસાંથી કેટલો ફેડી શકાય !?

કાર્તિક પૂનમ બાદ સ્વામીશ્રી બોચાસણથી વિચરણ કરતાં કરતાં મુંબઈ પધાર્યા ત્યારે યુવકોએ તેઓને બેન્ડવાદનથી આવકારેલા અને મહંત સ્વામીએ ભવ્ય હાર અર્પણ કરીને સત્કાર કરેલો. મુંબઈથી સ્વામીશ્રી, ડૉક્ટર સ્વામી વગેરે ૬ સંતો તા. ૨/૧૨ના રોજ કોલકાતા જવા નીકળ્યા. અહીં નૂતન હરિમંદિરનો ખાતવિધિ સ્વામીશ્રીના વરદ હસ્તે થવાનો હતો.

તેઓ આવી પહોંચતાં કોલકાતાના સત્સંગમાં નવી ચેતનાનો સંચાર થઈ ગયો. ખાતમુહૂર્ત સંબંધી આયોજને વેગ પકડ્યો.

તા. ૩/૧૨ના રોજ પચીસ યજમાનો અને આશરે ત્રણસો મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં સ્વામીશ્રીના વરદ હસ્તે ખાતમુહૂર્તવિધિ ધામધૂમથી સંપન્ન થયો. ખાતવિધિ બાદ પણ સ્વામીશ્રી કોલકાતામાં રોકાયા હતા. 'સુરૈયા હાઉસ'માં તેઓ અને સંતો કથાલાભ આપતા. દિવસ દરમ્યાન પધરામણીઓ કરતા.

સુવર્ણજયંતી સમારોહ

સ્વામીશ્રીના કોલકાતાના આ રોકાણ દરમ્યાન તા. ૬/૧૨ના રોજ માગશર સુદ આઠમ આવી. બે વર્ષ પહેલાં આ જ તિથિએ યોગીજી મહારાજે સ્વામીશ્રીની ૪૮મી જયંતી મુંબઈમાં ઊજવેલી અને દર વર્ષે આ ઉત્સવ રાત્રે બાર વાગ્યા સુધી શાનદાર રીતે ઊજવવો તેવી આજ્ઞા પણ કરેલી. આ આજ્ઞા મુજબ સ્વામીશ્રી સાથે આવેલા સૌને થયું : 'આ તો પ્રમુખસ્વામીનો ૫૦મો જન્મજયંતી દિન કહેવાય. સુવર્ણ જયંતી કહેવાય. તે તો ઊજવવી જ જોઈએ.'

તેઓએ આ વાત સ્થાનિક યુવકોને કરી. તેઓ તો આ તવારીખ સાંભળતાં જ આનંદથી ઊછળી પડ્યા અને સ્વામીશ્રીની ૫૦મી જયંતી ઊજવવાનો તખ્તો ગોઠવાયો.

ઉત્સવ માટે ડૉ. ચંદ્રકાંતભાઈ ઠક્કરનું ઘર નક્કી થયું. તેને જયંતી અનુસાર શણગારોથી સજાવવામાં આવ્યું. પચાસ મીણબત્તીઓ તથા કેકની શોભા પણ ધરવામાં આવી. જો કે આ આયોજનથી તદ્દન બેખબર સ્વામીશ્રી તો શહેરમાં પધરામણીઓ કરી રહેલા, પણ જેવા તેઓ અહીં આવ્યા કે પગ મૂકતાં જ માહોલ પારખી ગયા. તેઓએ સેવકને સખત ઠપકો આપ્યો, પરંતુ આયોજન સંપૂર્ણ થઈ ગયેલું અને હરિભક્તનું ઘર હતું, તેથી સ્વામીશ્રી ખિન્ન થઈને બેસી રહ્યા.

આ પ્રસંગે ડૉ. ઠક્કરે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું. ત્યારબાદ ડૉક્ટર

સ્વામીએ જણાવ્યું કે 'પ્રમુખસ્વામી સાથે પહેલી વખત હું વિચરણ કરું છું. આ વિચરણમાં મને ખબર પડી કે યોગીજી મહારાજના વચને આજે તેમણે દેહના ચૂરેચૂરા કર્યા છે. દેહની દરકાર ક્યારેય કરી જ નથી.'

ત્યારબાદ યુવકમંડળે સ્વામીશ્રીને હસ્તલિખિત માનપત્ર અર્પણ કરીને ભક્તિ અદા કરી. કેક કાપવામાં આવી અને મીણબત્તીઓ ઓલવવાનો ઔપચારિકવિધિ પણ થયો. સ્વામીશ્રીને સૌએ ભવ્ય હાર પહેરાવ્યો અને તેઓના હસ્તે 'સંદેશ' વાનગીની પ્રસાદી વહેંચાવવામાં આવી.

અંતે સ્વામીશ્રીને ઉદ્‌બોધન કરવાનું કહ્યું ત્યારે અતિ આર્જવભાવે તેઓએ જણાવ્યું હતું કે 'તમારા બધાનો – યુવકો, હરિભક્તોનો – પ્રેમ છે, મહિમા છે એ વાત સાચી; પણ આ બધું મને શોભે જ નહીં. અત્યારે તો યોગીબાપાની જ વાત હોય. મારે, તમારે, બધાએ એક જ વિચાર કરવાનો છે કે યોગીબાપા કેમ રાજી થાય ? તેમને રાજી કરવા તમે સૌએ મંદિરની સેવા કરી તે જ મોટી વાત છે.'

વૃક્ષ પર જેમ જેમ ફળ ઝૂલતાં થાય તેમ તેમ તે વધુ ને વધુ નમતું જાય, તેમ સ્વામીશ્રીમાં પણ દરેક સન્માનના અવસરે વધુ ને વધુ નમ્રતાનું દર્શન સૌને થતું રહેતું.

ભગવાનનું સંતસ્વરૂપ પ્રમુખસ્વામી

સ્વામીશ્રી કોલકાતાના વિચરણમાં હતા તે દરમ્યાન યોગીજી મહારાજ ગોંડલમાં બિરાજી સૌને સુખ-સ્મૃતિ આપી રહેલા. તેઓના ગોંડલના આ મુકામ દરમ્યાન એક બપોરે કથાપ્રસંગમાં વરતાલ પ્રકરણનું દસમું વચનામૃત વંચાયું. તેમાં વાત આવી કે 'સાધુરૂપે ભગવાનનું સ્વરૂપ હોય તો તે ત્રીસ લક્ષણે યુક્ત હોય.'

આ સાંભળીને યોગીજી મહારાજે સભામાં જ પ્રશ્ન પૂછ્યો કે 'આવું સ્વરૂપ કોણ ?'

'બાપા ! આપ.' સૌ એક અવાજે બોલ્યા.

ત્યારે યોગીજી મહારાજ સ્વામીશ્રીનું સ્વરૂપ ઉદ્‌ઘાટિત કરતાં સ્પષ્ટ અવાજે બોલેલા : 'એવા તો અમારા પ્રમુખસ્વામી છે. માટે એમને રાજી કરવા અને એ કહે તેમ કરવું.'

વારે-વારે અને વાતે-વાતે યોગીજી મહારાજની જીભ સ્વામીશ્રીને પોકારતી રહેતી. સ્વામીશ્રીના મહિમાનો એક પડઘો હજી શમ્યો ન હોય ત્યાં તો

મહિમાનો બીજો ઘોષ ઊઠ્યો જ હોય !!

ગુરુને લાગી શિષ્યની રઢ

તા. ૧૨/૧૨ના રોજ યોગીજી મહારાજ અક્ષર દેરીમાં પધારેલા. અહીં તેઓ આપમેળે કહેવા લાગ્યા : 'આપણે કોસીન્દ્રામાં મંદિર કરવું છે અને બામણગામમાં પારાયણ કરવું છે. બંને કાર્યો પ્રમુખસ્વામીના હાથે થશે.'

પોતાનો કાર્યભાર હવે સ્વામીશ્રીના શિરે પોતે મૂકી રહ્યા છે એનો વધુ એક સ્પષ્ટ નિર્દેશ યોગીજી મહારાજે આ અવસરે કર્યો. અનેકના સંશયોને છેદે એવી શબ્દોની શારડી વડે યોગીજી મહારાજ સ્વામીશ્રીનો મહિમા સૌનાં અંતરમાં ઉતારતા જતા હતા.

તા. ૧૩/૧૨ના રોજ પણ સવારે દસ વાગ્યે આરામ કરીને પથારીમાં બેઠા થતાં યોગીજી મહારાજે પૂછ્યું : 'કોણ કોણ હાજર છે ? આવો વાત કરીએ.'

તે વખતે ગુણવંત દાણી યોગીજી મહારાજ પાસે ગયા. તેઓને યોગીજી મહારાજ કહેવા લાગ્યા : 'આજે પૂનમ છે. બોચાસણમાં દસ હજાર હરિભક્તો આવ્યા હશે... પ્રમુખસ્વામી બેઠા હશે. પૂજન થતું હશે. આવી સ્મૃતિ અખંડ રહ્યા કરે છે... બધું ઇદમ્ દેખાય છે..'[૨૩૪]

તા. ૧૮/૧૨ના રોજ સવારે પણ જાગતાંવેંત સ્વપ્નદર્શનની વાત કરતાં કહ્યું : 'આજે સ્વપ્નું આવ્યું. આણંદ મંદિરમાં ઉપરના મેડે પ્રમુખસ્વામી બેઠા હતા અને વાતો કરતા હતા... હું મેડા ઉપર ગયો...'

આમ, જાગ્રત-સ્વપ્ન અવસ્થામાં યોગીજી મહારાજને જાણે સ્વામીશ્રીની રઢ લાગી ગઈ હોય એમ તેઓ એમને સંભાર્યા વિના રહી શકતા નહીં.

પરપ્રાંત પુનઃ પાવન

કોલકાતામાં ખાતમૂહુર્ત બાદ દસેક દિવસનું રોકાણ કરીને સ્વામીશ્રીએ મંદિર-નિર્માણની પ્રવૃત્તિને વિશેષ વેગ આપ્યો હતો. ત્યારબાદ તા. ૧૩/૧૨ના રોજ કોલકાતાથી ટ્રેનમાં બેસીને તેઓ બનારસ આવ્યા. અહીંથી મોટરમાર્ગે તા. ૧૫/૧૨ના દિવસે અયોધ્યા થઈને તા. ૧૬/૧૨ના રોજ છપૈયા પહોંચ્યા.

અત્રે સર્વ પ્રાસાદિક સ્થાનોનાં દર્શન કરીને તા. ૧૭/૧૨ના દિવસે અયોધ્યામાં રામ જન્મભૂમિનાં દર્શને સ્વામીશ્રી ગયેલા. ત્યાંથી ફૈઝાબાદ થઈને

---

૨૩૪. અલબત્ત, આ સમયે સ્વામીશ્રી કોલકાતામાં હતા.

જોનપુરમાં પધરામણીઓ કરી હતી તથા સત્સંગ મંડળની પણ સ્થાપના કરેલી.

જોનપુરથી વિદાય લઈ તા. ૧૮/૧૨ના રોજ સ્વામીશ્રી અલહાબાદ પધાર્યા હતા અને તા. ૧૯/૧૨ના દિવસે પ્રયાગતીર્થમાં સ્નાન કરેલું.

પ્રયાગથી તેઓ કાનપુર આવી પહોંચેલા. અહીં તા. ૨૨/૧૨ના રોજ ગુજરાતી સ્કૂલમાં સભા થઈ અને સત્સંગ મંડળની સ્થાપના પણ સ્વામીશ્રીએ કરી. આમ, ઓછા-આછા સમુદાયમાં પણ તેઓ સત્સંગની ફૂલવાડી ખીલવતા જતા હતા.

કાનપુરથી તા. ૨૪/૧૨ના દિવસે સ્વામીશ્રી દિલ્હી પહોંચેલા. તા. ૨૯/૧૨ના રોજ દિલ્હીથી મોટરમાર્ગે કુરુક્ષેત્ર થઈને લુધિયાણાના રાધાકૃષ્ણ મંદિરમાં યોજાયેલી જાહેર સત્સંગ સભામાં તેઓએ લાભ આપેલો. તા. ૩૦/૧૨ના રોજ સ્વામીશ્રી અમૃતસરમાં આવેલા સુવર્ણ મંદિરનાં દર્શને પધારેલા. અહીંથી જલંધર પહોંચેલા. અત્રે ત્રણ પધરામણીઓ કરીને લુધિયાણામાં આવી રાત્રે જાહેર સત્સંગ સભા કરી હતી અને સત્સંગ મંડળની સ્થાપના પણ કરેલી. ત્યારબાદ તા. ૩૧/૧૨ના રોજ દિલ્હી પરત ફરેલા.

સન ૧૯૭૧

બે શબ્દ ખાસ ઉમેરો

તા. ૧/૧ના દિવસે સ્વામીશ્રી મોટરમાર્ગે ગોકુલ, મથુરા અને વૃંદાવનમાં દર્શન કરીને સાંજે આગ્રા આવી પહોંચેલા. અહીં તા. ૨/૧ના રોજ રાધાસ્વામી મંદિરનાં દર્શન કરીને જયપુર પધાર્યા. ત્યારબાદ તા. ૪/૧ના દિવસે આમેર ગામમાં એક પધરામણી કરીને ગોવિંદજી મંદિર, ગલતાજી વગેરેનાં દર્શન કરેલાં અને બે દિવસ ચતુર્ભુજજીના મંદિરમાં સભા કરી હતી. તા. ૫/૧ના દિવસે પુષ્કરમાં દર્શન કરીને સ્વામીશ્રી બિલાડા પધારેલા. અત્રે લાભ આપી તા. ૭/૧ના રોજ પાલી થઈને તા. ૮/૧ના દિવસે સ્વામીશ્રી અમદાવાદ આવી પહોંચેલા.

આમ, પરપ્રાંતનાં ગામો-શહેરો અને તીર્થોને સ્વામીશ્રીએ વિદ્યુતવેગી વિચરણ દ્વારા પાવન કરેલાં.

સ્વામીશ્રીના પરપ્રાંતના આ વિચરણ દરમ્યાન ઈશ્વરચરણદાસ સ્વામી અને બાલુભાઈ બ્રહ્મભટ્ટ આ વર્ષે ગોંડલમાં થનારા યુવક અધિવેશનની કાર્યવાહી કરી રહેલા. તે અંગે તેઓએ તૈયાર કરેલો એક પરિપત્ર તેઓ યોગીજી મહારાજને બતાવવા માટે લઈ ગયેલા. યોગીજી મહારાજ તેને ખૂબ ઝીણવટથી

જોવા લાગ્યા. પછી હસતાં હસતાં કહે : 'આમાં પ્રમુખસ્વામીનું નામ ક્યાં છે ?'

'બાપા ! ભૂલી ગયા.'

'નો' ભૂલવું. આપણે એમનું ગૌરવ વધારવાનું છે. માટે બે શબ્દ ખાસ ઉમેરો.' એમ જણાવીને યોગીજી મહારાજે સ્વામીશ્રીનું નામ પરિપત્રમાં ઉમેરાવ્યું.

આયોજકોને આ પરિપત્ર છાપવાની ઉતાવળ હતી, કારણ કે તે પરિપત્ર મળે પછી જ યુવકો અધિવેશન અંગેની જુદી જુદી તૈયારીઓ કરી શકે તેમ હતા. સૌએ આ વાત યોગીજી મહારાજને જણાવી ત્યારે તેઓએ ઈશ્વરચરણદાસ સ્વામીને કહ્યું : 'ભલે તમારે ઉતાવળ હોય પણ આ પરિપત્ર પ્રમુખસ્વામીને બતાવીને તેમની સૂચના લઈને પછી જ છાપવાનો છે.'

આ સાંભળી ઈશ્વરચરણદાસ સ્વામી બોલ્યા : 'પ્રમુખસ્વામી તો અત્યારે દિલ્હી તરફ વિચરણમાં છે અને ઘણી જગ્યાએ ફરવાના છે અને અમદાવાદ આવતાં ઘણો જ સમય લાગશે અને મોડું ઘણું થશે.'

ત્યારે યોગીજી મહારાજ બોલ્યા : 'અધિવેશન સર્વોપરી થશે. કોઈ વાંધો નહીં આવે. પણ પ્રમુખસ્વામીને ખાસ આમાં ભેળવવાના છે. માટે મુંબઈથી મહંત સ્વામી અને અહીંથી તમે અમદાવાદ જજો અને એમને મળીને, સલાહ લઈને પછી જ છાપજો.'

આમ, યોગીજી મહારાજે અધિવેશનની તમામ કાર્યવાહીમાં સ્વામીશ્રીને ભેળવવાનો ખૂબ આગ્રહ રાખ્યો હતો.[૨૩૫]

સંપ્રદાયનો સંક્રાંતિકાળ

તા. ૧૩/૧ના રોજ યોગીજી મહારાજનું સ્વાસ્થ્ય વિશેષ કથળતાં સ્વામીશ્રી અને ડૉક્ટર સ્વામી બોચાસણથી તાબડતોબ ગોંડલ આવી પહોંચેલા. સ્વામીશ્રીને જોતાં જ યોગીજી મહારાજ ઘણા રાજી થઈ ગયા. આ જ સમયે મહંત સ્વામી વગેરે સંતો-ભક્તો પણ મુંબઈથી આવી ગયા હતા.

તા. ૧૪/૧ના દિવસે મકરસંક્રાંતિ આવી. આજે સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં સંક્રમણ કરવાનો હતો. સંપ્રદાયમાં પણ આજથી શરૂ થઈ રહેલો દિવસોનો દસકો સંક્રાંતિકાળ બનીને જ આવી પહોંચેલો. સહજાનંદરૂપી સૂર્યે

૨૩૫. આ અધિવેશન પહેલાં જ યોગીજી મહારાજ ધામમાં પધારી ગયેલા અને અધિવેશન સ્વામીશ્રીના સાંનિધ્યમાં જ થયું હતું. તે વખતે સૌને યોગીજી મહારાજના આ ચરિત્રનો મર્મ સમજાયેલો.

પણ યોગીજી મહારાજમાંથી સંક્રમણની તૈયારી કરી લીધી હતી. તે માટે હવે આગામી દસ દિવસ નિર્ણાયક સાબિત થવાના હતા. સંપ્રદાય આમ જુઓ તો નિર્ધારિત છતાં લૌકિક દૃષ્ટિએ અણધારી ઘટનાઓમાંથી પસાર થવા લાગ્યો.

યોગીજી મહારાજ પોતે જે નિત્યપૂજા કરતા તે આ દિવસથી તેઓએ સ્વામીશ્રીને સોંપી અને તેઓને પોતાના વતી આ પૂજા કરવાનું જણાવ્યું.

પછી બોલ્યા : 'ભક્તિકિશોર(સ્વામી)ને કહેજો કે પ્રમુખસ્વામીને (ચણાના) ઓળા જમાડે.'

અસ્વસ્થ તબિયતમાં પણ યોગીજી મહારાજ સ્વામીશ્રીનું ધ્યાન રાખવાનું ચૂક્યા નહીં.

આ દિવસે શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ[૨૩૬] ખબર-અંતર પૂછવા આવેલા. સ્વામીશ્રી તેઓને લઈને યોગીજી મહારાજ પાસે આવ્યા. યોગીજી મહારાજ સાથે મુલાકાત બાદ ઊભા થતી વખતે યોગીજી મહારાજે સ્વામીશ્રીને ભલામણ કરી કે 'તેમને જમાડીને પછી પ્રસાદ આપીને મોકલજો.'

તા. ૧૫/૧ના દિવસે એક સંન્યાસી મંદિરમાં આવી ચડેલા. તેની વ્યવસ્થા કરવાની ભલામણ પણ યોગીજી મહારાજે સ્વામીશ્રીને કરી હતી.

આમ, સત્તાધારીથી સંન્યાસી સુધીના સૌની સંભાળ રાખવાનું સ્વામીશ્રીને સોંપી યોગીજી મહારાજ પરમ સંતોષ અનુભવતા. તેઓને સ્વામીશ્રી પર પૂર્ણ વિશ્વાસ હતો.

તા. ૧૬/૧ના રોજ યોગીજી મહારાજે સ્વામીશ્રીને પોતાના ઓરડામાં બોલાવડાવ્યા અને સર્વ હરિભક્તોની રસોઈઓ નોંધવા જણાવ્યું.

આ અરસામાં ત્યાગવલ્લભદાસ સ્વામીનું સંતમંડળ વિદેશમાં વિચરણ કરતું હતું, પરંતુ યોગીજી મહારાજનું સ્વાસ્થ્ય જોતાં સ્વામીશ્રીએ જ તેઓને દેશમાં પરત બોલાવી લીધેલા. તે સૌ પણ તા. ૧૭/૧ના રોજ આવી ગયા.

તેઓને જોઈને યોગીજી મહારાજ રાજી થયા. આ સમયે યોગીજી મહારાજના નાજુક સ્વાસ્થ્યના સમાચાર રેડિયો પરથી પણ પ્રસારિત થતાં ગામોગામના હરિભક્તો અક્ષર મંદિરમાં ઊમટવા લાગેલા. સૌ અક્ષર દેરીમાં યોગીજી મહારાજના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના-પ્રદક્ષિણા કરતા હતા. યોગીજી મહારાજ પણ ઘડીકમાં સ્વસ્થતા તો ઘડીકમાં માંદગી બતાવી સૌને વિમાસણમાં મૂકી રહેલા.

---

૨૩૬. સમય જતાં તેઓ ગુજરાતના મુખ્યમંત્રી બનેલા.

પ્રમુખસ્વામી સવાયું સુખ આપશે !

તા. ૧૮/૧ના રોજ સંતોએ યોગીજી મહારાજને પ્રાર્થના કરી કે 'બાપા ! રોગને ઘાટમાં નાંખી દો.'

'ઘાટમાં હોય ? ઘાટની પેલી પાર.' યોગીજી મહારાજ સૂતાં સૂતાં પણ એકદમ રંગમાં આવીને બોલ્યા અને પછી જણાવ્યું : 'હવે બે દિવસમાં મટી જશે.'

આ સાંભળી બધા આનંદમાં આવી ગયા. પણ એ જ દિવસે યોગીજી મહારાજે હર્ષદભાઈને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું : 'હવે દેહ નહીં રહે.'

આ સાંભળી હર્ષદભાઈ ચિંતાગ્રસ્ત થઈ ગયા. તેઓએ હાથ જોડી પૂછ્યું : 'બાપા ! અમારો આધાર તો આપ છો. આપ નહીં હો ત્યારે અમારું કોણ ?'

'પ્રમુખસ્વામી છે ને ! મારા કરતાં સવાયું સુખ આપશે !' યોગીજી મહારાજ ક્ષણનાય વિલંબ વિના બોલી ગયા.

પ્રમુખસ્વામી તો મારું સર્વસ્વ છે

તા. ૧૮/૧ની રાત્રે યોગીજી મહારાજે મહંત સ્વામી સહિત મુંબઈમાં રહેતા સંતોને સંભાર્યા. પછી એકાએક તેઓ બોલ્યા : 'પ્રમુખસ્વામી તો મારું સર્વસ્વ છે.' એમ કહી દૂધના બે ઘૂંટડા લઈને પોઢી ગયા.

કટોકટીની પળોમાંથી શરીર પસાર થઈ રહેલું ત્યારે પણ યોગીજી મહારાજને સ્વામીશ્રીની જ રટણા લાગી રહેલી !

...પરંતુ યોગીજી મહારાજનું સ્વાસ્થ્ય કલાકે-કલાકે ચિંતા વધારતું જતું હતું. તેથી તા. ૧૯/૧ના દિવસે ડૉ. મોદીને મુંબઈથી ગોંડલ બોલાવવામાં આવેલા. તેઓએ એક દિવસ રોકાઈને જરૂરી સારવાર આપી, પણ સૂચન કર્યું કે 'મુંબઈ આવો તો સારું. ત્યાં સારવાર સારી થાય અને જરૂર પણ છે.' આટલું કહી વિદાય લીધી.

ડૉક્ટરની વિદાય બાદ તા. ૨૦/૧ના દિવસે સ્વામીશ્રી, સંત સ્વામી, બાલમુકુંદ સ્વામી, મહંત સ્વામી વગેરેએ યોગીજી મહારાજને પૂછ્યું કે 'આપની જો ઈચ્છા હોય અને આપ જલદી સાજા થઈ જાવ તો જ મુંબઈ જવું છે. ડૉક્ટરે ભલે કહ્યું પણ આપની ઈચ્છા હોય એમ જ કરવું છે.'

યોગીજી મહારાજની અસ્વસ્થ તબિયતને કારણે સમગ્ર સંપ્રદાય ચિંતિત હતો. કેટલાય સમયથી યોગીજી મહારાજનો ઘેરો મધુર સ્વર અને તાળીઓના

પડકારા કાને પડ્યા નહોતા. સૌને કાનનો કોઈ અર્થ જણાતો નહોતો.

કેટલાય વખતથી યોગીબાપાનું હસતું મુખારવિંદ અને ડોલતું શરીર નજરે ચઢ્યું નહોતું. સૌને આંખો નિરર્થક ભાસતી હતી.

કેટલાય દિવસોથી યોગીબાપાનો પ્રેમભર્યો ધબ્બો વાંસામાં પડ્યો નહોતો. સૌને પોતાની ત્વચા અર્થશૂન્ય લાગતી હતી.

નિત્ય પૂજા કર્યા બાદ યોગીબાપા ઉછાળી-ઉછાળીને પુષ્પો આપતા હતા. એ સુગંધને પામ્યે કેટલીયે વેળા વહી ગયેલી. સૌને પોતાની નાસિકા નકામી જણાતી હતી.

'લ્યો, પ્રસાદી' કહીને મીઠો પ્રસાદ આપતાં યોગીજી મહારાજના હાથે પ્રસાદનો સ્વાદ માણ્યે કેટલાય દા'ડા વીતી ગયેલા. સૌને પોતાની જિહ્વાનો કોઈ અર્થ અનુભવાતો નહોતો.

બસ, જ્યાં જુઓ ત્યાં ભજન-પ્રાર્થનાનો દોર ચાલુ હતો. 'યોગીબાપાને શું થશે ?'ના એક અદૃશ્ય ઓથાર નીચે સૌ જીવતા હતા. તેમાં 'મુંબઈ જવાથી સારું થશે' તેવી વાત યોગીજી મહારાજના મુખેથી નીકળતાં સૌને જીવમાં જીવ આવ્યાનો અનુભવ થયો.

છેલ્લી વાર...

તા. ૨૧/૧ના રોજ યોગીજી મહારાજે ગોંડલથી મુંબઈ જવાની તૈયારી કરી. બપોરે ત્રણ વાગ્યે મંદિરેથી નીકળતાં તેઓ બોલ્યા : 'ગોંડલ છોડવું પડશે.' આમ કહેતાં પોતાના પ્રિય સ્થાનને તેઓ જોઈ રહ્યા – છેલ્લી વાર.

વિદાયનાં દર્શન માટે યોગીજી મહારાજ અક્ષર દેરીમાં પધાર્યા. સ્ટ્રેચરમાં જ બેઠાં થઈને દર્શન કર્યાં. અહીં સ્વામીશ્રીએ યોગીજી મહારાજને હાર પહેરાવ્યો.

જે અક્ષર દેરીમાં ૧૮ વર્ષના નાનકડા શાંતિ ભગતની ભાગવતી દીક્ષા પ્રસંગે પોતે મહાપૂજા કરી હતી અને મસ્તકે હાથ મૂકી આશીર્વાદ આપ્યા હતા, એ નારાયણસ્વરૂપ સ્વામીના હાથે તેઓએ આજે પુષ્પહાર અંગીકાર કર્યો – છેલ્લી વાર.

જે અક્ષર દેરીની પ્રદક્ષિણા કરવાનો અવિરત ઉમંગ તેઓને રહ્યા કરતો તે અક્ષર દેરીની પ્રદક્ષિણા આજે પણ તેઓએ કરી – છેલ્લી વાર.

અક્ષર દેરીમાં પધરાવેલ શાસ્ત્રીજી મહારાજની જે મૂર્તિનાં દર્શન કરતાં તેઓ ધરાતા નહોતા, એ મૂર્તિનાં દર્શન આજે પણ તેઓએ સ્ટ્રેચરમાં બેઠાં બેઠાં

કર્યાં – છેલ્લી વાર.

જે મૂર્તિ સાથે પોતે વાર્તાલાપ કરતા એ ઘનશ્યામ મહારાજ સાથે આજે પણ તેઓએ નીરવ સંવાદ સાધ્યો – છેલ્લી વાર.

ભક્તોની સાથે આજે અક્ષર મંદિર પણ સૂનમૂન થઈને યોગીજી મહારાજને જતાં જોઈ રહ્યું! જે યોગીબાપાના ખોળે પોતે ઊછર્યું, મોટું થયું એ ખોળેથી આજે અળગા થતાં મંદિરનો કણ કણ કંપી રહ્યો!! પણ 'મને સારું થઈ જશે' આ શબ્દોથી સૌનાં હૈયાં ટકી રહેલાં.

યોગીજી મહારાજ હેમખેમ મુંબઈ આવી પહોંચ્યા. ઍરપોર્ટથી સીધા જ ભાટિયા હૉસ્પિટલના રૂમ નંબર ૨૦૮માં પધાર્યા. અહીં સર્વ પરિસ્થિતિ થાળે પડતાં સ્વામીશ્રી દાદર મંદિરે પહોંચ્યા. અત્રે સૌ સંતો યોગીજી મહારાજના સમાચાર જાણવા ઉત્સુક હતા. સૌને સ્વામીશ્રીએ વિગત અને ધરપત આપી. યોગીજી મહારાજની તબિયત સારી થઈ જાય તે માટે રોજ પૂજામાં એક માળા વધુ ફેરવવાની વાત કરી.

એ સાથે જ રહેવાના છે

તા. ૨૨/૧ના રોજ સ્વામીશ્રી નિત્યક્રમથી પરવારીને મંદિરેથી હૉસ્પિટલ પહોંચી ગયેલા. આ દિવસે બપોરે આરામમાંથી જાગ્યા બાદ યોગીજી મહારાજે સ્વામીશ્રીને યાદ કર્યા. વળી, સાંજે ત્રણ વાર યાદ કર્યા અને પોતાની સમીપે બોલાવ્યા. સ્વામીશ્રી આવ્યા એટલે તેઓએ કહ્યું : 'આપણે વાત કરવી છે.'

પણ યોગીજી મહારાજને બોલવામાં હાંફ ચડતો હતો. તેથી સ્વામીશ્રીએ જણાવ્યું : 'બાપા! આપણે પછી વાત કરીશું. હમણાં તો આપ સાજા થઈ જાવ.'

સ્વામીશ્રીએ આમ કહ્યું તેથી યોગીજી મહારાજ શાંતિથી સૂઈ ગયા.

આ દિવસે રાત્રિના અગિયાર વાગી ચૂક્યા હતા, પણ સ્વામીશ્રી હૉસ્પિટલમાંથી મંદિરે પાછા ફર્યા નહોતા. સૌ સંતો સૂઈ ગયા હતા. કેવળ ત્યાગવલ્લભદાસ સ્વામી અને ઘનશ્યામપ્રસાદદાસ સ્વામી જાગતાં બેઠા હતા.

રાત્રે સ્વામીશ્રી હૉસ્પિટલમાંથી આવે ત્યારે તેઓને જમાડીને આ સંતો આરામમાં જતા. આજે સ્વામીશ્રીને આવવામાં મોડું થતાં તેઓ ચિંતાતુર બની ગયેલા.

...પણ એટલામાં જ સ્વામીશ્રી આવી પહોંચ્યા. જૂના અક્ષર ભુવનના એ નાનકડા રસોડાનું વાતાવરણ આજે જરા ભારે લાગતું હતું. રાત્રિનું

ગમગીન એકાંત એ ભારમાં ભીતિ પણ ભેળવી રહેલું. આજે સ્વામીશ્રી જમવા બિરાજ્યા પણ ચૂપચાપ હતા, પરંતુ તેઓનું મૌન સામે બેઠેલા સંતોની વ્યગ્રતા વધારી રહ્યું છે તેમ લાગતાં તેઓ કહેવા લાગ્યા : 'આજે બાપાની તબિયત સારી છે. ડૉક્ટરોએ કહ્યું છે કે આઠેક દિવસમાં સારું થઈ જશે. બધા ખડે પગે સેવા કરે છે.'

'સ્વામી ! આપે પણ સવારે નાસ્તો કર્યો તે છેક અત્યારે થોડું જમ્યા છો.' સંતોએ કહ્યું.

'આપણી ક્યાં વાત છે ? આપણે બધાએ ધૂન કરવી, પ્રાર્થના કરવી. બાપાને સારું થઈ જશે. તેમનાં ઘણાં કાર્ય બાકી છે તે તેઓ જ પૂરાં કરશે. આપણને બાપાએ રમાડી-જમાડી, સેવા કરાવી ખૂબ સુખ આપ્યું છે તે સ્મૃતિ કરવી. બધાએ બળ રાખવું. એ સાથે જ છે અને સાથે જ રહેવાના છે.' સ્વામીશ્રીના મુખમાંથી સૂચક શબ્દો સરી પડ્યા.

આમ વાતો કરતાં કરતાં સ્વામીશ્રીએ જમવાનું પૂરું કરીને ચળુ કર્યું. એ જ બેઠકે રાત્રે બાર વાગ્યા સુધી બંને સંતોને બળ અને આશ્વાસન આપ્યાં. ત્યારબાદ આરામમાં પધાર્યા.

યોગીનો વિયોગ

તા. ૨૩/૧/૧૯૭૧ના રોજ સ્વામીશ્રી સવારે પરવારીને વેળાસર હૉસ્પિટલમાં પહોંચી ગયેલા. લગભગ અગિયાર વાગ્યાની આસપાસ યોગીજી મહારાજને એકાએક ઉબકા આવવા લાગ્યા. શરીર ખેંચાયું પણ વળી સ્વસ્થ થઈ ગયું.

લગભગ અડધા કલાક પછી ફરી હુમલો થયો. તાત્કાલિક સારવાર શરૂ કરી દેવામાં આવી. તે વખતે યોગીજી મહારાજ કહે : 'પ્રમુખસ્વામી ક્યાં છે ? મહંત સ્વામી ક્યાં છે ? હર્ષદભાઈને કાગળ અને પેન લઈને બોલાવો. આટલા સંકલ્પો લખી લો.'

તે વખતે સ્વામીશ્રી યોગીજી મહારાજની નજીક આવ્યા એટલે તેઓ બોલ્યા : 'હવે આ દેહ રહેશે નહીં, મારે જવું છે.'

પછી ઈશ્વરચરણદાસ સ્વામીને બોલાવીને પોતાના સંકલ્પો યાદ કરાવ્યા. થોડી સ્વસ્થતા બતાવી. પરંતુ આખરે બપોરે ૧૨-૪૫ વાગ્યે યોગીજી મહારાજે પોતાની દેહલીલા સંકેલી લીધી ! તે સાથે જ સૌનાં હૈયાં ભાંગી પડ્યાં. સ્વામીશ્રી

સૌને ધીરજ આપતા રહ્યા.

મધ્યાહ્ને પ્રકાશિત થતાં દૈનિકોએ અન્ય સમાચારો પડતા મૂકીને યોગીજી મહારાજનાં ધામગમનના સમાચારો પ્રસારિત કર્યા. જેમ જેમ આ ખબર સૌને મળતા ગયા તેમ તેમ કરુણ આક્રંદથી વાતાવરણ ભરાવા લાગ્યું. સૌ યોગીજી મહારાજની અંતિમ ઝાંખી માટે દોડવા લાગ્યા. યોગીજી મહારાજને દાદર મંદિરે લાવવામાં આવ્યા હતા. અસંખ્ય ભાવિકો અશ્રુભીની આંખે તેમનાં દર્શન કરતા રહ્યા.

સાંજે સાત વાગ્યે યોગીજી મહારાજને લઈને ચાર્ટર્ડ વિમાન રાજકોટ ઊતર્યું. અહીં પણ હજારોની મેદની 'બાપા'નાં અંતિમ દર્શન માટે તલસતી હતી. યોગીજી મહારાજે રાજકોટથી પોતાના પ્રિય સ્થાન ગોંડલ તરફ અંતિમ યાત્રા શરૂ કરી ત્યારે હજારોનો સમુદાય તેઓને અનુસરી રહેલો.

અમર ગુરુભક્તિ

યોગીજી મહારાજને ખુરશીમાં વિરાજિત કરીને વાહનમાં પધરાવવામાં આવ્યા હતા. તેઓનું સમગ્ર શરીર ફૂલહારથી ઢંકાઈ ગયેલું. કેવળ મુખારવિંદનાં દર્શન થતાં હતાં. આજુબાજુ બરફ ગોઠવાયેલો. સ્વામીશ્રી, મહંત સ્વામી તથા સંતો શોકગ્રસ્ત હૃદયે ખુરશી પકડીને ઊભા રહેલા.

ધીરે રહીને વાહન ઊપડ્યું. ધીમે વેગે જતું વાહન ખુલ્લું હોવાથી શિયાળાનો ઠંડો સુસવાટાબંધ પવન છાતી વીંધીને આરપાર નીકળી રહેલો.

તે વખતે સ્વામીશ્રીએ જોયું કે 'લેશમાત્ર ઠંડી સહી ન શકતા યોગીજી મહારાજ આજે ખુલ્લા વાહનમાં બરફની પાટો વચ્ચે કેવળ એક ગાતરિયાભેર બિરાજ્યા છે...!' તેઓને મન ગુરુએ વિદાય લીધી નહોતી. તેથી તેઓએ પોતાનું ગાતરિયું કાઢીને યોગીજી મહારાજના શરીર ફરતું ઓઢાડી દીધું!

એક વસ્ત્ર કેટલી ઠંડી રોકી શકવાનું હતું?! પરંતુ સ્વામીશ્રીના એ સુતરાઉ ગાતરિયાએ યોગીજી મહારાજને જેવી હૂંફ પમાડી હશે તેવી હૂંફ દુનિયાનું કોઈ ગરમ વસ્ત્ર પણ તેઓને ન આપી શકત!

સ્વામીશ્રીની આ અમર ગુરુભક્તિ સૌને ભીંજવી ગઈ. ગુરુભક્તિનો છેલ્લો અવસર પણ તેઓ ચૂક્યા નહીં. તેઓએ કાતિલ ઠંડીમાં ખુલ્લા શરીરે રાજકોટથી ગોંડલ સુધીનો પંથ કાપ્યો.

જ્યારે યોગીજી મહારાજ ગોંડલ પધાર્યા ત્યારે અક્ષર મંદિર ચિક્કાર હતું

છતાં ભેંકાર લાગતું હતું. તે મંદિર અડીખમ ઊભેલું છતાં ભાંગી પડેલું જણાતું હતું. તે મંદિર કલાપૂર્ણ હતું છતાં કલાશૂન્ય ભાસતું હતું.

મેં મારું છત્ર ગુમાવ્યું છે

મંદિરે આવ્યા બાદ યોગીજી મહારાજને વિધિવત્ પંચામૃત સ્નાન કરાવવામાં આવ્યું. ત્યારબાદ ગંગા, યમુના, સરસ્વતી, ગોદાવરી, કાવેરી, સરયૂ અને ગોંડલી – આ સપ્તસિંધુનાં જળથી પણ સ્નાન કરાવવામાં આવ્યું. નવાં વસ્ત્રો, નવી કંઠી, નવી જનોઈ, નૂતન પાઘ અને પુષ્પહાર ધારણ કરાવવામાં આવ્યાં. સ્વામીશ્રી, સંત સ્વામી, બાલમુકુંદ સ્વામી તથા મહંત સ્વામીએ પૂજન કર્યું. આરતીનું અર્ઘ્ય આપવામાં આવ્યું.

ત્યારબાદ સૌનાં દર્શનાર્થે તેઓને સભામંડપનાં પગથિયાં પાસે બિરાજમાન કરવામાં આવ્યા. અહીં થોડી વાર માટે આ રીતે દર્શનદાન આપ્યાં બાદ યોગીજી મહારાજના નિવાસકક્ષની પાસે આવેલી કૅબિનમાં તેઓને પધરાવવામાં આવ્યા. અહીં ‘જોગી’ની અંતિમ ઝાંખી કરવા માટે સતત ચૌદ કલાક સુધી માનવપ્રવાહ અવિરત વહેતો રહ્યો.

તા. ૨૪/૧ની બપોરે ત્રણ થી પાંચ વાગ્યા દરમ્યાન સભા યોજાઈ હતી. તેમાં સંતવલ્લભ સ્વામીએ જણાવ્યું હતું કે ‘આપણે પરમ પૂજ્ય પ્રમુખસ્વામીની આજ્ઞામાં રહી યોગીજી મહારાજને રાજી કરી લેવાના છે.’ આટલું કહીને તેઓએ યોગીજી મહારાજનો પ્રાસાદિક ગુલાબનો હાર સ્વામીશ્રીને પહેરાવ્યો.

આ પ્રસંગે સૌને આશ્વાસન આપતાં સ્વામીશ્રીએ જણાવેલું કે ‘મેં મારું છત્ર ગુમાવ્યું છે. યોગીજી મહારાજે જે લાડ લડાવ્યા છે તે દરેકને યાદ આવે તેમ છે. તેઓ સત્સંગની મા હતાં. મા-બાપ જે સુખ આપે તેનાથી હજારગણું સુખ તેઓ આપતા. તેમને તો એક જ ભાવના હતી કે દરેકને પોતાની પાસે જે છે તે સર્વસ્વ આપવું. બધાય ખૂબ ધીરજ અને બળ રાખજો. યોગીજી મહારાજના કાર્યને આગળ ધપાવવાનું બળ મળે એના આપ બધા આશીર્વાદ આપશો અને સહકાર આપશો એવી પ્રાર્થના.’

બોલતાં બોલતાં સ્વામીશ્રી અત્યંત લાગણીસભર બની ગયા હતા. તેઓનો કંઠ પણ રૂંધાઈ જતો હતો. શિરછત્ર સમા ગુરુને ગુમાવ્યાનો સંતાપ તેઓના શબ્દે શબ્દે ટપકતો હતો. છતાં...

અદ્ભુત સ્થૈર્ય, મજબૂત ધૈર્ય

પોતાના શિરે આવેલી જવાબદારી નિભાવવામાં સ્વામીશ્રી અદ્ભુત સ્થૈર્ય-ધૈર્ય દાખવતા હતા. હાલ જ્યાં યોગી સ્મૃતિમંદિર છે ત્યાં યોગીજી મહારાજના પાર્થિવ શરીરનો અગ્નિસંસ્કાર કરવાનું નક્કી કરવામાં આવેલું.

આ નિર્ણય લેવાયા બાદ સ્વામીશ્રીએ ખેતીવાડી સંભાળતા ભક્તિકિશોરદાસ સ્વામીને શાસ્ત્રીજી મહારાજના પ્રાસાદિક ઓરડામાં ધીરે રહીને વાત કરતાં કહ્યું : 'ભક્તિકિશોર ! મોટેરા સંતો અને ટ્રસ્ટી મંડળે મળીને અગ્નિસંસ્કાર માટેનું સ્થળ નક્કી કર્યું છે. જ્યાં આપણે ઘઉં વાવ્યા છે તે સ્થળે વિધિ કરવાનો છે. તો કેમ કરશું ?'

સ્વામીશ્રીની વાત સાંભળી તે સંત તો અવાક થઈ ગયા. તેઓને થયું કે 'માલિક કર્મચારીની અનુમતિ માંગે એ કેવું ? ગુરુ શિષ્યની સંમતિ ઇચ્છે તે કેવું ?' તેઓએ કહ્યું : 'સ્વામી ! આપે જે નક્કી કર્યું હોય તે બરાબર જ હોય. આપે મને પૂછવાનું ન હોય.'

'પણ તમે ઘઉં વાવ્યા છે. મહેનત કરી છે. તેથી પૂછવું તો પડે ને !' સ્વામીશ્રીએ જણાવ્યું.

જે વખતે પોતાની લાગણીઓનાં બંધ છૂટી ગયેલાં તે સમયે પણ અન્યની લાગણીને લગીરેય ઠેસ ન પહોંચે તેની તકેદારી રાખે તેટલા સ્થિર-ધીર સ્વામીશ્રી હતા ! તેઓના માનવ-પ્રબંધનનો જોટો જડે એમ નથી !

પછી સ્વામીશ્રીએ પૂછ્યું : 'દાતરડાં છે ? ન હોય તો ખેડૂત સત્સંગીઓનાં ઘેરથી મંગાવી લેવાં. બધું તૈયાર કરો. હું હમણાં હરિભક્તોને મોકલું છું. હાલ રસ્તા તરફના ભાગમાંથી અડધા વઢાવજો અને ટાંકી બાજુના અડધા ભાગના ઘઉં ભલે ઊભા. તેની જરૂર પડશે તો વઢાવી નાંખીશું.'

જ્યાં પેલા સંત આ મુજબ વ્યવસ્થા કરવા ઊભા થયા ત્યાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ ઘઉં લીલા છે. તે ઢોરને ખાવા કામમાં લાગે ?'

'બે-ત્રણ દિવસ સુધી લીલા રહે ત્યાં સુધી થોડા ખાય; પણ વધારે દિવસો જાય તો ન ખાય.'

આ સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : 'વાંધો નહીં. જેમ વઢાતા જાય તેમ ટ્રેક્ટર ભરી દેવા અને ગોંડલની પાંજરાપોળમાં અને શહેરમાં પણ ધણિયાતી - ન ધણિયાતી ગાયો હોય તો શેરીએ શેરીએ થોડું આપી આવવું, જેથી ઘઉં લેખે

લાગે. ગાયોને એક દિવસનો લીલો ચારો મળી જાય.'

જીવન અતિ કપરા સમયમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે ઘઉંનું એક રાડું પણ વેડફાય નહીં તેની ચિંતા સ્વામીશ્રીની આ ભલામણમાં છે. કેટલું ઝીણું સંસાધન-પ્રબંધન !

જ્યારે પ્રાણ સમા ગુરુ પ્રયાણ કરી ગયા છે, જ્યારે સમગ્ર સંપ્રદાયની જવાબદારી પોતાના શિરે આવી ગઈ છે, જ્યારે હજારો ભક્તોનાં યોગ-ક્ષેમની રખેવાળી પોતાના ખભે આવી ગઈ છે, ત્યારે વ્યક્તિ અને વસ્તુ વિશે આટલું સૂક્ષ્મ વિચારી શકવાની ક્ષમતા સ્વામીશ્રીના અતિ અદ્ભુત સ્વ-પ્રબંધનનું પણ દર્શન કરાવે છે !

તેઓ સંવેદનશીલ હતા છતાં સ્થિર પણ હતા. તેઓ દ્રવેલ હતા છતાં ઠરેલ પણ હતા. તેઓ પ્રવહમાન હતા છતાં પર્વતપ્રાય પણ હતા.

સૌના ગુરુ પ્રમુખસ્વામી છે

તા. ૨૪/૧ની બપોર સુધી હજારો ભાવિકોએ યોગીજી મહારાજનાં અંતિમ દર્શનની ઝાંખી મેળવી. પાંચ વાગ્યે યોગીજી મહારાજને મંદિરની પ્રદક્ષિણા કરાવીને અંતિમવિધિના સ્થળે લાવવામાં આવ્યા.

અહીં કાચી ઈંટોથી રચેલી બેઠક પર ચંદનકાષ્ઠની ચિતા રચવામાં આવેલી. તેના પર યોગીજી મહારાજના પાર્થિવ શ્રીવિગ્રહને પધરાવવામાં આવ્યો. સંતોએ પાંચ પ્રદક્ષિણા કરી અને સ્વામીશ્રીએ વૈદિક મંત્રોચ્ચાર સાથે અંતિમવિધિ કર્યો.

અગ્નિમાં ઓગળતા યોગીજી મહારાજના એ દિવ્ય તનુને કોઈ જોઈ શકે તેમ નહોતું. તેથી સૌની આંખોએ પોતાની આગળ આંસુનાં પડદાં પાડી દીધાં ![૨૩૭]

અડધા કલાક બાદ સ્વામીશ્રીએ શોકમગ્ન સત્સંગ સમુદાયને ઊઠવાની આજ્ઞા કરી. સૌ સ્નાનવિધિ કરવા માટે ઊઠ્યા.

સ્નાનાદિકથી પરવારીને સ્વામીશ્રી સીધા જ રસોડામાં ગયા. બે દિવસના

૨૩૭. યોગીજી મહારાજના ધામગમન સમયે સ્વામીશ્રીએ આપેલી ભાવવાહી શ્રદ્ધાંજલિના શ્રવણ અને તેઓએ સંપન્ન કરેલ અંતિમ-વિધિનાં દર્શન માટે જુઓ વીડિયો ટ્રેક નં. ૩૩. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો.

ઉપવાસ હોવા છતાં તેઓ સંતો-ભક્તો જમી રહ્યા ત્યાં સુધી વ્યવસ્થા કરતા રહ્યા. ત્યારબાદ પોતે સૌથી છેલ્લે ખીચડી જમ્યા. રાત્રે દોઢ વાગ્યે તેઓ યોગીજી મહારાજના અંત્યેષ્ટિવિધિના સ્થળે પધાર્યા અને યોગીજી મહારાજનાં અસ્થિફૂલ એકત્રિત કર્યાં.

તા. ૨૫/૧ના રોજ મંદિરમાં શ્રદ્ધાંજલિ સભાનું આયોજન થયું હતું. આ સભામાં સિદ્ધાંતનો શંખનાદ કરતાં સંતવલ્લભ સ્વામીએ જણાવ્યું કે –

'સ્વામી (યોગીજી મહારાજ) ગયા જ નથી. પ્રમુખસ્વામી દ્વારા પ્રગટ જ છે. માટે કોઈ શોક કરશો નહીં. ગુણાતીતાનંદ સ્વામીનો સંકલ્પ હતો કે પાંદડે પાંદડે સ્વામિનારાયણનું ભજન કરાવવું. યોગીજી મહારાજનો પણ આ સંકલ્પ હતો, તે પ્રમુખસ્વામી દ્વારા પૂરો કરશે. કોઈએ હઠ, માન ને ઈર્ષા ન રાખવી. ગુરુ થવાની ઇચ્છા ન રાખવી. સૌના ગુરુ પ્રમુખસ્વામી છે. બધી સમજણો અને બીબાં મૂકી પ્રમુખસ્વામીમાં જોડાઈ જવું તે જ જ્ઞાન છે, તે જ નિષ્ઠા છે. તેમાં જ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો રાજીપો છે.'

ચિરંજીવ ગુણાતીત સંત-પરંપરા યાવચ્ચંદ્રદિવાકરૌ રહેનારી છે, પ્રમુખસ્વામી મહારાજ પ્રગટ ગુણાતીત સંત છે, શ્રીજીમહારાજના અખંડ ધારક છે, યોગીજી મહારાજના એકમાત્ર વારસદાર છે – આ વાત સ્પષ્ટતાથી કરીને સંતવલ્લભ સ્વામીએ સંપ્રદાયની મહાન સેવા કરી.

જો કે યોગીજી મહારાજે સ્વામીશ્રીના સ્વરૂપને ઓળખાવવામાં કોઈ કસર છોડી જ નહોતી. એટલું જ નહીં, ધામગમન બાદ પણ યોગીજી મહારાજે દેશવિદેશમાં ઠેર ઠેર દર્શન આપીને શોકસંતપ્ત સત્સંગીઓને શાતા પમાડેલી અને પોતાના પ્રગટ સ્વરૂપ તરીકે સ્વામીશ્રીને ઓળખાવેલા.

જોગી નથી જાતો રહ્યો

પાટણા ગામના ભગવાનભાઈએ તા. ૨૪/૧ના રોજ રેડિયો દ્વારા યોગીજી મહારાજના ધામગમનના સમાચાર સાંભળ્યા અને તેઓ ધ્રુસકે ધ્રુસકે રડવા માંડેલા. યોગીબાપાનાં અંતિમ દર્શન પણ ન પામી શક્યાંનો પશ્ચાત્તાપ તેઓને વધુ પ્રજાળી રહેલો. દિવસભર તેઓને ચેન ન પડ્યું. રાત્રે ઊંઘ ન આવી. તેઓ આમ-તેમ પડખાં ઘસી રહેલા.

તે વખતે જ યોગીજી મહારાજે તેઓને દર્શન આપ્યાં. ભગવાનજીભાઈ આ દર્શન પામીને હર્ષઘેલા થઈ ગયા. તેઓએ યોગીજી મહારાજને જ પૂછ્યું : 'બાપા !

આપ તો હાજરાહજૂર છો તો આપ ધામમાં ગયાના સમાચાર કેમ આવ્યા?'

ત્યારે 'અમે ક્યાં ધામમાં ગયા છીએ? અમે પ્રમુખસ્વામીમાં પ્રગટ જ છીએ,' એમ કહી યોગીજી મહારાજ અલોપ થઈ ગયા. પણ આ દર્શનથી ભગવાનજીને ભગવાન પ્રગટ મળ્યાની પ્રતીતિ થઈ ગઈ. તેઓનું હૈયું હેઠું બેઠું અને પૂર્વવત્ સત્સંગ-પરાયણ થઈ ગયા.

આવા કૈંક પ્રસંગોની હારમાળા દ્વારા યોગીજી મહારાજ ધામગમન પછી પણ 'સ્વામીશ્રી જ તેઓના વારસદાર છે' તેવી ઓળખ આપી રહેલા.

યોગીજી મહારાજની જેમ સ્વામીશ્રીના શબ્દો પણ સૌને શોક-સંશયથી રહિત કરી રહેલા.

મોરબીમાં રહેતા ઘનશ્યામભાઈ અભ્યાસથી વ્યવસાય સુધીનાં બધાં જ પગથિયાં યોગીજી મહારાજની આંગળી પકડીને જ ચઢેલા. તેથી તેઓને યોગીજી મહારાજના ધામગમનનો અસહ્ય આઘાત પીડી રહેલો. યોગીજી મહારાજનો પાર્થિવ દેહ પણ પંચમહાભૂતમાં વિલીન થઈ જતાં તેઓ પોતાની જાતને એકલવાયી અનુભવી રહેલા. 'હવે આપણું કોણ?' એમ વિચારતાં વિચારતાં તેઓ દર્શનાર્થીઓની હરોળમાં જોડાયા.

ગોંડલમાં મંદિરનાં પગથિયાં પાસે આવેલા રાયણના વૃક્ષ નીચે સ્વામીશ્રી બિરાજેલા અને સૌ ભક્તો દર્શન માટે આવી રહેલા. તે ક્રમમાં અંતરમાં ઉદ્વેગ ભરેલા ઘનશ્યામભાઈએ સ્વામીશ્રીનાં ચરણોમાં જ્યાં માથું નમાવ્યું ત્યાં જ સ્વામીશ્રીએ તેઓનું બાવડું પકડ્યું અને કહ્યું : 'હવે સંકલ્પ-વિકલ્પ ન કરવા. યોગીજી મહારાજ ગયા જ નથી.'

સ્વામીશ્રીના આ શબ્દો સાંભળતાં ઘનશ્યામભાઈના પગ ત્યાં જ ખોડાઈ ગયા! અંતર્યામીપણે તેઓની મૂંઝવણ પારખીને સ્વામીશ્રીએ એવી વર્ષા કરી દીધેલી કે તેઓના સઘળા સંતાપ શમી ગયા અને સ્વામીશ્રી સાથે પ્રીતિ-પ્રતીતિનો અંકોડો ભિડાઈ ગયો.

આવા અનેક પ્રસંગોનો જાણે સરવાળો માંડતા હોય તેમ દુલા કાગની કલમેથી શબ્દો સરી પડ્યા કે –

'જોગી નથી જાતો રહ્યો, એ છે જૂઠી વાત;
જોવું હોય તો જોઈ લો, પ્રમુખસ્વામી સાક્ષાત્.'

યોગીજી મહારાજની જ આભા-પ્રભા સ્વામીશ્રીના મુખારવિંદ પર જોઈને કવિ ત્રાપજકરનું હૈયું પણ ગાઈ ઊઠેલું :

નારાયણસ્વરૂપદાસ, નારાયણ ધામ છે;
યોગીજીરૂપે ત્યાં બેઠેલા શ્યામ છે;
બ્રહ્મ ગયા ચરણોમાં પરબ્રહ્મનાં;
યોગીજી અખંડ બિરાજે, પ્રમુખસ્વામીના પંડમાં... ૧.
હરિભક્તોનાં જે કામ છે અધૂરાં;
પ્રમુખસ્વામીજી તે કરશે પૂરાં;
આત્માને રાખો આનંદમાં;
યોગીજી અખંડ બિરાજે, પ્રમુખસ્વામીના પંડમાં... ૨
સંતનો પ્રકાશ કદિ ઝાંખો ન પડતો;
પ્રમુખસ્વામી છે દીવડો ઝળહળતો;
ચરણોમાં લાખ લાખ વંદના;
યોગીજી અખંડ બિરાજે, પ્રમુખસ્વામીના પંડમાં... ૩

આમ, સૌનાં હૈયે યોગીજી મહારાજના ઉત્તરાધિકારી તરીકે સ્વામીશ્રીનું સ્થાન નિશ્ચિત થઈ ગયું હતું.

મહંત સ્વામીની અનુભૂતિ

આ અરસામાં મહંત સ્વામીએ પણ લંડનના સત્સંગ મંડળને ઉદ્દેશીને લખેલા એક પ્રેરક પત્રમાં જણાવેલું કે –

'ભગવાન અને મોટાપુરુષ કોઈ દિવસ જતા જ નથી. પ્રગટપણું આ સત્સંગમાં છે જ. માંદગી દરમ્યાન યોગીબાપા બોલ્યા હતા કે 'પ્રમુખસ્વામી મારું સર્વસ્વ છે.' વળી, બોલ્યા હતા કે '૭૦૦ સાધુ બનાવવાનો મારો સંકલ્પ પ્રમુખસ્વામી પૂરો કરશે. સત્સંગનું સુખ પણ પ્રમુખસ્વામી આપશે તો કોઈ મૂંઝાશો નહીં.' અને દિલ્હી, કોલકાતા અને અમેરિકામાં મંદિરો થયાં બાદ હાજર રહેવાનો સાક્ષાત્ કોલ આપ્યો અને પારાયણ અને યુવક અધિવેશનમાં જોરશોરથી કોલ આપવાનું શું બધું મિથ્યા છે? તો શું બહારનો કોઈ આવી પ્રગટ થઈ કોલ પૂરા કરશે? એ તો પ્રમુખસ્વામી દ્વારા જ યોગીબાપા કાર્ય કરવાના છે. એ તો એમની હાજરીમાં સૂચક શબ્દોથી નક્કી થઈ ગયું હતું.

ઘણાના પત્રો પ્રમુખસ્વામી, ડૉક્ટર સ્વામી ને મારા ઉપર આવ્યા. અને જાહેર સભાઓમાં અને એકબીજા વાત કરે એમાં પણ ત્રણ જ મુદ્દા

મુખ્ય રહેતા. એક તો બાપાના ધામમાં જવાથી અપાર દુ:ખની લાગણી અને ન પુરાય એવી ખોટની વાત. પણ તરત જ એક જ અવાજે પ્રમુખસ્વામી દ્વારા પ્રગટપણું છે એ બધા અનુભવે છે. કોઈ કોઈને કહેવા ગયું નથી પણ સાક્ષી બોલે છે. મહારાજનું પ્રગટપણું સદાય માટે છે અને રહેશે. અને સત્સંગ વધતો જ જશે. વધતો જ જશે.

કુસંગની લાળ જરાય ન અડવા દેવી. કોઈ મોળી વાત કરે, ખટપટ કરે, એવાં અનિષ્ટ તત્ત્વોથી ચેતી જવું. મારી એક સૌને પ્રાર્થના છે કે હું તો વયે, અનુભવે અને અનેક રીતે આ વિશાળ સત્સંગ સમુદાય આગળ તો સાવ નાનો બાળક જ છું. મારે પ્રમુખસ્વામીની છત્રછાયાની જરૂર છે. યોગીબાપાએ લાડકોડમાં રાખી વૃદ્ધિ પમાડી છે અને આગળ લીધા છે, અને અત્યારે પ્રમુખ- સ્વામીની કૃપાદૃષ્ટિ મારા ઉપર એવી ને એવી જ છે. બધી રીતે ખબર રાખતા અને રાખે છે અને રાખશે. શાસ્ત્રીજી મહારાજે પ્રમુખસ્વામીમાં ૨૮ વર્ષની ઉંમરે એમનામાં સત્સંગનો ભાર વહન કરવાની શક્તિ જોઈ, અનુભવી અને પરીક્ષા કરી લીધી હતી. આ વાત યોગીબાપાએ પોતે એમની ડાયરીમાં લખી છે.

હવે બીજા કોનાં પ્રમાણો જોઈએ? યોગીબાપાને રાજી કરવા હોય અને દિવ્ય હાજરી અનુભવવી હોય તો સંપ, સુહૃદભાવ અને એકતાથી ધર્મ-નિયમ દૃઢ રાખી પ્રમુખસ્વામીની આજ્ઞામાં રહેવું. પ્રમુખસ્વામીને ઓશિયાળા કરવા નહીં. પ્રમુખસ્વામીને મહારાજ અને શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપા ૧૨૫ વર્ષનું આયુષ્ય બક્ષે અને ખૂબ સારું આરોગ્ય ભોગવી સત્સંગનું સુખ આપે એ જ પ્રાર્થના !'

ધારી ધર્મધુરા

સ્વામીશ્રી હવે સંસ્થાના પ્રમુખની સાથે મુમુક્ષુઓના ગુરુપદે પણ આરૂઢ થઈ ચૂક્યા હતા. જો કે તેથી તેઓના આંતરિક સત્ત્વ-તત્ત્વમાં કશો ફર્ક પડવાનો નહોતો.

સુવર્ણ સડક પર હોય કે સિંહાસન પર – તે સુવર્ણ જ રહે છે.

સુવર્ણ ઘરેણાંનાં સ્વરૂપમાં હોય કે ગચ્યાંના સ્વરૂપમાં – તે સુવર્ણ જ રહે છે.

સુવર્ણ પુરાતન હોય કે નૂતન – તે સુવર્ણ જ રહે છે.

તેમ સ્વામીશ્રી ગુરુપદે બિરાજ્યા પહેલાં પણ ગુણાતીત હતા અને

ગુરુપદે બિરાજ્યા પછી પણ ગુણાતીત જ રહેલા; કારણ કે તેઓ અનાદિ અને અનંત અક્ષરબ્રહ્મનો અવતાર હતા.

સિંહાસન સુવર્ણનું બને છે ત્યારે સિંહાસનની કિંમત વધે છે, સુવર્ણની નહીં. ઘરેણું સુવર્ણનું બને છે ત્યારે ઘરેણાંની કિંમત વધે છે, સુવર્ણની નહીં. તેમ સૌએ સ્વામીશ્રીને ગુરુપદે સ્વીકાર્યા તેથી તે સ્વીકારનારા શિષ્યોની કિંમત વધી, સ્વામીશ્રીની તો હતી જ. આમ, યોગીજી મહારાજના ધામગમન બાદ સ્વામીશ્રીએ ધર્મધુરા ધારી લીધી. અક્ષરબ્રહ્મની પરંપરા અખંડિત રહી.

યોગીજી મહારાજના ધામગમન નિમિત્તે સ્વામીશ્રીએ સત્કર્મોની સરિતા વહેવડાવી દીધી. પ્રથમ તો હિંદુસ્તાનનાં તમામ શિખરબદ્ધ સ્વામિનારાયણ મંદિરો અને આશ્રમોમાં ઠાકોરજી તથા સંતોનાં થાળ-રસોઈની સેવાઓ આપી.

ત્યારબાદ તા. ૨૫/૧થી જ તેઓએ 'ભક્તચિંતામણિ'ના પારાયણનો પ્રારંભ કર્યો. આજથી યોગીજી મહારાજની વાણીનો રણકો સૌને સ્વામીશ્રીમાં સંભળાવા લાગ્યો. યોગીજી મહારાજના વિરહથી ઉદ્વિગ્ન હૈયાં સ્વામીશ્રીની પરાવાણીથી અનેરી શાતા-શાંતિ અનુભવી રહ્યા.[૨૩૮]

કર્તવ્ય ચાલુ જ છે

તા. ૩૧/૧/૧૯૭૧ના રોજ વસંત પંચમીનો દિવસ આવ્યો. આ દિવસે તિથિ અને તારીખ – એમ બંને રીતે શાસ્ત્રીજી મહારાજનો જન્મદિવસ હતો. મેળે મેળ મળી ગયેલો! આવા પુણ્યકારી દિવસે વહેલી સવારે સ્વામીશ્રીએ યોગીજી મહારાજનાં અસ્થિઓને દુગ્ધસ્નાન કરાવ્યું. ત્યારબાદ અક્ષર દેરીમાં ૨૬ પાર્ષદોને ભાગવતી દીક્ષા અને બે યુવાનોને પાર્ષદી દીક્ષા આપીને કુલ ૨૮ મુમુક્ષુઓને દીક્ષિત કર્યા.

આ પ્રસંગે આશીર્વાદ આપતાં તેઓએ જણાવેલું કે 'આજે આપણી સંસ્થાના સ્થાપક ગુરુ શાસ્ત્રીજી મહારાજનો પ્રાગટ્ય દિવસ છે. શાસ્ત્રીજી મહારાજે આપણને સર્વોપરી જ્ઞાન આપ્યું. યોગીજી મહારાજે અપાર લાડ લડાવ્યા તે વિસરાય એવાં નથી. કર્તા-હર્તા મહારાજ છે. આજે જેમણે દીક્ષા લીધી તેમના

૨૩૮. યોગીજી મહારાજના ધામગમન નિમિત્તે સ્વામીશ્રીએ કરેલ પારાયણનું શ્રવણ કરવા માટે જુઓ વીડિયો ટ્રેક નં. ૩૪. અથવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને ઈન્ટરનેટ દ્વારા તે વીડિયોને માણો...

મા-બાપને ધન્યવાદ છે. આફ્રિકાના હરિભક્તોએ મોટો ફાળો આપ્યો છે. બાપાએ તો મહાન કાર્ય કર્યું છે. આપણે પણ કમર કસીને કાર્ય કરીશું તો જરૂર બાપાના આશીર્વાદ મળશે.'

તા. ૧૪/૧૦/૧૯૭૦ના રોજ યોગીજી મહારાજના હસ્તે અંતિમ દીક્ષા સમારોહ યોજાયેલો. તેમાં યોગીજી મહારાજે ૨૯ મુમુક્ષુઓને દીક્ષિત કરેલા. આજે સ્વામીશ્રીએ પણ પોતાના વરદ હસ્તે પ્રથમ દીક્ષા સમારોહમાં ૨૮ મુમુક્ષુઓને દીક્ષા આપી. સૌ સ્વામીશ્રીમાં 'જોગી'ની ઝાંખી કરી રહ્યા !

શાસ્ત્રીજી મહારાજના ધામગમન બાદ છ જ દિવસમાં યોગીજી મહારાજે ગઢપુરમાં મંદિરની પ્રતિષ્ઠા કરીને 'શાસ્ત્રીજી મહારાજનું કર્તવ્ય ચાલુ જ છે' તેની પ્રતીતિ કરાવેલી. એ જ રીતે યોગીજી મહારાજના ધામગમનના આઠ જ દિવસ બાદ સ્વામીશ્રીએ મુમુક્ષુઓને દીક્ષા આપીને યોગીજી મહારાજનું કાર્ય ચાલુ જ છે તેની પ્રતીતિ કરાવી દીધી. સૌનો અંતરાત્મા પોકારી રહ્યો : 'જોગી નથી જાતો રહ્યો !'

કહો તો પ્રાણ પાથરીએ

તા. ૩૧/૧ના રોજ અમદાવાદની ધાર્મિક, શૈક્ષણિક, સામાજિક સંસ્થાઓ અને નાગરિકો દ્વારા અસારવા સ્થિત ગીતામંદિરમાં શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવેલું. સૌની ઇચ્છા હતી કે સ્વામીશ્રી પણ તેમાં ઉપસ્થિત રહે. તેથી બપોરે ૧-૧૫ વાગ્યે સ્વામીશ્રી, ડૉક્ટર સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી વગેરે અમદાવાદ જવા નીકળ્યા.

પૂજ્ય વાસુદેવાનંદજી મહારાજના અધ્યક્ષપદે યોજાયેલી આ સભામાં મુખ્યમંત્રી સહિત અનેક રાજકીય આગેવાનો તથા ધર્મધુરંધરો ઉપસ્થિત હતા. સૌએ યોગીજી મહારાજને શ્રદ્ધાસુમન સમર્પિત કર્યાં. અધ્યક્ષશ્રીએ તો સ્વામીશ્રીને સંબોધતાં જાહેરમાં ત્યાં સુધી જણાવ્યું કે 'યોગીજી મહારાજ સ્વામિનારાયણીય થે, ફિર ભી હમારે થે. પ્રમુખસ્વામીજી ! આપ ઐસા મત સમજના કી યોગીજી ચલ બસે ઔર આપ અકેલે હો ગયે. હમ આપકે લિએ હમારા પ્રાણ નિછાવર કરને કે લિએ તૈયાર હૈ.'

આ પ્રસંગે સ્વામીશ્રીએ પણ ગદ્‌ગદ કંઠે જણાવ્યું હતું કે –

'યોગીજી મહારાજ બધી વાતે પૂર્ણ હતા. સર્વજીવહિતાવહ હતા. તે તેમની ભાવના હતી. તે ભાવનાને આજની સભા પુરવાર કરે છે. જ્યાં જ્યાં

યોગીજી મહારાજ ગયા ત્યાં દરેકને સદાચારી બનાવ્યા. મહાન હોવા છતાં નિરાભિમાની રહ્યા. *'નાને સે હો નાને રહીએ...'* આ સૂત્ર તેમણે જીવનમાં વણી લીધું હતું. તેઓ સદા સેવક બનીને જ રહ્યા. તેઓએ ધર્મ કેવળ બોલવામાં નહીં, જીવનમાં વણી લીધો હતો. કોઈ પણ રાજકીય, ધાર્મિક કે સામાજિક મનુષ્ય તેમને મળે, તે બધા ધર્મને માર્ગે કેમ ચાલે, તે જ તેમની ભાવના હતી. પરદેશમાં હજારોને વ્યસનરહિત કર્યા ને દેશમાં પણ તે કાર્ય અવિરત ચાલુ જ હતું. તેમના પ્રત્યે આપ સર્વેએ ભાવ દર્શાવ્યો છે તે માટે ધન્યવાદ છે.'

આ સભા બાદ સ્વામીશ્રી તરત જ ગોંડલ જવા નીકળી ગયેલા, કારણ કે ત્યાં પારાયણ ચાલુ હતું. તા. ૧/૨ની વહેલી સવારે ચાર વાગ્યે સ્વામીશ્રી ગોંડલ પહોંચ્યા અને આરામ કર્યો - ન કર્યો ત્યાં તો સવારના નિત્યક્રમમાં પરોવાઈ ગયા.

નથી ઉધારાની એકે વાત રે

તા. ૪/૨ના રોજ પારાયણની પૂર્ણાહુતિ હતી. યોગીજી મહારાજના અંત્યેષ્ટિવિધિના સ્થાને તૈયાર થયેલા કલાત્મક ઓટાનું આજે પૂજન કરીને સ્વામીશ્રીએ યોગીસ્મૃતિને ચિરંજીવ કરી દીધી. આજથી જ અહીં પૂજન-આરતી શરૂ થઈ ગયાં.

ત્યારબાદ તેઓએ પારાયણમાં બિરાજીને 'ભક્તચિંતામણિ'ના છેલ્લા પ્રકરણની પંક્તિઓનું ગાન શરૂ કર્યું :

'પ્રગટ વાતો પ્રગટ વર્તમાન રે, પ્રગટ ભક્ત પ્રગટ ભગવાન રે;
નથી ઉધારાની એકે વાત રે, જે જે જોઈએ તે તે સાક્ષાત્ રે;
જેમ સાગર તરવા નાવ રે, તે વિના બીજો નથી ઉપાય રે;
માટે કહેવાં પ્રગટનાં ચરિત્ર રે, તેહ વિના ન થાય પવિત્ર રે...'

જેમ જેમ સ્વામીશ્રીના મુખેથી આ પંક્તિઓ સરતી ગઈ તેમ તેમ સૌ ભક્તો ભાવાવેશમાં આવી ગયા. જાણે યોગીજી મહારાજ ગયા જ નથી તેવો અનુભવ સૌ કરી રહ્યા ! છેલ્લે જ્યારે સ્વામીશ્રી બોલ્યા કે 'મને અણુમાંથી મહાન શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે કર્યો છે. તેમની કૃપાદૃષ્ટિથી બધું થયું છે...' ત્યારે તો ભક્તગણ યોગીજીના આ વિનમ્ર વારસદાર પર વારી ગયો.

મનુષ્ય જ્યારે નાનપને પામે ત્યારે નિર્માની રહેવું એ જરાય મોટી વાત નથી, પણ જ્યારે તેની પ્રશંસા થતી હોય ત્યારે નમ્ર રહેવું એ મોટી અને ભાગ્યે

જ પામી શકાય એવી સિદ્ધિ છે. સ્વામીશ્રીના જીવનમાં આ સિદ્ધિનું દર્શન આજે સૌને થઈ રહેલું.

આ વખતે સ્વામીશ્રીએ પોતાના આશીર્વાદમાં યોગીજી મહારાજની સ્મૃતિમાં ભવ્ય સ્મારક બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો અને ભક્તોએ સેવાસરિતા વહાવી દીધી. પારાયણની પૂર્ણાહુતિ નિમિત્તે પણ સૌએ સ્વામીશ્રીનાં પૂજન-આરતી કરીને ભેટ ધરી એ સ્મૃતિમંદિરના દાન ઉપર દક્ષિણા. યોગીજી મહારાજના સર્વસ્વ સમા સ્વામીશ્રી માટે પણ સૌને પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરવાનાં અરમાનો જાગી ગયેલાં.

પારાયણની પૂર્ણાહુતિ બાદ ૧૨-૩૦ વાગ્યે સ્વામીશ્રીએ અક્ષર ઘાટમાં યોગીજી મહારાજનાં અસ્થિફૂલોનું વિસર્જન કર્યું. ગોંડલને અક્ષરધામ બનાવનાર ‘જોગી’નાં અસ્થિને પોતાના ખોળામાં સમાવીને ગોંડલી ધન્ય બની ગઈ!

અદ્વિતીય સમયખંડનું સમાપન

યોગીજી મહારાજના અસ્થિ-વિસર્જનની ઉત્તરક્રિયા સાથે જ સ્વામીશ્રીની જીવનગાથા અને કાર્યકથાના એક અદ્વિતીય સમયખંડનું સમાપન થતું હતું. શાસ્ત્રીજી મહારાજના ધામગમન બાદ તેઓએ બે દાયકા યોગીજી મહારાજની છત્રછાયામાં વિતાવ્યા.

આ સમયની આરસીમાં યોગીજી મહારાજના એક સમર્પિત સેવક, કુશળ કાર્યવાહક અને સાવધ સંરક્ષક તરીકે સ્વામીશ્રીની છબીનું દર્શન થાય છે.

આ સમય દરમ્યાન સ્વામીશ્રીએ પોતાની સાધુતાસભર રીત-ભાતથી સત્સંગને સુરક્ષિત-સુગ્રથિત કર્યો, વિદ્વત્તાસભર પારાયણોથી સત્સંગની અભિવૃદ્ધિ કરી અને કુશળતાસભર કાર્યપદ્ધતિથી મંદિરોની રોનક વધારી.

આ સમય દરમ્યાન સ્વામીશ્રી પ્રખર બન્યા છતાં કોઈ દાઝ્યા નહીં; તેઓની રફતાર તેજ થઈ છતાં કોઈ પાછળ છૂટ્યા નહીં; તેઓનું કદ વિસ્તર્યું છતાં કોઈ કપાયું-ભુલાયું નહીં.

આ સમય દરમ્યાન યોગીજી મહારાજે વખતોવખત સ્વામીશ્રીને પોતાના સાર-સર્વસ્વ કહીને નવાજ્યા છતાં તેઓએ દાસત્વભાવ છોડ્યો નહીં; ઐશ્વર્યથી છલોછલ હોવા છતાં સ્વામીશ્રીએ યોગીજી મહારાજની આજ્ઞાનો કિનારો ઓળંગ્યો નહીં; મૌલિક વિચારો ધરાવવા છતાં યોગીજી મહારાજની મરજી બહાર એક હરફ ઉચ્ચાર્યો નહીં.

શાસ્ત્રીજી મહારાજની જેમ જ તેઓએ યોગીજી મહારાજને પણ રાજી કર્યા;

શાસ્ત્રીજી મહારાજની જેમ જ તેઓ યોગીજી મહારાજની કૃપાનું પણ પાત્ર ઠર્યા;

શાસ્ત્રીજી મહારાજની જેમ જ તેઓએ યોગીજી મહારાજને પણ હૈયે ધર્યા.

હવે એ ઘડી આવી ગઈ હતી કે જ્યારે સરિતા સાગર બનીને રેલાઈ-લહેરાઈ રહે છે;

હવે એ સમય આવી ગયો હતો કે જ્યારે સૂર્ય મધ્યાહ્નને પહોંચીને વિકાસી-પ્રકાશી રહે છે;

હવે એ પળ આવી પહોંચી હતી કે જ્યારે ચંદ્ર સોળે કળાએ ચમકી-દમકી ઊઠે છે.

એ સાગરની ગહેરાઈ, એ સૂર્યનાં અજવાળાં અને એ ચંદ્રની શીતળતા પામવા માટે ચાલો, અવગાહન કરીએ આગળ વહી આવતી અમૃતધારાઓમાં.

પરિશિષ્ટ : ૧

સાર-સંચય

સ્વામીશ્રીએ પોતાની રોજનીશીમાં કેટલાંક વચનામૃત તથા સાખી-શ્લોકોની નોંધ કરેલી હતી. તે નોંધ અત્રે મુમુક્ષુઓના માર્ગદર્શન માટે મૂકવામાં આવી છે. તેમાં સ્વામીશ્રીએ જે રીતે શીર્ષક આપેલાં તે જ યથાવત્ રાખેલાં છે.

સ્વામીશ્રીએ તારવેલો આ સાર-સંચય આપણી આધ્યાત્મિક સાધનાને વધુ પુષ્ટ કરશે.

વિષયવાર વચનામૃતની સૂચિ

સંત-સમાગમ(વિષય)નાં – ૩૩ (વચનામૃત)

- ગઢડા પ્રથમ પ્રકરણ - ૮, ૨૯, ૩૦, ૪૪, ૫૪, ૫૮, ૫૯, ૬૭, ૬૮, ૭૦
- સારંગપુર પ્રકરણ - ૭, ૯, ૧૮
- લોયા પ્રકરણ - ૬
- ગઢડા મધ્ય પ્રકરણ - ૭, ૨૯, ૩૭, ૪૬, ૫૪, ૫૯, ૬૩
- વરતાલ પ્રકરણ - ૩, ૪, ૫, ૧૧, ૧૫, ૧૯
- ગઢડા અંત્ય પ્રકરણ - ૨, ૧૪, ૨૪, ૨૬, ૨૯, ૩૫

ભગવાનમાં વૃત્તિ રાખવા(વિષય)નાં - ૧૪ (વચનામૃત)

- ગઢડા પ્રથમ પ્રકરણ - ૧, ૩, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૩૨, ૩૮, ૪૯
- ગઢડા મધ્ય પ્રકરણ - ૩૬, ૪૮, ૪૯
- ગઢડા અંત્ય પ્રકરણ - ૧૭

ભગવાનના ધ્યાન(વિષય)નાં - ૯ (વચનામૃત)

- ગઢડા પ્રથમ પ્રકરણ - ૫, ૧૫
- કારિયાણી પ્રકરણ - ૧૨
- વરતાલ પ્રકરણ - ૮, ૯, ૧૬
- અમદાવાદ પ્રકરણ - ૧
- ગઢડા અંત્ય પ્રકરણ - ૨૩, ૩૧

ભગવાનમાં પ્રીતિ(વિષય)નાં - ૬ (વચનામૃત)

- ગઢડા પ્રથમ પ્રકરણ - ૨૬, ૫૭

- સારંગપુર પ્રકરણ - ૨, ૩
- કારિયાણી પ્રકરણ - ૧૧
- ગઢડા મધ્ય પ્રકરણ - ૫૬

ભગવાનના માહાત્મ્ય(વિષય)નાં - ૧૫ (વચનામૃત)

- ગઢડા પ્રથમ પ્રકરણ - ૨૭, ૬૩
- સારંગપુર પ્રકરણ - ૧, ૧૭
- કારિયાણી પ્રકરણ - ૮, ૯
- લોયા પ્રકરણ - ૧૭
- પંચાળા પ્રકરણ - ૧
- ગઢડા મધ્ય પ્રકરણ - ૪, ૪૨, ૬૪, ૬૭
- ગઢડા અંત્ય પ્રકરણ - ૫, ૩૨, ૩૭

ભગવાનના નિશ્ચય(વિષય)નાં - ૧૯ (વચનામૃત)

- ગઢડા પ્રથમ પ્રકરણ - ૯, ૩૩, ૫૧, ૬૨, ૭૨
- સારંગપુર પ્રકરણ - ૧૩
- કારિયાણી પ્રકરણ - ૧
- લોયા પ્રકરણ - ૩, ૭, ૧૨, ૧૮
- પંચાળા પ્રકરણ - ૪, ૭
- ગઢડા મધ્ય પ્રકરણ - ૧૦, ૧૪, ૨૧
- વરતાલ પ્રકરણ - ૧, ૧૦, ૧૨

ઉપાસનાના(વિષય)નાં - ૯ (વચનામૃત)

- ગઢડા પ્રકરણ - ૪૦, ૫૬
- લોયા પ્રકરણ - ૧૪
- ગઢડા મધ્ય પ્રકરણ - ૯, ૧૩, ૩૧
- ગઢડા અંત્ય પ્રકરણ - ૧૬, ૩૬, ૩૮

પક્ષ(વિષય)નાં - ૨ (વચનામૃત)

- ગઢડા મધ્ય પ્રકરણ - ૫
- ગઢડા અંત્ય પ્રકરણ - ૭

વિષયખંડન(વિષય)નાં - ૬ (વચનામૃત)

- ગઢડા પ્રથમ પ્રકરણ - ૧૮
- કારિયાણી પ્રકરણ - ૧૦
- લોયા પ્રકરણ - ૧૦

- ગઢડા મધ્ય પ્રકરણ - ૧, ૪૭
- ગઢડા અંત્ય પ્રકરણ - ૨૮

વેદાંતી(વિષય)નાં - ૮ (વચનામૃત)

- ગઢડા પ્રથમ પ્રકરણ - ૩૯, ૪૨, ૪૫
- ગઢડા મધ્ય પ્રકરણ - ૬, ૧૮, ૧૯
- વરતાલ પ્રકરણ - ૨
- ગઢડા અંત્ય પ્રકરણ - ૧૦

વૈરાગ્ય(વિષય)નાં - ૪ (વચનામૃત)

- ગઢડા પ્રથમ પ્રકરણ - ૨, ૧૨
- કારિયાણી પ્રકરણ - ૭,
- ગઢડા અંત્ય પ્રકરણ - ૩૦

વધવા-ઘટવાના(વિષય)નાં - ૧૭ (વચનામૃત)

- ગઢડા પ્રથમ પ્રકરણ - ૬, ૧૬, ૨૮, ૩૧, ૩૫, ૫૩
- કારિયાણી પ્રકરણ - ૨
- લોયા પ્રકરણ - ૧, ૧૬
- ગઢડા મધ્ય પ્રકરણ - ૨૬, ૨૭, ૨૮, ૪૦, ૪૪
- વરતાલ પ્રકરણ - ૭,
- ગઢડા અંત્ય પ્રકરણ - ૧૧, ૨૨

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી વિરચિત સંત-મહિમાની પંક્તિઓ :

- બીજા ગુણવાન તો ઘણા મળશે, પણ નહિ મળે હરિના મળેલ;
નિષ્કુળાનંદ એવા સંત સંબંધે, અનન્તના પાપ બળેલ.
- આંખ ઉઘડે અનુભવની, તે તો સાચા સંત જનને સંગે;
ઉતરે મેલ માયા તણો, ચીત રંગાઈ જાય હરિને રંગે.
- જેમ મહા અર્ણવ ઉલંઘવા, નથી ઉપાય બીજો નાવ વિના;
તેમ સંસાર-સાગર પાર કરવા, જાણો સંત અમર ઝાઝ[૨૩૯] બન્યા.
- જેમ ચિંતામણિમાં ચૌદ લોકની, રકમ સવે રહી છે;
તેમ સાચા સંતમાં સમજો, કહો કમી કઈ રહી છે?
- સાચા સંતથી સરી ગયાં, કૈંક જીવોનાં કાજ;
એવા સંતને સેવવા, અવસર આવીયો છે આજ.

---

૨૩૯. જહાજ.

શ્લોકપંચક[૨૪૦]

- न हि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात गच्छति। (ભગવદ્‌ગીતા-૬/૪૦)
  સત્કર્મ કરનારનું કદી અકલ્યાણ થતું નથી, અર્થાત્ શુભ કર્મ કરનારની કદી ખરાબ ગતિ થતી નથી.
- वयसि गते कः कामविकारः ?
  शुष्के नीरे कः कासारः ?
  क्षीणे वित्ते कः परिवारः ?
  ज्ञाते तत्त्वे कः संसारः ?
  વય વીતી જાય પછી કામવિકાર કેવો ? નીર સુકાઈ જાય પછી તળાવ કેવું ? ધન ચાલ્યું જાય પછી પરિવાર કેવો ? તત્ત્વજ્ઞાન થઈ જાય પછી સંસાર ક્યાંથી ?
- कोऽहम् ? कस्त्वम् ? कुत आयातः ? का मे जननी ? को मे तातः ?।
  इति परिभावय सर्वसंसारं, सर्वं त्यक्त्वा स्वप्नविचारम्॥
  का ते कान्ता ? कस्ते पुत्रः, संसारोऽयमतीव विचित्रः।
  कस्य त्वम् ? वा कुत आयातस्तत्त्वं चिन्तय मनसि भ्रातः !॥
  હું કોણ અને તું કોણ ? ક્યાંથી આવ્યો છું ? કોણ મારી માતા અને કોણ મારા પિતા ? આ રીતે સર્વ સ્વપ્નવત્ અને અસાર જાણીને તેમાંથી પ્રીતિ તોડી દેવી. કોણ તારી પત્ની અને કોણ તારો પુત્ર ? આ સંસાર અત્યંત વિચિત્ર છે. તું કોનો અને ક્યાંથી આવ્યો છે તે મનમાં વિચાર.
- वासांसि जीर्णानि यथा विहाय, नवानि गृह्णाति नरोऽपराणि।
  तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही॥
  જેમ જૂનાં વસ્ત્રોનો ત્યાગ કરીને મનુષ્ય નવાં વસ્ત્રો ધારણ કરે છે તેમ આત્મા પણ જીર્ણ શરીરને છોડીને અન્ય નવું શરીર ધારણ કરે છે.
- त्यजेदेकं कुलस्यार्थे ग्रामस्यार्थे त्यजेत्कुलम्।
  ग्रामं जनपदस्यार्थे आत्मार्थे पृथिवीं त्यजेत्॥
  પોતાનું સારું જતું કરવાથી જો કુળનું સારું થતું હોય તો પોતાનું સારું જતું કરવું; એ જ રીતે ગામનું સારું કરવા માટે કુળનું સારું જતું કરવું પડે તો તેમ કરવું; અને દેશનું સારું કરવા માટે ગામનું સારું જતું કરવું પડે તો ગામનું સારું જતું કરવું. પણ આત્માનું સારું કરવા માટે પૃથ્વીનું સારું થતું હોય તો તેનો પણ ત્યાગ કરીને આત્માનું રૂડું કરી લેવું.

---

૨૪૦. શ્લોકોમાં સ્વામીશ્રીએ લખેલી પ્રાસાદિક ભાષા જ રાખેલી છે.

પરિશિષ્ટ : ૨[૨૪૧]

શાસ્ત્રીજી મહારાજના અંતર્ધાન થયા પછી યોગીજી મહારાજના સમયમાં એમની અત્યંત સાધુતા અને સરળતા તેમ જ મહિમાદૃષ્ટિનો લાભ લઈ દાદુભાઈ સત્સંગમાં માનપાન મેળવવાના મોહમાં પડી ગયા. શરૂમાં 'પોતે એકાંતિક ભક્ત છે અને યોગીજી મહારાજના પરમ કૃપાપાત્ર છે' – તેવી છાપ તેમણે સત્સંગ સમાજમાં ઊભી કરવાની કોશિશ કરી. તે માટે કેટલાંક શ્રદ્ધાળુ મહિલાઓ અને ભક્તોનો સમૂહ તૈયાર કર્યો કે જેઓ હંમેશા તેમના મહિમાનું ગાન કર્યા કરે અને ભોળા ભક્તોનાં મન ભરમાવે.

જર્મન રાજનીતિજ્ઞ ગોબેલ્સ કહેતા કે 'એક જુઠાણું જો સો વાર બીજાને કહેતા ફરીએ તો સત્ય બની જાય છે.' તેને અનુસરતા આ ભાઈ પોતાના જૂઠા પ્રચારની વાત અનેક રીતે સત્સંગ સમાજમાં વહેતી મૂકતા કે 'પોતે યોગીજી મહારાજના એકમાત્ર કૃપાપાત્ર એકાંતિક મુક્ત છે. યોગીજી મહારાજનું સ્વરૂપ જ છે. યોગીજી મહારાજનો રાજીપો મેળવવો હોય તો પહેલાં તેમની(દાદુભાઈની) સેવા કરી રાજી કરો. તેમનો પ્રચાર કરો. તો જ યોગીજી મહારાજ રાજી થશે.' આવી સ્વમહિમાની ઉપાસના વિરુદ્ધ વાતો તેમણે વહેતી મૂકી-મુકાવડાવી.

વળી, એક બીજું સૂત્ર પણ તેમણે જીવનમાં આત્મસાત્ કરેલું અને વ્યવહારમાં ચુસ્તપણે મૂકેલું કે 'ખુશામત તો ખુદા કો ભી પ્યારી હૈ.' તેથી જે કોઈ પોતાની નજીક આવે તેને ખુશામતથી-માનપાનથી વશ કરી લેવાનો કીમિયો તેમણે સચોટ રીતે અજમાવ્યો. આમ, પોતાની ડુગડુગી વગડાવી સારી એવી મંડળી ભેગી કરી, જેમાં શ્રદ્ધાળુ સ્ત્રીભક્તોની સંખ્યા વિશેષ હતી. જે સ્વાભાવિક હતું અને તેમનો ઈરાદો પણ તે જ હતો.

તે અરસામાં યોગીજી મહારાજે સંકલ્પ કર્યો હતો કે 'આપણે ૫૧ શિક્ષિત યુવાનોને દીક્ષા આપી બ્રહ્મવિદ્યા ભણાવવી છે અને શાસ્ત્રીજી મહારાજની આ શુદ્ધ ઉપાસના-પ્રવર્તનની સેવામાં તેમને જોડવા છે.' આ વાત ધીરે ધીરે યુવાનો સમક્ષ સત્સંગ સમાજમાં યોગીજી મહારાજે વહેતી મૂકી.

---

૨૪૧. જુઓ, સંદર્ભપૃષ્ઠ નં. ૩૭૯.

આ તકનો લાભ લઈને દાદુભાઈએ પણ સત્સંગ-સમાજમાં યોગીજી મહારાજ કે પ્રમુખસ્વામીની સંમતિ લીધા વિના જ જાહેર કર્યું કે 'મને યોગીજી મહારાજનો આદેશ છે કે તમે મહિલાઓમાં આ પ્રવૃત્તિ શરૂ કરો. તેમને ભગવાન ભજવાની તક આપો.' એમ મહિલાઓનાં કલ્યાણનો વિશેષ ઈજારો પોતાને સોંપાયો છે એવું મહિલાઓમાં જાહેર કરી, શિક્ષિત કુંવારિકા કન્યાઓનો સમાજ ઊભો કરવાનું તેમણે શરૂ કર્યું. આમ, નૈષ્ઠિક બ્રહ્મચારી એવા યોગીજી મહારાજ કે જેઓ કદાપિ આવી શાસ્ત્રવિરુદ્ધ આજ્ઞા કરે જ નહીં, તેમના નામે આ ભાઈએ મહિલા-સમાજ ભેગો કરી, પોતાને મનાવા-પૂજાવાના કોડ નિઃશંકપણે વેગપૂર્વક પૂરા કરવા માંડ્યા.

અનેક સંતો, હરિભક્તોએ યોગીજી મહારાજને જ્યારે આ અંગે પૂછ્યું ત્યારે એમણે સ્પષ્ટ જણાવ્યું કે 'મહારાજની મરજી વિરુદ્ધ આવી આજ્ઞા અમે કોઈ દિવસ કરી જ નથી અને કરીએ પણ નહીં. આ વાત તદ્દન ખોટી છે.'

આ પછી યોગીજી મહારાજે અનેક વાર દાદુભાઈને જાહેરમાં અને ખાનગીમાં આ પ્રવૃત્તિ બંધ કરવા આદેશ આપ્યો. ખાનગીમાં અનેક વાર તેમની પાસે જળ મુકાવ્યું કે 'મહિલાઓની આવી કોઈ પ્રવૃત્તિ તેમણે કરવી જ નહીં.' યોગીજી મહારાજે પોતાના પગ પકડાવી સત્સંગના મોટેરા સંતો-હરિભક્તોની હાજરીમાં અનેક વાર તેમની પાસે વચન લીધું કે આ પ્રવૃત્તિ પોતે સત્વરે બંધ કરી દેશે; પરંતુ પોતે યોગીજી મહારાજને પોતાના ગુરુ કહેવડાવતા હતા છતાં એમની આ આજ્ઞાનું દાદુભાઈએ લેશ પાલન ન કર્યું. ઊલટું ખાનગીમાં વધુ વેગ આપ્યો. આ પ્રવૃત્તિમાં તેમના ભાઈ બાબુભાઈનો તેમને પૂર્ણ સહકાર મળ્યો.

યોગીજી મહારાજની આજ્ઞાનો સંપૂર્ણ અનાદર કરી આ બંને ભાઈઓએ મહિલા પ્રવૃત્તિ અંગે તા. ૧૪/૧૨/'૬૫ના રોજ તેર બાઈ-ભાઈઓનું ભેગું 'ગુણાતીત જ્યોત' નામનું ટ્રસ્ટ પણ સંસ્થા અને મોટેરાઓ તેમ જ સૌને અજાણમાં રાખી સરકારમાં નોંધાવ્યું અને મહિલાઓને રહેવાની અલગ આશ્રમ-વ્યવસ્થા સત્સંગ-સમાજના જ ભક્તો પાસેથી સેવા ઉઘરાવી કરી. સાથે સાથે આશ્રમવાસી કન્યાઓનું અઢળક નાણું દહેજરૂપે મેળવી મોટી સંપત્તિ ઊભી કરી અને કુંવારિકા તથા પરણેલી કન્યાઓને દીક્ષા તથા વેશ આપી મહારાજની આજ્ઞા વિરુદ્ધ મહિલાઓને ઉપદેશ આપવો, આશીર્વાદ આપવા, વિવિધ રીતે પોતાની સેવા કરાવવી વગેરે કાર્ય યોગીજી મહારાજ તથા પ્રમુખસ્વામી અને સારાયે સત્સંગ સમાજની પરવા કર્યા વગર શરૂ કરી દીધું.

અનેક વાર તેઓને માફ કર્યા પછી જાણે છેલ્લી તક આપતાં હોય તેમ

તા. ૧૧/૫/૧૯૬૬ના રોજ યોગીજી મહારાજે ઊંઝાથી દાદુભાઈ તથા બાબુભાઈ ઉપર પત્ર લખ્યો કે 'તમારે જો મારે વિશે હેત હોય તો આ પ્રવૃત્તિ બંધ કરી દેજો. પ્રમુખસ્વામી કહે તેમ કરશો.' તે જ તારીખે બીજો પત્ર આફ્રિકાના બેચરભાઈ ઉપર લખ્યો કે 'મહિલાઓની પ્રવૃત્તિ બંધ કરી દો. પ્રમુખસ્વામી કહે તેમ કરો.' આ આજ્ઞાને પણ દાદુભાઈએ મનસ્વીપણે વર્તતા રહી ઠોકરે ચડાવી.

આથી ન છૂટકે અત્યંત દયાળુમૂર્તિ યોગીજી મહારાજે જાતે નિર્ણય લીધો કે 'આવી ધર્મવિરુદ્ધ પ્રવૃત્તિ કે જેમાંથી ભવિષ્યમાં ઘણો બગાડ થાય અને અનેક અનર્થ થાય અને સત્સંગને બટ્ટો લાગે, તે પ્રવૃત્તિ આ બન્ને ભાઈઓએ અનેક વાર ના પાડવા છતાં ચાલુ રાખી છે, તો આપણે તેમને સત્સંગમાંથી દૂર કરવા જોઈએ. અને કોઈ પણ સત્સંગીએ તેમને સહકાર આપવો જોઈએ નહીં કે તેમની સાથે કોઈ પ્રકારનો સંબંધ રાખવો જોઈએ નહીં. જેથી બીજા મુમુક્ષુઓ આ અધર્મ પ્રવૃત્તિથી બચી જાય.'

યોગીજી મહારાજે પ્રમુખસ્વામીને સાથે રાખીને મોટેરા સંતો તથા હરિભક્તોને બોલાવી પોતાની આ ઇચ્છા જાહેર કરી. સર્વાનુમતે આ ઠરાવ પસાર કરી સત્સંગ સમાજ સમક્ષ મૂક્યો અને ગુણાતીત બાગના સત્સંગ-વટવૃક્ષની નાની પણ સમૂળી સડી ગયેલી ડાળને સદાને માટે કાપી નાખી એક ઐતિહાસિક દાખલો ભાવિ સત્સંગ પેઢી માટે બેસાડ્યો.

❧ ❧ ❧